ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પ્રવચન

## (ભાગ-૪)

અધ્યાત્મયુગપુરુષ
પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના
ગાથા ૧૪૭ થી ૧૭૩ સુધીના અક્ષરશઃ
સળંગ મંગલમયી પ્રવચનો


: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫-પંચનાથ પ્લોટ, કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૯ | ૨૫૪૫ | ૨૦૭૫ | ૨૦૧૮ |

: પ્રકાશન :

શ્રી કુંદકુંદઆચાર્ય સમવસરણ
પ્રતિમા બિરાજમાન દિન
તા.૨૯-૧૨-૨૦૧૮, શનિવારના મંગલમય દિને

પ્રથમ આવૃત્તિ-૫૦૦ પડતર કિંમત- રૂા.૨૦૦/- (અંદાજિત) મૂલ્ય-૩૦/-

પ્રાપ્તિ સ્થાન

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : ૨૪૬૮૪૬૧,
મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪ / ૧૫
Email: sharpoffset@hotmail.com

# પંચાસ્તિકાય પ્રવચન ભાગ-૪
# એક પરિચય

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।

मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।

''અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,

જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.

નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચ ચુલિકા અધિકારમાં ૧૪૭ મી ગાથાથી બંધ તત્ત્વના સ્વરૂપનું કથન પ્રારંભ થાય છે. ૧૪૮ મી ગાથામાં બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે ત્યાર પછીની ત્રીજી (૧૪૯) ગાથામાં બંધ તત્ત્વનું સમાપન કરતા આચાર્ય શ્રી સમજાવે છે કે 'જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના...

બંધના નિરૂપણ પછી ૧૫૦ થી ૧૫૩ એમ ચાર ગાથા સૂત્રોમાં દ્રવ્યમોક્ષ ભાવમોક્ષના પ્રકરણમાં ભાવકર્મ મોક્ષનો પ્રકાર તથા દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર સમજાવ્યો છે, તેમજ દ્રવ્ય કર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન રજૂ કર્યો છે.

મોક્ષતત્ત્વની છેલ્લી ગાથા અત્યંત ભાવગર્ભિત છે;

''સંવર સહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે

ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે.''

ચાર અઘાતિયારૂપ કર્મ પુદ્‌ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે. આ સાથે મોક્ષ પદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થાય છે.

આ જ પ્રકરણમાં પૂર્વના સમુચ્ચય પ્રકરણનો ઉપસંહાર કરતા આચાર્યદેવ સૂચના આપે છે કે વળી મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું.

આના પછી 'મોક્ષમાર્ગ પ્રપંચ ચૂલિકા' પ્રારંભ થાય છે.

આ અધિકાર વીસ (૨૦) ગાથાઓમાં પૂરો થાય છે.

પરમ અધ્યાત્મરસથી સભર આ 'ચૂલિકા' જ પંચાસ્તિકાય સંગ્રહનો અત્યંત પ્રયોજનભૂત સાર છે. વસ્તુ વ્યવસ્થાના પ્રતિપાદક આ સૈદ્ધાન્તિક ગ્રંથને માટે આધ્યાત્મિકતા પ્રદાન કરનારી આ ચૂલિકા છે.

આમાં સ્વચારિત્ર અને પરચારિત્ર આ ચારિત્રના એ ભેદ સમજાવ્યા છે તેમને જ સ્વસમય અને પરસમય પણ કહેવામાં આવે છે. ૧૫૬ મી ગાથામાં આ બન્નેની મૂળ વ્યાખ્યા આપવામાં આવી છે.

તે આ પ્રમાણે;

''स्वद्रव्ये शुद्धोपयोगवृत्ति: स्वचरितं

परद्रव्ये सोपरागोपयोगवृत्ति: परचरितमिति ।''

અર્થાત્ સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે.

'સ્વચારિત્ર મોક્ષમાર્ગ છે અને પરચારિત્ર બંધમાર્ગ છે' આ તથ્યની ખુલાસાવાર ચર્ચા ૧૫૭-૧૫૮ મી ગાથામાં કરવામાં આવી છે.

પારમેશ્વરી તીર્થ પ્રવર્તના બન્ને નયોને આધીન હોવાથી સાધન-સાધ્યરૂપે વ્યવહાર અને નિશ્ચય બન્ને પ્રકારે મોક્ષમાર્ગનું નિરૂપણ કરવામાં આવેલ છે જે મૂળમાંથી ઊંડાણથી સમજવા જેવું છે, અને અનુકરણીય છે. વ્યવહાર મોક્ષમાર્ગને સાધનરૂપે નિરૂપિત કરતા કરતા તેના પ્રત્યે વારંવાર સાવચેતી રાખવી પણ જરૂરી છે એવી સમજણ આપી છે.

આચાર્યદેવ ફરમાવે છે કે ''અર્હંત સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ ઘણું પુણ્ય બાંધે છે પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી (ગાથા-૧૬૬) આગળની મૂળ ગાથાનું હરિગીત નિત્ય વાગોળવા જેવું છે;

અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે<br>
હો સર્વ આગમધર ભલે, જાણે નહીં સ્વક સમયને.

ત્યારબાદની ૧૬૮મી ગાથામાં તો ગ્રંથકર્તા અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું કથન કરતા ફરમાવે છે કે ''અનર્થ સંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.''

વધુ શું કહેવું ? ''સંયમતપસંયુક્ત હોવા છતાં નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે. તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે. પછીની ગાથામાં માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત્ મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન કરતા આચાર્ય સમજાવે છે કે, સુચિરકાળ પર્યંત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત-વ્યથિત થાય છે.

શાસ્ત્રના અંતમાં સાક્ષાત્ મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર કરતા આચાર્યશ્રી ફરમાવે છે;

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ<br>
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.

આ ગાથાની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવે વ્યવહારાભાસી અને નિશ્ચયાભાસીનું જે માર્મિક ચિત્રાણ પ્રસ્તુત કર્યું છે એને જ આધાર બનાવીને પં.ટોડરમલજી સાહેબે મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધ્યાયમાં આ પ્રકરણનો વિશેષ ખુલાસો કર્યો છે.

શાસ્ત્રની છેલ્લી ગાથામાં પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવાં મેં માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનના સારભૂત 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર કહ્યું એમ સૂચવતા પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા શાસ્ત્રકર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ શાસ્ત્ર સમાપ્ત કરે છે.

આધ્યાત્મિક સંત પુરુષ પૂ.ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ આ બધી ગાથાઓના પ્રવચનોમાં આગમના સારભૂત અધ્યાત્મ નિચોડ કાઢીને વ્યાખ્યાનો કર્યા છે. તેમાંનો આ ચોથો ભાગ સૌ આત્માર્થી ભવ્ય આત્માઓના કરકમળમાં પ્રસ્તુત છે તેમાં ટોટલ ૩૧ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરતા રાજકોટ દિગમ્બર જૈન મંદિર ખૂબ જ હર્ષની લાગણી અનુભવે છે. પંચાસ્તિકાયના પ્રવચનોની પૂર્ણાહુતિ આ ભાગમાં થાય છે.

આ પંચાસ્તિકાય ચોથા ભાગના પ્રકાશન અર્થે **બેનશ્રી શૈલાબેન નવિનચંદ્ર બોઘાણી-રાજકોટ** તરફથી **ભાઈશ્રી નવિનચંદ્ર નવલશંકર બોઘાણીના સ્મરણાર્થે** રૂપિયા એક લાખની દાન રાશિ તથા અન્ય દાન રાશિ આવેલી છે તે દાનરાશિ આપનારા સર્વે મુમુક્ષુ ભાઈઓ તથા બહેનોનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

આ સમગ્ર પ્રવચનોને સી.ડી. ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ અક્ષરશઃ ઉતારવાનું કાર્ય **આત્માર્થી શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ હોય તથા પ્રવચનોને ફરી સાંભળીને ચેક કરવાનું કાર્ય **આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે. જે હિન્દી પ્રવચનો છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની ક્ષમા માગીએ છીએ.

સમગ્ર પુસ્તકનું કોમ્પ્યુટરાઈઝ સેટીંગ કરવાનું કાર્ય શ્રી અમરભાઈ પોપટ – રાજકોટ દ્વારા તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા ધર્મેશભાઈ શાહ – અમદાવાદ દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.atmadharma.com તથા vitragwani.com પર મૂકવામાં આવેલ છે.

**ટ્રસ્ટી શ્રી**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ - રાજકોટ**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# અનુક્રમણિકા


| પ્રવચન | તારીખ | ગાથા | પેઇજ નં. |
|---|---|---|---|
| ૪૬ | ૨૧/૧૦/૬૪ | ૧૪૭/૧૪૮ | ૨ |
| ૪૭ | ૨૩/૧૦/૬૪ | ૧૪૮/૧૪૯ | ૧૭ |
| ૪૮ | ૨૪/૧૦/૬૪ | ૧૪૯ થી ૧૫૧ | ૩૨ |
| ૪૯ | ૨૫/૧૦/૬૪ | ૧૫૦/૧૫૧ | ૪૯ |
| ૫૦ | ૨૬/૧૦/૬૪ | ૧૫૦/૧૫૧ | ૬૨ |
| ૫૧ | ૨૭/૧૦/૬૪ | ૧૫૨/૧૫૩ | ૭૬ |
| ૬૪ | ૧૪/૫/૭૦ | ૧૫૪ | ૯૧ |
| ૬૫ | ૧૫/૫/૭૦ | ૧૫૪/૧૫૫ | ૧૦૬ |
| ૬૬ | ૧૬/૫/૭૦ | ૧૫૫/૧૫૬ | ૧૨૩ |
| ૬૭ | ૧૭/૫/૭૦ | ૧૫૫ થી ૧૫૭ | ૧૩૮ |
| ૬૮ | ૧૮/૫/૭૦ | ૧૫૭/૧૫૮ | ૧૫૫ |
| ૬૯ | ૧૯/૫/૭૦ | ૧૫૮/૧૫૯ | ૧૭૦ |
| ૭૦ | ૨૦/૫/૭૦ | ૧૫૯ | ૧૮૭ |
| ૭૧ | ૨૧/૫/૭૦ | ૧૬૦ | ૨૦૪ |
| ૭૨ | ૨૨/૫/૭૦ | ૧૬૧ | ૨૨૦ |
| ૭૩ | ૨૩/૫/૭૦ | ૧૬૧ | ૨૩૩ |
| ૭૪ | ૨૪/૫/૭૦ | ૧૬૨/૧૬૩ | ૨૪૭ |
| ૭૫ | ૨૫/૫/૭૦ | ૧૬૩/૧૬૪ | ૨૬૨ |
| ૭૬ | ૨૬/૫/૭૦ | ૧૬૫/૧૬૬ | ૨૮૧ |
| ૭૭ | ૨૭/૫/૭૦ | ૧૬૭/૧૬૮ | ૨૯૭ |
| ૭૮ | ૨૮/૫/૭૦ | ૧૬૮ થી ૧૭૦ | ૩૧૦ |
| ૭૯ | ૨૯/૫/૭૦ | ૧૭૦/૧૭૧ | ૩૨૫ |
| ૮૦ | ૩૦/૫/૭૦ | ૧૭૨ | ૩૫૦ |
| ૮૧ | ૩૧/૫/૭૦ | ૧૭૨ | ૩૬૨ |
| ૮૨ | ૧/૬/૭૦ | ૧૭૨ | ૩૭૫ |
| ૮૩ | ૨/૬/૭૦ | ૧૭૨ | ૩૯૦ |
| ૮૪ | ૪/૬/૭૦ | ૧૭૨ | ૪૦૪ |
| ૮૫ | ૫/૬/૭૦ | ૧૭૨ | ૪૧૮ |
| ૮૬ | ૬/૬/૭૦ | ૧૭૨ | ૪૩૪ |
| ૮૭ | ૭/૬/૭૦ | ૧૭૨ | ૪૪૯ |
| ૮૮ | ૮/૬/૭૦ | ૧૭૩ | ૪૬૬ |

## પંચાસ્તિકાય ભાગ-૪ નું દાતાઓનું લીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નવિનચંદ્ર નવલશંકર બોઘાણી | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૨. | રતિલાલભાઇ મોહનલાલભાઇ ઘીયા ચેરીટેબલ ટ્રસ્ટ<br>હ. નલિનભાઇ, કલાબેન, નિમિષભાઇ,<br>પૂર્વી, અન્વી, પ્રાચી - રાજકોટ | રૂા.૫૪,૦૦૦/- |
| ૩. | સ્વ. જમનાબેન રામજીભાઇ ઢોલરીયા<br>હ. નીતાબેન પટેલ - રાજકોટ | રૂા.૨૧,૦૦૦/- |
| ૪. | એક મુમુક્ષુ - શિવપૂરી | રૂા.૬,૯૦૦/- |
| ૫. | લલીતભાઇ શેઠ | રૂા.૫,૧૦૦/- |
| ૬. | સ્નેહલતાબેન કાસલીવાલ | રૂા.૫,૦૦૦/- |
| ૭. | વંદનાબેન ભરતભાઇ ગાંધી - રાજકોટ | રૂા.૫,૦૦૦/- |
| ૮. | સુધીરભાઇ શાહ - સુરત | રૂા.૫,૦૦૦/- |
| ૯. | મનહરલાલ રતીલાલ દોશી | રૂા.૨,૫૦૦/- |
| ૧૦. | બિપિનભાઇ મોદી | રૂા.૨,૫૦૦/- |
| ૧૧. | શાંતાબેન પ્રભુલાલ ઘીયાના સ્મરણાર્થે - હ. ઘીયા પરિવાર | રૂા.૨,૫૦૦/- |
| ૧૨. | જમનાદાસભાઇ ......સંઘવી | રૂા.૨,૦૦૦/- |
| ૧૩. | સ્વ. કનુભાઇ માણીલાલ પુનાનર - હ. ચંદનબેન | રૂા.૧,૦૦૦/- |
| ૧૪. | હર્ષાબેન તલસાણીયા | રૂા.૧,૦૦૦/- |
| ૧૫. | જ્યોતિબેન દિનેશભાઇ વારીયા | રૂા.૧,૦૦૦/- |
| ૧૬. | મનોરમાબેન પ્રમોદરાય દોશી | રૂા.૧,૦૦૦/- |
| ૧૭. | જયંતીભાઇ તથા પુષ્પાબેન<br>હ. રમણીકભાઇ અવલાણી | રૂા.૧,૦૦૦/- |
| ૧૮. | હર્ષાબેન હરિલાલ દોશી | રૂા.૧,૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૯. | ભરતભાઈ રમણીકલાલ શાહ | રૂા.૧,૦૦૦/- |
| ૨૦. | રંજનબેન જીતેન્દ્ર ગોહીલ | રૂા.૧,૦૦૦/- |
| ૨૧. | મુકુંદરાય નાથાલાલ શાહ - હ. દિવ્યાબેન | રૂા.૧,૦૦૦/- |
| ૨૨. | મીનાબેન રતીલાલ મહેતા | રૂા.૧,૦૦૦/- |
| ૨૩. | ડૉ.શ્રી સુધીરભાઈ શાહ | રૂા.૧,૦૦૦/- |
| ૨૪. | ઉષાબેન કિશનલાલ પારેખ | રૂા.૧,૦૦૦/- |
| ૨૫. | જમનાબેન રામજીભાઈ ઢોલરીયા | રૂા.૧,૦૦૦/- |
| ૨૬. | સ્વ. બકુલભાઈ વિનયકાંત લાખાણી<br>હ. પ્રજ્ઞાબેન | રૂા.૧,૦૦૦/- |
| ૨૭. | નીતાબેન પટેલ | રૂા.૧,૦૦૦/- |
| ૨૮. | ભારતીબેન બિપિનભાઈ લાખાણી | રૂા.૧,૦૦૦/- |
| ૨૯. | અનીતાબેન આર. ગાંધી | રૂા.૫૦૦/- |
| ૩૦. | પદ્માબેન રમણીકલાલ અવલાણી | રૂા.૫૦૦/- |
| ૩૧. | નયનાબેન ધનવંતરાય પારેખ | રૂા.૫૦૦/- |
| ૩૨. | સ્વ. યશવંતભાઈ ચંદુલાલ પારેખ<br>હ. જગદીશભાઈ સંઘવી | રૂા.૫૦૦/- |
| ૩૩. | ઉપમા ઋષભ કામદાર | રૂા.૫૦૧/- |
| ૩૪. | રૂચિ બકુલભાઈ કામદાર | રૂા.૫૦૧/- |
| ૩૫. | રજનીકાંત રતીલાલ ગાંધી - હ. મુક્તાબેન | રૂા.૨૫૦/- |
| ૩૬. | રજનીકાંત રતીલાલ ગાંધી - હ. જમનાદાસભાઈ | રૂા.૨૫૦/- |
| ૩૭. | નવલબેન પારસરામ શાહ - હ. બ્ર.જ્યોત્સનાબેન | રૂા.૨૦૦/- |
| ૩૮. | ચંદ્રિકાબેન પારસરામ શાહ | રૂા.૧૦૦/ |
| ૩૯. | કુસુમબેન નવનીતરાય દોશી | રૂા.૧૦૦/- |

## ગાથા-૧૪૭

अथ बन्धपदार्थव्याख्यानम् ।

जं सुहमसुहमुदिण्णं भावं रत्तो करेदि जदि अप्पा ।
सो तेह हवदि बद्धो पोग्गलकम्मेण विविहेण ।। १४७ ।।

यं शुभमशुभमुदीर्णं भाव रक्तः करोति यद्यात्मा ।
स तेन भवति बद्धः पुद्गलकर्मणा विविधेन ।। १४७ ।।

बन्धस्वरूपाख्यानमेतत् ।

यदि खल्वयमात्मा परोपाश्रयेणानादिरक्तः कर्मोदयप्रभावत्वादुदीर्णं शुभमशुभं वा भावं करोति, तदा स आत्मा तेन निमित्तभूतेन भावेन पुद्गलकर्मणा विविधेन बद्धो भवति । तदत्र मोहरागद्वेषस्निग्धः शुभोऽशुभो वा परिणामो जीवस्य भावबन्धः, तन्निमित्तेन शुभाशुभकर्मत्व–परिणतानां जीवेन सहान्योन्यमूर्च्छनं पुद्गलानां द्रव्यबन्ध इति ।। १४७ ।।

---

જો આતમા ઉપરોકત કરતો અશુભ વા શુભભાવને,
તો તે વડે એ વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૪૭.

**અન્વયાર્થ :-** **(यदि)** જો **(आत्मा)** આત્મા **(रक्तः)** રક્ત (વિકારી) વર્તતો થકો **(उदीर्णं)** ઉદિત **(यम् शुभम् अशुभम् भावम्)** શુભ કે અશુભ ભાવને **(करोति)** કરે છે, તો **(सः)** તે આત્મા **(तेन)** તે ભાવ વડે (-તે ભાવના નિમિત્તે) **(विविधेन पुद्गलकर्मणा)** વિવિધ પુદ્‌ગલકર્મથી **(बद्धः भवति)** બદ્ધ થાય છે.

જો ખરેખર આ આત્મા અન્યના (-પુદ્‌ગલકર્મના) આશ્રય વડે અનાદિકાળથી રક્ત રહીને કર્મોદયના પ્રભાવયુક્તપણે વર્તવાથી ઉદિત (-પ્રગટ થતા) શુભ કે અશુભભાવને કરે છે, તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે વિવિધ પુદ્‌ગલકર્મથી બદ્ધ થાય છે. તેથી અહીં (એમ કહ્યું કે),મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના (-શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્‌ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (-વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે દ્રવ્યબંધ છે. ૧૪૭.

# પ્રવચન નં :-૪૬, ગાથા :-૧૪૭-૧૪૮,
# આસો સુદ-પૂનમ, બુધવાર, તાઃ-૨૧-૧૦-૬૪

## ગાથા ૧૪૭ ઉપર પ્રવચન

એમાં નવપદાર્થનું કથન ચાલે છે. નવપદાર્થ કોને કહેવા. ભગવાને જે નવપદાર્થનું સ્વરૂપ કેવું જાણ્યું અને કેવું કહ્યું તેનું અહીંયાં સ્પષ્ટીકરણ વધારે છે. પછી તેનું મોક્ષમાર્ગનું વર્ણન પછી ચાલશે. એ આપણે ચાલી ગયું છે. આપણે નિર્જરા અધિકાર સુધી ચાલ્યું છે.

પહેલો જીવ અધિકાર. જીવપદાર્થની વ્યાખ્યા આવી ગઈ, અજીવની વ્યાખ્યા આવી ગઈ, પુણ્ય-પાપની, આસ્રવની, સંવર અને નિર્જરા એ બધી વ્યાખ્યા આવી ગઈ છે. જીવ અને અજીવ બે દ્રવ્ય છે. અને પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા તેની જીવની વિકારી અવિકારી પર્યાય છે. અને પુદ્‌ગલમાં પણ અહીંયાં કર્મની અવસ્થાનું, પર્યાયનું થવું એ જડની અવસ્થા એ બધી આવી ગઈ.

હવે બંધપદાર્થનું વ્યાખ્યાન છે. ૧૪૭ ગાથા. ભાવબંધ અને દ્રવ્યબંધ કોને કહેવો. ૧૪૭ ગાથા.

**जं सुहमसुहमुदिण्णं भावं रत्तो करेदि जदि अप्पा ।**
**सो तेह हवदि बद्धो पोग्गलकम्मेण विविहेण ।। १४७ ।।**
**જો આતમા ઉપરોક્ત કરતો અશુભ વા શુભભાવને,**
**તો તે વડે એ વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૪૭.**

એની ટીકા :- **આ, બંધના સ્વરૂપનું કથન છે.** ભાવબંધની પહેલી વ્યાખ્યા. ભાવબંધ એટલે શું? અને ભાવબંધ એ દુઃખરૂપ છે. ભાવબંધ એ દુઃખરૂપ છે. આત્માને અહિતરૂપ છે. એ ભાવબંધ કોને કહેવો અને તેનું શું સ્વરૂપ છે એનું વર્ણન છે.

**જો ખરેખર આ આત્મા અન્યના (-પુદ્‌ગલકર્મના) આશ્રય વડે,** કેમકે જીવ જે વિકારી ભાવ કરે છે, એમાં એને સ્વસ્વભાવનો આશ્રય નથી. સ્વસ્વભાવને આશ્રયે કંઈ વિકારી ભાવ ન થાય. એથી કહ્યું કે **આ આત્મા,** આ, એમ કહીને આત્મા સિદ્ધ કર્યો. આ આત્મા વસ્તુ છે, અનાદિઅનંત તત્ત્વ પદાર્થ છે.

આ આત્મા અનાદિઅનંત પદાર્થ છે. તે અન્ય એટલે જોડે પુદ્‌ગલકર્મ-જૂના કર્મ પડયા છે. આ જૂના કર્મની વાત છે. નવા (કર્મ)ની દ્રવ્યબંધની વાત પછી આવશે. **પુદ્‌ગલકર્મના** અવલંબન વડે **આશ્રય વડે** અનાદિકાળથી **રકત રહીને,** ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાન, આનંદ આદિ શાંત

એનો મૂળ સ્વભાવ તો અનાકુળ આનંદ અને શાંત છે. આ આત્મા છે તેનો મૂળ અંતર સ્વભાવ કાયમી અસલી અનાકુળ શાંત અને આનંદ વાસ્તવિક સ્વભાવ પદાર્થમાં વિકાર અને દુઃખ ન હોય શકે. એવું આત્મતત્ત્વ પોતાના સ્વભાવ શાંતિ, આનંદ, એને ચૂકીને, અન્ય કર્મ અંદર જે બીજી ચીજ છે પરમાણુ, જડ, માટી. પૂર્વના બંધાયેલાં જડ કર્મ એના **આશ્રય વડે અનાદિકાળથી રક્ત રહીને,** એમાં અનાદિથી લીન રહેલો છે. કહો, સમજાય છે કાંઈ?

આમ આનંદ સ્વરૂપ એનું સચ્ચિદાનંદ સિધ્ધ પરમાનંદ શુધ્ધ એમાં અનાદિથી અજ્ઞાની લીન નથી. સમજાય છે? પોતાનો અંતર સ્વભાવ નિજ કાયમી અસલી સ્વભાવ શાંત આનંદ ને જ્ઞાયકભાવ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એમાં કોઈ અનાદિકાળથી અજ્ઞાની એક સમય પણ તેના આસકતપણા સ્વભાવમાં તેનું રકતપણું નથી. તેથી તે **(પુદ્‌ગલ)કર્મના આશ્રય વડે અનાદિકાળથી રક્ત રહીને,** પરમાં લીન લીન પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ છોડીને, અનાદિ કર્મને આશ્રયે લીન રહીને, **કર્મોદયના પ્રભાવયુક્તપણે વર્તવાથી** કર્મનો જે પાક તેનો જે વિશેષભાવ એના સહિતપણે વર્તવાથી, સહિતપણે વર્તવાથી. સ્વભાવના સહિતપણે ન વર્તતા પોતાનો આનંદ શાંત રસ છે તેના સહિત યુકતપણે ન વર્તતા, કર્મના પાકના યુકતપણે વર્તવું, એના સહિત વર્તવું. સમજાય છે કાંઈ?

કર્મોદયનો જે પાક એના સહિત એના ઉપર લક્ષ કરી, અનાદિથી મોહ અને રાગ-દ્વેષના પરિણામપણે વર્તી રહ્યો છે. એ મોહ અને રાગ-દ્વેષના ભાવ તે ભાવબંધ છે. એ દુઃખદાયક છે. સમજાણું કાંઈ? કયાં પ્રભાવ કયાં કર્યા? અર્થ શું કર્યો? **કર્મોદયના પ્રભાવયુક્તપણે,** સહિતપણે વર્ત્યો. પોતે તેના પ્રભાવ-વાતમાં સહિતપણે એના સંબંધમાં વર્ત્યો. આમ સ્વભાવપણે વર્તવું જોઈએ. એમ ન વર્તતા કર્મના ઉદયનો પ્રભાવ-પાક તેનું યુકતપણું, પાકમાં સહિત જોડાણ થઈ ગયું. ધરમચંદજી! ના, પ્રભાવયુકતપણે. યુકત આવ્યું ને? પોતે યુકત થયો છે. કાંઈ કર્મ યુકત કરાવે એમ છે નહીં. કહો, સમજાય છે કાંઈ?

એક સિધ્ધાંત. આ આત્મા વસ્તુ છે, પદાર્થ છે, અનાદિ-અનંત છે. જે પદાર્થ-વસ્તુ છે તેની કોઈ કૃત્રિમતા કે આદિ કોઈએ કરાયેલી ન હોય શકે. એ વસ્તુ આત્મા પદાર્થ દેહ, વાણીથી ભિન્ન એવી ચીજ અનાદિ છે, સત્ સત્ સત્ સત્ સત્ છે તેનો અંતર સ્વભાવ અનાદિ જ્ઞાન ને આનંદ ને શાંત છે. અવિકારી વીતરાગી સમસ્વભાવ તેનું ત્રિકાળી સ્વરૂપ છે.

કારણ કે મૂળ સ્વભાવમાં વિકાર અપૂર્ણતા સદોષતા હોય શકે નહીં. વાસ્તવિક સ્વરૂપ તેનો સ્વભાવ વસ્તુ જેમ અનાદિ તેમ તેનો સ્વભાવ અનાદિ, જ્ઞાન આનંદ અને શાંત રસ એવો તેનો સ્વભાવ છે. એને છોડીને અનાદિકાળથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જૈન દિગંબર સાધુ થઈને ગયો. છતાં હજી મિથ્યાદષ્ટિ અનાદિ આઠ કર્મના આશ્રયમાં રકત રહી કર્મોદયના પાકના યુકતપણે વર્ત્યો. આત્માના

આનંદના પાકપણે ન વર્તતા... આવું અમેરિકામાં કાંઇ આવતું હશે? આવી ભાષા! ત્યાં તો બધે ગપ્પે ગપ્પ ચાલે, નહીં? વજુભાઇ!

મુમુક્ષુ :- આવું કાંઇ ન હોય.

ઉત્તર :- કાંઇ ન હોય. સાચી વાત છે. ત્યાં તો બીજું ભણતર હોય. ભગવાનઆત્મા આ વસ્તુ છે ને વસ્તુ. વસ્તુ એટલે છે. સત્ છે. છે તેની આદિ ન હોય, છે તેનો અંત ન હોય, છે તેને કોઇ કરે એમ હોય શકે નહીં. તેવો ભગવાન આ આત્મા અનાદિ એમ ને એમ છે. એને જેમ વસ્તુ છે તેનો સ્વભાવ સ્વ, સ્વ પોતાનો ભાવ-જ્ઞાન, આનંદ, શાંત. કારણ કે મૂળ સ્વભાવ નિર્વિકારી ને નિર્દોષ જ હોય. મૂળ સ્વરૂપમાં કોઇ વિકાર કે અપૂર્ણતા હોય શકે નહીં. એવો જે આત્મસ્વભાવ એના ઉપર તેણે એક ક્ષણ પણ અંદર લીનતાની એકાગ્રતા કરી નથી. સમજાય છે કાંઇ?

એ કર્મોદયના પ્રભાવના સહિતપણે, એના પ્રભાવના પાકના સહિતપણે પોતે વર્ત્યો. છે ને? **વર્તવાથી,** એમ કહ્યું છે. કર્મના પાકના સંબંધમાં વર્ત્યો. પોતાના જ્ઞાનાનંદના સ્વભાવમાં અંતરદષ્ટિ કરીને વર્તવું જોઇએ એમ ન વર્તતા કર્મના.... હવે આ જ તો ચોખ્ખી ગુજરાતી (ભાષા) આવે છે. હિન્દી બહુ જ ચાલ્યું. સમજાય છે કાંઇ? અનાદિથી ભગવાન પોતાના મહિમાવંત સ્વરૂપને પોતે જ અનાદિથી ભૂલી કર્મના પ્રભાવના પાકના સહિતપણે સહિતપણે, રહિતપણે જોઇએ... કર્મના પાકથી રહિતપણે સ્વભાવના આનંદમાં લીનતા જોઇએ. એને ઠેકાણે કર્મના પાકમાં સહિત દષ્ટિ કરી સહિતપણે **વર્તવાથી ઉદિત,** જુઓ!

એને કર્મના પાકના સહિતપણે વર્તવાને કારણે ઉદિત. પાઠમાં છે ને **सुहमसुहमुदिण्णं** મૂળ તો અહીં **सुहमसुहमुदिण्णं** ભાવ કહેવો છે. સ્વભાવમાં છે નહીં અને શુભ અને અશુભભાવ જેણે પ્રગટ કર્યો. શુભ ને અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી એ અશુભભાવ. બેય મલિનભાવ, બેય વિકારભાવ, બેય બંધભાવ. સમજાય છે કાંઇ? ભાવબંધભાવ-ભાવબંધભાવ. આ ઠીક! ભાવબંધ એવો ભાવ. જડ નહીં. જડની પર્યાયની વાત પછી કરશે. વિકારને કારણે નવું બંધન પડે એ પછી વાત કરશે. પહેલો તો વિકારીભાવ કેમ થયો તેને જૂના કર્મના પાકના યુક્તપણે વર્ત્યો, તેથી તેનામાં શુભાશુભભાવ પ્રગટ થયા. કહો, સમજાય છે કાંઇ? આ બંધ અધિકાર છે. ભાવબંધ આત્માની વિકારી પર્યાય, દ્રવ્યબંધ કર્મની વિકારી પર્યાય એટલે પુદ્ગલની કર્મરૂપ વિકારી પર્યાય એ દ્રવ્યબંધ. બે (વિકારી) પર્યાયોની વાત ચાલે છે. પર્યાય એટલે અવસ્થા.

વસ્તુ કાયમ રહી અને તેની અવસ્થા, રૂપાંતર, હાલત થાય એ હાલતમાં અનાદિથી અજ્ઞાનીને પોતાના સ્વભાવ ચૈતન્યજ્યોત આનંદ તેના સહિત, દષ્ટિ સહિત સ્વભાવયુક્તપણે વર્તવું જોઇએ, એમ ન વર્તતા કર્મના સ્વભાવના યુક્તપણે વર્તવાથી **પ્રગટ થતાં શુભ કે અશુભભાવ,** જુઓ! એ દયા,

દાન, વ્રત, ભક્તિ જે શુભ વિકલ્પ ઉઠે છે તે બધો શુભ ને અશુભભાવ કર્મના નિમિત્તના સંગે વર્તવાથી આત્મામાં શુભ અને અશુભભાવ પ્રગટ થયેલાં છે. કહો, સમજાય છે કાંઈ? આને પણ ખબર ન મળે એ શુભભાવ કયાંથી થયા ને કેમ થયા. હેં? હજી દયા, દાન, ભક્તિ, વ્રત, તપ એ વિકલ્પ રાગ એ અમારો ધર્મ!

અહીં કહે છે કે એ ધર્મ નથી. એ પરિણામ મલિન છે. પુણ્ય ને પાપ બે ભાવ શુભભાવ વિકાર છે. ભગવાન તેને ભાવબંધ કહે છે. સમજાય છે કાંઈ? ભાવબંધ એટલે શું? ધરમચંદજી! ભાવબંધ એટલે સ્વભાવ શુદ્ધ ત્રિકાળી છે તે વિકારમાં રોકાય, રોકાય. વિકારમાં રોકાય છે તે ભાવબંધ. સમજાય છે કાંઈ? હજી તો નવતત્ત્વમાં, નવ આ બંધ તત્ત્વ કોને કહેવું તેની વ્યાખ્યા છે. બંધની પણ ખબર ન મળે.

કહે છે કે ભાઈ! પ્રભુ! તારું સ્વરૂપ તો અંદર શુદ્ધ અને આનંદ એને સહિત વર્તમાન દશાને એના સહિત સ્વભાવ સહિત વર્તવું જોઈએ એ મોક્ષનો માર્ગ છે. એમ ન વર્તતાં એ કર્મ જડ એ પાક અંદર બીજી ચીજ છે એના સહિતના સંગના સંબંધે જોડાણ થવાથી તારી પર્યાયમાં, અવસ્થામાં શુભ અને અશુભભાવ પ્રગટ થાય તેને એ જીવ કરે છે. એ જીવ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક બાજુ તો આપ એમ કહો છો 'કર્મ બિચારે કોણ, ભૂલ મેરી અધિકાઈ'

ઉત્તર :- કોણે કીધું? શું સાંભળ્યું આ?

મુમુક્ષુ :- એક બાજુ કર્મને ન્યાં સ્થાપ્યા.

ઉત્તર :- કર્મને સ્થાપ્યા નથી? કર્મની ના પાડી? કોણે કર્મની ના પાડી? કર્મ સ્થાપ્યા નથી? કર્મ નથી? પણ કર્મને લઈને વિકાર થાય એમ કોણે કહ્યું? ધ્યાન કયાં રાખ્યું તમે? જેચંદભાઈ! પણ અંદર થોડું ફરી ગયું. જેચંદભાઈ! બીજી વાત કરી ભાઈએ?

મુમુક્ષુ :- એમ કહે છે કે કાલ કરતાં આજ બીજું છે.

ઉત્તર :- ના ના. બીજું છે જ નહીં. કર્મ બિચારે કોણ એ તો વાત અહીંયા આગળ છે. કીધું નહીં? કર્મ વસ્તુ નથી કર્મ? જગતમાં કર્મ પદાર્થ નથી? જડ કર્મ છે, આઠ કર્મ છે. જડ માટી, ધૂળ, અજીવ. પણ એ કર્મને લઈને જીવને વિકાર છે એમ નથી. એ કર્મને તાબે થાય માટે વિકાર થાય છે, એમ છે. એ તો વાત હમણાં થઈ ગઈ. બરાબર ધ્યાન રાખવું જોઈએ. જેચંદભાઈ! આજ વળી મોળા થઈને આવ્યા છે, થોડા ઢીલા. હેં? કીધું ને? આ વખતે ઢીલા થઈને. રાજા પણ સિંહ પણ થઈ ગયું ગલુડિયું. ગલુડિયું સમજો છો? આ કૂતરીના બચ્ચા હોય છે ને શું કહેવાય? અમારે કુરકુરિયાં કહે. તમારે શું કહે છે? પીલ્લા. સિંહ, સિંહ!

એમ આત્મા અંદરમાં સિંહ અનંતજ્ઞાન, દર્શનનો ભરેલો પદાર્થ છે. મહા વીર્યની મૂર્તિ પૂર્ણ પૂર્ણ બળનો એ સ્વામી છે. ખબર ન મળે! એટલે જયાં જેની પ્રીતિ થઈ ત્યાં તેનો ભાવ એ જાતનો પ્રગટયો

તેને કર્મમાં પ્રીતિ થઇ. કર્મે કરાવી નથી. સમજાય છે કાંઇ? જરાપણ કરાવતો નથી અને આજે કીધું કે જરાપણ કરાવતો નથી. કોણે કહ્યું?

કર્મના સંબંધમાં જોડાણ હતું તે એમ કહ્યું. કર્મે કરાવ્યું એમ અહીં અત્યારે વાત છે નહીં. કાલે પણ નહોતી, આજે પણ નથી અને કોઇ દિ' નહીં થાય. કહો, સમજાણું કાંઇ? અહીં તો કહે છે કે **અન્યના (-પુદ્ગલકર્મના) આશ્રય વડે,** એમ કહ્યું છે. અન્ય વડે થયેલું એમ નથી. અને તે અનાદિકાળથી એમાં રકત રહ્યો છે પરના આશ્રયમાં. **કર્મોદયના પ્રભાવયુકતપણે વર્તવાથી ઉદિત (-પ્રગટ થતાં)**, જુઓ! ભાષા કેવી છે? સ્વભાવમાં એ છે નહીં. પુણ્ય ને પાપ, દયા ને દાન એ આદિ શુભાશુભભાવ એ આત્માના સ્વભાવમાં નથી. શુદ્ધ શકિતમાં નથી. પર્યાયમાં નવા પ્રગટ કરે છે. શુભ અને અશુભ-હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધ, રળવું, કમાવું એ પાપ એ પાપ. દયા, દાન, ભકિત, વ્રત, તપ, પૂજા, જાત્રા એ બેય શુભ અને અશુભ વિકારભાવ છે. ભગવાન તેને ભાવબંધ કહે છે. એની પણ ખબર ન મળે તેને ધર્મ શી રીતે થાય? સમજાણું કાંઇ?

**શુભ કે અશુભભાવને કરે છે**, છે ને પાઠ? **करेदि जहि अप्पा** એમ પાઠમાં છે ને? એનો શબ્દ છે એની જોડે. **रत्तो** લીધો અને **उदिण्णं** લીધો. એમાં છે એ લીધું છે. તો તે આત્મા, જુઓ! આવું કરે તો તે આત્મા હવે એ ગુજરાતી કાંઇ બહુ એવું (ન સમજાય એવું) નથી. સમજાય એવું છે. સમજાણું? ધ્યાન રાખે ને તો સમજાય એવું છે. કાંઇ હંમેશા હિન્દી થાય પછી? બે મહિનાથી હિન્દી ચાલે છે. હવે તો આ ગુજરાતી ચાલે. એ તો આવે, ન સમજાય એમ નહીં. થોડો-થોડો અભ્યાસ કરી લેવો. જેવો ગુજરાતીમાં આવે એવો સ્પષ્ટ વિસ્તાર હિન્દીમાં ન આવે. હવે અહીં તો ગુજરાતીની ભાષા કાઠીયાવાડી છે ને. હિન્દીમાં અમુક ભાવ આવે પણ તેનો સ્પષ્ટીકરણ ને વિસ્તાર (ન આવે.) સમજાય છે?

**શુભ કે અશુભભાવને કરે છે તો તે આત્મા,** એમ. જો એ આત્મા પોતાને ભૂલીને કે અસ્થિરતામાં કર્મના પાકના પ્રભાવના સહિત પોતે વર્તે તો શુભ ને અશુભભાવ તેમાં પ્રગટ થાય છે. એ બેય વિકારી મલિન દુઃખરૂપ, આકુળતારૂપ બેય ભાવ છે. કહો, સમજાણું કાંઇ આમાં?

શુભ-અશુભભાવ બેય દુઃખરૂપ હશે? હેં? ત્યાં જ બધાને અત્યારે વાંધા છે ને? ભગવાન તો એમ કહે છે કે શુભ ને અશુભ બેય કર્મના આશ્રયથી તારામાં થયેલો વિકારીભાવ છે. એમાં શુભભાવ તે ધર્મ અને પાપભાવ તે અધર્મ બે કયાંથી લાવ્યો? સમ્યગ્દષ્ટિને શુભભાવ છે તે બંધનું કારણ છે. મિથ્યાદષ્ટિને શુભભાવ છે તે બંધનું કારણ છે તે ધર્મનું કારણ છે જ નહીં. ભાવબંધ કાંઇ વળી અબંધ પરિણામનું કારણ થાય? ભાવબંધ તે અબંધ પરિણામ. અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગ કહો. કહો, સમજાય છે કાંઇ?

**તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે,** તે નિમિત્તભૂત ભાવ વડે **વિવિધ પુદ્ગલકર્મથી,**

હવે નવા કર્મ. ઓલા પહેલાં જૂના હતા. આહાહા! વાતનું નવે તત્ત્વની જેને હજી પૃથકતાની ખબર ન મળે, શ્રદ્ધાની ઓળખાણ ન મળે અને થઈ ગયો ધર્મ. લ્યો! કરો ધર્મ. પડિમા લઈ લ્યો અને વ્રત લઈ લ્યો! ક્યાંથી પડિમા અને વ્રત આવ્યા? સમ્યગ્દર્શન વિના હજી પડિમાનો વિકલ્પ સાચો હોય જ નહીં. એને વ્રતનો વિકલ્પ પણ સાચો હોય નહીં. વ્રત અને પડિમા પણ હજી વિકલ્પ છે વ્યવહાર. સમજાણું કાંઈ?

**તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે,** આત્મામાં નિમિત્તભૂત ભાવ થયો. કોને? નવા કર્મને. નવા કર્મ જ્યારે બંધાણા એને આ શુભાશુભભાવ નિમિત્ત થયો. નિમિત્તભૂત ભાવ વડે, ભાવ કહો કે પર્યાય કહો, હોં! પર્યાય કહો, ભાવ કહો, અવસ્થા કહો. શુભ-અશુભભાવ એ વિકારીપર્યાય છે. શુભ-અશુભભાવ એ આત્માની મલિન, સદોષ દશા છે. એ ધર્મસ્વરૂપ નથી. ધર્મરૂપ હોય એનું એ બંધમાં નિમિત્ત ન થાય. નવા જડબંધમાં ધર્મ પર્યાય હોય એ બંધમાં નિમિત્ત ન થાય. નવા બંધમાં નિમિત્ત થાય એ પુણ્ય-પાપનો ભાવ અધર્મ પર્યાય છે. ચોખ્ખી ભાષા થઈ વળી. સમજાણું કાંઈ? આહાહા!

નવા કર્મના બંધન પડે તેને જે નિમિત્ત થાય તે અધર્મભાવ હોય, ધર્મભાવ નહીં. ધર્મભાવથી બંધનમાં નિમિત્ત થવાની લાયકાત હોય નહીં. ધર્મ તો સંવર અને નિર્જરાનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? **તો તે આત્મા,** જે ભાવથી તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ ધર્મ નહીં. કહો. તે કર્મ સંયુક્તપણાના લક્ષે વશે ઉત્પન્ન થયેલો શુભભાવ છે. એ શુભભાવ તે નવાકર્મને તીર્થંકરપ્રકૃત્તિ બાંધે તેને નિમિત્તભૂત થાય છે સમકિતીને. તે રાગને હેય જાણે છે. બંધને જ્ઞેય જાણે છે. સ્વભાવ ચિદાનંદ શુદ્ધને ઉપાદેય જાણે છે. કહો, સમજાય છે કાંઈ?

**તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવને,** તે નિમિત્ત કોણ? શુભાશુભભાવ થયા તે. શુભ ને અશુભભાવ જે પ્રગટ થયા તે નિમિત્તભૂત ભાવ વડે, એવા નિમિત્તભૂત ભાવ વડે, વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. નવા રજકણો આઠકર્મથી જે બંધાય (તે) વ્યવહારે બંધાય છે. કહો, સમજાણું કાંઈ? આત્મા બંધાય છે એમ લીધું છે ને? વ્યવહારથી લેવું છે ને? ઓલું નિશ્ચયથી બંધાય છે. આ વ્યવહારથી. આ તો આત્મા શબ્દ પડ્યો છે ને? **તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે,** અહીં તો અત્યારે એમ કહેવું છે. સમજાણું કાંઈ? હવે એનો ખુલાસો કરે છે કે આ કહ્યું શું? **તેથી અહીં (એમ કહ્યું કે), મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે,**

અહીં એમ કહ્યું કે મિથ્યાત્વભાવ એ પુણ્યભાવથી ધર્મ થાય, પાપભાવમાં મઝા એવો જે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ, દયા, દાન એ પુણ્યપરિણામ, હિંસા, જૂઠું તે પાપપરિણામ એવા મોહરાગદ્વેષ વડે, ચિકાશવાળા-સ્નિગ્ધ સ્નિગ્ધ. ચિકાશવાળા **એવા જે જીવના પરિણામ શુભ કે**

**અશુભ.** જુઓ! શુભભાવ પણ મોહરાગદ્વેષ વડે ચિકાશવાળા પરિણામ છે. સમજાય છે કાંઈ? છે? **મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ,** ચિકાશ ચિકણા એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ, મોહ ને રાગદ્વેષ, પુણ્યને ધર્મ માનવો તે મિથ્યાત્વ અને સાથે રાગ અને હિંસાનો ભાવ દ્વેષ. આ જે બધા ભાવ ચીકણા. સમજાય છે? **જે જીવના** શુભ જે દયા, દાનનો ભાવ એ શુભ, હિંસાનો અશુભ. એ બધા ચીકણા પરિણામ છે. એ આત્માના સ્વભાવના અરાગી વીતરાગી પર્યાય નથી. ધર્મ પર્યાય નથી. ઓહોહો! સમજાય છે કાંઈ આમાં?

આ તો હજી નવપદાર્થની વ્યાખ્યા ચાલે છે. લ્યો! અહીં નવતત્ત્વ લખ્યા. નવપદાર્થ. સમજાણું? જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સાતની વ્યાખ્યા ચાલી ગઈ. બંધ અને મોક્ષની વ્યાખ્યા ચાલે છે. તો કહે છે કે ભાવબંધ કોને કહ્યો? કે **મોહરાગદ્વેષ વડે ચિકાશવાળા એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે.** એ વિકારીપરિણામ આત્માના અબંધસ્વભાવને રોક્નારા ભાવબંધ પરિણામ છે. કહો, સમજાય છે કાંઈ? વજુભાઈ! આ તો સહેલું છે. આજ કાંઈ બહુ એવું ઝીણું નથી.

**મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ,** ભાષા જુઓ! એ ચીકણા પરિણામ છે. ત્યારે ધંધનું નિમિત્ત થાય ને? ચીકણા વિના નવા જડનું નિમિત્ત ન થાય. નવા જે કર્મ બંધાય તેને આ નિમિત્ત થાય છે. કોણ? કે ચીકણા પરિણામ. કેવા? કે શુભભાવ અને અશુભભાવ. કેવા? કે મોહરાગદ્વેષવાળા, ચિકાશવાળા. ઓહોહો! હેં? ચિકાશ એટલે એ ચિકાશ કયાં છે? સ્પર્શની ચિકાશ. અહીં તો મોહરાગદ્વેષ વડે ચિકાશ, વિકારની ચિકાશ, વિકાર ભાવની ચિકાશ. જડની ચિકાશ તો સ્પર્શ અંદરમાં રહી જડમાં. આત્મામાં ક્યાં છે?

આ તો આત્માની પર્યાયમાં, અવસ્થામાં મોહરાગદ્વેષ વડે ચિકાશવાળા શુભ ને અશુભભાવ. શુભને (પણ) મોહરાગદ્વેષની ચિકાશવાળા શુભ કહ્યા, અશુભને (પણ) મોહરાગદ્વેષની ચિકાશવાળા કહ્યા. કહો, સમજાય છે કાંઈ? હવે, જુઓ! અત્યારે જગતના પ્રાણી એક તો એમ કહે કે એ શુભભાવ છે એ પુણ્ય છે અને પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય. એ દૃષ્ટિ તદ્દન મિથ્યાત્વ છે. તદ્દન દૃષ્ટિ ઊંધી છે. એમ અહીંયાં ભગવાન કુંદકુંદઆચાર્ય મહારાજ (કહે છે) ચિકાશ પરિણામ શુભ પણ ચીકણા પરિણામ છે. બંધનું કારણ છે. એનાથી આત્માને વીતરાગદષ્ટિ, સમ્યગ્દષ્ટિ થાય નહીં. સમજાય છે કાંઈ?

**મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ** કહો, પર્યાય કહો, અવસ્થા કહો, ભાવ કહો. શુભઅશુભભાવ તે ભાવબંધ છે. લ્યો! ભાવબંધ છે. આત્મા અબંધસ્વરૂપી એ ભાવબંધમાં રોકાય તે ભાવ વિકારી પર્યાય છે. એમ તત્ત્વોના જાણનારે ભાવબંધને ભાવબંધ તરીકે જાણવું જોઈએ. એ સંવર અને નિર્જરા છે એમ એણે જાણવું ન જોઈએ. કહો, સમજાય છે કાંઈ?

સમ્યગ્દષ્ટિને પણ જેટલો રાગાદિ, દ્વેષ છે એ ભાવબંધ છે. છૂટી જાય તો કેવળ થઇ જાય. અહીં તો મોહરાગદ્વેષ સહિત લીધા છે ને એક સાથે બધા. કહો સમજાણું કાંઇ? ભાવબંધ સમજાણું? આત્મા વસ્તુ અનંત જ્ઞાનાદિ નિર્મળ કંદ પ્રભુ આત્મા, એ કર્મના નિમિત્તના સંગે જોડાયેલો વિકાર પુણ્ય-પાપના કરે મોહ અને રાગ-દ્વેષના પરિણામ ચિકાશ તેને અહીંયાં ભાવબંધ કહેવામાં આવે છે. ભગવાન અરૂપી, અબંધસ્વરૂપી એ વિકારમાં અટકયો તેનું નામ ભાવબંધ અરૂપી વિકારને ભાવબંધ કહે છે. સમજાણું કાંઇ? કહો શીવલાલભાઇ! કયાંય છે નહીં. આ બધા ગડબડે ગડબડ. શીવલાલભાઇને તો હવે... કહો, સમજાણું આમાં?

કેટલી ટીકામાં સ્પષ્ટતા છે. વાંચે નહીં, વિચારે નહીં. એમ ને એમ ઓઘે ને ઓઘે મૂઠીયું વાળીને ચાલે, એ હાલો હાલો. કયાં જાવું છે પણ? હજી જીવતત્ત્વ કોણ? અંદર પુણ્ય-પાપના ભાવરૂપી નવા આવે એ આસ્રવ, પણ રોકયો એ ભાવબંધ કોણ? સંવર-નિર્જરા એ અંદર શું ચીજ છે (જે) સ્વભાવને આશ્રયે પ્રગટ થાય. આ પુણ્ય ને પાપના ભાવ તો પરના આશ્રયે પ્રગટ થયા. ચીકણા છે. એનું નામ ભાવબંધ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

અને તેના એ શુભાશુભપરિણામના નિમિત્તથી, એ શુભાશુભપરિણામના સંયોગ-નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું. એ નવા આવવાનું. જુઓ! અહીં શુભાશુભપરિણામ નિમિત્ત છે. નવા કર્મ પોતાને કારણે **શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું,** કર્મો એનું **જીવની સાથે અન્યોન્ય અવગાહન,** એ વિશિષ્ટ શક્તિ નિમિત્ત-નિમિત્ત સંબંધ તરીકે ખાસ શક્તિ સહિત એક ક્ષેત્રાવગાહ એક ક્ષેત્રે રહેવું એવો સંબંધ તેને દ્રવ્યબંધ કહે છે. એ રજકણો જે નવા શુભાશુભભાવ ચીકણા બંધનું કારણ ભાવ એનું નિમિત્ત અને નવા કર્મ તેને આવ્યા એ આત્માના એક ક્ષેત્રાવગાહે રજકણોનું રહેવું એને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. હીરાભાઇ ઘડીયાલ સામું જુએ છે. કયારે ખુટે. કહો, સમજાણું આમાં? સમજાય નહીં ને શું કરે પણ? શું કહ્યું સમજાણું આમાં?

**તેના નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત,** આ નવી વાત શું છે, નવું શું છે એ સમજાય નહીં. બસ એનું એ લાગ્યા કરે, એમ ને એમ જાણે... કારણકે જ્ઞાન ન મળે ને ઓળખાણ ન મળે સમજણની દરકાર ન મળે. આહાહા! આ શું વળી ભાવબંધ એનું નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત ઓલા પરમાણુઓ, **પુદ્ગલોનું જીવની સાથે અન્યોઅન્ય** નિમિત્ત-નિમિત્તની **વિશિષ્ટ શક્તિ સહિત** અવગાહન અંદર એક ક્ષેત્રે કર્મનું રહેવું એ કર્મને દ્રવ્યબંધ કહેવામાં આવે છે.

કર્મના રજકણોની દશાને દ્રવ્યબંધ (કહેવામાં આવે છે.) આત્મા સાથે એક પ્રદેશમાં રહેવું એને દ્રવ્યબંધ કહે છે. અને વિકારી પરિણામને ભાવબંધ કહે છે. કહો, આ તો સહેલી ભાષા છે. હવે કાંઇ બહુ એવી (અઘરી) નથી. સમજાય છે ને ભાઇ? બહુ જૂના છે ને અમારે અહીંયાં હિન્દી લલીતપૂર.

હવે થોડા થોડા સમજે છે. એવી કોઇ ભાષા છે. સમજાય છે કાંઇ? આહાહા!

એક ગાથા. એક જ ગાથા, જુઓ! કેટલું સ્પષ્ટ છે! અમૃતચંદ્રઆચાર્ય મહારાજ! નવસો વર્ષ પહેલાં દિગંબર સંત ભાવલિંગી મુનિ! એમની આ ટીકા. અને મૂળ શ્લોક ભગવાન કુંદકુંદઆચાર્ય મહારાજ તેના શ્લોક. હજી ભાવબંધ અને દ્રવ્યબંધની આ વ્યાખ્યા તેને મગજમાં ન મળે. પુણ્યથી ધર્મ થાય અને વ્યવહાર કરતાં કરતાં-વ્યવહાર એટલે પુણ્ય. વ્યવહાર એટલે પુણ્યપરિણામ એમ કરતાં કરતાં ધર્મ થાય એટલે કે વીતરાગભાવ થાય. અહીં કહે કે વ્યવહાર કરતાં નિમિત્તપણે થઈને નવો બંધ પડે, એમ કહે છે. સમજાણું કાંઇ? લ્યો! આ એક ગાથામાં ભાવબંધ અને દ્રવ્યબંધ બેની વ્યાખ્યા થઈ.

---

## ગાથા-૧૪૮

**जोगणिमित्तं गहणं जोगो मणवयणकायसंभूदो ।**
**भावणिमित्तो बंधो भावो रदिरागदोसमोहजुदो ।। १४८ ।।**

योगनिमित्तं ग्रहणं योगो मनोवचनकायसम्भूत: ।
भावनिमित्तो बन्धो भावो रतिरागद्वेषमोहयुत: ।। १४८ ।।

बहिरङ्गान्तरङ्गबन्धकारणाख्यानमेतत् ।

ग्रहणं हि कर्मपुद्गलानां जीवप्रदेशवर्तिकर्मरस्कन्धानुप्रवेश: । तत् खलु योगनिमित्तम् । योगो वाङ्मन:कायकर्मवर्गणालम्बन आत्मप्रदेशपरिस्पन्द: । बन्धस्तु कर्मपुद्गलानां विशिष्टशक्ति-परिणामेनवस्थानम् । स पुनर्जीवभावनिमित्त: । जीवभाव: पुना रतिरागद्वेषमोहयुत:, मोहनीयविपाकसम्पादितविकार इत्यर्थ: । तदत्र पुद्गलानां ग्रहणहेतुत्वाद्बहिरंगकारणं योग: विशिष्टशक्तिस्थितिहेतुत्वादन्तरङ्गकारणं जीवभाव एवेति ।। १४८ ।।

---

**છે યોગહેતુક ગ્રહણ, મનવચકાય-આશ્રિત યોગ છે;**
**છે ભાવહેતુક બંધ, ને મોહાદિસંયુત ભાવ છે. ૧૪૮.**

**અન્વયાર્થ :-(योगनिमित्तं ग्रहणम्) ગ્રહણનું (-કર્મગ્રહણનું) નિમિત્ત યોગ છે; (योग: मनोवचनकायसंभूत:) યોગ મનવચનકાયજનિત (આત્મપ્રદેશપરિસ્પંદ) છે. (भावनिमित्त: बन्ध:) બંધનું નિમિત્ત ભાવ છે; (भाव: रतिरागद्वेषमोहयुत:) ભાવ રતિરાગદ્વેષમોહથી યુક્ત (આત્મપરિણામ) છે.**

**ટીકા :- આ, બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે.**

ગ્રહણ એટલે કર્મપુદ્‌ગલોનો જીવપ્રદેશવર્તી (-જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે

રહેલા) કર્મસ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે. યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ (અર્થાત્ જીવના પ્રદેશોનું કંપન).

બંધ એટલે કર્મપુદ્ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્ગલોનું અમુક અનુભાગરૂપ શક્તિ સહિત અમુક કાળ સુધી ટકવું તે); તેનું નિમિત્ત જીવભાવ છે. જીવભાવ રતિરાગદ્વેષમોહયુકત (પરિણામ) છે અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે.

તેથી અહીં (બંધને વિષે), બહિરંગ કારણ (-નિમિત્ત) યોગ છે કારણ કે તે પુદ્ગલોના ગ્રહણનો હેતુ છે, અને અંતરંગ કારણ (-નિમિત્ત) જીવભાવ જ છે કારણ કે તે (કર્મપુદ્ગલોની) વિશિષ્ટ શકિત અને સ્થિતિનો હેતુ છે.

ભાવાર્થ :- કર્મબંધપર્યાયના ચાર વિશેષો છેઃ પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ. આમાં સ્થિતિ અનુભાગ જ અત્યંત મુખ્ય વિશેષો છે, પ્રકૃતિ-પ્રદેશ તો અત્યંત ગૌણ વિશેષો છે; કારણ કે સ્થિતિ-અનુભાગ વિના કર્મબંધપર્યાય નામમાત્ર જ રહે. તેથી અહીં પ્રકૃતિ-પ્રદેશબંધને માત્ર ગ્રહણ શબ્દથી કહેલ છે અને સ્થિતિ અનુભાગબંધને જ 'બંધ' શબ્દથી કહેલ છે.

જીવના કોઈપણ પરિણામમાં વર્તતો યોગ કર્મના પ્રકૃત્તિ-પ્રદેશનું અર્થાત્'ગ્રહણ'નું નિમિત્ત થાય છે અને જીવના તે જ પરિણામમાં વર્તતો મોહરાગદ્વેષભાવ કર્મના સ્થિતિ અનુભાગનું અર્થાત્ 'બંધ'નું નિમિત્ત થાય છે; માટે મોહરાગદ્વેષભાવને 'બંધ'નું અંતરંગ કારણ (અંતરંગ) નિમિત્ત કહ્યું છે અને યોગને-કે જે 'ગ્રહણ'નું નિમિત્ત છે તેને-'બંધ'નું બહિરંગ કારણ (બાહ્ય નિમિત્ત) કહ્યું છે. ૧૪૮.

## ગાથા-૧૪૮ ઉપર પ્રવચન

जोगणिमित्तं गहणं जोगो मणवयणकायसंभूदो ।
भावणिमित्तो बंधो भावो रदिरागदोसमोहजुदो ।। १४८ ।।
છે યોગહેતુક ગ્રહણ, મનવચકાય-આશ્રિત યોગ છે;
છે ભાવહેતુક બંધ, ને મોહાદિસંયુત ભાવ છે. ૧૪૮.

**ટીકા :- આ, બંધના બહિરંગ કારણ અને અંતરંગ કારણનું કથન છે.** જુઓ! આચાર્ય

કેટલો વિવેક બતાવે છે. જોગ છે, આત્માના પ્રદેશનું કંપન છે. એ બહિરંગ કારણ છે અને આત્માના અંદરના મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામ એ ખાસ કારણ છે. નવા બંધમાં પણ બે આંતરા પાડયા. સમજાણું કાંઈ?

**ટીકા :- આ, બંધના** નવો જે બંધ પડે ને, જડ? એના **બહિરંગ કારણ અને અંતરંગ કારણનું આ કથન છે.** નવા કર્મના રજકણો જે બંધાય તેમાં નિમિત્તપણામાં એ યોગ છે તે બાહ્ય નિમિત્ત છે અને રાગદ્વેષના પરિણામ તે અંતરંગ નિમિત્ત છે. કહો છે તો એની ને એની પર્યાય. કંપન આત્માના પ્રદેશ, છે તો આત્માની પર્યાય પણ એ નવા બંધમાં બહિરંગ કારણ કહ્યું. ફક્ત કર્મ આવવામાં એ નિમિત્ત છે. એ મૂળ બંધનું કારણ નથી. અને કર્મમાં સ્થિતિરસ પડવાનું મૂળ નિમિત્ત કારણ.. પડે તો એનાથી. પણ એનું અંતરંગ કારણ તો મોહ ને રાગદ્વેષ એક જ કારણ અંતરંગ કર્મ કારણ છે.

જીવના પ્રદેશનું કંપન તેને બહિરંગ કારણ કહ્યું. સમજાય છે કાંઈ? અને આ કોનું બહિરંગ કારણ? ઓલા નવા કર્મ રજકણ બંધાય, જડ પરમાણુ એનું બાહ્ય કારણ કંપન અને તેનું નિમિત્ત-આ નિમિત્તના બે ભાગ પાડયા. એક બાહ્ય નિમિત્ત, એક અંતરંગ નિમિત્ત. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ મિથ્યાત્વભાવ એ અંતરંગ કારણ નવા બંધનું અંતરંગ નિમિત્ત કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

**ગ્રહણ એટલે કર્મપુદ્‌ગલોનો જીવપ્રદેશવર્તી (-જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલા) કર્મસ્કંધોમાં પ્રવેશ;** કહો, સમજાણું? ગ્રહણ એટલે પાઠ છે ને? **जोगणिमित्तं गहणं કર્મપુદ્‌ગલોનો** નવા રજકણોનો એક **જીવપ્રદેશવર્તી જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલાં રજકણો, કર્મસ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે.** કર્મસ્કંધોનું આવવું. સમજાણું? તેનું નિમિત્ત આત્માના પ્રદેશોનું કંપન છે. આત્મા કર્મસ્કંધોમાં એ નિમિત્ત તરીકે પ્રવેશ થયો ને? નિમિત્ત તેનું યોગ છે. કંપન-પ્રદેશ કંપન એ કાંઈ મૂળ કારણ નથી.

**યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે,** આત્માના પ્રદેશના કંપનમાં જેમાં વચનવર્ગણા વચનના પરમાણુઓનું નિમિત્ત હોય અવલંબન. જેને મનોવર્ગણાનું નિમિત્ત હોય તે મનોયોગ. જેને કાયવર્ગણાનું પરમાણુંનું નિમિત્ત હોય તે કાયયોગ-કંપન. નિમિત્ત એ. **અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ,** આત્માના પ્રદેશનું ધ્રુજવું, કંપન જરી કંપન. તેને યોગ કહે છે. ઓહોહો! સમજાણું કાંઈ? સમજાણું? એને ગ્રહણ ગ્રહણ. યોગ નિમિત્તનું ગ્રહણ લીધું છે. બંધ લીધો છે. રજકણો આવે તેમાં કંપન નિમિત્ત એ કાંઈ મૂળ વસ્તુ નથી. તેથી તેને બંધમાં નિમિત્ત કારણ-બાહ્ય નિમિત્ત કારણ કહ્યું.

જુઓ! એકની એક આત્માની પર્યાય તેના બે પ્રકાર પાડયા. એક કંપન અને બહિરંગ કારણ અને રાગદ્વેષને અંતરંગ કારણ (કહ્યું). આપણે જે નિયમસારમાં ૫૩મી ગાથામાં આવે છે. અંતરંગ કારણ

અને બહિરંગ કારણ. મૂળ તો આચાર્ય, એણે પદ્મપ્રભમલ્લધારીદેવે અમૃતચંદ્રઆચાર્યની ઘણી પદ્ધતિ લીધી છે. અહીંયાં એ પદ્ધતિ અપનાવી. અમૃતચંદ્રઆચાર્યના પદ્યો-ગદ્યો-પદ્યો શું કહેવાય એ બધું? એ બધું એમનું જ અનુસરણ કર્યું છે. અમૃતચંદ્રઆચાર્ય તો! ઓહોહોહો! આ પંચમકાળમાં એ મુનિ ગણધર જેવું (અને) તીર્થંકર જેવું કામ તો કુંદકુંદઆચાર્યદેવે કર્યું છે. પંચમકાળની યોગ્યતા પ્રમાણે. ગણધર જેવી ટીકા. અમૃતચંદ્રઆચાર્ય મુનિ ધર્મના થાંભલા, ધર્મના થોભ. મહા સંત મુનિ. સમજાય છે કાંઈ? ધર્મ-ધર્માચાર્ય.

કહે છે ભગવાનઆત્મા એમાં બે વાત થાય. એક તો પ્રદેશ જે છે. અસંખ્ય પ્રદેશ આત્મા છે. વસ્તુ જુઓ! એક પોઈન્ટ પરમાણુ જે છે, પોઈન્ટ-પરમાણુ. જેટલી જગ્યાને રોકે તેને પ્રદેશ કહે છે. એવા અસંખ્યપ્રદેશી પહોળો આત્મા છે. એ અસંખ્ય પ્રદેશમાં કંપન થાય તેને જોગ કહે છે. એ કંપનમાં નિમિત્ત જે જે વર્ગણા હોય તે પ્રકારનો તેને યોગ કહેવામાં આવે છે. કંપન તો એકરૂપ છે અહીં. પણ એ કંપનમાં મનોવર્ગણાનું નિમિત્ત હોય તો એને મનયોગ કહે. વચનવર્ગણાનું નિમિત્ત વચન યોગ કહે. કાયવર્ગણાનું નિમિત્ત હોય તો તે કહે. કાર્મણયોગનું નિમિત્ત હોય તો કાયયોગ કહે. ભાઈ લીધું ને ચોથું કર્મવર્ગણા? એ ઓલું કાયયોગ લીધું. કાર્મણ-કાય યોગ. એટલે એ ભેગું નાખ્યું. સમજાય છે કાંઈ? આહાહા!

આત્મા વસ્તુ છે અસંખ્યપ્રદેશી. અનંતગુણનું ધામ. એમાં જે અસંખ્યપ્રદેશનું કંપન એના નામ પાડયા. કે, આ મનયોગ, આ વચનયોગ, આ કાયયોગ, આ કાર્મણ કાયયોગ. ભાઈ! કાયયોગ તો ઔદારિક ને વૈક્રયિકનો પણ હોય એટલે આ કાર્મણ ને કાયયોગને જુદો પાડીને રસ્તામાં જયારે હોય છે ત્યારે...બીજા નથી. ઔદારિક શરીર કે એવું કાંઈ પણ એ યોગ નહિંતર કાયયોગમાં એ આવી જાય છે. પણ કાયયોગથી કર્મવર્ગણા જુદું એક નિમિત્ત પાડયું. કારણ કે રસ્તામાં કાયયોગનું બીજું નથી. રસ્તામાં કાર્મણકાયયોગ કંપન છે તો એ કંપનને ઓલા કર્મના રજકણો આવા છે ને એટલું એને નિમિત્ત છે માટે તેને કાર્મણ-કાયયોગ કહ્યો.

મુમુક્ષુ :- કઠણ તો પડે હો?

ઉત્તર :- કઠણ પડે પણ હળવે હળવે તો કહીએ છીએ. આમાં કઠણ પડે છે? થોડું તો પડે ભાઈ! અમેરિકા જઈને આવ્યા ત્યાં મગજ રોકાણું હોય. કેટલા વર્ષ થયા? પાંચ વર્ષ. ઓહો! પણ છે નરમાશ થોડી. કાંઈ ઓલી એને બહુ અસર નથી થઈ. કહો, સમજાણું કાંઈ? ત્યાં જાય ને તો પાવર ફાટી જાય. ઓહો! અમેરિકા એટલે શું? પૈસાવાળા, ભાડે મોટા મકાન બકાન. ધૂળ છે બધી ત્યાં. સમજાય છે કાંઈ? ફરીને કહીએ, જુઓ ને!

જુઓ! આ આત્મા છે કે નહીં? એ વસ્તુ છે ને અસ્તિ, છે. તો 'છે' એમાં અનંતજ્ઞાન આદિ શક્તિ એટલે હદ વિનાનો સ્વભાવ. એવા એમાં અનંત સ્વભાવ છે. અને એમાં એક યોગ નામની પણ શક્તિ

છે. હવે એક યોગ નામનો પણ અંદર એક ગુણ છે. હવે જ્યારે આ મનના પરમાણુનું અવલંબન હોય, પરમાણુ પુદ્‌ગલ, ત્યારે આ કંપનને મનયોગ કહેવામાં આવે છે. કંપન તો એક પ્રકારનું પણ એ મનોવર્ગણાનું નિમિત્ત તો આને મનયોગ કહેવામાં આવે છે. વચન વર્ગણા પરમાણુ છે ઝીણા આ, આ તો અવાજ નીકળે છે ને વર્ગણાનો, એનું તો નિમિત્ત અંદર વચન યોગ, કંપનને વચન યોગ કહેવાય. આ કાયા છે આ માટી. આ વૈક્રિયિક શરીર, આહારક શરીર એના પરમાણુનું નિમિત્ત અવલંબન તો અહીંયાં કાયયોગ કહેવાય. અને કાર્મણ શરીરના પરમાણુનું નિમિત્ત અવલંબન તો ત્યાં કાયયોગ કહેવાય. એમ યોગનું કંપન તેનું ચાર પ્રકારે વર્ણન કર્યું છે. પછી કાયાના ઘણા ભેદ છે એ જુદી વાત છે. મનના ચાર, વચનના ચાર આ તો સામાન્યપણે... મનના ચાર, વચનના ચાર, કાયાના સાત એમ કરીને. એ ઝીણી વાત છે. કહો, સમજાણું આમાં?

**એવો આત્મપ્રદેશોનો,** એવા એટલે જેમાં આવું આલંબન, નિમિત્ત હોય એવા આત્મપ્રદેશોનો, અંતરમાં પોતાના ઉપાદાનને કારણે પરિસ્પંદ કંપન હોય તેને યોગ કહે છે. એ યોગ તો ફક્ત નવા કર્મમાં નિમિત્ત ગ્રહણમાં નિમિત્ત છે. આવે છે તેને કારણે તેમાં. પણ ખરો બંધ તે નથી. સમજાણું કાંઈ?

**બંધ એટલે કર્મપુદ્‌ગલોનું વિશિષ્ટ શકિતરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્‌ગલોનું અમુક અનુભાગરૂપ શકિત સહિત અમુક કાળ સુધી ટકી રહેવું તે); તેનું નિમિત્ત જીવભાવ છે.** જુઓ! ઓલાને સાધારણ વાત કરી, અહીં જીવભાવ એમ શબ્દ પાછો જુદો પાડયો, ભાઈ! ઓલાને શબ્દ જોગ કહ્યો. ભાવ નિમિત્ત શબ્દ છે ને ભાઈ! ઓલામાં જોગ નિમિત્તમ્ જોગભાવ એમ શબ્દ વાપર્યો નહીં.

અહીં પાઠમાં ભાવ નિમિત્તો કહ્યું. નહીંતર જોગ એ પણ ભાવ છે. પણ તેની હલ્કાઈ તુચ્છતા બતાવવા ફક્ત પ્રદેશમાં કંપન છે, એ નવા પુદ્‌ગલો આવવામાં નિમિત્ત બહિરંગ કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને જે કર્મમાં સ્થિતિ, જુઓને? **કર્મપુદ્‌ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત.** ચિકાશના વિકારી અનુભાગ સહિત સ્થિત રહેવું એ સ્થિતિ થઈ ગઈ બેય થઈ ગયું. અનુભાગ અને સ્થિતિ. સમજાય છે કાંઈ?

બંધ એટલે જડના પરમાણુઓ, દ્રવ્યબંધ એટલે કર્મપુદ્‌ગલોનું વિશિષ્ટ શકિતરૂપ ખાસ અનુભાગ શકિત સહિત પરિણામ સહિત એ પુદ્‌ગલોનું ત્યાં સ્થિર રહેવું. અનુભાગ અને સ્થિતિ બેય લઈ લીધી. સમજાણું કાંઈ? ભાઈએ ખુલાસો કર્યો છે, જુઓ! **કર્મપુદ્‌ગલોનું અમુક અનુભાગરૂપ શકિત સહિત** એટલે અનુભાગ આવી ગયો. પુદ્‌ગલોનું હોં! જડના કર્મમાં. અને અમુક કાળ સુધી રહેવું તે સ્થિતિ આવી ગઈ. જોગમાં તો પ્રદેશ અને પ્રકૃત્તિ. પ્રદેશ આવે ને પ્રકૃત્તિ થાય. સામાન્ય થઈ ગઈ. અનુભાગ અને સ્થિતિ ખાસ વસ્તુ છે. તેથી કહ્યું, સમજાણું કાંઈ? કહો, હવે બંધ તત્ત્વની વ્યાખ્યામાં પણ ઝીણું પડે

ભાઈ! જમભાઈ! જમભાઈ વધારે સાંભળ્યું. એ બધું ઉપર ટપકે ઉપર ટપકે કેટલીક વાતું પકડે અને લ્યે. શું કહ્યું? સમજાણું આમાં? એને પાછું જાવું પડે ચાર દિ' એ અને આઠ દિ' એ ઓલા અઠયાવીસ દિ' એ. શું કહ્યું? છે? ઝાટકીયા! પુસ્તક છે? એમ ને? ઠીક.

આ જોગ અને સ્થિતિરસનું જુદું કર્યું. આપણે ઓલી નિયમસારની ૫૩મી ગાથા છે કે નહીં? એમાં બેય જુદાં પાડયા છે કે નહીં? ૫૩ મી ગાથામાં સમકિત પામનારને, સમ્યગ્દર્શનના પરિણામ પામનારને બહિરંગ અને અંતરંગ કારણ બેના ભાગ પાડયા છે. જ્ઞાનીઓની વાણી તેને બહિરંગ કારણ કહ્યું અને જ્ઞાનીઓના અભિપ્રાયને અંતરંગ કારણ કહ્યું. આહાહા! એ શૈલી અહીંથી લીધી છે. બહિરંગની લાઈન. કારણ કે અમૃતચંદ્રઆચાર્યનું જ બધું અનુસરણ કરે છે. શું કહ્યું, સમજાણું આમાં?

આત્મા પોતાના પરમાનંદ સ્વરૂપના પ્રતીતનું ભાન-કે હું તો એક સ્વભાવનો સાગર જ્ઞાયક દરબાર આનંદ સ્વભાવથી ભરેલો. એવી અંતર અનુભવની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શનમાં નિમિત્ત કોણ? એક તો, અભ્યંતર હો! અભ્યંતરનિમિત્તના બે પ્રકાર. એક તો જ્ઞાનીઓની વાણી, સમ્યગ્દષ્ટિની વાણી એને બહિરંગ કારણ કહ્યું. ઉપચારથી તેને અંતરંગ કહ્યું છે. સમજાણું કાંઈ? બહિરંગ છે પણ ઉપચારથી તેને અંતરંગ (કહ્યું છે.) આમ એ બહિરંગ છે. અને ઓલા પરિણામ જે છે એ છે બહિરંગ પણ ખરેખર તેને ઉપચારથી અંતરંગ કારણ કહ્યું છે. તેને અંતરંગ કારણ કહ્યું છે. સમ્યગ્દર્શન પામનારને ધર્મીના સમ્યગ્દર્શન, જ્ઞાન આદિના પરિણામ અભિપ્રાય તેને અંતરંગ કારણ (કહ્યું છે.) છે તો બાહ્ય (કારણ). ઉપચારથી અંતરંગ કારણ કહ્યું છે. કોણ એ? બાહ્ય કારણ. સમજાણું કાંઈ?

એમ અહીંયાં ભગવાન અમૃતચંદ્રઆચાર્યે... પાઠમાં છે ને કુંદકુંદઆચાર્ય.''**जोगणिमित्तं**'' હળવો શબ્દ કરી નાખ્યો. આ જોગના ભાવનું નિમિત્ત એમ કહીને ન કહ્યું. ખરો ભાવ તો રાગ-દ્વેષ અને મોહ છે. એ જ સંસાર, એ જ ઉદયભાવ, એ જ વિકાર અને એ જ દુઃખદાયક છે. મોહભાવ, મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ જ ખરો ભાવ.

તેથી કહે છે નવા જડ જે આઠકર્મ બંધાય, સમજાણું? તેનું બહિરંગ નિમિત્ત તો યોગ છે, એ પછી ખુલાસો આવશે. તેનું નિમિત્ત જીવભાવ છે. કોનું? ઓલા કર્મમાં સ્થિતિ અને અનુભાગ કર્મને કારણે જયાં પડે એનું નિમિત્ત જીવના વિકારી મિથ્યાત્વ રાગ-દ્વેષના ભાવ છે. પાછી ભાવની વ્યાખ્યા કરી. ઓલી યોગની વ્યાખ્યા કરી હતી ને? નિમિત્ત યોગ છે એમ કીધું પણ યોગ પાછા કોણ તેને ઓળખાવ્યા હતા. હા, એ. અહીં પાછું કહ્યું કે જીવભાવ પણ જીવભાવ છે કેવો?

**રતિરાગદ્વેષમોહયુકત (પરિણામ) છે અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે.** આ રતિ વધારે પ્રેમ કીધો ને. ઓલું રકત હતું ને રકત ઓલામાં. રકત રાગ તેમાં રાગ થયો. પરમાં રતિ, રાગ, દ્વેષ અને મોહ સહિત પરિણામ જીવની પર્યાય નવા દ્રવ્યબંધને મૂળ કારણ એ

વિકારીભાવ છે. સમજાણું કાંઈ? આવ્યું હતું પણ એક કલાકમાં કેટલું આવ્યું? આમાં કેટલું યાદ રાખવું? ત્યાં કાંઈ સંસાર નથી ધ્યાન રાખતો? હજારો બોલનો? વ્યાપાર કરે ત્યારે ધ્યાન રાખે કે નહીં? હેં? ભંગાર અહીંથી આવ્યો ને અહીંથી ગયો, ફલાણું, ઢીકણું. એમાંથી સોગઠી નીકળી હતી ને કેટલું યાદ રાખે! લ્યો! એમાંથી રૂપું. કીધું ને? સરવાળે બધું ધૂળ-ધાણી ને વા પાણી. એમાં બધું ધ્યાન રાખે. આહાહા! જુઓ! ગાથા કેવી વર્ણવી છે ને.

નવા દ્રવ્યબંધ છે ને? એને ફક્ત જીવના કંપન પરિણામ બાહ્યનિમિત્ત તરીકે પ્રદેશ અને આવવામાં નિમિત્ત છે. નિમિત્ત આવે છે તો તેને કારણે. એ ખરો બંધ નહીં. ખરો બંધ તો એ પુદ્‌ગલમાં અનુભાગ અને સ્થિતિ એને કારણે પડે તેમાં નિમિત્તને જીવનો ભાવ થવો મિથ્યાત્વ, રાગ અને દ્વેષનું, રતિરાગદ્વેષમોહયુક્તભાવ. એ ચીકણા પરિણામ નવા દ્રવ્યબંધને નિમિત્ત તરીકે બાહ્ય કારણ કહેવામાં આવે છે. કંપન પણ બાહ્ય કારણ છે અને આ પણ બાહ્ય કારણ છે પણ આનું ખાસ વજન આપવા એને ભાવ કહેવામાં આવ્યો. કહો, સમજાણું? ઓલાને અંતરંગ કહેશે. કહેશે. હવે ખુલાસો કરે ને? ઓલું તો હજી ખુલાસો કરે છે. યોગ. બસ એનો.

**તેથી અહીં (બંધને વિષે), બહિરંગ કારણ** નવા જડકર્મમાં બાહ્ય નિમિત્ત કારણ**(-નિમિત્ત) યોગ છે કારણ કે તે પુદ્‌ગલોના ગ્રહણનો હેતુ છે,** ફક્ત પુદ્‌ગલોનું આવે તેનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? અહીં બંધને વિષે, નવા જડ બંધ, કર્મની પર્યાયરૂપે દ્રવ્યબંધ એક આત્માના ચીકણા ભાવબંધ. બેને નિમિત્ત-નિમિત્ત સંબંધ એવા બે બંધની વ્યાખ્યા ચાલે છે. તો એમાં નવા જે બંધ તેનું નિમિત્ત યોગ છે. કારણ કે ફક્ત પુદ્‌ગલોના ગ્રહણનો યોગ નિમિત્ત છે. **અંતરંગ કારણ નિમિત્ત જીવભાવ જ છે.** છે તો એ બાહ્ય નિમિત્ત. કર્મમાં સ્થિતિ અને અનુભાગ એ તો ઉપાદાન એનું એમાં જીવના વિકારીભાવ બાહ્ય કારણ છે. પણ જોગની અપેક્ષાએ અંતરંગ નિમિત્ત જીવભાવ જ છે. એમ કહેવામાં (આવે છે.) નિમિત્તની ખાસ વિશેષતા વિકારમાં છે એમ બતાવવા તેને અંતરંગ કારણ કહ્યું. સમજાણું કાંઈ?

અંતરંગ કારણ કોનું? નવા દ્રવ્યબંધ પડે કર્મનું. જીવભાવ જ છે. એ જીવભાવ કયો? કે રતિરાગદ્વેષમોહયુક્ત પરિણામ, જે માથે કહ્યા તે. તે વિકારીભાવ નવા જડ કર્મને અંતરંગ કારણ છે. **કારણ કે તે (કર્મપુદ્‌ગલોની)** ઓલામાં એમ હતું કે તે કર્મપુદ્‌ગલોના ગ્રહણનો હેતુ હતો. અહીં પુદ્‌ગલકર્મનો **વિશિષ્ટ શક્તિ અને સ્થિતિનો હેતુ છે.** શક્તિ એટલે અનુભાગ. કર્મપુદ્‌ગલોનો અનુભાગ અને સ્થિતિ એનો અહીં વિકારી ને મિથ્યાત્વભાવ દયા, દાન, કામ, ક્રોધના પરિણામ એ વિકારી પરિણામ કર્મનો અનુભાગ અને સ્થિતિ કર્મને કારણે પડે. એમાં નિમિત્ત આ છે. છે તો બાહ્ય પણ અંતરંગ કારણ ઓલાની અપેક્ષાએ કહ્યું.... કહો, સમજાય છે કાંઈ આમાં?

એ તો એકની હતી. અહીં તો ઓલામાં રક્ત થયો ને? બધું બધું બધામાં પ્રેમ. રક્ત કીધો છે ને ઓલામાં? પાઠમાં. લીધું છે ને? **रत्तो करेदि जदि अप्पा** એમ હતું ને? ૧૪૭ ગાથામાં. **रत्तो** બધામાં રક્ત છે. બધું લીન જ છે. કહો, સમજાણું કાંઈ? આ વધારે ન સમજાય તો રાત્રે પૂછવું. રાત્રે વખત છે કે નહીં? આહાહા! ઝીણી વાત છે. દ્રવ્યબંધ પુદ્ગલ તો એને કારણે બંધાય. પણ એમાં બાહ્ય નિમિત્ત યોગનું કંપન એ પણ નિમિત્ત. બીજું કાંઈ નહીં. એમાં સ્થિતિ, રસ પડે કર્મમાં. એમાં નિમિત્ત. પુદ્ગલનું ઉપાદાન તો એનું. એમાં નિમિત્ત જીવનો રાગદ્વેષમોહભાવ એ જીવભાવ તે નિમિત્ત છે. એ જીવભાવ તે ભાવબંધ છે. ઓલો દ્રવ્યબંધ છે. દ્રવ્યબંધના બે પ્રકાર પાડી દીધા. પુદ્ગલનું આવવું અને પ્રકૃતિનું થવું. સાધારણ વાત કરીને જોગ તેનું નિમિત્ત કીધું. સ્થિતિ રસનું થવું તેમાં રાગદ્વેષમોહના ભાવનું અંતરંગ કારણ કહ્યું. છે તો એની અપેક્ષાએ બેય બહાર પણ આનું વધારે વજન દેવા અંતરંગ કારણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૪૭, ગાથા.૧૪૮-૧૪૯, આસો વદ-૨, શુક્રવાર, તા:-૨૩-૧૦-૬૪

આ ૧૪૮ ગાથા ચાલે છે. પંચાસ્તિકાય, આમાં નવપદાર્થનું સ્વરૂપ છે. એ નવપદાર્થ જેમ છે તેમ યથાર્થ શ્રદ્ધાપૂર્વક મોક્ષમાર્ગ હોય છે. જેને નવપદાર્થની પણ યથાર્થ શ્રદ્ધા અને જ્ઞાન નથી તેને મોક્ષમાર્ગ અને ધર્મ હોય શકે નહીં. એમાં આ અધિકાર બંધનો ચાલે છે. બંધ તત્ત્વ કોને કહેવું.

સાત તત્ત્વ આવે છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એમાં બંધ તત્ત્વ જડબંધ અને ભાવબંધ કોને કહેવા અને તેનું શું સ્વરૂપ છે એમ તેણે નક્કી કરવું જોઈએ. એમ અહીંયાં ૧૪૮નો ભાવાર્થ આવ્યો છે. જે કર્મ જડ બંધાય છે ને? જડકર્મ. ભાવાર્થ છે ને ૧૪૮. જડના રજકણો કર્મ જે બંધાય છે એ દ્રવ્યબંધ કહેવાય છે. એ **કર્મબંધપર્યાયના વિશેષ પર્યાયના ચાર વિશેષો છે.** કર્મબંધ એ પુદ્ગલની પર્યાય છે. જડકર્મબંધ એ પુદ્ગલની પર્યાય છે.

એના ચાર પ્રકાર છે. **પ્રકૃતિબંધ, પ્રદેશબંધ,** પ્રકૃતિ એટલે કર્મ બંધાય તેમાં તેનો સ્વભાવ થાય. પ્રદેશ એટલે કર્મ બંધાય તેના પરમાણુની સંખ્યા થાય. સ્થિતિ એટલે તેમાં કર્મની મુદ્દત પડે અને અનુભાગ એટલે પાક તેમાં રસ ફળદાન શક્તિ. એવા કર્મબંધનની પર્યાય જડકર્મ આઠ છે, જયાં આત્મા છે તેના એક ક્ષેત્રાવગાહમાં છે. તેના ચાર પ્રકારમાં આમાં સ્થિતિ અનુભાગ જ અત્યંત મુખ્ય વિશેષો છે, એ સિધ્ધ કરવું છે. એ કર્મબંધનમાં જે સ્થિતિ પડે અને અનુભાગ જે ફળ દેવાની શક્તિ છે. એ ચારમાં મુખ્ય

એ છે. અત્યારે જડની વાત ચાલે છે. પછી ભાવ લેશે. એ જડને નિમિત્ત કોણ થાય, કયો ભાવ?

તો કહે છે કે કર્મના બંધનમાં જે પુદ્‌ગલની પર્યાય છે. એના વિશેષ ચાર પ્રકાર છે. એમાં એક પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અને રસ (અનુભાગ). એવા ચાર પ્રકાર જડમાં છે. સમજાય છે કાંઈ? નવતત્ત્વ હજી ખબર ન મળે ને નવતત્ત્વ કોને કહેવા-જડ ને ચેતન. એની શ્રદ્ધા સાચી ન હોય ને એને સમ્યગ્દર્શન વિના ધર્મ ત્રણકાળમાં થાય નહીં. સમ્યગ્દર્શન થવા પહેલાં તેને સાતતત્ત્વોનું બરાબર જડ ને ચૈતન્યની ભિન્નતાના ભાવનું ભાન હોવું જોઈએ. એ ભાન વિના તેને આત્માનું સમ્યગ્દર્શન થાય નહીં અને સમ્યગ્દર્શન વિના કોઈ ચારિત્ર, વ્રત, તપ આદિનો ધર્મ અજ્ઞાનીને હોય શકે નહીં. કહો, સમજાણું કાંઈ?

તો કહે છે કર્મ જે જડ છે અજીવ એના ચાર પ્રકારમાં એ સ્થિતિ અને પાકકર્મફળ આપે. ફળ આપે તેમાં ને તેમાં. પણ નિમિત્ત જીવને થાય. એના બે મુખ્ય વિશેષો સ્થિતિ અને અનુભાગ. **પ્રકૃતિ-પ્રદેશ તો અત્યંત ગૌણ વિશેષો છે.** કર્મ જડમાં કર્મનો સ્વભાવ થવો અને પ્રદેશનું સંખ્યાનું થવું એ તો ગૌણ તેની દશા છે. એ કાંઈ મુખ્ય આત્માને નિમિત્ત થવામાં કારણ છે નહીં. **કારણ કે સ્થિતિ અનુભાગ વિના,** જો કર્મમાં સ્થિતિ અને અનુભાગ ન હોય તો **કર્મબંધપર્યાય નામમાત્ર જ રહે**. સાતતત્ત્વમાં બંધતત્ત્વની વ્યાખ્યા છે. જડનો બંધ અને ચેતનનો બંધ બે બતાવે છે. એમાં જડમાં સ્થિતિ અને પાકકર્મના પાક બે વિના એ કર્મબંધની અવસ્થા નામમાત્ર છે. તેથી અહીં પ્રકૃતિ, પ્રદેશબંધને માત્ર ગ્રહણ શબ્દથી કહેલ. પાઠમાં જુઓ! **जोगणिमित्तं गहणं**

**તેથી અહીં પ્રકૃતિ-પ્રદેશબંધને માત્ર 'ગ્રહણ' શબ્દથી કહેલ છે અને સ્થિતિ અને અનુભાગબંધને જ 'બંધ' શબ્દથી કહેલ છે.** હવે આ જડની વ્યાખ્યા કરી. હવે તેમાં નિમિત્ત જીવનો કયો ભાવ ભાવબંધ છે. જીવનો ભાવ કયો મુખ્યબંધનું કારણ છે અને કોણ ગૌણ એટલે બહિરંગ કારણ છે એની વ્યાખ્યા હવે જીવના પરિણામની કરે છે. કહો, સમજાય છે કાંઈ?

હવે **જીવના કોઈ પણ પરિણામમાં,** આત્મામાં પરિણામ વર્તે, પર્યાયમાં ભાવ વર્તે, તેમાં **વર્તતો યોગ** આત્માના પ્રદેશનું કંપન એ **કર્મના પ્રકૃતિ-પ્રદેશનું અર્થાત્ 'ગ્રહણ'નું નિમિત્ત થાય છે.** વાત ઝીણી છે. સાતતત્ત્વની તેણે ભિન્ન ભિન્ન પ્રકારની પર્યાયનું શું સ્વરૂપ છે, તેની ઓળખાણ કરી નથી અને સમજ્યા વિના (અમે) ધર્મ કરીએ. કહો, સમજાણું કાંઈ? તેને ધર્મ હોય શકે નહીં. સાતતત્ત્વો ભિન્ન ભિન્ન છે. એ જડ રજકણો કર્મબંધનના પરમાણુની પર્યાય જીવની દશાથી ભિન્ન છે. એમાં બે પ્રકાર છે. પ્રકૃતિ અને પ્રદેશ, અનુભાગ અને સ્થિતિ. એ પ્રકૃતિ અને પ્રદેશ તો નામમાત્ર બંધન છે. સ્થિતિ અને અનુભાગ ખરેખર જડનું બંધન છે. એને કયાં નિમિત્ત થાય તેની વ્યાખ્યા હવે કરે છે.

**જીવના કોઈ પણ પરિણામમાં (ભાવમાં) વર્તતો યોગ કર્મનાં પ્રકૃતિ-પ્રદેશનું અર્થાત્**

**'ગ્રહણ'નું નિમિત્ત થાય છે.** શું કીધું આમાં? સમજાય છે કાંઈ? આત્મા વસ્તુ છે એ તો જ્ઞાન, આનંદ, શાંત આદિ અવિકારી સ્વભાવનો કંદ છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન, આનંદની મૂર્તિ આત્મસ્વભાવ છે. એને ભૂલી અનાદિકાળથી તેની પર્યાયમાં, એની દશામાં જે વિકારી મિથ્યાત્વ કે રાગ-દ્વેષ આદિના પરિણામ થાય છે, એ પરિણામમાં યોગ એટલે કે આત્માના પ્રદેશનું કંપન વર્તે છે. એ તો ફકત પ્રકૃતિ અને પ્રદેશના ગ્રહણ નામથી કહેવામાં આવે છે. કહો, જમુભાઈ! ઝીણી તો આમાં સાધારણ વાત છે પણ હવે કોઈ દિ' અભ્યાસ ન મળે જગતને. બહારના તત્ત્વોની વાત. પણ આત્મા શું ચીજ છે, તેમાં વિકાર શું થાય છે, એ કયો વિકાર કોને નિમિત્ત થાય છે. કયો વિકાર, કઈ પ્રકૃતિ, પ્રદેશ ને સ્થિતિ અનુભાગને નિમિત્ત થાય છે, એના જ્ઞાન વિના એ જડ ને ચૈતન્યની ભિન્નતા જાણી શકે નહીં. અને ભિન્નતા જાણ્યા વિના તેને ચૈતન્યમયદષ્ટિ એને સમ્યગ્દર્શન થાય નહીં. સમ્યગ્દર્શન વિના ધર્મ (થાય નહીં.) કહો, રતિભાઈ! ધર્મ ન હોય.

હજી આત્મા કોણ છે તેનું ભાન ન મળે. ધર્મ તો આત્માની નિર્વિકારી દશા છે. ધર્મ એ આત્માની નિર્દોષ, નિર્વિકારી પર્યાય દશા છે. પણ એ દશા કયાંથી પ્રગટે, કેમ પ્રગટે અને અશુધ્ધતા અને મલિનતા કેમ પ્રગટે છે. એ મલિનતાના પ્રકારમાં પણ જે ગૌણ મલિનતા અને મુખ્ય મલિનતા કોણ છે એના ભાન વિના તેને કર્મબંધનના જડમાં નિમિત્ત કોણ મુખ્ય અને ગૌણ થાય એની ખબર નથી તેને સાચું જ્ઞાન હોય શકે નહીં. સમજાણું કાંઈ?

આત્માના...ભગવાનઆત્મા સ્વભાવે તો જ્ઞાન ને આનંદનો કંદ છે. આત્મા શુધ્ધ પૂર્ણાનંદ અનંતગુણની આનંદની ખાણ છે. એ આત્મા પોતાના સ્વભાવના સન્મુખપણાના ભાવ તેણે અનાદિથી છોડયા છે. સમજાય છે કાંઈ? અનાદિથી છોડયા એટલે થયા ને છોડયા છે એમ નહીં. જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણ આનંદ અને 'સિધ્ધ સમાન સદા પદ મેરો' સિધ્ધ સ્વરૂપે આત્મા ભગવાન અંદર છે. નિજઆત્મા ભગવાન છે. એવા આત્માના સ્વરૂપને પવિત્ર આનંદ ને શુધ્ધના સ્વભાવના ભાન વિના, એના જ્ઞાન વિના, એની પ્રતીત શ્રધ્ધા વિના અને તેમાં રમણતા વિના અનાદિકાળથી વિકારના ભાવને, મિથ્યાત્વભાવને એ કરે છે. કહો, સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વ આદિ ભાવના જે પરિણામ છે એ પરિણામમાં આત્માના પ્રદેશ યોગ જેને કહીએ કંપન પ્રદેશ અરૂપી પ્રદેશ કંપે એ તો ફકત કર્મના પ્રકૃતિ પ્રદેશને ગ્રહવું આવવું તેમાં નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? એ જોગનું બંધમાં ખાસપણું વિશેષપણું નથી. નવા બંધમાં ખાસ વિશેષપણું અનાદિથી જીવના તેજ પરિણામમાં.. હવે આવ્યું જુઓ!

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ શુધ્ધ ચૈતન્ય પ્રભુ એની એને અનાદિથી ખબર ન મળે. મિથ્યાદષ્ટિપણે અનંતકાળ ચોર્યાસીના અવતાર એણે કર્યા. સમજાય છે કાંઈ? બાહ્યત્યાગ પણ અનંતવાર (કર્યા). નામ

ધરાવ્યું પણ અંતર વસ્તુ આત્મા જ્ઞાયક અખંડ આનંદનો કંદ, સચ્ચિદાનંદ શુદ્ધ પરમાત્મસ્વરૂપ નિજ એની એણે પ્રતીત ને અનુભવ કર્યો નહીં. એ અનુભવ કર્યા વિના તેના **પરિણામમાં,** એટલે કે વર્તમાન દશામાં જે **વર્તતો મોહરાગદ્વેષરૂપભાવ,** મોહ શબ્દે મિથ્યાત્વભાવ. એ શુભ અને અશુભભાવ થાય એ મને હિતકર છે એવો મિથ્યાત્વભાવ. પાપભાવ તે મને ઠીક મજા પડે છે એવો જે મિથ્યાત્વભાવ. શરીરાદિની અનુકૂળતા હોય તો મને ઠીક પડે છે એવો મિથ્યાત્વભાવ. બહારની સામગ્રી પ્રતિકૂળ હોય તો હું દુઃખી છું એવો મિથ્યાત્વભાવ. જેચંદભાઈ!

આત્મા સિવાય બહારમાં આ જડ, માટી શરીરમાં રોગ-નિરોગ, નિર્ધન-સધનતા, વાંઝિયાપણું-પુત્રપણું, વાંઢાપણું કે પરણેતરપણું એ બધા બાહ્યના સંયોગો છે. એ સંયોગો પ્રતિકૂળ હોય તો હું દુઃખી છું એ માન્યતા મિથ્યાદષ્ટિની મિથ્યાત્વભાવમાં છે. કહો, રતિભાઈ! શું હશે આ? આહાહા! એવો મિથ્યાત્વભાવ એને અહીં મોહ કહ્યો છે. એ પરિણામમાં એની વર્તમાન દશામાં જે મોહભાવ વર્તે છે તેને અહીં મિથ્યાત્વ કહ્યો છે. એ પરિણામકાળે આત્માના પ્રદેશનું કંપન થાય તેની વિશેષતા નથી. એ એની દુઃખદાયક દશા નથી અને બંધનમાં એની નિમિત્તતા મુખ્યતા નથી. સાધારણ બંધ પ્રકૃતિ ને પ્રદેશ આવે એથી એ બંધની વિશેષતામાં ગણવામાં આવ્યું નથી. સમજાય છે કાંઈ?

પણ આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ! પોતાના સ્વભાવના આનંદની સાવધાની મહિમા, માહાત્મ્ય, આદર છોડીને અનાદિકાળથી એ પુણ્ય ને પાપના ભાવમાં મને મજા છે, એ મારું સ્વરૂપ છે. અનુકૂળતા મને સુખનું કારણ છે, પ્રતિકુળતા મને દુઃખનું કારણ છે એવી મિથ્યાશ્રદ્ધાનું પાપ. એ પાપ મહાન પાપ છે. સમજાણું કાંઈ?

કોને પાપ મહાન અને શું પાપ કહેવું એની ખબર ન મળે, હવે એ પાપથી રહિત આત્મા ક્યારે જાણે! સમજાય છે કાંઈ? બંધતત્ત્વ! ભગવાનઆત્મા અબંધસ્વરૂપી છે. એનો સ્વભાવ તો એ વિકારભાવ અને જડભાવકર્મ એનાથી રહિત એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપના ભાન વિના, એવા સ્વરૂપના જ્ઞાન વિના, એ સ્વરૂપના અનુભવ વેદન વિના એનું વેદન અનાદિથી મિથ્યાત્વભાવનું વેદન તેને વર્તે છે. સમજાય છે કાંઈ? ભાષા સમજમાં આવે છે ને થોડા થોડા, રતલામવાળા. થોડું સમજી લેવું. હવે તો ગુજરાતી ચાલે છે. હમણાં તો હિન્દી ચાલ્યું હતું. બે મહિના સુધી ચાલ્યું. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાનઆત્મા વસ્તુ સ્વભાવ આત્માનો શાંત આનંદ અનાકુળ ને અનંતગુણનું ચિદ્‌ધામ એવો આત્મા દરેકનો છે. એવો આત્મા તેની અંતરનો આદર છોડીને, એવા સ્વભાવનો આદર છોડીને, એવા સ્વભાવનું બહુમાન મુકીને, એવા સ્વભાવની મહિમા છોડીને, એ સ્વભાવનો આદર છોડીને અનાદર કરીને... સમજાય છે કાંઈ? એના પરિણામમાં પર્યાયમાં જે મિથ્યાત્વભાવ વર્તે છે તે જ ખરેખર કર્મનો જે સ્થિતિ અને રસબંધ થાય તેમાં એ મિથ્યાત્વ પરિણામ જ મુખ્ય કારણ છે. અને દુઃખદાયક તેને

મિથ્યાત્વ પરિણામ એ ખરા દુઃખદાયક છે. આહાહા! સમજાણું કાંઈ?

આમાં એ તો બંધનો અધિકાર અત્યારે છે. એ મિથ્યાત્વના ભાવ મટે ક્યારે? કેમ? કે જ્ઞાનાનંદઆત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, હું દેખનાર મને, હું જાણનાર મને, હું રમનાર મારામાં. સમજાય છે કાંઈ? હું જાણનાર મને, દેખનાર મને, માનનાર મને, રમનાર મારામાં. એમ આત્માના સ્વભાવની સમ્યગ્દષ્ટિ થાય એથી મિથ્યાત્વનો નાશ થાય. બીજો કોઈ એનો ઉપાય છે નહીં. સમજાણું કાંઈ? એણે અનંતકાળ શાસ્ત્રોના ભણતર કર્યા. બહારની વ્રત, નિયમની ક્રિયાઓ શુભપરિણામરૂપે અનંતવાર કરી. પણ એણે મિથ્યાત્વને ટાળ્યું નહીં અને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નહીં. એથી એનો જન્મ-મરણ એક પણ મટ્યો નહીં. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો પરિણામમાં જેની ચિકાશ ને ઉગ્રતાની દુઃખદશા છે તેનું વર્ણન કરે છે. જે કર્મબંધનમાં ખાસ જેની વિશેષતા નિમિત્ત તરીકે છે તેની વાત કરે છે. સમજાણું આમાં કાંઈ? દ્રવ્યગુણપર્યાય-કોના દ્રવ્ય, કોના ગુણ, કોની પર્યાય તેની ખબર ન મળે. આ તો કહે છે કે જડકર્મની એક અવસ્થા બંધાય એ પુદ્ગલની જડ આઠકર્મની પર્યાય છે. પરમાણુ કાયમ રહે, પરમાણુની શક્તિ કાયમ રહે. અને તેમાં એક અવસ્થા વિકૃત કર્મપર્યાય થાય તેને દ્રવ્યબંધ તરીકે કહેવામાં આવે છે, કે જે અજીવની પર્યાય છે. એ અજીવની પર્યાયને જીવની કઈ પર્યાય ક્યા બંધમાં ખાસ નિમિત્ત છે અને ક્યા બંધમાં ગૌણ સાધારણ નિમિત્ત છે એની વ્યાખ્યા છે. કહો, સમજાણું? જે જીવના ભાવ, જીવ તો વસ્તુ છે. અનાદિઅનંત, અણકરેલી, અણબનેલી, અણનાશક નાશ ન થાય એવી અનાદિઅનંત વસ્તુ. એની ચીજનું ભાન ન મળે. હું તો આનંદ ને જ્ઞાતા-દૃષ્ટા છું. મારામાં મારો આનંદ છે. મારામાં મારી શાંતિ છે. મારામાં મારું બધું જ છે. સમજાણું કાંઈ?

હા, એટલે એ તો કહે છે. આંધળાને કેમ દેખાય? એણે આખ્યું બંધ કરી હોય તો. જેચંદભાઈ! કોણ ઉઘાડે? ભગવાનઆત્મા આમ ચૈતન્યના નેત્રે જણાય એવો આત્મા છે. એ આ (જડ) આંખે જણાય એવો નથી. આ તો માટી છે, ધૂળ છે આ તો ધૂળ. આ તો બળીને રાખ થાય એવી રાખ છે આ. કહો, સમજાણું? આ આંખે જણાય એવો નથી. તેમ અંદરમાં પુણ્ય ને પાપ, દયા ને દાન, ભક્તિ ને વ્રતના વિકલ્પો ઊઠે છે (એ) રાગ છે. એનાથી આત્મા જણાય નહીં, અનુભવાય નહીં, સમ્યગ્દર્શન થાય નહીં. આહાહા! જગતને સત્ય મળ્યું નથી અને જ્યારે મળ્યા ત્યારે એનો અનાદર કરી નાખ્યો છે.

એ નહીં, એ નહીં, એ નિશ્ચય! એ તો ઊંચુ એ તો નિશ્ચય! એ ઊંચુ એમ કહીને અનંતકાળ એણે મિથ્યાત્વની સેવામાં ગાળ્યો. પણ આત્મસેવા આત્મસેવા કેમ થાય તેની એણે ખબરું કરી નહીં. સમજાણું કાંઈ? **જીવના તે જ પરિણામમાં,** જીવ કીધો આ. એ કીધો એવો છે એ. એના ભાન વિના એની દશામાં, એના પરિણામ એટલે અવસ્થામાં એની વર્તમાન હાલતમાં. વર્તતો મોહ મિથ્યાત્વભાવ

અહીં તો નવા કર્મને મુદ્દત પડે અને રસ પડે તેમાં આ નિમિત્ત છે અને તે જ મુખ્ય બંધનું કારણ છે અને એ જ દોષનું મૂળ કારણ છે એમ બેય બતાવવું છે. કહો, સમજાણું કાંઈ?

મોહ અને રાગદ્વેષભાવ, મોહ એ મિથ્યાત્વભાવ છે અને રાગ-દ્વેષ એ ચારિત્રના દોષનો ભાવ છે. સમ્યગ્દર્શન થવા છતાં જ્ઞાનીને પણ હજી રાગ અને દ્વેષ હોય છે, એ કર્મમાં સ્થિતિ-રસનું નિમિત્ત છે. જ્ઞાનીનો કંપન યોગ છે એ પ્રકૃતિ અને પ્રદેશ તેને આવવાની લાયકાતથી આવે તેમાં એ યોગ નિમિત્ત માત્ર છે. એ યોગ કાંઈ બંધની વિશેષતાનું કારણ નથી. બંધના કારણમાં વિશેષતા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ?

અહીં તો દ્રવ્યબંધ અને ભાવબંધ બેયનું જ્ઞાન કરાવે છે. એમાં પણ દ્રવ્યબંધમાં ખાસ બંધ કોણ અને ગૌણ બંધ કોણ તેનું જ્ઞાન અને તેમાં નિમિત્તમાં ખાસ બંધનું નિમિત્ત કોણ અને ગૌણ બંધનું નિમિત્ત કોણ એનું જ્ઞાન કરાવે છે. ગૌણ શું અને મુખ્ય શું આમાં? ભીખાભાઈ! કહે છે **જીવના તે જ પરિણામમાં,** ભગવાનઆત્મા એવા સિધ્ધભગવાન થયા પરમેશ્વર અરિહંત એ આત્મામાંથી થયા છે. કાંઈ બહારથી થયા નથી. એ બહારથી કોઈ દશા આવે એવી નથી. કહો, સમજાણું કાંઈ? એ દશા આત્મામાંથી આવે છે. આત્મામાં એ અરિહંત દશા, સિધ્ધ દશા એ આનંદ દશા એ બધી આત્મામાં અંદર પડી છે. એનું આખું સ્વરૂપ એ આત્મા આનંદકંદ ને પૂર્ણાનંદ છે. એવા આત્માને સ્વસ્વભાવ સન્મુખ થઈ શ્રધ્ધા અને જ્ઞાન ને રમણતા કર્યા વિના એટલે કે દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રગટ કર્યા વિના એણે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રને સેવ્યા છે. એ જ ખરેખર દુઃખદાયક છે. અને એ જ ખરેખર બંધમાં નિમિત્તકારણ ખરું તેનું છે. સમજાણું કાંઈ?

**તે જ પરિણામમાં વર્તતો મોહરાગદ્વેષભાવ કર્મના સ્થિતિ-અનુભાગનું 'બંધ'નું નિમિત્ત થાય છે.** કર્મ જડ એમાં મુદ્દત પડે કર્મમાં. કેટલો કાળ કર્મનું રહેવું અને એમાં રસ પડે, ફળ દેવાની શક્તિ એવો પરમાણુમાં થતો ભાવ, પરમાણુમાં કર્મના બંધમાં થતો વિશેષ ભાવ એમાં નિમિત્તપણું મોહ અને રાગદ્વેષનું બાહ્ય નિમિત્તપણું એ છે. સમજાય છે કાંઈ? જોગનું નિમિત્તપણું પ્રકૃતિ અને પ્રદેશને... પ્રકૃતિ આવે તો કર્મનો સ્વભાવ થાય પણ કર્મના પ્રદેશ થતાં તેનો અનુભાગ છે એ ખાસ વિશેષ દુઃખદાયકમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ?

તેથી કહે છે, આ તો હજી સાતપદાર્થ, સાતતત્ત્વની વ્યાખ્યા ચાલે છે. સાતતત્ત્વનું જેવું સ્વરૂપ છે એવું જાણે અને જાણીને સ્વભાવ સન્મુખ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. ત્યારે તેને ધર્મની પહેલી દશા પ્રગટે. એ વિના તેને ધર્મ ત્રણકાળ, ત્રણલોકમાં હોય શકે નહીં. કહો, સમજાણું કાંઈ આમાં? **માટે મોહરાગદ્વેષભાવને બંધનું અંતરંગ કારણ,** જુઓ ભાષા! છે તો ભગવાનઆત્માના જ બેય ભાવ. આત્માના પ્રદેશનું કંપન એ પણ આત્માની જ એક પર્યાય છે. અને વિકારી મોહ અને રાગદ્વેષ એ પણ

આત્માની જ પર્યાય છે. પણ એ આત્માના પરિણામ હોવા છતાં, સમજાણું કાંઈ?

**મોહરાગદ્વેષભાવને બંધનું અંતરંગ કારણ,** ભગવાને કહ્યું. અંતરંગ કારણ એટલે છે તો એ બહિરંગ કારણ. નવા બંધમાં મોહરાગદ્વેષભાવ, છે તો બાહ્ય પણ મુખ્યપણું બતાવવા તેને અંતરંગ કારણ કહ્યું. ઝીણું છે આજ. કોઈ દિ' તેણે સાતતત્ત્વની શું પિછાણ કહેવાય ને સાતમાં દ્રવ્ય કોને કહેવાય ને પર્યાય કોને કહેવાય એ ભાન ન મળે. એલા સાતતત્ત્વમાં દ્રવ્ય કોને કહેવું ને પર્યાય (કોને કહેવી) દ્રવ્ય આ પૈસો અને પર્યાય એટલે આ પ્રજા એમ હશે?

સાતતત્ત્વ છે ભગવાને કહેલાં, તેનું જ્ઞાન જ્યાં નથી તેને સમ્યગ્દર્શન હોય શકે જ નહીં. સમ્યગ્દર્શન વિના કોઈ જાતનો ધર્મ તેને હોય નહીં. સાતતત્ત્વમાં અહીંયાં તો અત્યારે બંધતત્ત્વની વ્યાખ્યા અને તે બંધતત્ત્વના બે પ્રકાર. એક જડની પર્યાયનો બંધ અને એક આત્માની વિકારી પર્યાયનો ભાવબંધ. ભાવબંધ જીવની પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ ભાવબંધ છે અને જડબંધની પર્યાયમાં સ્થિતિ, અનુભાગ, પ્રકૃતિ, પ્રદેશ એ ચાર જડના છે. એમાં પ્રકૃતિ, પ્રદેશની મુખ્યતા નથી. સ્થિતિ ને અનુભાગની મુખ્યતા બંધમાં છે. એમાં બંધના કારણમાં આત્માનો મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ અંતરંગ કારણ એટલે મુખ્ય કારણ છે માટે અંતરંગ કારણ કહ્યું છે. સમજાણું કાંઈ?

**અને યોગને-કે જે 'ગ્રહણ'નું નિમિત્ત છે,** અને પરમાણુ રજકણ જડના પ્રકૃતિ અને પ્રદેશરૂપ થવાની લાયકાતથી આવે. એમાં આત્માના પ્રદેશનું કંપન જે આત્માની પર્યાયમાં થાય છે એ ફક્ત ગ્રહણનું નિમિત્ત કહેવામાં આવ્યું છે. તેથી **તેને બંધનું બહિરંગ કારણ (બાહ્ય નિમિત્ત) કહ્યું છે.** છે તો બેય બાહ્ય નિમિત્ત. એકને મુખ્યપણાનું જોર દેવા એને અંતરંગ કારણ કહ્યું. એક સાધારણ કંપન છે એ પ્રકૃતિ, પ્રદેશમાં નિમિત્ત છે તેથી તેને બહિરંગ કારણ કહીને તેની તુચ્છતા વર્ણવી. કહો, સમજાય છે કાંઈ આમાં? કાનજીભાઈ! સમજાય છે ને? એની જ મહત્તા છે ઊંઘાઈની, એમ કહે છે. પ્રદેશનું કંપન છે અંદર. આ શરીર નહીં હોં! આ તો માટી છે, આ તો અજીવ તત્ત્વ છે.

અંદર આત્માના અસંખ્ય પ્રદેશ છે. એ કંપે છે તેને જોગ કહેવાય છે. ભગવાન તેને જોગ કહે છે. એ કંપનને જોગ એ નવા કર્મમાં પ્રકૃતિ, પ્રદેશમાં નિમિત્ત. પ્રકૃતિ, પ્રદેશ સાધારણ વાત છે. એમાં કોઈ સ્થિતિ, અનુભાગ વિના દુઃખમાં નિમિત્ત થવાનું કારણ નથી. તેથી તેનું નિમિત્ત જોગ પણ સાધારણ બહિરંગ કારણ કહેવામાં આવ્યું. પણ તેની સાથે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ ખરેખર દુઃખદાયક જીવનું ભાવબંધ સ્વરૂપ, જીવની વિકારી પર્યાય એ ભાવબંધ. એ નવા પ્રકૃતિ, પ્રદેશમાં પડતી સ્થિતિ અને રસ તેમાં તે અંતરંગ કારણ, મુખ્ય કારણ ગણીને અંતરંગ કારણ કહેવામાં આવ્યું. કહો, સમજાણું કાંઈ? થઈ ગયો, ઘણો વખત થઈ ગયો. જુઓ! આમાં અડધો કલાક તો થયો! હવે આમાં યાદ રહે કે નહીં? પાંચ મિનિટમાં કોઈક બોલી શકે કે નહીં? કાંઈ નહીં ભાઈ! રાખો એમ ને એમ.

૧૪૯(ગાથા.)

આમાં શું કહ્યું કે, આ આત્મા છે એનું કાયમી રહેવાપણું અને કાયમી તેનો સ્વભાવ. આત્મા વસ્તુ છે એ કાયમ રહેનારો અને તેનું જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ ધ્રુવ કાયમ રહેનારા. એવા કાયમી ચીજના શ્રધ્ધા, જ્ઞાન વિના તેને અકૃત્રિમ આ બહારના સંયોગી નિમિત્તો તેની અનુકૂળતા, પ્રતિકુળતામાં મને ઠીક-અઠીકની માન્યતા અને કાં ઠીક-અઠીકનો રાગ-દ્વેષ એવા જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ભાવ તે ખરા ભાવબંધરૂપ છે. અને નવા બંધમાં સ્થિતિ અને રસ પડવામાં ખરું અંતરંગ કારણ, મુખ્ય કારણ તેને ગણવામાં આવ્યું છે.

એ પરિણામના કાળમાં જીવનું કંપન વર્તે તે કંપન બંધમાં નિમિત્ત છે. એ બંધરૂપ તો છે. પણ કંપન છે સાધારણ, એ કાંઈ આત્માને દુઃખદાયક નથી તેથી એ કંપનને સાધારણ પ્રકૃતિ ને પ્રદેશમાં ગ્રહણવાનું નિમિત્ત કહીને એ બંધનું ગૌણપણું કહેવા તેની અધિકતા ન બતાવવા તેમાં અધિકતા નથી માટે પ્રદેશનું કંપન એ પ્રકૃતિ, પ્રદેશને નિમિત્ત થાય. પ્રકૃતિ, પ્રદેશ જડની પર્યાય. આ કંપન આ. પણ ખરેખર આત્મામાં સ્વભાવને ભૂલીને થતો મિથ્યાત્વભાવ અને ભૂલીને અસ્થિરતા થતો ભાવ, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ બેય બંધના કારણ નવા કર્મ, સ્થિતિ પડે તેમાં તેને અંતરંગ કારણ ગણવામાં આવ્યું છે. કહો, ધરમચંદજી! ડોકટરની વાત કેટલી યાદ રહે? એવી આ વાત યાદ રહે કે નહીં? અત્યારે કાંઈ પુછાય? આ ઉતરે છે તે. હવે ૧૪૯ ગાથા. કુંદકુંદઆચાર્ય મહારાજ! બે હજાર વર્ષ પહેલાં દિગંબર સંત મુનિ થયા. આ ગાથા એમની કરેલી છે. અને તેનો અર્થ-ટીકા કરી છે ૯૦૦ વર્ષ પહેલાં અમૃતચંદ્રઆચાર્ય મહાસંત દિગંબર મુનિએ. જંગલમાં રહેતા હતા. એમની આ સંસ્કૃત ટીકા છે. એની ગાથા-૧૪૯ છે.

---

## ગાથા-૧૪૯

**हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं ।**
**तेसिं पि य रागादि तेसिमभावे ण बज्झंति ।। १४९ ।।**

**हेतुश्चतुर्विकल्पोऽष्टविकल्पस्य कारणं भणितम् ।**
**तेषामपि च रागादयस्तेषामभावे न बध्यन्ते ।। १४९ ।।**

**मिथ्यात्वादिद्रव्यपर्यायाणामपि बहिरणङ्गकारणद्योतनमेतत् ।**

**तन्त्रान्तरे किलाष्टविकल्पकर्मकारणत्वेन बन्धहेतुर्द्रव्यहेतुरूपश्चतुर्विकल्पः प्रोक्तः मिथ्यात्वासंयमकषाययोगा इति । तेषामपि जीवभावभूता रागादयो बन्धहेतुत्वस्य हेतवः, यतो रागादिभावानामभावे द्रव्यमिथ्यात्वासंयमकषाययोगसद्भावेऽपि जीवा न बध्यन्ते । ततो**

रागादीनामन्तरङ्गत्वान्निश्चयेन बन्धहेतुत्वमवसेयमिति ।। १४९ ।।

–इति बन्धपदार्थव्याख्यानं समाप्तम् ।

હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ રહ્યા,
તેનાંય છે રાગાદિ, જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૪૯.

**અન્વયાર્થ :- (चर्तुविकल्प: हेतु:)** (દ્રવ્યમિથ્યાત્વાદિ) ચાર પ્રકારના હેતુઓ **(अष्टविकल्पस्य कारणम्)** આઠ પ્રકારના કર્મોના કારણ **(भणितम्)** કહેવામાં આવ્યા છે; **(तेषाम् अपि च)** તેમને પણ **(रागादय:)** (જીવના) રાગાદિભાવો કારણ છે; **(तेषाम् अभावे)** રાગાદિભાવોના અભાવમાં **(न बध्यन्ते)** જીવો બંધાતા નથી.

ટીકા :- આ, મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (-દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્‌ગલપર્યાયોને) પણ (બંધના) બહિરંગ-કારણપણાનું *પ્રકાશન છે.

ગ્રંથાન્તરમાં (અન્ય શાસ્ત્રમાં) મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારનાં કર્મોના કારણ તરીકે બંધહેતુ કહ્યા છે. તેમને પણ બંધહેતુપણાના હેતુઓ જીવભાવભૂત રાગાદિક છે; કારણ કે *રાગાદિભાવોનો અભાવ હોતાં દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્ય-અસંયમ, દ્રવ્યકષાય અને દ્રવ્યયોગના સદ્‌ભાવમાં પણ જીવો બંધાતા નથી. તેથી રાગાદિભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે *નિશ્ચયથી બંધહેતુપણું છે એમ નક્કી કરવું. ૧૪૯.

આ રીતે બંધપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

*૧. પ્રકાશન = પ્રસિધ્ધ કરવું તે; સમજાવવું તે; દર્શાવવું તે.*

*૨. જીવગત રાગાદિરૂપ ભાવપ્રત્યયોનો અભાવ હોતાં દ્રવ્યપ્રત્યયોના વિદ્યમાનપણામાં પણ જીવો બંધાતા નથી. જો જીવગત રાગાદિભાવોના અભાવમાં પણ દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થાય તો સર્વદા બંધ જ રહે (-મોક્ષનો અવકાશ જ ન રહે), કારણ કે સંસારીઓને સદાય કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે.*

*૩. ઉદયગત મિથ્યાત્વાદિ પ્રત્યયોની માફક રાગાદિભાવો નવા કર્મબંધમાં માત્ર બહિરંગ નિમિત્ત નથી પણ તેઓ તો નવા કર્મબંધમાં 'અંતરંગ નિમિત્ત' છે તેથી તેમને 'નિશ્ચયથી બંધહેતુ' કહ્યા છે.*

## ગાથા ૧૪૯ ઉપર પ્રવચન

**हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं ।**
**तेसिं पि य रागादि तेसिमभावे ण बज्झंति ।। १४९ ।।**

**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ રહ્યા,**
**તેનાંય છે રાગાદિ, જ્યાં રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૪૯.**

એની ટીકા :- **આ,** આમાં શું કહેવાય છે. શું કહે છે કે **મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (પ્રત્યયોને)** એટલે કે કર્મના જડપણામાં જે દર્શનમોહના પરમાણુ પડયા છે, ચારિત્રમોહના પરમાણુ પડયા છે. એ કંપન થવામાં પણ જે શરીરાદિના પરમાણુની પ્રકૃતિ પડી છે, એ **દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્ગલપર્યાયોને પણ (બંધના) બહિરંગ-કારણપણાનું પ્રકાશન છે.** સમજાણું કાંઈ? મિથ્યાત્વાદિ દ્રવ્યપ્રત્યયો એટલે જડ એ નવા બંધમાં બહિરંગકારણ છે. કોણ? ઓલા જડ જડ. દર્શનમોહની પ્રકૃતિ છે, ચારિત્રમોહની પ્રકૃતિ છે, આઠ કર્મ છે. એ આઠ કર્મનો ઉદય નવા કર્મબંધનમાં જેમ ત્યાં જોગને બાહ્યકારણ કહ્યું હતું, સમજાય છે કાંઈ? એમ આ એક પણ બાહ્યકારણ છે.

જૂના જડકર્મનો ઉદય નવા બંધનને બાહ્યકારણ છે. અંતરંગ કારણ અજ્ઞાનીના મિથ્યાત્વ રાગ-દ્વેષના ભાવ. અજ્ઞાની આત્માને ભૂલીને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ કરે તો તે બંધમાં ઓલા બાહ્યકારણ થાય આ અંતરંગકારણ કરે તો. આ અંતરંગકારણ ન કરે તો જે જડનો ઉદય છે એ કાંઈ બંધના કારણ થતાં નથી. જુઓ! અહીંયાં જડકર્મનો ઉદય આત્માને વિકાર કરાવે એ વાત જૂઠ્ઠી ઠરાવે છે. કર્મ બર્મ આત્માને વિકાર કરાવે કે કર્મનો ઉદય આવે તો આત્માને દોષ થાય એ ભગવાનના ન્યાયમાં શાસ્ત્રમાં નથી. સમજાણું કાંઈ?

**મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને (પ્રત્યયોને)** દ્રવ્યપ્રત્યયો, સમજાણું? એ જડ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ જે જડ પ્રકૃતિ-પ્રકૃતિ. માટી આઠ કર્મ, એને નવા આઠ કર્મના બંધમાં બહિરંગકારણપણાનું પ્રકાશન છે. બાહ્યકારણ છે. એ અજ્ઞાની રાગ-દ્વેષ ને મિથ્યાત્વ કરે તો બાહ્યકારણ થાય. રાગ-દ્વેષ અજ્ઞાન ન કરે તો બાહ્યકારણ પણ થાય નહીં. એનું કાંઈ જોર નથી. જોર અજ્ઞાનીનું છે. સમજાણું કાંઈ?

કહે છે ને ભાઈ! કે કર્મનો ઉદય આવે એટલે આત્માને... દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વ કરવું પડે. એ અહીં ખોટી વાત કહે છે. જૂઠ્ઠી. તને જડ ને ચૈતન્યનું ભાન નથી. એ જડનો પર્યાય પાકમાં આવે તો ચૈતન્યને મિથ્યાત્વની વિકારી પર્યાય કરવી પડે એમ છે જ નહીં. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું ધણી નથી. એ સ્વતંત્ર છે. એમ અંદર ચારિત્રમોહનો કર્મનો ઉદય આવે (તો) અમને વેદ-વાસના ક્રોધ, માન, માયા,

લોભ કર્મને કારણે કરવા પડે. (એ) તદ્દન જૂઠી વાત છે. તદ્દન પાખંડીએ માનેલી વાત છે. એમ છે નહીં. કહો, સમજાણું કાંઈ?

**પ્રકાશન = પ્રસિધ્ધ કરવું તે; સમજાવવું તે; દર્શાવવું તે.** પ્રકાશન કહ્યું છે. ઓલામાં એમ હતું. કે નવા જે બંધ પડે તેમાં જોગનું બાહ્યકારણ નિમિત્ત હતું. કારણ કે તેની કાંઈ વિશેષતા નહીં. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ એના છે તો બાહ્યનિમિત્ત પણ એ નિમિત્ત નવા બંધનું અંતરંગકારણ. અહીં જૂના કર્મ છે અત્યારે એની આ વાત છે. એ નવા બંધને કઈ રીતે બંધનું બાહ્યકારણ થાય? સમજાણું કાંઈ?

૧૪૮માં તો નવા બંધ થાય. તેમાં અજ્ઞાનીના પરિણામ ક્યા મુખ્યનિમિત્ત છે કે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ. કંપન એ કાંઈ તેનું કારણ નથી. એ તો ફક્ત પ્રકૃતિ-પ્રદેશ આવે તેમાં નિમિત્ત છે એટલી સાધારણ વાત કરી નાખી. ત્યારે હવે? પુરાણા જૂના કર્મ છે એ નવાનું બંધન થાય ને? તો કહે એ બાહ્યકારણ છે. કોને? કે જે અંદર આત્માને ભૂલીને મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ કરે તેને નવા બંધનમાં ખરૂં કારણ અજ્ઞાનીના ભાવ છે તેને જૂના કર્મ નિમિત્ત તરીકે કહેવાય.

બાહ્યકારણ, આત્મા વિકાર ન કરે અને આત્માના સ્વભાવ સામું જોઈને આત્માનું શ્રદ્ધાજ્ઞાનચારિત્ર કરે તો કર્મના ઉદય હોય તે તેની મેળે ખરી જાય. બાહ્યકારણ પણ નવાને બંધમાં થાય નહીં. સમજાણું કાંઈ? પોકાર કરે છે ને લોકો જૈનમાં કે ભઈ આપણે તો કર્મ છે. બીજાને ઈશ્વર હેરાન કરે, આને કર્મ હેરાન કરે. આ તો એથી વધારે મૂઢ થયો. કારણ કે બીજાનો ઈશ્વર ચૈતન્ય એ એને હેરાન કરે. આનો ઈશ્વર કર્મ. કર્મે મારી નાખ્યા, કર્મે હેરાન કર્યા, કર્મનો પાક આવે તો દુઃખી થઈ જઈએ. આનો ઈશ્વર કર્મ જડ માટી. અનંતા ઈશ્વર જડ.

અહીં ભગવાન કહે છે કે એલા તું મૂઢ થઈ ગયો? કર્મ તને વિકાર કરાવે અને કર્મ તારો ઈશ્વર કોણે તને કહ્યું? સમજાણું કાંઈ? ઓહોહો! તારા સ્વરૂપને જાતે ભૂલી અને તું વિકાર કર ત્યારે પૂર્વના કર્મને નિમિત્ત કહેવાય ત્યારે નવા બંધને નિમિત્ત કારણ કહેવાય અને તારો ભાવ એ મુખ્ય કારણ બંધમાં કહેવાય. સમજાણું કાંઈ? કર્મે આને અજ્ઞાનમાં ભૂલાવ્યો છે કે નહીં?

મુમુક્ષુ :-.........

ઉત્તર :- પણ આ શું કહે છે? આ શેની ચાલે છે? તેં માંડી છે ઊંધાઈ તારામાં. કોઈ કર્મ બર્મ નડતું નથી. એમ કહે છે. મોહનભાઈ! આહાહા! આ તો પોકાર કરે છે ને જયાં ને ત્યાં, અરે ભાઈ! ઢાંકયા કર્મ એવા ઉદયમાં આવે! એ ઢાંકયા કર્મની ખબર પડે નહીં ભાઈ! એવી વાતું બાયડીયું કરે નવરી હોય તે મફતની! અને આદમી પણ બાયડીયું જેવા હોય ને ભાન વિનાના, એ પણ એવી વાતું કર્યા કરે. એ કર્મ બાપા આકરા હોય ને બાંધેલાં હોય ને, નિધ્ધત ને નિકાચિત હોય ને તે આપણે ભોગવવા પડે.

ભગવાન કહે છે કોણે તને આવું કહ્યું? મૂરખ! આવી વાત લાવ્યો ક્યાંથી? કોઇક પાસે તે સાંભળી હશે, મૂર્ખાઓ પાસે. મૂરખ પાસેથી તે સાંભળી છે. વસ્તુનું સ્વરૂપ એમ નથી. અમે કહ્યું નથી અને એમ છે નહીં.

અહીં આચાર્ય મહારાજ! કુંદકુંદઆચાર્ય મહારાજ! જેમણે ૧૪૯ ગાથા કરી તેની ટીકા અમૃતચંદ્રાચાર્ય કરે છે કે ભાઇ! એ નવા કર્મ બંધનમાં તારો અજ્ઞાનભાવ અને રાગ-દ્વેષભાવ કર તો તે નિમિત્ત થાય. તો જૂના કર્મને નિમિત્ત તરીકે કહેવાય. પણ જડ કર્મનો ઉદય આવ્યો એટલે મારે વિકાર કરવો જ પડે એમ ભગવાને કહ્યું નથી. તારી માન્યતામાં મિથ્યાશ્રદ્ધામાં ગોટા ઉઠયા છે. મિથ્યાશ્રદ્ધા તારી છે અને એમ માને છો અને તું કહે છે કે અમે સાચું માનીએ છીએ. કહો, સમજાય છે કાંઇ?

**ગ્રંથાન્તરમાં (અન્ય શાસ્ત્રમાં) મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારનાં કર્મોના કારણ તરીકે બંધહેતુ કહ્યા છે.** ગોમ્મટસાર આદિમાં. મિથ્યાત્વ, એ મિથ્યાત્વ કોણ? જડ હો! દર્શનમોહ. અંદર એક જડ પ્રકૃતિ દર્શનમોહ છે. મોહનીયકર્મના બે ભાગ. એક દર્શનમોહ અને એક ચારિત્રમોહ. અહીં અત્યારે જડની વાત ચાલે છે. સાંભળો. એ મિથ્યા દર્શનમોહ, અસંયમ ચારિત્રમોહ, કષાય ચારિત્રમોહ, યોગ કંપન નામકર્મ....

**એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારના કર્મોનાં કારણ તરીકે બંધહેતુ કહ્યા છે.** જુઓ! આ ગોમ્મટસારમાં આમ કહ્યું છે તેનો ખુલાસો અમે અહીં કરીએ છીએ. એમ કહે છે. ત્યાં કહ્યા છે કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ. કષાયમાત્રમાં જ આવી ગયું. એ ચાર પ્રકારના જડકર્મો આઠ નવા કર્મોના બંધના કારણો કહ્યા છે **તેમને પણ બંધહેતુપણાના હેતુઓ,** એ જૂના કર્મ જે નવાને બંધ થાય તેનો હેતુ તેનો હેતુ, **જીવભાવભૂત રાગાદિક છે,** એ આત્મા મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ કરે ત્યારે નવા કર્મનો બંધનમાં જૂના કર્મને બાહ્યકારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ?

જુઓ! અહીં તો દર્શનમોહનો ઉદય હોય તો આત્માને મિથ્યાત્વ કરાવે, એ અહીં ના પાડે છે. ચારિત્રમોહનો ઉદય હોય તો આત્માને ભઇ! ચારિત્રમોહ એવું કર્મ આડું આવે! કે રાગ-દ્વેષ અંદરથી માથું ફરી જાય છે. રાગ-દ્વેષ કોઇ કર્મનો ઉદય આવે તો થાય. મૂઢ છો. એવું કોણે તને કહ્યું? એવી ઊંધી માન્યતા ક્યાંથી લાવ્યો? જડકર્મ તને વિકાર કરાવે, પરદ્રવ્ય તને વિકાર કરાવે, તારાથી નિરાળું તત્ત્વ એ તને દોષ કરાવે એવું ભગવાન કહે છે અમે ભાળ્યું (જોયું) નથી, એવું કહ્યું નથી, શાસ્ત્રમાં એમ કથન આવ્યા નથી. સમજાણું કાંઇ?

કહો, આ ગોમ્મટસારમાં બધું આવે છે કે નહીં? એક જણો કહેતો હતો કે ગોમ્મટસારમાં લખ્યું છે કે ચારિત્રમોહનો ઉદય હોય તો ક્રોધ થાય. લ્યો! એક પંડિતે એક છોકરાને મારી થપાટ. એવી મારી

કે! અરે! ભાઈ પંડિત તમે આ છોકરાને શું કરો છો? તમને ખબર નથી, જ્ઞાન નથી. શું જ્ઞાન નથી. ગોમ્મટસારમાં લખ્યું છે કે ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ થાય. બહુ સારું કર્યું બાપા! શીખ્યો ઠીક તું આ. આ આંધળું સારું શીખ્યો તું! માથામાં મારી તો ક્રોધ કરી... પણ એલા તું શું કરે છે? તમને ખબર નથી. ઓલો પંડિત હતો. તમે કાંઈ ભણ્યા છો? કર્મકાંડ, કર્મ ગ્રંથ શીખ્યા ને કર્મમાં, એમ લખ્યું છે. ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ થાય. સાળા! મુરખ! એવું કોણે કહ્યું છે? કયાં કહ્યું છે? એવું હોય શકે નહીં. તેં ક્રોધ કર્યો ત્યારે ચારિત્રમોહના ઉદયને બંધનું બાહ્યનિમિત્ત કહેવામાં આવ્યું. માળા! જડકર્મ તને દોષ કરાવે? સમજાણું કાંઈ? કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ. સ્તુતિમાં આવે છે. આવે છે કે નહીં? કર્મ બિચારે કોણ? એ તો જડ છે માટી. ધૂળ છે આઠ કર્મ. જેવી આ ધૂળ છે એવી ઝીણી ધૂળ છે કર્મ. એને તો ખબર પણ નથી કે મારે માથે કોણ આરોપ નાખે છે?

'કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘન ઘાત લોહકી સંગતિ પાઈ.' અગ્નિ લોહનો સંગ કરે તો ઘન ઘાત પડે છે. એમ આત્મા વિકારના ભાવકર્મનો સંગ કરે તો તેને દુઃખદાયક છે. કર્મ તેને દુઃખ કરાવે અને સંગ (કરવાનું કહેતો નથી.) કર મારો સંગ! હું ઉદય આવ્યો માટે મારો સંગ કર એમ (કર્મ) કહે છે? એ તો જડ છે. કહો, જેચંદભાઈ!

મુમુક્ષુ :- પ્રભુ આપ ..... જ ખવડાવો છો..........

ઉત્તર :- હં....છે એમ. ગુલાંટ ખા. એમ કહે છે. ઊંધી માન્યતા છોડી દે. એમ કહે છે. જેચંદભાઈ! ઊંધી માન્યતા છોડી દે. આવી પ્રતિકુળતા આવી ને આ શરીરમાં રોગ આવ્યા ને હવે થઈ ગયા આવા ને થેથડા ને પેથડા ને માટે દુઃખી. છોડી દે. એ માન્યતા તારી ભ્રમણા છે. બહારને કારણે તને દુઃખ છે નહીં. એમ કહે છે જચંદભાઈ! પાગલ ભૂલી જાય છે. એક રાત જયાં જાય ને ઉંઘ ન આવે ત્યાં એ ભૂલી જાય. વળી સવારમાં આવે ખોંખારો કરતાં. કહો, સમજાણું આમાં?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું, એમ જાણ્યું, એમ કહ્યું, એમ છે. કે જડકર્મનો પાક આવે એટલે જીવને વિકાર કરવો પડે એમ ભગવાન ના પાડે છે. અજ્ઞાની કહે કે ના ના એ ભલે કહેતાં ભગવાન. પણ શાસ્ત્રમાં લખ્યું છે ને બીજા ગ્રંથમાં. બીજા ગ્રંથાંતરમાં લખ્યું છે ને? અહીં ભલે ના પાડે પણ ત્યાં લખ્યું છે પણ તેનો અહીં ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

ગોમ્મટસારમાં કર્મકાંડમાં એમ આવે કે જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાણું. જ્ઞાનાવરણીએ જ્ઞાનને આવર્યું. મૂઢ છો! એમ તેનો અર્થ નથી તને નથી અવડતો. ત્યારે? તું તારા જ્ઞાનને ઉલટુ ઊંધુ કર ત્યારે જ્ઞાનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે. એણે તને જ્ઞાનને રોકયું છે એમ અમે કયાંય શાસ્ત્રમાં કહ્યું નથી. ભાન ન મળે-ભાન ન મળે! કહો, સમજાણું? જ્ઞાનમાં ઓછા વધતાંપણું થાય એ તો કાંઈ કર્મને કારણે થાતું હશે કે નહીં? જ્ઞાનાવરણીય ને અહીં આઠેય કર્મ લીધાં છે કે નહીં? જ્ઞાનાવરણીયનો કાંઈ

ઉદય તીવ્ર હોય તો જ્ઞાન ઓછું હોય, મંદ હોય તો કાંઈક જ્ઞાન ઉઘડે. કોણે કહ્યું તને? કર્મને લઈને થાય એવું તને કહ્યું કોણે?

નવતત્ત્વમાં અથવા સાતતત્ત્વમાં જીવતત્ત્વ અને અજીવતત્ત્વ બન્ને જુદાં છે. એ અજીવતત્ત્વની પર્યાયને લઈને તારી પર્યાય થાય એ તો બેય તત્ત્વ એક થઈ ગયા. બે તત્ત્વ જુદાં રહ્યા નહીં. કર્મનો ઉદય એ જડતત્ત્વ છે. અને તારો વિકાર કરવો એ ચૈતન્યનો વિકાર એ આસ્રવ, બંધભાવ છે. એ બીજા તત્ત્વથી બીજામાં થાય એમ ભગવાને કોઈ શાસ્ત્રમાં કહ્યું નથી. અને જે શાસ્ત્રમાં કહ્યું નિમિત્તપણે આઠ કર્મના ઉદયથી બાહ્યબંધ પડે. તેનો ખુલાસો કરીએ છીએ અને તેનો ખુલાસો આ છે. એ કર્મના નિમિત્તમાં નવા બંધનમાં જૂના કર્મ નિમિત્ત થાય **તેમાં પણ બંધહેતુપણાના હેતુઓ,** એ નિમિત્ત જે નવાને થાય તેનો હેતુ અજ્ઞાનીનો ભાવ. **જીવભાવભૂત રાગાદિક છે,** રાગ-દ્વેષ, મિથ્યાત્વભાવ છે. જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જીવ કરે તો નવા કર્મને જૂના કર્મ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. ન કરે તો જૂના કર્મ ખરી જાય. નવા બંધાય નહીં. તારા અધિકારની વાત છે. આ તો જૈનમાં તો કેટલાક તો માળા એવું જ માની ને બેઠા છે કે આપણને કર્મ હેરાન કરે. આપણને કર્મ હેરાન કરે. આપણે કર્મના ખીલૌના, રમકડા. કર્મના રમકડા. ઓલો જાદુગર દોરી જેમ હલાવે તેમ પુતળીયું હાલે. એમ આપણને કર્મ જેમ હલાવે તેમ હાલવું. મૂઢ છો. મિથ્યાદષ્ટિ તને આવું કોણે મનાવ્યું, આવું તને કોણે કહ્યું?

મુમુક્ષુ :- હજી સંપ્રદાયમાં તો એવું જ છે..

ઉત્તર :- એનું કાંઈ આપણે કામ નથી. અહીં તો વસ્તુ શું છે તેની વાત થાય છે. કહો, સમજાણું આમાં? અહીં તો ભગવાનઆત્મા ભગવાન ત્રિલોકનાથ કહે છે કે તને બંધાયેલાં કર્મ જે જડ પડયા છે એમ બીજા ગ્રંથાંતરમાં અનેરા ગ્રંથમાં કહ્યું છે કે જડકર્મનો ઉદય નવા બંધનું આટલું કારણ થાય. એમાં એમ અમારે કહેવું છે કે જૂના કર્મ નવા બંધનું કારણ કયારે થાય, નવા બંધના હેતુ કયારે જૂના થાય કે એનો હેતુ તું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કર તો. સમજાણું કાંઈ?

છે કે નહીં બધા ખુલાસા છે કે નહીં? બહુ .......... જોઈ લીધું. દર્શનમોહનો ઉદય હોય તોપણ મિથ્યાત્વ થાય એમ છે નહીં. ચારિત્રમોહનો ઉદય હોય તો રાગ-દ્વેષ થાય એમ છે નહીં. જુઓ! **તેમને પણ,** એટલે કે નવા કર્મમાં જૂના કર્મ હેતુ થાય-નિમિત્ત થાય તેને પણ **બંધ હેતુપણાના હેતુઓ,** નવા બંધના હેતુના હેતુઓ, **જીવભાવભૂત,** રાગ-દ્વેષ, કામ-ક્રોધ મિથ્યાત્વભાવ. **કારણકે રાગાદિભાવોના અભાવ હોતાં,** જુઓ! કેમકે આત્મા જ પોતે પોતાના શુધ્ધસ્વભાવની દષ્ટિ પુરુષાર્થથી કરી અને શુધ્ધસ્વભાવમાં રમણતાના ભાવ કર્યા તો આત્મામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવનો ભાવ નથી.

એવા **રાગાદિ ભાવોનો અભાવ હોતાં દ્રવ્યમિથ્યાત્વ-જડકર્મનો ઉદય, દ્રવ્ય-અસંયમ-ચારિત્રનો ઉદય, દ્રવ્યકષાય અને દ્રવ્યયોગના સદભાવમાં પણ જીવો બંધાતા નથી.** કહો,

આટલી તો વાત! એ દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્યકષાય, દ્રવ્યયોગ સમજાણું? દ્રવ્ય-અસંયમ, અવ્રત પરિણામ જડના હોં! જડના ચારિત્રમોહના. એવું હોવા છતાં જીવ જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ ન કરે તો તે બંધના કારણમાં નિમિત્ત થતાં નથી.

કર્મનો ગોટાડો તો એટલો ભર્યો છે ને? એના માટે આટલો તો ખુલાસો આચાર્ય મહારાજ જગત સમક્ષ પ્રસિધ્ધ કરે છે. પ્રકાશન થયું હતું ને? પ્રસિધ્ધ કરવું, સમજાવવું, દર્શાવવું. શું કહ્યું? ભાઈ! તેં તારી સંભાળ કરી નથી એથી તારામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ થયો. તેથી જૂના કર્મ નવાને હેતુ તારા ભાવનું તેમાં હેતુપણું થયું તો નવાનો હેતુ જૂનાને કહેવામાં આવે છે. પણ જૂના કર્મના ઉદયકાળમાં તું જો આત્માની દૃષ્ટિ ને ધર્મદૃષ્ટિ આત્મજ્ઞાન ને આત્મસ્વભાવનું ભાન કર તો રાગ અને મિથ્યાત્વના ભાવમાં જૂના કર્મબંધમાં નિમિત્ત પણ થતાં નથી. સમજાણું કાંઈ?

સમાજમાં તત્ત્વજ્ઞાન ઘટી ગયું અને બહારની ક્રિયા-કાંડના થોથાં રહી ગયા. વાસ્તવિક તત્ત્વજ્ઞાન શું છે એના ભાન ગોથાઈ ગયા. છોટાભાઈ! એમ હશે કે નહીં? એમ જ છે ને? એ તો ત્યાં બર્લીનમાં માસ્તર હતા. અમદાવાદ ને ઈડર ને, નહીં? ઈડર ને, છોટુભાઈ! બધે ગપ્પે ગપ્પ ચાલે છે. કહે છે ભગવાન... અહીં આચાર્યએ નામ આપીને તો ખુલાસો કર્યો. એ ગ્રંથાંતર, આ ગ્રંથ સિવાય બીજા ગ્રંથોમાં કહ્યું હોય કે કર્મ જૂના નવા બંધનું કારણ તો એનો અર્થ એમ કરવો કે તું જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ કર તો જૂના કર્મને નવામાં બંધન હેતુમાં હેતુ તું થાય તો બંધનનો હેતુ થાય. તું જો જ્ઞાન-શ્રધ્ધાને આત્માની સાચી ઓળખાણ કર તો જૂના કર્મબંધનું નિમિત્તપણું પણ થાય નહીં. કેમ કે હેતુને હેતુ મળ્યો નહીં.

નવા બંધનો હેતુ જૂના કર્મ તેને હેતુ આવા. રાગ-દ્વેષના ભાવ તેં ન કર્યા તો શું કર્મનો ઉદય આવે છે તો રાગ-દ્વેષ કરવા પડે છે અને એને લઈને કર્મ છે એમ છે નહીં. ત્રણકાળ ત્રણલોકમાં એમ નથી. અજ્ઞાનીઓએ જગતને ભ્રમણામાં નાખી ભૂલાવ્યા. આ તેને સમજાવે છે. સમજાણું કાંઈ? એણે કીધું ને પ્રસિધ્ધ-પ્રકાશન. પ્રકાશનનો ઉદ્યોગ શબ્દ પડયો છે. **बहिरंगकारण उद्योतमेतत्** ભગવાન આચાર્ય ઉદ્યોત કરે છે. ભાઈ! અનાદિથી અજ્ઞાનની તારી મોટી ભૂલ છે. જૂના કર્મ અમારે શાસ્ત્રમાં આવ્યું છે, ગોમ્મટસારમાં પણ આવ્યું છે. જ્ઞાનનું વધવું-ઘટવું જ્ઞાનાવરણીનો ઉદય આવે તેમ થાય. અમારે જ્ઞાન ઓછું કરવાનો ભાવ છે? હા. ઓછું કરવાનો ભાવ નથી. તારા જ્ઞાનની પર્યાય તું ઊંધી કર ને તું કહે કે કર્મને લઈને થઈ. મૂઢ છો. મહા મિથ્યાત્વના નવા પાપને બાંધે છો. એ જ ખરેખર બંધન ને પાપનું કારણ છે. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૪૮, ગાથાઃ-૧૪૯-૧૫૦,
## આસો વદ-૩, શનિવાર, તાઃ-૨૪-૧૦-૬૪

નવપદાર્થનું વર્ણન છે. નવપદાર્થનું વાસ્તવિક જ્ઞાન હોય તો તેને આત્માનું જ્ઞાન અંતર થઈને સમ્યગ્દર્શન થાય. એથી આ નવતત્ત્વો જેમ છે તેમ ભગવાને જાણ્યા, એમ કહ્યા, એમ છે. એ કઈ રીતે છે તેનો અધિકાર ચાલતાં અત્યારે બંધ અધિકાર ચાલે છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા એટલા અધિકાર થઈ ગયા છે. આ બંધ તત્ત્વ કોને કહેવું? તો આત્મા વસ્તુ સ્વભાવ તરીકે તો જ્ઞાન આનંદનું ધામ શુધ્ધ પવિત્ર છે. એ વસ્તુ પોતે નિજસ્વભાવે તો અબંધ છે. સમજાય છે કાંઈ? સ્વરૂપ તેનું સચ્ચિદાનંદ, નિર્મળ અનંત ચેતનગુણનું ધામ એવો આત્મા દષ્ટિનો વિષય કરતાં, એ વસ્તુ અબંધ છે. એ વસ્તુ આત્માના સ્વભાવમાં બંધ નથી. એ સ્વભાવને ભૂલી ચૈતન્ય જયોત જ્ઞાનાનંદ એને ભૂલી ને વર્તમાનમાં પુણ્ય ને પાપના વિકારી ચીકાશના મોહ અને રાગ-દ્વેષભાવ કરે છે. એ ભાવબંધ છે. અને એ નવા દ્રવ્યકર્મના જડનો એ ભાવબંધ નિમિત્ત કારણ છે. સમજાય છે કાંઈ?

દ્રવ્યબંધ અને ભાવબંધ તેની શું વ્યાખ્યા છે? તેની આ વ્યાખ્યા ચાલે છે. કહે છે કે ભગવાનઆત્મા શુધ્ધ ચૈતન્યમૂર્તિ હોવા છતાં અનાદિથી તેનું જયાં ભાન નથી તેને મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એવા ભાવ તેની પર્યાયમાં કરે છે. કર્તા થઈને સ્વતંત્ર વિકાર કરે છે. એ વિકાર નવા દ્રવ્યકર્મને બાહ્યનિમિત્ત છે. છતાં જૂના કર્મ નવા કર્મને જે બાહ્યનિમિત્ત છે તેના કરતાં આની વિશેષતા બતાવવા જૂના આઠ કર્મ નવા બંધનું કારણ એ બાહ્યનિમિત્ત છે. કેમકે આત્મા જો મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવ કરે તો નવા કર્મને બાહ્યનિમિત્ત કારણ થાય. નવા કર્મને જૂના બાહ્યનિમિત્ત થાય. તો ખરેખર દ્રવ્યબંધનું ખરું કારણ જીવનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ છે. રાવજીભાઈ! સમજાય છે?

એ વાત-અહીંયાં ૧૪૮માં એમ વર્ણન આવી ગયું કે બંધ જે થાય છે જડ તેમાં આત્માના પ્રદેશનું કંપન છે એને બાહ્ય નિમિત્ત કહીએ છીએ. એમ કહ્યું, કેમકે પાઠ એમ હતો કે **जोग गहणं** ફકત કર્મના સ્વભાવરૂપી પ્રકૃતિ અને પરમાણુઓ તેનું આવવું થાય તેમાં જોગ નિમિત્ત છે. તેથી જોગ ખરેખર બંધમાં બાહ્યનિમિત્ત ગણવામાં આવ્યું છે. કેમ કે તેનાથી કાંઈ મૂળ કર્મમાં સ્થિતિ અને અનુભાગ રસ જે પડે તેનું એ કારણ જોગ નથી. જોગ તો પરમાણુ આવવાને સ્વભાવ થવામાં નિમિત્ત છે. તેથી જોગનું કંપન પર્યાય તો આત્માની છે. છતાં તેને ગ્રહણના આવવામાં નિમિત્ત ગણીને બાહ્યકારણ તરીકે જોગને કહ્યું છે. અને આવવામાં અંતરંગ કારણ તરીકે નિમિત્ત મોહ, રાગ, દ્વેષ અને મિથ્યાત્વ આદિના ભાવ તેને નવા બંધમાં

અંતરંગ કારણ એટલે મૂળ કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

હવે ત્યાં જે ૧૪૮ ગાથામાં કહ્યું હતું કે નવા કર્મબંધનમાં જૂના કર્મ નિમિત્ત છે, નિમિત્ત જોગ છે અને અંતરંગ કારણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. એમ કહ્યું હતું. અહીં વિશેષ વાત થોડી વધારી. કે જૂના કર્મ પણ નવા કર્મમાં બાહ્યનિમિત્ત છે. જેમ જોગ નિમિત્ત કહ્યું હતું તેમ જૂના કર્મ નવાને બાહ્યનિમિત્ત છે. ક્યારે? કે જીવ જો રાગ ને દ્વેષ ને મિથ્યાત્વભાવ કરે તો. એ વાત હવે વધારે વર્ણવે છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ! ટીકા, ફરીને. ૧૪૯ ગાથાની ટીકા.

આ, મિથ્યાત્વાદિ દ્રવ્યપર્યાયોને, (પ્રત્યયોને) એટલે જૂના જે જડ કર્મ છે, ૧૪૯ની ટીકા હિન્દી હિન્દી-ગુજરાતી. જૂના જે દર્શનમોહ કર્મ છે, ચારિત્રમોહ કર્મ છે કે નામકર્મ છે. એ દ્રવ્યપ્રત્યયો કહેવામાં આવે છે. જડપ્રત્યય કહો કે દ્રવ્યપ્રત્યય કહો કે અજીવપ્રત્યય કહો. **એ દ્રવ્યમિથ્યાત્વાદિ પુદ્ગલપર્યાયોને પણ (બંધના) બહિરંગ-કારણપણાનું પ્રકાશન છે.** શું કહ્યું? ૧૪૮ ગાથામાં એમ કહ્યું હતું. નવા કર્મબંધનમાં જોગનું કંપન આત્માની પર્યાય બાહ્યનિમિત્ત કહ્યું હતું. અને મિથ્યાત્વ અને રાગ- દ્વેષ અંતરંગનિમિત્ત કહ્યું હતું. ૧૪૯. સમજાણું કાંઈ?

એ આ ૧૪૯ ગાથામાં નવા કર્મને જૂના કર્મ બાહ્ય નિમિત્ત છે તેમ સિધ્ધ કરવું છે. જુઓ! મિથ્યાત્વ આદિ દ્રવ્ય, ધીમે ધીમે સમજવા જેવી જરા ઝીણી વાત છે. જડકર્મ જે જૂના છે જડકર્મ. દર્શનમોહ, ચારિત્રમોહ તેને અહીં દ્રવ્યપ્રત્યય કહે છે. દ્રવ્યઆસ્રવ કહો, દ્રવ્યપ્રત્યય કહો એ જડનો ઉદય. એ નવા બંધનને બહિરંગ કારણપણાનું આ ગાથામાં પ્રકાશન છે.

હવે કહે છે, **ગ્રંથાંતરમાં (અન્ય શાસ્ત્રમાં)**, ગોમ્મટસાર આદિમાં, **મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને)**, દર્શનમોહ, ચારિત્રમોહ. ચારિત્રમોહમાં અસંયમ અને કષાય બેય આવી ગયા. અને યોગમાં નામકર્મ ને શરીર આવી ગયા. એ બીજા શાસ્ત્રોમાં એ ચાર પ્રકારના દ્રવ્યપ્રત્યયોને આઠ પ્રકારના કર્મોના કારણ તરીકે બંધહેતુઓ કહ્યા છે. બીજા શાસ્ત્રોમાં ગ્રંથમાં ગોમ્મટસાર, કર્મકાંડમાં જૂના દ્રવ્યપ્રત્યયો, જૂના કર્મ, જડ. એ નવા બંધનું કારણ કહેવામાં આવ્યું છે.

હવે તેમાં ખુલાસો કરે છે. તેમને પણ બંધહેતુપણાના હેતુઓ, એ જૂના જડકર્મ ચાર ઉદયમાં હોવા છતાં નવા કર્મને નિમિત્ત તરીકે બંધહેતુ ક્યારે થાય કે એ હેતુમાં બંધહેતુપણું જીવભાવભૂત રાગાદિક છે. જીવ જો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ કરે તો જૂના કર્મ નવા (કર્મને) બાહ્યનિમિત્ત થાય. જો રાગ-દ્વેષ ને મિથ્યાત્વ ન કરે ને જૂના કર્મ ઉદયમાં હોય તો નવા બંધનું કારણ ન થાય. રાવજીભાઈ! જૂના કર્મ ઉદયમાં આવે એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરવા પડે એમ નહીં. એ ગ્રંથાંતરમાં જે કહ્યું કે ચાર પૂર્વના પ્રત્યયો દર્શનમોહ, ચારિત્રમોહ તેમાં અવ્રત અને કષાય અને યોગ આવી જાય. એ ચાર, આઠ

કર્મના બંધના કારણ જૂના કર્મનો ઉદય નવા બંધને કારણ કહેવામાં આવ્યા.

અહીંયાં હવે કહીએ છીએ કે એ નિમિત્તમાં પણ એ હેતુ જે નવાના હતા તેનો હેતુ જીવ જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે તો તે નવા કર્મને બાહ્યહેતુ કહેવામાં આવે. સમજાય છે કાંઈ? **તેમને પણ,** તેમને એટલે જૂના જડકર્મના ઉદયને પણ **બંધહેતુપણાના,** એ બંધહેતુ કયારે કહેવાય? કે તેના **હેતુઓ જીવભાવભૂત રાગાદિ છે.** જીવ જો આત્માના જ્ઞાતા-દૃષ્ટાને ભૂલી પુણ્ય ને પાપના પરિણામમાં પોતાપણું માનીને ભ્રમણા કરે અને પર આદિની ક્રિયા મારા કારણે થાય એમ મિથ્યાત્વ સેવે તો તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ તે જૂના કર્મને નિમિત્ત થતાં જૂનું કર્મ નવાનું નિમિત્ત થાય છે. રાવજીભાઈ! ઝીણી વાત! ઓલા જૂના કર્મ ઉદય આવે માટે બંધ થાય એમ નહીં. સમજાય છે?

**કારણ કે રાગાદિભાવોનો અભાવ હોતાં,** આત્મા જો રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ન કરે, આત્મા જ મિથ્યાભ્રમણાં અને રાગ-દ્વેષ ન કરે તો દ્રવ્યમિથ્યાત્વ, દર્શનમોહનો દ્રવ્યમિથ્યાત્વ એ બંધનું કારણ થાય નહીં. જડ દ્રવ્યમિથ્યાત્વ. ભાવમિથ્યાત્વ જીવ ન કરે તો દ્રવ્યમિથ્યાત્વથી નવું બંધન ન થાય. ખરેખર દ્રવ્યમિથ્યાત્વ બંધનું કારણ નથી. એ દ્રવ્યમિથ્યાત્વનો ઉદય હોવા છતાં જીવ સમ્યગ્દર્શન અને જ્ઞાનની પર્યાય પ્રાપ્ત કરે તો જૂના કર્મ નવાને નિમિત્ત પણ ન થતાં નિર્જરાનું કારણ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

આ લોકો કહે છે ને કે ભઈ કર્મનો ઉદય આવે એટલે જીવને રાગ-દ્વેષ કરવા પડે. મિથ્યાદૃષ્ટિ છે એ. અથવા કર્મનો ઉદય આવે તો ડીગ્રી ટુ ડીગ્રી વિકાર કરવો પડે. ડીગ્રી ટુ ડીગ્રી થર્મોમીટર આવે છે ને કે, ભાઈ! શરીરમાં જેટલો તાવ આવે એટલો (થર્મોમીટરમાં) તાવ આવે. એમ કર્મનો ઉદય આવે એના પ્રમાણમાં જીવને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરવા પડે. વીતરાગ કહે છે કે તદ્દન તારી માન્યતા ભ્રમ અને અજ્ઞાન છે. રાવજીભાઈ! એમ જ ચાલે છે ને અત્યારે બધું, એમ જ ચાલે છે.

શું કહે છે જુઓ! કે જૂના કર્મ દ્રવ્યમિથ્યાત્વ અને દ્રવ્યચારિત્ર જડ નવાને બાહ્યહેતુ કયારે થાય? કે એ હેતુને જીવનો હેતુ રાગ-દ્વેષ ને મિથ્યાત્વભાવ થાય તો. પણ જીવરાગ-દ્વેષ ને મિથ્યાત્વભાવ ન કરે તો જૂના કર્મ નવાને નિમિત્ત પણ થાય નહીં. સમજાય છે કાંઈ? આ વર્તમાનમાં બહુ જ ગડબડ ચાલે છે. પંડિત નામે અને ત્યાગીઓના નામે. રાવજીભાઈ! રાવજીભાઈને ખબર છે ને? એ તો નિવૃત્તિવાળા માણસ છે. આહાહા! શું કહે છે જુઓ! જૂનાને બંધહેતુપણાના હેતુઓ જીવ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ કરે તો જૂના કર્મ નવાને નિમિત્ત કહેવાય.

કારણ કે રાગાદિભાવોનો અભાવ હોતાં, નીચે ફૂટનોટમાં. **જીવગત રાગાદિરૂપ ભાવપ્રત્યયોનો અભાવ હોતાં,** જીવ પોતે જ આત્મા જ્ઞાનાનંદ શુધ્ધ ચૈતન્ય છે. એવી અંતરદૃષ્ટિ અને સ્વભાવનું ભાન કરતાં, **જીવગત રાગાદિરૂપ ભાવપ્રત્યયોનો અભાવ હોતાં,** એટલે કે સ્વભાવનું ભાન કરતાં, હું

જ્ઞાયક શુધ્ધ ચૈતન્ય આનંદ છું. એ પુણ્ય-પાપના વિકલ્પો જરા થાય છે તે મારાથી પૃથક આસ્રવતત્ત્વ છે. કર્મ અને શરીર તે અજીવતત્ત્વ છે.કર્મ અને શરીર તે અજીવતત્ત્વ છે. મારી પર્યાયમાં અપરાધથી પુણ્ય અને પાપની વૃત્તિઓ થાય છે પણ તે મલિન આસ્રવતત્ત્વ છે. હું એક જ્ઞાયકતત્ત્વ છું. એમ ચૈતન્યના જ્ઞાયકનું સમ્યગ્દર્શન, જ્ઞાન થતાં તેને ભાવપ્રત્યયો એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થતાં નથી. સમજાય છે કાંઈ?

એ **ભાવપ્રત્યયોનો અભાવ હોતાં દ્રવ્યપ્રત્યયોના વિદ્યમાનપણામાં પણ,** જૂના કર્મ ઉદયમાં આવવાં છતાં, દર્શનમોહ, ચારિત્રમોહ જડપણે આવવા છતાં, રહેવા છતાં, હોવા છતાં પણ જીવો બંધાતા નથી. પોતે આત્માની વીતરાગદષ્ટિ કરે, જ્ઞાયક છું, ચૈતન્ય છું, જાણનાર-દેખનાર છું. મારા સ્વભાવમાં વિકાર નથી, વિકારમાં હું નથી. અજીવમાં હું નથી, મારામાં અજીવ નથી. એમ સમ્યગ્દષ્ટિ ભિન્ન ભાન કરે તેને નવા કર્મમાં જે જૂના કર્મ બાહ્યનિમિત્ત થતાં તેનો હેતુ અહીંયાં અજ્ઞાનભાવ રહ્યો નહીં. માટે તેને જૂના કર્મ નવા કર્મને નિમિત્ત થતાં નથી. એ જૂના કર્મો ઉદયમાં આવવા છતાં વિદ્યમાન રહેવા છતાં, હોવા છતાં. રાગ-દ્વેષને અજ્ઞાન જીવ ન કરે તો જૂના કર્મ નવા બંધમાં નિમિત્ત થાય નહીં. પંડિતજી! બહુ જ ગડબડ કરે છે. અહીંયાં પંડિત પણ ગડબડ કરે છે. રાવજીભાઈ! પંડિત લોકો પણ એમ જ ચલાવે છે. એ ઠીક કહે છે. નહીં સમજેલાં ગડબડ કરે છે. ભાવ-પંડિત હોય તે ગડબડ ન કરે. વાત સાચી છે.

અહીંયાં કહે છે ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા દેવાધિદેવ પરમેશ્વર એમણે કહ્યું એવું કુંદકુંદઆચાર્ય એ પ્રકારે બે હજાર વર્ષ પહેલાં ભગવાન કુંદકુંદઆચાર્ય અહીંયાં હતાં. એ મહાવિદેહક્ષેત્રમાં ભગવાન પાસે આઠ દિવસ રહ્યા. ગયા હતા આઠ દિવસ ત્યાં રહ્યા. ત્યાંથી અહીંયાં આવીને આ શાસ્ત્રો રચાયાં. તેમાં આ શાસ્ત્રની ગાથા ૧૪૯ પંચાસ્તિકાય. ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે તેની ટીકા અમૃતચંદ્રાચાર્યએ ૯૦૦ વર્ષ પહેલાં મહામુનિ ભાવલિંગી સંત મહંત જ્ઞાની ધ્યાની તેમણે આ ટીકા કરી છે. એ ટીકામાં એમ કહે છે કે ભાઈ! પ્રભુ! તું આત્મા છો ને ભાઈ!

એ આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલે અને રાગ-દ્વેષમાં ધર્મ માને, નિમિત્તને કારણે મારામાં કાર્ય થાય અને હું બીજાના કાર્ય કરી દઉ એવી બે દ્રવ્ય પ્રત્યેની એકતાબુધ્ધિ કરે અને વિકારથી મને લાભ થાય એવો મિથ્યાત્વભાવ જો સેવે તો તેને નવા કર્મમાં જૂના કર્મ જે હેતુ હતા એનો હેતુ આમણે આપ્યો માટે નવામાં જૂના કર્મ નિમિત્ત થયા. પણ જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જો જીવ ન કરે તો જૂના કર્મ ઉદયમાં હોવા છતાં જીવને બંધનું કારણ હોતું નથી. સ્પષ્ટ છે તેમાં. જુઓ!

**જો જીવગત રાગાદિભાવોના અભાવમાં પણ,** જુઓ! **દ્રવ્યપ્રત્યયોના વિદ્યમાનપણામાં પણ જીવો બંધાતા નથી.** જડકર્મ ભલે હોય. એ તો માટી ધૂળ છે, પરવસ્તુ છે. એ કાંઈ આત્માને

વિકાર કરાવતાં નથી. અને ખરેખર તે બંધના નિમિત્ત પણ નથી. એ તો બહિરંગ કારણ છે. અંતરંગ કારણ તું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કર તો બહિરંગ કારણ કહેવાય. અંતરંગ કારણ તો તારું મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ જ બંધમાં કારણ છે. સમજાય છે કાંઈ? છે કે નહીં પંડિતજી! જુઓ!

**દ્રવ્યપ્રત્યયો** એટલે કે જડ ઉદયો **વિદ્યમાન હોવા છતાં પણ જીવો બંધાતા નથી. જો જીવગત રાગાદિભાવોના અભાવમાં પણ દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થાય,** જીવ પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી અને રાગાદિને જ્ઞાનમાં પૃથક જાણે અને તેવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરે તેવા જીવને **દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થાય,** જૂના કર્મનો ઉદય બંધનું કારણ થાય તો સર્વદા બંધ જ રહે. કોઈ દિવસ મુક્તિ થવાનો પ્રસંગ જ બને નહીં. સમજાણું કાંઈ?

**-મોક્ષનો અવકાશ જ ન રહે. કારણ કે સંસારીઓને કર્મોદયનું સદાય વિદ્યમાનપણું હોય છે.** કર્મોદય તો સદાય હોય છે. એટલે કર્મોદયને કારણે તને વિકાર થાય તો કોઈ દિ' છૂટવાનો પ્રસંગ બને નહીં. રાવજીભાઈ! જુઓ! ગાથા એવી આવી છે હોં બરાબર! આહાહા! અત્યારે તો એ જ લાકડું. (વાત ચાલે છે.) બસ! વિકાર થાય એ કર્મને લઈને થાય, વિકાર થાય.... પણ બાપુ! કર્મ અજીવતત્ત્વ છે, વિકાર આસ્રવતત્ત્વ છે, આત્મા જ્ઞાયકતત્ત્વ છે.

સાત તત્ત્વમાં ભિન્ન ભિન્નની આ વ્યાખ્યા ચાલે છે. નવપદાર્થની વ્યાખ્યા. તો કર્મ શરીર અજીવતત્ત્વમાં જાય છે. પુણ્ય-પાપના ભાવ મિથ્યાત્વભાવ આસ્રવતત્ત્વમાં જાય છે. ભગવાન જ્ઞાયકતત્ત્વ આત્મા છે. એવું જેને જ્ઞાયકતત્ત્વનું ભાન નથી એને મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ થાય એ કર્મનો વિદ્યમાન ઉદય હોય છતાં પુરુષાર્થ ઊંધો કરે તો થાય. સવળો કરે તો કર્મ ઉદય હોવા છતાં વિકાર થાય નહીં. આ તો કહે શું કરીએ અમારે કર્મનો ઉદય, શાસ્ત્ર જુઓ! વિકાર કર્મના ઉદય વિના બન્યા હોય તો લાવો દાખલો. વિકાર કર્મના વિના, પણ અહીં કહે છે કે કર્મનો ઉદય હોય અને વિકાર કરે, કરવો પડે તો સદાય સંસારથી કોઈ મુકત થાય નહીં. સદાય કર્મનો ઉદય તો રહ્યા જ કરે છે. ભારે ગડબડ ચાલી છે, બહુ જ ગડબડ પણ.

કર્મને નામે, અન્યમાં ઈશ્વર કર્તા, આને કર્મ કર્તા એટલે જડ કર્તા, ઓલો ઈશ્વર કરાવે, હલાવે એમ હાલવું. પાંદડુંય ઈશ્વર વિના ન ફરે. જૈનમાં એમ કહે, નામ ધરાવનારા જૈન હોં! કર્મ પ્રમાણે વિકાર થાય આત્મા કર્મનું રમકડું છે. જેમ રમાડે તેમ રમીએ. મૂઢ છો. તારો ઈશ્વર કર્તા જડ થઈ ગયો. પાધરું એમ થયું કે નહીં? ઓલો ઈશ્વર કર્તા કહે, ચૈતન્યવાળો છે નહીં. થોથા! આ કહે કે અમારા કર્તા કર્મ. આપણે જૈન છીએ ને તેને કર્મ રખડાવે. ચાર ગતિમાં નિગોદમાં, એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં કર્મ રખડાવે. ભગવાન કહે છે કે એલા મૂઢ! આવું ક્યાંથી તેં કહ્યું? આવું કાઢયું કયાંથી? અમે તો એમ કોઈ દિ' કહ્યું નથી. પંડિતજી! શું કહ્યું?

**કારણ કે રાગાદિ ભાવોનો અભાવ હોતાં,** આત્મા જ પોતાના સ્વભાવની દૃષ્ટિ અને વિકારી દૃષ્ટિ છોડી સમભાવની દૃષ્ટિ જ્ઞાન છું, આનંદ છું. એવી દૃષ્ટિ કરે તો તેને દ્રવ્યમિથ્યાત્વ હોવા છતાં, જડકર્મમાં દ્રવ્યમિથ્યાત્વનો ઉદય હોવા છતાં, દર્શનમોહનો ઉદય હોવા છતાં અહીં વિકાર થતો નથી. પંડિતજી! અહીં થોડું નક્કી કરી દેવું. એ પંડિતજી બહારના સુધરેલામાં બધામાં ભળે, જ્યાં હોય ત્યાં. ઠીક વાત કે નહીં? નક્કી કરવું જોઈએ. આ તો વીતરાગમાર્ગ છે. આ તો જૈન પરમેશ્વરે કહેલો માર્ગ છે. આ કાંઈ કલ્પિત કે દુનિયા સાથે મળે તેવું નથી.

આ તો ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞે જોયેલું સ્વરૂપ, તે રીતે કહેલું અને તે રીતે છે. ત્રણકાળમાં બીજી રીતે હોય શકે નહીં. અને અન્યમતની કે બીજા સાથે આનો કયાંય મેળ ખાય એવું છે નહીં. મેળ સમજો છો? મીલાન, સમન્વય કરે છે ને સમન્વય. બીજાની સાથે સમન્વય હોય એવો વીતરાગમાર્ગ છે નહીં. જુઓ! શું કહ્યું? જૈનમાં રહેવા છતાં એમ માને છે કે કર્મનો ઉદય આવે ચારિત્રમોહનો ઉદય આવે એટલે રાગ-દ્વેષના ભાવ કરવા પડે. જુઓ આ રામ ને લક્ષ્મણ! રામચંદ્રજી લક્ષ્મણને છ છ મહિના સુધી રાખ્યા. એ ચારિત્રમોહનો ઉદય હતો એટલે રાગ થયો. ભગવાન ના પાડે છે કે એ વાત તારી ખોટી છે. તને તદ્દન ભ્રમણા થઈ છે.

એ દ્રવ્યમિથ્યાત્વ હોવા છતાં ભાવમિથ્યાત્વ ન કરે તો બંધન છે નહીં. ભાવમિથ્યાત્વ કરવો ન કરવો એ દ્રવ્યમિથ્યાત્વને કારણે નથી. તારા ઉલટા પુરુષાર્થને કારણે છે. દ્રવ્યમિથ્યાત્વ-દ્રવ્યઅસંયમ જુઓ! દ્રવ્યઅસંયમ, દ્રવ્યઅસંયમ એટલે જડનો ઉદય અવ્રતનો. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન છે જે કર્મ જડ, તેનો ઉદય. એ ઉદય તે તને રાગ-દ્વેષ કરાવે છે તેમ નથી. **દ્રવ્યઅસંયમ, દ્રવ્યકષાય અને દ્રવ્યયોગના સદ્ભાવમાં પણ જીવો બંધાતા નથી.** જડનો ઉદય હોવા છતાં જીવ રાગ-દ્વેષ પોતે ન કરે, મિથ્યાત્વભાવ ન કરે તો કર્મથી બંધાતા નથી.

જડનો ઉદય જ વિકાર કરાવે અને વિકાર કરવો પડે તો કોઈ દિ’ તેને સમ્યગ્દર્શન થવાનો પણ પ્રસંગ બનતો નથી. શાંતિ અને વીતરાગદૃષ્ટિ થવાનો પણ પ્રસંગ બને નહીં. માટે તારી વાત તદ્દન જૂઠી છે. કે જડકર્મ હોય એટલે વિકાર થાય. અહીં ના પાડે છે કે જડકર્મના વિદ્યમાનપણામાં હયાતિમાં પણ જીવ જો પોતાના પુરુષાર્થથી જ્ઞાતા-દૃષ્ટા ને આનંદનું ભાન કરે તો તેને જડકર્મને કારણે વિકાર કરવો પડે એમ છે નહીં. રાવજીભાઈ! આ નક્કી કરવું પડશે હોં! અત્યારે આ બધું બહુ ગોટા ચાલ્યા છે. એમાં મુખ્ય મુખ્ય તમારા જેવાને તો આ બધું નક્કી કરવું પડે આ. તમારે લઈને છોકરાઓ-વિદ્યાર્થીઓ પણ એમ સમજે. લ્યો! ખરું કે નહીં? ત્યાં કારંજામાં વ્યવસ્થાપક છે ત્યાં. કારંજામાં. બાળ બ્રહ્મચારી.ત્યાં કર્તા-હર્તા. સમજાય છે કાંઈ?

આ ગાથા એવી લીધી છે! કે ભાઈ! દ્રવ્ય-કર્મબંધનું હેતુ નથી. દ્રવ્યકર્મના નિમિત્તમાં તું જો વિકાર

કર તો નિમિત્ત થાય. ન કર તો એ દ્રવ્યકર્મ છૂટી જાય. દ્રવ્યકર્મ ઉદય આવ્યો એટલે મારે રાગ-દ્વેષ... ચારિત્રમોહનો ઉદય હોય તો રાગ-દ્વેષ થાય. ભગવાન ના પાડે છે. અસંયમનો વિદ્યમાન ઉદય હોવા છતાં જીવ રાગ-દ્વેષ અસંયમ ન કરે તો બંધન થાય નહીં. છે ટીકામાં ચોખ્ખા શબ્દ છે, પાઠમાં હોં! આખો ગોટો કર્મનો અત્યારે એટલો બધો છે ને? બસ. પ્રરૂપણા કરે છે એવી! આપણે તો ભઈ! કર્મને લઈને છે. ગતિમાં કોણ લઈ જાય? કર્મ. આત્માને જવાનો ભાવ છે? પણ તે પોતાની પર્યાયની યોગ્યતાથી ગતિમાં જાય છે. કર્મને લઈને નહીં. એ તો જડ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તને કાંઈ તારા કાર્યમાં તારી દયે? સમજાણું કાંઈ? તેનો ઉદય હોવા છતાં તું જો અજ્ઞાન અને રાગ-દ્વેષ ન કર તો તે તારા અધિકારની વાત છે. સમજાણું કાંઈ?

જુઓ! કારણ કે રાગ-દ્વેષના અભાવમાં ધર્મી જીવને એ કર્મનો અસંયમનો ઉદય હોવા છતાં, જીવ પોતે જ પોતાના રાગ-દ્વેષના ભાવને ન કરે તો તે અસંયમનો ઉદય **સદ્ભાવમાં પણ જીવો બંધાતા નથી.** અસંયમના ઉદયમાં પણ જીવ રાગ-દ્વેષ પોતે ન કરે તો અસંયમથી નવું બંધન થતું નથી. આહાહા!

મુમુક્ષુ :- પણ સાહેબ! ઉદય આવે ત્યારે શું કરવું?

ઉત્તર :- ઉદય આવે એની મેળાએ. ઉદય જડમાં આવે છે. એ આત્મા પોતાના સ્વરૂપને ભૂલી અને પુણ્ય-પાપને પરના માને પરને પોતાનું માને તો મિથ્યાત્વને લઈને નવું બંધન પડે છે. જૂના કર્મ ઉદયમાં આવ્યા માટે મિથ્યાત્વભાવ કરવો પડે છે, એમ નથી. એમ અહીં સિધ્ધ કરવું છે. ચારિત્રમોહનો ઉદય આવ્યો એટલે રાગ-દ્વેષ (કરવા પડે છે.) ના. ચારિત્રમોહનો દ્રવ્યનો ઉદય હોવા છતાં, વિદ્યમાન હોવા છતાં તું રાગ-દ્વેષ ન કર તો બંધન થાય નહીં. માટે ઉદય તને રાગ-દ્વેષ કરાવે છે એમ ત્રણકાળ, ત્રણલોકમાં વસ્તુમાં નથી. ભાઈ! સમજાણું? આહાહા! જુઓને! શું કહે છે?

દ્રવ્યમિથ્યાત્વ, દ્રવ્યઅસંયમ એટલે જડ ઉદય, દ્રવ્યકષાય એટલે ચારિત્રમોહનો ઉદય અને દ્રવ્યયોગ નામ કર્મનો ઉદય. એ સદ્ભાવમાં પણ તેના ઉદયની હયાતિ હોવા છતાં પણ જીવ જો વિકારાદિનો ભાવ ન કરે તો બંધાતા નથી. ચોખ્ખી વાત છે કે નહીં? કે કાંઈ થોડી ગડબડ છે? સ્પષ્ટ લખ્યું છે.

પંડિતજી! આ ગાથામાં બંધઅધિકાર છે. ભાવબંધ દ્રવ્યબંધમાં નિમિત્ત થાય છે. બસ.દ્રવ્યબંધ તો જડ (અને) ભાવબંધ જો કરે તો નિમિત્ત થાય છે. ન કરે તો દ્રવ્યબંધ ખરી જાય. દ્રવ્યબંધ ઉદયમાં આવ્યો માટે જીવને વિકાર કરવો પડશે. એ સાવ ખોટી વાત છે. મિથ્યાદૃષ્ટિની પુષ્ટિ કરનારનો તે ભાવ છે. જડકર્મ આવે તો અમારે રાગ કરવો પડે. પુરુષવેદનો ઉદય આવે ને તો વાસના થાય છે. મૂઢ છો. કોણે તને કહ્યું?

એ તો કહે છે. વાસના થાય છે જડનો વેદનો ઉદય આવ્યો એ તો જડમાં આવ્યો. તારે વાસના કરવી ન કરવી એ તારી સ્વતંત્ર ચીજ છે. વેદનો ઉદય આવ્યો એટલે તારે વાસના કરવી પડે? ભગવાન ના પાડે છે. વાત જે સાચી હોય તે તેણે જાણવી પડશે કે નહીં? અમે શું કરીએ ભાઈ! અમારે એવો વેદનો ઉદય આવે છે ને તો ભોગની વાસના થાય છે. ભગવાન કહે છે કે મૂઢ છો. કોણે તને કહ્યું? આવું તું કયાંથી શીખ્યો? કયાંથી આવું શીખ્યો? કર્મને તો અમને જાણીએ છીએ. કર્મને તો તે જાણ્યા પણ નથી. કર્મની સ્થિતિ, વર્ણન અને અનુભાગ કેવા છે એ તો અમને ભગવાને કહ્યા છે. તે અમે કહીએ છીએ કે કર્મના ઉદયકાળમાં તું વિકાર ન કર તો બંધ નથી થતો. કર્મના ઉદયકાળમાં તારે વિકાર કરવો જ પડે એમ અમે કહેતાં નથી. સમજાણું કાંઈ?

ઓહોહો! જૈનમાં આ એક ભારે ગોટો! અને પાછી પ્રરૂપણા કરે લોકોને બિચારા સાંભળનારને ભાન ન મળે. ચારિત્રમોહના ઉદયથી જ મોટા રામચંદ્રજી જેવા પણ છ છ મહિના સુધી લક્ષ્મણને કાંધે રાખવા પડયા. ભાઈ! ચારિત્રમોહનો ઉદય છે. અને તે ચારિત્રમોહ બંધ પડયો એટલે શાંત થઈ ગયા. ભગવાન ના પાડે છે. ચારિત્રમોહનો ઉદય અસંયમનો ઉદય હોવા છતાં જીવ રાગ-દ્વેષ કરે તો તેને નિમિત્ત બંધમાં કહેવાય. રાગ-દ્વેષ ન કરે તો ઉદય-ઉદય ખરી જાય તેને કારણે. રાવજીભાઈ! વાત તો એવી છે. સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ!

**રાગાદિભાવોના અભાવ હોતાં,** આત્મામાં રાગ ને દ્વેષને, રાગ શબ્દે તેમાં મિથ્યાત્વ લેવું. મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષનો જીવ અભાવ કરતાં દ્રવ્યમિથ્યાત્વ ઉદય હોય, સદ્‌ભાવ હોય. દ્રવ્ય-અસંયમનો સદભાવ ચારિત્રમોહનો ઉદય હોય, જડકષાયનો ઉદય હોય અને દ્રવ્યયોગ નામકર્મનો ઉદય હોય તેવા સદ્‌ભાવમાં પણ જીવો બંધાતા નથી. કારણ કે સંસારીઓને સદાય કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે. પછી કર્મનો ઉદય તે વિકાર કરાવે તો કોઈ દિ' મુકત થવાનો પ્રસંગ આવે નહીં. માટે તે વાત સાચી નથી. લોજીકથી ન્યાયથી તો આચાર્ય વાત કરે છે.

આચાર્યમહારાજને કરુણાબુદ્ધિથી વિકલ્પ આવ્યો છે. શાસ્ત્ર શાસ્ત્રથી રચાઈ ગયા જડથી. એ તો જડની પર્યાય છે. એ કાંઈ આચાર્યએ કરી નથી. એ તો પરમાણુની આ પર્યાય છે. પરમાણુની પર્યાયે આ શાસ્ત્ર રચાઈ ગયા છે. આત્માએ રચ્યા નથી. આત્મા તેનો રચનાર છે જ નહીં. ત્રણકાળમાં જડની પર્યાયનો રચનાર હોય શકે નહીં. એ છેલ્લા શ્લોકમાં આવે છે. અમે આ શાસ્ત્રો નથી રચ્યા. શબ્દોથી શાસ્ત્રો રચાયા છે. છેલ્લા શબ્દોમાં આવે છે. સમજાણું કાંઈ? જડની પર્યાય આત્મા કરે? ભાષાની પર્યાય આત્મા કરે? આત્મામાં રજકણ પડયા છે તેની ખાણમાં?

મુમુક્ષુ :- ભેગા થઈને કરે.

ઉત્તર :- કોણ ભેગા થઈને કરે. કોઈ દિ' ત્રણકાળમાં (ન કરે.) પોતાના સ્વચતુષ્ટમાં દરેક દ્રવ્ય

બિરાજમાન છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં. કોઈ બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં બીજું દ્રવ્ય (નથી).

મુમુક્ષુ :- બેના મિશ્રણના મોટા મોટા કથન આવે છે.

ઉત્તર :- મિશ્રણ આવ્યું છે ને હમણાં, આવ્યું છે ને લખાણ! ખોટે ખોટા માળા પંડિતના નામ ધરાવીને! મિશ્રણ થાય બેયના. કોને મિશ્રણ ભગવાન! આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં-પોતાના સમજ્યા? અપના. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-દ્રવ્ય એટલે ગુણ પર્યાયના પિંડ, ક્ષેત્ર એટલે પહોળાઈ, ભાવ એટલે શક્તિ ત્રિકાળ, કાળ એટલે વર્તમાન પર્યાય. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તો નાસ્તિ છે. અને પર પરમાણુ આદિ પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તેમાં નાસ્તિ છે.

આ કર્મના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કર્મમાં છે, આત્મામાં છે જ નહીં. આત્મામાં કર્મ છે જ નહીં. રાવજીભાઈ! આત્મામાં કર્મ નથી. આત્મામાં કર્મ છે? આત્મા તો પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. અને પરમાણુ પરમાણુથી એક એક પરમાણુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને આત્મામાં એ નથી. આહાહા! સમજાય છે કાંઈ?

આ આંગળીનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આમાં (આંગળીમાં) છે. આ આંગળીનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આમાં છે. આનો આમાં અભાવ અને આનો આમાં અભાવ. એમ પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-પરમાણુ દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ. એનું ક્ષેત્ર એટલે પહોળાઈ. ભાવ એટલે શક્તિ-ગુણ, પર્યાય એટલે અવસ્થા. એ પરમાણુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં નથી. ભાવાર્થ આના સાચા હોય તે થાય કે ખોટા થાય? 'સત્ય શોધન' છે આ. સમજાણું કાંઈ?

આત્મામાં કર્મ નથી. હાય હાય! રાડ નાખી દયે! આત્મામાં કર્મ હોય? સ્વદ્રવ્યમાં પરદ્રવ્ય હોય? પરદ્રવ્યમાં સ્વદ્રવ્ય હોય? અને સ્વદ્રવ્યમાં પરદ્રવ્ય હોય? પોત પોતાના દ્રવ્યમાં સૌ છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ ક્યારે કહેવાય? એના ઉદયકાળને વખતે જડમાં ઉદય આવ્યો અને તું વિકાર તારા ઊંધા પુરુષાર્થથી કર તો તેને નિમિત્ત કહેવાય. ન કર તો નિમિત્ત ખરી જાય છે. તારા અધિકારની વાત છે. નહીં કે ચારિત્રમોહનો ઉદય આવે એટલે અમારે વાસના કરવી પડે. અનંતાનુબંધી આદિ ક્રોધનો ઉદય આવે એટલે અમારે ક્રોધ આવે જ. ભગવાન ના પાડે છે. એના ઉદયના સદ્ભાવમાં પણ તું જો વિકાર ન કર તો તેનો સદ્ભાવ ખરી જાય છે. બંધનું કારણ થતું નથી. સમજાણું કાંઈ? અહીં સુધી તો કાલ આવ્યું હતું.

**તેથી રાગાદિભાવોને,** એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ જીવ કરે તેને **અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે,** અંતરંગ કેમ? કે બહાર ઉદય જે આવ્યો દ્રવ્યમિથ્યાત્વનો, દ્રવ્યચારિત્રમોહનો એ

બાહ્યનિમિત્ત કહેવામાં આવ્યું. નવા કર્મને. પણ તેને આ રાગ-દ્વેષને મિથ્યાત્વ કરે તો આને અંતરંગ કારણ કહેવામાં આવ્યું. જૂના કર્મને બાહ્યકારણ કહેવામાં આવ્યું. નવો બંધ થયો તેને.

**બંધહેતુપણું હોવાને લીધે, નિશ્ચયથી બંધહેતુપણું,** નિશ્ચય શબ્દે, નિશ્ચયથી બંધહેતુ શબ્દે, નવા બંધને આ તો બાહ્યનિમિત્ત છે. જીવના રાગ-દ્વેષ, મોહ પરિણામ પણ. છતાં નિશ્ચયથી બંધહેતુ કેમ કહ્યા? એમાં નીચે ખુલાસો કર્યો છે. નીચે જુઓ! ફુટનોટ. **ઉદયગત દ્રવ્યમિથ્યાત્વાદિ પ્રત્યયોની માફક રાગાદિભાવો નવા કર્મબંધમાં માત્ર બહિરંગ નિમિત્ત નથી.** એટલે શું કહ્યું? ઉદયગત જે જડકર્મનો ઉદય દર્શનમોહનો, ચારિત્રમોહનો એ પ્રત્યયોની માફક એ નવાને બાહ્યનિમિત્ત છે જૂનું. એની **માફક રાગાદિભાવો નવા કર્મમાં માત્ર બહિરંગ નિમિત્ત નથી પણ તેઓ તો નવા કર્મબંધમાં 'અંતરંગ નિમિત્ત' છે.** એટલે ખાસ એ કારણ છે. એમ કહેવું છે. અંતરંગ નહિંતર તો એ પણ બાહ્ય છે. નવા બંધનો મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ જૂનો એ બાહ્ય છે. પણ ઓલા જૂના કર્મનું બાહ્યનિમિત્તપણું કેમ કહ્યું કે એની કોઈ વિશેષતા નથી. એ જડકર્મનો ઉદય હોવા છતાં જીવ વિકાર ન કરે તો નવા બંધનું આ બાહ્યનિમિત્ત પણ નથી. કેમ કે અંતરંગ કારણ થયું નથી માટે.

ફરીને. જુના કર્મ દ્રવ્યમિથ્યાત્વ ચારિત્રમોહનો ઉદય હોવા છતાં. જો ઉદય હોય અને જીવ જો રાગ-દ્વેષ ને મિથ્યાત્વભાવ કરે તો ઓલા નવા કર્મને બાહ્યનિમિત્ત કહેવાય. કારણ કે મૂળ કારણ અજ્ઞાન ને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ નિમિત્ત કારણ છે. એ વિના જૂના કર્મને બાહ્યનિમિત્ત પણ કહેવામાં આવતું નથી. બાહ્યનિમિત્તને સાધારણ વાત કરી, નવા કર્મને ખરેખર બંધનમાં જીવ જો મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ કરે તો તે ખરું કારણ બંધનમાં કહેવામાં આવે છે. સમજાય છે? આહા!

**પણ તેઓ તો નવા કર્મબંધમાં અંતરંગ નિમિત્ત છે.** કોણ? ઓલા મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ભાવ. **તેથી તેમને નિશ્ચયથી 'બંધહેતુ' કહ્યો.** નહીંતર નિશ્ચયથી બંધહેતુ નથી. નિશ્ચયથી બંધહેતુ તો જીવ પોતાના પરિણામને કરે તે નિશ્ચયથી બંધહેતુ. નવા બંધને તો આ બાહ્યહેતુ છે. નવા આઠ કર્મને મોહ, રાગ-દ્વેષના પરિણામ બાહ્યહેતુ છે. પણ એનો બાહ્યહેતુ જૂના કર્મને બાહ્યહેતુ ગણીને કેમકે એ વિદ્યમાન હોવા છતાં જીવ જો મોહ ને રાગ-દ્વેષ ન કરે તો બંધનું કારણ નથી માટે મોહ ને રાગ-દ્વેષને ખરું અંતરંગકારણ બંધમાં કહેવામાં આવ્યું છે. આ તો શબ્દે શબ્દમાં ન્યાયથી તેમાં તોળાવીને આવવું જોઈએ. એક પણ (શબ્દ)નો ફેર પડે તો આખા તત્ત્વનો બધો ફેર પડી જાય. સાતે તત્ત્વ રહેતાં નથી.

અજીવને લઈને આસ્રવ થાય તો આસ્રવ ને અજીવ બેય એક થતાં સાત તત્ત્વ ભિન્ન રહેતાં નથી. કર્મનો ઉદય જડ છે એને લઈને અહીંયાં આસ્રવ થાય તો સાત તત્ત્વ રહેતાં નથી. અહીં સાત તત્ત્વને જુદાં પાડીને નવપદાર્થની વ્યાખ્યા કરવી છે. પુણ્ય ને પાપ, આસ્રવ, સંવર, બંધ ને મોક્ષ-જીવ ને અજીવ બેય દ્રવ્ય છે. સાત તેની પર્યાય છે. જીવ ને અજીવ બેય દ્રવ્ય છે. સાત તેની પર્યાય છે. પુણ્ય-

પાપ, આસ્રવ-બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. સાત પર્યાય જીવમાં અને સાત પર્યાય જડમાં. એમ પાછું બેયમાં.

એમ અહીંયાં ભાવબંધ અને દ્રવ્યબંધ, ભાવબંધ જીવની પર્યાય છે. દ્રવ્યબંધ જડની પર્યાય છે. સમજાય છે કાંઈ? દ્રવ્યબંધ એટલે પર્યાય છે. કર્મની પર્યાય છે, એ કાંઈ દ્રવ્ય નથી. કર્મનો ઉદય એ પર્યાય છે. એના દ્રવ્ય-ગુણ તો કાયમ છે. ઉદય આવવો, કર્મનો પાક આવવો એ તો પર્યાય છે. એ જડની પર્યાયને દ્રવ્યહેતુ કહ્યો છે. જીવના મિથ્યાત્વ ને રાગ-દ્વેષને ભાવબંધનો હેતુ કહ્યો છે. નવા બંધમાં ભાવબંધ કહ્યો છે. એ જીવની વિકારી પર્યાય છે. ઓલી અજીવની વિકારી પર્યાય છે. એને દ્રવ્યહેતુ કહ્યો આને ભાવહેતુ કહ્યો. આહાહા! ઝીણું ભારે ભાઈ! હજી તો અહીં સાત તત્ત્વની માંડી છે. નવપદાર્થ કોને કહેવા. ઉપર છે ને? નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન. ઉપર. નવપદાર્થના પૃથકપણાપૂર્વક મોક્ષમાર્ગના પ્રપંચ એટલે વિસ્તારનું વર્ણન. સમજાણું કાંઈ? છે પંડિતજી ઉપર? નવપદાર્થનું હજી વર્ણન છે. ચોપનથી આપણે મોક્ષમાર્ગનો અધિકાર ચાલી ગયો છે, વંચાઈ ગયો છે. આ ત્રેપન સુધી નથી વંચાણો એટલે ત્રેપન ચાલે છે.

આ તો નવપદાર્થ શું છે? ભિન્ન. એક પદાર્થ બીજાને લઈને હોય તો નવપદાર્થ સાબિત થતાં નથી. માટે આ સિદ્ધાંત કીધો છે કે કર્મનો ઉદય અજીવતત્ત્વ છે. એ અજીવની પર્યાય છે. અને આસ્રવ એ જીવની વિકારીપર્યાય છે. એટલે જો કર્મના ઉદયને કારણે આસ્રવ થાય તો એ અજીવ ને આસ્રવ બેય એક તત્ત્વ (થાય તો) નવ રહેતાં નથી. ભઈ અમને કર્મના ઉદયને કારણે પુણ્યનો ભાવ થાય. કર્મ મંદ પડે તો અમને પુણ્યનો ભાવ થાય. કર્મ અજીવ અહીં પુણ્યપરિણામ જીવની વિકારીપર્યાય બેય એક થઈ જાય. એમ નથી. રાગની મંદતા તું કર તો પુણ્ય થાય. રાગની તીવ્રતા તું કર તો પાપ થાય. રાગ વિનાનું મારું ચૈતન્ય ભિન્ન છે. એમ સમ્યગ્દર્શન કર તો સંવર, નિર્જરા થાય. સમજાણું કાંઈ?

મૂળ જૈનદર્શનની નવની રીત શું છે એની પણ ખબર ન મળે અને એને હવે ધર્મ કરવો! હાલો ભાઈ અમારે ધર્મ કરવો છે, પણ બાપા! ભાઈ નવ શું છે. નવમાં દ્રવ્ય કેટલા, નવમાં પર્યાય કેટલી, એ પર્યાયમાં જીવની પર્યાય કેટલી, જડની પર્યાય કેટલી એમ ભેદ જાણ્યા વિના એક બીજામાં ખીચડો કરે તો તેને નવપદાર્થની શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાય છે કાંઈ?

**આ રીતે બંધપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.** લ્યો! ૧૪૯ સુધીમાં બંધપદાર્થની વ્યાખ્યા કરી. બંધપદાર્થના બે પ્રકાર વર્ણવ્યા. દ્રવ્યબંધ, ભાવબંધ. દ્રવ્યબંધ જડના નવા પરમાણુ પડે તે અને જૂના બંધ પડેલાં છે. એનો ઉદય આવવા છતાં જીવ ભાવબંધના વિકારી પરિણામ ન કરે તો તેને બંધ થાય નહીં. સમજાણું કાંઈ?

**હવે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન છે.** મોક્ષ એ પર્યાય છે. કોઈ ગુણ-દ્રવ્ય નથી. સમજાય છે કાંઈ?

જેમ પુણ્ય પણ વિકારીપર્યાય છે, પાપ વિકારીપર્યાય છે, આસ્રવ વિકારીપર્યાય છે, ભાવબંધ વિકારીપર્યાય છે. સંવર-નિર્જરા એ અવિકારીપર્યાય છે અપૂર્ણ. મોક્ષ એ પૂર્ણ અવિકારીપર્યાય છે. મોક્ષ એ ગુણ નથી, દ્રવ્ય નથી. દ્રવ્ય ત્રિકાળી છે, ગુણ ત્રિકાળી છે. મોક્ષ નવી પર્યાય થાય છે. એ સાદી અનંત અવસ્થા છે, પણ એ પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે, કેવળજ્ઞાન એ ગુણ નથી. ગુણ તો ત્રિકાળી છે. આ એને ન જાણે તો આ ગોટા ઉઠયા છે અત્યારે અનાદિના. આ કર્મને લઈને વિકાર થાય અને હું વિકાર કરું તો કર્મ હું બાંધુ. બેય જૂઠ વાત! કર્મને લઈને વિકાર થાય તો અજીવને લઈને આસ્રવ થાય બેય તત્ત્વની એકતાબુધ્ધિ મિથ્યાત્વ છે. અને મેં આસ્રવ કર્યો માટે મેં કર્મ બાંધ્યા. કર્મની પર્યાય તું બાંધ એ તો જડની પર્યાય છે. જડની પર્યાય તારા અધિકારની વાત છે કે તું બાંધ! રાવજીભાઈ! દરેક શબ્દમાં ન્યાય છે હોં! સમજવા જેવી વાત છે. બહુ ગોટા છે. આ તો એક એક ગાથા એવી છે! પંચાસ્તિકાયમાં ૧૭૩ ગાથા છે. સમજાણું? પંચાસ્તિકાય તેમાં વિસ્તાર નવપદાર્થનો. પંચાસ્તિકાયમાં નવપદાર્થનો વિસ્તાર છે ને? અજીવની પર્યાય સાત, અજીવદ્રવ્ય. જીવની પર્યાય સાત, જીવદ્રવ્ય. એની વ્યાખ્યા કઈ રીતે પર્યાય કેમ છે ભિન્ન ભિન્ન, તેનું આ સ્વરૂપ છે. તેને એમ ન જાણતાં એક બીજાને મિશ્રણ કરીને માને તો તેને સાતતત્ત્વની ભિન્નતાના પણ શ્રધ્ધાના ઠેકાણા નથી. તેને સમ્યગ્દર્શન હોય શકે નહીં. પંડિતજી! બરાબર આવ્યા છો ને ગાથા પણ એવી સરખી આવી છે હોં! દૂરથી આવ્યા છે ને દૂરથી, પહેલા વહેલા આવ્યા છે. ભાઈ પણ પહેલાં કોઈ દિ' નથી આવ્યા? પહેલાં અહીં સુધી, આવ્યા નથી? .... સમજાણું કાંઈ? શું કહ્યું?

**તેથી રાગાદિભાવોને,** રાગ શબ્દે મિથ્યાત્વ અને રાગ દ્વેષ બધું રાગ કહેવાય છે. કર્મબંધન થાય છે કર્મની પર્યાયને કારણે, આત્મા તેને ન કરે. કારણ કે જડની પર્યાય છે. પણ તેમાં નિમિત્ત થાય છે જોગ ને કષાય. તો જોગ છે તે કંપન પ્રદેશનું છે. તેની કાંઈ મહત્તા નથી. પણ એ તો ફકત કર્મનું આવવું પ્રકૃતિનું અને પ્રદેશનું. તેમાં જોગનું નિમિત્ત એટલે મૂળ એ ચીજ ગણવામાં આવી નથી. પણ કર્મમાં સ્થિતિ અને અનુભાગ પડે તે કષાયનું નિમિત્ત છે. એ કષાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ બધું મળીને કષાય કહેવામાં આવે છે. મિથ્યાત્વ પણ કષાય છે, અવ્રત પણ કષાય છે, પ્રમાદ પણ કષાય છે અને કષાય પણ કષાય છે.

પાંચ બંધના કારણ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ યોગ એક નામકર્મમાં જાય છે. ચાર કષાયમાં જાય છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય. એ કષાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ બધા આવી ગયા. સમજાય છે? હેં?

મુમુક્ષુ :- કષાયમાં રાગાદિ આવી ગયા.

ઉત્તર :- મિથ્યાત્વ. રાગાદિ નહીં, મિથ્યાત્વ. રાગ-દ્વેષ તો આવે જ તે. એ કષાયમાં મિથ્યાત્વ

આવી ગયું. એ જડની વાત અહીં નથી. અહીં તો ભાવની વાત છે. જડમાં જડ આવી ગયું. એ વળી જુદું. એ વાત નથી. અહીં તો કષાય બંધનું કારણ કહ્યું ને? આ તો જીવના ભાવની વાત ચાલે છે. કષાય બંધનું કારણ.

મુમુક્ષુ :- કયો કષાય?

ઉત્તર :- કયો કષાય? હજી તો આ કષાયની વાત ચાલે છે ત્યાં ઓલા જડની વાત યાદ આવી જાય. લોકોને એ પ્રકૃતિ જ અંદર પડી છે. ઓલો કષાય તો જડ છે. તેના બંધનમાં જીવનું નિમિત્ત કહેવું.. કે જીવ કષાય કરે તો કર્મના જડમાં સ્થિતિ અનુભાગમાં નિમિત્ત કહેવાય. એ કષાય એટલે શું? મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવને કષાય કહે છે.

કષાયનો અર્થ જ મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ. એકલો રાગ-દ્વેષ કષાય એમ નહીં. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ મળીને કષાય કહેવામાં આવે છે. જે સ્થિતિ અનુભાગમાં નિમિત્ત પડે છે એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કષાય છે તે નિમિત્ત છે. અને પ્રદેશ અને પ્રકૃતિમાં નિમિત્ત જોગ કંપન છે. કંપનને તો સાધારણ બાહ્યકારણ એમ કહીને તેની કાંઈ મહત્તા નથી. મહત્તા તો અજ્ઞાનીના મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી કષાય. એ સ્થિતિ અને અનુભાગમાં નિમિત્ત. સ્થિતિ અને અનુભાગ તો કર્મમાં કર્મને કારણે પડે. આત્માને કારણે નહીં. પણ તેનો પર્યાય ભિન્ન અને આનો પર્યાય ભિન્ન. આણે કષાય મિથ્યાત્વ સેવ્યો માટે ત્યાં સ્થિતિ અને અનુભાગ પડવો પડે છે એમ નહીં. એ તો જડની પર્યાય સ્વતંત્ર છે. એ જડમાં અનુભાગ અને સ્થિતિનો પર્યાય ત્યાં હોય ત્યારે તેને કષાયનું નિમિત્ત છે. કયા કષાય? જીવના. કયા ભાવનું? મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી કષાયનું. સમજાણું કાંઈ?

એ પરિણામ વિકારી પરિણામ જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષ તેને અહીંયાં કષાય, અનુભાગ અને સ્થિતિમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! ઓલો મિથ્યાત્વ જાણે ભાવ જ ઊડી ગયો. એક કષાય રહી ગયો. પણ એ મિથ્યાત્વ પોતે કષાય છે. કષ એટલે સંસાર આય એટલે વધારનાર. એ મિથ્યાત્વ પોતે સંસાર છે. એ જ કષાય છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગમાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશક (માં આવે છે.) મોક્ષમાર્ગપ્રકાશક. મિથ્યાત્વ તે મૂળ કષાય છે. છે ને ....... એ તો છે ને. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કષાય છે. સ્થિતિ, રસમાં એ નિમિત્ત છે. એટલે કષાય કહેતાં ક્રોધ, માન, માયા, લોભ એકલા એમ નહીં. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ કષાય છે. રાવજીભાઈ! વિકારીભાવ બધી મિથ્યાદષ્ટિ, રાગ-દ્વેષ, પ્રમાદ, કષાય એ બધું કષાયમાં જાય છે. અરૂપી જીવનો વિકારી ભાવબંધ ભાવ, અરૂપી. જડમાં સ્થિતિ ને રસ પડે તે રૂપી. માટીની પર્યાય. તે તેને કારણે આને કારણે નહીં. બેય ભિન્ન છે. સૌને કારણે સૌમાં. કોઈને કારણે કોઈમાં નહીં. કોઈ દ્રવ્ય કોઈને આધિન છે નહીં. બધા પદાર્થ સ્વતંત્ર છે. કહો, સમજાણું આમાં?

## ગાથા-૧૫૦-૧૫૧

अथ मोक्षपदार्थव्याख्यानम् ।

हेदुमभावे णियमा जायदि णाणिस्स आसवणिरोधो ।
आसवभावेण विणा जायदि कम्मस्स दु णिरोधो ।। १५० ।।
कम्मसाभावेण य सव्वण्हू सव्वलोगदरिसी य ।
पावदि इंदियरहिदं अव्वाबाहं सुहमणंतं ।। १५१ ।।

हेत्वभावे नियमाज्जायते ज्ञानिन: आस्रवनिरोध: ।
आस्रवभावेन विना जायते कर्मणस्तु निरोध: ।। १५० ।।
कर्मणामभावेन च सर्वज्ञ: सर्वलोकदर्शी च ।
प्राप्नोतीन्द्रियरहितमव्याबाधं सुखमनन्तम् ।। १५१ ।।

द्रव्यकर्ममोक्षहेतुपरमसंवररूपेण भावमोक्षस्वरूपाख्यानमेतत् ।

आस्रवहेतुर्हि जीवस्य मोहरागद्वेषरूपो भाव: । तदभावो भवति ज्ञानिन: । तदभावे भवत्यास्रवभावाभाव: । आस्रवभावाभावे भवति कर्माभाव: । कर्माभावेन भवति सार्वज्ञं सर्वदर्शित्वमव्याबाधमिन्द्रियव्यापारातीतमनन्तसुखत्वञ्चेति । स एष जीवन्मुक्तिनामा भावमोक्ष: । कथमिति चेत् । भाव: खल्वत्र विवक्षित: कर्मावृत्तचैतन्यस्य क्रमप्रवर्तमानज्ञप्ति-क्रियारूप: । स खलु संसारिणोऽनादिमोहनीयकर्मोदयानुवृत्तिवशादशुद्धो द्रव्यकर्मास्रवहेतु: । स तु ज्ञानिनो मोहरागद्वेषानुबृत्तिरूपेण प्रहीयते । ततोऽस्य आस्रवभावो निरुध्यते । ततो निरुद्धास्रवभावस्यास्य मोहक्षयेणात्यन्तनिर्विकारमनादिमुद्रितानन्तचैतन्यवीर्यस्य शुद्धज्ञप्तिक्रियारूपेणान्त-र्मुहूर्तमणिवाह्य युगपज्ज्ञानदर्शनावरणान्तरायक्षयेण कथञ्चित् कूटस्थज्ञानत्वमवाप्य ज्ञप्तिक्रियारूपे क्रमप्रवृत्त्यभावाद्भावकर्म विनश्यति । तत: कर्माभावे स हि भगवान्सर्वज्ञ: सर्वदर्शी व्युपरतेन्द्रियव्यापाराव्याबाधानन्तसुखश्च नित्यमेवावतिष्ठते । इत्येष भावकर्ममोक्षप्रकार: द्रव्यकर्ममोक्षहेतु: परमसंवरप्रकारश्च ।। १५०-१५१)

---

હેતુ અભાવે નિયમથી આસ્રવનિરોધન જ્ઞાનીને,
આસરવભાવ-અભાવમાં કર્મો તણું રોધન બને; ૧૫૦.
કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,
ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.

**અન્વયાર્થ :- (हेत्वभावे) (મોહરાગદ્વેષરૂપ) હેતુનો અભાવ થવાથી (ज्ञानिन:) જ્ઞાનીને (नियमात्) નિયમથી (आस्रवनिरोध: जायते) આસ્રવનો નિરોધ થાય છે (तु) અને (आस्रवभावेन विना) આસ્રવભાવના અભાવમાં (कर्मण: निरोध: जायते) કર્મનો નિરોધ થાય છે. (च) વળી (कर्मणाम् अभावेन) કર્મોનો અભાવ થવાથી તે (सर्वज्ञ: सर्वलोकदर्शी च) સર્વજ્ઞ અને સર્વલોકદર્શી થયો થકો (इन्द्रियरहितम्) ઇન્દ્રિયરહિત, (अव्याबाधम्) અવ્યાબાધ, (अनन्तम् सुखम् प्राप्नोति) અનંત સુખને પામે છે.**

ટીકા :- આ, *દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.

આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ થાય છે. તેનો અભાવ થતાં આસ્રવભાવનો અભાવ થાય છે. આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું અને અવ્યાબાધ, *ઇન્દ્રિયવ્યાપારાતીત, અનંતસુખ થાય છે. તે આ *જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ છે. 'કઇ રીતે?' એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છેઃ-

અહીં જે 'ભાવ *વિવક્ષિત છે તે કર્માવૃત (કર્મથી અવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે. તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) ખરેખર સંસારીને અનાદિકાળથી મોહનીયકર્મના ઉદયને અનુસરતી પરિણતિને લીધે અશુદ્ધ છે, દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે. તેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે અત્યંત નિર્વિકારપણું થવાથી, જેને અનાદિકાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઇ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી કથંચિત્ *કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને એ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં

---

*૧. દ્રવ્યકર્મમોક્ષ = દ્રવ્યકર્મનું સર્વથા છૂટી જવું તે; દ્રવ્યમોક્ષ. (અહીં ભાવમોક્ષનું સ્વરૂપ દ્રવ્યમોક્ષના નિમિત્તભૂત પરમ-સંવરરૂપે દર્શાવ્યું છે.)*

*૧. ઇન્દ્રિયવ્યાપારાતીત = ઇન્દ્રિયવ્યાપાર રહિત*

*૨. જીવન્મુક્તિ = જીવતાં મુક્તિ; દેહ હોવા છતાં મુક્તિ.*

*૩. વિવક્ષિત = કહેવા ધારેલો.*

*૧. કૂટસ્થ = સર્વકાળે એકરૂપે રહેનારું; અચળ. (જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો નાશ થતાં કાંઇ જ્ઞાન સર્વથા અપરિણામી થઇ જતું નથી; પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતું નથી-સર્વદા ત્રણેકાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કથંચિત્ કૂટસ્થ કહ્યું છે.)*

**ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી ભાવકર્મનો વિનાશ થાય છે. તેની કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈન્દ્રિયવ્યાપારાતીત-અવ્યાબાધ-અનંતસુખવાળો સદાય રહે છે.**

**એ રીતે આ (અહીં કહ્યો તે), *ભાવકર્મમોક્ષનો *પ્રકાર તથા દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર છે. ૧૫૦-૧૫૧.**

## ગાથા ૧૫૦-૧૫૧ ઉપર પ્રવચન

हेदुमभावे णियमा जायदि णाणिस्स आसवणिरोधो ।
आसवभावेण विणा जायदि कम्मस्स दु णिरोधो ।। १५० ।।
कम्मसाभावेण य सव्वण्हू सव्वलोगदरिसी य ।
पावदि इंदियरहिदं अव्वाबाहं सुहमणंतं ।। १५१ ।।

**હેતુ અભાવે નિયમથી આસ્રવનિરોધન જ્ઞાનીને,**
**આસરવભાવ-અભાવમાં કર્મો તણું રોધન બને; ૧૫૦.**
**કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,**
**ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.**

હવે મોક્ષપદાર્થ. છેલ્લો પદાર્થ રહી ગયો. લ્યો! આઠ પદાર્થની વાત થઈ ગઈ. હવે મોક્ષની છેલ્લી વ્યાખ્યા.

જુઓ! બંધતત્ત્વ, આસ્રવતત્ત્વની વ્યાખ્યા કરી દીધી. હવે મોક્ષતત્ત્વ અને મોક્ષ કેમ થાય તેનું પણ અહીંયાં સ્વરૂપ સાથે કહી દીધું. એની ઓલી કોર ટીકા છે. ટીકા.

**ટીકા :- આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત,** શું કહે છે? બેય સાથે સાથે લ્યે છે ને? ઓલો જડકર્મ જે છૂટી જાય તેનું નામ દ્રવ્યકર્મમોક્ષ કહેવાય. શું કહ્યું? આઠ કર્મ જે છૂટી જાય એ દ્રવ્યકર્મમોક્ષ કહેવાય. એની પર્યાયનો છૂટવાનો કાળ એને છૂટી ગયો તેને દ્રવ્યમોક્ષ કહેવાય જડ. આઠ કે ચાર દ્રવ્યકર્મનું, જેનું ત્યાં છૂટયું એ દ્રવ્યકર્મમોક્ષ કહેવાય, નિમિત્ત જડ. એનું નિમિત્ત **પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન.**

*૨. ભાવકર્મમોક્ષ = ભાવકર્મનું સર્વથા છૂટી જવું તે; ભાવમોક્ષ. (જ્ઞપ્તિક્રિયામાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવો તે ભાવમોક્ષ છે અથવા સર્વજ્ઞ-સર્વદર્શીપણાની અને અનંતાનંદમયપણાની પ્રગટતા તે ભાવમોક્ષ છે.)*
*૩. પ્રકાર = સ્વરૂપ; રીત.*

એ છૂટે છે દ્રવ્યમોક્ષ, ત્યારે જીવ પોતે આત્માના શુધ્ધ આનંદની દૃષ્ટિનો અનુભવ અને શુધ્ધચૈતન્યની રમણતા એવું જે પરમ-સંવરરૂપ નિર્મળપર્યાય એ પરિણમ્યો એ પરમ-સંવરરૂપે ભાવમોક્ષ એ આત્માની પર્યાય. પરમ-સંવરરૂપે મોક્ષની પર્યાય આત્માની પર્યાય. જડનો પર્યાય આઠ કર્મનું છૂટવું એ જડનો પર્યાય. એ દ્રવ્યમોક્ષ કહેવાય, આ ભાવમોક્ષ કહેવાય. ભાવમોક્ષ દ્રવ્યમોક્ષને નિમિત્ત કહેવાય. દ્રવ્યમોક્ષ પણ ભાવમોક્ષને નિમિત્ત (કહેવાય) (બન્ને) પૃથક પૃથક કોઈને કારણે કોઈ છે નહીં.

ફરીને, **આ,** એમ શબ્દ આચાર્યએ વાપર્યો છે ને? એક જ છે ને છેલ્લો, **भावमोक्ष-स्वरुपाख्यानमेतत्** એમ સંસ્કૃતમાં છે ને છેલ્લો શબ્દ. પહેલી લીટી છે સંસ્કૃતમાં. **આ,** છેલ્લો સંસ્કૃત શબ્દ છેલ્લો. આ ગાથામાં શું કહેવું છે કહે છે. કે દ્રવ્યકર્મ જે છૂટે, છૂટવું કહો કે મોક્ષ કહો. દ્રવ્યકર્મનું જડનું છૂટવું તેનો હેતુ નિમિત્ત કોણ? કે પરમ-સંવરરૂપે ભાવમોક્ષ. આત્માના બિલકુલ અજોગ પરિણામ થવા તદ્દન શુધ્ધ. ભાવસ્વરૂપ શુધ્ધ સંવર એ દ્રવ્યકર્મમાં નિમિત્ત. સમજાણું કાંઈ? દ્રવ્ય છૂટવામાં નિમિત્ત. દ્રવ્યકર્મ એને કારણે છૂટયું. ભાવસંવર પૂર્ણ શુધ્ધ સમ્યગ્દર્શનનો પહેલો સંવર થયો. સ્વભાવની દૃષ્ટિ કરીને વિકારને પૃથક અનુભવીને એ સમ્યગ્દર્શન થયું. એની સાથે સમ્યક્ સ્વસંવેદન થયું. એની સાથે સ્વરૂપના આચરણરૂપ ચારિત્ર થયું. એ આચરણ થતાં થતાં થતાં કંપન હતું એ કંપન પણ અટકી ગયું. અજોગ પરિણમન થઈ ગયું.

એ અજોગ પરમ-સંવરરૂપી ભાવમોક્ષની દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ન્યાં ઉજ્જૈનમાં કાંઈ એક બે દિ'માં આવું ન ચાલે. અમુક અમુક વાતો ચાલે. પંડિતજી! કોઈક દિવસ રહેવું ને પહેલે દિ' નહીં? એક વ્યાખ્યાનમાં તો વરસાદ આવ્યો. વ્યાખ્યાન બંધ રહ્યું. આ ફેરે. પછી વળી બે થયા. એમાં કાંઈ આવું માંડે તો ઓલા ત્યાં સમજે શું? સમજવું ઝીણી વાતું હોય તો અમુક જયાં હોય ત્યાં સમજવું. ત્યાં કાંઈ વ્યાખ્યાનમાં અમુક વાત આવે. દાખલા દલીલ કાંઈ માંડ ઓલા. હવે હજારો માણસ હોય ત્યાં આવો દ્રવ્યમોક્ષ ને આવો ભાવમોક્ષ. ઓલો કહે શું કહે છે આ? સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન વીતરાગ પરમાત્માનું મૂળ નવતત્ત્વનું પૃથક સ્વરૂપ કેમ છે તેની વ્યાખ્યા ચાલે છે. ન્યાં તો સાધારણ કહેવાય. આત્મા આત્માના ભાનને સમ્યગ્દર્શન, જ્ઞાનને કરે તો કર્મબંધન ન થાય. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને કરે તો કર્મ બંધન થાય. હવે આ બંધન ને આ ફલાણું એવું બધું ઓલા કરે! સમજાણું કાંઈ? અહીં તો પર્યાયે પર્યાયનો સ્વતંત્ર વિવેક ભિન્ન બતાવવો છે. જડની અને ચૈતન્યની એક એક સમયની પર્યાય બેય ભિન્ન ભિન્ન છે. કોઈને કારણે કોઈ છે જ નહીં. એમ બતાવવું છે. દ્રવ્યમોક્ષ એ જડની પર્યાય છે. આઠ કર્મનું છૂટવું એ જડની પર્યાય છે. સ્વતંત્ર તેના છૂટવાના કાળે છૂટે છે. આત્માએ ભાવસંવર કર્યો માટે તેને છૂટવું પડયું એમ નથી. તેથી તેને ભાવમોક્ષને તો હેતુ કહ્યો છે. ઉપાદાન તો તેનો જ પર્યાય છૂટવાના કાળે છૂટયો છે. તેને નિમિત્ત કોણ? કે પરમ-સંવર અજોગ દશાનું પરિણમન.

પહેલું મિથ્યાત્વ રહિત પરિણમન થયું પછી અવ્રત રહિત થયું પછી પ્રમાદ રહિત થયું પછી કષાય રહિત થયું એટલો સંવર વધતો ગયો. પછી જોગ રહિત થયો અજોગ. પરમ-સંવર થઈ ગયો. સમજાય છે કાંઈ? આ તો છેલ્લી મોક્ષની વાત છે ને? સંવર, નિર્જરાની વ્યાખ્યા તો અંદર આવી ગઈ છે. આ તો પરમ-સંવરરૂપે, ભાઈ! એમ કીધું. ઓહોહોહો! આચાર્ય પણ ટીકાની એક એક વાતને, સંવરની વ્યાખ્યા કરી ગયા છે, નિર્જરાની કરી ગયા છે, આસ્રવની (થઈ ગઈ છે) ત્યારે કહે મોક્ષ શું? **પરમ-સંવરરૂપે ભાવમોક્ષ.** આસ્રવના બિલકુલ અભાવરૂપી નિરોધ અને પૂર્ણ સંવરની પરિણતિનો પર્યાય અસ્તિત્વપણે પ્રાપ્ત તેને ભાવમોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.** એનું શું સ્વરૂપ છે એ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૯, ગાથાઃ-૧૫૦-૧૫૧,
## આસો વદ-૪, રવિવાર, તાઃ-૨૫-૧૦-૬૪

પંચાસ્તિકાય ગાથા-૧૫૦-૧૫૧. મોક્ષપદાર્થની વ્યાખ્યા. મોક્ષપદાર્થ નવપદાર્થમાં મોક્ષ કોને કહેવો. દ્રવ્યમોક્ષ કોને કહેવો અને ભાવમોક્ષ કોને કહેવો. એ બે પર્યાયનું વર્ણન છે. સમજાય છે કાંઈ?

જીવ અને અજીવ બે દ્રવ્ય છે તેની સાત પર્યાયો છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ પર્યાય છે. જે જડ દ્રવ્ય છે તેમાં પણ સાત પ્રકારની પર્યાય જડની છે. એમ કરીને અહીંયાં નવપદાર્થ વર્ણવવામાં આવ્યા છે. તેમાં આ એક મોક્ષપદાર્થનું વ્યાખ્યાન છે. મોક્ષ એક આત્માની નિર્મળ શુધ્ધ પર્યાય છે.

ભાવમોક્ષએ આત્માની શુધ્ધ (પર્યાય છે.) અનંતજ્ઞાન આ તેરમા ગુણસ્થાનની વાત છે, જડ કર્મનો (અઘાતિનો) નાશ પછી કહેશે. ભાવમોક્ષ એ આત્માની શુધ્ધ પરિપૂર્ણ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ જડકર્મના નાશનો જડનો ભાવ હોય છે તેમાં આ ભાવમોક્ષ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? જડની પર્યાયનો મોક્ષ આત્મા કરતો નથી. જડકર્મનો પર્યાય ચાર ઘાતિકર્મનો નાશ આત્મા કરતો નથી. કારણ કે એ તો જડની પર્યાય છે. રાવજીભાઈ! જડની પર્યાય આત્મા કરી શકે? વ્યય કરી શકે નહીં, ઉત્પાદ કરી શકે નહીં. એ તો જડનો પર્યાય છે. પણ જડ ઘાતિકર્મનો વ્યય એના કારણે જેમાં દ્રવ્યમોક્ષ થાય તેમાં જીવનો ભાવમોક્ષ નિમિત્તરૂપે કહેવાય છે. સમજાણું કાંઈ?

દ્રવ્યમોક્ષ એ જડની પર્યાય કર્મરૂપે હતી એ છૂટી જવું તેનું નામ દ્રવ્યમોક્ષ એ પરમાણુની પર્યાય

છે. તેને આત્મા કરતો નથી. પણ તેને નિમિત્તભૂત થાય છે. કોણ? જીવનો પરમ-સંવરરૂપ ભાવમોક્ષની પર્યાય એ ટળે ને આ ટળવાના કારણમાં આનું નિમિત્ત કહેવાય છે. ટળે છે તેને કારણે. સમજાય છે કાંઈ? કોઈની પર્યાય કોઈને આધીન છે જ નહીં. દ્રવ્યની પર્યાય જીવને આધીન કે જીવની પર્યાય કર્મના પર્યાયને આધીન એમ નથી. એમ છે નહીં. તેથી અહીંયાં ભાવમોક્ષ...

**ટીકા. આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત,** દ્રવ્યકર્મ એટલે જડ ચાર ઘાતિકર્મ, તેની ટીકા છે ને? આ, દ્રવ્યકર્મ, અહીંયાં તો સિધ્ધાંત છે. સિધ્ધાંતમાં તો એક એક શબ્દમાં ભાવ ભર્યા હોય છે. એમ કાંઈ આ વાર્તા નથી. સમજાય છે? આ દ્રવ્યકર્મ જે જડ છે તેની પર્યાયનો વ્યય થાય. ઘાતિકર્મરૂપે જે આ ચાર કર્મની પર્યાય છે તેનો વ્યય થાય એ દ્રવ્યકર્મ મોક્ષ કહેવાય. તેના હેતુભૂત તેનું નિમિત્ત. નિમિત્ત એટલે કે જે થાય તેને નિમિત્ત કહેવાય. નિમિત્તથી ત્યાં થાય તો તેને નિમિત્ત કહેવાય નહીં. સમજાણું કાંઈ?

ઘાતિકર્મ ચાર તેનો ઉત્પાદરૂપ પર્યાય જે કર્મરૂપે જડમાં છે, તે કર્મના પર્યાયનો તેને વ્યયનો કાળ છે, નાશનો. ઘાતિપર્યાયના ઉત્પાદનો જે ભાવ તેના નાશનો કાળ છે. એટલે કે અકર્મરૂપે પરિણમવું. કર્મરૂપે પર્યાય ઘાતિની છે એ અક્રમરૂપે પર્યાય થાય તેનું નામ ઘાતિકર્મનો મોક્ષ થયો અથવા દ્રવ્યમોક્ષ થયો એમ કહેવામાં આવે છે. તેને હેતુભૂત તેનું નિમિત્ત તેનો કર્તા નહીં. જડકર્મની પર્યાય ઘાતિનો નાશ વ્યયનો તેના કાળમાં જીવનો પરમ-સંવરરૂપ શુધ્ધ પર્યાય નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ આમાં?

હવે એ **પરમ-સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.** ત્યાં પહેલું ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે. હવે ભાવમોક્ષ કોને કહેવો એ વાત જરા ઝીણી પડશે એ પછી લેશે. પહેલાં સાધારણ વાત લ્યે છે. જુઓ! **આસ્રવનો હેતુ,** નવા રજકણો આવે તેનું નિમિત્ત આસ્રવ એટલે નવા રજકણો આવે તેના કારણે. એ આસ્રવ જડ તેનો હેતુ એટલે નિમિત્ત **ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે.** સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાના સ્વરૂપને પોતે ભૂલીને, પોતાના સ્વરૂપને પોતે ભૂલીને મિથ્યાત્વભાવ કરે અને રાગ-દ્વેષભાવ કરે એ જીવનો ભાવ જીવની પર્યાયમાં તેના અસ્તિત્વમાં છે. એ આસ્રવનો હેતુ હતો. નવા રજકણો ઘાતિકર્મના આવે તેનો આ નિમિત્ત હેતુ હતો. એ આસ્રવનો હેતુ નવા રજકણ તો તેને કારણે આવવાની લાયકાતથી આવતા. તેનો હેતુ નિમિત્ત જીવનો મોહરાગદ્વેષરૂપભાવ મોહ શબ્દે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ શબ્દે ચારિત્ર દોષ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના વિકારી અરૂપી જીવની પર્યાયના દોષરૂપીભાવ એ જડકર્મને આવવાના કાળની તેની યોગ્યતાથી આવતા તેમાં આ હેતુ મોહ ને રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત હતા. તે જ્ઞાનીને તેનો અભાવ થાય છે. આ વાત પહેલી સિધ્ધ કરે છે.

જ્ઞાનીને એટલે આત્મા અખંડ જ્ઞાન ચૈતન્ય દ્રવ્યસ્વભાવ પૂર્ણ. જ્ઞાનીની દૃષ્ટિ સંયોગથી હટી જાય

છે. પુણ્ય-પાપના વિકલ્પના અસ્તિત્વમાંથી હટી જાય છે. વર્તમાન અલ્પજ્ઞ, અલ્પદૃષ્ટિ, અલ્પવીર્યના વિકાસવાળો ભાવ તેનાથી દૃષ્ટિ હટી જાય છે. દૃષ્ટિ પૂર્ણ જ્ઞાયક ઉપર જાય છે. એ પૂર્ણ જ્ઞાયક ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. મિથ્યાત્વના ભાવનો વ્યય થાય છે. સમજાણું કાંઈ?

એ અભાવ પહેલો મિથ્યાત્વનો કહ્યો, બીજો રાગ-દ્વેષનો. જ્ઞાનીને સ્વરૂપની દૃષ્ટિના ભાવે મિથ્યાત્વનો નાશ થયો વ્યય અને સામે દર્શનમોહનો નાશ થયો તેને કારણે. કર્મને કારણે. અહીં નાશ કર્યો માટે ત્યાં નાશ થવું પડયું તેમ નહીં. એ કર્મ જ તેને એ વખતે દર્શનમોહના નાશના પાકનો કાળ હતો તેને કારણે દ્રવ્ય દર્શનમોહ પરમાણુ નાશ થયા. અહીંયાં જીવે મિથ્યાત્વને નાશ કર્યો એટલે મિથ્યાત્વનો નાશ કરું એમ નહીં. પણ જ્ઞાયક ચૈતન્ય પરિપૂર્ણ સ્વભાવ છે તેની દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો ઉત્પત્તિભાવ થાતો નથી. તેને મિથ્યાત્વનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

તો કહે છે, કે આસ્રવનો હેતુ ઘાતિકર્મના રજકણો જે આવે છે એનું નિમિત્ત **ખરેખર** એમ કીધું છે ને? ખરેખર નિમિત્ત **જીવનો મોહરાગદ્વેષરૂપભાવ છે.** આત્માનો આત્માની પર્યાયમાં ઉત્પન્ન થતો મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો અરૂપી વિકાર ઉદયભાવ છે. એ જીવની પર્યાયનો ભાવ, ઉદયભાવ તે નવા કર્મ આવવાનો હેતુ હતો. નવા કર્મ આવવાનું નિમિત્ત હતું. એ જ્ઞાનીને તેનો અભાવ થાય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાનીને પહેલું દર્શનશુદ્ધિ થતાં ચૈતન્ય સ્વસંવેદનજ્ઞાન જાણતાં આત્મા પરથી, વિકલ્પથી, રાગથી નિરાળો એવા પરમઆતમના પરમસ્વભાવના માહાત્મ્યની મહિમામાં દૃષ્ટિ જતાં સ્વભાવમાં દૃષ્ટિ ઠરે છે. ત્યારે તેને મિથ્યાત્વની પર્યાયનો વ્યય થાય એટલે કે ઉત્પાદ થતો નથી. તેના પ્રમાણમાં દર્શનના મોહનો નાશ તેને દર્શનના મોહને કારણે થાય છે. તેવો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે.

અહીંયાં બીજી વાત જ્ઞાનીને રાગ-દ્વેષનો નાશ થાય છે. એટલે કે જે સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વદ્રવ્ય તેવી દૃષ્ટિ થઈ હતી તેમાં વિશેષે લીન થતાં, રાગ-દ્વેષનો ભાવ ઉત્પન્ન થતો નથી એને રાગ-દ્વેષનો નાશ થાય છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એટલે **જ્ઞાનીને તેનો,** તેનો એટલે મોહરાગદ્વેષરૂપભાવનો **અભાવ થાય છે.** કઈ રીતે અભાવ થાય છે એ આ વિધિ કીધી. સમજાણું કાંઈ?

**તેનો અભાવ થતાં,** આત્મામાં સમ્યગ્દર્શન અને વીતરાગપરિણતિ થતાં મોહ અને રાગ-દ્વેષનો અભાવ થતાં આસ્રવના નવા કર્મનું આવવું અટકી જાય છે. નવા કર્મનું આવવું અટકી જતાં કર્મનો અભાવ થાય છે. જીવમાં કર્મ રહેતું નથી. કર્મનો અભાવ થવાથી, કર્મનો અભાવ થવાથી એ નિમિત્તથી વાત કરી હોં! સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું આત્મામાં આત્માની પર્યાયમાં આત્માના પુરુષાર્થથી થાય છે. ધર્મનો અભાવ થવાથી એ તો નિમિત્ત લીધું. ભાઈ! હવે ન્યાંથી ઉપાડે છે, જુઓ! કર્મનો અભાવ થયો માટે. હવે એ તો અહીં નિમિત્ત-નિમિત્તની વાત કરે છે. એની શૈલી છે. છે ને સમયસારની ગાથા. છે ને આમાં લખ્યું છે. સમયસાર ગાથા ૧૯૧. સમજાય છે કાંઈ? સંવરની ગાથામાં છેલ્લે આવે છે. બે

ગાથા આવે છે.

પણ અહીંયાં તો નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે. ઓલા કહે છે કે કર્મનો અભાવ થાય તો કેવળજ્ઞાન થાય એમ કેમ તમે લેતા નથી. પણ કેવળજ્ઞાન થાય તો કર્મનો અભાવ થાય. એ એમ જ છે. પણ ખરેખર તો એમ પણ નથી. કેવળજ્ઞાન આત્મા પોતાના સ્વભાવને અવલંબે ઉત્પન્ન કરે ત્યારે ઘાતિકર્મનો નાશ તેને થવાનો કાળ એનો કાર્યકાળ છે એટલે નાશ થાય છે. આણે કેવળજ્ઞાન કર્યું માટે ઘાતિકર્મનો નાશ થાય એમ નથી. એમ હોય તો કેવળજ્ઞાન કર્તા અને ઘાતિકર્મનો નાશ એ કાર્ય થાય છે. એમ હોય શકે નહીં. રાવજીભાઈ! સમજાય છે કાંઈ? પંડિતજી! સૂક્ષ્મ વાત છે. એમ ને એમ લોકો વાંચ્યે જાય. અને પાછા આ કર્યા અને આ કર્યા. પ્રભુ! અરે! આ તો મહાસિધ્ધાંત છે. વસ્તુના વાસ્તવિક સ્વરૂપને સિધ્ધ કરવા માટે આ સિધ્ધાંતો છે.

આત્મા પોતાના પુરુષાર્થથી કહ્યું ને પહેલું? કે આસ્રવનો અભાવ પોતે કર્યો. અહીં કીધું ને? જ્ઞાનીને એનો અભાવ થાય એ પોતાને કારણે થયો પહેલો. ઓલો રાગ-દ્વેષ ને મોહ. **તેનો અભાવ થતાં આસ્રવનો અભાવ થાય છે.** ન આવ્યો. ન આવ્યો એટલે? આવવાના હતા ને ન આવ્યા, એમ નથી. એ અભાવ થતાં આસ્રવનો અભાવ એટલે ત્યારે તેને રજકણને આવવાને લાયક હતા નહીં. આહાહા! સમજાય છે કાંઈ? પંડિતજી! આ શબ્દે શબ્દમાં ફેર છે.

પહેલાં તો એમ કહ્યું કે **આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ છે**. પહેલું અહીંથી લીધું છે. ત્યારે **તેનો અભાવ થતાં,** હવે એ નિમિત્ત કહ્યું. **આસ્રવભાવનો અભાવ થાય છે.** એટલે કે રજકણોનું આવવું થતું નથી. આવવું થતું નથી એટલે આવવાને લાયક હતા જ નહીં. રજકણો આવવાના હતા ને આણે રાગ-દ્વેષનો અભાવ કર્યો માટે આવતાં તેને અટકાવ્યા તેમ નથી. રાવજીભાઈ! બહુ સમજવાની (વાત છે). અહીંયાં આખી પર્યાયની સ્વતંત્રતા બતાવે છે. એક બીજાનું નિમિત્ત-નૈમિત્તિકપણું બતાવતાં કર્તા-કાર્યપણું નહીં. નિમિત્ત-નૈમિત્તિક બતાવતાં કર્તા-કાર્ય નહીં. નહીંતર આત્માએ મોહ, રાગ-દ્વેષનો નાશ કર્યો માટે કર્મ આવતાં અટકયા. આવતાં હતાં તે અટકયા. તો અહીં રાગ-દ્વેષમોહનો અભાવ એ કર્તા થયો અને કર્મનું આવવું અટકાવવું એ આનું કાર્ય થયું. એમ છે નહીં. ઓહોહો!

અહીં તો કહે છે. આત્માએ નવા આવરણનો હેતુ રાગ-દ્વેષ ને મોહ હતો તે નિમિત્ત હતું. તે આવતા હતા તેને કારણે. અહીં આત્માએ પોતે જ્ઞાનસ્વભાવનું ભાન કરી અને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. સ્વરૂપમાં સ્થિરતા કરીને ચારિત્રની વીતરાગતા પ્રગટ કરી. એવો મોહરાગદ્વેષનો અભાવ થવાથી આસ્રવ એટલે નવા રજકણો આવવાના નહોતા તેનો અભાવ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આસ્રવભાવનો અભાવ થતાં એ આવવાનો અભાવ થતાં હવે કર્મ ન થયા. એમ. એ કર્મ હવે અંદર નથી.

એ રજકણો આવ્યા નહીં એને કારણે એટલે કર્મરૂપે રહ્યા નહીં.

એ **કર્મનો અભાવ થાય છે.** કર્મનો અભાવ થવાથી એટલે તેમાં કર્મરૂપી પર્યાય રહી નહીં ત્યારે આત્માએ પોતે જે મોહરાગદ્વેષનો નાશ કર્યો છે એવી દશામાં તેને સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વભાવની અંતરદષ્ટિ ચિદ્દાનંદની દષ્ટિ કરતાં, અનુભવ થતાં સમ્યગ્દર્શન થાય છે, દર્શનમોહ એને કારણે ટળી જાય છે. ઓલાને કારણે આને કારણે નહીં. આ તો નિમિત્ત છે. નિમિત્ત છે એટલે આને કારણે ટળ્યા તો આ કર્તા અને આ કાર્ય એમ નથી. એને કારણે ટળવાની લાયકાતથી ટળ્યા છે. રાગ-દ્વેષનો ઉત્પત્તિ ભાવ જીવે વીતરાગ અંતરસ્વભાવમાં ઠરતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થયાં નહીં (તેથી) તેનો નાશ કર્યો એમ કહેવાય.

તેથી ચારિત્રમોહના રજકણો નાશ કર્યા, આવવાના હતા તે ન આવ્યા એમ કહેવામાં આવે છે. તે ક્ષણમાં કર્મરૂપી દશા રહી નહીં. આસ્રવ ન આવે એટલે કર્મરૂપીદશા રહી નહીં. કર્મનો અભાવ થતો આત્માએ પોતાના સ્વભાવ સન્મુખની ઉગ્ર એકાગ્રતાથી સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? **સર્વજ્ઞપણું,** ભગવાનઆત્માના ચૈતન્યપદમાં જે સર્વજ્ઞશક્તિ હતી, આત્માના અંદર ધ્રુવપદમાં સર્વજ્ઞશક્તિ હતી. ધ્રુવમાં સર્વજ્ઞશક્તિ હતી. તેને એકાગ્રતાથી વ્યકતરૂપે સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ. સમજાણું કાંઈ?

એમ **સર્વદર્શીપણું,** ભગવાનઆત્મામાં સર્વદર્શીશક્તિ ધ્રુવરૂપે, ગુણરૂપે હતી તેમ મોહ અને રાગ-દ્વેષનો નાશ થતાં તેમાં એકાગ્ર થતાં તે સર્વદર્શીપણું શક્તિમાં હતું તે વ્યકતપણે પ્રગટ થયું છે. સમજાણું કાંઈ? પંડિતજી! આ પંચાસ્તિકાય, સમયસાર બધા શાસ્ત્ર એવા છે, બહુ જ ગૂઢ છે. એમ પોતાની કલ્પનાથી વાંચી જાય અને અર્થ કરે, આનો શું આમ સમજે, એ વાત બહુ ગૂઢ છે. રાવજીભાઈ! લાગે છે કે નહીં? આ તમારા જેવાએ તો બહુ જ ઘ્યાન રાખીને આ બધું સમજવું પડશે. સમજાણું આમાં? બાળકોને પછી ઈ જાતનું તમે શીખ્યા હો તેવું બાળકોને શીખડાવો. કેમ પંડિતજી! ત્યાં વ્યવસ્થાપક છે ને? કારંજામાં વ્યવસ્થાપક છે. કહે છે, પોતાની પર્યાયના વ્યવસ્થાપક જીવ છે. પરના વ્યવસ્થાપક કહેવું તે નિમિત્તનું કથન છે. એ તો અહીંયાં ચાલે છે. આહાહા!

કહે છે ભગવાનઆત્માએ પોતાના મહાન ચૈતન્યપ્રભુ પ્રભુત્વશક્તિ જે આત્મામાં હતી, સર્વજ્ઞ, સર્વદર્શીશક્તિ હતી, ઈન્દ્રિયાતીત અતીન્દ્રિયપણાનો સ્વભાવ આત્મામાં હતો. તેના અવલંબે તેમાં એકાગ્ર થઈને તેણે સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું પર્યાયમાં પ્રગટ કર્યું. આ સર્વજ્ઞ, સર્વદર્શી પર્યાય છે. ગુણ નથી. અને **અવ્યાબાધ,** એ પણ પર્યાય છે. પર્યાયમાં કોઈ વિઘ્ન ન રહ્યું, બાધા પીડા ન રહી એવી પર્યાય પ્રગટ કરી. ભગવાનઆત્માએ પોતાના સ્વતંત્ર આશ્રયથી સ્વભાવના આશ્રયથી આ પર્યાય પ્રગટ કરી.

**ઇન્દ્રિયવ્યાપારાતીત,** પહેલો ઇન્દ્રિયના લક્ષે વ્યાપાર હતો તે છૂટી ગયો. એ ઇન્દ્રિયવ્યાપારાતીત–ઇન્દ્રિયવ્યાપાર રહિત એટલે કે અતીન્દ્રિયવ્યાપાર સહિત અતીન્દ્રિયપર્યાયનું પરિણમન થયું. ઇન્દ્રિયના નિમિત્તમાં અથવા ભાવ ખંડ ખંડ ઇન્દ્રિય હતી. એના લક્ષે વ્યાપાર હતો એ જ્ઞાયકના પૂર્ણ આશ્રયથી ઇન્દ્રિયવ્યાપારના ભાવઇન્દ્રિયના ખંડ ખંડનો વ્યાપાર છૂટી ગયો. **અનંતસુખ થાય છે.** ઓહોહો!

ભગવાનઆત્મામાં એક સુખ નામની શકિત છે. ગુણ છે, સ્વભાવ છે. તે વ્યકતપણે અનંતસુખ પ્રગટ થાય છે. તેને ભાવમોક્ષ કહેવામાં આવે છે. એને જીવન્મુક્તદશા કહેવામાં આવે છે. દેહાદિનું આયુષ્ય હોવા છતાં જીવન્મુક્ત થઇ ગયું. આ જીવન જીવનું. કહો, લોકો કહે છે ને ભગવાનનો આદેશ છે. જીવો અને જીવવા દો. ભગવાને એવું કોઇ દિ' કહ્યું નથી. બીજાને કોણ જીવાડે? એમ ભગવાન કહે? એ રાવજીભાઇ! બીજાની આયુષ્યની પર્યાયે જીવે એને જીવવા દો. પણ જીવવા દો કે ન (જીવવા) દો એમાં બીજાના અધિકારની વાત કયાં છે? એ અંગ્રેજોનું કથન લઇને માળા અહીં પડયા છે.

અહીં તો જીવન્મુકતદશાથી જીવ અને નહીંતર જીવન્મુકત મારો સ્વભાવ છે એમ પ્રતીતિ (તે) જીવ. એવી પ્રતીતિથી જીવ. હું એક જીવન્મુકત પરમાત્મા શુધ્ધ પરમાનંદ સ્વરૂપ છું. મારામાં અલ્પજ્ઞ ને રાગાદિ તો પર્યાયદષ્ટિએ વસ્તુમાં છે નહીં. એવી વસ્તુની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન કરવું એ જીવન્મુકત થવાના પ્રતીતથી જીવી રહ્યો છે. સમજાય છે કાંઇ? અને એ જયારે આ જીવન્મુકતદશા થઇ ત્યારે તો ખાસ એનું જે જીવન હતું તે પ્રગટ થયું. સમજાય છે કાંઇ?

**તે આ જીવન્મુકિત નામનો ભાવમોક્ષ છે.** તે આ જીવન્મુક્તિ નામનો, પર્યાયમાં જીવન્મુકિત નામનો એનું જીવન્મુકતદશા આયુષ્ય હોવા છતાં તે અંદર મુકત થઇ ગયો છે. ભાવના વિકારભાવથી છૂટી ગયો છે. અને ભાવમોક્ષદશા પ્રગટ થઇ ગઇ છે. તેને અહીંયાં જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ એમ કીધું. નીચે (ફૂટનોટમાં) છે ને? **જીવન્મુક્તિ = જીવતાં મુકિત, દેહ હોવા છતાં મુકિત.** લ્યો! સમજાણું કાંઇ?

એ તો નિમિત્તથી કથન છે. ખ્યાલમાં છે. ભાવમુકિત એને વળી દેહ હોવા છતાં, ભાઇ! ભાવમુક્તિ કહેવી છે ને વળી અહીં દેહ સહિત મુક્તિ! નિમિત્તની અપેક્ષાથી વર્ણન છે. બાકી જીવનનું જીવ એ રાગ-દ્વેષના ક્રમે ક્રમે કામ કરતું અટકયું એ જીવનું જીવન ભાવમુક્તિમાં જીવે છે. પૂર્ણ સ્વભાવની એકતા થઇ ગઇ. એ કહેશે હમણાં.

**તે આ જીવન્મુકિત નામનો ભાવમોક્ષ છે. કઇ રીતે? એમ પ્રશ્ન કરવામાં આવે તો,** હવે આચાર્યદેવ કેવી શૈલી લ્યે છે. કે જેને આ સમજવાની જિજ્ઞાસા હોય તેને અમે કહીએ છીએ. વેઠ તરીકે વાત સાંભળે તેને અમારું કથન નથી. પ્રશ્ન ઉઠાવ્યો છે. આચાર્યમહારાજ અમૃતચંદ્રઆચાર્ય. એ

જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ છે, છે. પર્યાય છે. કઇ રીતે? એમ પ્રશ્ન કરવામાં આવે. એમ તને જિજ્ઞાસા જો થાય એમ શિષ્યને કહે છે. તો અમે જિજ્ઞાસાવંતને, આ વાત સમજાવવામાં આવે છે.

મુમુક્ષુ :- આત્માની વાત વેઠ તરીકે સાંભળે છે?

ઉત્તર :- હા, બધા ઘણા વેઠ તરીકે શું? ચાલો ગામમાં છે તો સાંભળીએ. કીધું નહોતું ત્યાં? હમણાં ઘણા દિ' પહેલાં નહોતું થયું? અહીં સજ્ઝાય થાતી હતી. ત્યાં નોખું (જુદું) કરતાં હતા. પચાસ એકાવન નીકળ્યા. શું એની કાંઇ દરકાર? સમજાણું કાંઇ? અહીં તો તમને હોય એવો તરત જવાબ આવ્યો. કેટલાક તો એમ કહે ચાલો આપણે ટાઇમ છે તો ટાઇમસર સાંભળવું. કલાક પૂરો કરવો. ઘરે બેઠા શું છે? ચાલો ત્યાં જઇએ. એ બધા વેઠથી સાંભળનારની અહીં વાત નથી. ઉત્સાહથી જેને (સાંભળવું હોય) મહારાજ!

આ જુઓ! અમૃતચંદ્રઆચાર્યએ પ્રશ્ન (કેવો મુકયો છે?) જીવન્મુકત નામનો ભાવમોક્ષ એ શું? એમ જેને જાણવાની ઇચ્છા થાય. **એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છે.** સંસ્કૃતમાં છે. આ સંસ્કૃત ટીકાની અંદર છે. સમજાય છે? **कथमिति चेत्** એમ શબ્દ છે. **कथमिति चेत्** શું છે આ પ્રભુ! આ જીવન્મુકત નામનો ભાવમોક્ષ શું છે? શું છે? એ કેમ છે? જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ ઇ શું છે? એ પર્યાયનું શું સ્વરૂપ છે? એમ જો તને જિજ્ઞાસા થાય તેને ઉત્તર કહેવામાં આવે છે. છે ને? રાવજીભાઇ! સંસ્કૃતમાં છે. **कथमिति चेत्** એનો આ અર્થ છે.

આ તો અમૃતચંદ્રઆચાર્ય આહાહા! કેવળીના પેટ ખોલીને મુકયા છે. સમજાણું? કુંદકુંદઆચાર્યની ગાથામાં જે ગર્ભ ભર્યો છે ગર્ભ. સત્વ. એને ટીકા દ્વારા, તર્ક દ્વારા આમાં સ્પષ્ટીકરણ કર્યું છે. આમાં એમ કહીએ છીએ. સાધારણ મોક્ષ સાંભળવા આવ્યો હોય એમ નહીં. એ પ્રભુ! જીવન્મુકત ભાવમોક્ષ પર્યાય એટલે શું? એ ભાવમુક્તિ એવો જીવન્મુકત ભાવમુક્તિ એટલે શું? ભાવથી મુકત થા એ શું? એ વળી ભાવ શું અને મુકત થવું ભાવમાં? એ શું? સમજાય છે કાંઇ?

**તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છે. અહીં જે 'ભાવ' વિવક્ષિત છે,** ભાવમોક્ષ કીધો ને? ભાવમોક્ષ, હવે જે ભાવ કીધો તેની પહેલી વ્યાખ્યા કરે છે. અહીંયાં જે ભાવમોક્ષ જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ છે, અહીં જે ભાવ વિવક્ષિત, ભાવ હો, ભાવમોક્ષ એનો જે ભાવ. એ વિવક્ષિત એટલે કહેવા માગે છે તે. જુઓ! ભાવ છૂટે છે શેનાથી? કે જેને ભાવમોક્ષ કહીએ. **કર્માવૃત (કર્મથી અવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ છે.** જુઓ! આ ભાવ મુકતપણાને પામે છે. કેવા ભાવથી? જ્ઞપ્તિક્રિયાના ભાવથી છૂટે છે. આવી જ્ઞપ્તિક્રિયાના અશુદ્ધભાવ જે આ ભાવ છે, જ્ઞપ્તિક્રિયારૂપભાવ એ ભાવથી છૂટીને એકલો નિર્મળભાવ થાય છે એને ભાવમોક્ષ કહેવામાં આવે છે.

ફરીને, **અહીં જે ભાવ વિવક્ષિત છે,** કહેવા ધારેલો છે તે તો કર્મથી અવરાયેલું નિમિત્ત

ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયા એ તો સાધારણ ભાવની વ્યાખ્યા કરી. એ ભાવ ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિ જાણવારૂપ ક્રિયા. ક્રમે ક્રમે પ્રવર્તતી એવો જે ભાવ તે ખરેખર સંસારીને અશુધ્ધ છે એમ સિધ્ધ કરવું છે. એમ ભાવ પહેલો. અને તે અશુધ્ધપણાથી છૂટે છે તેવો ભાવ તેને ભાવમોક્ષ કહે છે. સમજાણું કાંઇ? જુઓ! ખુબી કેવી છે! કર્મથી છૂટે છે એમ નથી લીધું. ભાઇ! અહીં તો હજી આ ભાવ અનાદિ કર્મના નિમિત્તના સંબંધમાં પોતાનો જ્ઞપ્તિક્રિયારૂપ જાણવાની ક્રમે ક્રમે ક્રમે ક્રમે ક્રમે ક્રમે ક્રમે ક્રમે જાણવાની ક્રિયાનો અશુધ્ધભાવ એ છૂટે છે ત્યારે ભાવમોક્ષ થાય છે. સમજાણું કાંઇ?

છૂટે છે એટલે? જીવ પોતામાં એકાગ્ર થાય છે ત્યારે અશુધ્ધ જે જ્ઞપ્તિક્રિયાનો ક્રમે ક્રમે થતો ભાવ ટળી જાય છે. આમ સ્વભાવ તરફની એકાગ્રતા થતાં ક્રમે ક્રમે જે જ્ઞાનમાં જાણવાનો અશુધ્ધભાવ છે તે સ્વભાવ તરફ એકાગ્ર થતાં તે ભાવ ઉત્પન્ન થતો નથી. એ થતો નથી તેનો નાશ કરીને તે ભાવ નિર્મળપણાને પામે છે તેનું નામ જીવન્મુક્તિ નામનો ભાવમોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ?

**ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે.** તે ક્રમે પ્રવર્તતી જાણવાની ક્રિયા ક્રમે પ્રવર્તે છે ને એ જ દોષ છે. **ખરેખર સંસારીને અનાદિકાળથી** હોં! **મોહનીયકર્મના ઉદયને અનુસરતી પરિણતિ,** અનાદિકાળથી મોહનીયકર્મનો ઉદય જડ પણ તેને અનુસરતી પરિણતિ કરનારો જીવ. ત્યાં પણ નિમિત્ત નિમિત્ત સંબંધ કીધો. કરાવનાર એમ નહીં. મોહનીયકર્મનો ઉદય એ આને જ્ઞપ્તિક્રિયા ક્રમે કરાવે એમ નહીં. સમજાણું કાંઇ? જાણવાની ક્રિયા ક્રમે ક્રમે થાય એ અશુધ્ધ છે, દોષ છે. એ કર્મના ઉદયને લઇને કાર્ય છે એમ નહીં. પણ અનાદિકાળથી મોહનીયકર્મના ઉદયને, બસ ત્યાં એટલી વાત. અનુસરતી પરિણતિ, એ જીવનો સ્વતંત્રભાવ. નિમિત્તને અનુસરતો ક્રમે ક્રમે પ્રવર્તતી ક્રિયાનો જ્ઞપ્તિનો ભાવ એ જીવનો કરેલો, જીવની પર્યાયમાં, જીવના દોષથી થયેલો. કર્મથી નહીં. સમજાણું કાંઇ? પુસ્તક-પુસ્તક રાખ્યા છે કે નહીં? પ્રેમચંદજી! પુસ્તક છે? રાખો તો ખબર પડે નહીંતર ઝોલા આવે એવું છે આમાં. એક એક શબ્દમાં જયાં છે વાત. ભલે ગુજરાતી છે પણ તેમાં ન સમજાય એમ કાઢી નાખવું. હળવે હળવે ગુજરાતીના શબ્દોમાં... પહેલું એમ હોય કે આપણને ગુજરાતી સમજાય નહીં. થઇ રહ્યું, અટકે ત્યાં. પછી ચોપડી ન હોય સામે એટલે કયા શબ્દનો અર્થ છે એટલે પછી ભાવ ફર્યા વિના રહે નહીં. સમજાણું કાંઇ?

**ખરેખર સંસારીને, અનાદિકાળથી મોહનીયકર્મનો ઉદય,** નિમિત્ત તેને **અનુસરતી પરિણતિ** કરેલી જીવે અશુધ્ધ છે. જીવની પર્યાયમાં એ અશુધ્ધ જીવે કરેલી છે. સમજાય છે કાંઇ? અહીંયાં તો સમય સમયનો પર્યાય સ્વતંત્ર સિધ્ધ કરે છે. મોહકર્મનો ઉદય પાક જડ છે તેની પર્યાયમાં જડમાં. તેને લઇને આત્મામાં અશુધ્ધજ્ઞપ્તિની ક્રિયાનો ભાવ એમ નહીં. પણ સ્વભાવને અનુસરતુ નથી અને નિમિત્તને અનુસરીને જ્ઞપ્તિ જાણવાની ક્રિયા ક્રમે ક્રમે કરવાનો ભાવ એ જીવના અસ્તિત્વમાં અશુધ્ધભાવ છે.

ઓહોહો! સમજાણું કાંઇ?

અહીં જે ભાવ કહેવા માંગીએ છીએ તે ભાવ કર્માવૃત પછી અંદર એ ભાવની મુક્તિ કહેવી છે ને? ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિરૂપક્રિયા, ક્રમે ક્રમે થતી જાણવાની ક્રિયા ક્રમે ક્રમે થતી જાણવાની ક્રિયા. સ્વભાવ તો અક્રમે જાણવાનો સ્વભાવ થવો જોઇએ. એને ઠેકાણે ક્રમે ક્રમે જાણવાની ક્રિયા એ સંસારીને અનાદિકાળથી નિગોદથી માંડીને. અનાદિથી કેમ લીધું? નિત્યનિગોદથી માંડીને, એકેન્દ્રિયથી માંડીને. કર્મને લઇને નહીં. એમ ત્યાં કીધું. કર્મના નિમિત્તની પર્યાયને જીવ અનુસરતો કરે કામ માટે તેને દોષ થાય છે. એ આમાં ભેગી નિગોદની વાત પણ છે. કોઇ કહે કે નિગોદના જીવને કર્મનું જોર છે માટે તેની પર્યાયમાં મલીનતા છે અને નિગોદમાં રહેવું પડે છે. બિલકુલ જૂઠ વાત! સમજાણું કાંઇ?

આચાર્યદેવ પોકાર કરે છે કે સંસારી જીવ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય એ અનાદિકાળથી મોહનીયકર્મનો ઉદય પાક નિમિત્ત જડની પર્યાય તેને અનુસરતો પર્યાય કરે છે નિગોદથી માંડીને જીવ. સ્વભાવને અનુસરીને કરતો નથી. નિમિત્તને અનુસરીને કરનારો તેનો પોતાનો દોષ છે. કર્મનો દોષ જરાપણ નથી. નિગોદમાં રહ્યો નિત્યનિગોદમાં કર્મનું જોર છે અને મનવાળો થાય ત્યારે કર્મ ઘટે ત્યારે આત્માનું જોર થાય તેમ નથી.

એમ કહે છે ને કે મન આવ્યું તો આત્માનો પુરુષાર્થ કામ કરે. મન વિનાના પ્રાણીને તો કર્મનું જોર છે તો ચાલ્યા જાય છે બિચારા! એમ છે નહીં. અનાદિકાળના નિગોદથી માંડીને જીવ પોતાના સ્વભાવને અસ્તિપણે અનુસરતો નથી કર્મના લક્ષને અનુસરતી પરિણતિ ક્રમે ક્રમે જાણવાની ક્રિયા કરતો જીવ અશુધ્ધ પોતાને કારણે છે. સમજાણું કાંઇ?

મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી સાધુ નિગોદમાં હો કે નવમી ગ્રૈવેયકે ગયો. સમજાણું કાંઇ? નવમી ગ્રૈવેયકે ગયો ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. તોપણ કોઇ અપરાધ કર્મનો નથી. કર્મનો અપરાધ તેમાં નથી. અપરાધ તેની પોતાની પર્યાયનો નિજ અપરાધ છે. રાવજીભાઇ! આહાહા! અરે! નવપદાર્થ જેમ છે તેમ પણ જેના જાણવામાં સ્વતંત્રપણે ન આવે, એને આખું અવ્યકત ચૈતન્યદ્રવ્ય જે પ્રગટ નથી તેની સ્વતંત્રતાની પ્રતીતિ કયાંથી થાય? સમજાણું કાંઇ?

નવતત્ત્વો, નવપદાર્થ. નવપદાર્થની વ્યાખ્યા ચાલે છે. ભિન્ન ભિન્ન સ્વતંત્ર સ્વતંત્ર સ્વતંત્ર. એ જીવ કર્મના પર્યાયનો ઉદય સ્વતંત્ર કર્મનો. જીવ પોતાને ભૂલીને ક્રમે ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિ જાણવાની ક્રિયા કરે તે અશુધ્ધ એ જીવ કરવાને સ્વતંત્ર. સમજાણું કાંઇ? હેમભાઇ! ઓલું પૂછે છે ને?**કથમિતિ ચેત્** પ્રભુ! તમે આપ કયા ભાવનો મોક્ષ કહો છો? કયો ભાવ ને શું છૂટે ને શું કહો છો? જીવન્મુકત નામનો ભાવમોક્ષ. પ્રભુ! એ વળી ભાવમોક્ષ એટલે શું? કયો ભાવ મુકિતપણાને પામ્યો? ત્યારે કહે કે આવો

પહેલો ભાવ જે ક્રમે પ્રવર્તતો છે તેને સ્વભાવને અવલંબે અક્રમે પ્રવર્તતો કરે છે તે ક્રમે પ્રવર્તતો ભાવ છૂટી જાય છે. વલ્લભદાસભાઈ! લ્યો તાકડે આ ઝીણું આવ્યું. રવિવારે આવે ત્યારે આવું આવે. લ્યો! સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્માના જ્ઞાનમાં આવ્યું. એવી વાણી આવી. એવું સંતોએ જ્ઞાન સહિત ચારિત્રમાં અનુભવ્યું. અને એ જ્યારે અનુભવીને જે વાત હતી તેનો એક વિકલ્પ ઉપકાર માટે આવ્યો. તે વિકલ્પના જ્ઞાતા છે. એ વાણીને કારણે આ શાસ્ત્રની વાણી રચાય ગઈ, જડની પર્યાયથી. સમજાણું કાંઈ? એનું વાચ્ય શું કહે છે? આ તો વાચક શબ્દો છે. શબ્દો છે. એનું વાચ્ય શું ભાવ?

શિષ્યએ પૂછયું પ્રભુ! જીવન્મુક્ત નામનો ભાવમોક્ષ એ ભાવ શું? અને તેની મુક્તિ શું? તો કહે છે, પ્રભુ! આ આત્મા અનાદિકાળથી જે કર્મના નિમિત્તને અનુસરતી જાણવાની ક્રિયામાં ખંડ ખંડ કરતો, ક્રમે ક્રમે જાણતો, અશુધ્ધપણું જે જાણવાની ક્રિયામાં ઊભુ કર્યું છે તેને અમે ભાવ મલિન કહીએ છીએ. સમજાણું કાંઈ? ડોકટર! બહુ ઝીણું છે આ, હોં! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ દેવાધિદેવ તીર્થંકર જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જણાણા. એ ભગવાનના મુખે વાણી નીકળી વાણીને કારણે હોં! ભગવાન વાણીના કર્તા નહીં. દિવ્યધ્વનિ તો જડની પર્યાય છે. જડની પર્યાયને ચૈતન્ય કેમ કરે? નિમિત્ત કહેવામાં આવે. પણ નિમિત્ત છે તો વાણી નીકળી તો નિમિત્ત રહ્યું નહીં. તો કર્તા થઈ ગયો. કર્તા છે નહીં. વાણીને કારણે વાણીની પર્યાયમાં સ્વપરપ્રકાશક કરવાની શક્તિ છે. ભાઈ! આવે છે ને? ધવલમાં આવે છે. ધવલમાં એક શબ્દ આવે છે. આ વાણી વાણીમાં સ્વપરપ્રકાશક કરવાની તાકાત છે. સ્વપરપ્રકાશ કરવાની તાકાત છે. નામ આપણને યાદ નથી. આ બાજુના પાને છે. વાણીમાં સ્વપરપ્રકાશક કરવાની (કહેવાની) તાકાત છે.

ભાઈએ એમ કહ્યું ધર્મદાસક્ષુલ્લકે. કે વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. અમૃતચંદ્રઆચાર્યએ કહ્યું કે શબ્દોમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. એ શબ્દોમાં સ્વપરને પ્રકાશવાની તાકાત છે. શબ્દોની તાકાત છે હોં! આવ્યું ને આમાં? આપણે પહેલું બતાવ્યું હતું ને? હા, છેલ્લા શ્લોકમાં બતાવ્યું હતું. છેલ્લા શ્લોકમાં આવ્યું હતું. જુઓ! તેમાં છે. છેલ્લું છે. ૨૬૪ પાનું છે ને? છેલ્લે.

**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ,** શબ્દોએ. છેલ્લા છેલ્લા પાને. હિન્દીમાં ૨૬૪ પાનું છે. આ ગુજરાતી ૨૬૪ છે. છેલ્લી બે પંક્તિ. અમૃતચંદ્રઆચાર્ય મહારાજ પોતે કહે છે. **પોતાની શક્તિથી,** છે? **પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ,** શબ્દોએ કહ્યું છે. મેં નહીં. મારામાં શબ્દો કરવાની તાકાત નથી. **આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે.** હં!

અમૃતચંદ્રદેવે કહ્યું કે, આત્મા કોઈ દિવસ વાણીનો કર્તા હોય શકે નહીં. સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) **અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.** ભાષા ટીકા બનવામાં આત્માનું કાંઈ જ કર્તવ્ય નથી. આત્મા શેની ભાષાની પર્યાય બનાવે. આહાહા! ઓલા રાડ પાડે છે બધાય. અરે! એકાંત થઈ જાય એકાંત થઈ જાય. અરે! સાંભળને હવે! આત્મા વિકાર કર્મની પર્યાય કરે નહીં અને કર્મની કરે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

એકકોર એમ માનવું કે અજીવ અજીવપણે અને જીવ જીવપણે. તો અજીવની પર્યાય જીવ કરે તો અજીવ અજીવપણે રહ્યું ક્યાં? જીવથી અજીવ ભિન્ન. તો પરમાણુ પણ ભિન્ન અને તેની પર્યાય પણ ભિન્ન. તો જીવ અજીવની પર્યાય કરે ક્યાંથી? આ તો ભાષા જડની પર્યાય છે. રાવજીભાઈ! ન્યાયથી તો તેણે કબુલ કરવું પડશે કે નહીં? લોજીક 'ની' ધાતુ છે ને? ન્યાયમાં 'ની' દોરી જવું, લઈ જવું. જેવી વસ્તુની મર્યાદા તે તરફ જ્ઞાનને લઈ જાવું તેનું નામ ન્યાય કહે છે. સમજાય છે કાંઈ? આચાર્ય કહે છે કે અમને ગાળ ન દઈશ. અમે ટીકા બનાવી અમને કર્તા ન માન. જ્યાં જ્યાં કર્તા મેં કર્યું મેં કર્યું મેં કર્યું. ઘેટાંની જેમ મેં મેં કર્યા કરે. અભિમાન-અભિમાન! ભાઈ! બાપુ! ભાષા છૂટે છે એ જડની પર્યાયથી નીકળે. આત્માથી બિલકુલ નહીં. આહાહા!

કહે છે, આત્માનો ભાવમોક્ષ કોને કહેવો? એ જે ભાવ અનાદિથી કર્મના નિમિત્તને અનુસરતી જ્ઞપ્તિક્રિયા ક્રમે ક્રમે પર્યાયમાં થતી, તેને સ્વભાવના અવલંબે તે પર્યાયને ટાળી અને જે ભાવ રહી ગયો તેને ભાવમુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ભાવને, વલ્લભદાસભાઈ! આ જૈનમાં જનમ્યા હોય તોય આ ભાવ ને મુક્તિ... જયંતિભાઈ! એકેન્દ્રિયની દયા પાળો. આ કરો, ફલાણું કરો. કોણ કરે? સાંભળને સાળા! પરદ્રવ્યની પર્યાયને કોઈ કરી શકે, દયા પાળી શકે તે ત્રણકાળમાં નહીં. હાય હાય! અરરર! તો પછી આ જૈન! પ્રભુ! સાંભળ તો ખરો હવે?

મુમુક્ષુ :- દયાનો ઉપદેશ કરે.

ઉત્તર :- કોણ ઉપદેશ કરે? એ તો વાણીને કાળે વાણી નીકળે. અને ઓલાના ભાવ થવાના તે કાળે તેને થાય. કરે કોણ? કોને કારણે કોણ કરે? તો દ્રવ્યની સ્વતંત્રતા પરને આધીન થઈ જાય છે. એમ છે નહીં. સત્યેન્દ્રજી! આ સતનું ધારણ કરવું પડશે. બરાબર છે? ઓહોહો! વાત કરે છે ભાવમોક્ષની. દ્રવ્યમોક્ષમાં નિમિત્ત. દ્રવ્યકર્મનું છૂટવું તેને કારણે. એમાં આ નિમિત્ત.

એ ભાવમુક્તિને આપ શું કહો છો? કહે છે. એ ભાવ જે આવો છે ને જીવનો. ક્રમે ક્રમે જ્ઞાનની ક્રમે પ્રવૃતિ જે થાય છે ને? એ અશુધ્ધ છે. જુઓ! અહીં. એ **પરિણતિને લીધે અશુધ્ધ છે,** ક્રમે પ્રવર્તતી પર્યાય. **દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે.** જુઓ! એ આત્માની ક્રમે ક્રમે જ્ઞાનના જાણવાનો, ખંડ ખંડ જાણવાનો જે ભાવ તે દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. નવા આવરણો આવે આસ્રવ એ તો એને કારણે. એનો

આ જ્ઞપ્તિક્રિયા ક્રમે ક્રમે પ્રવર્તે એવો અશુદ્ધભાવ તે નવા આવવામાં નિમિત્ત છે. નવા તો એને કારણે આવે છે. આણે આવો ભાવ કર્યો માટે કર્મને આવવું પડયું એમ નહીં. સમજાણું કાંઈ? એમ નહીં.

એ કર્મના રજકણો પુદ્‌ગલની પર્યાય તે કાળે તે જ રીતે આવવાની હતી, તેનો ત્યાં સ્વતંત્ર પર્યાયનો ધર્મ છે. એને આ જ્ઞપ્તિક્રિયાનો અશુદ્ધ ક્રમે ક્રમે થતો ભાવ નિમિત્ત કહેવામાં આવે છે. આ નિમિત્ત-નૈમિત્તિક ને નિમિત્ત ઉપાદાનના ગોટા! પાર ન મળે અત્યારે. બધે ગોટે ગોટા. ભગવાન! નિમિત્ત નથી એમ કોણે કહ્યું? પણ નિમિત્તથી તેમાં કાર્ય થાય છે એમ નથી. એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? એ **પરિણતિને લીધે અશુદ્ધ છે.** દ્રવ્યકર્મના નિમિત્તને લઈને અશુદ્ધ છે એમ નહીં. તેના પોતાના ઉપાદાનમાં ક્રમે પ્રવૃતિ કરવાનો ભાવનો પર્યાય પોતે ઉત્પન્ન કરે છે. ત્યારે કર્મનો ઉદય તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કોણ ના પાડે છે? પણ નિમિત્ત છે માટે અહીં પ્રવૃતિ થાય છે એમ નથી. આ તો નિમિત્ત કયારે કહ્યું કહેવાય કે તેને લઈને અહીં થાય તો તમે નિમિત્ત માન્યું કહેવાય. પણ એમ કોઈ દિ' હોય શકે નહીં. આનંદજી! નહીંતર નિમિત્ત રહેતું નથી. આહાહા!

એક એકમાં અરસ પરસ નિમિત્તની કેટલી શૈલી કરે છે! એ **અશુદ્ધભાવ એ દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપભાવ) જ્ઞાનીને,** જુઓ! **મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે,** જુઓ! શું કહે છે? એવો જે ક્રમે પ્રવર્તતો, જ્ઞાનનો ક્રમે ક્રમે, ખંડ ખંડ પ્રવર્તતો અશુદ્ધભાવ તેમાં મોહનીયના નિમિત્તને અનુસરતો તેનો પોતાનો ભાવ સ્વતંત્ર. એ જ્ઞાનીને, એ જે નિમિત્તને અનુસરતો ક્રમ કામ કરતો, એ જ્ઞાની દ્રવ્યના સ્વભાવને અનુસરતો જયાં પરિણતિ ઊભી થઈ, જ્ઞાયક સ્વભાવની શક્તિ પૂર્ણાનંદ ધ્રુવ તેને અનુસરતી પર્યાય ધર્મીને ઉત્પન્ન થઈ.**મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે.** કોણ? ઓલો ક્રમે ક્રમે પ્રવર્તતી જે અશુદ્ધક્રિયા એ જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે એ ક્રિયા ઘટતી જાય છે. હાનિ પામે છે. ક્રમે ક્રમે પ્રવર્તતું ઘટતું જાય છે. સમજાણું કાંઈ? કેવી ગાથા ને કયાં મુકી વાત! ઓહોહો!

કયાં સુધી લઈ ગયા? અહીંથી ઉપાડીને ઠેઠ ત્યાં સુધી લઈ ગયા. બરાબર શોધી શકે. એ ભીખાભાઈ! તેની પુષ્ટિ તમને મળે એવી છે. એ તો ત્યારે ગુરુનું નિમિત્ત કહેવાય. ગુરુ ત્યાં કરી દયે છે? એ કહે છે. કે આવું અમને સમજમાં ન આવે. એ તો સમજવાની લાયકાત હોય ત્યારે આવું નિમિત્ત હોય છે. પણ નિમિત્તને કારણે ત્યાં સમજમાં આવ્યું એમ છે નહીં. વસ્તુની સ્થિતિ એવી છે. એક અંશમાં કયાંય પણ ગડબડ કરી દયે તો નવે તત્ત્વના ગોટા ઉઠી જાય. ગોટા સમજયા? ભૂલ. ગડબડી થઈ જાય. ઓહોહો!

ભરતક્ષેત્રમાં આવી ટીકા અમૃતચંદ્રાચાર્યએ કરી એવી કોઈ ટીકા નથી. કહો, સમજાણું આમાં?

આહાહા! કુંદકુંદઆચાર્યએ તો તીર્થંકર જેવું કામ (કર્યું અને) અમૃતચંદ્રાચાર્યએ પંચમકાળમાં એ તીર્થંકર કુંદકુંદઆચાર્ય પંચમકાળમાં. એના હિસાબે ગણધર જેવું કામ અમૃતચંદ્રાચાર્યએ ટીકા કરીને કર્યું છે. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય. ગજબ કામ! સમજાય છે? અજોડ અજોડ અજોડ! અરે ભાઈ! પર્યાય-પર્યાયની સ્વતંત્રતા, ગુણ-ગુણની સ્વતંત્રતા, અશુધ્ધતાની સ્વતંત્રતા, શુધ્ધતાની સ્વતંત્રતા તેના પોકાર તેના નગારા વાગ્યા છે આ. રાવજીભાઈ!

હવે જૈનમાં રહ્યા, પંડિત લોકો જેવા પણ બહુ વિચારીને વાંચે નહીં. વિચારીને વાંચે નહીં એમ કીધું હોં! પછી પોતે અર્થ સમજે તેવો અર્થ દુનિયાને કહે. વાત તો બીજી શું કરે? સમયસારમાં કહ્યું છે ને? વિદ્વતજનો નિશ્ચયને તજી દઈને વ્યવહારને જે કરે, નિશ્ચયને છોડી દઈને વ્યવહારને કરે. નિશ્ચયનય વિના આત્માની મુક્તિ કોઈ દિ' થાય નહીં. એ આવે છે. ગાથા (૧૫૬) છે. પુણ્ય-પાપ અધિકાર. વિદ્વતજનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે, પણ કર્મક્ષયનું વિધાન તો નિશ્ચય આશ્રિત મુનિને, સંતને. ગાથા છે. વિદ્વાનો વ્યવહાર નામ ધરાવી અને નિશ્ચયની વસ્તુને છોડી દયે છે ભૂતાર્થને અને વ્યવહારને પકડે છે. એમ કહે છે. એમ લખ્યું હતું. એમ છે ને? ૧૫૬. જુઓ!

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति ।**
**परमदमस्सिदाण दु जदीण कम्मकखओ विहिओ ।। १५६ ।।**

ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે. અરે વિદ્વાનો! તમે**मोत्तूणं** નિશ્ચય સત્ય વસ્તુના અર્થના પ્રયોજનને છોડી દઈ અને **ववहारेण विदुसा पवट्टंति** એકલા વ્યવહારમાં પ્રવર્તો છો અને વ્યવહારની વાત તમે સિધ્ધ કરો છો પણ એ વ્યવહારથી કોઈ દિ' મુક્તિ ફુક્તિ થતી નથી. જરા પણ ઉપયોગી નથી. જાણવા માટે ઉપયોગી છે. **परमङ्गमस्सिदाण.**

મુમુક્ષુ :- છોડવા માટે ઉપયોગી છે?

ઉત્તર :- ના, છોડવા માટે નથી. જાણવા માટે ઉપયોગી છે. છોડવા માટે નથી. છોડે કોને? એની મેળાએ ઉત્પન્ન થયું અને સ્વભાવનો આશ્રય કરતાં છૂટી જાય છે. રાગના નાશનો કર્તા પણ આત્મા નથી. વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતાં રાગનો કર્તા તો નથી પણ રાગનો નાશ કર્તાનું નામ માત્ર કથન છે. પરમાર્થે રાગનો નાશ કર્તા આત્મા નથી. રાગનો નાશ કરવા જાય તો દૃષ્ટિ પર્યાયબુધ્ધિ અને મિથ્યાદૃષ્ટિ થાય છે. અમૃતલાલજી!

સ્વભાવની દૃષ્ટિ કરવાથી તેમાં સ્થિર થવાથી રાગની ઉત્પત્તિ થતી નથી તેને રાગનો નાશ કર્યો એવું નામનું કથન છે. પરમાર્થે આત્મા રાગનો નાશ કરે તેવું સ્વભાવમાં છે જ નહીં. સમજાણું કાંઈ?

અહીં તો નિમિત્તથી તે રાગની ઉત્પત્તિ ન થઈ સ્વભાવનું અવલંબન લઈને તો તેણે રાગનો નાશ કર્યો એમ વ્યવહારનું કથન છે. વસ્તુ સ્વરૂપ એવું નથી. સમજાય છે કાંઈ? **જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી**

**પરિણતિરૂપે હાનિ પામે છે.** કોણ? ઓલો અશુધ્ધ ક્રમે પ્રવર્તતો ભાવ. અશુધ્ધભાવ ક્રમે ક્રમે જ્ઞાનીને પ્રવૃતિ ક્રમે ક્રમે અનુસરતી જે ભાવ દશા એ મોહરાગદ્વેષના અભાવને પરિણતિની હાનિ **પરિણતિરૂપે હાનિ થાય છે. તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે.** કહેલા બોલ છે તેનો જ વિસ્તાર કર્યો છે. બસ તેનો જ વિસ્તાર કર્યો છે. મોહરાગદ્વેષ ભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ થાય છે. જ્ઞાનીને જીવન્મુક્તિ કીધી એટલે કયો ભાવ મુકતપણાને પામે છે અને કયો ભાવ પાછળથી ખસે એ વાત કરે છે.

**તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે** એટલે, ધર્મીને સ્વભાવના અંતર અનુસરતી પરિણતિ પ્રગટ થવાથી તેને નવા કર્મનું આવવું રોકાય જાય છે. નિરોધ થાય છે એટલે રોકાય જાય છે એટલે કોઈ આવતા હતા ને બંધ થઈ ગયા એમ નથી. તે આવવાના નહોતા તેને નિરોધ થયા એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**તેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે,** લ્યો! એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે, અહીં અત્યંત નિર્વિકારપણું થવાથી, લ્યો! અત્યંત નિર્વિકારી પર્યાય સ્વભાવને અનુસરીને પછી શું થાશે એ વાત કહેવાશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

---

## પ્રવચન નં :-૫૦, ગાથા-૧૫૦-૧૫૧,
## આસો વદ-૫, સોમવાર, તાઃ-૨૬-૧૦-૬૪

વર્ણન છે. નવપદાર્થમાં મોક્ષનો અધિકાર ચાલે છે. મોક્ષ કોને કહેવો? નવપદાર્થ છે તેમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ. એટલો અધિકાર તો આવી ગયો છે.

હવે દ્રવ્યમોક્ષ એટલે કર્મનું છૂટવું તેમાં નિમિત્તરૂપે, હેતુરૂપે ભાવમોક્ષ તેનો હેતુ છે. એ ભાવમોક્ષ કોને કહેવો એ વાત અહીંયાં જણાવવામાં આવે છે. સમજાય છે કાંઈ? અહીં નવપદાર્થમાં મોક્ષતત્ત્વ કોને કહેવું. મોક્ષતત્ત્વ કહો, મોક્ષપદાર્થ કહો. સાતમાં તત્ત્વ ને નવમાં મોક્ષપદાર્થ. મોક્ષપદાર્થ કોને કહેવો. મોક્ષ એ શું હશે? કોઈ દ્રવ્ય વસ્તુ હશે? કોઈ ગુણ હશે કાયમ? કોઈ દશા હશે અવસ્થા? એ મોક્ષ શું છે?

મોક્ષ એ આત્માની પરમશુધ્ધ નિર્મળ દશા છે. કહો, સમજાય છે કાંઈ? મોક્ષ એટલે આત્મા તેનું અંતર પૂર્ણ શુધ્ધ સ્વરૂપ વસ્તુમાં છે. તેની પર્યાયમાં મુકતસ્વરૂપ પૂર્ણ શુધ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ કહેવામાં આવે છે. હવે તે ભાવમોક્ષને બે પ્રકારે વર્ણવે છે. એક ભાવ અશુધ્ધતાના ક્રમથી છૂટી જાય તેને ભાવમોક્ષ કહેવાય અને એક અનંત જ્ઞાન, દર્શન આદિની પ્રાપ્તિ, ઉત્પાદ થાય તેને પણ ભાવમોક્ષ

કહેવાય. શું કહ્યું? સમજાણું આમાં? શું કીધું ધરમચંદજી!

એક ઉત્પાદરૂપ મોક્ષપર્યાય ભાવમોક્ષ અને એક વ્યયરૂપ ભાવમોક્ષ. આત્મા એક સમયમાં શુધ્ધચિદાનંદ ઘન પરમઆનંદઘન ચિદાનંદમૂર્તિ. તેનામાં અનાદિકાળથી જ્ઞાનની વર્તમાન જ્ઞપ્તિક્રિયા, જાણવાની ક્રિયા ક્રમે ક્રમે પ્રવર્તતી, ખંડ ખંડ પ્રવર્તતી અશુધ્ધરૂપ છે. સમજાય છે કાંઈ? એ અશુધ્ધરૂપનો નાશ થવો અને જ્ઞપ્તિ શુધ્ધક્રિયાની પ્રાપ્તિ થવી, સમજાય છે કાંઈ? અને તેમાં પૂર્ણ શુધ્ધની પ્રાપ્તિ. શુધ્ધજ્ઞપ્તિક્રિયા તો બારમે પણ થાય છે. પણ પૂર્ણ શુધ્ધની પરિણતિ નિર્મળાનંદ જ્ઞાન, દર્શન, આનંદની પ્રાપ્તિ થવી તે અને અશુધ્ધતાના અંશથી એ ભાવ છૂટી જવો. તેવી દશાને ભાવમોક્ષ કહેવામાં આવે છે. થોડું થોડું ગુજરાતી સમજો છો કે નહીં? હેં? આ ગુજરાતી ચાલે છે ને? કહો, સમજાય છે કાંઈ આમાં?

આ આત્મા વસ્તુ છે વસ્તુ, પદાર્થ. આત્મા દેહથી ભિન્ન વસ્તુ પદાર્થ. એ આત્મામાં અનંતગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનો શક્તિ સ્વભાવ અનંત છે. તેના ભાન વિના અનાદિકાળથી જ્ઞાનની વર્તમાન દશા, ક્રમે ક્રમે પ્રવર્તતી, ખંડ ખંડ થઈને પ્રવર્તે છે તેમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ રહ્યો છે. માટે જ્ઞાનની પર્યાય ક્રમે ક્રમે પ્રવર્તે છે. સમજાય છે કાંઈ?

એ ક્રમે ક્રમે ખંડ ખંડપણે મિથ્યાત્વ સહિત અને રાગ-દ્વેષ સહિત જ્ઞાનની વર્તમાન દશાનું તે પ્રકારે ક્રમે ક્રમે અશુધ્ધપણે થવું એનું નામ સંસાર, એનું નામ દુઃખદશા તેનું નામ ભાવબંધન. કહો, સમજાણું? એ ભાવબંધનથી ભાવ છૂટી જાય તેને ભાવમોક્ષ કહે છે. અને તે ભાવબંધન છૂટતાં આત્માની પૂર્ણ નિર્મળ જ્ઞાન, દર્શન, આનંદની પર્યાય પ્રાપ્ત થાય તેને ભાવમોક્ષ કહે છે. સમજાય છે કે નહીં? અહીં સુધી આવ્યું છે. પણ પાછું ફરીને થોડું લેશે ત્યારે મેળ ખાશે. જુઓ! બીજો પેરેગ્રાફ.

**અહીં જે ભાવ વિવક્ષિત છે,** અહીં જે ભાવ કહેવા માગે છે, કહેવા ધારેલો છે. અહીંયાં જે ભાવ કહેવા ધારેલ છે. **તે કર્માવૃત (કર્મથી આવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે.** એ આત્મા વસ્તુનો સ્વભાવ શુધ્ધ પૂર્ણ હોવા છતાં, એની જ્ઞાનની વર્તમાન દશામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના સંગે જ્ઞાનની વર્તમાન ક્રિયા ક્રમે ક્રમે ખંડ ખંડરૂપે થાય છે. **તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ),** ભારે ભાષા કોઈ દિ' સંપ્રદાયમાં સાંભળ્યું ન હોય કે આ ભાવમોક્ષ શું ને આ, આ ક્રિયા કરો ને આ કરો ને આ કરો. જાવ ધર્મ થઈ ગયો. ધરમચંદજી! ધરમચંદ છે તો ત્યાં ધર્મ થઈ ગયો.

કહે છે ભાઈ! ધર્મની દશા કેમ થાય. અધર્મદશા છૂટે એ ધર્મદશા દ્વારા કેમ ટળે, એ બધી દશા આત્માની છે. તેનું અહીંયાં વર્ણન છે. વસ્તુ તો ત્રિકાળી દ્રવ્ય અને ગુણથી ભરેલો આખો પરિપૂર્ણ પદાર્થ ભગવાનઆત્મા છે. પણ તેની દશામાં, તેની હાલતમાં કર્મને લઈને નહીં. કર્મના નિમિત્તને અનુસરતી પોતાની જ્ઞપ્તિ જાણવાની ખંડ ખંડની ક્રમે ક્રમે પ્રવર્તતી જ્ઞાનની ક્રિયા એ અશુધ્ધ છે. જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી મેલી છે.

**ખરેખર સંસારીને,** જુઓ! તે પર્યાય ખરેખર અનાદિ અજ્ઞાની સંસારીને **અનાદિકાળથી મોહનીયકર્મના ઉદયને અનુસરતી પરિણતિને લીધે,** સ્વભાવને અનુસરતી એ ક્રિયા નથી. મોહકર્મ અંદર પાક એક જડકર્મ છે. ભલે તેને ખબર ન હોય. પણ અહીંયાં ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છે તેને અનુસરીને જો ધર્મક્રિયા શાંતિ, શ્રધ્ધા, નિર્મળતા થવી જોઈએ. એ સ્વભાવ ત્રિકાળને ન અનુસરતા, એ કર્મ એક જડ મોહનીય કર્મ બાંધેલું છે તેને અનુસરીને, **પરિણતિને લીધે,** તદ્દન આ તો હજી નવતત્ત્વ કોને કહેવા તેની વ્યાખ્યા છે. હવે નવતત્ત્વની ખબર ન હોય તેને સમ્યગ્દર્શન થાય કે' દિ' અને સમ્યગ્દર્શન વિના ધર્મ હોય શકે નહીં. સમજાણું કાંઈ? એમ ને એમ આ વાડામાં આ ક્રિયા કરીને પૂજા કરી ને ભક્તિ કરી ને વ્રત કર્યા ને આ કર્યા ને તે કર્યા ને. એ ધર્મ બર્મ નથી. ધરમચંદજી! તો શું છે એ? રાગ છે એ રાગ. રાગની ક્રિયા છે એ ધર્મની ક્રિયા નહીં. આહાહા! એ જ્ઞપ્તિની ક્રમે ક્રમે પ્રવર્તતી એ રાગવાળી ક્રિયા છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ?

એ કર્મના ઉદયને અનુસરતી પરિણતિ એટલે પર્યાય તેને લીધે તે અશુધ્ધ છે. પર્યાય અશુધ્ધ છે, અવસ્થા અશુધ્ધ છે. હજી જૈનમાં જનમ્યા છતાં પર્યાય નામ પણ કોઈએ સાંભળ્યું હોય નહીં. પર્યાય કોને કહેવી. ભેદવિજ્ઞાની. ભાન ન મળે. કહો, સમજાય છે કાંઈ? જૈનમાં જનમ્યા એટલે બધા ભેદવિજ્ઞાની તો છે, હવે તેને ચારિત્ર કરવું એમ એક જણાએ પંડિતે લખ્યું હતું.

કહો, રાવજીભાઈ! એક પંડિતે લખ્યું હતું. જે દિગંબરમાં જનમ્યા તે ભેદજ્ઞાની તો છે જ. જીવ-અજીવને જુદા જાણે છે. હવે ચારિત્ર કરવાનું છે. દિગંબરમાં જનમ્યા ને? પૈસાવાળામાં જન્મે તો ગર્ભશ્રીમંત કહેવામાં આવે છે કે નહીં? ગર્ભશ્રીમંત. એમ આ દિગંબરમાં જન્મે તો ભેદજ્ઞાની તો છે જ. એમ અજ્ઞાની માને છે. અહીં કહે છે કે ભાઈ! દિગંબર જન્મ ક્યાં, દિગંબર સાધુ હોય તોપણ શું છે? એ કહે છે. દિગંબર નગ્નમુનિ હોય અઠીયાવીસ મૂળગૂણ પાળતો હોય પણ તે બધી ક્રિયા જ્ઞાનની વર્તમાન ખંડ ખંડ ક્રમે ક્રમે પ્રવર્તતી રાગની ક્રિયા છે. એ ધાર્મિક ક્રિયા નથી. આહાહા! એ સોગંદચંદજી! શું કરવું? ઘંટીનું પળ લઈને લોટ કરવો કે શું કરવું? સમજાણું કાંઈ? શું ભાઈ ક્યાંથી આવ્યા છો? સાગર? ગુજરાતી સમજો છો? થોડું થોડું? સાગરથી આવ્યા છે સાગર. આ શેઠ સાગરના છે. અચ્છા! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ભાઈ! આત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં પૂર્ણ આનંદ ને અંતર શુધ્ધ જ્ઞાતા-દ્દષ્ટા સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ છે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ એને અનુસરીને ક્રિયા નહીં કરતો, સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અંદર સર્વજ્ઞ અને સર્વદર્શી અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતચતુષ્ટય શક્તિમાં પડ્યું છે. એને અનુસરીને ક્રિયા ધર્મની પર્યાયમાં નહીં કરતો... એ કર્મનો ઉદય આવે તેને અનુસરીને પોતાના જ્ઞાનને, પોતાના સમજો છો? અપના. ગુજરાતીમાં થોડો થોડો ફેર છે.

બરાબર ધ્યાન રાખે ને તો સમજે. નહીંતર હિન્દી(લોકો) તો હંમેશા આવે છે. હિન્દી હંમેશા (બોલવામાં) આવે તો ગુજરાતીવાળાને બરાબર સમજાય નહીં. .... નાના નાના ને પણ હિન્દી સમજાતું નથી. સમજાણું કાંઈ? શેઠને શીખી લેવું પડશે. અહીંયા કાયમ મકાન રાખ્યું છે એટલે. થોડું થોડું શીખી લેવું. હવે તમે ગુજરાતમાં મકાન નાખી દીધા. નાખ્યા કે નહીં? ગુજરાતી થઈ ગયા. કહો, સમજાય છે કાંઈ?

શું કહે છે? ભગવાનઆત્મા પોતાનો નિજ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ તેનું પૂર્ણરૂપ અંદરમાં સ્વભાવ પડયો છે. એ પૂર્ણરૂપને ન અનુસરતાં, વર્તમાન દશામાં પૂર્ણરૂપને ન અનુસરતાં, વર્તમાન દશા કર્મના નિમિત્તને અનુસરતાં જે પરિણતિને લીધે જે પર્યાય રાગની, દ્વેષની, મિથ્યાત્વની જ્ઞાનની ક્રમે ક્રમે ખંડ ખંડ પ્રવૃતિમાં મિથ્યાત્વ અને રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે તેને અશુધ્ધ કહેવામાં આવે છે. આ પંચાસ્તિકાયને સમજવું બહુ જ કઠણ વાત છે. લોકો કહે અમે સમજી લીધું, અમે વાંચી લીધું. ભાઈ! વાસ્તવિક તત્ત્વ ભગવાન સર્વજ્ઞદેવ એ કેમ કહે છે તેને સમજવું એ મહાન પ્રયત્ન માગે છે. સમજાય છે કાંઈ?

**એ દ્રવ્યકર્માસ્ત્રવનો હેતુ છે.** એ અશુધ્ધતા જે વર્તમાન જ્ઞાનની દશા કર્મના લક્ષે ક્રમે ક્રમે પ્રવર્તતી એવી પર્યાય એ અશુધ્ધ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સહિત મેલી છે. સમજાય છે કાંઈ? એ દ્રવ્યકર્માસ્ત્રવનો હેતુ છે. એ નવા કર્મ આવવાના રજકણોનો એ મિથ્યાત્વભાવ આદિ રાગ-દ્વેષ જાણવાની ક્રમે ક્રમે ક્રિયા જે ખંડ ખંડ વર્તે. વસ્તુ અખંડ છે તેને આશ્રયે અખંડપણું ન પ્રગટ કરતાં, કર્મના નિમિત્તના આશ્રયે ખંડ ખંડ જ્ઞાનની પર્યાયને કરતો, જીવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષને અને અશુધ્ધતાને સેવે છે. એ દ્રવ્યકર્મસ્ત્રવનો હેતુ છે. એ ચાર નવા ઘાતિકર્મ આદિ તેનો એ હેતુ છે. કહો, સમજાણું કાંઈ? અને આઠે કર્મનો એ હેતુ છે. આહાહા!

પહેલી ચીજ શું? આત્માની પર્યાય મોક્ષ કોને કહેવો? મોક્ષ એ પર્યાય છે. મોક્ષ એ ગુણ નથી. મોક્ષ એ દ્રવ્ય નથી. સિધ્ધપણું એ પર્યાય છે. મોક્ષ એ એક અવસ્થા છે. આત્માનો એક નિર્મળ, નિર્વિકારી ભેખ છે. સમજાય છે કાંઈ? ભેખ-વેષ. મોક્ષ પણ એક નિર્વિકારી વેષ છે. મોક્ષ આત્માનું ત્રિકાળી દ્રવ્ય અને ગુણનું કાયમી સ્વરૂપ એવો મોક્ષ નથી. આહાહા! સંસાર એ એક વિકારી ભેખ છે. એ સ્વાંગ છે. સ્વાંગ કહે છે ને?

એ કહે છે, જુઓ! અશુધ્ધ છે એ સ્વાંગ છે. આત્માની પર્યાયમાં અશુધ્ધ સ્વાંગ ભેખ અશુધ્ધ દશા છે. એ દ્રવ્યનો અશુધ્ધ એક ભેખ સ્વાંગ છે. એ અશુધ્ધ અવસ્થા કાયમની ચીજ નથી. દ્રવ્ય અને ગુણ કાયમની એ ચીજ અશુધ્ધ સ્વાંગ કાયમની ચીજ નથી. અને એ અશુધ્ધતા સ્વભાવના અવલંબે છૂટી જાય અને પૂર્ણ શુધ્ધતા પ્રગટ થાય એ પણ કાયમની ચીજ નથી. એ ભેખ છે અવસ્થાનો આત્માની નિર્મળ દશાનો. સમજાય છે કાંઈ?

સ્વાંગ છે. નિર્મળ પર્યાય એ આત્માનો એક સ્વાંગ છે. એ સ્વાંગ સાદી અનંત રહે છે. જયારથી નિર્મળ દશા પ્રગટ થઈ અનંતકાળ રહે છે. તેને અહીંયાં મોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યારે કહે છે કે એ શું મોક્ષ થયો? કોનાથી છૂટયો તે એને મોક્ષ કહ્યો. કોનાથી છૂટયો ત્યારે તેને મોક્ષ કહ્યો? મુકાણો કોનાથી? કે જે આત્મામાં જ્ઞાનની પર્યાય ક્રમે ક્રમે ખંડ ખંડપણે મિથ્યાત્વ, રાગ-દ્વેષપણે પ્રવર્તતી હતી તેનાથી દશા મુકાણી. મુકાણી સમજાણું? છૂટી. છૂટી ગઈ. એ અશુધ્ધ અવસ્થા છૂટી ગઈ અને શુધ્ધ અવસ્થા થઈ ગઈ. આ શુધ્ધ અવસ્થા થઈ તેનું નામ અસ્તિરૂપે ભાવમોક્ષ. અશુધ્ધતા છૂટી ગઈ તેનું નામ નાસ્તિરૂપે ભાવમોક્ષ. ભારે વાત પણ! જૈનમાં જનમ્યા તેને પણ જૈન શું કહે છે તેની ખબરું ન મળે. શશીભાઈ!

એ અશુધ્ધ સ્વાંગ ભગવાનઆત્મા પૂર્ણ શુધ્ધ ચૈતન્યમૂર્તિ દર્શન, જ્ઞાન, આનંદનો કંદ તેને નહીં અનુસરતાં કર્મને અનુસરીને થતી જ્ઞાનની જ્ઞપ્તિ જાણવાની ક્રિયા, એ જાણવાની ખંડ ખંડ ક્રિયા તેનું નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભેગો આવ્યો, નહીંતર ખંડ ખંડ થાય નહીં. એ ક્રિયા અશુધ્ધ સ્વાંગ એ નવા રજકણો નવા આવે તેનો એ નિમિત્ત ને હેતુ છે. **પરંતુ તે ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ,** એ ક્રમે ક્રમે ખંડ ખંડપણે પ્રવર્તતી પોતાની જ્ઞાનની અવસ્થા તે **જ્ઞાનીને મોહ, રાગ-દ્વેષવાળી પરિણતિરૂપ હાનિ પામે છે.** કહો, સમજાણું કાંઈ? તેને મોહ, રાગ-દ્વેષ ઘટતાં એને લઈને જ્ઞપ્તિક્રિયા ખંડ ખંડ પણ ઘટતી જાય છે. આરે! આ વળી કેવી જાતનો ધર્મ છે?

આ કુંદકુંદઆચાર્ય મહારાજ! દિગંબર સંત. બે હજાર વર્ષ પહેલાં મહાન મુનિ દિગંબર જંગલમાં વસતાં. આ તેમના કરેલાં શ્લોક છે. અને નવસો વર્ષ પહેલાં એક અમૃતચંદ્રઆચાર્ય દિગંબર નગ્નમુનિ ભગવાનની પરંપરાએ જે માર્ગ આવ્યો, કુંદકુંદઆચાર્યએ જે કહ્યો તેની ટીકા આ અમૃતચંદ્રઆચાર્ય, આ ટીકા એમણે કરેલી છે. નિમિત્તથી એમ. કહો, સમજાણું કાંઈ? શું દિગંબર સંત કહે છે, શું ભગવાન કહે છે, નવતત્ત્વ કોને કહેવાં? ખબર ન મળે, આ ક્રિયા કરી લ્યો! એ ઘંટીથી દળવું અને આમ કરવું ને. પણ તે કાર્ય તારું નહીં. હવે શુધ્ધ આહાર તો સહેજે મળી જાય તેની વાત છે. રાવજીભાઈ!

આ તો ઘંટીથી અમે કરીએ છીએ ને, દળીએ છીએ ને. એ ક્રિયા તારી છે તો તું કરી શકે છે? એ તો જડની ક્રિયા છે, પરની ક્રિયા છે. આત્મા તેને કરી શકે? તેને આમ હાથ ફેરવી શકે? કેમકે આ તો જડ છે. અજીવતત્ત્વ છે. અને ઘંટી બંટી ફરવી એ પર અજીવતત્ત્વ છે. તેની ક્રિયા હું કરું છું એ માન્યતા મિથ્યાત્વની છે. અજીવને જીવ માને છે. રાવજીભાઈ! કઠણ વાત છે જગતને જૈનદર્શન. જૈનદર્શન એટલે વસ્તુદર્શન. સમજાણું કાંઈ? એ, સોગંદચંદજી! એક ઘંટીનું પડ હતું ને એક ઘંટીનું પડ ગોતતા હતા. એવું એક ફેરે સાંભળ્યું હતું હોં! હવે એ બરાબર યાદ રહી ગયું. એમ હતું કે નહીં? એક પડ હતું ને એક પડ વળી ગોતતા હતા. અરે પણ આ પડ, આ તો પહેલું અંદર ગોત! કે આ પડનું ચક્ર ઊંધું કેમ

ફરે છે? આ ભાવકર્મચક્ર ઊંધું કેમ ફરે તેને તો જો! સમજાય છે કાંઇ? આ ભાવકર્મચક્રની વાત ચાલે છે. દ્રવ્યકર્મ જડમાં એ નહીં. પરમાં પરનું તેની સાથે અહીં કાંઇ સંબંધ છે નહીં. આહાહા!

કહે છે કે ભાઇ! એ આત્માની પર્યાયમાં જે ક્રમે ક્રમે ખંડ ખંડરૂપે જ્ઞાનનું જાણવું, જ્ઞપ્તિની ક્રિયા રાગ-દ્વેષ ને મિથ્યાત્વ સહિત થાય તે જ્ઞાનીને, સ્વભાવ શુધ્ધ ચૈતન્યમૂર્તિ હું છું તેના અંતર ધ્યેયમાં સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ થાય તેની જ્ઞપ્તિક્રિયા ખંડ ખંડ વર્તતી હતી તે ક્રિયાનો નાશ થાય છે. સમજાય છે કાંઇ? અને પછી રાગ-દ્વેષનો અભાવ થતાં સ્વભાવ તરફની વીતરાગી પરિણતિ અવસ્થા થતાં તે ક્રમે ક્રમે ખંડની અવસ્થા હાનિ પામે એટલે નાશ થઇ જાય છે. સમજાણું કાંઇ?

**તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે.** તેથી જ્ઞાનીને ધર્મીને પોતાનો જ્ઞાન, આનંદ સ્વભાવ તેની વર્તમાન પર્યાય તેને અનુસરતી થતી હતી, જે કર્મના નિમિત્તને અનુસરીને થતી હતી, તે જ્ઞાની ધર્મીને, સમ્યગ્દષ્ટિને પ્રથમ ચોથા ગુણસ્થાનથી પાંચમા, છઠ્ઠા આદિ મુનિને પણ પોતાનો આત્મા એક સમયમાં જ્ઞાન, આનંદ ધ્રુવ ચૈતન્ય પ્રભુ એની વર્તમાન દશાને, એને અનુસરીને પ્રગટ કરતાં એ જ્ઞપ્તિક્રિયાના ખંડ ખંડનો નાશ થઇ જાય છે. તેથી નવા આસ્રવ આવતાં નથી. નવા રજકણો આવવાના હતા ને આવતાં નથી એમ નહીં. પણ જે આવવાના નહોતા તેને રોકયા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? કહો, સમજાય છે કે નહીં રવિન્દ્ર? ત્યાં તારે ચોપડામાં આવે છે? અહીં ગપ્પે ગપ્પ ચાલે છે ત્યાં. એ બધું કોલેજમાં ને અજ્ઞાન ભણતર છે ચોપડીનું.

આ કહે છે **તેને આસ્રવભાવનો નિરોધ થાય છે.** જુઓ! ભાવ ભાવ. નવા કર્મની પર્યાય તેને આવતી નથી. **તેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાની ધર્મીને,** પોતાના આત્માના અંદરમાં વસ્તુ સ્વભાવ તરફને અનુસરીને અંતર સ્વભાવને અનુસરીને થતી જ્ઞાનની ક્રિયા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્રિયા એને કારણે **જ્ઞાનીને મોહના ક્ષય વડે,** મોહનો ક્ષય થાય છે. સમજાણું કાંઇ?

**અત્યંત નિર્વિકારપણું થવાથી,** લ્યો! એ આત્માની પર્યાયમાં અત્યંત નિર્વિકાર, જે વિકાર સહિત જ્ઞાનની જ્ઞપ્તિની જાણવાની ક્રિયા ખંડ ખંડ હતી, તે સ્વભાવને અનુસરતી ક્રિયા કરવાથી અત્યંત નિર્વિકારી શુધ્ધપણાની પરિણતિને એ પર્યાય પામે છે. સમજાણું કાંઇ?

**જેને અનાદિકાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઇ ગયેલ છે,** શું કહે છે? ભગવાનઆત્મા તેનો જ્ઞાન ને આનંદનો કાયમ સ્વભાવ એની પર્યાયમાં બિડાઇ ગયો છે, પર્યાયમાં રોકાઇ ગયો છે. જેમ ફુલની કડી હોય કડી. તે વર્તમાન જેમ આ સંકોચપણે છે તેમ આત્માની પર્યાય અનાદિની અનંત ચૈતન્ય અને અનંત વીર્ય, બેહદ જેનો અંતર સ્વભાવ તેની વર્તમાન પર્યાયમાં બિડાઇ ગયો છે, સંકોચ થઇ ગયો છે. જ્ઞાન સંકોચપણાને, વીર્ય સંકોચપણાને પામ્યું છે. સમજાય છે?

**એવો તે જ્ઞાની,** બિડાઇ ગયેલી જ્ઞાન ને આનંદની, આ વીર્યને લીધે ભાઇ! સમજાણું? જ્ઞાન તેની સાથે આનંદ આદિની પર્યાય બિડાઇ ગઇ છે, સંકોચ થઇ છે. પર્યાયમાં સંકોચ, વસ્તુમાં આખું ત્રિકાળ પડયું છે. પર્યાય એટલે અવસ્થામાં સંકોચાય છે. કડી આમ સંકોચ દેખાય છે એ જયારે આમ ખીલે છે. કમળ, ફુલની કડી. એમ આત્મા અનાદિથી પર્યાયમાં જ્ઞાન અને વીર્ય, આનંદ અને દર્શન એ સંકોચાઇ ગયેલી પર્યાય **એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને)** સ્વભાવને અનુસરીને મોહ ક્ષય થયો, તેથી **શુધ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે,** ઓલી પહેલી અશુધ્ધ હતી. પહેલી કીધી હતી અનુસરતી પરિણતિ અશુધ્ધ હતી. તે હવે બારમે શુધ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે પર્યાય થઇ. સમજાણું કાંઇ?

શુધ્ધ જ્ઞપ્તિક્રિયા નિર્મળ તો ચોથેથી શરૂ થઇ. પણ અહીં શુધ્ધ જ્ઞપ્તિક્રિયા પૂર્ણ થઇ. સમજાણું કાંઇ? આત્મા પોતાનો શુધ્ધ સ્વભાવ પૂર્ણ એ ઉપર નજર કરતાં પર્યાયમાં ખંડ ખંડ મિથ્યાત્વ સહિત ઉત્પન્ન થતું હતું તેનો નાશ થઇ ગયો. અને જ્ઞાન સ્વભાવને આશ્રયે સમ્યક્દર્શનની પર્યાય સહિત જ્ઞાનની પર્યાય થોડી અખંડ પ્રવર્તવા લાગી. એ શુધ્ધતા પ્રવર્તવા લાગી. અશુધ્ધતા મોહનો ક્ષય થતાં બારમે શુધ્ધ જ્ઞપ્તિક્રિયા અંતર્મૂહુર્ત રહી. સમજાણું કાંઇ?

ભાષા પણ જુદી અને ભાવ પણ જુદી જાતના. આ લુગડા છોડી દયો ને થઇ ગયા ત્યાગી. આ કર્યું ને આ... પણ તત્ત્વના ભાન વિના તારા લુગડા છૂટે, લુગડા તો છૂટા જ પડયા છે. કયાં અંદર ઘરી ગયા છે. સમજાણું? હેં? ક્ષેત્રથી તો જુદા જ પડેલા છે. લુગડું લુગડાના ક્ષેત્રમાં અને આત્મા આત્માના ક્ષેત્રમાં છે. એ અનાદિની છે. પરના ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર નહીં અને આત્માના ક્ષેત્રમાં પરનું ક્ષેત્ર નહીં. કહો સમજાણું? એ તો સ્વક્ષેત્રજ્ઞ છે. એવો એક શબ્દ આવે છે ને? ક્ષેત્રજ્ઞ. આવે છે ને જીવના નામ આવે છે. એ સ્વક્ષેત્રજ્ઞ છે. સ્વક્ષેત્રજ્ઞ એ આત્માનું નામ છે એ. સમજાણું?

એ આત્મા સ્વ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. નિર્મળાનંદ પ્રભુ, એનો જ્ઞ એટલે જાણનાર આત્મા ક્ષેત્રજ્ઞ છે. પરક્ષેત્ર રહ્યા પરમાં. કપડાનું ક્ષેત્ર અને શરીર એ બધાય પરદ્રવ્ય છે. આ તો પરવસ્તુ છે, તેના પરક્ષેત્રમાં છે. આત્માના ક્ષેત્રમાં આ છે જ નહીં. આના ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર નથી. બેયના ભિન્ન ક્ષેત્ર છે અંદર. ક્ષેત્ર એટલે હારે ને હારે... આત્મા તો પોતાના સ્વચતુષ્ટયના ભાવમાં છે. આત્માનું દ્રવ્ય, ગુણપર્યાયનો પિંડ તે દ્રવ્ય. ક્ષેત્ર એટલે પહોળાઇ. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તેમાં છે આત્મા. પર્યાય એટલે કાળ. વર્તમાન અવસ્થા, ભાવ એટલે શકિત. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં નથી. સમજાય છે કાંઇ?

મુમુક્ષુ :- ..........

ઉત્તર :- હા, આમાં છે ને. સાંભળતાં નથી? આ અશુધ્ધતાનો નાશ થવો એ નાસ્તિરૂપે ભાવમોક્ષ ભાવ છૂટયો એમ કહેવામાં આવ્યું. અને અસ્તિપણે અનંત, જ્ઞાન આદિની પ્રગટ દશા થઇ તેને ભાવમોક્ષ

અસ્તિપણે કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? આ મોક્ષ-મોક્ષ વાતું કરે મોક્ષ. અમારે મોક્ષ જોઈએ છીએ. પણ ક્યાં મોક્ષ કોને કહેવો ખબર છે તને? એમાં જાણે મોક્ષ હશે! ઓલા તીર્થંફંડમાં ત્યાં ઓલા શું કહેવાય? મુક્તિશિલામાં જાવું એ મોક્ષ હશે. મુક્તિશિલામાં જાવું તે મોક્ષ હશે. એમ છે નહીં. મુક્તિશિલા તો ક્યાંય રહી ગઈ નીચે અને સિધ્ધપદ તો ક્યાંય ઉપર છે. અને મુક્તિશિલામાં ત્યાંય નિગોદના જીવ છે અને સિધ્ધ બિરાજે છે ત્યાંય નિગોદના જીવ છે. જ્યાં ઉપર સિધ્ધ બિરાજે છે ત્યાં, તેના પેટમાં (આત્મામાં) શરીરમાં નિગોદના જીવ છે. (ક્ષેત્ર અપેક્ષા છે).

મુમુક્ષુ :- ......

ઉત્તર :- ધૂળ પણ નથી મળતી. શેઠ ઠીક કહે છે. સિધ્ધનો જ્યાં આત્મા છે ત્યાં અનંતા નિગોદ પડયા છે. એકક્ષેત્રાવગાહે ક્યાં? બધાનું ક્ષેત્ર ભિન્ન છે, બધાના ભાવ ભિન્ન છે. ભાન ન મળે ભાન. આહાહા! થોડી શાંતિ મળે છે કે નહીં? સિધ્ધપદમાં જેમાં આત્મા અનંત કેવળજ્ઞાનમય બિરાજે છે. તેને ત્યાંય પણ અંદર નિગોદ છે. પાંચ એકેન્દ્રિય સૂક્ષ્મ છે. તેને કાંઈ શાંતિ મળતી હશે કે નહીં? ત્યાં બે ચાર ......... પડયા છે. જેલમાં પડયા છે. રાવજીભાઈ!

સિધ્ધ છે ને? ૫૦૦ ધનુષમાં નિગોદ મહા સૂક્ષ્મ પડયા છે આખા લોકમાં, સૂક્ષ્મ છે ને? આખા લોકમાં સૂક્ષ્મ ભરેલાં છે. સૂક્ષ્મ પૃથ્વી, સૂક્ષ્મ પાણી, સૂક્ષ્મ અગ્નિ, સૂક્ષ્મ વાયુ, સૂક્ષ્મ વનસ્પતિ. નિગોદ છે. સૂક્ષ્મ વનસ્પતિ નિગોદ છે. ઓલા ચાર પ્રત્યેક છે. આખા લોક પ્રમાણે પડયા છે. સિધ્ધ છે ત્યાં છે તેથી શું થયું પણ? દરેકનું ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, દ્રવ્ય ભિન્ન. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે જ્ઞાનીને બિડાઈ ગયેલી પર્યાય છે. તે જ્યાં સ્વભાવનું અનુસરણ કરીને, તે પર્યાય **ક્ષીણમોહ ગુણસ્થાને શુધ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને,** શુધ્ધની જ્ઞપ્તિ કેવળી પહેલી અશુધ્ધિ હતી તે આ શુધ્ધ થઈ. જાણવાની ક્રિયા શુધ્ધ થઈ. અટકતી આવતી, રાગ-દ્વેષ ન રહ્યા. મોહ, રાગ, દ્વેષ ન રહ્યા. પણ હજી પૂર્ણ શુધ્ધ ચેતના પ્રગટી નથી.

એ અંતર્મુહૂર્ત બારમા ગુણસ્થાનમાં પહેલેથી સ્વભાવને અનુસરીને જે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, સ્વભાવને અનુસરીને ચારિત્ર પ્રગટ કર્યું છે. વધતાં વધતાં બારમે ગુણસ્થાને શુધ્ધ જાણવાની જ્ઞપ્તિક્રિયા, જાણનક્રિયા શુધ્ધ થઈ છે એ ત્યાં અંતર્મુહૂર્ત રહે છે. **યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી,** લ્યો! પછી એક સમયમાં યુગપદ્ એટલે એકસાથે જ્ઞાનાવરણનો નાશ, દર્શનાવરણનો નાશ, **અંતરાયનો ક્ષય થવાથી કથંચિત્ કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે,**

એ ભગવાનઆત્મા એકક્ષણમાં કોઈ પ્રકારે કૂટસ્થ એટલે એવું ને એવું જ્ઞાન સદાય રહેવાનું તે જ્ઞાન હવે પલટવાનું નહીં. એ અપેક્ષાએ ત્યાં કૂટસ્થ કહેવામાં આવે છે. બાકી છે તો જ્ઞાનની પરિણતિ, કેવળીની પરિણતિ. કેવળજ્ઞાનનો પર્યાય પણ સમયે સમયે નવો પ્રગટે છે. પણ એવો ને એવો પ્રગટે એ

અપેક્ષાએ કૂટસ્થ કહ્યું, જુઓ! (નીચે ફૂટનોટમાં.)

**કૂટસ્થ = સર્વ કાળે એકરૂપ રહેનારું અચળ. (જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો નાશ થતાં કંઈ જ્ઞાન સર્વથા અપરિણામી થઈ જતું નથી.** ભગવાનનું કેવળજ્ઞાન કૂટસ્થ જેમ શિખર સ્થિર રહે તેમ નથી. સમયે સમયે બદલે છે. કેવળજ્ઞાનીનું જ્ઞાન પણ સમયે સમયે બદલે. અનંતાગુણો સમયે સમયે બદલે. ઉત્પાદ ... એ બદલે સદાય અનંતકાળ. એ પૂછતા હતા ને તમારા દેરિયાજી! આ માળું લપ પર્યાયનું! પર્યાયની ખબર ન મળે ખબર. પર્યાય કોને કહેવી. પર્યાય તો આત્માનો ધર્મ છે. સ્વભાવ છે એ કે દિ' મટે? સિધ્ધમાં પણ પર્યાય છે. અનાદિ અનંત છે. પર્યાય નિગોદમાંથી માંડી ને સિધ્ધ, અનાદિ અનંત પર્યાય હોય છે. સંસારીને અશુધ્ધ પર્યાય મિથ્યાદષ્ટિની, સાધકને શુધ્ધ અને અશુધ્ધ પર્યાય, સિધ્ધની પૂર્ણ શુધ્ધ પર્યાય. સમજાણું કાંઈ?

એ જુઓ! **અપરિણામી થઈ જતું નથી.** એને પણ ખબર નથી. કેવળજ્ઞાન ફરે? કેવળજ્ઞાન હવે પલટે. હવે એને પલટવાનું શું કારણ રહ્યું? એમ. પણ એ તો પલટવાનો પર્યાયનો સ્વભાવ છે. સમયે સમયે નવું જ થયા કરે, નવું જ થયા કરે. એની એ પર્યાય બીજે સમયે ન રહે. કેવળજ્ઞાની ભગવાન અરિહંતને પણ એ કેવળજ્ઞાનનો પર્યાય એનો એ બીજે સમયે ન રહે.

'ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્' પદાર્થ અનંતાગુણની પર્યાયથી ઉત્પન્ન થાય, પૂર્વની પર્યાયથી વ્યય થાય, પોતાની જાતને જાળવી ટકી રહે. એવો દરેક દ્રવ્યનો સ્વયં સિધ્ધ સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ? **પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતું નથી-સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કથંચિત્ કૂટસ્થ કહ્યું છે.** નીચે છે ફૂટનોટ. દરેક આ ગાથાના ભાવો તો દરેક ઝીણા છે. પર્યાયનું કથન છે. તેની વસ્તુ પર્યાય નિર્મળ, મલિન કેવી છે? અને તે પણ નિર્મળ પર્યાય પણ કૂટસ્થ છે એવડી રહે છે. એટલે કે જુદા જુદા જ્ઞેયને જાણવા માટે પરિણમન બદલતું નથી પણ એક સાથે બધા જ્ઞેયોને જાણવાનો જે પર્યાય પલટયો એવો ને એવો બીજે સમયે, ત્રીજે સમયે સાદી અનંત. નવી નવી નવી પર્યાય કેવળજ્ઞાન છતાં અનેક જ્ઞેયોને જાણવા પરિણમન નથી પલટાતું માટે કૂટસ્થ કહેવામાં આવે છે. કૂટ એટલે શિખર.... પાણીના તરંગની પેઠે ઉઠે એમ નથી. સમજાણું કાંઈ? શું?

પાણીના તરંગની પેઠે આમ ઉંચુ ગયું, ઉંચુ ગયું એ છે તો કેવળજ્ઞાનની પેઠે એની પર્યાય પણ એવી ને એવી છે માટે કૂટસ્થ કહેવામાં આવે છે. કૂટ એટલે શિખર થાય ને શિખર તે ડુંગર ઉપર શિખર. છે? એમાં તરંગ નથી ઉઠતા. પાણીના તરંગ ઊઠે છે, શિખર સ્થિર છે. એમ અહીંયાં છે નહીં, ઉપરમાં છે નહીં. છે તો પોતાની સમય સમયની પર્યાય પરિણમતી પણ એ રીતે જ્ઞેયને જાણતું પોતે જ્ઞાન પોતાના પૂર્ણપણે પરિણમી રહ્યું છે, અનેક જ્ઞેયને ભિન્ન ભિન્ન અટકતું જાણવું પલટાતું નથી માટે તેને કૂટસ્થ કહેવામાં આવ્યું છે. રાવજીભાઈ! હજી થોડો અભ્યાસ કરવો જોઈએ. એમ ને એમ આ બધું બહારમાં

ને બહારમાં જીંદગીયું જાય. આહા.. આવો સમય મનુષ્ય દેહનો એમાં વીતરાગમાં જન્મ, એમાં સત્ વાણી સાંભળવા મળે, એમાં એ પ્રકાર એ તો મહા દુર્લભ! દુર્લભ-દુર્લભ-દુર્લભ છે ઓહોહો! એ નિગોદના જીવ કોઈ દિ' ત્રસ નહીં થાય. ત્રસ નહીં થાય તો સમકિત તો કયાંથી પામે? આહાહા! નિત્ય નિગોદ છે ને. આહાહા! ભાઈ! તને તો આ અવસર મળ્યો છે, બધા અવસર આવી ગયા. આહાહા!

આ વસ્તુ એક સમયમાં પૂર્ણ શુધ્ધ એની પર્યાય બહારના લક્ષમાં અટકે છે એ સંસાર! એને અંતર જ્ઞાયકમાં અનુસરવું એ ધર્મની પર્યાય અને મોક્ષનો ઉપાય છે. આ તો કહે, આ કરો ને આ કરો ને આ કરો. બિચારાને કયાં લાકડામાં ખોસી કાઢયા! નવરો થાય નહીં એક જણો તો કહેતો હતો બબ્બે કલાક તો અમારે દાણા ધોવા પડે ત્યાં ઉદાસીન આશ્રમમાં. દરેકને દાણા આપે ધોવા પડે. શાક ધોવું પડે, બે કલાક રોકાઈએ. ત્યારે પાછું નહાવું-ધોવું. વળી આમ ધનોજ-બનોજ હોય તેને સાફ કરીએ. એમાં જ અમારો ટાઈમ જાય. અમે વાંચવા કે દિ' નવરા થઈએ! ધર્મ કે દિ' હતો ત્યાં. વિકલ્પ છે જરી! સમજાય છે? એ બિચારા કહેતા હો કે આ તમે કહો છો તે વાત અમારે સાંભળવા પણ વખત કયાં છે વાંચવાનો? આ ખાવું ને આ ન ખાવું, આ પીવું ને આ ન પીવું ને આ બગડી ગયું ને આ છોડી દીધું ને ............. હવે સાંભળને તું અટકયો છે અજ્ઞાનમાં ત્યાં એ તો નક્કી કર! ભીખાભાઈ!

એક તો બિચારી બાઈ. એનો ધણી એવું બધું કરે કે કાયર થઈ ગઈ પછી. ગોળ ખાવો તે. પછી શેરડી ઓલામાંથી લઈ આવે. શેરડી સમજો છો? ગન્ના. ઈ ન્યાં ધોવરાવે એ પાછું ત્યાં ઓલો શું કહેવાય? ચીચોડો એને ધોવડાવે, કણબીના હાથ ધોવડાવે એને બધું આમ કરાવે, એ રસ કાઢે લાવે! વળી પાછા બાયડીને કહે કે તું અહીં રહે. ભઈ એના કરતાં ગોળ ખાવો જ છોડી દે ને? આટલી માથાકૂટ છે તે! કેટલી માથાકૂટ! હજી ગોળ ખાવો છે પણ આવી બધી કર્તા કર્તા કર્તાની ક્રિયા છોડવી નથી. હવે તેને ધર્મ કરવાનો અવસર કે દિ' રહે? તેણે માની લીધું. હેં! અને તમારા જેવા શેઠીયા મળી ગયા. કેમ શેઠ? ઓહો! ત્યાગી મહારાજ છે, ત્યાગી મહારાજ છે એમ પુષ્ટિ કરી. ઓલાને ભાઈ પૈસા જોઈતા હોય તો જાવ ભાઈ લઈ જાવ ભાઈ! મૂઢ છે. મોઢા આગળ મોટું નામ. ભગવાનદાસ શોભાલાલ મોટું-મોટું નામ. બુંદેલખંડ.

પણ આ સમજયા વિના બધા થોથા છે. કહે છે. આહાહા! અને બિચારાને ઘરે.....અહીં દસ-બાર વર્ષ પહેલાં આવ્યા ત્યારે (કહેતા) આ વાત અમારે સાંભળવા મળતી નથી. .......................... અમારે તો આમાં વખત જાય, ખાવામાં વખત જાય, પીવામાં વખત જાય. જંગલમાં બે વાર કદાચ જવાનું થાય. એમાં જાય. એમાં નહાવું ધોવું, પગ સાફ કરવા. બધું આ કરવું આ કરવું. એમાં માંડ માંડ નવરા થઈએ, આવું સાફ કરવું દાણા ને મેથી ને ઘઉં ને.

ભાઈ! એ તો જે કાળે બનવાની ક્રિયા બનતી હોય, પહેલું સમ્યગ્દર્શન પ્રગટે, દર્શનશુધ્ધિ થાય

પછી સહેજે એવો વિકલ્પ હોય. બનવાની ક્રિયા હોય તો બની જાય. આ તો કર્તૃબુધ્ધિને કરવી છે અને ધર્મની શ્રધ્ધા વધારવી છે. કર્તૃત્વબુધ્ધિથી. પહેલાં એ કરે છે. તો અહીં કહે છે કે ભગવાનઆત્મા! પોતાના શુધ્ધસ્વરૂપની અંતરની દૃષ્ટિ કરવાથી..

જુઓ! પોતાની પર્યાયમાં જ્ઞપ્તિક્રિયા શુધ્ધ થઈ, અંતરમુખ થઈ તો કેવળજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? આ ક્રિયા કેવળજ્ઞાન પામવાની છે. કેટલા અપવાસ કરવા પડશે કેવળજ્ઞાન પામવા માટે એમ અહીંયાં નથી આવતું. ભગવાનઆત્મા! નિમિત્તને અનુસરીને જ્ઞપ્તિક્રિયા ખંડ ખંડ એકલી કરે છે તો અંતરમુખનું અનુસરણ કરીને જ્ઞપ્તિની સાથે અખંડતા અશુધ્ધતાનો નાશ થઈને તે પૂર્ણ શુધ્ધતા પ્રગટ થાય. પૂર્ણ શુધ્ધતા તો બારમે ગુણસ્થાને પ્રગટ થાય. અંતરમુહૂર્ત રહે તો ત્રણેનો (અશુધ્ધતાનો) નાશ થાય છે. એની કલ્પના છે આમ થાશે આમ થાશે ઈ.

**એ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી,** એ જાણવાની ક્રિયા ખંડ ખંડના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ હોવાથી, ભાવકાર્ય ખંડ ખંડનું જે કાર્ય હતું તેનો નાશ થાય છે. એ ભાવકર્મ. એ ભાવકર્મ અહીં કીધું. આહાહા! સમજાણું? બહુ સરસ વાત! તેની ક્રિયા આદિ છે તે પરને લક્ષે ખંડ ખંડ થાય એટલું, પોતાની જ્ઞપ્તિ જાણવાની ક્રિયા, હોં! સ્વજ્ઞેયને જ્ઞાન ન બનાવીને એકલા પર તરફના પક્ષના લક્ષમાં એ જ્ઞાનની પ્રવૃત્તિ એકલી ખંડ ખંડ પ્રવર્તે તે સંસાર છે, તે ભાવકર્મ છે.

એ ઉદયભાવ બંધભાવ ખંડ ખંડ થતાં એ દુઃખદાયકભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! જ્ઞપ્તિક્રિયા શબ્દ પડયો છે કે નહીં? આ ક્રિયા છે કે નહીં? એ ક્રિયા તેની ખંડે ખંડે વર્તતી દુઃખદાયક છે. તેને આત્માનું અનુસરણ કરીને તે ક્રિયાનો નાશ થઈ જવો તેનું નામ ભાવકર્મનો વિનાશ કહેવામાં આવે છે. ક્રમે ક્રમે ખંડ ખંડ થતી ક્રિયા તે ભાવકર્મ છે. ....તેનું નામ ભાવકર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

**તેથી કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન,** હવે સીધી વાત લે છે. **સર્વજ્ઞ** થાય છે, **સર્વદર્શી** થાય છે, **ઈન્દ્રિયવ્યાપારાતીત** થાય છે, **અવ્યાબાધ-અનંતસુખવાળો સદાય રહે છે.** આહાહા! તેથી તે કર્મનો અભાવ, તે કર્મ કોણ? ઓલો ભાવકર્મ હોં! જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ. **તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈન્દ્રિયવ્યાપારાતીત-અવ્યાબાધ-અનંતસુખવાળો સદાય રહે છે.** એ પર્યાય પ્રગટી અનંતકાળ સિધ્ધ ભગવાન એવા ને એવા જ રહે છે. પરમાત્મા અરિહંત પદ પ્રગટયું તે આ આત્માના અંતરગુણને અનુસરીને પ્રગટે છે. સમ્યગ્દર્શન પણ અંતરગુણને અનુસરીને, ચારિત્ર પણ અનંત સ્વભાવને અનુસરીને, શુકલધ્યાન અનંતને અનુસરીને અને કેવળજ્ઞાન અનંત સ્વભાવના ત્રિકાળને અનુસરીને પ્રગટ થાય છે. ભાવકર્મથી છૂટે છે અને ભાવમોક્ષ આદિ દશાને ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ?

**અનંતસુખવાળો સદાય રહે છે.** કહે છે આ આકુળતાનો નાશ થયો, ભાવકર્મનો. અનાકુળતાના

આનંદદશાની પ્રગટ દશા એ સુખ. સુખ આ બાયડી, છોકરાનું સુખ છે ધૂળનું? આ બાયડી, છોકરા, પૈસા, હજીરા મકાન બે લાખના, પાંચ લાખના એ સુખ છે? માટીના ઢગલા છે, ધૂળ છે. ત્યાં સુખ છે? અને દુઃખ ત્યાં છે? તારું દુઃખ ત્યાં છે? નિર્ધનતા ને શરીરમાં રોગ તેમાં દુઃખ છે? બિલકુલ નહીં. તારો આત્મા આનંદમૂર્તિ છે તેની ઉલટી દશા કરીને વિકારનો ભાવ કરે તે દુઃખદશા છે. લાગે છે એને દુઃખ? એ ભાન વિનાનું દુઃખ દશામાં છે. દશામાં, આત્માની દશામાં, શરીરમાં નહીં. શરીરમાં કોણ કહે છે? શરીરમાં કયાં આત્મા હતો કે શરીરમાં હોય.

મુમુક્ષુ :- શરીર તેનું નથી તો કોનું છે?

ઉત્તર :- માટી, ધૂળનું. એ તો પુદ્ગલનું શરીર છે. આત્માનું શરીર છે આ? મોહનભાઈ! ભાઈને હવે કાંઈક નક્કી કરાવી દેજો. એ કહે તમે કરાવી દયો, મેં એને સોપ્યું છે. એ દુઃખ શરીરમાં પણ નથી, શરીરને લઈને પણ નથી. દુઃખ છે આત્માની વર્તમાન દશાના આનંદને ભૂલીને ભ્રમણા ને રાગ-દ્વેષ કરે, તે દુઃખ છે. શેનો દુઃખાવો થાય, ધૂળમાંય થાતો નથી, કલ્પે છે. અહીં કાંઈક થાય તો મને કાંઈક થાય છે એવી કલ્પના કરે છે. કોઈ દિ' પોતાના અસ્તિત્વની સત્તાની દષ્ટિને, લક્ષ કરતો નથી.

મુમુક્ષુ :- એકેક્ષેત્રાવગાહે રહેલો છે.

ઉત્તર :- એક ક્ષેત્રાવગાહે રહેલો એટલે? એકક્ષેત્રાવગાહે ધર્માસ્તિ રહ્યું છે, અધર્માસ્તિ રહ્યું છે, આકાશ પણ રહેલું છે. બધું જ રહ્યું છે. અહીં બધું છે. છએ દ્રવ્ય અહીં છે. અહીં અસંખ્ય પ્રદેશ ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ અહીં છે, આકાશના અસંખ્ય પ્રદેશ છે, કાળના અમૂર્ત દ્રવ્ય છે. અનંતાપરમાણુના અનંતાસ્કંધ છે. (મુમુક્ષુ :- તો આમાં ભૂલ કયાં થાય છે?) આ અજ્ઞાનને લઈને ભૂલ થાય છે.

તેને પોતાની મહાન સત્તા ચૈતન્ય અરૂપી આનંદઘન! તેની સત્તાનો સ્વીકાર નહીં કરવાથી આ રાગ ને દ્વેષ ને અલ્પજ્ઞ તે હું એવી સત્તાનો સ્વીકાર કરવાથી તેને દુઃખ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? આ શરીરને કાંઈક થઈ ગયું, આ મારી સગવડતા ચાલી ગઈ, આ અગવડતા મને છે. એ માન્યતા તેને દુઃખ છે. પણ ઈ શું તે તો તેનો બાપ થયો પાછો. શરીરમાં ઠીક છે એ પાછી સગવડતા થઈ ગઈ. એ નું એ થયું. એ ને એ ત્યાં પાછી હોળી થઈ. પણ આ (શરીર) કે દિ' તેના બાપનું હતું કે તેનું હતું? આ તો માટીનું છે. આ માટી રાખ થઈને એકવાર મસાણમાં ઊભી રહેશે. અત્યારે આ રાખનો પિંડલો છે. એય! શરીર ઉપર કંટાળો આવ્યો છે. શું તૈયાર છે? આત્મા મરી જાતો હશે? આત્મા મરતો હશે કોઈ દિ'? શરીર છૂટે ત્યાં મરી ગયો? જેચંદભાઈ! આ તો બધી ભ્રમણા અંદર દુઃખમાં પલટાઈ ગયેલી છે દષ્ટિ. આ મરવું છે. ત્યાં માસીબા બેઠી હશે! ..... આ બધા દેખતામાંથી છૂટે એટલે અંધારામાં જાવું છે એમ તેનો અર્થ. આ દેખતા છે ને મોહનભાઈ ને છોકરાઓ, આ મામા ને બધું હતું એમાંથી છૂટીએ

તો આ જોનારા તો મરે! અમે આંધળાને એય આંધળા ને અમે સાથે પછી બધા. કહો, સમજાણું આમાં?

એ વાત એ છે કે આ જગતની વ્યવસ્થામાં અમે આમ રહ્યા તેને દેખનારા અધિકપણે દેખતા એ આમ દેખે એવી સ્થિતિમાંથી ચાલ્યા જઈએ તો ન્યાં અત્યારે બીજી દુકાનુંમાંથી છૂટી જાવું છે? આત્માના અસ્તિત્વની સત્તાની ખબર નથી. કહો, સમજાણું આમાં?

**એ રીતે આ (અહીં કહ્યો તે), ભાવકર્મ મોક્ષનો પ્રકાર,** જુઓ! ભાવકર્મ મોક્ષનો પ્રકાર અને દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર છે. ત્રણ લીટી કહી હતી તેનો સરવાળો કરે છે. નીચે ફૂટનોટ છે તેનો અર્થ જુઓ! નીચે ફૂટનોટ **ભાવકર્મમોક્ષ = ભાવકર્મનું સર્વથા છૂટી જવું તે,** ભાવકર્મ એટલો ક્રમે ક્રમે, ખંડ ખંડ રાગ-દ્વેષ છૂટી જવાથી **ભાવમોક્ષ. જ્ઞપ્તિક્રિયામાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવો તે ભાવમોક્ષ છે.** નાસ્તિથી વાત કરી. અથવા તે સર્વજ્ઞ-સર્વદર્શીપણાની અને અનંતાઆનંદમયપણાની પ્રગટતા તે ભાવમોક્ષ છે. ભાવમોક્ષના બે પ્રકાર. ભાવ પોતાની નિર્મળ પર્યાય અશુધ્ધથી છૂટી જાય તે ભાવમોક્ષ અને નિર્મળ પર્યાય પોતે પૂર્ણ થઈ તેનું નામ ભાવમોક્ષ. સમજાય છે કાંઈ?

એક ગાથા ને એક ન્યાય સમજાય તો ન્યાલ થવાના રસ્તા છે. વાત સમજવાની દરકાર કરે નહીં અને ઓલું એક નું એક ઘૂંટે. બરાબર છે કે નહીં? આહાહા! જ્યાં નજરું નિધાનમાં નાખવાની છે ત્યાં નજરું નાખતો નથી. અને આ સ્થૂળમાં ને આમાં ને આમાં, જ્યાં ત્યાં નજર નાખીને જ્ઞાનને ખંડ ખંડ કરે છે. એ દુઃખદશા તેની છે તે આત્માને અનુસરીને દુઃખદશા ટળી શકે છે. બાકી બીજો કોઈ ઉપાય છે નહીં. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૫૨

दंसणणाणसम्मग्गं झाणं णो अण्णदव्वसंजुत्तं ।
जायदि णिज्जरहेदू सभावसहिदस्यस साधुस्स ।। १५२ ।।

दर्शनज्ञानसमग्रं ध्यानं नो अन्यद्रव्यसंयुक्तम् ।
जायते निर्जराहेतुः स्वभावसहितस्य साधोः ।। १५२ ।।

द्रव्यकर्ममोक्षहेतुपरमनिर्जराकारणध्यानाख्यानमेतत् ।

एवमस्य खलु भावमुक्तस्य भगवतः केवलिनः स्वरूपतृप्तत्वाद्विश्रान्तसुखदुःखकर्मविपाककृतविक्रियस्य प्रक्षीणावरणत्वादनन्तज्ञानदर्शनसम्पूर्णशुद्धज्ञानचेतनामयत्वादतीन्द्रियत्वात् चान्यद्रव्यसंयोगवियुक्तं शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्तिरूपत्वात्कथञ्चिद्ध्यानव्यपदेशर्हमात्मनः स्वरूपं पूर्वसञ्चितकर्मणां शक्तिशातनं पतनं वा विलोक्य निर्जराहेतुत्वेनोपवर्ण्यत इति ।। १५२ ।।

દગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,
તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨.

**અન્વયાર્થ :- (स्वभावसहितस्य साधोः) સ્વભાવસહિત સાધુને (-સ્વભાવપરિણત કેવળીભગવાનને) (दर्शनज्ञानसमग्रं) દર્શનજ્ઞાનથી સંપૂર્ણ અને (नो अन्यद्रव्यसंयुक्तम्) અન્યદ્રવ્યથી અસંયુકત એવું (ध्यानं) ધ્યાન (निर्जराहेतुः जायते) નિર્જરાનો હેતુ થાય છે.**

ટીકા :-આ, દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન છે. એ રીતે ખરેખર આ (-પૂર્વોકત) ભાવમુક્ત (-ભાવમોક્ષવાળા) ભગવાન કેવળીને-કે જેમને સ્વરૂપતૃપ્તપણાને લીધે *કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે તેમને-આવરણના પ્રક્ષીણપણાને લીધે, અનંત જ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુદ્ધજ્ઞાન ચેતનામયપણાને લીધે તથા અતીન્દ્રિયપણાને લીધે જે અન્યદ્રવ્યના સંયોગ વિનાનું છે અને શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યવૃત્તિરૂપ હોવાને લીધે જે કથંચિત્ ‘ધ્યાન’ નામને યોગ્ય છે એવું આત્માનું સ્વરૂપ (-આત્માની નિજ દશા) પૂર્વસંચિત કર્મોની શક્તિનું *શાતન અથવા તેમનું *પતન અવલોકીને નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે.

*૧. કેવળીભગવાન નિર્વિકાર-પરમાનંદસ્વરૂપ સ્વાત્મોપન્ન સુખથી તૃપ્ત છે તેથી કર્મનો વિપાક જેમાં નિમિત્તભૂત હોય છે એવી સાંસારિક સુખદુઃખરૂપ (-હર્ષવિષાદરૂપ) વિક્રિયા તેમને વિરામ પામી છે.*

*૨. શાતન = પાતળું થવું તે; હીન થવું તે; ક્ષીણ થવું તે.*

*૩. પતન = નાશ; ગલન; ખરી જવું તે.*

**ભાવાર્થ :- કેવળીભગવાનના આત્માની દશા જ્ઞાનદર્શનાવરણના ક્ષયવાળી હોવાને લીધે, શુદ્ધજ્ઞાનચેતનામય હોવાને લીધે તથા ઈન્દ્રિય વ્યાપારાદિ બહિર્દ્રવ્યના આલંબન વિનાની હોવાને લીધે અન્યદ્રવ્યના સંસર્ગ રહિત છે અને શુદ્ધસ્વરૂપમાં નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ હોવાને લીધે કોઈ પ્રકારે 'ધ્યાન' નામને યોગ્ય છે. તેમની આવી આત્મદશા નિર્જરાના નિમિત્ત તરીકે વર્ણવવામાં આવે છે કારણ કે તેમને પૂર્વપાર્જિત કર્મોની શકિત હીન થતી જાય છે તેમ જ તે કર્મો ખરતાં જાય છે. ૧૫૨.**

## પ્રવચન નં :-૫૧, ગાથા-૧૫૨-૧૫૩,
## આસો વદ-૬, મંગળવાર, તા.૨૭-૧૦-૬૪

### ગાથા-૧૫૨ ઉપર પ્રવચન

ભાવકર્મનો મોક્ષ. ભાવકર્મમોક્ષ આ તેનો અધિકાર ચાલ્યો. આત્મામાં જાણવાની ક્રિયા ક્રમે ક્રમે ખંડ ખંડ થાય તે ભાવકર્મ છે. અશુદ્ધ છે, બંધનું કારણ છે તેનાથી મોક્ષ થાય તેનું નામ ભાવમોક્ષ કહેવામાં આવે છે. અથવા **દ્રવ્યકર્મમોક્ષના હેતુભૂત પરમ સંવર**. હવે અહીંયાં અધિકારની નિર્જરા આવી. હવેની ગાથામાં નિર્જરાનો અધિકાર આવશે. આ દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત, જડકર્મના છૂટવાના નિમિત્તભૂત પરમ સંવરનો પ્રકાર અજોગ દશા સુધીનું અહીંયાં વર્ણન કર્યું. હવે પરમ નિર્જરા બતાવે છે. ૧૫૨ ને ૧૫૩ ગાથામાં પૂરૂં કરશે. પછી મોક્ષમાર્ગ શરૂ. એ આપણે ચાલી ગયો છે.

**दंसणणाणसम्मग्गं झाणं णो अण्णदव्वसंजुत्तं ।**
**जायदि णिज्जरहेदू सभावसहिदस्यस साधुस्स ।। १५२ ।।**

**દગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,**
**તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨.**

સાધુ એટલે ભગવાન કેવળી. અહીં ભગવાન કેવળીને સાધુ કહેવામાં આવ્યા છે.

**ટીકાઃ- આ, દ્રવ્યકર્મના હેતુભૂત,** જે પૂર્વના કર્મો બંધાયેલાં છે. કેવળીને ચાર અઘાતિ હજી પડ્યા છે ને? કેવળજ્ઞાની પરમાત્માને ચાર કર્મ અઘાતિના થયા અને ચાર હજી બાકી રહ્યા. એના ફૂટવાના નિમિત્તભૂત એવી **પરમ નિર્જરાના કારણભૂત** પરમ નિર્જરાના કારણભૂત **ધ્યાનનું કથન છે.** જેની પરમ નિર્જરા એટલે બધું કર્મ એક સાથે છૂટી જાય એવા પરમ નિર્જરાનું અહીંયાં સ્વરૂપ એવું ધ્યાન તેનું

કથન છે. માથે કહ્યું તે ૧૫૦ ને ૧૫૧.

**એ રીતે ખરેખર આ (પૂર્વોકત) એટલે ભાવમુક્ત (-ભાવમોક્ષવાળા ભગવાન કેવળીને,** ભાવમોક્ષવાળા ભગવાન કેવળીને પોતાના સ્વરૂપમાં તદ્દન રાગ રહિત દશા, ક્રમ રહિત જાણવાની ક્રિયાનું કાર્ય નાશ થઈ ગયું. અને પૂર્ણ ભાવમુકિત થઈ ગઈ. પર્યાયમાં અશુદ્ધતાનો બિલકુલ નાશ થયો. એ જ્ઞપ્તિક્રિયાની અશુદ્ધતાનો. અને પૂર્ણ સર્વજ્ઞ અને સર્વદર્શી પર્યાય પ્રગટ થઈ. **એવા ભગવાન કેવળીને -કે જેમને સ્વરૂપતૃપ્તપણાને લીધે,** જુઓ! સ્વરૂપતૃપ્તપણું પોતાના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ વર્તે છે. જે આનંદ અંતર શક્તિમાં હતો તે પૂર્ણ એકાગ્ર થઈને જે પર્યાય પ્રગટ થઈ. પૂર્ણ આનંદ આનંદ આનંદ. જુઓ! આ સ્વરૂપતૃપ્તિ. સ્વરૂપતૃપ્તિ થઈ ગઈ.**સ્વરૂપતૃપ્તપણાને લીધે,** ભગવાન કેવળીને સ્વરૂપની તૃપ્તિના આનંદને કારણે, કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે.

નીચે ફૂટનોટ છે. **કેવળીભગવાન નિર્વિકાર-પરમાનંદસ્વરૂપ સ્વાત્મોપન્ન,** આત્માથી ઉત્પન્ન થયેલું સુખ. નિર્વિકાર-પરમાનંદસ્વરૂપ સ્વઆત્માથી ઉત્પન્ન સુખથી તૃપ્ત છે. લ્યો! કેવળીભગવાન પરમ આનંદથી તૃપ્ત છે. તૃપ્તિ થઈ ગઈ છે. અહીં લોકો નથી કહેતાં? લાડવા ખાય કાંઈક પીવે શું કહેવાય? મોસંબી તરસની કાંઈક તૃપ્તિ થઈ હવે? છાશ-મોસંબી પીવે હવે તૃપ્તિ તારી તૃષાની પુરી થઈ કે નહીં? એમ કહે. ધૂળની પણ તૃપ્તિ નથી. તેમાં રાગ અને કલ્પના મળી. આત્માનંદ જે અંતરમાં પૂર્ણાનંદ પડયો છે તેનું પહેલું અંતરમાં પરિણમન કરીને આનંદના અંશની પ્રગટ દશા તેમાં પ્રતીત થઈ ગઈ કે આખો આત્મા આનંદમૂર્તિ છે. સમજાય છે કાંઈ? તેમાં પરિણમન કર્યું પરિણમન. પહેલું તો સમ્યગ્દર્શનના કાળમાં એ આત્મા રાગવાળો ને વિકારવાળો ને સંયોગવાળો જે અનાદિથી મનાયેલો હતો, તે માન્યતા સ્વરૂપના પરિણમન ગમનમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમ સ્વભાવ એકલો આનંદ આનંદસ્વરૂપ જ આખું તત્ત્વ છે. એમ પ્રતીતમાં આવતાં આનંદના અંશની પણ વેદન દશા થતાં, આ આખો આત્મા સ્વરૂપતૃપ્ત ભરેલો છે એમ પ્રથમ સમ્યગ્દર્શનમાં ભાન થાય છે.

આ ચારિત્ર સહિત પરમાત્માની વાત લીધી છે. ભગવાનને તો ચારિત્ર પૂર્ણ સ્વરૂપમાં રમણતા તો થઈ ગઈ અને પરમાનંદની પૂર્ણ તૃપ્તિ થઈ ગઈ. જેવો વસ્તુમાં આનંદ હતો તે પહેલાં અનુભવમાં પ્રતીત આવ્યો હતો. એવો પર્યાયમાં અવસ્થામાં આનંદના અંતરમાં લીન થતાં શકિતની વ્યકતતા પરમાનંદની તૃપ્તિ થઈ. એને કારણે એને લીધે છે ને? સ્વરૂપતૃપ્તપણાને લીધે, ટીકા. અહીં પણ નીચે ફૂટનોટમાં કહ્યું છે, **નિર્વિકાર-પરમાનંદસ્વરૂપ સ્વાત્મોપન્ન સુખથી તૃપ્ત છે તેથી,** એમ. કર્મનો વિપાક જેમાં નિમિત્તભૂત હોય છે એવી સાંસારિક સુખદુઃખરૂપ (-હર્ષવિષાદરૂપ) વિક્રિયા તેમને વિરામ પામી છે. એમ. સુખ-દુઃખના વિકલ્પ, સંકલ્પ વિકલ્પ એ વિરામ એટલે નાશ થઈ ગયા છે. સમજાણું?

**સ્વરૂપતૃપ્તપણાને લીધે કર્મવિપાકકૃત,** કર્મના વિપાકથી જેમાં નિમિત્તપણું કર્મના વિપાકનું છે,

એવા આત્મામાં થતી **સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે.** અટકી ગઈ એટલે? થતી નથી. **તેમને,** જુઓ! અહીંયાં ભાષા એમ લીધી છે હોં! કર્મવિપાકકૃત, કર્મના વિપાકથી થયેલાં સુખદુઃખરૂપ, નિમિત્તથી નીચે ખુલાસો કર્યો છે. **સ્વરૂપતૃપ્તિપણાને લીધે,** નિમિત્તપણાના વલણનો સુખદુઃખ કલ્પનાનો ભાવ, એ નાશ થઈ ગયો છે. એકલો આનંદ આનંદ આનંદ સ્વરૂપ તૃપ્ત તૃપ્ત તૃપ્ત.

**તેમને-આવરણના પ્રક્ષીણપણાને લીધે,** આવરણનું પ્ર-વિશેષે આવરણ બધું ક્ષીણ થઈ ગયું. એ અહીં હજી કેવળીની વાત ચાલે છે, હોં! ૧૩ માની વાત ચાલે છે. **તેમને-આવરણના પ્રક્ષીણપણાને લીધે,** ઘાતિના નાશપણાને લીધે, પહેલું લીધું કે **સ્વરૂપતૃપ્તપણાને લીધે કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે.** હવે **આવરણના પ્રક્ષીણપણાને લીધે,** નિમિત્ત. **અનંત જ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુધ્ધજ્ઞાનચેતનામયપણાને લીધે,** આવરણના પ્રક્ષીણપણાને લીધે એ નિમિત્ત કીધું. આત્મામાં અનંત અનંત બેહદ જ્ઞાન દર્શનથી સંપૂર્ણ શુધ્ધ કીધું. શુધ્ધ જ્ઞાનચેતનામાં પણ સંપૂર્ણ વિશેષણ લગાવ્યું છે. શું કીધું એ?

પહેલાં ચોથે ગુણસ્થાનથી શુધ્ધચેતના હોય છે. સમજાય છે કાંઈ? જ્ઞાન જ્ઞાનને જાણે, વેદે, એવો અંશ ચોથા ગુણસ્થાનમાં પણ શુધ્ધજ્ઞાનચેતના હોય છે. પાંચમે હોય, છઠ્ઠે હોય, બારમે-સિધ્ધને સંપૂર્ણ જ્ઞાનચેતના કારણ કે પહેલાં કહી ગયા છે ને કે તેરમે ગુણસ્થાને જ્ઞાનચેતના છે. પહેલાં શરૂઆતમાં કહી ગયા છે. કર્મચેતના એ ત્રસ જીવને હોય. રાગ-દ્વેષનું વેદન કરવું એવી કર્તાબુધ્ધિનું વેદન કર્મચેતના ત્રસજીવને હોય. કર્મફળચેતના એકેન્દ્રિયને હોય. કર્મફળચેતના સમજાય છે? શું? હરખ-શોકનું વેદન હરખ-શોકનું વેદન મુખ્યપણે કર્મના ફળનું વેદન એ એકેન્દ્રિયજીવને કર્મફળ આનંદનું ફળ તો છે નહીં. કર્મની ચેતનાનું વીર્ય મંદ છે એટલે કરવું તેવી બુધ્ધિ ગૌણ છે. મુખ્યપણે એકેન્દ્રિયજીવને નિગોદમાં અનાદિના અનંત અનંત અનંત પડયા છે. તેને તો એકલું વિકારના પરિણામનું ભોગવવું એવી કર્મ વિકારના કાર્યચેતનાનું એકલું વેદન છે. ત્રસ જીવને મુખ્યપણે કર્મચેતના ગૌણપણે કર્મફળ છે. વીર્યની ચીકાશશક્તિ વધારે છે તેથી તેને કર્મચેતના મુખ્યપણે ગણી. ભગવાને જ્ઞાનચેતના ગણી. કેટલાક કહે કે જ્ઞાનચેતના ત્યાં જ હોય છે. નીચે હોય નહીં. ત્યાં જ્ઞાનચેતના તેરમે ગુણસ્થાને ગણી છે, પહેલાં. તેનો અહીં ટીકાકારે ખુલાસો કર્યો છે. જુઓ! સમજાણું?

અનંતજ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુધ્ધ જ્ઞાનચેતનામય થઈ ગઈ છે દશા. કેવળીને સંપૂર્ણ જ્ઞાનનું ચેતવું, રમવું આનંદ પૂર્ણ થઈ ગયું છે. **અનંતજ્ઞાનદર્શનથી સંપૂર્ણ,** આહાહા! **શુધ્ધજ્ઞાનચેતનામયપણાને લીધે,** એ તો સંપૂર્ણ અને શુધ્ધ એ બે શબ્દો ઉપર જરા વજન છે. સમજાય છે કાંઈ? કેવળીપરમાત્માને સંપૂર્ણ અને શુધ્ધ જ્ઞાનચેતના પૂર્ણ થઈ ગઈ છે. ચોથે ગુણસ્થાને શુધ્ધજ્ઞાનચેતના અંશે છે. સમજાણું કાંઈ? ભલે રાગાદિ ને હરખ-શોકનું વેદન છે. પણ એ સુખબુધ્ધિની રુચિથી નથી એટલે તેને મુખ્યપણે

ન ગણતાં જ્ઞાનીને જ્ઞાનનું જ વેદન ચૈતન્યપ્રભુ અંતર સ્વરૂપ આનંદ શુધ્ધ આનંદ તેના જ પરિણમનનું વેદન મુખ્યપણે ગણવામાં આવ્યું છે. સાથે રાગ-દ્વેષ ને હરખ-શોકનું વેદન છે. કેવળીને કાંઇ જરાપણ નથી. હરખ-શોકનું વેદન નથી પહેલું કહી ગયા. સુખદુઃખની વિક્રિયા નથી. ઓહોહો!

પૂર્ણ આત્મા. જેવી શક્તિમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય હતું, તે પૂર્ણ જે અનંતજ્ઞાન, દર્શન પ્રગટયું, વીર્ય પણ સાથે પ્રગટયું તેને સંપૂર્ણ **શુધ્ધજ્ઞાનચેતનામયપણાને લીધે,** એક વાત. તેની આત્મદશા આવી છે એમ કહે છે. એવી દશાથી તેને પૂર્વના અઘાતિ કર્મો **શાતન** અને **પતન** બે શબદો વાપર્યા છે ને? આવી દશાને કારણે તેને એ જાતનું ધ્યાન વર્તે છે, એમ. તેથી પૂર્વના કર્મનું શાતન-ટળવું અને પતન-સર્વથા નાશ થવો. સમજાણું કાંઇ? ભાષા જુઓ! શાતન અને પતન. એ શબ્દ પડયા છે. શાતન અને પતન. કેટલું સાહિત્ય છે તેનામાં? હેં? આચાર્ય શબ્દના સાહિત્યમાં પણ કેટલા પ્રવીણ છે. કરી શકતા નથી હોં! સમજાણું કાંઇ? જમભાઇ શબ્દ મુકે છે ને કેટલીકવાર તે ઉપરથી યાદ આવ્યું. ઓલા મુકે છે બહુ. હેં, ખબર છે? વવા સાથે વવા, ભભા સાથે ભભા. બે ત્રણ ભાષા આવે એ ભાષા અલંકાર કહેવાય.

અહીં કહે છે આવો ભગવાનઆત્માનો પર્યાય **અતીન્દ્રિયપણાને લીધે,** એકલી અતીન્દ્રિયદશા. ઇન્દ્રિય જડ, માટી ભલે કાણા રહી ગયા દેહના ઇન્દ્રિય ખંડ ખંડ મટીને અતીન્દ્રિય થઇ ગયું. **જે અન્યદ્રવ્યના સંયોગ વિનાનું** તેનું સ્વરૂપ **છે.** ભગવાનઆત્મા પરમાનંદમૂર્તિ અન્યદ્રવ્યના સંયોગ વિનાની જેની દશા છે. આ રીતે આખા આત્માની વ્યાખ્યા કરે છે. અને આત્માની પુરી પર્યાય થાય ત્યારે આવું હોય છે. સમજાણું કાંઇ? **અન્યદ્રવ્યના સંયોગ વિનાનું,** તે આત્મદશાનું સ્વરૂપ છે. **અને શુધ્ધ સ્વરૂપમાં,** એ નાસ્તિથી વાત કરી છે. **અન્યદ્રવ્યના સંયોગ વિનાનું**, એ નાસ્તિથી વાત કરી છે. અસ્તિ-**અને શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યવૃત્તિરૂપ હોવાને લીધે,** ઓહો! અંતરઆત્માના ધ્રુવધામમાં લીન થઇને જે પર્યાય પ્રગટ કરી એવી શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત-ચળે નહીં. અવિચલિત-વિચલિત નથી ચૈતન્યપરિણતિ, ચૈતન્યવૃત્તિ, ચૈતન્યધારા એવી અવિચલિત હોવાને કારણે **જે કથંચિત્ 'ધ્યાન' નામને યોગ્ય છે,** આવા કારણે તેને ધ્યાન કહેવામાં આવે છે.

ભગવાનને ધ્યાન. તેને ધ્યાન કરવું નથી, આમ નથી પણ આવા કારણે તેને ધ્યાન કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઇ? શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યધારા પરિણતિરૂપ, વૃત્તિ-પરિણતિ પર્યાય **હોવાને લીધે, જે આ કારણે કથંચિત્ ધ્યાન નામને યોગ્ય છે.** કહો સમજાણું કાંઇ? **એવું આત્માનું સ્વરૂપ એટલે કે (-આત્માની નિજ દશા),** અવસ્થા **પૂર્વસંચિત કર્મોની શક્તિનું શાતન,** એટલે કે પૂર્વના અઘાતિકર્મ જે પડયા તેનું શાતન થાય છે. **પાતળું થવું, હીન થવું, ક્ષીણ થવું.** અથવા તેમનું **પતન-**નાશ, ગળી જવું, ખરી જવું. એવું **અવલોકીને,** આવી દશાના કાળમાં

કર્મનું શાતન-પતન જોઈને **નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે.** એ ધ્યાન નિર્જરાના હેતુ છે એમ વર્ણવવામાં આવે છે. સમજાણું કાંઈ?

**એ 'ધ્યાન' નામને યોગ્ય છે એવું આત્માનું સ્વરૂપ,** એમ. ધ્યાન નામને યોગ્ય થાવું એવું જે આત્માનું સ્વરૂપ એમ. એ પૂર્વસંચિત કર્મોની શક્તિનું શાતન, કોણ? આવું જે ધ્યાન, એવી જે આત્માની દશા. સમજાણું કાંઈ? એ કર્મોને પાતળા પડવું અને કર્મોનું ટળવું **અવલોકીને,** એ ધ્યાન **નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે.** કહો સમજાણું આમાં કાંઈ? આમ ધ્યાન નથી કે હું ધ્યાન કરું. નીચે તો અંદર એવો વિકલ્પ આવે કે હું સ્થિર થાઉ. પણ એ ધ્યાન અંતરની એકાગ્રતા પૂર્ણતા નથી તો એકાગ્રતા કરવા માગે છે. અહીં તો પૂર્ણતા થઈ ગઈ છે. અનંત દર્શનજ્ઞાનશુધ્ધચેતનામય પરિપૂર્ણ પરિપૂર્ણ તૃપ્ત તૃપ્ત વર્તે છે.

આવા કારણે, આવા હેતુથી તેને એ અપેક્ષાએ ધ્યાન કહેવામાં આવ્યું એવી ધ્યાનની દશા એ પૂર્વના કર્મને પાતળા અને ખરવું જોઈને એ દશામાં એ ધ્યાનને નિર્જરાનું કારણ અને નિમિત્ત કહેવામાં આવે છે. કહો સમજાણું આમાં? જુઓ! કેટલું તોળી તોળીને અને કેટલા શબ્દો ને કેવી... શબ્દોના કર્તા નથી હોં! પણ ભાવમાં નિમિત્ત-નિમિત્ત સંબંધ છે ને? એ ભાવ કેવો છે તેવી જ ભાષાની પર્યાય ભાષા પ્રકાર છે પદાર્થ ભાષા પ્રકાર છે પદાર્થને.

**ભાવાર્થ :- કેવળીભગવાનના આત્માની દશા,** આ કીધું ને આત્માનું સ્વરૂપ? ધ્યાન નામને યોગ્ય એવી આત્માની દશા એમ. આવા કારણે જે કથંચિત્ 'ધ્યાન' નામને યોગ્ય એવી જે આત્માની દશા. એવી **કેવળીભગવાનના આત્માની દશા જ્ઞાનદર્શનાવરણના ક્ષયવાળી હોવાને લીધે,** તેને જ્ઞાનાવરણી ને દર્શનાવરણીનો ક્ષય થયો છે. શુધ્ધજ્ઞાનચેતનામય હોવાને લીધે, સમુચ્ચય શબ્દ રાખ્યો ઓલો સંપૂર્ણ કાઢી નાખ્યો. **શુધ્ધજ્ઞાનચેતનામય હોવાને લીધે તથા ઈન્દ્રિયવ્યાપારાદિ બહિર્દ્રવ્યના આલંબન વિનાની હોવાને લીધે,** કઈ દશા? અંતર દશા. ઈન્દ્રિયવ્યાપારાદિ રહિત બહિર્દ્રવ્યના આલંબન વિનાની હોવાને લીધે **અન્યદ્રવ્યના સંસર્ગ રહિત છે.** સમજાણું?

**અને શુધ્ધસ્વરૂપમાં નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ હોવાને લીધે,** અને શુધ્ધસ્વરૂપમાં નિશ્ચળ ચળે નહીં એવી પરિણતિ વૃત્તિ હતી ને? તેનો અર્થ પરિણતિ પર્યાયરૂપ હોવાને લીધે **કોઈ પ્રકારે 'ધ્યાન' નામને યોગ્ય છે.** એ અપેક્ષાએ ખરે છે કર્મો પાતળા એ અપેક્ષાએ ધ્યાનને યોગ્ય નિર્જરાને અવલોકીને આ ધ્યાન છે એમ કહેવામાં આવે છે. ધ્યાનનો ભોગ નિર્જરા છે ને? ત્યાં નિર્જરા થાય તેમ જાણીને આને ધ્યાન કહેવામાં આવ્યું છે. ઓહોહો! ભગવાનને ધ્યાન! ઓલા વેદાંતવાળા તો રાળ નાખી જાય. કેવળી થઈ ગયા? એ ભાન થયા પછી પણ રાગ રહે અને અનુભવ કરે? અનુભવ કરે આત્મા. આત્મા આત્માનો અનુભવ કરે. દ્વૈત નાશ થઈ ગયું. હવે સાંભળને?

અદ્વૈત માનનારને આ તો વાત એવી લાગે! આ શું કહે છે આ બધું? ......... આત્માને સુખ હોય? પણ એને ખબર નથી તેને પરિણમન છે. અનંતગુણનો ધણી અને અનંત તેનું પરિણમન છે. એ પરિણમનની પર્યાયમાં શુદ્ધ ચૈતન્યની ધારાને લઈને તેને પણ ધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **તેમની આવી આત્મદશા નિર્જરાના નિમિત્ત તરીકે વર્ણવવામાં આવે છે કારણ કે તેમને પૂર્વોપાર્જિત કર્મોની શક્તિ,** કેવળીને પૂર્વે બંધાયેલાં ચાર અઘાતિકર્મો બાકી છે. તેની **શક્તિ હીન થતી જાય છે-શાતન. તેમ જ તે કર્મો ખરતાં જાય છે-પતન. ગળતા જાય છે.** એમ ગણીને તેને ધ્યાન કહ્યું છે. ભાવમાં ઠેઠ મોક્ષની પર્યાય સુધી વાત લઈ ગયા. પછી મોક્ષમાર્ગનો અધિકાર- નવતત્ત્વનું વર્ણન કરવું છે ને?

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ કરીને પછી મોક્ષના માર્ગનું વર્ણન કરે છે. કહો, સમજાણું? ૧૫૨ ગાથા થઈ.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- પછી કેટલું કહે? આમાં કેવળીનું જ કથન કેટલું છે?

મુમુક્ષુ :- શબ્દાર્થ...

ઉત્તર :- પણ શબ્દાર્થમાં ભાવ આવ્યો ને સ્પષ્ટ. શું આ કોને ...... ત્યાં આવી ગયું તેમાં બધું આવી ગયું. કીધું ને? શું પણ આમાં કહ્યું?

મોક્ષદશારૂપી આત્માની પવિત્રતા પરિપૂર્ણ સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ. સમજાણું? ઓલી કાલ ગાથા નહોતી મુકી પંચાસ્તિની? ૧૦૩-૧૦૪ ત્યાં ગમણ શબ્દ પડયો છે ને? અનુગમન નહીં? આમાં છે. આ તો અનુગમન શબ્દ પડયો છે ને? **तदणुमगणुज्जदो** છે ને શબ્દ? **मुणिऊण एतददं तदणुगमणुज्जदो** એમ **तदगुणमणुज्जदो** તેને અનુસરવાનો ઉદ્યમ કરતો થકો. આમાંથી જરા આ કેવળીએ કેવળજ્ઞાન કેમ પ્રગટ કર્યું એમાંથી આ યાદ આવ્યું. અનુગમન ઉદ્ધત છે એમ. જુઓ! 'અનુગમન ને ઉદ્ધત' ત્રણ શબ્દ છે.

એ પહેલાં ધર્માત્મા પોતાના સ્વરૂપને, શુદ્ધ ચૈતન્ય ધ્રુવને અનુસરીને, તેનું લક્ષ કરીને, તેનો આશ્રય કરીને તેમાં ગમન કર્યું. ગમન કરવાનો 'અનુગમન ને ઉદ્ધત' થયો, પરિણમન કર્યું. સમજાણું કાંઈ? ટીકામાં એ શબ્દ છે ઘણું કરીને જયસેનઆચાર્યમાં છે ને? આ શું છે? કેટલામી ગાથા છે ઈ? ૧૦૪. જુઓ! શબ્દ છે ને ગમન ઉધ્ધત એવો શબ્દ છે ને? જયસેનઆચાર્યએ કર્યો છે. ગમન ઉધ્ધત એમ. ગમનનો અર્થ. **तानमयत्वेन परिणमनोवत** ગમન કરવું પરિણમવું. પરિણમવામાં ઉધ્ધત. શું કહ્યું સમજાણું? એના પછી પહેલો શબ્દ આ પડયો છે.

અણુ શબ્દ પડયો છે ને? **(तमणुं) तं शुद्धजीवास्तीकाय लक्षणमर्यं अनुलक्षणीय समाश्रित्य**

**(गमणुज्जुदो)** એકલો આત્મા જ્ઞાયકભાવ શુધ્ધ આનંદકંદ ધ્રુવ તેનું અનુસરણ કરતો. તે**નુંअनुलक्षणीय कृत समाश्रित्य** તેનું લક્ષ કરીને તેને ધ્યેય કરીને ગમન એટલે પરિણમનમાં ઉધત થયો થકો. કહો, સમજાણું કાંઈ? ત્યારે તો ધ્યાનની એકાગ્રતા છે, એ જાતની એકાગ્રતા છે. અહીં તો પૂર્ણ થઈ ગયું. ત્યાં થતાં તેને ઓલા કર્મને ટળે છે ને ગળે છે અથવા ઘટે છે તેને કારણે તેને ધ્યાન કહેવામાં આવ્યું.

આ તો ધ્યાનનો વિષય એકલો ચૈતન્ય ભગવાન પૂર્ણ શુધ્ધ જીવાસ્તિકાય એમ લીધું છે ને? જુઓને! આ તો અસ્તિકાય છે ને એટલે એમ શબ્દ લીધો છે. શુધ્ધ જીવાસ્તિકાય લક્ષણ અર્થમ્. એવો જે પદાર્થ **अनुलक्षणीय कृत** એનું અનુલક્ષ કરીને તેનો **समाश्रित्य** તેનો આશ્રય કરીને **गमन उध्धत तनमयत्येन परिणमन** એ ગમનનો અર્થ કર્યો. આમાં જ્ઞાયકભાવ શુધ્ધ ધ્રુવ તેમાં એકાકાર દષ્ટિએ, એ પહેલી સમ્યગ્દર્શનની દશા છે. કહો, સમજાણું કાંઈ? ઉધત હોં પાછું એમાં. ત્યાં પુરુષાર્થ છે. પછી શુધ્ધાત્મ ઉપાદેય **इति रुचिरुप निश्चय सम्यक्त्व प्रतिबंधक दर्शनमोहा भावातदनन्तर निहितमोहो नष्ट दर्शनमोह!** સમજાણું?

અહીંયાં આ દશા થઈ ત્યાં દર્શનમોહનો નાશ થયો. પછી અહીં સ્થિરતા થઈ એટલે રાગ-દ્વેષનો નાશ થયો. પછી ઓલામાંથી કાઢે તો ... સ્થિરતાવાળાનો સમુહ છે એમાં પણ કાઢવો હોય તો કાઢનાર વાંધો કાઢે ત્યારે શું? છે તો શબ્દ પહેલેથી ક્રમ પડયો છે. **दुःखमोक्षकारणस्य कमं कथमति** અમૃતચંદ્રઆચાર્યમાં ક્રમ આખ્યાતમ્ છે ને? ક્રમે ક્રમે ક્રમે. પણ એ પહેલો ક્રમ આની સાથે આટલું. સમજાય છે? કે, શુધ્ધ જ્ઞાયક ચૈતન્ય પરિપૂર્ણ પરમભાવ આખી વસ્તુ એક સમયની દશા વર્તે છે એ તો ઉપર ઉપર છે. પણ તેનું દળ અંર્તમુખ આખું. વસ્તુ છે વસ્તુ આખી વસ્તુ. એ વસ્તુને અનુલક્ષ કરીને જે ગમન અંદર ઉધત થઈને પરિણમન કરવું. કહો, સમજાણું આમાં? ભીખાભાઈ!

એ આત્મા વસ્તુ છે કે નહીં? તો વસ્તુ આમ દ્રવ્ય છે કે નહીં ધ્રુવ? તેના ઉપર ઉપર પર્યાય વર્તે છે. ઉપર એટલે એક ક્ષણની પર્યાય આખા દ્રવ્યમાં ઉપર ઉપર... ઉપર એટલે? કાંઈ આમ આખામાં એમ ઉપર નહીં. આખા સર્વમાં ઉપર ઉપર પર્યાય છે.

મુમુક્ષુ :- ઉપરના ભાગમાં ફળ ને અંદરમાં નહીં.

ઉત્તર :- એમ નહીં. આખું આત્મદળ આમ આખી ચૈતન્યમૂર્તિ. પરમાનંદનો દરબાર આખો સમાજ અનંતગુણનો પિંડ એવી વસ્તુ તેને લક્ષ કરીને, અનુ એટલે લક્ષ કરીને, ગમન એટલે ઉધત-પુરુષાર્થથી અંદર પરિણમન એકાકાર તન્મય થઈને પરિણમન થાય તેને પ્રથમ સમ્યગ્દર્શનનું ધ્યાન કહેવામાં આવે છે. કહો, સમજાણું? આ તો અહીં ધ્યાન છે ને એટલે વળી ત્યાં એ સ્વરૂપમાં એકાગ્રતા જે અંશે પ્રગટી એ ધ્યાન. પરિણમન ને સમ્યગ્દર્શન વિશેષમાં ધ્રુવમાં એકાકાર થઈ, વિશેષ લીનતા થઈ તેને ચારિત્રરૂપ ધ્યાન કહેવામાં આવે છે. કહો, સમજાણું?

અને તે વિશેષ લીનતા થઈને અનંતજ્ઞાનદર્શન આદિ ભગવાનને પ્રગટ થયા. હવે તેને જે ચાર અઘાતિ બાકી રહ્યા છે તેની નિર્મળ દશામાં તદ્દન પૂર્ણાનંદની પર્યાય શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમય તૃપ્તપણાની દશા તેના સ્થાનમાં પૂર્વના ચાર અઘાતિકર્મ છે. હાનિ અને નાશ એવું થતું જાય છે. તેને કારણે અહીંયાં ભગવાનને ધ્યાન છે એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- વિહાર કરતાં કરતાં પણ ધ્યાન થાય?

ઉત્તર :- વિહાર કે દિ' કરતા હતા તે? એ બધા પોતામાં ને પોતામાં છે. એ ક્યાં વિહાર કોને કરવો અને કોને જાવું? ક્ષેત્રાંતર દ્રવ્ય થાય પણ પર્યાય તો પોતાના આનંદમાં જ છે.

મુમુક્ષુ :- જ્ઞાન સૂર્ય આવો છે?

ઉત્તર :- હા, જ્ઞાન સૂર્ય મોટો આવો છે. મોટો સૂર્ય આમ ચમક ચમક કેવળજ્ઞાનને પ્રગટ કરે તેવો ચમકતો સૂર્ય. સમજાણું? આ ઓલી લાઈટ નથી ક્હેતાં? શું કહેવાય મોટી આ? સર્ચલાઈટ આપણે નહીં ત્યાં? બાહુબલીજીમાં. બે. ઉપર રાખે ને બે આમ? બાહુબલીજી આમ સતાવન ફૂટના. આ અનંત સર્ચલાઈટનો સૂર્ય છે અંદર. ઓલી તો પરિમિત છે. શું કહેવાય એનું નામ? પણ એનું કાંઈક પ્રમાણ હોય છે ને? હજાર ને, એવું કાંઈક હોય છે. એ તમારા બધા અંગ્રેજીના નામ હોય. હજાર, પાંચ શેર. એમ ને એમ પ્રકાશના પ્રકાશનો પ્રવાહ ચાલ્યો જ જાય છે.

આત્મા એનાથી પણ અનંત અનંત બેહદ શક્તિનો આખો સૂર્ય છે. એમાંથી કિરણ પ્રવાહ પર્યાયમાં નીકળે છે. સમજાણું? ક્ષયોપશમના કિરણો તો અનાદિના છે. એ ક્ષયોપશમના કિરણને, ધર્મ ન કહેવાય. અનાદિનો ક્ષયોપશમ છે. એ ક્ષયોપશમને અંતરમાં લક્ષ કરીને પરિણમનમાં અંતર વાળે ત્યારે તેને સમ્યગ્જ્ઞાનનો સૂર્ય, સમ્યગ્દર્શનનો સૂર્ય ઉગ્યો. કેવળજ્ઞાન સૂર્ય બાકી. સમજાણું કાંઈ?

ભાવમુક્ત થયા. પણ પહેલેથી મુક્ત થતાં થતાં થયા છે કે નહીં? સમજાણું કાંઈ? ભારે વાત! નિરાલંબી વાતુ અને ધર્મને લોકોને બહારથી ગોતવો. વાંધા, તકરાર, વિવાદ. ભાઈ! એ તારું મહાપરમાત્મ ધામ મહા ચૈતન્ય સ્વરૂપ એવો ભગવાન તેમાં લીન થતાં સમ્યગ્દર્શન પર્યાય થાય કિરણ, સમ્યગ્જ્ઞાન મતિ, શ્રુતનું કિરણ સ્થિર થતાં ચારિત્રની વીતરાગતાના કિરણો. વીતરાગતાના કિરણો. પેલા પ્રકાશમાં વીતરાગભાવ વધે. એમ કરતાં શુદ્ધ વિશેષ સ્થિર થાય ત્યારે કેવળજ્ઞાનનું કિરણ ફાટે. એમાં છે એમાંથી ફાટે છે. કાંઈ બહારથી આવે એવું નથી. કહો, સમજાણું કાંઈ?

એવો ભગવાન આમ કેવળજ્ઞાન, કેવળદર્શન શુદ્ધ ચૈતન્યમય તૃપ્ત તૃપ્ત તૃપ્ત. પરમાત્મા જે થયા તેને નિર્મળ ચેતના અવિચલિત ચેતનાસ્વરૂપની દશા જોઈને એ કાળે **પૂર્વસંચિત કર્મોની શક્તિનું,** જુઓ! ભાષા શું છે? કર્મોની શક્તિનું. સમજાણું? સ્થિતિનો નાશ થતો જાય. **શક્તિનું,** સમુચ્ચય શબ્દ વાપર્યો છે ને? ખરેખર તો કેવળીને પણ તેમાં પાપના પરમાણુની સ્થિતિરસ તો નાશ પામે. પુણ્યની

સ્થિતિ નાશ પામતી જાય. પુણ્યનો અનુભાગ નાશ ન પામે. સામાન્ય શકિત શબ્દ. સમજાણું? કેટલામું પાનું? જયસેનઆચાર્યમાં? પર.

**स्थितिविनाशं** એમ છે, જુઓ! **तत्पूर्वसंचितकर्मणा ध्यानकार्यभूतं स्थितिविनाशं गलनं च द्रष्टवा** કાંઈ અનુભાગ ઘટતો નથી. પુણ્યનો તો અનુભાગ વધે છે. એટલે શબ્દ વાપર્યો છે. સમજયા? રાવજીભાઈ! કેવળીને કર્મ પુણ્ય ને પાપના રસ અને સ્થિતિ, પાપની બેય ઘટે છે. પુણ્યની સ્થિતિ ઘટી જાય નાશ થઈ જાય. પુણ્યનો રસ ન ઘટે. પુણ્યનો રસ વધી જાય. છેવટે પૂરું થાય ત્યારે બેય છૂટા થઈ જાય. આ પણ છૂટો અને એ પણ છૂટો. અહીં પૂરૂ થયું તો ત્યાં પણ રસ પૂરો થયો. બેય છૂટા પડી જાય. અહીં સ્થિતિ કીધું છે. છે ને? **ध्यानकार्यभूतं स्थितिविनाशं गलनं च द्रष्टवा निर्जरारुपध्यानस्य कार्यकारणमुपचर्योपचारेण ध्यानं भण्यत इत्यभिप्रायः** કહો, સમજાણું કાંઈ?

કોને શું છે? કેવળીને શું છે? આ તૃપ્ત તૃપ્ત આનંદ એ તો ઝરણા વધે એવો સ્વભાવ છે. ભગવાનને શું છે એમાં? જડમાં વધે એમાં. આનંદના રસનો અનુભવ છે એ છે અને કેટલીક અઘાતિ પ્રકૃત્તિનો ક્ષય થતો જાય છે. એટલી એટલી થોડી શુધ્ધતા પણ વધતી જાય એ જાતના ઓલા પ્રતિજીવી ગુણ પૂર્ણ થઈ ગયું થઈ રહ્યું. એવો દરેક આત્માનો સ્વભાવ છે. એવા આખા ભગવાન પૂર્ણ પડયા છે બધા. મહાભગવાન મહાભગવાન ઓલા કહે છે ને? શું કાંઈક કહે છે. સમજાણું? એ કેવળી ભગવાનની દશા તેને અહીંયાં ધ્યાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ............

ઉત્તર :- ધ્વનિ એને કારણે છૂટે. ત્યાં કયાં એ છોડે છે? એ તો ભાષા એને કારણે છૂટવાનો કાળ હોય ત્યારે છૂટે છે. ભગવાન કયાં બોલે છે? આરે! જગતથી ઊંધી વાતુ બહુ. ભગવાન તો આત્મા છે. તેની ખાણમાં ભાષાના રજકણો પડયા છે? આ ધ્વનિ તો જડની ઊઠે છે.

મુમુક્ષુ :- તેની વાણી નીકળે છે ને?

ઉત્તર :- નિમિત્ત સંબંધ એમ કહેવાય ને? નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એ વાણીના કાળમાં નિમિત્ત કોનું હતું? કે કેવળીનું. બસ એટલી વાત! કહો, સમજાણું? એ ૧૫૨ ગાથા થઈ. હવે આ તેનું સાધનપણું કરીને આ પૂર્ણ સાધન.... તેમાં હોય એટલું આવે ને? કેટલું આવે? હવે ૧૫૩ ગાથા.

## ગાથા-૧૫૩

जो संवरेण जुत्तो णिज्जरमाणोध सव्वकमाणि ।
ववगदवेदाउस्सो मुयदि भवं तेण सो मोक्खो ।। १५३ ।।
य: संवरेण युक्तो निर्जरन्नथ सर्वकर्माणि ।
व्यपगतवेद्यायुष्को मुञ्चति भवं तेन स मोक्ष: ।। १५३ ।।

द्रव्यमोक्षस्वरूपाख्यानमेतत् ।

अथ खलु भगवत: केवलिनो भावमोक्षे सति प्रसिद्धपरमसंवरस्योत्तरकर्मसन्ततौ निरुद्धायां परमनिर्जराकारणध्यानप्रसिद्धौ सत्यां पूर्वकर्मसन्ततौ कदाचित्सवभावेनैव कदाचित्समुद्घात–विधानेनायु:कर्मसमभूतस्थित्यामायु:कर्मानुसारेणैव निर्जीर्यमाणायामपुनर्भवाय तद्भवत्यागसमये वेदनीयायुर्नामगोत्ररूपाणां जीवेन सहात्यन्तविश्लेष: कर्मपुद्गलानां द्रव्यमोक्ष: ।। १५३ ।।

– इति मोक्ष पदार्थव्याख्यानं समाप्तम् ।

समाप्तं च मोक्षमार्गावयवरूपसम्यग्दर्शनज्ञानविषयभूतनवपदार्थव्याख्यानम् ।।

---

સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે
ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩.

**અન્વયાર્થ :–** (य: संवेरेण युक्त:) **જે સંવરથી યુક્ત છે એવો (કેવળજ્ઞાનપ્રાપ્ત) જીવ** (निर्जरन् अथ सर्वकर्माणि) **સર્વ કર્મોને નિર્જરતો થકો** (व्यपगतवेद्यायुष्क:) **વેદનીય અને આયુષ રહિત થઈને** (भवं मुञ्चति) **ભવને છોડે છે;** (तेन) **તેથી (એ રીતે સર્વ કર્મપુદ્‌ગલોનો વિયોગ થવાને લીધે)** (स: मोक्ष:) **તે મોક્ષ છે.**

ટીકા :– આ, દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે.

ખરેખર ભગવાન કેવળીને, ભાવમોક્ષ હોતાં પરમ સંવર સિદ્ધ થવાને લીધે *ઉત્તર કર્મસંતતિ નિરોધ પામી થકી અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન સિદ્ધ થવાને લીધે *પૂર્વ કર્મસંતતિ–કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મના જેટલી હોય છે અને

---

*૧. ઉત્તર કર્મસંતતિ = પછીનો કર્મપ્રવાહ; ભાવી કર્મપરંપરા. ૨. પૂર્વ = પહેલાંની. ૩. કેવળીભગવાનને વેદનીય,નામ અને ગોત્રકર્મની સ્થિતિ કયારેક સ્વભાવથી જ (અર્થાત્ કેવળીસમુદ્‌ઘાતરૂપ નિમિત્ત હોયા વિના જ) આયુકર્મના જેટલી હોય છે અને કયારેક તે ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મથી વધારે હોવા છતાં તે સ્થિતિ ઘટીને આયુકર્મ જેટલી થવામાં કેવળી સમુદ્‌ઘાત નિમિત્ત બને છે.*

*૪. અપુનર્ભવ = ફરીને ભવ નહિ થવો તે. (કેવળીભગવાનને ફરીને ભવ થયા વિના જ તે ભવનો ત્યાગ થાય છે; તેથી તેમના આત્માથી કર્મપુદ્‌ગલોનો સદાને માટે સર્વથા વિયોગ થાય છે.)*

**કદાચિત્* સમુદ્ઘાતવિધાનથી આયુકર્મના જેટલી થાય છે તે-આયુકર્મના અનુસારે જ નિર્જરતી થકી *અપુનર્ભવને માટે તે ભવ છૂટવાના સમયે થતો જે વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મપુદ્ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે. ૧૫૩.**

**આ રીતે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

**વળી મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું.**

## ગાથા-૧૫૩ ઉપર પ્રવચન

**जो संवरेण जुत्तो णिज्जरमाणोध सव्वकमाणि ।**
**ववगदवेदाउस्सो मुयदि भवं तेण सो मोक्खो ।। १५३ ।।**

**સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે**
**ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩.**

નવપદાર્થ છે ને ઉપર. નવપદાર્થપૂર્વક, ઓલું મોક્ષમાર્ગપ્રપંચક વિસ્તાર. ૧૫૪ ગાથાથી આપણે ઠેઠ સુધી આવ્યું. આહાહા! ઓમ...ઓમ...આ, દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે. અઘાતિ ચાર કર્મના નાશનું કથન છે. સમજાણું કાંઈ? ભગવાનને પણ હજી ચાર અઘાતિકર્મો બાકી છે. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા બિરાજે છે. તેમને ચાર ઘાતિકર્મ ગયા છે અને ચાર અઘાતિ કર્મ બાકી છે. એ ચાર અઘાતિના ટળવાની વ્યાખ્યા વર્ણવવામાં આવે છે.

**ખરેખર ભગવાન કેવળીને ભાવમોક્ષ હોતાં,** આહાહા! એના આનંદના કપાટ પડયા છે તેને ખોલી નાખીને પર્યાયમાં આનંદ આવ્યા છે. કાલ જરા ઓલું રહી ગયું હતું હો? ખેંચીને એમ શબ્દ ત્યાં પડયો હતો તે વળી અત્યારે યાદ આવ્યું. ખેંચીને એમ શબ્દ કયાંક પડયો છે. એ અત્યારે યાદ આવ્યું. એ શબ્દ કયાંક છે. સમજાણું? ધ્યાન ખેંચીને એટલે ધ્યાનમાં પડયા-ફાટ અંદર!

આખો ભગવાન આમ મોટો પરમાત્મા બિરાજે છે ને? સમજાણું? મોટું ઉત્તમ પદાર્થ ઉત્તમ આને કહેવાય. બીજા કોઈને ઉત્તમ કહેવાતો નથી. ઉત્તમ આત્માને ઉત્તમ વાત લાગુ પડે એથી મોટો કહ્યો. ઉત્તમ આત્માને, છએ દ્રવ્ય નથી? બીજા આંધળાને ખબર શું છે કે અમે છીએ કે નહીં? આ ઉત્તમ એક પદાર્થ જગતમાં દીવો જોએ ન હોય તો આ છ છે કે આ છે કે તેમ છે એમ જાણે કોણ? સમજાણું કાંઈ? આ રજકણને ખબર કે દિ' હતી આ માટીને. કે આ શરીર કહેવાય ને આને વાણી કહેવાય ને આને કાન કહેવાય. ઓલા નામ ફાડી ફાડીને ખબર કે દિ' હતી આને? છે કાંઈ? એના સ્વરૂપની એને ખબર નથી

તો ચેતન સ્વરૂપની એને કયાંથી ખબર હોય? જડ છે એ તો.

આ જાણનાર (છે.) પોતાને જાણે અને પરને જાણે એ જ ઉત્તમ પદાર્થ મહાન પ્રભુ છે. સમજાણું કાંઇ? પ્રભુ તો ખરા ઈ. આ તો મહાન પ્રભુ! **ખરેખર ભગવાન કેવળીને ભાવમોક્ષ હોતાં,** દેહની પાછળ અંદર પર્યાય દેહ છે ભલે ભગવાનને? અંદરથી ભાવમોક્ષ થઇ ગયો છે. પૂર્ણ જ્ઞાનદશાની. એ આખો સૂર્ય ઝળહળે છે અંદરથી આમ. અસંખ્ય પ્રદેશે અનંતા સૂર્ય આમ પ્રગટયા છે. શરીર તો હજી બહાર પડયું છે. **પરમ સંવર સિદ્ધ થવાને લીધે,** જુઓ! સંવરપૂર્વક નિર્જરા લેવી છે. પહેલાં સંવરપૂર્વક નિર્જરા હોય, નહીંતર નિર્જરા સાચી હોય નહીં.

અહીં તો પરમ સંવર લેવો છે. ઓલામાં પરમ સંવર ને નિર્જરા ને પરમ બેય શબ્દ કહેશે. સમજાણું કાંઇ? **પરમ સંવર સિદ્ધ થવાને લીધે,** શું કરવા પરમ સંવર સિદ્ધ થયો? કે **ભાવમોક્ષ હોતાં,** એમ. ભાવમોક્ષ પૂર્ણ નિર્મળ દશા ભગવાનને પ્રગટી તેને કારણે **પરમ સંવર સિદ્ધ થવાને લીધે ઉત્તર-કર્મસંતતિ નિરોધ પામી થકી,** પછીનો ક્રમપ્રવાહ ભાવિ કર્મપરંપરા અટકી ગયો. **કર્મસંતતિ નિરોધ પામી થકી, અને પરમ નિર્જરાના કારણભૂત,** જુઓ! ભાષા. પરમ સંવર અને પરમ નિર્જરા! આહાહા! નિર્જરા હતી નીચે ચોથે, પાંચમે, છઠ્ઠે, અહીં તેરમે પરમ નિર્જરા થઇ પૂર્ણ પૂર્ણ પૂર્ણ, ખરવાનું **કર્મસંતતિ નિરોધ પામી થકી,** એ નાસ્તિથી વાત કરી. ઓલી અસ્તિથી કરી. ભાવમોક્ષ સિદ્ધ થવાને **પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન,** સિદ્ધ થવાને લીધે, પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન, સ્થિરતા સિદ્ધ થવાને લીધે.

**પૂર્વ કર્મસંતતિ-કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મના જેટલી હોય છે.** ભગવાનને કોઇ કેવળીને, સમજાણું? વેદનીય આદિની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુ કર્મના જેટલી હોય. જેટલી આયુષ્યની સ્થિતિ હોય એટલી વેદનીય કોઇને સહજ હોય છે. વેદનીય છે ને? વેદનીય ખરો એને ભવ ગણ્યો છે. વેદનીયની સ્થિતિ તેની સાથે નામ, ગોત્ર છે. વેદનીયની અવસ્થા કોઇને આયુષ્યની અવસ્થા જેટલી કેવળીને હોય છે. સ્વભાવથી જ. શું કીધું એ? એને કર્યા વિના એ વખતે ભગવાનને કેવળજ્ઞાન થયું-પામ્યા. એટલે વેદનીય ને આયુની સ્થિતિ કોઇને સ્વભાવે સરખી હોય છે. અને કોઇને સરખી હોતી નથી. જુઓ! ઓહો!

શુકલધ્યાનનો એક જ પ્રયત્ન પૂર્ણ પુરુષાર્થ એટલી અપ્રતિહત ગતિ, કેવળ લીધું છતાં કર્મમાં વેદનીય અને આયુષ્યુની સ્થિતિમાં કોઇ કેવળીને ફેર રહી જાય છે. સમજાણું કાંઇ? **પૂર્વ કર્મસંતતિ,** એટલે જેની સ્થિતિ. ઓહો! આ કર્મના પ્રકારમાં પણ એવો કોઇ પ્રકાર રહી ગયો. અહીં તો ધ્યાનની ધારા હતી. શુકલધ્યાન એક ધારા હતી એને કેવળ થયું તો બધાને એ ધારાથી જ થાય છે.

ધર્મધ્યાન, ઉગ્ર ધર્મધ્યાન, શુકલધ્યાન-પાયો બીજો પાયો. એ થયો છતાં કેવળજ્ઞાનની દશા,

આનંદદશા પૂર્ણ પણ કર્મનું બાકી રહેવામાં કોઈને ફેર. ઓહોહો! વિવિધતા જુઓ! સમજાણું? એ કર્મની એવી યોગ્યતાવાળા રજકણો કે એની સ્થિતિ કોઈની વેદનીય વિશેષ હોય, આયુષ્યની થોડી હોય. કોઈને બેયની સરખી હોય. કદાચિત્ સ્વભાવથી આયુ કર્મના જેટલી હોય છે અને કદાચિત્ સમુદ્‌ઘાત વિધાનથી આયુકર્મના જેટલી થાય છે. ઓહોહો! કેવળીપણું! શું સ્થિતિ વર્ણવે છે. સમજાણું કાંઈ?

એ કેવળજ્ઞાન, કેવળઆનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણદૃષ્ટા, પૂર્ણસ્વચ્છતા બધું આવ્યું. એવી દશા થયા છતાં આયુષ્યની સ્થિતિ પ્રમાણે કોઈને નામ, ગોત્ર, વેદનીય હોય અને કોઈને આયુષ્યની સ્થિતિથી વધારે પણ હોય. કોની? વેદનીયાદિ. તો એ સમુદ્‌ઘાત વિધાન થયું. જુઓ નીચે. **(ફૂટનોટ)કેવળીભગવાનને વેદનીય, નામ અને ગોત્રકર્મની સ્થિતિ કયારેક સ્વભાવથી જ (અર્થાત્ કેવળીસમુદ્‌ઘાતરૂપ નિમિત્ત હોયા વિના જ) આયુ કર્મના જેટલી હોય છે.** સમજાણું કાંઈ?

એ ચાર કર્મ ભગવાનને બાકી છે ને? એમાં કોઈને આયુષ્યની સ્થિતિ પ્રમાણે નામ, ગોત્ર ને વેદનીયની સ્થિતિ હોય. ચારની સરખી હોય એમ કહે છે. સમુદ્‌ઘાત કર્યા વિના એમ કહે છે. **અને કયારેક તે ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મથી વધારે હોવા છતાં તે સ્થિતિ ઘટીને આયુકર્મ જેટલી થવામાં કેવળીસમુદ્‌ઘાત નિમિત્ત બને છે.** પ્રદેશો......સહેજે હો! કર્તા બર્તા કયાં હતો? આયુષ્યની સ્થિતિ પ્રમાણે વેદનીયની કાંઈક વધારે હોય એનાથી .......... આખા લોકમાં થઈ જાય જરી બે સમય .......... એટલે ઓલી સ્થિતિ બેયની સરખી થઈ જાય. એનો સ્વભાવ છે. કર્મની કયાં અહીં વાત છે? ઓહોહો! આહાહા!

એ પરમાણુની એવી જ અવસ્થાવાળા રજકણો ત્યાં રહી ગયા કે આયુષ્યની કરતાં કાંઈક વધારે હતી. તે આ સમુદ્‌ઘાત થઈ તો સરખી થઈ ગઈ. સરખી થવાના લાયકાત હતા તેનામાં હોં! અહીં સમુદ્‌ઘાત થયો માટે નહીં. એમ. આહાહા! મોજા તો અહીં પર્યાયમાં, એની પર્યાય આને લઈને થાય આ કર્તાની કાર્ય, નિમિત્ત નિમિત્ત સંબંધ જ સિદ્ધ થાય છે કર્તા-કર્મ વિનાનો. અહીં સમુદ્‌ઘાત થયો માટે ત્યાં તેના પરમાણુની સ્થિતિ ઘટવી પડી એમ નથી. ઘટવાને લાયક જ હતા તેને કારણે ઘટયા છે. વાંધા નિમિત્ત નિમિત્ત સંબંધના, નિમિત્ત સંબંધ પણ નિમિત્ત નિમિત્ત સંબંધનો અર્થ શો? એને લઈને અહીં નહીં અને આને લઈને આંહી નહીં ત્યારે નિમિત્ત નિમિત્ત સંબંધ કહેવાય. એક વસ્તુ છે, નિમિત્ત વસ્તુ છે, પદાર્થ છે. અનંત પદાર્થ છે ઉપચરિત કારણ છે, કોઈ યથાર્થ કારણ છે. કહો, સમજાણું?

ભગવાનના પણ કેવળીના પણ કર્મમાં ફેર. આહાહા! એના ઉદયભાવમાં પણ ફેર. આવે છે ને? બનારસીદાસ. ....... છે ને આ કીધું ને? જુઓ ને? કેવળજ્ઞાન થયું, ક્ષાયિકકેવળજ્ઞાન, ક્ષાયિકદર્શન, ક્ષાયિકવીર્ય, ક્ષાયિકઆનંદ આ દશા તો કર્મમાં ફેર કેમ? કર્મના એ પ્રકારના રજકણોની અવસ્થા યોગ્યતા કોઈને વેદનીય ને આયુષ્યની સ્થિતિ વધારે હોય. સમુદ્‌ઘાત થઈ જાય બેય સ્થિતિ સરખી થઈ જાય.

સમજાણું કાંઈ? તત્ત્વને વાસ્તવિક સમજાવવા માટે અહીં વાત લીધી છે. એની સ્થિતિ ત્યાં છે હવે તેને ખરવું છે ને? આ રીતે પહેલું સમુદ્‌ઘાત વખતની સ્થિતિ ઘટી જાય. એ ઘટવાને લાયક જ તેની યોગ્યતા જ હોય હોં! આહાહા! સમુદ્‌ઘાતવિધાનથી એમ શબ્દ પડયો છે ને? સમુદ્‌ઘાતની વિધિ દ્વારા.

**આયુકર્મથી વધારે હોવા છતાં તે સ્થિતિ ઘટીને આયુકર્મ જેટલી થવામાં કેવળીસમુદ્‌ઘાત થવામાં નિમિત્ત બને છે.** ખુલાસો કર્યો છે પાછો. લ્યો! એ નિમિત્ત છે. એનાથી થાય એ નિમિત્ત કહેવામાં આવતું નથી. એ પરમાણુની સ્થિતિ એ રીતે ઘટવાની લાયકાતવાળા ક્રમબદ્ધમાં એ પરમાણુ એવા જ હતા. આહાહા! સમજાણું કાંઈ?

એ આયુકર્મના જેટલી સમુદ્‌ઘાતના નિમિત્તથી થાય છે. **તે-આયુકર્મના અનુસારે જ નિર્જરતી થકી,** પછી જેમ આયુષ્ય નિર્જરતું જાય તેના પ્રમાણે ઓલા વેદનીય, નામ, ગોત્ર પણ એને હારે તેના પ્રમાણમાં ખરતાં જાય છે. આયુકર્મના અનુસારે જ **તે-આયુકર્મના અનુસારે જ નિર્જરતી થકી, અપુનર્ભવને માટે,** આહાહાહા! અપુનર્ભવ = ફરીને ભવ ન થવો તે. ભગવાનને હવે ફરીને ભવ (થતો નથી.) કેવળીભગવાનને ફરીને ભવ થયા વિના જ તે ભવનો ત્યાગ થાય. શું કરવા?

જગતના જીવને તો ભવનો ત્યાગ નવા ભવ માટે થાય છે. ભગવાનના ભવનો ત્યાગ નવા ભવના અભાવમાં થાય છે.સમજાણું? **અપુનર્ભવ=ફરીને ભવ નહિ થવો તે. કેવળીભગવાનને ફરીને ભવ થયા વિના જ તે ભવનો ત્યાગ થાય છે; તેથી તેમના આત્માથી કર્મપુદ્‌ગલોનો સદાને માટે સર્વથા વિયોગ થાય છે.**

સંસારી પ્રાણીને તો એક ભવ ગયો ત્યાં બીજો ભવ એક ભવ ગયો ત્યાં બીજો ભવ. એક કર્મ ગયા ત્યાં બીજા કર્મ. ભગવાનને ભવ ગયા પછી બીજો ભવ નહીં. કર્મ ગયા પછી બીજા કર્મ નહીં. સમજાણું? એવી રીતે તેમને કર્મનો વિયોગ થાય છે.

**અપુનર્ભવને માટે તે ભવ છૂટવાના સમયે,** છેલ્લો દેહ ભવ છૂટવાના કાળે ભગવાનને **થતો જે વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મપુદ્‌ગલોનો,** એ ભવના છૂટવાના સમયે, જુઓ! ભગવાન દિવાળીએ મોક્ષ પધાર્યા છે ને? જુઓ! અહીં આઠ દિ' પહેલાં આવ્યું તે વખતે. **વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મપુદ્‌ગલોનો,** ચાર ઠેકાણે કર્યાને સરખાં છે. ભગવાનને ચાર અઘાતિ હતા તેની અહીં નિર્જરાની વાત કરે છે. દ્રવ્યકર્મની વાત હતી ને? **જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે.** અત્યંત વિયોગ તે દ્રવ્યમોક્ષ. છૂટી ગયો.

બીજાને તો થોડા કર્મ ખરે વળી બંધાય, વળી ખરે વળી બંધાય, એક ભવ જાય બીજો ભવ આવે. પંચેન્દ્રિયપણું જાય વળી બીજું પંચેન્દ્રિયપણું આવે, દેવગતિ જાય મનુષ્યગતિ થાય, મનુષ્યગતિ જાય મનુષ્યગતિ થાય. આ તો ગઈ તે ગઈ. ઓહોહો! સાદી અનંત, અનંત અનંત સમાધિ સુખમાં. પોતાના

આનંદમાં એ મોક્ષદશા એ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રથી પ્રગટ થાય છે. તેથી આ મોક્ષ-નવ(પદાર્થ)ને વર્ણવી અને મોક્ષમાર્ગ પછી વર્ણવવામાં આવે છે. **કર્મપુદ્ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે.**

**આ રીતે મોક્ષપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.** નવપદાર્થમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. નવની વ્યાખ્યા બે દ્રવ્ય અને સાત પર્યાયની વ્યાખ્યા બરાબર પૂરી કરી. **વળી મોક્ષમાર્ગના અવયવરૂપ,** લ્યો! મોક્ષમાર્ગનો અવયવ-મોક્ષમાર્ગ ત્રણ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર. તેના અંશરૂપ અવયવરૂપ. જેમ આ શરીર અવયવી છે હાથ-પગ તેના અવયવ છે. મોક્ષમાર્ગ આખો અવયવી છે. તેનો એક એક સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્ર અવયવ છે.

**મોક્ષમાર્ગના અવયવરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત,** લ્યો! તેના વિષયભૂત નવપદાર્થનું વ્યાખ્યાન પણ, મોક્ષપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું. એમ આ પણ સમાપ્ત થયું. ..... ......... મોક્ષમાર્ગના અવયવ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવપદાર્થનું વ્યાખ્યાન પણ સમાપ્ત થયું. લ્યો! મોક્ષઅધિકારમાર્ગ તો આપણે ચાલ્યો. કાલ તો આઠમ છે. સજ્જાય ચાલશે. પરમદિવસથી શું લેવું? પરમાત્મપ્રકાશ થોડું લેવું કે શું લેવું એ વિચાર ચાલતો હતો. પરમાત્મપ્રકાશ થોડા દિવસ લઈએ. હમણાં નથી લીધું. ત્યાં તો આવશે ઓલું.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૬૪, ગાથા-૧૫૪,
## વૈશાખ સુદ-૯, તા.૧૪-૫-૭૦, ગુરુવાર

अथ मोक्षमार्गप्रपञ्चसूचिका चूलिका ।

जीवसहावं णाणं अप्पडिहददंसणं अणण्णमयं ।
चरियं च तेसु णियदं अत्थित्तमणिंदियं भणियं ।। १५४ ।।

जीवस्वभावं ज्ञानमप्रतिहतदर्शनमनन्यमयम् ।
चारित्रं व तयोर्नियतमस्तित्वमनिन्दितं भणितम् ।। १५४ ।।

मोक्षमार्गस्वरूपाख्यानमेतत् ।

जीवस्वभावनियतं चरितं मोक्षमार्ग: । जीवस्वभावो हि ज्ञानदर्शने अनन्यमयत्वात् । अनन्यमयत्वं च तयोर्विशेषसामान्यचैतन्यस्वभावजीवनिर्वृत्तत्वात् । अथ तयोजीर्ववस्वरूपभूतयोर्ज्ञानदर्शनयोर्यन्नियतमवस्थितमुत्पादव्ययध्रौव्यरूपवृत्तिमयमस्तित्वं रागादिपरिणत्यभावादनिन्दितं तच्चरितं; तदेव मोक्षमार्ग इति । द्विविधं हि किल संसारिषु चरितं–स्वचरितं परचरितं च; स्वसमयपरसमयावित्यर्थ: । तत्र स्वभावावस्थितास्तित्वस्वरूपं स्वचरितं, परभावावस्थितास्तित्वस्वरूपं परचरितम् । तत्र यत्स्वभावावस्थितास्तिस्वरूपं परभावावस्थितास्तित्वव्यावृत्तत्वेनात्यन्तमनिन्दितं तदत्र साक्षान्मोक्षमार्गत्वेनावधारणीयमिति ।। १५४ ।।

હવે *મોક્ષમાર્ગપ્રપંચસૂચક *ચૂલિકા છે.

**આત્મસ્વભાવ અનન્યમય નિર્વિઘ્ન દર્શન જ્ઞાન છે;**
**દગ્જ્ઞાનનિયત અનિંદ્ય જે અસ્તિત્વ તે ચારિત્ર છે. ૧૫૪.**

અન્વયાર્થ :- (जीवस्वभावं) જીવનો સ્વભાવ (ज्ञानम्) જ્ઞાન અને (अप्रतिहत दर्शनम्) અપ્રતિહત દર્શન છે- (अनन्यमयम्) કે જેઓ (જીવથી) અનન્યમય છે. (तयो:) તે જ્ઞાનદર્શનમાં (नियतम्) નિયત (अस्तित्वम्) અસ્તિત્વ-(अनिन्दितं) કે જે અનિંદિત છે-(चारित्रं च भणितम्) તેને (જિનેન્દ્રોએ.) ચારિત્ર કહ્યું છે.

૧. મોક્ષમાર્ગપ્રપંચસૂચક= મોક્ષમાર્ગનો વિસ્તાર જણાવનારી; મોક્ષમાર્ગને વિસ્તારથી કહેનારી; મોક્ષમાર્ગનું વિસ્તૃત કથન કરનારી.

૨. ચૂલિકાના અર્થ માટે ૧૪૨મા પાનાનું પદટિપ્પણ જુઓ.

**ટીકા :- આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.**

**જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે. જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે [1]વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે (અર્થાત્ જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે). હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં [2]નિયત-અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ [3]વૃત્તિમય અસ્તિત્વ-કે જે રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે-તે ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે.**

**સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે :- (૧) સ્વચારિત્ર અને (૨) પરચારિત્ર; (૧) સ્વસમય અને (૨) પરસમય એવો અર્થ છે. ત્યાં, સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે સ્વચારિત્ર છે અને પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે પરચારિત્ર છે. તેમાંથી (અર્થાત્ બે પ્રકારનાં ચારિત્રમાંથી), સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વરૂપ ચારિત્ર-કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે અત્યંત અનિંદિત છે તે-અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું.**

**(આ જ ચારિત્ર 'પરમાર્થ'શબ્દથી વાચ્ય એવા મોક્ષનું કારણ છે, અન્ય નહિ-એમ નહિ જાણતાં થકાં, મોક્ષથી ભિન્ન એવા અસાર સંસારના કારણભૂત મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતા થકાં આપણો અનંત કાળ ગયો; આમ જાણીને તે જ જીવસ્વભાવ નિયત ચારિત્રની-કે જે મોક્ષના કારણભૂત છે તેની-નિરંતર ભાવના કરવી યોગ્ય છે. આ પ્રમાણે સૂત્રતાત્પર્ય છે.) ૧૫૪.**

## ગાથા-૧૫૪ ઉપર પ્રવચન

આ પંચાસ્તિકાય. એકસો ને ચોપન ગાથા. **મોક્ષમાર્ગપ્રપંચસૂચક ચૂલિકા**. તેનો અર્થ-મોક્ષમાર્ગનો વિસ્તાર જણાવનારી આ ચૂલિકા છે. ચૂલિકા નામ પહેલાં કહેલું કહેવું, કહેલાંને વિશેષ સ્પષ્ટ કરીને કહેવું તેનું નામ ચૂલિકા. **મોક્ષમાર્ગપ્રપંચ** એટલે વિસ્તાર, **સૂચક** નામ કહેવાવાળી **ચૂલિકા.** એકસો ચોપન ગાથા.

**ટીકા :- આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે.** મોક્ષમાર્ગ કેમ થાય છે તેની વાત અહીંયા છે. બંધનથી છૂટવાનો ઉપાય. **જીવસ્વભાવમાં,** ભગવાનઆત્મા તે સ્વભાવવાન છે. વસ્તુએ સ્વભાવવાન

*૧. વિશેષચૈતન્ય તે જ્ઞાન છે અને સામાન્યચૈતન્ય તે દર્શન છે.*

*૨. નિયત = અવસ્થિત; સ્થિત; સ્થિર; દઢપણે રહેલું.*

*૩. વૃત્તિ = વર્તવું તે; હોવું તે. (ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્વ છે.)*

છે અને જ્ઞાનદર્શન તેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **જીવસ્વભાવમાં,** જીવ સ્વભાવવાન છે. અને સ્વભાવમાં એટલું લીધું પછી સ્વભાવ શું છે તે પછી ખુલાસો કરશે.

જીવ અસ્તિ-વસ્તુ. તેનો સ્વભાવમાં-સ્વભાવમાં નિયત, સ્થિર, નિશ્ચયથી સ્થિર રહેવું તેનું નામ ચારિત્ર છે. આ દેહની ક્રિયા, નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નહીં એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સ્વભાવવાન પદાર્થ એ સ્વભાવવાળો છે તે સ્વભાવ કયો તે પછી કહેશે. તે સ્વભાવમાં નિયત, નિશ્ચય, લીનતા, રમણતા તેનું નામ ભગવાન ચારિત્ર કહે છે. તે મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? તો જ્યાં ચારિત્ર છે ત્યાં જીવસ્વભાવ જ્ઞાનદર્શન છે એવો અનુભવ તો પ્રતીત સમ્યગ્દર્શનમાં આવી ગયો છે. સમજાણું કાંઈ?

**જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.** તેનો અર્થ એ થયો કે, જીવ સ્વભાવવાન તેનો સ્વભાવ પહેલાં અનુભવમાં સ્વજ્ઞેયને પકડીને તેનું જ્ઞાન અને તેમાં પ્રતીતિ સમ્યગ્દર્શનજ્ઞાન થયું છે. તે વગર ચારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ? અને તેમાં નિયત, પછી જે જાણેલું, જીવસ્વભાવ જ્ઞાન છે, દર્શન છે એવું પકડીને, અનુભવ કરીને જાણ્યું, રાગ અને વિકલ્પથી પૃથક થઈને. એવા સ્વભાવમાં નિયત, નિશ્ચિત, સ્થિર, દઢ રહેવું તેનું નામ ચારિત્ર. જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. આ લોકો બહારથી કપડા છોડી દો, નગ્ન થઈ જાવ તે ચારિત્ર, અઠયાવીસ મૂળગુણના વિકલ્પ પાડે તે ચારિત્ર. ભગવાન તેને ચારિત્ર કહેતાં નથી. રાગાદિ વિકલ્પ તો અચારિત્ર છે. સમજાણું કાંઈ?

પોતાનું નિજસ્વરૂપ, સ્વભાવ. સ્વરૂપ કહો કે સ્વરૂપસ્વભાવ. તેમાં નિયત, નિશ્ચય, લીન થવું, નિશ્ચિત થવું, ડામાડોળ કલ્લોલ વિકલ્પથી ખસીને અંતરમાં સ્વભાવમાં લીન થવું તેનું નામ ચારિત્ર છે. આ સિવાય બીજી રીતે ચારિત્ર માને તો તેને ચારિત્રની અથવા સંવર તત્ત્વની ખબર નથી. અને તે ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. તે પહેલાં આવ્યું હતું. ૨૭૬ ગાથા ચાલતી હતી. સંવર મોક્ષમાર્ગ છે. ત્યાં એ આવ્યું હતું. ૨૭૬ ગાથા સંવર મોક્ષમાર્ગ છે. અને છેલ્લી ગાથામાં એ આવ્યું હતું કે પરમવીતરાગના વૈરાગ્યની આજ્ઞા તે મોક્ષમાર્ગ છે. એ માર્ગ છે. માર્ગ છે, વૈરાગ્યથી હટવું પરથી ખસવું. પરમવૈરાગ્ય એમ લીધું હતું. એ આજ્ઞા.

રાગથી, નિમિત્તથી, એક સમયની પર્યાયથી ખસીને સ્વભાવમાં વૈરાગ્ય કરવો. અસ્તિત્વ તો વસ્તુની દૃષ્ટિમાં છે. પણ હવે રાગ અને વિકલ્પથી ખસીને પુણ્ય-પાપનો પણ વૈરાગ્ય કરવો. તેનો અર્થ-પુણ્ય-પાપ, મહાવ્રત આદિનો જે વિકલ્પ છે તેનાથી ખસવું. તે ભગવાનની પરમવૈરાગ્યની આજ્ઞા છે. એ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આ સ્ત્રી, કુટુંબ છોડી દીધા અને વૈરાગ્ય કહે તે વૈરાગ્ય નથી વેરાગી છે. વૈરાગ્ય તો તેને કહે છે, ઝીણો ઉપદેશ આવે છે ને, પુણ્ય-પાપ અધિકારમાં.

પુણ્ય-પાપ અધિકાર વૈરાગ્ય સંપન્નો. અર્થાત્ શુભ જે વિકલ્પ રાગ છે તે પણ વૈરાગ્ય છે. તેનાથી

પણ ખસીને પોતાના સ્વભાવમાં સ્થિર થવું તે વૈરાગ્ય છે. એ વૈરાગ્ય વિના વૈરાગ્ય કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? આ બધા દીક્ષિત થાય છે ને એ બધા વૈરાગ્ય નહીં. એ બધા મોહગર્ભિત રાગ છે. તેમાં મિથ્યાત્વભાવ છે. વીરચંદભાઈ! તમારે દીક્ષિત બિક્ષિતમાં તમારા ઝવેરચંદભાઈ ત્યાં પડયા હશે ને? ઓના દીકરા લ્યે તો મોઢા આગળ અગ્રેસર હોય તો પડે જ ને. હેં? આ તો એક દાખલો એક વાત છે. શેઠીયા માણસને મોઢા આગળ અગ્રેસરને બેસાડે. હાલો ઝવેરચંદભાઈ! નો છોડે તો આ કહે કે હવે હું છોડી દઉં છું. આહાહા! કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનદર્શન સ્વભાવ એ તો પછી ખુલાસો કરશે. આંહી તો એટલું **જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.** બસ એટલું. પછી કહે છે કે હવે જીવસ્વભાવ કોને કહે છે? **જીવસ્વભાવ ખરેખર જ્ઞાન-દર્શન છે.** જાણવું-દેખવું તેવો તેનો અવિનાશી ત્રિકાળી સ્વભાવ છે. જેવી વસ્તુ અવિનાશી છે, સ્વભાવવાન-સ્વભાવવાન તો તેનો સ્વભાવ જાણન-દેખન એ સ્વભાવ પણ તેનો અવિનાશી સ્વભાવ છે. પુણ્ય-પાપના વિકલ્પ કે તે કાંઈ તેનો સ્વભાવ નથી. મહાવ્રત આદિનો વિકલ્પ પણ જીવનો સ્વભાવ નથી. એ તો વિભાવ છે. કહે છે **જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે.** જાણવું-દેખવું સ્વભાવ ખરેખર છે. હજી વ્યાખ્યા આવે.

**કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે**. કેમ કે ભગવાનઆત્મા જો સ્વભાવવાન તેનો જાણન-દેખન સ્વભાવ તે સ્વભાવ અને સ્વભાવવાન અનન્યમય છે. અનેરા અનેરા નહીં અભિન્ન છે. વસ્તુ ભગવાનઆત્મા અને જાણન-દેખન સ્વભાવ અનન્યમય એટલે અભિન્ન છે. સ્વભાવ અને સ્વભાવવાન તે એક અભિન્ન છે. પ્રસન્નભાઈ! આ પ્રસન્નભાઈએ આજ ખુલાસો માગ્યો છે. એય! શેઠી! એને રુચિ છે. મગજવાળા છે, પકડી શકે છે. સમજાણું કાંઈ?

વસ્તુ શું છે એ પહેલાં ખ્યાલમાં આવ્યા વિના સમ્યગ્દર્શન કયાંથી આવ્યા? જ્ઞાન ને ચારિત્ર આવે કયાંથી? બહારથી માનવાથી આવી જાય છે?

મુમુક્ષુ :- રૂઢી પ્રમાણે આવે.

ઉત્તર :-રૂઢી પ્રમાણે એટલે અજ્ઞાન આવ્યું રૂઢી પ્રમાણે. સમજાણું કાંઈ? હવે અજ્ઞાનમાં એકાકાર થાય છે તો મૂઢનું મિથ્યાત્વનું પોષણ થાય છે. અહીંયા તો ભગવાનઆત્મા સ્વભાવવાન. સ્વભાવવાન તો સ્વભાવ શું? સ્વભાવ જાણન-દેખન, જ્ઞાતા-દૃષ્ટા કાયમ-કાયમી સ્વભાવ. કેમ? કે તે અનન્યમય છે. સ્વભાવવાન અને સ્વભાવ અભિન્ન છે. ભિન્ન છે નહીં. સમજાણું કાંઈ?

અને **જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ,** શું કહે છે? જુઓ! ભગવાનઆત્મા સ્વભાવવાન અને તેનું જ્ઞાન અને દર્શન અસ્તિપણે સત્તાપણે સ્વભાવ તે સ્વભાવ અને સ્વભાવવાન અભિન્ન, અનન્ય, અનેરા અનેરાપણે નહીં પણ અભિન્નપણે બે છે, કારણ કે **અનન્યમયપણું હોવાનું**

**કારણ** જાણન-દેખન સ્વભાવ અને આત્મા અભિન્ન હોવાને લીધે **એ છે કે વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ છે.** એ સ્વભાવમાં બે છે. એક વિશેષચૈતન્ય-જ્ઞાન, સામાન્યચૈતન્ય-દર્શન. વિશેષચૈતન્ય-જ્ઞાન, સામાન્યચૈતન્ય-દર્શન તે જેનો સ્વભાવ છે. સમજાણું કાંઇ?

**એવા જીવથી તેઓ નિષ્પન્ન છે.** એવા જીવથી અનન્યમય છે. કારણ કે તે સ્વભાવ સામાન્યદર્શન અને વિશેષજ્ઞાન અનન્યમય હોવાને લીધે તે જીવથી નિષ્પન્ન છે, જીવથી પ્રાપ્ત છે, જીવમાં જ છે. નિષ્પન્ન એટલે જીવમાં છે. પ્રાપ્ત છે. અનાદિનો પ્રાપ્ત છે, નવું નથી. **જીવથી તેઓ નિષ્પન્ન છે,** એટલે જીવથી પ્રાપ્ત છે. જીવને પ્રાપ્ત કરવો હોય તો જીવના સ્વભાવ પ્રાપ્તમાં આવી જાશે. એમ કહે છે. જાણન-દેખન જીવથી પ્રાપ્ત છે. જીવની દૃષ્ટિ જયારે થઇ તો જાણન-દેખનની પ્રાપ્તિ પણ સાથે આવી ગઇ. આહાહા! ભારે ઝીણી વાતું! આ મોક્ષના માર્ગની વ્યાખ્યા ચાલે છે. આહાહા! આ ખબર નહીં અને થઇ જાવ દીક્ષિત અને લઇ લ્યો પાંચ મહાવ્રત આદિ. પ્રકાશદાસજી! એ તો બહુ જ સાંભળ્યું છે ને તેમણે તો.

આ તો વસ્તુની સ્થિતિ છે. એમાં કોઇ વ્યકિતગત (વાત નથી) બિચારા તેને ખબર નથી તો શું છે? અનાદિથી એવા જ ભ્રમણાના કૂંપમાં પડયા છે. વસ્તુ ભગવાન કહે છે તે તો ઠીક પણ વસ્તુ કેવી છે? જેમાં રમવાનું છે અને જેનું કલ્યાણ કરવાનું છે. જેનું, કલ્યાણ તો આત્માનું ને? તો કલ્યાણ કરવાવાળો છે કેવો? શેઠી! કલ્યાણ કરવું છે, કલ્યાણ કરવું છે પણ કલ્યાણ કરવાવાળો જીવને? આત્માને? તો આત્મા છે કેવો? એ કાંઇ ખબર નહીં અને કલ્યાણ કરવું છે. શું કરવું છે તારે? પ્રસન્નભાઇ! સમજાય છે કાંઇ? આહાહા! કેટલી વાત આ દિગંબર સંતોએ. કેટલી સ્પષ્ટ! આમ બે ને બે ચાર જેવી... એ લોકોમાં તો પંચમહાવ્રત એ નિર્જરાનું કારણ છે એમ લખ્યું છે લ્યો! શ્વેતાંબરમાં હો. ઠાણાંગમાં પાંચમા સ્થાનકે. બિચારા મુંઝાઇને મરી જાય પાછા. પંચનિર્જર ઠાણા...એવો પાઠ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ નિર્જરા, અરરર! નિર્જરાના સ્થાન આ શાસ્ત્ર. અહીં કહે છે કે પંચમહાવ્રતના વિકલ્પ બંધનું કારણ છે. તે મોક્ષનું કારણ છે જ નહીં. કેમકે જીવનો સ્વભાવ નથી. સમજાણું કાંઇ?

**જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે.** એટલે જીવ દ્વારા જ્ઞાનદર્શન સાથે છે, જુઓ! નવા કયાં રચાય છે? ભગવાનઆત્મા દ્વારા જ જ્ઞાનદર્શન સ્વભાવની પ્રાપ્તિ છે. **હવે જીવના સ્વરૂપભૂત,** ઓહોહો! કેટલું સિધ્ધ કરે છે! **એવાં તે જ્ઞાનદર્શનમાં,** જીવ ભગવાનઆત્મા તેના સ્વરૂપભૂત જેમ વસ્તુ અવિનાશી ત્રિકાળ છે. એવું તેનું સ્વરૂપ જ્ઞાનદર્શન સ્વરૂપભૂત તે પણ અનાદિ અનંત સાથે છે. સમજાણું કાંઇ?

**હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં,** જુઓ! જીવના સ્વરૂપભૂત એવા જ્ઞાનદર્શન

સ્વભાવમાં **નિયત-અવસ્થિત, સ્થિત, સ્થિર, દઢપણે રહેલું, એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય-અસ્તિત્વ,** આહાહા! ચારિત્રગુણ પણ સાથે છે અંદરમાં હો. જેમ જ્ઞાનદર્શન છે ને તેનું અસ્તિત્વ કહ્યું પણ ચારિત્રનું અસ્તિત્વ લ્યે છે ને. ચારિત્રના અસ્તિત્વમાં ધ્રુવ પણ સાથે લીધું. ભાઈ! જુઓ! અંદર ગાથામાં. સીધો બોલ અંદર નાંખી દીધો.

જેમ જ્ઞાન-દર્શન સ્વભાવ છે. એમ તેમાં ચારિત્રની ધ્રુવતા પણ તેનો જ સ્વભાવ છે. ચારિત્ર કયુ? મોક્ષમાર્ગની પર્યાય નહીં. ચારિત્ર ત્રિકાળ ગુણ. સમજાણું કાંઈ? આહાહા! હજી તો એને સમજવું મગજમાં પેસવું કઠણ. હવે ત્યાં એને થઈ જાય સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન, ચારિત્ર થઈ ગયું.

કહે છે કે ભગવાનઆત્મા જીવનો સ્વભાવ જે જ્ઞાનદર્શન છે. તેનું અસ્તિત્વ જેવું છે અને તે અસ્તિત્વને કારણે તેમાં ઉત્પાદ-વ્યય છે. એમ ચારિત્રગુણનું પણ તેમાં અસ્તિત્વ છે. જેમ જ્ઞાનદર્શનમાં સ્થિર થયો તો અંદર ચારિત્રગુણ છે તેમાં સ્થિર થયો. સમજાણું કાંઈ? **નિયત-અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ,** જુઓ! (નીચે ફૂટનોટમાં) **વૃત્તિ=વર્તવું તે, હોવું તે. ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્વ છે.** અર્થાત્ સ્વરૂપ જે જાણવું-દેખવું છે તેમાં લીન થવું, તો લીન થવું તે ઉત્પાદ પર્યાય થઈ, પૂર્વની પર્યાયનો વ્યય થયો અને જ્ઞાનદર્શનની ધ્રુવતા છે સાથે ચારિત્રની ધ્રુવતા પણ અંદર પડી છે. સમજાણું કાંઈ? ભારે બાપુ! આવો મોક્ષમાર્ગ! ધન્નાલાલજી! આ શેઠીયાઓને શી રીતે આ બેસશે? ત્યાં જઈને આ બધું તમારે નક્કી કરવું પડશે હો. સત્યની ત્યાં પ્રભાવનામાં એણે ત્યાં નિમિત્ત થાવું પડશે. ત્યાં મોઢા આગળ છે કે નહીં. આહાહા! આવો માર્ગ છે ભાઈ! માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા! આહાહા! જીવ અને તેનો સ્વભાવ તેમાં લીનતા. તો લીનતામાં ત્રણ બોલ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ-અસ્તિત્વ. લીનતામાં ત્રણ બોલ. લીનતા જે થઈ તે ઉત્પાદ થયો અને પૂર્વની અવસ્થાનો વ્યય થયો અને અંદર ધ્રુવપણું ચારિત્ર છે તેનું અસ્તિત્વ છે. જ્ઞાનદર્શન જેવા છે તેવા ચારિત્ર પણ ગુણરૂપ છે એ ધ્રુવ છે. નવા ઉત્પન્ન થયા ચારિત્રની પર્યાય ઉત્પન્ન, પૂર્વની પર્યાય વ્યય તે ઉત્પાદવ્યયધ્રુવ તે અસ્તિત્વ. ત્રણ મળીને થવું તેનું નામ આત્મા અને તેનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. આરે! ઝીણી વાતું બહુ! ભાષા તો સાદી આવે છે. નેમીચંદજી! ધ્યાન તો બરાબર રાખે છે. ભાષા તો સાદી છે. ભાવ ભલે કઠણ હોય. હા, પણ તેને ખ્યાલમાં તો આવી જાય ને શું ચીજ છે? સમજાણું કાંઈ? આહાહા! ભગવાન તારી ચીજ શું છે? એમ કહે છે, ભાઈ! તારું સ્વરૂપ જે જાણવું-દેખવું તેમાં સ્થિરતા, રમણતા, લીનતા થવી.

તો કહે છે કે **અવસ્થિત એવું જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ.** તો લીનતા થઈ તો ઉત્પાદ થયો. પૂર્વની અવસ્થાનો વ્યય થયો. લીનતા થઈ તો ચારિત્રગુણ પણ ધ્રુવપણે છે. જ્ઞાનદર્શન જેમ ધ્રુવપણે છે તો

સ્થિરતાની શકિત પણ અંદર ધ્રુવપણે છે. ત્રણે મળીને અસ્તિત્વ થયું. **ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ** એટલે હોવાપણું છે.

હવે વિશેષ ખુલાસો કરે છે. આહા! **કે જે રાગાદિપરિણામના અભાવને લીધે,** ભગવાનઆત્મા! પોતાના જ્ઞાનદર્શન કાયમી અસલી કાયમ સ્વભાવમાં સ્થિર રમણતા કરે છે તો તે વીતરાગી પર્યાય થશે. તે અરાગી પર્યાય થઈ તે ચારિત્ર. અને કેવા છે **કે જે રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે.** મલિનતા નહીં. એમ. એ મલિનતા રહી નહીં. પંચમહાવ્રતનો વિકલ્પ પણ મલિનતા મેલ છે. સમજાણું કાંઈ? આહાહા! **અનિંદિત, રાગાદિપરિણામના અભાવને લીધે,** એ પંચમહાવ્રતનો વિકલ્પ પણ રાગ છે, મેલ છે, સમળ છે. તો આ સ્વરૂપમાં જ્ઞાનદર્શન સ્વભાવમાં જે લીન થવું તે તો રાગાદિપરિણામથી રહિતપણે નિર્મળ છે. **અનિંદિત છે,** નિર્મળ છે. સમજાણું કાંઈ? આહાહા! તેનું નામ ચારિત્ર છે. પ્રકાશદાસજી! જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. આહાહા!

કયારેય સાંભળ્યું પણ નહીં હોય ચારિત્ર શું. આ છોડી દયો, આ છોડી દયો. બાયડી છોકરા છોડી દયો. હવે છૂટા જ પડયા છે, કયાં છોડી દયે. બહાર જ પડયા છે. કયાં તારા આત્મામાં ઘુસી ગયા છે. પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહીં. સમજાણું કાંઈ? પરદ્રવ્ય કયારે ગ્રહ્યા છે તો પરદ્રવ્ય છોડે. તેમાં એવો કોઈ ગુણ પણ નથી કે પરદ્રવ્ય ગ્રહે અને છોડે એવો કોઈ ગુણ પણ નથી. પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો અભાવ એવો તેમાં ગુણ છે. સમજાણું કાંઈ?

કહે છે ભગવાનઆત્મા જીવ અને કાયમી સ્વભાવ જાણન-દેખન, સત્વ. સત્‌નું સત્વ. સત જે આત્મા છે તેનું સત્વ. સત્ છે તે દ્રવ્ય છે. સત્વ તે ગુણ કહો કે સ્વભાવ કહો. સત્‌નું સત્વ, દ્રવ્યનો ભાવ, ગુણીના ગુણ, સ્વભાવવાનનો સ્વભાવ. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા પોતાના ગુણ, ગુણી નામ ભગવાન ગુણી-પોતાનું દ્રવ્ય. તો ગુણ જો જ્ઞાનદર્શન કાયમી સ્વભાવ સત્વ ભૂત, ભાવભૂત તેમાં લીન થવું. આહાહા! સમજાય છે કાંઈ?

તે નવી પર્યાય થઈ. એ તો ત્રિકાળી થયો. જીવ અવિનાશી સ્વભાવવાન એ ત્રિકાળી અને જ્ઞાનદર્શન સ્વભાવ સ્વભાવવાનના દ્રવ્યનો ભાવ એ ત્રિકાળી. હવે તેમાં લીનતા થઈ તે ઉત્પાદ-વ્યય પર્યાય થઈ. સમજાણું કાંઈ? માટે તેમાં ઉત્પાદ-વ્યય નાખ્યા. આહાહા! શરીર બાહ્યની તો અહીં વાત પણ નહીં. શરીરની આ ક્રિયા ને આ ક્રિયા ધૂળ. એ તો જડની ક્રિયા છે. અને પંચમહાવ્રતના વિકલ્પ પંચમહાવ્રત ગ્રહણ તો કરવા પડે છે કે નહીં. ....પરનો હેતુ. પંચમહાવ્રત કોઈ રસ્તો તો છે કે નહીં. રસ્તો તો છે કે નહીં. એમ પૂછયું હતું. હેં? પૂછવામાં તો પૂછે ને ગમે તે પૂછે. પ્રશ્ન તો હોય શકે ને?

મુમુક્ષુ :- સમજવા માટે ગમે તે પૂછે.

ઉત્તર :- હો હો પૂછી શકાય તેમાં શું? વિરોધ હોય તો પણ પૂછાય. પૂછવામાં શું? રસ્તો કાંઈ

છે કે નહીં. પંચમહાવ્રત રસ્તો છે કે નહીં? રસ્તાની તો વાત ચાલે છે. રસ્તો કહો કે માર્ગ કહો. સમજાય છે કાંઈ? તો પંચમહાવ્રતનો વિકલ્પ માર્ગ નહીં, રસ્તો નહીં, માર્ગ નહીં. માર્ગની તો વ્યાખ્યા ચાલે છે. માર્ગ કહો કે રસ્તો કહો. સમજાણું કાંઈ? આહાહા!

અરે! નિજ ઘરની ચીજ શું છે અને તેમાં લીનતા કેમ થાય છે તેના ભાવનો ખ્યાલ નથી. અને ખ્યાલ વિના પ્રતીત થતી નથી, જ્ઞાન થતું નથી અને લીનતા થતી નથી. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, ઉત્પાદવ્યયધ્રૌવ્યમય-ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્ ત્યાં શબ્દ પડયો છે ને? તત્ત્વાર્થસૂત્રમાં. ઉત્પાદવ્યયધ્રુવયુકતમ સત્ એટલે કે ભગવાનઆત્મા દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય સત્ થઈ. તો પર્યાય સત્ થઈ તે ધ્રુવના આશ્રયે થઈ. ધ્રુવ સાથે લઈ લીધું. ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ, પહેલાની પર્યાયનો વ્યય થયો અને ગુણ જ્ઞાનદર્શન ને ચારિત્ર ધ્રુવપણે પડયા છે. ત્રણે મળીને અસ્તિત્વ છે. એમ સિધ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

ચારિત્રની આ સ્થિતિ ઉત્પન્ન થઈ તે ત્રણે મળીને ચારિત્રનું અસ્તિત્વ છે. ધ્રુવ અને ઉત્પાદવ્યય ત્રણે મળીને અસ્તિત્વ છે એમ સિધ્ધ કરે છે. એ ગુણને રાગના અભાવની અપેક્ષા નહીં પણ રાગનો અભાવ છે ખરો તેમાં. સમજાણું કાંઈ? (રાગદિ) **પરિણામના અભાવને કારણે અનિંદિત છે.** અર્થાત્ નિર્મળ છે. અર્થાત્ છોડવા લાયક નહીં. વિકલ્પ આદિ છે તે તો છોડવા લાયક આવે છે. નિંદા લાયક છે. આહાહા! ત્રિકાળી ગુણ છે. અને આ મોક્ષમાર્ગ તે તેની પર્યાય છે. એ ત્રણે પર્યાય છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ તે ત્રણે પર્યાય છે. ત્રણે પર્યાય છે. હા, એ ત્રિકાળી ગુણમાં. આ તો મોક્ષમાર્ગની વાત ચાલે છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે. પણ અંતરમાં જે જ્ઞાન-દર્શન અને ચારિત્ર ગુણ છે તે ત્રિકાળી છે. ગુણ વિના પર્યાય કયાંથી થાય? સમજાણું કાંઈ?

આત્મા વસ્તુ છે તેમાં જ્ઞાનદર્શન ને સ્થિરતા નામની શકિતનો ગુણ ત્રિકાળ પડયો છે. એ સ્થિરતા નામની શક્તિ જે છે તે ગુણ છે. અને જે ચારિત્ર દશા પ્રગટ થઈ તે ઉત્પાદ,વ્યયની પર્યાય છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે આવ્યા. દ્રવ્ય આત્મા અને ગુણ જ્ઞાન, દર્શન ને ચારિત્રની શક્તિ ગુણરૂપ તે ગુણ અને તેમાં લીનતા થઈ તે પર્યાય છે. તો ઉત્પાદ, વ્યય ને ધ્રુવને સાથે લઈને ત્રણે ને અસ્તિત્વ છે તેમ સિધ્ધ કરી દીધું. આહાહા! ભારે ઝીણું. ગુણ વિના પર્યાય આવી કયાંથી એમ સિધ્ધ કર્યું છે. ચારિત્ર ગુણ શક્તિપણે ન હોય તો વ્યકતતા પર્યાયમાં સ્થિરતા આવી કયાંથી? ગુણનું જ ચારિત્ર પરિણમન છે. ચારિત્ર ગુણ જે ત્રિકાળી છે તેનું આ પરિણમન છે. આનંદ ગુણ જે ત્રિકાળી છે તેમાં તે વર્તમાન પ્રગટ આનંદનો સ્વાદ આવે છે તે પર્યાય છે. મોક્ષમાર્ગ જ પર્યાય છે. અરે! મોક્ષ પણ પર્યાય છે. મોક્ષ ગુણ નહીં. સિધ્ધ ગુણ નહીં. તેમ સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ તે ગુણ નહીં. પર્યાય છે. તેમ સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ તે ગુણ નહીં. પર્યાય છે. તેમ સમ્યક્ચારિત્ર તે ગુણ નહીં મોક્ષના માર્ગની પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ?

સિધ્ધમાં પણ કેવળજ્ઞાનની પર્યાય એક સમય રહે છે. બીજા સમયે બીજી થાય છે. એમ ચારિત્રની રમણતા સિધ્ધમાં છે તે પણ એક સમયમાં રમણતા છે બીજે સમયે બીજી થાય છે. આહાહા! મોટી તકરાર થઈ હતી. સિધ્ધમાં ચારિત્ર છે કે નહીં. એક કહે કે નથી અને એક કહે કે છે. ઓલા બચાવ કરવામાં, ભઈ છે, છે. સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર તો સિધ્ધમાં પણ છે. સિધ્ધ કયાં જાય. આહાહા! એ તો આ ભેદ પાંચ સમવાયના છે તે ભેદ નથી. પણ સ્વરૂપ આચરણરૂપી સ્થિરતા પૂર્ણ એ તો સિધ્ધ ભગવાનમાં પરિપૂર્ણ થઈ ગઈ. પૂર્ણ વસ્તુ પૂર્ણ ગુણ એવી અવસ્થા પૂર્ણ નિર્મળ સ્થિર થઈ ગઈ. એવી સ્થિરતાના પરિણામ સિધ્ધમાં પણ છે. સમજાણું કાંઈ? આ તો મોક્ષમાર્ગના કારણની વ્યાખ્યા ચાલે છે. મોક્ષ તો તેનું કાર્ય છે, ફળ છે. પણ તેનું કારણ શું તે ચાલે છે. કારણ કહો, માર્ગ કહો, ઉપાય કહો, રસ્તો કહો, પંથ કહો. સમજાણું કાંઈ? કહે છે **રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે-તે ચારિત્ર છે.** જુઓ! આહાહા! કેવી વ્યાખ્યા! સ્પષ્ટ બે ને બે ચાર જેવું તેમાં કાંઈ મળ-મેલ નહીં ને કોઈ સંદેહની વાત નથી. આ ચારિત્ર છે, ભગવાન! તે ચારિત્ર મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- કુંદકુંદઆચાર્ય કહે છે?

ઉત્તર :- કોણ કહે છે આ? કોણ કહે છે? એ ધન્નાલાલજી!

શ્રોતા :- સમ્યગ્દર્શન ન હોય ત્યાં સુધી?

ઉત્તર :- જયાં સુધી ન હોય તો મિથ્યાત્વ છે, અને અજ્ઞાન માને. એમાં શું છે. રાગને ક્રિયામાં ધર્મ માને સમચારિત્ર માને તો મિથ્યાત્વ છે. જયાં સુધી ન હોય ત્યાં સુધી. અને સ્વરૂપમાં રમણતા ન હોય અને સમ્યગ્દર્શનજ્ઞાન હોય. અંશે રમણતા હોય તો ચોથું પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનમાં અંશે તો અનંતગુણ પ્રગટ થાય છે. કોઈ ગુણનો અંશ પ્રગટ ન હોય એવું સમ્યગ્દર્શનમાં હોતું નથી. કેમ કે સમ્યગ્દર્શન આખા દ્રવ્યને પકડે છે. અને આખા દ્રવ્યને ધ્યેય કરીને પકડયું તો જેટલા દ્રવ્યમાં અનંતાઅનંત અનંતાઅનંત ગુણની ખાણ છે એટલા બધા ગુણના અંશ વ્યકત થઈ જાય છે. જેટલા ગુણ છે તેના બધા ગુણ વ્યકત, પ્રગટ થઈ જાય છે. અંશે પૂર્ણ અંશે. સર્વજ્ઞને પૂર્ણ બધા. સર્વજ્ઞને અનંતગુણની પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને અનંતગુણનો એક અંશ વ્યકત બધા ગુણનો થઈ જાય છે. તે કહ્યું ને? 'સર્વગુણાંશે સમકિત' હા, પણ તે શાસ્ત્ર ભાષા બીજી છે. જે ગુણ છે તે બધાનો અંશ પ્રગટ થયો, જ્ઞાનાદિનો. સમજાણું કાંઈ?

તો ચોથે ગુણસ્થાને પણ સમ્યગ્દર્શનમાં આખા દ્રવ્યસ્વભાવનું જયાં પ્રતીત ને જ્ઞાન થયું, પ્રતીત થઈ તો સમ્યગ્દર્શનની પર્યાય જેમ શ્રધ્ધા ગુણમાંથી પ્રગટ થઈ તેમ આનંદગુણમાંથી આનંદનો અંશ પણ પ્રગટ થયો. એમ ચારિત્રગુણ જે ત્રિકાળ છે તેમાં સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ પ્રગટ થયો. એમ અનંતગુણમાંથી અંશ પ્રગટ વ્યકત થયો તેનું નામ તેની પ્રતીતી તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

આહાહા! આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા કરો, ..... એમ કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા કરો, નવતત્ત્વની શ્રધ્ધા કરો, જાવ સમકિત થઈ ગયું. ધૂળેય નથી. મોંઘો કરી દીધો કે સોંઘો કરી દીધો. જે છે તે છે. સમજાણું કાંઈ? પોતાની કલ્પનાથી માને એટલે કાંઈ વસ્તુ ફરી જાય છે? સોંઘા મળે. શું સોંઘા? એક વાર શાકભાજીનું દૃષ્ટાંત નહોતું દીધું! શાકભાજી. આ એવું જ છે. આહાહા! ભાઈ! સમ્યગ્દર્શનની પર્યાય સમ્યક્શ્રધ્ધા નામનો ગુણ ત્રિકાળીમાં છે. એ ગુણને ધરવાવાળો ગુણી સ્વભાવવાન છે. સ્વભાવવાનની દૃષ્ટિ થવાથી સ્વભાવ જેટલી સંખ્યામાં છે બધાનો અંશ પ્રગટ થઈ જાય છે. આહાહા! અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે. નહીંતર તે સમ્યગ્દર્શન છે જ નહીં. આહાહા! કઠણ વાત! રતનચંદજી!

વસ્તુ છે તેમાં અનંતાઅનંત ગુણ છે. એક વાર કહ્યું હતું ને? સિધ્ધથી પણ અનંતગુણા જીવ છે, જીવથી અનંતગુણા પરમાણુ છે, પરમાણુથી અનંતગુણા કાળ સમય છે તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. આ તો ટૂંકી વાત છે. સિધ્ધની સંખ્યા છે તેનાથી અનંતગુણા સંસારી પ્રાણી છે. સંસારી પ્રાણીથી પરમાણુની સંખ્યા અનંતગુણી છે. તેનાથી ત્રણકાળના સમય અનંતગુણા છે અને તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. તેનાથી પણ એક જીવમાં અનંતગુણા ગુણ છે. આમાં કેટલી સંખ્યામાં. નેમીચંદજી! ઘરે પાંચ, પચ્ચીસ, પચાસ લાખ હોય તો બસ! ઓહોહો! થઈ ગયા. ધૂળેય નથી. સાંભળને. શેઠી! પાંચ, પચાસ લાખ મળ્યા અને શેઠીયા થઈ ગયા. હવે એ ગણતરો નહીં. અહીં તો અમાપ ગુણની સંખ્યા તારામાં છે. સાંભળ તો ખરો! સમજાણું કાંઈ?

એને દ્રવ્ય કહીએ. તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા! 'દ્રવ્યતિ ઈતિ દ્રવ્યમ્' તો જ્યાં અંદર દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્ય પરિણમે છે. અનંતગુણની પર્યાય વ્યકતપણે પરિણમે, આ તેની પ્રતીત તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા! એ વંશમોર (ફરીથી કહેવાનું) કહે છે. નાટકમાં કરે છે ને. ફરીને કહો એમ કહે છે. આત્મામાં જેટલા ગુણ સંખ્યાએ છે સંખ્યાએ. કાળ છે તે તો બરાબર અનાદિ-અનંત છે એ બીજી વાત. એક, બે, ત્રણ એમ સંખ્યા. સંખ્યાએ અનંતગુણ છે તે બધાની વ્યકતતા. જ્ઞાનની એક સમયની પર્યાય સ્વને પકડવાની લાયકાતવાળા, શ્રધ્ધાની એક સમયની પર્યાય બધું પ્રતીત કરવા .. એ બધા ગુણની એક સમયની વ્યકત પર્યાય સ્વજ્ઞેયને પૂર્ણ બનાવ્યું, દ્રવ્યને. દૃષ્ટિમાં દ્રવ્યને લીધું તો દ્રવ્યમાં જેટલા ગુણ છે તે બધા ગુણની પર્યાય એક સમયમાં વ્યકત થાય છે. અને સર્વ ગુણનો અંશ જો પ્રગટ થયો તેની પ્રતીતિ થઈ કે આ આત્મા આવો છે. આનંદ આવ્યો તો આ આત્મા આનંદમય છે, શાંતિ આવી તો આ આત્મા શાંતિમય છે. શાંતિ એટલે સ્વરૂપ સ્થિરતા. સમજાણું કાંઈ?

એવી અનંતગુણની વ્યકત પર્યાયમાં શાંતિ, આંનદ આવ્યા તો આખો આત્મા આનંદ ને જ્ઞાનમય આનંદમય છે તેવી પ્રતીત થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આરે ભારે વાતું! આ મોંઘુ.

પણ મોંઘુ તો હોય એવું હોય છે. નીલમણિ કાંઇ લીંબોળીથી મળે છે? શેઠીયા આ પૂછો શેઠને. એ આપે નહીં મફત. બે પાંચ શેર લીંબોળી લઇને લાવો એક નીલમણિ. આહાહા! ગોદીકા છે ને ગોદીકા. નીલમણિના કટકા તપાસે આમ. જરીક ઘસાવે છે ને. પૂનમચંદ ગોદીકા. (તેને ત્યાં) એક મુસલમાન છે, એ ઘસે છે તો મહિનાના ત્રણ હજાર રૂપિયા તો એને આપે છે. એક મહિનાના ત્રણ હજાર. આ પૂનમચંદજી ગોદીકા છે ને. ત્રણ વર્ષ પહેલાં ગયા હતા ને. અગિયાર દિવસના સોળ લાખ રૂપિયા ખર્ચ્યા. સોળ લાખ. પૂનમચંદ ગોદીકા છે ને, બહુ નરમ માણસ છે. તેનું મકાન આરસપહાણનું, સંગેમરમરનું. તો એક મુસલમાન કારીગર આવ્યો. પાંત્રીસ ચાલીસ વર્ષની ઉંમર છે. તો તેને એક મહિનાના ત્રણ હજાર રૂપિયા ઘસવાના મળે છે. પણ ઘસવા માટે કહેતો હતો કે જો બરાબર ઘસે તો તે પચ્ચીસ હજારના લાખ ઉપજી જાય. એક ટુકડો નીકળી જાય તો લાખના પચ્ચીસ હજાર થઇ જાય. ત્યાં કાંઇ પાંચસો હજારની પેદાશ ન હોય ત્યાં તો લાખ ને બે લાખની વાત....

અમારે કહેતા હતા એક. અમારે બે હજાર એવું કાંઇ ન હોય. મળે તો પાંચ પાંચ, દસ લાખ. જાય તો બે, પાંચ લાખ. અંતે સરવાળે તો વધે જ ને. સમજાણું કાંઇ? પણ એ નીલમણિની કિંમત જેને હોય તેને ખબર. લીંબોળી લઇને જાય લાવ નીલમણિ લાવ. પાંચ હજાર લીંબોળી આપે, લીંબોળી સમજો છો ને? લીમડાની. પાંચ હજાર આપે ને કહે કે લાવ ભઇ તમારે, તમારે છે ને. કેટલી કિંમત છે નીલમણિની? પચાસ હજારની, લાખની, દસ લાખ લીંબોળી. પણ લાખ લીંબોળીએ ન મળે. એ ચીજ એવી નથી. ઝવેરાતની કિંમતમાં ઝવેરાતના પ્રમાણમાં કિંમત આપવી પડે.

એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ તેની પ્રતીતમાં અનંતો પુરુષાર્થ અને સ્વની જાગૃતિ હોવી જોઇએ. તેમાં કાંઇ બહારથી મળતી નથી. આહાહા! શું કરે? દુનિયાને સત્ય માર્ગ સાંભળવા મળ્યો નહીં. જે કાંઇ ગડબડ ગડબડ ધર્મ ચલાવ્યા. આ જ્યાં માર્ગ આવ્યો નિશ્ચય સત્ય ત્યાં એ... એકાંત છે. એકાંત છે. અરે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા લાભની વાત છે. નાથ! પણ એને ખબર નહીં ને. આહાહા! સત્યને અસત્ય ઠરાવે અને અસત્યને સત્ય ઠરાવે. ઉન્માદ આવે છે ને તત્ત્વાર્થ સૂત્રમાં. પહેલાં અધ્યાયનું પહેલું સૂત્ર. ઉન્માદવત્ ગાંડા પાગલની જેમ લોકો માને છે.

કહે છે, જો ઉન્માદ આવ્યો, એય! તારું. પાગલ પાગલ. પાગલ કહેતો હતો ને! આ પરનો કર્તા માને તે પાગલ જેવો છે, એ કહે પાગલ જેવો નહીં પણ પાગલ જ છે. પાગલ છે પાગલ. ભારે ભાઇ! વાત તો સાચી છે. ભગવાનઆત્મા જેવો છે તેવો પ્રતીતમાં ન લઇને વિપરીત પ્રતીતમાં લ્યે છે, પરનો હું કર્તા છું ને પરથી મારામાં કાંઇક થાય છે, દૃષ્ટિ પાગલ જેવી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઇ? આહાહા!

સમાધિ શતકમાં તો સમકિત સહિતમાં પણ રાગ હોય છે તોપણ પાગલ કહ્યો છે. પાગલ છે. શું

કરે? સમ્યગ્દર્શનમાં રાગ વિકલ્પ છે ને. પંચમહાવ્રતનો વિકલ્પ છે તેને પણ પાગલપણું ગણ્યું છે. સમાધિ શતકમાં-પૂજ્યપાદસ્વામી. સમજાણું કાંઈ? દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. એમ શ્રીમદ્ કહ્યું છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. વિપરીત થતું ગયું. એમ શબ્દ પડયો છે. એમાં પણ ઝઘડા! દિગંબરના સંતોની વાણી એવી છે કે શું કહે છે તે રહસ્ય સમજમાં આવે છે. શ્વેતાંબરની મોળાશ વિપરીતતાને લઈને બધું વિપરીત થઈ ગયું. સમજાણું કાંઈ? એ વસ્તુની સ્થિતિ છે હો. વ્યકિતગત તો આપણે કોઈનું કાંઈ.. સંપ્રદાયની વાત (નથી). આ તો વસ્તુનો સ્વભાવ છે.

ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ અને સંતો કુંદકુંદઆચાર્ય આદિ. મૂળ માર્ગના પ્રણેતા. મૂળ માર્ગને પ્રાપ્ત અને પ્રણેતા. સમજાણું કાંઈ? મૂળ માર્ગને પ્રાપ્ત અને પ્રણેતા કહે છે ને! પ્રવચનસારમાં કહે છે ને! આ માર્ગના પ્રણેતા ઊભા. આ માર્ગ કેવો છે તે અમારા અનુભવમાં છે. જે માર્ગમાં વિકલ્પ આવે તે માર્ગ નહીં. આહાહા!

અહીં કહે છે. **અનિંદિત છે-તે ચારિત્ર છે, તે જ મોક્ષમાર્ગ છે.** તે જ મોક્ષમાર્ગ એમ લીધું છે. વચ્ચે જે પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે તે મોક્ષમાર્ગ છે નહીં. જુઓ! અહીંયા તો વ્યવહાર મોક્ષમાર્ગ નથી એમ કહ્યું અહીંયા તો. મોક્ષમાર્ગની કથન પ્રરૂપણા બે પ્રકારે હોય છે. મોક્ષમાર્ગના કથન હોય, માર્ગ બે નથી. માર્ગ તો એક જ નિશ્ચય મોક્ષમાર્ગ એક જ માર્ગ છે. સમજાણું કાંઈ?

**સંસારીઓમાં,** હવે પછી સંસારની દશાનું વર્ણન. સિદ્ધની તો અહીંયા વાત કરવાની છે નહીં. મોક્ષમાર્ગની વાત કરવાની છે ને. **સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે.** સંસારી પ્રાણીમાં ચારિત્રની દશા બે પ્રકારની છે. **સ્વચારિત્ર અને પરચારિત્ર** લખો. ટીકામાં ખુલાસો. **એક સ્વચારિત્ર-સ્વચારિત્ર એ સ્વસમય અને પરસમય એવો અર્થ છે.** ભાષા જુઓ! સ્વચારિત્રનો અર્થ-સ્વસમય અને પરચારિત્રનો અર્થ-પરસમય. સમજાણું કાંઈ? સ્વચારિત્રનો અર્થ સ્વસમય. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તેમાં એકાગ્રતા વીતરાગી પર્યાય તે સ્વચારિત્ર, તેનું નામ સ્વસમય. પોતાની પર્યાય છે, પોતાની વીતરાગી પર્યાય છે. અને રાગ છે તે પરચારિત્ર છે. અને પરચારિત્ર છે તે પરસમય છે. અનાત્મા છે. આહાહા! અનાત્મા છે, પરસમય છે. આત્મા નહીં. સમજાણું કાંઈ?

પંચમહાવ્રતનો વિકલ્પ એ આત્મા નહીં, અનાત્મા છે. આરે! આ તો મોક્ષમાર્ગમાં મહાવ્રત-મહાવ્રત ઘુસી ગયું. વ્યવહાર પણ કયાં હતો એને, નિશ્ચય વિના, ભાન ન મળે ને માની લ્યે કે આ ..મુંડાવ્યું ને લોંચ કરાવે, બાયડી છોડી ને દુકાન છોડી. શું છોડયું? ધર્મ છોડયો છે. પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય છોડયો. પરનો આશ્રય માન્યો તે તો મિથ્યાત્વ ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

વસ્તુની સ્થિતિ છે. ભાઈ! કોઈ વ્યકિતગતને માટે વાત નથી. માર્ગ એવો છે. તેની દૃષ્ટિમાં

વિપરીતતા છે તો તેનું નુકસાન તો તેને જ છે. અને તેની વિપરીત દૃષ્ટિનું ફળ પણ નિગોદ આદિની દશા છે. આવી વિપરીત દૃષ્ટિનો તિરસ્કાર તો કેમ કરે? દ્વેષ તો કેમ કરે? આહાહા! એ દુઃખની દશામાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે છે. તેની (ઉપર) તો દયા થવી જોઈએ. સમજાણું કાંઈ? દ્વેષ તો કોઈ વ્યકિત પ્રત્યે થવો ન જોઈએ. એ પણ ભગવાન આત્મા છે. ભાન નથી તે ભગવાન ભૂલી ગયો. ભગવાન ભૂલાની શેરીએ ચડી ગયો. આહાહા!

જુઓ ભગવાન અમૃતચંદ્રાચાર્ય. સંત વનવાસી મુનિ જંગલમાં રહેતા હતા. એ જંગલમાં આ ટીકા બની છે. એ પણ કહ્યું ને ભાઈ. પંચાસ્તિકાયમાં છેલ્લે. અમારું મન એ ટીકા કરવામાં ચંચળ થતું હતું. એટલે ટીકા થઈ છે. છે ને અંતમાં? અંતમાં છે ને અંતમાં. છે બીજામાં, આમાં નથી. પ્રવચનસારમાં. આ તો અમારું કર્તવ્ય નથી આમાં તો એટલું જ છે. બીજામાં છે ઓલાં. હા. અમારું મન ત્યાં ચંચળ થતું એ ત્યાં શબ્દ છે, વ્યાખ્યા.હા એ. ના આમાં લખ્યું છે આમાં છે. **(૧૭૩ ગાથા, ટીકાનો બીજો પેરેગ્રાફ છઠી લીટી-૨૬૭ પાનું.)-પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું.** ઓહોહો! સમજાણું કાંઈ? બસ્સો સડસઠ પાનું. વચ્ચે. પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી તેને પ્રેમ-વિકલ્પ આવ્યો. જેનું મન અતિ ચલિત થતું હતું. વિકલ્પ ઉઠતો હતો તો ચલિત થતા હતા. કે ટીકા બનાવું ટીકા બનાવું. વિકલ્પથી ચલિત થતા હતા. બસ્સો સડસઠ પાનું છે. બે છ ને સાત. ઉપરથી પાંચમી લીટી. **પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી,** સિદ્ધાંતના પ્રેમથી પ્રેમ નામ રાગથી **જેનું મન અતિ ચલિત થતું હતું.** મારું મન ચલિત થતું હતું. **એવા મેં આ પંચાસ્તિકાય નામનું સૂત્ર કહ્યું.** સમજાણું કાંઈ? હું કહેવાવાળો નહીં. ઓલો વિકલ્પ આવ્યો હતો તો થઈ ગયું. સમજાણું કાંઈ? અંતમાં એ કહ્યું. **હું સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રાચાર્યસૂરિનું તેમાં કાંઈ જ કર્તવ્ય નથી.** તેનો કરવાવાળો હું કિંચિત પણ નથી. આહાહા!

**સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે. સ્વચારિત્ર અને પરચારિત્ર.** સ્વચારિત્ર એટલે સ્વરૂપમાં લીનતા તે સ્વચારિત્ર અને પરચારિત્ર રાગનો વિકલ્પ જે છે તે પરચારિત્ર. સ્વચારિત્રને સ્વસમય નામ આત્મા કહેવામાં આવે છે. પરચારિત્રને પરસમય અનાત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **ત્યાં, સ્વભાવમાં અવસ્થિત** હવે ખુલાસો કરે છે. સ્વસમય અથવા સ્વચારિત્ર કોને કહે છે. **સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે સ્વચારિત્ર છે,** જુઓ! સ્વભાવ જ્ઞાનદર્શન ભગવાનઆત્માનો સ્વભાવ તેમાં અવસ્થિત લીન, તેમાં દૃઢપણું થવું તેનું નામ અસ્તિત્વ સ્વરૂપ સ્વચારિત્ર છે.

ભગવાનઆત્મા જ્ઞાનદર્શન સ્વભાવમાં લીન, દૃઢ, સ્થિર થઈ જાય તેનું નામ સ્વચારિત્ર, તેનું નામ સ્વસમય. એ આત્માની પર્યાય. સમજાણું કાંઈ? **અને પરભાવમાં અવસ્થિત,** મહાવ્રત આદિનો જે

વિકલ્પ ઊઠે છે તેમાં રહેવું તે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ ચારિત્ર તે પરચારિત્ર છે. એટલું પણ છે ને એમ કહે છે. પરભાવ પણ છે. એ પરચારિત્ર છે. હેં? ચારિત્ર-પરચારિત્ર એટલે વિભાવ. ના ઓલા નામ આવ્યા ને નામ. ભાઈ કહે, એમ કે નામ તો છે ને. વિકારી પર્યાય છે ને. વિકારી પર્યાય પરચારિત્ર છે. સ્વચારિત્ર નહીં. લાભદાયક નહીં નુકસાનદાયક છે, બંધદાયક છે, અનાત્મા છે. આ તો મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે ને. તો સ્વચારિત્ર સ્વરૂપમાં જે રમણતા થઈ તે મોક્ષમાર્ગ છે. પરચારિત્ર મોક્ષમાર્ગ છે નહીં. પરચારિત્ર નામ તો આવ્યું ને. એમ કહે છે. નામ તો આવે ને? કહે. આહાહા!

**પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર)** પણ છે એમ. **તે પરચારિત્ર છે**. ઉત્પાદ-વ્યય છે ને. રાગની ઉત્પત્તિ થાય છે ને. રાગની ઉત્પત્તિ છે, પહેલાં રાગનો નાશ થાય છે અને ધ્રુવતા તો ચારિત્ર છે પણ તે તરફનો આશ્રય છે નહીં. તો એકલા રાગની ઉત્પત્તિ વ્યય, ઉત્પત્તિ વ્યય થાય છે. એવી હયાતિ છે. પરચારિત્રની પણ સંસારીઓમાં હયાતિ છે.

**તેમાંથી (અર્થાત્ બે પ્રકારના ચારિત્રમાંથી) સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વરૂપ ચારિત્ર,** સ્વભાવમાં સ્થિર થવું. આહાહા! ચારિત્ર લોકો એમ કહે કે ચારિત્ર કેમ અંગીકાર નથી કરતાં. પણ ચારિત્ર કાંઈ બહારથી આવે છે કે અંદરથી આવે છે? આહા! ચારિત્ર અંગીકાર અંદર સ્વરૂપમાં લીનતાનું થવું તે ચારિત્ર છે. આહાહા! લુગડા (કપડાં)કયાં હતા તેની તો નાસ્તિ છે. આત્મામાં લુગડાની નાસ્તિ છે. આત્મામાં શરીરની નાસ્તિ છે. આત્મામાં તો રાગની નાસ્તિ છે. કોને કાઢે? ભારે કામ!

કહે છે. **સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વરૂપ ચારિત્ર,** ભગવાનઆત્મામાં જ્ઞાનદર્શનમાં લીનતા-વીતરાગી પર્યાય જે હોય તે સ્વચારિત્રનું અસ્તિત્વ છે. **કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે.** જુઓ! ખુલાસો કર્યો. કે જે પરભાવમાં અવસ્થિત જે રાગ છે તેના અસ્તિત્વથી આ સ્વચારિત્ર ભિન્ન છે. રાગમાં રહેવાથી રાગથી રહિત ભિન્ન સ્વચારિત્ર છે. પંચમમહાવ્રતના વિકલ્પથી સ્વચારિત્ર ભિન્ન છે, એમ કહે છે. આહાહા! એક સમયની એક પર્યાયના બે ભાગ. એક સ્વરૂપમાં રમણતા તે સ્વચારિત્ર અને જેટલો પર્યાયમાં રાગ ઊઠયો તે પરચારિત્ર. અને તે પરચારિત્રથી ભિન્ન તે સ્વચારિત્ર. કેટલું સ્પષ્ટ કરે છે. જુઓ! સમજાણું કાંઈ?

પંચમહાવ્રતનો વિકલ્પ હોય તે પરચારિત્ર છે. તે રાગના અસ્તિત્વમાં છે. રાગના અસ્તિત્વથી પર ભિન્ન છે ભગવાન સ્વચારિત્ર. આહા! તેમાં આનંદનો ઉભરો આવે છે. સ્વચારિત્રમાં તો અતીન્દ્રિયઆનંદની ભરતી આવે છે. સમુદ્રના કાંઠે જેમ પાણીની ભરતી આવે છે ને ભરતી. ભરતી આવે છે એમ સ્વચારિત્રમાં ભગવાન આનંદથી ભરચક ભર્યો છે તેમાં લીન થવાથી આનંદની ભરતી આવે છે. અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે તેનું નામ સ્વચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ? હજી વ્યાખ્યા ચારિત્ર કોને કહે છે તેની સમજ નહીં. લુગડા ફેરવ્યા થઈ ગયા ચારિત્ર. ચારિત્ર લીધા. ગુરુ એમ કહે

ચારિત્ર લ્યો. લ્યો ચારિત્ર .......ભાઈ. શેઠને કહો. આપણે વ્યાપાર છોડી શકીએ નહીં. તેના કરતાં. હેં? આપણા કરતાં સારા. તમે ઝેર હો તો એ વધારે ઝેર એમ કહે. પણ એ બહારમાં માને કે આપણા કરતાં એ બિચારા વ્યાપાર ધંધા છોડે, લોચ કરે,............ ઉઘાડે પગે ચાલે. એટલું તો કાંઈક કરે છે ને. હા, તેમાં મિથ્યાત્વનું પોષણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

રાગનો કર્તા થઈને રાગની ક્રિયામાં એકાકાર થઈને તેને રાગ ચારિત્ર માને છે તો ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું પોષક, મિથ્યાત્વની પુષ્ટિ ક્ષણે ક્ષણે થાય છે અને માને છે કે અમે ચારિત્રવંત છીએ. એવા ભાવ નિગોદમાં ડુબાળવાવાળા છે. આહાહા! જુઓને અહીં થોડી ગરમી લાગે ત્યાં તો માણસ રાડ નાંખે છે. હેં? હવે આ કરતાં તો અનંતગણી ગરમી પહેલી નરકમાં છે. ત્યાં અનંતવાર ગયો. પણ યાદ કરતો નથી. ભૂલી ગયો. ત્યાં તો જરીક ગરમી. પાણી માગે મુકો. ભીના પાણી. ગીલા પોતા. માટલીમાં પણ લીલા લીલા, લીલાને શું કહે છે-ભીના. ગીલા-ગીલા કહે છે ને. ગીલા કપડા. ગીલા કપડાં માટલી ઉપર રાખો. હવા લાગે તો ઠંડા પાણી રહે. ટોપી ઓઢે તેને ઠેકાણે ભીના લુગડા ઓઢે. શોભાલાલજી! આહા! અરે ભગવાન! અરે કેટલી ગરમી પ્રભુ ત્યાં રહે. આહાહા! ભૂલી ગયો. હેં? ભૂલી ગયો એટલે કાંઈ વસ્તુ ચાલી જાય? આહાહા! અને તે પણ તે વખતે દ્વેષ કર્યો. દ્વેષ-દ્વેષનું વેદન. દ્વેષનું વેદન તેનું નામ દુઃખ. સંયોગનું તો વેદન છે નહીં. ગરમીનું વેદન કોઈને છે નહીં. ગરમી તો જડ છે, જડની પર્યાય છે. ..... કયાંથી આવ્યું? કષાયનું વેદન કરતો હતો. એવું વેદન તો પહેલી નરકની દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. અને નવમી ગ્રૈવેયકે ગયો દેવ ત્યાં પણ કષાય અગ્નિમાં પડયો હતો.

**ચારિત્ર-કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી** રાગમાં સ્થિર થવું, એવું થવું **ભિન્ન હોવાને લીધે અત્યંત અનિંદિત છે, તે અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું,** અત્યંત નિર્મળ છે. તેમાં બિલકુલ શુધ્ધ અને આનંદ છે. સ્વચારિત્રમાં તો અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદનનું વેદન છે. તેનું નામ ચારિત્ર અને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા! હેં? દ્રવ્યલિંગીને અજ્ઞાન હોય છે. પરચારિત્ર થાય છે, રાગ-રાગ. રાગથી ન જાય શુભભાવથી. શુભભાવથી ન જાય? માથે ઉપર ગયા નહીં. ઉપર ગયા તો શું? નવમી ગ્રૈવેયકે તો શું. અરે સિધ્ધ ભગવાન છે ત્યાં પણ નિગોદ છે, તો શું થયું. જયાં સિધ્ધ ભગવાન બિરાજે છે ને ત્યાં પેટમાં નિગોદ છે. ઉંચે ગયા તો શું છે? ભાવ કોઈ ઊંચા નહીં. એ તો હલ્કા છે. મિથ્યાત્વમાં છે. સમજાણું કાંઈ?

નવમી ગ્રૈવેયકે ગયો એટલે શું તેનો અર્થ, સ્વર્ગમાં ગયો. સ્વર્ગમાં ગયો એટલે શું? ધૂળના પ્રતિકુળ સંયોગમાં ગયો. અનુકૂળ સંયોગમાં ત્યાં ગયો. માન્યતા છે ને. અનુકૂળ પ્રતિકુળ વસ્તુ છે જ નહીં. અજ્ઞાની માને કે અનુકૂળ સંયોગ છે. સમજાણું કાંઈ? અહીંયા તો પરભાવમાં અવસ્થિત હોવાને લીધે સ્વચારિત્ર તદ્દન ભિન્ન છે. અજ્ઞાનીને તો સ્વચારિત્ર હોતું નથી. આ તો જ્ઞાનીની વાત ચાલે છે. જ્ઞાનીને

પણ પરચારિત્ર હોય, વિકલ્પ હોય. પણ સ્વચારિત્ર તેનાથી તદ્દન ભિન્ન છે. સ્વચારિત્ર અને પરચારિત્ર બેય એક નથી થતા. મુનિને પણ. કુંદકુંદઆચાર્ય આદિને પણ. પંચમમહાવ્રતનો વિકલ્પ આવ્યો પણ તે વિકલ્પ અને નિર્વિકલ્પ ચારિત્ર બેય એક નથી થતા. તદ્દન ભિન્ન રહે છે. તેનું નામ ચારિત્ર કહે છે.

**અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું,** જુઓ! એ સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનદર્શનમાં લીનતાના આનંદનું વેદન તેવા સાક્ષાત્ મોક્ષમાર્ગનો નિર્ણય કરવો. તે મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહીં. અહીં સાક્ષાત મોક્ષમાર્ગ તરીકે અવધારવું એમ કહ્યું ને? ત્યાર પછી પરંપરા મોક્ષમાર્ગ નિર્જરા થશે કે નહીં? અહીં તો સાક્ષાત મોક્ષમાર્ગ કહ્યું. વ્યવહારને પરંપરા મોક્ષમાર્ગ આરોપ દેવામાં આવે છે. કેમકે તેને છોડીને સ્વરૂપની સ્થિરતા કરશે તો તેને આરોપ આપે છે. સાક્ષાત્ યથાર્થ સ્વરૂપની દૃષ્ટિપૂર્વક અંદરમાં લીનતાનો વીતરાગી પર્યાય ભાવ તે જ સાક્ષાત મોક્ષમાર્ગ અવધારવો એમ નક્કી કરવું. તેનો નિર્ણય કરવો, તેનો નિશ્ચય કરવો કે એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહીં. એ અમૃતચંદ્રાચાર્યની ટીકા પૂર્ણ થઈ. એક ગાથાની. થોડું અંદર જયસેનઆચાર્યની ટીકામાંથી કૌંસમાં જે લીધું છે ને, જયસેનઆચાર્યની ટીકામાં થોડું છે. તેનું સ્પષ્ટીકરણ પછી આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૬૫, ગાથા-૧૫૪,
## વૈશાખ સુદ-૧૦, શુક્રવાર, તા.૧૫-૫-૭૦

આ પંચાસ્તિકાય ૧૫૪ ગાથા. છેલ્લા શબ્દ આવ્યા. જુઓ! **અહીં સાક્ષાત્ માક્ષમાર્ગ તરીકે અવધારવું.** શું કીધું? છે ને. છેલ્લી લીટી. આત્મામાં શુધ્ધચૈતન્ય જ્ઞાનદર્શન સ્વભાવ જે ત્રિકાળ છે તેમાં લીન થવું, રમણતા કરવી, રમણ કરવું તે જ એક નિશ્ચય સત્ય ચારિત્ર છે. અને તે જ મોક્ષનો માર્ગ અવધારવો, નક્કી કરવો. બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહીં. સમજાણું કાંઈ? **અહીંયાં સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ અવધારવું.** હવે કૌંસમાં જયસેનઆચાર્યનું થોડું લીધું છે.

**આ જ ચારિત્ર,** આ જ ચારિત્ર અર્થાત્ ભગવાન જ્ઞાન ને દર્શન સ્વભાવ આત્માનો છે તેમાં રમણતા, લીનતા, એકાગ્રતા **આ જ ચારિત્ર 'પરમાર્થ'શબ્દથી વાચ્ય** છે. એ પરમાર્થચારિત્ર તે છે. આ વ્રતાદિની ક્રિયા જે કહે છે તે તો, એ ગાથા યાદ આવી ૫૬૮ પંચાધ્યાયીની. વ્રતાદિના પરિણામ તો અનર્થકારી છે. એય! એવું પંચાધ્યાયીમાં લખ્યું છે. અનર્થકારી છે. રાગ છે ને, વિકલ્પ છે ને. છે ને (પંચાધ્યાયી) લાવો ને. લાવો. મખ્ખનલાલજીએ લખ્યું છે. પાઠ છે તો શું કરે? ૫૬૮ આ રહ્યું.

જુઓ. એ આવ્યું હતું. જુઓ! **अनिष्टफलवत्वात्स्यादनिष्टार्था व्रतक्रिया दुष्टकार्यानुरुपस्य हेतोर्दुष्टोपदेशवत्** હજી ઉપદેશનું નક્કી નથી થયું શું? નથી થતું. આ તો ઉપદેશવત્ શબ્દ પડ્યો છે ને. એના બે અર્થ કર્યા.

જેટલી પણ વ્રત ક્રિયા છે, પંચાધ્યાયી છે. સાંભળ્યું છે પંચાધ્યાયી? નામ તો સાંભળ્યું છે ને? રાજમલ્લજીની પંચાધ્યાયી બહુ જ સારી છે. એક આપણે કળશટીકા છે ને તેણે કરી છે. અમૃતચંદ્રાચાર્યનો કળશ છે તેની ટીકા કરી (છે). આ એણે આખો ગ્રંથ બનાવ્યો. પંચાધ્યાયી બહુ જ સરસ બહુ જ સરસ. હેં! પંચાધ્યાયી છે ને પંચાધ્યાયી. બીજો ભાગ ૫૬૮ ગાથા. જેટલી પણ વ્રત ક્રિયા છે. કેમકે વ્રત છે તે વિકલ્પ છે, રાગ છે, એ બધા અનિષ્ટાર્થ છે. એ અનિષ્ટ અર્થને પ્રાપ્ત કરનારી છે. રાગ છે ને તે. તે નહીં તો રાગ છે ને? તે રાગ છે. તે રાગ છે તે અનિષ્ટ અર્થ છે. ......... સ્વભાવ સન્મુખ છે તે ચારિત્ર છે. વ્રતાદિની ક્રિયા તે ચારિત્ર નહીં.

જુઓ! અત્યારે તો આખા સમાજના મોટા ભાગમાં તે જ માને છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પંચમહાવ્રત. તો આંહી કહે છે કે તે વિકલ્પ છે ને રાગ છે તે અનિષ્ટાર્થ છે. કેમકે અનિષ્ટ ફળવાળી છે. વ્રત પાળો-વ્રત પાળો. આ બધા શેઠીયાને તમારે જવાબદારી લેવી પડશે. હેં? બરાબર બાપુ! ઠીક કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ બધું ઘર બર ચાલવા દે નહીં..

ઉત્તર :- ચાલવા દે નહીં, શેઠીયાને પણ ખબર ન મળે, શું કરે. જે બહારમાં કહેતાં હોય તે માને. કેવું પ્રશંસનીય! જે સાંભળ્યું હોય તે માને. શું કરે? આ ભગવાનઆત્મા સમ્યગ્દષ્ટિને તો વ્રતની ક્રિયાનો અભિલાષ હોતો જ નથી એમ કહે છે. કારણ કે તે તો રાગ છે. શોભાલાલજી! જરી સૂક્ષ્મ વાત છે. અહીં તો અત્યારે તડકા નથી આવતાં. તડકો એવો નથી હો. હવે ઓછો પડી ગયો. ત્રણ ચાર દિવસ પહેલાં હતો. દસ, દસ. એને આપણે ઓછો કહેવાય.

જેટલી પણ વ્રતાદિની ક્રિયા **अनिष्टफलवत्वात्स्यादनिष्टार्था व्रतक्रिया दुष्टकार्यानुरुपस्य हेतोर्दुष्टोपदेशवत्** જેવી રીતે દુષ્ટ પુરુષનો ઉપદેશ દુષ્ટ કાર્ય પેદા કરવાવાળો છે. તે પ્રમાણે દુષ્ટ કાર્યને ઉત્પન્ન કરવાવાળી છે. ગજબ વાત છે ને! અને આ કહે પંચમમહાવ્રત લ્યો! પંચમહાવ્રત ક્રિયા લ્યો. એય પ્રકાશદાસજી! તે વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે. અહિંસા, સત્ય, દત્ત તે રાગ છે, તે અનર્થકારક છે, વર્તમાન દુઃખદાયક છે અને પરંપરા તેનું ફળ પણ અનિષ્ટ છે. આહાહા! બધું રાગ છે. એક તો રાગ છે ને. રાગ છે ને. શુભ-અશુભ રાગ બેય એક છે.

શ્રોતા :- તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય છે ને ? સાહેબ!

ઉત્તર :- હા, કોને, એ તો અપરાધ છે. તેનાથી થતો નથી. આ તો જરી બીજો શુભઆસ્ત્રવ હોય

તોપણ અપરાધ છે. તે તો કહ્યું હતું. તીર્થંકર ગોત્રનું આહારક શરીર બને છે સમ્યગ્દર્શન પછી. મુનિને જ આહારક શરીર બને છે. સમકિત સહિત તો શું છે? પ્રશ્ન કર્યો છે? પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં. અપરાધઃ અપરાધ છે. ગુન્હો છે. તીર્થંકર ગોત્ર જે ભાવથી બંધાય તે ગુન્હો છે, ગુનેગાર, ગુન્હો છે. અપરાધ છે. રાગ છે. આહાહા! હા, કહ્યું હતું ને. આ પુરુષાર્થ સિદ્ધિ છે ને. હેં? હા તે ૨૨૦ ગાથા છે. ૨૨૦. જુઓ! આ આવ્યું. તે જ નીકળ્યું. જુઓ!

**रत्नत्रयमिह हेतुनिर्वाणस्यैव भवति नान्यस्य आस्रवति यतु पुण्यं शुभोपयोगोऽसयमपराध** આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ, ભગવાનઆત્મા શુધ્ધ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ તેની અંતરમાં રમણતા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે મોક્ષનું કારણ થાય છે. અન્યગતિનું નહીં. મોક્ષનો માર્ગ જો નિશ્ચય સ્વભાવ છે. શુધ્ધચૈતન્યસ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય, સ્વસંવેદન વીતરાગી જ્ઞાન અને સ્વરૂપની લીનતા વીતરાગી સ્વરૂપ આચરણ સ્થિરતા તે જ એક મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ નહીં, અથવા તેની અન્ય ગતિ નહીં, તેનું કોઈ અન્ય ફળ છે નહીં. અને જે રત્નત્રયના પુણ્યનો આસ્ત્રવ થાય છે, પુણ્યનો આસ્ત્રવ તે આ શુભ ઉપયોગનો અપરાધ છે. શુભ ઉપયોગનો અપરાધ છે. અપરાધ છે. શેઠી! આહાહા!

એ દુનિયાને વીતરાગ માર્ગ શું છે (તે ખબર નહીં). વીતરાગ માર્ગ તે વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે કે રાગથી ઉત્પન્ન થાય છે? તો એને કયાંથી વીતરાગ કહેવાય. સમજાણું કાંઈ? અપરાધ. એમ કહે છે. લાંબી વાત છે. અમૃતચંદ્રાચાર્યની ગાથા હોં! અહીં પણ કહ્યું, જુઓ! વ્રત, ક્રિયા સ્વતંત્ર નહીં. જુઓ! ક્રિયા કર્મના ફળથી થાય છે. કર્મનું ફળ છે. ક્રિયાને સ્વતંત્ર બતાવવાનું અસિધ્ધ છે. કેમ કે કર્મોદયરૂપ હેતુ વિના ક્રિયાનું થવું અસંભવ છે. મખનલાલજીએ લખ્યું છે. પાઠમાં છે તો શું કરે. પાઠમાં છે ને.

**अथाऽसिद्धं स्वतंत्रत्वं क्रियाया: कर्मण: फलात् ।**
**ऋती कर्मोदयाद्धेतोस्तस्याश्चाऽसंभवयो यत: ।। ५६९ ।।**

તેનો અર્થ કર્યો છે. ઘરનો નથી કર્યો કાંઈ. પાછા એ માને નહીં. નહીં એ વ્રત છે તે સાધન છે તેનાથી ધર્મ થશે. વ્રત પાળતાં પાળતાં શુભભાવથી અંદરમાં શુધ્ધતા પ્રાપ્ત થશે. દૃષ્ટિની મોટી વિપરીતતા છે. ધૂળમાં પણ શુધ્ધનો અંશ નથી. અજ્ઞાની અનાદિથી માને છે. આંહી તો પંચાધ્યાયીમાં કહે છે, જુઓ! અરે એ તો ઘરનું કથન છે? મોક્ષ અધિકારમાં કહ્યું છે.

જેટલા વ્રતાદિના વિકલ્પ છે તે બધા ઝેરના કુંભ છે. વિષ કુંભ છે. આવ્યું ને. જુઓ! આ ઠંડા માણસ છે, વૃધ્ધ માણસ છે ને? એવું છે કે નહીં શાસ્ત્રમાં? કહો, સમજાણું કાંઈ? એને નિર્ણય તો કરો સત્ય શું છે અને અસત્ય શું છે. નિર્ણય ઠેકાણા વિના એમ ને એમ ચાલ્યા જાય છે. આહાહા! દાન,

પૂજા બધા, બધા શુભભાવ. કોણ અટકે છે. દાન આપે છે કોણ? ક્રિયાનો ભાવ આવે છે. જડના પૈસા જાવાના હોય તો જાય અને આવવાના હોય તો આવે. તે આત્માનો અધિકાર છે? લક્ષ્મી આપવી તે આત્માનો અધિકાર છે? શેઠી!

મુમુક્ષુ :- જો એનાથી ધર્મ થાય તો..

ઉત્તર :-ધૂળેય ધર્મ થાય નહીં. અમે તો કહીએ છીએ પુણ્ય પણ થાય નહીં.

એ તો જડની પર્યાય છે. પુણ્ય તો રાગની મંદતા કરે તો પુણ્ય છે. એ લક્ષ્મી આપી તો પુણ્ય છે એમ કોણ કહે છે? એમ તો ક્યારેય છે નહીં. એ તો અજીવ છે. લક્ષ્મી અજીવ છે. અને અજીવ મારું છે અને હું આપું છું એ તો મિથ્યાત્વ ભાવ છે. પૈસા ક્યાં એના બાપના હતા. બાપના તો ઠીક પણ એના પણ ક્યાં હતા. પૈસા તો જડના હતા. લક્ષ્મી અજીવ થઈને રહી છે. ઝવેરચંદભાઈ! અમારે શેઠ છે ત્યાં કલકત્તા. બધા એમ ને એમ સમજ્યા વિનાના હાંકયે રાખે ગાડું.

અહીં તો કહે છે કે લક્ષ્મી અજીવ થઈને રહી છે. તો અજીવ થઈને રહી તેનો જીવ સ્વામી થઈને હું આપું છું એ ભાવ અજીવનો સ્વામી મિથ્યાદૃષ્ટિ છે. એય! ધન્નાલાલજી!

મુમુક્ષુ :- આ મારા નથી એમ કરીને તો દેવાને?

ઉત્તર :- પણ મારા નથી તો દેવા કેમ? લ્યે કોણ અને દયે કોણ? જડની અવસ્થા દયે કોણ અને લ્યે કોણ. આહાહા! અંદર મોટી ભ્રમણાં પડી છે. હું પાંચ હજાર, પચ્ચીસ હજાર આપું છું. તું કોણ? દેવાની ક્રિયા શું? એ ક્રિયા કોની છે કે તું આપે છે. આહાહા! જુઓને! અહીં તો કેટલા ખુલાસા કરી દીધા છે. ક્રિયા ઉદયની છે. બિલકુલ ઉદય ભાવની અભિલાષા જ્ઞાનીને હોતી નથી. સમ્યગ્દૃષ્ટિને હોતી નથી. ઉદય ભાવની અભિલાષા છે. જ્ઞાની તો પોતાનો શુધ્ધ સ્વભાવની અભિલાષા નામ એકાગ્રતા કરે છે. તેને રાગ આવે છે પણ તે અનર્થકારી છે તેમ જાણે છે. .................. આ વૈશાખમાં દીક્ષા થાય છે ને તમારે. કાલ કાં તો ભાવનગરમાં એક થવાની છે. આંહી લાઠીમાં બે થવાની છે. માળા બધાય. આ સાધુ થઈને પછી જય મહારાજ! લોકો પગે લાગે પછી થાય. આ શેઠીયા પગે લાગે. જય મહારાજ! ધૂળમાં પણ ધર્મ નહીં. મિથ્યાત્વ લાગે છે. એવા કુલીંગ અને વ્રત વિકલ્પમાં ધર્મ માનવાવાળા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે અજ્ઞાની છે. તેને સાધુ માનવા અને સાધુ માનીને આહાર આપવો તે પણ મિથ્યાત્વનું પોષણ છે. એવી વાત છે. આહાહા!

શું કહે છે. જુઓ! આંહી તો ૫૬૮ ગાથામાં ઓલો ઉપદેશ છે ને ઈ શબ્દ છે ને બેયના અર્થમાં ફેર છે. આમાં અર્થ કર્યો ને આમાં એ હજી અમારે પંડિતજીને નક્કી નથી થાતું. કોનો અર્થ સાચો છે. હજી નક્કી થાય ત્યારે કહે ને. એ વિના કહે. આપ્યું છે ખરું મેં. મોટું નામ છે, ઓળખો છો? મોટા પંડિત છે. બહુ જ મગજ છે. અમારા આખા મંડળમાં તેના જેટલા ક્ષયોપશમવાળું મગજ કોઈને નથી. શાંત

છે શાંત છે ને. બહુ જ ક્ષયોપશમ. તેને બે ભાઇ. મોટાભાઇ. તેના છોકરાની છોકરી છે તેને જાતિસ્મરણ છે. આપણે જોઇ હતી ને ત્યાં ભાવનગર. અહીં છે કે નહીં? અહીંયા આવી છે? નથી આવી. તે રાજુલ. તેના છોકરાની છોકરી છે. જાતિસ્મરણ થયું છે ને. ત્યાં બતાવી હતી. એ જોઇ છે ને. ભાઇ!

અહીંયા કહે છે કે જેટલી પણ વ્રત ક્રિયા છે તે બધી અનિષ્ટાર્થ છે. કેમ કે અનિષ્ટ ફળવાળી છે. એમ પાઠ છે ને બે. ફળ અનિષ્ટ છે. આહાહા! ભારે ગજબ વાત! પ્રકાશદાસજી! ઓલા કહે ભાઇ, વ્રત લઇ લ્યો, મહાવ્રત લઇ લ્યો. ભાઇ! તમારું કલ્યાણ થઇ જાશે. અરરર! હેં? ધર્મનું રૂપ છે. એમાં ધર્મ કયાં છે. એ તો અમે કહીએ છીએ. અનિષ્ટ રાગ. રાગ છે ને. વિકલ્પ છે હું આવી અહિંસા કરું, સત્ય બોલું, બ્રહ્મચર્ય પાળું એ તો રાગ-વિકલ્પ છે, વૃત્તિ આગ છે. તે અનિષ્ટ દાયક છે અને અનિષ્ટ તેનું ફળ છે. આ પ્રમાણે દુષ્ટ પુરુષનો ઉપદેશ દુષ્ટ કાર્યને પેદા કરે છે. એના જેવી થાય છે. દુષ્ટ પુરુષ ઊંધી માન્યતા ચલાવે તો જગતને ઊંધી શ્રદ્ધા થાય છે. સમજાણું કાંઇ?

કાંક્ષા અધિકારમાં લીધું છે. સમ્યગ્દષ્ટિને કાંક્ષા ઇચ્છા છે નહીં. એ શિષ્યએ પ્રશ્ન કર્યો છે. મહારાજ! પાપ ભાવ આદિ તો ભલે ઇચ્છા વિના થઇ જાય પણ શુભનું કરવું છે તો તેમાં તો અભિલાષા આવે છે કે નહીં? શુભ ભાવ ઇચ્છા ને અભિલાષા વિના થાય છે? તો સમ્યગ્દષ્ટિને પણ વ્રત તો આવે છે. તો વ્રતની અભિલાષા છે કે નહીં? તો કહે નહીં. સમજાણું કાંઇ? ભાઇ! શું નામ તમારું? હિંમતભાઇ! કયાં ગયા તમારા? મનસુખભાઇ! ગયા? ઠીક. આવો માર્ગ એવો છે. આ બધા ત્યાં મલાડમાં અગ્રેસર છે. હવે જરીક આવે છે. મનસુખભાઇએ બદલાવ્યું છે તે યથાર્થ બદલાવ્યું છે. તે કાંઇ મફતનું નથી બદલાવ્યું. સંપ્રદાયમાં વસ્તુ આખી ફેર છે. સમજાણું કાંઇ?

હજી તો મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. રાગની એકતા માને છે. રાગથી ભિન્ન આત્માનું સમ્યગ્દર્શન તો છે નહીં. મિથ્યાદષ્ટિમાં વ્રતના પરિણામ છે તે તો અનર્થનું કારણ છે. અને માને છે કે અમારે ધર્મ થયો અને ધર્મ કર્યો. અજીવ, આસ્ત્રવને ધર્મ સંવર માન્યો. તો એક તત્ત્વને બીજું તત્ત્વ માન્યું. મિથ્યાત્વનું પોષણ છે.

મુમુક્ષુ :- જે વ્રત નથી કરતાં તેને તો સારું થઇ ગયું.

ઉત્તર :- ભાઇ! વ્રતનો વિકલ્પ હતો તે તો રાગ છે. નથી કોણ કરતું? કરે છે કોણ ? રાગ જેને હજી અવ્રતનો ભાવ છે તે તો અશુભ ભાવ છે. તે અશુભ રાગ છે. અને તે રાગ શુભ છે તો શુભ રાગ છે. પણ બન્ને અનર્થકારી છે.અંતરસ્વરૂપમાં દષ્ટિ કરીને લીન થવું તે યથાર્થ ચારિત્ર અને યથાર્થ મોક્ષનો માર્ગ છે. એમ કહે છે ને.

મુમુક્ષુ :- ૨૪ કલાક વીતરાગતા તો રહેતી નથી સાહેબ!

ઉત્તર :- એ તો દષ્ટિમાં છે નહીં. દષ્ટિમાં છે નહીં. પહેલી વાત દષ્ટિની છે ને. દષ્ટિમાં ચોવીસે

કલાક રાગનો આદર ન હોવો જોઇએ. સમજાણું કાંઇ? અહીં પહેલાં નિર્ણય કરવાની વાત કરે છે ને. અવધારવું. જુઓ! અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. **मार्गत्वेनावधारंणीय मिति ।** સાક્ષાત ભગવાનઆત્મા. અરે! મનુષ્યદેહ મળ્યા. આ એમ ને એમ વખત ચાલ્યો જાય છે. પછી આ ગરમી લાગી ને ઠંડી લાગી ને ધૂળ લાગી કરતાં કરતાં અવતાર ચાલ્યો જાય છે. એમાં આ વાસ્તવિક તત્ત્વનો જો યથાર્થ નિર્ણય ન કર્યો (તો) જનમ અફળ છે. કાંઇ તેમાં આવ્યું નહીં. દુનિયામાં માન મળ્યું ને દુનિયા સારા કહે, આહાહા! ભારે ત્યાગી ને ભારે ધર્માત્મા! તેમાં કાંઇ માલ નથી. ભૂલાય જાય. અત્યારે પણ ભૂલે છે. કોણ માને છે?

અરે ભગવાન! તારી ચીજ શું છે. એવો પહેલાં નિર્ણય કરવો, અવધારવું કે ભગવાનઆત્મા જ્ઞાન ને દર્શન ઉપયોગ સ્વભાવવાન છે. તે સ્વભાવવાનમાં લીનતા તે ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. વ્રતાદિ ક્રિયાનો તો રાગ છે, તે તો બંધનો માર્ગ છે. ઝેરના રસ્તે છે, અમૃતના રસ્તે નહીં. આહાહા! ભારે ગજબ!

**આ ચારિત્ર 'પરમાર્થ'શબ્દથી વાચ્ય છે.** જુઓ! પરમાર્થ કહેવામાં તો અહીં ચારિત્રને પરમાર્થ ચારિત્ર કહ્યું છે. **એવા મોક્ષનું કારણ છે. અન્ય નહિં. -એમ નહીં જાણતાં,** જુઓ! જયસેનઆચાર્ય કહે છે. **એમ નહીં જાણતાં થકાં, મોક્ષથી ભિન્ન એવા અસાર સંસારના કારણભૂત,** જુઓ! મોક્ષથી ભિન્ન અસાર સંસારના કારણભૂત મિથ્યાત્વ અને પુણ્ય-પાપના વિકલ્પ આદિ. અસાર સંસારના કારણભૂત. મિથ્યાત્વ અને પુણ્ય પરિણામ પણ સંસારનું કારણ છે. આહાહા! સમજાણું કાંઇ?

બહારના ઠાઠ માઠ દેખી જાણે અમે કાંઇક ઊંચા થઇ ગયા, બહાર આવી ગયા. અરે પ્રભૂ! આ તો બહારની હીણી દશા છે. જડની છે. તેનાથી ભગવાન ભિન્ન. ચૈતન્યનો નિર્ણય ન કર્યો અને અસાર રાગાદિથી લાભ માન્યો (તો) તારા મિથ્યાત્વની પુષ્ટિ થઇ ગઇ અને સંસારમાં (પરિભ્રમણ થશે) જુઓ પાછળ આચાર્ય કહે છે હોં! અસાર સંસારના કારણભૂત. એ રાગાદિ અસાર છે. સાર નહીં. સંસારના કારણભૂત **મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતાં થકાં આપણો અનંત કાળ ગયો.** છે તેમાં ભાઇ! એ આચાર્યનું છે હો. આ ટીકા છે ને તે અમૃતચંદ્રાચાર્યની છે. અને એક આચાર્ય બીજા થયાને જયસેનઆચાર્ય તેની ટીકા છે. મૂળમાં છે. આ જયસેનઆચાર્યની ટીકા. મૂળ ટીકા છે. આમાં આપણે એક છપાય છે. (એકસો) ચોપન લ્યો! **इदमेव चारित्र परमार्थशब्दवाच्यस्य** એનો અર્થ છે ભાઇ એટલો. **मोक्षस्य कारणं न चान्यदित्यजानतां मोक्षादभिन्नस्यासारसंसारस्य कारणभूतेषु** આચાર્ય મહારાજ જયસેનઆચાર્ય કહે છે. **मोक्षादभिन्नस्यासारसंसारस्य** મિથ્યાશ્રધ્ધા અને રાગાદિ પુણ્યાદિના પરિણામ **असार संसारस्य कारणभूतेषु मिथ्यात्वरागादिषु निरतानाम** લીન થવાથી **अस्माकमेवानंतकालो गत:,** અમારો અનંતકાળ રખડવામાં ગયો. આ શ્લોકની ટીકા છે. એકસો ચોપન આ શ્લોક ચાલે છે ને તેની ટીકા જયસેનઆચાર્યની ટીકા છે. બે ટીકા છે ને. આ અમૃતચંદ્રાચાર્યની ટીકા તો આપણે ચાલે છે.

પણ આ જયસેનઆચાર્યની ટીકા છે. બે ટીકા છે. **निरतानामस्भाकमेवानंतकालोगत** અરેરે! અનંતકાળ ગયો. ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપને ભૂલીને મિથ્યારાગથી ધર્મ થશે. એવો મિથ્યાત્વ અને તે રાગ સંસારનું કારણ જો અસાર, અસાર સંસાર-તે અસાર સંસારનું કારણ છે. તેમાં લીન થઈને **अस्माकमेवानंतकालो गतः**, જુઓ! અમારો અનંતકાળ ગયો. પોતાનો અનંતકાળ ગયો. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર રાગને ધર્મ માનીને અને રાગ મારો ધર્મ છે એમ મિથ્યાત્વમાં લીન થઈને અનંતકાળ ગયો.

**આમ જાણીને** ટીકામાં, **તે જ જીવસ્વભાવનિયત ચારિત્રની,** જુઓ. શ્રદ્ધા તો કરો શ્રદ્ધા! તે જ જીવસ્વભાવ. ભગવાનઆત્મા જીવ તેનો સ્વભાવ. જીવ સ્વભાવવાન તેનો સ્વભાવ. જાણન-દેખન સ્વભાવ. તે જાણન-દેખન સ્વભાવ નિયત-તેમાં નિશ્ચયથી લીન થવું (તે) ચારિત્રની-**કે જે મોક્ષના કારણભૂત છે-તેની નિરંતર ભાવના કરવી યોગ્ય છે.** લ્યો!

નિરંતર તેની ભાવના કરવી. સ્વભાવમાં લીનતા કરવી તે એકાગ્રતા કરવાની ભાવના. વ્રત આદિનો વિકલ્પ છે તે દુઃખરૂપ છે તેમ જાણવું. **આ પ્રમાણે સૂત્રતાત્પર્ય છે.** લ્યો! આ શાસ્ત્રની ચોપન ગાથાનું તે તાત્પર્ય છે. હવે એકસો પંચાવન. જુઓ! આ ગડબડ કરે છે એકસો પંચાવનમાં. આ ગાથા છે. અક્રમ બધું આમાંથી કાઢે છે, આ ગાથામાંથી. અક્રમબદ્ધ કાઢે છે. અમે ક્રમબદ્ધ કહીએ છીએ ને. ક્રમબદ્ધની સામે તેમાંથી અક્રમબદ્ધ કાઢે છે. આંહી અક્રમબદ્ધનો અધિકાર પણ નથી. અહીં તો બીજો અધિકાર છે. અહીં તો વિકાર અને અવિકારની વાત છે.

## ગાથા-૧૫૫

**जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ ।**
**जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो ।। १५५ ।।**

**जीवः स्वभावनियतः अनियतगुणपर्यायोऽथ परसमयः ।**
**यदि कुरुते स्वकं समयं प्रभ्रस्यति कर्मबन्धात् ।। १५५ ।।**

**स्वसमयपरसमयोपादानव्युदासपुरस्सरकर्मक्षयद्वारेण जीवस्वभावनियतचरितस्य मोक्ष-मार्गत्वद्योतनमेतत् ।**

**संसारिणो हि जीवस्य ज्ञानदर्शनावस्थितत्वात् स्वभावनियतस्याप्यनादिमोहनीयोदया-नुवृत्तिपरत्वेनोपरक्तोपयोगस्य सतः समुपात्तभाववैश्वरूप्यत्वादनियतगुणपर्यायत्वं परसमयः परचरितमिति यावत् । तस्यैवानादिमोहनीयोदयानुवृत्तिपरत्वमपास्यात्यन्तशुद्धोपयोगस्य सतः समुपात्तभावैक्यरूप्यत्वान्नियतगुणपर्यायत्वं स्वसमयः स्वचरितमिति यावत् । अथ खलु यदि**

कथञ्चनोद्भिन्नसम्यग्ज्ञानज्योतिर्जीवः परसमयं व्युदस्य स्वसमयमुपादत्ते तदा तर्कबन्धादवश्यं भ्रश्यति । यतो हि जीवस्वभावनियतं चरितं मोक्षमार्ग इति ।। १५५ ।।

નિજભાવનિયત અનિયતગુણપર્યયપણે પરસમય છે;
તે જો કરે સ્વકસમયને તો કર્મબંધનથી છૂટે. ૧૫૫.

અન્વયાર્થ :- (जीवः) જીવ, (स्वभावनियतः) (દ્રવ્ય અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં, (अनियतगुणपर्यायः अथ परसमयः) જો અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે. (यदि) જો તે (स्वकं समयं कुरुते) (નિયત ગુણપર્યાયે પરિણમી) સ્વસમયને કરે છે તો (कर्मबन्धात्) કર્મબંધથી (प्रभस्यति) છૂટે છે.

ટીકા :- સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે-એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એમ દર્શાવ્યું છે.

સંસારી જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ) જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (-નિશ્ચળપણે રહેલો) હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે [1]ઉપરક્ત ઉપયોગવાળો (-અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે [2]અનિયત ગુણપર્યાયપણું હોય છે તે પરસમય અર્થાત પરચારિત્ર છે; તે જ (જીવ) જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે [3]નિયત ગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.

હવે ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાનજયોતિ પ્રગટ કરીને જીવ પરસમયને છોડી સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે; જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૫.

*૧. ઉપરક્ત = ઉપરાગયુક્ત. (કોઈ પદાર્થમાં થતો, અન્ય ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ-મલિનતા-અશુદ્ધિ) તે ઉપરાગ છે.)*

*૨. અનિયત = અનિશ્ચિત; અનેકરૂપ; વિવિધ પ્રકારના.*

*૩. નિયત = નિશ્ચિત; એકરૂપ; અમુક એક જ પ્રકારના.*

## ગાથા-૧૫૫ ઉપર પ્રવચન

જુઓ! ગાથા ૧૫૫.

जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ ।
जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो ।। १५५ ।।

પહેલાં અન્વયાર્થ લઈએ. શબ્દાર્થ છે ને. **જીવ દ્રવ્ય-અપેક્ષાએ સ્વભાવનિયત હોવા છતાં** પણ, શું કહે છે? વસ્તુ ભગવાનઆત્મામાં જ્ઞાન ને દર્શન તો કાયમ રહેલાં જ છે. વસ્તુ જો આત્મા છે તેમાં જ્ઞાનદર્શન સ્વભાવ તો કાયમ છે. એમ હોવા છતાં પણ **જો અનિયત ગુણપર્યાયવાળા હોય,** જુઓ! અનિયત નામ વિભાવ પર્યાયવાળાં હોય, અહીં તો અનિયતનો અર્થ વિભાવ (પર્યાય) લેવાનો છે. તે લોકો લ્યે છે તો અનિયત નામ અક્રમબદ્ધ છે. અરે! કયાંનું કયાં કાઢે છે. તે રતનચંદજી લખે છે. બીજા કોણ? લાલબહાદુર લખે છે. બહુ લખે છે. અરે પ્રભુ! હજી તો શબ્દાર્થમાં ભૂલ કરે છે. ભાવાર્થ તો પછી છે. અર્થમાં ક્રમબદ્ધ નથી. જુઓ! નિયત પણ છે અને અનિયત પણ છે એમ.

મુમુક્ષુ :- નિયતનો અર્થ વિભાવ.

ઉત્તર :- ના, નિયતનો અર્થ સ્વભાવ. પોતાનો જે સ્વભાવ છે તેને નિયત ચારિત્ર કીધું અને રાગને અનિયત કીધો. સ્વભાવ નહીં પણ વિભાવ છે. અહીંયા એવી વાત છે. અહીં અનિયત કીધો તો અક્રમબધ્ધ છે એવી વાત અહીં છે જ નહીં. અરે કોણ કોઈ પૂછે પણ કોને? જે ચાલતું હોય તે ચાલે. ગુણની પર્યાય, ગુણની પર્યાય, ગુણ નહીં. ગુણની પર્યાય. વિભાવ તો પર્યાયમાં થાય છે ને. ગુણની પર્યાય. **જો અનિયત ગુણપર્યાયવાળો હોય,** ગુણની પર્યાય. ચારિત્રગુણની વિપરીત પર્યાય-વિકારી પર્યાય તેને અનિયત ગુણપર્યાય કહેવામાં આવે છે. અહીં તો સ્પષ્ટ વાત છે, તેમાં કોઈ સંદેહ બંદેહનું સ્થાન છે જ નહીં.

જુઓ! શબ્દાર્થ છે ને. દ્રવ્ય-અપેક્ષાએ સ્વભાવનિયત, સ્વભાવનિયત હોવા છતાં, સ્વભાવ તો નિયત ત્રિકાળ એકરૂપ છે. **છતાં જો અનિયત ગુણપર્યાયવાળા હોય તો પરસમય છે.** વિભાવ પર્યાયરૂપે પરિણમે તો પરસમય છે. **જો તે નિયત ગુણપર્યાયે પરિણમી,** જુઓ! જેવો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ છે તે રૂપે પરિણમે, શુદ્ધપણે પરિણમે **તો સ્વસમયને કરે છે. કર્મબંધથી છૂટે છે.** લ્યો! આહાહા! માણસને આ ઓલા નિયત ને અનિયત આવે છે ને. ૪૭ નયમાં. ત્યાં પણ બીજું કાંઈક છે. આ નિયત ને અનિયતનું ત્યાં કયાં છે? એ એકાંત બોલે છે માટે અક્રમબદ્ધ પણ છે. તો અનેકાંત થઈ જાય છે. પણ તે અહીંયા છે જ નહીં. પર્યાય તો ક્રમબદ્ધ છે અને ગુણ અક્રમ છે, તે તેનો અર્થ છે. તેનું નામ અનેકાંત છે. પ્રત્યેક પર્યાય દ્રવ્યમાં ક્રમધારાવાહી થાય છે. અને ગુણ અક્રમ છે. એક સમયમાં

અનંત રહે છે. તેનું નામ અક્રમ અને ક્રમ છે. પર્યાય ક્રમ પણ છે અને અક્રમ પણ છે તેવું ત્રણકાળમાં છે જ નહીં. વસ્તુ તો ગડબડ થઇ ગઇ. સમજાણું કાંઇ? પણ એવી દરકાર ક્યાં છે? દરકાર નહીં. ઓહો!

**સ્વસમયને કરે છે તો કર્મબંધથી છૂટે છે.** લ્યો! હવે તેની **ટીકા :- સ્વસમયના ગ્રહણ અને પરસમયના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે-એવા પ્રતિપાદન દ્વારા અહીં (આ ગાથામાં) 'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે' એમ દર્શાવ્યું છે,** જુઓ!

ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શન સ્વભાવ જો ત્રિકાળી છે તેને ગ્રહણ કરે, એકાગ્ર હોય તે સ્વસમય. તેનું ગ્રહણ, પરસમયનો ત્યાગ. અને પુણ્ય આદિ વ્રતના રાગ વિકલ્પ છે તેનો ત્યાગ પૂર્વક જો કર્મક્ષય-રાગના ત્યાગપૂર્વક અને સ્વભાવના ગ્રહણપૂર્વક કર્મક્ષય થાય છે. રાગની ક્રિયા સહિત કર્મક્ષય થાય છે તેમ છે નહીં. સમજાણું કાંઇ?

સ્વસમયના ગ્રહણ ભગવાનઆત્મા જ્ઞાનદર્શન સ્વભાવ તેનું ગ્રહણ નામ એકાગ્રતા અને પરસમયનો ત્યાગ અને વિકલ્પ જે વ્રતાદિનો રાગ છે તેના ત્યાગપૂર્વક કર્મક્ષય થાય છે. રાગથી-વ્રતથી પણ કર્મક્ષય થાય છે અને સ્વભાવની સ્થિરતા ચારિત્રથી પણ કર્મક્ષય થાય છે એમ નથી. ધૂળેય ન થાય બંધ થાય છે. ધન્નાલાલજી! વ્રતમાં થોડો કર્મક્ષય થાય છે અને સ્થિરતામાં વધારે કર્મક્ષય થાય છે. હેં? એ તો વ્રત તો બંધનું કારણ છે. એ તો વિકલ્પ છે. આહા! ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ તેમાં ઉત્થાન થવું વ્રત્તિ ઊઠે છે કે આમ કરું, તેમ કરું, વ્રત પાળું બધા રાગ છે. વિકલ્પ છે. એ તો બંધનું કારણ છે. એ બંધના કારણનો અભાવ અને સ્વભાવના કારણની પ્રાપ્તિ એ કર્મના ક્ષયનું કારણ છે. આરે! ભારે પણ!

મુમુક્ષુ :- બેય એક હારે થાય?

ઉત્તર :- એક સમય છે ને પણ આગળ પાછળ ક્યાં? સ્વભાવની અસ્તિ અને વિભાવની નાસ્તિ સમજાણું કાંઇ?

શુધ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનદર્શનઆનંદ તેની એકાગ્રતાની અસ્તિ અને રાગની નાસ્તિ, વિકલ્પની નાસ્તિ એ કર્મના ક્ષયનું કારણ છે.

મુમુક્ષુ :- રાગની નાસ્તિ તો.

ઉત્તર :- હા, બતાવ્યું ને. ભગવાનઆત્મા સ્વભાવ સ્વરૂપ છે. સ્વભાવવાન છે કે નહીં? કે સ્વભાવ વિનાની ચીજ છે? તો સ્વભાવ તો અહીં સિધ્ધ કર્યો.

જાણન-દેખન, જાણન-દેખન, જ્ઞાતા-દૃષ્ટા તેનો અસલી અવિનાશી કાયમ સ્વભાવ. સ્વભાવવાન જેમ ત્રિકાળ છે તેમ તેનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ પણ અવિનાશી ત્રિકાળ છે. એ અવિનાશીમાં એકાગ્રતા કરવી અને રાગનો નાશ કરવો અથવા રાગનો અભાવ કરવો. રાગના અભાવરૂપે પરિણમવું, સ્વભાવની અસ્તિરૂપે પરિણમવું તે કર્મના ક્ષયનું કારણ છે.

મુમુક્ષુ :- તેમાં કાંઇ કરવાનું તો આવ્યું.

ઉત્તર :- કરવાનું આવ્યું ને આ. આ શું કરવાનું? કુદવું છે કાંઇ? વાત વાતમાં રહી. વાત ક્યાં અહીં આવે છે. વાત આત્મા ક્યાં કરે છે? વાત તો જડ છે. આહાહા!

એ તો એક વખત કહેતા હતા. આગ્રામાં એક પંડિત હતા. વ્યાખ્યાન થયું હતું. બહુ જ હજારો માણસ હતું. ઊભા થઈને બોલ્યા. નામ શું હતું કાંઇક? બાબુરામ! (તે બોલ્યા) બહુ જ આનંદની વાત! કરવાનું ધરવાનું કાંઇ નહીં. એમ બોલ્યા હતા હો. અરે પંડિતજી! શું કરવાનું ધરવાનું છે? કરવાનું ધરવાનું શું છે? રાગ કરવો છે? પરને છોડવાનું છે? પરને ગ્રહણ કરવાનું છે? શું છે? એક બાબુરામજી પંડિત આગ્રાના હતા લાંબા.... વ્યાખ્યાન થયું. ત્યાં પાટણીની નજીક. પાટણી છે ને. નેમીચંદજી પાટણી. તેના મકાનની નજીક. પહેલા દિવસે વ્યાખ્યાન થયું. બીજે દિવસે તો ત્યાં થયું બીજી તરફ પદમચંદજીના ઘર પાસે તેરસના, ચૈત્ર સુદ તેરસના. તે કહે, આહા! મહાઆનંદની વાત. કરવાનું ધરવાનું કાંઇ નહીં. શું છે? મશ્કરી. અરે ભગવાન! શું કરે? શું પરની ક્રિયા જડની ક્રિયા કરવાની છે? જડને છોડવું તે આત્માની ક્રિયા છે? અને રાગને કરવું તે આત્માની ક્રિયા છે? રાગને છોડવું તે આત્મા કરી શકે છે? આહાહા! ભારે ઝીણી વાત!

આંહી તો કહે છે કે સ્વસમયનું ગ્રહણ. ભગવાનઆત્મા! અરે પ્રભુ! આવો સમય મળ્યો. આમ આંખો મિંચાઈ જાશે. કયાંય ચાલ્યો જાશે. કોઈ કયાંય મદદ નહીં કરે. માટે વસ્તુનું સ્વરૂપ છે એનો સાચો નિર્ણય કર્યા વગર જનમ-મરણનો ઉદ્ધાર નહીં થાય. આ બધા લાલ પીળા ફૂ (થઈને) ફાટી જાશે. આહાહા! મરતાં શ્વાસ નહીં લેવાય. આહાહા! બધા ડોકટર કહેશે હવે જુઓ થોડી વાર. એમ. જુઓ એટલે હમણાં પતી જાશે. હમણાં બેય બાજુ ઈન્જેકશન મારવું છે. એમ ડોકટર કહે ને. બહુ ઈન્જેકશન માર્યા હોય પછી બહુ કહે. હમણાં હવે રહેવા દયો. થોડી વાર જુઓ શું થાય છે? જુઓ એટલે શું હમણાં પતી જશે. હાય હાય! દેહ ને આત્મા જુદાં. એને ક્યાં કાંઇ ખબર નહીં. આહાહા! આ તો માટીનો પિંડલો છે ને ભગવાન ચૈતન્યસ્વરૂપ છે. બેય ચીજ ભિન્ન છે. આહાહા!

આંહી તો કહે છે કે શું આ જડની ક્રિયાનું ગ્રહણ કરવું અને છોડવું આત્મામાં છે? તે કાંઇ કરવાનું ધરવાનું છે? આંહી તો રાગનું કરવું અને રાગનું ધારવું તે પણ મિથ્યાત્વભાવ છે, વિકલ્પ છે. આંહી તો સ્વસમયનું ગ્રહણ, પરસમયનો ત્યાગ. તે રાગનો અભાવ તેમ અહીં તો કહે છે.

મુમુક્ષુ :- ત્યાગ છે ખરો!

ઉત્તર :- ત્યાગ આવ્યો નહીં? રાગનો ત્યાગ સ્વભાવનું ગ્રહણ. કપડાં બપડાં શું? એ તો છૂટી જાશે. જ્યારે વીતરાગતા પ્રગટ થાશે (ત્યારે) કપડાં કપડાંને કારણે છૂટી જાશે. પોતાનો છૂટવાનો વિકલ્પ છે માટે છૂટી જાશે એમ છે નહીં. ભારે વાત! માર્ગ! તેને તે સમયે તે પર્યાય તેવી થવાની હતી. જ્યારે

આત્મા વીતરાગ દશા ધારણ કરે ત્યારે શરીરની નગ્નદશા જડની સહજ જ થઈ જાય. કર્તા વિના. જડને શું આત્મા કરે?

મુમુક્ષુ :- આચાર્યની પાસે જાવું જોઈએ કે નહીં?

ઉત્તર :- કોણ જાય? જાય છે કોણ? વિકલ્પ આવે છે. શરીરની ક્રિયા થાય છે. જીવની જેવી થવાની છે તે. તેમાં શું આવ્યું?

આચાર્ય કહે છે તમારામાં ચારિત્ર છે તેને અમે કહીએ છીએ કે કર્મક્ષયનું કારણ સ્વભાવમાં એકાગ્ર થવું અને રાગનો અભાવ કરવો તે ચારિત્ર છે. એમ આચાર્ય ત્યાં સંભળાવે છે.

મુમુક્ષુ :- આ ઉપદેશ તે આચાર્યનો છે?

ઉત્તર :- એ આચાર્યનો છે. તો કોના છે? સમજાણું કાંઈ? અરે!

એવા પ્રતિપાદન દ્વારા, જુઓ! અહીંયા શું કહે છે? એવા કથન દ્વારા. અહીં (આ ગાથામાં) **'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર,** ભગવાનઆત્મામાં અંતર જ્ઞાનાનંદસ્વભાવમાં નિયત નામ નિશ્ચય લીનતા **તે ચારિત્ર મોક્ષમાર્ગ છે. એમ દર્શાવ્યું છે.** એમ ભગવાન કુંદકુંદઆચાર્ય બતાવે છે. આમ માર્ગ છે. ભગવાન! નિર્ણય તો કર, નિર્ણય તો કર. આહાહા!

**સંસારી જીવ દ્રવ્ય-અપેક્ષાએ,** એટલે વસ્તુના સ્વભાવ અપેક્ષાએ, **જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે,** શું કહે છે? સંસારી અનંત પ્રાણી અનાદિથી **જ્ઞાનદર્શનમાં અવસ્થિત,** તે તો જ્ઞાનદર્શનમાં સ્થિર જ છે. કારણ કે જ્ઞાનદર્શન સ્વભાવ છે તે સ્વભાવમાં જ છે. અનાદિઆત્મા સ્વભાવવાન જ્ઞાનદર્શન સ્વભાવમાં જ છે. અહીંયા પર્યાયની વાત નથી. ગુણ. આત્મા જે છે તેનાથી જ્ઞાનદર્શન દ્રવ્યથી પણ અભિન્ન છે. ક્ષેત્રથી અભિન્ન છે, કાળથી અભિન્ન છે અને ભાવથી અભિન્ન છે. પારિણામિક સ્વભાવભાવ. આહાહા! પારિણામિક ભાવરૂપ દ્રવ્ય તેના પારિણામિક ભાવરૂપ જ્ઞાનદર્શન આદિ ગુણ તેમાં ત્રિકાળ છે. ઓહોહો!

કહે છે જીવ સંસારીને દ્રવ્ય અપેક્ષા નામ વસ્તુ અપેક્ષાએ જુઓ તો દરેક પ્રાણી અભવિ કે ભવી, **જ્ઞાનદર્શનમાં અવસ્થિત હોવાને લીધે,** કહો, સમજાણું કાંઈ? એ જાણવું-દેખવું સ્વભાવમાં જ રહ્યું છે. આત્મા અનાદિથી બધાનો જીવ. જે ગુણી ગુણમાં જ રહ્યો છે. ગુણમાંથી નીકળીને રાગમાં આવ્યો નથી. દ્રવ્યદૃષ્ટિથી પણ રાગમાં આવ્યો નથી. **સ્વભાવમાં નિયત રહેલો હોવા છતાં,** એ તો જ્ઞાનદર્શન જાણવું-દેખવું, જેમ સાકરમાં સફેદાઈ અને મીઠાશ તેમાં જ સાકર રહેલી છે. તેમાં જ છે. તેમ ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં નિયતપણે નિશ્ચયપણે રહેલો જ છે એમ હોવા છતાં, હવે પર્યાયમાં ભૂલ છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય ભગવાનઆત્મા અને ગુણ જ્ઞાનદર્શન સ્વભાવ તે બેની વાત કરી. તે સ્વભાવમાં જ છે. છતાં

અનાદિકાળના અજ્ઞાનને લીધે **અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને,** જુઓ! ભગવાનઆત્મા જાણન-દેખન સ્વભાવનું અનુસરણ ન કરીને, અનુકરણ ન કરીને, તે તરફના સ્વભાવની સન્મુખ ન થઈને મોહનીયકર્મના ઉદયનું અનુસરણ કર્યું. કર્મનો ઉદય આવ્યો તે તરફનું અનુકરણ કર્યું, અનુસરણ કર્યું. (તો) રાગ-દ્વેષ ઉત્પન્ન થયા. સમજાણું કાંઈ?

વસ્તુ આત્મા અને તેનો જ્ઞાન ને દર્શન ત્રિકાળ સ્વભાવ. તેવો નિયતપણે હોવા છતાં પોતાના સ્વભાવ સન્મુખનું અનુસરણ ન કરીને, બીજી ચીજ પોતાથી ભિન્ન કર્મ છે, અહીંયાં અનુસરણ ન કર્યું તો કર્મના ઉદયનું અનુસરણ કર્યું એમ કહેવામાં આવે છે. ભલે તેને ખબર ન હોય કે કર્મ છે કે નહીં. પણ આ બાજુનું અનુસરણ ન કર્યું. જ્ઞાનદર્શન સ્વભાવવાન તેનું અનુસરણ કરવું તે સ્વભાવ પર્યાય છે. તે વીતરાગી પર્યાય મોક્ષનો માર્ગ છે. એમ અનુસરણ ન કરીને પર્યાયમાં કર્મના નિમિત્ત તરફનું અનુસરણ કરીને, **મોહનીયના ઉદયને અનુસરીને,** ઉદય પ્રમાણે રાગ કરે છે એમ પણ અહીં નથી. ઉદય તરફ તેનું અનુસરણ કરે છે. એમ કહે છે. આહાહા! અહીંયા તેનું સ્વભાવ તરફ અનુસરણ નથી. જો સ્વભાવ તરફ અનુસરણ હોય તો તેનો સંસાર રહે નહીં.

અનાદિકાળનો ભગવાન ચૈતન્ય રત્નાકર ભગવાન રહેલો છે. જ્ઞાનદર્શન આદિ અનંતગુણનો સ્વભાવથી નિયત અભિન્ન ગુણમાં સ્થિર છે. છતાં તે ગુણનું-ગુણીનું અનુસરણ ન કરીને અનાદિથી પોતાનું અનુસરણ ન કર્યું તો કર્મના ઉદયનું અનુસરણ કર્યું. તેણે અનુસરણ કરાવ્યું તેમ નથી. ભૂલીને કર્યું ને. અહીંયા અનુસરણ ન કર્યું અને ત્યાં કર્યું. કર્તા થઈને કર્યું. આ કર્યું ને. કોઈએ કરાવ્યું. તેણે કર્તા ગુણે કરાવ્યું. આ ભાષા કેવી છે?

**અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને,** ઉદય પ્રમાણે તેને વિકાર થાય છે તે વાત તો લીધી જ નથી. એમ છે નહીં. તે વાત તો આપણે ૬૨ ગાથામાં આવી ગઈ. આ તો એકસો પંચાવન, ૬૨ ગાથા આવી ગઈ છે. કર્મના નિમિત્તની અપેક્ષા રાખ્યા વગર જીવ પોતાનો વિકાર ષટ્કારકપણે કરવામાં સ્વતંત્ર કર્તાપણે છે. પરની કોઈ અપેક્ષા છે નહીં. એવી વસ્તુની સ્થિતિને શું કરે? જૈનમાં કર્મ એવા ઘુસી ગયા છે ને. કર્મથી હેરાન થયો કર્મથી હેરાન થયો, કર્મ આવે તો વિકાર થાય છે. તદ્દન મિથ્યાદષ્ટિ, બે દ્રવ્યની એકતાબુધ્ધિ છે. સમજાણું કાંઈ? અને વળી જૈન કર્મવાદી એમ માને છે. કર્મવાદી. આપણે ઈશ્વરવાદી નહીં. આપણે કર્મ ઈશ્વર. કર્મ કરાવે. કર્મ તો જડ છે. જડ તને કાંઈ કરાવે છે? એ તો તેની જડની પર્યાય જડમાં રહે છે. જુઓ! ઉદય. મોહનીયનો ઉદય. એ તો જડની પર્યાય થઈ. અનુસરણ કરીને. એ આત્માએ તે તરફનો ઝૂકાવ કર્યો. એ પોતાના ઉલટા પુરુષાર્થથી કર્યો. સમજાણું કાંઈ?

અનાદિ મોહનીયના ઉદયને જયારે, જયારે શબ્દ છે ને. જયાં સુધી એમ કરે છે ત્યાં સુધી પરચારિત્ર અને અજ્ઞાની છે એમ કહે છે. **અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ**

**કરવાને લીધે,** જુઓ! ભાષા. એ અનુસરણ કરીને પરિણતિ કરવાને લીધે, અનુસરણ કર્તા થઈને કર્યું અને પરિણતિ વિકારી બનાવી. પોતાની માન્યતાની પક્કડ છોડવી અને એ માન્યતા પ્રમાણે પોતાની દૃષ્ટિથી પછી શાસ્ત્રના અર્થ કરે. જુઓ! મોહકર્મના ઉદયનું અનુસરણ. પણ અનુસરણ શું કર્યું? અનુસરણ કરીને. આત્માએ અનુસરણ કર્યું. કર્મે ઉદયે અનુસરણ કરાવ્યું નથી. આહાહા!

હજી તો પર્યાયની સ્વતંત્રતા વિકાર કરવામાં સ્વતંત્ર કર્તાપણે છે તે તો ૬૨ ગાથામાં આવી ગયું છે. એટલી પણ કબુલાત નથી તેને તો જડ ને ચેતનની બેની એકતાની માન્યતા છે. તેને તો રાગથી ભિન્ન ભગવાનઆત્મા. હવે કોઈ એમ કહે કે જો રાગ કર્તા માનો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. રાગ કર્તા છે તેમ ન માને તો રાગના કર્તા કર્મને માનવું પડે છે. તો એને ઉપાદાનને અહીંયા વાંધો આવશે. શું કીધું? એ પ્રકારે બહુ ચર્ચા સામે ઉલટું આવ્યું છે ને ઊંધું. કેમ કે એ લોકોને રાગનો કર્તા જો જીવ માને તો તો મિથ્યાદૃષ્ટિ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. તો ન હોય રાગનો કર્તા. (તો કર્તા) કર્મને માનવું પડશે. કર્મને માને તો કર્મથી આત્મામાં રાગ નથી થતો તેનો તેને વાંધો ઉઠશે. એય! ધન્નાલાલજી! અરે ભગવાન! મારે પણ ઊંધા તર્કને.

અહીં તો કહે છે કે પર્યાયમાં રાગનો કર્તા જીવ જ છે. મિથ્યાત્વ આદિ કર્તા પરની અપેક્ષા વિના જીવ જ છે. પણ જ્યારે કરે ત્યાં સુધી કર્તા છે. અને સ્વભાવની દૃષ્ટિ થઈ ત્યારે કર્તા નહીં. એવી વાત છે અહીંયા. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ક્યાં ફેર છે તેની પણ ખબર નથી. ઓલું આવે છે ને શું કહેવાય? ઉંદરે છછુંદર ગળ્યું. સર્પે છછુંદર ગળ્યું. ............ પાછળ સર્પ બેઠો હતા. મેં જોયું હતું હો. બાર વર્ષ થઈ ગયા. ..... ઈ છછુંદર ગળી ગઈ છે. હવે કાઢે આંધળો થાય. વાળે મરી જાય. પણ સર્પે બરાબર છછુંદર ગળી હતી. જોયું હતું. આ હોલ છે ને. એ ઉજમબા હોલ છે ત્યાં હો. આ હોલમાં તેમાં નહીં.

એમ આ સોનગઢવાળાને વિકારને જો કર્તા માને તો મિથ્યાદૃષ્ટિ હોય અને વિકારને કર્તા ન માને તો કર્મને કર્તા માનવા પડશે. તો કર્મથી વિકાર થાય છે તેનો તેને વાંધો ઊઠશે. અરે ભગવાન! શોભાલાલજી! અહીંયા શું (કહે) છે સાંભળ તો ખરો! વિકાર જ્યાં સુધી કરે છે પર્યાયબુદ્ધિ પરનું અનુસરણ કરે છે તો પરની અપેક્ષા વિના જીવ જ કરે છે. તેમાં તો કિંચિત માત્ર ફેર નથી. સમજાણું કાંઈ? પણ જ્યારે રાગથી પણ આત્મા ભિન્ન છે એવા સ્વભાવની દૃષ્ટિ થઈ તો રાગ થાય છે તે તેનું જ્ઞેય થઈ ગયું. ધર્મીને રાગ જ્ઞેય થઈ ગયું. કર્તાનું કર્મ રહ્યું નહીં. સમજાણું કાંઈ? એ તો શું છે? એ તો રાગ છે. પણ પર્યાયમાં કરે છે ત્યાં સુધી તો પોતાની પર્યાયનો કર્તા પરની અપેક્ષા નથી એ તો પહેલાં સિદ્ધ કર્યું. આહાહા! જરીક અટપટી વાત વ્યાપારીઓને ભારે મુશ્કેલ પડે. મગજને અંદર કેળવવું પડે. વકીલોને.... ના સાંભળે તો બે ને બે ચાર જેવી સીધી વાત.

પહેલાં ૬૨માં તો કહ્યું અને અહીંયા હવે કહે છે. કે આત્મા અનાદિથી પોતાનો નિજસ્વભાવ ઉપાદાન ધ્રુવ. જ્ઞાનદર્શનમાં નિયત હોવા છતાં પણ પોતાની પર્યાયમાં સ્વનું અનુસરણ ન કરીને, કર્મના ઉદયનું અનુસરણ કરવાવાળા એ તો શબ્દ છે. **અનુસરીને પરિણમવાને લીધે,** જુઓ! આહાહા! પોતાની પર્યાયમાં જીવ અનાદિથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણત કરે છે. **ઉપરકતઉપયોગવાળો હોય છે.** જુઓ! **અશુદ્ધ ઉપયોગવાળો હોય છે.** જુઓ! અશુદ્ધ ઉપયોગ સિદ્ધ કરવો છે ને. ઉપરકત જુઓ! અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને, એક એક શબ્દનો અર્થ સમજવો જોઈએ. એમ ને એમ એમ, ચાલ્યા જાઓ ચાલ્યા જાઓ! શું ચાલે? શબ્દનો અર્થ સાંભળે તો ખરા! મોહનીય ઉદયનું એ જડની પર્યાય થઈ. આ બાજુ અનુસરણ ન કરીને, પર તરફનું અનુસરણ કરીને પરિણતિ કરવાને લીધે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અવસ્થા કરવાને લીધે, ઉપરકત ઉપયોગવાળા મેલા ઉપયોગવાળા નામ અશુદ્ધ ઉપયોગવાળા થઈ ગયા છે. અશુદ્ધ ચાહે તો શુભ કે અશુભ બેય અશુદ્ધ ઉપયોગ છે. સમજાણું કાંઈ? નીચે અર્થ છે. જુઓ!

ઉપરકત =ઉપરાગયુકત. કોઈ પદાર્થમાં થતો, અન્ય ઉપાધિને અનુરૂપ-અન્ય ઉપાધિ નિમિત્ત અને તેને અહીં અનુરૂપ. નિમિત્ત અનુકૂળ અને આ નૈમિત્તિક અનુરૂપ. વિકાર અર્થાત અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે. તેવી ઔપાધિક વિકૃત્તિ-મલિનતા- અશુદ્ધિ ઉપરાગ છે, મેલ છે. એ શુભ ને અશુભભાવ મેલ છે. સમજાણું કાંઈ? અને પોતાનો માનીને કરે છે તો મિથ્યાત્વ સાથે છે. તે પણ મેલ છે. ભારે! દ્રવ્યગુણપર્યાયનું જ્ઞાન ઘટી ગયું. તેમાં આ બધો વાંધો.

અશુદ્ધ ઉપયોગવાળા પરનું અનુસરણ કરીને, અશુદ્ધ પરિણતિ કરીને કરવાને કારણે એમ પાછું કહ્યું ને. અશુદ્ધ પરિણતિ પર્યાય કરવાને કારણે, અશુદ્ધ ઉપયોગવાળો હોય છે. **ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે,** શું કહે છે? એ કારણે ભાવોનું વિશ્વરૂપપણું, અનેક વિકાર. શુભ અને અશુભનો વિકલ્પ અસંખ્ય પ્રકારના છે. શુભ દયા, દાન, વ્રત, ભકિત, પૂજા આદિ શુભ. હિંસા, જૂઠ, ચોરી, આદિ અશુભ. એ અસંખ્ય પ્રકારના શુભ અને અશુભ એ ભાવોનું વિશ્વરૂપપણું, વિશ્વ નામ અનેકરૂપપણું, વિશ્વ નામ સમસ્તરૂપપણું. પુણ્ય-પાપના જેટલા ભેદ છે એટલાપણે ગ્રહણ કર્યા. અનેકપણું ગ્રહણ કર્યુ. એકરૂપ વસ્તુ હોવા છતાં પણ કર્મના નિમિત્તનું અનુસરણ કરીને પુણ્ય ને પાપ અનેકપણાનો ભાવ ગ્રહણ કર્યો. અનેકપણામાં ઉત્પન્ન થયો. અશુદ્ધ ઉપયોગમાં રમણતા કરી. સમજાણું કાંઈ?

**ગ્રહ્યું હોવાને લીધે તેને જે,** જુઓ! **અનિયતગુણપર્યાયપણું હોય છે.** જુઓ ભાષા જુઓ! ઘણા એમાંથી કાઢે છે કે અક્રમબદ્ધ અનિયતપર્યાય છે. ધન્નાલાલજી! ગેઝેટમાં બહુ જ આવ્યું છે. જૈન ગેઝેટમાં. શું કીધું? ભગવાનઆત્મામાં જ્ઞાનદર્શન સ્વભાવનો પૂરો દરિયો ભર્યો છે. જેમાં અનંત અનંત

કેવળજ્ઞાન પર્યાય પ્રાપ્ત થાય. જેમાં અનંત અનંત કેવળદર્શન પર્યાય પ્રાપ્ત થાય તેવો સાગર ભર્યો છે. એવા જ્ઞાનદર્શન સ્વભાવવાળા નિયત, અનાદિકાળના કર્મના ઉદય તરફનું અનુસરણ કરીને, અશુધ્ધ પરિણતિ કરીને જેણે વિશ્વરૂપપણું ગ્રહણ કર્યું છે. જેણે વિકારનું અનેકપણું ગ્રહણ કર્યું છે. એમ કહ્યું. સમજાણું કાંઇ?..........સમજાણું કાંઇ?

સ્વભાવ નિયત છે અને તેની નિર્મળ પર્યાય પણ નિયત કહેવામાં આવે છે. વિભાવ અનિયત. અનિયત નામ નિશ્ચય સ્વભાવ નહીં, વિભાવ છે. માટે અનિયત છે. એવા .....છે જ નહીં. કયાંનુ કયાં .....

અનિયત ગુણપર્યાયપણું હોય છે. જુઓ! અનિયત=અનિશ્ચિત. છે ને નીચે? અનેકરૂપ, વિવિધ પ્રકારના. પુણ્ય-પાપના પ્રકાર. અનેક પ્રકારના પુણ્ય-પાપના પ્રકાર. તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે. જુઓ! એ શુભ-અશુભ પરિણામપણે પરિણત થયો તે પરચારિત્ર છે. પરસમય છે. ................. તે તરફનો ઝૂકાવ અનાદિથી નહીં હોવાથી પર તરફનો ઝૂકાવ અનાદિથી હોવાથી પોતાના ઝૂકાવને કારણે, અશુધ્ધ પરિણતિને કારણે જેણે વિકારનું અનેકપણું કર્યું છે. સમજાણું કાંઇ?

અનિયતગુણપર્યાયપણું હોય છે. અચોક્કસ, અનેકરૂપ, વિવિધ પ્રકારના વિકારી પર્યાયપણું હોય છે. તે પરસમય પરચારિત્ર છે. બીજી વાત. વિભાવમાં રમવું તે પરચારિત્ર છે. સમજાણું કાંઇ? તે બંધનું કારણ છે. પંચમહાવ્રતનો વિકલ્પ પણ પરચારિત્ર છે, બંધનું કારણ છે. તેણે કર્મના નિમિત્તને અનુસરણ કર્યું તે વિકલ્પ જડની ક્રિયા છે. માણસને ખબર નથી. અનેકાંત માર્ગ છે. એકાંત થાય છે. શુધ્ધ હોય તે ચારિત્ર તેનું છે. શુધ્ધ હોય તે તેનું ચારિત્ર-સ્વરૂપમાં રમણતા હોય તે ચારિત્ર. આવ્યું ને પહેલું. રાગ આદિ તેનું ચારિત્ર નહીં. રાગાદિ આવે છે પણ તે તેનું ચારિત્ર નહીં. પરચારિત્ર, વિભાવ, અધર્મ. સ્પષ્ટ કરે છે તો રાડ નાખી જાય છે. સમુચ્ય રાખે તો ત્યાં સુધી વિભાવ છે, એવું છે. વિભાવ ધર્મનું સ્વરૂપ નહીં. એ તો અધર્મનું સ્વરૂપ થયું. આત્મઅવલોકનમાં તો બહુ જ નાખ્યું છે. દીપચંદજી. દીપચંદજી થયાને-ચિદ્‌વિલાસના અનુભવ પ્રકાશના કર્તા આત્મઅવલોકનમાં નાખ્યું છે. શ્રાવકને ધર્મ અધર્મ બેય હોય છે. સ્વરૂપ તરફની દૃષ્ટિ અને એકાગ્રતા તે ધર્મ અને જેટલો રાગ રહે છે તે અધર્મ. આત્મઅવલોકન. વાત બરાબર. તે સમયે શબ્દ કયાં, વ્યવહારે ધર્મ પુણ્ય ધર્મ કહે છે પણ નિશ્ચયથી તો અધર્મ જ છે. આહાહા! નહીં. વ્યવહાર તો અન્યથા કહે છે વ્યવહારનય. સમજાણું કાંઇ?

ઓહો! તે પરચારિત્ર તેનું નામ કહ્યું. પહેલા ખુલાસો. અનાદિથી ભગવાનઆત્મા પોતાને ભૂલીને. અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા. કર્મે હૈરાન કરાવ્યા નથી. આરે ભારે વાત! હેરાન કરવાનો ભાવ છે ને. કરે છે ને આ શું. એ તો કહે છે. કર્મનું અનુસરણ કરીને વિકારરૂપ પરિણમે છે. તે હેરાનનો ભાવ છે. દુઃખનો ભાવ છે. પણ શું કરે ખબર નહીં. હું શું કરું છું અને શું છે તેની ખબર નહીં. બસ વ્રતની

ક્રિયા તે અમારે ધર્મની ક્રિયા છે. અમારે ધર્મની ક્રિયા છે તેનાથી આગળ વધીને અમારે કેવળજ્ઞાન થઈ જાશે. ધૂળેય નહીં થાય. ધૂળ નામ સારું પુણ્ય પણ નહીં બંધાય. સમજાણું કાંઈ? તેને હેય પણ નથી માનતા ઉપાદેય માને છે તો મિથ્યાદષ્ટિમાં પુણ્ય પણ સાચું નહીં બંધાય. આહા! હતપુણ્ય જેને કહે છે. કઠણ વાત! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહી વાત. પ્રતિભાજન કહ્યું ને. પ્રતિભાજન દ્વારા અહીંયા કહ્યું. એમ પહેલાં આવ્યું ને. એવા પ્રતિભાજન દ્વારા ભગવાને કહ્યું છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં એવી ધ્વનિ આવી. તે જ કુંદકુંદઆચાર્ય અહીંયા શાસ્ત્ર દ્વારા પ્રસિધ્ધ પ્રગટ કરે છે. માર્ગ એવો છે ભાઈ! સમજાણું કાંઈ?

આત્માના સ્વભાવનું શરણ ન લઈને નિમિત્તનું અનુસરણ કર્યું, અનુસરણ કર્યું તો નૈમિતિકમાં વિકારી પરિણતિ અનેકરૂપ ઉત્પન્ન થઈ, તેને ગ્રહણ કર્યું તે પરચારિત્ર છે. સમજાણું કાંઈ? પરચારિત્ર છે, અધર્મ છે, પરસમય છે, અનાત્મા છે, આસ્રવ છે, ભાવબંધ છે. ખુલાસો કરવો પડે ને! સ્પષ્ટ કરવું પડે ને! કલકત્તા એક પંડિત હતા ને! કોણ? ગુજરી ગયા ને. નામ શું? વિમલદાસજી..... પુણ્યને તમે ધર્મ ન કહો ત્યાં સુધી તો ઠીક પણ અધર્મ ન કહેવું. જમનલાલજી! નીચા હતા. બૌંતેર વર્ષની ઉંમર હતી ત્યારે આવ્યા હતા. સાંભળ્યું બહુ પણ આ કઠણ પડે છે. અરે! ભાષામાં શું છે તમારે?

રાગને અહીંયા પરસમય કહ્યો. પરસમય કહ્યો, વિકાર કહ્યો, અનિત્ય ગુણપર્યાય કહ્યો. અનિશ્ચિત નામ સ્વભાવની પર્યાય નહીં. વિભાવની પર્યાય છે. અધર્મની છે. ધર્મની પર્યાય નથી તો અધર્મની છે. તેમાં શું છે? ચાહે તો શુભ-અશુભ બન્ને પણ ભારે કઠણ પડે જગતને. અને પરસમય કહ્યું. સ્વસમય નથી તે તો અનાત્મા છે. આસ્રવનું પરિણમન તે આત્મા છે? વ્રતાદિનો વિકલ્પ તો આસ્રવ છે, ભાવબંધ છે. ભાવબંધનું પરિણમન તે આત્મા છે? સમજાણું કાંઈ?

તે જીવ હવે અનુકૂળ કરે છે. એકવાર પરચારિત્ર કહ્યું. હવે સ્વ. તે જ જીવ. સ્વનું કહીને વાત લંબાવી હવે લ્યો! તે પાછળ આવી ગયું. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

**પ્રવચન નં :- ૬૬, ગાથા :- ૧૫૫-૧૫૬**
**વૈશાખ સુદ-૧૧, શનિવાર, તા :- ૧૬-૫-૧૯૭૦**

ધ્રુવપણે હો. પર્યાયની સ્થિરતાની વાત નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય જો વસ્તુ છે, પદાર્થ. તેનો જે અવિનાશી જ્ઞાનદર્શન ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે તેમાં જ આત્મા રહ્યો છે. પોતાના સ્વભાવમાં આત્મા સ્વભાવવાન રહ્યો છે. કહો, સમજાણું? આ તો સાદી ભાષા છે. એમ હોવા છતાં પણ જ્યારે અનાદિ મોહનીય કર્મના ઉદયને અનુસરણ કરીને,

ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ જાણન-દેખન અંતર સ્વભાવ સામાન્ય અને વિશેષ ચેતના, સામાન્ય નામ દર્શન અને વિશેષ નામ જ્ઞાન. એવા કાયમી ચેતનામાં રહેવા છતાં પણ પોતાના સ્વભાવની સન્મુખતા ન કરવાથી **અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને,** કર્મના ઉદય તરફ ઝૂકાવ થવાથી કર્મના ઉદય તરફનો ઝૂકાવ કરવાથી તેનું અનુસરણ કરીને પરિણતિ કરવાને લીધે, રાગ અને દ્વેષ વિભાવ પરિણતિ દુઃખરૂપ અવસ્થા કરવાને લીધે **ઉપરક્ત ઉપયોગવાળો હોય છે**. મલિન અશુદ્ધ વ્યાપાર પરિણામવાળા હોય છે. કહો, શેઠી! (મુમુક્ષુ :- અનાદિ મોહનીયકર્મ...) મોહનીયકર્મના નિમિત્તનું અનુસરણ કરવાવાળા. મોહનીય તો અનાદિ છે ને પડ્યા છે ને એ તો સ્થિતિની અપેક્ષા છે. પણ પરંપરા તો અનાદિ છે ને. એ તો સ્થિતિની વાત. અનાદિથી કરે છે ને. એ શું નવું છે? એમ બતાવે છે.

અનાદિ કર્મ છે. અહીં અનાદિ આત્મા છે. આત્મા તો અનાદિ છે પણ તેના જ્ઞાનદર્શન અનાદિ છે. એ સિદ્ધ કરવું છે. બે. આતમા અવિનાશી છે અને તેના જ્ઞાનદર્શન સ્વભાવ અનાદિ-અનંત અનાદિ છે, બે. ત્રીજું અહીંયા અનાદિ કર્મ સાથે સંબંધરૂપે છે. તો પર્યાય તે તરફ અનાદિથી ઝૂકે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

વર્તમાન પર્યાય નામ અવસ્થા નામ દશા એ મોહનીયકર્મના ઉદયને અનુસરીને, અનાદિથી તે તરફ ઝૂકતી હોવાથી સ્વભાવ તરફનો ઝૂકાવ નહીં કરવાથી તેના પુરુષાર્થની ઊંધાઈ હોવાથી તે વાત સિદ્ધ કરવી છે. પરિણતિ કરવાને લીધે ઉપરકત ઉપયોગવાળો (-અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે. મલિન ઉપયોગ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ. એકેન્દ્રિયમાં પણ પુણ્ય અને પાપ ક્ષણે ક્ષણે થાય છે. બધા જીવની અહીંયા વાત છે ને. દાન ત્યાં શું કામ આવે? એકેન્દ્રિય નિગોદ, નિત્ય નિગોદના જીવને પણ ક્ષણમાં શુભભાવ ક્ષણમાં અશુભભાવ એવું નિરંતર ચાલ્યા કરે છે. જીવ છે ને તો બે ધારા કર્મની શુભ ને અશુભ, શુભ ને અશુભભાવ. શુભ હો તો શાતાવેદનીય બંધાય. અશુભ હોય તો અશાતા. એવું નિત્ય નિગોદમાં પણ ભવિ અભવિ જીવ પણ સંસારી જીવમાં તે પણ આવ્યા. સમજાણું કાંઈ? તે પણ

પોતાનો નિજસ્વભાવ તે સન્મુખ ન થવાથી અનાદિથી પોતાના સ્વભાવથી વિમુખ થઈને અને કર્મની સન્મુખ થઈને, કર્મથી સન્મુખ થઈને ઉપયોગ ઉપરક્ત મેલવાળો થાય છે. મેલવાળા ભાવ ઉપયોગ, અશુદ્ધ ઉપયોગ છે. અનાદિથી એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદષ્ટિ જૈન દિગંબર સાધુ ગયા. સમજાણું કાંઈ? તો કહે છે કે અશુદ્ધ ઉપયોગવાળા છે. પંચમહાવ્રત પાળ્યા, અઠયાવીસ મૂળગુણ પાળ્યા પણ તે અનાદિ અશુદ્ધ ઉપયોગવાળો છે તેમ કહે છે. સ્વભાવનું અનુસરણ છે જ નહીં. સમજાણું કાંઈ? આહા! ઉપરોક્ત બધાય સ્વયં ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહણ કર્યું હોવાને કારણે જીવે પોતાથી કર્મના નિમિત્ત તરફનો ઝુકાવ કરવાથી પોતાની વર્તમાન પર્યાય દશામાં વિશ્વ એટલે અનેકરૂપતા પુણ્ય અને પાપની અનેકરૂપતા જેણે ગ્રહણ કરી છે. આહાહા!

જુઓ! શબ્દ સ્પષ્ટ પડયા છે. ઘરના ચોપડા તો વાંચે છે, ચોપડા વાંચે કે નહીં? તો આ વાંચવું તો પડશે કે નહીં? શું છે? સમજાણું કાંઈ? ઓહો! અંતર સ્વરૂપ ભગવાન આત્મા! છે તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદઘન ને સામાન્ય દર્શન વિશેષ ચૈતન્યનો પિંડ આત્મા છે. પણ તે તરફનો ઝુકાવ ન થવાથી અનાદિથી કર્મ તરફનો ઝુકાવ અનુસરણ કરવાથી પોતાની પરિણતિ પોતાની પરિણતિ નામ દશા વિકારવાળી, મિથ્યાત્વવાળી, રાગ-દ્વેષવાળી હોવાથી અશુધ્ધ ઉપયોગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? કર્મ નથી કરાવતા. એમ સિધ્ધ કરવું છે. અને પોતાની પર્યાયમાં મલિન પરિણામ પરિણતિથી કરે છે. તે કારણે **ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે,** ભાષા જુઓ! અહોહો!

ભગવાનઆત્મા પોતાનો જ્ઞાનદર્શન કાયમી અસલી ધ્રુવ અવિનાશી સ્વભાવ હોવા છતાં પણ તે તરફ ઝૂકાવ હોય તો તો વીતરાગી પર્યાયની એકતા પ્રગટ હોય. તો શુધ્ધ ઉપયોગ પ્રગટ હોય. સમજાણું કાંઈ? કેમ કે આત્મા વીતરાગ સ્વભાવી છે. વસ્તુનો સ્વભાવ જ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિત છે તેનો અર્થ એ કે વીતરાગભાવમાં જ તે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સ્વભાવવાન સ્વભાવમાં સ્થિત છે, નિયત. તેનો અર્થ વસ્તુ જે આત્મા છે તે પોતાનો જ્ઞાનદર્શન સ્વભાવ જે વીતરાગ સ્વભાવ છે. તેમાં રાગ કે વિકલ્પનો અભાવ છે. એવા સ્વભાવમાં સ્થિત હોવા છતાં પણ દ્રવ્ય અને ગુણ વીતરાગભાવે છે. તે તરફનો ઝૂકાવ અનાદિથી નથી તો કર્મ તરફના ઝૂકાવનું અનુસરણ કરીને, અશુધ્ધ ઉપયોગનું પરિણમન અસંખ્ય પ્રકારના શુભભાવ અને અસંખ્ય પ્રકારના અશુભભાવરૂપે પરિણમે છે. આ ભાષા તો સાદી છે, સીધી છે. ખ્યાલમાં ન આવે એવી કોઈ કઠણ નથી.

મુમુક્ષુ :- ભાવ ગંભીર છે.

ઉત્તર :- ભાવ ગંભીર હોય તો ભાવ તો જેવા હોય તેવા હોય છે. આહાહા!

મુમુક્ષુ :- અનાદિથી છે.

ઉત્તર :- અનાદિ પણ પર્યાય અનાદિ અશુધ્ધ ન હોય તો અશુધ્ધતા નવી થાય છે? અનાદિથી અશુધ્ધતા છે. શુધ્ધ તો ત્રિકાળી છે. પર્યાયમાં અશુધ્ધતા અનાદિથી પરિણમી રહી છે. ચાહે તો તે મહાવ્રતરૂપે પરિણમો ચાહે તો અવ્રતરૂપે પરિણમો પણ બધા અશુધ્ધ ઉપયોગ જ છે. આહાહા! શુભરૂપે હો કે અશુભરૂપે હો એ કર્મના ઉદયને અનુસરણ કરવાવાળી અશુધ્ધ પરિણતિમાં અનાદિથી રહ્યો છે. શોભાલાલજી! આહાહા! હા, ન્યાયથી પણ બે ને બે ચાર જેવી વાત છે. તેમાં શું? જરીક થોડોક મગજમાં તેને ન્યાય તો બેસાડવો પડશે કે નહીં? કેમ ધન્નાલાલજી! આહાહા!

જુઓને! ઓહોહો! કથન પધ્ધત્તિ! કુંદકુંદઆચાર્ય અને અમુતચંદ્રાચાર્યએ કેવળજ્ઞાનીના પેટ ખોલી દીધા છે. તેને ખ્યાલમાં આવી જાય. સમજે તો ખ્યાલમાં આવે. આ એમ કહે છે અને એમ જ હોય છે. સમજાણું કાંઈ? કહે છે કે એવા સ્વયં પોતાના ભાવોનું, શુભ અને અશુભ વિકલ્પ જે રાગ અશુધ્ધ મલિન છે તે વિશ્વરૂપ નામ અનેકરૂપપણું ગ્રહ્યું છે. સ્વભાવમાં ન હતો તો વિકારને ગ્રહણ કર્યો પકડી લીધો. એમ કહે છે. આહાહા! **ત્યારે ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાયપણું હોય છે.** તેને વિભાવ પર્યાયવાળા વિભાવ ગુણની પર્યાયવાળા હોય છે. નીચે છે. જુઓ!

અનિયત નામ અનિશ્ચિત, અનેકરૂપ, વિવિધ પ્રકારના. પુણ્ય ને પાપ, શુભ ને અશુભ અનેક પ્રકારના વિકલ્પ વિકાર ભાવવાળા હોય છે. તે અનાદિથી એમ કરે છે. **તે પરસમય અર્થાત્ પરચારિત્ર છે.** તે પરનું આચરણ કર્યું, તેણે વિકારનું આચરણ કર્યું તે પરચારિત્ર કહેવામાં આવે છે. તે મિથ્યાત્વભાવ છે અને બંધનું કારણ છે. કહો, શેઠી! કર્તા આવ્યા. તે જ કહે છે ને. તે કર્તા આવ્યા કહે છે. પણ કર્તા આવ્યા તે સ્વતંત્રપણે કર્તા આવ્યા તે સિધ્ધ કરવું છે.

પોતાનો સ્વભાવ મહાપ્રભુ ચેતન. ચૈતન્ય જે જ્ઞાનદર્શનનો સ્વભાવ, ચેતન એવો આત્મા તેનો ચૈતન્ય જ્ઞાન ને દર્શન એવો સ્વભાવ પરિપૂર્ણ રહેલો છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમ હોવા છતાં પણ વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં કર્મના નિમિત્તના સંબંધનું અનુસરણ કરવાથી વિકારી પર્યાયપણે પરિણમી રહ્યો છે. તે કારણે તેણે વિશ્વનો અનેક વિકારરૂપભાવ તેણે પકડી લીધો છે. ગ્રહણ કર્યો છે. સ્વભાવને છોડી દીધો. સમજાણું કાંઈ? કહો ધન્નાલાલજી! આ તો સીધી વાત છે. આહાહા!

**ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાયપણું,** અનેક વિવિધ પ્રકારના વિકારના, વિભાવના, દોષના, અશુધ્ધતાના ગુણપર્યાયવાળા **હોવાથી તે પરસમય છે.** તે અનાત્મા છે, **તે પરચારિત્ર છે,** વિભાવભાવનું આચરણ છે, દુઃખદાયક છે, તે પરિભ્રમણનું કારણ છે.

મુમુક્ષુ :- અનાદિનું પર ચારિત્ર.

ઉત્તર :- અનાદિ પરચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ કે નહીં? બહુ જ સાદી ભાષા તો છે.

હવે તેને કાંઈ દરકાર (નથી)! આ વસ્તુ વસ્તુ છે પ્રભુ! પર્યાયમાં અવસ્થામાં ભૂલ છે. વસ્તુ તો ભૂલવાળી છે નહીં. વસ્તુ તો વસ્તુ છે. અને જ્ઞાનદર્શન વીતરાગ સ્વભાવથી. ખરેખર તો વીતરાગ સ્વભાવમાં સ્વભાવવાન રહેલો છે. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :- સંસારી જીવ...

ઉત્તર :- સંસારી જીવની જ વાત કરે છે ને. સિધ્ધની ક્યાં વાત છે? સંસારી જીવ વસ્તુ અપેક્ષાએ અનાદિથી વીતરાગ સ્વભાવમાં રહેતો હોવા છતાં પણ, શક્તિ હો, પર્યાય નહીં. પર્યાયમાં, વર્તમાન દશામાં કર્મના નિમિત્તનો ઝૂકાવ હોવાથી વિકારની પરિણતિમાં અશુધ્ધપણું હોય છે. અને વિશ્વરૂપપણું. અશુધ્ધપણું છે તો અનેકપણું અશુધ્ધ છે. અશુધ્ધતા એક પ્રકારની નહીં ઘણા પ્રકારની અસંખ્ય પ્રકારની છે. તેને ગ્રહણ કરી છે તે કારણે તે પરચારિત્ર કહેવામાં આવ્યું છે. પરનું આચરણ કર્યું, વિભાવનું આચરણ કર્યું, દુઃખનું આચરણ કર્યું. સમજાણું કાંઈ? કહો, શોભાલાલજી! આ બીડી બીડીનું આચરણ નથી કર્યું. દુઃખનું આચરણ કર્યું છે એમ કહે છે. બીડી બીડી તો જડ છે, પર છે. પણ પર તરફના ઝૂકાવથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન વિવિધ પ્રકારના છે તેને તેણે ગ્રહણ કર્યું છે. તે પરચારિત્ર કહેવામાં આવે છે. દુઃખ દશામાં પરિણમી રહ્યો છે. એમ કહે છે.

**તે જ (જીવ) જયારે,** હવે કહે છે. જુઓ! જયારે તે જ જીવ. **તે જ જીવ** એમ અનાદિથી કરતો આવ્યો હોવા છતાં પણ **જયારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને,** લ્યો! (મુમુક્ષુ :- કર્મનું શું?) કર્મનું કર્મને ઘરે ગયું. એની ક્યાં વાત છે. કર્મ તરફના ઝૂકાવની જો તેની પરિણતિ દશા હતી તે કર્મના ઝૂકાવને છોડી દીધો. ત્યાં પોતે કર્તા થઈને ઝૂકાવ કરતો હતો તે છોડી દીધો. હું તો જ્ઞાન-દર્શન-આનંદ છું. સમજાણું કાંઈ?

**જયારે તે જ જીવ અનાદિથી,** એમ કહ્યું ને તે જ જીવન અનાદિથી, આહાહા! સંસરણમ સંસાર વિકાર પુણ્ય-પાપના ભાવ અનાદિથી ગ્રહણ કર્યા છે. તેનાથી તે પરચારિત્ર અથવા દુઃખરૂપ દશારૂપે પરિણમી રહ્યો છે. માટે પરચારિત્ર કહેવામાં આવ્યું છે. તે પરસમય છે. સ્વભાવ પોતાનો નથી માટે પરસમય છે. આહા! સમજાણું કાંઈ? અરે! દિગમ્બર જૈન સાધુ નવમી ગ્રૈવેયકે ગયો, મુનિવ્રત ધાર.... આવે છે કે નહીં? મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો, અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો. તે પણ પરપરિણતિમાં રહીને. સમજાણું કાંઈ? કર્મના નિમિત્તનું અનુસરણ કરવાવાળી પરિણતિ હતી. સ્વભાવનું અનુસરણ કરવાવાળી પરિણતિ ન હતી. પંચમહાવ્રત પાડતો હતો. અઠયાવીસ મૂળગુણ પાડતો હતો. પણ તે તો રાગ પરપરિણતિ, પરસમય, પરઆચરણ, પરચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે જ જીવ જયારે** પોતાના સ્વભાવ સન્મુખ થાય છે. પોતાના પુરુષાર્થથી ઉલટી ગતિ કરતો

હતો. તે જ જીવ જ્યારે ઉલટી ગતિને છોડીને, **અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને,** કર્મ ગયા તો પરિણતિ છોડે છે એમ નથી. પોતાની પરિણતિ પરતરફની હતી (તે તરફનો) ઝૂકાવ છોડી દીધો. સ્વભાવ તરફ ઝૂકાવ થઈ ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મની એટલી કૃપા થઈ ગઈ.

ઉત્તર :- એમાં કર્મની ક્યાં કૃપા થઈ? કર્મ તરફનો ઝૂકાવ હતો તે ઝૂકાવ પોતાથી જ છોડી દીધો. કર્મ તો જડ છે. તેને કારણે રહેલાં છે. એમાં આત્માને શું છે?

કર્મ થોડાં દૂર હોય તો પોતાના સ્વભાવ સન્મુખ થાય એમ છે નહીં. એમ છે જ નહીં. 'કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ' આવે છે કે નહીં? તે ચંદ્રપ્રભુની ભક્તિમાં આવે છે. ચંદ્રપ્રભુ ભગવાનની ભક્તિ છે ને. ચંદ્રપ્રભુ. 'કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘન ઘાત, લોહ કી સંગતિ પાઈ.' લોઢામાં અગ્નિ પેઠી એમ કહ્યું છે. પણ લોઢાએ અગ્નિ પેસાડી એમ છે નહીં. શું કીધું? અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ-અગ્નિએ લોઢાની સંગતિ કરી. લોઢાએ અગ્નિનો સંગ કરાવ્યો એમ છે નહીં. આ બધું ભક્તિમાં આવે છે. હા, તે પૂજા-ભક્તિમાં આવે છે ને. અગ્નિ સહે ઘનઘાત ઘનઘાત. માથે ઘણના ઘાત પડે, કેમ કે અગ્નિએ લોઢાનો સંગ કર્યો. દૂર એકલી અગ્નિ હોય તો કોઈ ઘણ મારે?

એમ ચૈતન્યરૂપી અગ્નિ કર્મરૂપી નિમિત્ત જડ. તેનો સંગ કર્યો. તેનો સંગ કર્યો તો રાગ-દ્વેષ અને અજ્ઞાન ઉત્પન્ન થયા. અને ચાર ગતિના ઘનઘાત અને દુ:ખ અનુભવે છે. આ બધા પૈસાવાળા દુ:ખી છે. એમ કહે છે.

મુમુક્ષુ :- એકવાર આપ એમ કહો છો કે કોઈ પૈસાવાળા છે જ નહીં.

ઉત્તર :- માને છે ને અમે આ પૈસાવાળા. પાંચ-પચાસ લાખ છે. ધૂળ લાખ છે. ક્યાં ગયા મલુકચંદભાઈ! એ ત્યાં બેઠા છે હવામાં. શું માને છે કે નહીં? એય મલુકચંદભાઈ! તમારા બેય છોકરા. એક ઓલો ત્યાં બે કરોડ લઈને બેઠો છે. એક આંહી ત્રણ કરોડ લઈને બેઠો છે. મમતા મમતા. ધૂળમાં પણ નથી. ધૂળમાં ક્યાં તારા હતા. કાંકરા!

આંહી તો કહે છે કે કર્મનો ઉદય થાય છે જડમાં. તેનું અનુસરણ કરે છે આત્મા. આત્માને અનુસરણ કર્મનો ઉદય કરાવે છે એમ છે નહીં. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહે છે. જ્યારે એ અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને કરવાવાળી પરિણતિને, અર્થાત્ ઉદય તરફનો ઝૂકાવ હતો તે સ્વભાવ તરફ ઝૂકાવ કરી દીધો. લ્યો! તેનું નામ ધર્મ. આહાહા!

**અનાદિ મોહનીયના ઉદયને અનુસરનારી પરિણતિ,** એમ કહ્યું ને. પર્યાય. જે પર્યાય કર્મનું અનુસરણ કરતી હતી. તે પર્યાયને છોડીને. **અત્યંત શુદ્ધ ઉપયોગવાળા હોય છે.** લ્યો! આંહી તો જુઓ! ભાઈ! પહેલેથી લીધું. ચોથે ગુણસ્થાનથી શુદ્ધ ઉપયોગ લીધો અને ઓલા લોકો રાડ પાડે છે.

શુદ્ધ ઉપયોગ નહીં. અરે ભગવાન! શું કરે છે ભાઈ! એ શુભ ઉપયોગ ને શુભ ને અશુભરૂપે તો અનાદિથી તે ગ્રહણ કર્યો છે. હવે શુભ ને અશુભનું ગ્રહણ છોડીને સ્વસન્મુખ થયો, તો કહે છે કે **અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે.** આહાહા! ચોથાની વાત છે. તે માટે તો આંહી કહે છે. પંડિતજી! તે માટે તો આંહી વાત છંછેડી છે.

એ કહે છે. જુઓ! **અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિને કરવી છોડીને,** પરના નિમિત્ત તરફનો મિથ્યાત્વભાવ છે તે છોડીને. શું છે? જુઓને. શાસ્ત્રના અક્ષર તો દેખાશે ને. હેં? એવું છે. અનાદિ મોહનીયના ઉદયને અનુસરણ કરવાવાળી વર્તમાન પરિણતિ. પરિણતિ એટલે અવસ્થા. મિથ્યાત્વને છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળા હોય છે. જ્ઞાનદર્શનનો ભંડાર ભગવાન. જ્ઞાનદર્શનનો સ્વભાવ વીતરાગભાવથી ભરેલો છે તે સન્મુખ થયો તો અત્યંત શુદ્ધ ઉપયોગ થયો. આહાહા! જુઓને કેટલી સરસ વાત! એવી વાત કુંદકુંદઆચાર્ય. અદ્દભૂત વાત! અદ્દભૂત વસ્તુ! પહેલાવાળો આમ કરે અને ચોથાથી પછી આમ થાય. એ બધી વાત. ઓલા કહે છે કે ચોથે ગુણસ્થાને શુદ્ધ ઉપયોગ ન હોય. શુભ અશુભ હોય તો એ તો અનાદિનો છે. એ એમાં શું આવ્યું? વળી એમ કહે ચોથે ગુણસ્થાને અનુભવ ન હોય. અતીન્દ્રિય આનંદનો અનુભવ ન હોય. એમ કહે છે. અરેરે! એવા વાડ વેલાને ખાય. એવું છે. એ સમ્યગ્દર્શન હોય કહે છે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે. આ પહેલાં શું કહે છે?

ભગવાનઆત્મા પોતાના જ્ઞાનદર્શનના સ્વભાવનો ભંડાર દરિયો ભર્યો છે. તે તરફનો ઝૂકાવ એમ પહેલા ન કહીને, પર તરફના ઝૂકાવને છોડીને એમ કહ્યું. કેમ કે હતો ને માટે. નહીંતર તો ખરેખર તો સ્વભાવ તરફ ઝૂકાવ હોય છે ત્યારે પર તરફની પરિણતિ છૂટે છે. પણ તે પર પરિણતિ કરતો હતો એટલે પર પરિણતિને છોડીને એમ અર્થમાં લીધું. આહાહા! સમજાણું કાંઈ?

જુઓ! **મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને,** ભગવાનઆત્મા પોતામાં આનંદ અને વીતરાગ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. તે અનાદિથી પરનું અનુસરણ અને અનુકરણ કરીને વિકારી ભાવ મિથ્યાત્વ રાગ-દ્વેષના પરચારિત્ર કરતો હતો તે સ્વભાવ સન્મુખ થયો (તો) પર પરિણતિ છોડી દીધી. સમજાણું કાંઈ? આહાહા!

શરૂઆત અહીંથી થાય છે. ભગવાન! એમ વાત છે. આહાહા! આખો ભગવાન પરમાત્માપણે રહેલો છે. બધા ભગવાન છે. આ પર્યાય પર તરફ ઝૂકતી હતી. તે પર્યાય સ્વ તરફ ઝૂકી તો ભગવાનનો પત્તો મળી ગયો. અત્યંત શુદ્ધ ઉપયોગ કહ્યો. હા. આંહી મારે હળવેથી લેવું હતું. શુદ્ધ ઉપયોગ-કીધું શુદ્ધ ઉપયોગ. અત્યંત નામ તેનો અભાવ થઈ ગયો. શુભાશુભ પરિણતિના વિકારનો મિથ્યાત્વ ભાવ હતો. વ્યય થઈ ગયો. સમ્યગ્દર્શનમાં તે ભાવ અંશે રહ્યો નહીં. શુભાશુભ વિકલ્પનો ભાવ પણ

સમ્યગ્દર્શનના ધ્યેયમાં અને સમ્યગ્દર્શનમાં રહ્યો નહીં. સમજાણું કાંઈ? આહાહા! ક્યાં ગયા તે? તે રાગનું ભજન કરવાવાળા કોણ છે. ભંવરલાલજી! ........સમજાણું કાંઈ?

કહે છે ભગવાન! તારી ચીજમાં તો પરમઆનંદ ને પરમશાંતિ ને પરમવીતરાગતા પડી છે. ભગવાન! આહાહા! તે તારા અનુસરણની ચીજ હતી. પણ તે ચીજને અનાદિથી છોડીને, તેને છોડીને. કર્મના નિમિત્ત તરફની ઝૂકાવની પરિણતિને તે ગ્રહણ કરી હતી. હવે કહે છે કે તે પરિણતિને છોડીને, તે અનાદિથી સ્વભાવને છોડતો હતો. સમજાણું કાંઈ? ગ્રહણ કર્યું ને, અશુધ્ધતાનું ગ્રહણ કર્યું. સ્વભાવને છોડીને. વસ્તુ ભગવાનઆત્મા નિત્ય આનંદ અને વીતરાગ સ્વભાવથી ભરેલો છે. બધા આત્માઓ- શરીરમાં સ્ત્રી હો, પુરુષ હો, નપુંસક હો, કીડી કુંજર હો તેને છોડી દયો. આત્મા છે તો અંદર વસ્તુ છે ભગવાન! સમજયા? સંસારી જીવ લીધા છે ને. આહાહા! તો આ છોડવાનું સંજ્ઞીપંચેન્દ્રિયપણે, મનુષ્યપણે, તિર્યંચપણે આદિ હોય છે. બીજામાં હોતું નથી. એકેદ્રિન્યમાં નથી હોતું. સમજાણું કાંઈ?

પરનું અનુસરણ કરવાવાળી વિકારી દશા, જે દુઃખરૂપ દશા જે પરચારિત્ર છે, પરસમય છે, તે છોડવાની સિધ્ધિ સંજ્ઞીપંચેન્દ્રિય, મનુષ્ય આદિ, નારકી આદિ દેવમાં છે. સંજ્ઞીમાં હોય છે. અસંજ્ઞીમાં નહીં. સમજાણું કાંઈ?

તો એમ કહે છે કે અરે ભગવાન! તું સંજ્ઞી થયો, ક્ષયોપશમ થયો, હવે તો તારી તાકાત પર તરફનો ઝૂકાવ છોડ સ્વભાવ તરફ ઝૂકાવ કર તે તારી ચીજ છે. તારી ચીજને પ્રાપ્ત થા. જે ન હતી તેને પ્રાપ્ત કરી, ગ્રહણ કરી એમ કીધું ને. પુણ્ય-પાપને ગ્રહણ કર્યા. જે તારી ચીજ નથી તેને તે પકડી લીધી. તો તારી ચીજ છે તેને પકડી લેને. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે અનાદિની પરિણતિ જે પર તરફની હતી તે છોડીને અત્યંત શુધ્ધ ઉપયોગવાળો હોય છે. સંસ્કૃતમાં પણ એમ છે હો. દિગમ્બર સંતોએ તો અમૃત રેડયા છે. આહાહા! પહેલી શ્રધ્ધામાં તો નક્કી કરે, સમજણમાં પહેલાં નક્કી કરે કે સ્વભાવ સન્મુખ થાય છે ત્યારે ધર્મ થાય છે. વિભાવ સન્મુખમાં તો વિકારની પરચારિત્રની દશા, દુઃખરૂપ દશા, પરિભ્રમણ દશા છે. સમજાણું કાંઈ? ચાહે તો શુભરાગ કરો ચાહે તો અશુભ, બન્ને પરચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! એવું છે જુઓ! ભાઈ! આહાહા! (આવી) વાત સાંભળવા મળતી નથી. પરમ સત્ય હોય તોપણ શું કરે તેને ખબર નથી.

અને એકવાર એકને (કોઈને) આંહીના પુસ્તક મળ્યા. તો એણે આંહીનું વાંચીને એમ કહ્યું, અને સાધુ નામ ધરાવે હવે, ભઈ, અમે તો વ્યવહારમાં પડયા છીએ. શું કરીએ. લે! તારે તારું કરવું છે કે, વ્યવહાર તો અનાદિનો છે. એ વાત તો અનાદિની છે. એ તો કહે છે. અહીંના પુસ્તક દીધા. જુગરાજજી મારવાડી છે ને! મુંબઈમાં નહીં? જુગરાજજી એક છે. પાલી પાસે એક ગામ છે વાવડી. ગૃહસ્થ છે, મારવાડી છે. જુગરાજજી! નહીં આપણે આવે છે. તેની ત્યાં મુંબઈમાં મારકેટ છે. કાપડ મારકેટ-મહાવીર

મારકેટ. હેં? ક્યાં? હા, મહાવીર મારકેટ. અહીં આપણે આવે છે બહુ જ. સ્થાનકવાસી છે. પાકા દિગંબર થઈ ગયા. બહુ જ આસામી પચાસ સાંઈઠ લાખ રૂપિયા. બહુ જ પાકો છે બહુ જ. સ્થાનકવાસી મારવાડી છે હો. ગૃહસ્થ મોટો છે ઘણા પૈસા પચાસ-સાંઈઠ લાખ કહે છે, ગમે તે પચાસ લાખ ઉપર હશે. અહીંયા બહુ રહેતા હતા. પાલી ગયા હતા ને પાલી નહીં મારવાડમાં. પાલી. ત્યાં અમારી સાથે આવ્યા હતા. સ્થાનકવાસી. બગડી બગડી નામ નાનું ગામ. તો તેણે અહીંયાથી પુસ્તક લઈને, કોઈ ભેખધારીને દીધા. તો તેણે વાંચ્યા. વાંચીને કહે અમે તો વ્યવહારમાં પડયા છીએ, શું કરીએ? લે! વ્યવહારમાં પડયા શું? એમ કે આ ક્રિયા કરવી ને વ્રત કરવા, ઢીકણા કરવા ને ધૂળ કરવી. અમે પડયા છીએ અને આ તો એમ કહે છે કે તે ધર્મ નહીં. ભેખ લઈ લીધા ને પછી વ્રતના નામ લઈ લીધા પછી તેનાથી હટવું, તે ભારે કઠણ! ભારે કઠણ! આહાહા!

આંહી તો કહે છે કે **પરિણતિ કરવી છોડીને અત્યંત શુધ્ધ ઉપયોગવાળો હોય છે.** પહેલેથી એમ લીધું છે. જુઓ! એમ નથી કીધું કે પહેલાં પરિણતિને છોડીને શુભ ઉપયોગવાળો થયો છે. પણ શુભ ઉપયોગ તો અનાદિની પરિણતિ કહ્યું. અરે! એની શુધ્ધતા સ્વભાવમાં પડી છે તેનો શુધ્ધ ઉપયોગ થાય તે જ પહેલાં ધર્મ છે. આહાહા! શું કહે?

સમ્યગ્દર્શન પણ શુધ્ધ છે, સમ્યગ્જ્ઞાન પણ શુધ્ધ છે. અને રાગ રહિત પરિણતિ આચરણ પણ શુધ્ધ છે. ત્રણે શુધ્ધ ઉપયોગરૂપ હોય છે. આહાહા! અરે આ વાદ-વિવાદનો વિષય નથી ભગવાન! આ તો હિત કરવું છે તેની વાત છે. ન કરવું હોય તો તે તો અનાદિથી ઝઘડા કરે છે પોતાના વાદ-વિવાદમાં. નહીં આમ થાય છે ને આમ હોય છે. હો. એમ થાવ ભાઈ! થયા કરે.

ભગવાન તો એમ કહે છે. સંતો જગતની પાસે એમ પોકાર કરે છે. ભગવાન! તમે તમારી સામું અનાદિથી નથી જોયું. તમારાથી વિમુખ થઈને તમે જ તમારાથી વિમુખ શત્રુ થયા. અને વિકારી આચરણની પરિણતિમાં તમે પડયા છો તે દુઃખદાયક દશા છે. પરસમય દશા છે. એ પરિણતિની પર્યાયબુધ્ધિ રાગ મારો છે અને પુણ્યથી મને લાભ થાય તે દૃષ્ટિ બુધ્ધિ છે તે છોડી દે. છોડી ને તારા અત્યંત શુધ્ધ ઉપયોગમાં આવી જા. બસ! તેનું નામ ધર્મ છે. છે કે નહીં ત્યાં અંદરમાં. જુઓ! શાસ્ત્રના પહેલાં છે. આ સોનગઢનું નથી કેટલાક કહે છે સોનગઢ યાદ કરે છે. ભગવાન! આ શાસ્ત્ર તો કુંદકુંદઆચાર્યના છે. અને તેની ટીકા અમૃતચંદ્રઆચાર્યની છે. નવસો વર્ષ પહેલાં લખી છે. અર્થ કરે છે અહીંયા. લોકમાં અર્થ કરવામાં બહુ જ ફેર છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો કહે અબુધ્ધિપૂર્વક અને બુધ્ધિપૂર્વક બધા વિચારની રુચિ છોડ પરિણતિ છોડી દે. એમ નથી કે બુધ્ધિપૂર્વક છોડ અને અબુધ્ધિપૂર્વક રહે છે. આહાહા! જુઓ તો ખરા! શૈલી! આહાહા! ભગવાનઆત્મા! હોય એ તો પ્રશ્ન નહીં, દૃષ્ટિમાંથી તો અબુધ્ધિપૂર્વક બધું છૂટી ગયું છે. છૂટી ગયું છે.

વસ્તુ વસ્તુ વસ્તુ! (ઉપયોગ) બદલ્યો. ઉપયોગ શુભાશુભ પરિણતિથી રહિત થયો. તેનં નામ સ્વચારિત્ર છે. એ આત્માની રમણતા ચારિત્ર તે છે. આહાહા! અરે! હજી શ્રદ્ધામાં પણ ખબર નથી. સમજણમાં પણ સત્ય આ છે કે અસત્ય આ છે. એવો ખ્યાલ પણ નથી. અને માની લ્યે કે અમારે ધર્મ થાય છે. ધર્મ કરે છે. સ્વતંત્ર! ભાઈ! જીવન ચાલ્યું જાય છે. સમયે સમયે આયુષ્ય ચાલ્યું જાય છે. સ્થિતિ પૂરી થશે. દેહ છોડીને આત્મા ચાલ્યો જાશે.

કહે છે. એકવાર તમારી હયાતિમાં-હયાતિ મારી આનંદ ને જ્ઞાનના ધામમાં મારી હયાતિ છે. તે તરફનો ઝૂકાવ કરીને રાગની અને પુણ્યની એકતાબુધ્ધિ પરને અનુસાર છે તે છોડી દે. **અત્યંત શુધ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું,** ઓલામાં પોતે ભાવોનું અનેકરૂપપણું ગ્રહણ કર્યું હતું. તેમાં અજ્ઞાનનું પોતે ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હતું. પુણ્ય ને પાપની અનેકતા તે ગ્રહણ કરી હતી. સ્વભાવ સન્મુખ થયો તો **સ્વયં ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે,** આહાહા! શુધ્ધ જ્ઞાનદર્શન સ્વભાવ તેમાં એકાકાર થઈને, તેમાં તો એકરૂપી વીતરાગતા જ ઉત્પન્ન થાય છે. એમ કહે છે. ઓલા શુભમાં અને અશુભમાં તો અનેક પ્રકારની વિચિત્રતા ઉત્પન્ન થતી હતી. સમજાણું કાંઈ? એ કહ્યું ને કે એકરૂપ ત્રિકાળી સ્વભાવ છે, તો એકરૂપતા અંતર જ્યાં સન્મુખ થયો, તો વીતરાગ પર્યાય એકરૂપ જ ઉત્પન્ન થાય છે. તેમાં ભિન્ન ભિન્ન પર્યાય છે નહીં. ભિન્ન ભિન્ન જે શુભ-અશુભ પરિણામ છે તે તો નીકળી ગયા. અને સ્વભાવ સન્મુખમાં, ઓલામાં સ્વયં વિશ્વરૂપતાનું ગ્રહણ કર્યું હતું. અહીંયા સ્વયં એકરૂપતા ગ્રહણ કરી.

વસ્તુ જે અભેદ છે ગુણમાં ગુણી રહ્યો છે. એવી અભેદતા અનાદિથી છે. તે ગુણમાં ગુણી રહ્યો છે, આનંદમાં ગુણી રહ્યો છે, શાંતિમાં આત્મા રહ્યો છે. વીતરાગભાવમાં રહ્યો છે. જ્ઞાન સામાન્ય ચેતનામાં આત્મા રહ્યો છે. વિશેષ ચેતનામાં આત્મા રહ્યો છે. એ તરફનો ઝૂકાવ થવાથી એકરૂપતા વીતરાગતા પ્રગટ થાય છે. એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :- એકરૂપતા યા વીતરાગતા એક જ છે?

ઉત્તર :- એક જ વાત છે. વીતરાગતામાં ભંગ ક્યાં છે? આહાહા! થોડું સમજવું પણ સત્ય હોય તેવું સમજવું.

મુમુક્ષુ :- મહારાજ! એવું છે ને અમે તો કષાયોમાં બેઠા છીએ.

ઉત્તર :- ક્યાં બેઠા છો? બેઠા છો તો આત્મામાં અંદર. આનંદમાં આત્મા રહ્યો છે. એમ કહે છે.

પરનું અનુકરણ કર્યું માટે કષાયમાં રહ્યો છે. પરનું અનુસરણ કર્યું માટે કષાયોમાં રહ્યો છે. હીત કરવું હોય તો હવે પરનું અનુસરણ છોડ. એમ કહે છે. તારો માલ અંદર પડયો છે, તેને સંભાળ! સમજાણું કાંઈ? આહાહા! આનંદ ને જ્ઞાન-ભાન. જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ! કેવળી બોલે એમ. પ્રગટ અનુભવ

આપનો નિર્મળ કરો સો પ્રેમ. ચૈતન્ય પ્રભુ તેરી સંપદા રે તેરા ધામમાં. પણ એ વાત ક્યાં બેસે! કોઈ દિ' વસ્તુ શું છે. અનુમાન ખ્યાલમાં પણ લીધું નહીં. કે આ મહાપદાર્થ છે. આત્મા એટલે સાક્ષાત શક્તિરૂપે પરમાત્મા. આત્મા એટલે સ્વભાવરૂપે પરમાત્મા. આહાહા! 'અપ્પા સો પરમપ્પા' શોભાલાલજી! એ આવે છે આપણે તારણસ્વામીમાં બહુ જ આવે છે. અપ્પા સો પરમપ્પા. પણ ભાષા સમજે નહીં માણસ. પણ આ અર્થ કરનારા કોઈ ન મળે ને. ઠેકાણા વિનાના હોય. આ શેઠીયા જાણે બીડીમાં રોકાઈ ગયા. ઓલા વળી બીજે ક્યાંકમાં. અપ્પા સો પરમપ્પા. આ તો પહેલાંની વાત છે ને. તોપણ એટલા ભાગ્યશાળી (કે અહીં) આવી ગયા. અહીં આવીને રોકાઈ ગયા. સાંભળવાનું શું? શું ચીજ છે. ઓહોહો!

આ તો ભગવાન પરિપૂર્ણ પ્રભુ. પરમઆત્મા પરમઆત્મા એટલે પરમસ્વરૂપ ઉત્કૃષ્ટ સ્વરૂપ સામાન્ય ત્રિકાળ ધ્રુવસ્વરૂપ તેમાં સ્વભાવમાં આત્મા છે. તે તરફનો ઝૂકાવ અશુધ્ધ પરિણતિને છોડીને, અર્થાત્ અશુધ્ધ પરિણતિનો વ્યય થવો અને સ્વભાવ સન્મુખ થઈને વીતરાગી એકરૂપ પર્યાયનું ઉત્પન્ન થવું. ફરીને. સ્પષ્ટ થવું જોઈએ ને એમ કાંઈ ગડબડ ચાલે?

ભગવાનઆત્મા જે પોતાની વસ્તુ અને તેમાં જ્ઞાનદર્શન આનંદ જે કાયમી સ્વભાવ તે ધ્રુવ. હવે કર્મનું અનુસરણ કરવાવાળી પરિણતિ અવસ્થા જે હતી તે છોડી દીધી. છોડી દીધીનો અર્થ : સ્વભાવ જે સન્મુખ છે તેની થયો (તો) એકતારૂપ વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ અને રાગ સાથેની એકતાબુધ્ધિનો નાશ થઈ ગયો. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ સિધ્ધ થયા. સમજાણું કાંઈ? આહા!

ફરીને. જે ભગવાનઆત્મા વસ્તુ છે, પહેલાં દ્રવ્ય અપેક્ષાએ લીધું ને. દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્ય અપેક્ષાએ વસ્તુના સ્વભાવ અપેક્ષાએ શરીર, વાણી, મન એકકોર રાખો. પુણ્ય-પાપના વિકલ્પ પણ એક તરફ. વસ્તુનો સ્વભાવ છે. ભગવાનઆત્માનો સ્વ.....ભાવ પોતાનો ભાવ, નિજભાવ જ્ઞાન ને દર્શન આનંદ આદિ નિજભાવ તેમાં આત્મા છે. તો એ પરમાત્મ સ્વરૂપ જ છે. એમણે પોતાના સ્વભાવનું અનુસરણ અનાદિથી છોડયું છે. તો એ અનાદિથી છોડયું છે તો વીતરાગ પર્યાય ઉત્પાદ થવી જોઈએ તેનો નાશ કરી દીધો. અને અજ્ઞાન પર્યાય ઉત્પન્ન થઈ. તે પરચારિત્ર છે. અને પર પરિણતિને છોડીને વ્યય કરીને સ્વભાવ સન્મુખની દશા ધ્રુવ છે તે ઉપર દૃષ્ટિ કરીને જે પર્યાય ઉત્પન્ન થઈ તે વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ તે ઉત્પન્ન થઈ. અશુધ્ધ પરિણતિનો વ્યય થયો. ધ્રુવપણું કાયમ છે. આરે! સમજાણું કાંઈ?

**શુધ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે,** એમ કહ્યું છે ને ભાઈ પાછું. અત્યંત શુધ્ધ ઉપયોગ એકાકાર જ્ઞાયકમાં જામી ગયો. જ્ઞાયક જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય ત્રણનો ભેદ છોડીને. હવે એક ચૈતન્યમાં જામી ગયો. તો અત્યંત શુધ્ધ ઉપયોગવાળો હોય છે. ત્યારે સ્વયંભાવનું એકરૂપનું ગ્રહણ કર્યું. અહીં દરેકમાં અજ્ઞાનપણું વિકાર પણ તેણે ગ્રહણ કર્યું હતું. કર્મે ગ્રહણ નહોતું કર્યું. આ એકપણું પણ પોતાના પુરુષાર્થથી ગ્રહણ કર્યું. સમજાણું કાંઈ? આહાહા!

આમાં વ્યવહાર પહેલો કરે ને પછી નિશ્ચય આવે તે બધું આંહી તો ઉડાડી દીધું. તે વ્યવહાર તો અશુધ્ધ પરિણતિ છે. અશુધ્ધ પરિણતિનું લક્ષ છોડીને એટલે વ્યય કરીને. એમ એનો અર્થ. લક્ષ છોડીને તેનો અર્થ વ્યય કરીને. વ્યય કરીને તેનો અર્થ લક્ષ છોડીને. સમજાણું કાંઈ? ત્રિકાળી ધ્રુવ ભગવાન ચિદાનંદ પ્રભુ અસ્તિ સત્તાવંત પદાર્થ છે. તે તરફનો ઝૂકાવ કરીને એકપણું ગ્રહણ કર્યું. વીતરાગી પર્યાય પ્રાપ્ત થઈ તો એકપણું થયું. અનેકપણાની અશુધ્ધ પરિણતિનો વ્યય થયો. આહાહા! એ આ ચોથા ગુણસ્થાનથી માંડીને વાત છે. આહાહા! શું થાય!

મુમુક્ષુ :- મૂળ વાત મહારાજ! બધી વાત ચારિત્રની છે.

ઉત્તર :- હા, ચારિત્ર છે. પણ અંશે ચારિત્ર છે ને. સમકિતમાં સ્વરૂપ આચરણ છે ને. સ્વરૂપ આચરણ છે. અંશે બરાબર ચારિત્ર છે ત્યાં આગળ.

જેટલા ગુણ છે તે બધાની ચોથે ગુણસ્થાને વ્યકત પર્યાય થઈ ગઈ છે. નહીંતર દ્રવ્યદષ્ટિ કયાંથી થાશે. દ્રવ્ય જે છે તેમાં જેટલા ગુણ છે તે તરફની એકાગ્રતા થઈ તો જેટલા ગુણ છે તે બધાનો એક અંશ વ્યકત પ્રગટ પરિણમન અનુભવમાં આવી ગયો. આનંદનો અંશ, સ્થિરતાનો અંશ, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ, કર્તાનો અંશ, કર્મનો અંશ. બધાની શકિત અનંત છે ને. 'સર્વ ગુણાંશે સમકિત'. જેટલા ગુણ છે તેની અંશે પ્રગટ અવસ્થા થઈ ગઈ. પૂર્ણ હોય તો તો સર્વજ્ઞ થઈ જાય. સમજાણું કાંઈ?

સ્વરૂપ આચરણ છે સ્વરૂપમાં વિશ્રામ લીધો. એય! ચોથે સ્વરૂપમાં વિશ્રામ લીધો. આહાહા! અશુધ્ધ પરિણતિ તો પરચારિત્ર હતું. હવે ચારિત્ર કહે છે. અહીંયાથી શરૂ થયું. સમજાણું કાંઈ? બધા ગુણોની પ્રગટ પર્યાય એક અંશે થઈ જાય છે.

મુમુક્ષુ :- તો જ્ઞાન?

ઉત્તર :- એ જ્ઞાન આવી ગયું ને. જ્ઞાનનો અંશ પ્રગટ થયો ને. સ્વને પકડવા માટે જ્ઞાનનો અંશ પણ પ્રગટ થયો, શ્રધ્ધાનો અંશ પ્રગટ થયો, આનંદનો અંશ થયો, વીતરાગનો અંશ થયો, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ, અનંતગુણનો અંશ પ્રગટ પર્યાયમાં હોય છે. તેનું નામ એકરૂપતા ગ્રહણ કરી તેમ કહેવામાં આવે છે. ભારે ભાઈ!

આ તો બાળક હોય, સ્ત્રી હોય આઠ વર્ષની તે પણ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. સ્ત્રી પણ પંચમ ગુણસ્થાન પ્રાપ્ત કરી શકે છે. દેહ સ્ત્રીનો હોય આત્મા ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- (ચારિત્ર બાબતમાં) બહુ જ ઝઘડા કરે છે.

ઉત્તર :- બહુ જ ઝઘડા કરે છે. ખબર છે ને. લખાણમાં બહુ જ આવે છે. સ્વરૂપ આચરણ છે નહીં સ્વરૂપ આચરણ છે નહીં. સ્વરૂપ આચરણ ચોથે માને તે આચાર્યને માનતા નથી. મિથ્યાદષ્ટિ છે. એમ લખે છે. શું કરે? મખ્ખનલાલજીને એમાં વિરોધ થઈ ગયો. મખ્ખનલાલજી કહે સ્વરૂપઆચરણ

છે. રતનચંદજી કહે નથી. એ વાંધા તેમાં ને તેમાં. તેના મંડળમાં વાંધા ઊઠયા.

મુમુક્ષુ :- એમાંથી તો બેય જુદાં થઈ ગયા.

ઉત્તર :- આવ્યું હતું. મંડળીમાં પણ વાંધા છે. ગોપાલદાસ કહે છે. શું ગોપાલદાસને? બરૈયા. જૈન સિધ્ધાંત પ્રવેશિકાના. સ્વરૂપ આચરણ છે. ચોથે થાય છે. આ કહે નહીં. રતનચંદજી કહે નહીં. ફેરવી નાખો. વળી એક જણે એમ કહ્યું કાઢી નાખો. એ વળી બીજાએ કહ્યું. આવા ને આવા. કાંઈ કાઢીને નાખી દેવાય છે?

એવા જ સંયતના શબ્દો ઊઠયા હતા ને. સંયતના નહીં? બહુ જ ચર્ચા થઈ હતી. જુવારીમલજી! સંયતનો શબ્દ ઊઠયો હતો નહીં? સંયત કાઢી નાખો. હા, સંયત શબ્દ. કાઢી નાખો. ન કઢાય. તે ભગવાનનું કથન છે. તે યથાર્થ છે. ન કઢાય.

મુમુક્ષુ :- તોપણ કાઢયા.

ઉત્તર :- કાઢી નાખ્યું. ન કઢાય. સંયત ત્યાં દ્રવ્ય ચારિત્ર છે. અજ્ઞાનીને સંયત છે. મૂળ સંયતપણું છે નહીં. આહાહા! શું થાય? તત્ત્વનો અભ્યાસ રહ્યો નહીં. અને માથે જે કહેવાવાળા મળે તર્કથી તો તે માની લે.

આંહી કહે છે. ભગવાનઆત્મા જેમ પરની દૃષ્ટિ છોડીને ગુલાંટ ખાય છે. સ્વની દૃષ્ટિ કરે છે. તો તેમાં અત્યંત શુધ્ધ ઉપયોગ થાય છે. અને તેમાં એકપણાનું ગ્રહણ થાય છે. અર્થાત વીતરાગ પર્યાયની પ્રાપ્તિ થાય છે. તેમાં રાગની અનેકતાનો નાશ થાય છે. વીતરાગની એકપણે પ્રાપ્તિ ચોથેથી અંશે, પાંચમે મુનિને વિશેષ. મુનિ દશાને વિશેષ-અહીં મુખ્યતા મુનિની છે ને. મુનિ કહેવાવાળા છે ને છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને. ઓહોહો! ચારિત્ર અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

ભલે અસંયત કહ્યું. વસ્તુના સંવર સ્થિરતા જે પાંચમે-છઠ્ઠે છે તે અપેક્ષાથી. પણ સ્વરૂપણ આચરણ તો ત્યાં બરાબર છે. અનંતાનુબંધીનો અભાવ થયો તો થયું શું? અનંતાનુબંધી તો ચારિત્રનો દોષ હતો. તેનો અભાવ થયો તો કાંઈક ચારિત્રનો અંશ આવ્યો કે નહીં? તેને સંયમ કહેવામાં આવે તેવું ચારિત્ર નહીં. હેં? હં..... પણ તકરારનો વિષય નથી. ભગવાન! જેવી દૃષ્ટિ થઈ ત્યાં તત્ત્વ શુધ્ધ અખંડ અભેદ છે. તો તેની સાથે થોડી એકાગ્રતા થયા વિના થઈ? તો એકાગ્રતા થઈ તે સ્વરૂપ આચરણ છે. આહાહા! પણ .......શું મૂળ તત્ત્વની વાત જ ફેરફાર થઈ ગઈ. બસ ક્રિયાકાંડ. આ કરો ને આ મુકયું ને આ લીધા ને તેમાં મુનિપણા ને આ શ્રાવકને. એ બિચારા જુઓ ને! આહાહા!

કારણોથી **તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે.** જુઓ! હવે આમાં તકરાર કરે છે કે નિયત એટલે ક્રમબદ્ધ અને અનિયત એટલે અક્રમબદ્ધ. અહીં ક્રમબદ્ધ-અક્રમબદ્ધની વ્યાખ્યા જ નથી. આ રતનચંદજી, શું કહેવાય? લાલબહાદુર! બધા અર્થમાં કાઢે છે વિરોધ. આંહી તો નિયત અનિયતનો અર્થ.

સ્વભાવથી વિરૂધ્ધ વિભાવને અનિયત કહ્યું છે. અને સ્વભાવથી અનુકૂળ જો સ્વભાવ ઉત્પન્ન થાય તેને નિયત કહ્યું છે. બસ. આ વાત છે અહીંયા. સમજાણું કાંઇ? પત્રોમાં બહુ જ વિરોધ આવે છે. આ ગાથા લઇને. આંહીનો વિરોધ કરવા માટે. આંહીનો વિરોધ નથી પોતે પોતાનો વિરોધ કરે છે.

આંહી તો એકાંતવાદ! જુઆરીમલ્લ કહે છે એકાંતવાદ છે. અરે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા ઘરમાં એકાંતપણે ઘુસ્યા વગર અને રાગથી ખસ્યા વગર તને શાંતિ નહીં મળે. સમ્યગ્દર્શન નહીં થાય. એકાંત છે, સમ્યક્ એકાંત છે. આહાહા! અંતરમાં સમ્યક્ એકાંતને ઝૂકયા વગર પર્યાયનું અનેકપણાનું જ્ઞાન યથાર્થ થતું નથી. આહાહા!

કહે છે કે એકપણું વસ્તુ એકરૂપ સ્વભાવ છે. તેમાં એકાગ્ર થવાથી એકરૂપ પર્યાય અરાગી વીતરાગી નિર્દોષ શુધ્ધઉપયોગની પર્યાય પ્રગટ થાય છે. જે નિયતગુણપર્યાયપણું હોય છે. જુઓ! નિયત=નિશ્ચિત, એકરૂપ, અમુક, એક જ પ્રકારના. એક જ પ્રકારની વીતરાગી પર્યાય થઇ. આહાહા! આ તેનું નામ ધર્મ. તેનું નામ સ્વસમય ને તેનું નામ સ્વચારિત્ર. મુખ્ય વાત મુનિપણાની છે. **જે નિયતગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.** તે પોતાના નિજસ્વરૂપનું ચારિત્ર તેને કહેવામાં આવે છે. આહાહા! હજી તેનો ખ્યાલ પણ નથી સ્વચારિત્ર કોણ, પરચારિત્ર કોણ.

મુમુક્ષુ :- અનાદિકાળથી તેને જમાવ્યું છે તે નીકાળવા લાયક છે.

ઉત્તર :- પણ નીકાળવાને લાયક છે તે પરચારિત્ર છે અને સ્વચારિત્ર આંહી તેટલું નક્કી કરવું પણ તેને ઠીક પડતું નથી. હાય! હાય! વ્યવહાર ચાલ્યો જાશે તો? પણ વ્યવહાર ચાલ્યો જાય શું, નાશ થશે. સાંભળને. આહાહા!

શુભભાવની પરિણતિ તે વ્યવહાર પરિણતિ છે, પરચારિત્રની પરિણતિ છે. શુભભાવમાં ચારિત્રનો અંશ બિલકુલ નથી. આહાહા! આટલી સ્પષ્ટ વાત! કુંદકુંદઆચાર્ય. સ્વસમય સ્વચારિત્ર છે. લ્યો! તેનું નામ સ્વચારિત્ર છે. પોતામાં રમવું, શુધ્ધ સ્વભાવમાં લીન વીતરાગી પર્યાય થવી તેનું નામ સ્વચારિત્ર છે. પંચમહાવ્રત આદિના વિકલ્પ તે સ્વચારિત્ર છે નહીં. આંહી તો પંચમહાવ્રત સિવાય ચારિત્ર જ નહીં. એ ચારિત્ર છે બસ જાઓ. સ્વચારિત્ર તો કયાંય પડયું રહ્યું. પરચારિત્ર તે સ્વચારિત્ર. પરિણતિ બદલે. પરતરફની હોય તે સ્વ તરફ થાય, ત્યારે ધર્મ થાય છે તે વાત છે. આહાહા!

**હવે, ખરેખર જો કોઇ પણ પ્રકારે,** હવે વાસ્તવમાં જો કોઇ પણ પુરુષાર્થથી **સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ કરીને,** આહાહા! **જીવ પરસમયને છોડીને સ્વસમયને ગ્રહણ કરે છે.** હવે તેનું ફળ બતાવે છે. અનાદિથી કર્મના નિમિત્તનું અનુસરણ કરીને જે અશુધ્ધ પરિણતિ થઇ તે પરચારિત્ર થયું તે બંધનું કારણ છે, તે બતાવે છે. અને ભગવાનઆત્મા **કોઈપણ પ્રકારે** મહાપુરુષાર્થ કરીને સ્વભાવ સન્મુખ થઇને પહેલે દરજ્જે રાગાદિ પરની પરિણતિ તરફનું લક્ષ, આશ્રય છોડીને ભગવાન સ્વભાવ ઉપર

આશ્રય કરીને **સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ કરીને.** સ્વરૂપ તો હતું તે પર્યાયમાં પ્રગટ થયું. હું જ્ઞાન ને આનંદ છું. એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને **જીવ પરસમયને છોડીને,** જુઓ! રાગની પરિણતિ-અવસ્થાને છોડીને **સ્વસમયને ગ્રહણ કરે છે.**

ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવ તેમાં લીનતા પ્રગટ કરે છે તે સ્વસમય ગ્રહણ કરે છે. ગ્રહણ ગ્રહણ પુરુષાર્થ લ્યે છે. **તો કર્મબંધથી અવશ્ય છૂટે છે**. તે સ્વચારિત્ર છે, તે જ મોક્ષનું કારણ છે. ચોપનમાં પહેલેથી લીધું હતું ને. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. તે તેનું સ્પષ્ટ કર્યું. ચોપન ગાથામાં પહેલો શબ્દ હતો. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર મોક્ષમાર્ગ છે. તે આ નક્કી કરી દીધું. એવો સ્વભાવ વીતરાગી પર્યાય જો સ્વસમય કહે છે, સ્વચારિત્ર કહે છે. તે કર્મબંધથી અવશ્ય છૂટે છે. કર્મબંધ છૂટવાનો તે જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહીં. સમજાણું કાંઈ?

**જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે)** એ કારણે ખરેખર એમ નિર્ણય થાય છે કે **જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.** સરવાળો લીધો. તે ચોપનમાં પહેલાં કહ્યું હતું. જીવસ્વભાવમાં-ભગવાનઆત્મા તેનો જે સ્વ-ભાવ જ્ઞાન ને દર્શન ત્રિકાળી તેમાં જે નિયત ચારિત્ર નિશ્ચય લીન થવું, સ્વભાવમાં એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. આ મોક્ષનો માર્ગ. બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહીં. આમાં વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ બે માર્ગ કહ્યા જ નથી. આ એક માત્ર છે. સમજાણું કાંઈ? પછી વ્યવહાર કહેશે. આગળ **धम्मादि** જાણવા માટે. કહેશે આગળ **धम्मादि सद्दहण** પણ તે તો જાણવા માટે બીજી ચીજ છે વિકલ્પ તે કયા પ્રકારનો હોય છે તે જાણવા માટે વ્યવહાર કહે છે. પણ મોક્ષમાર્ગ તે નહીં. મોક્ષમાર્ગ તો આ એક જ છે. સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૫૬

जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं ।
सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो ।। १५६ ।।

यः परद्रव्ये शुभमशुभं रागेण करोति यदि भावम् ।
स स्वकचरित्रभ्रष्टः परचरितचरो भवति जीवः ।। १५६ ।।

परचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत् ।

यो हि मोहनीयोदयानुवृत्तिवशाद्रज्यमानोपयोगः सन् परद्रव्ये शुभमशुभं वा भावमादधाति, स स्वकचरित्रभ्रष्टः परचरित्रचर इत्युपगीयते, यतो हि स्वद्रव्ये शुद्धोपयोगवृत्तिः स्वचरितं, परद्रव्ये सोपरागोपयोगवृत्तिः परचरितमिति ।। १५६ ।।

---

**જે રાગથી પરદ્રવ્યમાં કરતો શુભાશુભ ભાવને,**

**તે સ્વકચરિત્રથી ભ્રષ્ટ, પરચારિત્ર આચરનાર છે. ૧૫૬.**

**અન્વયાર્થ :- (यः) જે (रागेण) રાગથી (-રંજિત અર્થાત્ મલિન ઉપયોગથી) (परद्रव्ये) પરદ્રવ્યને વિષે (शुभम् अशुभम् भावम्) શુભ કે અશુભ ભાવ (यदि करोति) કરે છે, (सः जीवः) તે જીવ (स्वकचरित्रभ्रष्टः) સ્વચારિત્ર ભ્રષ્ટ એવો (परचरितचरः भवति) પરચારિત્રનો આચરનાર છે.**

**ટીકા :- આ, પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.**

**જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્ (અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે) રંજિત-ઉપયોગવાળો (ઉપરકત ઉપયોગવાળો) વર્તતો થકો, પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે; કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુભ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે [1]સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે. ૧૫૬.**

---

## ગાથા-૧૫૬ ઉપર પ્રવચન

હવે એકસો છપ્પન. (૧૫૬)

**जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं ।**

**सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो ।। १५६ ।।**

આહાહા! આવા સ્વરૂપ ચારિત્રથી ભ્રષ્ટ છે. અને એકલા રાગમાં આચરણ કરે છે તે પરચારિત્ર છે. પંચમહાવ્રતના પરિણામ આત્માના સ્વરૂપની સ્થિરતાને છોડીને, આ પંચમહાવ્રતના પરિણામ છે તો સ્વચારિત્રથી ભ્રષ્ટ છે અને પરચારિત્ર છે. એમ કહે છે. આહા!

આ તો ખુલ્લું કરે નહીં તો તે વિના સમજાય શી રાતે? મહાવ્રત એ પરચારિત્ર છે એમ ખુલ્લું કર્યા વિના તેને ખ્યાલમાં કેમ આવશે? એમ ને એમ અનાદિથી હાંક્યું જગત હાંકે છે. આહાહા! **આ પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે**. પરચારિત્ર નામ રાગમાં આચરણ કરવાવાળા. સ્વભાવની શુદ્ધિનું આચરણ છોડીને એકલા વિકલ્પનું આચરણ કરવાવાળા. **પ્રવર્તનારના,** અહીંયા

---

*૧. સોપરાગ = ઉપરાગયુક્ત; ઉપરકત; મલિન; વિકારી; અશુદ્ધ, (ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે.)*

પ્રવર્તન પોતે પુરુષાર્થથી કરે છે હોં. તેના સ્વરૂપનું કથન છે. લ્યો! તેનું વિશેષ આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૬૭, ગાથાઃ- ૧૫૫-૧૫૬
## વૈશાખ સુદ-૧૧, રવિવાર, તા :- ૧૭-૫-૧૯૭૦

૧૫૫ ગાથા તેની છેલ્લી લીટીઓ. એકસો પંચાવનની છેલ્લી ત્રણ લીટીઓ. **હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાન જયોતિ પ્રગટ કરીને,** જુઓ! પહેલાં સમ્યગ્દર્શન ને જ્ઞાન લીધું. પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાન લીધું. કોઈ પણ રીતે પુરુષાર્થ કરીને પોતાના જ્ઞાનસ્વભાવ ચૈતન્યબિંબ સૂર્ય. રાગથી પૃથક છે એવા સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રગટ કરીને, આ કરવાની ક્રિયા. હેં? પહેલાં આ. શું કહે છે?

**કોઈ પણ પ્રકારે, પો**તાના જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય. સ્વસમ્યગ્જ્ઞાન સ્વભાવ તેની દૃષ્ટિ કરીને પર્યાયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને. એમ લીધું છે. તો સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તો સમ્યગ્દર્શન પણ સાથે છે. ચૈતન્ય જ્ઞાયકભાવ પરમબ્રહ્મ આનંદમૂર્તિ પ્રભુ તેનું કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને, સ્વજ્ઞેયને અંતર પ્રગટ કરીને દૃષ્ટિમાં લેવું તો તે પોતાની પર્યાયમાં, જ્ઞાનમાં સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થાય છે. તેમાં આવ્યું કે આખો આત્મા આનંદ ને જ્ઞાનમય છે. એવી પ્રતીતિ અને તેવું જ્ઞાન પ્રગટ કરીને. આ શરૂઆત પહેલી વાત છે. સમજાણું કાંઈ?

**જીવ પરસમયને છોડીને,** પછી ચારિત્રની વાત આવી. આહાહા! ભગવાનઆત્મા ચૈતન્યબિંબ જ્ઞાનનું નુર પ્રકાશ પૂર. તેની અંતરદૃષ્ટિ કરીને બહિરનું વલણ છોડીને અંતર સ્વભાવ સન્મુખથી પુરુષાર્થથી **સમ્યગ્જ્ઞાનજયોતિ પ્રગટ કરીને,** જુઓ! ચારિત્ર અધિકારમાં આવે છે ને. ચરણાનુયોગ પ્રવચનસાર. માં-બાપ પાસે આજ્ઞા માગે છે. મને સમ્યગ્જ્ઞાનજયોતિ પ્રગટ થઈ છે. માતા! હવે હઠ છોડી દે. મને રજા દે. પ્રવચનસાર ચરણાનુયોગમાં આવે છે. આહાહા! છોડી દે. અમારે સમ્યગ્જ્ઞાન ચૈતન્યમૂર્તિ જે અનાદિથી પુણ્ય ને પાપના મિથ્યાત્વરૂપભાવ પ્રગટ હતા તેને મેં નાશ કરી દીધાં અને પોતાની ચૈતન્ય જયોતિ જ્ઞાનસ્વભાવ જે શક્તિ ને સત્વ ને સ્વભાવરૂપ હતા તે અમને પર્યાયમાં પ્રગટ થયા.

હું જ્ઞાન છું, આનંદ છું. હું તો તે ચીજ છું. મારામાં કયારેય વ્યવહારના વિકલ્પનું તન્મયપણું વસ્તુના સ્વરૂપમાં છે જ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? આખો સંસાર મનથી વિકલ્પથી માંડીને,

મારા જ્ઞાનસ્વભાવમાં તન્મય, તદ્રૂપ, એકરૂપ છે જ નહીં. આહાહા! એવો પોતાનો નિજ સ્વભાવ અંતરમુખ થઈને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને, જુઓ! ચારિત્રની દશામાં પહેલાં આ કરીને કહ્યું. સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ નથી તને ચારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોથા કાળની વાત છે?

ઉત્તર :- ચોથા કાળની વાત છે? પૂછો નેમીચંદજીને. આ પંચમઆરા માટે બનાવ્યું છે કે ચોથા આરા માટે બનાવ્યું છે? આ કુંદકુંદઆચાર્ય પંચમઆરાના સાધુ હતા. અને પંચમઆરા માટે બનાવ્યું છે. કોઈ કહે ભઈ આ તો વાત ચોથા આરાની છે. કોઈ એમ કહેતા હતા. અરે ભગવાન! આરા ફારા આત્મામાં કેવા? એ તો ચૈતન્ય જ્યોત સ્વયં ઝળહળ જ્યોતિ ભગવાન ચૈતન્યનું નૂરનું પૂર ભરેલું પડયું છે. શું કરે?

અંતર્મુખ થઈને સ્વભાવને પર્યાયમાં પ્રગટ કરવો. તે જ પહેલી શરૂઆતની ચીજ છે. સમજાણું કાંઈ? જુઓ શું કરવું? એય! ગોવિંદભાઈ! એ એક ફેરે પૂછતા હતા. રાત્રીના એકવાર પૂછતા હતા ને. આ કરવું. આહાહા!

શ્રીમદ્‌માં આવે છે ને. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજયો બોધ જે'. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજયો બોધ જે'. 'અપૂર્વ અવસર'માં આવે છે. શેઠીયા આવ્યા નથી. આ તડકા છે ને. એને મીઠાલાલને એ અપૂર્વ અવસર વહાલું છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજયો બોધ જે. દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો', દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો. આ આનું નામ સમ્યગ્જ્ઞાન. દેહ શબ્દે શરીર વિકલ્પ રાગ તે બધા દેહ. આહાહા! તેનાથી ભગવાનઆત્મા ચૈતન્યનું નૂર પ્રકાશનું પૂર છે. ચૈતન્યના પ્રકાશનું પૂર છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્જ્ઞાન જ્યોતિ શક્તિરૂપ છે. તે પર્યાયમાં અવસ્થામાં પ્રગટ થાય છે. પહેલી કરવા લાયક ચીજ આ છે. કહો, પંડિતજી! આહાહા! પછી પરસમયને છોડીને, પછી શુભ ને અશુભ વિકલ્પ જે રાગ છે તે પરસમય છે. અનાત્મા છે. આત્માની તે ચીજ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**જીવ પરસમયને છોડીને,** શુભ-અશુભ વિકલ્પ જે વિભાવભાવ છે તે પરસમય છે. તેને છોડીને તે નાસ્તિથી વાત કરી છે. પણ સમ્યગ્જ્ઞાન અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને પ્રગટ થયું તેવા તે જ્ઞાનસ્વભાવમાં સ્થિર ઉગ્રપણે થયો તો શુભાશુભ પરિણામ પરસમય છૂટી ગયા. સમજાણું કાંઈ? કથન પધ્ધતિ તો શાસ્ત્ર ભાષા જે હોય છે તે હોય છે ને. પરસમયને છોડીને, તેનો અર્થ કે જેણે સ્વરૂપ શુધ્ધ ચૈતન્ય ભગવાન એવો અનુભવ જ્ઞાનમાં આવ્યો છે, તે સ્વભાવ સન્મુખ થઈને સ્થિરતા, દૃઢતા, લીનતા કરે છે તો તે શુભ-અશુભ પરસમય છે તે ઉત્પન્ન થતાં નથી. તેને છોડીને તેમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- પરસમય છૂટી જાય છે એમ લખવું હતું?

ઉત્તર :- છૂટી જાય છે એમ જ લખ્યું છે. લખવાની ભાષા કેમ કરે? વ્યવહાર ભાષા જ એવી છે. વ્યભિચારિણી ભાષા. ચૈતન્યની વાત કરવી, જડથી કહેવું. આહાહા! આ (શરીર) જડ, ભગવાન ચૈતન્ય. જડને કાંઈ ખબર જ નથી કે કોણ ચૈતન્ય છે. એ વાણી દ્વારા કથનની પદ્ધતિ તો જે હોય તેવા પ્રકારે આવે છે. એવી વાત છે.

કહે છે, ભાઈ! ભગવાન પ્રભુ! તારો સ્વભાવ તો એકલો જ્ઞાન ને આનંદ છે ને. એ અંતરમુખ થઈને જેવો છે તેવો પર્યાયમાં, અવસ્થામાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પ્રગટ કરીને પછી, પછી ચારિત્ર આવે છે. એમ કહે છે. આ તો કહે લઈ લ્યો ચારિત્ર. પણ કેવું ચારિત્ર? અને પછી પણ સમ્યગ્દર્શન, જ્ઞાન થયું તોપણ તરત જ ચારિત્ર આવે, એમ ક્યાં છે? સમજાણું કાંઈ? ઋષભદેવભગવાન લ્યો! ૮૩ લાખ પૂર્વ, ચારિત્ર ન આવ્યું. એટલી પુરુષાર્થની તૈયારી ન હતી. ૮૩ લાખ પૂર્વ. ૮૩ લાખ પૂર્વ કોને કહે છે? એક પૂર્વમાં સીતેર લાખ ને છપ્પન હજાર કરોડ વર્ષ. એક પૂર્વમાં એટલા. ૮૩ લાખ પૂર્વ. એક હજાર પૂર્વ અને લાખ પૂર્વ એમ નહીં. ૮૩ લાખ પૂર્વ. ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ચોથે ગુણસ્થાને રહ્યા. કે ભલે પંચમ ગુણસ્થાને રહ્યા ભલે આઠ વર્ષે લેતાં હોય. ચારિત્ર ન આવ્યું. તો શું ચારિત્ર ન આવ્યું તો સમકિતી નથી? તો સમકિત હોય તો તરત ચારિત્ર આવી જાય એમ પણ છે? હેં?

મુમુક્ષુ :- દેશવ્રત ચારિત્ર.

ઉત્તર :- દેશવ્રત ચારિત્ર આઠ વર્ષે લ્યે છે. આઠમે વર્ષે. પણ મુનિપણાનું ચારિત્ર નથી થઈ જાતું. લાખો કરોડો અબજો વર્ષ ચાલ્યા ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાંતિ કુંથુ, અરનાથ ચક્રવર્તી કામદેવ હતા?

ઉત્તર :- હો! છન્નું હજાર સ્ત્રી હતી તો શું? ક્ષાયિક સમકિત હતા. મતિ, શ્રુત, અવધિ ત્રણ જ્ઞાન હતા. તોપણ લાખો વર્ષ પછી ચારિત્ર. પણ આંહી સમજણમાં તો તે ચીજ બતાવે છે ને. સમ્યગ્દર્શન, જ્ઞાન થયું તો ચારિત્ર જે સ્વરૂપનું ઉગ્ર આચરણ છે તે તરત જ આવશે એમ નથી. તેમાં આવ્યું ને ભાઈ! અત્યંત શુધ્ધ ઉપયોગની, ત્યાં ચારિત્ર લીધું ને. મુનિની વાત લીધી છે. અત્યંત શુધ્ધ ઉપયોગ કાલ આવ્યું હતું. સમકિતીમાં અત્યંત શુધ્ધ ઉપયોગ નથી. પેલી બાજુ તે લીટી છે. અત્યંત શુધ્ધ-ઉપયોગવાળો હોય છે. છે ધન્નાલાલજી? ક્યાં? તે અત્યંત શુધ્ધ-ઉપયોગ મુનિની દશાની વાત છે.

અંદર એટલી શુદ્ધ-ઉપયોગની રમણતા થઈ કે શુભ વિકલ્પનો અંશ જેમાં નથી. એટલી રમણતાનો ભાવ મુનિપણાનું ચારિત્ર કહેવામાં આવે છે. એવી વાત છે. આહાહા! મુનિપણું એટલે પરમેશ્વર પદ. બાપા!

મુમુક્ષુ :- તીર્થંકર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોય કે ક્ષયોપશમ પણ હોય?

ઉત્તર :- થઈને પણ, થાય છે. ના કોઈકને ક્ષાયિક ન થાય. બધાને નહીં પણ કોઈકને નહીં પણ

ઘણાને હોય છે. બધાને ક્ષાયિક થતું નથી. કારણ કે ત્રીજી નરકમાંથી તીર્થંકર નીકળે છે તેને ક્ષાયિક નથી હોતું. ક્ષયોપશમ લઈને આવે છે. પછી આ ભવમાં ક્ષાયિક થાય છે. પણ ઘણા તો ક્ષાયિક જ છે.

આ શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એ બધા ક્ષાયિક સમકિતી છે. ત્રષભદેવભગવાન ક્ષાયિક સમકિતી છે. સમજાણું કાંઈ? આ તો એક ન્યાય બાકી રહી ગયો ને. સમકિતી ત્રીજી નરકમાં જાય છે તીર્થંકર ગોત્ર બંધાણું હોય. સમકિતી છે, અનુભવ છે. ક્ષાયિક સમકિત પહેલાં હજી નથી આવ્યું પણ ક્ષયોપશમ છે. પછી તીર્થંકર ગોત્ર બંધાણું છે. નરકનું આયુષ્ય પહેલાં બંધાઈ ગયું. ત્રીજી નરકમાં જાય છે. ભગવાન કહે છે ત્રીજી નરકમાં જાય છે ત્યાં તો અંદર મિથ્યાત્વી થઈને પહેલાં રહે છે. પછી સમકિત આવી જાય છે.

મુમુક્ષુ :- ગયા પછી (સમકિત) થાય છે કે લઈને જાય છે?

ઉત્તર :- સમકિત લઈને જાય છે. પણ તીર્થંકર તો અહીંથી બને છે. હા, બની ગયા. સમકિતી છે પણ ત્યાં મિથ્યાત્વ થઈ ગયું. ગયા તો મિથ્યાત્વ થઈ ગયું. હા, હા, છૂટી ગયું. ત્રીજી નર્કમાં સમકિત સહિત જઈ શકતા નથી. એ એવી સ્થિતિ છે.

આંહી તો બીજું કહેવું છે. તે ક્ષયોપશમ સમકિત લઈને નીકળે છે. શ્રેણિકરાજા ક્ષાયિક સમકિત લઈને પહેલી નરકમાં ગયા. તો તે આવતી ચોવીસીમાં પહેલાં તીર્થંકર થશે. તો ક્ષાયિક સમકિત તો ત્રણ જ્ઞાન લઈને નીકળશે. પ્રથમ તીર્થંકર થશે. પણ ત્રીજી નરકનો જો નારકી છે તો ક્ષયોપશમ સમકિત લઈને નીકળશે. તે પણ તીર્થંકર થશે. તો ત્યાં પછી ક્ષાયિક થાય છે. તો પોતે તેને કોઈ શ્રુત કેવળી કે કેવળીની જરૂર નહીં. એ તો પોતામાં જ્યારે મુનિપણું ને ચારિત્ર આવ્યું તો પોતે શ્રુતકેવળી થઈ ગયા. ત્યારે તેને ક્ષાયિક સમકિત થાય છે. કોઈ તીર્થંકર ક્ષયોપશમ લઈને પણ આવે છે. બધા ક્ષાયિક લઈને આવે છે. પણ આપણે દૃષ્ટાંત તો આ લીધું ને. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, ઋષભદેવ તે ક્ષાયિક સમકિત લઈને આવ્યા અને અબજો વર્ષ ચારિત્ર ન આવ્યું. અબજો વર્ષ! કેટલા અબજો? સીંતેર લાખ (કરોડ) વર્ષ! છપ્પન હજાર કરોડ વર્ષનું તો એક પૂર્વ. એવા એવા ૮૩ લાખ પૂર્વ. ઋષભદેવ ભગવાનને. પછી આવી નીલાંજના. નીલાંજનાદેવી નાચતી હતી ને દેહ છૂટી ગયો. (ઋષભદેવભગવાનને) ખ્યાલ આવી ગયો, આોહો! એકદમ જાતિ સ્મરણ થયું. ઓહો! ત્રણ જ્ઞાન તો હતા. જાતિ સ્મરણ ખ્યાલમાં આવ્યું અને પ્રત્યક્ષ ભવને જોયા, ઓહો! એકદમ વૈરાગ્ય થઈ ગયો. ચારિત્ર આવ્યું. પછી એક લાખ પૂર્વ બાકી રહ્યું હતું અને ચારિત્ર લીધું. માટે કોઈ કહે સમકિત હોય તો ચારિત્ર લ્યે તો સમકિત રહે છે. એમ છે નહીં. લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે તેની કિંમત નહીં ને આ લઈ લ્યો, આ લઈ લ્યો. પણ શું લ્યે? કોઈ ચીજ બહારથી આવે છે?

આંહી તો કહે છે. **સમ્યગ્જ્ઞાન જયોતિ પ્રગટ કરીને પણ જીવ પરસમયને છોડીને,** એ

રાગનો વિકલ્પ જે છે તે પરસમય છે, વિભાવ છે, અનાત્મા છે. **છોડીને સ્વસમયને ગ્રહણ કરે છે.** જુઓ! અંદર સ્વસમય ભગવાનઆત્મા તેને ગ્રહણ કરીને, પર્યાયમાં હો. પર્યાયમાં શુધ્ધતાનું ગ્રહણ થયું. અશુધ્ધતાનો નાશ કરીને શુધ્ધતાનું ગ્રહણ કર્યું. તેનું નામ ચારિત્ર સ્વસમય કહેવામાં આવે છે. આહાહા! દરેક વ્યાખ્યામાં ફેર કરે ને પછી પોતાની દષ્ટિથી ભગવાન ઉપર ખતાવે. ભગવાન એમ કહે છે, ભગવાન એમ કહે છે. **કર્મબંધથી અવશ્ય છૂટે છે.** જુઓ! આમ **સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે.**

ભગવાનઆત્મા! અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી રાગના વિકલ્પને છોડીને નિર્વિકલ્પ શાંતિને પ્રગટ કરે છે, ગ્રહણ કરે છે તો નિર્વિકલ્પ શાંતિ દ્વારા કર્મબંધથી અવશ્ય છૂટે છે. એ કર્મબંધન છૂટવાનો ઉપાય તે ચારિત્ર છે. સમજાણું કાંઈ? કર્મબંધથી જરૂર છૂટે છે. એ સ્વસમયમાં રમણતા તે જ કર્મબંધન છૂટવાનો ઉપાય છે. કોઈ અપવાસ બપવાસ કર્યા ને આમ કરી નાખ્યું માટે કર્મબંધ છૂટે છે. એમ છે નહીં. પ્રકાશદાસજી! છે? જુઓ! તેમાં. આહાહા! ના સાચું છે. એ તો કહે છે ત્યાં આંહીનું સાંભળે છે. આત્મધર્મ વાંચે છે કેટલાક. આ આપણામાં મહારાજ હતા. સ્થાનકવાસી એમ કહે અમારા મહાત્મા હતા. ઓલું આત્મધર્મ વાંચે ને. (બીજા) મહારાજ ખાનગી બહુ જ વાંચે આત્મધર્મ. બહારમાં સંપ્રદાયમાં ડર લાગે. હા ભઈ, એ તો કાઠીયાવાડમાં અમારામાં મોટા મહારાજ હતા. કાઠીયાવાડમાં અમને તો કોહીનુર કહેતા હતા. સ્થાનકવાસી સાધુમાં કાઠીયાવાડી કોહીનુર. લોકો ત્યાં વાત કરતા હતા. સાધુ કહે છે ને તે. કબીરદાસનો છે. તેની સાથે અમે બહુ રહેતા હતા. હમણા ત્રણ મહિના ત્યાં રહ્યા ને. કહે ને. લોકો વાત કરતા હતા. (આત્મધર્મ) વાંચે છે. પણ આ વાતમાં અંદર આવવું કઠણ પડે. સંપ્રદાય છોડવો. આહાહા! એ પકડી રાખ્યો છે ને. તેણે પકડયો છે ને. સંપ્રદાય કયાં પકડે છે.

અમને એટલા વર્ષ થયા. ચાલીસ-પચાસ વર્ષ. શું કરવું? માર્ગ તો બીજો છે. વ્યવહારને વિકલ્પને છોડે તો સ્થિરતા આવે છે. ત્યારે સમ્યગ્દર્શન પછી ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શનની ખબર નહીં. યથાર્થ દેવ-ગુરુ-શાસ્ત્રની પણ ખબર નથી. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે ને. ભાઈ! ઓલા ક્રમમાં. પહેલાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા કરવી તે ક્રમ છે. પછી નવતત્ત્વની શ્રધ્ધા કરવી પછી સ્વ-પરની શ્રધ્ધા કરવી પછી સ્વની શ્રધ્ધા કરવી એમ ક્રમ છે. એવા ક્રમને છોડીને એમ એકદમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા વિના ચારિત્ર થઈ જાય અને સમકિત થાય છે. એ તો મતિની ચતુરાઈની મુર્ખાઈ છે. તેમાં લખ્યું છે હો. હેં? લખ્યું છે. તે લખ્યું છે કેટલામાં? નવમા. નવમા અધ્યાયમાં છે. સમજાણું કાંઈ? હા, એ. નવમામાં છે હો. અંદર કયાંક છે ખરું. દુનિયાને રાજી કરવાનું છે. હં.... જુઓ. ત્રણસો ઓગણત્રીસમાં પાને છે.

કહે છે. એટલું વિશેષ છે પહેલાં તો દેવાદિનું શ્રધ્ધાન હોય છે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા

શાસ્ત્રની શ્રધ્ધા. તે તો વ્યવહાર-વિકલ્પ પણ તે શ્રધ્ધા હોય છે. પછી તત્ત્વનો વિચાર હોય છે. પહેલાં તો સાચા દેવ કોણ, ગુરુ કોણ, શાસ્ત્ર કોણ તે ખબર નહીં અને પાધરું સમ્યગ્દર્શન થઈ જાય તત્ત્વમાં એમ હોતું જ નથી. એમ કહે છે. અનુક્રમ એમ છે. અને પછી તત્ત્વનો વિચાર હોય છે. અને પછી સ્વ-પરનું ચિંતવન કરે છે. અને પછી કેવળ આત્માનું ચિંતવન કરે છે. એમ અનુક્રમથી સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગને પામી કોઈ જીવ સિધ્ધપદને પામે.

એ અનુક્રમનું ઉલ્લંઘન કરે તેને દેવાદિની માન્યતાના કાંઈ ઠેકાણા નહીં, બુધ્ધિની તીવ્રતાથી જ તત્ત્વ-તત્ત્વના વિચાર આદિમાં પ્રવર્તે છે. તેથી પોતાને જ્ઞાની માને છે. અને તત્ત્વ વિચારમાં પણ ઉપયોગ લગાવતા નથી છતાં પોતાને સ્વ-પરના ભેદવિજ્ઞાની વિચારે છે. આ સ્વ-પરનો પણ નિર્ણય કરતાં નથી, છતાં પોતાને આત્મજ્ઞાની માને તે બધી ચતુરાઈની વાતો છે. માનાદિ કષાયોના સાધન છે. સમજાણું કાંઈ? પહેલાં સાચા દેવ-ગુરુ કોણ તેનો નિર્ણય કરવો જોઈએ. અનાદિનું ભાન નથી માટે.

મુમુક્ષુ :- આ તો અમને મુંઝવણ......

ઉત્તર :- મુંઝવણ શું છે? પહેલાં સાચા અરિહંતદેવ કોને કહે છે. ગુરુ નિગ્રંથ મુનિ ચારિત્રવંત કોને કહે છે.

મુમુક્ષુ :- પીછી કમંડળ રાખે ને.

ઉત્તર :- પીછી કમંડળ.... કહો, સમજાણું કાંઈ?

અને ભગવાનના કહેલાં શાસ્ત્ર અનેકાંત! એ શાસ્ત્ર કોને કહે છે તેને પહેલાં જાણીને શ્રધ્ધા અનુક્રમમાં પહેલાં આવે છે. એમ ને એમ એકદમ સ્વની શ્રધ્ધા થઈ જાય, અનાદિની છે તો નથી થાતી એમ કહે છે. સમજાણું ને? પહેલાં દેવાદિનું શ્રધ્ધાન હોય છે. આ તો ગુજરાતી છે. દેવાદિશ્રધ્ધાન હતું. એમ છે ને, આંહી ગુજરાતી છે ને. હિન્દીમાં છે. પછી તત્ત્વનો વિચાર હોય છે. અરિહંતભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને વહાલાં. ગુરુનિગ્રંથ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજમાન અકષાય પરિણામ ઉગ્ર. એક વિકલ્પ થોડો હોય છે. એમ ગુરુની સહાય તેની ઓળખાણ જોઈએ. અને શાસ્ત્ર. પછી સ્વ-પરનું ચિંતવન કરે. પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા કરે. પછી તત્ત્વનું ચિંતવન. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. પછી સ્વ-પરનું. અને પછી કેવળ આત્માનું ચિંતવન. એ અનુક્રમથી જો સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગને પામે. અને કોઈ જીવ સિધ્ધપદને પામે. એ અનુક્રમનું ઉલ્લંઘન કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાના પણ ઠેકાણા નહીં. તેને નવતત્ત્વની શ્રધ્ધાનું ઠેકાણું નહીં, સ્વ-પરનું નહીં, સ્વની શ્રધ્ધાનું ઠેકાણું નહીં. સમજાણું કાંઈ?

કહ્યું ને. એ તો બધી ચતુરાઈની વાતો છે. ભાન ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા (ન હોય) ને પાધરું સમ્યગ્દર્શન થઈ જાય! સમજાણું કાંઈ? એ તો માનાદિ કષાયોના સાધન છે. માનને પોષવાના

સાધન છે. એવી વાત છે ભાઈ! આહા! જુઓ! ટોડરમલ્લે તો બહુ જ વાર લીધું છે. મોક્ષમાર્ગમાં તો, ઓહોહો! સ્પષ્ટ વાત એક જ એક કાંડા જાલીને. આ માર્ગ આવો છે. આવો પકડાવ્યો છે. હજારો શાસ્ત્રોનો નિચોડ કરીને તેમાં સાર લખ્યો છે.

કહે છે. ઓહો! આંહી તો પહેલાં સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ કરીને આવ્યું તો તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પહેલાં આવે છે. પછી નવતત્ત્વની વાત-ભેદવાળી શ્રદ્ધા આવે છે. પછી સ્વ-પરનો વિચાર અને પછી સ્વ. એકલો આત્મા અખંડાનંદ પ્રભુ અભેદ ચીજ છે. તેવી દૃષ્ટિ કરીને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પહેલાં પ્રગટ કરવું. આહાહા! સમજાણું કાંઈ? પછી પરસમયને છોડીને, પછી હજી સમ્યક્ થયું તોપણ પરસમય તો છે. સમ્યગ્દૃષ્ટિને પણ સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે તો પણ હજી રાગનું પરિણમન છે એ પરસમય છે. સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિત થયું. ત્રણ જ્ઞાન થયા ચોથે તોપણ અશુભરાગ આદિ શુભરાગનું પરિણમન છે. એ પરસમય છે. અચારિત્ર છે. પરચારિત્ર છે. એવું સમકિતીને પણ હોય છે. તેને છોડીને. સમજાણું કાંઈ?

બાયડી છોકરા છોડીને અને કુટુંબ છોડીને એમ નથી લીધું. એ તો છૂટા જ પડયા છે. તારામાં જો રાગ સમ્યક્ થયો, ભાન થયું, ચિદ્દ્ઘન આત્મા વિકલ્પથી-રાગથી તન્મય ત્રિકાળમાં નહીં. વિભાવ અને સ્વભાવ બન્ને કયારેય એકમેક થયા જ નથી. સમજાણું કાંઈ? એવું સમ્યગ્જ્ઞાન અંતરમાંથી પ્રગટ કરીને, તો સમ્યગ્દર્શનજ્ઞાન થયું. પછી પરચારિત્ર જે રાગાદિનું પરિણમન છે તેને છોડીને સ્વરૂપમાં લીનતા કરીને સ્વસમયને ગ્રહણ કરે છે. એ સ્વસમય પર્યાય છે. ત્રિકાળને ગ્રહણ કરે છે એ તો આંહી લીધું છે સમ્યગ્જ્ઞાન. પણ સ્વરૂપની સ્થિરતા ગ્રહણ કરે છે. વીતરાગ પર્યાય ગ્રહણ કરે છે. અરાગી દશા ગ્રહણ કરે છે. તેનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

લોકો અત્યારે ચારિત્રની બહુ જ ગડબડ કરી દયે છે. બસ આ કપડા છોડયા તો સાધુ થઈ ગયા. આ કહે નગ્ન થઈ ગયા તો સાધુ થઈ ગયા. એક ભાઈ આજ રસ્તામાં એક શબ્દ કહેતા હતા. અંતરમગ્ન તે બહારથી નગ્ન. એક ભાઈ બહાર નીકળ્યા ત્યારે કહેતા હતા. અંતરમગ્ન હોય તે બહારથી નગ્ન હોય તો તો બરાબર છે. પણ અંતરમગ્ન છે નહીં અને બહારથી નગ્ન છે. તેમાં કાંઈ છે નહીં. આપણામાં કોઈક હતું. અહીંયા વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે કહેતા હતા ને. અંતરમગ્ન સ્વરૂપમાં. પહેલાં તો સમ્યગ્દર્શનમાં અંતરમગ્ન છે પછી અંતરમગ્ન સ્વરૂપમાં શુદ્ધ-ઉપયોગ.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો એવું લીધું છે. મુનિપણું લ્યે તો શું હોય છે? શુદ્ધઉપયોગ ગ્રહણ કરે છે. એમ લીધું છે. પંચમહાવ્રત ગ્રહણ કરે છે. એમ નથી લીધું. સાંભળ્યું છે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પહેલાં તે શુદ્ધઉપયોગ ગ્રહણ કરે છે. એમ લ્યે છે. જુઓ! સાતમું જ એવું હોય છે ને જુઓ! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ જુઓ. વૈરાગ્ય બની સમસ્ત શુદ્ધઉપયોગ મુનિધર્મ અંગીકાર કરી. શુદ્ધઉપયોગરૂપ

મુનિધર્મ અંગીકાર કરી. જુઓ! ભાષા ટોડરમલ્લજીની ભાષા જુઓ! એમ નથી કે અઠયાવીસ મૂળગુણ પંચમહાવ્રત ગ્રહણ કરી. એ તો પછી આવે છે. પણ ગ્રહણ કરે છે શુધ્ધઉપયોગ મુનિ ધર્મ. મુનિ ધર્મ શુધ્ધઉપયોગ ગ્રહણ કરવો તે છે. આહાહા! જુઓને કેટલા શબ્દ લીધા છે. અરિહંતમાં પણ એ લીધું છે. જુઓ!

જે ગૃહસ્થપણું છોડી મુનિ ધર્મ અંગીકાર કરી, તો મુનિ ધર્મ કેવો? કે અહીં શુધ્ધઉપયોગરૂપ મુનિ ધર્મ. ત્યાં ખુલાસો કરી દીધો. નિજ સ્વભાવ સાધન વડે, પોતાના જ્ઞાયક સ્વભાવના વીતરાગી સાધન વડે ચાર ઘાતિ કર્મોનો ક્ષય કર્યો. તે અરિહંત છે. અને આ સિધ્ધમાં પણ તે લીધું. ગૃહસ્થ અવસ્થા છોડી મુનિધર્મ સાધન વડે, મુનિધર્મ કયો? આચાર્ય, ઉપાધ્યાય, સાધુના સ્વરૂપનો ખુલાસો કર્યો. વીરાગી બની રાગને છોડીને, સમસ્ત પરિગ્રહ નિમિત્તરૂપે છૂટીને, શુધ્ધઉપયોગરૂપ મુનિ ધર્મ અંગીકાર કર્યો. તેનું નામ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. ટોડરમલ્લે આ મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે. એય હેમચંદજી! પાનું ત્રીજું. છે ત્રીજું પાનું પણ આ ટોડરમલ્લજીનું છે. આ કયાં અમારા ઘરનું છે? આ લખાણ અત્યારનું છે? પંડિતે પણ શાસ્ત્ર પ્રમાણે લખ્યું છે. એ તો પ્રવચનસારનો અધિકાર નહીં? પહેલી પાંચ ગાથામાં. એ અધિકાર અહીં લીધો છે. પ્રવચનસારનો પહેલો અધિકાર તે જ આ અધિકાર છે. તેમણે ઘરની વાત લીધી નથી. સમજાણું કાંઈ? લ્યો! પ્રવચનસારમાં છે વળી કહે ટોડરમલ્લે લીધું છે. જુઓ! અહીંયા છે. જુઓ.

એવી વ્યાખ્યા છે. જુઓ! આહાહા! હૈં? પહેલી ચારિત્રની, પરમ શુધ્ધ-ઉપયોગ છે. કયાં છે? પહેલી પાંચ ગાથા છે ને. એકાદ (ગાથામાં) માં એવો પ્રતિજ્ઞાનો અર્થ છે. આ આવ્યું. ત્રીજી ગાથામાં જુઓ! જેમણે પરમ શુધ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે. તે શબ્દ પણ! ટોડરમલ્લજી એક પણ વાત પોતાના ઘરની નથી કરતાં. કુંદકુંદઆચાર્ય-અમૃતચંદ્રઆચાર્યના શાસ્ત્રમાં જે પડયું છે તે વાત કરે છે. તેમાં શુધ્ધઉપયોગરૂપી મુનિ ધર્મ અંગીકાર કરે છે. તે લખ્યું છે. તે કયાંથી લખ્યું છે જુઓ અહીંયા. પ્રવચનસાર ત્રીજી ગાથાનો અર્થ છે. જુઓ! વિશુધ્ધ સત્તાવાળા હોવાથી તાપથી ઉતીર્ણ થયેલા (છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલા) ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ અતીત તીર્થંકરોને અને સર્વ સિદ્ધોને જ્ઞાનચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી જેમણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ પરમ શુધ્ધ-ઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે. પરમ શુધ્ધ-ઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે તેવા શ્રમણોને કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (ભેદવાળા) છે તેમને હું પ્રણમું છું. સમજાણું કાંઈ? આ તો પ્રવચનસાર કુંદકુંદઆચાર્યની ગાથા છે. અમૃતચંદ્રઆચાર્ય ટીકા કરે છે. મુનિપણું આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેને કહે છે. શુભ ઉપયોગ રાગ છે. તે તો મુનિપણું છે જ નહીં. તે રાગ તો અચારિત્ર છે. આહાહા! શાંતિભાઈ! લ્યો! આવું મુનિપણું

ત્યાં અંગીકાર કરતાં હશે? ......

જેમણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ. કુંદકુંદઆચાર્ય નમસ્કાર કરે છે. કોને? જેમણે પરમ શુધ્ધ-ઉપયોગ ભૂમિકા, આહાહા! આ પંચમ આરાના સાધુની વાત છે કે ચોથા આરાના સાધુની વાત છે? પંચમ આરાની વાત છે. અત્યારે શુધ્ધઉપયોગ થતો નથી તેમ તે લોકો કહે છે. આઠમે. ઠીક છે. સાતમા સુધી છે તો આઠમે શુધ્ધઉપયોગ નહીં. અહીં તો પહેલાં પરમ શુધ્ધઉપયોગ ભૂમિકા પ્રાપ્ત કરે છે. તો આચાર્ય, ઉપાધ્યાય, સાધુપણું પ્રાપ્ત થાય છે. નહીં તો આચાર્ય, ઉપાધ્યાય, સાધુપણું પ્રાપ્ત થતું નથી. જુઓ! એવા શ્રમણોને કે જે આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ, સાધુત્વ વિશેષોથી ખાસ ભેદવાળા તેમને પ્રણમું છું. લ્યો! બહુ સરસ વાત છે. એક એક શબ્દ તેમાં ઘરની વાત ક્યાં કરી છે? તે વાત અહીં કરે છે. જુઓ!

**પરસમયને છોડીને,** એ વિકલ્પ જે રાગ છે તેને છોડીને. **સ્વસમયને,** જેણે આનંદમૂર્તિ ભગવાનમાં લીનતા ગ્રહણ કરી છે. લીનતા ગ્રહણ કરી છે. શુધ્ધઉપયોગ જેમણે પ્રાપ્ત કર્યો છે. તો **કર્મબંધથી અવશ્ય છૂટે છે.** સમજાણું કાંઈ? **જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.** લ્યો! આહાહા!

અમૃતચંદ્રઆચાર્ય. અક્ષરે અક્ષર પરમ સત્ય ઝરે છે. આહાહા! જીવસ્વભાવમાં નિયત ચારિત્ર જે શુધ્ધઉપયોગ. અંદર લીનતા થઈ ગઈ તે ચારિત્ર મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહીં. આંહી તો (બીજા લોકો) કહે કે શુધ્ધઉપયોગ હોતો જ નથી. મુનિને પણ નથી હોતો. શુધ્ધઉપયોગ તો આઠમે થાય છે. એવું પત્રમાં બહુ જ આવે છે. આહાહા! અરે ભગવાન! શું કરે છે ભાઈ તું? આવો બચાવ કરીને ભાઈ નુકસાન છે ભાઈ તને. તારા પરિણામમાં વિપરીત શ્રધ્ધાથી બહુ નુકસાન છે. ઘણું નુકસાન છે. એ નુકસાનની એને ખબર નથી. સમજાય છે કાંઈ? દુનિયા રાજી થાય એવી વાત. બાપુ! તને નુકસાન છે ભાઈ! આહાહા!

જેવી સ્થિતિ છે તેનાથી વિપરીત માન્યતા કરે છે અને ચલાવે છે એ સત્યમાં નહીં ચાલે. એ અસત્યમાં મોટું નુકસાન! આહાહા! શું થાય? એ પ્રાણીના પરિણામમાં એવી સ્થિતિ હતી. તિરસ્કાર પણ કેમ કરે? બહુ દુઃખી છે પ્રાણી બિચારા! આહાહા! દુઃખની સ્થિતિ અંગીકાર કરવા માટે તૈયાર છે. તેની ઉપર તો કરુણા થવી જોઈએ. કોઈ પ્રાણી ઉપર દ્વેષ નહીં. વસ્તુનું સ્વરૂપ બતાવવું એ બીજી વાત છે. વ્યકિત પ્રત્યે વિરોધ વિચાર મતના વિચાર આદિ ભેદ હોય. પણ તેથી વ્યકિત પ્રત્યે કોઈ ઉપર દ્વેષ નહીં. બધા ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે. તો તે ભૂલ તેને નુકસાનકારક છે. ભાઈ, શું કરે? સમજાણું કાંઈ?

આંહી તો ભગવાન અમૃતચંદ્રઆચાર્ય મુનિપદમાં આચાર્યપદમાં હતા. તે કહે છે. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. હવે તેનાથી ઉલટું. **એકસો છપ્પન (૧૫૬.)** જુઓ! આટલું ચાલ્યું.

**जो परदव्वम्हि सुहं असुहं रागेण कुणदि जदि भावं ।**
**सो सगचरित्तभट्ठो परचरियचरो हवदि जीवो ।। १५६ ।।**

**ટીકા :- આ, પરચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.** પરચારિત્ર કોને કહે છે અને તેમાં પ્રવર્તન કરવાવાળા કેવા હોય છે તેની વ્યાખ્યા છે.

**જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્,** મોહનીયકર્મનો ઉદય તે તરફનો ઝૂકાવ છે હજી. સમજાણું કાંઈ? **મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે,** હવે વશ તેની વ્યાખ્યા કરી. નહીં તો પરિણતિ તો છે. વળી વશ શું થવું? સમજયા? પરિણતિ તો છે પણ વશ શું થવું તેનો ખુલાસો કર્યો. કર્મના ઉદયને વશ થઈ ગયો. પણ પરિણતિને વશ કહેવું તેનો પંડિતજીએ ખુલાસો કર્યો. મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે. એમ. રાગાદિમાં વિકલ્પમાં પરિણમિત થયો છે. **રંજિત-ઉપયોગવાળો** છે. તે તો રાગથી રંગાયેલો ઉપયોગ છે. આહાહા! સમજાણું કાંઈ?

**રંજિત-ઉપરકત ઉપયોગવાળો,** મેલા ઉપયોગવાળો છે. ભલે સમકિતી હો. આહાહા! સમજાણું કાંઈ? પણ રાગથી રંગાયેલો ઉપયોગ છે. એવો **વર્તતો થકો,** તેમાં રહેતો થકો, **પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે.** પરદ્રવ્યનું લક્ષ કરીને શુભ-અશુભ ભાવને પ્રગટ કરે છે અને ધારણ કરે છે. સમજાણું કાંઈ? આહાહા! સ્ત્રી, કુટુંબ આદિનું લક્ષ થાય છે તો અશુભ રાગ થાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ થાય છે તો શુભ ભાવ થાય છે. પણ તે બન્ને અચારિત્ર છે. પરચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે. **રંજિત-ઉપયોગવાળો (ઉપરકત ઉપયોગવાળો) વર્તતો થકો,** પોતાના પુરુષાર્થથી રાગમાં ઉલટો વર્તતો થકો એમ કહે છે. કોઈ કર્મે રાગમાં વર્તાવ્યો છે એમ છે નહીં. શુભ ને અશુભ રાગમાં સમ્યગ્દર્શન હોવા છતાં પણ જયાં સુધી વર્તે છે ત્યાં સુધી તે પરચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ? પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે. તે સ્વચારિત્રથી ભ્રષ્ટ, પોતાના સ્વરૂપથી સ્થિરતાથી ભ્રષ્ટ છે. આહાહા! ચાહે તો શુભભાવમાં આવે તોપણ સ્વચારિત્રથી ભ્રષ્ટ છે એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિત શ્રધ્ધાનો ભાવ તે વિકલ્પ પણ સ્વચારિત્રથી ભ્રષ્ટનો ભાવ છે. ગજબ વાત! સમજાણું કાંઈ?

ભાવ વિકાર છે ને. પરલક્ષી પરદ્રવ્યનો આશ્રય કરે મોક્ષપાહુડમાં તો એમ કહ્યું છે, 'પરદવ્વાઓ દુગ્ગઈ સ્વદવ્વાઓ સુગ્ગઈ' બે એટલા શબ્દ લીધા છે. અષ્ટપાહુડમાં. મોક્ષપાહુડમાં. સ્વદવ્વાઓ સુગ્ગઈ. સ્વદ્રવ્ય ભગવાનઆત્મા વીતરાગ સ્વરૂપે તેનો આશ્રય કરીને જે વીતરાગતા થઈ તે સુગતિ છે. પરદવ્વાઓ દુગ્ગઈ. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. તેનો આશ્રય કરવાથી રાગ દુર્ગતિ ઉત્પન્ન થાય

છે. દુર્ગતિ નામ સ્વભાવની ગતિ નહીં પણ વિકારની ગતિ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ટૂંકા શબ્દ છે. અષ્ટપાહુડમાં, મોક્ષપાહુડમાં.

કુંદકુંદઆચાર્યએ તો ગજબ કામ કર્યા છે. એકેએક વાત સ્પષ્ટ! નિસંદેહ! આ વાત છે. માનો ન માનો. બીજી કોઈ ચીજ ઘુસતી નથી. ત્યાં તો એ કહ્યું. સમજાણું કાંઈ? પરદવ્વાઓ દુગ્ગઈ! આહાહા! પછી વળી જયચંદ પંડિતે થોડો વ્યવહારનો ખુલાસો કર્યો છે. પણ એ તો પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તે જ રાગનું કારણ છે. ચાહે તો ત્રણલોકના નાથ હો, ચાહે તો સમ્મેદશીખર હો કે જિનવાણી હો. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાવાથી શુભ રાગ ઉત્પન્ન થાય છે. રાગ છે તે પોતાની સ્વગતિ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રને આચરનાર કહેવામાં આવે છે**. એ પરચારિત્રનું આચરણ કરવાવાળો કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? સમકિતીને પણ પરચારિત્ર છે ને. રાગ છે એટલું પરચારિત્ર છે. આહાહા! હજી સંવર, નિર્જરા કોને કહે છે એની ખબર નહીં. સમજાણું કાંઈ? ચારિત્ર કહો કે સંવર કહો. કોને કહે છે તે ખબર નથી અને શ્રદ્ધા વિના, સમ્યગ્દર્શન વિના લઈ લ્યો વ્રત, લઈ લ્યો તપ. એકડા વિનાના મીંડા. એય દીપચંદજી!

મુમુક્ષુ :- એ બીજા નંબરના.

ઉત્તર :- એ બીજા નંબરના. તે પણ નગ્ન દિગંબર સાધુ થવાના હતા. તે દિગંબર મુનિ થવાના હતા. તેના પિતાજીનો પત્ર આવ્યો છે. આંહી આવી ગયા છે. દિલ્હી દિલ્હીને. સાધુ. બાપુ! સાધુ થયો તો સિદ્ધ થયો. આહાહા! માણસ થવું મુશ્કેલ છે તો સાધુ ક્યાંથી થાય? સાધુ થયો તો સિદ્ધ થયો કહેવાનું કાંઈ રહ્યું નહીં. સમજાણું કાંઈ? એ તો અમે સંપ્રદાયમાં કહેતા હતા. આ પદ આ શ્લોક. માણસ થવું મુશ્કેલ છે તો સાધુ ક્યાંથી થાય? હજી તો મનુષ્યપણું શું છે. આ દેહ નહીં. સજ્જનતાનું મનુષ્યપણું કોને કહે છે. સમજાણું કાંઈ?

રાગથી ભિન્ન પડી ને ભેદજ્ઞાન કરે તો મનુષ્યપણું છે. તેને કહે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ તો સોળ વર્ષે એક પાઠ લીધો છે. સોળ વર્ષે મોક્ષમાળા બનાવી ને? મોક્ષમાળા એકસો આઠ પાઠ બનાવીને, એકસો આઠ મણકા છે ને માળાના. સોળમે વર્ષે એકસો આઠ પાઠ બનાવીને મોક્ષમાળા નામ આપ્યું. ચોવીસે જન્મ થયો ને ચાલીસમાં બનાવ્યું. ઓગણીસસો ચોવીસ (૧૯૨૪) માં જન્મ. તેને એક પાઠ લખ્યો, કે મનુષ્યપણું કોને કહેવું. સમજાણું કાંઈ? તો કહે આ પાંચ ઈન્દ્રિય છે આ છે તે મનુષ્યપણું? તો કહે વાંદરાને પણ પાંચ ઈન્દ્રિય છે ને તેને પૂછડું એટલું લાંબુ વિશેષ છે. તો મોટો માણસ તેને કહેવો. એક પૂછડું પણ વિશેષ છે. નેમીચંદભાઈ! એવી વાત છે. આહાહા! એય રાજમલ્લજી! સોળ વર્ષે (મોક્ષમાળા)

કરતા હતા. બહુ જ ક્ષયોપશમ હતો. પૂર્વનું બહુ જ લઈને આવ્યા હતા. એવો પુરુષ કોઈ તે વખતે તો ન હતો. સોળમે વર્ષે બનાવ્યું. તો એક પાઠમાં એમ લખ્યું. મનુષ્યપણું કહે તો કોને કહે? આ પાંચ ઈન્દ્રિય તે મનુષ્યપણું? વાંદરાને આ મળ્યું છે અને બે હાથ-ત્રણ હાથનું પૂછડું મળ્યું છે. તો મોટો મનુષ્ય કહેવો જોઈએ. મહા મનુષ્ય બનુષ્ય એવું નથી. મનુષ્ય તેને કહીએ સ્વ-પરનો વિવેક કરે તે મનુષ્ય. 'મન્યતે ઈતિ મનુષ્યઃ' રાગ અને આત્માનું ભિન્નપણું કરે તે મનુષ્ય છે, બીજા કોઈ મનુષ્ય છે નહીં. 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતી'. આહાહા! મૃગા ચરંતી મનુષ્ય સ્વરૂપેણ. એ આવે છે ને. શ્લોક આવે છે. ક્ષયોપશમ તો તેમણે ૧૬મા વર્ષમાં લઈ લીધી (મોક્ષમાળા).

સ્વ-પરનો ભેદ કરે, વિવેક કરે તે મનુષ્ય. મન્યતે ઈતિ મનુષ્યઃ જ્ઞાયતે ઈતિ મનુષ્યઃ સ્વ-પરનું જ્ઞાન યથાર્થ કરે તેને મનુષ્ય કહેવામાં આવે છે. તો માણસ થવું મુશ્કેલ છે તો સાધુ તો ક્યાંથી થાય? આહાહા! ધન્ય અવતાર! સાધુ થયા તો મોક્ષ થઈ ગયા. સિદ્ધ થઈ ગયા સિદ્ધ. પ્રવચનસારમાં લીધું છે ને પ્રવચનસાર એ પાંચ ગાથામાં. સાધુની ઉત્કૃષ્ટ દશા જ્યાં છે તેને મોક્ષતત્ત્વ કહે છે. મોક્ષતત્ત્વ કહે છે એમ પ્રવચનસારમાં લીધું છે. છેલ્લી પાંચ ગાથામાં.

આંહી કહે છે. ઓહો! ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાંથી ચ્યૂત થઈને જેટલો શુભ રાગમાં પણ પરિણમન કરે તે સ્વચારિત્રથી ભ્રષ્ટ છે. આહાહા! વીતરાગ માર્ગ તો જુઓ! વીતરાગ કહે કે અમારી ભક્તિનો રાગ તારું સ્વચારિત્રથી ભ્રષ્ટપણું છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યમાં ....**સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે. કારણ કે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે**. જુઓ! આહાહા! ભાષા પાછી અહીં આવી લ્યો! પ્રવચનસારમાં હતું તે અહીં આવ્યું.

ખરેખર, સ્વદ્રવ્યમાં ભગવાનઆત્મા ચૈતન્ય ને જ્ઞાનનું સરોવર, તળાવ, દરિયા એવું સ્વદ્રવ્ય. તેમાં શુદ્ધઉપયોગરૂપ પરિણતિ, આ પર્યાય છે, પર્યાય. શુદ્ધઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ? આ ચારિત્રની વ્યાખ્યા! ચારિત્ર તો વાચક શબ્દ છે. પણ વાચ્ય ચારિત્ર કેવું છે તે કહે છે. ચારિત્ર તે તો અહીં ત્રણ શબ્દ છે. પણ તેનું વાચ્ય શું? ભાવ. તો કેવો ભાવ છે? કે સ્વદ્રવ્યમાં શુદ્ધઉપયોગરૂપ પરિણતિ. ભાષા તો જુઓ! ઓલું અશુદ્ધરૂપ પરિણતિ. શુભરાગ આદિની અશુદ્ધરૂપ પરિણતિ તે પરચારિત્ર છે. અને ભગવાનઆત્મામાં, એક એક તત્ત્વનો નિર્ણય કરવો પડશે કે નહીં? સંવર કોને કહે છે, નિર્જરા કોને કહે છે, મોક્ષ કોને કહે છે, સાધુ પદ કોને કહે છે. કોઈ તત્ત્વની ખબર નહીં અને સમ્યગ્દર્શન થઈ જાય?

મુમુક્ષુ :- મુનિપણું થઈ જાય.

ઉત્તર :- લ્યો! હજી સમ્યગ્દર્શન થયું નથી અને મુનિપણું થઈ જાય. આહાહા!

મુમુક્ષુ :-આવો નિર્ણય તો સાધુ કરી શકે.

ઉત્તર :- કોને નિર્ણય? ભવિ પહેલાં આવો નિર્ણય કરે છે. તેની વાત છે. સાધુને શું? સાધુ તો સમકિત દૃષ્ટિ થઈ ગયા. ચારિત્ર થઈ ગયું. તેને તો ચારિત્ર થયું છે. તેને નિર્ણય શું કરવાનો છે?

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન જયોતિ કેમ કહે છે? શું કહે છે?

ઉત્તર :- પહેલાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું સાધુને શું નિર્ણય કરવાનો? એ તો જુઓને! તેને તો સ્વદ્રવ્યમાં શુધ્ધઉપયોગ પરિણતિ થઈ ગઈ. એ તો ચૈતન્ય ભગવાનના ધામમાં અંદર રમે છે. તેનું નામ સ્વચારિત્ર અને સ્વસમય કહેવામાં આવે છે.

જુઓ! શુધ્ધઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે. જુઓ! ભાષા લીધી. કારણ કે અત્યારે શુધ્ધઉપયોગ છે નહીં. અત્યારે મુનિ છે તે બધા શુભઉપયોગવાળા છે. આહા! ગજબ વાત કરે છે ને! અરે શું કરે છે તું આ? ભાઈ! બાપુ! એવી વાત વર્તમાન ચાલે હો. માર્ગ અંતર નહીં ચાલે ભાઈ! માર્ગનું સ્વરૂપ એવું છે ભાઈ! આહાહા! દુનિયાને ખબર ન મળે. સાધારણ માણસો બિચારા! એક તો રળવા ને ભોગ ને એમાં પડયા હોય. થોડો વખત મળે ને સાંભળવા જાય એમાં જે કાંઈ માથે કહે તે માનીને બેસે. એને કાંઈ વિચાર મનન હોય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શ્રીમદ્ કહે છે. અરે! દુનિયાના જીવનો કાળ એક તો રોગમાં, ભોગમાં, ખાવામાં, પીવામાં, ઊંઘમાં જાય. થોડો ભાગ રહે તે સાંભળવા જાય, કુગુરુ લૂંટી લ્યે. એ શ્રીમદ રાજચંદ્ર. ત્યાં લૂંટી લ્યે કે આમ કરો, આમ કરો, આમ કરો. અરે ભગવાન! શું કહે છે ભાઈ! માર્ગ શું છે તેની ખબર નથી. દુનિયાને બતાવે. થોડો કાળ રહ્યો હોય કલાક, બે કલાક માંડ સાંભળવાનો વખત મળે. વધારે વખત ક્યાં છે. મળે તો એવું લાકડું ઘુસાડે! કુગુરુ લૂંટી લ્યે એવો પાઠ લીધો છે હો. શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતા. આહાહા! જ્ઞાનને બદલે તપ બતાવે. તપમાં જ્ઞાન બતાવે. તપ કરે તે જ્ઞાન છે. શ્રધ્ધા જ્ઞાનનું તો ઠેકાણું નહીં અને તપને આચરણ બતાવે. લોકોનું જીવન લૂંટી લ્યે છે. આહાહા!

અને જ્ઞાનાર્ણવમાં તો ત્યાં સુધી કહ્યું છે. શુભચંદ્રાચાર્ય મુનિ. શુભચંદ્રાચાર્ય દિગમ્બર આચાર્ય. કુગુરુ એકલા દુર્ગતિ નથી જાતા. ગળું પકડીને કહે જજમાન ને કહે કે, તમે પણ અમારી સાથે ચાલો. જ્ઞાનાર્ણવ છે. શુભચંદ્રાચાર્ય દિગમ્બર મુનિનું છે. અમે તો બધું જોયું છે ને. બધી ચીજ જોઈ છે. તેમાં એવું લખ્યું છે. કે કુગુરુ ઊંધી શ્રધ્ધા કરાવવાવાળા. પોતે તો દુર્ગતિ જાય છે. પણ જજમાનને સાથે લઈ જાય છે. જજમાન એટલે તેને માનવાવાળા. ચાલો અત્યારે. તમે એકલા નહીં રહો. અમારી સાથે ચાલવાનું છે. આહાહા! ભગવાન મોક્ષમાં લઈ જાય છે. આ દુર્ગતિમાં સાથે લઈ જાય છે. ચાલો ભઈ અમારી સાથે. તમે પણ નિગોદ ગતિમાં ચાલો. આહાહા! આચાર્યે પણ કરુણાથી બહુ જ વાત કરી છે. શુભચંદ્રાચાર્ય જ્ઞાનાર્ણવમાં છે. સમજાણું કાંઈ?

કહે છે. **ખરેખર સ્વદ્રવ્યને વિષે,** ખરેખર તો ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનનું ધામ એવું સ્વદ્રવ્યમાં, **શુધ્ધઉપયોગરૂપ પરિણતિ**અવસ્થા. શુધ્ધ=શુભ ને અશુભ પરિણામ રહિત. શુધ્ધઉપયોગરૂપી પર્યાય **તે સ્વચારિત્ર છે.** તે બંધથી છૂટવાવાળો છે. તે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

દ્રવ્યલિંગી કોને કહે છે ભાઈ? પરમાત્મપ્રકાશ! સવારે પ્રશ્ન કર્યો હતો ને. ભાઈ આ હુકમચંદજીનો છોકરો. ક્રિયાકાંડમાં ધર્મ માનતા હોય. હુકમચંદજીનો છોકરો. પરમાત્મપ્રકાશ નામ છે. સવારમાં પ્રશ્ન કર્યો હતો. મહારાજ! દ્રવ્યલિંગી કોને કહે છે? સાથે આવ્યો હતો. જંગલમાં જઈએ છીએ ને. સાથે આવે. દ્રવ્યલિંગી કોને કહે છે કે આત્માનું ભાન સમ્યગ્દર્શન નહીં, સમ્યગ્જ્ઞાન નહીં ને બહારની ક્રિયાકાંડમાં ધર્મ માને છે. નગ્નપણું રાખે છે. તે બધા દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. પણ તે બરાબર, દ્રવ્યલિંગ એટલે પંચમહાવ્રત આદિ ચોખ્ખા પાડતા હોય તો હો. અઠયાવીસ મૂળગુણ ચોખ્ખા, આહાર પાણી તેના માટે બનાવ્યા હોય તો ન લે તો તેને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. નહીંતર તો દ્રવ્યલિંગી પણ નહીં. તેના માટે આહાર, પાણી, ચોકા બનાવે સવાર, સાંજે લ્યે તો દ્રવ્યલિંગી પણ નહીં. ભાવલિંગી તો છે જ નહીં. આહાહા!

એવો માર્ગ વીતરાગનો સર્વજ્ઞનો માર્ગ એવો છે. એક જ વાત છે. માર્ગ આવો છે. જુઓ! ખરેખર ભગવાનઆત્મા આનંદનું ધામ પ્રભુ. એકલો જ્ઞાનનો સાગર ચૈતન્ય રત્નાકર એ પુણ્યના વિકલ્પના પરિણમનથી રહિત પોતાના સ્વભાવની પર્યાય શુધ્ધઉપયોગરૂપ પરિણતિ નામ દશા તેનું નામ ભગવાન ચારિત્ર સ્વસમય કહે છે. **અને પરદ્રવ્યને વિષે સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે.** ટૂંકી વાત લીધી. આહાહા! અને પરદ્રવ્યનું લક્ષ કરીને. પરદ્રવ્યમાં સોપરાગ તેનો અર્થ પરદ્રવ્યમાં કાંઈ કરતા નથી. પણ પરદ્રવ્યનું લક્ષ કરીને, **સોપરાગ=ઉપરાગયુકત; ઉપરકત; મલિન; વિકારી; અશુધ્ધ. (ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃત્તિ) તે ઉપરાગ છે.)**

શું કહે છે? કર્મનું નિમિત્ત છે અને તેને અનુરૂપ વિકાર કરે છે, તે વિકારને અહીંયા ઉપરાગ કહેવામાં આવે છે. મેલી દશા. શુભરાગ પણ ઉપરાગ મેલી, મલિન દશા. આહાહા! જેમ જળમાં શેવાળ છે તે મેલ છે. એમ ભગવાનઆત્મામાં શુભરાગ એ મેલ છે. આહાહા! અશુભરાગની તો વાત શું કરવી? કહે છે. **સોપરાગ-ઉપરાગ, મલિન પરિણામ, ઉપયોગરૂપ પરિણતિ,** શુભરાગરૂપી પરિણતિ તે સોપરાગ અવસ્થા **તે પરચારિત્ર છે.** તે સ્વચારિત્ર છે નહીં. એવી વ્યાખ્યા પણ બીજે મળે નહીં. દિગમ્બર સંતો સિવાય આ વાત! (કયાંય છે નહીં.) સમજાણું કાંઈ?

ઓલા તો પંચમહાવ્રત નિર્જરાનું સ્થાન. જાવ એ બિચારા મરી જાય એમાં ને એમાં. ઠાણંમાં પાંચમે ઠાણે પાઠ છે શ્વેતાંબરમાં. પંચ નિર્જરા ઠાણા. અહિંસા, સત્ત્વ, દત નિર્જરાના સ્થાનક.

મુમુક્ષુ :- નિશ્ચય કે વ્યવહાર?

ઉત્તર :- એ કાંઇ નહીં. ખરેખર તો વ્યવહાર પણ નથી. કયાં હતી ત્યાં એને કાંઇ નિર્જરા? પણ એવો પાઠ ઠાણંમાં ભગવાને કહ્યો એટલે લોકો કાંઈ શંકા કરી શકે નહીં. ભગવાનના કહેલાં શાસ્ત્રો છે. ભગવાને કહેલાં આવા હોય નહીં. આ છઠ્ઠે ગુણસ્થાનવાળા મુનિઓ કહે છે કે રાગમાં પરિણતિ તે પરચારિત્ર છે. તો વીતરાગ શું એમ કહે કે રાગમાં હોય તે ચારિત્ર છે. એમ કયારેય કહે નહીં. જિનવાણી વીતરાગભાવની પોષક છે. રાગની પોષક તે જિનવાણી નહીં. તે વીતરાગની વાણી નહીં. સમજાણું કાંઇ? અંતરિક્ષમાં કહ્યું હતું. પંડિતજી ફુલચંદજી હતા. બાર તેર હજાર માણસ આવ્યું હતું. ફાગણ સુદ બીજ હતી. જિનવાણી વીતરાગભાવની પોષક છે. જે ભાવ રાગનો પોષક હોય તે જિનવાણી વીતરાગની વાણી નહીં. રાગ થાય છે તેનું જ્ઞાન કરાવે. પણ રાગથી લાભ છે એવું કયારેય જિનવાણીમાં ત્રણકાળમાં હોતું નથી. સમજાણું કાંઇ?

જિનવાણીની હજી પરીક્ષા ન મળે, દેવની પરીક્ષા ન મળે, ગુરુની પરીક્ષા ન મળે. આહાહા! ભાઈ આ તો જીવન છે મનુષ્યનું બાપુ! આહાહા! એક એક ઈન્દ્રિય મનુષ્યપણાની અનંત કરોડ મણીરતન આપે તો મળે નહીં. હેં? એવો અમુલ્ય ચેતન છે. આ એમાં જો વાત સાચી સમજણ, સાચી શ્રધ્ધા ન કરી તો મનુષ્યપણું આવ્યું, ન આવ્યું (બરાબર છે.) કીડી ને કાગડાને મનુષ્યપણું નથી મળ્યું. આ મળ્યું છે. તેમાં ફેર શું? કોઈ લાભ ન લીધો. સાચી સમજણ! એવો દોરો સૂતર સોયમાં ન પરોવ્યો તો તે સોય હાથ નહીં આવે. સોયમાં દોરા પરોવ્યો હોય તો હાથ આવશે કે તે ચકલી લઈ ગઈ છે તેના માળામાં સાથે.

એવી રીતે સમ્યગ્જ્ઞાનરૂપી દોરો (જેની પાસે) હોય છે તે ચાર ગતિમાં નહીં જાય. સમજાણું કાંઇ? ભલે પરચારિત્ર હોય. પણ સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે તો ચોર્યાસીના અવતારમાં નહીં જાય. અલ્પ એકાદ બે ભવમાં ચારિત્ર પ્રગટ કરીને મુક્તિ થશે. સમજાણું કાંઇ? ઓહો! **સોપરાગ-ઉપયોગરૂપ પરિણતિ.** ભારે વાત કરી છે! બે જ ટૂંકા શબ્દ. **ખરેખર સ્વદ્રવ્યને વિષે શુધ્ધઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર.** પર્યાય હો. શુધ્ધઉપયોગરૂપ પરિણતિ પર્યાય. પરદ્રવ્યને વિષે સોપરાગ અહીં પણ ખરેખર લઈ લેવું. ખરેખર પરદ્રવ્ય તરફના લક્ષવાળી શુભરાગની પરિણતિ તે પરચારિત્ર છે. છે? એકસો છપ્પન. (૧૫૬) છેલ્લી. ફેર છે? આ પંચાસ્તિકાયમાં ફેર છે? વાસ્તવમાં ખરેખર. પણ શબ્દમાં ફેર છે. આ હિન્દી છે ને તે બીજી છે? હેં? આ? હિન્દી છે. તો અહીંયા આ બાજુ છે. હેં? બે આવૃત્તિમાં પાનામાં ફેર છે. અહીંયા તો બે લીટી છે.

વાસ્તવમાં પરદ્રવ્યમાં એમ લેવું. પહેલાં એમ આવ્યું ને. **ખરેખર સ્વદ્રવ્યને વિષે શુધ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે. ખરેખર પરદ્રવ્યમાં સોપરાગ રાગની પરિણતિરૂપ ઉપયોગ તે પરચારિત્ર.** કહો, સમજાણું કાંઇ? ચાહે તો મિથ્યાદષ્ટિ કરે કે ચાહે તો સમકિતી કરે,

રાગનું પરિણમન હોય તે પરચારિત્ર છે. તે સ્વચારિત્ર છે નહીં. એકસો સતાવન. હેં? હજી સ્પષ્ટ કરે છે. **जिणा परुवेंति** એમ કરીને ખુલાસો કરશે. ભગવાન કુંદકુંદઆચાર્ય તો કહે છે પણ વીતરાગ આમ કહે છે. એમ કહેશે.

## ગાથા-૧૫૭

**आसवदि जेण पुण्यं पावं वा अप्पणोध भावेण ।**
**सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति ।। १५७ ।।**

आस्रवति येन पुण्यं पापं वात्मनोऽथ भावेन ।
स तेन परचरित्र: भवतीति जिना: प्ररूपयन्ति ।। १५७ ।।

परचरितप्रवृत्तेर्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिषेधनमेतत् ।

इह किल शुभोपरक्तो भाव: पुण्यास्रव:, अशुभोपरक्त: पापस्रव इति । तत्र पुण्यं पापं वा येन भावेनास्रवति यस्य जीवस्य यदि स भावो भवति स जीवस्तदा तेन परचरित इति प्ररूप्यते । तत: परचरितप्रवृत्तिर्बन्धमार्ग एव, न मोक्षमार्ग इति ।। १५७ ।।

---

**રે! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,**
**તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭.**

**અન્વયાર્થ :- (येन भावेन) જે ભાવથી (आत्मन:) આત્માને (पुण्यं पापं वा) પુણ્ય અથવા પાપ (अथ आस्रवति) આસ્રવે છે, (तेन) તે ભાવ વડે (स:) તે (જીવ) (परचरित्र: भवति) પરચારિત્ર છે-(इति) એમ (जिना:) જિનો (प्ररूपयन्ति) પ્રરૂપે છે.**

**ટીકા :- અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે (અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).**

**અહીં ખરેખર શુભોપરક્ત ભાવ (-શુભરૂપ વિકારી ભાવ) તે પુણ્યાસ્ત્રવ છે અને અશુભોપરક્તભાવ (અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, તે ભાવ જયારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે-એમ (જિનેંદ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે. તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી. ૧૫૭.**

---

## ગાથા-૧૫૭ ઉપર પ્રવચન

**आसवदि जेण पुण्णं पावं वा अप्पणोध भावेण ।**
**सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति ।। १५७ ।।**

જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સમવસરણમાં આમ કહેતા હતાં. કુંદકુંદઆચાર્ય. આહાહા! જુઓ!

**ટીકા :- અહીં, પરચારિત્રપ્રવૃત્તિ બંધહેતુભૂત હોવાથી,** એ શુભરાગ કે અશુભરાગની પર્યાય બંધનું કારણ છે. **બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે.** એ મોક્ષમાર્ગ છે જ નહીં. કહો, સમજાણું કાંઈ?

ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય, પંચમહાવ્રતનો વિકલ્પ હોય, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ હોય, તે બધા બંધના કારણ છે. સમજાણું કાંઈ? આહાહા! **પરચારિત્રપ્રવૃત્તિ** રાગમાં પ્રવૃત્તિ **બંધહેતુભૂત હોવાથી તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ,** જુઓ! બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કેવી રીતે હોય? સમજાણું કાંઈ? તો વ્યવહાર મોક્ષમાર્ગ બંધનું કારણ છે, એમ કહે છે. એ સવારમાં આવે છે ને વ્યવહાર હેય. હેય છે, છોડવા લાયક છે, બંધનો માર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ નિમિત્તથી કહ્યો ખરો, પણ છે બંધનો માર્ગ. એ મોક્ષમાર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે. તે મોક્ષમાર્ગ છે જ નહીં. **(અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન બંધનો હેતુ હોવાથી તે મોક્ષમાર્ગ નથી એમ આ ગાથામાં દર્શાવ્યું છે).** એ ગાથામાં તેનો ખુલાસો આવશે. ટીકા સહિત વિસ્તાર. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૬૮, ગાથાઃ- ૧૫૭-૧૫૮
## વૈશાખ સુદ-૧૩, સોમવાર, તા :- ૧૮-૫-૧૯૭૦

પંચાસ્તિકાય એકસો સતાવન ગાથા.

**आसवदि जेण पुण्यं पावं वा अप्पणोध भावेण ।**
**सो तेण परचरित्तो हवदि त्ति जिणा परूवेंति ।। १५७ ।।**

જિનેન્દ્રદેવ કહે છે. એ વાત સિધ્ધ કરે છે.

**ટીકા :- અહીં, પરચારિત્રપ્રવૃત્તિ,** પરચારિત્રપ્રવૃત્તિની વ્યાખ્યા શુભ ને અશુભ રાગ કહે છે. નીચે કહેશે. શુભ પરિણામ હો કે અશુભ એ બધા પરચારિત્રપ્રવૃત્તિ. **બંધહેતુભૂત હોવાથી,** એ બંધહેતુ છે. **તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે.** પણ આ ફોડ પાડીને, તેનો અર્થ જ એ કે પંચમહાવ્રતના પરિણામ એ શુભપરિણામ, શુભપ્રવૃત્તિ રાગવાળી અને અશુભ પરિણામ તે તેનો વિસ્તાર. પણ એનો અર્થ જ એ. અહીં આવે છે ને જુઓ! ખુલાસો શું કરે છે. જુઓ!

**પરચારિત્રપ્રવૃત્તિ,** અંતરમાં સ્વભાવ સન્મુખ ન હોવાથી રાગનો વિકારભાવ શુભ કે અશુભ. મહાવ્રતના કે અવ્રતના. બેય શુભાશુભ ભાવ પરચારિત્રપ્રવૃત્તિ છે. અને એ **બંધહેતુભૂત હોવાથી,** બંધનું કારણ હોવાથી **તેને મોક્ષમાર્ગપણાનો નિષેધ કરવામાં આવ્યો છે**. વ્યવહારમોક્ષમાર્ગ જે કહ્યો તે નિમિત્તથી કથનથી કહ્યો. વસ્તુ છે (નહીં) અર્થાત્ પરચારિત્રમાં પ્રવર્તન અર્થાત્ ભગવાનઆત્મા પોતાના જ્ઞાન અને દર્શન સ્વભાવમાં લીન થવાનું ચારિત્ર છોડીને, પરચારિત્ર નામ શુભરૂપરાગ અને અશુભરાગમાં પ્રવર્તન કરવાથી તે મોક્ષમાર્ગ નથી. એવું આ ગાથામાં દર્શાવ્યું છે.

આમ ઉપર ટપકે વાત કેટલાક માણસો કહે પણ અંદરમાં હજી એને બેસતું નથી. આ બધું ઉપરથી અગ્નિનું ને બધું કહે છે ને લોકો, ભાષા એવી લાગે લોકોને કે, આ ધર્મ તદ્દન .......... ભાષા એવી મીઠી! પ્રોફેસર. એ શોભાલાલજી! સમજયા ને? બહુ એની વિરૂધ્ધ આવ્યું છે, આ જૈન ગેઝેટમાં. એની શૈલી એવી છે મીઠી ભાષા. દસ દસ હજાર માણસ ભેગા થાય. પુણ્યને લઈને ભાષા આવે છે. તદ્દન વિરૂધ્ધ. અત્યાર સુધી કોઈ ધર્મી જીવ થયો જ નથી એમ ચોખ્ખું કહે છે. અનંતકાળમાં. ચોખ્ખી વાત. છતાં લોકોને એની વાત મીઠી લાગે. લ્યો! માળા કેવી શૈલી છે! કોઈ વિચાર કરતાં નથી. અત્યાર સુધી કોઈ સર્વજ્ઞ તો નહીં, સર્વજ્ઞ તો હોય શકે જ નહીં. કેવળી તો હોય શકે જ નહીં. પણ ધર્મી જેટલા નામ ધરાવનારા આચાર્યો થયા એ બધાએ અમને છેતરપીંડી કરી છે. એમ ચોખ્ખું કહે છે. એની વાત પણ લોકોને સારી લાગે. આ કોણ જાણે છે શું જગત! હેં? .. એમ જગતને એવી ભાષા ને એવો પ્રોફેસર!

માણસને એની ભાષા એવી છે કે લોકો અંજાઇ જાય છે. બાકી તદ્દ્ન વિરૂધ્ધ છે તદ્દ્ન. શોભાલાલજી!

મુમુક્ષુ :- એ પણ પુણ્ય લઈને આવે છે.

ઉત્તર :- પુણ્ય લઈને આવે છે. દેખાવ એવો છે એનો. આમ દાઢી, વળી આમ બહારથી બ્રહ્મચારી છે કાયાથી. કાયાથી પણ આમ તો એનો અભિપ્રાય તદ્દ્ન જૂઠો છે. સ્ત્રીનો સંગ કરવો, ચુંબન કરવું, ફલાણું કરવું. કાળા કેર આવી વાતું. આવી વાતો કાંઈ સજ્જનને શોભે? સજ્જનને પણ શોભે નહીં. એની વાણી ને એવી વાત. અને ભોગાનંદમાં આનંદ બ્રહ્માનંદ છે. બ્રહ્માનંદની શરૂઆત ત્યાંથી થઈ છે. હવે આવી વાતું કરે છતાં લોકોને કેમ છે કાંઈ ખબર પડતી નથી. કહો, ધન્નાલાલજી! આહાહા!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જે કહે છે તે માર્ગ ત્રણકાળમાં ક્યાંય બીજે છે નહીં. આંહી તો પરમાત્મા પોતે કહે છે જિનેન્દ્ર. એને માને કયાં. સર્વજ્ઞ હોય નહીં. આચાર્ય સાચો થયો નથી એમ કહે છે. ચોખ્ખું સભામાં કહે છે. અત્યાર સુધીના આચાર્યોએ ધર્મશાસ્ત્રો બનાવીને આપણને છેતર્યા છે. ત્યારે અત્યાર સુધી અનંતકાળમાં કોઈ ધર્મી થયો જ નથી? બધા છેતરપીંડી કરનારા. કોઈ સાંભળનારા કોઈ પ્રશ્ન કરે છે કાંઈ? એ બધું આંધળે આંધળું જગતમાં ચાલે છે.

આંહી તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે. છે, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવાવાળા અનંત સર્વજ્ઞ થયા છે. અને તેનું અનુસરણ કરીને આત્માનું ધ્યાન, શાંતિ કરીને મોક્ષનો માર્ગ અંગીકાર કર્યો. એવા કુંદકુંદઆચાર્ય આદિ અનંત સંતો થયા છે. આગળ નથી પ્રવચનસારમાં આવ્યું છે ને. મોક્ષમાર્ગ અવધારણ કર્યો છે અને કૃતકૃત્ય કરે છે. એમ પ્રવચનસારમાં છેલ્લે છે. કોઈ નહીં. વાંચ્યું છે ને એણે બધું. આહાહા! તમારામાં જનમ્યા છે ને એ. શોભાલાલજી! એ તારણસ્વામીમાં જનમ્યા બહુ જ વિરોધ આવ્યો છે આ જૈનગેજેટમાં. અરે! એ તો તારણસ્વામી તો જૈન જૈન જૈન. અમે જૈન છીએ. જૈનથી વિરોધ કોઈ કહે તે ચારગતિમાં નિગોદમાં જાશે.

મુમુક્ષુ :- એ તો નિગોદ જ યાદ કરે છે. બીજી વાત જ કરતા નથી.

ઉત્તર :- નિગોદ જ યાદ કરે છે. આહાહા!

આંહી કહે છે, અહીં ખરેખર જુઓ હવે શબ્દ. **શુભોપરક્ત ભાવ** એવો શબ્દ પડયો છે. શુભ ઉપરકત નામ શુભ મલિન ભાવ **(શુભ વિકારી ભાવ)** એવો શબ્દ લીધો છે ચોખ્ખો. સંસ્કૃત અમૃતચંદ્રઆચાર્યની ટીકા છે. આહાહા! જેટલો દયા, દાન, વ્રત, ભકિત પૂજા આદિનો જે વિકલ્પ છે એ શુભરૂપ વિકારી ભાવ છે. અહીં પ્રશ્ન આવ્યો છે. જુઓ. **अप्पबोध** છે તો આત્મામાં થવાવાળા એમ કહે છે. એ કાંઈ જડમાં થયા નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં સમ્યગ્દષ્ટિને પણ જયાં સુધી સ્થિરતા નથી. વસ્તુનો અનુભવ ભાન હોવા છતાં પણ જયાં સુધી શુભરાગ શુભ વિકારીભાવમાં પરિણમન છે એ પરચારિત્ર

પ્રવૃત્તિ છે. આહાહા!

મુમુક્ષુ :- આ ઉપદેશ દેવો પરચારિત્ર છે.

ઉત્તર :- ઉપદેશ તો વાણીનો છે. પણ વિકલ્પ પરચારિત્ર છે. આહાહા! શું કરે? પંડિતજી! ઉપદેશ કોણ દયે? વાણી તો વાણી જડની છે. પણ અંદર વિકલ્પ ઊઠે છે તે શુભરૂપ શુભરાગ મલિન છે. આહાહા! ધન્નાલાલજી! ઉપદેશમાં વિકલ્પ ઊઠે છે. ઉપદેશ નિર્વિકલ્પ નથી. શુભરાગ વિકલ્પ છે. એ શુભભાવ વિકારીભાવ છે. **તે પુણ્યાસ્રવ છે.** તેનાથી પુણ્યનો આસ્રવ થાય છે. શાતા આદિના પરમાણુ આવે છે. તેનાથી આત્માની સંવર, નિર્જરા બિલકુલ થતી નથી. આહાહા! ભારે ગજબ!

લોકો કહે આપણે ઉપદેશ કરીએ, બીજાને લાભ થાય, આપણને નિર્જરા થાય. નિર્જરા થાય. તુલસી તેરાપંથી તો એમ કહે છે વળી. એ કહે છે કે આપણે બીજાને ન મારો, જીવની હિંસા ન કરો એમ ન કહેવું. પણ ઉપદેશ દેવો. એ મારતો હોય તો એને બચાવવો નહીં પણ ઉપદેશ દેવો. ઉપદેશ દેવાથી આપણને નિર્જરા થાય. આંહી તો કહે છે ધૂળમાં પણ નિર્જરા ન થાય. આહાહા!

ઉપદેશ તો વાણી જડની છે. એ જડ બોલે કોણ? બોલે તે બીજો આત્માથી બીજો જડ તે બોલે. ભારે કામ! હા, તેમાં વિકલ્પ ઊઠે છે. એ વિકલ્પ શુભરાગ, શુભ વિકાર છે. આહાહા! સાંભળવામાં પણ જે રાગ છે તે શુભરાગ વિકાર છે. એવી વાત છે. જુઓ! વાસ્તવમાં નામ **અહીં ખરેખર શુભોપરકત** નામ ઉપરકત એટલે મેલ. નીચે છે ને ખુલાસો.

**સોપરાગ=ઉપરાગયુકત; ઉપરકત; મલિન; વિકારી; અશુદ્ધ. (ઉપયોગમાં થતો કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત્ કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે.)** મલિન રાગ, મેલા રાગ. આહાહા! કેટલી સ્પષ્ટતા છે. ભગવાન તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ તેમાં રમવું તે સ્વચારિત્ર છે. અને જેટલો પંચમહાવ્રત આદિનો વિકલ્પ ઊઠે છે, ઉપદેશનો વિકલ્પ ઊઠે છે, શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠે છે. સમજાણું કાંઈ? તે વિકારી ભાવ છે. **શુભરૂપ વિકારી ભાવ છે. તે પુણ્યાસ્રવ છે.** તેનાથી પુણ્યનો આસ્રવ થાય છે.

**અને અશુભોપરકત ભાવ (અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે.** અને હિંસા, જૂઠું ચોરી, વિષય-વાસના, કામ-ક્રોધ આદિ ભાવ એ અશુભ વિકારી ભાવ છે. પહેલાં દયા, દાન, વ્રત, ભક્તિ, સાંભળવું, સંભળાવવું એ વિકલ્પ શુભ આસ્રવ ભાવ છે. પુણ્યાસ્રવ. આ અશુભ પાપાસ્રવ છે. **ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે.** જે ભાવથી નવા પુણ્ય ને પાપ આવે છે. પુણ્ય તો અઘાતિ કર્મ છે. પાપ પણ ઘાતિ અને અઘાતિ બન્ને છે. બન્ને આવે છે. શુભભાવથી અઘાતિનું પુણ્ય પણ આવે છે અને ઘાતિનું પાપ પણ આવે છે. આહાહા! હેં? ઘાતિનું પાપ પણ શુભભાવથી આવે છે. આહાહા!

**પાપ જે ભાવથી આસ્રવે છે તે ભાવ જયારે જે જીવને હોય,** લ્યો! તે પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, જે ભાવથી નવા પુણ્ય-પાપના રજકણો આવે છે. **તે ભાવ જયારે જે જીવને, જયારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે.** આહાહા! જીવ જ પરચારિત્ર છે. કાલ કહ્યું હતું ને. આહાહા! ગજબ વાત છે આ! વીતરાગ માર્ગ લોકોને અંદર ચોખ્ખો ચૈતન્યમૂર્તિ ભગવાન વીતરાગ સ્વભાવથી ભરેલો પડયો છે. તેમાં લીન થવું તે સ્વચારિત્ર છે. તે મોક્ષનો માર્ગ છે. **એમ (જિનેન્દ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે.** ભાષા છે, જુઓ! **ત્યારે તે જીવ તે ભાવ દ્વારા પરચારિત્ર છે.** જીવ પરચારિત્ર છે અને બંધનો માર્ગ છે.

**એમ જિનેન્દ્રો દ્વારા** મૂળ પાઠમાં છે ને. **जिणा परुवेंति** જિનેન્દ્રદેવ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સમવસરણના મધ્યમાં ભગવાન એમ કહેતા હતા. કુંદકુંદઆચાર્યને એવું નામ આપીને, ભગવાન આમ કહે છે, જિનેન્દ્રદેવ આમ કહે છે. આહાહા! જિનેન્દ્રનો માર્ગ તો વીતરાગ ભાવ છે. સમજાણું કાંઈ?

અંતર સ્વભાવ ભગવાન તેની અનુભવ દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા તે વીતરાગ ભાવ છે. તે વીતરાગ ભાવ તે મોક્ષનો માર્ગ છે. વચ્ચે જે આ રાગ આવે છે, વ્રતનો કે ચાહે તો દયાનો, દાનનો, પ્રરૂપણાનો, સાંભળવાનો એ બધા શુભરાગ વિકારયુકત છે. તેનાથી પુણ્ય આવે છે અને અશુભ ભાવથી પાપ આવે છે. **એમ જિનેન્દ્રો દ્વારા,** ભાષા જુઓ! અનંત જિનેન્દ્રોએ એમ કહ્યું છે. આહાહા! અનંત જિનેન્દ્રો થયા છે. એને ભાન કયાં છે. અનંત સિદ્ધ થયા, અનંત જિનેન્દ્ર, લાખો કેવળીઓ બિરાજે છે. શું ખબર છે? મહાવિદેહમાં પરમાત્મા વીસ તીર્થંકરો તો તીર્થંકરપણે બિરાજે છે. બાકી લાખો કેવળીઓ વર્તમાન મનુષ્યપણે બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. પાંચ મહાવિદેહ છે ને. લાખો કેવળીઓ બિરાજે છે. આહાહા! વીસ તીર્થંકર અને લાખો કેવળીઓ. વર્તમાન મનુષ્યપણામાં મોજુદ છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા અનંત તીર્થંકર થઈ ગયા, અનંત કેવળી થઈ ગયા, અનંત આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભાવલિંગી થઈ ગયા. બધાનું કથન આ છે. જિનેન્દ્રો દ્વારા કહેલાં ભાવ છે. ભાઈ શું કહે? સમજાણું કાંઈ? પ્રરૂપવામાં આવે છે. જુઓ! એમ જિનેન્દ્રો દ્વારા પ્રરૂપવામાં આવે છે. કુંદકુંદઆચાર્ય પોતે કહે તોપણ આચાર્ય સંત છે. તોપણ કહે છે. ભાઈ! જિનેન્દ્ર દ્વારા અમને શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવ્યો છે તે પરચારિત્ર છે તેમ જિનેન્દ્રદેવ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠયો છે આવા શાસ્ત્રનો. તે શુભરાગ છે, પરચારિત્ર છે. સ્વને લાભદાયક નહીં. બંધ માર્ગ છે. આહાહા! શું કરવા? શું કરવા માટે એવો ભાવ લાવવો? પણ ભાઈ આવ્યા વિના રહે નહીં. જયાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી. સમજાણું કાંઈ? એવી વાત છે.

**તેથી (એમ નક્કી થાય છે કે)** આ કારણથી એવો નિર્ણય, નિશ્ચય થાય છે કે **પરચારિત્રમાં**

**પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે.** અહીં જ છે. શુભભાવમાં પ્રચાર પ્રવૃત્તિ બંધમાર્ગ જ છે. કહે છે કે શુભભાવમાં કથંચિત શુધ્ધતા છે અને કથંચિત અશુધ્ધતા છે, એમ છે નહીં. અત્યારે પંડિત બહુ જ કહે છે. રતનચંદજી આદિ બહુ જ લખે છે. હજી આમાં પણ લખ્યું છે. **મોક્ષમાર્ગ નથી.** લ્યો! અનેકાંત કર્યું. એ જેટલો શુભ વિકલ્પ ઊઠે છે તે જિનેન્દ્રો દ્વારા કહેલાં બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ કિંચિત નહીં. સમજાણું કાંઈ?

## ગાથા-૧૫૮

**जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण ।**
**जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो ।। १५८ ।।**

य: सर्वसङ्गमुक्त: अनन्यमना: आत्मानं स्वभावेन ।
जानाति पश्यति नियतं स: स्वकचरितं चरति जीव: ।। १५८ ।।

स्वचरितप्रवृत्तस्वरूपाख्यानमेतत् ।

य: खलु निरुपरागोपयोत्वात्सर्वसङ्गमुक्त: परद्रव्यव्यावृत्तोपयोगत्वादनन्यमना: आत्मानं स्वभावेन ज्ञानदर्शनरूपेण जानाति पश्यति नियतमवस्थिततत्वेन, स खलु स्वकं चरितं चरति जीव: । यतो हि दृशिज्ञप्तिस्वरूपे पुरुषे तन्मात्रत्वेवन वर्तनं स्वचरितमिति ।। १५८ ।।

**સૌ સંગમુકત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને,**
**જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮.**

**અન્વયાર્થ :- (य:) જે (सर्वसङ्गमुक्त:) સર્વસંગમુકત અને (अनन्यमना:) અનન્યમનવાળો વર્તતો થકો (आत्मानं) આત્માને (स्वभावेन) (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવ વડે (नियतं) નિયતપણે (-સ્થિરતાપૂર્વક) (जानाति पश्यति) જાણે-દેખે છે, (स: जीव:) તે જીવ (स्वकचरितं) સ્વચારિત્ર (चरति) આચરે છે.**

**ટીકા :- આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.**

**જે (જીવ) ખરેખર [1]નિરુપરાગ ઉપયોગવાળો હોવાની લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી [2]વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે [3]અનન્યમનવાળો વર્તતો થકો,**

*૧. નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુધ્ધ. (નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તોપણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ-કળશની માફક, સર્વઆત્મપ્રદેશે ભરેલો હોય છે.)*

*૨. વ્યાવૃત્ત = પાછો વળેલ; અલગ થયેલ; નિવર્તેલ; નિવૃત્ત; ભિન્ન.*

**આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે, તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે; કારણ કે ખરેખર [૪]દૃશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (-આત્મામાં) તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.**

**ભાવાર્થ :- જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્યે જતી નથી એવો વર્તતો થકો, આત્માને સ્વભાવભૂત જ્ઞાનદર્શનપરિણામ વડે સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે. તે જીવ સ્વચારિત્ર આચરનાર છે; કારણ કે દૃશિજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં માત્ર દૃશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે. ૧૫૮.**

---

## ગાથા-૧૫૮ ઉપર પ્રવચન

હવે ૧૫૮ ગાથા. સ્વચારિત્રની વાત.

**जो सव्वसंगमुक्को णण्णमणो अप्पणं सहावेण ।**
**जाणदि पस्सदि णियदं सो सगचरियं चरदि जीवो ।। १५८ ।।**

**ટીકા :- આ, સ્વચારિત્રમાં પ્રવર્તનારના સ્વરૂપનું કથન છે.** ભાષા જુઓ! ભગવાન આત્મા પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં પ્રવર્તન, અંતરમાં રમવું, લીન થવું, એ સ્વભાવમાં લીન થવું. એ પ્રવર્તન અંદરની પ્રવૃત્તિ છે. આહાહા! જ્ઞાન અને દર્શન સ્વભાવ તેમાં પ્ર-વિશેષે, વર્તન-રમવું. **એ કરવાવાળાના સ્વરૂપનું કથન છે.** તેનું અહીંયા કથન છે.

**જે (જીવ) વાસ્તવમાં ખરેખર,** 'યઃ ખલુ' એવો શબ્દ છે ને. **નિરુપરાગઉપયોગવાળો હોવાને લીધે,** જેમાં ઉપરાગ રહિત નિર્મળ, અવિકારી, શુદ્ધ, નિરુપરાગ નીચે અર્થ છે. **નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય અને અભ્યંતર સંગથી શૂન્ય,** બાહ્ય અને અભ્યંતર રાગથી પણ શૂન્ય, નિમિત્ત સંગથી પણ શૂન્ય **તોપણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા,** પર સંગથી શૂન્ય એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ. નિઃસંગ પરમાત્મા પોતાના નિજસ્વરૂપ રાગ વિકલ્પથી રહિત, નિઃસંગ-સંગના અભાવવાળી પરમાત્માની ભાવના. પોતાનો શુદ્ધ પરમાત્મા સ્વભાવ તેની એકાગ્રતા દ્વારા. ભાવના એટલે એકાગ્રતા. જુઓ! **ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર આનંદસ્યંદી.** તેમાં પણ વાંધો ઉઠાવે છે. ભાવના નામ ચિંતવન કલ્પના છે. એમ કહે છે.

---

*૩. અનન્યમનવાળો = જેની પરિણતિ અન્ય પ્રત્યે જતી નથી એવો. (મન = ચિત્ત; પરિણતિ; ભાવ)*
*૪. દૃશિ = દર્શનક્રિયા; સામાન્ય અવલોકન.*

શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં શાસ્ત્રમાં એમ આવ્યું છે કે, સામાયિક કાળમાં કોઇ કોઇને શુધ્ધઉપયોગની ભાવના હોય છે. સમજાણું કાંઇ? એવો પાઠ પ્રવચનસારમાં છે. તેનો અર્થ ઊંધો કરે છે. શ્રાવક સમકિતી આત્મજ્ઞાની છે. તે જયારે સામાયિકમાં અંતર આનંદમાં છે, ત્યારે શુધ્ધઉપયોગની ભાવના હોય છે. એવો પાઠ છે. તો ભાવનાનો અર્થ એમ કહે છે કે શુધ્ધનો ભાવ હું કરું એવી કલ્પના ભાવ હોય છે. શુધ્ધઉપયોગની એકાગ્રતા નહીં. આ એ કહે છે. જુઓ! પરમાત્માની ભાવના દ્વારા, કે કલ્પના દ્વારા? ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી. આહાહા! જુઓ!

ભાવના દ્વારા ઉત્પન્ન. અંદર પરમાત્મા નિજ આનંદસ્વરૂપ ધ્રુવ તેમાં લીનતા દ્વારા ભાવના નામ લીનતા એકાગ્રતા દ્વારા ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી, સુંદર અતીન્દ્રિય આનંદ, મધુર અતીન્દ્રિય આનંદ પરમાનંદ સ્વરૂપ, કેવી ભાષા! જયસેનઆચાર્યની. સુખસુધારસના આસ્વાદથી. આત્માના આનંદના સુધારસ અમૃતના આસ્વાદથી. એ અમૃતના રસના આસ્વાદથી. આહાહા! પૂર્ણ-કળશની માફક, જેમ પૂર્ણ કળશ ભર્યા છે. એમ સર્વ આત્મપ્રદેશે ભરેલો હોય છે. સર્વ આત્મપ્રદેશમાં વીતરાગી આનંદ આનંદ આનંદ છલોછલ લબાલબ આવે છે. આહાહા! સમજાણું કાંઇ?

તેનું નામ શુધ્ધઉપયોગ સ્વચારિત્ર છે. કહે છે ને કે ચારિત્ર દુઃખદાયક છે. અહીં કહે છે કે ચારિત્રમાં પરમઅમૃતનો સ્વાદ આવે છે. આહાહા! આવે છે ને છ ઢાળામાં. નહીં? વૈરાગ્ય વિનાના હેતુભૂત, વૈરાગ્ય વિનાના હેતુભૂત, વૈરાગ્ય વિનાનો હેતુ તેને દુઃખદાયક ગણે. અરે! તને ચારિત્રની શ્રધ્ધાની ખબર નથી. ભાઇ! ચારિત્રમાં બહુ દુઃખ છે, કષ્ટ સહન કરવું પડે, મહાપરિષહ સહન કરવો પડે, ઉપસર્ગ સહન કરવો પડે, જંગલમાં રહેવું પડે,

અરે! સાંભળને. પડે પડે શું કરે છે? ચારિત્રમાં તો પરમ આનંદનો સ્વાદ આવે છે. તેનું નામ ચારિત્ર કહે છે. જુઓ! શું કહે છે. એય દીલીપ! આ દીલીપના બાપે પૂછયું ત્યારે તેના છોકરાએ જવાબ આપ્યો હતો. જુઓ! આ છોકરો. બોલે ત્યારે એવું બોલે! બાપ કહે, દીલીપ! આ મહારાજ કહે છે, મુનિ જંગલમાં રહે તો એને ગોઠતું કેમ હશે? ગોઠતું સમજો છો? પોસાતું કેમ હશે? સુહાતા. આ જવાબ દયે છે, અરે પપ્પા! મુનિને તો અતીન્દ્રિય આનંદ અંદર હોય છે. સમજાણું કાંઇ? કાલ તો, પરમદિવસે કહેતો હતો. આનંદ આત્મામાં છે અને ખાલી ખાબોચિયામાં માણસ શોધે છે. ખાલી ખાબોચિયું સમજો છો ને. પાણીના ખાલી જીરડા. જીરડા એટલે ખાલી ખાડા. ખડા.આત્મામાં આનંદ છે અને લોકો ખાલી ખાડામાં શોધે છે. અમારી કાઠીયાવાડી ભાષા બોલે છે. ખાલી ખાબોચિયા. આહાહા! સમજાણું કાંઇ?

અહીં કહે છે. આહા! **નિરુપરાગ ઉપયોગવાળો હોવાથી,** આહાહા! જેણે અંતરમાં સુખામૃત, સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ કળશ જેમ ભર્યો હોય એમ આનંદથી પર્યાયમાં તૃપ્ત તૃપ્ત છે. અતીન્દ્રિય આનંદથી તૃપ્ત તૃપ્ત છે, તેનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઇ?**એવા નિરુપરાગ ઉપયોગવાળો**

**હોવાથી સર્વસંગમુક્ત,** મુનિની વાત છે ને. સર્વસંગમુક્ત. કોઈ વસ્ત્રના ટુકડાનો સંગ પણ નહીં. શરીરનો પણ અંદર સંગ નહીં. **વર્તતો થકો, સર્વસંગમુક્ત વર્તતો થકો, પરદ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે,** એ રાગાદિ વિકલ્પ છે તે પરદ્રવ્ય છે. આહાહા! માર્ગ એવો છે ભાઈ! પરદ્રવ્યથી વ્યાવૃત્ત વિમુખ થયો. રાગથી વિમુખ થયો, પરદ્રવ્યથી વિમુખ થયો, પરદ્રવ્યથી પૃથક થયો, પરદ્રવ્યથી નિવૃત્ત થયો, પરદ્રવ્યથી નિવૃત્ત, પરદ્રવ્યથી ભિન્ન. એટલા અર્થ નીચે કર્યા છે.

આ ચારિત્રની વ્યાખ્યા છે, સ્વચારિત્ર. એ ઝવેરભાઈ! આ બધા ચારિત્ર-બારિત્ર માન્યા. લુગડા ફેરવીને બેસે ને ચારિત્ર થઈ ગયું. આ શેઠીયાને શું કે પોતાને ત્યાગ ન થાય અને ઓલો ત્યાગ (કરેલો હોય) એટલે જય ચારિત્ર, જય મહારાજ! ચારિત્રની વ્યાખ્યા બીજી જિનેન્દ્રદેવ કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એક સમયમાં સર્વજ્ઞપદ પ્રાપ્ત છે. એ પરમાત્મા દ્વારા કહ્યું. ભગવાન! એ પોતાના સ્વરૂપમાં એટલો આનંદઅમૃતનો રસ આવે છે કે પરદ્રવ્યથી તો વ્યાવૃત્ત ઉપયોગવાળો છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય તે પરદ્રવ્યથી નિવૃત્ત છે. પરદ્રવ્યથી ઉપયોગને હટાવી લીધો છે. આહાહા! ભારે કામ!

અને **અનન્યમનવાળા વર્તતો થકો,** હવે જેની પરિણતિ અન્યની પ્રત્યે નથી. રાગ પ્રત્યે નથી. આહાહા! આ ચારિત્ર! જુઓ! મુનિપણું. ચારિત્રની દશા. શાંતિભાઈ! આહાહા! કહે છે,**અનન્યમનવાળો** વર્તતો થકો, મન એટલે ચિત્ત, પરિણતિ અથવા ભાવ. એમ નીચે અર્થ કર્યો છે. અનન્યમનવાળા અનન્ય નામ અનેરી પરિણતિ વિના. શુભરાગની વિકલ્પની પણ પરિણતિ નામ પર્યાય વિના. **વર્તતો થકો, આત્માને,** ઉપર નાસ્તિથી વાત કરી. **જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત્ અવસ્થિતપણે જાણે-દેખે છે,** જુઓ! આહાહા! ચાહે તો ઉપસર્ગ હોય કે પરિષહ હોય બહારમાં શરીરની અવસ્થા. પણ અંતરમાં તો જ્ઞાન ને દર્શનથી જાણવા-દેખવાની પર્યાયમાં પ્રવર્તન છે. આહાહા! સમજાણું કાંઈ?

આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ એમ લીધું ને. ભગવાનઆત્મા! તેમાં જે જ્ઞાન વિશેષ ચેતના, દર્શન સામાન્ય ચેતના એવો જે સ્વભાવ એ દ્વારા, એ સ્વભાવ દ્વારા, નિયતપણે અવસ્થિતપણે ત્યાં સ્થિર થયો છે. આહાહા! આનંદમાં મગ્ન છે. અતીન્દ્રિય આનંદમાં મસ્ત સુધારસનો સ્વાદી, અમૃત રસનો સ્વાદી તેનું નામ અહીંયા સ્વચારિત્ર અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**જાણે-દેખે છે.** પોતાના જ્ઞાનદર્શનમાં સ્થિર રહીને જાણે-દેખે છે. રાગ અને દ્વેષનો સંબંધ બિલકુલ છે નહીં. હજી નવતત્ત્વમાં ચારિત્ર તત્ત્વ કેવું છે તેની પણ ખબર નથી (તો) શ્રદ્ધા ક્યાંથી સાચી થશે? સમજાણું કાંઈ? અને અચારિત્ર છે ત્યાં ચારિત્ર માની લ્યે. તેની પાસે ભલે અચારિત્ર (હોય) પણ અચારિત્રને ચારિત્ર માને તો તેની ભૂલ થાય છે. સમજાણું કાંઈ? જ્યાં ચારિત્ર નથી ત્યાં બહારની ક્રિયાને ચારિત્ર માની લ્યે. આંહી તો કહે છે કે તેની અજ્ઞાન દશા થાય છે. આહાહા!

**જાણે-દેખે છે.** જ્ઞાતા-દૃષ્ટામાં રમણતા કરે છે. સારી દુનિયા ચલાયમાન થઈ જાય અને અંદર

વજ્રપાત પડો અને અગ્નિમાં પણ શરીર નાખે, તોપણ સ્વચારિત્રવાળા પોતાના જ્ઞાનદર્શનમાં, જ્ઞાતા-દ્રષ્ટામાં રમે છે. તે ચારિત્ર છે. શરીરને ઘાણીમાં પીલે. લ્યો! આહાહા! કોણ પીલે? ભગવાન જ્યાં સ્વભાવમાં આનંદમાં રમે છે તે સમયે પણ અનંત આનંદ સુધારસનો સ્વાદ છે. આહાહા! દુઃખ નહીં. પંડિતજી! ઘાણીમાં પીલે છે. જગતને મરણ તણી બીક છે. જ્ઞાનીને આનંદની લહેર છે.

મુમુક્ષુ :- જાણવામાં તો આવતું હશે.

ઉત્તર :- જાણવામાં તો વિકલ્પ હોય તો જાણે, વિકલ્પ હોય તો જાણે, છે તો છે. બસ એટલું. મારામાં નથી. લક્ષ જાય. લક્ષ જાય તો જાણે કે આવું કાંઈક છે. અગ્નિનો સંયોગ છે બસ. હું તો જ્ઞાતા-દ્રષ્ટા આનંદમાં રહેવાવાળો છું. આહાહા! જુઓ! પાંડવો. હેં? પાંડવો શેત્રુંજયમાં. આ શેત્રુંજય. પાંડવો પાંચ. ધ્યાનમાં ઊભા હતા. આહાહા! ધર્મ, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. દુર્યોધનનો ભાણેજ. વિરોધી આવ્યા. અગ્નિમાં ધગધગતા લોઢાના આભુષણ પહેરાવ્યા. મુનિ તો આનંદમાં છે, કહે છે. આહાહા!

અતીન્દ્રિય આનંદનો ડુંગર ભગવાનઆત્મા તેમાં લીનતાથી જેમ ડુંગરમાંથી પાણી ઝરે છે, એમ આનંદ ઝરે છે. આનંદનો સ્વાદ લ્યે છે, તેનું નામ સ્વચારિત્ર છે. આહાહા! કઠણ વાત ભાઈ! સમજાણું કાંઈ? આ શેત્રુંજયથી મોક્ષ ગયા હતા. પાંચમાંથી બેને વિકલ્પ થઈ ગયો. ભાઈને શું થયું હશે? એ વિકલ્પ થયો તો પુણ્ય બંધ થઈ ગયો. સર્વાર્થ સિધ્ધમાં ગયા. ત્રણ મોક્ષ ગયા. હા, સીંતેર સાગરનું આયુષ્ય તેમાં એટલો સંસાર રહી ગયો. આટલો વિકલ્પ ઉઠયો કે મારા ભાઈને શું થયું હશે? એટલામાં તેત્રીસ સાગર રહેવું પડયું. અને એક મનુષ્યભવ પણ કરવો પડયો. આહાહા! હેં? બે ભવ થઈ ગયા. ત્રણનો મોક્ષ થઈ ગયો. ધર્મ, ભીમ અને અર્જુન. આહાહા! અંતરમાં ભગવાન... અપવાસ કરતા હતા. આનંદમાં. સાંભળ્યું કે ભગવાન નેમિનાથ મોક્ષ પધાર્યા. એટલું સાંભળ્યું ને શેત્રુંજય ઉપર ચડી ગયા. અહો! એટલો વિકલ્પ પણ બંધનું કારણ થયો. બસ વાત એ છે. તો બે ભવ કરવા પડયા. આપણા મુનિ હતા, ભાઈ હતા ધર્માત્મા. તેનું શું થયું હશે? આ લોઢાની અગ્નિ. એટલો વિકલ્પ ઉઠયો અને બે ભવ કરવા પડયા. આહાહા! નહીં તો તે ભાવ તો શુભ હતો. પુણ્યાસ્રવ છે. તેનાથી સર્વાર્થસિધ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. આહાહા! સમજાણું કાંઈ?

એટલું પરચારિત્ર થયું. સ્વચારિત્ર તો છે. એટલું પરચારિત્ર થયું. પુણ્યાસ્રવ થયું. ત્રણ ગયા મોક્ષ અને બે ગયા દેવ. જુઓ માર્ગ! હેં? સાધર્મી સંત હતા. તેના ઉપર પ્રશસ્ત રાગ આવ્યો. ઓહો! ધર્મરાજા, ભીમ, અર્જુન મોટાભાઈ અંદર ધ્યાનમાં હતા અને અગ્નિ લગાવી છે. લોઢાના આભુષણ, કડા, મુગટ, પગમાં કંદોરા. ટોળા, ટોળા શું કહે છે? આ પગમાં. પગમાં સોનાના ટોળા હોય છે ને. સોનાના ટોળા. લોઢાના અગ્નિમાં. પાંચે સ્વચારિત્રના આનંદમાં તો છે જ. પણ તેને થોડો વિકલ્પ ઉઠયો, સાધર્મીના પ્રેમથી. અરે! મોટા ભાઈને શું થયું હશે? વિકલ્પ બે ભાઈને. શુભાસ્રવ થઈને બે ભવ થઈ ગયા.

આહાહા! જુઓ વીતરાગ માર્ગ! હેં?

એવો મુનિનો માર્ગ, પરમાત્માના ઘરમાં એવું છે. એવી વાત ત્રણકાળમાં ક્યાંય હોતી નથી. પરમેશ્વર સિવાય એવું સ્પષ્ટીકરણ, એવો ખ્યાલ આપણા સિવાય બીજે હોતો નથી. આહાહા! ભગવાનઆત્મામાંથી કેમ એવું બહાર નીકળ્યું? પરદ્રવ્ય ઉપર કેમ તારું લક્ષ ગયું? એટલું પરચારિત્ર થયું. દેહ છોડીને સર્વાર્થસિધ્ધમાં ગયા. આહાહા! સમજાણું કાંઈ?

જ્ઞાનદર્શન સ્વભાવ દ્વારા નિયતરૂપથી અવસ્થિત અંદરમાં રહેવાથી જાણે-દેખે છે. કેવળજ્ઞાની જેમ લોકાલોકને જાણે-દેખે છે. એમ ચારિત્રવંત ધર્મી જીવ, પ્રતિકુળતા અનુકૂળતા જેવી કોઈ ચીજ છે જ નહીં. બધા જ્ઞેય છે. જ્ઞેય તરીકે જ્ઞાની સ્વ અને પરને જાણે-દેખે છે. આહાહા! તેનું નામ સ્વચારિત્ર અને મોક્ષનો માર્ગ છે. ભાઈ! સમજાણું કાંઈ? લોકોએ તો કાંઈક કાંઈક સોંઘુ કરી દીધું. શરીરમાં બહાર હોય વસ્ત્ર છોડી દયે અને નગ્ન થઈ જાય. થોડી દયા આદિના પરિણામ હોય તો થઈ જાય ચારિત્ર. આહાહા! અરે ભાઈ! એવું તો અભવિ પણ કરે છે. એમાં ચારિત્ર ક્યાં આવ્યું? સમજાણું કાંઈ?

આનંદઘનજી કહે છે. કોઈ કહે ઠેવીએ વિવિધ ક્રિયા કરી, પણ અનેકાંત લોચન ન દેખે, તેવી અનેકાંત ક્રિયા કરે બાપડા, રળવળે ચૌગતિ માંહી લેખે ધાર તરવારની, સોહેલી દોહેલી ચૌદમાં જિન તણી ચરણ સેવા, ધાર તરવારની, સોહેલી દોહેલી ચૌદમાં જિન તણી ચરણ સેવા. ધાર પર નાચતા દેખ લાગી જરા, ધાર પર નાચતા. એ તો ઘણા બાજીગરો ગયો ધાર ઉપર નાચે પગમાં લેપ આદિ કરીને. પણ આ ધાર પર નાચતા દેખ લાગી જરા સેવના ધાર પર રહે ન દેવા.

પણ ભગવાનઆત્મા આનંદમૂર્તિ તેમાં રહેવું, લીન થવું તે દેવોનું પણ કામ નથી એમ કહે છે. દેવોને ચારિત્ર હોતું નથી ને. સમજાણું કાંઈ? આહાહા! અતીન્દ્રિય આનંદના ઝરણાં જ્યાં ઝરે, સુધામૃતના સ્વાદમાં નિર્વિકલ્પ અનુભવ પીએ છે. તેનું નામ ચારિત્ર કહે છે. સંવર તત્ત્વની શ્રધ્ધામાં એવું સંવર આવે છે. નવ તત્ત્વમાં સંવરની શ્રધ્ધા એવા ચારિત્રને સંવર કહે છે. આહાહા! આંહી તો હજી સંવર તત્ત્વની શ્રધ્ધાના ઠેકાણા નથી. નિર્જરા તત્ત્વની શ્રધ્ધાના ઠેકાણા નથી. અપવાસ કર્યા તો નિર્જરા થઈ ગઈ ધૂળેય નથી થતી. સાંભળ તો ખરા!

ભગવાનઆત્મા, આ પહેલાં બધું આવી ગયું છે નવ તત્ત્વની વ્યાખ્યા. પછી આ મોક્ષમાર્ગની વ્યાખ્યા. ઓહો! માર્ગ તો લોકોને દુષ્કર લાગે પણ એવો દુષ્કર છે નહીં. છે તો સરળ ચીજ પણ માણસે એ સમજમાં લીધો જ નથી ને. બાકી એવું લાગે, આહા! આ તો એકાંત છે. એકાંત છે. અરે ભગવાન! એકાંત કોને કહે? પોતાને છૂટવાનો એ રસ્તો. એકાંત છે માટે ખોટો છે. અમારો માર્ગ અનેકાંત છે. આહા! કહો, ધીરુભાઈ! લ્યો! આ ચારિત્ર! આહાહા! ચારિત્ર લઈ શકે નહીં તે બીજી વાત છે. પણ ચારિત્ર કેવું છે તેની શ્રધ્ધા તો યથાર્થ હોવી જોઈએ ને. સમજાણું કાંઈ? ચારિત્ર થઈ શકે નહીં તે તો

પોતાની પુરુષાર્થની કમીથી ન લઈ શકે. પણ ચારિત્ર કેવું છે તેની પ્રતીત અને યથાર્થ શ્રધ્ધા તો હોવી જોઈએ ને. શ્રધ્ધામાં એવું આવે છે. હું તો સ્વરૂપમાં રમું ત્યારે કર્મ છૂટશે. શ્રધ્ધા એવી છે. રાગ કરું તો કર્મથી છૂટાશે, એવું નથી. આહાહા! સમજાણું કાંઈ?

હમણાં ૧૭-૧૮ ગાથા વંચાઈ ગઈ હતી. ત્યાં ખંડવા ને. હં. દાહોદ-દાહોદ. દાહોદ તમે હતા ને ત્યાં? દાહોદ હમણાં વંચાઈ ગઈ. ત્યાં એવું આવ્યું. દાહોદના લોકોને પ્રેમ બહુ જ છે હજી તો. દાહોદ શું કહેવાય? રતલામ. આ શું બીજું કહેવાય, મલકાપુર. રતલામ ત્યાં અંતરિક્ષ. લોકો બહુ જ સાંભળે. પછી બેસે ન બેસે એ જુદી વાત. પણ સાંભળતા હતા. સ્વામીજી કાંઈક વાત કરે છે તે સાંભળો. હજારો માણસો હો. શું કહે છે? સતરમી અઢારમી ગાથા દાહોદ. ત્રણ વ્યાખ્યાન થયા હતા, ત્યાં ગયા પછી.

આહાહા! આત્માની શ્રધ્ધા અનુભવમાં એવી હોય છે. કે આ આત્મામાં રમવું, સ્થિર થવું, રમણતા કરીશ ત્યારે કર્મ છૂટશે. કોઈ પંચમહાવ્રતના વિકલ્પ કરું તો કર્મ છૂટશે એવી શ્રધ્ધા હોતી નથી.

મુમુક્ષુ :- એવી શ્રધ્ધા હોય તો શું કરવું?

ઉત્તર :- એ તો મિથ્યાશ્રધ્ધા થઈ. સતર-અઢાર ગાથા. સમજાણું કાંઈ?

અહીં કહે છે. **તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે.** આહાહા! ધન્ય અવતાર! હેં? એણે ચારિત્રપણું પ્રગટ કર્યું. આનંદમાં રમે છે. ઓહોહો! સફળ મનુષ્યદેહ ત્યાં. દીલીપ, દીલીપ કાલ કહેતો હતો, કે આ મનુષ્યપણામાં જો આત્માનું કાંઈક નહીં કરે તો ઢોર જેવો છે. કાલ એમ કહેતો હતો. બોલતો હતો માળો બોલે એવું! ઢોર જેવો છે. કાલ સાંજે કહેતો હતો. સમજાણું કાંઈ? આહાહા! પશુમાં ને એનામાં કયાં ફેર છે. કાલ દાખલો નહોતો આપ્યો? હાથીને ચુરમું અને ઘાસ બેય આપ્યા. દાખલો આપ્યો છે ને સમયસારમાં. હાથીને ચુરમું. ચુરમું સમજો છો? ઘઉંના લાડવા અને ઘાસ બેય મેળવીને ખાય છે. અવિવેકીને ભાન નથી. એવી રીતે અજ્ઞાની આનંદનો સ્વાદ ન લઈને, એ શુભ ને અશુભ રાગનો સ્વાદ લ્યે છે. પશુ જેવો છે. એમ કહે છે. આહાહા! આ બધા શેઠીયા પણ એમ કહે? બહારમાં શેઠીયાવ છે એ કયાં કામ આવે? હેં? વસ્તુ તો જેવી છે તેવી છે. પંડિતજી! આહાહા!

કહે છે, જેમ એકલા ઘાસને ખાવાવાળો ચુરમાનો વિવેક કરતો નથી. એવી રીતે અજ્ઞાની એકલા પુણ્ય-આચરણને અનુભવ કરવાવાળા આનંદને અનુભવતા નથી. ભગવાન રાગથી ભિન્ન આનંદનો અનુભવ કરતા નથી. તે મિથ્યાદષ્ટિ છે. હા, આહાહા! સમજાણું કાંઈ? તેને ઢોર જેવા કહ્યા. લ્યો! પશુ હાથી. ચૌદ બોલમાં છેલ્લે પશુ કહ્યા ને. ચૌદ બોલમાં. પશુ જ કહ્યા છે. આ, પ્રભુ! તારી આનંદની ચીજ તારા ભાગ્યમાં તો આનંદ આવ્યો છે. તારા ભાગમાં પુણ્ય-પાપ ભાગ છે નહીં. એવી તારી ચીજ છે. એવું છોડીને રાગના પુણ્યમાં આચરણમાં તારી પ્રતીતિ અને અનુભવ છે નહીં. આહાહા!

આચાર્યો તો જેવું છે તેવું કહે. એને કાંઈ ચંદા-બંદા (ફાળો) કરાવવાના છે કાંઈ? કે ભઈ આ રાજી

થાય તો ચંદા કરી દયે. ચંદા (ફાળો) થવાનો હોય તો થાય આને શું? આહાહા! સમજાણું કાંઈ? દુનિયા રાજી થાય ને રાજી. સાંભળવાવાળા શેઠીયા બીજા રાજી થાય તો પૈસા ખર્ચે. એય! શોભાલાલજી! પૈસા તો ખર્ચવાના હોય તો ખર્ચાશે. જયાં પરમાણુ જવાના છે ત્યાં જાશે જ. તારે શું છે? આહાહા! ભગવાન તારામાં આનંદ પડયો છે ને. નાથ! આહા! એ આનંદનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે અને આનંદનો ઉગ્રપણે અનુભવ કરવો તે ચારિત્ર છે. તેવી વાત છે. સમજાણું કાંઈ?

કેટલા શબ્દ વાપર્યા છે જુઓને. **સુંદર-આનંદસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી,** કળશ જેમ ભર્યા છે. આ કળશ છે ને જુઓ! આ પણ કળશ છે. તેમાં આત્મા આનંદનો કળશ ભર્યો છે. સમજાણું કાંઈ? જેમ એક કળશમાં પાણી હોય, કળશામાં પાણી, તો કળશાનો આકાર અને પાણીનો આકાર સરખા હોય પણ પાણીનો આકાર છે તો ભિન્ન. કળશા હોય ને કાશીઘાટના કળશા. આ પણ કાશી ઘાટના કળશા છે. જુઓ! કાશી ઘાટના કળશા હોય તેમાં અંદર પાણી હોય તો પાણીનો આકાર કળશા જેવો હોય છે. પણ આકાર પાણીનો પાણીને કારણે છે. કળશાને કારણે નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આકાર છે ને તે પાણી જેવો છે.

ઉત્તર :- પોતાથી છે. તેને કારણે નહીં. એમ આનંદરસ ભગવાનઆત્મા શરીરને આકારે અંદરમાં છે પણ શરીરને કારણે નહીં. ભગવાન પોતાના અતીન્દ્રિય આનંદના આકારથી ત્યાં બિરાજમાન છે. આહાહા! સમજાણું કાંઈ? શેરડીના રસ આદિથી કળશ ભર્યો છે લ્યો ને. શેરડીનો રસ. કળશમાં ભર્યો હોય પાંચસો-બસ્સો ત્યાં શેરડી બહુ આવતી ભાઈ! કાનાતળાવમાં. નહીં? શેરડી અરે! આખા ઢગલા આપી જાય. પાંચસો સાતસો મહેમાન, ખાવ. એક એક કણબી કેટલા છે. કોઈ કોઈને તો લાખ લાખની પેદાશ એક વર્ષની. કણબી છે ને. કૃષિકારે મંદિર બનાવ્યું. કુંડલાથી સાંઈઠ માઈલ દૂર છે. ત્યાં ગયા હતા ને. ચાર દિવસ રહ્યા હતા. વેદી પ્રતિષ્ઠા થઈ હતી. મોટા હાથી લાવ્યા હતા. કૃષિકાર, ખેડૂત. બહુ હોંશિયાર છે. દેવજીભાઈ! અહીં આવે છે ને. આઠ ઘર છે. પાંસઠ હજારનું દિગંબર મંદિર બનાવ્યું. દિગંબર મંદિર હો. અને કેટલા કેટલા ભાઈ હતા, નામ હતું. ભૂલી ગયા. એટલી શેરડી! એટલી શેરડી! એટલો પાક! એટલો પાક! ગાડા ભરી ભરીને ખાવ ખાવ. અને શીંગ હોય છે ને શીંગના દાણા. એક એક ખેડૂતને. એક કહેતો હતો ને અમારે ત્યાં ત્રેવીસસો (૨૩૦૦) મણ ઘઉં પાકયા છે. ઘઉં સમજો છો ને? ત્રેવીસસો મણ! એક વર્ષનાં ઘઉં પીસતાલીસ હજારના ચાર મહિનામાં પાકયા. બહુ ખેડૂત, પાણી બહુ છે ને. આઠ દિવસ રહ્યા કે ચાર દિવસ રહ્યા? બહુ જ લોકો મહેમાનને તો આમ હર્ષથી રાખે.

એમ શેરડીનો રસ જેમાં ભર્યો છે એવો કળશ. એમ આત્માનો રસ આ શરીરમાં ભર્યો છે. આ આત્મકળશ છે. એવા આત્માના આનંદના સ્વભાવની લીનતા આનંદમાં તેનું નામ ભગવાન ચારિત્ર કહે

છે. જુઓ! સ્વચારિત્ર વાસ્તવમાં આ કરે છે. એ આનંદમાં લીન થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ કરે છે. તે સ્વચારિત્ર આચરે છે. શાંતિભાઈ! આહાહા! લોકો હેરાન થઈ થઈને મરી જાય છે બિચારા! એય દિપચંદજી! એને સાધુ થવું હતું ને. નગ્નમુનિ સાધુ. ભાવ થાય પણ વસ્તુની સ્થિતિની ખબર વિના. આહાહા!

**તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે.** આહા! ધન્ય અવતાર! ધન્ય સફળ દશા! હેં? આવી દશાને ચારિત્ર કહે છે ભાઈ! ચારિત્ર ન હોય તો ચારિત્ર માનવું એવું ગજબ ન હોય. સમજાણું કાંઈ? ચારિત્ર દશા તેને કહે છે. **કારણ કે ખરેખર દશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (-આત્મામાં),** જુઓ! ભગવાન પુરુષ એટલે આત્મા. તેમાં તો જાણવા-દેખવાનો સ્વભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ દષ્ટાભાવ પડ્યો છે. આહાહા! **તેમાં તન્માત્રપણે વર્તવું,** તન્માત્રપણે, તન્મય થઈને અંતરમાં જ્ઞાનદર્શનમાં વર્તવું તેનું નામ ચારિત્ર છે. કેટલી વ્યાખ્યા કરે છે આહાહા!

મુમુક્ષુ :- નહીં હોય તો એવી દશા માનવામાં કયો દોષ લાગે છે?

ઉત્તર :- મિથ્યાત્વ લાગે છે. શું લાગે છે? મિથ્યાત્વ લાગે છે. વિપરીત અભિપ્રાય નરક અને નિગોદનું કારણ છે.

મુમુક્ષુ :- આકરી સજા!

ઉત્તર :- આકરી સજા ભગવાન કહે છે. અમે કયાં કહીએ છીએ,અમારા ઘરની વાત છે. કુંદકુંદઆચાર્યએ કહ્યું નહીં? એક વસ્ત્રનો દોરો રાખીને જો કોઈ મુનિ મનાવે, મુનિ માને, અષ્ટપાહુડમાં છે. 'નિગોદમ ગચ્છતિ' એક તીલ તૃષ માત્ર પણ વસ્ત્ર રાખે, કેમ કે તેમાં સાધુપણું છે જ નહીં. વસ્ત્રની જયાં મમતા છે ત્યાં સાધુપણું છે જ નહીં. સમજાણું કાંઈ? હેં? નગ્ન કયાં હતો અંદરમાં. વીતરાગતાની દશા પ્રગટ થઈ હોય અને તેને વસ્ત્ર છૂટી ગયું હોય અને નગ્નપણું થઈ જાય તેને અહીંયા ચારિત્ર કહે છે. બહારથી વસ્ત્ર છૂટી ગયું હોય પણ અંદર મમતા તો પડી છે. આહાહા!

એ તો બિચારા કહે છે. શાંતિસાગર આવ્યા હતા ને. શાંતિસાગર ચોવીસ કલાક રહ્યા હતા. શાંતિસાગર નહીં. આ ગુજરી ગયા એ. આચાર્ય આવ્યા હતા. સતાણુંની સાલ. ચોવીસ કલાક રહ્યા હતા. અરે ભાઈ! વસ્ત્ર તો છોડી દીધા છે. પણ કર્મ છૂટયા વિના અમારે ચારિત્ર કેમ થાય? એમ કહેતા હતા. આહાહા! કર્મ છૂટયા વિના નહીં. પુરુષાર્થથી અંદર સમ્યગ્દર્શન જ્ઞાન કર્યા વગર ચારિત્ર નથી થાતું. એવી વાત છે. ખબર નથી. મૂળની ખબર નહીં. આહા! શું થાય?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે ખરેખર દશિજ્ઞપ્તિસ્વરૂપ, નીચે છે. દર્શન ક્રિયા સામાન્ય અવલોકન. દશિક્રિયા છે ને. દશિજ્ઞપ્તિસ્વરૂપ જ્ઞાન. ભગવાનઆત્મામાં દેખવું અને જાણવું એવો પુરુષ એવો આત્મા. દેખવું અને જાણવું એવો નિજસ્વભાવ એવો આત્મા તેમાં લીન તન્માત્ર. તન્માત્ર

છે ને. **તન્માત્રપણે વર્તવું.** લીન થઈને વર્તવું. ઓહો! સ્વરૂપમાં લીન લીન લીન. આનંદનો અનુભવ કરીને શાંતિમાં અંતર વર્તવું તે સ્વચારિત્ર છે. આહાહા!

સ્વચારિત્રની વ્યાખ્યા સાંભળી સાંભળીને માણસને પરસેવો ઉતરે છે. અરરર આવું ચારિત્ર! સમજાણું કાંઈ? દિપચંદજી! આ ચારિત્ર. કયારેય સાંભળ્યું હતું. નગ્ન થઈ જાવ. થઈ ગયા. આહાહા! આ પણ દીક્ષા થાય છે ને લાઠીમાં. સ્થાનકવાસીમાં.

મુમુક્ષુ :- ..... પહેલાં આ થઈ જાય અને પછી આ થઈ જાય તો?

ઉત્તર :- ધૂળમાં પણ થતું નથી. પછી કે પહેલાં શું થાય છે? પછી પણ રાગથી અને પરથી પૃથક થઈને અનુભવ કરે તો થાય છે. તેનાથી થાય છે? પહેલાં શ્રદ્ધામાં વિપરીતતા છે કે આ ચારિત્ર છે અને અમે ચારિત્ર લીધું છે તો દૃષ્ટિ વિપરીત છે. મિથ્યાત્વનું ઘુંટણ છે. સમયે સમયે મિથ્યાત્વભાવનું પોષક છે. અનંત સંસાર નિગોદની ગતિમાં જાવાનું ત્યાં મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આકરી શિક્ષા!

ઉત્તર :- આકરી શિક્ષા! ભગવાન કહે છે ભાઈ. આકરી નથી. હું તો ખુલાસો કરું છું. ખુલાસો કર્યો હતો. જયારે વસ્ત્રનો એક ટુકડો પણ હોય તો તેની પાસે મમતા છે કે ચારિત્ર નહીં. તો ચારિત્ર કહો કે શ્રદ્ધા નહીં. અને આસ્રવ તે સમયે વિકલ્પ કેટલો હોય છે આહાર આદિનો લેવાનો હોય છે. તો આસ્રવની શ્રદ્ધા પણ નથી. અને અજીવની શ્રદ્ધા નથી. અજીવનો સંયોગ ચારિત્ર હોય તો વસ્ત્ર આદિનો સંયોગ નથી હોતો. તો અજીવની શ્રદ્ધા પણ નથી. અજીવની નહીં, આસ્રવની નહીં, સંવરની નહીં. અને સંવરના કારણે મોક્ષ થાય છે તો આવા રાગવાળું જે ચારિત્ર છે, વસ્ત્ર લેવાનો રાગ. તેનાથી મોક્ષ થાય છે તો મોક્ષના કાર્યની શ્રદ્ધા પણ નથી. કાર્યની નહીં, કારણની નહીં, સંવરની નહીં, આસ્રવની નહીં, બંધની નહીં, જીવની નહીં, મોક્ષની પણ નહીં. નવે તત્વની વિપરીતદૃષ્ટિ છે. માટે ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે 'નિગોદ ગચ્છતિ' આવી વાત છે. અષ્ટપાહુડમાં છે.

મુમુક્ષુ :- આમાં તો દેવપણું વહ્યું જાય ને.

ઉત્તર :- ધૂળમાં દેવપણું કયાં છે? આ અષ્ટપાહુડ છે. આ તો નાટક સમયસાર છે. નથી. કોઈ વખતે મુકે છે અને કોઈ વખતે નથી મુકતા. અષ્ટપાહુડ હતું પહેલાં અત્યારે નથી. ત્યાંથી લાવવું ખરું ને એટલે જરી. એ જરી બે જણા નથી એક જણો કરે ને. હવે એવું છે ખાતું. ચીમનભાઈ બિચારા કરે, લાવે છે. એ આવવું હોય ત્યારે આવે ને. ખરેખર તો એમ પણ છે ને.

આત્મામાં. આહાહા! ગજબ વાત કરે છે! તન્માત્રપણે, તન્માત્ર શબ્દ વાપર્યો છે ને. **तन्मात्रत्वेन** સંસ્કૃત છે. એય! વાત આવે છે બધી વાત જણાય. જાણવામાં તો બધું હોય કે નહીં. દશિજ્ઞપ્તિસ્વરૂપે, એમાંથી શ્લોક. હેં? ચારિત્રપાહુડમાં છે ને. **जह जायरूवसरिसो तिलतुसमेत्तं ण गिहदि हत्थेसु । जइ**

**लेइ अप्पबहुयं तत्तो पुण जाइ णिग्गोदम् ।।**આ કુંદકુંદઆચાર્ય હો. જુઓ! મુનિ છે તો યથાજાતરૂપ છે. જેમ જન્મતું બાળક નગ્નરૂપ હોય છે. તેવા નગ્નરૂપ દિગમ્બર મુદ્રાના ધારક છે. તો પોતાના હાથ વિશે તીલકા તૃષ માત્ર ગ્રહણ નહીં કરે. બહુરી જે પછી ઓછું વધારે ગ્રહણ કરે તો મુનિ ગ્રહણ કરવાથી નિગોદમાં જાય છે. અઢારમી ગાથા. સૂત્રપાહૂડ. પહેલું દર્શનપાહૂડ, બીજા સૂત્રપાહૂડ, ત્રીજા ચારિત્રપાહૂડ, ચોથા બોધ પાહૂડ. અઢારમી ગાથા. અઢારમી ખ્યાલ હતો પણ આ સૂત્રપાહૂડમાં. સૂત્રનો વિરોધ કરે છે ને. સમજાણું કાંઇ?

'નિગોદમ ગચ્છતિ' પાઠ છે. કુંદકુંદઆચાર્ય કહે છે. વિશેષ કહે છે ને. ચીભડાના ચોરને ફાંસી. એમ છે? કાકડીના ચોરને કહે છે ને. નહીં કાકડીનો ચોર નહીં મોટું નુકસાન કરવાવાળો છે. દૃષ્ટાંત આપ્યું હતું ને. રાગનો ચોર છે. કહ્યું નહોતું? ભાવનગર. તખ્તસિંહજી દરબાર હતા. ચોર આવ્યા. અંદર લુંટી લીધા. ગઢ ઉપરથી આવ્યા. તખ્તસિંહજી હતા. આ કૃષ્ણકુમાર ગુજરી ગયા. તેના ભાવસિંહ હતા અને તખ્તસિંહ .બહાર બેઠા હતા. અને પીવે છે ને ઉકાળો શું કહેવાય? કાવો. બુંદ બુંદ. બુંદનો કાવો પીએ ને કોઇને આવવા ન દયે. બહાર બેઠા હતા. ઓલો ચોર તો નીસરણી પચ્ચીસ-ત્રીસ હાથની લાંબી કરીને ગઢ ઉપર ચડે. નીસરણી ઉતારીને નીચે ઉતરી ગયા અને ગયા ત્યાં. અને દરબાર સૂતા હતા ત્યાં ગયા. સોનાની ઘડીયાલ. ઘણા હજારોની લઇ ગયા. લઇ ગયો ઓલો. પાછો ફરીને ત્યાં આવ્યો. ફરીને આવ્યો તરવાર ઉઘાડી તો દરબાર જાગી ગયા. દરબાર જાગી ગયા. બાઇ હતી રાણી. આહાહા! દરબાર. અરે અમે સૂતા છીએ એમાં દરબાર ગઢમાં આવીને આ ચોરી! મોટો ગુનેગાર છે. મારી નાખું. તખ્તસિંહ દરબારે હાથ ઝાલી લીધો. કેસરબાઇ હતી. મુસલમાન. હાથ ઝાલીને લઇ ગઇ.

એમ અહીંયા કહે છે કે વીતરાગની આજ્ઞા ચોરી કરીને અમારા ઘરમાં ઘુસી ગયા. અને તમે આત્માનું નુકસાન કરો છો? લોકોમાં એવો માર્ગ ચલાવે છે. 'નિગોદ ગચ્છતિ' એમ વીતરાગ કહે છે. એવી વાત છે ભાઇ! જુઓ! અઢારમી ગાથા છે. અષ્ટપાહુડ.

મુમુક્ષુ :- આવા મુનિ નિગોદમાં જાય તો ગૃહસ્થ તો ક્યાં આગળ જાય?

ઉત્તર :- ગૃહસ્થમાં મિથ્યાદૃષ્ટિ હોય તો. એની વાત છે ને અહીંયા. માને છે. ઉલટી માન્યતા છે ને. ગૃહસ્થ ક્યાં કહે છે કે અમે મુનિ છીએ. હા. ગૃહસ્થ સમકિતી હોય. ચક્રવર્તી હોય તોપણ એ ભવમાં મોક્ષ જાશે નહીં. એકાવતારી થઇ જાશે. સમ્યગ્દર્શન છે ને. શ્રધ્ધામાં વિપરીતતા છે નહીં. અમારી પાસે ચારિત્ર નહીં ભાઇ! વીતરાગ ચારિત્ર હોય એવું નથી. સ્વરૂપઆચરણ છે. હં.... એવું. વાત એ છે. શૂળ થઇ ગયા. ગુનેગાર થઇ ગયા. સમજાણું કાંઇ? વખત થઇ ગયો.

**તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.** તન્માત્ર શબ્દ વાપર્યો છે. અમૃતચંદ્રાચાર્યએ. તન્માત્ર. તન્માત્ર. જ્ઞપ્ત દૃષ્ટિના તન્માત્ર તેના સ્વભાવમાં રમવું તેનું નામ સ્વચારિત્ર છે. રાગાદિમાં રમવું તે પરચારિત્ર બંધનું કારણ છે. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૬૯, ગાથાઃ- ૧૫૮-૧૫૯
## વૈશાખ સુદ-૧૩, મંગળવાર, તા :- ૧૯-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૫૮ ગાથા. હા. શું ચાલે છે? ચારિત્ર મોક્ષનો માર્ગ છે તે ચાલે છે. ચારિત્ર કોને કહે છે.

**ભાવાર્થ :- જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો,** શુભ ને અશુભ જે પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના છે તે પરચારિત્ર છે. બંધનું કારણ છે. મુનિને જેટલા પંચમહાવ્રત, અઠયાવીસ મૂળગુણનો વિકલ્પ છે. તે શુભઉપયોગ છે. તે અપરાધ છે. બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ નથી.

**જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો,** શુદ્ધઉપયોગથી ખસીને **પણ જેની પરિણતિ પર તરફ નથી જાતી.** એ શુભઅશુભ પરિણામ તરફ જેની અવસ્થા જાતી નથી. પરિણતિ, દશા. પોતાના આનંદ સ્વભાવની સન્મુખ થઈને શુદ્ધપરિણતિ પર્યાય ઉત્પન્ન થાય છે, **એવો વર્તતો થકો.** સૂક્ષ્મ વાત છે. ચારિત્ર કોઈ સાધારણ ચીજ નથી. સમ્યગ્દર્શનમાં અનંત પુરુષાર્થ છે. પણ ચારિત્રમાં તો તેનાથી અનંતગણો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

પોતાના સ્વભાવની સ્થિરતા અપેક્ષાએ સહેલું. સહેલુંને શું કહે છે? સરલ. રાગની ક્રિયાથી સહેલું છે એવું છે નહીં. હા, એવું છે. જરી સૂક્ષ્મ વાત છે. ત્યાં તો ધવલમાં તો કહ્યું ને. ચારિત્રની પહેલાં કિંમત કેમ નથી કહેતાં? પહેલાં સમ્યગ્દર્શન. ત્યાં ધવલમાં છે. સમ્યગ્જ્ઞાનની કેમ? સમ્યગ્જ્ઞાનની પહેલી કિંમત છે. તેમાં છે. આહાહા! ક્યાંક છે. પછી ચારિત્રની. ચારિત્રનો પુરુષાર્થ તો અનંતગણો છે. પણ ચારિત્રની પહેલાં જ્ઞાનના પુરુષાર્થ થયા વગર ચારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ?

પોતાનો ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન. સ્વલક્ષથી આચરણ જે હોય. જ્ઞાન ને દર્શન સ્વભાવવાળા આત્મા તેના આશ્રયથી લક્ષ કરીને, જે પહેલાં સમ્યગ્દર્શન હોય અને તેના આશ્રયથી સમ્યગ્જ્ઞાન હોય પછી તેમાં રમણતા કરવાથી સમ્યગ્ચારિત્ર હોય છે. શાંતિભાઈ! ખબર નથી ચારિત્ર શું છે? આ લુગડા છોડી દયે, નગ્ન થઈ જાય ચારિત્ર થઈ ગયું. એવું તો અનંતવાર કર્યું. મુનિવ્રત ધાર. મુનિવ્રત તે કાંઈ ચારિત્ર ન થયું. સમજાણું કાંઈ?

કહે છે. **ઉપયોગી શુદ્ધ વર્તતો થકો,** એવો શબ્દ છે ને. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ જ્ઞાયક આનંદના અનુભવ દૃષ્ટિમાં શુદ્ધચૈતન્ય એવો આવ્યો છે. પછી સ્વરૂપમાં અંતર રમણતા જે શુદ્ધ-ઉપયોગની છે તેમાં વર્તતો થકો, પુરુષાર્થથી વર્તતો થકો, એમ કહે છે. જેની પરિણતિ પર તરફ નથી જાતી. પંચમહાવ્રત આદિ અઠયાવીસ મૂળગુણ વિકલ્પ તે તરફ જેની અવસ્થા નથી જાતી. એવો વર્તતો

થકો, આત્માને, ચારિત્ર કોને કહે છે તેની શ્રદ્ધા તો તેણે કરવી પડશે કે નહીં? સમજાણું કાંઈ?

નવતત્ત્વમાં ચારિત્રને-સંવર કોને કહે છે? એ વાત કહે છે. અમારે શ્રદ્ધા છે નવતત્ત્વની. ક્યાંથી આવી પણ. ચારિત્ર આવું છે તેની તો ખબર નથી તો ચારિત્રની શ્રદ્ધા ક્યાંથી આવી? ભગવાનઆત્મા પોતાના સ્વભાવભૂત. સ્વભાવભૂત-સ્વભાવવાન આત્મા. **સ્વભાવભૂત જ્ઞાનદર્શનપરિણામ વડે,** એ જ્ઞાન ને દર્શન જે ત્રિકાળ સ્વભાવ છે. તેના પરિણામ વડે, તેની પરિણતિ વડે, તેની લીનતા વડે **સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે.** જાણવું-દેખવું તો ઠીક પણ રાગ અને દ્વેષ રહિત જાણે-દેખે છે. આહાહા! તેનું નામ ચારિત્ર કહે છે. તે જીવ સ્વચારિત્રનું આચરણ કરવાવાળો છે. એ ભગવાનઆત્મા! ઓહો! ચારિત્રમાં તો અનંત પુરુષાર્થ છે. સમ્યગ્દર્શનથી ચારિત્રની કિંમત તો બહુ જ છે. સમજાણું કાંઈ?

પણ પહેલાં સમ્યગ્દર્શનજ્ઞાન વિના ચારિત્ર હોતું નથી. હજી પરથી ભેદજ્ઞાન થયું નથી. વિકલ્પથી રાગથી પૃથક ભેદજ્ઞાન થયું નથી. તો ભેદજ્ઞાન વગર ઠરવું ક્યાં તેની તો તેને ખબર નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદ સ્વભાવ તે વિકલ્પથી ભિન્ન છે. રાગથી ભિન્ન છે. એવો રાગથી ભિન્ન જે પ્રતીતમાં આવે છે પછી તેમાં લીનતા થાય તે ચારિત્ર છે. **તે જીવ સ્વચારિત્ર આચરનાર છે**. જુઓ! આચરણ સ્વરૂપમાં રમતા આનંદની લહેર કરીને સુખ શાંતિનું વેદન કરે છે. અતીન્દ્રિય અકષાય પરિણતિનું વેદન કરે છે. તે સ્વચારિત્રનું આચરણ કરવાવાળો છે.

**કારણ કે દશિજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં,** જાણવું-દેખવું એવો ત્રિકાળી ભગવાન સ્વભાવ એવો આત્મા. જુઓ! એવો આત્મા. **માત્ર દશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું,** જાણવા-દેખવાની અવસ્થારૂપે થઈને રહેવું **તે સ્વચારિત્ર છે.** સમજાણું કાંઈ? આંહી તો સમ્યગ્દર્શનની હજી ખબર નથી કે સમ્યગ્દર્શન કેમ થાય છે? અને સમ્યગ્દર્શન શું ચીજ છે? તેની ખબર નથી ને ચારિત્ર આવી ગયું. હા વળી એક કહે છે એવું કે દિગમ્બરમાં જન્મે તે બધા ભેદજ્ઞાની તો છે જ. એક કહે છે. જયપૂરમાં એક કહે છે. ચારિત્ર ન કરે, ચારિત્ર ન કરે તો કરોડો અબજો વર્ષ ન કરે. સમ્યગ્દર્શન થયું તો ચારિત્ર, કીધું નહીં? ઋષભદેવ ભગવાન સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અંશે સ્વરૂપાચરણ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. ચારિત્ર ન થયું. પુરુષાર્થની ઉગ્રતા અનંતી છે, ત્યારે ચારિત્ર આવે છે. એવા ચારિત્ર બહારથી ગ્રહણ કરે તો ચારિત્ર આવી જાય છે? આહા!

સહજાત્મ સ્વરૂપ-સહજ સ્વભાવ એવી અનુભવની દૃષ્ટિ થયા પછી, સહજ સ્વભાવમાં પુરુષાર્થની ઉગ્રતાની લીનતા થાય છે ત્યારે ચારિત્ર થાય છે. ઋષભદેવ ભગવાન પહેલાં તીર્થંકરને પણ ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું. હેં? ૮૩ લાખ. ચોર્યાસી લાખ એક લાખ પૂર્વ રહ્યા. ૮૩ લાખમાં કેટલા વર્ષ જાય છે એ તો કહ્યું હતું. અરે કેટલા ભવ. આવા તો એમાં કેટલા થાય. એક પૂર્વમાં સીંતેર લાખ (કરોડ વર્ષ) અને છપ્પન હજાર કરોડ વર્ષ. પૂર્વની ગણતરી. એક પૂર્વની ગણતરી છે. સીંતેર લાખ (કરોડ વર્ષ.) છપ્પન હજાર કરોડ વર્ષ. તેનું એક પૂર્વ. એવા ૮૩ લાખ પૂર્વ. કહો, સમજાણું કાંઈ? એમ

નથી. વહેલું શું થાય? વહેલું શું? આહા! હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણા નથી તેને કહે ચારિત્ર લઇ લ્યો. લ્યે કયાંથી? ઓહોહો! સમજણ તો પહેલી કરે. શ્રદ્ધા તો કરે.

સમ્યગ્દર્શન સ્વરૂપનું અંતરમાં આશ્રય કરવાથી, પ્રતીત અનુભવ કરીને, આ આત્મા શુદ્ધ છે એવી પ્રતીત, જ્ઞાનમાં ભાન થવાથી થાય છે. તેનું નામ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ વેદનમાં આવે છે. તેના પછી સ્વસ્વભાવ સન્મુખ થઈને અંતરમાં લીનતાની રમણતા કરે તે સ્વચારિત્ર છે. તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૫૯

**चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा ।**
**दंसणणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो ।। १५९ ।।**

चरितं चरति स्वकं स यः परद्रव्यात्मभावरहितात्मा ।
दर्शनज्ञानविकल्पमविकल्पं चरत्यात्मनः ।। १५९ ।।

शुद्धस्वचरितप्रवृत्तिपथप्रतिपादनमेतत् ।

यो हि योगीन्द्रः समस्तमोहव्यूहबहिर्भूतत्वात्परद्रव्यस्वभावरहितात्मा सन्, स्वद्रव्यमेकमेवाभिमुख्येनानुवर्तमानः स्वस्वभावभूतं दर्शनज्ञानविकल्पमप्यात्मनोऽविकल्पत्वेन चरति, न खलु स्वकं चरितं चरति । एवं हि शुद्धदद्रव्याश्रितमभिन्नसाध्यसाधनभावं निश्चयनयमाश्रित्य मोक्षमार्गप्ररूपणम् । यत्तु पूर्वमुद्दिष्टं तत्स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्यसाधनभावं व्यवहारनयमाश्रित्य प्ररूपितम् । न चैतद्विप्रतिषिद्धं निश्चयव्यवहारयोः साध्यसाधनभावत्वात्सुवर्णसुवर्णपाषाणवत् । अत एवोभयनयायत्ता पारमेश्वरी तीर्थप्रवर्तनेति ।। १५९ ।।

---

**તે છે સ્વચરિતપ્રવૃત્ત જે પરદ્રવ્યથી વિરહિતપણે**
**નિજ જ્ઞાનદર્શનભેદને જીવથી અભિન્ન જ આચરે. ૧૫૯.**

**અન્વયાર્થ :-** (यः) **જે** (परद्रव्यात्मभावरहितात्मा) **પરદ્રવ્યાત્મક ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો,** (दर्शनज्ञानविकल्पम्) (निजस्वभावभूत) **દર્શનજ્ઞાનરૂપ ભેદને** (आत्मनः अविकल्पं) **આત્માથી અભેદપણે** (चरति) **આચરે છે.** (सः) **તે** (स्वकं चरितं चरति) **સ્વચારિત્રને આચરે છે.**

**ટીકા :- આ, શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.**

**જે યોગીન્દ્ર, સમસ્ત [1]મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના સ્વભાવરૂપ**

ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે, તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.

આ રીતે ખરેખર [૨]શુદ્ધદ્રવ્યને આશ્રિત, [૩]અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું. અને જે પૂર્વે (૧૦૭ મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે [૪]સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, [૫]ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી. કારણ કે સુવર્ણ અને [૬]સુવર્ણપણાની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે. તેથી જ પારમેશ્વરી (-જિનભગવાનની) [૭]'તીર્થ પ્રવર્તનાથ [૮]બન્ને નયોને આધીન છે. ૧૫૯.

---

*૧. મોહવ્યૂહ = મોહસમૂહ. (જે મુનિન્દ્રે સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી નપોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છેથ એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે, તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્નણે અત્યંત લીન થઇ નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને આત્માથી અભેદપણે આચરે છે, તે મુનિન્દ્ર સ્વચારિત્રના આચરનાર છે.)*

*૨. અહીં નિશ્ચયનયનો વિષય શુધ્ધદ્રવ્ય અર્થાત્ શુધ્ધપર્યાયપરિણત દ્રવ્ય છે, એટલે કે એકલા દ્રવ્યનો (-પર નિમિત્ત વિનાનો) શુધ્ધપર્યાય છે; જેમ કે, નિર્વિકલ્પ શુધ્ધપર્યાયપરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.*

*૩. જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય તે અહીં નિશ્ચયનય છે; જેમ કે, નિર્વિકલ્પધ્યાનપરિણત (-શુધ્ધાત્મશ્રધ્ધાનજ્ઞાનચારિત્રપરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન એક પ્રકારનાં અર્થાત્ શુધ્ધાત્મરૂપ (-શુધ્ધાત્મપર્યાયરૂપ) છે.*

*૧. જે પર્યાયોમાં સ્વ તેમ જ પર કારણ હોય છે અર્થાત્ ઉપાદાનકારણ તેમ જ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે; જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રધ્ધાન (નવપદાર્થગત શ્રધ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન (નવપદાર્થગતજ્ઞાન) અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર-એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.*

*૨. જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (-જુદાં પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે. જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતા તત્ત્વાર્થશ્રધ્ધાન (નવપદાર્થસંબંધી શ્રધ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે અને (તત્ત્વાર્થશ્રધ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ) સાધન સ્વપરહેતુક પર્યાય છે.*

*૩. જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે, તેમ વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે; એટલે કે વ્યવહારનયથી ભાવલિંગી મુનિને સવિકલ્પ દશામાં વર્તતાં તત્ત્વાર્થશ્રધ્ધાન, તત્ત્વાર્થજ્ઞાન અને મહાવ્રતાદિરૂપ ચારિત્ર નિર્વિકલ્પ દશામાં વર્તતાં શુધ્ધાત્મશ્રધ્ધાનજ્ઞાનાનુષ્ઠાનનાં સાધન છે.*

*૪. તીર્થ = માર્ગ (અર્થાત્ મોક્ષમાર્ગ); ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય); ઉપદેશ; શાસન.*

*૫. જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.*

પ્રશ્ન :- સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ; અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?

ઉત્તર :- જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે, તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુ સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવા યોગ્ય છે કે-જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી, તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

(અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :-

સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે નછઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છેથ. હવે, નછઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ હોય છેથ-એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે નજે શુદ્ધિના સદ્‌ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છેથ. આવા લાંબા કથનને બદલે એમ કહેવામાં આવે છે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છેથ. તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે નમહાવ્રતાદિના શુભ વિકલ્પો નહીં પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.')

## ગાથા-૧૫૯ ઉપર પ્રવચન

चरियं चरदि सगं सो जो परदव्वप्पभावरहिदप्पा ।
दंसणणाणवियप्पं अवियप्पं चरदि अप्पादो ।। १५९ ।।

આહાહા! જુઓ! ભેદમાંથી અભેદ કરીને. ટીકા.

**ટીકા :- આ, શુધ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિના માર્ગનું કથન છે.** ટીકા આ, શુધ્ધ સ્વચારિત્ર. શુધ્ધ સ્વચારિત્ર રાગાદિની ક્રિયા તે અશુધ્ધ પરચારિત્ર. આહાહા! સમજાણું કાંઇ? આ શુધ્ધસ્વરૂપ સન્મુખની રમણતાની લીનતા, સ્વરૂપમાં ચરવું. સ્વભાવ શુધ્ધ આનંદમાં રમવું, ચરવું, જામવું, લીન થવું એ સ્વચારિત્રપ્રવૃત્તિ છે. અંદરમાં તે પ્રવૃત્તિ છે. આહાહા! રાગની પ્રવૃત્તિ તો બાહ્ય વિકલ્પ આવ્યો તે તો સ્થૂળ પ્રવૃત્તિ છે.

શુભરાગ તે પણ સ્થૂળ પ્રવૃત્તિ અશુધ્ધ છે. દેહની પ્રવૃત્તિ તો જડ પ્રવૃત્તિ છે. તેની સાથે કોઇ સંબંધ છે જ નહીં. આહાહા! દેહનું ગ્રહણ ત્યાગ જ આત્મામાં નથી. દેહને તો આત્મા કયારેય સ્પર્શતો પણ નથી અને દેહ આત્માને કયારેય સ્પર્શતો નથી, અજ્ઞાનીને પણ. દેહ આત્માને સ્પર્શતો નથી, અડતો નથી. અને આત્મા અત્યારે, અત્યારે તો શું ત્રિકાળ. જડ ચૈતન્યને અડતું નથી. ચૈતન્ય જડને અડતો નથી. બન્ને ભિન્ન છે. સમજાણું કાંઇ?

પરમાત્મ પ્રકાશમાં તો એવો શ્લોક લીધો છે. દેહ આત્માને કયારેય અડયો જ નથી. અમારી કાઠીયાવાડી ભાષામાં અડયો નથી. દેહ આત્માને અડતો પણ નથી. તમારી હિન્દીમાં છૂતે નહીં. આહાહા! સમજાણું કાંઇ? અને તેનાથી જુદું કહો તો રાગને પણ સ્વભાવ કયારેય અડયો નથી. આહાહા! સમજાણું કાંઇ?

જ્ઞાન અને આનંદ દર્શન એવો સ્વભાવ ત્રિકાળી ધ્રુવ તેમાં રાગનો પંચમહાવ્રતનો વિકલ્પ જે શુભ છે તેને અડયો પણ નથી. આહાહા! અરે! તેની એક સમયની પર્યાય પણ ધ્રુવને અડતી નથી. અરે ભગવાન! ભારે વાત! સમજાણું કાંઇ? એક સમયની શુધ્ધ પર્યાય ધ્રુવને કેમ અડે? તો એક થઇ જાય. પંડિતજી! વાત તો એવી છે ભગવાન! લોકોને ખ્યાલમાં આવતી નથી, લોકો એવી ટીકા-ટીપ્પણી કરે છે ને. હેં? ચારિત્રને લેવાનું નથી? તો ચારિત્રને એવું બનાવી દયે છે. અરે ભગવાન! ચારિત્ર કેવી રીતે આવે? કોઇએ આટલા વર્ષમાં ચારિત્ર લીધું? પણ ચારિત્ર કાંઇ બહારથી આવે છે કે અંદરથી આવે છે? એય! શોભાલાલજી! આ તમારી ટીકા કરે છે. કેટલા વર્ષથી સાંભળે છે તો કયારેય તમે ચારિત્ર લીધું? એ તો કહે અમે વ્રત બ્રત લઇએ છીએ ને. એમ કહે છે કેટલાક, અમારા માહ્યલા કોઇ લ્યે છે ને. એમ વળી એ ન લ્યે તો. મહાવ્રત લ્યો.

એક વાર વ્રતની ભરતી આવી હતી ફિરોજાબાદમાં. સાતની સાલની વાત છે. એવું છાપામાં આવ્યું હતું. અહીં પાટણીનો તાર આવ્યો હતો. આગ્રાવાળા નેમિચંદ પાટણી છે ને. નેમિચંદ મગનમલ્લ, હા. તેનો તાર આવ્યો હતો. સાતની સાલની વાત છે. કેટલા વર્ષ થયા. ઓગણીસ વર્ષ થયા. તાર આવ્યો હતો કે અહીંયા બહુ જ સભા ભરાણી છે. અને લોકો ટીકા કરે છે કે નિમિત્તથી નથી થાતું એમ નહીં.

ઉપાદાન-નિમિત્તની મોટી ચર્ચા થઇ છે. તાર આવ્યો હતો. બે પક્ષ પડી ગયા છે. ફિરોજાબાદની વાત છે. ગુણભદ્ર હતા ને ગુણભદ્ર. ઓલા બ્રહ્મચારી નહીં? ગુણધરલાલ. કયા ગામના? કુરાવલી? કુરાવલી. ગુણધરલાલ. તે પણ ત્યાં હતા. તેમણે તો એમ કહ્યું, બધા કહે વ્રત લ્યો વ્રત લ્યો. પછી મને કહે સાત પડીમા લ્યો. મારી પાસે સાત પડીમા તો આવી નથી. કયાંય દેખાતી નથી. એમ બોલ્યો એ ગુણધરલાલ છે ને કુરાવલી. અમે એક રાત કુરાવલી ગયા હતા. ભઇ સાત પડીમા લઇ લ્યો. લાવો લીધી. પણ કયાંય આવી નથી. મારી પાસે પડીમા દેખાતી નથી. પણ પડીમા એટલે શું?

સમ્યગ્દર્શન અનુભવ દૃષ્ટિ વિના, નિર્વિકલ્પ આનંદના વેદન વિના સ્થિરતા ક્યાંથી આવે છે. અને સ્થિરતા આવ્યા વિના એવો મહાવ્રતનો વિકલ્પ પણ ક્યાંથી આવે? સમજાણું કાંઇ? ભારે ગડબડ! એકે એક તત્ત્વમાં વિરોધ! આ પછી આંહી વિરોધ કાઢશે. હે...માનસ્થંભમાં આવું મુકયું છે. અરે ભગવાન! સાંભળ તો ખરો! એ તો ચિતરામણ છે. ત્યાં કયાં મૂર્તિ છે? ટીકા કરવી બસ! લોકોને ટીકા કરવી!

મુમુક્ષુ :- વિરોધ પક્ષના વકીલને કાંઇક દલીલ તો જોઇએ ને.

ઉત્તર :- દલીલ તો જોઇએ ને. વાત સાચી છે. ભાઇ પણ કાંઇક સજ્જનતાથી થવું જોઇએ ને.

એક બાઇ હતી હરિજન હતી હરિજન. તો વાણીયા સાથે લગ્ન થઇ ગયા. વાણીયા. કન્યાના લગ્ન, લગ્ન સાથે જ દુકાન ખાલી કરી દીધી. લઇ લીધી વચ્ચે લગ્ન કરાવવાવાળાએ અને ત્યાં શેઠાણી થઇ ગઇ. ગામનો કઠીયારો લાકડી વહેંચવાવાળો આવ્યો. શેઠાણીએ લાકડી લીધી. ચાર આના, આઠ આનાની. શેઠાણીને થયું આ તો મારા ગામનો છે મને ઓળખી જાશે. હું હરિજનની છોકરી છું. પછી કઠીયારો કહે છે. બહેન હું કલોગે નહીં બોલું. કલોગે એટલે સમજો છો કાઠીયાવાડીમાં શું ભાષા છે? કોઇ વર્તમાન વિરૂધ્ધ હોય એવું હું કથન નહીં કરું. એવું નહીં કરું. ઓલી સમજી ગઇ. ન્યાય વિરૂધ્ધ નહીં. મારી લાકડીના તમે આઠ આના નથી દેતાં તો કહીશ કે આમ નહીં ચાલે. મેં આઠ આના કીધા છે તો લઇશ. પણ હું કલોગે એટલે વિરૂધ્ધ રીતે નહીં કહું. બાઇને ખ્યાલ આવી ગયો. ખ્યાલ આવ્યો કે આ મારા ગામની હરિજનની સ્ત્રી છે. ખ્યાલ આવ્યો છે તોપણ એવું નહીં કહું, એમ. એમ નહીં કહું. સમજાણું કાંઇ?

કાઠીયાવાડી એવી ભાષા છે. કલોગે નહીં કહું. બીજી રીતે નહીં કહું. બહેન શાંતિ રાખજો. હું તો મારું, મેં આઠ આના કહ્યા છે અને છ આના આવે છે તો તેને માટે હું દલીલ કરીશ. બીજી દલીલ નહીં કરું. ઓલી સમજી ગઇ કે આ મારા ગામનો છે અને જાણી ગયો કે હું હરિજન છું અને શેઠને ઘરે આવી છું. એમ માણસ સજ્જન હોય એને આવા અન્યાયથી કહેવું એ વાત ન હોય. ન્યાયથી હોય એટલી વાત કહેવી. સમજાણું કાંઇ?

આંહી કહે છે. આહાહા! **શુધ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિ.** ભાષા જુઓ! શરીરની ક્રિયા તો બહાર રહી

ગઈ. જડની ક્રિયા જડથી થાય છે. અને પંચમહાવ્રત આદિનો વિકલ્પ પણ ખરેખર તો અચેતન છે. અચેતનનો અર્થ રાગ પોતાને જાણતો નથી. અને રાગ જ્ઞાનને જાણતો નથી. અને જ્ઞાન દ્વારા જાણવામાં આવે છે. તે કારણે રાગને વ્યવહારચારિત્રને અચેતન કહ્યો. એ તો બંધનું કારણ છે. આહાહા!

ભગવાનઆત્મા શુદ્ધ સ્વચારિત્રપ્રવૃત્તિ. પણ હજી વસ્તુ શું છે? તેમાં લીન થવું શું? વસ્તુની દૃષ્ટિ થઈ નથી અને લીન શેમાં થવું? રાગમાં તો અનાદિથી લીન છે. તેમાં શું આવ્યું? આહાહા! માર્ગનું કથન છે. **જે યોગીન્દ્ર,** જુઓ! જે કોઈ યોગીન્દ્ર પોતાના આનંદસ્વરૂપમાં જોડાણ કરવાવાળા યોગીન્દ્ર-યોગીન્દ્ર. ઓહો! જ્ઞાન અને દર્શન સ્વભાવનો પિંડ પ્રભુ. તેમાં જોડાણ-જોડાણ સમજયા? એકાકાર કરવાવાળા **યોગીન્દ્ર, સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે,** સમસ્ત મોહવ્યૂહ. નીચે ખુલાસો કર્યો છે. **મોહસમૂહ. જે મુનિન્દ્રે સમસ્ત મોહવ્યૂહનો નાશ કર્યો હોવાથી.** આહાહા!

**સમસ્ત મોહવ્યૂહનો નાશ કર્યો** તો તેનો અર્થ ત્રણ કષાયનો નાશ કર્યો તે અહીં લેવાનું છે. અને પોતાનું સ્વરૂપ **પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે.** અને વિકલ્પ જે ઊઠે છે વૃત્તિ, તેનાથી તે રહિત છે. જે યોગીન્દ્ર સ્વભાવ સન્મુખ સહિત છે અને રાગથી રહિત છે. એવી પ્રતીતિ અને જ્ઞાન જેને વર્તે છે. જુઓ! હા, એવી પ્રતીતિ અને જ્ઞાન જેને વર્તે છે. હું તો મોહસમૂહથી રહિત, પોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે, મારો ભગવાન સ્વભાવ જે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિના વિકલ્પ છે તેનાથી હું રહિત છું. એવી જેને દૃષ્ટિ અને પ્રતીતિ અને જ્ઞાન જેને વર્તે છે. તથા તદઉપરાંત હવે લ્યે છે. જુઓ! આહાહા!

**જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે અત્યંત લીન થઈને,** જે કેવળ, ભગવાનઆત્મામાં લીન થઈને નિર્વિકલ્પપણે અત્યંત લીન થઈને, અત્યંત લીન થઈને. અહીં મુનિપણું છે ને ચારિત્ર તો, સ્વચારિત્રનું આચરણ કરવાવાળા છે. લ્યો! **નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને,** શું કહે છે? આ વસ્તુ જે છે ભગવાન. તે દર્શનજ્ઞાન બે ભાવરૂપ છે. પણ બે ભેદનું પણ લક્ષ ન કરીને, ભેદને અભેદ કરીને. આ જ્ઞાન છે અને આ દર્શન છે. એવો ભેદ પણ નહીં. જુઓ! ભેદોને, **નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદોને આત્માથી અભેદપણે આચરે છે.** ભેદનું લક્ષ છોડીને આત્મામાં જ્ઞાનદર્શનમાં ચૈતન્યમાં એકરૂપ વર્તે છે. **તે મુનિન્દ્ર સ્વચારિત્રનું આચરણ કરવાવાળા છે.** આહાહા!

હજી તો ચારિત્ર કોને કહે છે તે ખબર નથી ને ચારિત્ર થઈ ગયું. આહાહા! ધન્ય અવતાર છે. બાપા! ચારિત્ર એટલે? આહાહા! ગણધરને પૂજ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન પણ પૂજ્ય છે એમ બતાવે છે. ચારિત્ર પૂજ્ય છે. સમજાણું કાંઈ? કહે છે, **મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત,** જુઓ! તે પુણ્ય-પાપના વિકલ્પ તો પરદ્રવ્યનો સ્વભાવ છે. પોતાનો નિજસ્વભાવ અહીં જ્ઞાનદર્શન સ્વભાવ પોતાનો છે ને. પોતાનો જ્ઞાનદર્શન સ્વભાવ છે અને

રાગાદિ પરદ્રવ્યના સ્વભાવ છે. નિજસ્વભાવ નહીં. જુઓ! પંચમહાવ્રતાદિના વિકલ્પ! આહાહા! મુનિની વાત!

કહે છે કે **પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી,** જુઓ! ભાવ છે ને. પરદ્રવ્યના ભાવોથી એ શુભ રાગાદિ વિકલ્પ છે. **રહિત સ્વરૂપવાળો વર્તતો થકો,** આહાહા! વાત હજી સમજવામાં પણ કઠણ પડે. શું કહે છે? શું છે? આ તો પરદ્રવ્ય છે. માટી, ધૂળ છે. અજીવ છે. ધૂળેય સાધન નહીં. એ સાધન કેવા? આહાહા! આંહી તો વિકલ્પ સાધન નહીં ત્યાં વળી શરીરની ક્રિયા સાધન કયાંથી આવી? તે ખાણીયા ચર્ચામાં પ્રશ્ન ઉઠયો છે. પહેલાં ખાણીયા ચર્ચામાં પ્રશ્ન ઉઠયો હતો. જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહીં? એય! પંડિતજી! ખાણીયા ચર્ચા વાંચ્યું છે કે નહીં? વ્યવહારથી કહેવામાં આવે છે કે વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે. એટલે છે નહીં તેને કહેવું તેનું નામ વ્યવહાર છે.

કહે છે. **પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો,** સ્વરૂપવાળો વર્તતો, આનંદમાં વર્તતો થકો, અતીન્દ્રિય આનંદમાં વર્તતો થકો. આહાહા! **સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં,** જુઓ! સ્વદ્રવ્યને એકને જ. કારણ પરમાત્મા ચૈતન્ય ભગવાન એવા એક દ્રવ્યને જ. આહાહા! એય પરમાત્મપ્રકાશ! તે પરમાત્માને આચરે છે. એમ કહે છે. જુઓ! સ્વદ્રવ્ય એકલો જ પરમાત્મા છે. કારણ પરમાત્મા સ્વદ્રવ્ય. **સ્વદ્રવ્યને એકને જ.** એ સ્વસ્વભાવ દ્રવ્ય જે છે તેને એકને જ. બીજા વિકલ્પને નહીં. આહાહા!

**એકને જ.** એમ શબ્દ પડયો છે ને પાછો. નિશ્ચય. **અભિમુખપણે અનુસરતાં થકાં,** સ્વભાવ ભગવાનઆત્મા તેની સન્મુખથી વર્તતા થકાં. આહાહા! ચૈતન્ય ધામ, આનંદનું ધામ ભગવાન. તેમાં અભિમુખ વર્તતાં થકાં. આહાહા! ચારિત્રની વ્યાખ્યા કેવી કરે છે. જુઓ! અમૃતચંદ્રાચાર્ય તો ચારિત્રવંત છે. ચારિત્રવંત છે. તેની ટીકા કરવાવાળા ચારિત્રવંત છે. કુંદકુંદઆચાર્ય ચારિત્રવંત છે. તે કહે છે કે અમારું ચારિત્ર તો એવું છે. એમ કહે છે. આહાહા!

**સ્વદ્રવ્યને એકને જ,** ભઈ બીજો પણ આશ્રય કરે ને આ પણ આશ્રય કરે એમ તો હોય ને અનેકાંત! એ તો મિથ્યાઅનેકાંત છે. ભગવાનઆત્મા! અંતરમુખ વસ્તુ ચિદ્દાનંદ આનંદકંદથી ભરેલો છે ભગવાન! પરમાત્મા સાક્ષાત દ્રવ્યસ્વભાવ એકને જ સન્મુખ થઈને અભિમુખ થઈને. અભિમુખ મુખ તે તરફ લઈ જવું. પર્યાયને એ તરફ લઈ જવી. આહાહા! પરથી વિમુખ અને સ્વથી સન્મુખ. આરે આરે! વિકલ્પથી વિમુખ અને જ્ઞાયકભાવ અંદર આનંદભાવથી સન્મુખ. **અનુસરતાં થકાં,** લ્યો! આવ્યા ઓલા અનુસરતાં થકાં. ઓલા કર્મના ઉદયને અનુસરતાં થકાં આવ્યા હતા ને. આ આત્માને અનુસરતાં થકાં. આહાહા! ગજબ ટીકા!

આ સંગેમરમર(ના પથ્થર ઉપર) છપાઈને અહીંયા આવશે. આ ટીકા હો. ટીકા ને મૂળ શ્લોક.

ભગવાનની વાણી છે. બધું આરસપહાણ સંગેમરમરની સંસ્કૃત ટીકા હો! સંસ્કૃત. હિન્દી નહીં. ગુજરાતી. ફકત કુંદકુંદઆચાર્યના શ્લોક, પાંચ(શાસ્ત્ર)ના. પચાસ હજાર અક્ષર છે, ચાર શ્લોકના. અને ચારની ટીકા. એક અષ્ટપાહુડની નહીં. સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય. સંસ્કૃત ટીકા. સંગેમરમર હવે કે દિ' આ થયું હતું તે સવારમાં પ્રશ્ન ઉઠયો હતો. આ બધું કે દિ' કરશે. આ બધા ઉજવે. છ મહિને તો આ થયું હજી. કરે છે. અમે તો બેઠા બેઠા જોઈએ છીએ. કે આ મહેનત કરે છે. શી ખબર પડે? સવારે પ્રશ્ન ઉઠયો હતો. કોઈકે પૂછયું હતું. કે ભઈ આ અક્ષરનું કે દિ' કરશે આ? આરસપહાણનું તૈયાર વર્તમાન કરે અક્ષરમાં તૈયાર કરે તો થાશે ને. છ મહિના તો આમાં ગયા તમારા પ્લેનમાં હજી. હિંમતભાઈને સાથે રાખ્યા હશે કે નહીં? તે તેના મોટા ભાઈ છે. આહાહા!

ભગવાનની વાણી છે. સંતોની વાણી છે. સમજાણું કાંઈ? લોકોત્તર માર્ગ અનાદિ સનાતન. આહાહા! એ વાણી જિનવાણી દયાની વીતરાગની પોષક છે. માટે તેને સંગેમરમરમાં ટાંકવાનો ભાવ થયો. થશે તો તેને કારણે. કોણ કરે છે? એ તો પૂછીએ છીએ. આ વજુભાઈ કરે છે. મને સવારે પ્રશ્ન ઉઠયો કે કોઈક પૂછતું હતું કે આ અક્ષરો લખાયા કે નહીં? ભઈ મને કાંઈ ખબર નથી. કહે તો ખબર પડે. આપણને તો પૂછીએ છીએ અત્યારે લ્યો આ. છ મહિને તો આરસપહાણ પ્લીન્થ સુધી આવ્યું. હજી પ્લીન્થ પણ પૂરું કયાં થયું છે? પ્લીન્થ કહેવાય ને? શું કહેવાય? તમારી ભાષા ન આવડે આપણને બહુ. એ તો વાર લાગશે બાપા હજી તો બે વર્ષ ઉપર. આહાહા!

ભગવાનની વાણી છે. સંતોની (વાણી) અનાદિ સનાતન. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું તે માર્ગ સંતોએ કહ્યો છે. સમજાણું કાંઈ? માટે તે કારણે જિનવાણી પણ વ્યવહારે પૂજ્ય છે. કહ્યું છે ને. બીજા શ્લોકમાં આવે છે. બીજા શ્લોકમાં. આપણે અનેકાંત તત્ત્વ. બીજા અધ્યાયમાં આવે છે. બીજા શ્લોકમાં, સમયસારમાં. જિનવાણી પણ વ્યવહારે પૂજ્ય છે. વ્યવહારે પૂજ્ય છે ને. ભગવાન જેમ પૂજ્ય છે તેમ જિનવાણી પણ પૂજ્ય છે. એવો પૂજવાનો વિકલ્પ આવે છે. એ સમયસાર કળશ ટીકા આવે છે. ભાવ તો આવે છે કે નહીં? આવે છે. સમજવું કે તે વિકલ્પ છે. પુણ્યબંધનું કારણ છે. બેય વાત સમજવી જોઈએ. સમજાણું કાંઈ?

**અનુસરતાં થકાં નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને પણ,** ઓહોહો! **वियप्पं अवियप्पं** છે ને મૂળ પાઠમાં. કેટલામું છે. **दंसणणाणवियप्पं अवियप्पं** દર્શનજ્ઞાન જે આત્મા વસ્તુ છે, દૃષ્ટા-જ્ઞાતા બે સ્વભાવ છે અવિકલ્પ બે ને બે ન કરીને અભેદ કરીને, **वियप्पं अवियप्पं चरदि अप्पादो** ઓહોહો! જયારે કુંદકુંદઆર્યને વિકલ્પ હશે અને જયારે આ અક્ષરો પડતાં હશે, અલૌકિક વાત છે. આહાહા! 'પોન્નુર હિલ.' મદ્રાસથી એંસી માઈલ દૂર ટેકરી છે. 'વંદેવાસ' લગભગ દસહજારની વસ્તીવાળું ગામ છે. ત્યાંથી પાંચ મિનિટ છે. તમે ગયા હતા? તમે આવ્યા હતા કે નહીં? અમે બે વાર ગયા હતા. તેની

સાથે અમે બે વાર ગયા હતા. ત્યાં મોટર સાથે હતી. એક હજાર માણસ હતું.

કહ્યું હતું અહીંયાથી કુંદકુંદઆચાર્ય ભગવાન પાસે ગયા હતા. પોન્નુર હિલથી ગયા હતા. ત્યાંના પંડિત પણ કહેતાં હતા. ત્યાં નીચે એક અન્યમતિનો મઠ છે. મઠ મઠ. તેમાંથી આ નીકળ્યું. કે અહીંયા બે હજાર વર્ષ પહેલાં એક મુનિ હતા, લબ્ધિધારી હતા. એ શિલલિખ તેમાંથી નીકળ્યું. તેમાં પણ નીકળ્યું. નીચે છે ને બે. એક ગામ છે. ત્યાં મંદિર છે. જૂનું મંદિર. કુંદકુંદઆચાર્ય ત્યાં દર્શન કરવા માટે જતાં હતાં. એ જૂનું મંદિર છે. ગઢ જૂનો થઈ ગયો ગઢ. અમે ત્યાં બધે ગયા હતા. ચારે કોર બધું જોયું. ઓહો! પોન્નુર હિલની નીચે ચાર માઈલ દૂર એક મંદિર છે. નામ શું છે? તેનો બે હજાર વર્ષ જૂનો ગઢ છે. તે કહે છે. કુંદકુંદઆચાર્ય અહીંયા ઉપરથી દર્શન કરવા આવતા હતા. પછી ભીક્ષા માટે જતાં હતા. એટલો જૂનો છે. બધું અમે જોયું છે. આખા સમૂહ સાથે ગયા હતા. એ તો એવી વસ્તુ સ્થિતિ. અન્યમતિના મઠમાં પણ એવું નીકળ્યું. અહીંયા એક મહામુનિ બે હજાર વર્ષ પહેલાં રહેતાં હતાં. મહાલબ્ધિધારી હતા. એટલું. લોકો તો બહુ ન સમજે ને. ભગવાન છે ને. ભગવાન પાસે ગયા હતા. એવું બધું ક્યાં સમજે? આ લોકોને હજી દિગંબરોને બેસતું નથી. હજી કેટલાક ના પાડે છે, નહીં. ભગવાન પાસે ગયા ન હતા. એ તો અધ્ધરની વાત છે. અરે ભગવાન! શું કહે છે? જયસેનઆચાર્યની ટીકામાં. આ પંચાસ્તિકાય છે ને. આ તો ટીકા નહીં હોય. આમાં તો અમૃતચંદ્રઆચાર્યની છે. આ છે. આ ટીકા છે. જુઓ. ટીકા સંસ્કૃતમાં છે.

જયસેનઆચાર્યની ટીકામાં જુઓ! **श्री कुमारनन्दी सिद्धांतदेवं विशेषे प्रसिद्धकथान्यायेन पूर्वविदेहगत्वा, पूर्वे विदेहगत्वा** ભગવાન કુંદકુંદઆચાર્ય પૂર્વ વિદેહમાં ગયા હતા. જુઓ સંસ્કૃત છે સંસ્કૃત હો. ટીકા નવસો વર્ષ પહેલા વીતરાગ સર્વજ્ઞ શ્રી સીમંધર સ્વામી તીર્થંકર પરમદેવ દષ્ટા. સાક્ષાત ભગવાન સર્વજ્ઞને જઈને કુંદકુંદઆચાર્ય દર્શન કરીને તત્મુખ કમળ ભગવાનનું મુખ કમળ સંસ્કૃત છે. પંચાસ્તિકાય નવસો વર્ષ પહેલાંની ટીકા છે. કાંઈ સોનગઢની નથી. આપણે નેમિચંદજીને બધી ખબર પડે ને કે ભઈ આ ત્યાં વડીલ તરીકે મુખ્ય છે તો તે બધાને કહેશે ને. **तत्मुखकमलविनिरकत** સમજાણું કાંઈ?

ભગવાનના મુખકમળમાંથી નીકળી. શું? દિવ્યવાણી. જુઓ! પંચાસ્તિકાય જયસેનઆચાર્યની ટીકા. નવસો (૯૦૦) વર્ષ પહેલાંની છે. **श्रमण अवधारित** કુંદકુંદઆચાર્યએ દિવ્યધ્વનિ સીધી શ્રવણ કરીને ધારી અવધારી. **तदाशात** અવધારી-પદાર્થ. **शुद्धात्मतत्त्वादि सारागृहित्वा** શુધ્ધઆત્મા આદિ સાર ગ્રહીને. ભગવાન પાસે મહાવિદેહમાં. જુઓ! **पुनः अपि आ गये** ત્યાંથી પાછા અહીંયા આવ્યા.

શ્રીમદ્ કુંદકુંદઆચાર્યદેવે **पद्मनंदी आदि अपर अभिधेय** પાંચ નામ છે ને. પાંચ નામ. **तत बहितत्व गौणमुख्यत्वेन**જુઓ. **अंततत्वने बहितत्व गौणमुख्यत्वेन**અંતઃતત્ત્વને મુખ્ય અને બહિર્તત્ત્વને

ગૌણ. **प्रतिपति अथवा शिवकुमार महाराजा संक्षेप्तरुचि शिष्य प्रतिबोधनार्थ**સંક્ષેપરુચિના ધરવાવાળા શીવકુમાર મહારાજા હતા. તેના માટે **विश्वते. पंचास्तिकाय प्राभृतशास्त्रे यथाक्रम अधिकार शुद्धिपूर्वकयम तात्पर्यनम व्याख्यान कर्तृत्वे** લ્યો! આ સંસ્કૃત છે. નવસો વર્ષની સંસ્કૃત ટીકા છે. સમજાણું કાંઈ?

તો કહે છે, અહો! પોતાનો નિજસ્વભાવભૂત. જુઓ! ભગવાન પાસેથી તત્ત્વાર્થ સાર સાંભળ્યો હતો. તે જ વાત અહીંયા ટીકામાં લીધી છે. સમજાણું કાંઈ? દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે. આ દર્શન ને જ્ઞાન એવા ભેદનું લક્ષ પણ છોડી દીધું. એક ચૈતન્ય સામાન્ય દર્શન અને ચૈતન્ય વિશેષ જ્ઞાન. એકરૂપ આત્મા તેનું અભેદથી આચરણ કર્યું. આહાહા! રાગનો તો વિકલ્પ નથી પણ જ્ઞાનદર્શન બે ગુણનો ભેદ પણ નહીં. સમજાણું કાંઈ?

એવા આત્માથી અભેદપણે આચરે છે. તે ખરેખર સ્વચારિત્રને આચરે છે. એ ખરેખર સ્વચારિત્રનું આચરણ કરે છે. બીજાને સ્વચારિત્ર હોતું નથી. **આ રીતે ખરેખર શુધ્ધદ્રવ્યને આશ્રિત,** જુઓ! સવારમાં આવ્યું હતું તે વાત અહીંયા આવી. **શુધ્ધદ્રવ્યને આશ્રિત,** શુધ્ધભગવાનઆત્મા તેને આશ્રિત તેના અવલંબનથી અભિન્નસાધ્યસાધનભાવવાળા, જુઓ! અભિન્નસાધ્યસાધનભાવવાળા. તેનો ખુલાસો નીચે કરશે. **નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું.** તેનો ખુલાસો. નીચે બગડો **(૨)** છે ને. **અહીં નિશ્ચયનયનો વિષય શુધ્ધદ્રવ્ય,** એક વાત. એક શુધ્ધદ્રવ્ય છે. બીજી વાત-**શુધ્ધપર્યાયપરિણત દ્રવ્ય છે.** એ શુધ્ધપરિણતિ પર્યાય સહિત દ્રવ્ય છે નિશ્ચયનય બે, **એટલે કે એકલા દ્રવ્યનો (-પર નિમિત્ત વિનાનો) શુધ્ધપર્યાય છે**. એ પણ અહીં ભાઈ નિશ્ચયનય લીધું છે. મોક્ષમાર્ગ બતાવવો છે. **શુધ્ધપર્યાય છે** તે પણ નિશ્ચયનય છે. જ્ઞાન, દર્શન, ધ્રુવ સામાન્ય જ્ઞાન દર્શન જે ત્રિકાળી છે, એ તો ધ્રુવ છે. તેના આશ્રયથી પર્યાય પરિણતિ વીતરાગી નિર્મળ પર્યાય થઈ. કહો, સમજાણું કાંઈ?

કોઈ છોકરો દસ વાગ્યે પૂછતો હતો કે ધર્મ કોને કહે છે? અરે! અત્યાર સુધી આ બધું તમારે સમજાવે છે ને હજી ધર્મ કોને કહે છે પૂછે છે? આ ધર્મ. જ્ઞાનદર્શનસ્વભાવવાળા ભગવાનઆત્મામાં લીનતા કરવી તે ધર્મ. ખબર નથી પડતી? ખબર નથી પડતી તે જ ખબર પડી. એટલી ખબર પડી. હેં? પણ ખબર નથી પડતી એટલી તો ખબર પડીને.

મુમુક્ષુ :- એટલું તો જાણવામાં આવ્યું કે ખબર નથી પડતી

ઉત્તર :- સમજાણું કાંઈ? હું છું નહીં. એમાં એટલું તો આવ્યું કે, 'હું છું નહીં' એવું જ્ઞાન તો આવ્યું. તો 'હું છું' એવું તેમાં આવ્યું. 'હું છું નહીં.' એ નાસ્તિમાં અસ્તિ સિદ્ધ થઈ. 'હું છું નહીં.' એટલે 'આ હું' અને એનો અર્થ કે 'આ હું છું.' સમજાણું કાંઈ?

'હું પૂર્ણ નથી.' તેનો અર્થ એ થયો કે 'હું પૂર્ણ છું.' સમજાણું કાંઈ? પૂર્ણનું અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યા વિના પૂર્ણ નથી ક્યાંથી આવ્યું? આહાહા! લોજીકથી ન્યાયથી સિદ્ધ થાય છે પણ હવે એ જાતની પ્રણાલીકા ન વિચારે, ન શોધે, ન માને અંદરમાં. પરના લક્ષથી બધું માનવું. પોતાનું નિજ નિધાનને ભૂલી જાવું. તેમાં કાંઈ ખબર પડતી નથી. રાગની ખબર પડે તે તો રખડવાની ચીજ છે. આહાહા!

કહે છે કે **શુદ્ધપર્યાય છે; જેમ કે, નિર્વિકલ્પ શુદ્ધપર્યાયપરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.** એમ કહ્યું ને ઓલી પર્યાયને. નિર્વિકલ્પ શુદ્ધપર્યાયપરિણત. ભગવાનઆત્મા ધ્રુવ શુદ્ધચૈતન્યજ્ઞાનદર્શન છે. તેમાં રાગ રહિત અભેદ ગુણના બે ભેદ છોડીને. અભેદ નામ નિર્વિકલ્પ. નિર્વિકલ્પથી અભેદરૂપથી શુદ્ધપર્યાયપરિણત. વીતરાગી અવસ્થારૂપ થવું. તે મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? આ મુનિમાર્ગ મોક્ષમાર્ગ છે.

એક તો દ્રવ્યઆશ્રય લીધો. સમજયા? **સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં,** પર્યાય લેવી છે ને. ત્રિકાળી જ્ઞાયકભાવ. એક સમયની પર્યાયનું લક્ષ છોડીને ત્રિકાળી ભગવાનઆત્માનો આશ્રય કરીને, નિર્વિકલ્પ નિર્મળ અરાગી વીતરાગી શુદ્ધ અવસ્થાનું પરિણમન થયું તે મોક્ષ માર્ગનો મુનિ થયો. આહાહા! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ કાંઈ બહાર રહેતો નથી. તેની પર્યાયમાં પરિણત વીતરાગી દશા મોક્ષનો માર્ગ છે. એમ કહે છે. શરીરમાં રહેતો નથી, વિકલ્પમાં રહેતો નથી. મોક્ષનો માર્ગ દ્રવ્ય ને ગુણમાં રહેતો નથી. પર્યાય છે, અવસ્થા છે. મોક્ષમાર્ગ અવસ્થા છે. મોક્ષ પણ એક અવસ્થા છે. સંસાર પણ એક અવસ્થા છે. સંસાર પણ એક અવસ્થા છે. સ્વરૂપને છોડીને રાગાદિને પોતાના માનવા, એક સમયની પર્યાય જેટલો પોતાને માનવો તે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ તે સંસાર છે. તે પણ જીવની એક મલિન પર્યાય છે. અને મોક્ષમાર્ગ નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય અધુરી છે. તેનું નામ મોક્ષમાર્ગ. અને શુદ્ધ પૂર્ણ પર્યાય હોય તેનું નામ મોક્ષ. આહાહા! ભારે વાત જ બીજી જાત જાણે! હેં? આહાહા!

વાત જ બીજી. બહિરઆત્મા, અંતરાત્મા, પરમાત્મા. બહિરાત્મા એટલે રાગના વિકલ્પ સહિત પોતાને માનવો મિથ્યાત્વભાવ, બહિરભાવ, મિથ્યાત્વભાવ બહિરઆત્મા. અને વિકલ્પ રહિત અભેદ ચિદાનંદનો આશ્રય કરીને પરિણતિ કરવી તે અંતરાત્મા. અને પૂર્ણ પરમાત્મદશા. પરમાત્મદશા તે પર્યાય છે. શું પરમાત્મપ્રકાશ? પરમાત્મપ્રકાશ પર્યાય છે. દ્રવ્ય નહીં. પર્યાય છે ને. આહાહા! પરમાત્મા પોતે ત્રિકાળી દ્રવ્ય છે. પણ જે પરમાત્મદશાનું પર્યાયમાં પરિણમન થયું કાર્ય પરમાત્મા તે તો પર્યાય છે. ધ્રુવ એ તો કારણ પરમાત્મા છે. પરમસ્વભાવભાવ પારિણામિકભાવ ત્રિકાળભાવ તે કારણ પરમાત્મા અને તેના આશ્રયથી કેવળજ્ઞાન પ્રગટ થયું તે કાર્ય પરમાત્મા.

આરે! આરે! કારણ પરમાત્મા અને કાર્ય પરમાત્મા કોઈ દિ' સાંભળ્યું ન હોય. કારણ પરમાત્મા

કોઈ ઈશ્વર હશે? કર્તા? એ ઈશ્વર કર્તા બર્તા નહીં. પોતે ઈશ્વર પૂર્ણ છે.

મુમુક્ષુ :- આવું હોવા છતાં પણ આમ કેમ?

ઉત્તર :- ભાન નહીં. એવું છે એમ તો કહે છે. એમ હોવા છતાં પણ કર્મના ઉદયનું અનુસરણ કરવાવાળા મિથ્યાત્વનું પરિણમન કરે છે. એ તો પહેલાં આવી ગયું. આહાહા! સમજાણું કાંઈ?

**આ રીતે ખરેખર શુધ્ધદ્રવ્યને આશ્રિત,** એમ પહેલાં લીધું ને અભિન્નસાધ્યસાધનભાવવાળા, જુઓ! (૩) ત્રગડો. **જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય તે અહીં નિશ્ચયનય છે.** શું કહે છે? ભગવાનઆત્મા શુધ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ તેના આશ્રયથી જે (શુધ્ધ) નિર્મળ દશા થઈ તે સાધન. અને તેના ફળરૂપ પૂર્ણ શુધ્ધ થયો તે સાધ્ય. તે નિશ્ચયમાં અભિન્નસાધ્યસાધન થયું. પોતાની પરિણતિ સાધન અને પોતાની પૂર્ણ પરિણતિ સાધ્ય. સાધન અને સાધ્ય તેમાં થયું. છે? **જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય તે અહીં નિશ્ચયનય છે. જેમ કે, નિર્વિકલ્પધ્યાનપરિણત (-શુધ્ધાત્મશ્રધ્ધાનજ્ઞાનચારિત્રપરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.**

જુઓ! નિર્વિકલ્પ રાગથી રહિત સ્વભાવ સાથે એકાકાર થઈને નિર્વિકલ્પ ધ્યાન નામ એકાગ્રતાની પરિણતિ **શુધ્ધાત્મશ્રધ્ધાનજ્ઞાનચારિત્રપરિણત મુનિને નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.** શા માટે? **કારણ કે ત્યાં મોક્ષરૂપ સાધ્ય,** જુઓ! મોક્ષ સાધ્ય પણ નિર્મળ છે અને સાધન પણ નિર્મળ છે. સમજાણું કાંઈ? મોક્ષ સાધ્ય છે **અને મોક્ષમાર્ગ સાધન. એક પ્રકારનાં અર્થાત્ શુધ્ધાત્મરૂપ (શુધ્ધાત્મપર્યાયરૂપ) છે.** બન્ને શુધ્ધાત્મરૂપ પર્યાય છે.

ફરીને, આત્મા ત્રિકાળ ધ્રુવસ્વભાવ તે તો ત્રિકાળ થયો. હવે તેના આશ્રયથી નિર્વિકલ્પ શુધ્ધ ધ્યાનની પરિણતિ થઈ તે મોક્ષમાર્ગ. તે પણ શુધ્ધપર્યાય છે. અને તેનું પૂર્ણ સાધ્ય મોક્ષ તે પણ શુધ્ધપર્યાય છે. માર્ગ અને માર્ગનું ફળ બન્ને શુધ્ધ તેને નિશ્ચયથી અભિન્નસાધ્યસાધન કહે છે. આહાહા! ભારે! સમજાણું કાંઈ? વ્યવહારસાધ્યસાધન બતાવશે. એ માટે અહીં પહેલાં અભિન્નસાધ્યસાધન લીધું. કોણ મહેનત કરે? આહાહા! અંતરમાં.

ભગવાનઆત્મા! અહીં તો કહે છે, અભિન્નસાધ્યસાધન નિશ્ચય તેનો અર્થ શું? કે ભગવાનઆત્મા પવિત્ર ધામ પૂર્ણાનંદ પ્રભુ! તેની નિર્વિકલ્પ ધ્યાન પર્યાય વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય શુધ્ધ છે અને મોક્ષ પણ શુધ્ધ પર્યાય છે. બન્ને શુધ્ધ છે, માટે નિશ્ચયનયમાં અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? હો... પર્યાય નિર્મળ, મોક્ષમાર્ગ પણ નિર્મળ અને મોક્ષ પણ નિર્મળ બન્ને શુધ્ધ છે. માટે અભિન્નસાધ્યસાધન કહી દીધું. કોઈ બીજી ચીજ નથી. બન્ને એક જ જાત. શુધ્ધ પરિણતિ છે. બન્ને શુધ્ધ પરિણતિ છે. આ અપૂર્ણ શુધ્ધ પરિણતિ છે તે પૂર્ણ શુધ્ધ પરિણતિ છે. છે તો શુધ્ધ પર્યાય. મોક્ષમાર્ગ

શુધ્ધ અવસ્થા છે અને મોક્ષ પણ શુધ્ધ અવસ્થા છે. સિધ્ધ પણ એક અવસ્થા છે, એ કયાં ગુણ છે. ગુણ તો ત્રિકાળ છે. આહાહા! ભારે!

સિધ્ધ પર્યાય! હેં? કેવળજ્ઞાન પર્યાય! ત્રણ વર્ષ પહેલાં મથુરા ગયા હતા ને (આ સાંભળીને) રાડ નાંખી ગયા હતા. કોઈ વકીલ બેઠા હતા. શું વકીલ ત્યાં કયાંથી હોય? પણ આ પંડિત. બધા પંડિત બેઠા હતા. કૈલાસચંદજી પણ બેઠા હતા. કહ્યું કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે, ગુણ નથી. કેવળજ્ઞાન પણ સમયે સમયે નવું નવું થાય છે. બીજા પંડિત કહે અરે! કેવળજ્ઞાન! ખબર ન મળે.

મુમુક્ષુ :- જ્ઞાન ગુણની આઠ પર્યાય તેમાં કેવળજ્ઞાન પર્યાય.

ઉત્તર :- પણ જ્ઞાન ગુણ તો ત્રિકાળ છે. અને પાંચ જ્ઞાનની નિર્મળ પર્યાય અને ત્રણ અજ્ઞાન આઠ તેની પર્યાય છે. એ તો પર્યાય અવસ્થા છે. એટલી પણ ખબર ન મળે. પછી વળી કૈલાસચંદજી બેઠા હતા. મથુરાના ઓલા છે ને આત્મસંદેશ છાપનારા. એ કહે, બરાબર કહે છે, પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ કયાં છે? કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે. ભલે એવી ને એવી બીજે સમયે થાય. પણ બીજે સમયે બીજી થાય છે. એની એ રહેતી નથી. એવી પણ એ નહીં. એવી પણ એ નહીં. આહાહા!

હવે આમાં કયાં શીખવાનું હતું ન્યાં. ઘરની દુકાનમાં તો પાંચ હજારનો માલ પડયો હોય, પાંચ હજાર ચીજ હોય તો બધાની ખબર હોય છે. ખબર નથી? દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તો દરેક આટલા પૈસાની આવી છે, આટલી કિંમતથી વહેંચી છે, આટલી બાકી છે. નવા ભાવમાં આટલાની આવે છે. એક એક ચીજની ત્રણ ત્રણ વાતની ખબર હોય. હેં? એલચીની પચ્ચીસ ગુણ આ ભાવથી આવી હતી. એલચી એલચી. હેં? ઈલાયચી કહે છે ને. હા. પચ્ચીસ ગુણ આ ભાવથી આવી હતી. તેમાંથી વીસ ગુણ ખપી (વહેંચાણી) છે. પાંચ ગુણ બાકી રહી છે. અને હવે તેનો ભાવ ડબ્બલ (બમણો) થઈ ગયો છે. એક એકના ત્રણ. પહેલાનાં ભાવથી નથી વહેંચવી. ખબર છે કે નહીં? હેં?

મુમુક્ષુ :- તેમાં તો સાવધાની રાખવી પડે.

ઉત્તર :- તેમાં તો સાવધાની બહુ જ છે. અજ્ઞાનમાં પ્રેમ છે તો સાવધાની બહુ જ છે. આમાં કયાં છે? આત્મામાં સાવધાની રુચિ હોય તો ત્યાં જરૂર પુરુષાર્થ કર્યા વિના રહે નહીં. જેની જરૂરિયાત જાણે ત્યાં પુરુષાર્થ કર્યા વગર રહે નહીં. આત્માનું હિત કરવાનું જાણે તો પુરુષાર્થ કર્યા વગર રહે નહીં. ધૂળ માટે જુઓને આ પૈસા માટે હેરાન હેરાન થાય છે. ગામ છોડીને પરગામ. હેં?

મુમુક્ષુ :- પૈસા મળે તો શેઠીયા કહેવાય.

ઉત્તર :- શેઠીયા કહેવાય ધૂળના. એય શોભાલાલજી!

આંહી તો ભઈ. શેઠીયા તો આપણે કહ્યું નહોતું? તેમાં નહીં બતાવ્યું હતું ને. એ પહેલાં બતાવ્યું હતું ને. તે દિ' તેમાં નહોતું બતાવ્યું? શેઠ! અઢારમું કે કયા પાને છે? પહેલામાં. તેર તેર. ગુણીજન

સંભાળે કોઈ શેઠ હોતા હૈ. નેમિચંદજીને આપ્યું નહીં? પહેલાં ભાગમાં. તેરમા પાને. આપ્યું ને વીરેન્દ્ર. તેરમે પાને પહેલાં ભાગમાં તેરમા પાને. પહેલો ભાગ તેરમું પાનું છે. ગુણીજન છે ને. સોળમાં સોળ ગુણીજન સંભાળે સો હી ચે શેઠ, અન્ય કો અનુચર જાણજો જી મારા જ્ઞાન. આ બાઈયું રોવે છે ને મારા પેટ. પેટ બેટ કે દિ' તારા હતા. સાંભળ ને! દીકરો મરી જાય દીકરી મરી જાય તો બોલે છે ને મારા પેટ. ધૂળેય પેટ તારા નથી. રાગ પણ તારો નથી તો પેટ કયાંથી આવ્યું? મારું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

જુઓ! અન્ય તો અનુચર, અનુચર છે. આહાહા! એ પૈસાના રખોપીયા ભિખારી છે. ગાંડાને શું પૂછે? પાગલને શું પૂછે? પાગલ તો પાગલને. શોભાલાલજી! શેઠીયા છે ને.. ગૃહસ્થ માણસને. તેનો છોકરો ગુજરી ગયો હતો. અઢી વર્ષનો. તો તેને રડવું આવે, બહેન નહીં, આ ગાણા બાણા બનાવ્યા. એમ બોલ્યા. મડદા પડયા હતા મડદા. અઢી વર્ષનો. ગૃહસ્થ માણસ છે. આબરૂદાર બહુ જ છે. સાંઈઠ લાખ રૂપિયા ચાલીસ વર્ષ પહેલાં ન લીધા એની આબરૂ કેટલી? સાંઈઠ લાખને ઠોકર મારી. સાંઈઠ લાખ. ચાલીસ વર્ષ પહેલાં. સોળ ગુણા કરો તો સોળ ચોકુ ચોસઠ. સાત કરોડ થાય. હેં? નવ કરોડ હશે. સોળ છકુ છન્નું, હા. હા. સોળ છકુ છન્નું છે ને. હેં? સોળ છકુ છન્નું. હા, સોળ છકુ છન્નું. સાળા નવ દસ કરોડ જેટલું થઈ ગયું. ગણવા છે ને, ત્યાં કયાં! ખાવામાં કામ આવે ને પીવામાં? મમતામાં કામ આવે. બહુ તે વખતે ગાય, બહેન દીકરી છે ને તેમની. છોકરો ગુજરી ગયો. મડદું પડયું હતું. ગાયુ. બહુ જ કંઠ મીઠો હતો ને તો લોકો, બાયું જયાં આવે ને, નહીંતર તો સમુહમાં ગાય. (પણ) ગાવા માંડી.

લોકો કહે આ શું છે? તેના ઘરે બહુ જ સારા સંસ્કાર બહુ જ. તેના ઘરનું વાતાવરણ કોઈ જુદું છે. શેઠ બહુ જ રૂડો સંસ્કારી જીવ છે ને. તો આખા ઘરના ત્રીસ માણસ બધા સંસ્કારી. ઓલો વાસણ ઉટકવાવાળો છે તે પણ સંસ્કારી. તે પણ આ ગાય. બસ. આત્મા ભિન્ન છે, રાગ ભિન્ન છે. એવા ગાયન બનાવે. એ વાસણ ઉટકતા ઉટકતા ગાય. બહુ સંસ્કારી. સરદાર શહેર છે, તેને ત્યાં. એ તો તેના મામા હતા ને. કરોડપતિ છે ને. દસ કરોડ આઠ કરોડ રૂપિયા. તો એકવાર ત્યાં આવ્યા. ત્યાં સંભાળ કરવા માટે. દીપચંદજી શેઠને ઠીક નહોતું, તો આવ્યા. તો આંહીથી છોકરી બહાર નીકળી, અહીંયાથી. ગાયન બોલી ગાયન. આપણને આવડે નહીં ગાયન, સમજયા ને. સજ્જનને એવું કાંઈક ભાષા બોલી. ઓલો શેઠ તો ખુશી થઈ ગયો. ઓહોહો!

અમે પૈસાવાળા કહેવાઈએ છીએ દસ દસ કરોડવાળા, અમારા છોકરા છોકરીમાં આવા સંસ્કાર નહીં એમ બોલ્યો. બેટા! બહુ જ સંસ્કાર સાંભળ્યા છે. અમારે પૈસાવાળાને દસ દસ કરોડ રૂપિયા બહુ જ છે. દસ શું વીસ કરોડ હશે. કહે છે કે હીરા માણેકના ભાવ વધી ગયા હતા ને. એકલા હીરા માણેક ઘરમાં પડયા છે. હીરા માણેક ને સોનું. અરે બેટા! એ ભાષા આપણને આવડે નહીં. કાંઈક બોલ્યો હતો. હેં? હા, વીર પૂત્રીયાં સજ્જન કા સત્કાર કરતી હૈ. એવું ગાયન બનાવ્યું હતું. વીર પૂત્રીયાં સજ્જનકા સત્કાર

કરતી હૈ. બહાર મોટર આવી મોટર. બેટા! આવા સંસ્કાર અમારા ઘરમાં નથી. તારા એવા સંસ્કાર છે, તું ભાગ્યવાન છે. છોકરી પણ એમ બોલી. વીર પૂત્રીયાં આપ સજ્જનકા હમ સત્કાર કરતે હૈ.

જગત તેમાં દગ્ધ થઈ ગયું. પાછું વળી પૂછયું, શું થયું શરીરને? વૈદ છે. ગૃહસ્થ માણસ એટલે વૈદું પણ જાણે છે. આ વૈદા જાણવા તે વસ્તુ છે. હવે તારી આ ધૂળમાં શું છે? આહાહા! દસ કરોડ હોય કે વીસ કરોડ હોય. આહાહા! સમજાય છે કાંઈ?

કહે છે **અભિન્નસાધ્યસાધન.** આ તેની વ્યાખ્યા કરી. ત્રગડો છે ને ત્રીજા. **અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે,** અભિન્નસાધ્યસાધનભાવવાળા. તો અભિન્ન સાધ્ય નામ મોક્ષ અને અભિન્ન સાધન નામ મોક્ષનો માર્ગ. બન્ને શુધ્ધ પર્યાય છે. તે કારણે અભિન્નસાધ્યસાધન કહેવામાં આવ્યું. **નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું. અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે 'સ્વપરહેતુક પર્યાયને આશ્રિત'** જુઓ! એ વિકલ્પ છે રાગ. પોતાના ઉપાદાનની પર્યાય સ્વ છે અને તેમાં નિમિત્ત રાગ છે. કર્મ નિમિત્ત છે. **'સ્વપરહેતુકપર્યાયને આશ્રિત'** જુઓ! વ્યવહાર.

એ **ભિન્ન સાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે,** જેમાં રાગની પર્યાય છે તે સ્વ પણ આત્મા છે તેમાં રાગ-પરિણમન કરવાવાળો તો છે ને. અને નિમિત્ત કર્મ છે. તો સ્વ-પર હેતુથી ઉત્પન્ન થવાવાળી વિકારી પર્યાય છે. પંચમહાવ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા અને અગિયાર અંગનું ભણવું એ બધી રાગની પર્યાય સ્વ-પર હેતુક છે. તેમાં નિર્મળતા છે નહીં. આહાહા! તેને બાહ્ય સાધન કરીને વ્યવહારે ભિન્ન સાધ્યસાધનનું કથન કહેવામાં આવ્યું છે. આહાહા! વ્યવહારનયની અપેક્ષાએ પ્રરૂપવામાં આવ્યું હતું. સમજાણું કાંઈ?

આરોપ કરીને રાગાદિ વ્યવહારના સાધન છે. સાધન તો પોતાનું સ્વરૂપ જ સાધન છે. તેનું નિમિત્ત જોઈને સાધન ઉપર આરોપ કરીને, વ્યવહાર આવ્યો તો તે પર્યાય સ્વ-પર હેતુક છે. આત્મા પણ હેતુ છે અને કર્મ પણ નિમિત્તપણે છે. એવી વિકારી પર્યાય ભિન્ન સાધન અને નિર્મળ પર્યાય તેનાથી ભિન્ન સાધ્ય એવા કથન આવે તો વ્યવહારનયનું તે કથન છે. તે નિશ્ચયનું કથન નહીં. આહાહા!

આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી. તેમાં વિરોધ છે જ નહીં. વ્યવહાર આવો હોય છે તેને સાધન તરીકે આરોપ તરીકે કહેવામાં આવ્યો. **કેમકે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક,** સોનું અને સોનાના પથ્થર હોય છે ને? **નિશ્ચય-વ્યવહારને સાધ્યસાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (-જિનભગવાનની) તીર્થ પ્રવર્તના બન્ને નયોને આધિન છે.** ભગવાનના બે નયથી કથન ચાલે છે. વ્યવહારને વ્યવહાર તરીકે નિશ્ચયને નિશ્ચય તરીકે. વ્યવહાર છે ખરો! પણ ઉપાદેય આદરણીય નહીં. વ્યવહાર નથી એમ નહીં તો તો એકલો નિશ્ચયાભાસ થઈ જાય છે. અને વ્યવહારથી

લાભ માને તો વ્યવહારાભાસ થાય છે. ફકત વ્યવહાર વિકલ્પ ત્યાં છે તે ભિન્નસાધ્યસાધન કહેવામાં આવે છે. રાગ ભિન્ન છે. નિશ્ચય અને સાધ્ય ભિન્ન છે. તો તેને વ્યવહારનયથી સાધ્યસાધન કહેવામાં આવે છે.

આવી વ્યવહારનયની કથની અને નિશ્ચયમાં અભિન્નસાધ્યસાધન એ નિશ્ચયની કથની બે પ્રકારની કથની પરમેશ્વરના શાસ્ત્રમાં ચાલે છે. પણ તેનો અર્થ એવો નથી કે વ્યવહારનય છે તો વ્યવહાર સાધન છે તો વાસ્તવિક તેનું સાધન થયું અને તેનાથી સિધ્ધપદ મળે છે કે મોક્ષપદ મળે છે એમ નથી.

મુમુક્ષુ :- થોડોક ધર્મ થાય.

ઉત્તર :- થોડોય ધર્મ નહીં અધર્મ છે. આહાહા! આ આકરું પડે છે. તેનો ખુલાસો વિશેષ આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૦, ગાથાઃ- ૧૫૯
## વૈશાખ સુદ-૧૪, બુધવાર, તા :- ૨૦-૫-૧૯૭૦

એકસો ને ઓગણસાંઇઠ ગાથા. મોક્ષમાર્ગ વિસ્તારનું વર્ણન. પંચાસ્તિકાય. એ આવ્યું. જુઓ! **ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું.** જુઓ! પહેલાં અભિન્નસાધ્યસાધન કહ્યું હતું. અભિન્નસાધ્યસાધન. તેનો અર્થ શું? થોડો સૂક્ષ્મ વિષય છે. નિશ્ચય-વ્યવહારની સંધિ કરે છે ને. પોતાનું પૂર્ણ શુધ્ધ સ્વરૂપ, પવિત્ર દશા મોક્ષ. મોક્ષ એ પવિત્ર પૂર્ણ શુધ્ધ દશા એ સાધ્ય અને તેનું સાધન વ્યવહાર સાધન. અહીં પહેલાં નિશ્ચય સાધન. નિશ્ચય સાધન સ્વરૂપની દ્દષ્ટિ, જ્ઞાન ને નિર્વિકલ્પ ચારિત્ર તે મોક્ષનું નિશ્ચય સાધન. તે અભિન્નસાધ્યસાધન થયું. ધ્યાન રાખે તો આ જરીક પકડાય એવું છે.

આત્મા પોતાનો પવિત્ર શુધ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, તેની કેવળજ્ઞાન આદિ પૂર્ણ વીતરાગી પર્યાય પ્રાપ્ત થાય તે મોક્ષ, તે સાધ્ય અને તેનું અભિન્ન સાધન. પોતાનો શુધ્ધસ્વભાવ પવિત્ર તેની દ્દષ્ટિ, જ્ઞાન ને વર્તમાન રમણતા નિર્વિકલ્પ દશા તે મોક્ષનું સાધન. એ અભિન્ન થયું. કેમકે નિર્મળ અવિકારી પર્યાય સાધન અને નિર્મળ અવિકારી પૂર્ણ પર્યાય સાધ્ય. એ તો અભિન્નસાધ્યસાધન થયું. સમજાણું કાંઇ?

હવે ભિન્નસાધ્યસાધન. **ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી, કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે; તેથી જ પારમેશ્વરી (-જિનભગવાનની) તીર્થપ્રવર્તના બન્ને નયોને આધિન છે.**

હવે પહેલો શબ્દ. કાલે આવ્યો હતો તે આવ્યો. જે નયમાં સાધ્ય અને સાધન ભિન્ન હોય. ભિન્ન પ્રરૂપવામાં આવે. તે અહીં, વ્યવહાર પ્રરૂપિત છે ને અંદર શબ્દ એમાં આવ્યો હતો. વ્યવહારનયની અપેક્ષાએ પ્રરૂપવામાં આવ્યું હતું. એવો શબ્દ આવ્યો હતો. ભિન્ન સાધન કહેવામાં આવે છે. ખરેખર સાધન છે નહીં. પણ અહીંયા વ્યવહારનય ભિન્ન પ્રરૂપિત કરવામાં આવ્યું છે. જેમકે છઠ્ઠે ગુણસ્થાને સાચા ભાવલિંગી હોય છે તેને અંતરમાં અનુભવ દૃષ્ટિ દ્રવ્યના આશ્રયે પૂર્ણાનંદ પ્રભુ તેના સ્વલક્ષી આશ્રયથી (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) શુધ્ધાત્મસ્વરૂપનું પૂર્ણ આલંબન નથી. પૂર્ણ આલંબન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ? પણ આત્મા પૂર્ણ શુધ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ તેનું આંશિક આલંબન. એવા વર્તતા થકા, એવા નિશ્ચયમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વદ્રવ્યના આશ્રયે વર્તતા થકા, મુનિની વાત કરે છે. સમજાણું કાંઈ?

તત્ત્વાર્થશ્રધ્ધાન (નવપદાર્થગત શ્રધ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન (નવપદાર્થજ્ઞાન) અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે. તેમાં જે વિકલ્પ ઊઠે છે રાગ, નવપદાર્થની શ્રધ્ધા, તત્ત્વાર્થનું જ્ઞાન, પંચમહાવ્રતના વિકલ્પ વ્યવહારનય મોક્ષમાર્ગ છે. કેમ? કે મોક્ષ સ્વહેતુ પર્યાય છે.

મોક્ષ એ પૂર્ણ પવિત્ર દશા સ્વહેતુ સ્વને આશ્રયે ઉત્પન્ન થઈ છે. અને તત્ત્વાર્થશ્રધ્ધાન આદિ સ્વપરહેતુક પર્યાયો છે. તે વિકલ્પ છે, રાગ છે. સ્વ પોતાની ઉપાદાન પણ છે અને તેમાં કર્મનું નિમિત્ત પણ છે. કહીએ, વિસ્તાર તો થાય છે હળવે હળવે. શું કહે છે? કે પોતાનો શુધ્ધ સ્વભાવ પૂર્ણ પવિત્ર પ્રગટ તે મોક્ષ. અને તેનો વ્યવહાર સાધન-વ્યવહાર સાધન, પંચમહાવ્રતના, નવતત્ત્વની શ્રધ્ધાનો, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ ઊઠે છે તે વિકલ્પને વ્યવહાર સાધન કહેવામાં પ્રરૂપિત કરવામાં આવ્યો છે. કેમકે તે સ્થાનમાં એવો એ રાગની મંદતાનો વ્યવહાર ઉપસ્થિત થાય છે. વ્યવહારથી નિશ્ચય થાય છે તે વાત અહીં નથી. સમજાણું? ના ના ના એ સાધન વ્યવહારથી પ્રરૂપિત કર્યું છે.

નિશ્ચય સાધન પોતાનો શુધ્ધ દ્રવ્યસ્વભાવ તેના અવલંબનથી નિશ્ચય ભગવાન પૂર્ણાનંદ પ્રભુના આશ્રયથી જે સમ્યગ્દર્શન, સમ્યક્ નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય નિર્વિકારી પર્યાય ઉત્પન્ન થઈ તે જ ખરેખર તો સાધન છે. મોક્ષનું તે જ સાધન છે. પણ તે સમયે એવા નવતત્ત્વની શ્રધ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતનો વિકલ્પ એવા નિમિત્તો જોઈને આ જે સાધન છે તેમાં સાધનનો આરોપ આપ્યો. આરોપ આપીને વ્યવહારનયથી સાધન કહેવામાં પ્રરૂપિત કરવામાં આવ્યો છે. ભારે ગડબડ! સમજાણું કાંઈ?

કેમ? કે રાગ છે તે સ્વપરહેતુક છે. મોક્ષ છે તો એકલા આત્માથી સ્વહેતુથી ઉત્પન્ન થયો છે. અને વિકલ્પ જે વ્યવહાર છે તે પોતાની ઉપાદાનની પર્યાય છે અને સાથે નિમિત્ત છે. તો સ્વપરહેતુક રાગ છે. નિશ્ચયની સાથે છે તો એ રાગને વ્યવહાર સાધનનું કથન પ્રરૂપિત કહેવામાં આવ્યું છે. ભારે ઝીણું! સમજાય છે કાંઈ? પ્રકાશજી! ઝીણી વાત છે. થોડી થોડી પકડવી, વિચાર કરવો. વીતરાગ માર્ગ તો એવો

છે કે ભગવાનઆત્મા અખંડ પરિપૂર્ણ શુધ્ધ દ્રવ્ય કારણ ભગવાન, તેનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વીતરાગી દશા ઉત્પન્ન થઈ, એ તો ખરેખર મોક્ષનું સાચું અભિન્ન સાધન છે. પણ તે સમયે તત્ત્વાર્થની શ્રધ્ધાનો વિકલ્પ, તત્ત્વાર્થના જ્ઞાનનો વિકલ્પ અને પંચમહાવ્રતનો વિકલ્પ રાગ તે સ્વપરહેતુક પર્યાય છે તેને વ્યવહારનયથી વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. સૂક્ષ્મ વાત છે. ધીમે ધીમે સમજવું ભાઈ!

તેનાથી થાય છે તે અહીં પ્રશ્ન નથી. પણ ત્યાં તેવા રાગની વિકલ્પ દશા તેવી હોય છે, તેવું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, તેવું બતાવવા માટે તેને સ્વપરહેતુક રાગની પર્યાયને વ્યવહાર સાધન કહ્યું છે. ભારે! ખરેખર સાધન છે નહીં. હોય તો વ્યવહાર કેમ કહ્યો? છે તેવો વિકલ્પ આવે છે કે નહીં? તેનો ત્યાં આરોપ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું ને! નિશ્ચય તો પોતાના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તો પોતાની પર્યાયમાં પોતાના આશ્રયથી થાય છે. પણ તે સમયે તે પ્રકારના વિકલ્પ-રાગને નિમિત્ત માનીને, વ્યવહાર જાણીને, ઉપચારથી, આરોપથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. છે નહીં તેને કહેવો તે વ્યવહાર છે. પંડિતજી! ભારે ગરબડ ભારે! ભાઈ! સમજાણું કાંઈ? એ સ્વપરહેતુક પર્યાય થયું.

**હવે બીજો બોલ. સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે.** તેની વ્યાખ્યા. જે પાષાણમાં સુવર્ણ હોય. ખાણમાંથી સુવર્ણ નીકળે છે ને. સુવર્ણપથ્થર. તો તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે. શું કહે છે? જુઓ! સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે. ખરેખર સાધન તો સુવર્ણ સુવર્ણનું સાધન છે. પણ સુવર્ણની સાથે પથ્થર હતો તેને પણ વ્યવહારનયથી સુવર્ણનું સાધન આરોપથી નિમિત્ત જોઈને કહેવામાં પ્રરૂપિત કરવામાં આવ્યું છે. પથ્થરમાંથી શું કાંઈ સોનું નીકળે છે? સોનું તો સોનામાંથી નીકળે છે પણ સાથે છે તેને નિમિત્તનો આરોપ આપીને સોનાનું વ્યવહાર સાધન પથ્થર છે એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે ગડબડ! અત્યારે તો વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે. વ્યવહાર સાધન કરો તો નિશ્ચય થશે. એમ વાત છે નહીં. સમજાણું કાંઈ?

આંહી તો ફકત પોતાનું સ્વરૂપ શુધ્ધ ચૈતન્ય આનંદકંદ તેનો આશ્રય કરવાથી જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર થયું ત્યાં પૂર્ણ દશા નથી તો એ ભાવને મોક્ષનું સાધન કહ્યું. પણ સાથે વિકલ્પ ઊઠે છે નવતત્ત્વની શ્રધ્ધા, તત્ત્વાર્થનું વ્યવહારજ્ઞાન અને શાસ્ત્રનું જ્ઞાન અથવા અઠયાવીસ મૂળગુણ પંચમહાવ્રતનો વિકલ્પ. એવી એ ગુણસ્થાનમાં, સ્વના આશ્રયની ભૂમિકામાં એટલો રાગની મંદતાનું નિમિત્તપણું આવે છે તેને જોઈને તેને વ્યવહાર સાધનનો આરોપ કહેવામાં આવ્યો છે. ભારે વાત!

જે પાષાણમાં સુવર્ણ હોય. પાષાણમાં સુવર્ણ છે? સુવર્ણ તો સુવર્ણમાં છે પણ પાષાણનો સંબંધ છે તેને જોઈને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જે રીતે વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન

છે. સોનાના પથ્થરો તે સોનાનું સાધન છે તે વ્યવહારથી છે. તે રીતે વ્યવહારનયથી વ્યવહાર મોક્ષમાર્ગ. વ્યવહારનયથી વ્યવહાર મોક્ષમાર્ગ. નિશ્ચય મોક્ષમાર્ગનું સાધન વ્યવહારનયથી વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચયનું સાધન વ્યવહારથી કહેવામાં આવ્યું. એ કહેવામાં આવ્યું. આવ્યું ને ઉપર આવી ગયું. પ્રરૂપિત કરવામાં આવ્યું હતું. એ ભલે કહ્યું પણ આવી ગયું, પ્રરૂપિત કરવામાં આવ્યું હતું. એય!

બે પ્રકારે નિરૂપણ છે. વસ્તુ બે પ્રકારે છે નહીં. સાધન બે પ્રકારના નથી. સાધનનું કથન બે પ્રકારે છે. એક નિશ્ચય સાધન, એક વ્યવહાર. કથન બે પ્રકારે છે. સાધન તો સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય તેનું અવલંબનથી જે નિર્મળ પર્યાય થઈ તે જ મોક્ષનું સાધન છે. એક જ સાધન છે. સાધન બે નહીં. પણ સાધન કહો, ઉપાય કહો, માર્ગ કહો. પણ તે સાધનના કાળમાં પૂર્ણ વીતરાગતા થઈ નથી. મોક્ષ દશા થઈ નથી. તો ત્યાં આગળ રાગની સ્વપરહેતુક વિકલ્પની પર્યાય ઉત્પન્ન થાય છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનનું, તત્ત્વાર્થ જ્ઞાનનું, જુઓ! શાસ્ત્રનું જ્ઞાન કહ્યું નથી. અને અઠયાવીસ મૂળગુણનો વિકલ્પ જે છે તે ભૂમિકામાં એવા વિકલ્પની મર્યાદા આવે છે, એવા નિશ્ચય સાધનની સાથે એવા નિમિત્ત જોઈને વ્યવહારનયથી વ્યવહાર મોક્ષમાર્ગ એમ કહેવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું કહો કે પ્રરૂપિત કરવામાં આવ્યું છે એમ કહો તે એક જ વાત છે. બંડીજી! સામે પુસ્તક છે કે નહીં? આરે! આરે! વિશેષ સ્પષ્ટ કરે છે. કહે છે તે વિશેષ એટલે વિપરીત એમ નહીં. તેનું વિશેષ એટલે સ્પષ્ટ કરે છે. બંડીજી! છે અંદર જુઓ!

અર્થાત **વ્યવહારનયથી ભાવલિંગી મુનિને.** જુઓ! ભાવલિંગી. આત્મા અંતરમાં શુદ્ધ કારણ પરમાત્મા ધ્રુવ તેનો આશ્રય લઈને નિર્વિકારી આનંદ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર પ્રગટ થયું છે. એવા મુનિને **સવિકલ્પ દશામાં વર્તતા,** જ્યારે અંદરમાં સ્વરૂપમાં સ્થિર નથી હોતા ત્યારે તેને એવા વિકલ્પની જાત આવે છે. જે વિકલ્પ દશામાં વર્તતા થકા, એટલું રાગમાં વીર્ય આવ્યું છે ને. **તત્ત્વાર્થ શ્રદ્ધાન,** વ્યવહાર, **તત્ત્વાર્થજ્ઞાન** વિકલ્પ, **મહાવ્રતાદિરૂપ ચારિત્ર** વિકલ્પ. એ **નિર્વિકલ્પ દશામાં વર્તતા થકા,** પોતાના દ્રવ્ય સ્વભાવના આશ્રયથી વીતરાગી પર્યાયમાં વર્તતા થકા, **શુદ્ધાત્મશ્રદ્ધાનજ્ઞાનાનુષ્ઠાનના,** એ શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના એ વિકલ્પ વ્યવહાર સાધન કહેવામાં આવ્યા છે. કહો, રાજમલજી! ભારે ગડબડ આમાં ઊભી કરે. સાધન છે કે નહીં? સાધન છે કે નહીં? પણ સાધન કેવું?

વ્યવહારનયથી વ્યવહાર સાધનનું કથન કરવામાં આવ્યું. કેમકે એવું જ્ઞાન કરાવ્યું. આવી ચીજ આ સમયે આવી હોય છે. એવું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર **તદાત્વે** જાણેલો પ્રયોજનવાન છે. તે વાત કરે છે. સમજાણું કાંઈ?

જુઓ! ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયથી પ્રરૂપિત કરવામાં આવ્યું હતું તેમાં

પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી. નિશ્ચયથી અભિન્નસાધ્યસાધન છે અને સાથે ભિન્નસાધન અને સાધ્ય નિર્મળ પર્યાય એમ જે કહ્યું તે બન્નેમાં કાંઈ વિરોધ આવતો નથી. **કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની પેઠે. નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે.** નિર્વિકલ્પ પર્યાયમાં વર્તતા વીતરાગી સંતોને એવી વિકલ્પની જાત આવે છે. તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. તેમાં કોઈ વિરોધ છે નહીં.

તેથી જ પારમેશ્વરી (-જિનભગવાનની) તીર્થપ્રવર્તના, હવે તીર્થપ્રવર્તનાની વ્યાખ્યા. **પછી બન્ને નયોને આધીન છે** તેની વ્યાખ્યા. ધીમે ધીમે તો ચાલે છે. આ કાંઈ.... આહાહા! એય પ્રકાશદાસજી! જેને પોતાના શુધ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય નથી, તેનો જે વિકલ્પ છે, તેને તો વ્યવહાર સાધનનો આરોપ પણ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ?

જેને મિથ્યા દેવગુરુશાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ છે તેને વ્યવહાર કહેવામાં આવે છે એવું પણ નથી. અને સાચા દેવગુરુશાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ છે પણ સ્વદ્રવ્યનો આશ્રય લીધો નથી અને વીતરાગી પર્યાય પ્રગટ થઈ નથી તે વિકલ્પને આરોપથી પણ વ્યવહાર કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? પણ જેને સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જે આત્મા કહ્યો, એવો આત્મા એક સમયમાં પૂર્ણ ગુણનો પિંડ વસ્તુ એવા દ્રવ્યના અવલંબનથી, આશ્રયથી, ધ્યેયથી જે પર્યાયમાં નિર્વિકલ્પ શ્રધ્ધા, રાગ વિનાની શ્રધ્ધા, રાગ વિનાનું જ્ઞાન, રાગ વિનાની ચારિત્ર દશા તે જ ખરેખર મોક્ષનું સાધન છે. પણ તે સાધનના કાળમાં તત્ત્વાર્થ શ્રધ્ધાન આદિનો જે વિકલ્પ આવે છે તેને વ્યવહારનયથી વ્યવહાર મોક્ષમાર્ગ સાધન છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. બહુ ન સમજાય તો રાત્રે પ્રશ્ન કરવો. સમજાણું કાંઈ? અત્યારે તો માર્ગ બધો, ગડબડ થઈ ગઈ છે ને. વાતની સૂઝ પડવી કઠણ થઈ ગઈ.

મુમુક્ષુ :- એ ભૂલ તો વ્યવહારના કથનમાં ચાલે છે.

ઉત્તર :- હા, પણ વ્યવહાર છે એટલી વાત જણાવવા માટે છે. વ્યવહાર ન હોય તો તો એકલું કેવળજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ :- વ્યવહારને જાણેલો પ્રયોજનવાન કહે છે.

ઉત્તર :- જાણેલો પ્રયોજનવાન છે બસ. છે એને જાણવો તે વ્યવહારજ્ઞાનનું (સમયસારની) બારમી ગાથામાં આવ્યું, આ તેનું સ્પષ્ટીકરણ કરે છે.

સમ્યગ્દર્શનમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તો નિમિત્ત થતાં નથી. અને તેની શ્રધ્ધા છે તે તો વ્યવહાર પણ નહીં અને નિશ્ચય પણ નહીં. સમજાણું કાંઈ? પણ જેના સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એવા નિમિત્તપણાની શ્રધ્ધાનો વિકલ્પ છે તેને વ્યવહાર ક્યારે કહેવામાં આવે છે કે સ્વદ્રવ્યના આશ્રયથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની પર્યાય પ્રગટ થઈ હોય તો તે વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું

કાંઈ? કેમકે નિશ્ચય પ્રગટ થયું તે સાધન તો રાગની મંદતાનું નિમિત્ત દેખીને આરોપથી, વ્યવહારથી સાધન છે એમ કહેવામાં આવ્યું છે. વસ્તુ સ્થિતિ આ છે. તેમાં થોડું આઘું પાછું કરે તો ગડબડ થઈ જાશે. સમજાણું કાંઈ?

શેઠીયા તડકો છે તો નહીં આવ્યા હોય. આ શેઠીયા આવતા નથી. એ શેઠીયા આવતા નથી. આમાં અત્યારે તો નથી જુઓ. કહો, સમજાણું કાંઈ?

ફરી. આ વાત તો વારંવાર કહે ત્યારે માંડ બેસે એવી ચીજ છે. ખેર! ઓલી નિશ્ચય નિશ્ચય એકલી વાત. વળી આ વ્યવહાર સાધન આવ્યું આ શું? હેં? સોનાનું સાધન પાષાણ. તેનો અર્થ શું? એ પાષાણ સાધનનો અર્થ કે સોનાને અને પથ્થરને નિમિત્ત સંબંધ હતો તો તેને કાઢવા માટે અગ્નિ સાધન હતું. તે ખરેખર તો અગ્નિ સાધન છે. અને ખરેખર તો સોનું જ પોતાનું સાધન છે. પણ પથ્થર છે તેમાંથી છૂટા પાડવા છે એટલી અપેક્ષા ગણીને પથ્થરને વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. એમ વ્યવહારનયના વિકલ્પનો પથ્થર છે. ભગવાન તો શુદ્ધ નિર્વિકલ્પ આનંદકંદ છે. આહાહા! સમજાણું કાંઈ?

વાત અત્યારે તો ચાલતી નથી. સંપ્રદાયની દૃષ્ટિ અને સંપ્રદાયની વાત. એકલા વ્યવહારના પોષક. એ માર્ગ નથી ભાઈ! આંહી તો જનમ-મરણ મટાડવાની ચીજની વાત છે. નિશ્ચય જનમ-મરણ ન મટે તો ધર્મ પણ નથી. આંહીં તો અંદર જનમ-મરણ મટાડવાના ભાવ થયા છે. કેમ કે દ્રવ્યમાં જનમ-મરણ છે નહીં અને જનમ-મરણનો ભાવ પણ છે નહીં. એવો ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાયકભાવ દ્રવ્ય સ્વભાવ તેનું આલંબન લઈને અંદરનું ધ્યેય પકડીને જે સમ્યગ્દર્શન નિશ્ચય નિર્વિકલ્પ, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન અને નિર્વિકલ્પ રાગ રહિત સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર તે જ સાધન છે. મોક્ષની પર્યાયનું તે જ સાધન છે. સમજાણું કાંઈ? પણ તેની સાથે જયાં સુધી પૂર્ણ કેવળજ્ઞાન નથી, વીતરાગ સાધ્ય હોવા છતાં પણ, સાધનની દશા નિર્વિકલ્પ હોવા છતાં પણ, રાગની વિકલ્પ દશા આવ્યા વિના રહેતી નથી. એ નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, એ તત્ત્વાર્થના શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ, અઠયાવીસ મૂળગૂણ એ વિકલ્પને વ્યવહારથી અહીં નિશ્ચય સાધન થાય છે. તેમાં વ્યવહારથી સાધનનો આરોપ કરીને વ્યવહાર સાધન નિશ્ચય સાધ્ય એવા ભિન્ન સાધ્ય-સાધનની કથની કરવામાં આવી છે. પંડિતજી! આહાહા! ધીમે ધીમે વિચાર કરવો ભાઈ! આ તો માર્ગ અંતર પરમેશ્વરનો માર્ગ છે. સમજાણું કાંઈ?

આ તો કહે છે ને કે વ્યવહારથી થાય છે વ્યવહારથી થાય છે. જુઓ! વ્યવહાર સાધન કહ્યું છે. પણ કોને? કે જેને નિશ્ચય સાધન પ્રગટ થયો છે તેને વિકલ્પમાં વ્યવહાર સાધનનો આરોપ આપીને કથન કર્યું છે. ત્યાં તે પકડી લીધું? બંડીજી! આવી વાત છે ભાઈ! વચમાં રાગની મંદતાનો, નવતત્ત્વનો વાસ્તવિક નવતત્ત્વ હો, ભગવાન કહે છે એવી નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ. અજ્ઞાની કહે છે એવા નહીં. અને નવતત્ત્વનું જ્ઞાન તત્ત્વાર્થ જ્ઞાન કહ્યું ને. ભગવાન જે શાસ્ત્ર કહે છે તેનું યથાર્થ જ્ઞાન. પણ પરલક્ષી

જ્ઞાન છે તે વિકલ્પ છે. અને અઠયાવીસ મૂળગૂણનો વિકલ્પ ભૂમિકામાં આવો જ આવે છે. તે ભૂમિકામાં વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, સદોષ આહાર લેવાનો વિકલ્પ થતો નથી. આવી ભૂમિકામાં આવો રાગ છે તેને જાણવા માટે વ્યવહારથી સાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ?

આ તો માળા વસ્ત્ર, પાત્ર રાખે અને વ્યવહાર સાધન. ધૂળેય નથી મિથ્યાત્વનું સાધન છે. સાંભળને સાળા! એય પ્રકાશદાસજી! આંહી તો વાત આવી છે. વીરેન્દરજી! બહારથી વસ્ત્ર પાત્ર રાખે અને કહે વ્યવહાર સાધન છે ને વ્યવહાર સાધન. શ્રીમદ્‌માં એક જગ્યાએ આવે છે ને. શ્વેતાંબર આમ્નાય પ્રમાણે પણ છે તેનો નિષેધ કરતો નથી. એય! ભાઇ! તે તો લોકોને ઊભા રાખવા એવી વાત જરી આવી પણ વસ્તુની સ્થિતિ એવી છે નહીં. સમજાણું કાંઇ?

આંહી તો પરંપરા સનાતન સત્ય દિગંબર માર્ગ જે છે, તેનું લક્ષ કરીને, જે દિગંબર માર્ગ છે તેનું લક્ષ કરીને શ્રદ્ધા, જ્ઞાન અને વર્તન થયું તે વ્યવહાર છે. પોતાના આત્માનો આશ્રય કરીને જે ઉત્પન્ન થયું તે નિશ્ચય સાધન છે. તે નિશ્ચય સાધનમાં વીતરાગતાની પૂર્ણતા નથી તે કારણે એવા રાગની મંદતાનો ભાવ ભગવાને કહ્યા એવા નવતત્ત્વની શ્રદ્ધા. જુઓ! તેમાં છ દ્રવ્ય આવી ગયા. છ દ્રવ્યની શ્રદ્ધા વિકલ્પ છે. જે છ દ્રવ્ય માનતા નથી તેના તો વ્યવહાર અને નિશ્ચય બેય ખોટા છે. સમજાણું કાંઇ?

જે પોતાના.... કેમકે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે. તે પર્યાયમાં એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાનઆત્મા છે. એવા દ્રવ્યનો આશ્રય લઇને જે સમ્યગ્દર્શન જ્ઞાન થયું તે સાચું સાધન છે. તે સમયે રાગનો મંદ ભાવ જે પરલક્ષી નવતત્ત્વની શ્રદ્ધા, છ દ્રવ્ય છે તેવી શ્રદ્ધા, તે પણ વિકલ્પ છે. પરદ્રવ્યની શ્રદ્ધા તે વિકલ્પ છે. છ દ્રવ્ય છે જ નહીં તેવું માનવાવાળાના તો વ્યવહાર અને નિશ્ચય બન્ને જૂઠ્ઠા છે. સમજાણું કાંઇ? (કોઇ એમ માને કે) એક જ આત્મા છે અને સર્વ વ્યાપક છે તે તો મહા મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઇ? તે બતાવવા માટે અહીંયા નિશ્ચય સ્વદ્રવ્યનો આશ્રય લીધો ત્યાં જો સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થઇ તેમાં તે વ્યવહારનો વિકલ્પ એવો હોય જ છે તે બતાવવા માટે વ્યવહાર સાધન ભિન્ન તે સાધન નિશ્ચય સાધ્ય એવું આરોપથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઇ?

હવે તીર્થ. **તીર્થપ્રવર્તના બન્ને નયોને આધીન છે.** જુઓ! તીર્થપ્રવર્તના બન્ને નયોને આધીન છે. છે ને. તેની તો વ્યાખ્યા ચાલે છે. તીર્થ એટલે માર્ગ. તીર્થ એટલે મોક્ષનો માર્ગ, ઉપાય. માર્ગ કહો કે ઉપાય કહો. મોક્ષનો ઉપાય. ઉપદેશ અથવા તેનો ઉપદેશ અથવા શાસન. તીર્થ એટલે શાસન થાય, ઉપદેશ પણ થાય અને નિશ્ચય મોક્ષમાર્ગ પણ થાય છે. તે તીર્થમાં જિનભગવાનની આજ્ઞા.

જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. સમજાણું કાંઇ? જિનભગવાનના ઉપદેશમાં બે નયો, નય બે છે કે નહીં? તો તેનો વિષય બે છે કે નહીં? આહાહા! હેં? એક થઇ જાય.

એક થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય તો નય રહેતી નથી. એક નય એકાંત હોય તો ત્યાં નય છે નહીં. નિશ્ચય છે નહીં અને એકલો વ્યવહાર છે તો તે નય પણ નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જિનભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં, નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે. (નીચે ફૂટનોટ) નિશ્ચયનય દ્વારા તો વાસ્તવિક તત્ત્વ છે તેના સાધન આદિનો યથાર્થ નિર્ણય કહેવામાં આવે છે. આ સાધન પણ યથાર્થ નિર્ણયમાં નિશ્ચયનયમાં કહેવામાં આવે છે અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ, ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. વ્યવહાર દ્વારા અભૂતાર્થ છે નહીં તેને, સત્યાર્થ છે નહીં તેને, ઉપચારથી નથી તેને, અસત્યાર્થને નથી તેને ઉપચરિત નિરૂપણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! કેટલું ફૂટનોટ કરી આ સ્પષ્ટ કર્યું છે એમ તો કહે. સ્પષ્ટ કર્યું છે. આ ગોટા વાળે છે તે. સમજાણું કાંઈ? અમારા પંડિતજીએ નીચે આંહી સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ?

**પ્રશ્ન :- સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ.** સાચું કથન જ કરવું જોઈએ. ઉપચાર અસત્યાર્થ કથન કરવાની જરૂર શું? પ્રશ્ન ઊઠે છે. અભૂતાર્થ જૂઠ્ઠા કથન કરવાની જરૂર શું છે? સત્યાર્થ કથન જ કરવું જોઈએ. **અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે?** અભૂતાર્થ એટલે જૂઠ્ઠા. ઉપચારથી કથન શા માટે કરવામાં આવે છે? એવો પ્રશ્ન છે.

**ઉત્તર :- જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય, સમજમાં નથી આવતું એવી વાત અહીંયા છે. જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજમાં ન આવતું હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા એટલે બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા.** બિલાડી સિંહ છે. સિંહ જેણે જોયો નથી. તેને સિંહનું વાસ્તવિક સ્વરૂપ જાણવામાં આવતું નથી. તો બિલાડી દ્વારા કહેવામાં આવે છે કે જુઓ આવો સિંહ હતો. આવો સિંહ હોય છે. એ બિલાડી સિંહ નથી. સમજાણું કાંઈ?

**બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે.** આ તેમાં ગડબડ છે. જુઓ! બિલાડીના કથન દ્વારા સિંહનું સ્વરૂપ જાણવામાં તો આવે છે ને? એટલો તો વ્યવહારથી લાભ છે ને? અરે ભગવાન! એમ કહેતા નથી. આ તો બિલાડી જેવો કોઈ સિંહ છે એવું ત્યાં લક્ષ ગયું ત્યારે જાણવામાં આવ્યું, બિલાડી ઉપર લક્ષ હતું ત્યાં સુધી જાણવામાં આવ્યું નહોતું. સમજાણું કાંઈ? માનવા લાગ્યો. અને બિલાડી દ્વારા. તો બિલાડીનું લક્ષ છૂટે તો. આ બિલાડી દ્વારા જાણે તો બિલાડીનું લક્ષ છૂટે તો આવો સિંહ છે એવું જ્ઞાન થાય છે. બિલાડીનું લક્ષ રાખીને સિંહનું જ્ઞાન થાય છે? એમ ભેદ પાડીને વ્યવહારથી કહેવામાં આવે છે કે આ આત્મા. પણ તે ભેદ તે વસ્તુ નહીં. સમજાણું કાંઈ?

એક વખત કુવાડવામાં કહ્યું હતું ને, ભાઈ નહીં? નિશાળમાં ઉતર્યા હતા. મચ્છર. છોકરાને માસ્તરે મચ્છર શીખડાવ્યું મચ્છર. નાના મચ્છર હોય છે ને. તો આવડા મચ્છરને બતાવવા માટે લાંબા પગ બનાવ્યા. છોકરાને મચ્છરનો ખ્યાલ આવી જાય. અમે જોયા હતા. ત્યાં મચ્છર આટલું લાંબુ હતું. તો મચ્છરનું શરીર આટલું બતાવ્યું અને ચાર પગ લાંબા કર્યા લાંબા. બે આંગળી જેટલા લાંબા. તો બતાવ્યું કે જુઓ ભાઈ આ મચ્છર. અને તેના પગમાં પણ ઝીણી ઝીણી રૂવાંટી હોય છે. ઝીણી રૂવાંટી. તે બતાવવા માટે લાંબા કરીને બતાવ્યા. તો જુઓ મચ્છર આવું હોય છે. તો મચ્છર આટલું લાંબુ તો નહોતું. પણ લાંબુ બનાવીને મચ્છરની ઓળખાણ માટે કહ્યું. તેના પગમાં કેટલી રૂવાંટી છે.

એકવાર ગામમાં હાથી આવ્યા. (છોકરાએ કહ્યું) માસ્તર! એ મચ્છર આવ્યું. આ બન્યું હતું હો. રાજકોટથી સાડા ચાર કોષ કુવાડવા છે. એ માસ્તર! આ મચ્છર આવ્યું. માસ્તર કહે એલા મચ્છર કેમ? તે દિ' અમને શીખડાવ્યું નહોતું? આટલું નાનું મચ્છર હોય છે અને તેના પગ આટલા લાંબા હોય છે. પણ એ તો તને પગ બતાવવા માટે કહ્યું હતું. પણ આટલા લાંબા પગ ત્યાં છે નહીં. મચ્છર તો આટલું નાનું છે પણ પગના નાનામાં નાના અવયવને વિસ્તારથી બતાવવા માટે લાંબુ કરીને બતાવ્યું. ત્યાં હાથીને જોઈને કહે, એ મચ્છર આવ્યું! એમ બિલાડીને બતાવીને કહ્યું, આવો ક્રુર રૂવાંટીવાળો સિંહ હોય છે. પણ તેનું લક્ષ છોડીને સિંહને જાણે તો તેને વ્યવહારથી જાણે છે એમ કહેવામાં આવે છે. ખરેખર વ્યવહારથી જાણ્યો નથી નિશ્ચયથી જાણ્યો છે. વ્યવહારનું લક્ષ છોડી દીધું છે. હેં? હા, સિંહ માની લીધો.

**બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે.** દોરી જવામાં આવે છે. **તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય,** સીધો જ્ઞાયક ચિદાનંદ નિર્વિકલ્પ પરમાનંદની મૂર્તિ એમ ખ્યાલમાં ન આવતું હોય **તેને વસ્તુ સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા,** જુઓ! ઉપચારના કથન દ્વારા **વસ્તુ સ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે.** વસ્તુના સ્વભાવ સન્મુખ લઈ જવું તેને વ્યવહાર કહેવામાં આવે છે. એક વાત.

**વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.** નિશ્ચય મોક્ષમાર્ગ આવો હોય જ્યાં રાગ આવે ત્યાં વ્યવહાર કહે એવી લાંબી વાત ન કરીને વિકલ્પને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. આહાહા! ભારે વાત! સમજાણું કાંઈ? નિશ્ચય જ્યાં આવો હોય ત્યાં આવો વિકલ્પ હોય તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે એવી લાંબી લાંબી વાત ન કરીને પણ રાગની મંદતા જોઈને તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે.

**અહીં એટલું લક્ષમાં રાખવા યોગ્ય છે કે-જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની,** જુઓ! વ્યવહારથી જાણવાનું કહ્યું. જુઓ! આ નવતત્ત્વની શ્રદ્ધા! આ આત્મા

એકરૂપ છે તે બતાવવા માટે વાત કરી હતી. એમ સિંહનું સ્વરૂપ સમજયા વગર એકલું બિલાડીનું નિરૂપણ સિંહનું સ્વરૂપ સમજી લ્યે. બિલાડીને જ સિંહ સમજી લ્યે, તે ઉપદેશને યોગ્ય નથી. આહાહા! જુઓ! આ પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં છે. વ્યવહારથી કથન કરે છે અને જે વ્યવહારને પકડે છે તે તો સાંભળવા લાયક નથી. શું કહે? ભેદ વગર કથન કરવામાં આવતું નથી. અને ભેદનું કથન સાંભળીને, લ્યો તમે કહ્યું હતું ને ભેદથી જાણવામાં આવે છે, વ્યવહારથી જાણવામાં આવે છે. એમ પકડી લ્યે તો તે સાંભળવાને પણ લાયક નથી. આહાહા! **तस्य देशना नास्ति** સમજાણું કાંઈ?

મૌન રહેવામાં પોતાના નિર્વિકલ્પ આનંદમાં લાભ છે. એમ જયારે કહ્યું તો સાંભળવાવાળો કહે કે તમે કેમ મૌન રહેતા નથી. તમે કેમ વિકલ્પ કરો છો? ભાઈ! સાંભળ તો ખરો શું બતાવવું છે તે વાત અહીંયા છે. સમજાણું કાંઈ? તમે તો બોલો છો વિકલ્પ છે. અને તમે નિર્વિકલ્પમાં લાભ માનો છો તમારી વાત કથન બીજું છે અને શ્રદ્ધા બીજી છે એમ લાગે છે. એમ છે નહીં. સાંભળ તો ખરો ભાઈ! કોઈપણ વાત કથનમાં આવે છે તો વિકલ્પ દ્વારા જ આવે છે. સમજયા? નિર્વિકલ્પ દ્વારા શું આવે? એ તો એકલો વીતરાગભાવ છે. મુનિને વિકલ્પ ઊઠે છે, તો લ્યો! પણ મુનિ વિકલ્પના કર્તા હોતા નથી. આહાહા!

દુનિયા કહે છે અમે દુનિયાને લાભ પહોંચાડીએ છીએ. ક્રાંતિ કરીને દુનિયાને ઊંચી લાવીએ છીએ. ધૂળમાંય લાવતા નથી. પરને લાવે છે એ માન્યતા જ મિથ્યાત્વની છે. અને તને વિકલ્પ આવ્યો તો વિકલ્પનો કર્તા થયો તે પણ મિથ્યાત્વભાવ છે. તો તને પણ લાભ નથી તો નિમિત્તપણે પરને લાભ કયાંથી થશે? એ કોણ ક્રાંતિ કરે? કેમ રાજેન્દ્રકુમારજી! એ તો પરની વાતનું કથન આવે છે. જલાવી એ તો વ્યવહારથી છે. જગતના પ્રાણીની યોગ્યતાથી અંતરમાં ક્રાંતિ થાય છે. પરને કારણે થતી નથી. કોઈ પર્યાય પરથી કયાં (થાય છે?) સ્વતંત્ર પદાર્થ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ નિમિત્તને સમજાવવાની શૈલી છે. એ કોણ હતું એ બતાવવા માટે. પણ પરમાં નિમિત્તથી થયું છે એમ બિલકુલ બનતું નથી. હેં? આત્મા વિના કોણ સમજે? કેમ રમણીકભાઈ! એ આત્મા થયા વગર આત્મા કોણ સમજે? એવી વાત છે. એ તો નિમિત્તનું વ્યવહારનું કથન છે. આવ્યું ને? પર્યાયમાં જયારે યોગ્યતા પ્રગટ થઈ ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવા માટે એમ કહેવામાં આવ્યું. પણ નિમિત્તવાળા એમ માને કે હું નિમિત્ત થયો તો ત્યાં ક્રાંતિ થઈ છે? તારી ક્રાંતિ કરવામાં તું આશ્રય તારો લે તો ક્રાંતિ થશે. વિકલ્પનો આશ્રય લઈશ તો ક્રાંતિ થશે નહીં. આહાહા! ભારે વાતું! સમજાણું કાંઈ?

નિશ્ચય અને વ્યવહારનય-જગત ભરમાયો છે. બનારસીદાસમાં આવે છે. **બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી. તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ,** નવતત્ત્વની શ્રદ્ધાને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. તત્ત્વાર્થ જ્ઞાનને શાસ્ત્રના જ્ઞાનને ઉપચારથી જ્ઞાન કહ્યું. પંચમહાવ્રતને ઉપચારથી ચારિત્ર કહ્યું. તેને **સાચું કથન**

**માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી. જાઓ.** આહાહા! સમજાણું કાંઈ?

વ્યવહારથી કથન કર્યું ત્યાં તેને સાચું માની લ્યે, કહ્યું હતું કે નહીં? બિલાડી જેવો સિંહ છે. વ્યવહારથી કહ્યું હતું કે નહીં, વ્યવહાર મોક્ષમાર્ગ છે પણ વ્યવહાર શા માટે? એ તો નિશ્ચયનો સ્વઆશ્રય અખંડ જ્ઞાન, શ્રધ્ધા આનંદની પર્યાય ઉત્પન્ન થઈ છે ત્યાં આરોપ પણ વ્યવહારનો કથન વ્યવહારનયથી કહેવામાં આવ્યું કે આ મોક્ષમાર્ગ છે. છે નહીં. છે નહીં તેને વ્યવહારથી કહ્યું તેનું નામ ઉપચાર કથન, આરોપિત કથન, અન્યથા કથન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે.** અમારા પંડિતજી સ્પષ્ટીકરણ કરવા માટે ઉદાહરણ આપે છે. **સાધ્ય-સાધન વિષેનું,** સાધ્ય મોક્ષ પર્યાય. સાધન નિર્મળ સાધન અને વ્યવહાર સાધન. સાચું નિરૂપણ આ પ્રકારે છે. બેમાં સાચું નિરૂપણ એ. સાધ્ય-સાધનમાં **સાચું નિરૂપણ એ. કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુધ્ધિ, શું** કહે છે? મુનિ છઠ્ઠે ગુણસ્થાને છે. અનુભવ સમ્યગ્દર્શન થયું. સમ્યગ્જ્ઞાન થયું અને ચારિત્રની દશા છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય ઉત્પન્ન થઈ છે. એ આંશિક શુધ્ધિ જે વર્તે છે તે **સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે.** ખરેખર તો આ પણ વ્યવહાર સાધન છે. પણ આંહી નિશ્ચય સાધન કહેવામાં આવ્યું છે. નિર્મળ પર્યાય માટે ઓની અપેક્ષાએ. આહાહા! કેટલી ભક્તિ!

સાતમા ગુણસ્થાનની જે નિર્વિકલ્પ દશા છે તેની છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વદ્રવ્ય આશ્રયે જે નિર્મળતા પ્રગટ થઈ છે તે જ ખરેખર સાતમા ગુણસ્થાનનું સાધન છે. નિર્મળ પર્યાય નિર્મળ વિશેષ પર્યાયનું સાધન છે. છઠ્ઠા ગુણસ્થાનમાં વીતરાગી પર્યાય છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય ઉત્પન્ન થઈ છે તે સાધન અને સાતમે જે વિશેષ વીતરાગતા પ્રગટ થાય તે સાધ્ય. તો એ સાધન ને સાધ્ય એ સાધનથી આ સાધ્ય થયું નિશ્ચયથી તો એ વાત છે. નિશ્ચયથી તો રાગરહિત દશાથી સાતમે ગુણસ્થાન ઉત્પન્ન, જયાં ઓલી પર્યાયને નિશ્ચય કહેવામાં આવે છે હો. આરે! આરે! ભારે! ખરેખર તો સાતમા ગુણસ્થાનથી નિર્વિકલ્પ દશા દ્રવ્યનો વિશેષ આલંબન લેવાથી થાય છે. પણ આંહી તો પર્યાયને સાધન બનાવવાની છે ને. ભારે વાત ભાઈ! હેં? અભાવરૂપ પણ સાધન છે ને. એ કહે છે જુઓ!

**નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે. હવે 'છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુધ્ધિ હોય છે'** છઠ્ઠે ગુણસ્થાને મુનિ અને ભાવલિંગી સંતને કેવી શુધ્ધિ અને કેવી દશા હોય છે**-એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે નજે શુધ્ધિના સદ્ભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિ શુભ વિકલ્પ ઊઠે છે, હઠ વિના.** નિર્મળ વીતરાગ દશા દ્રવ્યના આશ્રયે છઠ્ઠે ગુણસ્થાને જે શુધ્ધિ ઉત્પન્ન થઈ છે તેની સાથે મહાવ્રત ને પંચમહાવ્રત

ને અઠયાવીસ મૂળગુણના વિકલ્પ હઠ વિના સહજ ઉત્પન્ન થાય છે. હું પંચમહાવ્રતના વિકલ્પ કરું એવું મુનિને હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

વિકલ્પ કરું, દયા પાડવાનો ભાવ કરું, એવો ભાવ મુનિને હોતો પણ નથી. એવો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? **શુભ વિકલ્પો હઠ વિના.** એક વાત, નાસ્તિ. સહજપણે. એટલે એ કાળના પુરુષાર્થની ખામીથી એવો શુભ રાગ આવે છે. **વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે,** આવા લાંબા કથનને બદલે, જુઓ! છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે,**આવા લાંબા કથનને બદલે એમ કહેવામાં આવે છે કે નછઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.થ તો એ ઉપચરિત નિરૂપણ (કથન કહેવામાં આવે) છે.** સમજાણું કાંઈ?

ફરીને. મુનિ છે (તે) પોતાનો શુદ્ધ સ્વભાવ જ્ઞાયકનો આશ્રય લઈને જે છઠ્ઠે ગુણસ્થાનયોગ્ય નિર્મળ વીતરાગી દશા ઉત્પન્ન થઈ છે. તે જ ખરેખર સાતમા ગુણસ્થાનની નિર્વિકલ્પ દશાનું સાધન છે. પણ લાંબુ લાંબુ કરવાને બદલે જે નિર્વિકલ્પ સાધન છે તેની સાથે જે મહાવ્રતાદિનો વિકલ્પ છે તે સાતમા ગુણસ્થાનનું સાધન છે એમ વ્યવહારથી, ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? જરા સમજે ને.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- સાથે આવે છે કે નહીં? તો અહીંયા સાધન તો એને કહેવું છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિને સાતમાનું સાધન કહેવું છે. પણ તેનું એમ ન કહીને, મહાવ્રતાદિનો વિકલ્પ છે એ સાતમાનું સાધન છે તે વ્યવહાર આરોપથી કથન છે. સમજાણું કાંઈ? ભારે વાત! આ વાત ઘરે વિચારવી અને બરાબર વાંચવી. અને ન સમજાય તો રાત્રે પૂછવી. બંધ બેસે, બેસાડે તો બેસે.

આંહી તો કહેવું છે, આત્માના અવલંબનથી સમ્યગ્દર્શન થયું. આત્માના આશ્રયથી સમ્યગ્જ્ઞાન થયું. આત્માના આશ્રયથી છઠ્ઠે ગુણસ્થાનયોગ્ય ચારિત્ર થયું. આંશિક અવલંબન છે. પૂર્ણ અવલંબન નહીં. પૂર્ણ અવલંબન હોય તો કેવળી થઈ જાય. તો એ આંશિક અવલંબનના કાળમાં, ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ વિકલ્પની અપેક્ષાએ સાતમાનું કારણ છે. સમજાણું કાંઈ?

પણ વિકલ્પ જો છઠ્ઠા ગુણસ્થાને વ્યવહાર ચારિત્ર છે તેનો અભાવ કરીને સાથે જાય છે તો તે સાધન છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો અભાવ કરીને જાય છે. પણ તેની હયાતી છે તે વ્યવહાર સાધન છે એમ કહેવામાં આવે છે. શું કીધું હવે જુઓ! હયાતી બતાવવા. તેનો પંચમહાવ્રતનો વિકલ્પ તો રાગ છે. તેનો અભાવ કરીને સાતમે જાય છે. પણ તે સાધન છે એમ

ઉપચારથી કથન કરવામાં આવે છે.

મુમુક્ષુ :- લાંબુ કથન કરવાને બદલે..

ઉત્તર :- હં.... ટૂંકા કથન કરે છે એમ છે. ઝીણી વાત બહુ! આ તો આ બધો આટલો પેરેગ્રાફ પ્રશ્ન કરે તો સમજાય એમ નથી. આ તો આમા આવે છે. એય!

**આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે છે કે 'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે' તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે 'મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહિ ઉપચાર છે ને. એ નહીં. પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ બતાવવી છે.** વિકલ્પ આટલો જ હતો. છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ દશામાં આટલો જ વિકલ્પ હતો. એથી છઠ્ઠું ગુણસ્થાન બતાવવું હતું. સમજાણું કાંઈ?

**'મહાવ્રતાદિના શુભ વિકલ્પો નહીં પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે'.** એ શું કીધું? કે છઠ્ઠા ગુણસ્થાનમાં શુદ્ધિ જેટલી હોય તો ત્યાં રાગની મંદતા આવી જાતની છે. નવતત્ત્વની શ્રદ્ધા, ૧૧ અંગનું જ્ઞાન એ બતાવે છે શુદ્ધિ અને વ્યવહાર એવો છે તો ત્યાં નિશ્ચય શુદ્ધિ એવી છે. એમ બતાવવું એ છે. એ બતાવવાનું ન કરીને તેનાથી સાતમું થયું તેવું કહ્યું તે વ્યવહાર કથન કહેવામાં આવ્યું છે. લ્યો! અમારા મલૂકચંદભાઈએ બરાબર કહ્યું. વેપારી કહેવાય ને.

છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધિને બતાવવી હતી. શેના દ્વારા? મહાવ્રતાદિ દ્વારા. કેમ? કે છઠ્ઠા ગુણસ્થાને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. તેને વસ્ત્ર લેવાનો પાત્ર લેવાનો તેને માટે બનાવવાનો વિકલ્પ નથી આવતો. એવી વિકલ્પની જાત છઠ્ઠે ગુણસ્થાને નિર્મળમાં આવી જાત છે તો છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિમાં એવી શુદ્ધિ આવે છે. એ બતાવવું હતું. એ કારણે તેને સીધું બતાવ્યું એ વિકલ્પથી સાતમું ગુણસ્થાન થયું. વ્યવહારચારિત્રથી સાતમું ગુણસ્થાન આરોપથી કથન થયું. પણ સીધું બતાવી શકે નહીં. એવું સીધું ન બતાવી શકે. આંહી તો ન સમજે એને માટે છે ને.

સાતમા ગુણસ્થાને જાવાવાળાની શુદ્ધિ પહેલાં છઠ્ઠામાં આટલી હતી. અને છઠ્ઠામાં આટલી શુદ્ધિ છે એ પ્રમાણે રાગની મંદતાની આવી જ જાત હોય છે. એમ ન હોય તો શુદ્ધિ ત્યાં હોતી નથી. રાગની તીવ્રતા હોય અને વસ્ત્ર લેવાનો ભાવ હોય ત્યાં ચારિત્રમાં શુદ્ધિ હોય એમ બની શકે નહીં. એમ છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ બતાવવા માટે તે સમયે પંચમહાવ્રત એવા અહિંસા, સત્ય, દત્ત આદિ અપરિગ્રહનો વિકલ્પ એવો છે તે દ્વારા બતાવવી હતી તો શુદ્ધિ. સમજાણું કાંઈ? પણ તે છોડીને તેને સાતમું (ગુણસ્થાન) થયું. એવા સીધા કથન કર્યા તેનું નામ આરોપિત કથન કહેવામાં આવે છે. જરી સૂક્ષ્મ પડે

ભાઈ! આખો પેરેગ્રાફ સૂક્ષ્મ છે. આવે છે. એ આવી શકે છે. આહાહા! સમજાય છે કે નહીં? એય પ્રકાશદાસજી! ત્યાં બધી ગડબડ છે હો જયાં જાવ છો ત્યાં. જયાં જાવ ત્યાં એમ કહ્યું ને. ઓલા દયા પાડે, આમ જોઈને ચાલે, આમ કરે, તેમ કરે. આહાહા! એ તો ધૂળેય નહીં એમ કહે છે. ત્યાં વ્યવહાર પણ નથી. કેમકે છઠ્ઠા ગુણસ્થાનની દશાને યોગ્ય જે વ્યવહાર વિકલ્પ છે એ બતાવે છે કે એમાં એટલી શુદ્ધિ પ્રગટ થઈ છે. સમજ્યા ને?

આ પ્રવચનસારમાં આવ્યું છે ને? કર્મ શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ. એ અહીંયા વાત છે. જયારે સાચી મુનિપણાની દશા પ્રગટ થઈ હોય તો તેને વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, સદોષ આહાર લેવાનો, સ્ત્રીના સંગ આદિનો વિકલ્પ હોતો નથી. તો આ જાતનો તત્ત્વાર્થ શ્રદ્ધાન, નવતત્ત્વનું જ્ઞાન, મહાવ્રત આદિનો વિકલ્પ થાય છે. એ બતાવવું હતું કે આ શુદ્ધિમાં આટલા પ્રકારના વિકલ્પ થાય છે. એ વિકલ્પ દ્વારા તેની શુદ્ધિ આટલી હોય તેમ બતાવવું હતું. પણ તે ઠેકાણે તેને કારણે સાતમું થયું એ બતાવે છે કે આ વ્યવહાર કથન છે. સમજાણું કાંઈ? એય! બરાબર છે? તમે આ લખી શકો આવું.

મુમુક્ષુ :- જાણી તો શકે. ભલે લખી ન શકે.

ઉત્તર :- જાણી શકે પણ આ નાનો ભાઈ છે અને એ મોટો ભાઈ છે. કહો, સમજાણું કાંઈ? આમાં કયાં નાનો મોટો છે. આહાહા!

કેટલી વાત છે! જુઓ! આચાર્યએ પોતે કહી છે તેનો ખુલાસો છે. કારણ કે ત્યાં એમ કહ્યું ને, જુઓ! **(-૧૫૯ની ટીકાઃ-)આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યને આશ્રિત, અભિન્નસાધ્યસાધનભાવવાળા નિશ્ચયનયના આશ્રયે મોક્ષમાર્ગનું પ્રરૂપણ કરવામાં આવ્યું. અને જે પૂર્વે (૧૦૭મી ગાથામાં) દર્શાવવામાં આવ્યું હતું તે સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,** રાગ **ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) પ્રરૂપવામાં આવ્યું હતું. આમાં પરસ્પર વિરોધ આવે છે એમ પણ નથી.** એ તેનો ખુલાસો છે. **કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક** આમાં ગોટા વાળશે. જુઓ! સુવર્ણપાષાણ અને વ્યવહાર સુવર્ણ છે. વ્યવહાર પાષાણ છે અને સુવર્ણ તેનાથી પ્રાપ્ત થાય છે. એમ કયાં હોય છે? સાંભળ તો ખરો! પાષાણ તો છૂટો પડી જાય છે. પાષાણ છૂટો પડે ત્યારે સોનું મળે છે.

એમ રાગ છૂટો પડે ત્યારે પ્રાપ્તિ થાય છે શુદ્ધનિશ્ચયની. આહાહા! શાસ્ત્રના અર્થ કરવામાં જ મોટા ગોટા. જાતિ અંધનો દોષ નહીં. આ કરો. આંધળાનો દોષ શું કહેવો. અર્થ ન સમજે. પણ મિથ્યાદષ્ટિ એથી આકરો કરે અર્થના અનર્થ. તેનો આશ્રય છોડીને સ્વચ્છંદે પોતાની દૃષ્ટિથી પોષક કરે. અર્થનો અનર્થ છે. કહો, શાંતિભાઈ! આહાહા! **કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચય-વ્યવહારને સાધ્ય-સાધનપણું છે.** નિશ્ચય સાધ્ય છે વ્યવહાર સાધન છે. **તેથી જ પારમેશ્વરી**

**(જિનભગવાનની) તીર્થપ્રવર્તના**.... બે નયનું જ્ઞાન કરાવવું છે કે નહીં? બે નયનું જ્ઞાન એકલું નિશ્ચય છે નીચે. સાથે છે કે નહીં? સમજાણું કાંઇ?

આ તો શ્રીમદ્માં પણ આવે છે. 'નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ, એકાંતે વ્યવહાર નહીં બન્ને સાથ રહેલ'. વળી ત્યાંના આંહી ઝઘડા કરે. કોઈક કહેતુ હતું, આમાં તો આમ લખેલું છે. તો કહે કે નહીં પહેલી ભક્તિ-બક્તિ હોય પછી આત્માનું જ્ઞાન હોય.

મુમુક્ષુઃ- પહેલાં ઉપદેશ બોધ હોય પછી સિદ્ધાંત બોધ હોય.

ઉત્તર :- ઉપદેશ બોધ સિદ્ધાંત બોધ. અરે પણ સાંભળવા આવ્યા તેને ઉપદેશ બોધ તો છે. સાંભળને. આહાહા! એવો પક્ષનો વ્યામોહ થઈ જાય છે ને. ભગવાનની ભક્તિ કરો, ભક્તિ કરો, ભક્તિ કરો. એટલી ભક્તિ કરો કે પોતાને ભૂલી જાવ. મૂઢ થઈ જાય? ભગવાનના વિકલ્પમાં એવા તન્મય થઈ જાવ કે પોતાને ભૂલી જાવ. અનાદિથી ભૂલી તો ગયો છે. શું છે તારે.

એ ભક્તિનો વિકલ્પ છે તે તો બંધનું કારણ છે. પણ તેને વ્યવહાર સાધન કેમ કહ્યું? નિશ્ચય સ્વભાવનો આશ્રય લીધો ત્યારે એવો મંદ રાગ તેમાં આવે છે. સાધન કહ્યું. આરોપથી સાધન કીધું. યથાર્થમાં તો સાધન છે નહીં. યથાર્થમાં તો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્મળ પરિણતિની છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય નિર્મળ પરિણતિ તે સાધન છે. પણ આ વ્યવહાર સાધનને ઉપચારથી સાધન કહેવામાં આવ્યું છે. એમ ન સમજે તો ગડબડ થઈ જાય. સમજાણું કાંઈ? આવી વાત વીતરાગ માર્ગ સિવાય, જિનેશ્વર સિવાય અને દિગમ્બર ધર્મ સિવાય આવી સ્પષ્ટતા કયાંય બીજામાં છે નહીં. સમજાણું કાંઈ? છે જ નહીં કયાંય. અંધે અંધ પલાય. કઠણ પણ પડે. ઘણા વર્ષથી સંસ્કાર પડયા હોય એમાંથી નીકળવું (બહુ કઠણ પડે) સમજાણું કાંઈ? લ્યો! એકસો ઓગણસાંઈઠ ગાથા થઈ. સમજાણું કાંઈ? હવે તેનો ખુલાસો. વ્યવહાર સમકિત મોક્ષમાર્ગનો ખુલાસો છે અહીંયા. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૬૦

धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं ।
चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति ।। १६० ।।

धर्मादिश्रद्धानं सम्यक्त्वं ज्ञानमङ्गपूर्वगतम् ।
चेष्टा तपसि चर्या व्यवहारो मोक्षमार्ग इति ।। १६० ।।

निश्चयमोक्षमार्गसाधनभावेन पूर्वोद्दिष्टव्यवहारमोक्षमार्गनिर्देशोऽयम् ।

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग: । तत्र धर्मादीनां द्रव्यपदार्थविकल्पवतां तत्त्वार्थ-श्रद्धानभावस्वभावं भावान्तरं श्रद्धानाख्यं सम्यक्त्वं, तत्त्वार्थश्रद्धाननिर्वृत्तौ सत्यामङ्गपूर्वगतार्थ-परिच्छित्तिर्ज्ञानम्, आचारादिसूत्रप्रपञ्चितविचित्रयतिवृत्तसमस्तसमुदयरूपे तपसि चेष्टा चर्या-इत्येष: स्वपरप्रत्ययपर्यायाश्रितं भिन्नसाध्यसाधनभावं व्यवहारनयमाश्रित्यानुगम्यमानो मोक्षमार्ग: कार्तस्वरपाषाणार्पितदीप्तजातवेदोवत्समाहितान्तरङ्गस्य प्रतिपदमुपरितनशुद्ध-भूमिकासु परमरम्यासु विश्रान्तिमभिन्नां निष्पादयन्, जात्यकार्तस्वरस्येव शुद्धजीवस्य कथञ्चिद्भिन्न-साध्यसाधनभावाभावात्स्वयं शुद्धस्वभावेन विपरिणममानस्यापि, निश्चय-मोक्षमार्गस्य साधनभावमापद्यत इति ।। १६० ।।

---

ધર્માદિની શ્રધ્ધા સુદગ, પૂર્વાંગબોધ સુબોધ છે,
તપમાંહી ચેષ્ટા ચરણ-એ વ્યવહારમુક્તિમાર્ગ છે. ૧૬૦.

અન્વયાર્થ :- (धर्मादिश्रद्धानं सम्यक्त्वम्) ધર્માસ્તિકાયનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, (अङ्गपूर्वगतम् ज्ञानम्) અંગપૂર્વસંબંધી જ્ઞાન તે જ્ઞાન અને (तपसि चेष्टा चर्या) તપમાં ચેષ્ટા (પ્રવૃત્તિ) તે ચારિત્ર;-(इति) એ પ્રમાણે (व्यवहार: मोक्षमार्ग:) વ્યવહારમોક્ષમાર્ગ છે.

ટીકા :- નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે, પૂર્વોદિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે એવાં ધર્માદિના તત્વાર્થશ્રધ્ધાનરૂપ ભાવ (ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો, નશ્રધ્ધાનપ નામનો ભાવવિશેષ તે સમ્યક્ત્વ; તત્ત્વાર્થશ્રધ્ધાનના સદ્ભાવમાં અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન (-જાણવું) તે જ્ઞાન; આચારાદિ સૂત્રો વડે કહેવામાં આવેલાં અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા (-પ્રવર્તન) તે ચારિત્ર;-આવો આ, સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્નસાધ્યસાધનભાવવાળા

વ્યવહારનયના આશ્રયે (-વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક, *સમાહિત અંતરંગવાળા જીવને (અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર-સમાધિપ્રાપ્ત છે એવા જીવને) પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (-અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો-જોકે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ કથંચિત ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે તોપણ-નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

ભાવાર્થ :- જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે તે જીવને તત્ત્વાર્થશ્રદ્ધાન, અંગપૂર્વગત જ્ઞાન અને મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ *વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ શુદ્ધિનું વ્યવહારસાધન બનતો થકો, જોકે નિર્વિકલ્પશુદ્ધભાવપરિણત જીવને પરમાર્થે તો ઉત્તમ સુવર્ણની જેમ અભિન્નસાધ્યસાધનભાવને લીધે સ્વયમેવ શુદ્ધભાવરૂપ પરિણમન હોય છે તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.

(અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું અંતરંગ લેશ પણ સમાહિત નહિ હોવાથી અર્થાત્ તેને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે) શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી.) ૧૬૦.

---

*સમાહિત = એકાગ્ર; એકતાને પામેલ; અભેદતાને પ્રાપ્ત; છિન્નભિન્નતા રહિત; સમાધિપ્રાપ્ત; શુદ્ધ; પ્રશાંત.*

**આ ગાથાની જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે :- 'વીતરાગસર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી સમ્યક્ શ્રદ્ધાન તેમ જ જ્ઞાન બન્ને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે; ચારિત્ર, તપોધનોને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય પંચમહાવ્રત-પંચસમિતિ-ત્રિગુપ્તિ-ષડાવશ્યકાદિરૂપ હોય છે અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પંચમગુણસ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ ) હોય છે; એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે'.*

## પ્રવચન નં :- ૭૧, ગાથા :- ૧૬૦
## વૈશાખ સુદ-પૂનમ, ગુરુવાર, તા :- ૨૧-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૬૦ ગાથા. નિશ્ચય-વ્યવહારની વાત છે, તો વ્યવહારથી વાત ચાલે છે.

**धम्मादीसद्दहणं सम्मत्तं णाणमंगपुव्वगदं ।**
**चेट्ठा तवम्हि चरिया ववहारो मोक्खमग्गो त्ति ।। १६० ।।**

**ટીકા :- નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે,** શું કહે છે? પોતાના શુદ્ધ આનંદ શાંત સમાધિસ્વરૂપ આત્મા અંતરમાં દ્રષ્ટિ કરીને સ્વરૂપની દ્રષ્ટિ જ્ઞાન અને સ્વરૂપની રમણતા પ્રાપ્ત થઈ છે તેને નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? એ પહેલી વ્યાખ્યા. નિશ્ચયમોક્ષમાર્ગના સાધન તરીકે તેમાં નિમિત્ત તરીકે વ્યવહારમોક્ષમાર્ગનું નિમિત્તરૂપ આવે છે. તેના પૂર્વોદ્દિષ્ટ (૧૦૭મી ગાથામાં ઉલ્લેખવામાં આવેલા) વ્યવહારમોક્ષમાર્ગનો આ નિર્દેશ છે. તેનું અહીંયા વિશેષ સ્પષ્ટીકરણ છે. એકસો સાત ગાથામાં આવ્યું છે. શું કહે છે. જુઓ!

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.** એ તો નિશ્ચય. સવારમાં અગિયારમી ગાથામાં ઘણું જ આવ્યું હતું, નહીં? વસ્તુ ધ્રુવ એકરૂપ અંતરસ્વભાવ પૂર્ણ તેની પર્યાય તેનો આશ્રય લઈને, પર્યાય તેનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે. તે પ્રથમ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને સ્વરૂપનું જ્ઞાન. સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે તેનું જ્ઞાન તેને સ્વસંવેદન યથાર્થ સાચું જ્ઞાન કહેવામાં આવે છે. અને તે સ્વરૂપમાં લીનતા આનંદ સ્વભાવમાં લીનતા તેને ચારિત્ર કહેવામાં આવે છે. એ મોક્ષમાર્ગ છે. પહેલી સામાન્ય વાત કરી. ત્રણેય પર્યાય છે. ત્રણેય નિર્વિકારી પર્યાય છે, અવસ્થા છે.

હવે વ્યવહાર કહે છે. ત્યાં નિમિત્ત કેવું છે. **ત્યાં, (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે.** છ દ્રવ્યની શ્રદ્ધા તે પણ વ્યવહારશ્રદ્ધા, વિકલ્પશ્રદ્ધા સ્વ-પર પર્યાય. આત્મા અને પુદ્‌ગલ જેમાં નિમિત્ત છે એવી સ્વ-પર પર્યાયવાળી તે શ્રદ્ધા છે. છ દ્રવ્યની અને નવપદાર્થની. **એવા જેમના ભેદો છે એવા ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ,** ધર્માસ્તિ આદિ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ. એ તત્ત્વાર્થ તો કીધું પણ જેનો સ્વભાવ એવું શ્રદ્ધાન. **નામનો ભાવ વિશેષ તે સમકિત,** આ વ્યવહાર સમકિતની વાત ચાલે છે. સમજાણું કાંઈ? જુઓ!

ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે **અંગપૂર્વગતમ્** ત્યાં સુધી લીધું છે. પૂર્વનું જે જ્ઞાન છે તે પણ વ્યવહાર છે. પાઠમાં છે ને ભાઈ? **અંગપૂર્વગતમ્** અંગ અને પૂર્વસંબંધી જ્ઞાન હોય તે પણ પરલક્ષી સ્વ-પર પર્યાય

સ્વ એટલે પોતાનું ઉપાદાન અને નિમિત્ત પુદ્ગલ એવા બે વચ્ચે ઉત્પન્ન થયેલી વિકલ્પ દશા તેનું નામ તત્ત્વાર્થશ્રધ્ધાન કહે છે. **અને તત્ત્વાર્થશ્રધ્ધાનના સદ્ભાવમાં,** એ તત્ત્વાર્થશ્રધ્ધાન જે વ્યવહાર છે તેનો સદ્ભાવ એટલે હયાતિમાં **અંગપૂર્વગત પદાર્થોનું અવલોકન.** લ્યો! ટીકામાં નાખ્યું. અંગ અને પૂર્વનું અવલોકન એટલે **જાણવું તે જ્ઞાન,** તે પણ સ્વપરહેતુક પર્યાય છે. આત્મા પણ જેમાં નિમિત્ત છે અને પુદ્ગલ પણ જેમાં નિમિત્ત છે. એવી વિકલ્પ પર્યાયને સ્વપરહેતુક પર્યાય વ્યવહાર જ્ઞાન, વ્યવહાર શ્રધ્ધા કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? તોપણ વ્યવહાર છે ને? પરલક્ષી છે ને? સમજાણું કાંઈ? એવું હોય છે પણ છે તે બંધનું કારણ. તો અહીંયા આરોપથી મોક્ષનો માર્ગ કહેવામાં આવ્યો છે. એવી વાત છે. આહાહા!

**તે જ્ઞાન; આચારાદિ સૂત્રો વડે,** જુઓ! ભગવાને આચારંગાદિમાં જે કહ્યું, આચાર, આચારાંગાદિમાં ભગવાને જે વ્યવહારઆચાર કહ્યા, તે **સૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા,** વ્રત અને તપમાં ચેષ્ટા એટલે વિકલ્પની પ્રવૃત્તિ તે વ્યવહારચારિત્ર છે. સમજાણું કાંઈ? એવું જયાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ત્યાં એવો વ્યવહારનો વિકલ્પ (હોય છે) નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકલા જીવના આશ્રયથી થયા છે. અને વ્યવહાર છે તે જીવ અને પુદગલ બેના આશ્રયથી સ્વપરહેતુક પર્યાય ઉત્પન્ન થઈ છે. નિશ્ચય સ્વહેતુક પર્યાય ઉત્પન્ન થઈ છે. હેતુ કહો કે કારણ કહો. સ્વહેતુક પોતાનો દ્રવ્યસ્વભાવ સ્વદ્રવ્યના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સ્વદ્રવ્ય એક જીવદ્રવ્યના આશ્રયથી ઉત્પન્ન થઈ છે. તે નિર્મળ પર્યાયને નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. અને જેમાં સ્વપરહેતુક ઉપાદાન પણ પોતાનું છે અને નિમિત્ત પુદગલનું છે. એ તો પહેલાં એકલા શુધ્ધ ઉપાદાનની વાત કરી. આ અશુધ્ધ ઉપાદાન. સમજાણું કાંઈ?

શુધ્ધ ઉપાદાન ભગવાનઆત્મા એવું પવિત્ર ધામ તેની અંતરદષ્ટિ કરવાથી જે અનુભવમાં જ્ઞાનમાં પ્રતીતરૂપ ભાવ આવ્યો તે પ્રતીત અને જ્ઞાન તે નિશ્ચય છે. અને તેમાં લીનતા તે નિશ્ચયચારિત્ર છે. તે વાસ્તવિક યથાર્થ મોક્ષનો માર્ગ. તે છે તો પર્યાય. પણ પર્યાય એકલા જીવદ્રવ્યને આશ્રિત શુધ્ધઉપાદાનને આશ્રિત છે. અને આ વ્યવહાર શ્રધ્ધા, જ્ઞાન અને આચરણ જે છે તે સ્વપરહેતુક પર્યાય છે. પોતાનો આત્મા (વિકલ્પરૂપે)પણ તેમાં અશુધ્ધ ઉપાદાનપણે છે. નિમિત્તપણે પુદગલ છે. આ પર્યાય બહિરંગ કારણ છે.

નિશ્ચય મોક્ષમાર્ગમાં આ વિકલ્પ બહિરંગ કારણ છે. સમજાણું કાંઈ? અભ્યંતર કારણ તો ભગવાનઆત્મા શુધ્ધ ધ્રુવના અવલંબનથી જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય છે તે શુધ્ધ ઉપાદાનના આશ્રયથી સ્વઆશ્રયથી યથાર્થ છે. એ અભ્યંતર કારણ છે. સમજાણું કાંઈ? બહિરંગ કારણ છે ભાવ. શુધ્ધતાની અપેક્ષાએ સ્વપરહેતુક પર્યાય હોવાથી તેને બહિરંગ કહેવામાં આવ્યું છે. તેને વ્યવહારમોક્ષમાર્ગ

કહે છે. પંડિતજી! કહ્યું હતું ને કે, ન સમજાય તો રાત્રે પ્રશ્ન કરવો. પણ રાત્રે કોઈએ પ્રશ્ન કર્યા નહીં. આ તો વાત એવી છે. આ તો વસ્તુ સ્થિતિ ખ્યાલમાં (આવતા) ભાવભાસન થવું જોઈએ ને. એમ ને એમ માની લ્યે અને એમ જ કહે એમાં શું થયું?

અહીંયા તો જીવનો જીવભાવ શુદ્ધચૈતન્યસ્વભાવ તેનો એકનો જ આશ્રય લઈને, જીવદ્રવ્યનો જ આશ્રય લઈને જે શ્રદ્ધાજ્ઞાનચારિત્ર ઉત્પન્ન થયા છે તે શુદ્ધઉપાદાન અભ્યંતર કારણ પોતાથી ઉત્પન્ન થયું છે. સમજાણું કાંઈ? અને તે ભૂમિકામાં સ્વપરહેતુક પર્યાય વિકલ્પ ઉત્પન્ન થાય છે ત્યાં પોતાનો પણ થોડો ઉલટો પુરુષાર્થ છે. અને પુદ્ગલ નિમિત્ત છે. એવો જે વિકલ્પ છે તે નવતત્ત્વની શ્રદ્ધા, શ્રદ્ધાની સાથે અંગપૂર્વગતનું જ્ઞાન અને આચારંગ આદિમાં કહેલા ભગવાને કહેલા આઠ ચરણના શુભ વિકલ્પ શુભ વિકલ્પ એ બહિરંગ કારણને વ્યવહાર મોક્ષમાર્ગ કહીને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય છે તો વ્યવહાર આવ્યો.

ઉત્તર :- તો વ્યવહાર નહીં તો વ્યવહાર કયાં એવો છે. અજ્ઞાનીને વ્યવહાર કયાં છે? અગિયાર અંગ પૂર્વના એકલા જ્ઞાનથી એ તો કહે છે કે નહીં. એ તો નિશ્ચય નથી તેનો તો વ્યવહાર પણ નથી. અહીં તો નિશ્ચય સ્વભગવાનઆત્મા અભેદ વસ્તુનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ઉત્પન્ન થયું તે ભૂમિકામાં તે કાળે નિમિત્તરૂપ બહિરંગ કારણરૂપ સ્વપરહેતુક જે પર્યાયનો વિકલ્પ છે તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. ભારે વાત ભાઈ! આ તો ગડબડ ગડબડ ભાન મળે નહીં કાંઈ! પંચમહાવ્રત પાળો-પંચમહાવ્રત પાળો પણ શેના પંચમહાવ્રત તારે? ધૂળના? સાંભળને? પંડિતજી!

મુમુક્ષુ :- વ્યવહાર છે તેને બહિરંગ કહી દીધું.

ઉત્તર :- એટલું બહિરંગ છે. અંતરંગ જે નિશ્ચય નિર્વિકલ્પ વસ્તુ તે સ્વ છે. અને તેમાં જરી પરનો આશ્રય આવ્યો. છે પોતાની પર્યાય પણ પરના આશ્રય નિશ્ચય મોક્ષમાર્ગની અપેક્ષાએ તે બહિરંગ કારણ છે. અંતરંગ કારણ નથી. છે ભાવ, વિકલ્પ. આહાહા! હા, વિકલ્પ છે ને તે વ્યવહાર. છે ખરા તેને વ્યવહારથી સાધન પણ કહેવામાં આવ્યા છે. વ્યવહારથી વ્યવહારને સાધન કહે છે. સાધન છે નહીં તેને સાધન કહેવું તે વ્યવહાર છે. આહાહા! પ્રકાશદાસજી! આ વાત છે. ત્યાં તો ઓલા કહે કે પંચમહાવ્રત પાળો, સમિતિ-ગુપ્તિ રાખો, નિર્દોષ આહાર લ્યો તે મોક્ષમાર્ગ, ધૂળેય નથી. સાંભળ તો ખરો! એ વીરેન્દ્રકુમાર! સમજાણું કાંઈ? શાંતિથી સત્ય શું છે તે સમજવાનું છે. એમ ગડબડ ફડબડ કરે, આમ તેમ કરે તે કયાંય ચાલે નહીં.

અહીંયા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના મુખમાંથી નિશ્ચય અને વ્યવહાર શું આવ્યા છે તેનું સ્પષ્ટીકરણ કુંદકુંદઆચાર્ય કરે છે. કે ભગવાનઆત્મા પરનું લક્ષ છોડીને પોતાના લક્ષથી, પોતાના

આશ્રયથી એકલા જીવના આશ્રયથી. અંતર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એવો ભગવાનઆત્મા પોતાના સ્વદ્રવ્યના આશ્રયથી જે શ્રધ્ધા, જ્ઞાન અને લીનતા ઉત્પન્ન થાય છે તે જ યથાર્થ વાસ્તવિક અણઉપચાર મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? અને સાથે ભગવાને કહ્યા એવા નવતત્ત્વ પંચાસ્તિકાય પાંચ અસ્તિકાય એમાં આવી ગયું ભેગું લઈ લેવું અને નવ પદાર્થ. સમજાણું કાંઈ? છ દ્રવ્ય. ભેદ છે ને? છ દ્રવ્ય અને નવ પદાર્થ ભેદ છે. એવી ભેદની શ્રધ્ધાને, જેમાં ભેદ એમ આવ્યું હતું ને? છ દ્રવ્યરૂપ અને નવ પદાર્થ ભેદ છે. એવી તત્ત્વાર્થશ્રધ્ધાનનો વિકલ્પ એ સ્વપરહેતુક પર્યાય છે. એકલા સ્વઆશ્રયની પર્યાય નથી. આ સ્વપર પણ તેમાં સ્વપરહેતુક્નો અર્થ સ્વમાં આશ્રય છે એમ નથી. સ્વનો અંશ તેમાં છે. અશુધ્ધતાનો વિકલ્પ. તે પોતાનો વિકલ્પ પોતામાંથી છે. તેમાં નિમિત્ત પુદગલ છે. સમજાણું કાંઈ?

નથી બહિરંગની ખબર, નથી નિશ્ચયની ખબર અને ધર્મ ધર્મ થઈ ગયો. માને તો ગાંડા પાગલ માને છે. લીંબોડીને નીલમણી માને તો કોણ ના પાડે છે? એટલે કાંઈ લીમડાની લીંબોડી નીલમણી થઈ જાય છે? અહીંયા તો ભગવાન એમ સ્પષ્ટ કરે છે કે, આત્મા જેટલો સ્વના આશ્રયથી નિશ્ચય એટલે યથાર્થ. સ્વનો આશ્રય તે નિશ્ચય. તેનાથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, નિર્વિકલ્પ શાંતિ આનંદના વેદન સહિત શ્રધ્ધા જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થયું તે સાચો મોક્ષનો નિશ્ચય માર્ગ. અને તેની સાથે વિકલ્પની સ્વપરહેતુક પર્યાય તે બહિરંગ કારણને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો. કારણ કે તેની દિશા પર તરફ છે અને નિશ્ચયની દિશા સ્વ તરફ છે. સમજાણું કાંઈ?

શુધ્ધ ઉપાદાનની સાથે નિમિત્ત આવું હોય છે એવું જ્ઞાન કરાવે છે. લ્યો ખરેખર! સમજાણું કાંઈ? અન્યમતિનું જ્ઞાન અને વેદાંત આદિનું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન પણ નથી. એમ કહે છે. દરબાર સૂક્ષ્મ વાત છે. નિશ્ચય જેવું લાગે ને જાણે વેદાંત છે એવું લાગે. એમ બિલકુલ છે નહીં. સમજાણું કાંઈ? એક એક દ્રવ્ય ભગવાન પરિપૂર્ણ સત્વ સત્નું સત્વથી ભર્યું છે. પોતાનો આત્મા પરિપૂર્ણ પરમાત્મા છે. એવા નિજપરમાત્માના આશ્રયથી દર્શનજ્ઞાનચારિત્ર થાય તે સાચો મોક્ષમાર્ગ છે. એ માર્ગ છે તો પર્યાય. સમજાણું કાંઈ?

પર્યાયને કરવાવાળું દ્રવ્ય છે એ પણ ઉપચાર કથન છે. સાંભળો! શું કીધું? દ્રવ્યને પોતાની નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા કહેવો તે પણ ઉપચાર છે. પર્યાયનો કર્તા પર્યાય છે તે યથાર્થ છે. ઓલામાં આવે છે નહીં? શું કહેવાય? કળશટીકામાં ભાઈ આવે છે ને? પરદ્રવ્યનો કર્તા તો ઉપચારથી પણ નથી. પણ પોતાની પર્યાયનો કર્તા ઉપચારથી છે. અર્થાત પર્યાય અને દ્રવ્ય બે ભિન્ન ચીજ છે તે અપેક્ષાએ પર્યાયનો કર્તા દ્રવ્યને કહેવું તે ઉપચાર છે. પર્યાય પર્યાયનો કર્તા છે, દ્રવ્ય નહીં. તે યથાર્થ અણઉપચાર છે. પંડિતજી! એમ અહીંયા તો વળી વ્યવહારનો કર્તા આત્મા છે એમ તો છે નહીં.

મુમુક્ષુ :- પર્યાય શું અલગ છે મહારાજજી!

ઉત્તર :- પર્યાય ધ્રુવથી અલગ છે. પર્યાય તો પર્યાયમાં છે, ધ્રુવ ધ્રુવમાં છે. બેય એક થઇ જાતી નથી. એક થઇ જાય તો એક જ તત્ત્વ થઇ જાય બે તત્ત્વ રહેતા નથી. સમજાણું કાંઇ? આંહી તો કહેવું છે કે વ્યવહારનો કર્તા નથી એમ જરી લક્ષમાં આવ્યું હતું. પણ છે ખરું નિમિત્ત. નિમિત્ત છે ને. તો નિર્મળ પર્યાય નિમિત્તની કર્તા નથી. સમજાણું કાંઇ? પણ છે ખરા. તેને નિમિત્ત કહે છે ને. કર્તા હોય તો નિમિત્ત ક્યાં આવ્યું? ભાઇ! સમજાણું કાંઇ? વાત રે વાત! વસ્તુની સ્થિતિ તેનું મૂળ સ્વરૂપ કહે છે. આહાહા!

કહે છે કે જે **નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, સ્વપરહેતુકપર્યાય, અગિયાર અંગ પૂર્વનું જ્ઞાન,** સ્વપરહેતુક પર્યાય અને જે આચારંગ આદિમાં ભગવાને ક્હ્યા એવા વ્યવહારચારિત્ર એવો જે અંદર વિકલ્પ પંચમહાવ્રત અઠ્યાવીસ મૂળગૂણ બરાબર એવો જે વિકલ્પ છે તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કેમકે શુદ્ધ ઉપાદાન પોતાના દ્રવ્યના આશ્રયે પરિણમન કરવાવાળા તેની સાથે એવું નિમિત્ત છે. નિમિત્ત છે. નિમિત્તના શુદ્ધઉપાદાન કર્તા નથી. તેમ તે નિમિત્ત શુદ્ધઉપાદાન પર્યાયનો કર્તા નથી. આહાહા! એય! વજુભાઇ! પ્રકાશજી! તમે કાલે સવારે પૂછ્યું હતું ને? ...સમયસારમાંથી. નહીં? ઓલું વ્યવહારમોક્ષમાર્ગ છે એ. પ્રશ્ન આવ્યો હતો ને. વ્યવહારમોક્ષમાર્ગ છે. વ્યવહારમોક્ષમાર્ગ આ. ખરેખર તે માર્ગ છે નહીં. આહાહા!

અહીં તો એટલું સ્પષ્ટ કરે છે. **આવો આ, આવો સ્વપરહેતુક પર્યાયને આશ્રિત,** ભાષા જુઓ! વ્યવહારનો જે વિકલ્પ છે હજી ખબર પણ નથી નિશ્ચય શું અને વ્યવહાર શું? ઓઘે ઓઘે પડે કુટે. માની લ્યે કે અમારે કાંઇક ધર્મ થાય છે. સમજાણું કાંઇ? પરનું કાંઇ કરી દયે. આંહી તો કહે પરનું તો કાંઇ કરી શકતો નથી પણ વ્યવહારના વિકલ્પનો શુદ્ધપર્યાય કર્તા નથી. અને શુદ્ધપર્યાયનો કર્તા યથાર્થમાં દ્રવ્ય પણ નથી. આહાહા! વસ્તુ તો જુઓ! શોભાલાલજી! માર્ગ આવો છે. આહાહા! સમજાણું કાંઇ?

ભગવાનઆત્મા! મહા આનંદનું શુદ્ધ ધામ. એવું દ્રવ્ય વસ્તુ પ્રભુ! એ મહાપ્રભુનો આશ્રય લઇને પર્યાયમાં જે નિર્મળતા આવી, તે નિર્મળપર્યાયને અહીંયા સાચો મોક્ષમાર્ગ ધર્મપર્યાય કહેવામાં આવે છે. એ ધર્મપર્યાય કહો કે નિશ્ચયમોક્ષમાર્ગ કહો. તેમાં સાથે સ્વપરહેતુક વિકલ્પ છે તે ધર્મપર્યાય નહીં. છે અધર્મપર્યાય. આહાહા! એય!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ વિષય બીજો છે, છે તો ખરા એ તો જ્ઞાન કરાવે છે. છે નહીં શું? છે તેની તો વાત ચાલે છે. પણ છે કોણ? છે અધર્મ. જ્યારે શુદ્ધપરિણામ, શુદ્ધપરિણતિ શુદ્ધના આશ્રયથી થઇ તો ધર્મ છે. અને આ સ્વપરહેતુક પર્યાય તે ધર્મથી વિરૂદ્ધ છે. નિશ્ચયથી વ્યવહાર વિરૂદ્ધ છે. પણ નિમિત્તની વ્યવહારે અનુકૂળતા જોઇને તેને મોક્ષમાર્ગનો આરોપ આપવામાં આવ્યો છે. સમજાણું કાંઇ? શાંતિભાઇ!

હવે આંહી નિશ્ચયના ને વ્યવહારના ઠેકાણા ન મળે અને કેટલાક એમ કહે છે અમે વ્યવહાર તો કરીએ છીએ ને! અમે વ્યવહારમાં તો છીએ ને! આંહીના આ શાસ્ત્ર બહાર ગયા એટલે જાણે અમે વ્યવહાર તો કરીએ છીએ ને! વ્યવહારમાં તો અમે છીએ ને! ભલે નિશ્ચયમાં અત્યારે ન હોય. વ્યવહારેય કયાં હતા તારા. ભાસ છે માળા! સાંભળને! આહાહા! વ્યવહારાભાસ કયાં હતું પણ. વ્યવહારાભાસ તો નિશ્ચયનય હોય અને વીતરાગે કહેલો વ્યવહાર એના વિકલ્પમાં હોય તો એને વ્યવહારાભાસ કહેવામાં આવે છે. આ તો વીતરાગે વ્યવહાર કહ્યો એના પણ ઠેકાણા કયાંય મળતા નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે કામ પણ આકરું! કહે છે,

મુમુક્ષુ :- ......પાપી માને તે ધર્મ નહીં.

ઉત્તર :- ધર્મ નહીં કહો કે અધર્મ કહો. ખરેખર પાપી છે. છે જ એવું. એ પાપી છે. વ્યવહાર રત્નત્રય ખરેખર નિશ્ચયથી પાપ છે. શોભાલાલજી! સમયસારમાં આવી ગયું છે. સમયસારમાં પુણ્ય-પાપના અધિકારમાં આવી ગયું છે. તમે અધિકાર તો પાપનો લ્યો છો અને વ્યવહાર રત્નત્રય અહીં કયાં નાખ્યા? એવો શિષ્યનો પ્રશ્ન છે. પુણ્ય-પાપના (અધિકારના)અંતમાં. પાપના અધિકારમાં વળી પુણ્ય-પાપ! વ્યવહાર રત્નત્રય વિકલ્પ પાપ જ છે. પોતાના સ્વરૂપથી પતીત થાય છે. સમજાણું કાંઈ?

પાપને પાપ તો સહુ કહે પણ અનુભવી જન તો પુણ્યને પાપ કહે. આહાહા! આકરી વાત! એના ઘરમાંથી બહાર નીકળીને વૃત્તિ ઊભી થઈ એ જાતથી તો જાતને ઘાત કરનારી છે. પણ વ્યવહારે એને નિમિત્તની અનુકૂળતા જોઈને, કારણ કે એવો વિકલ્પ જ એ જાતનો હોય બીજો હોય નહીં. એટલું ગણવામાં ગણીને તેને વ્યવહારનો આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો. સમજાણું કાંઈ? અને સાધન પણ વ્યવહારનયથી... છે નહીં અને કહ્યું તેનું નામ વ્યવહાર છે. વાત એવી છે. ગડબડ કંઈ કરે તો આખું તત્ત્વ ફેરફાર થઈ જાશે. સમજાણું કાંઈ? અંદરમાં આવશે હો! અંદર આવશે ધીમે ધીમે. આહાહા! વ્યવહારથી વિશુધ્ધિ વધશે એમ પણ આવશે. એ વ્યવહારનું કથન છે.

કહે છે. એ સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, શું કીધું? જુઓ! વ્યવહારમોક્ષમાર્ગ સ્વપરહેતુક સ્વપર કારણની પર્યાયને આશ્રિત છે. એકલી નિર્મળપર્યાય આશ્રિત વ્યવહારમોક્ષમાર્ગ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? માર્ગની ખબર ન મળે. અમે તો અત્યારે શુભભાવમાં અમારી અત્યારે ભૂમિકા એટલી એમ કહે છે ને. અમે હમણાં તો બસ એટલામાં રહીએ છીએ શુભભાવમાં. શુભભાવ પણ શુભભાવમાં રહેવું તે તો મિથ્યાત્વ છે અને શુભભભાવનું કર્તવ્ય માનવું તે પણ મિથ્યાત્વ છે. વિપરીત અભિપ્રાયનું મોટું પાપ છે. સ્વભાવમાં જે ચીજ નથી એ ચીજનું કર્તવ્ય માનવું એ તો મહામિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? અહીંયા તો એવું માનવું એ નથી. સ્વના આશ્રયથી શુધ્ધઉપાદાનથી વીતરાગી મોક્ષમાર્ગની દશા ઉત્પન્ન થઈ, જે સ્વજીવના આશ્રયથી છે તેને નિશ્ચય કહ્યું.

'સ્વઆશ્રયો નિશ્ચયઃ પરઆશ્રયો વ્યવહારઃ' જે પર્યાય પરના લક્ષથી ઉત્પન્ન થઈ છે, થઈ છે પોતામાં પોતાથી પણ પરલક્ષથી ઉત્પન્ન થઈ તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે તેને **સ્વપરહેતુક પર્યાયને આશ્રિત, ભિન્ન સાધ્યસાધનભાવવાળા,** જુઓ! એ સ્વપરહેતુક પર્યાય વ્યવહારથી ભિન્ન સાધનવાળા છે. જુઓ! એ સ્વપરહેતુક પર્યાય વ્યવહારથી ભિન્ન સાધન છે અને નિશ્ચય પર્યાય તેનાથી ભિન્ન છે. તો આ નિશ્ચય સાધ્ય છે વ્યવહાર સાધન છે, એવું વ્યવહારનયથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

**ભિન્નસાધ્યસાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો,** જુઓ! એ વ્યવહારના આશ્રયથી અનુસરણ કરવાવાળા પરના આશ્રયથી, **મોક્ષમાર્ગ,** બસ એટલી વાત! એટલું. એ વ્યવહારમોક્ષની વ્યાખ્યા એટલી. હવે, **સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક, *સમાહિત અંતરંગવાળા જીવને,** એમ. જુઓ! આવ્યું. કહે છે કે સુવર્ણપાષાણને સુવર્ણપથ્થર છે ને! તેમાં અગ્નિ લગાવવાથી ભિન્ન પડે છે. **પ્રદીપ્ત અગ્નિની માફક, સમાહિત અંતરંગવાળા જીવને,** સ્વઆશ્રય જેણે પ્રગટ કર્યો છે પોતાનો સ્વભાવ! સમાહિત સમસ્થિત વીતરાગ સમભાવમાં રહેલ છે. પોતાનો ત્રિકાળી વીતરાગ સ્વભાવ જે છે તેને આશ્રયે વીતરાગી સમતામૃત. સમતામૃત પર્યાય પ્રગટ થઈ છે, એવા જીવને **જેનું અંતરંગ એકાગ્ર-સમાધિપ્રાપ્ત છે,** શાંતિ શાંતિ શાંતિ અકષાય પરિણતિ, અવિકારી પરિણામ સમાધિપ્રાપ્ત છે **એવા જીવને** એવા જીવને. એ વ્યવહાર છે તે.

**પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુધ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (-અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો-**

મુમુક્ષુ :- વ્યવહાર ઉત્પન્ન કરાવી દયે...

ઉત્તર :- જુઓને! એ વ્યવહારનયનું કથન છે. એ વિકલ્પ છે તેમાં ઉપર ઉપરની શુધ્ધિ વધે છે પોતાને કારણે. પણ નિમિત્તનું કથન કરીને તેનાથી ઉપરની શુધ્ધિ વધી છે એવો આરોપ કરીને કથન બહિરંગ કારણમાં અંતરંગ કારણ વૃધ્ધિ થઈ એવો આરોપ કરીને કથન કર્યું છે. સમજાણું કાંઈ?

**પદે પદે પરમ** અર્થાત ભગવાનઆત્મા પોતાના આશ્રયથી શુધ્ધ સમાહિત વીતરાગી પર્યાય પ્રગટ થઈ તેવી દશાવાનને એ વિકલ્પ જે સ્વપરહેતુક પર્યાય છે તેમાં અશુભતા ટળે છે. તે શુભમાં અશુભતા..છે તો અહીં આશ્રય માટે, છે તો અહીંના આશ્રય માટે. અને એવા નિશ્ચય સમાહિતવંતને એ શુભ વિકલ્પ જે છે તેમાં અશુભતા ટળે છે તો એટલી શુધ્ધતા વધે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ત્યાં કહ્યું છે ને. મોક્ષમાર્ગ નહીં? મોક્ષ અધિકાર. અશુભ ટળે છે શુભ નહીં. મોક્ષમાર્ગ અધિકાર. ટળે છે તો સ્વભાવનો આશ્રય છે માટે ટળે છે. એકલું અશુભ હોય એને શુભ ટળતું નથી. એણે તો અશુભપણું

પોતાપણે માન્યું છે.

પણ જ્યાં સ્વભાવની પૂર્ણતાનો આશ્રય લઈને સમ્યગ્દર્શનજ્ઞાન થાય છે ત્યાં તે શુભભાવ શુદ્ધિની વૃદ્ધિમાં નિમિત્ત કહેવામાં આવ્યું. કેમકે શુભભાવનું અવલંબન છે તેમાં અશુભ ટળે છે અને શુદ્ધનું લક્ષ અને દૃષ્ટિ શુદ્ધ ઉપર છે. તે કારણે પદે પદે શુદ્ધતા વધે છે તેમાં તે વ્યવહારને નિમિત્ત કહેવામાં આવ્યું છે. આ અપેક્ષાએ. શાંતિભાઈ! થોડુંક તો પોતાની કલ્પનાથી પછી અર્થ કરે છે. અહીં જુઓ વ્યવહારથી વધે છે. વ્યવહારથી નિશ્ચય થાય છે. અરે પણ વ્યવહાર સ્વપરહેતુક છે અને નિશ્ચય સ્વહેતુક છે સ્વના આશ્રયથી. આશ્રય કરે વિશેષ તો વધે. પરના આશ્રયે વધે એમ છે નહીં. પણ શુભભાવમાં પરનો આશ્રય થોડો છે. આ બાજુ, આ બાજુ હો! અને શુદ્ધભાવમાં સ્વનો આશ્રય વિશેષ છે. શુભભાવના કાળે પોતાના સ્વનો આશ્રય વિશેષ છે. અશુભકાળમાં સ્વનો આશ્રય થોડો છે. એ અપેક્ષા ગણીને. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના સમાહિત શાંત વીતરાગી પર્યાયમાં છે તેને સ્વપરહેતુક પર્યાય પદે પદે શુદ્ધિનો આરોપ કરીને નિમિત્ત આ છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા! આવું બધું સમજવું એ કરતાં કાં ભગવાનની ભક્તિ કરવી, ઈશ્વર ઈશ્વર ભજવું જાવ. કાં બધા કોંગ્રેસના કામ કરવા મોટી પદવી મળી જાય. લ્યો! જાવ. રામજીભાઈને આ પદવી આપતા હતા. ઓલો છે ને. ઢેબરભાઈએ તાર કરીને બોલાવ્યા હતા. હાઈકોર્ટના જજને. ન્યાં ધૂળના જજ છે. ઢેબરભાઈએ બોલાવ્યા હતા. અરે! હું તો ત્યાં જઈને બાધા લઈશ. શેના પદવા હવે! ધૂળના! બહારનું માન મળે એટલે એમ થઈ જાય કે આપણે કાંઈક સારું કરીએ છીએ માટે આ પદ મળે છે. ધૂળેય સારા નહીં. પુણ્યબંધન છે તે પણ યથાર્થ છે નહીં.

અહીંયા તો પોતાનો આશ્રય પવિત્રતા છે ત્યાં પુણ્યભાવનો ભાવ કેવો છે શુભભાવ વિકલ્પ સ્વપરહેતુક પર્યાય કે શુદ્ધિની... છે ને કહ્યું ને? **પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (-અભેદરૂપ સ્થિરતા)** આમાં શુભમાં રાગ ઘટતો જાય છે ને. જેમ જેમ આગળ ભૂમિકામાં શુભ છે તેમ રાગ ઘટતો જાય છે. ચોથાથી પાંચમે છઠ્ઠે એટલો તેનો રાગ ઘટતો જાય છે ને. કષાય ઘટે એટલો પણ અશુદ્ધ નહીં એટલો રાગ ઘટતો જાય છે. આ બાજુ શુદ્ધિ ક્રમે વધતાં.. એમ કહીને નિમિત્તથી વ્યવહારથી અભિન્ન વિશ્રાંતિ વધે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા! ભારે અર્થના, અર્થ કરવામાં ભારે મુશ્કેલી! સમજાણું કાંઈ?

**અભેદરૂપ સ્થિરતા નિપજાવતો થકો-જોકે** હવે પાછું કહે છે. જોકે પોતાનો આત્મા જ પોતાના સ્વના આશ્રયથી આગળ વધે છે. તેમાં કોઈ પરનું કારણ છે નહીં. આહાહા! **જોકે ઉત્તમ સુવર્ણની માફક** એટલે? સોનું જે છે અને પથ્થર છે. અગ્નિના નિમિત્તથી સોનામાં શુદ્ધિ વધે છે તે વ્યવહારનું કથન છે. પણ સોનાની શુદ્ધિ પોતાથી જ વધે છે તે નિશ્ચય વસ્તુ છે. સોનું પોતાને કારણે

જ પરિણમન કરીને શુધ્ધતાની વૃધ્ધિ કરે છે. અગ્નિથી શુધ્ધિની વૃધ્ધિ તે તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઇ? એમ વ્યવહારથી અભેદની વિશ્રાંતિની વૃધ્ધિ એ વ્યવહારનું કથન છે. આહાહા! સમજાણું કાંઇ?

**ઉત્તમ સુવર્ણની માફક શુધ્ધ જીવ** શુધ્ધ જીવ **કથંચિત** એટલે પોતાના પુરુષાર્થથી **ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે,** વિકલ્પનું લક્ષ છોડીને પોતાના ભગવાન અભિન્નસાધ્યસાધનભાવમાં જોડાય છે તો વિકલ્પનું નિમિત્તનું સાધન ત્યાં રહેતું નથી. **અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુધ્ધ સ્વભાવે પરિણમે છે.** જુઓ! એ નિમિત્ત શુભભાવ છે તો શુધ્ધપરિણતિમાં વૃધ્ધિ થાય છે તે તો ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. વાસ્તવિક તો ભગવાનઆત્મા એ શુભના કાળમાં પણ પોતાનો સ્વનો આશ્રય છે એ વિશેષ વિશેષ સ્વનો આશ્રય વધે છે તો અભિન્ન શાંતિ ત્યાં વધતી જાય છે.

આ ભાષા જુદી જાતની! પર્યાયે પર્યાયે વૃધ્ધિ છે એટલું બતાવે છે. કોને કારણે? પોતાના શુધ્ધ ઉપાદાનના આશ્રયને કારણે. સોનું પોતાથી જ શુધ્ધ થતું જાય છે. અગ્નિ તો તેમાં નિમિત્ત માત્ર છે. સમજાણું કાંઇ? અગ્નિથી સુવર્ણની શુધ્ધિ થાય તો લોઢામાં અગ્નિ લગાવી દયે ને? શું લગાવે? એકલા પથ્થર શેના ગીરનારના. ગીરનારના પથ્થરમાં સોનું છે. પણ સો રૂપિયાનો ખર્ચ થાય ત્યારે સાંઇઠ રૂપિયાનું સોનું નીકળે. આ ગીરનાર ગયા હતા ને. સોનાના પથ્થર છે ને તેમાં ચકચક થાય છે. સમજ્યા? એમ પહેલાં કહેતા હતા. યુરોપિયન આવ્યા હતા ને સંચા લગાવ્યા હતા. એક કરોડનો ખર્ચ થાય ત્યારે સાંઇઠ લાખ રૂપિયા નીકળે. હેં?

મુમુક્ષુ :- નુકસાન જાય.

ઉત્તર :- નુકસાન જાય તો કોણ કરે? પછી સોનું કાઢે કોણ?

આમાં તો બિલકુલ સોનું નીકળે જ નહીં. વ્યવહારમાંથી તો પોતાની શુધ્ધિનો અંશ બિલકુલ નીકળતો જ નથી. એ તો પથ્થર છે. પથ્થરનું દૃષ્ટાંત છે ને સુવર્ણપાષાણ. પથ્થરમાંથી ક્યાં સોનું નીકળે છે? સુવર્ણભાગ છે તેમાંથી સોનું નીકળે છે. સમજાણું કાંઇ? ભારે વાતું આવું! વ્યવહાર ને નિશ્ચયના ઝઘડા! સમજે નહીં અને માથાફોડ કરે. અને (એમ કહે) અમારો વ્યવહાર તો સાચો છે ને? વ્યવહાર સાધન તો છે ને? સાધન છે તો સાધ્ય પ્રાપ્ત થશે. ધૂળમાંય થશે નહીં. સમજ્યા?

આંહી તો સમયે સમયે સાધ્ય દ્રવ્ય છે અને નિર્મળપર્યાય સાધ્ય વ્યવહાર છે. તેનું તે સાધન વ્યવહારે વિકલ્પને કહેવામાં આવ્યું છે. આહાહા! હા, સંધિ આ છે. એક સાથે હોવા છતાં કથનમાં શું આવે છે? વ્યવહારથી અહીંયા શુધ્ધ પર્યાય વધે છે એમ કહેવામાં આવ્યું. નિશ્ચયથી તો પોતાથી જ વધે છે. શુધ્ધમાં પરનો આશ્રય ફાશ્રય છે નહીં. આહાહા! સમયે સમયે દર્શનમાં દ્રવ્યનો આશ્રય છે ને તો તે આશ્રય તો કાયમ રહે છે. સમ્યગ્જ્ઞાન, ચારિત્રમાં પણ આશ્રય જેટલો વધે છે એટલી શુધ્ધિ વધે છે. એ

કોઈ વ્યવહારને કારણે વધે છે એમ છે નહીં. આહાહા! ભારે સમજવું! શું ચીજ છે ને કેમ હોય છે તેનું જ્ઞાન કરવું પણ કઠણ!

**ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે સ્વયં,** જુઓ! અર્થાત તે વિકલ્પના અભાવને લીધે, સ્વપરહેતુક પર્યાયના અભાવને લીધે. **સ્વયં (પોતાની મેળે) શુધ્ધ સ્વભાવે પરિણમે છે.** પોતાનો આત્મા પોતાથી પવિત્ર સ્વભાવના આશ્રયથી જ પવિત્રતા વધે છે. **તોપણ** એમ હોવા છતાં પણ **નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.** છતાં જે વ્યવહાર વિકલ્પ છે તે નિશ્ચયમોક્ષમાર્ગને વ્યવહારથી સાધનપણાને પ્રાપ્ત થાય છે. એમ કથન કરવામાં આવે છે. સમજાણું કાંઈ? કાલે હતું ઝીણું. આ પણ પાછું ઝીણું છે. ગાથામાં બધા ખુલાસા છે. ટીકામાં પણ બધાના ખુલાસા છે. આહાહા!

મુમુક્ષુ :- બહિરંગ સાધન છે.

ઉત્તર :- બહિરંગ સાધન છે. બહિરંગ સાધન છે ને? અંતરંગ સાધન તો સ્વરૂપની શુદ્ધિ જો દ્રવ્ય શુધ્ધ છે, તેના આશ્રયથી જે શુદ્ધિ થાય છે તે અંતરંગ સાધન છે. આ વિકલ્પ વ્યવહારમોક્ષમાર્ગ બહિરંગ સાધન છે. આ પર્યાયથી ભિન્ન જાત છે. તે વાત જ તદ્દન ભિન્ન છે.

જ્ઞાતા સમકિતી વ્યવહારસાધનને પરજ્ઞેય તરીકે જાણે છે. છે ખરા. સમજાણું કાંઈ? તેને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ કરીને જાણે છે. આવી વ્યવહારની સ્થિતિ છે. વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર અમારું તે સ્વરૂપ નથી. વ્યવહારમોક્ષમાર્ગ આત્માનું સ્વરૂપ જ નથી. અશુધ્ધ છે. અશુધ્ધ સ્વરૂપ છે? સમકિતી અશુધ્ધમાં છે? વ્યવહારથી તો મુકત છે. સમ્યગ્દષ્ટિ વ્યવહારથી મુકત છે. પણ ત્યાં તે સમયે કેવી પર્યાય હતી તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર સાધન કહેવામાં આવ્યું. આહાહા! સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રહે? પંડિતજી! વાત તો સહેલી છે, સાદી છે. પણ અભ્યાસ ન હોય એને એવું લાગે આ તે શું કહે છે આ? આઠ વર્ષની બાલિકા હોય સમ્યગ્દષ્ટિ તે આ બધું સમજી જાય. હા, અંદર ભાવથી દેડકો પણ સમજી જાય હો. ભાષાથી નહીં. સમજાણું કાંઈ કે નહીં?

કહે છે કે પોતાના સ્વભાવથી શુદ્ધિની વૃદ્ધિ પોતાને કારણે થાય છે તોપણ આવા સ્વભાવના સાધનમાં પણ સ્વપરપર્યાયહેતુક વ્યવહારસાધનપણાને પ્રાપ્ત થાય છે. તેને વ્યવહારસાધન કહેવામાં આવે છે. જેઠાભાઈ! લ્યો! હવે આવું છે. ઝઘડા ઓલા વ્યવહાર ને નિશ્ચયના!

એક કોર કહે કે સમકિતી વ્યવહારથી તો મુકત છે પણ તેની પર્યાયમાં એવી એક પર્યાય ઉત્પન્ન થાય છે. તેનું જ્ઞાન કરાવે છે. જ્ઞાન કરાવે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે તે રાખીને અહીં જ્ઞાન કરાવે છે. સાધન ફાધનનું તો જ્ઞાન કરાવે છે. છે તેટલું જાણે છે બસ. સમજાણું કાંઈ? આંહી તો ઓલા પંચમહાવ્રત ને ઢીકણાં ફીકણાંમાં.... પાંચમહાવ્રતના પણ ઠેકાણા ન મળે. પાંચ મહાવ્રત કોને કહેવા, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર કોને કહેવો. એકલા નિશ્ચય વગર હો! એનું પણ ઠેકાણું નહીં અને અમારે

સાધન છે (એમ કહે). છે કે નહીં. પચાસ વર્ષની દીક્ષાનું એકને અભિનંદન આપ્યું. પછી એણે જવાબમાં કહ્યું, આ મારું અભિનંદન નથી પણ ત્યાગનું આ અભિનંદન છે. અમે ત્યાગ કર્યો ને એનું છે. પણ ત્યાગ હતો કે દિ'? હજી મિથ્યાત્વભાવ તો પડયો છે. સમજાણું કાંઈ? પચાસ વર્ષની દીક્ષા થઈ આ મૂંડે એની બહારની હો! દીક્ષા પણ હજી કે દિ' હતી? કુલિંગ છે, કુશ્રદ્ધા છે. પચાસ વર્ષની દીક્ષાનું અભિનંદન આપ્યું. જવાબ એમ આપ્યો કે, તમે મને આ અભિનંદન આપો છો એ મને નહીં પણ મારા ત્યાગનું. શેનું? સમકિતના ત્યાગનું. એ કહે કે મેં ત્યાગ કર્યો એનું એમ. ખરેખર તો ત્યાં સમકિતનો ત્યાગ છે. આહાહા! એય વીરેન્દ્ર! એવી વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે. ઉપર પણ લીધું, વચમાં પણ લીધું અને છેલ્લે પણ લીધું. ઉપર એમ લીધું કે નિશ્ચય સ્વભાવ જે પોતાને સાધન કરે છે તેમાં વ્યવહાર છે તે પદે પદે શુદ્ધિ વધે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એમ કહ્યું. અહીં પાછું વચમાં લીધું કે આ શુદ્ધિની વૃદ્ધિ તો પોતાના આશ્રયથી થાય છે. વ્યવહારના આશ્રયથી નહીં. તો ભિન્ન સાધનનો અભાવ કરતાં કરતાં પોતાની શુદ્ધિ વધે છે. ત્રીજું, આવા નિશ્ચયમોક્ષમાર્ગમાં પણ વિકલ્પ જે સ્વપરહેતુક છે તે વ્યવહાર સાધનપણાને પ્રાપ્ત થાય છે. લ્યો! સમજાણું કાંઈ?

વ્યવહાર છે તેનું જ્ઞાન કરાવે છે. આવો વ્યવહાર આવો જ હોય છે. તે ભૂમિકામાં આવા મુનિ હોય નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર હોય તો તેની ભૂમિકામાં પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. વસ્ત્ર-પાત્ર લેવાનો તેને વિકલ્પ હોતો નથી. એ વ્યવહાર બીજો નથી હોતો આવો હોય છે, એ જણાવવા માટે તેને વ્યવહારથી સાધનનો આરોપ આપીને સાધનથી પ્રાપ્ત થયું તેમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત! એમાં કહે કે આવું કરવા જાશો તો કોઈ ધર્મ નહીં કરે. પણ ધર્મ કરે છે કોણ? હજી ભાન વિના? એમ કે આ બધા પંચમહાવ્રત લ્યે છે ને સાધુ થાય છે એ નહીં લ્યે. એ સાધુ કે દિ' હતા? એ ઝવેરચંદભાઈ! આ બધા શેઠીયા થઈને જ્યાં ને ત્યાં કો'કને મૂંડે. મોઢા આગળ શેઠીયા કહેવાય. બેસો! ચાલો! પડો આમાં! અમારામાં ઊંધી શ્રદ્ધામાં. નીકળશો નહીં. એય ગુણવંતભાઈ! બાપુજીને અંદર નાખે છે કે નહીં? આહાહા!

અનાદિથી આવી વાત ચાલે છે. સત્યની ખબર નથી. આહાહા! વાતની ખબર નથી અને ખબર વિના બેખબરો હોય એટલે બેયની ખબર નહીં. નિશ્ચય અને વ્યવહાર, પર્યાય અને દ્રવ્ય, વિકલ્પ અને નિર્વિકલ્પ કોઈ ખબર જ નહીં. એમ ને એમ અંધશ્રદ્ધાએ ચાલ્યો છે. તેમાં કોઈ લાભ છે નહીં. જન્મ-મરણ ચાલ્યા જાય છે. આહાહા!

**ભાવાર્થ :- જેને અંતરંગમાં શુદ્ધિનો અંશ પરિણમ્યો છે.** જુઓ! પહેલાં એમાં સમાહિત કહ્યું હતું ને? જુઓ! જેના આત્માના અંતરંગમાં ભગવાનઆત્મા શુદ્ધસ્વભાવથી પરિપૂર્ણ ભરેલો

છલોછલ તેનો આશ્રય લઈને પર્યાયમાં પવિત્રતાનો અંશ પર્યાયરૂપ પરિણમિત થયો છે. મોક્ષમાર્ગની દશા(પણે) પરિણમિત થયો છે. **તે જીવને તત્ત્વાર્થશ્રદ્ધાન,** વિકલ્પ **અંગપૂર્વગત જ્ઞાન,** પરલક્ષી જ્ઞાન ભલે પૂર્વનું હોય. બાર અંગને પણ વિકલ્પ કહ્યો છે ને. આમાં નાખ્યું છે કે નહીં? આમાં પણ ક્યાંક નાખ્યું છે. બાર અંગને નાખ્યું છે. દ્વાદશાંગ જ્ઞાન એ પણ વિકલ્પ છે. દ્વાદશાંગ શબ્દ ક્યાંક પડયો છે. કેટલામી છે? એકસો ને સાંઈઠ. હા, આમાં અર્થમાં છે. દ્વાદશાંગના અર્થને જાણવું તે સમ્યગ્જ્ઞાની વ્યવહારે છે. આના અર્થમાં છે ભાઈ! આ છે ને ભાઈ આ હેમરાજ! પાઠમાં તો અંગપૂર્વ છે. પણ તેમણે ત્યાં સુધી લઈ લીધું, ઓલામાં કળશટીકામાં લીધું છે ને? બાર અંગ પણ વિકલ્પ છે. પરલક્ષી છે. સમજાણું કાંઈ? એ કોઈ અપૂર્વલબ્ધિ નથી. બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વ નહીં. આહાહા!

અપૂર્વ તો આત્માના આનંદની અનુભૂતિ કરવી તે અપૂર્વ છે. આહાહા! સમજાણું કાંઈ? કળશટીકામાં છે ને. સાંભળ્યું છે કે નહીં? કળશટીકામાં છે. દ્વાદશાંગનું જ્ઞાન કોઈ અપૂર્વ નહીં. સમજાણું કાંઈ? અહીં બાર અંગ શબ્દ પડયો છે ને. ક્યાંક આવ્યું છે! શેમાં આવ્યું એ? નહીં. તેરમામાં છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે. 'આત્માનુભૂતિ ઈતિ શુધ્ધનયાત્મીકા' છે ને? આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે. કોઈ જાણશે કે દ્વાદશાંગ કોઈ અપૂર્વલબ્ધિ છે. તેનું સમાધાન :- દ્વાદશાંગ જ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુધ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. પોતાનો પવિત્ર આત્મા તેનો અનુભવ કરવો તે જ મોક્ષમાર્ગ છે. બાર અંગનું જ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી. તે તો વિકલ્પાત્મક ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે **જેને અંતરંગમાં શુધ્ધિનો અંશ પરિણમ્યો છે.** જેને નિશ્ચય સ્વભાવ અંશે પરિણમિત થઈને પ્રગટ થયો છે. જ્ઞાનાનંદ ભગવાનઆત્મા તેની શ્રધ્ધા, જ્ઞાન અને રમણતા એવો અંશ પરિણમિત એટલે પર્યાયમાં વીતરાગી અવસ્થા ઉત્પન્ન થઈ છે. **તે જીવને,** તે જીવને **તત્ત્વાર્થશ્રધ્ધાન અંગપૂર્વગત જ્ઞાન અને મુનિ-આચારમાં પ્રવર્તનરૂપ,** મુનિ-આચારમાં પ્રવર્તન. જુઓ! મુનિ-આચારમાં પ્રવર્તન એ તો વિકલ્પ છે. એવો વ્યવહાર ક્યારે કહે છે કે નિશ્ચયશુધ્ધપરિણતિ થઈ હોય તેને વ્યવહાર કહે છે. આહાહા! તે પણ ભગવાનનો મુનિ-આચાર આચારંગ ભગવાને કહેલાં આચારાંગમાં.

અજ્ઞાનીએ કહેલાં આચારાંગ આદિમાં જો કલ્પિત બનાવેલાં છે તેમાં કહેલું છે તેની તો અહીં વાત પણ નથી. પ્રકાશદાસજી! આંહી તો એવી કઠણ વાત છે. આચારાંગ નામ આદિ કલ્પિત બનાવ્યા છે. આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ અગિયાર અંગ બનાવ્યા છે તે કલ્પિત છે. ભગવાને કહેલાં છે તે છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! એય! વીરેન્દ્રકુમાર! એમાં જ ભગવાન રહે. આહાહા!

જો તું આચારાંગ આદિ નામ ધરાવે છે તો તેના જ્ઞાનને તો વ્યવહાર જ્ઞાન પણ નથી કહેતા. નિશ્ચય વિનાનો વ્યવહારાભાસ પણ તે નથી. આહાહા! એય! અહીં તો ભગવાન સર્વજ્ઞના મુખમાંથી નીકળેલી

વાત આચારંગ આદિ તેમાં જે વ્યવહાર પ્રવર્તન બતાવ્યા છે જે અભવિ પણ કરે છે. એય! વ્યવહારમોક્ષમાર્ગ. **વિશેષ વિશેષ શુધ્ધિનું વ્યવહારસાધન બનતો થકો.** ફૂટનોટમાં ખુલાસો કર્યો છે ને. એ **વ્યવહારમોક્ષમાર્ગ વિશેષ વિશેષ શુધ્ધિનું વ્યવહારસાધન.** વ્યવહારસાધન ઔપચારિક સાધન બનતો થકો, એકડો છે ને નીચે?

**આ ગાથાની શ્રી જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે.** વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયની પરિણતિ છે તેને પણ વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. **ત્યાં વ્યવહારમોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે, :- વીતરાગસર્વજ્ઞપ્રણીત જીવાદિ પદાર્થો સંબંધી સમ્યક્ શ્રધ્ધાન** એ વ્યવહાર હો! **તેમ જ જ્ઞાન બન્ને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે,** શ્રધ્ધા. સમ્યક્ શ્રધ્ધાન અને જ્ઞાન બન્ને સમાન હોય છે.

વીતરાગસર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી સમ્યક્ શ્રધ્ધાન તેમ જ જ્ઞાન બન્ને. મુનિ અને શ્રાવકને બન્નેને સમાન હોય છે. ગૃહસ્થ અને તપોધનને સમાન હોય છે. ચારિત્રમાં ફેર છે. **તપોધનોને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય** એમ. છે તો આંહી પ્રમત્તમાં પણ અપ્રમત્ત આવે છે ને એટલે સાથે લીધું છે. એમ જુઓ! **પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાનયોગ્ય પંચમહાવ્રત-પંચસમિતિ-ત્રિગુપ્તિ-ષડાવશ્યકાદિરૂપ હોય છે.** એ મુનિને હો! નિશ્ચયશુધ્ધ પરિણતિની સાથે એવો વિકલ્પ હોય છે એવો મોક્ષમાર્ગ મુનિને પણ કહેવામાં આવે છે.

**અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે,** એમ એના માર્ગને અનુસાર ભગવાને કહ્યા એ. **પંચમગુણસ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર** પડીમા છે ને. એ **અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ) હોય છે; એ વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે.** લ્યો! જેને નિશ્ચયમોક્ષમાર્ગની વીતરાગી પર્યાય પંચમગુણસ્થાન યોગ્ય પ્રગટ થઈ છે. તેને આવા વ્યવહારમોક્ષમાર્ગના વિકલ્પને કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ જેને નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ ન થયો હોય તેને વ્યવહાર હોય તો શું કહેવું?

ઉત્તર :- તે વ્યવહારાભાસ પણ નથી. શું કહેવું શું? ત્યાં દિગંબર સંપ્રદાયની દષ્ટિથી વ્યવહારાભાસ કહો. બીજી દષ્ટિવાળા છે તેને તો વ્યવહારાભાસ પણ નથી. વાત તો એવી છે. વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું રહેશે. કોઈ કાળના આશ્રયથી બદલી નાખશે તો શું બદલાઈ જશે?

મુમુક્ષુ :- પંચમકાળ છે.

ઉત્તર :- પંચમકાળ એટલે શું છે? આત્મા પંચમકાળમાં જડ થઈ ગયો છે? પંચમકાળમાં જડ

ચેતન થઈ ગયું છે? સમજાણું કાંઈ? પંચમકાળમાં લોકો મોઢાથી ખાય છે. તો શું આંખથી ખાય છે? પંચમકાળ છે. હેં?

મુમુક્ષુ :- કાયરતા છે.

ઉત્તર :- કાયરતા છે તો ઉગ્ર પુરુષાર્થ વીતરાગતા પ્રગટ કરવાનો એટલો પુરુષાર્થ ન હોય પણ અનુભૂતિ પ્રગટ કરવાનો પુરુષાર્થ ન હોય એમ પંચમકાળમાં ના પાડી છે? સમજાણું કાંઈ? પંડિતજી! એવું છે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ઓહો! કાર્ય બરાબર કરે છે એવું છે શું? વસ્તુસ્વરૂપ આખી છે કે નહીં? પંચમકાળમાં કે ચોથા આરામાં વસ્તુમાં ફેર છે? તેનો આશ્રય કરવો. ઉગ્ર આશ્રય કરવાથી કેવળજ્ઞાન લ્યે છે. એટલો આશ્રય ન હોય શકે. પણ પોતાના સ્વભાવનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ ન થઈ શકે એમ ક્યાં ના પાડે છે. તો તો પ્રમાદ થવાની વાત છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર મોક્ષમાર્ગનું લક્ષણ છે. લ્યો!

**જોકે નિર્વિકલ્પશુદ્ધભાવપરિણત જીવને,** જે જીવે પોતાના આત્મામાં પવિત્રતાની પર્યાય પ્રગટ કરી છે તેને. **પરમાર્થે તો ઉત્તમ સુવર્ણની જેમ અભિન્નસાધ્યસાધનભાવને લીધે,** સોનું સોનાથી વધે છે. ચૌદવલા, પંદરવલા, સોળવલા પોતાથી થાય છે. એમ આત્માનો શુદ્ધસ્વભાવ પોતાથી વધે છે. કારણ કે **સ્વયમેવ શુદ્ધભાવરૂપ પરિણમન હોય છે.** લ્યો! **તોપણ, વ્યવહારનયથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે.** વ્યવહારમોક્ષમાર્ગ પ્રાપ્ત કહેવામાં આવે છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! **(અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિનું અંતરંગ લેશ(માત્ર) પણ સમાહિત નહિ હોવાથી અર્થાત તેને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે) શુદ્ધિનો અંશ પણ પરિણમ્યો નહીં હોવાથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ નથી.** લ્યો! જેને દ્રવ્યાર્થિકનયથી અંતરાત્મા ભગવાન શુદ્ધના આશ્રયથી પવિત્રતા પ્રગટ થઈ નથી તેવા દ્રવ્યલિંગીને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. લ્યો એકસો સાંઈઠ (ગાથા) પૂરી થઈ. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

## ગાથા-૧૬૧

णिच्छयणएण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा ।
ण कुणदि किंचि वि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति ।। १६१ ।।

निश्चयनयेन भणितस्त्रिभिस्तैः समाहितः खलु यः आत्मा ।
न करोति किञ्चिदप्यन्यन्न मुञ्चति स मोक्षमार्ग इति ।। १६१ ।।

व्यवहारमोक्षमार्गसाध्यभावेन निश्चयमोक्षमार्गोपन्यासोऽयम् ।

सम्यग्दर्शनज्ञानचारित्रसमाहित आत्मैव जीवस्वभावनियतचरितत्वान्निश्चयेन मोक्षमार्गः । अथ खलु कथञ्चनानाद्यविद्याव्यपगमाद्व्यवहारमोक्षमार्गमनुप्रपन्नो धर्मादितत्त्वार्था-श्रद्धानाङ्गपूर्वगतार्थाज्ञानातपश्चेष्टानां धर्मादितत्त्वार्थश्रद्धानाङ्गपूर्वगतार्थज्ञानतपश्चेष्टानाञ्च त्यागोपादानाय प्रारब्धविविक्तभावव्यापारः, कुतश्चिदुपादेयत्यागे त्याज्योपादाने च पुनः प्रवर्तितप्रतिविधानाभिप्रायो, यस्मिन्यावति काले विशिष्टभावनासौष्ठववशात्सम्यग्दर्शन-ज्ञानचारित्रैः स्वभावभूतैः सममङ्गाङ्गिभावपरिणत्या तत्समाहितो भूत्वा त्यागोपादानविकल्प-शून्यत्वाद्विश्रान्तभावव्यापारः सुनिष्प्रकम्पः अयमात्मावतिष्ठते, तस्मिन् तावति काले अयमेवात्मा जीवस्वभावनियतचरितत्वान्निश्चयेन मोक्षमार्ग इत्युच्यते । अतो निश्चयव्यवहार-मोक्षमार्गयोः साध्यसाधनभावो नितरामुपपन्न इति ।। १६१ ।।

---

જે જીવ દર્શનજ્ઞાનચરણ વડે સમાહિત હોઈને,
છોડે-ગ્રહે નહિ અન્ય કંઈ પણ, નિશ્ચયે શિવમાર્ગ છે. ૧૬૧.

અન્વયાર્થ :- (यः आत्मा) જે આત્મા (तैः त्रिभिः खलु समाहितः)એ ત્રણ વડે ખરેખર સમાહિત થયો થકો) (અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વડે ખરેખર એકાગ્ર-અભેદ થયો થકો) (अन्यत् किञ्चित् अपि) અન્ય કાંઈ પણ (न करोति न मुञ्चति)કરતો નથી કે છોડતો નથી, (सः) તે (निश्चयनयेन) નિશ્ચયનયથી (मोक्षमार्गः इति भणितः)'મોક્ષમાર્ગ' કહેવામાં આવ્યો છે.

ટીકા :-વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

હવે (વિસ્તાર એમ છે કે), આ આત્મા ખરેખર કથંચિત્ (-કોઈ પ્રકારે, નિજઉદ્યમથી)

અનાદિ અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-શ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થો સંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ત્યાગ અર્થે તથા ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, અંગપૂર્વગત પદાર્થોસંબંધી જ્ઞાનના અને તપમાં ચેષ્ટાના ગ્રહણ અર્થે (-ત્રણના ત્યાગ અર્થે તથા ત્રણના ગ્રહણ અર્થે) *વિવિક્ત ભાવરૂપ વ્યાપાર કરતો થકો, વળી કોઈ કારણે ગ્રાહ્યનો ત્યાગ થઈ જતાં અને ત્યાજયનું ગ્રહણ થઈ જતાં તેના *પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો, જે કાળે અને જેટલા કાળ સુધી *વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે *અંગ-અંગીભાવે પરિણતિ વડે *તેમનાથી સમાહિત થઈને, ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે (ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી (અર્થાત્ ભેદભાવરૂપ-ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી) સુનિષ્કંપપણે રહે છે, તે કાળે અને તેટલા કાળ સુધી આ જ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે. આથી, નિશ્ચયમોક્ષમાર્ગ અને *વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.

---

*વિવિક્ત = વિવેકથી જુદા તારવેલા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા). (જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરી શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહારમોક્ષમાર્ગી (સવિકલ્પ) જીવને નિઃશંકતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ, સ્વાધ્યાયવિનયાદિ ભાવરૂપ અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (-વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં અને ત્યાજય ભાવોનું ઉપાદાન અર્થાત્ ગ્રહણ થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ વિધાન પણ હોય છે.)

*પ્રતિવિધાન = પ્રતિકાર કરવાની વિધિ; પ્રતિકારનો ઉપાય; ઇલાજ.

*વિશિષ્ટ ભાવનાસૌષ્ઠવ = ખાસ સારી ભાવના (અર્થાત્ ખાસ શુદ્ધ ભાવના); વિશિષ્ટ પ્રકારની ઉત્તમ ભાવના.

*આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે અંગ.

*તેમનાથી = સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી

*અહીં એ ખ્યાલમાં રાખવાયોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે; અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્થાત્ નિશ્ચયનયના-દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.

વળી, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધન-સાધ્યપણું છે. છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જયારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.

**ભાવાર્થ :- નિશ્ચયમોક્ષમાર્ગ નિજ શુદ્ધાત્માની રુચિ, જ્ઞપ્તિ અને નિશ્ચળ અનુભૂતિરૂપ છે. તેનો સાધક (અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન) એવો જે ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ તેને જીવ કથંચિત્ (-કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) પોતાના સંવેદનમાં આવતી અવિદ્યાની વાસનાના વિલય દ્વારા પામ્યો થકો, જ્યારે ગુણસ્થાનરૂપ સોપાનના ક્રમ પ્રમાણે નિજશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન નિત્યાનંદ-લક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે નિજ-શુદ્ધાત્માશ્રિત નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે, ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે આ આત્મા જ મોક્ષમાર્ગ છે. માટે એમ ઠર્યું કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધકપણું (વ્યવહારનયથી) અત્યંત ઘટે છે. ૧૬૧.**

---

## પ્રવચન નં :- ૭૨, ગાથા :- ૧૬૧
## વૈશાખ સુદ-૧, શુક્રવાર, તા :- ૨૫-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૬૧ ગાથા.

**णिच्छयणएण भणिदो तिहि तेहिं समाहिदो हु जो अप्पा ।**
**ण कुणदि किंचि वि अण्णं ण मुयदि सो मोक्खमग्गो त्ति ।। १६१ ।।**

**ટીકા :- વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે,** શું કહે છે? વ્યવહાર વિકલ્પ જે વ્યવહાર છે તે સાધન અને તેનું સાધ્ય નિશ્ચય. સમજાણું કાંઈ? તે ચાલે છે ને? ભિન્નસાધ્યસાધનભાવ. નવ તત્ત્વનું શ્રદ્ધાન વિકલ્પ, અગિયાર અંગ પૂર્વનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિ-અઠયાવીસ મૂળગૂણ આદિ વિકલ્પ તે વ્યવહારસાધન. મોક્ષમાર્ગનું સાધન. તેનું સાધ્ય નિશ્ચય.

**વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે, નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.** વ્યવહારમોક્ષમાર્ગ સાધન થઈને નિશ્ચય થાય. એમ વ્યવહારે કથન કરવામાં આવ્યું છે. એ વાત તો પહેલાં ઘણી થઈ ગઈ છે. કર્તા ક્યાં આવ્યું? એ તો વ્યવહારસાધન ભિન્ન સાધ્ય-સાધનને નિશ્ચય કરે. એ ભિન્નસાધન જે છે, નવતત્ત્વ પણ ભગવાને કહેલાં. છ દ્રવ્ય, નવતત્ત્વ. તેની શ્રદ્ધાનો જે વિકલ્પ. તત્ત્વાર્થશ્રદ્ધાનપૂર્વક અગિયાર અંગ ને પૂર્વનું જ્ઞાન અને આચારંગાદિમાં કહેલ જિનવરે કહેલ વ્યવહાર. એવા અઠયાવીસ મૂળગૂણ આદિનો વિકલ્પ. તેને વ્યવહારસાધન ભિન્નસાધન કહીને તેનું ભિન્નસાધ્ય નિશ્ચય સાતમા

ગુણસ્થાનની દશામાં નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે, તેમાં છટ્ઠા ગુણસ્થાનનો વિકલ્પ છે તેને સાધન કહીને નિશ્ચયને સાધ્ય કહ્યું છે.

એમ ક્યાં કહે છે? એ તો એનાથી પ્રગટે એમ કહે છે. આંહી તો સાધન છે. એટલું. આ સાધન વ્યવહાર તરીકે છે એટલું અહીં જાણવામાં આવે છે. એટલી વાત છે. તેનાથી થાય છે એમ નહીં. એ તો વિકલ્પ છે. વિકલ્પથી થાય છે? સાધ્ય કહ્યું ને? તેનું સાધ્ય વ્યવહારથી કહ્યું કે નિશ્ચયથી? **વ્યવહારમોક્ષમાર્ગના સાધ્ય તરીકે,** સાધ્ય તરીકે વ્યવહારનું કથન છે. એય! બે મોક્ષમાર્ગ છે જ નહીં. મોક્ષમાર્ગ એક જ છે. એકને વ્યવહારસાધન કહીને તેનો અભાવ કરીને સપ્તમ ગુણસ્થાનમાં શુદ્ધ ઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત થાય છે તેને સાધ્ય કહીને તે સાધન અને તેનું સાધ્ય એમ કહેવામાં આવ્યું છે. ખરેખર એમ છે નહીં. ખરેખર તે ઉપચારથી કથન છે. આહાહા!

પ્રવચનસારમાં કુંદકુંદઆચાર્યએ પહેલા ગાથામાં લીધું ને? મુનિ શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે છે. સીધું લીધું. વાત પણ કરી હતી. શુદ્ધ ઉપયોગને અંગીકાર... અહીં તો ભિન્નસાધ્યસાધન બતાવવું છે. એ ભૂમિકામાં છટ્ઠા ગુણસ્થાને નવતત્ત્વનો વિકલ્પ કેવો હોય છે, પંચમહાવ્રતાદિ કેવા હોય છે તે બતાવવું છે. બાકી મૂળ તો સીધા નિશ્ચયમોક્ષમાર્ગ સપ્તમ ગુણસ્થાનનો સીધો મુનિ અંગીકાર કરે છે. એમ છે. ધન્નાલાલજી! સમજાણું કાંઈ? કેમકે પહેલાં તો મુનિને સપ્તમ ગુણસ્થાન આવે છે. ભલે તે ચોથે હોય કે પાંચમે હોય પણ ધ્યાન કરીને શુદ્ધ ઉપયોગ દશા પહેલાં પ્રાપ્ત કરે છે. પણ પછી? ત્યાંથી ખસીને પોતાની શુદ્ધિ થોડી ઓછી થઈ તો વિકલ્પ થયો તો તે વિકલ્પની ભૂમિકામાં એવી યોગ્યતા વ્યવહારને અનુકૂળ ગણીને વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. પંડિતજી! આહાહા! ભારે કઠણ! નિશ્ચય અને વ્યવહાર બેય ભરમાયો રે! બનારસીદાસજી!

વ્યવહારમોક્ષમાર્ગ છઠ્ઠી ભૂમિકામાં ગુણસ્થાન છે, શુદ્ધ પરિણતિ છે, સ્વના આશ્રયથી પહેલાં શુદ્ધ ઉપયોગ થયો હતો પછી ઘટીને (ચ્યૂત થઈને) નીચે આવ્યા તો શુદ્ધ પરિણતિ છે ત્યાં ૨૮ મૂળગુણના વિકલ્પ ને નવતત્ત્વની શ્રદ્ધા તેને વ્યવહારસાધન કહીને તેનો અભાવ કરીને સાતમું થશે તો તેને સાધન કહીને સાતમી ભૂમિકાને સાધ્ય કહ્યું. કહો, સમજાણું કાંઈ? ભારે ગડબડ! હજી તો વ્યવહારના પણ ઠેકાણા નથી ને વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય! આ પંચમહાવ્રતના પણ ઠેકાણા નથી. વીતરાગ કહે છે એવા વ્યવહારના ઠેકાણા નથી ને એ અમારા સાધન અને એ સાધનથી નિશ્ચય થશે. તેની વાત તો અહીં છે જ નહીં. સમજાણું કાંઈ?

અહીં તો, નીચે લેશે. અજ્ઞાનનો નાશ કરીને પોતાનો શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો હતો, તેનાથી ચ્યૂત થયો તો છટ્ઠા ગુણસ્થાને એવો નવતત્ત્વનો, છ દ્રવ્યની શ્રદ્ધાનો, અઠ્યાવીસ મૂળગૂણ, પંચમહાવ્રતના વ્યવહાર, અંગપૂર્વ આદિનું વાંચન આદિ હોય છે. તે વિકલ્પને વ્યવહારસાધન કહીને સાતમી ભૂમિકાના

નિશ્ચયમોક્ષમાર્ગને સાધ્ય કહીને તેનું સાધન કહ્યું. એ વ્યવહારસાધનનું તે સાધ્ય છે એમ કહે છે. આહાહા! શાસ્ત્રના અર્થ કરવામાં પણ ગડબડ! હજી સમજવાની ચીજ તો ક્યાં રહી પણ શાસ્ત્રના અર્થ પોતાની કલ્પનાથી કરે તો વસ્તુસ્થિતિ ગડબડ થઈ જાય બધી ગડબડ!

મુમુક્ષુ :- ........

ઉત્તર :- આવ્યા, જાવાવાળા છે. છઠ્ઠે. ચોથા (ગુણસ્થાન)ની અહીં વાત નથી. અહીં તો છઠ્ઠા અને સાતમા (ગુણસ્થાન)ની વાત છે. અહીંયા ચોથા પાંચમા (ગુણસ્થાન)ની વાત નથી. અહીં તો છઠ્ઠે વ્યવહારમોક્ષમાર્ગ છે અને સાથે શુદ્ધ પરિણતિ પણ છે એ વિકલ્પનો અભાવ કરીને સાધ્ય એટલે આગળ વધે છે તે છઠ્ઠી ભૂમિકાની શુદ્ધિ છે તેનાથી આગળ વધે છે. ખરેખર તો સ્વદ્રવ્યનો આશ્રય લઈને, ઉગ્ર આશ્રય લઈને આગળ વધે છે. પણ તે વાત અહીં કહેવી નથી.

અહીં પર્યાયને સાધ્ય બનાવવી છે. વિકલ્પને સાધન અને પર્યાયને સાધ્ય. તો સપ્તમી ભૂમિકામાં નિશ્ચય ઉપયોગ જે શુદ્ધ છે તે સાધ્ય. તે નિશ્ચયમોક્ષમાર્ગ. તેમાં છઠ્ઠી ભૂમિકામાં આવ્યા તો નવતત્ત્વ આદિનો જે વિકલ્પ છે તે સાધન. ખરેખર તો પોતાની શુદ્ધિ વધારીને તેનો અભાવ કરીને જાય છે. દ્રવ્યનો ઉગ્ર આશ્રય લઈને સપ્તમે જાય છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ત્યાં નિમિત્તરૂપ એવો એક વ્યવહાર હોય છે, બીજો વ્યવહાર નથી હોતો એટલું બતાવવા માટે ત્યાં સાધન કહેવામાં આવ્યું છે. આહાહા! ભારે ઝઘડા ભાઈ! **વ્યવહારમોક્ષમાર્ગથી સાધ્ય થવાવાળું નિશ્ચયમોક્ષમાર્ગનું આ કથન છે.** ઠીક! આ તેનો અર્થ કર્યો.

હવે બીજું. તે નિશ્ચયની વાત કરે છે. હવે નિશ્ચય પ્રાપ્ત શું થયું? હવે **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે,** ભગવાનઆત્મા પોતાનો ચૈતન્ય આનંદ શુદ્ધ ધ્રુવ સ્વભાવ તેનો આશ્રય લઈને**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા સમાહિત થયેલો આત્મા જ મોક્ષમાર્ગ છે.** એમ અહીંયા તો સિદ્ધ કરવું છે. એ ત્રણેયને જોડનારો આત્મા જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ફરીને. હેં? અહીંયા તો મોક્ષમાર્ગ જે સાતમે છે, નહીંતર તો આ ત્રણેયને પ્રાપ્ત થયેલો આત્મા જ મોક્ષમાર્ગ છે એમ કહે છે.

મુમુક્ષુ :- પર્યાયને મોક્ષમાર્ગ કીધો.

ઉત્તર :- નહીં. આત્મા અભેદ થઈ ગયો ને? શાંતિથી સાંભળવું.

અહીં તો પર્યાય પર્યાયની ખબર લીધી છે. સમય સમયની પર્યાય નિર્મળ કેવી અને વિકલ્પ કેવો તેની ખબર લીધી છે. એવી વાત સર્વજ્ઞ સિવાય કયાંય હોતી નથી. ઓઘે ઓઘે આત્મા છે ને આમ કરો ને આમ સમજો એવી વાત નથી. સમજાણું કાંઈ? કારણ કે જેને સમજવું છે તેનો અર્થ એ થયો કે નહોતા સમજતા તેમાં સમજયા તો પર્યાય બદલી ગઈ. અને પર્યાય બદલવા છતાં દ્રવ્ય તો કાયમ રહ્યું. તો દ્રવ્યના આશ્રયથી પર્યાય આગળ વધે છે, તો એ પર્યાય સમયે સમયે શુદ્ધિ કેવી છે અને

તેમાં પૂર્વે પર્યાયમાં વિકલ્પ પણ કેવો હતો, તે બન્ને વાત બતાવીને વસ્તુને સિદ્ધ કરે છે. એવી વાત. સમજાણું કાંઈ?

હોય નહીં કોઈ દિવસ. આવી વાત સર્વજ્ઞ સિવાય-નિશ્ચય આ અને વ્યવહાર આ એવું પ્રમાણજ્ઞાન બતાવવા માટે પંચાસ્તિકાયમાં જ્ઞાનપ્રધાન કથન છે ને? સમજાણું કાંઈ? એ તો આપણે સમયસારમાં આવી ગયું. વ્યવહાર નિષેધ કરવા લાયક છે નિશ્ચય તેનો નિષેધ કરવાવાળો છે. એ તો આવી ગયું. એ વાત રાખીને અહીં કહે છે કે તેનો વિરોધ કરીને કહે છે? સમજાણું કાંઈ? એ વાત તો એમ જ છે. વ્યવહાર તો નિષેધ કરવા લાયક જ છે. પણ છઠ્ઠી ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે એનું બરાબર જ્ઞાન કરાવવા માટે સાધન કહેવામાં આવ્યું છે. એવી વાત છે. આહાહા! શું થાય? જગતને ઝઘડા!

અત્યારે તત્ત્વની ખબર નથી ને માની લ્યે છે કે અમે સાધુ છીએ, અમે ચારિત્રવંત છીએ, અમે સંયમી છીએ. ક્યાં ગયા દીપચંદજી! આમ બેઠા છે? શરીર ઠીક હોય, નીરોગી હોય અને લુગડા ફેરવીને નગ્ન સાધુ થઈ જાય. એમાં કાંઈ વિશેષ પુરુષાર્થ કરવાનો છે? એ ધૂળેય પુરુષાર્થ નથી. પુરુષાર્થ શું છે? કપડા ઉતરવા તે તો તેને કારણે ઉતરી ગયા. સમજાણું કાંઈ? કાં કહે કે બ્રહ્મચર્ય લઈ લ્યો! બ્રહ્મચારી થઈ જાઓ. એ આપણી રોટી તો શરૂ થઈ જાય. લોકો પાસે છે પછી આગળ વધશે હળવે હળવે. પણ હજી વસ્તુ શું છે? બ્રહ્માનંદ ભગવાન બ્રહ્માનંદ ભગવાન આનંદકંદ તે બ્રહ્મ છે. તેના આનંદની દૃષ્ટિ હોય અને આનંદ પ્રગટ થાય, ત્યારે તો બ્રહ્મચર્યનો શરૂઆત ભાવ સમ્યગ્દર્શનથી થયો. સમજાણું કાંઈ?

અને આગળ વધીને, અહીંયા તો ચારિત્રને મોક્ષમાર્ગ બતાવવો છે ને? ચારિત્રને અહીં મોક્ષમાર્ગ બતાવવો છે ને. અહીંયા ચોથા પાંચમા (ગુણસ્થાન)ની વાત છે નહીં. ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે તે બતાવવું છે ને? ચારિત્ર શું? કે જે નિશ્ચય સ્વભાવમાં, **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો.** પોતાનો આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું અને ચારિત્ર એ દ્વારા સમાહિત થયો, સમાધિસ્ત થયો. એ પ્રકારની શાંતિની આનંદની તેને પ્રાપ્તિ થઈ. **એવો આત્મા જ,** એવો આત્મા જ **જીવસ્વભાવમાં નિયત,** જુઓ! જીવસ્વભાવમાં નિયત, શરૂઆતમાં ૧૫૪ ગાથામાં પહેલો શબ્દ લીધો હતો.

જીવસ્વભાવમાં નિયત, ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શન ઉપયોગ ચૈતન્યમય છે એવા**સ્વભાવમાં નિયત, નિશ્ચય ચારિત્રરૂપ હોવાને લીધે** સ્વરૂપની લીનતા, રમણતા તે કારણ **નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.** લ્યો! એ કારણ નિશ્ચયથી આત્મા જ મોક્ષમાર્ગ છે. એમ સિદ્ધ કરવું છે. આત્મા જ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહાર સાધન કહ્યું હતું પણ તે મોક્ષમાર્ગ યથાર્થ નથી. ઉપચરિત કહેવામાં આવ્યો અને સાધન તરીકે પણ ઉપચરિત કહેવામાં આવ્યું છે. આહાહા! શું થાય? માણસને સંપ્રદાયની દૃષ્ટિમાં ઝઘડા એવા પડયા છે કે, જન્મે ત્યાંથી એવી વાત મળે ત્યાં રોકાય જાય. મિથ્યાત્વના પોષક!

અને જાણે કે અમે સાધન કરીએ છીએ.

**હવે (વિસ્તાર એમ છે કે),** હવે વિસ્તાર કરે છે. અહીંયા આ અધિકારમાં જેને નિશ્ચય કરવો છે. સમજયા? અહીંયા તો નિશ્ચયમોક્ષમાર્ગનું કથન છે. પણ તેમાં વ્યવહાર કેવો છે તે પણ સાથે બતાવે છે. **આ આત્મા ખરેખર કથંચિત્ (કોઈ પ્રકારે નિજ ઉદ્યમથી)** એ વ્યવહારમાં તો એટલો અશુભ ટાળવાનો ઉદ્યમ છે ને? **અનાદિ અવિદ્યાના નાશ દ્વારા,** જુઓ! અજ્ઞાનનો નાશ કર્યો છે તેની વાત છે. સ્વભાવનો આશ્રય લઈને, અનાદિથી જે રાગ અને સ્વભાવની એકતા હતી તે રાગ અને સ્વભાવની એકતા તૂટીને અનાદિ અજ્ઞાનનો જેણે નાશ કર્યો છે. સમજયા ને? **નાશ દ્વારા,** છે ને? આહાહા! સમજાણું કાંઈ? બહુ ઝીણું એવું પડે ને? વીરજીભાઈ! પછી બધા એમ કહે-કેટલાક તો એમ કહે કે આપણે કહીએ છીએ એવો જ માર્ગ એ છે. કેટલાકને વિરૂધ્ધ લાગે. નહીં નહીં નહીં આ નહીં. પણ માર્ગની રીત છે એ ખબર નથી. સાંભળ્યું નથી અને કયારેય વિચારમાં લીધી નથી.

કહે છે. **અનાદિ અવિદ્યાના નાશ દ્વારા** પહેલાં એ શબ્દ છે. આહાહા! ભગવાન જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ તેને પકડીને, રાગની એકતાની પક્કડ એવા અજ્ઞાનભાવનો નાશ કર્યો છે. જ્ઞાન-દર્શનસ્વભાવવાન તેને પકડીને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થઈ ત્યાં મિથ્યાજ્ઞાનનો નાશ થયો. સમજાણું કાંઈ? રાગની એકતાની જે અવિદ્યા હતી તે રાગથી ભિન્ન થઈને સ્વભાવથી જ્ઞાન-દર્શનમાં એકતા થઈ, જ્ઞાન-દર્શન આ છે તેમાં એકતા થઈ અને અનાદિ અજ્ઞાનનો નાશ થયો. સમજાણું કાંઈ?

**અનાદિ અવિદ્યાના નાશ દ્વારા,** અવિદ્યા શબ્દ વાપર્યો છે. અનાદિ અવિદ્યા, છે ને? આમાં ત્રીજી લીટી. અનાદિ અવિદ્યા. હિન્દી છે ને હિન્દી? સંસ્કૃતમાં ત્રીજી લીટી. અવિદ્યા એટલે વિદ્યમાન ચીજથી વિરૂધ્ધ ભાવ હતો. જ્ઞાયક ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ તે વિદ્યમાન છે, તેનાથી વિરૂધ્ધ રાગ અને રાગની એકતા એ સ્વભાવ નથી. એવા જ્ઞાનને અહીંયા અવિદ્યા કહેવામાં આવ્યું છે. વિદ્યા એને કહે છે કે, જે રાગથી પૃથક થઈને સ્વભાવમાં એકતા કરે છે તેનું નામ વિદ્યા છે. લ્યો! આ વિદ્યાની વ્યાખ્યા આવી. વિદ્યમાન ત્રિકાળ ભગવાનઆત્મા તેનો આશ્રય લઈને સમ્યગ્જ્ઞાન આદિ થયું તેને અહીંયા વિદ્યા કહે છે. કહો, સમજાણું કાંઈ? આ લોકો નિશાળમાં ભણવું વગેરે વિદ્યા વિદ્યા કરે છે ને? એ બધી અવિદ્યા છે. વિદ્યા નહીં એમ કહે છે. કુવિદ્યા છે. સમજાણું કાંઈ? કયાં ગયા વિરેન્દ્ર છે કે નહીં? હેં? તબીયત ઠીક નથી? અમેરીકાથી આવ્યા છે ને? પાસે બેઠા હતા. હમણાં આવ્યા હતા. વીસ મિનિટ બેઠા હતા. સંધ્યાટાણે સંભળાતું હતું. ....

શું કહે છે? સમજાણું કાંઈ? **અનાદિ અવિદ્યાના નાશ દ્વારા.** તેનો અર્થ=જેવો સ્વભાવ છે તેનાથી વિરૂધ્ધ માનવું તેનું નામ અવિદ્યા. અને જેવો સ્વભાવ છે તેમાં અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કરવો તેનું નામ વિદ્યા. અનાદિ અવિદ્યાના નાશ દ્વારા, વળી કહે અનાદિ અવિદ્યા ને નાશ કેમ થાય?

પણ તે તો પર્યાય છે ને? અજ્ઞાન પર્યાય છે. વ્યવહારમોક્ષમાર્ગને પ્રાપ્ત કરતો થકો, એમ લીધું છે.

અજ્ઞાનનો નાશ કરીને પોતાના સ્વભાવનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને વ્યવહારમોક્ષમાર્ગ હોય છે તેની વાત અહીંયા કરે છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે જ નહીં. એ જ કહે છે ને? જેનો અજ્ઞાનનો નાશ થયો નથી તેને તો ઉપચાર વ્યવહારમોક્ષમાર્ગ પણ કહેવામાં આવતો નથી. ઓમાં આવ્યું હતું. **(૧૬૦ ગાથા)અજ્ઞાની દ્રવ્યલિંગીમુનિનું અંતરંગ લેશ પણ સમાહિત નહીં હોવાથી અર્થાત્ તેને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે) શુધ્ધિનો અંશ પણ પરિણમ્યો નહિ હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી.**) સાક્ષાત. સમજાણું કાંઈ? વ્યવહાર તો આંધળો છે. તેને જાણવાવાળો નિશ્ચય ન જાણે તો વ્યવહાર કહેવો કોને? સમજાણું કાંઈ?

**વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના,** શું કહે છે? જુઓ! હવે. ભગવાને કહેલાં એવા ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાન, અશ્રદ્ધાનનો ત્યાગ. સમજાણું કાંઈ? અશ્રદ્ધાન. જુઓ! **અંગપૂર્વગત પદાર્થોસંબંધી અજ્ઞાન,** અંગપૂર્વગત આદિ પદાર્થનું જ્ઞાન નથી એવું અજ્ઞાન. અને **અતપમાં ચેષ્ટા.** ચારિત્રમાં નહીં પણ અતપમાં. એટલે અચારિત્રમાં ચેષ્ટા. **ત્રણના ત્યાગ અર્થે,** ત્રણ કોણ? તત્ત્વાર્થની અશ્રદ્ધા, અંગપૂર્વગતનું અજ્ઞાન અને તપમાં અચેષ્ટા. તપમાં ચેષ્ટા નહીં. અચારિત્રમાં ચેષ્ટા તેના ત્યાગ હેતુ. એવા અશુભરાગનો ત્યાગ અને ધર્માદિસંબંધી તત્ત્વાર્થશ્રદ્ધાનના, વ્યવહારની વાત સિદ્ધ કરવી છે ને? આહાહા!

ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય તેના તત્ત્વાર્થશ્રદ્ધાનના ગ્રહણ હેતુ, કુશ્રદ્ધાનો ત્યાગ અને સુશ્રદ્ધા. વ્યવહારે શ્રદ્ધા હો! તેનું ગ્રહણ. **અંગપૂર્વગત પદાર્થો સંબંધી જ્ઞાન** અને ચારિત્રમાં વ્યવહારચેષ્ટાના ગ્રહણ અર્થે. આ વ્યવહારચેષ્ટા વિકલ્પની વાત છે. તત્ત્વાર્થઅશ્રદ્ધાન અંગપૂર્વગતનું અજ્ઞાન અને તપમાં ચેષ્ટાનો અભાવ તેનો ત્યાગ અને ધર્માદિશ્રદ્ધાનનું ગ્રહણ, અંગાદિના જ્ઞાનનું ગ્રહણ અને પંચમહાવ્રતાદિ વિકલ્પનું ગ્રહણ એ ત્યાગ અને ગ્રહણની વ્યાખ્યા અહીં વ્યવહારમાં કહેવામાં આવી છે. આહાહા! ભારે વાત ભાઈ! **(ત્રણના ત્યાગ અર્થે અને ત્રણના ગ્રહણ અર્થે)** ત્રણ વ્યવહાર હો! ત્રણનો. **વિવિકત ભાવરૂપ વ્યાપાર કરતો થકો,** વિવેકથી પૃથક કરેલો. બેમાં હો બે.તત્ત્વાર્થના અશ્રદ્ધાનને તત્ત્વાર્થશ્રદ્ધાનથી ભિન્ન કરતો થકો, અંગપૂર્વગતજ્ઞાનથી અંગપૂર્વગતઅજ્ઞાનનો ત્યાગ કરતો થકો. સમજાણું કાંઈ?

અને અતપમાં એટલે વ્યવહાર ક્રિયામાં તપમાં ચેષ્ટા ન હતી. તે વ્યવહાર ક્રિયામાં ચેષ્ટાનું ગ્રહણ અને અતપનો ત્યાગ. જરી ઝીણી વાત છે. અહીંયા તો વ્યવહારમાં પણ ગ્રહણ-ત્યાગના વિકલ્પની વાત છે. નિશ્ચયમાં તો ગ્રહણ-ત્યાગ છે નહીં. સ્વના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું તે તો નિશ્ચય છે. પણ સાથે વ્યવહાર કેવો હોય છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનના અભાવનો ત્યાગ, અભાવ છે ને તેનો

ત્યાગ અને તત્વાર્થશ્રધ્ધાનનું ગ્રહણ. અંગપૂર્વગત અજ્ઞાનનો ત્યાગ અંગપૂર્વગત જ્ઞાનનું ગ્રહણ. વ્યવહારચારિત્રનો ત્યાગ હતો તે વ્યવહારચારિત્રનું ગ્રહણ. સમજાય છે કાંઇ? કોણ જાણે શું હશે. એય! ધન્નાલાલજી! આ પર્યાયે પર્યાયની ખબર લીધી એવો માર્ગ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોતો નથી. ઓઘે ઓઘે વાત કરે એમ ન ચાલે. એમ કહે છે.

પોતાનો દ્રવ્યસ્વભાવ અખંડ અભેદ ચૈતન્યની દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્ર થવા છતાં પણ તેમાં વ્યવહારનો અશુભનો ત્યાગ અને શુભનું ગ્રહણ એવો વિવેક વ્યવહારમાં આવ્યા વિના રહેતો નથી. એ વાત કરે છે. આહાહા! સમજાણું કાંઇ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે અને તેને કુદેવ, કુગુરુની શ્રધ્ધા છે એમ હોતું નથી. એમ બતાવે છે. વ્યવહારમાં પણ તેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રધ્ધા હોય એમ બનતું નથી. તેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રધ્ધાનો ત્યાગ-સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રધ્ધાનું ગ્રહણ એવો વ્યવહારમાં એવો વિવેક વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એમ કહે છે. વ્યવહારની તો સીધી વાત છે. પણ માણસ એમ માને કે વ્યવહાર ભઇ, નિશ્ચયસમ્યગ્દર્શન ભલે થયું પણ વ્યવહાર ગમે તેવો હોય, એમ કે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર પણ હોય. સમજાણું કાંઇ? નવતત્ત્વ ને છ દ્રવ્યથી વિરૂધ્ધ શ્રધ્ધા પણ હોય અને નિશ્ચય હોય અને તેને પણ વ્યવહાર કહે એમ છે નહીં. એમ સિધ્ધ કરવું છે. આહાહા! સમજયા? દેવજીભાઇ!

પૂર્ણ સ્વરૂપ વિશેષ જ્ઞાનચેતના સ્વભાવ તે ચારિત્ર. પણ તે માર્ગમાં એવો વ્યવહાર જેને હોય અને તેને કુદેવ, કુગુરુ એક દ્રવ્ય છે એવા વિકલ્પની શ્રધ્ધા હોય. સર્વજ્ઞભગવાને, બે દ્રવ્ય અને સાત પર્યાય અહિંસાનો ત્યાગ અને તે અવિરૂધ્ધ શલ્ય છે. પણ આપણે વિકલ્પમાં તો એક જ દ્રવ્ય માનીએ છીએ. અને નિશ્ચય પણ હોતો નથી. તને નિશ્ચય સમજમાં આવે તો સાદી ભાષાની વાત છે. આત્મા અસંખ્ય પ્રદેશી અસ્તિ અનુભવ હોવા છતાં પણ તેની શ્રધ્ધાનું ગ્રહણ થયું. આવે છે. નિશ્ચયવાળાને વ્યવહારમાં એવો વિવેક, એક એક દ્રવ્યમાં અનંતગુણ છે. સમજાણું કાંઇ?

ગુણોના પુંજ(સમુહ)ને દ્રવ્ય કહે છે. શીખવાડે છે ને? દ્રવ્ય કોને કહેવું? અનંતગુણોના પિંડને દ્રવ્ય કહેવું છે. અનંતગુણનો પિંડ ભગવાનના ગુણ પોતામાં આવે છે કે નહીં? પોતાના ગુણ ભગવાનમાં જાય છે કે નહીં? ભગવાનને આપે છે કે નહીં? એ કહે છે. ભગવાન કાંઇ દેતા પણ નથી અને કાંઇ લેતા પણ નથી. પણ પોતાના સ્વભાવનું જયારે ભાન થયું તો તેના વ્યવહારના વિકલ્પમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ. ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પનો ત્યાગ. અને આ વિકલ્પનું ગ્રહણ. એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઇ? ઓહોહો! પધ્ધતિ તે પધ્ધતિ કુંદકુંદઆચાર્યદેવની. આહાહા! ઘણું કઠણ! ટૂંકામાં એટલું સ્પષ્ટ મુકે અને વાત ચોખ્ખી ચટ. આહાહા!

વળી એમ કહે કે આખા જગતમાં આત્મા તો એક જ છે એવો અનુભવ અમને થઇ ગયો. હવે

વ્યવહારમાં વિકલ્પ ઊઠે છે કે નહીં? હા, ઊઠે છે. શું? કે આ એક આત્મા છે બીજો છે નહીં. પાંચ જ દ્રવ્ય છે, છ દ્રવ્ય છે નહીં. બે જ તત્ત્વ જીવ અજીવ છે. નવતત્ત્વ નથી એમ જેને વિકલ્પ આવે છે તેનો તો વ્યવહાર પણ જૂઠો અને તેનો નિશ્ચય પણ જૂઠો. એવો વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોતો નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**વિવિકત ભાવરૂપ વ્યાપાર કરતો થકો,** વિવેક વિવેક કરતો થકો એમ. **નીચે અર્થ છે. વિવેકથી જુદા તારવેલા. અર્થાત્ હેય,** નવતત્ત્વની શ્રધ્ધાનો અભાવ હતો. તેને ગ્રહણ કર્યો. અભાવ હતો તેનો ત્યાગ કર્યો અને ઉપાદેય, નવતત્ત્વની શ્રધ્ધાને આદરણીય કરી. અહીંયા વ્યવહારની વાત છે ને? વ્યવહારે નવતત્ત્વની શ્રધ્ધા ઉપાદેય. હેં? એય! અહીંયા વ્યવહારે ઉપાદેય કહ્યું ને? અહીંયા નિશ્ચય ઉપાદેયની કયાં વાત છે? વ્યવહારમાં બે વચ્ચેની વાત છે. શ્રધ્ધા. નવતત્ત્વની શ્રધ્ધાનો અભાવ હતો ત્યાં નવતત્ત્વની શ્રધ્ધાનો ભાવ તે ઉપાદેય થયો. એક ઉપાદેય અને હેય બે વચ્ચેની અપેક્ષાએ ઉપાદેય છે. છે તો વિકલ્પ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા!

પંચાસ્તિકાય! પ્રવચનસાર! આ જુઓને! આ જ તો બપોરે પ્રવચનસારનો વિચાર બહુ ચાલ્યો હતો. આ તો આટલું સ્પષ્ટ કરે છે. કે આચાર્ય, ઉપાધ્યાય શ્રમણો તો શુધ્ધઉપયોગી હોય છે. અને કુંદકુંદઆચાર્ય કહે છે કે અમે ધર્મરૂપ થયા છીએ. શુધ્ધઉપયોગરૂપ થયા છીએ. આ કહે છે કે પંચમકાળમાં શુધ્ધઉપયોગ અત્યારે હોતો જ નથી. એ તો આઠમે હોય છે. ગજબ કરે! આવું પ્રવચનસાર! આ પણ જોવું ને પહેલા તે પણ જોવું હેમરાજનું. હેમરાજનું છે ને જૂનું. શ્રીમદ્માં આવે છે. એમાં પણ ઉપયોગ મુકયો. બે ને ત્રીજું ઓલું પદ લખ્યું છે ને? હેમરાજનું ને? પદ, પદ. હા, એમાં પણ એમ લખ્યું છે. કાંઈ વાંચે નહીં. શું કરે છે આ તો? અને મોક્ષમાર્ગના અધિકારમાં ટોડરમલે પહેલાં એ લીધું. આચાર્ય, ઉપાધ્યાય શુધ્ધઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને. આહાહા! અઠયાવીસ મૂળગુણ ને પંચમહાવ્રત તો ત્યાં લીધા પણ નથી. આહાહા!

અહીં ચાલે છે એ વ્યવહાર આવો હોય છે. વ્યવહાર દોષ છે એ તો વિકલ્પ છે. પણ બે વચ્ચે વિવેક કરવાથી અશુધ્ધનો સુખ-દુઃખનો ત્યાગ ને સુખ-દુઃખનું ગ્રહણ. કુદેવનો ત્યાગ સુદેવનું ગ્રહણ. અને નવતત્વની શ્રધ્ધાનો ત્યાગ હતો તેનું ગ્રહણ કર્યું અને નવતત્ત્વની શ્રધ્ધાનો અભાવ હતો તેને છોડી દીધું. સમજાણું કાંઈ? અંગપૂર્વગતજ્ઞાનનો ત્યાગ હતો તે ગ્રહણ કર્યું. અજ્ઞાનનો ત્યાગ કર્યો અને જ્ઞાન ગ્રહણ કર્યું. ભગવાને કહેલાં નવતત્ત્વનું જ્ઞાન ઓલું અંગપૂર્વગતનું જ્ઞાન. આહાહા! સમજાણું કાંઈ?

અને ભગવાને કહેલાં એવા અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ. તપમાં જે અચેષ્ટા હતી તે તપમાં ચેષ્ટા થઈ. અચેષ્ટા હતી તેનો ત્યાગ અને ચેષ્ટા થઈ તેનું ગ્રહણ. વ્યવહારવિકલ્પનો પંચમહાવ્રતનું ગ્રહણ. સમજાણું કાંઈ?

**જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરીને શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહારમોક્ષમાર્ગી સવિકલ્પ જીવને,** એમ. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ ધ્રુવ. તેના આશ્રયથી અજ્ઞાનનો નાશ કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને, **એવા વ્યવહારમોક્ષમાર્ગી જીવને,** એવા જીવને જે વ્યવહારવિકલ્પ આવે છે એ શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે. એવી વિકલ્પ અવસ્થામાં સાતમું ગુણસ્થાન શુદ્ધઉપયોગમાં થઈ ગયું છે. પણ જ્યારે છઠ્ઠે ગુણસ્થાને આવ્યો ત્યારે તેની વિકલ્પ દશામાં **નિઃશંકતા.** વીતરાગમાર્ગમાં નિઃશંકતા વ્યવહાર હો! **નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ,** પર્યાય વિકલ્પ. સમજાણું કાંઈ? **અને સ્વાધ્યાય વિનયાદિ ભાવરૂપ.** તે શાસ્ત્રનો સ્વાધ્યાય વિનયાદિ વિકલ્પ ભાવરૂપ **અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ,** ભાષા જુઓ! નિરતિચાર વ્રતાદિનો વિકલ્પ જે છઠ્ઠી ભૂમિકામાં છે. નિરતિચાર વ્રત એમ કહે છે. જુઓ તો ખરા! એવો વિકલ્પ નિશ્ચયસ્વભાવનું ભાન છે, અજ્ઞાનનો નાશ કર્યો છે તેને સવિકલ્પઅવસ્થામાં એવી વિકલ્પદશા હોય છે. આરે! આરે! ભારે વાત! સમજાણું કાંઈ?

**સ્વાધ્યાય,** જુઓ તો અહીંયા સ્વાધ્યાયમાં પણ વિકલ્પને નાખ્યો છે. સ્વાધ્યાય મોટું તપ છે એમ આવે છે કે નહીં? **વિનયાદિ,** એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયનો વિકલ્પ અવિનયનો ત્યાગ. વિનયનો આદર. વિકલ્પનો. **અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે.** તેની પર્યાયમાં ભૂમિકાનુસાર પંચમ ગુણસ્થાનને યોગ્ય-છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય એવો વ્યવહાર વિકલ્પ હોય છે. તે ન હોય અને તેનાથી વિરૂદ્ધ હોય તો નિશ્ચય પણ છે નહીં અને વ્યવહાર પણ છે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ?

**તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (-વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં.** જુઓ! એ નવ તત્ત્વની શ્રદ્ધા, અગિયાર અંગનું જ્ઞાન, પંચમહાવ્રત તેમાં કોઈ દોષ લાગવાથી**વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો,** શુભ વિકલ્પ છે ને? ગ્રાહ્ય થયું. તેમાં જરી ત્યાગ થવાનો દોષ લાગ્યો. **અને ત્યાજ્ય ભાવોનું ઉપાદાન,** અશુદ્ધ. કુદેવ આદિનો ત્યાગ અથવા નવતત્ત્વની શ્રદ્ધાનો ત્યાગ હતો તેમાં કોઈ વિકલ્પ આવી ગયો. **થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિતાદિ વિધાન પણ હોય છે.** છઠ્ઠી ભૂમિકામાં વિકલ્પમાં એવી દશા પણ આવે છે. સમજાણું કાંઈ? સમજવામાં ભારે આમાં! ઓલો કહે કે ભઈ, ઈશ્વર કરે હે ભગવાન! તારી દેજો પ્રભુ હો! અહીં કહે કે એવું છે નહીં. તારો ઈશ્વર માનવાથી પણ તારો વ્યવહાર કેવો હોય એનો અહીં વિવેક કરાવે છે. હેં? આહાહા!

તારો ઈશ્વર પરિપૂર્ણ પરમાત્મા સાક્ષાત ઈશ્વર છે. એ ઈશ્વરની પ્રતીત જ્ઞાન ને રમણતા થઈ, તો તેની દશામાં વ્યવહારનો વિકલ્પ કઈ જાતનો હોય છે તેનો વિવેક કરાવ્યો છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ** પ્રાયશ્ચિત્ત લ્યે તેનો. લ્યે ને? તપ લ્યે છે કોઈ પ્રાયશ્ચિત્તમાં

દંડ આદિ દંડ આદિ લ્યે. હોય છે. બસ.

કહે છે કે એવા **તેના પ્રતિવિધાનનો અભિપ્રાય કરતો થકો,** કોઈ દોષ લાગ્યો હોય તેનો નાશ કરવા માટે નિરતિચાર કરવા માટે **અભિપ્રાય કરતો થકો,** બસ એટલી વાત હવે. એ ત્યાં પૂરું થઈ ગયું. સમજાણું કાંઈ? એવી વિકલ્પ દશા હોય છે. હવે જેના વિકલ્પનો પણ અભાવ કરીને જયાં નિર્વિકલ્પ થાય છે ત્યાં વ્યવહાર હોતો નથી.

**જે કાળે અને જેટલા કાળ સુધી,** પોતાના.. સમસ્ત શાંતિપણે અને સમાધિપણે રહે છે, **જેટલા કાળ સુધી વિશિષ્ટભાવનાસૌષ્ઠવને લીધે,** વિશિષ્ટભાવનાસૌષ્ઠવ, ખાસ સારી ભાવના, ખાસ શુદ્ધ ભાવના, વિશિષ્ટ પ્રકારની ઉત્તમ ભાવના એટલે અંતર શુદ્ધ આનંદ સ્વભાવમાં એકાગતાની ભાવનાને શુદ્ધ ભાવના કહેવામાં આવે છે. જુઓ! ભાવનાનો અર્થ પણ અહીં કર્યો. ન્યાં તે નહોતું. વીતરાગ ભાવ એ જ ભાવના છે. .. એટલે શુદ્ધ ભાવના કહેવામાં આવી. આહાહા!

**વિશિષ્ટભાવનાસૌષ્ઠવને લીધે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે,** પોતાના આત્મામાં શુદ્ધ ઉપયોગની એકાગ્રતાને લીધે ભેદ વિનાની શ્રદ્ધા આદિ હોવાથી, નિર્વિકલ્પ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લીન થવાથી, શું કહે છે? **અંગ-અંગીભાવે, સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે અંગ-અંગીભાવે પરિણતિ વડે,** સમ્યગ્દર્શન-જ્ઞાન તે અંગ છે અને આત્મા અંગી છે. આત્મા તે અંગી અને સ્વભાવ તે સમ્યગ્દર્શન અંગ છે. બેય અભેદ થઈ ગયા. જુઓ! આત્માનો સ્વભાવ સમ્યગ્દર્શન-(જ્ઞાન)-ચારિત્ર તે અંગ છે. અને આત્મા અંગી છે. અંગી છે. શરીરવાળા છે, અંગવાળા છે. કયા અંગવાળા? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગવાળા અંગી છે. હાથ-પગવાળા શરીર છે. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગવાળો આત્મા અંગી છે. આહાહા! સમજાણું કાંઈ?

અમૃતચંદ્રઆચાર્યની ટીકા પણ અલૌકિક! આહાહા! કહે છે. સમજાય એવું છે. એક એક શ્લોકમાં એટલું બધું સ્પષ્ટ કર્યું છે. કહે છે કે, વ્યવહારના કાળમાં સવિકલ્પ દશામાં એ વ્યવહાર તો કહ્યો. પણ હવે નિર્વિકલ્પ દશા હોય ત્યારે શું હોય છે તે વાત કહે છે. અને તે માર્ગ અહીં સ્થાપન કરવો છે. આ અધિકારમાં તે જ માર્ગનું કથન છે. ગાથા તેની છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, ભાવનાનું કારણ સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. પોતાનો પરમાત્મા નિજસ્વભાવ શુદ્ધ ચૈતન્ય. તેની ભાવના નામ એકાગ્રતા. શુદ્ધ ઉપયોગની એકાગ્રતા દ્વારા સમાહિત થવાથી **અંગ-અંગીભાવે પરિણતિ વડે,** આત્મા અંગી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન અંગ છે. અભેદ પરિણતિ થઈ ગઈ. પહેલાં એ કહ્યું હતું ને? કે આત્મા જ મોક્ષમાર્ગ છે. પહેલાં કહ્યું હતું. **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સમાહિત થયેલો આત્મા જ મોક્ષમાર્ગ છે.** પહેલાં આવ્યું હતું ને? એ અહીં સિદ્ધ કરે છે. આહાહા!

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા. ત્રણ અંશ છે તે અંગ છે.

આત્મા અંગી છે. અંગ-અંગીની એકરૂપ પરિણતિ દ્વારા, **તેમનાથી સમાહિત થઈને,** સ્વભાવભૂત સમ્યગ્દર્શનને, સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી, તેમનાથી એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી **સમાહિત થઈને,** એટલે શાંતિમાં આવવાથી, **ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે,** ઓલા વ્યવહારના ત્યાગગ્રહણ હતા. સમજાણું કાંઈ?

વ્યવહાર વિકલ્પમાં નવતત્ત્વની શ્રધ્ધાનો અભાવ હતો તેનો ત્યાગ કર્યો અને નવતત્ત્વની શ્રધ્ધાને ગ્રહણ કરી. અંગપૂર્વગતનું અજ્ઞાન હતું તેનો ત્યાગ કર્યો. જ્ઞાનનું ગ્રહણ હતું. પંચમહાવ્રતાદિ વિકલ્પમાં ચેષ્ટા ન હતી તેનો ત્યાગ કર્યો અને પંચમહાવ્રતની ક્રિયાનું ગ્રહણ કર્યું. એવા ત્યાગગ્રહણ વ્યવહારમાં વિકલ્પમાં વિવિકત આવે છે. પણ જયારે તેનાથી છૂટીને પોતાના આત્મામાં જ અનંગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અંગ અને અંગી આત્મા **તેમનાથી સમાહિત થઈને ત્યાગગ્રહણના વિકલ્પથી શૂન્યપણાને લીધે,** વ્યવહારનો ત્યાગગ્રહણનો જે વિકલ્પ હતો તે છૂટી ગયો. આહાહા!

ત્યાગગ્રહણનો અર્થ શું વળી અહીં? ત્યાગગ્રહણ એટલે બહારના ત્યાગગ્રહણની વાત અહીં છે નહીં. ભાવમાં નવતત્ત્વની શ્રધ્ધાનો અભાવ હતો તેનો ત્યાગ કર્યો. નવતત્ત્વની શ્રધ્ધા ગ્રહણ કરી તે ત્યાગગ્રહણ. અહીં તો લોકો બહારના ત્યાગ કરો ને ગ્રહણ કરો. આ કરો ને પંચમહાવ્રત-નગ્નપણું ગ્રહણ કરો અને કપડા છોડી દયો. સમજાણું કાંઈ? તેને તો વ્યવહારથી પણ તેમાં થતું નથી એમ કહે છે.

સવિકલ્પ દ્વારા પહેલાં જો વિકલ્પ નવતત્ત્વનો શ્રધ્ધામાં ત્યાગ હતો, તેને છોડીને નવતત્ત્વની શ્રધ્ધાનું ગ્રહણ કર્યું એ ત્યાગગ્રહણ વ્યવહારમાં છે. નિશ્ચયમાં તો છે નહીં. સમજાણું કાંઈ? એવા **શૂન્યપણાને લીધે, શું?** વ્યવહારનો ત્યાગગ્રહણનો જે વિકલ્પ હતો તેનાથી રહિત થઈ ગયો. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમિત થઈ ગયો. આત્મા તે ભાવ અભેદ થઈ ગયો. **(ભેદાત્મક) ભાવરૂપ વ્યાપાર વિરામ પામવાથી,** લ્યો! આ વિકલ્પનો અભાવ થયો તે કારણે ભેદાત્મક ભાવ, જે વિકલ્પનો, વ્યવહારનો ભેદભાવ હતો ને? તે વ્યાપાર વિરામને પ્રાપ્ત થવાથી, વિકલ્પ રોકાઈ ગયો. છઠ્ઠા ગુણસ્થાને જે ગ્રહણત્યાગનો વિકલ્પ હતો તે રોકાઈ ગયો. આહાહા!

ગુણસ્થાન ને પર્યાય ને આ ભેદ.... ઓલા એક આત્મા માનવાવાળાને બધો ભ્રમ લાગે, હેં? એક જ આત્માને વળી, તેના અનંતગુણ ને તેની અનંતી પર્યાય ને તેમાં સ્વને આશ્રયે નિર્મળ પર્યાય અભેદરૂપે પરિણમે ને ત્યારે આવા ગ્રહણત્યાગના વ્યવહાર વિકલ્પ હોય. એ ગ્રહણત્યાગના વિકલ્પ છૂટે ત્યારે સ્વભાવમાં એકાકાર થાય. એ પર્યાયમાં એટલા ભેદ છે. આહાહા!

**(અર્થાત્ ભેદભાવરૂપ-ખંડભાવરૂપ વ્યાપાર અટકી જવાથી)** લ્યો! વ્યવહાર છે ને વિકલ્પ. એ તો ભેદભાવ હતો, ખંડરૂપ ભાવ હતો. **સુનિષ્કંપપણે રહે છે.** એકલા આનંદમાં રહે છે. કંપ વિના

એટલે વિકલ્પનું ઉત્થાન પણ જ્યાં નથી. આહાહા! **સુનિષ્કંપપણે,** એકલા નિષ્કંપ નહીં. **સુનિષ્કંપપણે રહે છે.** પોતાની પર્યાય પોતાના સ્વભાવમાં નિર્વિકલ્પ પર્યાય રહે છે. **તે કાળે અને તેટલા કાળ સુધી આ આત્મા જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે,** લ્યો!

**તે કાળે,** (એટલે)સાતમી ભૂમિકા. **તેટલા કાળ,** કાળમાં એટલો કાળ, જેમાં વિકલ્પ નથી એટલો. આહાહા! **આ જ આત્મા,** આ આત્મા. **જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ,** પોતાની સામાન્ય દર્શનચેતના અને વિશેષ જ્ઞાનચેતના બેનો ભેદ છોડીને અંદરમાં અભેદ લીન થાય છે. **નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે.** આ આત્મા નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે. ત્યાં પાછા લાવ્યા. મૂળ જે શરૂ(આત) માં હતી તે. સમજાણું કાંઈ? મૂળ તો **'અપ્પા'** છે ને? **णिच्छयण हि भणिदो तिहि ते हि सम्माहिट्ठो हु जो अप्पा ण कुणदि किंचि वि अण्णवि मुयदि** વ્યવહારમાં. વ્યવહારને છોડવું ગ્રહવું ત્યાં છે નહીં. **सो मोकखोमग्गो ति** એને મોક્ષમાર્ગ કહે છે. અહીંયાં મૂળ તો નિશ્ચય સિધ્ધ કરવું છે. ઓલું **ण कुणदि किंचि वि अण्णवि मुयदि** તેની વ્યાખ્યા કરીને સમજાવ્યું. સમજાણું કાંઈ?

**જીવસ્વભાવમાં તે કાળે અને તેટલા કાળ,** તેટલા કાળ અને તે કાળ **આ જ આત્મા જીવસ્વભાવમાં** લીન થવાથી **નિયત** નિશ્ચય સ્થિર થવાથી **નિશ્ચયથી 'મોક્ષમાર્ગ' કહેવાય છે.** તેને 'મોક્ષમાર્ગ' કહેવાય છે. લ્યો! આ આત્માને તે કાળે 'મોક્ષમાર્ગ' કહ્યો. લ્યો! સમજાણું કાંઈ? દ્રવ્ય સંગ્રહમાં આવે છે ને. આત્મા જ મોક્ષમાર્ગ છે. ત્રણનો ભાગ પાડવો તે પર્યાય છે.

ભગવાનઆત્મા એ ત્રણની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગ અને અંગી એકરૂપ થઈ ગઈ. આત્મા. ત્રણે આત્મા છે. સમજાણું કાંઈ? વિકલ્પ છે તે અનાત્મા છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તો અનાત્મા છે. એ આત્મા નહીં. આહાહા! કેટલું સિધ્ધ કરે છે. હોય છે. હોય છે તો તેનું જ્ઞાન કરાવ્યું. ન હોય તેને ત્યાગગ્રહણ શું? થોડી જ્ઞાનમાં અંદર કેળવણી કસરત કરવી પડે તેમાં. સમજ્યા ને? પંડિતજી! વ્યાયામશાળામાં કસરત કરે છે કે નહીં? એમ જ્ઞાનમાં કસરત કરવી પડે. નિશ્ચય શું? વ્યવહાર શું? વ્યવહારમાં ગ્રહણત્યાગનો વિકલ્પ શું? અને તેનાથી રહિત થઈને નિર્વિકલ્પ શું હોય છે.

મુમુક્ષુ :- હોય છે તો માનવામાં શું?

ઉત્તર :- હોય છે શું? આવ્યું નહીં? વ્યવહાર છે. છે તો જ્ઞાન કરાવ્યું. ન માનવું શું? વ્યવહારને વ્યવહારથી માનવો. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનવું નહીં. આ તો વિકલ્પાત્મક છે. આ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. નિશ્ચય મોક્ષમાર્ગ વીતરાગી પર્યાય છે. આ રાગ પર્યાય છે. બન્ને ભિન્ન ભિન્ન છે. રાગની પર્યાયની મર્યાદા કેટલી તે બતાવે છે. સમજાણું કાંઈ?

હેં? કહ્યું ને? આરોપથી કથન છે. મોક્ષમાર્ગમાં નિશ્ચય છે. આત્મા જ મોક્ષમાર્ગ થયો ને? પોતાની

પર્યાયમાં અભેદ થયો ને? તેને વ્યવહાર કહ્યો. નિશ્ચયથી મોક્ષ કહેવાય છે. એટલા માટે **નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને,** લ્યો! **સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે.** હેં? અત્યંત હોય છે એટલે વ્યવહારનયથી બરાબર પ્રમાણસર ઘટિત થાય છે. વ્યવહારનયથી એમ કહે છે. છઠ્ઠે ગુણસ્થાને અજ્ઞાનનો નાશ થઈને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય થઈ છે, પરિણતિ. તેની સાથે આવો વિકલ્પ છે તેને સાધન કહેવામાં આવ્યું. તેને છોડીને અભેદ સાધનમાં જ્યાં રમે છે તો તેને સાધ્ય કહ્યું. તો તે સાધનમાં વ્યવહાર નિમિત્ત છે એમ ત્યાં ઘટીત થાય છે. વ્યવહારનયથી એ વાત સિદ્ધ થાય છે. એમ કહે છે. ફૂટનોટમાં જુઓ! વ્યવહાર સાધન છે. **અત્યંત ઘટે (ઘટિત થાય) છે.** એમ લખ્યું છે કે નહીં? સમજાણું કાંઈ?

નિશ્ચયમોક્ષમાર્ગ પોતાના નિર્વિકલ્પ ઉપયોગમાં પરિણતિ થવી અને વ્યવહારમોક્ષમાર્ગ એ પહેલાં છઠ્ઠી ભૂમિકામાં ગ્રહણત્યાગનો જે વિકલ્પ હતો તેને વ્યવહાર કહીને સાધન કહ્યું, તેનો અભાવ કરીને થયો છતાં તે છે તેને વ્યવહાર સાધન કહેવામાં (આવ્યું.) ખરેખર તો તેનો અભાવ કરીને થયો છે. પણ પૂર્વે હતો તેને વ્યવહારથી સાધન કહેવામાં આવ્યું છે. આમ છે ભાઈ! ભારે ઝઘડા! છે કે નહીં? જુઓ! શબ્દે શબ્દ તેમાં છે કે નહીં? શબ્દે શબ્દનો અર્થ તો થાય છે. અત્યંત ઘટે છે. સમજાણું કાંઈ?

નીચે એકડો છે ને? **અહીં એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે જીવ વ્યવહારમોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે.** અજ્ઞાનનો નાશ કર્યા વગર વ્યવહારના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવતો નથી. **અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્થાત્ નિશ્ચયનયના-દ્રવ્યાર્થિકનયના-વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી.** પોતાના દ્રવ્યના આશ્રય વિના નિશ્ચય સમ્યગ્દર્શન થયું નહીં તો પૂર્વે વ્યવહાર છે તેને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

પૂર્વે, વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો વ્યવહારમોક્ષમાર્ગ પણ નથી હોતો. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચયના છે ત્યાં પૂર્વે, વર્તમાન પરિણતિમાં આવું નથી, ત્યાં રાગાદિ પૂર્વે હતા તેને સાધન કહીને સાતમે સાધ્ય થયું એવું ત્યાં હોતું નથી. વ્યવહાર કહેવામાં પણ આવતો નથી અજ્ઞાનીને. અજ્ઞાનીના પંચમહાવ્રત અને અગિયાર અંગના સાધન પણ કહેવામાં આવતા નથી. સાધન-ફાધન છે નહીં. એટલે નિમિત્ત પણ છે નહીં. સમજાણું કાંઈ?

હવે, **'અત્યંત ઘટે છે'**. તેનો ખુલાસો કરે છે. નીચે ખુલાસો કરીને બધું, બધું એવું કરી દીધું. થઈ ગયો અર્થ. **વળી, 'નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે' એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. આરોપિત નિરૂપણ છે.** એ કથન વાસ્તવિક નથી. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ

કે **'છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુદ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગને ખરેખર સાધ્ય-સાધનપણું છે'.**એમ, નિશ્ચય તે આ છે. **છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુદ્ધિનો અંશ વધીને જ્યારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુદ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે આહાહા! ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાનયોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.** લ્યો! પંડિતજીએ ખુલાસો બહુ સારો કર્યો છે. સમજાણું કાંઈ? કયા પંડિતે અર્થ કર્યો છે? શું અર્થ કર્યો? કોણે કર્યો? એય! આનો અર્થ કોણે કર્યો? હિંમતભાઈ! કોણ હિંમતભાઈ? છે અહીંયા? એમણે. પંડિતજી કહે છે કે કોણ પંડિતજી? કોઈ બીજા પંડિતજી? આ પંડિતજી. લ્યો! સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૩, ગાથા :- ૧૬૧
## વૈશાખ વદ-૨, શનિવાર, તા :- ૨૩-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૬૧ ગાથા. તેનો ભાવાર્થ :- પહેલાં નિશ્ચયમોક્ષમાર્ગ શું છે તેની વાત કહે છે. અહીંયાં આવો અહીંયાં.

**ભાવાર્થ :- નિશ્ચયમોક્ષમાર્ગ** અર્થાત્ સાચો મોક્ષમાર્ગ. ખોટો મોક્ષમાર્ગ નહીં સાચો. સત્યાર્થને સાચું કહે ને. નહીં? છ ઢાળામાં. સત્યાર્થ સો નિશ્ચય. બસ તો તેનો અર્થ શું? અસત્યાર્થ તે વ્યવહાર. અસત્ય કહો કે જૂઠો કહો ભાષા... અસત્ય કહો કે જૂઠો કહો. સમજાણું કાંઈ?

એ તો અગિયારમી ગાથામાં અભૂતાર્થ કહ્યું, અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો કે જૂઠો કહો. એ ઓલા કળશમાં આવે છે ને? જ્યાં ત્યાં જૂઠું છે. ભાઈ પૂછતા હતા ને? આ જૂઠા-જૂઠા કેમ કહે છે. વ્યવહાર અસત્યાર્થ કહેવામાં શું આવ્યું? નિશ્ચય સત્યાર્થ છે. ભૂતાર્થ-સત્યાર્થ છે અને વ્યવહાર અસત્યાર્થ છે એ શબ્દ ચોખ્ખો. જૈનશાસનની મૂળ પ્રણાલિકા. શબ્દ કઠણ લાગે પણ શબ્દમાં શું છે? તેનો ભાવ વાંચે તો શું શબ્દ છે તેનું વાચ્ય નજરમાં આવે છે કે નહીં? સમજાણું કાંઈ?

શું કહે છે? જુઓ! **નિશ્ચયમોક્ષમાર્ગ** એટલે સાચો મોક્ષમાર્ગ. **નિજ શુદ્ધાત્માની રુચિ,** નિજ શુદ્ધાત્માની રુચિ. શુદ્ધ પવિત્ર ભગવાન જ્ઞાન-દર્શન, જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવરૂપ વસ્તુ. જ્ઞાન-દર્શનનો સ્વભાવરૂપ વસ્તુ. તેની રુચિ. તેની સન્મુખ થઈને ભૂતાર્થ જે ત્રિકાળ જ્ઞાયક દૃષ્ટા-જ્ઞાતા સ્વભાવ છે તેની રુચિ-દૃષ્ટ કરવી તે સમ્યગ્દર્શન છે. તે સાચું સમ્યગ્દર્શન-સત્ય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

અને **નિજ શુદ્ધાત્માની જ્ઞપ્તિ,** નિજ શુદ્ધાત્મા જ્ઞાન-દર્શન સ્વભાવ સંપન્ન વસ્તુ. વસ્તુ છે

તે જ્ઞાન-દર્શન. એ ત્યાંથી ચાલ્યું આ નિશ્ચય ચારિત્ર. નિયત ચારિત્ર. વસ્તુ આત્મા, સ્વભાવવાન આત્મા, સ્વભાવ જાણવું-દેખવું ત્રિકાળ. એવો જે સ્વભાવ એ સ્વભાવની રુચિ, એ સ્વભાવનું જ્ઞાન તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાણું કાંઈ?

નિજ આત્મા કહ્યું ને પાછું. ભગવાન (જિનેન્દ્ર) શુધ્ધાત્મા તો છે. તે નહીં. નિજ આત્મા. આહાહા! પોતાનો આત્મા એ જ્ઞાન સ્વભાવ, દર્શન સ્વભાવરૂપ વસ્તુ છે, તે તરફની અભિરુચિ સન્મુખ થઈને રુચિ કરવી તે જ્ઞાન-દર્શન સ્વભાવવાન આત્મા તેની જ્ઞપ્તિ નામ જ્ઞાન કરવું અને તે **શુધ્ધાત્માની નિશ્ચળ અનુભૂતિરૂપ,** ભગવાનઆત્મામાં ચળે નહીં એવી સ્થિરતા કરવી, અનુભૂતિ એટલે સ્થિરતા કરવી તેનું નામ ચારિત્ર. લ્યો! આ સાચો મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? આંહી તો બે ભેદ પાડવા છે ને? બે. નિશ્ચય અને વ્યવહાર. આગળ પછી (એકસો)ચોંસઠ (ગાથા)માં ચાર ભાગ પાડશે.

નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સંવર-નિર્જરારૂપ છે. સમજાણું કાંઈ? પોતાનો નિજ શુધ્ધાત્મા પરિપૂર્ણ વસ્તુ તેની રુચિ, જ્ઞાન અને નિશ્ચય અનુભૂતિ સ્થિરતા તે મોક્ષમાર્ગ. તેમાં બે ભાગ આવ્યા. માર્ગ તરીકે એક પણ સંવર-નિર્જરા તરીકે બે. સમજાણું કાંઈ? **તેનો સાધક (અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન) એવો જે ભેદરત્નત્રયાત્મક,** જુઓ! એ વિકલ્પ છે. તેને અહીંયા વ્યવહાર સાધન કહીને ઉપચારથી સાધન કહેવામાં આવ્યું. યથાર્થમાં નહીં, તે અસત્યાર્થ સાધન છે.

**ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ,** વિકલ્પ છે, છ દ્રવ્ય, નવતત્ત્વની શ્રધ્ધા એ તત્ત્વાર્થ શ્રધ્ધાન સહિત અંગપૂર્વગતનું જ્ઞાન અને તેમાં પંચમહાવ્રતનો વિકલ્પ. તે વિકલ્પ છે તે વ્યવહાર સાધન અસત્યાર્થ છે તેને વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? અને ભેદ રત્નત્રય જે વિકલ્પ છે તેના આસ્રવ અને બંધ બે ભાગ છે. સમજાણું કાંઈ? પંડિતજી! આગળ એકસો ચોંસઠમાં કહેશે. નીચે અર્થમાં છે. એકસો ચોંસઠ છે ને? એ અર્થમાં ભાઈએ કર્યું છે, પંડિતજીએ. **તે મિશ્રપર્યાય** તેમાં મિશ્રપર્યાય છે ને? આપણે બપોરે ચાલે છે ને તમારે? જુઓ! પાનું (૨૪૩) બસ્સો તેતાલીસ. એકસો ચોંસઠ ગાથાની નીચે. છેલ્લી બે લીટી.

**તે મિશ્રપર્યાયનો શુધ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે અને અશુધ્ધ અંશ આસ્રવ-બંધના કારણભૂત હોય છે.** પાઠમાં છે ને? **बंधो व मोकख वा** મોક્ષમાર્ગમાં બંધ અને મોક્ષ બે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાનો સ્વઆશ્રય લઈને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયા તેમાં બે ભાગ છે. સંવર ને નિર્જરા. શુધ્ધિ ઉત્પન્ન થઈ પહેલાં ન હતી વૃધ્ધિ થઈ તેને સંવર-નિર્જરા કહેવામાં આવ્યા. અને તેનો સાધક જે વ્યવહાર છે **તેને જીવ કથંચિત (-કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી)** છે ને? ઓલામાં પણ આવે છે. યોગીન્દુદેવના દોહરામાં, નહીં? વ્યવહારને પ્રયત્ન કરીને જાણવો. એક શ્લોક આવે છે. જાણવા તરીકે યત્ન... અમારા પંડિતજીને બધું યાદ છે.

નવતત્ત્વ, છ દ્રવ્ય,અને તેનું જાણવા તરીકે યત્ન છે. આ બાજુમાં છે. હેં? નાખ્યું છે. એટલો અશુભ રાગ ટાળીને શુભ રાગના વિકલ્પમાં આવવું એ તો એટલો ઉદ્યમ છે ને? શુદ્ધ ઉદ્યમ સ્વભાવ સન્મુખ છે. સમજાણું કાંઈ? અને આ જરી શુભમાં પણ પ્રયત્નનો અંશ છે ને? તે પ્રકારનો. અશુદ્ધનો. સમજાણું કાંઈ? ભારે વાત! આહાહા! આંહી કહે છે કે નિશ્ચયમોક્ષમાર્ગ, આ તો ભઈ જેને જનમ-મરણના દુઃખનો નાશ કરવો હોય તેની વાત છે. સમજાણું કાંઈ? શાસ્ત્રથી વાદ-વિવાદ કરે, આવું છે ને આવું છે ને, એમાં કાંઈ છે નહીં.

ભગવાનઆત્મા! જુઓને! થોડી એક જરી ત્યાં પ્રતિકુળતામાં રાડ નાખે છે. એવી અનંતી પ્રતિકુળતા જે ભાવે ઉત્પન્ન થાય તે ભાવનો તો તેને ડર નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ તેમાં તો અનંતી પ્રતિકુળતા આવે એટલી તેની શક્તિ છે. આહાહા! સમજાણું કાંઈ? તોડી નાખે ત્યાં, આઠ ડીગ્રી, આઠ ડીગ્રી, દસ ડીગ્રી રાડ નાખે.. એ તો એના ખ્યાલમાં એમ માન્યું છે. ... તાપ થાય છે એમ માન્યું છે. તાપ તો પરજ્ઞેય છે. એ સ્વજ્ઞેયમાં આવતું પણ નથી. ફકત જ્ઞાન તેને જાણે. તેને જાણે છે કે આ છે. જાણવું તેમાં કોઈ રાગ (નથી) રાગ-દ્વેષ કરીને જાણે, અરે! આ! એવા પ્રતિકુળ દ્વેષ છે.

અહીં તો કહે છે કે ભાઈ, અલ્પ પ્રતિકુળતા પણ જેને સહન (થતી નથી), ઠીક નથી લાગતી. જેના ફળમાં અનંતી પ્રતિકુળતા છે એવો મિથ્યાત્વભાવ કેમ કરે છે? સમજાણું કાંઈ?રાગ વિકલ્પ છે તેને અહીં સાધન કહ્યું. પણ એ તો આરોપથી છે. યથાર્થમાં તેની રુચિમાં સાધન માની લ્યે પ્રતિકુળતા છે ભગવાન. સમજાણું કાંઈ?

કહે છે, **તેનો સાધક** એમ શબ્દ છે ને? **(અર્થાત્ નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યવહારસાધન)** એમ પાછો ખુલાસો કરવો પડયો. **એવો જે ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ,** છ દ્રવ્ય અને નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચમહાવ્રત આદિ અઠયાવીસ મૂળગુણનો વિકલ્પ રાગ અને અગિયાર અંગ પૂર્વગતને વાંચવાનો વિકલ્પ એ પણ **કથંચિત્ (-કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી)પો**તાના બસ એટલું. **પોતાના સંવેદનમાં આવતી અવિદ્યા,** રાગ અને આત્મા એક છે એવું વેદન એ અવિદ્યા અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્ય સ્વભાવ! રાગ તો વિભાવ, બેની એકતાનું વેદન અવિદ્યાનું વેદન છે. અજ્ઞાનનું વેદન છે. સમજાણું કાંઈ? પરનું વેદન નથી. પરનું તો વેદન છે નહીં. એ તાપ-ટાઢનું વેદન નથી. પોતાનો સ્વભાવ અનાકુળ શાંત આનંદ તેની સાથે વિકલ્પ શુભરાગ આકુળતા આસ્રવ અને બંધનું કારણ તેને એકત્વ કરીને, સ્વભાવની સાથે મેળવીને અવિદ્યાનું વેદન થાય છે તેનો નાશ કરવો તે વાત અહીં ચાલે છે. સમજાણું કાંઈ?

**અવિદ્યાની વાસનાના વિલય દ્વારા,** એ આત્મા જ્ઞાનરૂપ સ્વભાવ શુદ્ધ વિદ્યા તેનાથી વિપરીત

અવિદ્યા. સમજાણું કાંઈ? આ પરમાં સુખ કલ્પના તે પણ અવિદ્યા છે. એમ કહે છે. એ પરમાં સુખ છે, ઇન્દ્રિયોમાં સુખ છે, શરીરમાં સુખ છે, ભોગમાં સુખ છે, ઇન્દ્રાણીમાં સુખ છે, લક્ષ્મીમાં સુખ છે એવી જે કલ્પના તે અવિદ્યા જ્ઞાનનું વેદન છે. એમ કહે છે. સમજાણું કાંઈ? શોભાલાલજી! એ અવિદ્યાનું વેદન છે. આહાહા! તેની વાસના. એ અવિદ્યાની વાસના ગંધ. રાગ વિકલ્પ જે છે તેને પોતાનો જાણવો તે અવિદ્યાની ગંધ છે, વાસના છે. આહાહા!

**વાસનાના વિલય દ્વારા, એ વાસનાના વિલય** (નાશ) **દ્વારા પામ્યો થકો,** કોણ? વ્યવહાર. તે વગર વ્યવહાર કયાંથી આવ્યો? અવિદ્યાનો નાશ કરીને સ્વભાવનું જ્ઞાન-દર્શન-ચારિત્રનો ભાવ થયો તેની સાથે તેને વ્યવહાર સાધનનો જે વિકલ્પ આવ્યો જે બંધનું કારણ છે, જે આસ્રવરૂપ છે તેને અહીં આરોપથી સાધન કહ્યું, તો કહે છે કે તે સાધનની પ્રાપ્તિ અજ્ઞાનનો નાશ કરવાથી થાય છે. અજ્ઞાનનો નાશ કર્યા વગર વ્યવહાર સાધન કે નિશ્ચય સાધ્ય થતું નથી. આહાહા! ભારે કામ પણ. સમજાણું કાંઈ?

કહે છે, **જયારે ગુણસ્થાનરૂપ સોપાનના ક્રમ પ્રમાણે,** નિશ્ચયસ્વરૂપ પોતાની શ્રધ્ધા, જ્ઞાન અને ચારિત્ર તેનું સાધન વ્યવહાર વિકલ્પ જે છે તે અજ્ઞાનનો નાશ કરીને નિશ્ચય અને વ્યવહાર બન્ને ઉત્પન્ન થયા. એમ કહે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનના નાશ વગર સમ્યક્ નિશ્ચય નથી હોતું અને નિશ્ચય નથી તો વ્યવહાર સાધન આરોપ કરવાની ચીજ પણ તેને કહેવામાં આવતી નથી. આહાહા! જયસેનઆચાર્યની ટીકામાં છે. **જયારે ગુણસ્થાનરૂપ સોપાનના** સોપાન એટલે પગથિયા, **ક્રમ પ્રમાણે નિજશુધ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન,** જુઓ! સુખ આવ્યું સુખ. એ આવ્યું. નિજશુધ્ધાત્મદ્રવ્ય ભગવાનઆત્મા નિજ એટલે પોતાના શુધ્ધ પવિત્ર સ્વરૂપ એવું દ્રવ્ય એવી ભાવનાથી ઉત્પન્ન. એવા દ્રવ્યમાં એકાગ્ર થવાથી જે પર્યાય ઉત્પન્ન થઈ **નિત્યાનંદ લક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે નિજશુધ્ધાત્માશ્રિત નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે.** લ્યો! શું કહે છે?

કહે છે કે પોતાનો ભગવાનઆત્મા નિજશુધ્ધાત્મદ્રવ્ય તો તેનામાં તો આનંદ છે. પોતાની વસ્તુમાં તો અતીન્દ્રિય આનંદ ભરપૂર ભર્યો છે. ખાલી ખાબોચિયામાં ગોતે. હે આનંદ.... ખાલી ખાબોચિયામં.... વિકલ્પમાં, રાગમાં અને પરમાં સુખબુધ્ધિ શોધવી તે ખાલી ખાડામાં ગોતવા જેવી છે. આહાહા! ભરેલ તૃપ્ત ભાણું (ભોજન) પડયું છે તેમાં તો દષ્ટિ કરતો નથી. જેમાં નથી ત્યાં દષ્ટિ કરીને સુખી થવાનું માને છે તે મૂઢ છે. શોભાલાલજી! આ બધા એ લોકોને સુખી કહે છે ને? છ છ લાખનો આરસ પહાણનો મોટો હજીરો! મકાન. એ ભલે આવ્યા પણ લોકો એમ કહે કે આને છ લાખ રૂપિયાનો રહેવાનો બંગલો છે. બે મોટા શેઠીયા. આ મોટા શેઠ અને આ નાના શેઠ. બુંદેલ ખંડના બાદશાહ. .... સુખી છે. ધૂળેય

નથી. શાંતિભાઈ! આહાહા!

વસ્તુમાં સુખ છે કે પરમાં સુખ છે? શરીર વાણીમાં સુખ નથી આ શુભ અને અશુભભાવના વિકલ્પ ઊઠે છે તેમાં સુખ નથી. આંહી તો એ કહે છે. એ વ્યવહાર સાધન જે કહ્યું તેમાં સુખ નથી. સમજાણું કાંઈ? આહાહા! નિશ્ચયમોક્ષમાર્ગ પોતાથી ઉત્પન્ન થયો તેને વ્યવહાર સાધન કહ્યું પણ તેમાં સુખ નથી. આહાહા! સમજાણું કાંઈ? **નિજશુધ્ધાત્મદ્રવ્યની ભાવના** શબ્દ પડયો છે. એય! આ તો ભાવના, ભાવના એટલે? એકાગ્રતા કરવી તે. આ તો શુધ્ધાત્માની ભાવના. ભગવાન નિજ શુધ્ધ વસ્તુ. જ્ઞાન, દર્શન અને આનંદનું ધામ તેની અંતર દષ્ટિ કરીને, એકાગ્રતા કરીને જે તૃપ્તિ ઉત્પન્ન થઈ તો ભાવના તો અંદર એકાગ્રતા થઈ.

ભાવના તો આપણે ભઈ ભાવના કરો કલ્પનાથી આવો આત્મા આવો. એ ભાવના છે જ કયાં? અમારા એ વાત કરે છે. ઓલા આવે છે ને? પૂરણચંદસ્વામી. સામાયિકમાં પણ, શ્રાવકને સામાયિકમાં પણ કદાચિત્ શુધ્ધોપયોગની ભાવના હોય છે. એવો પાઠ છે. શ્રાવકને સમ્યગ્દષ્ટિને સાચા શ્રાવકને, અહીં વાડા-વાડાની વાત નથી. જે શ્રાવક સમ્યગ્દષ્ટિ છે, પોતાનો અનુભવ છે તેને સામાયિકકાળમાં કદાચિત શુધ્ધાત્માની ભાવના હોય છે. એવો પાઠ છે. તો એ ભાવનાનો અર્થ એવો કરે છે કે શુધ્ધાત્મા નહીં, ઉપયોગ નહીં. એની ભાવના. તો એ ભાવનાનો અર્થ એકાગ્રતા છે. પાઠ શું છે? શું કરે? સમજાણું કાંઈ?

અર્થ કરવામાં મોટો ફેર! ભાવનાનો અર્થ જ અંતર એકાગ્રતા. જેમ અનાદિથી શુભ-અશુભરાગમાં એકાગ્રતા હતી તે વિકારની ભાવના હતી.

મુમુક્ષુ :- ભાવનાનો અર્થ એકાગ્રતા છે?

ઉત્તર :- એકાગ્રતા છે. હવે આ તે કયાં વાત! એક અગ્ર. એકરૂપ દષ્ટિ કરીને લીન થવું તેનું નામ ભાવના કહેવામાં આવે છે. નિજ- શુધ્ધાત્મદ્રવ્યની ભાવનાથી અથવા એકાગ્રતાથી ઉત્પન્ન. નિત્યાનંદલક્ષણવાળા સુખામૃત. જેનું લક્ષણ નિત્યઆનંદ છે, એવું લક્ષણ.

ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ. મીઠો મધુરો અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંદર પડયો છે. સમજાણું કાંઈ? આ શુભરાગનો સ્વાદ પણ ઝેર છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ પંચમહાવ્રતનો વિકલ્પ શુભરાગ છે. એય! કયાં ગયા? પ્રકાશદાસ! ત્યાં બેઠા છે. અચ્છા. એ પંચમહાવ્રતનો વિકલ્પ દુઃખ છે. એમ કહે છે. પંચમહાવ્રત લ્યો, પાંચસમિતિ લ્યો. અરે ભગવાન! એ તો પરલક્ષી વિકલ્પ દુઃખ છે. તેમાં સુખ છે નહીં. અને તે દુઃખ છે તે મોક્ષનું કારણ છે. આહાહા!

એ તો સ્વભાવનું સાધન પ્રગટ કર્યું છે તેને એવો વિકલ્પ આવે છે તેને આરોપથી સાધન કહ્યું. છે તો દુઃખરૂપ આસ્રવ-બંધનું કારણ. પછી ખુલાસો કરશે. સમજાણું કાંઈ? એ તો પરસમય પ્રવૃત્તિ છે.

આહાહા! અરે! સ્વસમય પ્રવૃત્તિ તો સ્વરૂપ જો જ્ઞાન-દર્શન સ્વ તેમાં પ્રવૃત્તિ એકાગ્રતા તે સ્વરૂપ સ્વસમય પ્રવૃત્તિ ચારિત્ર છે. રાગમાં પ્રવૃત્તિ તો પરસમય પ્રવૃત્તિ છે. તે દુઃખરૂપ પ્રવૃત્તિ છે. આહાહા! તેમાં .. શું કહ્યું? **નિત્યાનંદલક્ષણવાળા સુખામૃતના,** જેનું લક્ષણ નિત્યાનંદ છે. ટીકા. એવું **સુખામૃતના.** સુખરૂપી અમૃત. તેના **રસાસ્વાદની,** તેના રસનો આસ્વાદ. તેની **તૃપ્તિરૂપ,** તેમાં આત્માને તૃપ્તિ થાય. આહાહા!

હજી સાંભળવામાં કઠણ પડે. આ શું કહે છે? જેમ અમૃતનો કૂંપ (ઘડો) હોય કૂંપ તેમાંથી અમૃત કાઢે. એમ ભગવાન અમૃતનો કૂંપ છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય ખબર નહીં. ભગવાન તો આ છે. પોતાનો નિજ ભગવાન તો આત્મા છે. અહીં તો એમ કહે છે. પર ભગવાનની પ્રશંસા મિથ્યાત્વમાં જાશે તો વિકલ્પ ઊઠશે. આવે છે. હોય છે. તે તો કહ્યું, તેને વ્યવહારસાધનનો આરોપ (આપવામાં આવ્યો છે.) ખરેખર છે નહીં તેને આરોપ આપીને પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. નિશ્ચયનું અને વ્યવહારનું પ્રમાણરૂપ જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? આહાહા!

**નિજશુધ્ધાત્મદ્રવ્યની ભાવનાથી ઉત્પન્ન,** ચોથે ગુણસ્થાને એકાગ્રતા છે કે નહીં? તેનાથી **ઉત્પન્ન નિત્યાનંદલક્ષણવાળા,** આત્મખ્યાતિ પણ તેમાં પ્રશ્ન નથી? પાંચમી ગાથામાં. મુનિને તો પરમશુધ્ધોપયોગ છે. અહીંયાં સમયસારમાં પાંચમી ગાથામાં પ્રચુર સ્વસંવેદન છે. તેમાં શું આવ્યું? મુનિને પરમશુધ્ધોપયોગ કહ્યું. પરમશુધ્ધોપયોગ. અને પાંચમી ગાથામાં ત્યાં ત્રીજી ગાથામાં કહ્યું. સમયસારની પાંચમી ગાથામાં મુનિ કુંદકુંદઆચાર્ય (કહે છે)અમને પ્રચુર સ્વસંવેદન નિજવૈભવ ઉત્પન્ન થયો છે. એવું થોડું સ્વસંવેદન તો ચોથે પાંચમે (ગુણસ્થાને)પણ છે. સમજાણું કાંઈ?

પરમશુધ્ધોપયોગનો અર્થ થોડો શુધ્ધોપયોગ ચોથે-પાંચમે (ગુણસ્થાને)પણ છે. પરમશુધ્ધઉપયોગ નહીં. અહીં પણ એમ કહ્યું છે. જુઓ! નિત્યાનંદલક્ષણવાળા સુખામૃતના રસાસ્વાદના તૃપ્તિરૂપ, શાંત... શાંત... પોતાના આનંદની અંશમાં પ્રગટતા આવી. નિત્યાનંદ તો છે જ. તેની પ્રતીતિ અને અનુભવ કરીને એકાગ્રતા કરીને પોતાની દશામાં જો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તેનાથી તૃપ્ત થયો. તૃપ્તિ થઈ ગઈ. આહાહા! કાંઈ આશા રહી નહીં. સમજાણું કાંઈ?

એવા આત્માના સુખામૃત એકાગ્રતાની ભાવના ઉત્પન્ન થઈ તો તૃપ્તિ થઈ ગઈ. જુઓ! નિશ્ચયમોક્ષમાર્ગ! રાવજીભાઈ! આવી વાતેય લોકોને સાંભળવા મળતી નથી. બહારના ઢસરડા કરીને બિચારા ...... એવું લખાણ લખે! ગપ્પે ગપ્પ બધી. ભગવાને પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય લીધા. એ બધું અહિંસા છે. આ બધા વિકલ્પ! એ ભગવાને કહ્યા અહિંસા ને સત્ત્ય ને દત્ત ને બ્રહ્મચર્ય. અરે ભગવાન! આંહી તો કહે છે કે ભગવાને તો આત્માની વિધિ એ કહ્યું. નિશ્ચયમોક્ષમાર્ગ એ વિધિ કહી છે. સમજાણું કાંઈ?

વ્યવહાર તો વચ્ચે આવે છે. વ્યવહાર છે તે જાણવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા! શાંતિભાઈ! સાંભળ્યું નથી, સમજમાં આવતું નથી અને એકદમ! હાલો ધર્મ થઈ ગયો. તસ્સઉતરીકરણેણં તાવકાય ઠાણેણં માણેણં જાણેણં. શું પણ? રાવજીભાઈ! ઝવેરચંદભાઈને આવડતું હશે કે નહીં? તાવકાય ઠાણેણં માણેણં. તાવકાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસરામી. શ્રીમદે કહ્યું, આખો આત્મા વોસરાવી દીધો. ત્યાં તો શુદ્ધાત્મા એવી અંતરદષ્ટિથી તૃપ્ત થાય છે તો શુદ્ધપરિણામરૂપી આત્માને છોડી દયે છે. તેનું નામ ચારિત્ર છે. રાવજીભાઈ! બધા અર્થમાં ફેર છે.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું ધામ ધ્રુવધામ. તેમાં દષ્ટિ લગાવવાથી એકાગ્રતાની ભાવના એકાગ્રતા છે. એકાગ્રતા થવાથી જેમ રાગમાં એકાગ્રતા હતી, આકુળતા અને દુઃખનું વેદન હતું. સ્વભાવમાં એકાગ્રતા થઈ તો અતીન્દ્રિય આનંદના રસાસ્વાદથી આનંદથી તૃપ્તિ થઈ. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે એવા **તૃપ્તિરૂપ પરમ કળાના,** ભાષા જુઓ! એ મોક્ષમાર્ગની પરમ કળા છે. આહાહા!

આચાર્યને શબ્દ વાપરતાં પણ ઘણા મળતા પણ નથી એવા આ શાસ્ત્ર છે. પદ્મનંદજી લખે છે ને. પદ્મનંદજી! કેવા પદ્મનંદજી? પદ્મપ્રભમલ્લધારિદેવ. નિયમસારની ટીકા. આ તો જયસેનઆચાર્યદેવની છે. તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે. આહાહા! કહે છે કે જેમ બીજ ને ત્રીજ ને પાંચમે (ચંદ્રની) કળા હોય છે ને એમ ભગવાનઆત્મા આખા ચૈતન્યના પ્રકાશના આનંદના નૂરના પૂર પ્રભુ આત્મા છે. તેમાં એકાગ્ર થવાથી અંદરમાં કળા જાગી. આનંદની કળા. સમજમાં આવે છે ને? થોડું થોડું સમજમાં આવે છે. ધ્યાન રાખે ને. બાળકને, ધ્યાન રાખે ને. હોંશિયાર છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા બાળક પણ કયાં, જુવાન પણ કયાં અને વૃદ્ધ પણ કયાં. એને રાગ પણ કયાં છે. આહાહા! રાગ અને રજકણથી ભગવાન ભિન્ન છે. એવા ભગવાનઆત્મામાં એકાગ્ર થવાથી આનંદની અનુભવ કળા જાગી. આ તો સમજમાં આવે છે ને?**પરમ કળાના અનુભવને લીધે નિજશુદ્ધાત્માશ્રિત,** જુઓ! નિજશુદ્ધાત્મા તેને આશ્રિત. આહાહા! **નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે.** લ્યો! નિશ્ચય સાચું સમ્યગ્દર્શન. જુઓ! આ સત્ત. કેટલા બધા શબ્દોમાં રહેલું છે, **સુખામૃતના રસાસ્વાદની તૃપ્તિરૂપ પરમ કળાના અનુભવને લીધે નિજશુદ્ધાત્માશ્રિત નિશ્ચય-દર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે.** આહાહા!

અહીં તો કહે છે કે, ભગવાનઆત્મામાં સમ્યગ્દર્શન હોય અને આનંદ ન હોય તો એ સમ્યગ્દર્શન નહીં. સમજાણું કાંઈ? જ્ઞાન અને આનંદને સાથે લઈને વાત કરે છે. એકલું જ્ઞાન નહીં. એકલું જ્ઞાન કયાંથી આવે? વસ્તુમાં એકલું જ્ઞાન છે નહીં. વસ્તુ તો અનંતગુણ સંપન્ન જ્ઞાન ને આનંદ સહિત છે. આહાહા! પહેલાં શ્રદ્ધામાં નક્કી તો કરે. સમજણમાં નક્કી તો કરે કે આ જ માર્ગ છે બીજો કોઈ માર્ગ નથી. આખી

દુનિયા ફરી જાય, દેવ-ઇન્દ્રો ફરે પણ આ માર્ગ ફરે નહીં. એમ નક્કી કરવું જોઈએ ને? આહાહા!

**નિજશુધ્ધાત્માશ્રિત,** નિજશુધ્ધાત્માશ્રિત, ત્યાં પરનો આશ્રય નથી ત્યાં નિશ્ચય છે કે નહીં? **નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપે અભેદપણે પરિણમે છે.** ભગવાનઆત્મામાં એકરૂપ અવસ્થા હોય છે. રાગમાં પરિણમન થાય છે એ તો ભેદરૂપ દુઃખરૂપ પરિણમે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદનું ધામ. આ તો સાદી ભાષા છે. તેમાં કોઈ... **અભેદરૂપ પરિણમે છે, ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે,** જુઓ! એ સમયે ભિન્ન રાગનું સાધન રહેતું પણ નથી. પોતાના આશ્રયે જ્યારે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના અનુભવમાં હોય છે ત્યારે તેને ભિન્ન સાધનનો વિકલ્પ હોતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

ચારિત્રના પરિણામ. એટલે એ એમ કહે છે કે ચારિત્રમોહનો બિલકુલ જ્યાં નાશ થાય ત્યાં ચારિત્ર હોય. એમ. અરે! મોહ ક્ષોભ એમ આવે છે ને? સ્વરૂપે ચારિત્ર ક્ષોભનો બિલકુલ નાશ. એમ આજ કીધું આ કેમ આમ થાય? પાઠ તો એવો છે. મોહ ને ક્ષોભના ચારિત્રમોહના પરિણામથી રહિત. એ ચારિત્રમોહના પરિણામ કયાં ગણાય? કે બિલકુલ રહિત હોય ત્યારે બારમું ગુણસ્થાન હોય ત્યારે એને ચારિત્ર કહેવાય. અરે ભગવાન!

એ તો ત્યાં રાગથી રહિત જ છે. બાકી રાગ તે બીજો રહી ગયો. સમજાણું કાંઈ? અંતરમાં શુધ્ધોપયોગના પરિણમનમાં તો મોહ-ક્ષોભથી રહિત જ પરિણમન છે. હજી થોડો રાગ છે એ માટે અહીં વાત-ગણવામાં આવતી પણ નથી. આહાહા! શું કરે? કંઈક શાસ્ત્રના શબ્દના અર્થ મરડી કચરડી ને કરે અને પછી કહે કે તમે ઊંધા અર્થ કરો છો એમ. ખોટું લાગે તો રાખે.

અહીં કહે છે કે આત્મામાં સ્વઆશ્રયથી શુધ્ધસ્વભાવથી રમણતા થઈ તો ખરેખર તો મોહ અને ક્ષોભના પરિણામ તો ત્યાં છે જ નહીં. મિથ્યાત્વ છે નહીં અને રાગ પણ ત્યાં છે નહીં. થોડા રહ્યા છે તે પર્યાયમાં છે નહીં એમ કહે છે. સાતમા ગુણસ્થાનનું ચારિત્ર એ મોક્ષનો માર્ગ સ્વરૂપે ચરણમ ચારિત્ર જે સ્વસમયની પ્રવૃત્તિરૂપ, પ્રવચનસારમાં આવે છે ને? એ ત્યાં ચારિત્ર સાતમા ગુણસ્થાનની વાત કરે છે. સાતમાની વાત છે. છઠ્ઠામાં કષાયના કણ આવે છે તે ઓળંગે, તે પર્યાય છે. કષાયનું કણ ઓળંગી જઈને પાછું બારમું આવે એમ કહે છે. પંચમહાવ્રતનો કષાયનો કણ છઠ્ઠે ગુણસ્થાને આવે છે. ત્રણ કષાયનો તો અભાવ છે. તેમાં પરિણતિ તો શુધ્ધ છે પણ ઉપયોગમાં જ્ઞેય-જ્ઞાતાના અભેદપણામાં નથી રહી શકતો તો પંચમહાવ્રત, અઠયાવીસ મૂળગુણના કષાયના કણ દેવ-ગુરુ-શાસ્ત્રનું સાંભળવું ને ભક્તિ આદિનો વિકલ્પ આવે છે, તો તેને ઓળંગીને સ્વરૂપમાં ચારિત્રમાં રમવું. તેવા સાતમા ગુણસ્થાનના ચારિત્રને એ મુનિ કહે છે કે અમને પ્રાપ્ત થયું છે.

કુંદકુંદઆચાર્ય કહે છે કે અમે પંચમઆરાના સાધુ સામ્ય ધર્મને શુધ્ધઉપયોગને પ્રાપ્ત થયા છીએ.

ઉપયોગને સામ્ય કહ્યો. આહાહા! અમે મોક્ષમાર્ગને બતાવવાવાળા છીએ. આ મોક્ષમાર્ગ નિશ્ચય છે સાથે વિકલ્પની જાત કેવી હોય છે એવું અમને સાક્ષાત અમારી ભૂમિકામાં દેખાય છે. એમ કહીને અમે મોક્ષમાર્ગ કહેશું. આહાહા! ભગવાન કહે છે તો કહીશું એમ નહીં. સમજાણું કાંઈ? અમારા આત્માનો નિશ્ચય અનુભવ દર્શનજ્ઞાનચારિત્ર તેમાં ચરણાનુયોગનો વિકલ્પ કેવો હોય છે એ અમારા જ્ઞાનમાં બે વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ?

આ ઓલા કહે છે ને કે ભઈ અમને ભગવાન આમ કહે છે પંચમહાવ્રત લ્યો, ફલાણું લ્યો. એમ નહીં. આચાર્ય કહે છે કે અમને અમારા નિશ્ચય સ્વરૂપમાં અભેદ પરિણતિ તો છે પણ થોડો વિકલ્પ પણ આવ્યો છે એ કષાયનો કણ છે. એ નિશ્ચય-વ્યવહારનું બેનું અમે વર્તમાન ભૂમિકામાં અમારા જ્ઞાન પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? એવો મોક્ષમાર્ગ કહેશે. ભગવાન કહે છે કે એ નહીં. અમે અમારા અનુભવથી કહીએ છીએ કે મોક્ષમાર્ગ આવો છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓલામાં ... એમ કહે છે. લ્યો! સુધર્માસ્વામી એમ કહે છે કે એ ભગવાને મને એમ કહ્યું એ હું તમને કહું છું. શ્વેતાંબરમાં એમ આવે છે. એના ક્યાં અનુભવ હતા. ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? આંહી તો જ્યાં ત્યાં નાખે પછી એમ નાખે જિનેન્દ્રદેવ એમ કહે છે. અમારા અનુભવથી અમે મોક્ષમાર્ગ કહીએ છીએ તો જિનેન્દ્રદેવે એમ કહ્યું છે એમ. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, **ત્યારે નિશ્ચયનયથી ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે,** પોતાનો ભગવાન નિજસ્વભાવના આશ્રયથી તૃપ્તિરૂપ આનંદના અનુભવમાં નિશ્ચયચારિત્રમાં રમે છે, ત્યારે ભિન્ન સાધનનો ત્યાં અભાવ છે. પંચમહાવ્રતાદિનો વિકલ્પ ત્યાં છે નહીં. **આ આત્મા જ મોક્ષમાર્ગ છે.** લ્યો! **ભિન્ન સાધ્ય-સાધનના અભાવને લીધે આ આત્મા જ મોક્ષમાર્ગ છે.** એમ ત્યાં લેવાનું છે ને? આહાહા! ભારે વાત પંચાસ્તિકાયની! પ્રવચનસાર, સમયસાર અલૌકિક વાત છે. ...... આત્મા ડોલાવી નાખે એવું છે. સમજાય છે કાંઈ? એને અંદરથી હલાવી નાખે. અરે! જો તો ખરો! પ્રભુ તારી જાતને. આહાહા! તારી જાતના આશ્રય વિના બધે થોથે થોથા છે. સમજાય છે?

હમણાં કહેશે. અનુભવી હોય ને કાં અનુભવીનો આશ્રયવાળા મુનિ હોય એમ બે વાત કરે છે. ... ધૂળેય નથી. આંહી તો કહે છે. .... ચીમનભાઈ એમ કહે છે. પુસ્તક કારણ દેખીને અંકિત કર્યું છે. એ તો વ્યવહાર છે. એ તો થાય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. સ્વને આશ્રયે થાય તો વ્યવહાર ભગવાને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સમકિત વ્યવહાર કહેવામાં આવે છે. અલૌકિક વાતનો રસ્તો ગૂઢ ગંભીર રસ્તો. સમજાણું કાંઈ? આ માર્ગ યથાર્થ છે. તેમાં કોઈ વાદ- વિવાદને સ્થાન છે નહીં.

હવે સિદ્ધ કરે છે. **માટે એમ ઠર્યું કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક,** સુવર્ણ તે નિશ્ચય અને સુવર્ણપાષાણ વ્યવહાર. ત્યાં એમ કહેવું છે ને? **નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને**

**સાધ્ય-સાધનપણું (વ્યવહારથી) અત્યંત ઘટે છે.** લ્યો! એમ. સુવર્ણ અને સુવર્ણપાષાણ. અગ્નિ લગાવવાથી પથ્થર ભિન્ન થાય, છે એટલું નિમિત્ત જોઈને તેને વ્યવહાર કહેવામાં આવ્યો. એમ ખરેખર તો રાગથી ભિન્ન કરવાની ભેદજ્ઞાન અગ્નિ પ્રગટ થાય છે. ત્યારે તે રાગ, એટલો રાગથી ભિન્ન પડયો ને? એટલી અપેક્ષા આપીને તેને નિમિત્તરૂપે વ્યવહારસાધન તરીકે ગણવામાં આવ્યું. આહાહા! અરેરે! આવા મનુષ્યપણા સમયે સમયે ચાલ્યા જાય છે. બહારની પ્રવૃત્તિ અને બહારની વૃત્તિ આગળ એના પોતાના નિજઆત્માના કલ્યાણની રુચિ તેની ખબર વિના જીવન વ્યર્થ લૂંટાય છે. આહાહા!

એક તો સંસારમાં કમાવું, ખાવું, પીવું, વિષય તેમાં કમાવામાં જાય. થોડુંક રહે તો કુગુરુ કલાક બે કલાક લૂંટી લ્યે. એટલે ઊંધે રસ્તે રાગની ક્રિયા કરો, આ ક્રિયા કરો. એ તો રાગની ક્રિયા ન કહે એ તો ધર્મની ક્રિયા કરો એમ કહે અને તે ક્રિયાથી તમારી મુક્તિ થશે. આહાહા! લૂંટી લીધા. ડાકુ થઈને લૂંટી લીધા. ... સમજાણું કાંઈ? જ્ઞાનાવરણ આદિ આઠ, જ્ઞાનાવરણ તો એમ કુગુરુ એકલા નર્કમાં-નિગોદમાં ન જાય, પોતાના મહેમાનને સાથે લઈને જાય છે. આહાહા! ઊંધી પ્રરૂપણા કરીને, ઊંધી શ્રદ્ધા કરીને એકલા તો નિગોદમાં જાય છે પણ સાથે જેને કહે છે, તે પણ ચાલો ભાઈ અમારી સાથે. ચાલો અમારી સાથે નિગોદમાં. એક શરીરમાં બેસી જાવ. ત્યાં એ કરીને .. આહાહા! હેં? નિશ્ચયમોક્ષમાર્ગ એ સુવર્ણ સમાન. પોતાનો શુધ્ધાત્મા પોતાનું (શુધ્ધ)પરિણમન કરી કરીને પૂર્ણ શુધ્ધ થઈ જાય છે.

હવે સુવર્ણપાષાણ, એ પાષાણ અને સુવર્ણની વચ્ચે અગ્નિ પેટાવી તો સુવર્ણપાષાણને વ્યવહાર કહેવામાં આવ્યો. એમ રાગથી ભિન્ન પાડી પાડીને પોતાનો સ્વભાવ જ પોતાનું કામ કરે છે. પણ વચ્ચે જો રાગની મંદતા ઘટતી જાય છે તેને નિમિત્ત સાધન તરીકે વ્યવહાર સાધન કહેવામાં આવ્યો. **અત્યંત ઘટે છે.** એટલે બેનો વિરોધ નહીં. એમ કહે છે. એવો વ્યવહાર હોય અને નિશ્ચય ન હોય એમ નહીં. એવા આત્માના આશ્રયે નિશ્ચયદર્શનજ્ઞાનચારિત્ર છે. અને તેમાં એવો વ્યવહારનો વિકલ્પ છે તો નિશ્ચયચારિત્ર નાશ થાય છે એમ નથી. ઉપરની ભૂમિકાની શુધ્ધિને ભલે બાધક હોય પણ વર્તમાન ભૂમિકાને બાધક છે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો ૧૬૧ ગાથા પૂરી થઈ.

## ગાથા-૧૬૨

जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं ।
सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि ।। १६२ ।।

यश्चरति जानाति पश्यति आत्मानमात्मनानन्यमयम् ।
स चारित्रं ज्ञानं दर्शनमिति निश्चितो भवति ।। १६२ ।।

आत्मानश्चारित्रज्ञानदर्शनत्वद्योतनमेतत् ।

य: खल्वात्मानमात्ममयत्वादनन्यमयमात्मना चरति–स्वभावनियतास्तित्वेनानुवर्तते, आत्मना जानाति–स्वपरप्रकाशकत्वेन चेतयते, आत्मना पश्यति–याथातथ्येनावलोकयते, स खल्वात्मैव चारित्रं ज्ञानं दर्शनमिति कर्तृकर्मकरणानामभेदान्निश्चितो भवति । अतश्चारित्रज्ञानदर्शनरूपत्वाज्जीवस्वभावनियतचरितत्वलक्षणं निश्चयमोक्षमार्गत्वमात्मनो नितरामुपपन्नमिति ।। १६२ ।।

---

જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,
તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨.

અન્વયાર્થ :- (य:) જે (આત્મા) (अनन्यम् आत्मानम्) અનન્યમય આત્માને (आत्मना) આત્માથી (चरति) આચરે છે, (जानाति) જાણે છે, (पश्यति) દેખે છે, (स:) તે (આત્મા જ) (चारित्रं) ચારિત્ર છે, (ज्ञानं) જ્ઞાન છે, (दर्शनम्) દર્શન છે- (इति) એમ (निश्चत: भवति) નિશ્ચિત છે.

ટીકા :- આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).

જે (આત્મા) ખરેખર આત્માને-કે જે આત્મમય હોવાથી અનન્યમય છે તેને- આત્માથી આચરે છે અર્થાત્ *સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે). (અનન્યમય આત્માને જ)આત્માથી જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે, (અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે અર્થાત્ યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે-એમ

---

*સ્વભાવનિયત = સ્વભાવમાં અવસ્થિત; (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દઢપણે રહેલ. (સ્વભાવનિયત અસ્તિત્વથની વિશેષ સ્પષ્ટતા માટે ૧૫૪મી ગાથાની ટીકા જુઓ.)

***કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે. આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચય-મોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે). ૧૬૨.**

## ગાથા-૧૬૨ ઉપર પ્રવચન

**जो चरदि णादि पेच्छदि अप्पाणं अप्पणा अणण्णमयं ।**
**सो चारित्तं णाणं दंसणमिदि णिच्छिदो होदि ।। १६२ ।।**

**ટીકા :- આ, આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે,** ભગવાનઆત્માનું ચારિત્ર, ચારિત્ર પહેલાં લીધું ને? ચારિત્ર મોક્ષનું કારણ બતાવવું છે ને? **આત્માના ચારિત્ર-જ્ઞાન-દર્શનપણાનું પ્રકાશન છે (અર્થાત્ આત્મા જ ચારિત્ર, જ્ઞાન, અને દર્શન છે એમ અહીં સમજાવ્યું છે).** આત્મા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. વિકલ્પ આદિ એ અનાત્મા છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે નહીં. કેટલું સ્પષ્ટ કરે છે.

**જે (આત્મા) ખરેખર આત્માને**-પોતાને. આત્મા પોતાને. કે **જે આત્મમય હોવાથી અનન્યમય છે તેને-આત્માથી આચરે છે અર્થાત્ *સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે (-સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે).** પોતાનો જ્ઞાન-દર્શન જે આત્મસ્વભાવ છે, એ આત્મા આત્માના સ્વભાવ દ્વારા અનુચરે છે. એ જ્ઞાન-દર્શન અનન્યમય છે ને? આત્મા વસ્તુ અને જ્ઞાન-દર્શન અનન્યમય, અનેરા નહીં, અભિન્ન છે. આવો આત્મા પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવમાં આત્માથી આચરે છે. પોતાથી અંદર સ્થિર રહે છે. **સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે. (સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે).** નીચે (ફૂટનોટમાં) ખુલાસો છે.

**સ્વભાવનિયત = સ્વભાવમાં અવસ્થિત; (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દઢપણે રહેલ.** ..... જ્ઞાન, દર્શનની ઓળખાણ કર્યા વગર તેમાં સ્થિર રહેશે કેમ? સમજાણું કાંઈ?

આ, જ્ઞાન, દર્શન, સ્વભાવ તે અંતરદષ્ટિમાં આવે ત્યારે તેમાં સ્થિર થાય. સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગ ને પર્યાય ને અંશ પરલક્ષમાં આવે તો સ્થિર શેમાં થવું? આહાહા! હેં? આહાહા! આ આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવ છે એવું જ્યારે દષ્ટિમાં આવ્યું ત્યારે તેમાં સ્થિર થાય છે. તેમાં દઢ આચરણ કરે

****જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે-જાણે-દેખે છે, ત્યારે કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા અને કરણ પણ આત્મા છે; એ રીતે ત્યાં કર્તા-કર્મ-કરણનું અભિન્નપણું છે.***

છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે મોક્ષમાર્ગ આવો! ઓલા તો નિશ્ચય નિશ્ચય કરે પણ નિશ્ચયની સાથે વ્યવહાર કહ્યો તો ખરો. નિશ્ચય યથાર્થ છે અને વ્યવહાર અયથાર્થ, અસત્યાર્થ છે. આવે છે, હોય છે. તેનું અહીં જ્ઞાન તો કરાવે છે. સમજાણું કાંઈ?

પોતાની કલ્પનાથી માને છે તેને ધક્કો લાગે છે. હાય હાય! અમે જે કરીએ તેને તો તમે શૂન્ય કહો છો. તું કરે છે તેમાં શૂન્ય પણ ક્યાં યથાર્થ છે? પણ સાંભળ તો ખરો! ત્યાં વ્યવહાર પણ ક્યાં છે? આહાહા! જ્યાં સ્વનો આશ્રય નથી ત્યાં તો વ્યવહારનો વિકલ્પ પણ વ્યવહાર કહેવાને લાયક નથી. આહાહા! એમ કહે છે ભાઈ! જાગીને જોયું જ્યાં અંતરાત્મા પછી વિકલ્પ હોય છે. સાથે હોય. પછીનો અર્થ તેની સાથે, એમ શબ્દ આવે છે. એ પાછળ જયસેનઆચાર્યની ટીકામાં આવે છે. અનાદિનો આવો શુધ્ધ છે પણ પાછળથી, એમ. પશ્ચાત એમ શબ્દ આવે છે ને. પશ્ચાતનો અર્થ એ વખતે પણ ત્યાં જ હોય છે, એમ. આહાહા!

જાગીને જોયું તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ખેલ દેખાય. પણ એનું ત્યાં એકાંત છે. સ્થિતિની ખબર નહીં. જાગીને જોયું ત્યાં તો ત્રણ અર્થ થઈ ગયા. એક તો ત્રિકાળ જ્ઞાન-દર્શનના સ્વભાવ સાથે જાગીને જોયું એ તો પર્યાય થઈ ગઈ. અવસ્થા થઈ ગઈ. અવસ્થા ને પર્યાયનો નાશ થયો. વ્યય થઈ ગયો. નવી પર્યાયની ઉત્પત્તિ થઈ અને ધ્રુવ તો કાયમ રહ્યું. આવી ચીજની તો ખબર નહીં ને બોલે... સમજાણું કાંઈ? જાગીને જોયું તો, અત્યાર સુધી જાગતો નહોતો. અજ્ઞાન હતું તો જ્ઞાન, શું ચીજ હતી. પોતાની પર્યાયમાં ઉલટી દશા હતી. એ તો પર્યાય થઈ, પર્યાય તો માનતો નથી. અવસ્થા બવસ્થા, એ તો એક જ રસ્તો અદ્વેત છે. એમાં ક્યાં આવ્યું? એક જ વાત ચાલે છે. જાગ્યો ક્યાં અને અજાગ્રતનો નાશ કર્યો ક્યાં? અને પલટાવીને નવું પરિણમન કર્યું એ રહ્યું ક્યાં? આવી ખોટી વાત. લોકોએ એવા લાકડા ખોસી રાખ્યા છે ને? એવી વાતું કરનારાને ઠીક પડે. આ બધા અમલદાર ને અધિકારી વાતું કરે ને? આવું છે ને તેવું છે ને. એક છે. એક છે. .... વ્યાખ્યાન પછી એક છે. એક છે. રાડારાડ કરે. હેં? .. કેવા કહેવાય એ? વાઘાબાપા! હવે એની આજ્ઞા લઈને આત્મસિધ્ધિ બોલે. કેવા? શેઠ શેઠ. શું શેઠનું નામ? વીરચંદભાઈ! .... આત્મસિધ્ધિ બીજી વાર બોલે.

અહીં તો કહે છે, **સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે.** એમ કહ્યું ને? સ્વભાવનિયત અસ્તિત્વ વડે, ભગવાનઆત્મા જ્ઞાન-દર્શનના સત્તા અસ્તિત્વરૂપે રહેલો છે. તેમાં પરિણમીને. એ તો પર્યાય થઈ. રાગરૂપ પરિણમતો હતો તે અચારિત્ર હતું. તેમાં તો રાગની શ્રધ્ધા, રાગનું જ્ઞાન, રાગનું આચરણ હતું. રાગ વિના સ્વભાવની દૃષ્ટિ કરીને સ્વભાવમાં દૃઢતાપૂર્વક સ્થિર રહ્યો. ત્યાં તો પરિણમીને અનુસરે છે. **અનન્યમય આત્માને જ આત્માથી જાણે છે.** જુઓ!

અનન્યમય આત્માને જ, અનન્યમય જ્ઞાન-દર્શનરૂપ આત્માને જ આત્માથી જાણે છે. પોતાને જ

પોતાથી જાણે છે. ભાઈ! નિશ્ચયની વાત ઝીણી પડે. અરે! એ તો આઠ વર્ષની બાલિકા પણ સમજી જાય. સમ્યગ્દર્શન તો દેડકો પણ કરે. .... આત્મા છે તે ક્યાં અલ્પજ્ઞ છે? આત્મા છે એ તો સામાન્ય-વિશેષ, દર્શન-જ્ઞાન સ્વભાવવાળો છે. તેમાં નિશ્ચયથી દઢ થઈને, સ્થિર રહીને પોતાને જાણે છે. **સ્વપરપ્રકાશકપણે ચેતે છે.** જુઓ! પોતાને અને પરને પોતાથી જાણે છે. એમ કહે છે.

**સ્વપરપ્રકાશકપણે,** પહેલાં એમ લીધું, કે **અનન્યમય આત્માને જ આત્માથી જાણે છે અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે**. એ સ્વપરપ્રકાશક પોતાની પર્યાય છે તેને જાણે છે. પોતાની પર્યાયથી સ્વપરપ્રકાશકને જાણે છે. એ પર્યાય સ્વપરપ્રકાશક છે. આહાહા! સમજાણું કાંઈ? હેં? પર્યાય છે એ સ્વપરપ્રકાશક પ્રગટ થઈ. પોતાને જાણે છે. એ સ્વપરપ્રકાશક સહિત આત્માને જાણે છે. પરને જાણે છે એ પ્રશ્ન અહીં રહ્યો નહીં.

રાગ અને વિકલ્પ જે છે તેનું જ્ઞાન કરે તો જ્ઞાન તો સ્વપરપ્રકાશક પોતાનું થયું. એ તો પોતાનું થયું પરનું નહીં. એવા સ્વપરપ્રકાશક જ્ઞાનને જાણે છે. આહાહા! પરને નહીં. આહાહા! ધ્યાનમાં અનન્યમય આત્માને જ જાણે છે. **અર્થાત્ સ્વપરપ્રકાશકપણે ચેતે છે.** પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવમાં જાગૃત થઈને એકાગ્ર થાય છે. **(અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે.** લ્યો! જાણવું-દેખવું ને ચારિત્ર એમ લેવું છે ને? ..... જ્ઞાન-દર્શન પછી ચારિત્ર. સમજાણું કાંઈ? થોડી વાત પણ યથાર્થ, સત્ય, દઢ હોવી જોઈએ. સમજાણું કાંઈ? તેના ખ્યાલમાં ભાવ આવે એવી વાત. મોટી મોટી વાતું .. વાતું કરતા ભાષણ આપે પણ હોય નહીં અંદર કાંઈ. સમજાણું કાંઈ? ભાષાનો શણગાર કરે. અહીં તો ભાવનો શણગાર છે.

ભગવાનઆત્મા! શરીર જેમ શણગારેલું શોભે છે એમ ભગવાનઆત્મા પોતામાં પોતાના પ્રકાશથી સ્વપરપ્રકાશક પોતાને જાણે છે અને પોતાને જ દેખે છે. સમજાણું કાંઈ? **અનન્યમય આત્માને જ આત્માથી દેખે છે. અર્થાત્ યથાતથપણે અવલોકે છે.** પોતાને જ પોતાના સ્વપરપ્રકાશક દ્વારા અવલોકે છે. અને અવલોકે-દેખે છે. **તે આત્મા જ ખરેખર ચારિત્ર છે.** લ્યો! એ પોતાને જાણે-દેખે છે તેમાં સ્થિર થયો તે જ ચારિત્ર છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! નવા અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું કહે છે? ગ્રીક-લેટીન જેવું લાગે. છે તો તેના ઘરનો માલ પણ ક્યારેય અત્યારે ચાલતું નથી. અત્યારે તો ગપ્પે ગપ્પ (ચાલે છે.) આહાહા! સમજાણું કાંઈ? દીક્ષિત થઈ જાવ, લુગડા ફેરવી નાખો, મહાવ્રત લઈ લ્યો, તમારું કલ્યાણ થઈ જાશે. બેય વિપરીત માર્ગે ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે આત્મા જ,** ક્યો આત્મા? પોતાને સ્વપરપ્રકાશકપણે જાણે છે અને પોતાને દેખે છે, એ આત્મા ચારિત્ર છે. એમ. એ આત્મા ચારિત્ર છે. ચારિત્રની વ્યાખ્યા અત્યારે જુઓને બધા દીક્ષિત ચારે

કોર હાલે છે. બાળબ્રહ્મચારી દીક્ષિત થયા. ઘાટકોપર માન આપ્યું. ફલાણાને માન આપ્યું. અને પછી ભાષણ કરે. અમને માન નથી એ તો ત્યાગ માર્ગને તમે માન આપો છો. હજી કેવો ત્યાગ માર્ગ? ધર્મનો ત્યાગ છે તારી પાસે. માન દેનારા પણ ભાન વિનાના અને લેનારા પણ ભાન વિનાના. શોભાલાલજી! દુનિયા તો ગાંડી છે, જય જયકાર કરે ને એમાં શું? પાગલના, બહુ ડાહ્યો હોય એ પાગલ એના વખાણ કરે. ઓહોહો!

આ બાપુ ચારિત્ર તો ખાંડાની ધાર છે. ભાઈ! એમ કરીને (ખોટા માન આપે). ચારિત્ર ખાંડાની ધાર છે. બાપુ! આવી જુવાન વયે, વીસ વીસ વર્ષની ઉંમરે બાળબ્રહ્મચારી ચારિત્ર લ્યે! આહા! અભિનંદનને પાત્ર છે. એય! પ્રકાશદાસજી! એમ કહે છે ને ભાઈ! આહાહા! મિથ્યાત્વની દીક્ષા લઈને મિથ્યાત્વને ઘૂંટે છે. સમજાણું કાંઈ? અહીં તો આત્મા પોતાના નિજસ્વભાવનું ભાન કરીને નિજસ્વભાવમાં લીન થાય છે તેનું નામ ચારિત્ર. તે આત્મા ચારિત્ર છે. તારા પંચમહાવ્રતના વિકલ્પ તે ચારિત્ર છે નહીં. સમજાણું કાંઈ?

હવે તેમાં, આત્મા જ્ઞાન-દર્શન છે, એમ કર્તા-કર્મ-કરણ તે જ છે. એ વિષય સિદ્ધ કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૪, ગાથા :- ૧૬૨-૧૬૩
## વૈશાખ વદ-૩, રવિવાર, તા :- ૨૪-૫-૧૯૭૦

તે જ જ્ઞાન અને દર્શન છે. એમ અહીં સમજાવ્યું છે. આ આત્મા જે છે તે જ્ઞાન-દર્શન-આનંદ સ્વરૂપ છે. એ આત્મા જ ચારિત્ર, આત્મા જ જ્ઞાન અને આત્મા જ દર્શન. ફરીને લઈ લઈએ. **જે (આત્મા) ખરેખર આત્માને,** પોતાનો આત્મા પોતાને શુદ્ધ જ્ઞાન અને આનંદ સ્વભાવ તેવો આત્મા પોતાના આત્માને, જો કે આત્મમય છે. પોતાનો સ્વભાવ અને આત્મા તો અનન્યમય છે. આત્મા ને આત્માનો સ્વભાવ ભિન્ન નથી.

અનન્યમય છે તેને-આત્માથી આચરે છે. આત્મા પોતાથી પોતાને અંતરસ્વરૂપનું આચરણ કરે છે. આહાહા! **અર્થાત્ સ્વભાવનિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે. (સ્વભાવનિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે).** ૧૫૪ માં અર્થ કર્યો છે. ત્યાં ઉત્પાદ-વ્યય ને ધ્રુવનો આવ્યો હતો ને? ઉત્પાદ-વ્યય ને ધ્રુવ. સ્વભાવ જે જ્ઞાન ને દર્શન સ્વભાવ છે તે ધ્રુવ છે. તેના આશ્રયથી નવી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ એ સ્વભાવના આશ્રયથી ઉત્પન્ન (થઈ છે.) આત્માએ આત્માથી ઉત્પન્ન કરી. પૂર્વની

પર્યાયનો વ્યય થયો. ધ્રુવસ્વભાવ તો છે. ત્રણે મળીને અસ્તિત્વની હયાતિ કહેવામાં આવ્યું. એ સ્વભાવનિયત અસ્તિત્વ વડે, કેટલી વાત કરે છે?

ભગવાન અહીં તો વિકલ્પ ને નિમિત્તને તો દૂર રાખ્યું. સમજાણું કાંઈ? તેને પરજ્ઞેયમાં નાખી દીધું. પોતાના જ્ઞેયમાં નહીં. સમજાણું કાંઈ? પંચમહાવ્રતનો વિકલ્પ આદિ એ તો પરજ્ઞેયમાં છે. સ્વજ્ઞેયના સ્વભાવમાં તો છે નહીં. સ્વભાવ પોતાના સ્વભાવથી પોતાને આચરે છે તેનું નામ ચારિત્ર. વિકલ્પના આશ્રયથી, નિમિત્તના આશ્રયથી આચરે છે એમ નહીં. બહુ સૂક્ષ્મ! નિરાવલંબી તત્ત્વ છે ભિન્ન. પોતાના સ્વભાવથી અંતરંગમાં પોતાને અનન્યમય અભિન્ન થઈને અંતરસ્વરૂપમાં આચરણ કરે છે તેનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્ર આત્મા છે. ભારે વ્યાખ્યા! ......... વસ્ત્ર રહિત થઈ જાય એ સ્વરૂપમાં ધ્યાનમાં લીન હતા. ગપ્પે ગપ્પ મારે છે ને? મૂઢ થઈ જાય મૂઢ...

મુમુક્ષુ :- આર્તધ્યાનમાં લીન ......

ઉત્તર :- પણ કઈ રીતે આર્તધ્યાન? એ એને એમ કે સ્વરૂપમાં છે. હજી તો દેવ-ગુરુ-શાસ્ત્ર શું? આત્મા કોને કહેવો એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

એક આત્મા અખંડ પરિપૂર્ણ અનંતગુણપર્યાયનો પિંડ. સર્વજ્ઞસ્વભાવી, સર્વદર્શીસ્વભાવી એવા અનંતગુણસ્વભાવી વસ્તુ એ ચીજ પોતાને પોતામાં આચરણ કરવી રમવી. એ તો અસ્તિત્વનું લક્ષ કરીને રમવું. સમજાણું કાંઈ? આત્મા અનન્યમય પોતાનો સ્વભાવ અને આત્મા બેય એક જ છે. તેમાં પોતાથી આચરણ કરીને લીન થવું તેનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. પહેલાં એ સમજમાં તો લ્યે. અને બીજું. **અનન્યમય આત્માને જ આત્માથી જાણે છે.** બીજી વાત. જ્ઞાનની વાત. ભગવાનઆત્મા અનન્યમય આત્માને આત્માથી જાણે છે. આત્મા આત્માથી જાણે છે. આત્મા આત્માથી જાણે છે. સ્વપરપ્રકાશકપણે ચેતે છે. પોતાથી ચેતે છે. એનું નામ જ્ઞાન. ભારે ઝીણું!

અને **અનન્યમય આત્માને જ આત્માથી દેખે છે.** પોતાનો આત્મા પોતાના આત્માને જ અવલોકે છે-દેખે છે. આહાહા! **અર્થાત્ યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે.** ઉપરથી ત્રણેય. આ આત્મા જ ખરેખર ચારિત્ર છે, **જ્ઞાન છે, દર્શન છે.** સમજાણું કાંઈ? અર્થાત્ તેમાં રાગ અને નિમિત્તનું બિલકુલ અવલંબન નહીં. એમ કહે છે. પોતાનો નિજસ્વભાવ પોતાના સ્વભાવથી અંતરમાં અસ્તિત્વની દૃષ્ટિ કરીને પોતાના આચરણમાં રમે છે તે ચારિત્ર, પોતાને જાણે છે તે જ્ઞાન, પોતાને અવલોકે છે તે દર્શન.ત્રણે આત્મા છે. આહા! સમજાણું કાંઈ?

**એમ કર્તા-કર્મ-કરણના અભેદને લીધે નિશ્ચિત છે.** ભગવાન પોતાના સ્વભાવરૂપ ચારિત્ર-દર્શન ને જ્ઞાનના કર્તા અને કર્મ પણ પોતાનું સ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થયું તે. અને કરણ પણ પોતાનું સાધન. તો વિકલ્પ ને નિમિત્તને સાધન છે તો ચારિત્ર-દર્શન-જ્ઞાન થયું એમ નથી. આહાહા!

સમજાણું કાંઈ? (નીચે નોટ) **જ્યારે આત્મા આત્માને આત્માથી આચરે-જાણે-દેખે છે. ત્યારે કર્તા પણ આત્મા, કર્મ (કાર્ય) પણ આત્મા અને કરણ (સાધન) પણ આત્મા છે.** જુઓ! પહેલાં ભિન્ન સાધ્ય-સાધનની વાત કરી હતી ને પહેલાં? આ એકલા અભિન્ન સાધ્ય-સાધનની વાત છે. એ ભૂમિકામાં રાગાદિ હોય તેને જ્ઞાન કરાવવા માટે ભિન્ન સાધન અને નિર્વિકલ્પ સાધ્ય એમ કહેવામાં આવ્યું હતું. અહીં ઉડાવી દીધું. નિશ્ચયમાં એવું છે નહીં. આહાહા! ભારે વાત! સમજાણું કાંઈ?

કર્તા પોતાનો સ્વભાવ ત્યારે કર્તા જ પોતાનો આત્મા. કોના? પોતાની વીતરાગી ચારિત્ર પર્યાયનું પોતાથી આચરણ કર્યું તો કર્તા આત્મા. એ વિકલ્પ હતો અને ચારિત્રનું આચરણ થયું એમ છે નહીં. આહાહા! ભારે કામ! સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ જે આરોપથી કહ્યો હતો તે હતો તો અહીંયાં આત્માનું આચરણ થયું, આત્માનું જાણપણું થયું, આત્માનું અવલોકન થયું એમ છે નહીં. કહો, ધન્નાલાલજી! ભારે વાતું ભાઈ આકરી! આહાહા! પરની અપેક્ષા વગર ભગવાનઆત્મા! જુઓ! જાણવું-દેખવું અને ચારિત્રના આચરણની પર્યાય પોતાથી પોતે કર્તા થઈને ચારિત્ર-જ્ઞાન-દર્શન પોતાનું કાર્ય તે આત્માનું કાર્ય છે. અને પોતાનું સાધન તે પોતાનો આત્મા છે. એ કર્તા કર્મના કાર્યનું સાધન આત્મા છે. એ સાધન વ્યવહાર ને વિકલ્પ એ સાધન એમ છે નહીં. આહાહા!

એ તો તેનું જ્ઞાન વ્યવહારનું, પરજ્ઞેયનું જ્ઞાન છે. પણ જ્ઞાન પરને જોવાથી નહીં એ પોતાને જોવાથી સ્વપરપ્રકાશકજ્ઞાનદર્શન છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ જે કહ્યું હતું એ નહીં. ત્યાં તો પોતે પોતાને આચરે છે, પોતે પોતાને જાણે છે, પોતાને દેખે છે. એ સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી જાણે-દેખે છે. પરને જાણવા-દેખવાની અહીં વાત નથી. વ્યવહારને જાણવા-દેખવાની અહીં વાત નથી. આહાહા!

મુમુક્ષુ :- આપ તો મહારાજ ઊંચી ઊંચી વાત....

ઉત્તર :- ઊંચી વાત એવી છે આત્માની. એ વાત છે ભાઈ! માર્ગ તો આ છે. ઊંચા કહો, નીચા કહો, મધ્યમ કહો જે કહો તે, વાત તો આ છે. સમજાણું કાંઈ?

આત્મા, જુઓ! કાર્ય નિશ્ચિત છે. **અભેદને લીધે નિશ્ચિત છે. આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે.** સ્વના આશ્રયથી આચરણ કર્યું, સ્વના આશ્રયથી જાણવાનું કર્યું, સ્વના આશ્રયથી દેખવાનું કર્યું. સ્વપરપ્રકાશક હો! ભાષા જુઓ! સ્વપરપ્રકાશક હોવા છતાં સ્વપરપ્રકાશક પોતાને જાણે છે. સમજાણું કાંઈ? પરને જાણે છે એમ નહીં. પર શબ્દ આવ્યો ને?

એ સ્વપરપ્રકાશક પર્યાય પોતાની પોતાથી આચરે છે. પોતાથી જાણે છે અને પોતાથી દેખે છે. પરને જોવું એ વાત અહીંયાં છે નહીં. આહાહા! જુઓ! હજી તો ગ્રાહ્ય થવું મુશ્કેલ ત્યાં કહે છે. આવ્યા

નથી. શેઠી! ..આહાહા! કાલ તો રાતે શાતાશીળીયા તો કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? અહીંયા અધિકાર ૧૫૪ માંથી લીધો છે. ચારિત્ર એ અસ્તિત્વથી સાક્ષાત મોક્ષનું કારણ છે. તો ચારિત્ર મોક્ષનું કારણ એ વ્યાખ્યા કરતાં કરતાં અહીં આવ્યા.

ચારિત્ર શું? પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવસ્વરૂપ ભગવાન પોતાને પોતામાં આચરણ કરે તે ચારિત્ર. પોતાને પોતામાં સ્વપરપ્રકાશકને જાણે તે જ્ઞાન અને પોતાને પોતામાં પોતાને અવલોકે તે દર્શન. આહાહા! હેં? પર કયાં છે? પોતાની પર્યાય પર કયાં છે? સ્વપર પર્યાય પોતાની પર્યાય, પોતાને દેખે, પોતાને જાણે છે. પરનું કયાં છે? સ્વપરસ્વરૂપ પોતાની પર્યાય પોતાની છે. પોતાથી સ્વપરપ્રકાશક ઉત્પન્ન થયું છે. પરથી નહીં. સમજાણું કાંઈ?

આવો ધર્મ! એ કરતાં દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરીને મરી જાવ. આહાહા! હેરાન! હેરાન બિચારા! અહો કષ્ટો, મહા કષ્ટો, લાભો કિંચિત્ દુઃખનો લાભ. એ દુઃખ કાંઈ આત્માનો લાભ છે? કષ્ટ કરી કરીને બિચારા મરી જાય. કેટલીય ઊઠ બેસ કરીને ભગવાનની વંદના કરે. એય! આણે કર્યું છે ને બધું? હેં?

મુમુક્ષુ :- સો ખમાસણા

ઉત્તર :- સો ખમાસણા. લ્યો!

મુમુક્ષુ :- સો એ પૂરું થાય?

ઉત્તર :- સો એ પૂરું થાય અજ્ઞાન.

અહીં તો કહે છે કે પરની તો વાત પણ નહીં. પણ પોતામાં ગુણી-ગુણનો ભેદ ઊઠે છે તે વિકલ્પનો પણ આશ્રય નહીં. ત્યાં તો એકલો પોતાનો ભગવાન પોતામાંથી જ પોતાને અનન્યમય થઈને આચરે છે. પોતાને જ અનન્યમય સ્વપરપ્રકાશકને જાણે છે. ત્રણેમાં અનન્યમય મુકયું છે ને? ત્રણેમાં અનન્યમય મુકયું છે. પાઠમાં પહેલાં અનન્યમય મુકયું છે પછી બીજામાં ગોઠવી લીધું. પહેલામાં ટીકામાં જ છે. પછી બીજામાં ગોઠવી દીધું. લ્યો! આ જ છે ને લાગુ પડે છે ને? શું કીધું? કે આ આત્મા પોતાના અસ્તિત્વમાં, હયાતિમાં જે જ્ઞાન-દર્શન સ્વભાવ રાખે છે. અહીં જ્ઞાન-દર્શન સ્વભાવ લીધો છે ને? તો એ સ્વભાવથી અનન્યમય આત્મા છે. અભિન્ન છે. તો એ આત્મા જ પોતાથી પોતાને અનન્યમય થઈને આચરે છે. પરના અનેરાપણાના આશ્રય કે અવલંબનનું નિમિત્તપણું પણ નહીં. એમ કહે છે. આહાહા! છે ને? છે જ નહીં. છે જ નહીં પછી પ્રશ્ન શું? પોતામાં છે તેને આચરે છે. પોતામાં છે તેને જાણે છે અને પોતામાં છે તેને દેખે છે. આહા! ભારે વાત! પંડિતજી! ભારે વાત! પણ આવું કરી શકે? આવું ન કરે તો કોણ કરે?

વસ્તુ છે ને વસ્તુ. જ્ઞાન-આનંદનો કંદ પ્રભુ. મહાપ્રભુ છે ને? મહાઅસ્તિત્વ છે. મોટું મહાઅસ્તિત્વ.

કારણ કે સાધારણ અસ્તિત્વ નહીં. જાણનાર તો ભગવાનઆત્મા છે. કે આ અસ્તિત્વ ને આ અસ્તિત્વનો જાણનાર મોટો મહાઅસ્તિત્વ છે. આહાહા! એ પણ પર્યાય પોતાને જાણે છે, પાછું એમ. પરને જાણે એમ નહીં. આહાહા! પરનું જાણવું અને સ્વનું જાણવું એવી પોતાની નિર્મળ પર્યાય.એમ પોતાને આત્મા જાણે છે. આહાહા! એ પર્યાય થઈ. આચરે છે તે પણ પર્યાય છે, જાણે છે તે પણ પર્યાય છે, પોતાને અવલોકે છે તે પણ પર્યાય છે.

કર્તા-કર્મ-કરણ અભેદ થયું. ભગવાનઆત્મા એ ચારિત્ર-જ્ઞાન-દર્શનનો કર્તા. જ્ઞાન-દર્શન-ચારિત્ર તે પોતાનું કર્મ, પોતાનું જ કાર્ય અને કરણ નામ આત્મા તેનું સાધન. બીજું કોઈ સાધન છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ વિકલ્પને પંચમહાવ્રતનું સાધન કહ્યું હતું તે કર્તા નહીં, તેનું કાર્ય નહીં, તે સાધનથી થયું નથી. એમ કહે છે. આહાહા! પંડિતજી! તેમાં વિકલ્પ છે જ નહીં. અહીં તો કહે છે. વિકલ્પ છે તેનો કર્તા બને ત્યારે તો સ્વભાવનો અનાદર થાય છે. સ્વભાવમાં રાગનું કર્તૃત્વ છે નહીં. કેમ? જ્યારે પોતાની આખી ચીજને વિકારી અસ્તિત્વ તરીકે સ્વીકારે તો રાગના વિકારનો કર્તા બને. સમજાણું કાંઈ?

આખી ચીજ જે છે જ્ઞાતા-દ્દષ્ટા, અનંતગુણનો પિંડ સ્વભાવ તેને જ, જે શુધ્ધ છે તેને અશુધ્ધ સ્વીકારે તો રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? જ્યારે આખો આત્મા જ પોતાનો સ્વભાવ શુધ્ધ, શુધ્ધ પવિત્ર ધામ તેનો જ્યાં સ્વીકાર થયો ત્યાં તો ચારિત્ર, દર્શન ને જ્ઞાન પોતાની પર્યાયમાં થયા તે પોતાનું કાર્ય થયું. રાગનો કર્તા કે રાગનું કાર્ય તેમાં છે નહીં. પહેલાં તો વાત સમજવી મુશ્કેલ છે. એવી રીતે એ માર્ગ ચલાવ્યો છે ને? અત્યારે તો કંઈક ભ્રમણા ઊભી કરે છે. સમજાણુ કાંઈ? વસ્તુ છે કે નહીં? અને વસ્તુમાં કર્તા-કર્મ-કરણ આદિ શક્તિ છે કે નહીં? કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણ છ ગુણ આત્મામાં છે. જેમ જ્ઞાન-દર્શન ને આનંદ ગુણ છે એમ કર્તા-કાર્ય-કરણ-સંપ્રદાન રાખવું પોતાથી હોય અને પોતાના આધારથી હોય. એવી તો અંદર શક્તિઓ અને ગુણ આત્મામાં છે. આહાહા! પરિપૂર્ણ ગુણ છે. સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા વિકલ્પ તો આત્મા છે જ નહીં. નિમિત્ત તો હજી પરવસ્તુ છે. સમજાણું કાંઈ? ઓહોહો! શું વાત કરે છે ને? સ્વપરપ્રકાશક પોતે પોતાને જાણે છે. સ્વપરપ્રકાશક પર્યાય પોતે પોતાને જાણે છે. પરને નહીં. પર આવ્યું (પણ) પરને નહીં. એ સ્વપરપ્રકાશક છે? સ્વપરપ્રકાશકપણે સ્થિરતા છે. એ પરરૂપનો અર્થ પર નહીં. પોતાની પર્યાયમાં સ્વપરપ્રકાશક પોતાથી ઉત્પન્ન થયું તેને જાણે છે. આહાહા! ભારે કામ! સાધારણ સમાજને માટે આ હશે? અરે ભગવાનઆત્મા છે ને પ્રભુ! સમાજ એટલે શું? ભગવાનઆત્મા બાળ-ગોપાળ શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન, વિકારથી વિકલ્પથી ભિન્ન. એવા બધા આત્માઓ છે ને પ્રભુ! આહાહા!

મુમુક્ષુ :- શરીરથી આત્મા બિલકુલ ભિન્ન?

ઉત્તર :- બિલકુલ ભિન્ન ને અત્યંત ભિન્ન, વિકલ્પથી અત્યંત ભિન્ન. વિકલ્પ ને શરીરથી આત્માની પૂર્ણ નાસ્તિ અને વિકલ્પ ને શરીરની આત્મામાં પૂર્ણ નાસ્તિ. આહાહા! ઓલા રાત્રે પ્રશ્ન થયો નહીં? ઓલાએ કહ્યું હતું. આત્મા આંગળી હલાવે છે. એ નાનાલાલજી છે ને એક અત્યારે? સ્થાનકવાસી સાધુ. અહીંનું વાંચ્યું છે હો! આમાં આપ્યું છે. મુંબઈવાળા જુગરાજજી છે ને? એને અહીંથી અમે પુસ્તક આપ્યા છે. વાંચ્યા છે પણ વાંચીને કોઈ એમ કહેતુ હતું કે જુગરાજજી સાથે આવે છે. જુગરાજજી સાથે નથી રહેતા ઉપર? જુવાન માણસ આવે છે. જુગરાજજી સાથે જુવાન માણસ આવે છે. એની શ્રદ્ધા ફરી ગઈ, નાનાલાલને પુસ્તક આપ્યા. પણ એ કહે ભઈ અમે તો વ્યવહારમાં રહેલા છીએ. અરે ભગવાન! આહા! શું કરવું છે તારે? વ્યવહારમાં છો તો વ્યવહારની વ્યાખ્યા શું? આ વિકલ્પ કરવો અને પરને દીક્ષા આપવી એ બધા વ્યવહાર? કોણ કરે વિકલ્પ! કોણ કોને દીક્ષા આપે? આહાહા! કોણ કોને સમજાવે? કોણ કોને રાખે?

ભગવાનઆત્મા નિજસંપદા પૂર્ણ ગુણથી અનંતગુણથી નિજસંપદાથી અનન્યમય આત્મા છે. તેનાથી કામ લઈને પોતાનું ચારિત્ર, પોતાનું જ્ઞાન અને પોતાની (શ્રદ્ધા). અહીં તો આચરણને તજી પણ સ્વપરજ્ઞાનની પર્યાય પણ પોતાની કર્તા થતી પોતાને જાણે છે. પરનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે, તે પોતાને જાણે છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

પહેલાં લીધું ને? **સ્વપરપ્રકાશકપણે ચેતે છે.** અનન્યમયથી ચેતે છે. એ અનેરાનું લક્ષ કરીને ચેતે છે એમ છે નહીં. આહાહા! પહેલી ચીજ જ શું છે એ સમજવામાં કે જ્ઞાનમાં આવે નહીં તો રુચિ ક્યાંથી થાય અને આચરણ ક્યાંથી થાય? ભઈ આ તો જન્મ-મરણ જેને છોડવું છે, જે આમાં નથી. જન્મ-મરણ નહીં અને જન્મ-મરણનું કારણ તે પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આવો ભગવાનઆત્મા પોતાના શુદ્ધસ્વભાવને આચરે છે, શુદ્ધ સ્વપરપ્રકાશથી પોતાને જાણે છે, પોતાના શુદ્ધસ્વરૂપને અવલોકે છે.

**આથી (એમ નક્કી થયું કે) ચારિત્ર-જ્ઞાન-દર્શનરૂપ હોવાને લીધે આત્માને જીવસ્વભાવનિયત ચારિત્ર જેનું લક્ષણ છે એવું નિશ્ચયમોક્ષમાર્ગપણું અત્યંત ઘટે છે.** આ રીતે સાચો મોક્ષમાર્ગ અત્યંત બરાબર ઘટે છે. **અર્થાત્ આત્મા જ ચારિત્ર-જ્ઞાન-દર્શન હોવાને લીધે આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં,** આત્મા જ, છે ને! જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં,એમ. એ તેનો સ્વભાવ. જાણવું-દેખવું, શક્તિ, સ્વભાવ, ગુણ. એ પોતાનો આત્મા જાણવું-દેખવું નિજસ્વભાવ સત્વ એવા તેના જ્ઞાનરૂપ **જીવસ્વભાવમાં દૃઢપણે રહેલું,** તેમાં લીન થાય છે એ **ચારિત્ર જેનું સ્વરૂપ છે એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે.** લ્યો! આહાહા!

આ ચોથા આરાની વાત હશે? આઠમા ગુણસ્થાનની વાત હશે આ? આ તો પંચમઆરાના પણ ચારિત્ર હોય નિશ્ચય સાતમા ગુણસ્થાને પણ એવી દશા હોય છે. એમ કહે છે. એવી વાત છે. આહાહા! આ તો કરતા કરતા વ્યવહાર લીધો ને નિશ્ચય હાથમાં એ વાત નથી અહીંયાં. આહાહા! આવો નિશ્ચયમોક્ષમાર્ગ છે. આ જ સાચો મોક્ષનો માર્ગ છે. ઓહો! જન્મ-મરણમાંથી નીકળવાનું, સ્વના આશ્રયથી ચારિત્ર-જ્ઞાન-દર્શન હોય તે જ નીકળવાનો ઉપાય છે. કારણ કે જન્મ-મરણ ને જન્મનું કારણ બધું તો પરાશ્રિત ભાવ છે. સમજાણું કાંઈ? વાદ-વિવાદ કરે તો આમાં કાંઈ પાર પત્તો ખાય નહીં. (પાછા લોકો એમ કહે)આંહી એમ કહ્યું છે, બીજે ઠેકાણે સાધન કહ્યું છે, ત્રીજે ઠેકાણે તેને કારણ કહ્યું છે, હેતુ કહ્યું છે. અરે ભાઈ! આ વાતનો નિષેધ કરીને બીજે ઠેકાણે હેતુ કહ્યું હોય. એ તો એ વખતે એવા વિકલ્પની કષાયની મંદતા વ્યવહારથી અનુકૂળતા ત્યાં લઈને સ્વભાવનો આરોપ તેમાં આપીને વ્યવહારમોક્ષમાર્ગ સાધન એમ કહ્યું છે. તેમાં મોટા ઝઘડા! એમ કહે છે કે વ્યવહારથી બિલકુલ નથી માનતા (આ તો) એકાંત છે. એય! પંડિતજી!

ભગવાન! તારે પણ આ કબુલ કરવું પડશે. ભાઈ! આહાહા! એય... ચોર્યાસીના અવતારમાં દુઃખી દુઃખી, દુઃખી. એ રાત્રે પ્રશ્ન થયો હતો ને નહીં? નરકમાં દુઃખ અને સ્વર્ગમાં સુખ. ધૂળમાંય સુખ નથી. માળા! ત્યાં હોળી છે. અંગારા કષાયની અગ્નિથી દેવો બળે છે. આહાહા! અકષાય સ્વરૂપ ભગવાનઆત્મા એમાંથી વિકલ્પ ઊઠાવે ત્યારે સંસારના સ્વર્ગના સુખ એવું માને. એ તો દુઃખ છે. સમજાણું કાંઈ?

એકવાર અમારે કહેતા હતા ત્યાં બોટાદ. રામજીભાઈ હતા નહીં? ઓલો નાગલપુરવાળો, નાગલપુરવાળો કેશવલાલ. આ હાડકાનું. અરે મહારાજ! એકવાર એને સ્વર્ગના સુખ તો ભોગવવા દયો? એ અમારે સંપ્રદાયના બધા પાકા માણસો. એકલો નહીં? એના બાપ હતા હાડકાના ડોકટર. હાડકાના વૈદ હતા. હાડવૈદ. ચલો, એ ત્યાં મ્યુનિસિપાલીટીના મકાનમાં. એને તમે ઉડાવો છો પુણ્યને પણ શુભભાવ હશે તો સ્વર્ગના સુખ મળશે. પછી કરતાં કરતાં મોક્ષ થાશે. આરે! કાળા કેર કરે છે ને? ધૂળમાંય તને સુખ નથી પ્રભુ! આત્માના આનંદને લૂંટનારો ભાવ છે એ. આહાહા!

એ કયાંક કહેશે હોં! અહીં છે. હવે એ જ આવશે. જુઓ! ૧૬૩ ગાથા. ખરેખર સુખનું કારણ. એ જ આવે છે. આહાહા! ભાઈ! તું આનંદના સ્વભાવથી ભરેલો ખજાનો, ભંડાર છો. આહાહા! એને વિશ્વાસ આવતો નથી. આવો અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ હું છું. મારો આનંદ કયાંય નથી. એ પંચમહાવ્રતના વિકલ્પમાં પણ દુઃખ છે, આનંદ નહીં. સમજાણું કાંઈ?

જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ દુઃખરૂપ છે. રાગ છે ને? આહાહા! દુઃખથી તીર્થંકર ગોત્ર બંધાય છે? બંધાય તે તો પરમાણુની પ્રકૃત્તિ છે. એ તો નિમિત્ત રાગ છે, આકુળતા છે. આહાહા! સમજાણું કાંઈ? મૂળ પોતાની ચીજની મહત્વતા શું છે અને તેમાં શું ચીજ છે, શું શકિત છે, શું ગુણ

છે. કયારેય લક્ષ કર્યું નહીં અને સ્વસન્મુખનો ઉપાય સાંભળ્યો નહીં. સમજાણું કાંઈ?

આ બધી બહારની વાતું છે. વ્યવહાર આવે ત્યાં (કહે) જુઓ! વ્યવહારને સાધન ન માને તો એકાંતિક છે.

મુમુક્ષુ :- વ્યવહારને સાધન માને તો કાંઈક તો સાધન માનવું જોઈએ

ઉત્તર :-એ તો વ્યવહાર સાધન ભાઈ! નથી એને સાધન કહ્યું.

જુઓને! અહીં તો કહ્યું, **આત્મા જ જ્ઞાનદર્શનરૂપ જીવસ્વભાવમાં દઢપણે રહેલું ચારિત્ર જેનું સ્વરૂપ છે. એવો નિશ્ચયમોક્ષમાર્ગ છે.** એ ચોપનમાંથી લીધું છે. સાચો મોક્ષમાર્ગ તો આ એક જ છે. સમજાણું કાંઈ? વીજળીનો કરંટ લાગે. હેં? ઓલાને કરંટ લાગ્યો તો સળીયે ચોંટી ગયો. એના લોઢાના સળીયા હોય ને? લટકી રહ્યો. એ વખતે જરીક થયું આહ. સમજાણું કાંઈ? ....... એમ ભગવાન અંદર એટલો બધો ઊંચો છે. ધર્મની મોટી શાળા છે. ધર્મશાળા છે. એ તો ધર્મશાળા તેમાં બધા ધર્મ રહેલાં છે. આહાહા! સમજાણું કાંઈ?

## ગાથા-૧૬૩

**जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि ।**
**इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि ।। १६३ ।।**

येन विजानाति सर्वं पश्यति स तेन सौख्यमनुभवति ।
इति तज्ज्ञानाति भव्योऽभव्यसत्त्वो न श्रद्धत्ते ।। १६३ ।।

सर्वस्यात्मान: संसारिणो मोक्षमार्गार्हत्वनिरासोऽयम् ।

इह दि स्वभावप्रातिकूल्याभावहेतुकं सौख्यम् । आत्मनो हि दृशि-ज्ञप्ती स्वभाव: । तयोर्विषयप्रतिबन्ध: प्रातिकूल्यम् । मोक्षे खल्वात्मन: सर्वं विजानत: पश्यतश्च तदभाव: । ततस्तद्धेतुकस्यानाकुलत्वलक्षणस्य परमार्थसुखस्य मोक्षेऽनुभूतिरचलिताऽस्ति । इत्येतद्भव्य एव भावतो विजानाति, तत: स एव मोक्षमार्गार्ह: । नैतदभव्य: श्रद्धत्ते, तत: स मोक्षमार्गानर्ह एवेति । अत: कतिपये एव संसारिणो मोक्षमार्गार्हा, न सर्व एवेति ।। १६३ ।।

**જાણે-જુએ છે સર્વ તેથી સૌખ્ય અનુભવ મુક્તને;**
**-આ ભવ જાણે ભવ્ય જીવ, અભવ્ય નહિ શ્રદ્ધા લહે. ૧૬૩.**

**અન્વયાર્થ :- (येन) જેથી (આત્મ મુક્ત થતાં) (सर्वं विजानाति) સર્વને જાણે છે અને (पश्यति) દેખે છે, (तेन) તેથી (स:) તે (सौख्यम् अनुभवति) સૌખ્યને અનુભવે**

છે;-(इति तद्) આમ (भव्यः जानाति) ભવ્ય જીવ જાણે છે, (अभव्यसत्त्वः न श्रद्धत्ते) અભવ્ય જીવ શ્રદ્ધતો નથી.

ટીકા :- આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.

ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની *પ્રતિકૂળતાનો અભાવ છે. આત્માનો 'સ્વભાવ' ખરેખર દૃશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બન્નેને *વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે (અર્થાત્ મોક્ષમાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય છે). તેથી *તેનો અભાવ જેનું કારણ છે એવા *અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.-આ પ્રમાણે ભવ્ય જીવ જ *ભાવથી જાણે છે, તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે; અભવ્ય જીવ એ પ્રમાણે શ્રદ્ધતો નથી, તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે.

આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે, બધાય નહિ. ૧૬૩.

## ગાથા-૧૬૩ ઉપર પ્રવચન

जेण विजाणदि सव्वं पेच्छदि सो तेण सोक्खमणुहवदि ।
इदि तं जाणदि भविओ अभवियसत्तो ण सद्दहदि ।। १६३ ।।

જુઓ! સુખ ઉપર બીજી વ્યાખ્યા હો હવે? આહાહા!

**ટીકા :- આ, સર્વ સંસારી આત્માઓ મોક્ષમાર્ગને યોગ્ય હોવાનું નિરાકરણ (નિષેધ) છે.** બધા પ્રાણીઓ મોક્ષને યોગ્ય હોય એમ છે નહીં. આહાહા! સર્વ સંસારી આત્મા મોક્ષમાર્ગના હોય તો મોક્ષમાર્ગ તો આનંદરૂપ છે. અને તેનું ફળ મોક્ષ પણ આનંદરૂપ છે. એને યોગ્ય હોવાનું નિરાકરણ છે.

**ખરેખર,** ઓહોહો! અમૃતચંદ્રાચાર્યની ટીકા! ગજબ ટીકા! થોડામાં કેટલો સમાવેશ કરી દયે છે. **ખરેખર સૌખ્યનું કારણ,** આનંદનું કારણ. પોતાનો ભગવાનઆત્મા આનંદ અતીન્દ્રિય સ્વરૂપ આનંદ

*પ્રતિકૂળતા = વિરુદ્ધતા. વિપરીતતા; ઊલટાપણું.

*વિષયપ્રતિબંધ = વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું (દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.)

*પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.

*પારમાર્થિક સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા છે.

*શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં કહ્યું છે કે 'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે'.

છે. એ આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. પોતાનો જે આનંદ સ્વભાવ, એ આનંદ સ્વભાવનું કારણ સ્વભાવથી વિપરીત રાગાદિ પ્રતિકૂળતાનો અભાવ. સ્વભાવથી વિપરીત દુઃખાદિ ભાવોનો અભાવ. આહાહા!વ્યવહારાદિ ભાવ એ દુઃખરૂપ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વભાવથી પ્રતિકૂળ છે.

ઉત્તર :- (સ્વભાવથી) પ્રતિકૂળ છે. ત્યાં અટકે છે, રોકાય છે. અટકી જાય છે. વ્યવહારમાં રોકાય છે. ત્યાં દુઃખ છે. આ લૌકિક વ્યવહારની વાત નથી હો! તે વ્યવહાર રત્નત્રય જેને સાધન કહ્યું હતું તેમાં રોકાય તો દુઃખ છે. આહાહા! સમજાય છે કાંઈ?

**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતા,** વિરૂદ્ધતા, વિપરીતતા **એનો અભાવ.** સ્વભાવ આનંદસ્વરૂપ ભગવાન તેનું કારણ સ્વભાવથી વિરૂદ્ધ રાગાદિ વિકલ્પ દુઃખરૂપ તેનો અભાવ. અહીં તો જુઓ ભાઈ વ્યવહારને સાધન કહ્યું હતું ને? એ વ્યવહારનો અભાવ કરીને નિશ્ચય એમ બતાવવું છે. ભાઈ. આહાહા! હા. જે વ્યવહાર નિમિત્તરૂપે સાધન કહ્યું હતું તે સાધન દુઃખરૂપ છે. તો ખરેખર આત્માના આનંદનું કારણ તેના સ્વભાવથી વિરૂદ્ધ વિકલ્પ જે દુઃખરૂપ છે તેનો અભાવ તે સ્વભાવનું કારણ છે. એ રાગાદિ સ્વભાવનું કારણ છે નહીં. આહાહા! ગજબ વાત છે.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદનો રસિયો આત્મા છે. સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદનું કારણ કોણ? અતીન્દ્રિય આનંદથી વિરૂદ્ધ વિકલ્પ જે દુઃખરૂપ છે તેનો અભાવ તેનું કારણ છે. સમજાણું કાંઈ? શું નામ? હરદારજી! હેં? ભાઈ પ્રકાશને પૂછ્યું હતું તારા દાદાનું નામ શું? તો કહે હરદારજી! સમજાણું કાંઈ? આહાહા! એ ભગવાનઆત્મા છે ને? બાળ-ગોપાળમાં આત્મા રહેલો છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. એય! દીલીપ! એ રામજીભાઈ! એ તમારો દિકરો કહેતો હતો. મારો જ્યાં આનંદ છે ત્યાં ગોતે નહીં ને ખાલી ખાબોચિયામાં ગોતે છે. ખાલી ખાબોચિયું સમજ્યા? ખાડો ખાલી ખાડો. તેમાં પાણી ગોતે છે. તેમાં રહેતો નથી.

એમ આત્મામાં આનંદ છે પણ જ્યાં વિકલ્પ ઊઠે છે તો ખાલી છે. તેમાં આનંદ છે નહીં. ત્યાં ગોતે છે. અહીંથી મળશે, ધૂળમાંથી મળશે, લક્ષ્મીમાં મળશે, શરીરની વાસના ભોગમાં મળશે. ધૂળેય નથી ત્યાં સાંભળ તો ખરો! આહાહા!

મુમુક્ષુ :- અતીન્દ્રિય આત્માના આનંદ માટે ખાલી ખાલી કેમ?

ઉત્તર :- ખાલી ખાબોચિયા છે. અમારે દીલીપનેય એ વાત થઈ. કહો, સમજાણું કાંઈ? ખાલી ખાબોચિયા આપણી કાઠીયાવાડી ભાષા છે ને? દેશી, ઘરગથ્થુ. આહાહા!

મુમુક્ષુ :- .........

ઉત્તર :- તે દુઃખ છે. સમજાણું કાંઈ? ગજબ પંચાસ્તિકાય પણ કથન પદ્ધતિ તો જુઓ! ઓહોહો! એવું કથન ને એવો ઉપદેશ વીતરાગ માર્ગ સિવાય ક્યાંય હોઈ શકે નહીં. નાગા થઈને સ્વરૂપમાં આમ... પછી આમ લુગડા પહેરી લીધા, ધૂળેય મુનિ થઈ ગયો અંદર... હેં? તમારા મકનભાઈ પણ નિર્વસ્ત્ર થઈ ગયા હતા. પંચાણુંની સાલમાં. ઓલા વસ્ત્ર વિનાના વખાણ બહુ થાય ને? નિર્વસ્ત્રમાં મુનિપણા. ઘરેથી વસ્ત્ર મુકાવીને રાત્રે આવ્યા! મેં કીધું આ કોણ? અંધારે. મેં કીધું આમ ન હોય. વસ્ત્ર ...... એમ ન હોય. આ મકનભાઈ, લ્યો! સુમનભાઈ! પંચાણુમાં. ત્યાં રાજકોટ ચોમાસું હતું ને? વસ્ત્ર ત્યાગવું શું? અંદર વિકલ્પની લાગણી દુઃખરૂપ છે એવા સ્વભાવનો આશ્રય કરીને નાશ થઈ જાય. તેનું નામ નગ્નપણું છે. બહારના નગ્નપણા શું? ધૂળમાં તો બધા નગ્ન જ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ખરેખર, **स्वभावप्रातिकूल्याभावहेतुकं सौख्यम्** સ્વભાવ પ્રાપ્તિના અભાવ ત્યાં દુઃખ. તેનો હેતુ અભાવ. એ સ્વભાવથી વિરૂદ્ધભાવનો અભાવ. એ સુખનું કારણ આહાહા! પંથની રીત શું છે? પંથની માર્ગની સ્થિતિ શું છે? એ ખબર નહીં અને ધર્મ થઈ જાય અને ધર્મ કરીએ છીએ. એ અનાદિનું ગુમાવ્યું છે. સમજાય છે? એમ ને એમ સંસાર અનાદિ(થી ચાલ્યો આવે છે.) ભગવાન આચાર્ય કહે છે. ઓહો! ખરેખર આનંદનું કારણ આનંદનો જે સ્વભાવ તેનાથી પ્રતિકૂળતાનો વિકલ્પ જે છે એનો અભાવ. અહીં તો વિકલ્પ ઊઠે છે તેનો અભાવ તે સુખનું કારણ છે. એ વિકલ્પ સુખનું કારણ સાધન કહ્યું હતું ને? એમ કરીને કહ્યું પણ ......નિશ્ચયમાં એને ઉડાવી દીધા. સમજાણું કાંઈ?

આ દેહની ક્રિયા તો માટી જડની છે. આ તો અજીવ છે. એ તો છે જ નહીં પણ તેમાં જે વિકલ્પ ઊઠે છે જેને અમે સાધન કહેતા હતા. વ્યવહાર સાધન આરોપિત સાધન ઉપચાર તે સાધન. તે પણ સ્વભાવથી વિરૂદ્ધ વિપરીત છે. અને તેનો અભાવ સાધન છે. ભાવ સાધન કહ્યું હતું તે તો આરોપથી કહ્યું હતું એમ કહે છે. આહાહા! આ તો બધી ઊંચી કોટિની વાતું, ઉચ્ચ કોટિની વાત છે. અરે ભગવાન! તારા સુખની, પહેલી શ્રેણી સમ્યગ્દર્શનની વાત છે. આહાહા! શું કરે? કહે છે. પ્રતિકૂળતાનો અભાવ. કોની પ્રતિકૂળતા? સ્વભાવની. પ્રતિકૂળતાનો અભાવ શું? આનંદનું કારણ.

અતીન્દ્રિય આનંદનું કારણ અતીન્દ્રિય આનંદથી વિરૂદ્ધ જે વિકલ્પ છે. વ્યવહાર રત્નત્રય કહ્યું હતું તે. તેનો અભાવ તે અતીન્દ્રિય સુખનું કારણ છે. એ રાગ કારણ કહ્યું હતું તે ઉપચારથી કહ્યું હતું. વાસ્તવિક કારણ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈક તો રાખો?

ઉત્તર :- આ રાખીએ છીએ ને? કાંઈક તો રાખીએ છીએ ને. દુઃખના કારણમાં તે રાખીએ છીએ. આહાહા! મુનિઓ દિગંબર સંતો નાગા બાદશાહથી આઘા. દુનિયાની જેને પડી નથી. દુનિયાને સંતો બેસસે કે નહીં? આવા ઉપદેશથી દુનિયાને બરાબર બેસસે કે નહીં? અને વિરોધ થઈ જાશે કે નહીં?

.... માર્ગ આ છે, ભાઈ!

ભગવાનઆત્મા પોતામાં જે અતીન્દ્રિય આનંદ સ્વભાવ છે, તે સ્વભાવની પ્રાપ્તિનું કારણ સ્વભાવથી વિરૂધ્ધ જે વિકલ્પ છે તેનો અભાવ સ્વભાવનું કાણ છે. આહાહા!

મુમુક્ષુ :- બીજું કોઈ કારણ છે નહીં

ઉત્તર :- કોઈ કારણ છે નહીં.

**આત્માના,** હવે સ્વભાવ, જુઓ! એ લીધું હતું તો ચોપનમાં એ પાછું લેશે. ચોપનમાં લીધું હતું- સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. બે થઈને પણ અભેદરૂપ આચરણ કરે છે. બે ભાગ નથી પાડતા. એ પહેલાં આવ્યું હતું ને?

અહીંયાં તો આત્માનો સ્વભાવ પહેલાં એવો કહ્યો કે આત્મા **ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.** હવે સ્વભાવ કોણ? એ સ્વભાવ ખરેખર દશિ-જ્ઞપ્તિ દર્શન-જ્ઞાન છે. ભગવાનઆત્મા! જેમ સાકરનો સ્વભાવ મીઠાશ અને સફેદાઈ. સાકરનો સ્વભાવ મીઠાશ, મીઠાશ જ કહે છે ને? (અને) સફેદાઈ. એમ આત્માનો સ્વભાવ આત્માના આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. તો એ સ્વભાવ કોણ? સ્વભાવ! જાણવું-દેખવું એ સ્વભાવ. સમજાણું કાંઈ?

ભગવાન સ્વભાવવાન તેનો સ્વભાવ જાણવું-દેખવું સ્વભાવ. અસ્તિત્વ સત્તા. સ્વરૂપમાં જાણવું- દેખવું. **તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.** પ્રતિકૂળતાની વ્યાખ્યા કરી. **તે બન્નેને.** બન્ને કોણ? જ્ઞાન અને દર્શન સ્વભાવ. **બન્નેને વિષયપ્રતિબંધ હોવો,** વિષયમાં રુકાવટ, મર્યાદિતપણું. દર્શન-જ્ઞાનના વિષયમાં મર્યાદિત થવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે. જુઓ! આ ઓછું જ્ઞાન અને ઓછું દેખવું એ પ્રતિકૂળતા! આહાહા! સમજાણું કાંઈ?

રાગને તો લીધો પણ નથી. જો સ્વભાવની પ્રતિકૂળતા જાણવું-દેખવું ક્યાંક રોકાઈ જાય છે એ સ્વભાવની પ્રતિકૂળતા. મર્યાદિત જ્ઞાન, જાણવું ને દેખવું મર્યાદિત હોય છે એ અમર્યાદિત જાણવા- દેખવાનો વિરૂધ્ધ ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ધીમેથી થાય છે. હળવે હળવે વિચાર કરે તો એને અવકાશ પણ રહે. હેં? આહાહા! ન્યાયથી જરાક વિચાર કરે તો ખ્યાલમાં પણ આવી જાય. આ તો સમજવાની ચીજ છે. આ કોઈ વિદ્વતાની ચીજ નથી. સમજાણું કાંઈ?

**તે બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું. (દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.)** આહાહા! અહીં તો રાગને પણ પ્રતિકૂળતામાં લીધો નથી. એ તો ક્યાંય કાઢી નાખ્યો.પણ રાગને જાણવા- દેખવાની જે અલ્પ મર્યાદિત પર્યાય છે તે રાગને જાણે, રાગને જાણે. સમજાણું કાંઈ? એવું મર્યાદિત

જે અલ્પ જ્ઞાન-દર્શન છે તે જ વિષયપ્રતિબંધ થવો તે છે. પોતાનો વિષય તો પૂર્ણ દેખવું તે છે. પૂર્ણ જાણવું, પૂર્ણ દેખવું છે. જેનો સ્વભાવ જાણવું-દેખવું તે તો સ્વભાવે પૂર્ણ જાણે-દેખે. સમજાણું કાંઈ?

દ્રવ્ય સ્વભાવવાન અને સ્વભાવ દર્શન-જ્ઞાન, એ તો પૂર્ણ છે ને પૂર્ણ. સ્વભાવ પૂર્ણ છે તો તે પૂર્ણ જાણે-દેખે એવી તેની પૂર્ણ પર્યાય હોવી જોઈએ. એવી પૂર્ણ પર્યાય જાણવા-દેખવાની નથી હોતી અને રાગને જ જાણે અને નિમિત્તને જ જાણે એટલી જ જ્ઞાનની મર્યાદા એ સ્વભાવની પ્રતિકૂળતા છે. આહાહા! ગજબ શૈલી છે ને? આ વ્યવહાર રાગ આવે છે ને? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો હતો ને? રાગને જાણે છે ને? કે આ રાગ વ્યવહારમાં છે. પણ રાગને જાણે ત્યાં પૂરું જ્ઞાન ક્યાં છે? રાગ છે ને વ્યવહાર. સાધકને રાગ આવે છે ને? તો રાગને જાણવો એમ કહ્યું. જ્ઞાની રાગને જાણે છે. પણ એ રાગને જાણવાની પર્યાય મર્યાદિત હીણી અલ્પ છે.

મુમુક્ષુ :- જેને રાગ હોય તેને પૂરું જ્ઞાન ન હોય.

ઉત્તર :- ન હોય. એ વાત કરી છે હો! ઓહોહો!

અહીં તો ભગવાનઆત્મા, સુખના કારણરૂપ સ્વભાવ તેનો વિરૂદ્ધભાવ તેનો અભાવ તે સુખનું કારણ છે. ત્યારે કહે છે કે સ્વભાવ કોણ? વસ્તુ છે સ્વભાવ જાણવું-દેખવું. એ વસ્તુ પરિપૂર્ણ છે, જાણવું-દેખવું પરિપૂર્ણ છે. તો તેનું જાણવું-દેખવું પરિપૂર્ણ પર્યાયમાં આવવું જોઈએ. એમ ન હોવાથી જ્ઞાનની, દર્શનની પર્યાય અલ્પજ્ઞ મર્યાદિત થઈ છે પર્યાયમાં. એ પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિમાં અભાવરૂપ તેનું કારણ. પ્રતિકૂળતા એ ભાવ છે. તેનું અભાવ કારણ છે. આહાહા!

ફરી, ફરી. અહીં તો કહે છે કે સર્વજ્ઞસ્વભાવ પ્રગટ હોય તેમાં અલ્પજ્ઞની પર્યાય મર્યાદિત છે તે વિઘ્ન અભાવ છે. તેનો અભાવ કારણ હોય છે. જે ભાવ હતો તે વિષયમાં રુકાવટ થઈ ગઈ. અલ્પજ્ઞાનની પર્યાય જાણવામાં આવે છે તે તો રોકાઈ ગઈ. પર્યાય પૂર્ણ થઈ નહીં તે પર્યાય તો રોકાઈ ગઈ. તો પર્યાય રોકાઈ ગઈ તે મર્યાદિત પર્યાય છે તે જીવના જ્ઞાન-દર્શનના વિષયમાં પ્રતિબંધ છે. સમજાણું કાંઈ? આહાહા! વીરજીભાઈ! આવી વાત ક્યાં છે? ઓલા કહે ઈશ્વરને ભજો, ભગવાનને ભજો. કાં અમને ભજો. તીર્થંકર કહે છે. ત્યાં લોકો એમ કહે. ભગવાનની ભક્તિ કરો, ભગવાન.. શિવ પદ અમને દેજો રે મહારાજ! અહીં કહે છે ભગવાન શિવ પદ તો તારામાં છે. હેં?

મુમુક્ષુ :- થોડુંક આ સમજાય એવું.....

ઉત્તર :- જેની પાસે શિવ પદ છે ત્યાં તો આવતો નથી. જ્યાં તારું શિવ પદ છે તે ત્યાં તું જાતો નથી.

અહીં તો કહે છે કે જાણવું-દેખવું જે એનો સ્વભાવ છે એ પરિપૂર્ણ હોવો જોઈએ. તે કારણમાં

સુખનું કારણ સ્વભાવ તેની પ્રતિકૂળતાનો અભાવ સુખનું કારણ. તો પ્રતિકૂળતા શું? જાણવા-દેખવાની પ્રતિબંધતા રુકાવટ છે તે પ્રતિબંધ છે. એ વિરૂદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? સર્વજ્ઞનો ઉપદેશ અલ્પજ્ઞતા અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટ કરવી તે તેનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? આહાહા! રાગનો તો અભાવ, એ તો ભાઈ પણ તું રાગને જાણવાની મર્યાદિત પર્યાય તેનો પણ અભાવ. આ વસ્તુ એવી છે ને!

સર્વજ્ઞ ભગવાન સર્વજ્ઞ અને વીતરાગ કેમ થયા? રાગનો અભાવ અને અલ્પજ્ઞનો અભાવ કરીને સર્વજ્ઞ અને વીતરાગ થયા. સમજાણું કાંઈ? **બન્નેને વિષયપ્રતિબંધ હોવો તે નપ્રતિકૂળતાથ છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી,** જુઓ! આવ્યું સર્વને, ઓલું અલ્પજ્ઞ થોડું જાણવું-દેખવું છે ને તે પ્રતિબંધ છે, પ્રતિકૂળતા છે. **મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો-દેખતો હોવાથી તેનો અભાવ હોય છે**. મોક્ષમાં અલ્પજ્ઞ જાણવા-દેખવાની જે પ્રતિકૂળતા હતી તેનો અભાવ હોય છે. મોક્ષમાં પરિપૂર્ણ સુખ છે. તે સુખનું કારણ અલ્પજ્ઞ અને અલ્પ દર્શનનો અભાવ તે સુખનું કારણ થયું. આરે! આ તે કઈ રીતની વાત કરે છે? સમજાણું કાંઈ?

**બન્નેને વિષય પ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. મોક્ષમાં ખરેખર આત્મા બધાને જાણતો અને દેખતો** (છે.) **હોવાથી તેનો અભાવ હોય છે.** આહાહા! તેના એ દુઃખની વાત હો! અભવી આ વાત માનતો નથી. એમ કહે છે.

કેમકે જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ પરિપૂર્ણ હોવું જોઈએ. અને પરિપૂર્ણ આનંદ પ્રગટ હોય છે, એ વાત અભવિ માની શકતો નથી. આહાહા! અભવિની જેમ મિથ્યાદૃષ્ટિ પણ માનતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? **મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે.** કોનો? જે બન્નેને વિષય પ્રતિબંધ જે પ્રતિકૂળતા છે તેનો અભાવ હોય છે. આહાહા! રાગનો તો અભાવ હોય છે. પણ અલ્પજ્ઞ પર્યાય અને અલ્પદર્શી પર્યાય તેનો અભાવ હોય છે ત્યારે સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે. મોક્ષ થાય છે. સમજાણું કાંઈ?

સોનામાં જેમ મેલ હોય છે ને મેલ તેનો તો અભાવ કરીને સોનું થાય છે. પણ સોનામાં જેમ પહેલાં તેર વલુ, ચૌદ વલુ, પંદર વલુ હતું તેનો અભાવ કરીને સોળ વલુ થાય છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે આ ભણતર કોઈ જુદી જાતનું. હેં? આહાહા! સ્વભાવનો જે ભકત થયો તે ભગવાન થયા વગર રહે નહીં. એમ કહે છે. સ્વભાવ જેનો જાણવું-દેખવું, શકિત કહો, સ્વભાવ કહો, ગુણ કહો, સત્‌નું સત્વ કહો, દ્રવ્યનો ભાવ કહો. એ જાણવું-દેખવું જે ભગવાનઆત્મા ચિદ્‌ઘન છે તેમાં તો પૂર્ણ જાણવું-દેખવું થાય તેનું નામ મોક્ષ છે. પૂર્ણ જાણવાવાળા મોક્ષમાં વિઘ્ન કરવાવાળું કોણ? કે અલ્પજ્ઞ મર્યાદિત જાણવું-દેખવું તેનો અભાવ થાય તો મોક્ષ થાય છે. એ રુકાવટ જ મોક્ષને રોકે છે. આહાહા!

મુમુક્ષુ :- અંતરાય કર્મનું શું?

ઉત્તર :- અંતરાય બંતરાય તેની ઘરે રહી ગયા. અંતરાય કર્મ ભગવાનના ઘરમાં આવતા જ નથી. આત્માને કર્મનો અંશ અડતો પણ નથી. અને આત્મા કર્મના ઉદયને અડતોય નથી. આ તો અલ્પજ્ઞને અડે છે તે પ્રતિકૂળતા છે. એમ કહે છે. આહાહા! એય! પંડિતજી! આ લોકોને આવું તત્ત્વ. આહાહા! મીઠો મહેરામણ ઉછળે છે. સમજાય છે? એવો ભગવાન ઊંડે સુધી. હેં? આહાહા! આ સમજવું ને આ કરવું. બીજું શું કરવું છે?

કહે છે, આત્માનો સુખ તે સ્વભાવ. સુખ હવે સ્વભાવ જ્ઞાન-દર્શન. તો જ્ઞાન-દર્શનનું પરિપૂર્ણ જાણવું-દેખવું હોય ત્યાં સુખ પૂર્ણ છે. સમજાણું કાંઈ? પણ જાણવા-દેખવાનો સ્વભાવ અલ્પજ્ઞ છે ત્યાં પૂર્ણ સુખ છે નહીં. પૂર્ણ જ્ઞાન-દર્શન, પૂર્ણ તો સુખ છે નહીં. તો પૂર્ણ સુખનો અભાવ, સુખનો અભાવ કેમ વર્તે છે. જ્ઞાન-દર્શનની પર્યાયમાં રુકાવટ છે માટે સુખનો અભાવ વર્તે છે. આ તેનો અભાવ હોય તો સુખનો ભાવ થાય છે. સમજાણું કાંઈ? ભાઈ! આવો માર્ગ! હવે આવો તો ત્યાં કલકત્તામાં સાંભળવા પણ મળે નહીં. પછી બાપુજી ત્યાં જે જે દીધે રાખે. બહારની હોળી! આહાહા! શેઠીયાને શું થાય? શેઠીયાને મોઢા આગળ બેસાડે. પૈસા આપીને જાવને દુકાને જયાં જાવું હોય ત્યાં. લ્યો! ........ કર્તા હર્તા તો આ છે. પ્રાણજીવનભાઈ!

આ ચીજ ભગવાનના ઘરની શું ચીજ છે તે ખબર નહીં. તારા ઘરમાં તો પૂર્ણ દર્શન જાણવું-દેખવું શક્તિ પૂર્ણ પડી છે. તેનું પર્યાયમાં જે અપૂર્ણ જાણવું-દેખવું રહે છે તે સુખના સ્વભાવનો અભાવ તેનો અભાવ હોય તો સ્વભાવ પ્રગટ થાય છે. તો આનંદ થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? **તેથી તેનો અભાવ જેનું કારણ છે.** કયાં?

જે અલ્પ જાણવા-દેખવાનો અભાવ તે મોક્ષની પૂર્ણ પર્યાયનું કારણ છે અને સુખ સ્વભાવનું એ કારણ છે. **તેથી તેનો અભાવ જેનું કારણ છે એવા પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.** (બગડો કર્યો છે ને?) ખરેખર સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. એ પ્રતિકૂળતા એ અલ્પજ્ઞ અને અલ્પદર્શીપણું એ પ્રતિકૂળતા. તેનો અભાવ તે સુખનું કારણ છે. એટલે મોક્ષનું કારણ છે.

એવા અનાકુળલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે. આહાહા! ગજબ ન્યાય હોય છે પૂર્ણ, આખા! તો એ બેસે કે નહીં? પૂર્ણ સુખની વાત કરે છે. સમજાણું કાંઈ? પછી ખુલાસો કરશે. અહીંયા કહે છે **અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.** એ મોક્ષને અનુભૂતિ અનંત આનંદની છે. આ વળી કયાં? આત્મા ને વળી અનુભવ? તો તો બે થઈ ગયા. વેદાંતવાળા એમ કહે છે બે, અનુભવ કરે છે તે વળી શું? અરે! સાંભળ તો ખરો. સમજાણું કાંઈ?

આત્મા ભગવાન પોતાના મોક્ષના આનંદમાં અનુભૂતિ, પરમાર્થ સુખની અનુભૂતિ. કેવું પરમાર્થ સુખ? અનાકુળતાલક્ષણવાળા, આકુળતાનો અભાવ-અનાકુળ. મોક્ષમાં અચલિત અનુભૂતિ. ચળે નહીં તેવી અનુભૂતિ મોક્ષમાં છે સિધ્ધને. એ સુખની અનુભૂતિ ચળે નહીં તેવી અનુભૂતિ સિધ્ધને છે આનંદની. આહાહા! એય દીલીપ! સિધ્ધ એકલા શું કરતા હશે? આનંદમાં. એના બાપે પૂછયું હતું. મહારાજ કહે છે કે સાધુ એકલા જંગલમાં રહે છે.. આનંદ છે તેને તો. સિધ્ધ એકલા કેમ રહે છે? નહીં તેને ગમતું હોય. સિધ્ધ અનંત આનંદમાં છે. તમારે ઢુંઢારી બોલે છે. એય જાદવજીભાઈ!

અહીં તો અલ્પજ્ઞ ને અલ્પદર્શીપણું પણ પ્રતિકૂળતા છે. આહાહા! કોણ કરી શકે? જેનો સ્વભાવ જાણવું-દેખવું. સ્વભાવ જયાં આવો સામર્થ્યપૂર્ણ છે. પર્યાયમાં અલ્પજ્ઞાન છે તો તો સર્વજ્ઞના સ્વભાવથી વિરોધીભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! **આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે.** તેનો ખુલાસો આવશે. આ ભવ્ય જીવ, આવો ભવ્ય જીવ જ અનુભવના ભાવથી જાણે છે. અભવિ જાણતા નથી. અરે! સર્વ સંસારી પ્રાણી સુખને મોક્ષને માટે લાયક છે નહીં. તેની વિશેષ વાત આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૫, ગાથા :- ૧૬૩-૧૬૪
## વૈશાખ વદ-૬, મંગળવાર, તા :- ૨૬-૫-૧૯૭૦

**પંચાસ્તિકાય ૧૬૩ ગાથા.**

**આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે.** ત્યાં સુધી. છેલ્લી બે લીટી છે. શું કીધું? જુઓ! **ખરેખર સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ.** ત્યાંથી શરૂ થયું છે. ખરેખર આત્માનો આનંદ સ્વભાવ તેનું કારણ આત્માનો આનંદ સ્વભાવ તેનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ. સ્વભાવ કોને કહે છે? દશિ અને જ્ઞપ્તિ એ સ્વભાવ છે. જાણવું-દેખવું એ પોતાના આત્માનો સ્વભાવ છે. **એ બન્નેને વિષય પ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.** દર્શનજ્ઞાનના સ્વભાવમાં મર્યાદિત જાણવું થયું, અલ્પ જાણવું થયું, તે વિષય જાણવામાં પ્રતિબંધ છે. પૂર્ણ જાણવામાં પ્રતિકૂળતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારની પ્રતિકૂળતા કયાં છે?

ઉત્તર :- બહારની પ્રતિકૂળતા નહીં. અહીં તો ફકત, ખરેખર તો રાગ ને તેનું જ્ઞાન કરે છે તે ખરેખર તો જ્ઞાન મર્યાદિત છે. એમ કહે છે. રાગ તો વ્યવહાર રાગ તો નહીં. સમજાણું કાંઈ? સ્વભાવ

જાણન-દેખન સ્વભાવ તેનું પર્યાયમાં અલ્પજ્ઞપણું, મર્યાદિતપણું, રુકાવટ છે તે રાગાદિ વ્યવહાર છે ને વિકલ્પ, તે તો સાધન નથી પણ તે સમયે રાગનું મર્યાદિત જ્ઞાન જે થાય છે તે પણ પૂર્ણજ્ઞાનસ્વભાવમાં વસ્તુનો કારણ જે સ્વભાવ એમાં એ વિરૂધ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

પોતાનો સ્વભાવ તો જાણવું-દેખવું છે. અને એ સ્વભાવમાં પ્રતિકૂળતા અલ્પજ્ઞતા જાણવામાં અલ્પ-મર્યાદિત જાણવું આવવું, તે જ પૂર્ણતા થવામાં વિરૂધ્ધ છે, વિપરીત છે. તેનો અભાવ થવો એ સ્વભાવની પૂર્ણતા અને સુખનું કારણ છે. ઝીણી વાત છે ઝીણી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઝીણું આવ્યું ઝીણું.

મુમુક્ષુ :- ઝીણું નથી

ઉત્તર :- ઝીણું નથી હવે ઝીણું નથી.

મુમુક્ષુ :- પર્યાય બદલી ગઈ

ઉત્તર :- બદલી ગઈ.

એમ કહે છે કે **ખરેખર સૌખ્યનું કારણ,** આનંદનું કારણ આત્માનો જે આનંદ છે તેનું કારણ **સ્વભાવની પ્રતિકૂળતાનો,** વિરૂધ્ધતા, વિપરીતતા તેનો **અભાવ છે.** સમજાણું કાંઈ? તો આત્માનો સ્વભાવ તો જાણન-દેખન છે. **તે બન્નેને વિષય પ્રતિબંધ,** વિષય પ્રતિબંધનો અર્થ વિષય વાસ... એ અહીંયાં નથી. તેનો જાણવા-દેખવાનો જે વિષય છે તે અલ્પજ્ઞતા એ વિષય પ્રતિબંધતા. સમજાણું કાંઈ? જે જ્ઞાન-દર્શન સ્વભાવ છે. વસ્તુ છે ને જ્ઞાન-દર્શન સ્વભાવ એ તો પરિપૂર્ણ છે. અને પરિપૂર્ણની પર્યાય પરિપૂર્ણ હોવી જોઈએ. તો સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ તો અનુકૂળતા સ્વભાવ પૂર્ણતા હોય તે સ્વભાવ. સમજાણું કાંઈ?

આ બધી સમજવાની ચીજ છે. અંદર એમ ને એમ કાઢયું છે ને અત્યાર સુધી, એ જ કહું છું. આજ પહેલાં-વહેલાં ગરમીમાં આવ્યા. તે અધિકાર બહુ જ ચાલી ગયા છે. હેં?

મુમુક્ષુ :- ગરમી પ્રતિકૂળતા છે નહીં

ઉત્તર :- ગરમી પ્રતિકૂળતા છે નહીં.

અહીં તો રાગ જે વ્યવહારસાધન કહ્યું હતું તે પણ નહીં. પણ એટલામાં રોકાવાનું, જ્ઞાનની મર્યાદા અલ્પજ્ઞાન થયું તે જ સુખનું કારણ સ્વભાવ તેમાં જે મર્યાદિત પ્રતિકૂળતાનો અભાવ થાય તો સુખનું કારણ પૂર્ણ પ્રાપ્ત થાય છે. મગજ જરી કેળવવો પડે. ઓલું તો બીડીમાં મફતમાં પૈસા આવી ગયા. કયાંય ધૂળમાંય નથી. તેમાં મહેનત મહેનત કાંઈ તેણે કર્યું નથી. ના ના એ તો મફતના.

મુમુક્ષુ :- રાગ તો કર્યો હતો

ઉત્તર :- રાગ કર્યો હતો રાગ. સમજાણું કાંઈ?

**બન્નેને વિષય પ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.** જ્ઞાનની પર્યાય મર્યાદિત છે તે જ પૂર્ણ સ્વભાવમાં પ્રતિકૂળતા છે. એ મર્યાદિત જ્ઞાનનો અભાવ થવો તે સ્વભાવની પ્રાપ્તિ પૂર્ણ થવી તે સુખનું કારણ છે. આહાહા!

મુમુક્ષુ :- ખરેખર તો રાગને જાણે છે.

ઉત્તર :- ખરેખર તો એ અલ્પજ્ઞ પર્યાય છે ને? તે રાગને અને અલ્પદશાને તો જાણે ને? પોતાની પર્યાયને જાણે લ્યો ને? પણ એ અલ્પજ્ઞ પર્યાય ને મર્યાદિત પર્યાય છે. હં.. એ મર્યાદિત થઈ. એ મર્યાદિત છે તેનો અભાવ. એ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ તે સુખનું કારણ. આરે! અટપટી વાત છે! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ તેની વાત નથી. અહીં તો જ્ઞાન ને દર્શન સ્વભાવ લીધો. પણ જ્ઞાન-દર્શનસ્વભાવનું ભાન થતાં આનંદનો અંશ તો સાથે આવે છે. પણ કહે છે કે પૂર્ણ આનંદની પ્રાપ્તિ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ હોય તો પૂર્ણ સુખનું કારણ થાય છે. તો પૂર્ણ સુખનું કારણ ક્યારે થાય છે કે પૂર્ણ જ્ઞાન ને દર્શન હોય તો પૂર્ણ સુખનું કારણ થાય છે અને જ્યારે અલ્પજ્ઞ અને અલ્પદર્શીપણું મર્યાદિત જ્ઞાન છે તે પ્રતિકૂળતા છે. પૂર્ણ સુખના કારણ સ્વભાવની પ્રતિકૂળતા છે. તેનો અભાવ થવો તે સુખના કારણનો સ્વભાવ પ્રાપ્ત થયો એમ કહેવામાં આવે છે. આહાહા!

અલ્પજ્ઞને અલ્પજ્ઞપણું રુકાવટ છે. એમ કહે છે. જ્ઞાનમાં જાણવું-દેખવું અલ્પજ્ઞપણું એ પણ ત્યાં રુકાવટ થઈ. ત્યાં જ્ઞાન રોકાઈ ગયું. આહાહા! સમજાણું કાંઈ? નહીં, ત્યાં રુકાવટ થઈ ગઈ. તે જ પરિપૂર્ણ સ્વભાવનો તેમાં અભાવ ન થયો. અભાવ હોય તો સ્વભાવ પરિપૂર્ણ હોય તો સુખનું કારણ સ્વભાવ છે. ભારે વાત ભાઈ! આહાહા!

કુંદકુંદઆચાર્યદેવનું કથન એક એક ગાથામાં ઘણી ગૂઢતા અને ઘણી ગંભીરતા. સમજાણું કાંઈ? કહે છે કે **બન્નેને વિષય પ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે. મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી,** જુઓ! મોક્ષમાં તો સર્વ જાણવું-દેખવું તેનો સ્વભાવ. સર્વ જાણવું-દેખવું. હજી તો સર્વ જાણવું-દેખવું બેસે નહીં. આહાહા! સર્વને જાણે-દેખે. લોકાલોકને જેમ છે તેમ જાણે અને દેખે. સમજાણું કાંઈ?

પૂર્ણ જ્ઞાન ને દર્શન થયું તો અલ્પજ્ઞતાનો અભાવ થયો, રુકાવટનો અભાવ થયો તો પૂર્ણ જાણવું-દેખવું થયું. પૂર્ણ જાણવા-દેખવામાં બધા લોકાલોક જેમ છે તેમ જાણે-દેખે છે. એ પોતાની પર્યાયને જાણે છે. અહીં તો એ કહ્યું ને? લોકાલોક તો પર છે. એ તો આવ્યું હતું ને? તેમાં નહોતું આવ્યું? **સ્વપરપ્રકાશકપણે ચેતે છે.** પહેલી ૧૬૨ ગાથામાં આવ્યું હતું. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં સ્વપરનું જ્ઞાન પોતાનું જ્ઞાન છે. પર સંબંધી અને સ્વ સંબંધી પોતાની પર્યાય જ્ઞાન છે. તેને આત્મા જાણે

છે. સમજાણું કાંઈ?

આત્મામાં જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો એવી પર્યાય સ્વપરપ્રકાશક થઈ તો સ્વપરપ્રકાશક છે તો સ્વની જ પર્યાય. સ્વપરપ્રકાશક છે તો સ્વની જ પર્યાય પરની નહીં. એ તો પરનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન બધું સ્વમાં થયું. આહાહા! સમજાણું કાંઈ? એ સ્વપરપ્રકાશક જે જ્ઞાનપર્યાય છે તેને આત્મા ચેતે છે. લ્યો! સમજાણું કાંઈ? આ, તેને આત્મા દેખે છે અને સ્વરૂપમાં ઠરે છે તે ત્રણે ચારિત્ર-દર્શન ને જ્ઞાન આત્મા છે. આહાહા! વાત આત્મા મુકીને, નવર વિનાની જાનપ. આત્મા શું છે તે મુકીને કરો વ્રત ને કરો ત્યાગ. બાહ્ય ત્યાગની મહિમા એટલી લોકોને ઘરી ગઈ! એ તો મિથ્યાત્વની મહિમા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ છે એ પરિપૂર્ણતામાં જ્ઞાનની રુકાવટ થઈ તે જ તેની પ્રતિકૂળતા છે. **તેથી તેનો અભાવ જેનું કારણ છે.** લ્યો! એ રુકાવટ જ્ઞાન-દર્શનની પર્યાયમાં, અલ્પજ્ઞતામાં રુકાવટ થઈ **તેનો અભાવ જેનું કારણ છે એવા અનાકુળતાલક્ષણવાળા પરમાર્થસુખની મોક્ષમાં અચલિત અનુભૂતિ હોય છે.** મોક્ષમાં અતીન્દ્રિય આનંદની પૂર્ણ ટળે નહીં એવી અનુભૂતિ અનુભવ હોય છે. આનંદનો (અનુભવ હોય છે.) આહાહા! સમજાણું કાંઈ?

એ સુખી ક્યાં છે? સુખ તો આ દુનિયા પરમાં હોળીમાં સુખ માને છે. પૈસામાં સુખ છે ને સ્ત્રીમાં સુખ છે ને આબરુમાં સુખ છે ને ધૂળમાં સુખ છે ને ધૂળ એટલે આ હજીરો મોટો પાંચ લાખનો કર્યો તે. વાસ્તુ કર્યું. ઓહો! આ બે-ચાર, પચ્ચીસ-પચાસ અમલદારોને મોટાઓને બોલાવે ને આ બધા આવા મોટા મલાજા કરવા. કામ પણ હોય ને કોઈક ઠેકાણે એટલે, આજ વાસ્તુમાં પધારજો. આજ બધું ભોજન છે ને ફલાણું છે. શેઠ તરત ખુલાસો કરે છે. એમાં મઝા છે એમ માને તે મૂઢ છે. એમ કહે છે. એ તો અમે ત્યાં ત્રણ વર્ષ પહેલાં સાહૂજીના મકાનમાં હતા ને, તો આમ પૈસાવાળાને તો ચાલીસ કરોડ રૂપિયાને, આજ રાત્રે મહારાજ માણસો આવવાના છે, માણસો નહીં સમાય. ચર્ચા થઈ પછી જલ્સા ઉડાવવાના હતા. શું? ચા-પાણી કે કાંઈક શું? પાર્ટી હતી હા. એ બધા અમલદારને અધિકારીઓ ભેગા કરે ને પાર્ટી આપે ને પછી કાંઈક ... પણ એવાને પણ માખણ ચોપડવા પડતા. લ્યો! આમ ચાલીસ કરોડ નાખ્યા ને માખણ ચોપડતા. રાત્રે માણસ બોલાવે ને આ. ધૂળમાંય સુખ નહીં. મફતના હેરાન હેરાન!

મુમુક્ષુ :- બીજું શું કરે? કાંઈ રૂપિયા દરિયામાં નાંખી દેવાય?

ઉત્તર :- રૂપિયા ક્યાં એના હતા? નાંખે કોણ અને રાખે કોણ? એના સંબંધી વિકલ્પ મમતા તે પણ પોતાની છે નહીં. આહાહા! કહો ચંદુભાઈ! શું કરવું આમાં? આહાહા!

ભગવાન કહે છે કે પ્રભુ તારા સ્વભાવ ઉપર નજર કર. ત્યાં સુખ છે. ત્યાં જ્ઞાનની પૂર્ણતા પ્રાપ્તની એક ખાણ છે. તારો સ્વભાવ જાણન-દેખન છે. આત્મા છે વસ્તુ. તો જાણન-દેખન અખંડ પરિપૂર્ણ

સ્વભાવ છે. એ ઉપર નજર કર તો તને જ્ઞાન, આનંદ ને શ્રદ્ધા પ્રગટ થશે અને સાથે અનાકુળ આનંદ લક્ષણવાળી શાંતિ પણ સાથે થશે. અને પૂર્ણ મોક્ષ છે ત્યાં પૂર્ણ આનંદની અનુભૂતિ થશે. આહાહા! સમજાણું કાંઈ? અહીં સુધી આપણે આવ્યું હતું.

**આ પ્રમાણે ભવ્ય જીવ જ ભાવથી જાણે છે.** શબ્દ છે શેઠ? છેલ્લી બે લીટી. **એ પ્રમાણે,** હવે જુઓ ખુબી કેમ લીધી છે? **ભવ્ય જીવ જ ભાવથી જાણે છે.** જુઓ ભાષા! **ભાવથી જાણે છે,** તેનો અર્થ શું થયો? કે પોતાનો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. એમ અંતરમાં જ્ઞાન કર્યું, સ્વજ્ઞેયનું જ્ઞાન કર્યું, તેની શ્રદ્ધા કરી તો સાથે અનુભૂતિ આનંદનો અંશ પણ સાથે આવ્યો. તો ભવ્ય જીવ જાણે છે, એમ કહેવામાં આવે છે. આહાહા! શાંતિભાઈ! આહાહા!

અહીં તો ભવ્ય જીવ જાણે છે અને અભવ્ય જીવ નથી જાણતા. એટલું સિદ્ધ કરવું છે. પછી મોક્ષમાર્ગમાં પણ કથંચિત બંધ ભાવ છે ને કથંચિત મોક્ષમાર્ગ એ પછી સિદ્ધ કરશે. આગળ લેશે. ભવ્ય જીવમાં પછી બંધનું કારણ બતાવ્યું. શું કહે છે? સમજાણું કાંઈ? આ પ્રકારે આત્મામાં આનંદ મોક્ષમાં પૂર્ણ છે અને તેમાં વિષયની પ્રતિબંધતાનો અભાવ છે એવી શ્રદ્ધા અને તેનું જ્ઞાન ભવ્ય જીવને જ હોય છે. કેવી રીતે? કે ભવ્ય જીવ પોતાનો જાણન-દેખન સ્વભાવ છે તે તરફનું લક્ષ કરે છે તો પોતામાં જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. નીચે છે. જુઓ! ચોગડો છે ને? આમાં ચોથા નંબરનું.

**શ્રી જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં કહ્યું છે કે 'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે,** અહીં તો મોક્ષના સુખની વ્યાખ્યા છે ને? મોક્ષમાં અનંત સુખ છે. પૂર્ણ જાણન-દેખન પર્યાયમાં અનંત આનંદ છે. **એ ભવ્ય જીવ જાણે છે.** કેમકે પોતામાં જાણવું-દેખવું જ્યાં સ્વભાવની સાથે એકાકાર થયું તો જાણવા-દેખવાની પર્યાય સાથે આનંદની પર્યાય પણ પ્રગટ થઈ. તેનાથી અનુમાન કરીને આ પરિપૂર્ણ આનંદ મોક્ષમાં છે. મોક્ષમાં જાણવા-દેખવાનું પરિપૂર્ણ અને આનંદ પણ પરિપૂર્ણ ત્યાં છે. આવી પ્રતીતિ સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવને જ હોય છે. કહો, પંડિતજી! આવી વાત.

આત્મા તો એવો છે કે સમ્યગ્દર્શનમાં, લ્યો! **'તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે, ઉપાદેયપણે શ્રદ્ધે છે.** એ પરમઆનંદ મોક્ષની દશામાં છે તે જ આનંદ આદરણીય છે. એવો પોતાનો આનંદ સ્વભાવ અંતરમાં છે એવો આદર કરીને આનંદની પર્યાય વ્યક્ત અનુભવમાં આવી તો પૂર્ણ આનંદ ઉપાદેય છે. એ ભવ્ય જીવ માને છે અને જાણે છે. સમજાણું કાંઈ?

**પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.** જુઓ! ચોથેથી છે. ઓલા ના પાડે છે ને? ચોથે ગુણસ્થાને નહીં, શુભભાવ. એમ પાછું. અરે ભગવાન! શું કરે છે તું આ? ચૈતન્ય શુભભાવ તો પરાશ્રિત રાગ છે. તે તો હમણાં બંધનું કારણ કહેશે. સમજાણું કાંઈ? સ્વભાવ આખું શક્તિરૂપ સત્વ જાણન-દેખન જેનું સત્વ છે, સત્‌નું સત્વ છે. નછેથ તેનો ભાવ છે. છે આત્મા તેનું જાણવું-દેખવું પૂર્ણ

ભાવ છે. એ પૂર્ણ ભાવની અંતર્મુખ થઈને પ્રતીત કરે છે. આનંદના અંશમાં અનંતગુણની પર્યાયના અંશ પ્રગટ થયા વગર રહેતા નથી. પંડિતજી! ભારે વાત!

ઓલામાં જયસેનઆચાર્યની ટીકામાં તો એમ પણ છે, એમ કે પોતાની યોગ્યતા પ્રમાણે વિષય સુખને હેય બુધ્ધિએ અનુભવે છે. એ આમાં નથી લીધું, એમાં ટીકામાં લીધું છે. કારણકે ચોથા પાંચમા (ગુણસ્થાન)વાળાને રાગ આવે છે. થોડોક રાગ આવે છે ખરો ને? પણ હેયબુધ્ધિએ દુઃખબુધ્ધિએ અનુભવે છે. વિષયની વાસનાનો વિકલ્પ સમકિતીને ભવિને આવે છે. પણ એ એને દુઃખરૂપ અનુભવે છે. કાળો નાગ જેમ દેખાય અને જેમ ડરે છે એમ અશુભભાવથી દુઃખ વેદે છે. આવે છે. પણ ખરેખર તો ભવ્ય જીવની અનુભૂતિ આનંદની છે. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

એમ કોઈ કહે કે આનંદનો અનુભવ છે તો પછી તેને દુઃખ અથવા વિષયની વાસનાનો અનુભવ છે નહીં ને? એ કારણે જયસેનઆચાર્યદેવને ખુલાસો કરવો પડયો. જયસેનઆચાર્ય છે ને. એ આમાં નથી નાખ્યું. કેટલામી ગાથા છે. જુઓ! **स्वकीय स्वकीय गुणस्थानानुसारेण यद्यपि हेयबुद्धया विमयसुखअनुभवति भव्यजीवः तथापि निजशुद्धात्मभावनोत्पन्न** ભાવના ઉત્પન્ન ભાષા છે. પોતાનો ચૈતન્ય સ્વભાવ, આમ ધ્રુવ નિત્ય જ્ઞાન-દર્શન તેની એકાગ્રતા તે ભાવના. એવી ઉત્પન્ન **अतीन्द्रिय सुखमेवोपादेयं मन्यते** અતીન્દ્રિય આનંદ એ જ ઉપાદેય ને આદરણીય છે. વિષય-વાસનાનો વિકલ્પ સમકિતીને ચોથે-પાંચમે (ગુણસ્થાને) હોય છે, આવે છે. પણ હેયબુધ્ધિએ છે. આહાહા! એ ઉપાદેય નહીં. સમજાણું કાંઈ? શોભાલાલજી! થોડુંક સમજાય છે? નથી સમજાતું? આવે છે. શેઠીયાનો પોકાર જરીક ઠીક હોય તો ઠીક પડે ને? બરાબર ખ્યાલમાં આવે એવી ચીજ છે.

મુમુક્ષુ :- ખ્યાલમાં આવે એટલા માટે તો કહે છે.

ઉત્તર :- એટલા માટે સહેલી ભાષા છે. આહાહા!

કહે છે કે, ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન સ્વભાવ છે. તો જ્ઞાન-દર્શન સ્વભાવ લીધા તો આનંદ સ્વભાવ કેમ ન લીધો? પ્રગટ પર્યાયમાં છે નહીં તેથી તેણે જ્ઞાન-દર્શન સ્વભાવ લીધો. અને જ્ઞાન-દર્શન સ્વભાવમાં જ્યારે ભાવના એટલે એકાગ્ર થાય છે તો આનંદની પર્યાય અને સર્વ અનંતગુણની પર્યાય પ્રગટ વ્યકતરૂપે અનુભવમાં આવે છે. કેમકે દ્રવ્ય જે છે તે અનંતગુણનો પિંડ છે. તો દ્રવ્યદષ્ટિ જ્યારે થઈ તો જેટલા ગુણ છે તેની વ્યકતતા અંશે પર્યાયમાં આવ્યા વગર રહે નહીં. ભાષા એમ કહેવામાં આવે કે સમ્યગ્દર્શનને કારણે સર્વ ગુણની પર્યાય અંશે પ્રગટ થઈ. એમ કહેવામાં આવે. બાકી ખરેખર તો એ સર્વ ગુણની પર્યાય પોતાના કારણે પ્રગટ થઈ છે. પંડિતજી! સવારમાં પ્રશ્ન હતો ને?

સમ્યગ્દર્શન સ્વભાવનું ભાન થયું તો સમ્યગ્દર્શનની પ્રધાનતામાં એમ ગણવામાં આવે છે કે, સમ્યગ્દર્શન શુધ્ધ થયું તો બધા ગુણ પણ સાથે અંશે શુધ્ધ થયા. એ સમ્યગ્દર્શનની મુખ્યતા કહેવા માટે.

બાકી તો પોતાને કારણે સર્વ ગુણની શુદ્ધતા એ સમયની પર્યાયમાં આવ્યા વગર રહે નહીં. ભારે વાત! આવો ધર્મ ભારે! એકેન્દ્રીયા, બેઈન્દ્રીયા, કે તેઈન્દ્રીયા, ચોઈન્દ્રીયા, એ ઝવેરચંદભાઈ! ઈચ્છામી, પડિક્કામી, તસ્સમીચ્છામી દુક્કડમ, જાવ. જીવીયાઓ, વવરોવીયા એ જ વાત ચાલે છે. જીવીયાઓ, વવરોવીયા, ભાઈ! તારું જીવન તો પૂર્ણ જ્ઞાન, દર્શન ને આનંદ એ તારું જીવન છે. એ જીવનને ન માનવું અને રાગ-દ્વેષ ને અલ્પજ્ઞને માનવું એ જીવીયાઓ વવરોવીયા તારા જીવતરના પ્રાણનો તે નાશ કર્યો છે. ભારે બેસે આકરું આ! મોહનભાઈને કેવું લાગે આ બધું? હેં? સાંભળવા કયાંથી મળે? આ પણ કયાંથી? ધર્મ તો કયાંથી પણ.. આહાહા!

આ તો સત્ સત્ સત્ સત્ સ્વરૂપ સરાણે ચડે છે. હીરા સરાણે ચડે ને? એમ સત્ સ્વરૂપ આ છે. આ વસ્તુ સ્વરૂપ ભગવાનઆત્મા. કહે છે કે જ્ઞાનીને પોતાના પુરુષાર્થની દશા સ્વભાવ સન્મુખ થઈ છે., ભવ્ય જીવ. તો તેને તેની યોગ્યતા પ્રમાણે આનંદની અનુભૂતિ પણ સાથે છે. તો કહે, આનંદની અનુભૂતિ એકલી છે? તો કહે, છે. **यद्यपि हेयबुद्धियादी विमयसुखअनुभवति** તેમાં નથી તે. હેયબુધ્ધિએ વિષય સુખનું વેદન થાય છે પણ ઉપાદેયબુધ્ધિએ આનંદનો અનુભવ થાય છે તે તેની મુખ્યતા છે. આ ઉપાદેય છે. તે તો હેય છે, ઝેર છે. કમજોરીથી સહન નથી થતું તે પછી આવે છે. સમજાણું કાંઈ?

કહે છે **ભવ્ય જીવ જ** એવી ભાષા લીધી. અભવ્ય નહીં એ સિધ્ધ કરવું છે. ભવ્ય જીવ તો એવો જ લીધો છે કે પોતાનો અનુભવ થયો તે ભવ્ય જીવ. **ભવ્ય જીવ જ ભાવથી જાણે છે.** જુઓ! મોક્ષમાં આત્મામાં અનંત સુખ છે. આત્માની પૂર્ણ પર્યાય જયાં હોય ત્યાં અનંત આનંદ છે. પૂર્ણ પર્યાય જયાં થઈ ત્યાં અનંત આનંદ છે. એ ભવ્ય જીવ જાણે છે. કેમ કે પોતાના સ્વભાવમાં અનંત પરિપૂર્ણ છે એવો સ્વાદ પર્યાયમાં લીધો છે. તો મોક્ષમાં અનંત આનંદ એવી પ્રતીતિ તેની ઉપાદેય બુધ્ધિમાં આવી ગઈ. સમજાણું કાંઈ? વાર્તા હોય તો તો સહેલી પડે. છે તો વાર્તા એના ભગવાનના ઘરની. આહાહા!

કહે છે ભવ્ય જીવ પોતાના સુખને જાણે છે. **ઉપાદેયપણે શ્રધ્ધે છે**. એ શું કીધું? પોતાનો આનંદ જ આદરણીય છે અને પૂર્ણ આનંદ કરવા લાયક છે. એમ શ્રધ્ધામાં લ્યે છે. વિષય સુખ ઉપાદેય છે એવી બુધ્ધિ ધર્મીની હોતી નથી. આહાહા! સમજાણું કાંઈ? ચક્રવર્તી સંસારમાં હોય, છન્નું હજાર સ્ત્રી. આમ જુઓ તો રાગ છે પણ એ રાગ હેયબુધ્ધિએ-હેયબુધ્ધિએ. મીઠાશ નહીં-મીઠાશ નહીં. ઝેરના પીણા પીતા હોય એમ દેખાય.

ભગવાનઆત્મા આનંદ સ્વભાવની અનુભૂતિ થઈ. એ આનંદને જ ઉપાદેય માનીને, પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ કરવાના પ્રયત્નમાં ભવિ જીવ હોય છે.**અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.** તો આ ગુણસ્થાન ગુણસ્થાન કયાંથી લેવું? હેં? ચોથા (ગુણસ્થાન)થી. આઠમાથી શું લ્યે? ધૂળ લ્યે? આઠમું શું?

**પોતપોતાના ગુણસ્થાન અનુસાર.** ચોથા ગુણસ્થાનમાં ગુણસ્થાન અનુસાર આનંદની અનુભૂતિ છે. પાંચમામાં પંચમને યોગ્ય આનંદની ઉગ્રતાની અનુભૂતિ છે. છઠ્ઠે પ્રચુરસ્વસંવેદન આનંદની અનુભૂતિ છે. સમજાણું કાંઈ? આ તો વાતું, ધર્મ કરીએ છીએ. અમને પછી સ્વર્ગના સુખ મળશે. પછી મોક્ષમાં જાશું. ધૂળમાંય નહીં જાય. કયાં જાઈશ તું? સમજાણું કાંઈ? આહાહા!

**ગુણસ્થાન અનુસાર અનુભવ કરે છે.** જયસેનઆચાર્યએ એમ ભાષા લીધી. જુઓ! કારણ કે, ચોથા ગુણસ્થાનમાં અનુભૂતિ-આનંદ છે એવો પાંચમામાં વિશેષ છે. છઠ્ઠામાં વિશેષ, સાતમામાં વિશેષ, આઠમામાં વિશેષ, જાવ બારમામાં પૂર્ણ આનંદ. સમજાણું કાંઈ? તેરમામાં અનંત આનંદ. ભગવાન ચૈતન્યમૂર્તિ આનંદની ખાણ જયાં ભાવનામાં એકાગ્ર કરીને, સમજાણું કાંઈ? અંતરમાંથી પ્રવાહ નીકળ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ આદિ તેનો આનંદનો અનુભવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે.** જુઓ! તે પોતાનું સ્વરૂપ જાણે છે. આનંદને ઉપાદેય કરે છે અને ગુણસ્થાન અનુસાર આનંદને અનુભવે છે. **તેથી તે જ મોક્ષમાર્ગને યોગ્ય છે.** એ જીવ મોક્ષમાર્ગને લાયક છે. આહાહા! **અભવ્ય જીવ આ પ્રમાણે શ્રદ્ધતો નથી.** લ્યો! અભવ્ય જીવને એ પ્રમાણે શ્રદ્ધા આનંદનો અનુભવ નથી હોતો. તો શ્રદ્ધા કરતો નથી. શુદ્ધનો આદર નથી કરતો. એ અનાદિથી અશુદ્ધતાનો જ આદર કરે છે. સમજાણું કાંઈ?

**તેથી તે મોક્ષમાર્ગને અયોગ્ય જ છે. આથી (એમ કહ્યું કે) કેટલાક જ સંસારીઓ મોક્ષમાર્ગને યોગ્ય છે.** કોઈ કોઈ જીવ મોક્ષમાર્ગને યોગ્ય છે. બધા જીવ મોક્ષમાર્ગને યોગ્ય છે એમ નથી. વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં એવું છે. બીજામાં તો દૈવી પ્રકૃત્તિ ને આસુરી પ્રકૃત્તિ ને ફલાણી પ્રકૃત્તિ એવી વાતું કરે. આ તો અભવિનો સ્વભાવ જ એવો છે એ સિદ્ધ કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

## ગાથા-૧૬૪

दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि ।
साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा ।। १६४ ।।
दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति सेवितव्यानि ।
साधुभिरिदं भणितं तैस्तु बन्धो वा मोक्षो वा ।। १६४ ।।

दर्शनज्ञानचारित्राणां कथञ्चिद्बन्धहेतुत्वोपदर्शनेन जीवस्वभावे नियतचरितस्य साक्षान्मोक्षहेतुत्वद्योतनमेतत् ।

अमूनि हि दर्शनज्ञानचारित्राणि कियन्मात्रयापि परसमयप्रवृत्त्या संवलितानि कृशानुसंवलितानीव घृतानि कथञ्चिद्विरुद्धकारणत्वरूढेर्बन्धकारणान्यपि भवन्ति । यदा तु समस्तपरसमयप्रवृत्तिनिवृत्तिरूपया स्वसमयप्रवृत्त्या सङ्गच्छन्ते, तदा निवृत्तकृशानुसंवलनानीव घृतानि विरुद्धकार्यकारणभावाभावात्साक्षान्मोक्षकारणान्येव भवन्ति । ततः स्वसमयप्रवृत्तिनाम्नो जीवस्वभावनियतचरितस्य साक्षान्मोक्षमार्गत्वमुपपन्नमिति ।। १६४ ।।

---

દગ, જ્ઞાન ને ચારિત્ર છે શિવમાર્ગ તેથી સેવવાં
-સંતે કહ્યું, પણ હેતુ છે એ બંધના વા મોક્ષના. ૧૬૪.

અન્વયાર્થ :- (दर्शनज्ञानचारित्राणि) દર્શન-જ્ઞાન-ચારિત્ર (मोक्षमार्गः) મોક્ષમાર્ગ છે (इति) તેથી (सेवितव्यानि) તેઓ સેવવાયોગ્ય છે-(इदम् साधुभिः भणितम्) એમ સાધુઓએ કહ્યું છે; (तैः तु) પરંતુ તેમનાથી (बन्धः वा) બંધ પણ થાય છે અને (मोक्षः वा) મોક્ષ પણ થાય છે.

ટીકા :- અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.

આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય તો, અગ્નિ સાથે મિલિત ઘીની માફક (અર્થાત્ *ઉષ્ણતાયુક્ત ઘીની જેમ), કથંચિત્ *વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે. અને જયારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુક્ત હોય છે ત્યારે, જેને અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે એવા ઘીની માફક, વિરુદ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે. માટે ‘સ્વસમયપ્રવૃત્તિ’ નામનું જે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત્ મોક્ષમાર્ગપણું ઘટે છે.*

## ગાથા-૧૬૪ ઉપર પ્રવચન

હવે ૧૬૪ ગાથા.

**दंसणणाणचरित्ताणि मोक्खमग्गो त्ति सेविदव्वाणि ।**
**साधूहि इदं भणिदं तेहिं दु बंधो व मोक्खो वा ।। १६४ ।।**

હવે મોક્ષમાર્ગને યોગ્ય ભવિ અભવિ નહીં. હવે મોક્ષમાર્ગમાં પણ બે પ્રકાર કહે છે. શુધ્ધતા જેટલી મોક્ષમાર્ગની થઈ તે મોક્ષનું કારણ. તેમાં પણ જ્યારે પરસમયની પ્રવૃત્તિ વ્યવહારમોક્ષમાર્ગનો વિકલ્પ છે તે બંધનું કારણ. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ છે. છતાં તેમાં પણ ગડબડ કરે છે. વિરોધ કરે છે.

**ટીકા :- અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે.** સમજાણું કાંઈ? જોયું? મોક્ષમાર્ગ તો બતાવ્યો પણ **અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કોઈ અપેક્ષાએ બંધહેતુપણું પણ છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું સાક્ષાત મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું છે.**

મુમુક્ષુ :- બતાવ્યું એ.

ઉત્તર :- બતાવ્યું એ પણ પાછું આ. રાગથી રહિત થઈને પૂર્ણ ચારિત્રની પર્યાય પ્રગટ કરે તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ઓલા લોકો પ્રશ્ન કરે છે. હમણાં આજ સંદેશમાં આવ્યું હતું. ઓલા લોકો કહે નહીં ચારિત્ર ધારણ કર્યા વગર સમકિત હોતું નથી. એ લોકોને આ વાંધો છે. ચારિત્ર ધારણ કર્યા વિના શુધ્ધ થતાં નથી. પછી આ શું કહે, ચારિત્ર ધારણ કર્યા વિના સમકિત થતું નથી એવું તો કાંઈ આગમમાં લખ્યું નથી.

---

***ઘી સ્વભાવે શીતળતાના કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે; તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષના કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.***

***પરસમયપ્રવૃત્તિયુકત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરુધ્ધ કાર્યનું કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે.***

***(શાસ્ત્રોમાં કયારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુકત હોય તો ક્થંતિચ્ બંધના કારણ કહેવામાં આવે છે; વળી કયારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે; શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્નભિન્ન પધ્ધતિના કથનો ઉકેલવામાં એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે-જ્ઞાનીને જયારે શુધ્ધાશુધ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી, પરંતુ તે મિશ્રપર્યાયનો શુધ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે.) ૧. આ નિરૂપણ સાથે સરખાવવા માટે શ્રી પ્રવચનસારની ૧૧મી ગાથા અને તેની તત્ત્વપ્રદીપિકા ટીકા જુઓ.***

તત્ત્વાર્થના શ્રદ્ધાન, જ્ઞાન વિના સમકિત થતું નથી. સમકિત થતું નથી, એમ. તો એમાં ચારિત્રનું જ્ઞાન આવે છે પણ ચારિત્ર ધારણ કરે તો સમકિત થાય એમ નથી. પછી આમાં થોડું લીધું છે. સમજયા? ખરેખર તો જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા. સંવરમાં ચારિત્ર આવી ગયું. ચારિત્રનું જ્ઞાન, જીવનું જ્ઞાન, આસ્રવનું જ્ઞાન એ યથાર્થ જ્ઞાન વગર સમકિત થતું નથી પણ ચારિત્રને ધારણ કર્યા વિના... સમજાણું કાંઇ?

એ લોકોએ એવી હવે એને લગાડી દીધી છે કે આ સોનગઢવાળા માળા આમ કહે છે તો આપણે હવે એને લગાવો બીજી વાત. તે પણ એનું ચારિત્ર કેવું કે આ ઝેરનું માનેલું હેં?

મુમુક્ષુ :- કપડા છોડયા ત્યારે આવે ને.

ઉત્તર :- કપડા છોડયા કોણ છોડે? કપડાને છોડતા હોય એ જ મિથ્યાત્વભાવ છે. (એમ માને કે) અજીવને હું છોડું છું. શું અજીવ તારામાં ઘુસી ગયું છે? શેઠીયાવ આવા હોય કાંઇ ખબર ન હોય. અને પૈસા બૈસા આપે તો જાવ. આહાહા! ત્યાગી થઇ ગયા. આહાહા! આપણાથી પડતું નથી.

મુમુક્ષુ :- શેઠીયાવથી તો નભે છે.

ઉત્તર :- પૈસા બૈસા આપે છે ને એમ કહે છે. આહાહા! આ તો એક દાખલો. ઈ નહીં, બધા ઘણા શેઠીયા આમ કરે છે ને? આ તો મોઢા આગળ બેઠા છે ને જુઓ આ. આહાહા! કોણ નભાવે ભાઇ!

એ ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ તેની અંતરદષ્ટિ, જ્ઞાન થયા વિના, તત્ત્વાર્થનું જ્ઞાન થાય છે. તો તત્ત્વાર્થમાં ચારિત્રનું જ્ઞાન આવ્યું. ચારિત્રનું ધારણ ન આવ્યું. સમજાણું કાંઇ? સંવર એ ચારિત્ર છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા મોક્ષ. એ થોડું નથી લખ્યું એટલે જરી લોકો વિરોધ કરે છે એમાં. આણે નથી લખ્યું. ચારિત્રનું જ્ઞાન ખરું. તત્ત્વાર્થના જ્ઞાનનો અર્થ? નવે તત્ત્વના જ્ઞાનમાં ચારિત્ર કેવું છે, મોક્ષ કેવો છે, બંધ કેવો છે એવું જ્ઞાન છે. સમજાણું કાંઇ? ચારિત્ર ધારણ કરે પણ ચારિત્ર કે દિ' ધારણ કરે? સમ્યક્ વિના ચારિત્ર આવે કયાંથી? અરે!

જ્ઞાનનું ફળ વિરતિ. તો આત્માના જ્ઞાન ને ભાન થયા પછી સ્થિરતા આવે છે. તેનું ફળ વિશેષ હોય તો. પણ જ્ઞાન થયું ને તરત વિરતિ-ચારિત્ર આવે છે તો જ્ઞાન કહેવામાં આવે છે એમ છે નહીં. સમજાણું કાંઇ? પંડિતજી! આ બહુ જ ગડબડ કરે છે હો! અહીંયાનું નીકળ્યા પછી બહુ વિશેષ ગડબડ થઇ ગઇ. નહીં તો હજી થોડી થોડી હતી.

મુમુક્ષુ :- ગડબડ તો એટલી જ હતી પણ અંદર પડી હતી.

ઉત્તર :- અંદર પડી હતી.

ૠષભદેવ ભગવાનનો ઉપદેશ નીકળ્યો તો એક જીવ સ્વર્ગમાં જાવાનો હતો. કોઇ .. અઢાર ક્રોડાક્રોડી. ઉપદેશ જ્યાં નીકળ્યો તો નરકમાં જાવાવાળો નીકળ્યો, નિગોદમાં જાવાવાળો નીકળ્યો.

આહાહા! મોક્ષ જાવાવાળા નીકળ્યા. ઉપદેશ થયો તો જેવી જેવી યોગ્યતા એવું તેની દૃષ્ટિમાં આવી ગયું. વિરોધ પણ થઈ ગયો. અરે! આ શું કહે છે? ભગવાન જયાં નહીં હતા તો અઢાર કોડાકોડી સાગરોપમે જુગલિયા ફકત સ્વર્ગમાં જાતા હતા. બીજી કોઈ ગતિ ન હતી. ઉપદેશ જયાં નીકળ્યો તો ચોવીસ દંડક અને મોક્ષ પચ્ચીસ થઈ ગયા. નરકમાં જાવાવાળા થઈ ગયા, નિગોદમાં જાવાવાળા થઈ ગયા, બે ઈન્દ્રિયમાં જાવાવાળા થઈ ગયા, સ્વર્ગમાં જાવાવાળા અને મોક્ષ જાવાવાળા થઈ ગયા. જેવી જેની યોગ્યતા હતી તે પ્રમાણે થઈ ગયા. ઉપદેશ શું કરે? સમજાણું કાંઈ?

ઉપદેશ પહેલાં આટલી વિરૂદ્ધતા પણ ન હતી. નર્કમાં જાય કે નિગોદમાં જાય એવી વિરૂદ્ધતા અહીં ભરતક્ષેત્રમાં ન હતી. એ તેને કારણે થયું એમ અહીં તો બતાવવું છે. પોતાની લાયકાત જેવી છે એ પ્રમાણે વિરૂદ્ધતા અને અવિરૂદ્ધતા થઈ ગઈ.

અહીં કહે છે, **અહીં, દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથંચિત્ બંધહેતુપણું દર્શાવ્યું છે અને એ રીતે જીવસ્વભાવમાં નિયત ચારિત્રનું,** જીવસ્વભાવ! જુઓ! પહેલેથી લીધું હતું, ચોપન. એકસો ચોપનમાં. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ જેનો છે સ્વભાવ. સ્વભાવ શું અને મર્યાદા શું? વસ્તુ અને વસ્તુનો સ્વભાવ તેની મર્યાદા શું? અનંત અનંત અનંત જાણવું-દેખવું એવો સ્વભાવ. એવા સ્વભાવમાં સ્થિર થવું. સમજાણું કાંઈ? જીવસ્વભાવમાં નિયત નિત્ય સ્થિર જામી જવું. **એ ચારિત્રનું સાક્ષાત મોક્ષહેતુપણું પ્રકાશિત કર્યું** છે. એ ચારિત્ર સાક્ષાત મોક્ષનો હેતુ છે, કારણ છે. પછી-

**આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય તો,** આવ્યું હવે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વઆશ્રિત છે. તેની સાથે, **જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે,** પરના આશ્રયવાળી રાગ વ્યવહારમોક્ષમાર્ગવાળી પર્યાયમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે, ત્યારે નિમત્ત હો. **અગ્નિ સાથે મિલિત ઘીની માફક**. લ્યો! અગ્નિની સાથે મિલિત ઘી. **(અર્થાત્ ઉષ્ણતાયુકત ઘીની જેમ), કથંચિત્ વિરૂદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.** નીચે ખુલાસો. ઘી સ્વભાવે શીતળતાના કારણભૂત, ઘી તો સ્વભાવે શીતળ છે. સમજાણું કાંઈ? ઘી તો શીતળ શીતળ શીતળ, ઠંડુ. કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુકત હોય તો, પણ અગ્નિ સાથે ઉષ્ણ થઈ જાય **તેનાથી (કથંચિત્) દઝાય પણ છે.** અગ્નિથી દાઝે છે, ઓલા ઘીથી (દઝાય છે.) ઊના ઊના ઘી નાખે. જેવી અગ્નિ બાળે એમ ઘી બાળે. બાળી નાખે. એકદમ ગરમ નાખે તો ચામડી ઉખડી જાય. ઘી છે ને? પણ ઘી ઉષ્ણ છે. ઉષ્ણપણું છે ત્યાં ઘીપાણું રહ્યું નહીં. ઉષ્ણ થઈ ગયું. એ ઉષ્ણતાથી દઝાય પણ છે.

**તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષના કારણભૂત હોવા છતાં,** લ્યો! ઘી તો શીતળતાનું જ કારણ છે. **તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે મોક્ષના કારણભૂત હોવા**

**છતાં, એ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુકત હોય તો તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.** આહાહા! રાગનું અલ્પ પણ સ્થાન ત્યાં આવી જાય (તો તે) મોક્ષમાર્ગી જીવને પણ બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

ખુલાસો કર્યો છે. **પરસમયપ્રવૃત્તિયુકત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત્ મોક્ષરૂપ કાર્યથી વિરૂદ્ધ કાર્યનું કારણપણું, છે ને બીજું? વિરૂદ્ધ કાર્યથી કારણપણું (અર્થાત્ બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે. શાસ્ત્રોમાં કયારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુકત હોય તો,** પરસમય એટલે રાગની સાથે સહિત હોય તો **કથંચિત્ બંધના કારણ કહેવામાં આવે છે. વળી કયારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત્ મોક્ષના પરંપરાહેતુ કહેવામાં આવે છે.** આ પરંપરા હેતુ. શેઠ!

આ શુભને પરંપરા હેતુ પણ કહે છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રને બંધના કારણ પણ કહે છે. કઈ અપેક્ષાએ કહે છે એ સમજવું જોઈએ. **મોક્ષના પરંપરા હેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્નભિન્ન પધ્ધતિનાં કથનો ઉકેલવામાં એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે-જ્ઞાનીને જયારે શુધ્ધાશુધ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતી હોય છે.** જુઓ આવ્યું. આ મિશ્રપર્યાય. આ મોક્ષમાર્ગમાં આવી હતી ને? મિશ્રભાવ. કહો, બંધના વિકારપણે, જે ભાવ કારણ પણ ભિન્ન છે અને મોક્ષનું કારણ પણ ભિન્ન છે. એક પર્યાય ચારિત્ર ગુણની છે.

ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ તેની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું. અને ચારિત્રગુણની પર્યાય એક અંશે નિર્મળ પણ થઈ. તો એ અંશે જે નિર્મળતા થઈ તે સંવર-નિર્જરાનું કારણ અને તે જ પર્યાયનો બીજો ભાગ અશુધ્ધતા રહી તે આસ્રવ, બંધરૂપ છે. ચારિત્રગુણની એક પર્યાયમાં ચાર અંશ. આરે! આરે! વીતરાગનું રહસ્ય છે એ. શું કહે છે. જુઓ! **જ્ઞાનીને જયારે શુધ્ધાશુધ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતી હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી.** કારણ કે જે અશુધ્ધતાનો અંશ છે તે કાંઈ મોક્ષનું કારણ નથી. આહાહા!

જયારે આત્મા પોતાના શુધ્ધસ્વરૂપમાં આશ્રિત થયો તો તે પર્યાયનો અંશ તો નિર્મળ થયો. અને પૂર્ણ આશ્રિત નથી એટલી એક સમયની પર્યાયનો બીજો ભાગ પરનું લક્ષ, આશ્રયવાળી છે તે અશુધ્ધ છે. એક પર્યાયનો અંશ પરાશ્રિતભાવ અશુધ્ધ છે. સ્વઆશ્રિતભાવ એ પર્યાયનો એક અંશ, પર્યાય એક, પર્યાય બે નહીં. એક પર્યાય, એક કાળ, ચાર અંશ. હજી તો એક સમયની પર્યાયને વેદાંતો માને નહીં. પર્યાય કેવી? પલટવું કેવું? એને ઠેકાણે એક પર્યાયમાં ચાર ભાગ. આહાહા! સમજાણું કાંઈ?

પણ એમ જો ન હોય તો પૂર્ણ આનંદસ્વરૂપ છે તેનો આશ્રય થયો. તો તે ઘડીએ પૂર્ણ આશ્રય થાય છે અને પૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન થઈ જાય છે? સમજાણું કાંઈ? તો જેટલો સ્વભાવનો આશ્રય થયો,

ચારિત્રગુણ તો શક્તિરૂપ સ્વભાવ છે. તેમાં એકાગ્ર થઈને જેટલી નિર્મળ પર્યાય થઈ તે ખરેખર સંવર-નિર્જરારૂપ મોક્ષનો માર્ગ. એક પર્યાયના બે ભાગમાં એક ભાગ શુદ્ધ. શુદ્ધના બે ભાગ સંવર અને નિર્જરા. સમજાણું કાંઈ? જુઓ! છે?

**એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી.** એકાંતે સંવર-નિર્જરા-મોક્ષ કારણભૂત નથી તેમ એકાંતે આસ્રવ-બંધના કારણભૂત પણ હોતો નથી. **પરંતુ તે મિશ્રપર્યાયનો શુદ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે.** સંવર-નિર્જરા એ મોક્ષમાં કારણભૂત હોય છે. શુદ્ધ અંશ. મોક્ષ જે આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાય તેનું કારણ શુદ્ધ અંશ છે. જે શુદ્ધ અંશ છે તે સંવર નિર્જરા છે. નવતત્ત્વની શ્રદ્ધાની પણ ખબર ન મળે! સમજાણું કાંઈ?

બંધને બંધ તત્ત્વરૂપે જાણવું, સંવર-નિર્જરાને સંવર તત્ત્વરૂપે જાણવું. આ ભાવબંધની વાત છે હો! ભગવાનઆત્માના આશ્રયથી જે અંશ શુદ્ધ છે, જે શુદ્ધ પર્યાય થઈ, ચારિત્રગુણ તો ત્રિકાળ તેની વર્તમાન પર્યાય અંશે નિર્મળ થઈ, તે અંશ જે નિર્મળ છે તે સંવર-નિર્જરારૂપે અને સંવર-નિર્જરારૂપ થવાથી તે મોક્ષનું કારણ છે. આહાહા! અને અશુદ્ધ અંશ છે તે એક સમયની પર્યાયનો બીજો અંશ અશુદ્ધ છે. આરે! સમજાણું કાંઈ?

એ આસ્રવ-બંધના કારણભૂત હોય છે. એ અશુદ્ધ અંશ તો આસ્રવ-બંધનું કારણ છે. ઉત્પન્ન થયો તે અપેક્ષાએ આસ્રવ, તેમાં રોકાણો તે અપેક્ષાએ બંધ. સંવર ઉત્પન્ન થયો તે શુદ્ધિ અને પહેલાની અપેક્ષાએ વૃદ્ધિ થઈ માટે નિર્જરા. આરે આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આજે બપોરે આવ્યા ને બપોરે એવું ઝીણું આવ્યું ઝીણું.

મુમુક્ષુ :- બપોરે તો ઝીણું જ હોય ને?

ઉત્તર :- જુઓ! અંદર. આંહી તો પંડિતજીએ બધા ખુલાસા કરી દીધા છે. ઓલા કહે ખુલાસા કરીને બધું ખોલી દીધું. હેં?

મુમુક્ષુ :- અહીં બધા ખુલાસા થાય છે.

ઉત્તર :- ખુલાસા થાય છે. એની મેળે વાંચે તો કાંઈ સમજાય એવું નથી. માટે વાંચવું નહીં એમ નહીં હો! વાંચે તો ખબર પડે કે અહીંયાં હું આટલું સમજ્યો હતો અને આ બીજી ચીજ નીકળી. એવું જ્ઞાન તો થાય ને? આહાહા! આ ઓઘે ઓઘે કરો ઈચ્છામી, પડિક્કમણું કરો. તસ્સઉતરીકરણેણં અને કરો વ્રત ને કરો ઉપવાસ. આ કહે આવું ખાવું ને આવું ન ખાવું. બસ! લ્યો પડિમા! પછી લ્યો સાધુપણું. અગિયાર પડિમા છે પણ પંદર પડિમા લઈ લ્યે. વસ્તુ ક્યાં છે? વસ્તુની તો ખબર નથી.

મુમુક્ષુ :- વસ્તુ ...

ઉત્તર :- જ્યારે લ્યો એ પહેલાં ઝેર પી લેવું. પછી અમૃત આવશે.

મુમુક્ષુ :- મિથ્યાત્વને દઢ કરે છે.

ઉત્તર :- આહાહા! એવો વાયુ અત્યારે વાયો છે! લોકોમાં બહારમાં બાયું દીક્ષા દીક્ષા દીક્ષા શેની દીક્ષા? દક્ષા છે. એકલા દુઃખના ડુંગર વહોરવા માટે નીકળ્યા છે. આહા! જૈનશાસનના વેરીમાં એક વધ્યો.

વીતરાગભાવ જો આત્મા તેની દૃષ્ટિની તો ખબર નથી. અને વ્રતના વિકલ્પ સમ્યગ્દર્શન વિનાના વિકલ્પ એ ધર્મ છે અને તેની બરાબર રક્ષા કરજો, રાગની રક્ષા કરજો, આસ્રવની રક્ષા કરજો, બંધભાવની રક્ષા કરજો, તે મિથ્યાત્વભાવની રક્ષા છે. ચંદુભાઈ! આરે ભારે કામ! માણસને આકરું લાગે હો! અહીં તો કહે છે કે **કથંચિત્ વિરુધ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.** એટલે? જો અંશ પોતાનો શુધ્ધ સ્વભાવ ભગવાન પૂર્ણ દૃષ્ટિ જ્ઞાન સ્વભાવ, તેમાં જે એકાગ્રતારૂપ ભાવના છે, તે અંશ તો મોક્ષનું જ કારણ છે. પણ કથંચિત વિરુધ્ધ જે રાગ ભાવ છે, વિરુધ્ધ કાર્યના કારણપણાને લીધે. આ મોક્ષમાર્ગ છે તો તે (રાગ) બંધનું કારણ જ છે. એમ. સમજાણું કાંઈ?

**મિલિત ઘીની માફક અર્થાત્ ઉષ્ણતાયુકત ઘીની જેમ.** કથંચિત્ ઘી ઊનું થયું, અગ્નિનું કામ કરે છે. ઘીથી વિરુધ્ધ કાર્ય કામ કરે છે. કેમ? પોતાથી જે મોક્ષમાર્ગ શુધ્ધ ઉત્પન્ન થયો તેમાં જે રાગ ભાવ આવ્યો તે મોક્ષમાર્ગથી વિરુધ્ધ કાર્ય કરે છે. વિરુધ્ધ કાર્ય કરે છે એટલે બંધનું કામ કરે છે. કહો, સમજાણું કાંઈ? **કથંચિત્ વિરુધ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે બંધકારણો પણ છે.** લ્યો! આહાહા! સ્યાદ્વાદ લગાવે. ભઈ! સમ્યગ્દર્શન જ્ઞાન છે તે પણ બંધનું કારણ છે અને સમ્યગ્દર્શન મોક્ષ છે એમ લગાવો તો તે અનેકાંત છે. પંડિતજી! એ કહ્યું ને? એમાંથી તો દાખલો આપે છે**સમતં** દેવલોકના આયુષ્યનું કારણ સમકિત કહ્યું છે. પણ કઈ અપેક્ષાએ કહ્યું છે? સમકિતમાં એક શુભરાગ છે તે દેવલોકના બંધનું કારણ છે. બંધનું કારણ છે. એના તો ખુલાસા કર્યા છે.

કોઈ ઠેકાણે મોક્ષમાર્ગને બંધનો હેતુ કીધો. કોઈ ઠેકાણે શુભભાવને મોક્ષનું પરંપરા કારણ કહ્યું. બન્નેની મેળવણી કરવી જોઈએ ને? સમજાણું કાંઈ? આહાહા! ઓ ગુણવંતભાઈ! કહો, સમજાય છે આ? ભારે કામ આકરું આમાં! એ તો જુવાન માણસ છે પણ જુના વૃધ્ધ માણસને આકરું પડે. આ બધું મેળવવું પડે. ગયા કાળના બધા મીંડા મુકવા પડે.

મુમુક્ષુ :- એમાં શું વાંધો? એક સાથે ચોકડી કરી દયે.

ઉત્તર :- પણ ચોકડી દેવાનો ખ્યાલ આવે તો ચોકડી દયે. કે તુલના કરતાં આ ઠીક અને આ અઠીક. પણ બેય ઠીક ને અઠીકની તુલના કરતાં ન આવડે તો ચોકડી કયાંથી દયે?

અમારા ભાઈ ખુશાલભાઈએ કહ્યું હતું. મેં કીધું જો આ બધું ખોટું નીકળ્યું છે. હું તો આ છોડી દેવાનો છું. તે કહે, હળવે હળવે છોડવું હો! એકદમ નહીં.૮૭માં વીછીયા. ૮૭, એકાણુમાં પરિવર્તન

કર્યું ને પછી અમારા મોટા ભાઈ હતા ને, (અમને) ૫૭ વર્ષ પહેલાં હાથીના હોદ્દે દીક્ષા લીધી તો મોટી ધામધુમથી આપી હતી, ભાઈ કીધું આ બધું ખોટું છે. દીક્ષા પણ ખોટી, શાસ્ત્ર પણ ખોટા. હું તો આમાં રહેવાનો નથી. ત્યારે એણે કહ્યું, હળવે હળવે.

મુમુક્ષુ :- ખળભળાટ ન થાય એટલે.

ઉત્તર :- (ખળભળાટ)ન થાય એટલે. હેતુ એનો એ. એમાં એકદમ લોકોમાં ખળભળાટ થઈ ગયો. બહુ સરળ પ્રકૃતિના, બહુ રુડો જીવ. આ લોકોને હોય એટલી તેને સંસારની એટલી બધી તીવ્રતા નહીં. બહુ સરળ ભદ્રીક જીવ હતા. એટલે કહે, હળવે હળવે છોડવું. નહીંતર આપણું મકાન છે ઉમરાળા રહેવું તારે. આહાહા! હેં? દીક્ષા ક્યાં હતો? તે તદ્દન ખોટું જ છે. તદ્દન જૂઠું.

સ્થાનકવાસીના સાધુ, સ્થાનકવાસીના શાસ્ત્રો, સ્થાનકવાસીનો ધર્મ બધું તદ્દન જૈનદર્શનથી વિરુદ્ધ છે. એ તો બીજી વાત પણ આ તો લોકોમાં બહારમાં તો એમ લાગે ને? એકદમ ખળભળાટ થઈ જાશે. ક્યાં ત્રણ ત્રણ હજાર માણસમાં (પ્રસિદ્ધિ!).

મુમુક્ષુ :- કાનજી મહારાજ છોડવાના છે...

ઉત્તર :- હા, હળવે હળવે એમ. ત્રણ ત્રણ હજાર માણસમાં ક્યાં? અમે રાજકોટ ૮૯ ની સાલ. દોઢ દોઢ કલાકમાં મોટરની જમવટ થઈ જાય અને વ્યાખ્યાન કલાક ચાલે.. ઓહોહોહોહો! એમ થાય. ૮૯ ની સાલ. ૮૯, કેટલા વર્ષ થયા? છત્રીસ સાડત્રીસ વર્ષ થયા. સભામાં ત્રણ ત્રણ હજાર માણસ સવારમાં. એય! એ તો અહીં આવતા હતા. સંપ્રદાયના નામથી..

અહીં તો કહે છે, ઘી સ્વભાવે શીતળ છે. પણ જો ઉષ્ણતા હોય તો ઘીના કાર્યથી વિરુદ્ધ કાર્ય પણ ઘી કરતું નથી. એમ આત્માનો સ્વભાવ જે મોક્ષમાર્ગનો છે તે મોક્ષમાર્ગ તો પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયથી ઉત્પન્ન થયો છે. પણ તે મોક્ષમાર્ગમાં રાગનો આશ્રય જેટલો રહી જાય તો તે મોક્ષમાર્ગને વ્યવહાર કહે છે તે બંધનું કારણ છે, વિરુદ્ધ કાર્યનું કારણ છે.

મુમુક્ષુ :- ઊનું ઘી છે.

ઉત્તર :- ઊનું ઘી છે. આહાહા! આટલી તો સ્પષ્ટતા છે. તોપણ માળા! વ્યવહારમોક્ષમાર્ગ છે અને નિશ્ચયમોક્ષમાર્ગ છે. બે માર્ગ ન માને તે ભ્રમ છે. અહીં કહે, બે માર્ગ માને તે ભ્રમમાં પડ્યા છે. પણ ચોખ્ખું અહીં કહે છે કે પરસમયપ્રવૃત્તિનો અર્થ એ કે જેટલો રાગ આવ્યો મોક્ષમાર્ગમાં વ્યવહાર કહે છે. આવી ગયું ને? **धम्मादिसदहणं** પહેલાં આવી ગયું છે. આહાહા!

**આ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જો થોડી પણ પરસમયપ્રવૃત્તિ સાથે મિલિત હોય તો,** પરસમય કે વિભાવ. રાગનો અંશ. આહાહા! ચાહે તો પ્રશસ્ત હો. અપ્રશસ્તની અહીં વાત છે નહીં. **તો અગ્નિની સાથે મિલિત ઘીની માફક. કથંચિત્ વિરુદ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને**

**લીધે,** વિરુધ્ધ કાર્યના કારણપણાની વ્યાપ્તિને લીધે, એમ. ત્યાં વિરુધ્ધ કારણની વ્યાપ્તિ છે. શુધ્ધ સ્વભાવ જે પર્યાય અંશે શુધ્ધ થઈ તે મોક્ષનું કારણ. તેનાથી વિરુધ્ધમાં બંધના કારણની વ્યાપ્તિ છે. આહાહા! પંચાસ્તિકાયમાં કેટલું સ્પષ્ટ કર્યું છે. જુઓ!

**અને જયારે તેઓ (દર્શન-જ્ઞાન-ચારિત્ર), સમસ્ત પરસમયપ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ,** લ્યો! એ વ્યવહારનો જે વિકલ્પ છે તેનાથી નિવૃત્ત થઈને, **સમસ્ત પરસમયપ્રવૃત્તિ** રાગની સમસ્ત **પ્રવૃત્તિથી નિવૃત્તરૂપ એવી સ્વસમયપ્રવૃત્તિ સાથે સંયુકત હોય છે.**

ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં લપેટાય જાય છે. રાગની પ્રવૃત્તિથી રહિત થઈને સમજાણું કાંઈ? ત્યારે જેને **અગ્નિ સાથેનું મિલિતપણું નિવૃત્ત થયું છે.** ઘીનો ઉષ્ણતાનો સ્વાદ દૂર થઈ ગયો. એવા ઘીની માફક. એવા એકલા ઠંડા ઘી થઈ ગયા. મીઠા! નારાયણ ઘી આવ્યું એમ કહે. હેં? ભીખુ નારાયણ કહે છે. પછી ઓલો સન્નેપાત હોય એને પણ નારાયણ કરીને ઘી આપે તો સન્નેપાત વધે. નારાયણને શું દેવું? એ અમારે ઓલા જેરામભાઈ હતા એમણે એમ કહ્યું હતું. નારાયણભાઈને મગજમાં ઠીક નહોતું ને? ... ઘી તો નારાયણ છે. ઘી તો તેને દે. ઘી આપ્યું ને મગજ ફાટી ગયો. પણ નારાયણ શું દેવું? જેરામભાઈ ભાવસાર હતા ને? લાઠીના વૈદ હતા. ઘી તો નારાયણ છે. પણ નારાયણ કયાં લગાડવું તેનો કાંઈ હેતુ? સન્નેપાત તો છે. અહીં તો બકે તો નારાયણ આપે તો એના નારાયણ થઈ જાશે. નારાયણ સમજયા ને? ભીખુ નારાયણ કહે છે. ભગવાનનું રૂપ છે. એ તો બધામાં ઠંડી ઉત્પન્ન કરે. આ તો તેને કારણે ઠંડુ દીધું તોપણ મગજ ફાટે. અંદરથી મગજ ફેર છે ને?

અહીં કહે છે કે અગ્નિથી રહિત ઘી થયું. એમ પરસમયની પ્રવૃત્તિથી રહિત સ્વભાવની પ્રવૃત્તિ થઈ તો તે જ એક મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહાર વ્યવહાર વ્યવહાર. વ્યવહાર કરો, વ્યવહાર કરો. વ્યવહારથી થાય છે. વ્યવહાર તો જોઈએ. વ્યવહાર જોઈએ નો અર્થ શું? અંદર વિરુધ્ધરૂપ કાર્ય આવે છે.

મુમુક્ષુ :- નુકસાન કરવા આવે છે.

ઉત્તર :- નુકસાન કરવા માટે છે. જોઈએ છે એવી હોંશ કેમ કરે છે એ? વિરુધ્ધનો વ્યવહાર જોઈએ. એય! **વિરુધ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો.** ઘીમાંથી ઉષ્ણતા નીકળી ગઈ. તો ઘીના કાર્યથી વિરુધ્ધ કાર્ય જો ઉષ્ણતામાં હતું. એમ મોક્ષમાર્ગમાં શુધ્ધિ હતી તેમાં જે રાગની પ્રવૃત્તિની અશુધ્ધિ હતી તે નીકળી ગઈ, તો એકલું શુધ્ધિનું સ્થાન રહી ગયું. વિરુધ્ધ કાર્યનો અભાવ થઈ ગયો. **વિરુધ્ધ કાર્યનો કારણભાવ નિવૃત્ત થયો હોવાને લીધે સાક્ષાત્ મોક્ષકારણો જ છે.** જુઓ!

હજી ખુલાસો આપશે હો! અરિહંત, સિધ્ધ, આચાર્યની ભક્તિનો રાગ પણ પરસમયપ્રવૃત્તિ બંધનું કારણ છે. આહાહા! શેઠી આવ્યા નથી? પહેલાં તો શેઠી રાડ નાખતા હતા. અહીં તો કહે છે અરિહંત,

સિધ્ધ ભગવાન પ્રવચન એની ભક્તિ પણ રાગ છે. પરસમય છે. ઉષ્ણ ઘી છે. ઉષ્ણ ઘી છે એ મુનિને પણ બેસે નહીં. મુનિ હોય તો શું થયું? પૂર્ણ ચારિત્ર પદથી નિવૃત્ત થઈને ન કરે ત્યાં સુધી મુક્તિ કયાં છે? વચ્ચે આવ્યો તે બંધનું કારણ છે. પંચમહાવ્રતનો વિકલ્પ, નવતત્ત્વની શ્રધ્ધા લેશે અહીંયાં ૧૭૦ માં ચોખ્ખી વાત છે. સમજાણું કાંઈ?

૧૭૦ માં લેશે. નવ પદાર્થની શ્રધ્ધા, તીર્થંકરની રુચિ. ૧૭૦. સૂત્રમાં ભગવાને કહેલાં શાસ્ત્રોની રુચિ. ૧૭૦. **दूरतर णिव्वाण** એને મોક્ષ દૂર છે.

મુમુક્ષુ :- ઓલા કહે પરંપરા કારણ છે માટે લાભ થાય. અહીં કહે છે દૂર છે.

ઉત્તર :- અહીં કહે છે દૂર છે. પરંપરા કારણનો અર્થ કરશે. પરંપરા કારણ, અત્યારે કારણ નથી. એને છોડશે ત્યારે મોક્ષ થાશે. શું થાય? નિર્મળ આનંદ ભગવાન પોતાથી નિર્મળ પરિણતિ પૂર્ણ કરે ત્યારે તેની મુક્તિ થાય છે. પોતાથી જયારે તે રાગની પ્રવૃત્તિ છૂટે ત્યારે (મુક્તિ થાય.)

જયાં સુધી મુનિને પણ રાગની પ્રવૃત્તિ છે ત્યાં સુધી તેને બંધનું કારણ છે. એક બાજુ સમકિતીને બંધ નથી એમ કહે. એક બાજુ મુનિને પણ પંચમહાવ્રતનો વિકલ્પ બંધનું કારણ છે તેમ કહે. આહાહા! કઈ અપેક્ષાથી કીધું. સમ્યગ્દષ્ટિની પોતાના ધ્રુવ સ્વભાવ ઉપર દષ્ટિ છે તો તેને પર્યાયબુધ્ધિ ગઈ, રાગબુધ્ધિ છે નહીં. રાગ બાગ છે નહીં. વસ્તુ અબંધ સ્વભાવી છે તેવા પરિણામ અબંધ થઈ ગયા. બંધ છે જ નહીં. એ અપેક્ષાથી એકલી જયારે ચારિત્રની અપેક્ષા લ્યો, ત્યાં રાગનો અંશ પણ પંચમહાવ્રતનો રહ્યો તે પણ બંધનું કારણ છે. તેથી સ્વસમયપ્રવૃત્તિ નામનો જે જીવ સ્વભાવમાં નિયત ચારિત્ર તેને સાક્ષાત મોક્ષપણું ઘટિત થાય છે. તેને જ મોક્ષમાર્ગની યોગ્યતા એને ઘટિત થાય છે. રાગનો કણ તે મોક્ષમાર્ગમાં ઘટિત થતો નથી. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૬૫

अण्णाणादो णाणी जदि मण्णदि सुद्धसंपओगादो ।
हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो ।। १६५ ।।
अज्ञानात् ज्ञानी यदि मन्यते शुद्धसम्प्रयोगात् ।
भवतीति दु:खमोक्ष: परसमयरतो भवति जीव: ।। १६५ ।।

सूक्ष्मपरसमयस्वरूपाख्यानमेतत् ।

अर्हदादिषु भगवत्सु सिद्धिसाधनीभूतेषु भक्तिभावानुरञ्जिता चित्तवृत्तिरत्र शुद्धसम्प्रयोग: । अथ खल्वज्ञानलवावेशाद्यदि यावत् ज्ञानवानपि तत: शुद्धसम्प्रयोगान्मोक्षो भवतीत्यभिप्रायेण खिद्यमानस्तत्र प्रवर्तते तदा तावत्सोऽपि रागलवसद्भावात्परसमयरत इत्युपगीयते । अथ न किं पुनर्निरङ्कुशरागकलिकलङ्कितान्तरङ्गवृत्तिरितरो जन इति ।। १६५ ।।

---

જિનવરપ્રમુખની ભક્તિ દ્વારા મોક્ષની આશા ધરે
અજ્ઞાનથી જો જ્ઞાની જીવ, તો પરસમયરત તેહ છે. ૧૬૫.

અન્વયાર્થ :- (शुद्धसम्प्रयोगात्) શુધ્ધસંપ્રયોગથી (શુભ ભક્તિભાવથી) (दु:खमोक्ष: भवति) દુઃખમોક્ષ થાય છે (इति) એમ (यदि) જો (अज्ञानात्) અજ્ઞાનને લીધે (ज्ञानी) જ્ઞાની (मन्यते) *માને, તો તે (परसमयरत: जीव:) પરસમયરત જીવ (भवति) છે. ('અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુધ્ધિથી પણ ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (-શુધ્ધાત્મસંવેદનના અભાવને લીધે, રાગાંશને લીધે) જ્ઞાનીને પણ (મંદ પુરુષાર્થવાળું) વલણ વર્તે, તો ત્યાંસુધી તે પણ સૂક્ષ્મ પરસમયમાં રત છે.)

ટીકા :- આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.

સિધ્ધિના સાધનભૂત એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે ભક્તિભાવથી *અનુરંજિત ચિત્તવૃત્તિ તે અહીં 'શુધ્ધસંપ્રયોગ' છે. હવે, *અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ 'તે શુધ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છે' એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો તેમાં (શુધ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાંસુધી તે પણ *રાગલવના સદભાવને લીધે *'પરસમયરત' કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ કલેશથી કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઈતર જન શું પરસમયરત ન કહેવાય?(અવશ્ય કહેવાય જ.)* ૧૬૫. -

---

## પ્રવચન નં :- ૭૬, ગાથા :- ૧૬૫-૧૬૬
## વૈશાખ વદ-૬, મંગળવાર, તા :- ૨૬-૫-૧૯૭૦

अण्णाणादो णाणी जदि मण्णदि सुद्धसंपओगादो ।
हवदि त्ति दुक्खमोक्खं परसमयरदो हवदि जीवो ।। १६५ ।।

**ટીકા :- આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.** શું કહે છે?

આ આત્મા જે છે તે પોતાનું શુધ્ધ ચૈતન્યસ્વરૂપ તેના સ્વઆશ્રયથી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય તે સ્વસમયપ્રવૃત્તિ કહેવામાં આવે છે. અને તેમાં જરી રાગભાવ હોય તો તેને પરસમયપ્રવૃત્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુધ્ધ ચૈતન્ય એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના પવિત્ર શુધ્ધ સ્વભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવના આશ્રયથી પ્રવૃત્તિ પરિણમન થયું તે તો સ્વસમયપ્રવૃત્તિ મુક્તિનું ખાસ કારણ એમ કહેવામાં આવ્યું છે. પણ એટલામાં જરી રાગ આવી જાય, પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ એ પણ બંધનું કારણ છે. અહીં તો એ સિધ્ધ કરવું છે. આહાહા! જુઓ!

**આ, સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન છે.** મિથ્યાત્વનું નહીં પણ ચારિત્ર દોષનું કથન છે. ભારે શેઠ!

મુમુક્ષુ :- વ્યવહાર મોક્ષમાર્ગની વાત ચાલે છે?

ઉત્તર :- વ્યવહાર મોક્ષમાર્ગની વાત ચાલે છે. વ્યવહાર મોક્ષમાર્ગના રાગનું કણ છે. એ કણ છે

---

****માનવું = વલણ કરવું; ઈરાદો રાખવો; આશા ધરવી; ઈચ્છા કરવી; ગણના કરવી; અભિપ્રાય કરવો.***

****અનુરંજિત = અનુરક્ત; રાગવાળી; સરાગ.***

****અજ્ઞાનલવ = જરાક અજ્ઞાન; અલ્પ અજ્ઞાન.***

****રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ;***

****પરસમયરત = પરસમયમાં રત; પરસમયસ્થિત; પરસમય પ્રત્યે વલણવાળો; પરસમયમાં આસક્ત.***

****આ ગાથાની જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે :-***

***કોઈ પુરુષ નિર્વિકાર-શુધ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દષ્ટિ છે; અને જો તે પુરુષ શુધ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુધ્ધાત્મભાવનાને) છોડીને 'શુભોપયોગથી જ મોક્ષ થાય છે' એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદષ્ટિ થાય છે.***

એ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે, માને છે એ બધું વિકલ્પ, રાગ, શુભરાગ છે. એ બંધનું કારણ છે. ધર્મનું કારણ નથી એમ સિધ્ધ કરવું છે. ગજબ વાત છે. સમજાણું કાંઈ?

જુઓ! **સિધ્ધિના સાધનભૂત,** મુક્તિના સાધનભૂત **એવા અર્હંતાદિ ભગવંતો.** જુઓ! સાધન કહ્યું. પણ સાધન છતાં તે રાગ છે. એમ સિધ્ધ કરવું છે. આહાહા! અરિહંતભગવાન હો, સિધ્ધભગવાન હો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. સાચા હોં! **એ સિધ્ધિના સાધનભૂત** નિમિત્તભૂત છે. મુક્તિમાં તે નિમિત્ત છે. છતાં **એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે,** ભાઈ અહીં તો પાંચે ભગવંતો કીધા. અરિહંતભગવાન, સિધ્ધભગવાન, આચાર્યભગવાન, ઉપાધ્યાયભગવાન, સાધુભગવાન. **એ પ્રત્યે ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિ તે અહીં નશુધ્ધસંપ્રયોગથ છે. અનુરંજિત=અનુરક્ત, રાગવાળી, સરાગ એ અહીં 'શુધ્ધસંપ્રયોગ' છે.** શુધ્ધસંપ્રયોગ એટલે શુભયોગ છે. શુધ્ધનો અર્થ અહીં શુભ લેવાનો છે. સમજાણું કાંઈ? શુધ્ધનો અર્થ જ અહીં શુભ છે. સંપ્રયોગ થયો ને? શુધ્ધની સાથે જોડાણ થયું. શુભ થયું એમ. છતાં પણ શુધ્ધનો અર્થ શુભ ભક્તિભાવ એમ. શુભ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પોતાનું સ્વરૂપ જે આત્મા શુધ્ધ આનંદ ને જ્ઞાનનું ધામ. તેનો અંતર આશ્રય લેવાથી દ્રવ્યસ્વભાવનો આશ્રય લેવાથી નિશ્ચય સત્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હો. તે જ મુક્તિનું કારણ સંવર-નિર્જરા છે. તેમાં પાંચ ભગવાનની પ્રતિ ભક્તિ. આ વર્તમાનમાં બહુ જ ગપ્પ ચાલી છે ને? શેઠી! બસ, મંદિર બનાવો, ભગવાનની ભક્તિ કરો તમારું કલ્યાણ થઈ જાશે. ધૂળેય નહીં થાય એમ કહે છે. રાગ છે એ શુભરાગ છે. બહુ શ્રધ્ધા ફેર આખી!

**અર્હંતાદિ ભગવંતો.** પણ કોણ? સાક્ષાત અરિહંતસર્વજ્ઞપરમેશ્વર. સિધ્ધભગવાન, આચાર્ય પણ કોણ? સાચા. અંતર અનુભવથી જેણે વીતરાગી પર્યાય પ્રગટ કરી હોય તે. સાધુ ઉપાધ્યાય પણ તે. પરમશુધ્ધઉપયોગને પ્રાપ્ત થયા હોય. પંડિતજી! સમજાણું કાંઈ? અર્હંતાદિ ભગવંતો કહ્યાં ને? અરિહંત આદિ ભગવંત એટલે કે અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. અહીંયાં તો પાંચે ભગવંતો કહ્યાં. પોતાના અરિહંત, સિધ્ધ તો પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત છે. પણ આચાર્ય, ઉપાધ્યાય પણ તેને કહે છે, અંતરના આનંદસ્વરૂપની અંતર રમણતા. પ્રચુર શુધ્ધઉપયોગ થઈને, શુધ્ધઉપયોગ હો! પંચમહાવ્રત આદિ વિકલ્પ નહીં, તે નહીં. તેને તો અહીં બંધનું કારણ કહે છે. આહાહા!

**એવા અર્હંતાદિ ભગવંતો પ્રત્યે,** કેટલી વાત સ્પષ્ટ છે? **ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિ,** ચિત્તની વૃત્તિ પંચપરમેષ્ઠી પ્રત્યે ભક્તિના રાગથી રંજિત વૃત્તિ છે. એ શુભરાગ છે. પુણ્યબંધનું કારણ છે. એ પરસમય છે. અનાત્મા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ઓ, શેઠી! એમાં શું કરવું? પંચપરમેષ્ઠીની ભક્તિ નામ સ્મરણ કરે, પૂજા ભક્તિ કરે, એને માને તો તો કહે કે તોપણ શુભરાગ છે, બંધનું કારણ છે. ધર્મનું કારણ અને ધર્મસ્વરૂપ નહીં એમ કહે છે. વીતરાગનો માર્ગ જગતને

સાંભળ્યું નથી. હેં? રાગ છે. **ચિત્તવૃત્તિ અનુરંજિત છે.** જુઓ!

**ભક્તિભાવથી અનુરંજિત ચિત્તવૃત્તિ તે અહીંયાં નશુધ્ધસંપ્રયોગથ છે.** વીતરાગમાર્ગ બાપુ! કોઈ જુદી જાતનો છે. દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા. એવા પરમાત્મા તે કહે છે. પરમાત્મા કહે છે તે અહીં કુંદકુંદઆચાર્ય કહે છે. સિધ્ધિના સાધન. ભાષા એવી તે લોકોએ સાધન કહ્યું હતું ને વ્યવહારને સાધન. તો કહે છે કે ભઈ, સિધ્ધિના સાધન અમે ભલે વ્યવહાર કહ્યો પણ છે તે રાગ. આહાહા! સમજાણું કાંઈ? થાય છે તે બીજી વાત છે અને તે ધર્મસ્વરૂપ છે એ વાત બીજી છે. ધર્મ નહીં, સંવર-નિર્જરા નહીં. એ તો પુણ્યબંધનું કારણ છે. જરી પણ નહીં. એ માટે કહે છે ને! માને. હજી ખુલાસા કરશે.

આવે છે પણ તેને ખાસ મોક્ષનો માર્ગ માને (તો) મિથ્યાદષ્ટિ થઈ જાશે. સમજાણું કાંઈ? **હવે, અજ્ઞાનલવના આવેશથી જો જ્ઞાનવાન પણ,** તે સંપ્રયોગથી મોક્ષ થાય છે. જુઓ! **અજ્ઞાનલવના** કારણે, કિંચિત્ અજ્ઞાન-અલ્પજ્ઞાન. **આવેશથી જો જ્ઞાનવાન પણ, નતે શુધ્ધસંપ્રયોગથી મોક્ષ થાય છેથ એવા અભિપ્રાય વડે ખેદ પામો થકો તેમાં (શુધ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાંસુધી તે પણ રાગલવના સદ્ભાવને લીધે પરસમયરત કહેવાય છે.** અહીં તો સૂક્ષ્મ કહેવું છે હોં!

મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાને આત્માનો આનંદ પ્રગટ થયો છે, અનુભવ પ્રગટ થયો છે, ત્રણ કષાયનો તો અભાવ છે અને બાહ્યમાં નગ્નદશા છે, જંગલમાં વસે છે એવા મુનિને પણ પોતાની પર્યાયમાં પંચપરેષ્ઠીના ઝુકાવની વૃત્તિ ઊઠે છે (તે) રાગ છે. તો વાણી પણ તેમાં આવી. વાણી તરફનો ઝુકાવ ભક્તિ અને શુભરાગ છે. અહીં તો પાંચ અરિહંત પરમેષ્ઠી લીધા. પછી આ લેશે. સૂત્રની રુચિ પણ રાગ છે. એ પછી આવશે. આહાહા!

એક ચૈતન્ય ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ. એ સ્વના આશ્રયથી જે ભાવ થાય તે જ મુક્તિનો માર્ગ-ધર્મ છે. બસ. આહાહા! કહો, દેવજીભાઈ! અહીં તો મંદિર બનાવ્યું મંદિર આ, બનાવે કોણ? એ તો એ વખતે થવાનું હતું તે થયું તે શુભરાગ થાય છે. ભક્તિમાં પંચપરમેષ્ઠીના મંદિર પૂજા તેની શ્રદ્ધા તો તે શુભરાગ છે. તેમાં ચિત્તવૃત્તિ રાગથી રંજિત થઈ જાય છે. સ્વભાવથી ચ્યૂત થઈ જાય છે. એમ કહે છે. આહાહા!

એ અજ્ઞાનલવના કારણે, અલ્પજ્ઞાન એટલે સ્વભાવની પૂર્ણતા નથી. એને આવેશમાં જ્ઞાનવાન પણ, મોક્ષ થાય છે એવા અભિપ્રાય વડે ખેદ પામતો થકો. **તેમાં (શુધ્ધસંપ્રયોગમાં) પ્રવર્તે, તો ત્યાંસુધી તે પણ રાગલવના સદ્ભાવને લીધે પરસમયરત કહેવાય છે.** ત્યાંસુધી તે પરસમય એટલે રાગમાં, આસક્તિમાં એકાગ્ર છે. પછી કરોડો મંદિરો બનાવે અને કરોડો પરમાત્માઓની પ્રતિમાઓ

સ્થાપે અને તે તરફની સવાર-સાંજ ભક્તિ ભગવાન ભગવાન ભગવાન. જ્ઞાની હો! અજ્ઞાની તો તે રાગને ધર્મ માને અને મુક્તિ થશે એમ માને. પણ જ્ઞાનીને એવો ભાવ આવ્યો તે પણ પુણ્યબંધનું કારણ છે. આહાહા! ગજબની વાત! વીતરાગ સાથે ક્યાંય મેળ ખાતો નથી.

અત્યારે તો ધમાધમ ધમાધમ! ચાલે છે. લ્યો! ધામધૂમે ધમાધમ ચાલી. ક્યાં ગયા નટુભાઈ? દસથી બાર લાખનું મંદિર થયું છે. વીસ લાખનું નહીં. દસથી બાર લાખનું. સાડા ચાર .. પ્રતિમા છે. લાખો રૂપિયા ખર્ચીને માને છે કે ધર્મ થશે. ધૂળમાં પણ ધર્મ નહીં. આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એક શ્વેતાંબર સાધુનો લેખ આવ્યો છે. આમાં જ છે. આમાં જ છે. આ મૂર્તિને વસ્ત્રાભૂષણ છે તે વ્યાજબી નથી. આમાં જ છે. કાલ કહ્યું ને. હેં? આમાં છે.... ભગવાનને વસ્ત્રાભૂષણની શું આવશ્યકતા છે? લેખક શ્વેતાંબર મુનિ શ્રી કસ્તુરસાગરજી! અનુવાદક શ્રી પ્રભુદયાળજી બેનારા! હેં? શું કહે છે? હશે કોઈ આપણને ખબર નથી. શ્વેતાંબર મુનિ કસ્તુરસાગરજી એ લખ્યું છે. આ શું અલંકારને માથે. એમ. છે તો ખૂબ લાંબુ. આભુષણોથી દર્શનથી ભોગની ભાવના ઉત્પન્ન થાય છે. ભગવાનને આંગી આવી, આંગી આવી એમ વાતું કરે છે ને, એ તો ભોગની વાત છે. ભગવાનને તો વસ્ત્રાભૂષણ તો હોતા પણ નથી. પ્રતિમાને આભુષણ, વસ્ત્ર ને આંગી એ તો બધું કલંક થઈ ગયું છે. શું કરે?

અહીં તો સાચા ભગવાનનું પ્રતિબિંબ હોય, તોપણ કહે છે કે અહીં તો સાક્ષાત ભગવાન લીધા છે. એ તો વળી સ્થાપના લીધી છે. અહીં તો સાક્ષાત અરિહંત ભગવાન સમવસરણમાં બિરાજે છે. બહુ લખ્યું છે ઘણું હોં! ભકતોને ઉચિત તે છે કે શણગારનો મોહ છોડીને, શાસ્ત્ર... ભક્તિ, ભગવાનની ભક્તિ દ્વારા વૈરાગ્યરસ પ્રાપ્ત કરે, તો બન્ને સમસ્યા ઉકલી જાય. એમ કે ચોરી પણ ન થાય અને આ ભોગની વાસના ઉત્પન્ન થાય કે, ઓહોહો આંગી ભારે! આંગી ભારે! (એ પણ ન થાય). ખૂબ મોટો લેખ છે. પણ સંપ્રદાયમાં માને, સંપ્રદાયમાં જ માને. જેમાં પડયા હોય તેમાંથી નીકળવું? હેં? મારી નાખે. હેં? બિચારાએ લખ્યું છે. જુનાગઢમાં ઓલો સંપૂર્ણસાગર છે. એ પણ ખૂબ લખે છે. એ તો કહે કે ભઈ અર્ધવસ્ત્રના ફાલક પછી આ શ્વેતાંબર મત નીકળ્યો છે. એ તો ત્યાં સુધી કહે છે. શ્વેતાંબર સાધુ છે. અમને મળ્યા હતા. જામનગર ગયા હતા ને? અર્ધવસ્ત્રનો કટકો લીધા પછી વકરેલો વિકાર. એ નામનું પુસ્તક. ક્યાં અટકશે? આ દિગંબરમાંથી શ્વેતાંબર સાધુ નીકળ્યા ત્યારે પહેલું અર્ધવસ્ત્ર લીધું હતું. હવે તો એકેકને એકસો અગિયાર ઉપકરણ છે. એમ લખ્યું છે એમાં. મોટા ચોપાનિયા છપાવ્યા છે. બધા સાધુને મોકલ્યા છે. સંબંધ બાંધતા નથી એને. શ્વેતાંબરને માનતા ..... શ્વેતાંબર લોકો એને માને..... આહાહા! એવી વાત છે. જેનો પક્ષ લઈને બોલવું એ મનમાં સુખ માણે. જેનો પક્ષ મુકીને બોલવું તે મનમાંથી તાણે. નહીં એમ નહીં.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ એની પ્રતિમા અને એ જેવા અરિહંત હતા એવું તેનું

પ્રતિબિંબ હોય. છતાં એ અરિહંત ને પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ પણ ચિત્તનો રંગેલો રાગ છે. એ ધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે! આવે ખરો. આત્મા પૂર્ણ વીતરાગ ન થાય તેને એ ભાવ આવે ખરો. પણ છે પુણ્યબંધનું કારણ. કહો શેઠી! શેઠ!

**રાગલવના સદ્‌ભાવને લીધે પરસમયરત કહેવાય છે. તો પછી નિરંકુશ રાગરૂપ કલેશથી કલંકિત,** આહાહા! સાચા પંચપરમેષ્ઠી પરમેશ્વર ભગવાન તેની ભક્તિ પણ ચિત્તમાં રાગ રંગાઇ ગયેલો રાગ છે. તો કહે છે કે **પછી નિરંકુશ રાગરૂપ કલેશ**. જેમાં કોઇ અંકુશ નથી એવો અશુભ રાગ આવી જાય. એ **કલંકિત એવી અંતરંગ વૃત્તિવાળો ઇતર જન શું પરસમયરત ન કહેવાય?** એવા ભગવાન પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ પણ પરસમય છે. આત્મા નહીં. એ અનાત્મદશા થઇ ગઇ. આહાહા! એટલો રાગ છે ને? હેં? હા. સમજાણું કાંઇ? માર્ગની યથાર્થ શ્રધ્ધા સમજવી બહુ કઠણ! જગતને એવી રીતે બહારમાં ધમાધમમાં ચલાવી લીધા ને? એમાં ધર્મ મનાવી દીધો.

અહીં તો કહે છે. આવો ભગવાનનો માર્ગ જ્યાં પરમેશ્વર પોતે કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિનો તારો પ્રેમનો ભાવ તો શુભરાગ છે. આહાહા! કહો, શોભાલાલજી! જિનવાણીનો ભાવ-અહીં તો ચૈતન્ય પરમેષ્ઠી લીધા છે. ચૈતન્ય લીધા છે. એ ભગવાન પાંચ. અહીં તો પહેલાં ચૈતન્ય લીધા છે એમ. પછી ઓલી વાત. ચૈતન્ય ભગવાન પંચપરમેષ્ઠી એની ભક્તિ પણ રાગ (છે.) એમ કહે છે. પછી ઓલાની વાત તો પછી કહેશે. સમજાણું કાંઇ?

ત્યારે કહે કે એવું ન કરીએ તો? પણ તે આવ્યા વિના રહે નહીં. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવો ભાવ આવ્યા વિના રહે નહીં. પણ છે પુણ્યબંધનું કારણ. આહાહા! ભારે કામ આકરું! સમજાણું કાંઇ? ગંભીર આટલું કહેલ. હવે કહે છે. ભગવાનનો માર્ગ સૂક્ષ્મ અને ગંભીર છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સાધારણ જનતાને તો સાંભળીને એમ થઇ જાય કે, અરરર! કાયરેનપ્રતિકૂળ. **એવી અંતરંગ વૃત્તિવાળો ઇતર જન,** કહે છે કે પરમેષ્ઠી પ્રત્યેનો રાગ ધર્મી જીવને પણ રાગની વૃત્તિ રંગાયેલી કહેવાય તો ઇતર જન અજ્ઞાની અને બીજાઓનું તો શું કહેવું? આહાહા! સમજાય છે કાંઇ?

**અવશ્ય કહેવાય જ.** અંતરંગ વૃત્તિવાળો ઇતર જન પરસમયરત બરાબર કહેવાશે, એમ. ભગવાનઆત્માને છોડીને સ્વભાવનો સાગર, ભગવાન આત્મા! એકલો આનંદનો સાગર તેના આશ્રય આદિથી આનંદ ઉત્પન્ન થાય તે સ્વસમય એટલે આત્માની દશા છે. ભગવાન પંચપરમેષ્ઠી પ્રત્યે પણ રાગ તે પરસમય કહેવામાં આવે છે. તો બીજા લોકોની વાત શું કહેવી? મિથ્યાદષ્ટિ પંચપરમેષ્ઠીમાં રાગ કરે છે. અને અજ્ઞાની અશુભરાગથી રંગાઇ જાય છે. તેની તો વાત પણ શું કરવી? નહીં શું કહે? શું કહે? કહો, સમજાણું કાંઇ? નીચે ખુલાસો.

**રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ. પરસમયરત = પરસમયમાં રત; પરસમયસ્થિત;**

**પરસમય પ્રત્યે વલણવાળો.** થોડું વલણ. **પરસમયમાં આસકત. આ ગાથાની શ્રી જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં આ પ્રકારે વિવરણ છે. કોઈ પુરુષ નિર્વિકાર-શુધ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે.** પોતાનો સ્વભાવ નિર્વિકાર શુધ્ધાત્મભાવના શુધ્ધાત્મામાં એકાગ્ર સ્વરૂપ. પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે. **પરંતુ તેમાં સ્થિત રહેવાને અસકત વર્તતો થકો,** નબળાઈને લીધે સ્વરૂપમાં સ્થિત રહી શકતો નથી. **કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે, પાપના પરિણામ છોડવાને લીધે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે,** શુભભભાવમાં સ્થિતિ તો ઘટે છે.

**જયારે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવન આદિ ભકિત કરે છે,** પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવન, ભકિત, વિનય, બહુમાન, સ્તવન. અંદર ઝપટ લગાવે છે. શું કહેવાય ઓલા વાજામાં ને. વાજામાં ભકિત કરે ને? ધમાલ. કહે છે કે અહીં તો જ્ઞાનીઓ, ધર્માત્માઓ, અનુભવ હોય. પણ **જયારે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો,** તો સૂક્ષ્મ રાગમાં, પર્યાયમાં પરિણત વર્તતો થકો **સરાગ સમ્યગ્દષ્ટિ છે.** ઓલો રાગ કહે તે અપેક્ષા હો! છે તો સાચો સમ્યગ્દષ્ટિ પણ રાગ છે તે અપેક્ષાએ સરાગ સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. ચારિત્રની અપેક્ષાએ. જયસેનઆચાર્યની એ શૈલી છે.

**અને જો તે પુરૂષ શુધ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ** અંતર શુધ્ધસ્વરૂપ ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાન તેમાં રમવામાં સમર્થ હોવા છતાં પણ, ભાવના જો અહીં ભાવી છે પુરુષે. શુધ્ધાત્મભાવના બસ એને જ ભાવના કીધી છે. પણ માળા! અર્થ કરે! શુધ્ધ ભગવાનઆત્મા પવિત્ર પુણ્ય-પાપના વિકલ્પથી રહિત.**એવા શુધ્ધાતમભાવનામાં સમર્થ હોવા છતાં પણ તેને (શુધ્ધાતમભાવનાને) છોડીને 'શુભોપયોગથી જ મોક્ષ થાય છે'** એ ધર્મક્રિયાથી મોક્ષ થાય છે એમ માને, **એકાંત માને, તો તે સ્થૂલ પરસમય પરિણામ વડે અજ્ઞાની થાય છે.** સમજાણું કાંઈ?

સ્થૂળ પરસમય. તે શુભભાવથી મુકિત માને. પરંપરા મુકિત થાય. શેઠ! કહે છે. અહીં તો કહે છે કે એવું માને તો અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. અનર્થનું આગળ કારણ કહેશે. અનર્થનું કારણ કહેશે. સમજાણું કાંઈ? આહાહા! સરાગ અને વીતરાગ બન્ને ભાવ તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? ચારિત્રની વ્યાખ્યા ચાલે છે ને? ચારિત્ર મોક્ષનું કારણ છે. તો જે ચારિત્રની સ્વરૂપમાં સ્થિરતા થઈ તે મોક્ષનું કારણ. તે ચારિત્રની પર્યાયમાં રાગ આવે ને પંચપરમેષ્ઠીની ભકિત થઈ જાય તો તે બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ જિનવાણીની ભકિત તો એક બાજુ રહી. આજે તો સાક્ષાત પંચપરમેષ્ઠી. શોભાલાલજી! વાણી પાસે જયાં ત્યાં આમ ઢોલ વગાડવા ને એવું કરતાં કરતાં, ઓહો! ધૂન કરવી ને. કહે છે કે એ

તો રાગ મંદ હોય તો પુણ્ય છે અને તેમાં માની લ્યે કે મને ધર્મ થાશે (તે) મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એ જૈન નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? શું છે મલુકચંદભાઈ! ભારે છે? કહે છે કે પહેલાં સમજો એમ કહે છે. છૂટે ક્યારે? હજી આવી સમજણ તો કરો, કે રાગ પોતાના લાભનું કારણ નથી. સ્વભાવનો આશ્રય-શરણનો લાભ ધર્મનું કારણ છે. આવે છે પણ તેને માનવું કે બંધનું કારણ છે. આહાહા!

અહીં તો હજી તો મહાવ્રત ને બધાને ધર્મ માને. મહાવ્રત એ તો વિકલ્પ છે, રાગ છે. મહાવ્રત લીધું, ચારિત્ર લીધું. ધૂળમાં પણ ચારિત્ર નહીં. તને ચારિત્રની તો ખબર પણ નથી કે ચારિત્ર કોને કહે છે. જુઓ! આવ્યું? **એમ એકાંત માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદષ્ટિ થાય છે.** લ્યો! તે એકસો પાંસઠ થઈ ગઈ. હવે એકસો છાંસઠ.

સૂક્ષ્મ પરસમય મિથ્યાદષ્ટિ નહીં. પુણ્ય માને. બસ બસ. એટલામાં રાગ સંબંધી અસ્થિરતા છે. અને સ્થૂળ સમય તેનાથી મુક્તિ માને તો સ્થૂળ સમય મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

## ગાથા-૧૬૬

**अरहंतसिद्धचेदियपवयणगणणाणभत्तिसंपण्णो ।**
**बंधदि पुण्णं बहुसो ण हु सो कम्मक्खयं कुणदि ।। १६६ ।।**

अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः ।
बध्नाति पुण्यं बहुशो न खलु स कर्मक्षयं करोति ।। १६६ ।।

उक्तशुद्धम्प्रयोगस्य कथञ्चिद्बन्धहेतुत्वेन मोक्षमार्गत्वनिरासोऽयम् ।

अर्हदादिभक्तिसम्पन्नः कथञ्चिच्छुद्धसम्प्रयोगोऽपि सन् जीवो जीवद्रागलवत्वाच्छु-भोपयोगतामजहत् बहुशः पुण्यं बध्नाति, न खलु सकलकर्मक्षयमारभते । ततः सर्वत्र रागकणिकाऽपि परिहरणीया परसमयप्रवृत्तिनिबन्धनत्वादिति ।। १६६ ।।

**જિન-સિદ્ધ-પ્રવચન-ચૈત્ય-મુનિગણ-જ્ઞાનની ભક્તિ કરે,**
**તે પુણ્યબંધ લહે ઘણો, પણ કર્મનો ક્ષય નવ કરે. ૧૬૬.**

**અન્વયાર્થ :- (अर्हत्सिद्धचैत्यप्रवचनगणज्ञानभक्तिसम्पन्नः) અર્હંત, સિદ્ધ, ચૈત્ય, (-અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (-શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ (बहुशः पुण्यं बध्नाति) ઘણું પુણ્ય બાંધે છે, (न खलु सः कर्मक्षयं करोति) પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી.**

**ટીકા :- અહીં, પૂર્વોક્ત શુદ્ધસંપ્રયોગને *કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું**

***નિરસ્ત કર્યું છે. (અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુધ્ધસંપ્રયોગ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ દર્શાવ્યું છે).**

**અર્હંતાદિ પ્રત્યે ભક્તિસંપન્ન જીવ, કથંચિત્ *શુધ્ધસંપ્રયોગવાળો હોવા છતાં પણ, *રાગલવ જીવતો (વિદ્યમાન હોવાથી 'શુભોપયોગીપણા'ને નહિ છોડતો થકો, ઘણું પુણ્ય બાંધે છે. પરંતુ ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી. તેથી સર્વત્ર રાગની કણિકા પણ પરિહરવાયોગ્ય છે, કેમ કે તે પરસમયપ્રવૃત્તિનું કારણ છે. ૧૬૬.**

## ગાથા-૧૬૬ ઉપર પ્રવચન

अरहंतसिद्धचेदियपवयणगणणाणभत्तिसंपण्णो ।
बंधदि पुण्णं बहुसो ण हु सो कम्मक्खयं कुणदि ।। १६६ ।।

**અહીં, પૂર્વોક્ત શુધ્ધસંપ્રયોગને કથંચિત બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે.** ટીકા છે ને? પાઠમાં બધા શબ્દો નથી આ તો. શબ્દાર્થ કરવા પડશે. આહાહા! પહેલાં શબ્દાર્થમાં અન્વયાર્થ.

**અર્હંત** = સાક્ષાત પરમાત્મા વીતરાગદેવ સમવસરણમાં બિરાજમાન તીર્થંકર હોય. **સિધ્ધ** =અશરીરી પરમાત્મા. **ચૈત્ય = અર્હંતાદિની પ્રતિમા.** જુઓ! પ્રતિમા આમ. પ્રતિમા આવી તેમાં. અરિહંત, સિધ્ધ આદિની પ્રતિમા પંચપરમેષ્ઠીની પ્રતિમા હોય છે. પંચપરમેષ્ઠીની પ્રતિમા હોય છે. પણ પંચપરમેષ્ઠી જેવી. સમજાણું કાંઈ? તેમાં શણગાર ને માથે મોટા મુગટ ચડાવે ને એ જિનબિંબ પણ નહીં. સમજાણું કાંઈ?

**અરિહંત, સિધ્ધ, ચૈત્ય અર્હંતાદિની પ્રતિમા. પ્રવચન = શાસ્ત્ર.** આ શાસ્ત્ર, જિનવાણી અને **મુનિગણ** = સાધુ ટોળા. અને તેના પ્રત્યે. લ્યો! મુનિ એટલે અંદર ત્રણ આવ્યા ને? **અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ.** અને જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન. તેના પ્રત્યે ભક્તિ. **ઘણું પુણ્ય બાંધે છે**. તેમાં

****કથંચિત્ = કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ (અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ). (જ્ઞાનીને વર્તતા શુધ્ધસંપ્રયોગને કદાચિત્ વ્યવહારથી ભલે મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે, પરંતુ નિશ્ચયથી તો તે બંધહેતુ જ છે કારણ કે અશુધ્ધિરૂપ અંશ છે.)***

****નિરસ્ત કરવું = ખંડિત કરવું; રદબાતલ કરવું; નિષિધ્ધ કરવું.***

****સિધ્ધિના નિમિત્તભૂત એવા જે અર્હંતાદિ તેમના પ્રત્યેના ભક્તિભાવને પૂર્વે શુધ્ધસંપ્રયોગ કહેવામાં આવ્યો છે. તેમાં 'શુધ્ધ' શબ્દ હોવા છતાં તે 'શુભ' ઉપયોગરૂપ રાગભાવ છે. ('શુભ' એવા અર્થમાં જેમ 'વિશુધ્ધ' કદાચિત્ વપરાય છે તેમ અહીં 'શુધ્ધ' શબ્દ વપરાયો છે.)***

****રાગલવ = જરાક રાગ; અલ્પ રાગ.***

શું છે? અબંધ ભગવાનઆત્મામાં બંધ થાય છે. આહાહા! **ઘણું પુણ્ય બાંધે છે. પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી.** લ્યો! ઠીક.

મુમુક્ષુ :- સંવર-નિર્જરા નથી કરતો.

ઉત્તર :- સંવર-નિર્જરા એ નહીં. આહાહા!

અત્યારે તો ધમાધમ જો કાંઈક બીજું કહે તો એય...તમારી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ છે. માળા! સાંભળ તો ખરો ભઈ! વીતરાગમાર્ગમાં વીતરાગનો પોષક હોય તે માર્ગ. રાગ આવે છે તેને જાણે. પણ રાગથી મુક્તિ અને ધર્મ માને એમ બનતું નથી. તો વીતરાગમાર્ગ ક્યાંથી રહે? સમજાણું કાંઈ? રાગ માર્ગ થઈ ગયો તે તો. ૮૨ માં એક વાર એ વાત કરી હતી. સંપ્રદાયમાં અમે હતા ને ત્યારે વઢવાણ ચોમાસુ હતું. વઢવાણમાં ચોમાસુ. બ્યાંસી હો? કેટલા વર્ષ થયા? ચુમાલીસ. તો વઢવાણમાં ઓલા નહીં એક ભાઈ! મણીભાઈને? મણીભાઈ વૈદ. એ હતા પછી જરી રાત્રે થોડા માણસ બેઠા હતા. એમાં વાત કરી જો ભાઈ! બે સંપ્રદાયમાં એવું થઈ ગયું છે. બે બાપ હતા. એમાં એક છોકરાના બાપે બીજાના બાપને સો રૂપિયા આપ્યા હતા. તો બરાબર સો રૂપિયા લખ્યા હતા. બેય બાપ તો ગુજરી ગયા. પણ જેણે સો રૂપિયા દીધા હતા તેના છોકરાએ સો ઉપર બે મીંડા ચડાવી દીધા. દસ હજાર લખી નાખ્યા. અને કહે કે તારા બાપને મારા બાપે દસ હજાર રૂપિયા આપ્યા છે તે લાવ. પેલો કહે અમે ચોપડામાં જોઈશું. ચોપડામાં જોયું તો સો નીકળ્યા. પણ આ સો કબુલ કરીશ તો દસ હજાર માગે છે. ચોપડામાં છે જ નહીં. બ્યાંસીની સાલ વઢવાણ ચોમાસુ હતું ને ત્યારે. સુંદર વોરાના અપાસરામાં હતું. કીધું એવું આ સ્થાનકવાસી અને દેરાવાસી બેને થઈ ગયું છે. દેરાવાસી જાણે સો રૂપિયા વૃત્તિમાં છે તે સાચી વાત પણ એને માથે બે મીંડા ચડાવ્યા. માથે શણગાર ને આંગી ને મુગટ ને. ઓલાને માંગ્યું કે મારા બાપે તારા બાપને આ પ્રમાણે બધું આવું કહ્યું છે ને માગ્યું છે. હું જોઈશ ચોપડામાં. જોયું તો શાસ્ત્રમાં મુર્તિ છે. જો હા પાડવા જાઈશું તો આ બધું માગશે. શાસ્ત્રમાં મુર્તિ નથી જાવ ઉઠાવો. એ કનૈયાલાલજી! આવું થઈ ગયું, કીધું હોં! બ્યાંસીની વાત છે હોં! ચુમ્માલીસ વર્ષ. છવીસ ને અઢાર. સુંદર વોરાનો અપાસરો છે ને ત્યાં વઢવાણમાં? આપણે લીંબડીમાં સંઘવીનો અપાસરો છે ને? એમ ત્યાં સુંદર વોરાનો અપાસરો છે. આહાહા! લોકોને સંપ્રદાયની દૃષ્ટિમાં યથાર્થ વસ્તુ શું છે એ બેસવી ભારે કઠણ! એ ઝવેરચંદભાઈ! સાંભળ્યું કે નહીં? બધા શેઠિયા કહેવાય છે.

એક જણાએ કીધું સો (તો) નાગા બે મીંડા ચડાવીને તો ઓલો કહે સો છે. પણ સો જો કબુલીશ તો દસ હજાર માગે છે. છે જ નહીં. શાસ્ત્રમાં પ્રતિમા જ નથી જાવ. અને ઓલો પ્રતિમાને માથે મુગટ ને આંગી સહિત માગી બધી. શેઠ! કીધું આવી ગડબડ થઈ ગઈ. ચુમાલીસ વર્ષ પહેલાં કહ્યું હતું હોં! રાત્રે સુંદર વોરાના અપાસરે. મણીભાઈ ત્યાંના હતા ને વઢવાણના? મણીલાલ સુંદરજી. હા. હા. વાંચન

કરતા હતા. વૈદ હતા. વડવામાં રહેતા. હેં? હા, જાડા હતા. મેં કીધું ભઈ આમ છે ભઈ! અત્યારે બહાર કહેવા જઈશ તો ખળભળાટ થઈ જશે. ત્યારે આમાં (મુહપતિ)માં હતા ને. માર્ગ તો આમ છે ભઈ કીધું.

અહીં તો કહે છે કે જે વાસ્તવિક પરમાત્મા અને વાસ્તવિક પરમાત્માની પ્રતિમા અને વાસ્તવિક પ્રવચન અને વાસ્તવિક મુનિઓ અને વાસ્તવિક સાચા જ્ઞાન પ્રતિ ભક્તિ, લ્યો! આટલા બોલ લીધા. આહાહા! કહો, જેઠુભાઈ! અહીં તો આખા ઓલામાં આપણે તો આગમ અને પ્રતિમાનો આધાર. એય! ચેતનજી! શું અમારે કહે છે ને? આધાર છે જાવ. જિનબિંબ અને જિનપ્રતિમા. ત્યાં જિનબિંબ પણ ક્યાં છે? પણ અહીં તો કહે છે કે જિનબિંબ યથાર્થ ભગવાનની પ્રતિમા વીતરાગી હોય તોપણ તેના પ્રત્યેની ભક્તિનો ભાવ પરદ્રવ્યનો આશ્રય થાય છે માટે શુભભાવ છે. આહાહા! એકલા શાસ્ત્ર જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાનની કૃત્રિમ ભક્તિ. ઘણા પુણ્ય બાંધે છે. **बध्नाति पुण्यं बहुसो न खलु स कर्मक्षयं करोति** લ્યો! આટલો તો પાઠ સ્પષ્ટ છે પણ હવે શ્રદ્ધાની ખબર ન મળે. શું કરે? હેં?

મુમુક્ષુ :- બધા પાઠ સ્પષ્ટ છે.

ઉત્તર :- બધા પાઠ સ્પષ્ટ છે. પ્રતિમા મુકી, અરિહંત મુક્યા, સિદ્ધ મુક્યા, મુનિજન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આમાં આવ્યા. શાસ્ત્ર ને શાસ્ત્રનું જ્ઞાન આવ્યું. સમજાણું કાંઈ? અહીં તો ભગવાનઆત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ, શુદ્ધ આનંદકંદ આ તેનો આશ્રય લઈને, સમ્યક્ પ્રતીતિ, દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અનુભવ હોય તે જ માર્ગ મોક્ષનો છે. વચ્ચે રાગ આવે, હોય છે પણ છે એ બંધનું કારણ પુણ્યબંધ થશે. કહો, સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહે કે અવિરતિ સમ્યગ્દષ્ટિને બંધ થતો નથી. કઈ અપેક્ષાથી (કહે છે) એ તો સમજાવું જોઈએ કે નહીં? સમ્યગ્દર્શન થયું, પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ. એ સ્વરૂપ નહીં. બંધ બંધ છે જ નહીં. વસ્તુ બંધ નહીં અને વસ્તુની દૃષ્ટિ બંધ નહીં. પછી રાગાદિ રહે અને રાગથી બંધ પડે એ તો પરજ્ઞેયમાં જાય છે. પોતાના જ્ઞાન ભાવમાં આવતા નથી. એવી વાત છે. વસ્તુમાં પહેલેથી છે નહીં. શું કરે પણ? એ ચંદુભાઈ! હવે તૈયાર થઈ ગયા છે. તૈયાર થઈ ગયા છે. ટેપ પણ કરતા હતા. એ તો સમયની બલિહારી છે ને? સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર ફરમાવે છે. ભાઈ! અમારા પ્રત્યેની ભક્તિનો રાગ, એ ભક્તિ એ રાગ છે હો! આહાહા! એ તો વીતરાગ કહે હો! સમજાણું કાંઈ? અમારા મુનિઓ, અમારા આચાર્ય, ઉપાધ્યાય સાચા એને આહાર-પાણી આપે એની ભક્તિ કરે તો શુભરાગ છે ધર્મ નહીં. એમ ભગવાન પોકારે છે. આહાહા! બીજા તો કહે કે અમને પૂજો તો તમારું કલ્યાણ થઈ જાશે. ભરો અમારા લૌકિક છે વાત. હેં? લૌકિક. સાચી સમજણ કરવી હોય તો માર્ગ આ છે. આ માર્ગ વિના એક ડગલું આગળ ચાલી શકશે નહીં. ચોર્યાસીના અવતારમાં રખડી મરશે. આહાહા! સમજાણું કાંઈ?

**ટીકાઃ- અહીં, પૂર્વોક્ત શુધ્ધસંપ્રયોગને. કથંચિત્ બંધહેતુપણું હોવાથી તેનું મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે. કથંચિત્નો અર્થ કોઇ પ્રકારે.** પાછો કથંચિતનો અર્થ કાંઇક મોક્ષમાર્ગ અને કાંઇક બંધમાર્ગ એમ નહીં. ચોખ્ખું કરે ને? કથંચિત્ શબ્દ પડયો છે ખરો ને? **કોઇ અપેક્ષાએ (અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ). (જ્ઞાનીને વર્તતા શુધ્ધસંપ્રયોગને,** જ્ઞાનીને હોં! **કદાચિત્ વ્યવહારથી ભલે મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે, પરંતુ નિશ્ચયથી તો તે બંધહેતુ જ છે કારણ કે અશુધ્ધિરૂપ અંશ છે.**) આહાહા! વીતરાગમાર્ગ! વીતરાગસ્વભાવથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઇ?

**નિરસ્ત કરવું = ખંડિત કરવું; રદબાતલ કરવું; નિષિધ્ધ કરવું.** આગળ આવે છે ને? નિરસ્ત કર્યું છે. **મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે.** એમ કહ્યું ને? (મોક્ષમાર્ગ) છે જ નહીં. આહાહા! મોક્ષમાર્ગ જ નહીં. વ્યવહારમોક્ષમાર્ગમાં ભક્તિનો પ્રેમ, પંચપરમેષ્ઠીની શ્રધ્ધાનો રાગ તેને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો હતો. તેનો અર્થ એ કે વ્યવહારમોક્ષમાર્ગ છે જ નહીં. એ તો બંધનો માર્ગ છે. સમજાણું કાંઇ?

**મોક્ષમાર્ગપણું નિરસ્ત કર્યું છે**. નિરસ્તનો અર્થ નીચે કર્યો છે. **ખંડિત કરવું. નિષિધ્ધ કરવું.** આપણે આ નિષિધ્ધ તો બપોરે આવી ગયું. વ્યવહાર નિષેધ છે. હા, નિશ્ચય-વ્યવહાર નયાશ્રિત. નનિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણનીથ આહાહા! આ પ્રતિમાવાળા પ્રતિમાને માને અને જયારે ઓલા બીજા પ્રતિમામાં ન માને એ વળી મહાવ્રતના વિકલ્પથી ધર્મ થાય એમ માને. સમજાણું કાંઇ? એક તો વસ્તુ હતી. અનાદિથી મૂર્તિ પ્રતિમા જયાં સુધી શુભભાવ હોય તો આવી મૂર્તિ અનાદિની છે. સમજાય છે? કાંઇ નવી નથી. આહાહા!

જુઓને! દ્વારકા જયારે સળગી હતી. ભગવાન તો દેશમાં સૌરાષ્ટ્રમાં હતા. દ્વારિકા સળગી આહાહા! જિનપ્રતિમાઓ અને જિનમંદિરો (બળીને) રાખ (થઇ ગયા). શોભાલાલજી! આહાહા! ભગવાને તો પહેલેથી કહ્યું હતું. બાર વર્ષ પહેલાં. હેતુ તો આમાં એવો આવ્યો છે. આમાં કયાંક સાંભળ્યું છે પણ વસ્તુમાં આમ હોવું જોઇએ. શ્વેતાંબરમાં એવો હેતુ આવે છે કે ગજસુકુમારે દીક્ષા લીધી ને, ગજસુકુમાર. ગજસુકુમાર સમજો છો? ગજસુકુમાર નહીં? શ્રીકૃષ્ણના ભાઇ. હા, તે દીક્ષિત થયા તો ગામમાં ભગવાન નેમિનાથ પ્રભુ બહાર બિરાજતા હતા. અંદરમાં ગામમાં વાસુદેવ અને બળદેવ ત્રણેય ઉત્તમ પુરુષો. શું કહેવાય એ? સલાકા પુરુષ અને ગજસુકુમાર મુનિ એને પાઘડી અગ્નિમાં. આહાહા! ત્યારે પ્રશ્ન ઉઠયો. એવું આવે છે. બળદેવને. આ શું પ્રભુ? આ શું? અમારી હયાતિ, આપની હયાતિ, આ દ્વારિકાના સ્મશાનમાં આ ગજસુકુમાર રાજકુમાર આજ દીક્ષિત અને આજ બાળીને દેહ છૂટી ગયો. દ્વારિકા કોણ બાળશે પ્રભુ? એવો પ્રશ્ન પૂછયો. આહાહા! આ સ્થિતિ! એવો પ્રશ્ન થયો. બળદેવ પૂછે છે.

પ્રભુ! આ ગજસુકુમાર આપની આ હયાતિ અમારી હયાતિ અને આ ગજસુકુમાર રાજકુમાર એને

અગ્નિદાહ આપે. માથે મુકીને બાળીને. આ દ્વારિકાનો દાહ થશે એમ લાગે છે. પ્રભુ! આ દ્વારિકા કયારે બળશે? ત્યારે કહે હે બળદેવ! બાર વર્ષ પછી આ દ્વારિકા દાહ થઈને બળી જશે. આહાહા! સમજાણું કાંઈ? એમાં એ પ્રશ્ન એવો આવે છે ભાઈ! આ શું? સાધારણ બનાવ આ શું છે આ? એય! હિંમતભાઈ! આ છે શું આ? શું થયું આ? ભગવાનની હાજરી, વાસુદેવ બળદેવ.વાસુદેવનો નાનો ભાઈ આમ હાથીને હોદ્દે લઈને દર્શન કરવા (જાય છે.) દર્શન કરીને આવે છે અને તેની સોનાસુંદરી સોનીની કન્યા મોકલાવે છે અંતેપૂરમાં. આ શું? એક દિવસ. આહાહા! શું એકદમ પલટો!

પ્રભુ! આ દ્વારિકા નગરીની સ્થિતિ કેટલી? બાર વર્ષની. બાર વર્ષે દ્વારિકા બળી જાય છે. શોભાલાલજી! કોના હાથે? જરતકુમાર શ્રીકૃષ્ણનો મોટો ભાઈ. તેના હાથે શ્રીકૃષ્ણનું મરવું અને દીપાયનને કારણે દ્વારિકાનો દાહ. આહાહા! દીપાયને સાંભળ્યું બહાર નીકળી ગયો બિચારો. હાય હાય! મારે હાથે આ? બહાર નીકળી ગયો. જરતકુમારને હાથે શ્રીકૃષ્ણનો દેહ છૂટી ગયો. જરતકુમાર બહાર નીકળી ગયા. કુદરતમાં એવું ટાણું આવ્યું ત્યાં બધાને એમ થઈ ગયું કે બાર વર્ષ થઈ ગયા. બાર વર્ષ થઈ ગયા. જે બનવાનું છે, ભગવાનના મુખે નીકળ્યું છે એ કાંઈ ફરે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :- ક્રમબધ્ધ પર્યાય કોણ ટાળી શકે?

ઉત્તર :- ટાળી શકે કોણ? આહાહા! એ વાત કરી હતી. અહીંયાં પંડાલ બળ્યો ત્યારે. એ તો થાય છે, નવી ચીજ છે નહીં. શેઠ છે ત્યાં ભાવનગર? સમજાણું કાંઈ? એ પર્યાય તે સમયે નિમિત્તે કર્યું એમ કહેવું એ તો કોણ હતું એ જ્ઞાન કરવા માટે. બાકી તો તે વખતે તે પર્યાય થવાની હતી. બીજી થઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા! અને છ છ મહિના સુધી. આ બાજુ દેખો તો શ્રીકૃષ્ણનો દેહ છૂટી ગયો. કૌસંબીવનમાં. જરતકુમાર એનો વડો મોટો. આહાહા! એ પણ ઓરતો (દુઃખ વ્યકત) કરે, અરરર! પ્રભુ! જેને માટે હું બાર વર્ષ બહાર રહું અને મારે હાથે આ થયું? તમે કોણ આવ્યા. જંગલમાં કોઈ દિથ માણસ નહીં. મારે હાથે થયું? રોવે રોવે રોવે! આહા! જરતકુમાર! મારે તો બીજું કહેવું છે. ત્યાં છ મહિના સળગી ત્યાં સુધી છ મહિના બળદેવે માથા ઉપર રાખી. .. જુઓ! મેળ કેવો છે હેં? આહાહા! ત્યાં પૂરું થયું ત્યાં અહીં પૂરું થયું છ મહિને, અને હજારો લાખો રાજકુમારો, રાણીઓ, હાથી, ઘોડા, બળદ, ગોળ, તેલ, ઘી, ગ્યાસતેલ. બાર જોજનની પહોળી અને નવ જોજનની લાંબી એ નગરી છ મહિના સુધી સળગી.

થવા કાળે થાય એમાં ફેરફાર કરવાને તીર્થંકર પણ સમર્થ છે નહીં. અહીં છ મહિનાનું (દ્વારિકાનું) બળવું પૂરું થયું અહીં છ મહિના પૂરા થયા ઉપર. બળદેવે છોડી દીધા. અહીંયાં પૂરું થયું જુઓ ને શું થાય છે? ભગવાન તો હજી હતા. પછી તો પાંડવોએ દીક્ષા લીધી. પાંડવો પાસે જરતકુમાર ગયા. પછી એને ફરીને પરણાવ્યા. આ તો બધા બળી ગયા. રાજ ગયું. થોડું કર્યું પછી શરૂ કર્યું. પાંડવોએ પછી દીક્ષા

લીધી. દીક્ષા લીધી પછી અહીં શેત્રુંજય ઉપર આવે છે. ત્યારે એને ભગવાનના દર્શન કરવા માટે જાત્રા ..ત્યાં સાંભળ્યું કે માસખમણના પારણા ચાલતા હતા પાંચેયને. સાંભળ્યું નેમિનાથભગવાન ગીરનાર મોક્ષ પધાર્યા. ચડી ગયા ઉપર લ્યો! શાંતિથી. તેમના ભાણેજ હતા. આહાહા! શું થયું? ત્યાં શેત્રુંજય ઉપર ત્રણ તો મોક્ષ ગયા. શ્વેતાંબરમાં પાંચેય આવે છે. અને બેને સહદેવ અને નકુલને જરી વિકલ્પ આવ્યો, જુઓ! મુનિને વિકલ્પ આવ્યો. મોટા ભાઈઓનું શું થયું હશે? (એટલામાં) બે ભવ થઈ ગયા. સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બાંધી લીધું. હજી સર્વાર્થસિદ્ધિમાં છે, પછી મોક્ષ જાશે. આહાહા!

કેટલો રાગ! મહામુનિ! હેં? થોડા (કાળ માટે) પણ મુનિનો રાગ. મુનિ મહા થઈને કેમ હશે ભીમ, અર્જુન, ધર્મરાજા? સમજયા? એ ત્રણ તો કેવળજ્ઞાનમાં અંદર (કેલી કરે છે.) આહાહા! ઓલું બળ્યું ત્યારે રામજીભાઈ કહે કે એનો દીક્ષાનો દિવસ હતો તે કર્મ બળ્યા. હાલને મુકને પડતું. એય! કેટલા બિચારાને .. થયું શું? થાય છે શું આ તે? હવે મુકને પડતી (વાત) થાવું હોય તે થાય છે. આહાહા! એય ચીમનભાઈ! તમે નહોતા ને?

અહીં કહે છે કે આવા મુનિઓ પ્રત્યે જરી પણ પ્રેમ થઈ ગયો તો રાગ થઈ ગયો. સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાય ગયું. એ સર્વાર્થસિદ્ધિનું તેત્રીસ સાગર અને પાછો એક મનુષ્યનો ભવ. એવી રાગની કલંક દશા છે. એ તો શુભરાગ કહ્યું ને? એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી પરમાત્માએ. માર્ગ આવો છે બાપા! લોકોને અંદર બેસે નહીં.

કહે છે, **અર્થાત્ જ્ઞાનીને વર્તતો શુધ્ધસંપ્રયોગ નિશ્ચયથી,** જ્ઞાનીને હોં! **બંધહેતુભૂત હોવાથી હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી. એમ અહીં દર્શાવ્યું છે.** આ એકબાજુ જ્ઞાનીને બંધ નથી. અને એકબાજુ જ્ઞાનીને (બંધ છે) ભાઈ! કઈ અપેક્ષાએ (કહે છે) સાંભળ તો ખરો!

દસમા ગુણસ્થાન સુધી અસ્થિરતાનો રાગ છે. એ બંધ પધ્ધતિમાં છે એમ જણાવ્યું છે. જયાં સમ્યક્ભાન થયું (તો) વસ્તુમાં રાગ નથી, દૃષ્ટિમાં રાગ નથી. વસ્તુ અબંધ છે અને દૃષ્ટિ અબંધ પરિણામી છે. સમજાણું કાંઈ? આહાહા! એ અપેક્ષાએ ના પાડી. લ્યો! બંધ છે નહીં. બંધ અધિકારમાં આવે છે કે ભઈ સમિતિ-ગુપ્તિથી ચાલે તેને બંધ નથી. એ તો બાકી પ્રવૃત્તિની અપેક્ષાએ બાકી અભ્યંતરથી તો સમ્યગ્દષ્ટિને બંધ છે જ નહીં. આ શું છે? આ તો પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? સમયસારમાં.

સમયસારમાં છે ને? અહીં સમિતિરૂપ પ્રવૃત્તિ કરવાવાળા મુનિઓના નામ લેવામાં આવ્યા છે. અવિરત દેશવિરતના નામ લેવામાં આવ્યા નથી. કારણકે અવિરત દેશવિરતની બાહ્ય સમિતિરૂપ પ્રવૃત્તિ નથી હોતી. એટલા માટે ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ હોય છે. તેમાં સર્વથા બંધના અભાવની અપેક્ષા તેમનું નામ નથી લીધું. એમ તો અંતરંગ અપેક્ષાએ તો તેમને પણ નિર્બંધ જ જાણવા જોઈએ.

નિર્બંધ જ જાણવા જોઈએ. એ વખતે કઈ અપેક્ષા કહી છે. સમજાણું કાંઈ?

બધે શરૂ કરી છે ને. એમાં શું? પહેલેથી આ એ તો કળશટીકામાં કહે કે ભઈ આ તો જ્ઞાનથી મોક્ષ જ્ઞાનથી મોક્ષ. ત્રણ? એ ત્રણ તેમાં આવી ગયા. સાંભળ તો ખરો? જ્ઞાન સમકિત અને સ્વરૂપની સ્થિરતા ત્રણેય તેમાં આવી ગયા. કળશટીકામાં ત્રણ ઠેકાણે છે. આઠમે પાને, ચોથે પાને અને બીજે ઠેકાણે છે ક્યાંક ત્રણ ઠેકાણે છે. કળશટીકામાં છે. સમજ્યા ને? એક સમ્યક્ અનુભવ થયો તો તેમાં ત્રણેય આવી ગયા. થોડો રાગ બાકી રહ્યો તેની અહીં ગણતરી ગણવામાં આવી નથી. અહીં બધી ગણી છે.

મહામુનિ! આહાહા! અહીંયા તો મોક્ષમાર્ગ ઉત્પન્ન છે ને? થોડો રાગ છે ત્યાં સુધી બંધ છે. દસમા ગુણસ્થાન સુધી થોડો રાગ રહે છે તો બંધ છે. પણ જ્યાં અંતરદષ્ટિનો વિષય બનાવવાનો છે તો રાગવાળો આત્મા છે એ તો છે પણ નહીં. રાગવાળો આત્મા નથી અને રાગ(નો) કર્તા આત્મા છે નહીં. એનું શું કરવું છે? સમજાણું કાંઈ? આહાહા! કહો, શાંતિભાઈ! આહાહા!

પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે એકસમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા તેમાં એવું જોયું અને એવું કહ્યું ધર્માત્મા સમ્યક્જ્ઞાની સમ્યક્દ્ષ્ટિ અનુભવી પંચમહાવ્રતધારા ચારિત્રવંત તેને પણ પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે છે અને પંચપરમેષ્ઠીની ભક્તિ(નો વિકલ્પ) ઊઠે છે (તે) બંધનું કારણ છે. આહાહા! કઈ અપેક્ષાએ કથન શું છે તે સમજ્યા વગર ઝઘડા કરે તો કાંઈ (પાર આવે એવું નથી). એવી વાત છે. સમજાણું કાંઈ? કજીયાળો છોકરો કજીયા જ કરે. કજીયા ન સમજ્યા? કજીયાને શું કહે છે? ઝઘડા. ઝઘડાળુ છોકરો હોય તો ઝઘડા જ કરે. આહાહા!

કહે છે **જ્ઞાનીને વર્તતો,** ધર્માત્મા! અહો! પોતાનો નિજાનંદ સ્વભાવમાં સાવધાન થયો. રાગની સાવધાની છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો રાગથી વ્યવહારથી સમકિતી મુકત છે. એમ ન કહ્યું? વ્યવહારથી તો મુકત જ છે. નિશ્ચયમાં લીન છે અને વ્યવહારથી મુકત છે. એ પરતરફનો રાગ કેટલો આવે છે તે અહીં બતાવ્યું છે. આહાહા!સમજાણું કાંઈ?

કહે છે **જ્ઞાનીને વર્તતો શુધ્ધસંપ્રયોગ એટલે શુભભાવ નિશ્ચયથી બંધહેતુભૂત હોવાને લીધે તે મોક્ષમાર્ગ નથી એમ અહીં દર્શાવ્યું છે**. આ કાંઈ ખાનગી નથી રાખ્યું. હરદારજી! ગુપ્ત રાખ્યું છે? આ તો પુસ્તક શાસ્ત્ર છે. અર્થ એવો છે. હુકમચંદજી પણ ત્યાં જયપૂરમાં બરાબર લગાવે છે. હેં? સારું પણ. તેને સારું મળી ગયું. પાંચ લાખનો હોલ બન્યો તો તે પ્રમાણે હુકમચંદજી પંડિત (પણ) મળી ગયા. શાસનનું એટલું તો ભાગ્ય છે ને? યોગ્ય મળે એ પણ પર્યાય છે ને?

કહે છે **અર્હંતાદિ પ્રત્યે ભક્તિસંપન્ન જીવ,** અર્હંતાદિ પ્રત્યે ભગવાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને ઉપર કહ્યા તે બધા. **ચૈત્ય, પ્રવચન, મુનિગણ અને જ્ઞાન પ્રત્યે,**

એમ બધા લેવા. **કથંચિત્ 'શુદ્ધસંપ્રયોગવાળો' હોવા છતાં પણ, ત્રગડો કર્યો છે. (નીચે) સિદ્ધિના નિમિત્તભૂત એવા જે અર્હંતાદિ તેમના પ્રત્યેના ભક્તિભાવને પૂર્વે શુદ્ધસંપ્રયોગ કહેવામાં આવ્યો છે. તેમાં 'શુદ્ધ' શબ્દ હોવા છતાં તે 'શુભ' ઉપયોગરૂપ રાગભાવ છે.** અમારા પંડિતજી ખુલાસા કરે છે. **('શુભ' એવા અર્થમાં જેમ 'વિશુદ્ધ' શબ્દ કદાચિત્ વપરાય છે તેમ અહીં 'શુદ્ધ' શબ્દ વપરાયો છે.)** શાસ્ત્રમાં શુભને સ્થાને વિશુદ્ધ શબ્દ પણ વપરાય છે. આવે છે કે નહીં? શુભને, અહીંયાં આપણે સમયસારમાં પણ આવ્યું ને? ઓલા વિશુદ્ધ ૨૯ બોલ ૫૦ થી ૫૫ ગાથા.

શુભને વિશુદ્ધ પણ કહે છે. પણ છે શુભ. કાંઈ શુદ્ધથી વિશેષ શુદ્ધિ એમ નહીં. તો કહે છે કે જેમ શુભ ને વિશુદ્ધ શબ્દનો પ્રયોગ થાય છે તે પ્રકારે શુદ્ધ શબ્દનો પ્રયોગ શુભમાં પણ હોય છે. જેમ શુભને વિશુદ્ધ કહે છે એમ શુભને અહીંયાં શુદ્ધ કહ્યું છે. એમ કહે છે. એ તો એક પ્રકાર છે. **અર્હંતાદિ પ્રત્યે,** પંચપરમેષ્ઠી પ્રત્યે ધર્માત્મા જ્ઞાનીને પણ સંતોને પણ સાચા સંત મુનિઓ ધર્માત્મા. આહાહા! **કથંચિત્ 'શુદ્ધસંપ્રયોગવાળો' હોવા છતાં પણ રાગલવ (વિદ્યમાન) હોવાથી,** લ્યો! ઓહોહો! **જરાક રાગ, અલ્પ રાગ** જીવિત વિદ્યમાન છે એટલો રાગ. આહાહા!

એક બાજુ કહે કે જ્ઞાનીને રાગ નથી. પણ તે રાગ રાગમાં છે ને? રાગ છે તો ખરા ને? રાગ નથી શું? વીતરાગ થઈ ગયા છે? વીતરાગ થાય તો રાગ થતો નથી. સમજાણું કાંઈ? **રાગલવ જીવતો હોવાથી 'શુભોપયોગીપણા'ને નહીં છોડતો થકો,** એ શુભરાગને છોડતો નથી. જુઓ! એવી ભાષા લીધી છે. કે પોતામાં ક્યારેય શુભરાગ છોડતો નથી. બહુ જ પુણ્ય બાંધે છે. આહાહા! બંધન થાય છે. આહા! **ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી**. લ્યો! ખરેખર બધા કર્મનો ક્ષય કરતો નથી. ત્યારે કહે થોડો તો કરે છે ને? પણ થોડો તો ઓલી શુદ્ધિ છે એને લઈને કરે છે. આને લઈને નહીં. સમજાણું કાંઈ? **ખરેખર સકળ કર્મનો ક્ષય કરતો નથી.** એટલે અહીં ક્યાંય રાગ રહે ત્યાં સુધી પૂર્ણ કર્મનો ક્ષય થઈને કેવળજ્ઞાન થતું નથી. એમ બતાવે છે. રાગથી કર્મનો ક્ષય પૂર્ણ નથી થતો અને થોડા કર્મનો ક્ષય થાય છે. એમ નથી. આહાહા! શુદ્ધ સ્વભાવને કારણે રાગની ભૂમિકામાં કર્મની નિર્જરા તો છે. પણ રાગ છે ત્યાં સુધી સર્વથા કર્મનો ક્ષય હોય એમ હોતું નથી. આહાહા! રાગની સ્થિતિમાં. રાગથી નહીં. જ્યાં રાગ છે ત્યાં શુદ્ધસ્વભાવની પરિણતિ તો ધર્માત્માને છે. તેનાથી પૂર્ણ કર્મનો ક્ષય નથી થતો. કેમકે રાગ ભાગ છે. પરમશુદ્ધિ અહીં નથી તો પરમશુદ્ધિની પ્રાપ્તિ નહીં થાય. આહાહા! ભારે સમજણ કરવી આ. સમજણ સમજણ ને સમજણ એક ને એક.

વીતરાગ માર્ગ બાપુ આખો. દુનિયા કંઈક માની ને બેઠી! અરેરે! આવો વખત મળ્યો મનુષ્યનો દેહ એમાં સાચી વાતની સમજણ યથાર્થ નહીં કરે (તો) ચોર્યાસીના અવતારમાં ક્યાંય પત્તો નહીં લાગે. આ

દુનિયા કોઈ સાથે નહીં આવે. આહાહા! કે ભઈ અમને માનનારા બહુ જ હતા. ઘણા માન માટે અમારું સારું હતું. ધૂળેય સારું નહીં. સાંભળને હવે. સમજાણું કાંઈ? વીરજીભાઈ!

આટલો રાગ પણ નુકસાનકારક ઝેરનો કણ છે. એમ કહે છે. આહાહા! વીતરાગ પ્રભુ કહે હોં! વીતરાગ એમ કહે છે કે અમારા પ્રત્યેનો પ્રેમ તને ઊઠે છે તે રાગ (છે) બંધનું કારણ છે. તારા સ્વભાવની સન્મુખ જો તેમાં રાગનો અભાવ થશે. હરદારજી! આહાહા! વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમાં કોઈ સાથે પક્ષપાત ક્યાં થાય? સમજાણું કાંઈ? પક્ષપાત ક્યાં? વસ્તુ એવી છે ત્યાં. **તેથી સર્વત્ર રાગની કણિકા પણ પરિહરવા યોગ્ય છે.** આહાહા! થોડામાં થોડા. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

---

## ગાથા-૧૬૭

**जस्स हिदएणुमेत्तं वा परदव्वम्हि विज्जदे रागो ।**
**सो ण विजाणदि समयं सगस्स सव्वागमधरो वि ।। १६७ ।।**

यस्य हृदयेऽणुमात्रो वा परद्रव्ये विद्यते रागः ।
स न विजानाति समयं स्वकस्य सर्वागमधरोऽपि ।। १६७ ।।

स्वसमयोपलम्भाभावस्य रागैकहेतुत्वद्योतनमेतत् ।

यस्य खलु रागरेणुकणिकाऽपि जीवति हृदये न नाम स समस्तसिद्धान्तसिन्धुपारगोऽपि निरुपरागशुद्धस्वरूपं स्वसमयं चेतयते । ततः स्वसमयप्रसिद्ध्यर्थं पिञ्जनलग्नतूलन्यासन्याय-मधिदधताऽर्हदादिविषयोऽपि क्रमेण रागरेणुरपसारणीय इति ।। १६७ ।।

---

**અણુમાત્ર જેને હૃદયમાં પરદ્રવ્ય પ્રત્યે રાગ છે,**
**હો સર્વઆગમધર ભલે, જાણે નહીં સ્વક-સમયને. ૧૬૭.**

**અન્વયાર્થ :- (यस्य) જેને (परद्रव्ये) પરદ્રવ્ય પ્રત્યે (अणुमात्रः वा) અણુમાત્ર પણ (લેશમાત્ર પણ) (रागः) રાગ (हृदये विद्यते) હૃદયમાં વર્તે છે. (सः) તે (सर्वागमधरः अपि) ભલે સર્વઆગમધર હોય તોપણ, (स्वकस्य समयं न विजानाति) સ્વકીય સમયને જાણતો (-અનુભવતો) નથી.**

**ટીકા :- અહીં, સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો, રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે (અર્થાત્ સ્વસમયની પ્રાપ્તિના અભાવનું રાગ જ એક કારણ છે એમ અહીં દર્શાવ્યું છે).**

**જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિધ્ધાંતસાગરનો**

**પારંગત હોય તોપણ, *નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો (-અનુભવતો) નથી. માટે, *'પીંજણને ચોંટેલ રૂ'નો ન્યાય લાગુ પડતો હોવાથી, જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિવિષયક પણ રાગરેણુ (-અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવાયોગ્ય છે. ૧૬૭.**

**પ્રવચન નં :- ૭૭, ગાથા :- ૧૬૭-૧૬૮**

**વૈશાખ વદ-૭, બુધવાર, તા :- ૨૭-૫-૧૯૭૦**

આ પંચાસ્તિકાય મોક્ષમાર્ગ એનો વિસ્તાર. ૧૬૭ ગાથા.

**जस्स हिदएणुमेत्तं वा परदव्वम्हि विज्ञदे रागो ।**

**सो ण विजाणदि समयं सगस्स सव्वागमधरो वि ।। १६७ ।।**

**ટીકા :- અહીં, સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો,** (કારણ) **રાગ એક હેતુ છે.** શું કહે છે? ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ આનંદ તેની પ્રાપ્તિમાં વિરૂદ્ધનું કારણ, પ્રાપ્તિનો અભાવ તેનો રાગ એક હેતુ છે. સૂક્ષ્મ રાગ, પંચપરમેષ્ઠી પ્રત્યેનો રાગ. જુઓને! આચાર્યએ પરદ્રવ્ય શબ્દ વાપર્યો છે ને? **परदव्वम्हि विज्जदे रागो** એ પરદ્રવ્ય પ્રત્યે રાગથી લાભ માને તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ રાગ છે તે બંધનું કારણ છે. એમ માનવાવાળાને પણ રાગ(ની) ઉપલબ્ધિ સ્વભાવના અનુભવમાં વિઘ્ન છે. કહો, શેઠ!

પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ. પંચમહાવ્રતનો વિકલ્પ તો ક્યાંય કાઢી નાખ્યો છે. જેનો ઉપકાર છે ઉપકાર. અરિહંત, સિદ્ધ, આચાર્ય આદિ. કહે છે **સ્વસમયની ઉપલબ્ધિના અભાવનો,** અનુભવના અભાવમાં કારણ **રાગ એક હેતુ છે એમ પ્રકાશ્યું છે. જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે.** જુઓ! આહાહા! **જેને રાગ રેણુ** = ઝીણો રજકણ. એવી **કણિકા પણ હૃદયમાં જીવતી છે. તે, ભલે સમસ્ત સિદ્ધાંતસાગરનો પારંગત હોય,** થોડોક રાગ વિઘ્ન કરે છે કે સ્વરૂપની પ્રાપ્તિ અનુભવ મુક્તિ આદિ થતી નથી. આહાહા!

અહીં તો ચોથે ગુણસ્થાને શુભભાવ છે તેમાં તે શુદ્ધિ છે એમ કહે છે. લ્યો! આહાહા! આ તો

***નિરુપરાગ-શુદ્ધસ્વરૂપ = ઉપરાગરહિત (-નિર્વિકાર) શુદ્ધ જેનું સ્વરૂપ છે એવા.**

***જેમ પીંજણને ચોંટેલું થોડું પણ રૂ, પીંજવાના કાર્યમાં વિઘ્ન કરે છે, તેમ થોડો પણ રાગ સ્વસમયની ઉપલબ્ધિરૂપ કાર્યમાં વિઘ્ન કરે છે.**

સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર, સાચા પ્રવચન, સાચું શાસ્ત્રનું જ્ઞાન, તે પ્રત્યેનો રાગલવ માત્ર પણ રહે (તો) સ્વરૂપની પ્રાપ્તિનો અનુભવ નહીં થાય. સમજાણું કાંઈ? વીતરાગભાવ નહીં થાય. આહાહા! **નિરુપરાગ-શુધ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો (-અનુભવતો) નથી.** ભગવાનઆત્મા રાગના કણની ચીજ વિના ઉપરાગરહિત છે. શુધ્ધસ્વરૂપ નિર્વિકાર છે. પંચપરમેષ્ઠી પ્રત્યે, પરદ્રવ્ય પ્રત્યે રાગનો કણ. અહીં તો ચોખ્ખું પરદ્રવ્ય લીધું છે. ભલે પછી તે દેવ હોય, ગુરુ હોય, શાસ્ત્ર હોય, પ્રતિમા હોય, જાત્રા હોય, ભગવાનનું નામ સ્મરણ હોય. ણમો અરિહંતાણં-ણમો અરિહંતાણં-ણમો અરિહંતાણં એ પણ રાગ છે. હેં?

મુમુક્ષુ :- આવે છે.

ઉત્તર :- આવે છે તે બીજી વાત છે પણ વિઘ્ન કરવાવાળા છે એમ કહે છે. સ્વરૂપના અનુભવમાં એ ડખલ કરે છે, વિઘ્ન છે, દોષ છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિરુપરાગ-શુધ્ધસ્વરૂપ સ્વસમયને,** સ્વસમય ભગવાનઆત્મા જ્ઞાયક પૂર્ણ આનંદસ્વરૂપ તેના વેદનમાં પૂર્ણ વેદન આવવું તેમાં સૂક્ષ્મ રાગનો કણ પણ વિઘ્ન કરવાવાળો છે. આહાહા! ભારે વાત! પંચમહાવ્રત કાઢી નાખ્યા. આસ્રવ તત્ત્વ આદિ કહીને નવતત્ત્વમાં આવ્યું ને? વ્યવહારરત્નત્રય તો કાઢી નાખ્યું. તેમાં આ થોડું આવ્યું કે ભઈ પંચપરમેષ્ઠી પ્રત્યે રાગ તો રહેશે ને? જ્યાં સુધી રાગ સ્વદ્રવયની સન્મુખતા છોડીને કોઈપણ પરદ્રવ્ય ભલે તે સિધ્ધ ભગવાન હોય. સમજાણું કાંઈ? સિધ્ધનું આવશે. સિધ્ધનું આવશે ૧૬૯ માં. સિધ્ધ સિધ્ધ પોતાનું સ્વરૂપ ત્યાં લેશે. **सिद्धेसु कुणदि भति** સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પંચમહાવ્રત જે ઊઠે છે તે આસ્રવતત્ત્વ છે. મુનિને પણ હોં! સાચા મુનિ. જેને સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર મળ્યા છે અને તેની પ્રતીતિ કરીને વિકલ્પ થયો છે અને તેને છોડીને સ્વરૂપનો અનુભવ પણ થયો છે. પણ તે અનુભવમાં પણ જ્યાં સુધી રાગનો અંશ બાકી રહે તો સ્થિરતાનું વેદન કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવી સ્વરૂપની પ્રાપ્તિ નહીં થાય. સમજાણું કાંઈ? આગળ કહેશે. પ્રેરણાથી આ પ્રવચન બની ગયા. પ્રવચન ભક્તિથી. સમજે છે કે વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહાહા! અને વાણી તો વાણીને કારણે બની ગઈ. મેં બનાવી નથી. એ તો આગળ કળશ આવે છે. મેં તો શાસ્ત્ર બનાવ્યા નથી. શાસ્ત્રને કોણ બનાવે? એ તો પરમાણુથી બને. સમજાણું કાંઈ? ઉપદેશ કોણ કરે? એય પંડિતજી! આ વાણી. આત્મા કરે નહીં. આત્મામાં શું છે કે વ્રત પાળવાનો ઉપદેશ કરે. આહાહા!

મુમુક્ષુ :-ભાષાવર્ગણાથી થાય.

ઉત્તર :- ભાષાવર્ગણા જ્ઞાનને કરે? જ્ઞાનતત્ત્વ કરે તો આ દુનિયામાં છ દ્રવ્ય છે તે રહેશે નહીં. પાંચ અચેતન તો સિધ્ધ થશે પણ નહીં. ભાષાની પર્યાયમાં થવાની શક્તિ છે. ઉપદેશમાં જે વર્ગણા નીકળે છે તે ભાષાને યોગ્ય વર્ગણા છે તેમાં તે પર્યાય ઉત્પન્ન થાય છે. આત્માથી નહીં, આત્મા કર્તા નથી.

આહા! આ તો હું ભાષણ કરું છું, હું દુનિયાને સમજાવું છું. એ તો ભાષાનો સ્વામી થયો તે તો મિથ્યાદષ્ટિ છે. આહાહા! એ તો પાછા પરવસ્તુ છે.

આત્મા તો અરૂપી ને ત્યાં આ રજકણથી ભિન્ન અંદર રજકણ પડયા છે? આ રજકણ તેનાથી ભિન્ન છે? ભાષા તો ભાષાને કારણે છે. આહાહા! કહો, પંડિતજી! આ બધા પંડિત ભાષણ ભાષણ કરે, ભજન કરો એક ભજન લગાવો. ભજન અમે કરીએ છીએ. તમે કોણ? તમે કોણ છો કે ભજન કરો. આહાહા! ભજનનો વિકલ્પ આવ્યો તે પણ રાગ છે. અને વાણીની ક્રિયા એ તો જડની સ્વતંત્ર છે. ભાષાની પર્યાયમાં પોતાનો રાગનો અંશ મેળવવો, કર્મનો ઉદય છે તો મારામાં રાગ થાય છે, તો કર્મના અંશને રાગમાં ભેળવવો. બધી ગડબડ છે. જીવને અજીવ માનવો અને અજીવને જીવ માનવો. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો નિરુપરાગ ભગવાનઆત્મા રાગ વિનાની ચીજ તે રાગના કણથી પ્રાપ્તિ નથી થતી. વચ્ચે આ લીધું ને. આહાહા! કુંદકુંદઆચાર્યની છેલ્લી ગાથા. અમને પણ પંચપરમેષ્ઠીનો વિકલ્પ આવે. છેલ્લી ગાથા આવી ને? ૧૭૩ માં આવ્યું છે. આને માટે મેં કહ્યું, **मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया** ભક્તિની પ્રેરણાથી મેં આ બનાવ્યું. પણ છે તો તે વિકલ્પ. આહાહા! જ્યાં આટલો વિકલ્પ વિઘ્ન કરવાવાળો છે ત્યાં અમારા અનુભવમાં ડખલ છે. આહાહા! આ ઉપદેશ આપવાની ઈચ્છાનો ભંગ થઈ જાશે. સભાની વચ્ચે આમ  સમાજ લગાવે આમ. આહા! કલાક ધારા, બે કલાક ધારા. શું વકતા પણ વકતા! આહા! એય! હિમતભાઈ બોલે ત્યારે કેવું બોલે છે ખબર છે? ...ધારા આમ ચાલે. પધ્ધતિસર. બીજાને તો ફે ફે થઈ જાય. બોલે નહીં, બોલે ત્યારે એવું બોલે. બોલતા હશે કે નહીં? આહાહા!

કહે છે કે, **સ્વસમયને ખરેખર નહીં અનુભવતો,** ભલે અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિનો હોય. ચારિત્રનો અંશે અનુભવ હોય પણ જ્યાં સુધી રાગનો કણ હશે ત્યાં સુધી પૂર્ણ ચારિત્રનું વેદન છે નહીં. આહાહા! તેથી **'પીંજણને ચોંટેલ રૂ'** પીંજણ હોય છે ને? પીંજણ પીંજારાની પીંજણ હોય છે ને? ધૂળકી કહે છે ને? પીંજણ. 'પીંજણને ચોંટેલ રૂ' એ તાર હોય છે ને તાર. એને થોડું થોડું રૂ ચોંટતું હોય છે તો એ ન્યાય લાગુ પડે છે. જુઓ! (નીચે) **જેમ પીંજણને ચોંટેલું રૂ પીંજવાના કાર્યમાં વિઘ્ન કરે છે,** પીંજવાના કાર્યમાં વિઘ્ન કરે છે. લાકડી મારે છે ને? લાકડી કહે ને? શું કહે આ? શું કહે છે? લાકડી. તે સાપ છે ને? અમારે અહીં લાકડી કહે છે. પીંજણ કહે છે પીંજણ. આહાહા!

જરાક પણ રૂ જો ચોંટેલ હોય (તો) પીંજવાના કાર્યમાં તે વિઘ્ન કરે છે. કાયમ હલી શકતું નથી. **તેમ થોડો પણ રાગ સ્વસમય** પોતાનો આનંદનો અનુભવ **તેની ઉપલબ્ધિરૂપ કાર્યમાં વિઘ્ન કરે છે**. રાગ વિઘ્ન કરવાવાળો છે. રાગ સહાયક છે એમ અમે નથી કહેતા. જુઓ! આહાહા! એ સાધન કહ્યું તેને પણ ઉડાડે છે. એ તો વ્યવહારથી સાધન કહેવામાં આવ્યું હતું. સાધન ફાધન છે નહીં. વિઘ્ન

કરવાવાળું છે એમ કહે છે. જુઓ!

વ્યવહારનયથી અનુકૂળ જોઈને સાધનનો આરોપ દીધો તે અહીં નિશ્ચયનયથી વિઘ્ન કરવાવાળું સિધ્ધ કરી દીધું. આહાહા! ભગવાનનું સ્મરણ કરો. પ્રભુનું સ્મરણ કરો. પ્રભુનું સ્મરણ કરે તો વિકલ્પ ઊઠે છે. રાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ પોતામાં બાધક છે.

ઉત્તર :- બાધક છે. પાપ છે. સ્વરૂપથી પતીત થાય છે. નિશ્ચયથી તો પાપ કહ્યું છે, વ્યવહાર રત્નત્રય ને. રાગ છે ને? વિકલ્પ છે ને? સ્વરૂપ વીતરાગ આનંદમૂર્તિ. નિરુપરાગ સચ્ચિદાનંદ સ્વભાવ અમૃતનો સાગર પ્રભુ તેમાં વિકલ્પ તો ઝેર છે. આહાહા! સમજાણું કાંઈ? આવે છે તે બીજી વાત છે. એ શેઠ! શેઠ કહે છે આવે છે ને? આવે છે તે બીજી વાત છે. પણ છે ઝેર.

મુમુક્ષુ :- તાવ આવે છે પણ..

ઉત્તર :- આવે છે તો શું છે? તાવ સારો છે? નવાણું ડિગ્રી તાવ આવે તે સારો છે? વધારે વધે તો ક્ષય થઈ જાય. બહુ નીંદ છે નવાણુંમાં શંકા પડે તો અહીં એને ઝીંથરી આવવું પડે. શું છે ભાઈ અહીંયાં? હેં? એવી પ્રગતિ ચાલી, એવી લગનથી ચાલ્યું. શેઠિયા લોકો પણ એમ હા હા પાડે. ખબર નથી કોઈને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? એ અમારે લીંબડી ચર્ચા થઈ હતી ને? મનસુખભાઈનો દિકરો છે ને ઓલો ધીરૂ. એમ કે ભક્તિથી તો લલ્લુજી  મહારાજે લાભ કીધો છે. ધર્મ થાય છે, નિર્જરા થાય છે. ધૂળેય ધર્મ નથી. સાંભળ ને?

શ્રીમદ્ તો નહીં પણ ભગવાન ત્રણલોકનો નાથ કહે છે કે અરિહંતાદિ ભગવંતો, અરિહંતાદિ ભગવંતો. આહાહા! પરમેષ્ઠી પદમાં આવ્યા. તેઓનું સ્મરણ ભક્તિ, પૂજા, નામ એ બધા રાગના કણ છે. આ આત્મામાં, પીંજણીને ચોંટેલું રૂ લાગુ પડે છે, એમ જીવમાં રાગનો કણ છે તે સ્વરૂપની સ્થિરતામાં વિઘ્ન કરવાવાળો છે. આહાહા! માર્ગની ખબર ન મળે. સમજાણું કાંઈ? બે હજાર મંદિર બનાવ્યા. કરોડો પ્રતિમાઓ બનાવી. નથી આવતું એય? હેં? સાંપ્રત રાજા સાંપ્રત રાજા. કેટલા? એક કરોડ મુનિ. હેં? કેટલા આવવાના કરોડ મુનિ ધૂળેય બનાવે તો તેમાં છે શું? કોણ બનાવે? આહાહા! ભારે વીતરાગમાર્ગ આવો! જગતને ન્યાય અને એવી વાત કરે છે જગતનું અકલ્યાણ થશે. એવું જામનગર આવ્યું. ગાંધીજી હતા ને અંદર આવ્યા. શું છે? અમારા ગુરુ એમ કહે છે કે આમ થશે તો મહાકલ્યાણ થશે. ત્યાં લોકો અધર્મમાં છે બિચારા ધર્મ કરે છે તેમાં પુણ્ય છે, બંધનું કારણ છે, એવું હશે તો છોડી દેશે. કીધું આ એક જ માર્ગ સત્ય અને સન્માર્ગ છે. બાકી બધાના ઉન્માર્ગ છે. કીધું સાંભળ. ઓલો આવ્યો હતો, નહીં ભાઈ રાત્રે.... ઈ મોઢા આગળ થઈને આવ્યો હતો. આ એક જ માર્ગ સન્માર્ગ છે. બીજા બધા ઉન્માર્ગ છે. સારા ને બીજો ને બધાનો. ઓલો કહે હાય હાય! માર્ગ ઉન્માર્ગ અને સન્માર્ગની ખબર નહીં ને હાલી

નીકળ્યા છે. ઉન્માર્ગ છે.

અહીં તો પરમાત્મા કહે છે, જુઓ! **જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિવિષયક પણ રાગરેણું (-અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવાયોગ્ય છે**. એક વખતે ભાઈએ કહ્યું હતું અમૃતચંદ્રાચાર્યએ. સમજયા? ......... પહેલાં અશુભરાગ છૂટે છે પછી શુભરાગ પણ છોડવાલાયક છે. એમ નિર્ણય કરીને છોડી દેવો. એમ કહે છે. ક્રમશઃ શબ્દ જરી થોડો પડે ને? અમૃતચંદ્રાચાર્ય કહે છે. **અર્હંતાદિવિષયક પણ રાગરેણું,** પંચપરમેષ્ઠી ત્રિલોકનાથ તીર્થંકરદેવ. આચાર્ય કુંદકુંદાચાર્યદેવ. સમજાણું કાંઈ? સિધ્ધભગવાન, ઉપાધ્યાય અને સંત સાધુ સાચા ભાવલિંગી મુનિ. ભાવલિંગી હોં! દ્રવ્યલિંગી નહીં ને કુલિંગી તો (નહીં જ). આહાહા!

એવા ભાવલિંગી પંચપરમેષ્ઠી જે છે. **અર્હંતાદિવિષયક,** વિષયક સમજયા? તે સંબંધી. પંચપરમેષ્ઠી સંબંધી રાગના લવ વિકલ્પ ઊઠે છે તે **અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ ક્રમે દૂર કરવા યોગ્ય છે**. છોડવા લાયક છે. રાખવા લાયક કે રક્ષણ કરવા લાયક નથી. હવે ૧૬૮.

---

## ગાથા-૧૬૮

**धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं ।**
**रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स ।। १६८ ।।**

धर्तुं यस्य न शक्यम् चित्तोद्भ्रामं विना त्वात्मानम् ।
रोधस्तस्य न विद्यते शुभाशुभकृतस्य कर्मण: ।। १६८ ।।

रागलवमूलदोषपरम्पराख्यानमेतत् ।

इह खल्वर्हदादिभक्तिरपि न रागानुवृत्तिमन्तरेण भवति । रागाद्यनूवृत्तौ च सत्यां बुद्धिप्रसरणन्तरेणात्मा न तं कथञ्चनापि धारयितुं शक्यते । बुद्धिप्रसरे च सति शुभस्याशुभस्य वा कर्मणो न निरोधोऽस्ति । ततो रागकलिविलासमूल एवायमनर्थसन्तान इति ।। १६८ ।।

---

**મનના ભ્રમણથી રહિત જે રાખી શકે નહિ આત્મને,**
**શુભ વા અશુભ કર્મો તણો નહિ રોધ છે તે જીવને. ૧૬૮.**

**અન્વયાર્થ :- (यस्य) જે (चित्तोद्भ्रामं विना तु) (રાગના સદભાવને લીધે) ચિત્તના ભ્રમણ વિનાનો (आत्मानम्) પોતાને (धर्तुम् न शक्यम्) રાખી શકતો નથી. (तस्य) તેને (शुभाशुभकृतस्य कर्मण:) શુભાશુભ કર્મનો (रोध: न विद्यते) નિરોધ નથી.**

**ટીકા :- આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ**

**છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).**

**અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પણ રાગપરિણતિ વિના હોતી નથી. રાગાદિપરિણતિ હોતાં, આત્મા *બુદ્ધિપ્રસાર વિનાનો (-ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે સાંખી શકતો નથી; અને બુદ્ધિપ્રસાર હોતાં (-ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.**

**ભાવાર્થ :- અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે; ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે. માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.* ૧૬૮.**

## ગાથા-૧૬૮ ઉપર પ્રવચન

હવે ૧૬૮. એ રાગ અમૃતનું પરંપરા કારણ છે. એ શેઠ! પરંપરા મોક્ષનું કારણ છે તો અહીં કહે છે કે એ રાગ પરંપરા અમૃતનું કારણ છે. આહાહા! ગજબની વાત! આહાહા!

**धरिदुं जस्स ण सक्कं चित्तुब्भामं विणा दु अप्पाणं ।**
**रोधो तस्स ण विज्जदि सुहासुहकदस्स कम्मस्स ।। १६८ ।।**

આ એક જ્ઞાનીને હોં! આ તો મુનિને રાગ, જ્ઞાની ચારિત્રવંત છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન ચારિત્રવંત છે. મુનિ બહારમાં નગ્ન છે, અઠ્યાવીસ મૂળગૂણનો વિકલ્પ આવે છે. તેની સાથે પણ **આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે** અહીં. આહાહા! એય પંડિતજી! ઓલા કહે રાગ પરંપરા મોક્ષનું કારણ છે. એ તો વ્યવહારનો અભાવ કરીને થશે એ અપેક્ષાએ આરોપથી કથન છે. આહાહા!

મુનિ આત્મજ્ઞાની અને આત્મદર્શી જંગલમાં રહેવાવાળા. દિગંબર નગ્નમુનિ તે જ દ્રવ્યલિંગી અને ભાવલિંગી બેય. ભાવલિંગી ત્રણકષાયનો અભાવ દ્રવ્યલિંગીને નગ્નપણું અઠયાવીસ મૂળગુણ આદિ. એવા મુનિને પણ રાગ જરી પણ રહે, પરમેશ્વર ભગવાનનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડવો. મૃત્યુ કાળે ભગવાનની પ્રતિમા પાસે જઈને કહે છે કે એ પરદ્રવ્ય તરફનો રાગનો અંશ છે એ દોષ પરંપરાનું કારણ

**બુદ્ધિપ્રસાર = વિકલ્પોનો ફેલાવો; વિકલ્પવિસ્તાર; ચિત્તનું ભ્રમણ; મનનું ભટકવું તે; મનની ચંચળતા.*

**આ ગાથાની શ્રી જયસેનાચાર્યદેવવિરચિત ટીકામાં નીચે પ્રમાણે વિવરણ કરવામાં આવ્યું છે:-*

*માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી, તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્તવિભાવરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી અને તે નહિ રોકાવાથી (અર્થાત્ બુદ્ધિપ્રસારનો નિરોધ નહિ થવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી; તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.*

છે. તારા મનમાં એમ રહે કે આ રાગ અત્યારે છે પછી લાભ આપશે. એમ છે નહીં.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે કે રાગ છે એ શુભ છે પણ એ ભવિષ્યમાં કોઈ ધર્મ પામે, સંસ્કાર રહે તો. એમ આવ્યું છે. એમ આવ્યું છે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પણ એ તો સંસ્કાર પોતાના કરે તો. એમ કે નહીંતર રાગથી તો પરંપરા નુકસાનનું કારણ છે. અહીં તો એ કહે છે. **દોષપરંપરાનું નિરૂપણ છે**. લ્યો! અમૃતચંદ્રાચાર્ય કહે છે. **(અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે)**. આહાહા! રાગનો કણ પણ પંચમહાવ્રતનો વિકલ્પ પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ. સમજાણું કાંઈ?

બધાને માટે. આ તો ઉત્કૃષ્ટ મુનિની વાત છે. બધાને માટે નુકસાનનું કારણ છે. કોઈને રાગથી લાભ થાય? સમકિતીને, જ્ઞાનીને, મુનિને કે, મિથ્યાદષ્ટિ તો છે જ નહીં, તેથી તેની વાત તો છે જ નહીં. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ એવો છે ભાઈ! એમ કણ પણ ઉદયથી થાય, ઓલા તો કહે છે કે ઉપદેશ આપીએ તો દુનિયાને લાભ થાય અને પોતાને નિર્જરા થાય છે. હું કરું છું કે ભગવાન કરે છે? આપણે ઉપદેશ આપીએ. ઓલા તુલસી તેરાપંથી એમ કહે છે. બીજાને મારતો હોય તો ન મારવો એમ ન કહેવું. પણ ઉપદેશ આપવો કે ભાઈ, પંચેન્દ્રિયને મારવામાં પાપ છે, દુઃખ છે, આવું છે, આવું છે. ઉપદેશ આપવાથી નિર્જરા થાય છે. ધૂળમાં પણ નિર્જરા થતી નથી. ઉપદેશના સ્વામી હોય તો મિથ્યાત્વ થાય છે. અને ઉપદેશમાં જો વિકલ્પ આવ્યો રાગ તેનાથી આત્માને પરંપરા નુકસાનનું કારણ છે. આહાહા! આ તો વીતરાગમાર્ગમાં આવું હોય. એનો અર્થ સ્વઆશ્રય કરી લે. પરાશ્રયમાં જાઈશ તો નુકસાન થશે. એમ કહે છે. આહાહા! કહો, શોભાલાલજી!

ભગવાનની વાણી છે ને? ભગવાનની વાણી. વાણીમાં તો ભાવ ભર્યા છે. ત્યાં પ્રતિમામાં ભાવ છે? લે! હમણાં બધા પંડિતો કહે છે. એણે પુસ્તક બનાવ્યા અને આ બધા ખોટી હા હા પાડે. ..... વાણીમાં તો ભગવાનના ભાવ ભર્યા છે. ભગવાનની પ્રતિમામાં શું છે? અરે! ભગવાન! વાણીમાં તો વાણીનો ભાવ છે. તેમાં આત્માનો ભાવ છે? સમજાણું કાંઈ? આવું લખ્યું છે, પુસ્તક બનાવ્યું છે આ બધા શેઠિયાઓ વાંચતા હોય. પૈસા પણ આપતા હોય. શું હશે? કોઈક બીજા તો આપતા હશે. આ ન આપે. એ માહ્યલા બધા આપે. અને એને અનુમોદે તો ખરા. વાત સ્પષ્ટ થાય છે તો તેમાં બધું આવવું જોઈએ ને? આહાહા! લખ્યું છે પાછું. એમ કે મૂર્તિનો જે વિરોધ થઈ ગયો ને? એટલે વાણીમાં તો બધા ભાવ ભર્યા છે માટે વાણી પૂજ્ય છે. વાણીમાં ભગવાનના બધા ભાવ (ભર્યા છે.) ચૈતન્યના ભાવ જડમાં છે. ચૈતન્યનો ભાવ જડમાં એ તો માનવું તો જીવનો ભાવ અજીવમાં હો તો એ તો મહામિથ્યાત્વ છે. આહાહા!

એ અનુચિત વાત કરે છે. એ ભગવાનની વાણી તો વ્યવહારથી પૂજ્ય છે. એ માટે શુભ વિકલ્પ

થાય છે. એટલી વાત. વાણી વાણી પદ્મનંદીમાં વ્યવહાર આ અપેક્ષાએ પૂજય કહ્યો છે. વ્યવહારે વ્યવહાર પૂજય છે. નિશ્ચયથી પૂજય છે નહીં.

મુમુક્ષુ :- વ્યવહારને પૂજય કીધો છે.

ઉત્તર :- ના પાડી છે. આ શું કહે છે, જુઓને!

ભગવાનની વાણી ભગવાન સાક્ષાત ત્રિલોકનાથ. દિવ્યધ્વનિ હોય તોપણ કહે છે કે એ પરદ્રવ્ય છે. તે તરફનો વિકલ્પ છે. સાંભળવાનો અને રાગ આવ્યો તે પણ પરંપરા દોષનું કારણ છે. ગજબ વાત છે આ! આહાહા! ધર્માત્મા ગણધરને પણ સાંભળવાનો જયારે રાગ આવ્યો. માર્ગ તો એક જ હોય છે. બીજો કયાં છે?

કહે છે, **આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે). અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ પ**ણ બીજાની ભક્તિ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની ભક્તિ તો મિથ્યાત્વભાવ છે.પણ **અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ રાગપરિણતિ વિના નથી હોતી**. આહાહા! એ પહેલાં પંચાણુંમાં ગઈ છે ને જે ગીરનાર. ત્યારે હતા નેમિચંદ. હેમચંદભાઈ ડોકટરના ભાઈ. ડોકટર કેવા કહેવાય? .. કે અમે તો ભગવાનની ભક્તિ રાગ, અમારે તો રાગ જોતો જ નથી. અમે તો વીતરાગ ભાવે ભક્તિ કરીએ છીએ. પણ ભક્તિ વીતરાગ ભાવે હોય નહીં. શ્વેતાંબર હતા. તેના મકાનમાં ઉતર્યા હતા. તેની ધર્મશાળામાં. પંચાણુંની વાત. પહેલાં ગયા હતા ને? છન્નું, છન્નું લખ્યું છે. પંચાણુંનું ચોમાસુ થઈ ગયું ને? છન્નું.

અમે તો ભગવાન, .... ભગવાનની ભક્તિનો ભાવ એ તો રાગ છે. અમે કયાં રાગ કરીએ છીએ? અમે તો વીતરાગ ભાવથી ભક્તિ કરીએ છીએ. પણ ભગવાનની ભક્તિ એ જ રાગ છે. સાંભળ ને હવે? આવા ને આવા. સમજાણું કાંઈ? આ કહે અમે પંચમહાવ્રત પાળીએ છીએ એમાં રાગ કયાં આવ્યો? એ તો નિવૃત્તિ છે. ધૂળ સાંભળ તો ખરો! એ પંચમહાવ્રતનો વિકલ્પ છે તે જ રાગ છે, બંધનું કારણ છે, પરંપરા દોષનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? હેં?

સાચો ધર્મ. પંચમહાવ્રત પાળો! ચારિત્ર છે ભાઈ! તેમાંથી જેટલો રાગ.. ઓલા કહે છે ને? એય! દીપચંદજી! કયાં ગયા એ? હા. એમ કે શુભ રાગમાં થોડો રાગ ઘટે છે ને? એટલો તો લાભ છે ને? ધૂળમાં પણ લાભ નથી. દીપચંદજી! એ પ્રશ્ન થયો હતો ને? પ્રશ્ન તો થાય એમાં શું? આહાહા! અહીં તો ત્રણલોકના નાથની વાણી તે જ કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાન આમ કહેતા હતા. ભગવાન એમ કહેતા હતા કે અમારા પ્રત્યેના રાગના લવ આમ બહારમાં જાય તો તમારે દોષની પરંપરા છે. આહાહા! એ તો વીતરાગ કહે હોં! સમજાણું કાંઈ?

દુનિયાને ધર્મ પમાડીએ (તો) એમાંથી અમને કાંઈક થોડો ભાગ તો મળે કે નહીં? ધૂળમાં પણ નથી.

પરને બંધ અને પરને મોક્ષ એ તારા અધિકારની વાત છે? તેના પરિણામથી મોક્ષ હોય અને તેના પરિણામથી બંધ થાય તું બીજાનું શું કરી શકે? અમે બહુ જ ધર્મની પ્રભાવના કરીએ અને બીજા લાખો માણસ માને, થોડો દયો અમને લાભ. ભાતુ દયો. વિહાર કરે ને? આહાહા! ધૂળ પણ ભાતુ નથી. ભાતુ સમજો છો ને? બીજા ગામમાં જાય તો થોડું ભાતુ સાથે હોય ને? મેસુબ મેસુબ થોડા સાથે લ્યે તો ભૂખ લાગે તો ખવાય ને? ભાતુ નથી કહેતા? નાસ્તા... કહે છે ને? .. માં છે ને? પદ્મનંદીમાં આવે છે. .... તો સવારના ભાતાને કહે.

એક વાર ભઈ અમે નીકળ્યા. અને એક (માણસ) ભાતુ લઈને જાતો હતો. અમને દેખીને એને એવું મન થઈ ગયું કે કહે, અરે મહારાજ! થોડુંક લ્યો લ્યો. ભઈ અમારે તો ગામમાં જઈને આહાર કરવાનો છે. બિચારા પ્રેમથી.. કહેતો હતો. ભાતામાં દહી ને રોટલી.ખેતરમાં હોં! કયાંક હતો. હેં? દિલ્હીથી મથુરા જતા હતા ત્યારે. મોટર ઊભી રહી અને નીચે ઉતર્યા, ઓલો કહે, આહા! આવા મહારાજ! થોડું આપણું ભાતુ લ્યે તો, ...

અહીં તો કહે છે કે, આહાહા! તીર્થંકર છદ્મસ્થ હોય તેને આહાર આપવાનો ભાવ છે, કહે છે કે રાગ છે. આ ગજબ વાત કરે છે. એ રાગ દોષ પરંપરાનું કારણ છે. કાલ તે (શ્વેતાંબર) કહે કે પરિત સંસારનું કારણ છે. શ્વેતાંબર શાસ્ત્રમાં એમ કહે છે. તેમાં સાત પાઠ છે વિપાક સૂત્રમાં. વિપાકમાં દસ સૂત્ર છે. મિથ્યાદષ્ટિ આપવાવાળો હતો. સાધુ ભાવલિંગી હતા. એને લખાણ હતા. એને હતા કયાં? નવા બનાવ્યા છે. એણે આહાર આપ્યો (અને) પરિત સંસાર કર્યો. મિથ્યાદષ્ટિ હોવા છતાં સંસારનો નાશ કર્યો. અલ્પ સંસાર જ રહ્યો. કીધું એ સિધ્ધાંત જ નહીં. શાસ્ત્ર નહીં. શ્વેતાંબર શાસ્ત્રની આવી વાતું છે. વીરેન્દ્રકુમાર એવી વાત છે. જ્ઞાતા છે. વિપાક સૂત્ર છે ને? જ્ઞાતાના દસ બોલ છે. દસ અધિકાર. મિથ્યાદષ્ટિ હતા, મોટા ગૃહસ્થ હતા, કાઉસગ્ગમાં બેઠા હતા, મુનિ આવ્યા (તો) નીચે ઉતરી ગયા. ઓહો! મુનિ મહારાજ! આહાર આપ્યો. (અને) સંસાર પરિત કર્યો. કીધું એલા મિથ્યાદષ્ટિને આહાર આપે એમાં પરિત સંસાર કયાંથી થાય? આ વીતરાગની વાણી નથી. આ તો અજ્ઞાનીની વાણી છે. અને એ વાણીને સિધ્ધાંત માને, શાસ્ત્ર માને, શાસ્ત્ર માનવાવાળા સાચું માને કે અમારી બરાબર દષ્ટિ છે. એય જેઠાભાઈ! આહાહા!

કહે છે, **ખરેખર (આ લોકમાં),** વાસ્તવમાં એટલે ખરેખર. ખલુ ખલુ શબ્દ છે ને? **खल्वर्हदाहिभक्तिरपि** અને **ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભકિત,** ઓહોહો! આચાર્ય, ઉપાધ્યાય, મુનિ કે યોગી હોય અને સેવા કરે, વૈયાવચ્ચ કરે, તો કહે છે કે વિકલ્પ રાગનો ભાગ છે. ક્રિયા તો જડની છે. આહાહા! સમજાણું કાંઈ? એ **રાગ પરિણતિ વિના હોતી નથી.** એ વિકલ્પનું ઉત્થાન પ્રગટ થયા વિના એ ઉત્પત્તિ થશે નહીં. આહાહા! મનમાં વિકલ્પ ઊઠે છે ત્યારે ભકિત થાય છે એમ કહે છે.

**રાગાદિ પરિણતિ હોતાં,** રાગાદિ-દ્વેષાદિ. **આત્મા બુદ્ધિપ્રસાર વિનાનો (-ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી;** બુદ્ધિનો વિકલ્પનો વિસ્તાર ન કરે અને ચિત્તનું ભ્રમણ ન હોય, મનનું ભટકવું ન હોય, મનની ચંચળતા ન હોય એમ બની શકે નહીં. એ રાગનો લવ આવ્યો તો વિકલ્પનો વિસ્તાર થયો, ચિત્તનું ભ્રમણ થયું. મનનું ભટકવું થયું, મનની ચંચળતા થઈ. આહાહા! આવો માર્ગ છે એ ક્યારેય સાંભળ્યો નથી. સમજાય છે કાંઈ?

બુદ્ધિપ્રસાર વિનાનો (-ચિત્તના ભ્રમણથી રહિત) પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી; પંચપરમેષ્ઠી આદિની ભક્તિનો વિકલ્પ આવે અને બુદ્ધિનો વિસ્તાર ન હોય, વિકલ્પ ન હોય એમ બને નહીં. એમ કહે છે. ચૈતન્ય ભગવાન પોતાથી બહાર નીકળી જાય છે. એમ કહે છે. પરદ્રવ્ય પ્રત્યેનો વિકલ્પ આવ્યો ને? વિસ્તાર થઈ ગયો, ચિત્ત ચંચળ થઈ ગયું, ચિત ચંચળ થઈ ગયું, મુનિને પણ હોં! આહાહા! **અને બુદ્ધિપ્રસાર હોતાં** અને બુદ્ધિનો વિસ્તાર, મનની ચંચળતા થવાથી, **ચિત્તનું ભ્રમણ હોતાં, શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.** જુઓ!

આ શુભભાવમાં શુભ ને અશુભ કર્મ બેયનો નિરોધ નથી હોતો. શુભભાવમાં શુભભાવ કર્મ પણ બંધાય છે અને અશુભ પણ બંધાય છે. આહાહા! શુભભાવથી અશુભકર્મ બંધાય છે. ઘાતિકર્મ બંધાય છે ને? આહાહા! હેં? અશુભ બંધાય છે. ઘાતિ ચાર અશુભ છે. છઠ્ઠે ગુણસ્થાને શુભરાગ છે. તો એ ઘાતિકર્મના બંધનું કારણ છે અને અઘાતિના પુણ્યના બંધનું કારણ છે. આહાહા! માણસ નથી કહેતા? આ તો એકાંત થઈ જાય. એકાંત થઈ જાય. એકાંત જ છે. સમ્યક્ એકાંત જ એવું છે. ત્યારે તેને અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

**શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.** ચારિત્રવંતને પણ છઠ્ઠે ગુણસ્થાને હોય અને રાગનો શુભભાવ આવ્યો. છે તો શુભ પણ બંધન બેયનું છે. ઘાતિ અને અઘાતિ બેય બંધાય છે. ચોથે ગુણસ્થાને બંધાય છે કે નહીં? આયુષ્યનો પણ બંધ થાય છે અને બીજા સાત કર્મનો પણ બંધ થાય છે. આહાહા! પોતાની સ્થિતિનું વર્ણન કરે છે કે અમને જ્યાં સુધી વિકલ્પ છે ને ત્યાં સુધી વિઘ્ન છે હોં! આહાહા! અમારી સ્વપરિણતિ અમારામાં રોકાતી નથી. પરપરિણતિની ચિંતા. **માટે, આ અનર્થસંતતિનું મૂળ રાગરૂપ કલેશનો વિલાસ જ છે**. લ્યો! આહાહા! કહો, વીરજીભાઈ! અરે! આવો માર્ગ છે.

વિકલ્પ આવ્યો તેનો પણ હું કર્તા નથી અને વાણીનો કર્તા પણ હું નથી. અનર્થનું કારણ છે. એ કહે છે. આહાહા! આ ગજબ વાત! હજી વસ્તુની ખબર નથી. કેમ કે રાગ તો આસ્રવ છે અને ભાવબંધ છે. આસ્રવ અને ભાવબંધ આત્માના લાભનું કારણ છે? નુકસાનનું કારણ છે. આહાહા! ભાવબંધ છે તો આસ્રવ ઉત્પન્ન થયા તો આસ્રવ રોકાઈ ગયા તો ભાવબંધ છે. ભાવબંધ આત્માને લાભ કર્તા છે?

ભારે પણ! અત્યારે તો આખું એમાં જ બધાને ચાલ્યું. ઉપદેશકો હા હા, હો હા. પાંચ પચ્ચીસ લાખ ખર્ચે. હો હા બહારની થાય તો આહાહા! ભારે ધર્મ પ્રભાવના ભાઈની. અરે ભગવાન! ધર્મ પ્રભાવના પોતામાં થાય છે કે બહારમાં થાય છે? વંદણા ભગવાનના દસ બાર લાખના! દસ બાર લાખના. સાડા ચારસો પ્રતિમા, ગામ આખામાં. પાલીતાણા .. ગામ ચોખ્ખું એટલું કહે છે કે, આહાહા! કોણ કરે? અહીં તો કહે છે કે ભોજન બોજન કરાવે કોણ? સમજાય છે કાંઈ?

એ સાડા ચારસો પ્રતિમા સ્થાપે કોણ? એ ક્રિયાનો કર્તા કોણ? એ તો જડ છે. આહાહા! ગજબ વાત! અમારે અહીં કરતા નથી? જુઓ! દસ લાખના મોટા પરમાગમ મંદિર નથી થતું? સમજાણું કાંઈ? રોકાય નહીં એ જુદી વાત છે, આવે નહીં પણ છે નુકસાનકારક. એ તો કહે છે. અમારે પ્રવચન ભક્તિ માટે વિકલ્પ અમને આવ્યો છે. એ તો કહેશે. કહેશે પણ છે દોષની પરંપરા કારણ. આમ થયું માટે લાભ થશે, શાસ્ત્ર રચ્યા માટે દુનિયામાં લાભ થશે, મને લાભ થશે. બિલકુલ નહીં. આહાહા! પંડિતજી! આવી વાણી. આહોહો!

શાસ્ત્ર અમે બનાવીએ છીએ, પુસ્તક બનાવીએ છીએ તો કંઈ પણ લાભ તો અમને થઈ જશે કે નહીં? એક તો બનાવીએ છીએ એ માન્યતા જ મિથ્યાત્વનો લાભ છે. આહાહા! હેં? બીજાને તેનાથી કિંચિત પણ લાભ નથી. જયારે થશે ત્યારે તેને પોતાથી લાભ થશે. જગતના પ્રાણીને લાભ તો પોતાથી સ્વસન્મુખ થશે ત્યારે લાભ થશે. વાણી સાંભળવાથી તેને લાભ થશે એમ પણ નથી. આહાહા! ભારે વીતરાગની વાણી! સમજાણું કાંઈ? ઓલી ૭૪ ગાથામાં કહ્યું હતું ને? શુભરાગ પણ આસ્રવ દુઃખના ફળરૂપ છે, રાગાદિ કાળમાં. ઓહોહો! વીતરાગ!

શુભરાગથી પુણ્ય બંધાશે. એ પુણ્ય બંધનમાં શુભરાગ નિમિત્ત છે. પણ પુણ્ય બંધાયું તે આકુળતાનું નિમિત્ત છે. પુણ્ય બંધમાં સંયોગ મળશે. સમવસરણ વાણી, તીર્થંકરની પ્રતિમા, શાસ્ત્રો. સમજાણું કાંઈ? તે પરદ્રવ્ય છે તો પરદ્રવ્યના સંયોગ પર લક્ષ જાશે તો રાગ જ ઉત્પન્ન થશે. શુભરાગ દુઃખના ફળરૂપ છે. ગજબ વાત! અંદર વાત બેસવી જોઈએ હોં! એમ બોલવામાં રહે એવી વાત નથી. આહાહા! વગર રાગની ભક્તિ હોતી નથી એમ કહે છે. ભક્તિમાં રાગના વિસ્તાર વિના ભક્તિ હોતી નથી. માટે, રાગ નુકસાનકારક છે એમ સિધ્ધ કરે છે.

આવે છે. અશુભના વંચનાર્થે, આવ્યું હતું ને પહેલું? એકવાર આવ્યું હતું નહીં? ત્યાં અશુભની વંચના આવે છે. હેં? કેટલામે પાને? એકસો સાંઈઠ. વંચનાર્થે જુઓ! અશુભ પરિણામોના વંચનાર્થે. સંસાર સ્થિતિના છેદન અર્થે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે. ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દષ્ટિ છે. (ગાથા-૧૬૫). આવે છે એ બીજી વાત છે. આહાહા! આવે છે માટે લાભદાયક છે એમ છે નહીં. આહાહા! આ બહારનું આ બધું કરવું અમારો ઉત્સાહ ભંગ

થઈ જાય. બહારનું કરી કોણ શકે? એક પરમાણુ પણ કોણ ફેરવી શકે? સમજાણું કાંઈ? વંચનાર્થ છે ને? પાનું બસો છેતાલીસ(૨૪૬). નીચે છે. તે વંચનાર્થ કહ્યું હતું તે જ રાગને અહીં નુકસાનકારક કહે છે. સમજાણું કાંઈ?

**આ અનર્થ સંતતિનું મૂળ રાગરૂપ કલેશનો વિલાસ જ છે.** આહાહા! રાગરૂપ કલેશનો વિલાસ છે. આનંદના વિલાસને લુંટનારા છે. સમજાણું કાંઈ? એક જણે શુભરાગ ભક્તિ છે માટે ઉડાડી દીધો. એકે રાગમાં સર્વસ્વ સાર મોક્ષધર્મ છે એમ લીધું છે. બેય મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

અનર્થસંતતિનું, સંતતિ એટલે પરંપરા. રાગનો કણ પણ પંચપરમેષ્ઠી પ્રત્યે હોય, મહાવ્રતનો રાગ હોય એ અનર્થની સંતતિ, સંતતિ એટલે પૂત્રનો પૂત્ર, પૂત્રનો પૂત્ર સંતતિ થાય ને? એમ રાગમાંથી રાગ, રાગમાંથી રાગ, રાગમાંથી રાગ જ થશે. સમજાણું કાંઈ? રાગમાંથી વીતરાગતા નહીં થાય એમ સિધ્ધ કરવું છે. અગર કોઈ કારણે વર્તમાન શુભરાગ થયો તો નિમિત્ત મળશે અને પછી વીતરાગદષ્ટિ થશે એમ છે નહીં.

એમ કેટલાક કહે છે કે હજી તો પુણ્ય કરો, શુભરાગ કરો પછી સ્વર્ગમાં જાવ. સ્વર્ગમાં ગયા પછી ભગવાન પાસે જાવ. ત્યાં સમકિત પામશે.

મુમુક્ષુ :- પછી સીમંધર ભગવાન પાસે જશે.

ઉત્તર :- હા, સીમંધર ભગવાન. ભગવાન તો અત્યારે સીમંધર ભગવાન છે ને? ત્યાં જાવ સમકિત પામશો માટે કરો પુણ્ય. ધૂળમાંય ભગવાન પાસે નહીં જાય. સાંભળ તો ખરો! અહીં ના પાડે છે કે ભગવાન રાગ રહિત છે. તેની દષ્ટિ નથી કરતા. રાગથી લાભ માને છે તો ભગવાન પાસે ક્યાંથી જાશે. સમજાણું કાંઈ?

એક વાત. ભાવશુભ બંધન બે. અને અનર્થસંતતિ પ્રવાહ. એક પછી એક રાગનો પ્રવાહ સંતતિ ચાલશે. તેમાં કોઈ દોષની સંતતિથી ગુણની પર્યાય પ્રગટ થાય એવું શુભરાગમાં છે નહીં. પંડિતજી! છે એમાં? આહા! **અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના નથી હોતી.** સમજ્યા ને? અને તે ભાવ **શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી.** ભોકતા નથી. એ સંવર નથી એ તો આસ્રવ છે. તેને કારણે શુભ ને અશુભ બંધાશે. શુભ અશુભ આસ્રવ વખતે, હમણાં એક લેખ આવ્યો હતો. ઓલો શાંતિનો. જુઓ! વિશુદ્ધિથી ચરણમ પ્રાપ્ત થાય છે. શુદ્ધિથી નહીં. લેખ છે. શુદ્ધિ તો કર્મના ક્ષયનું ફળ છે. પણ કર્મનો ક્ષય તો વિશુદ્ધિ છે. સમકિતીને પહેલું સમકિત પામ્યા પહેલાં, અનિવૃત્તિકર્મ છે ને, તેમાં ક્યાં શુધ્ધતા છે?

એ તો શુભભાવ છે. વિશુદ્ધિ છે. વિશુદ્ધિથી નિર્જરા થાય છે. શુદ્ધિથી નિર્જરા નહીં. સમજાણું કાંઈ? મોટો લેખ આવ્યો છે. મોટો લેખ! એમાં તો એવું નાખે છે. લાકડું ઘરી ગયું છે ને? શુદ્ધિ

કર્મક્ષેપણાનું કારણ નથી. પણ કર્મક્ષેપણાનું કારણ વિશુદ્ધિ છે. મોટો લેખ આવ્યો છે. અનિવૃત્તિનો અર્થ ..વિશુદ્ધિથી કર્મની નિર્જરા થાય છે પણ એ તો શુદ્ધનું લક્ષ છે. સમજાણું કાંઇ? એ તો પર્યાયનું કથન છે બાકી શુદ્ધનો આશ્રય શુદ્ધસ્વભાવ સન્મુખ પરિણામ એ કર્મના નાશનું કારણ છે. મિથ્યાત્વના નાશનું. સમજયા? બહુ ખુબ દૃઢ કર્યું. વિશુદ્ધિ કર્મના ક્ષયનું કારણ છે. શુદ્ધિ નહીં.

અહીં તો કહે છે શુદ્ધ ઉપયોગ કર્મના ક્ષયનું કારણ છે. શુભ નહીં. હેં? કારણ નહીં એ ફળ છે. વિશુદ્ધિથી નિર્જરા થાય અને તેના ફળમાં શુદ્ધિ થાય. ના ના પહેલાં સમકિત દર્શનની શુદ્ધિ થાય. પર્યાય ઉપર લક્ષ છે ને? ત્યાંથી દ્રવ્ય ઉપર લક્ષ કર્યું માટે આ પરિણામ આવા થયા એમ નથી એને. એને તો આ વિશુદ્ધ પરિણામ થયા. વીરસેનસ્વામી એમ કહે છે. વિશુદ્ધ પરિણામ થયા તેનાથી નિર્જરા થશે. મોટો લેખ છે. માહાત્મ્ય ઘણું છે. દર્શન. જૈનદર્શન. અજૈન દર્શન. દિગંબર. જૈનદર્શન એ વીતરાગ દર્શન છે ભાઇ! આહા! અહીંનો વિરોધ કરે છે. આધ્યાત્મિઓ એકલી શુદ્ધિથી નિર્જરા કહે છે, એમ નહીં. એય! શુદ્ધિ તો કર્મ ક્ષયનું ફળ છે. પણ કર્મ ક્ષય તો વિશુદ્ધિ ભાવથી થાય છે. એમ કહે છે. આરે! એય! વાંચેલું છે હો બહુ. પહેલી અનુકૂળતા હતી ત્યાં મલાડમાં.

અહીં તો કહે છે રાગનો કણ મુનિને. આહાહા! એનું કહેવું છે કે શુભભાવથી નિર્જરા થાય છે. અને નિર્જરા થઇ માટે શુદ્ધિ થઇ. એ તો પછી એનું ફળ એમ કહે છે. સમજાય છે? સમકિતની પર્યાય તો શુદ્ધ છે. પહેલાં હજી શુદ્ધતા થઇ છે કયાં? શુભભાવથી અનિવૃત્તિકરણ આદિમાં શુભભાવથી વિશુદ્ધભાવ. શુભ એટલે વિશુદ્ધ. કર્મ નિર્જરતા નિર્જરતા શુદ્ધિ થઇ જાશે. આરે! કયાં ગયો છે ને કયાંનું કયાં લગાવી દીધું.

અહીં તો કહે છે કે એકલા ચૈતન્યના સ્વઆશ્રય વિના નિર્જરા કયારેય ત્રણકાળમાં થતી નથી. સંવરપૂર્વક એમ વાત છે ને! સમજાણું કાંઇ? અહીં તો મુનિ ચારિત્રવંત છે, ભાવલિંગી છે, બહારમાં નગ્ન દ્રવ્યલિંગ છે, અઠયાવીસ મૂળગૂણના વિકલ્પ તેની ભૂમિકામાં છે. તે વિકલ્પ પણ **અનર્થસંતતિનું મૂળ રાગરૂપ કલેશનો વિલાસ જ છે.** એ રાગનો વિલાસ છે આનંદનો વિલાસ નહીં. આહાહા! સમજાણું કાંઇ? પક્ષ થઇ જાય છે જીવને. અભિપ્રાયમાં બંધાઇ ગયું. વીરસેન સ્વામી આમ કહે છે. મહાસર્વજ્ઞ સમાન તીર્થંકર. એ પણ વિશુદ્ધિથી કર્મની ક્ષપણા કહે છે. શુદ્ધિથી નહીં. કર્મક્ષેપણાથી તો અરૂપશુદ્ધિ થાય છે એ બીજી વાત છે. પ્રાપ્ત તો શુદ્ધિ પ્રાપ્ત હો. પણ શુદ્ધિથી કર્મક્ષેપણા છે એ પહેલાં કયાં આવ્યું? એમ કહે છે. અરે! સાંભળને? આવા ને આવા માણા (માણસ) નીકળે. માણસને બિચારાને. સોલાપૂર ગયા હતા ત્યાં પણ લોકોએ સાંભળી ત્યાં ઓલા સાધુ છે તેની પાસે વાંચે છે. ત્યાં છે ને મુંબઈમાં નિમિત્તસાગરજી તેની પાસે વાંચે છે. વખાણ કરે છે. આહાહા! શુભભાવમાં પણ આમ વિશુદ્ધિથી, શુદ્ધિ થાય છે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૮, ગાથા :- ૧૬૮ થી ૧૭૦
## વૈશાખ વદ-૮, ગુરુવાર, તા :- ૨૮-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ગાથા ૧૬૮ નો ભાવાર્થ છે. છેલ્લેની ગાથા છે. પંચપરમેષ્ઠીની ભક્તિનો અંશ રાગ મંદ છે ને? એ પણ કલેશી છે એમ સિધ્ધ કરવું છે. જેમ તીવ્ર કષાય કલેશ છે એમ મંદ રાગ પણ કલેશ છે. **અર્હંતાદિની ભક્તિ પણ** પંચપરમેષ્ઠીની ભક્તિ પણ **રાગ વિના નથી હોતી.** એમ તું ભગવાનની ભક્તિ કર (અને કહે કે) અમારે રાગ નથી. રાગના સ્થાન કયાં છે? એ તો અમારે પંચાણુમાં જુનાગઢથી નેમિચંદજી આવેલા તે કહે અમે તો ભગવાનની ભક્તિ કરીએ છીએ. અમારે રાગ કયાં છે?

અહીં તો કહે છે કે રાગ વગર ભક્તિ થઈ શકતી નથી. પંચપરમેષ્ઠી તરફનો ભાવ જે છે. કષાય મંદ છે પણ છે તો રાગ, કલેશ. પરદ્રવ્ય તરફનો ઝૂકાવ છે ને? ગાથામાં કહે છે. જુઓ! તેની શ્રધ્ધામાં તો એવું હોવું જોઈએ ચાહે તો તીવ્ર રાગ હોય કે મંદ કષાય હોય બેય કલેશરૂપ છે. સમજાણું કાંઈ? **રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે**. પોતાના સ્વરૂપમાં રહી શકતા નથી. ભક્તિમાં ચિત્તમાં ચંચળતા હોય છે. આહાહા! સ્વદ્રવ્ય તરફ રહી શકાતું નથી. ચિત્તમાં પરદ્રવ્ય તરફની ભક્તિનો વિકલ્પ ચંચળતા છે. કલેશનો વિલાસ છે. એમ કહેતા હતા ને પરંપરા. અનર્થ સંતતિની પરંપરા કલેશનો વિલાસ છે. ઓહો! સમજાણું કાંઈ?

ઉપદેશકને પણ જો વિકલ્પ આવે છે તો રાગ કલેશનું સ્થાન છે. એમ કહે છે. આહાહા! એય! પ્રભાવના કોની કરવી? પોતાના સ્વભાવને ભૂલીને, ચૂકીને રાગમાં એકાકાર થઈને ઉપદેશ કરે એ તો મિથ્યાત્વનું સેવન છે. ચાહે તો સત્ય ઉપદેશ કરતા હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુભરાગ

ઉત્તર :- શુભરાગ છે, વિકલ્પ છે. માર્ગ એવો છે ભાઈ! વીતરાગસ્વભાવ આત્મા સ્વનો આશ્રય કર્યા વિના, જેવાનો પરદ્રવ્ય ત્રિલોકનાથ તીર્થંકર જેવાનો પણ આશ્રય, (તે કહે છે) અમે તારી અપેક્ષાએ તો પરદ્રવ્ય છીએ. ઓહોહો! એમ કહે છે. પરદ્રવ્યનો આશ્રય, લક્ષ કરવા જાય છે તો રાગની મંદતા છે, કલેશ છે. આહાહા! એ તો એકાંત છે હોં. સમજાણું કાંઈ? વસ્તુ સ્થિતિ એવી છે. આહાહા!

કહે છે કે **રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે.** ચિત્ત સ્થિર નથી રહેતું ચંચળ થઈ જાય છે. આવું ને આવું ને આવું. ભગવાન એવું નથી કહેતા. આહાહા! **ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે.** ચાહે તો ચારિત્રવંત મુનિ હોય. આહાહા! અંતરમાં આનંદનો અનુભવ હોય. તોપણ એટલો વિકલ્પ છે તે કર્મબંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ તો શાંત માર્ગ છે. અંતરમાં ઠરવાનો માર્ગ છે. **માટે અનર્થોની**

**પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.** આહાહા! ભક્તિ રાગ રહિત હોતી નથી. રાગથી ભ્રમણ થાય છે અને ભ્રમણથી કર્મબંધ થાય છે, એમ. એટલા માટે અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે. સમજાણું કાંઈ? નીચેનો ખુલાસો શેમાં છે એ. એકડો. (૧) શેમાંથી ઓલો એકડો છે એ ને? એમાં એકડો આવે છે એ ને? છેલ્લો એકડો છે ને?

**આ ગાથાની શ્રી જયસેનઆચાર્યદેવવિરચિત ટીકામાં નીચે પ્રમાણે વિવરણ કરવામાં આવ્યું છે.** જુઓ! આહાહા! **માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્મા,** આહાહા! ભગવાનઆત્મા માત્ર નિત્યાનંદ પ્રભુ પોતાનો સ્વભાવ. જેનો સ્વભાવ છે જેનો. એવા નિજઆત્માને જે જીવ નથી ભાવતો. આહાહા! આનંદ તરફનો જેનો ઝૂકાવ નથી. **તે જીવને માયા (કપટ)-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્તવિભાવરૂપ બુધ્ધિપ્રસાર રોકી શકાતો નથી.** અહીં તો ત્રણે લીધા છે. આહાહા! મિથ્યાત્વ લેવું છે ને?

પોતાનો આનંદસ્વભાવ જે ધ્રુવસ્વભાવ તેનો સ્વભાવ ભગવાન નિજ આત્માનો છે. તે તરફનો ઝૂકાવ નથી, અંશે ઝૂકાવ નથી, એકલા વિકલ્પમાં ઝૂકાવ છે. સમજાણું કાંઈ? ચાહે તો ભક્તિનો વિકલ્પ હોય. ચાહે તો ઉપદેશકનો હોય. ધર્મપ્રભાવના કરવામાં વિકલ્પ આવ્યો કે આવું હોય. બધા વિકલ્પ (છે.) આહા! પરંપરા નહીં. અહીં તો વિશેષ કહે છે. જ્યાં આનંદસ્વભાવ ઉપર ઝૂકાવ નથી ત્યાં તેનો વિકલ્પમાં એકલો ઝૂકાવ છે. એ તો મિથ્યાદર્શન શલ્ય છે.

મુમુક્ષુ :- ભક્તિ પણ છોડાવી.

ઉત્તર :- હેં? ભક્તિ છોડાવી નથી, રાગ છોડાવ્યો. આહાહા!

**માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે જીવ ભાવતો નથી,** જુઓ! ભાષા! અંદરમાં જ્ઞાનાનંદ આનંદસ્વરૂપ ભગવાન એવી અંતરમાં દૃષ્ટિ નથી અને અંતરઆશ્રયનો અંશ પણ નથી. એ જીવને તો રાગ માયા-કપટ છે. રાગ થાય છે અને રાગમાં એકાગ્ર છે અને કહે છે કે અમને આનંદ તરફમાં લાભ થશે. તેને ઠગાઈ કહે છે. આહાહા! ગજબ વાત કરે છે ને? ઉપદેશક પણ ઠગાઈ છે. એમ કહે છે. એય! આહાહા! બીજો તો કહે કે આત્માનો ઝૂકાવ હોવો જોઈએ. પોતામાં તો ઝૂકાવનો તો અંશ પણ નહીં. ફક્ત પર તરફના ઝૂકાવનું જોર. એમ કહે છે. વજુભાઈ! આહાહા! માર્ગ તે માર્ગ છે. પોતાનો સ્વભાવ આનંદ નિત્યાનંદ પ્રભુ તેનો તો સ્વનો આશ્રય અંશે પણ નથી અને એકલા રાગના ઝૂકાવમાં જાય છે તો કપટી છે એમ અહીં તો કહે છે. શોભાલાલજી!

ધર્મ કરું છું અને ધર્મ સમજાવું છું. ભગવાનનો ધર્મ સમજાવું છું એમ કહે છે પણ કહે છે કે રાગમાં જ એકત્વબુધ્ધિ પડી છે. રાગથી તો જરીયે ભિન્ન છે નહીં. આહાહા! ગજબ વાત છે ને? માયા હોય, કપટ હોય. અરે! તે સમયે માયાનું સેવન કરે છે. સમજાણું કાંઈ? એ સુજાનમલજી! શું કહે છે આહાહા!

મિથ્યાદર્શન શલ્ય સેવે છે એમ કહે છે. આહાહા! ભગવાન નિત્યાનંદ પ્રભુ તે તરફનો ઝૂકાવ સ્વઆશ્રયમાં બિલકુલ નથી. અને રાગના ભાવમાં બિલકુલ તત્પરતા એ ધર્મી નામ ધરાવે છે અને માયા કરે છે. એમ કહે છે. આહાહા! મિથ્યાશ્રધ્ધા સેવે છે. અને નિદાન શલ્ય તેમાં કાંઈક લાભ થશે એમ માને છે ને? રાગમાં કાંઈક મને લાભ તો થશે ને? નિદાનશલ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

'નહીં દે તું ઉપદેશકું, પ્રથમ લહે ઉપદેશ. સબસે ન્યારા અગમ હૈ વો જ્ઞાની કા દેશ' શ્રીમદ્ એમ કહે છે. જુઓ! સમજાણું કાંઈ? લોકો તો બહારના ભભકામાં અંજાઈમાન (થઈ) જાય છે. સમજાણું કાંઈ? કહે છે કે જે કોઈ નિત્યાનંદ પ્રભુ તેનો જરીયે આશ્રય છે નહીં. જરીયે આનંદનું વેદન નથી. અને રાગના ઝૂકાવમાં એકાકાર થઈ ગયા તો કપટી પણ છે, મિથ્યાત્વી પણ છે. અને નિદાનશલ્ય પણ છે. આહાહા! આ શલ્ય છે ને તેમાં. હેતુ તો ત્યાં રાગનો અનુભવ છે. ભોગ નિમિત્તં કહ્યું ને? માર્ગ આવો છે. સમજાણું કાંઈ?

એ **નિદાનશલ્યત્રયાદિકત્રણ તો છે.** વિગેરે વિગેરે અંદરમાં વાસના અનેક પ્રકારની છે. **સમસ્તવિભાવરૂપ બુધ્ધિપ્રસાર રોકી શકાતો નથી.** ઓહો! નિત્યાનંદ ભગવાનઆત્મા તે તરફનો ઝૂકાવ નથી. તો પર તરફનો બુધ્ધિનો પ્રસાર માયા-મિથ્યા-નિદાનશલ્ય આદિમાં રોકી શકાતો નથી. એ ઉત્પન્ન જ થશે. એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, દેવજીભાઈ! જુઓ આ માર્ગ! આહા! અને તે નહિ રોકાવાથી બુધ્ધિનો પ્રસાર વિભાવમાં ગયો છે. અને સ્વભાવ નિત્યાનંદમાં તો બિલકુલ અંતરદષ્ટિ રુચિ થઈ નથી. તો **બુધ્ધિપ્રસાર રોકી શકાતો નથી. અને તે નહી રોકાવાથી (અર્થાત્ બુધ્ધિના પ્રસારનો નિરોધ ન થવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી.** તેને શુભાશુભ કર્મનો સંવર થતો નથી. નથી થતો પણ શુભાશુભ કર્મ બંધાય છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓ માર્ગ! આહાહા!

આચાર્ય પોતે ઉપદેશમાં લખે છે તોપણ ઉપદેશના વિકલ્પમાં આવ્યા. એ તો વિકલ્પથી રહિત નિત્યાનંદ છે. સમજાણું કાંઈ? એ વિકલ્પનો પ્રસાર અસ્થિરતાનો છે. મિથ્યાશ્રધ્ધા અને માયાનો નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? **તેથી એમ ઠર્યું કે સમસ્તપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.** ઓહોહો! એથી એમ સાબિત થયું, સમસ્ત અનર્થપરંપરા. પરંપરા આવ્યું. ઓલામાં પરંપરા શુભરાગને મોક્ષનું કારણ કહ્યું હતું. આ રાગને અમૃતનું પરંપરા કારણ કહ્યું. અમારે પંડિતજી ખુલાસો એમાં કરશે. ઓલી બાજુમાં. (એકસો)સીતેરમાં આવશે ને? બહુ જ સ્પષ્ટ કર્યું છે. પંડિતજી બોલે છે થોડું. તેમાં બહુ જ સ્પષ્ટ કરી દીધું છે. એય! ગાથા ૧૬૮ પૂરી થઈ. **૧૬૯ ગાથા.**

**'તમ્હા'** આ શબ્દ પહેલાં પડયો છે. રાગનો મંદભાવ પણ સ્વભાવની એકતા નથી જયાં ત્યાં એકલી અનર્થપરંપરાનું કારણ છે. અને સ્વભાવનું ભાન છે ત્યાં પણ રાગ છે તે પણ અનર્થપરંપરાનું

કારણ છે. એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :- બન્નેમાં ફર્ક તો છે ને?

ઉત્તર :- ફર્ક કહે છે ને? અસ્થિરતાનો છે. પણ રાગ છે તે તો અનર્થપરંપરાનું કારણ છે. અને રાગની એકતાબુદ્ધિ છે તે પણ અનર્થપરંપરાનું કારણ છે. ઓલું તીવ્ર છે અને આ મંદ છે એટલો ફેર છે. સમ્યક્જ્ઞાનીને થોડો રાગ છે. રાગ બસ રાગ અનર્થનું કારણ છે. જે રાગની એકતાબુદ્ધિ છે તે તો મહાઅનર્થનું કારણ છે. એ તો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સોનાની બેડી છે.

ઉત્તર :- સોનાની નહીં ઝેરની છે. અહીં તો એ કહે છે. અમૃત ભગવાનઆત્મા નિત્યાનંદ કહ્યું ને? એ તો રાગ ઉત્પન્ન થયો તો દુઃખ થયું. આહાહા! જગતને સાંભળવું કઠણ પડે.

'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવ રોગના પણ કાયરને પ્રતિકૂળ.' ભગવાનઆત્મા અકષાય આનંદસ્વરૂપ તેનો આશ્રય છોડીને થોડો પણ મંદ વિકલ્પ હોય છે કે એકત્વબુદ્ધિનો બધા નુકસાનકારક છે.

---

## ગાથા-૧૬૯

**तम्हा णिव्वुदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो ।**
**सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि ।। १६९ ।।**

**तस्मान्निवृत्तिकामो निस्सङ्गो निर्ममश्च भूत्वा पुन: ।**
**सिद्धेषु करोति भक्तिं निर्वाणं तेन प्राप्नोति ।। १६९ ।।**

**रागकलिनि:शेषीकरणस्य करणीयत्वाख्यानमेतत् ।**

**यतो रागद्यनुवृत्तौ चित्तोद्भ्रान्ति:, चित्तोद्भ्रान्तौ कर्मबन्ध इत्युक्तम्, तत: खलु मोक्षार्थिना कर्मबन्धमूलचित्तोद्भ्रान्तिमूलभूता रागाद्यनुवृत्तिरेकान्तेन नि:शेषीकरणीया । नि:शेषितायां तस्यां प्रसिद्धनैस्सङ्ग्यनैर्मम्य: शुद्धात्मद्रव्यविश्रान्तिरूपां पारमार्थिकीं सिद्धभक्तिमनुबिभ्राण: प्रसिद्धस्वसमयप्रवृत्तिर्भवति । तैन कारणेन स एव नि:शेषितकर्मबन्ध: सिद्धिमवाप्नोतीति ।। १६९ ।।**

---

**તે કારણે મોક્ષેચ્છુ જીવ અસંગ ને નિર્મમ બની**
**સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. ૧૬૯.**

**અન્વયાર્થ :- (तस्मात्) માટે (निवृत्तिकाम:) મોક્ષાર્થી જીવ (निस्सङ्ग) નિઃસંગ (च)**

અને (निर्मम:)નિર્મમ (भूत्वा पुन:) થઈને (सिद्धेषु भक्तिं) સિદ્ધોની ભક્તિ (-શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) (करोति) કરે છે, (तेन) જેથી તે (निर्वाणं प्राप्नोति) નિર્વાણને પામે છે.

ટીકા :- આ, રાગરૂપ કલેશનો *નિઃશેષ નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે. રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે અને ચિત્તનું ભ્રમણ હોતાં કર્મબંધ થાય છે એમ (પૂર્વે) કહેવામાં આવ્યું, તેથી મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ તેના મૂળભૂત રાગાદિપરિણતિનો એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે. તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં, જેને *નિઃસંગતા અને*નિર્મમતા પ્રસિદ્ધ થઈ છે એવો તે જીવ શુદ્ધાત્મ-દ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ ધરતો થકો *સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો હોય છે. તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિદ્ધિને પામે છે. ૧૬૯.

## ગાથા-૧૬૯ ઉપર પ્રવચન

तम्हा णिव्वुदिकामो णिस्संगो णिम्ममो य हविय पुणो ।
सिद्धेसु कुणदि भत्तिं णिव्वाणं तेण पप्पोदि ।। १६९ ।।

'તમ્હા' આ કારણે,

તેની **ટીકા :- આ રાગરૂપ કલેશનો,** આ રાગરૂપ કલેશ છે. દુઃખ છે, આકૂળતા છે. **નિઃશેષ નાશ કરવાયોગ્ય** મૂળમાંથી **નાશ કરવાયોગ્ય હોવાનું નિરૂપણ છે.** સંપૂર્ણ કિંચિત્ શેષ ન રહે. આહાહા! સમજાણું કાંઈ? રાગની એકતા તો ન રહે પણ રાગની અસ્થિરતા ન રહે. સમજાણું કાંઈ? ઓહો! અસ્થિરતા પણ ન રહે. સ્થિરતા તો ન રહે તો તો મહા અનર્થ કારણ છે. આહાહા! અસ્થિરતાનો જે મંદ અંશ છે. છે તો કલેશ, છે તો દુઃખ. પણ તેનાથી લાભ માને એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા!

*નિઃશેષ = સંપૂર્ણ; જરાય બાકી ન રહે એવો.

*નિઃસંગ આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ તે નિઃસંગતા છે.

*રાગાદિ-ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વથી વિપરીત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે.

*સ્વસમયપ્રવૃત્તિની પ્રસિદ્ધિવાળો = જેને સ્વસમયમાં પ્રવૃત્તિ પ્રસિદ્ધિ થઈ છે એવો (જે જીવ રાગાદિપરિણતિનો સંપૂર્ણ નાશ કરી નિઃસંગ અને નિર્મમ થયો છે તે જ જીવ કર્મબંધનો ક્ષય કરી મોક્ષને પામે છે, અન્ય નહીં.)

જગતને..

ટીકા :- આ રગરૂપ કલેશ. ઓહો! કુંદકુંદઆચાર્ય! **નિશેષ નાશ કરવા યોગ્ય**. મૂળમાંથી નાશ કરવા યોગ્ય... સમજાણું કાંઇ? ઉખાળવું કળશમાં આવે છે ને? એ તો ઓલામાં આવશે નહીં? સમયસારમાં. પરદ્રવ્યનો સંબંધ મૂળમાંથી ઉખેડીને. એ વીતરાગના માર્ગ જુદા છે. આહા! સમજાણું કાંઇ? વીતરાગનો માર્ગ કહો કે પોતાના સ્વભાવનો માર્ગ કહો. આહા! નીચે એકડો છે. સંપૂર્ણ, જરાય બાકી ન રહે એવો.

**રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે**. શું કહે છે? રાગ કે દ્વેષનો અંશ છે એમ નથી. એમ નથી. એમ નથી. એવો વિકલ્પ પણ દ્વેષનો અંશ છે. તે પણ રાગની પરિણતિ છે કષાયની. સમજાણું કાંઇ? રાગાદિપરિણતિ થતાં, રાગ અને દ્વેષ અંશ ભલે પ્રશસ્ત દ્વેષ હોય. સત્યમાર્ગ સ્થાપવા માટે અસત્યમાર્ગને ઉથાપે છે કે એમ નથી. પણ છે તો વિકલ્પ તે દ્વેષનો અંશ છે. આહાહા! સમજાણું કાંઇ? તેમાં જોર આવી જાય, કે ધર્મની પ્રભાવના કરે છે તો મિથ્યાત્વ થઇ ગયું. અને ભાન સહિત નિષેધ કરે છે તોપણ પ્રશસ્ત દ્વેષનો અંશ છે.

વ્રતને સ્થાપન કરે છે તો પ્રશસ્ત રાગ છે અને ઉથાપન કરે તો દ્વેષનો અંશ છે. આહાહા! પંડિતજી! આહાહા! અરે ભગવાન! તારો માર્ગ તો કોઇ અલૌકિક છે ભાઇ! **રાગાદિપરિણતિ હોતાં ચિત્તનું ભ્રમણ થાય છે.** તે ચિત્ત ભ્રમણ કરે છે. સ્થિર નથી રહી શકતા. સમજાણું કાંઇ? **અને ચિત્તનું ભ્રમણ થતાં કર્મબંધ થાય છે. એમ (પૂર્વે) કહેવામાં આવ્યું.** તેથી **'તમ્હા'** એમ આવ્યું હતું ને? તેથી એટલે હવે ટીકામાં તેનો અર્થ આવ્યો.

**તેથી મોક્ષાર્થીએ,** ઓહો! જેને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી છે, પૂર્ણઆનંદની પ્રાપ્તિ, લબ્ધિ અનુભવ કરવો છે. **એવા મોક્ષાર્થીએ કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ,** આહાહા! કર્મબંધનું મૂળ એવું જે ચિત્તનું ભ્રમણ. તેના મૂળભૂત રાગાદિ પરિણતિનું. ચિત્તના ભ્રમણનું મૂળ કોણ? તો કહે કે રાગ-દ્વેષની અવસ્થા એ ચિત્તની અસ્થિરતાનું કારણ છે. **એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે.** લ્યો! એકાંત આવ્યું. **એકાંતે નિઃશેષ નાશ કરવાયોગ્ય છે.** સમજાણું કાંઇ? નાશ કરી ન શકે એ બીજી વાત છે. માન્યતામાં તો એવો અંશ રાગ પણ નાશ કરવાયોગ્ય છે એવી તેની પ્રતીતિ દૃષ્ટિ હોવી જોઇએ. **તેનો નિઃશેષ નાશ કરવામાં આવતાં,** ઓલામાં બંધ કથિત કીધું હતું ને? કે જેનું ભ્રમણ થવાથી કર્મબંધ થાય છે.

હવે નિઃશેષ નાશ કરવાથી શું થાય છે? નાશ શું? વિધિથી **જેને નિઃસંગતા અને નિર્મમતા પ્રસિદ્ધ થઇ છે.** એમ. આહાહા! સમજાણું કાંઇ? પરનો સંગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વલણ દશા, કહે છે કે પરસંગ થયો. નિઃશેષ રાગનો નાશ કરવાથી નિસંગતા ઉત્પન્ન થાય છે. સ્વભાવ જેવો રાગના

સંગ રહિત છે, નિમિત્તના સંગ રહિત છે તો નિઃશેષ નાશ કરવાથી રાગ રહિત નિઃસંગદશા ઉત્પન્ન. **નિસંગ આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ.** જુઓ! બહારનો સંયોગ નિમિત્ત અભ્યંતર રાગાદિ. તેનાથી રહિત પરિણતિ તે નિઃસંગતા છે. સમજાણું કાંઈ? ત્યારે કોઈ કહે કે ભગવાન આત્મા તીર્થંકર ગોત્ર બાંધે તો તે પરિણામથી તો લાભ છે કે નહીં? તેમાં શું સમાવવું? એય! બે ભવ વધી ગયા. આહાહા! ઓલા રાજી રાજી થઈ જાય. શુભભાવ પુણ્ય બંધાય, સ્વર્ગમાં જાશે, પછી મનુષ્ય થશે, બહુ જ અંતર વધી ગયું મોક્ષની પર્યાય બહુ દૂર થઈ ગઈ. સમજાણું કાંઈ?

મહિમા શું મહિમા? મહિમા તો સ્વભાવની મહિમા છે. સમજાણું કાંઈ? નિત્યાનંદ ભગવાનની મહિમા છે. તીર્થંકરની પ્રકૃત્તિ તેનું સમવસરણ તેની મહિમા તો વ્યવહાર વિકલ્પનો સંગ કરે છે તો મહિમા દેખાય છે. સમજાણું કાંઈ? આહાહા! તીર્થંકરમાં અને સામાન્ય કેવળજ્ઞાનીના આનંદમાં ફેર છે? પ્રકૃત્તિ નથી. સમજાણું કાંઈ? સમવસરણ નથી તો શું આત્માનો આશ્રય લઈને આનંદ લઈને આનંદ પ્રગટ કર્યો તેમાં ફેર છે? .. પણ કામ શું છે?

ભાઈ સોગાનીજીએ દૃષ્ટાંત નથી દીધું ઓલું? બાગમાં ફુલ છે તેની સુગંધ કોઈ ન સુંઘે તેથી સુગંધની કિંમત ચાલી જાય છે? સમજાણું કાંઈ? બાગમાં સુગંધી ફુલ છે તેને કોઈ આવીને સુંઘે નહીં તો શું તેની સુગંધ ચાલી જાય છે? અને સુંઘે તો તેની સુગંધની વિશેષતા થઈ જાય છે? હેં? એમ જ છે.

મુમુક્ષુ :- મુકકેવળી.

ઉત્તર :- મુકકેવળી હોય છે તેને વાણી બિલકુલ નથી હોતી. તેથી શું અધુરાપણું છે? વાણી નથી અને ઉપદેશ દેતા નથી માટે હીણા છે એમ છે? વાણી આપે છે માટે અધિક છે એમ છે? કોને કામના? કોઈ કામના નથી. કામના કોણ છે? પોતાનો શુધ્ધ આનંદસ્વરૂપ તેમાં ઝૂકે છે ત્યારે વાણી નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. જગતને... અહીં તો સ્વઆશ્રય સિવાય જેટલો પરઆશ્રય પર ગયો તો દુઃખ દુઃખ ને દુઃખ તો તેમાં મેળ કરવો પડે ને તીર્થંકર ગોત્રમાં પણ. એય! અહીંયા તે રાગ પણ અસ્થિરતાનું કારણ છે તો નુકસાનકારક છે કે નહીં? આહાહા!

લાભદાયક કહ્યો એ બધો ઉપચારથી. રાગ આવ્યો તો પ્રકૃત્તિનો બંધ થઈ ગયો. આ ભવમાં તો કેવળજ્ઞાન નહીં લઈ શકે. આહાહા! અને બીજા ભવે તો દેવ થશે. અને ત્રીજા ભવે કેવળજ્ઞાન લેશે તો કેટલા ભવ થઈ ગયા? આહાહા! હેં? બીજા તો એ ને એ ભવમાં કેવળજ્ઞાન લઈને મોક્ષ ચાલ્યા જાય એ બીજી વાત. એની વાત અહીં છે નહીં. એ તો કોઈ છે પણ તોપણ તેને એટલો ટાઈમ લાગે છે ને? શુભભાવ આવ્યો, પ્રકૃત્તિ ઉદય આવે, કેવળજ્ઞાન થાય તો તો વાર લાગે કે નહીં? રાગને તોડે ત્યારે વીતરાગતા થશે. એ શુભરાગથી તીર્થંકરનો બંધ પડી ગયો તેનાથી કોઈ આત્માને લાભ છે નહીં. ભલે

એ ભવમાં છે ને ત્રણ કલ્યાણક? પણ તેથી શું થયું? સમજાણું કાંઈ?

એને પણ એ પ્રકૃત્તિનો પાક આવે તે પહેલાં જો રાગથી રહિત થાય ત્યારે તેનો પાક આવે, ત્યારે તેનો મોક્ષ થાય છે. આહાહા! પ્રકૃત્તિના પાકે શું લાભ કર્યો? જયાં સુધી રાગનો કાળ રહે છે ત્યાં સુધી કેવળજ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? **નિસંગતા અને નિર્મમતા પ્રસિધ્ધ થઈ છે.** આહાહા! રાગના સંબંધથી અંદરની પરંપરાનો ભાવ થાય છે. અને રાગનો નાશ કરવાથી નિસંગતા અને નિર્મમતા પ્રગટ થાય છે. એ જ કાળમાં. આ જુઓ એમ કહે છે. સમજાણું કાંઈ? તે આસ્રવતત્ત્વ છે ને? આસ્રવનો નાશ કરે છે તો નિસંગતા ઉત્પન્ન થાય છે. આસ્રવથી તો બંધ અને બંધથી તો સંયોગ એ મોટી લપ થઈ ગઈ. આહાહા! નિસંગતા અને નિર્મમતા.

**નિઃસંગતા=નિઃસંગ આત્મતત્ત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ તે નિઃસંગતા છે.** ઓલી રાગાદિ પરિણતિ હતી તો આ અરાગી પરિણતિ થઈ ગઈ. રાગનો નાશ કરવાથી અરાગી પરિણતિ અને નિર્મમ. **રાગાદિ-ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે,** રાગાદિ-ઉપાધિ. રાગ મંદ પણ ઉપાધિ છે. આહાહા! જૈનદર્શન વીતરાગદર્શન. સમજાણું કાંઈ? **નિર્મમતા=રાગાદિ-ઉપાધિરહિત ચૈતન્યપ્રકાશ જેનું લક્ષણ છે,** જેનું. કોનું? **આત્મતત્ત્વથી વિપરીત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે. એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે.** આહાહા!

વિકલ્પ રહ્યો નહીં ત્યાં નિર્મમત્વ દશા ઉત્પન્ન થઈ. **એવો આ જીવ શુધ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિધ્ધભક્તિ** આવે. સિધ્ધભક્તિ શબ્દ પડયો છે ને? એ સિધ્ધભક્તિ એટલે શું? પર સિધ્ધ છે? આહાહા! **શુધ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ પારમાર્થિક સિધ્ધભક્તિ ધરતો થકો,** જુઓ! સમજાણું કાંઈ? પંચાસ્તિકાય છે ને? ૧૬૯ ગાથા જયસેનઆચાર્યની ટીકામાં. અહીં સિધ્ધેસુ શબ્દ પડયો છે ને સિધ્ધેસુ તેનો અર્થ કર્યો. સિધ્ધેસુ ભક્તિ. તો સિધ્ધેસુનો અર્થ **सिद्धगुणसदृशानंतज्ञानात्मगुणेषु कुणदु करोतु** એવો અર્થ કર્યો છે. સિધ્ધ સદશ જે પોતાનો ભગવાનઆત્મા. બીજું કયાંથી થાય? આવે કયાંથી? **सिद्धेसुकुणदिभक्ति सिद्धगुणसदृश अनंतज्ञानात्मगुणेषु अनंत ज्ञानात्म अंतरगुणेषु** ભક્તિ એટલે એકાગ્રતા. **पारमार्थिक स्वसंवित्तिरुपां सिद्ध भक्ति** કરે છે. શુધ્ધાત્મઉપયોગરૂપ નિર્વાણને પ્રાપ્ત થાય છે. મારે તો એટલો શબ્દ લેવો છે. સિધ્ધની વ્યાખ્યા. **सिद्धगुणसदृशानंतज्ञानात्मगुणेषु कुणदु करोतु** એ ભગવાનઆત્મા એ સિધ્ધ. પર સિધ્ધ ઉપર તો પહેલાં જ નિષેધ કર્યો છે. પર સિધ્ધ ઉપર લક્ષ જાય છે તો વિકલ્પ ઊઠે છે. રાગ છે. નિઃસંગતા, નિર્મમતા થતી નથી. એ સિધ્ધ, ભગવાન આત્મા જ સિધ્ધ છે. સમજાણું કાંઈ?

**अनंत ज्ञानादि गुणेषु** સિધ્ધસ્વભાવ પોતાનો ભગવાનઆત્મા તેમાં જો એકાગ્ર થાય છે તો

નિર્વાણને પ્રાપ્ત થાય છે. સિધ્ધભક્તિ આ. સાધુ નથી કરતા? આહાર વહોરવા જાય તો સિધ્ધભક્તિ અને ફલાણી ભક્તિ ને કરે છે. હેં? એ તો પર સિધ્ધભક્તિ છે. હેં? ભક્તિ કરે ને? વહોરવા જાય તો આમ કરે ને આમ કરે પછી એમ કે આહાર લ્યે ને. ત્યાં સુધી કાંઇ છે નહીં. સિધ્ધભક્તિ કરે ત્યાં સુધી અંતરાય પડે તો વાંધો નહીં. આહાર લેવા જાય અને પછી એવું કાંઇક છે ખરું. સમજાય છે? સિધ્ધભક્તિ શરૂઆત કરી એમ કાંઇક છે. એ પછી અંતરાય પડે તો આહાર ન લઇ શકે. શરૂઆત ન કરે ત્યાં સુધી. એમ કાંઇક છે ખરું. એક ઠેકાણે વાંચેલું છે.

સિધ્ધભક્તિ તો આ છે એમ કહે છે. આહાહા! સિધ્ધે જેવું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એવો અનંતસ્વભાવ. ગુણેસુ, એવો આત્મામાં ગુણ જે છે તેમાં એકાગ્રતા કરે છે તે સિધ્ધભક્તિ છે. સમજાણું કાંઇ? લોકોને તો એવો બહારમાં મહિમા આવે! ઉપદેશકને વાણી ઘણી હોય અને તેના કોઇ પુણ્ય પણ ઘણા હોય અને બહારમાં સભાનો ઠાઠ માઠ જામતો હોય. આહાહા! ભારે ધર્મ પ્રભાવના! અને જે માણસ રાગથી રહિત થઇને અંદરમાં રહેતો હોય. તેને બહારમાં તો લોકો જાણે નહીં. હેં? તેમાં બહારની ક્રિયા જડની થાતી હોય અને પર તરફનું લક્ષ થયું એ તો રાગ. તેની મહિમા લોકો જાણે. આહાહા! જે મહિમા કરવા લાયક નથી તેની મહિમા જાણે. આહાહા!

ભગવાનઆત્મા રાગથી રહિત થઇને સ્વભાવની એકાગ્રતા કોણ કરે છે તેની લોકોને બહારમાં તો ખબર પડે નહીં. અહીં તો કહે છે કે રાગથી રહિત થઇને સ્વભાવમાં એકાગ્ર થાય તે નિર્વાણને પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઇ? **શુધ્ધાત્મદ્રવ્યમાં,** જુઓ! ભગવાનઆત્મા તીવ્ર કે મંદ કષાય જે કલેશ છે. તેનાથી રહિત ભગવાન શુધ્ધસ્વરૂપ આત્મા. **શુધ્ધાત્મદ્રવ્યમાં વિશ્રાંતિરૂપ,** વિશ્રાંતિ-વિશ્રાંતિ. આહાહા! રાગમાં તો અવિશ્રાંતિ હતી. કલેશ હતો.સંગ અને અહંકાર કલેશનો વિલાસ હતો. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઇ? આહાહા! એવો નિજાનંદ ભગવાન તેમાં વિશ્રાંતિરૂપ. **પારમાર્થિક સિધ્ધભક્તિ,** જુઓ!

સિધ્ધભક્તિ એ વ્યવહારભક્તિ છે. સિધ્ધભગવાનનું સ્મરણ આદિ તો વ્યવહાર ભક્તિ રાગ. પારમાર્થિક **સિધ્ધભક્તિ ધારણ કરતો થકો,** લ્યો! આહાહા! ખરેખર નિજસ્વભાવ નિત્યાનંદ પ્રભુ તેમાં એકાગ્ર થાય છે તો મુક્તિને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઇ?

વ્યવહાર સાધન કર્યું તો નિશ્ચય થાય છે એમ ત્યાં નથી કહ્યું. અહીં તો વ્યવહાર સાધન કરે છે તો અનર્થની ઉત્પત્તિ થાય છે એમ અહીં તો કહે છે. આહાહા! જેને બીજા સ્થાનમાં સાધન હજી એકસો બૌંતેરમાં કહેશે. સાધન છે, આવું છે. આહાહા! સમજાણું કાંઇ?

છ ઢાળામાં એ કહ્યું, જિસકો હેતુ નિયત કો હોઇ એ અહીંયા અનર્થનું પરંપરા કારણ કહ્યું. કથની કેવી! આહાહા! કરતાં કરતાં. સમજાણું કાંઇ? **સ્વસમયપ્રવૃત્તિની પ્રસિધ્ધિવાળો હોય છે.** લ્યો!

ઓલા રાગથી પ્રસિદ્ધિ થઇને પુણ્યબંધ થઇને પરંપરા સંયોગ અને સંયોગ ઉપર લક્ષ જાશે અને અંદર રાગ ઉત્પન્ન થાશે. આહાહા! સમજાણું કાંઇ? ભગવાન પાસે જાશે અને ત્યાંથી સાંભળશે. અરે! કેવી.... સમજાણું કાંઇ?

આ ભગવાન પાસે જવાથી પારમાર્થિક ભક્તિ થાય છે અને ત્યારે નિર્વાણ થાય છે. આચાર્યના છેલ્લા શ્લોક છે ને? જોરદાર છે. કારણ કે રાગ તો છે, બંધ તો થશે, સ્વર્ગમાં તો જાવું પડશે. હેં? વ્યવહારથી. પણ નિષેધ કરતાં કરતાં જાય છે. આહાહા! અરેરેરે! એ કલેશ છે હો! એ રાગના ફળમાં સ્વર્ગ મળશે. પંચમકાળના અમે સાધુ છીએ. અમારા પુરુષાર્થની ઓછપ રહી ગઇ અને રાગ રહે છે. પુણ્યબંધ થશે, સ્વર્ગમાં જાશે એ ઇન્દ્રાણી તરફના ભોગ કષાયના બળતા અંગારામાં.. જાવાનું છે. આહાહા! સમજાણું કાંઇ? કષાયની અગ્નિમાં બળતા જાવાનું છે. પોકાર પોકાર કરે છે. સમજાણું કાંઇ?

**તે કારણથી તે જ જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી,** ઓલામાં કર્મબંધ હતું. શુભાશુભ કર્મનું કર્મબંધ ન હતું. **જયાં જીવ કર્મબંધનો નિઃશેષ નાશ કરી સિધ્ધિને પામે છે.** લ્યો! હવે થોડો વિશેષ ખુલાસો કરે છે.

## ગાથા-૧૭૦

**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स ।**
**दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स ।। १७० ।।**

**सपदार्थं तीर्थकरमभिगतवुद्धेः सूत्ररोचिनः ।**
**दूरतरं निर्वाणं संयमतपःसम्प्रयुक्तस्य ।। १७० ।।**

**अर्हदादिभक्तिरूपपरसमयप्रवृत्तेः साक्षान्मोक्षहेतुत्वाभावेऽपि परम्परया मोक्षहेतुत्वसद्भाव-द्योतनमेतत् ।**

**यः खलु मोक्षार्थमुद्यतमनाः समुपार्जिताचिन्त्यसंयमतपोभारोऽप्यसम्भावितपरम्वैराग्य-भूमिकाधिरोहणसमर्थप्रभशुक्तिः पिञ्जनलग्नतूलन्यासन्यायेन नवपदार्थैः सहार्हदादिरुचिरूपां परमसमयप्रवृत्तिं परित्यक्तुं नोत्सहते, स खलु न नाम साक्षान्मोक्षं लभते किन्तु सुरलोकादि-क्लेशप्राप्तिरूपया परम्परया तमवाप्नोति ।। १७० ।।**

**સંયમ તથા તપયુકતને પણ દૂરતર નિર્વાણ છે,**
**સૂત્રો પદાર્થો, જિનવરો પ્રતિ ચિત્તમાં રુચિ જો રહે. ૧૭૦.**

**અન્વયાર્થ :- (संयमतपः सम्प्रयुक्तस्य) સંયમતપસંયુકત હોવા છતાં, (सपदार्थं**

तीर्थकरम्) નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે (अभिगतबुद्धेः) જેની બુધ્ધિનું જોડાણ વર્તે છે અને (सूत्ररोचिनः) સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને (निर्वाणं) નિર્વાણ (दूरतरम्) દૂરતર (વિશેષ દૂર) છે.

ટીકા :- અહીં, અર્હંતાદિની ભકિતરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો *સદ્‌ભાવ દર્શાવ્યો છે.

જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી *પ્રભુશકિત ઉત્પન્ન કરી નહીં હોવાથી, 'પીંજણને ચોંટેલ રૂના ન્યાયે' નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના કલેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૧૭૦.

---

*ખરેખર તો એમ છે કે-જ્ઞાનીને શુધ્ધાશુધ્ધરૂપ મિશ્ર પર્યાયમાં જે ભકિત-આદિરૂપ શુભ અંશ વર્તે છે તે તો માત્ર દેવલોકાદિના કલેશની પરંપરાનો જ હેતુ છે અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદશુધ્ધિરૂપ) શુધ્ધ અંશ પરિણમે છે તે સંવરનિર્જરાનો અને (તેટલા અંશે) મોક્ષનો હેતુ છે. ખરેખર આમ હોવા છતાં, શુધ્ધ અંશમાં રહેલા સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ તેની સાથેના ભકિત-આદિરૂપ શુભ અંશમાં કરીને તે શુભ ભાવોને દેવલોકાદિના કલેશની પ્રાપ્તિની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે. આ કથન આરોપથી (ઉપચારથી) કરવામાં આવ્યું છે એમ સમજવું. (આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને જ વર્તતા ભકિત-આદિરૂપ શુભ ભાવોમાં કરી શકાય છે. અજ્ઞાનીને તો શુધ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં નહીં હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટયો જ નથી-વિદ્યમાન જ નથી ત્યાં પછી તેના ભકિત-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો?

*પ્રભુકિત = પ્રબળ શકિત; ઉગ્ર શકિત; પુષ્કળ શકિત. (જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુશકિત ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુધ્ધાત્મભાવનાને અનુકૂળ જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ) કરે છે, કદાચિત્ (જેમ કોઇ રામચંદ્રાદિ પુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે, તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે તેમ) નિર્દોષ-પરમાત્મા તીર્થંકરપરમદેવોનાં અને ગણધરદેવ-ભરત-સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોના ચરિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે તથા કદાચિત્ ગૃહસ્થ અવસ્થામાં ભેદાભેદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે-ઇત્યાદિ શુભ ભાવો કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભ રાગને સર્વથા છોડી શકતો નથી તે સાક્ષાત મોક્ષને પ્રાપ્ત કરતો નથી. પરંતુ દેવલોકાદિના કલેશની પરંપરાને પામી પછી ચરમદેહે નિર્વિકલ્પ-સમાધિવિધાન વડે વિશુધ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા નિજશુધ્ધાત્મામાં સ્થિર થઇ તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.)

## ગાથા-૧૭૦ ઉપર પ્રવચન

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स ।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स ।। १७० ।।

આહાહા! તીર્થંકર મુકયા છે. **સંયમતપસંયુકત હોવા છતાં.** આહાહા! પોતાની દશા વર્ણવે છે ને? સમજાણું કાંઈ? અહીં મૂળ પાઠમાં અર્થ વિશેષ, વિશેષ અર્થ લેશે.

**અન્વયાર્થ. સંયમતપસંયુકત હોવા છતાં પણ.** શબ્દાર્થ. જે સાધુ સમ્યગ્દષ્ટિ છે. આત્માના ધ્યેયમાં અનુભવ લીધો છે. એ ઉપરાંત **સંયમતપસંયુકત હોવા છતાં પણ.** ચારિત્રવંત છે, સંયમવંત છે. આહાહા! એવા મુનિ હોવા છતાં પણ નવપદાર્થો અને તીર્થંકર પ્રતિ જેની બુધ્ધિનો ઝૂકાવ વર્તે છે. ભગવાને છ દ્રવ્ય અને નવ પદાર્થ કહ્યા એ તરફનું વલણ થાય છે તે રાગ છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ નવતત્ત્વો કહ્યા અને પોતે સાક્ષાત તીર્થંકર. બે પ્રત્યે જેની બુધ્ધિનો ઝૂકાવ છે. **अभिगदबुद्धिस्स–अभिगदबुद्धिस्स** ત્યાં સન્મુખ બુધ્ધિ છે. આ ભગવાન સાચા છે. તીર્થંકરદેવ સાચા છે. તેણે કહેલાં નવતત્ત્વ સાચા છે. હવે એ કહે છે રાગ છે. સમજાણું કાંઈ? લોકોને સત્ય સાંભળવા મળ્યું નહીં ને. કયાંય બિચારા! ગડબડ કરી. અરેરેરે!

વીતરાગનો માર્ગ શું છે એ સાંભળવા મળતો નથી. બહારથી બસ મંદિર બનાવ્યું, પૂજા કરી, ભગવાનની ભક્તિ કરી, દાન દીધું, અપવાસ કર્યા, ધર્મ થઈ ગયો. હેં?

મુમુક્ષુ :- કાંઈ રહેતું નથી.

ઉત્તર :- કાંઈ રહ્યું નહીં. હાથમાં કાંઈ આવ્યું નહીં. આત્મા તેમાં કાંઈ આવ્યો નહીં. સમજાણું કાંઈ?

બહારનો ભભકો ઓની કોર કેટલો લાગે! કરોડ બે કરોડના બે ચાર મંદિર બનાવે અને કરોડ બે કરોડ પૈસા આપે. એટલા બધા તો આપે નહીં પણ કદાચ આપે જો ને? થોડા થોડા આપે. પૂછયું હતું કે દસ-બાર લાખ એક જણાએ આપ્યા? પૂછયું હતું. ના, એક લાખ અગિયાર હજાર આપ્યા હતા ........ અને પીસ્તાલીસ હજાર ગામ માટે આપ્યા.

મુમુક્ષુ :- તમાકુમાં કમાણા.

ઉત્તર :- ના. તમાકુમાં નહીં. ઓલું... ઘોડાની રેસ તેમાં પૈસા કમાણા. ઘોડાની શું કહેવાય? હા, રેસમાં કમાણા. ગામ જમાડવામાં પીસ્તાલીસ હજાર આપ્યા હતા. બીજો ખર્ચ.. લોકોને એમ થઈ જાય કે, આહાહા! શું પણ ધર્મ! ધર્મની જાહોજલાલી. હવે ધૂળેય ધર્મ નથી સાંભળ ને! આહાહા! અગિયાર લાખ શું એક કરોડને અગિયાર લાખ આપે તોપણ ધર્મ નથી. એ તો અજીવ છે. અજીવ મેં આપ્યું એ

મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- બંધ થશે?

ઉત્તર :- મિથ્યાત્વનો બંધ થશે. બંધ શું? તે બંધ નહીં થાય. એમ કે આવું બધું થાશે તો બંધ રહી જશે. એ તો થવા કાળે થયા વિના રહે નહીં. આત્માને બંધ .. પરપદાર્થ શું છે?

મંદિર થવાનું છે તો થશે જ થશે. તારાથી થાય છે? એ તો પરમાણુ જડ પર્યાય છે. અજીવની પરિણતિનો સ્વકાળ છે તેનાથી થાય છે. આહાહા! અમે બનાવ્યા, અમે કર્યું (એમ માને તે) તીવ્ર મિથ્યાત્વનું પાપ લાગે છે. કહે છે. આહાહા! ગજબ વાત છે! જૈન વીતરાગનો માર્ગ! સમજાણું કાંઈ? અજીવનો સ્વામી થાય છે ને બીજું તેમાં કોઈ રાગની મંદતા થઈ હોય તો તેમાં મને ધર્મનો લાભ થશે એમ માને તો ત્યાં મિથ્યાત્વનો લાભ છે. ગજબ વાત છે. આસ્રવ ને અજીવ બે. આસ્રવનો સ્વામી થયો ને અજીવનો સ્વામી થયો. ચૈતન્યનો સ્વામી ન રહ્યો. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, **નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ,** આહાહા! તીર્થંકર એમ કહે છે અમારા પ્રત્યેના વલણવાળો ભાવ તે રાગ છે. અમને માનનાર અમારા પ્રત્યેની વલણવૃત્તિ એ રાગ છે, કલેશ છે. આહાહા! એ વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે. કેટલાયે તો જિંદગીમાં સાંભળ્યું પણ ન હોય. હેં?

મુમુક્ષુ :- અહીંથી સાંભળવા મળે છે.

ઉત્તર :- વસ્તુ એવી છે. ઓહો! કહે છે નવ પદાર્થ તેમાં મોક્ષ આવી ગયો, સંવર, નિર્જરા આવી ગઈ. સમજાણું કાંઈ? દેવ-ગુરુ તેમાં આવી ગયા. મોક્ષમાં દેવ આવ્યા. સંવર-નિર્જરામાં ગુરુ આવ્યા. સંવર-નિર્જરા એ ધર્મ આવ્યા. આહા! નવ પદાર્થોના ઝૂકાવ રાગ છે. ગજબ વાત છે! સ્વદ્રવ્ય સ્વભાવ તરફનો ઝૂકાવ નથી અને નવ પદાર્થને જાણવાના વિકલ્પમાં ઝૂકાવ થયો. આહાહા! એ વિકલ્પનો ઉત્થાન વૃત્તિ થઈ. **અને તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ,** આહાહા! ત્રણલોકનો નાથ તીર્થંકર એમ કહે છે, અમારા સાક્ષાત સમવસરણ હોય અને અમારા પ્રત્યેની ભક્તિનો રાગ એ દુઃખદાયક રાગ છે. કષાય મંદ પણ દુઃખદાયક છે. આહાહા! કહો, જેઠાભાઈ! આ ઉપધાન કરે છે ને? પીસ્તાલીસ દિથના. બિચારા હેરાન હેરાન! મિથ્યાત્વનું પોષણ થાય. કાંઈ ખબર ન મળે! ભગવાન વિકલ્પ વિનાની ચીજ છે. એને વિકલ્પ સહિત અને અજીવના કાર્ય સહિત માનવું. આહાહા! વિપરીત માન્યતા થઈ. વિપરીત માન્યતા રહે ને માને કે અમારે ધર્મ થશે. તેમાં ધર્મ થયો નહીં. એક કોર બેસે તો તેમાં શું થયું? અંદરમાં ધ્યાન કરતાં હતા. ક્યાં એકતા થઈ, અમે તો આ કરીએ છીએ એ બધાને ખબર પડે છે. સમજાણું કાંઈ? એકલો ઉપદેશ દેવાની શક્તિ ન હોય, બોલવાની શક્તિ ન હોય, પૈસા આપવાની શક્તિ ન હોય, શરીરમાં પણ કરવાની શક્તિ ન હોય.

આત્મા અંદર આનંદમાં એકાકાર થાય તેની કિંમત તો લોકો કરતાં નથી. હેં? તેની તો ખબર નથી. એવો માર્ગ વીતરાગનો, અહીં તો વીતરાગ સીમંધર ભગવાન સમવસરણમાં. લ્યો! ભગવાનની પાસેથી આવ્યા અને આ લાવ્યા. ભગવાન એમ કહે છે કે અમારી સામું જોવાથી તને રાગ થશે હો ભાઈ! આહાહા! અંદરમાં તારી સામું જો. ... આહાહા! શું પ્રકાશજી! સમજાય છે કે નહીં? થોડું થોડું. અહીં ગુજરાતી ક્યાં થયું? હિન્દી છે ને? પર તરફનો ઝૂકાવ તે રાગ છે. ભગવાન એમ કહે છે કે અમારા તરફની ભક્તિનો ભાવ તે પણ રાગ છે. એમ ભગવાન કહે છે. આહાહા!

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા તેની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે, અમે તીર્થંકર છીએ તો અમારા પ્રત્યેનું વલણ થઈ ગયું કે એ ભગવાન સાચા છે. એ રાગ છે. આહાહા! ભલે મંદ હોય પણ છે તો રાગની જાતને? સમજાણું કાંઈ? નાનો પણ નાગ હોય છે ને નાગ નાનો. શું કહેવાય એ? કણો કણો. કણો પણ નાગ છે. તોડી નાખે, ફાડી નાખે. કણીકા આવ્યું હતું ને? રાગ કણીકા ન આવી? રાગની કણીકા. રાગલવ. કણીકા પણ નુકસાનકારક છે. કોઈ દિ' હજી સાંભળવામાં આવે નહીં અને પ્રતીત કરે નહીં. શેઠ! એમ ને એમ બફમમાં ને બફમમાં જીંદગી ચાલી જાય.

કહે છે તીર્થંકર પ્રત્યે જેની **अभिगदबुद्धिस्स–अभिगदबुद्धिस्स** આમ સન્મુખ અભી છે ને? સન્મુખની એમ. પોતાનું સ્વસન્મુખ છોડી ને તીર્થંકર પ્રત્યે સન્મુખ થઈ ગયા. અને **સૂત્ર રુચિ,** આગમની રુચિ. ભગવાને કહ્યા એ આગમની રુચિ. એ આગમ પરદ્રવ્ય છે. આહાહા! સર્વજ્ઞે કહ્યા એવા સમયસાર, પ્રવચનસાર, નિયમસાર. સમજાણું કાંઈ? ..એ બધું તેમાં આવ્યું. સૂત્રની રુચિ. **સૂત્રો પ્રત્યે જેની રુચિ વર્તે છે. પ્રીતિ વર્તે છે** આગમની પ્રીતિ. આહાહા! એય! દીપચંદજી!

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- બરાબર. આજ તો સમયસારની પૂજા કરી, લ્યો! આહાહા! પણ છે રાગ. ભાઈ! વળી એને કહે કે પ્રશસ્ત રાગ છે ને? પ્રશસ્તનો અર્થ શું? એ તો અશુભની અપેક્ષાએ પ્રશસ્ત કીધો. બાકી તો કલેશ અને દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રશસ્ત રાગ છે એનું એમ કહેવું હતું. એવી તકરાર કરે! ભગવાન તારી સાથે તકરાર કરે છે ભાઈ! **अभि** સન્મુખ. બહાર સન્મુખ થયો અને અંતર સન્મુખથી તેને લાભ થશે. એમ છે નહીં.

મુમુક્ષુ :- એવું થાય તોપણ આપ નિષેધ કરો છો.

ઉત્તર :- પણ જેવું છે એવું છે ને? કરે કોણ? રાગ આવ્યો એટલી વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

કેટલા બોલ લીધા? સંયમ, તપ સહિત સમકિત સહિત એટલે મુનિ સહિત એમ. અને નવ પદાર્થ પ્રત્યેનો ઝૂકાવ. **નવ પદાર્થનો પ્રેમ** રહી જાય. પ્રેમ. વિકલ્પ છે તે રાગ છે. **અને તીર્થંકર પ્રત્યેનો પ્રેમ**

**અને સૂત્રો પ્રત્યે,** આગમ પ્રત્યે **પ્રેમ. એ જીવને નિર્વાણ દૂરતર છે.** તેને મોક્ષ નજીક નથી. જયારે રાગ છેદશે ત્યારે મોક્ષ થાશે. ત્યાં સુધી રાગ પણ.... આહાહા! દૂર એટલે એનો અર્થ શું ત્યાં? તેનાથી મોક્ષ નથી એટલે દૂર થશે. એ રાગ જયારે ટાળશે ત્યારે મોક્ષ થશે. આહાહા! હેં? ક્યાં? વ્યવહાર સાંભળવામાં તો ઘણો આવે છે ભઈ. આહાહા! કર્યું છે આણે. નથી એમ લીધું છે એમને? એવું કેમ કર્યું... છે તો એમ. કેટલામું છે? ના ના. આમાં. પંચાસ્તિકાય છે ને? આ આવ્યું આવ્યું. પંચાસ્તિકાય કેટલામી આ છે?

**પરમેષ્ઠી પ્રત્યે ............ તત્ત્વાર્થ પ્રતીત પર જેને ભક્તિ છે. ................ રુચિપણે જેની બુદ્ધિ પરિણમી છે. તેમ જ જે સંયુક્ત તપ સંયુક છે. તો તેને મોક્ષ કાંઈ દૂર નથી.** ભાઈએ યાદ સારું રાખ્યું. મોક્ષ દૂર છે. અહીં તો દૂર કહે છે. દૂરતર. લ્યો! આ તો ખોટો થઈ ગયો. એ ખ્યાલ નહોતો અત્યાર સુધી, હો! પંડિતજી! તેને મોક્ષ કાંઈ દૂર નથી. આ લોકો પછી કરે છે. હેં? કરો ભક્તિ. એ અર્થ ખોટા છે. હા, ભૂલ છે. અહીં તો પાઠ છે, દૂરતર છે પાઠ. સમજાણું કાંઈ? દૂરતરમ. દૂર પણ નહીં દૂરતરમ. દૂરતમ. આહાહા! એવો અર્થ કર્યો છે એ તમને ક્યાંથી યાદ રહી ગયું? હેં? એમ? હા હા. વાત સાચી છે.

મોક્ષ કાંઈ દૂર નથી. હવે એવું લખાઈ ગયું. લોકો સામા પકડે. અહીં તો કહે મોક્ષ દૂર છે. એ વિશેષ દૂર છે. દૂર શબ્દ નથી. દૂરતર છે ને. એટલે વિશેષ દૂર. એમ. એય! આત્મારામજી! શું છે પણ દૂરતર?

મુમુક્ષુ :- બહુ સરસ વાત છે.

ઉત્તર :- પણ ઓલામાં દૂર નથી અને અહીં દૂર છે. ગાથા-શ્લોકમાં છે ને? **दूरतरं णिव्वाणं संजमतपसंपउत्तस्स** મુનિ છે, સંયમી છે, ચારિત્રવંત છે, અણગાર છે, વીતરાગ પરિણતિ બહુ જ પ્રગટ થઈ છે. પણ થોડોક પણ રાગ રહી જાય (તો) મોક્ષ દૂરતરમ છે. મોક્ષ દૂર થશે. આગળ થશે. આહાહા! ઠીક આ ખ્યાલ કરાવ્યું ભાઈએ! હા, સારું કર્યું. અમારો ખુલાસો અમને ત્યાં ખ્યાલ નહોતો. સમજાણું કાંઈ? દૂરતરમ છે ને? દૂરતરનો અર્થ એ દૂરતરમ છે. એટલે દૂર, દૂરતર અને દૂરતરમ.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૭૯, ગાથા :- ૧૭૦-૧૭૧
## વૈશાખ વદ-૯, શુક્રવાર, તા :- ૨૯-૫-૧૯૭૦

**ટીકા :- અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ,** પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ એ **પરસમય પ્રવૃત્તિ** એ રાગમાં પ્રવૃત્તિ છે એ સ્વસમય આત્માથી ભિન્ન વિભાવરૂપ પરિણતિ છે. તેમાં**સાક્ષાત મોક્ષહેતુપણાનો અભાવ,** રાગથી તત્કાળ મોક્ષ થાય એમ બનતું નથી. **છતાં પરંપરાએ** એટલે એ રાગના ક્રમે ક્રમે, સ્વર્ગમાં જાશે, પછી મનુષ્ય થશે, નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરશે ત્યારે તેને મોક્ષ થશે. એ પરંપરા. અત્યારે સાક્ષાત નથી. પછી રાગ જયારે છોડશે ત્યારે તેને નિર્વિકલ્પ પ્રાપ્તિ થશે. મોક્ષહેતુપણાનો સદભાવ દર્શાવ્યો છે. હવે નીચે નોટ.

**ખરેખર તો એમ છે કે,** ખરેખર તો એવી પધ્ધતિ અને રીત છે. જ્ઞાનીને, ધર્મી જીવને પોતાનો આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એવી શુધ્ધતા અંશે પ્રગટ થઈ છે. દ્રવ્યસ્વભાવના આશ્રયથી શુધ્ધિ, પવિત્રતા, વીતરાગતા પ્રગટ થઈ છે. એવા **જ્ઞાનીને શુધ્ધાશુધ્ધરૂપ મિશ્ર પર્યાય** થાય છે. કેટલીક શુધ્ધ છે અને કેટલીક અશુધ્ધ છે. **જે ભક્તિ-આદિરૂપ શુભ અંશ વર્તે છે,** ભક્તિ આદિનો ધર્મીને પણ શુભરાગ થાય છે. **માત્ર દેવલોકાદિના કલેશની પંપરાનો જ હેતુ છે**. પાઠમાં એમ છે કે પરંપરા મોક્ષનો હેતુ, એની સંધિ છે. પહેલું કહી ગયા છે. એણે કાંઈ ઘરનું નથી કહ્યું. સમજાણું કાંઈ? પહેલાં એ વાત આવી ગઈ છે. આહાહા!

**માત્ર દેવલોકાદિ,** આદિ એટલે? દેવલોક અને મનુષ્ય. પછી સ્વર્ગાદિમાંથી નીકળીને ચક્રવર્તી થાય, આદિ. કલેશની પરંપરા. સ્વર્ગમાં પણ કલેશ છે અને ત્યાંથી નીકળીને રાજા ચક્રવર્તી આદિ થાય, બળદેવ આદિ થાય તોપણ કલેશ છે. એ સુખમાં કયાંય શાંતિ નથી. કલેશ (છે.) શુભરાગના ફળમાં સંયોગ, સંયોગમાં લક્ષ જવાથી એકલો કલેશ છે. આહાહા! **કલેશની પરંપરાનો જ હેતુ છે અને સાથે સાથે જ્ઞાનીને જે (મંદશુધ્ધિરૂપ) શુધ્ધ અંશ પરિણમે છે,** વસ્તુ સ્વભાવ ચૈતન્યદ્રવ્ય તેના આશ્રયથી સ્વઆશ્રયો નિશ્ચય, પરાશ્રયો વ્યવહાર.પોતાના આશ્રયે જ્ઞાન અને આનંદનો અંશ જે પરિણમ્યો છે તે તો સંવર-નિર્જરાનો અને મોક્ષનો હેતુ છે. સમજાણું કાંઈ?

વસ્તુ ચૈતન્યદ્રવ્ય જે છે. તેના આશ્રયથી અંતરમુખ થઈને, વસ્તુનું અવલંબન લઈને, જે પર્યાય શુધ્ધ અને વીતરાગી થઈ છે તે તો સંવર અને નિર્જરા મોક્ષનો હેતુ. **તે સંવર અને નિર્જરા અને મોક્ષનો હેતુ,** સમજાણું કાંઈ? જુઓ! શુધ્ધ પર્યાયમાં સંવર અને નિર્જરા અને અશુધ્ધ પર્યાયમાં આસ્રવ અને બંધ. એ પહેલાં આવી ગયું છે. શુધ્ધ અંશ પરિણમિત થયો છે. પરિણમિત થયો છે.

સમ્યગ્દષ્ટિને, જ્ઞાની કહ્યા. એ જ્ઞાનીને ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ ગુણસ્થાનમાં નિર્વિકલ્પ વીતરાગી પર્યાય જે પ્રગટ થઈ તે સંવર-નિર્જરારૂપ છે. અને મોક્ષના કારણરૂપ છે. આહાહા!

**ખરેખર આમ હોવા છતાં પણ શુધ્ધ અંશમાં રહેલાં, સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ,** શુધ્ધ અંશમાં રહેલાં સંવર-નિર્જરા-મોક્ષહેતુત્વનો આરોપ **તેની સાથેના ભક્તિ આદિરૂપ શુભ અંશમાં કરીને,** આ પરંપરા કહ્યું ને? તેનો ખુલાસો કરે છે. **તે શુભ ભાવોને દેવલોકાદિના કલેશની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે**. લ્યો! આ અપેક્ષા.

દોષની પરંપરા છતાં અત્યારે પરંપરા મોક્ષનો હેતુ, પહેલાં, અનર્થની પરંપરા ૧૬૮માં આવ્યું. જ્ઞાનીનો રાગ પણ અનર્થની સંતતિના કલેશની વાસના વિલાસ છે. રાગ કલેશનો વિલાસ. ૧૬૮. એ રાખીને અહીંયાં વાત છે ને? એ અહીંયાં ખુલાસો કર્યો છે. એ તો મોક્ષહેતુનો આરોપ તેની સાથે ભક્તિ આદિને અંશમાં કરીને,**તે શુભ ભાવોને દેવલોકાદિના કલેશની પરંપરા સહિત મોક્ષપ્રાપ્તિના હેતુભૂત કહેવામાં આવ્યા છે**. આ કથન આરોપથી (ઉપચારથી) કરવામાં આવ્યું છે. એમ સમજવું.

**આવો કથંચિત્ મોક્ષહેતુત્વનો આરોપ પણ,** આવો કથંચિત્ શુભ ભાવોમાં પરંપરાનો મોક્ષહેતુત્વનું કારણ પણ આરોપ **જ્ઞાનીને જ વર્તતા,** અજ્ઞાની જેને રાગની એકતાબુધ્ધિ છે. તેને તો ભક્તિ આદિનો રાગ પરંપરા પણ કહેવામાં આવતો નથી. કેમકે તેમાં આરોપ ચાલતો નથી. સમજાણું કાંઈ? મોક્ષહેતુત્વનો આરોપ પણ જ્ઞાનીને જ ભક્તિ આદિમાં ત્યાગ આદિમાં વર્તે છે. **અજ્ઞાનીને તો પરિણમનમાં શુધ્ધિનો અંશમાત્ર પણ ન હોવાથી,** અજ્ઞાનીને રાગનો અંશ પોતાનો છે એવી એકત્વબુધ્ધિ જયાં છે ત્યાં તો શુધ્ધના પરિણમનનો અભાવ છે. ચાહે તો કષાયની મંદતાની ક્રિયા હોય. સમજયા ને? દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પણ એ તો મિથ્યાત્વ સહિત છે. કેમકે રાગથી પોતામાં એકત્વબુધ્ધિ છે. રાગથી પૃથક થયો નથી. તો એવા **અજ્ઞાનીને તો શુધ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં ન હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટયો જ નથી.** આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પોતાનો સ્વભાવ શુધ્ધ ચૈતન્યના આશ્રયે જે પવિત્રતા વીતરાગી દશા પ્રગટ થઈ તે જ સંવર અને નિર્જરારૂપ છે. સાથે પંચમહાવ્રતનો વિકલ્પ, ભક્તિ-આદિનો રાગ તેને આરોપ આપવામાં આવ્યો કે તે પરંપરા મોક્ષનું કારણ છે. છે તો પરંપરા દેવલોકના કલેશનું કારણ. હેં? રસ્તામાં મળી જાતી નથી. ત્યાં અટકી જાય છે. રાગ છે તેમાં રોકાય છે ત્યાં સુધી તેને મોક્ષ નથી. એ આગળ જઈને જયારે રાગ છોડશે ત્યારે થશે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો હજી મિથ્યાદષ્ટિ છે, પંચમહાવ્રત છે ને એ અમારું ચારિત્ર અને એ અમારી મુક્તિનું કારણ. ચારિત્રની ખબર પડે ને સમકિતની ખબર ન પડે. આ મહાવ્રત એ ચારિત્ર. બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? હા, સંસાર અનાદિ છે. એમાં શું? બાદશાહ ગુણસ્થાન છે. એ તો પ્રસિધ્ધ છે.

સમજાણું કાંઇ? અહીં તો અજ્ઞાનીને જેની શ્રદ્ધામાં રાગની, વિકલ્પની મંદતા એ મોક્ષનું કારણ છે એમ જેણે માન્યું છે તેને તો બિલકુલ શુદ્ધ પરિણતિ છે નહીં. તો એમાં પૂજા ભક્તિ આદિનો ભાવને વ્યવહારથી પણ પરંપરા મોક્ષનું કારણ છે એવો આરોપ આપવામાં આવતો નથી. એવી વાત છે. વિદ્યમાન જ નથી. શું?

**શુદ્ધિનો અંશમાત્ર પણ પરિણમનમાં ન હોવાથી યથાર્થ મોક્ષહેતુ બિલકુલ પ્રગટયો જ નથી-વિદ્યમાન જ નથી.** પ્રગટ નથી તો વિદ્યમાન કયાંથી આવ્યો? **ત્યાં પછી તેના ભક્તિ-આદિરૂપ શુભ ભાવોમાં આરોપ કોનો કરવો?** આહાહા! સમજાણું કાંઇ? તેની ટીકા ઓલી બાજુ.

**જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,** આ એની શરત. પોતાની પૂર્ણ પવિત્રતા કેમ પ્રગટે એવા હેતુથી ઉદ્યમી ચિત્તવાળા સ્વભાવ સન્મુખ વર્તે છે. **અને અચિંત્ય સંયમ તપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં,** એવા. ઓલામાં તો ભાઇ કહે છે એમ છે. વાત સાચી છે. આજ બધું જોયું. એમ કે આમ કર્યું છે, આમ કર્યું છે એમ છે. પણ આ તો આવું હોવા છતાં પણ એમ શબ્દ છે. બે ચાર પુસ્તક જોયા બધામાં એક જ લખાણ છે. મોટું પુસ્તક જોયું, ઓલામાં જોયું પણ એક જ લખાણ છે.

કહે છે કે **જે જીવ ખરેખર મોક્ષ એટલે પરમઆનંદની પૂર્ણ પ્રાપ્તિ તેના હેતુથી ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો,** અંતર સ્વભાવની સન્મુખ ઉદ્યમથી વર્તતો થકો, **અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં,** અચિંત્યસંયમ અને તપ બેય છે. એટલી ઇન્દ્રિયદમન આદિ સંયમ પણ છે અને ઇચ્છા નિરોધ આદિ તપ પણ છે. સમજાણું કાંઇ?

એવું **હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહીં હોવાથી,** એવું હોવા છતાં પણ પરમવૈરાગ્ય. જુઓ! પંચપરમેષ્ઠી પ્રત્યેના રાગથી ખસીને, પરમવૈરાગ્યના પુરૂષાર્થની ઓછપ હોવાથી, જુઓ! સમજાણું કાંઇ? **પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ, પ્રભુશક્તિ. ઉત્પન્ન કરી નહીં હોવાથી,** એવું નથી કર્યું કે કર્મના નિમિત્તનું થોડું જોર હતું માટે પ્રભુત્વશક્તિ પ્રગટ કરી નથી એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- એ તો તેરમે ને ચૌદમે.

ઉત્તર :- તેરમે ને ચૌદમે કયાંય છે નહીં. ત્યાં આગળ તો પોતાની પર્યાયથી ત્યાં આગળ પૂરું થાય છે. તેરમે ચૌદમે, પરદ્રવ્ય કરે શું? પરદ્રવ્યનો ત્યાં સ્પર્શ પણ નથી, જીવને તે સ્પર્શતો નથી અને તેને આત્મા સ્પર્શતો નથી. બધા ભિન્ન ભિન્ન કામ કરે છે. સમજાણું કાંઇ?

અહીં કહે છે **પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ,** જુઓ! પરમવૈરાગ્યની વ્યાખ્યા. સંયમ, તપ છે, સમ્યગ્દૃષ્ટિ છે. પોતાના સ્વભાવમાં પૂર્ણ આનંદને કારણે ઉદ્યમ વર્તે છે તોપણ. આહાહા!

**પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ, પ્રભુત્વશક્તિ ઉત્પન્ન કરી નહીં હોવાથી 'પીંજણને ચોંટેલ રૂ'** પીંજણ પીંજણ. પીંજણ કહે છે ને? એની સાથે રૂ ચોંટ્યું હોય. ઓહોહો! કહે છે કે આટલો પણ રાગનો કણ પરમવૈરાગ્યના અભાવને કારણે રાગનો અભાવ કરવાની શક્તિ એટલી ઉત્પન્ન ન કરી હોવાને લીધે, એમ કહે છે.

**નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ)** આહાહા! કહે છે કે નવ પદાર્થ પ્રત્યે રાગ પરમવૈરાગ્યનો અભાવ. એટલો રાગ છે તો પરમવૈરાગ્ય એવી **પ્રભુશક્તિ ઉત્પન્ન નહીં કરી હોવાથી,** આહાહા! શું શૈલી જુઓ! આમાં તો કર્મનું નામ પણ ક્યાંય લીધું નથી. કહે ને કે તેનો સંજવલનના રાગનો ઉદય છે, આવું છે. તે રાગ છોડી શકતા નથી. એમ તો કહ્યું પણ નથી. હેં? આહાહા! સંયમ-તપ અને મોક્ષને માટે ઉદ્યમી ચિત્તવાળા અંતરસ્વભાવ આનંદસ્વરૂપ પ્રભુ તે તરફ આરૂઢ હોવા છતાં પણ પરમવૈરાગ્ય થઈને એટલો રાગથી ખસીને સ્વરૂપમાં સ્થિર થવાની શક્તિ પ્રગટ કરી નહીં હોવાથી, **'પિંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ,** જુઓ! કેટલી વાત કરી! નવ પદાર્થોનો પ્રેમ વિકલ્પ છે તે પણ તેને રોકે છે. તેને રાગ છે તો પરમવૈરાગ્ય નથી. એમ કહે છે. આહાહા! સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સંયમ છે, તપ પણ છે. આહાહા! પાંચેય પદની ભક્તિ તે રાગ, નવ પદાર્થનો રાગ, નવ પદાર્થ પ્રત્યે પ્રેમ આ આ આ એવો ભેદરૂપ રાગ છે ને? તેના પ્રત્યે જેને પ્રેમ છે તે **અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી.** પંચપરમેષ્ઠીની ભક્તિનો, પ્રેમના રાગનો ત્યાગ કરી શકતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ શરણ માને તો...

ઉત્તર :- શરણ ક્યાં છે? એ તો શરણ તો માનતો નથી. એ તો પહેલેથી આવ્યું. તેને શરણ માનતા નથી. માને છે પોતાનું શરણ. એ તો પહેલાં કહ્યું ને? મોક્ષના પુરુષાર્થમાં માને છે. પણ રાગની વૃત્તિ એટલો ઝૂકાવ. પંચપરમેષ્ઠી અને નવ પદાર્થ પ્રત્યે પણ રાગ રહે છે. તો પરમવૈરાગ્ય પ્રગટ નથી કર્યો. એ કારણે પરસમયપ્રવૃત્તિ નવ પદાર્થ અને પંચપરમેષ્ઠીની ભક્તિનો રાગ તે પરસમય પ્રવૃત્તિ, વિભાવ પરિણતિ, આહાહા! મહા મુનિ છઠ્ઠે ગુણસ્થાને હોવા છતાં પણ એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ,** નવ પદાર્થની રુચિ અને અર્હંતાદિની રુચિ બેયની પ્રીતિ કીધી ને? આહાહા! સ્વની રુચિ છે, સ્વનો પુરુષાર્થ પણ છે અને સ્વનો સંયમ અને તપ પણ છે. એવી દશા હોવા છતાં પણ જ્યાં સુધી નવ પદાર્થ અને તીર્થંકર પ્રત્યે રુચિ રહે છે, તે જીવ સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી. આહાહા! રાગ રોકાયો છે તે કારણે, આહાહા! **મોક્ષને પ્રાપ્ત નથી કરતો પરંતુ દેવલોકાદિના** મનુષ્ય આદિના **કલેશ** દેવલોકમાંથી નીકળીને ચક્રવર્તી હોય, બળદેવ હોય. આદિ

ક્લેશની પ્રાપ્તિરૂપ. ક્લેશ છે. આહાહા!

ધર્માત્મા આરાધક થઈને સ્વર્ગમાં ગયા હોય ત્યાં પણ ક્લેશ છે. અને બાકી રાગ-પુણ્ય રહ્યા હોય, છેલ્લો અવતાર હોય ત્યાં પણ જેટલી સામગ્રી, રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે ને? પુણ્યવંત પ્રાણી વૃધ્ધિ-સમૃધ્ધિ આદિમાં ઉત્પન્ન થાય છે. રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે. એ પૂર્વને કારણે ઉત્પન્ન થાય છે. પણ છે ક્લેશ. આહાહા! સમજાણું કાંઈ? ત્યાં પણ સમકિતીને તો રસ છે નહીં. સ્વર્ગમાં ગયા ત્યાં પણ રસ નથી. નીકળીને ચક્રવર્તીપદ મળ્યું ત્યાં રસ નહીં. આનંદરસની આગળ એને રસ નથી પણ તેને ક્લેશને ભોગવવો પડે છે. એમ કહે છે. લોકો કહે છે કે ભઈ ચક્રવર્તીનું સુખ તો મળે! બળદેવનું સુખ મળે. સુખને અહીં તો કહે છે કે દુઃખ છે. કહો, સમજાણું કાંઈ?

હમણાં કોઈએ કહ્યું હતું ને? નાનાલાલે પ્રશ્ન કર્યો હતો ને? નરકમાં દુઃખ છે અને સ્વર્ગમાં સુખ છે. સમજાણું કાંઈ? અહીં તો સ્વર્ગમાં ક્લેશ છે. એ ક્યાં આવ્યું? ધૂળેય નથી. એને અર્થની ખબર નથી. એવું તો કાંઈ (છે નહીં.) એનું એમ છે કે ભઈ શુભભાવ હોય તો સ્વર્ગમાં જાય અને બહુ શુભ હોય તો મોક્ષ હોય. એ આવ્યું છે એમાં. આમાં આવ્યું છે ને? મોક્ષમાર્ગપ્રકાશકમાં પાંચમા અધ્યાયમાં છેલ્લે નાખ્યું છે. એ લોકો એમ માને છે એ માન્યતા જ એવી છે. સમજાણું કાંઈ?

ચોર્યાસીની (૮૪)સાલમાં રાણપુરમાં પડિક્કમણાં કરતાં હતા, તો એમ બોલતા હતા, કે તીર્થંકર ગોત્ર બાંધે, બહુ રસ આવે તો તીર્થંકર ગોત્ર બંધાય. ભગવાનનો રસ આવે તો નિર્જરા થાય અને બહુ રસ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે. એમ ક્યાંથી આવ્યું? હા, એ. જઘન્યરસ આવે તો કર્મની કોય્ળુ (ક્રોડાક્રોડી) ખપે અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે. કીધું આ ક્યાં આવું ગપ માર્યું? ચોર્યાસીની વાત છે હોં! ખામણામાં આવે છે. ચાલીસ વર્ષ પહેલાં. ભઈ અમારે તો બોલે, આ પણ બધા બોલતા હશે, સાંભળતા તો હશે ને? ઝવેરચંદભાઈ ને આ બધા. ત્યાં શેઠીયા જઈને સાંભળે, ખબર ક્યાં છે કાંઈ? એ ઝવેરચંદભાઈ! હેં? પડિક્કમણાં વખતે. પણ જઘન્યરસ હોય તો ક્રોડાક્રોડી કર્મ ખપે અને ઉત્કૃષ્ટ આવે તો તીર્થંકર ગોત્ર બાંધે. મેળ ક્યાં છે આ. એ ખામણામાં આવે છે. એ ચોર્યાસીમાં કહ્યું હતું. એલા આવું પણ ક્યાં માંડયું આ બધું?

મુમુક્ષુ :- એ કોઈકે બનાવી દીધું એટલે ચાલ્યું!

ઉત્તર :- પડિક્કમણું ચાલ્યું બીજું શું?

મુમુક્ષુ :- મૂળ પાઠમાં નથી.

ઉત્તર :- ના ના એ તો બનાવ્યું. એવું હોય? વસ્તુ તદ્દન જૂઠ્ઠી છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પોતાના સ્વભાવ સન્મુખ શાંતિ, આનંદ આદિ પ્રગટ થવા છતાં પણ જેટલી પરમાં નવ પદાર્થને અર્હંત પંચપરમેષ્ઠી પ્રત્યે પ્રીતિ રહે છે એટલો સ્વર્ગમાં જઈને ક્લેશ ભોગવવો પડશે.

કહો, શોભાલાલજી! આ શેઠીયાને શોખ નથી એમ અહીં તો કહે છે. આકુળતા છે. અહીં રાગ છે એ આકુળતા છે ત્યાં તો ભોગની અશુભની આકુળતા છે. આ તો શુભની આકુળતા છે. હાજર છે. બંધન થયું છે એ તો શુભની આકુળતા છે. પણ તેનો બંધ પડયો ને સંયોગ મળે ત્યાં તો ભોગવવાનો ભાવ છે એ તો અશુભની કલેશ દશા છે. પ્રવચનસારમાં લીધું છે ને? પણ જ્યાં કલેશ છે ત્યાં શુભાશુભભાવ ભિન્ન રહે છે જ ક્યાં? શુભભાવમાં પણ કલેશ છે અને અશુભભાવમાં પણ કલેશ છે. તો શુભભાવ (અને અશુભભાવ) બેય ભિન્ન રહે છે જ ક્યાં? અને શુભમાં અને અશુભમાં ભેદ માને (તો) ઘોર સંસારમાં રખડશે. આહાહા! સમજાણું કાંઈ?

**પરંતુ દેવલોકાદિના** આદિ છે ને? મનુષ્ય આદિ. **કલેશની પ્રાપ્તિરૂપ** આહાહા! મહાઋદ્ધિમાં જાય, વૃત્તિમાં જાય. પુણ્યબંધ હોય છતાં પણ ત્યાં કલેશ છે. પર તરફનો ઝૂકાવ છે એટલો કલેશ છે. પછી પરંપરા પ્રાપ્ત કરે છે. અર્થાત્ એ કલેશ ભોગવ્યા પછી સ્વભાવની નિર્વિકલ્પ દશા પ્રગટ કરી, રાગથી પરમ વૈરાગ્ય પ્રાપ્ત કરી ને મોક્ષને પ્રાપ્ત કરે છે. રાગથી તો કલેશ જ થાય છે. એમ કહે છે. કલેશ છે તેને પરંપરા મોક્ષનું કારણ આરોપથી કહેવામાં આવ્યું છે. આહાહા!

નીચે. **પ્રભુશક્તિ=પ્રબળ શક્તિ; ઉગ્ર શક્તિ; પુષ્કળ શક્તિ.** (પ્રચુરશક્તિ) **જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ,** પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ **એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી**. એ નવ પદાર્થ અને પંચપરમેષ્ઠીની ભક્તિ પ્રત્યે રાગ એણે પરમ ઉદાસીન વૈરાગ્ય પ્રાપ્ત કર્યો નથી. આહાહા! સમજાણું કાંઈ?

**તે જ્ઞાની જીવ કદાચિત્ શુદ્ધાત્મભાવનાને અનુકૂળ** શું કહે છે? કે પોતાના શુદ્ધ આત્માની એકાગ્રતા છે. તેમાં અનુકૂળરૂપ નિમિત્ત **જીવાદિપદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ)** આગમની પ્રીતિનો વિકલ્પ તેને રહે છે. સમજાણું કાંઈ? ઝોલાં ખાય છે. શુદ્ધાત્મ ભાવનાને અનુકૂળ. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પવિત્ર શુદ્ધ છે તેની એકાગ્રતા છે તેને અનુકૂળરૂપ નિમિત્ત. નવ પદાર્થ અને આગમો પ્રત્યે રુચિ, જુઓ! ઓહોહો! નવ પદાર્થ કહેવાવાળા તો સર્વજ્ઞના આગમ છે. આગમ પ્રત્યે પણ પેમનો ઝોંક રહી જાય તે પણ પરમ ઉદાસીનતાનો અભાવ છે. સમજાણું કાંઈ?

**કદાચિત્ જેમ કોઈ રામચંદ્રાદિ પુરુષ સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે**. લ્યો! સમજાણું કાંઈ? હનુમાનજી લંકાને યાદ કરવા માટે સીતાજી પાસે ગયા હતા ને? સમાચાર આપવા ગયા હતા. આવ્યા (તો) રામચંદ્ર પૂછે છે, કેમ ભાઈ! સીતાજી કેમ છે? સમજાણું કાંઈ? હનુમાનજી કહે, ઠીક તો છે પણ રાવણની વાડીમાં રાવણે રોકયા છે. સમજાણું કાઈ? તેણે રોકયા છે. બહાર નીકળવા દેતા નથી. તમારા વિરહથી તે દુઃખી છે. તેને ભોજન આદિ... એવા સમાચાર લાવ્યા. સમજાણું કાંઈ? રામચંદ્રાદિ પુરુષ આદિ પુરુષ છે ને, કોઈ **દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની**

**પોતાની પતિવ્રતા સીતા સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે.** જુઓ! **તેમનું સન્માનાદિ કરે છે**. આવ ભાઈ! શું સમાચાર લાવ્યા ભાઈ! **તેમને દાન આપે છે તેમ, નિર્દોષ પરમાત્મા તીર્થંકરપરમદેવોના,** આહાહા! નિર્દોષ પરમદેવોના **અને ગણધરદેવ,** તેમના ચરિત્રપુરાણ સાંભળે છે એમ કહે છે. સમજ્યા? તેમની પાસેથી આવેલા મનુષ્યોના સન્માનાદિ કરે છે.

**ગણધરદેવ-ભરત-સગર-રામ-પાંડવાદિ મહાપુરુષોના ચરિત્રપુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે.** શુભ ધર્માનુરાગથી સાંભળે છે. ઓહો! ભગવાન એવા થયા, ગણધર એવા થયા, રામચંદ્રજી વગેરે પાંડવો ભરત-સગર એવા થયા એવી કથા સમ્યગ્જ્ઞાની પણ શુભ ધર્માનુરાગથી સાંભળે છે. **તથા કદાચિત ગૃહસ્થ અવસ્થામાં,** જુઓ! ગૃહસ્થ દશામાં છે, સમ્યગ્દર્શન છે, આત્મભાન છે. **ભેદાભેદરત્નત્રયપરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનાં પૂજનાદિ કરે છે**. જુઓ!

કોઈ કહે છે કે અભેદરત્નત્રય છઠ્ઠે ગુણસ્થાને ન હોય. ભાઈ! તો જુઓ અહીંયા શું કહે છે? મુનિ આહાર લેવા આવ્યા છે તો ભેદાભેદરત્નત્રયથી પરિણત છે. એમ અહીંયા કહે છે. સમજાણું કાંઈ? તેમાં એ છે કે નહીં? ભેદાભેદરત્નત્રય વ્યવહાર ને નિશ્ચયરત્નત્રયપરિણત મુનિ છે. આત્મજ્ઞાની, સમ્યગ્દષ્ટિ રાગના જ્ઞાતા રાગના કર્તા નહીં. પણ વ્યવહારરત્નત્રય વિકલ્પ તેની ભૂમિકામાં છે અને નિશ્ચયરત્નત્રયની પરિણતિ પણ છે. આહાર લેવા આવ્યા તે સમયની વાત છે. હેં?

છઠ્ઠે ગુણસ્થાને અભેદરત્નત્રય અને ભેદરત્નત્રય છે એમ અહીં તો સિધ્ધ કર્યું છે. કહો, સમજાણું કાંઈ? બીજે ઠેકાણે પ્રવચનસાર આદિમાં અભેદને સાતમે કીધું છે. શરૂઆત એકલા સાતમામાં કીધું છે. પણ અહીં તો મુનિ ભાવલિંગી સંત આહાર લેવા માટે આવ્યા છે. દેહના રજકણથી અને રાગના કણથી જેની દશા અંતર ભિન્ન થઈ ગઈ છે. આનંદની દશામાં ઝૂલે છે. અને સાથે થોડો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા આદિનો વિકલ્પ પણ છે. આહાર લેવા આવ્યા છે તે સમયે અભેદરત્નત્રય પણ છે. પંડિતજી! છઠ્ઠે ગુણસ્થાને અભેદ ને ભેદ રત્નત્રય સિધ્ધ કર્યો. કોઈ એમ કહે છે કે નહીં એકલા અભેદ તો સાતમે હોય છે, નીચે હોતો નથી.

અહીં તો છઠ્ઠી ભૂમિકામાં સમ્યગ્દર્શન અનુભવ નિર્વિકલ્પ સમાધિ શાંતિ અને ચારિત્ર જો અરાગી વીતરાગી પરિણતિ ઉત્પન્ન થઈ છે, બહારમાં નગ્ન દશા છે. સમજાણું કાંઈ? અને સાથે અઠયાવીસ મૂળગુણનો વિકલ્પ છે. એ ભેદરત્નત્રય. આહાહા! સમજાણું કાંઈ? એવા સાધુ, જુઓ!

આમ તો વિચાર એક આવ્યો હતો. ઓમાં આવ્યું છે ને? પરમશુધ્ધોપયોગને પ્રાપ્ત કર્યો છે. ત્યાં એટલું પ્રાપ્ત કર્યો છે. અને ભાઈએ અહીં લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં શુધ્ધોપયોગરૂપ મુનિપણું અંગીકાર કર્યું છે. શુધ્ધ ઉપયોગરૂપ મુનિપણું અંગીકાર કર્યું છે. શુધ્ધ ઉપયોગરૂપ મુનિપણું અંગીકાર કર્યું છે. તો પ્રવચનસારમાં એ જ આવ્યું છે. પરમશુધ્ધઉપયોગ પ્રાપ્ત કર્યો છે. એ સાતમાની વાત છે. સમજાણું

કાંઈ? અહીંયાં તો છઠ્ઠાની વાત કરે છે. સાતમાથી નીચે આવી ગયા અને આહાર લેવાનો વિકલ્પ આવ્યો અને અભેદરત્નત્રયપરિણતિ અંતરમાં, અભેદઅખંડઆનંદ એવા સ્વભાવના આશ્રયથી અભેદ એકરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગી પરિણતિ છે. તેની સાથે અભેદ છે. નવ પદાર્થની રુચિ સમજાણું કાંઈ? શોભાલાલજી!

**આચાર્ય-ઉપાધ્યાય-સાધુ,** જુઓ! આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ત્રણેય લીધા. આહાહા! આચાર્ય પણ તેને કહે છે કે જે અંદરમાં અનુભવ, રાગથી ભિન્ન પોતાના આનંદનો અનુભવ અને તેમાં લીનતા છે. અને દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાના અભેદરત્નત્રય પ્રગટ થયા છે. અને સાથે દેવ-ગુરુ-શાસ્ત્રનો અને નવતત્ત્વની શ્રદ્ધાનો રાગ પણ બાકી રહ્યો છે. આહાહા! તેને આચાર્ય કહે છે, અને તેને ઉપાધ્યાય કહે છે, તેને સાધુ કહે છે. આહાહા! હેં? સમજાણું કાંઈ?

**ભેદાભેદરત્નત્રયપરિણત** છે. એ રૂપે પર્યાયમાં દશા પ્રગટ થઈ છે. ઓલામાં આવ્યું હતું ને? પ્રગટ થઈ નહોતી. નહોતું આવ્યું? અજ્ઞાનીને બિલકુલ પ્રગટ થઈ નથી. વિદ્યમાન પણ છે નહીં. અહીં તો પ્રગટ થઈ છે. મુનિને સાધુને નિર્વિકલ્પ સમાધિ. અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વસંવેદન. સમજાણું કાંઈ?

આ કાંઈ વાત પણ છે નહીં. પંચમહાવ્રત પાળે છે, ચારિત્ર પાળે છે તો મુક્તિ થશે. ધૂળમાં પણ નથી. ઝેર છે. વિકલ્પ છે તો ભેદ છે. તેને પણ વ્યવહાર જેને અભેદરત્નત્રય છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો વ્યવહાર (હોતો જ નથી) એ તો અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. રાગથી મહાવ્રતથી ધર્મ માને એ તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તેવાને આહાર આપી શકે છે.

ઉત્તર :- તેને આપી શકે છે એમ કહે છે. હજી આવે છે. આવે છે.

જુઓ! એવા **આચાર્ય-ઉપાધ્યાય-સાધુના પૂજનાદિ કરે છે**. ગૃહસ્થો એવાની પૂજા કરે છે. સમકિતી ગૃહસ્થ એવાની પૂજા કરે છે, ભક્તિ કરે છે, સ્તવન કરે છે, ગુણગાન કરે છે, એવાની. આહાહા! **અને તેમને દાન આપે છે**. લ્યો! એને દાન આપે છે. એવો વિકલ્પ આવે છે. તે આહાર લેવાને આવ્યા છે. આહાર આપે છે. તો તેને શુભભાવ થાય છે. **ઈત્યાદિ શુભભાવો કરે છે**. કરે છે એટલે આવે છે તેને કરે છે એમ કહેવામાં આવે છે. વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! શુભભાવ કરે છે એટલે પરિણમન થાય છે. કહ્યું ને! ભેદરત્નત્રયનું પરિણમન છે ને? શુભભાવનું પરિણમન છે. તો એટલો કર્તા છે. પરિણમનની અપેક્ષાએ કર્તા. કરવા લાયક છે એ અપેક્ષા નહીં. સમજાણું કાંઈ? શુભભાવ કરવા લાયક છે એમ નથી. પણ શુભભાવનું પરિણમન છે. એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. 'પરિણમે સો કર્તા' એ અપેક્ષાએ.

**આ રીતે જે જ્ઞાની જીવ,** ગૃહસ્થ-ગૃહસ્થ. **શુભરાગને સર્વથા છોડી શકતો નથી તે સાક્ષાત મોક્ષને પ્રાપ્ત નથી કરતો,** લ્યો! તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ નથી થતી. **દેવલોકાદિના કલેશની પરંપરાને પામી,** સ્વર્ગમાં જાશે, મનુષ્ય ચક્રવર્તી થશે. કલેશની પરંપરા છે. કહો, સમજાણું કાંઈ? આ બધા મકાનો આરસપહાણના ને બધા. પૈસા એટલા ઘણા આપે. આંકડો હોય એ. એમાં સુખી બુખી (કાંઈ નથી) ધૂળની કલેશ છે એમ કહે છે. લોકો તો બહુ જ માને છે તમને. શેઠીયા સુખી છે. ભાઈ!

મુમુક્ષુ :- માન્યતા ખોટી છે ને?

ઉત્તર :- ખોટી માન્યતા. શેઠીયા સુખી છે. લ્યો! આપણે જેને સારી કન્યા હોય તો એને દયો, ત્યાં સુખી થશે. એમ માને. સમજાણું કાંઈ? આહાહા! અજ્ઞાન અજ્ઞાન અજ્ઞાન છે.

કહે છે કે અહીં એવા આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, આહાહા! કેવી એક વ્યાખ્યા કરતા...પૂજન, ભક્તિ, ગુણગાન, સ્તવન કરે છે તે શુભભાવ છે. દાન આપે છે એ પણ શુભભાવ છે. દાન દેવાથી શુભભાવથી સંસાર પરિત થાય છે એમ નથી એમ કહે છે. લ્યો! કહો, સમજાણું કાંઈ? શ્વેતાંબર શાસ્ત્રમાં તો એવું આવે છે, શાસ્ત્રમાં મૂળ પાઠમાં (એવું આવે છે.) મુનિને મિથ્યાદષ્ટિએ આહાર આપ્યો અને સંસાર પરિત કર્યો. તદ્દન વિપરીત દષ્ટિ. શાસ્ત્રના કર્તા જ મિથ્યાદષ્ટિ છે. એય! વિપાકમાં દસ અધ્યયન છે. અહીં તો બહુ જ ચર્ચા ઘણી જ થઈ છે. આહાહા! સંપ્રદાયવાળાને તો વાત બહુ આકરી લાગે. એય! પંડિતજી! ..કુમારના ભવમાં એ સસલાની દયા પાળી. સસલા સમજો છો? ખરગોસ. સંસાર પરિત કર્યો. હવે છ કાયની દયા પાળ કે નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. શુભભાવ તો શુભભાવ છે. તેનાથી સંસારનો નાશ થાય છે એક ભવનો નાશ થાય છે એ ત્રણકાળમાં નહીં. આ શાસ્ત્રને શાસ્ત્ર માનવું અને તેના કહેવાવાળા પરમાત્મા કેવળી હતા તો કેવળીને પણ એવા માનવા. હેં? કે કેવળીએ એવું કહ્યું છે કે રાગથી દાન આપવાથી પરિત સંસાર થાય છે. કેવળીએ એવું કહ્યું. આહાહા!

મુમુક્ષુ :- સર્વજ્ઞ પ્રભુનો અનાદર કરે છે.

ઉત્તર :- દેવની શ્રદ્ધા નહીં, શાસ્ત્રની સાચી શ્રદ્ધા નહીં, ગુરુની સાચી શ્રદ્ધા નહીં. બધી વિપરીત છે. સમજાણું કાંઈ?

કહે છે કે **ઈત્યાદિ શુભભાવ કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભરાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત મોક્ષને પ્રાપ્ત કરતો નથી. પરંતુ દેવલોકાદિના કલેશની પરંપરાને પામી પછી ચરમદેહે,** આ અચરમશરીરીની વાત કરી. સમજાણું કાંઈ? પછી ચરમદેહ છેલ્લો ભવ થશે. આહાહા! **નિર્વિકલ્પસમાધિવિધાન વડે,** જુઓ! **નિર્વિકલ્પસમાધિ આનંદ દ્વારા વિશુદ્ધદર્શન-જ્ઞાનસ્વભાવવાળા નિજશુદ્ધાત્મામાં સ્થિર થઈને,** વિશુદ્ધદર્શનજ્ઞાન એવો આત્માનો જે સ્વભાવ

તેમાં **નિજશુધ્ધાત્મામાં સ્થિર થઈને,** એમ પાછું. આત્મામાં સ્થિર થઈને **મોક્ષને પ્રાપ્ત કરે છે.** આહાહા! વિધાન તો નિજસ્વભાવમાં નિર્વિકલ્પસમાધિ તે વિધાન છે. રાગનું વિધાન તે મોક્ષનું કારણ નથી. આહાહા! આટલી સ્પષ્ટ વાત (છે.) સમજાણું કાંઈ? તોપણ એવી ગડબડ કરે! અને કહે નહીં, વ્યવહારથી લાભ થાય છે એમ માને નહીં તો એકાંત છે. એય પંડિતજી! હવે હુકમચંદજી જેવા પંડિત પણ જાગ્યા છે. (તે પણ કહે છે) બિલકુલ ખોટું છે. રાગથી લાભ? જયપૂરમાં દ્ષ્ટાત-દ્ષ્ટાંત આપીને બરાબર સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ?

નિર્વિકલ્પસમાધિવિધાન વડે, એ તો વિકલ્પ છે, રાગ છે. એ રાગના કલેશમાંથી છૂટવા માટે નિર્વિકલ્પસમાધિ છે તે છૂટવાનો ઉપાય છે. એ રાગ છૂટવાનો ઉપાય નથી. આહાહા! હેં? બંધ, રાગ છે. આહાહા! મુનિની કેટલી વાત લીધી. સંયમ, તપના ધરવાવાળા. મહાતપ, સંયમ અંતર સમ્યગ્દર્શન સ્વરૂપના આનંદમાં અંદર બહુ જ ઘુસી ગયો છે. પણ એટલો રાગ બાકી રહી ગયો. આહાહા! તોપણ રાગમાં દેવલોક અને મનુષ્યનો ભવ મળશે. તેમાં કલેશ થશે. પછી નિર્વિકલ્પસમાધિ વિધાન દ્વારા રાગને છેદીને મોક્ષ પ્રાપ્ત કરે છે. લ્યો! આહા! પ્રભુશકિત પ્રગટ કરી. પ્રભુત્વશકિત પૂર્ણ પ્રગટ કરી તો મોક્ષ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? ઓહોહો!

અંતમાં કેટલી વાત સ્પષ્ટ કરી દીધી છે. કહો, જેઠાભાઈ! આવું તો સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- તોપણ નથી માનતા

ઉત્તર :- નથી માનતા. છતાં ખોટું માન્યું કે અહીંનું ખોટું અને અમારું સાચું એમ કહે છે. અરે ભગવાન! નવો માર્ગ કાઢયો છે. એમ કહે છે. નવો માર્ગ કાઢયો છે. પ્રકાશજી! ભાઈ એમ કહેતા હત ને?

મુમુક્ષુ :- નવો માર્ગ નથી એ તો જૂનો છે.

ઉત્તર:- એ પ્રકાશજી કહેતા હતા ને. કે આમ લોકો બોલતા હતા. નવો માર્ગ. નવો નહીં અનાદિનો છે. એ માર્ગ જ છે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે કે સત્ય માર્ગનો વિરોધ થઈ ગયો હોય તો પહેલાં સત્ય કાઢે તો કાંઈ નવો નથી એ તો અનાદિનો છે. હા, લીધું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં બધી વાત લીધી છે. બહુ જ વાત! મોક્ષમાર્ગપ્રકાશકમાં તો હજારો બોલનો નિચોડ બતાવ્યો છે. પણ વાંચે નહીં, વિચારે નહીં અને પોતાનો આગ્રહ છોડે નહીં અને પોતાના વિચારથી ...

મુમુક્ષુ :- કોઈ માને નહીં.

ઉત્તર :-માને નહીં. જુનો માર્ગ છે. નવો કોને કહે? વચમાં એવું ઉલટુ થઈ ગયું હોય અને સત્ય માર્ગ હોય તો નવો નથી એ તો અનાદિનો છે. આહાહા! અંદર દાખલા નાખે. કહાન પંથ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- કહાન પંથ જ છે. ......

ઉત્તર :- અમારે ભાઈલાલભાઈનું છે કે નહીં? એ વખતે વઢવાણમાં ભાઈલાલને કહ્યું હતું. કાન પકડાવે એવું છે માટે ત્યાં જાશો નહીં હોં! નહીતર કાન પકડાવશે. આહા!માર્ગ તો એવો છે. અનાદિનો માર્ગ છે. માર્ગ બીજો હોય નહીં. લ્યો! ૧૭૦ ગાથા પૂરી થઈ.

## ગાથા-૧૭૧

**अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण ।**
**जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि ।। १७१ ।।**

अर्हत्सिद्धचैत्यप्रवचनभक्त: परेण नियमेन ।
य: करोति तप:कर्म स सुरलोकं समादत्ते ।। १७१ ।।

अर्हदादिभक्तिमात्ररागजनितसाक्षान्मोक्षस्यान्तरायद्योतनमेतत् ।

य: खल्वर्हदादिभक्तिविधेयबुद्धि: सन् परमसंयमप्रधानमतितीव्रं तपस्तप्यते, स तावन्मात्ररागकलिकलङ्कितस्वान्त: साक्षान्मोक्षस्यान्तरायीभूतं विषयविषद्रुमामोदमोहितान्तरङ्गं स्वर्गलोकं समासाद्य, सुचिरं रागाङ्गारै: पच्यमानोऽन्तस्ताम्यतीति ।। १७१ ।।

**જિન-સિધ્ધ-પ્રવચન-ચૈત્ય પ્રત્યે ભક્તિ ધારી મન વિષે,**
**સંયમ પરમ સહ તપ કરે, તે જીવ પામે સ્વર્ગને. ૧૭૧.**

અન્વયાર્થ :- (य:) જે (જીવ), (अर्हत्सिद्धचैत्यप्रवचनभक्त:) અર્હંત, સિધ્ધ, ચૈત્ય (-અર્હંતાદિની પ્રતિમા) અને પ્રવચન (-શાસ્ત્ર) પ્રત્યે ભક્તિયુકત વર્તતો થકો (परेण नियमेन) પરમ સંયમ સહિત (तप:कर्म) તપકર્મ (-તપરૂપ કાર્ય) (करोति) કરે છે, (स:) તે (सुरलोकं) દેવલોકને (समादत्ते) સંપ્રાપ્ત કરે છે.

ટીકા :- આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે.

જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુધ્ધિવાળો વર્તતો થકો *પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે, તે (જીવ), માત્ર તેટલા રાગરૂપ કલેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (-મલિન) છે એવો વર્તતો થકો, વિષયવિષવૃક્ષના *આમોદથી

*પરમસંયમપ્રધાન = ઉત્કૃષ્ટ સંયમ જેમાં મુખ્ય હોય એવું
*આમોદ = (૧) સુગંધ; (૨) મોજ.

**જ્યાં અંતરંગ (-અંતઃકરણ) મોહિત હોય છે એવા સ્વર્ગલોકને-કે જે સાક્ષાત મોક્ષને અંતરાયભૂત છે તેને-સંપ્રાપ્ત કરીને, સુચિરકાળ પર્યંત (-ઘણા લાંબા કાળ સુધી) રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (-દુઃખી, વ્યથિત) થાય છે. ૧૭૧.**

## ગાથા-૧૭૧ ઉપર પ્રવચન

**अरहंतसिद्धचेदियपवयणभत्तो परेण णियमेण ।**
**जो कुणदि तवोकम्मं सो सुरलोगं समादियदि ।। १७१ ।।**

મૂળ પાઠમાં થોડું છે. **જે જીવ અર્હંતાદિની ભક્તિયુક્ત વર્તતો થકો,** સિદ્ધની ભક્તિ. આ ચૈત્ય અર્હંતાદિની પ્રતિમા ભગવાન કુંદકુંદઆચાર્યએ અહીંયા સિદ્ધ કર્યું છે. પ્રતિમા હતી, અનાદિની છે. નવી છે નહીં. જુઓ! કુંદકુંદઆચાર્યએ બે ઠેકાણે પહેલાં અર્હંત, સિદ્ધ લીધા હતા. પહેલાં આવ્યું હતું ને? હેં? કેટલામાં? ૧૬૬ માં. અર્હંત, સિદ્ધ છે, જુઓ! ત્યાં પણ આવ્યું હતું.

કુંદકુંદઆચાર્ય ભગવાન પાસે ગયા હતા. ત્યાંથી આવ્યા અને પ્રતિમા છે એમ સિદ્ધ કરે છે. જો પ્રતિમા નથી એમ માને તો એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? અરે! અરે! શેઠ! છે અંદરમાં? આપણે ૧૭૧. લ્યો ને! બેયમાં છે. અથંમાં છે. અર્થમાં જુઓ! **અન્વયાર્થ. જે જીવ અર્હંત, સિદ્ધ, ચૈત્ય (અર્હંતાદિની પ્રતિમા)** અર્હંતાદિની પ્રતિમામાં પાંચેય પદની પ્રતિમા શાસ્ત્રમાં છે. સમજાણું કાંઈ? અનાદિની વાત છે. તે નવી વાત છે નહીં. કહે છે કે તેનો પ્રેમ છે તો અર્હંતાદિની પ્રતિમા છે ને? ભાઈ! તેનો પ્રેમ છે, ભક્તિ છે તો અર્હંતાદિની પ્રતિમા છે એમ કુંદકુંદાચાર્યદેવે સિદ્ધ કર્યું છે. આહાહા! સમજાણું કાંઈ? પહેલાં એકસો છાંસઠમાં આવી ગયું છે. ત્યાં ચૈત્ય પ્રતિમા લીધી હતી. અહીં પણ પ્રતિમા લીધી છે. સમજાણું કાંઈ?

**અર્હંતાદિની પ્રતિમા અને પ્રવચન, શાસ્ત્ર પ્રત્યે ભક્તિયુક્ત વર્તતો થકો,** તો એ વસ્તુ છે તેના ઉપર પ્રેમ છે ને? નથી તેના ઉપર પ્રેમ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? તો કેવો**વર્તતો થકો પરમ સંયમ સહિત તપકર્મ (તપરૂપ કાર્ય) કરે છે**. પરમ સંયમ હોય, અતીન્દ્રિય આનંદમાં સંયમદશા હોય, તપ અને ઈચ્છા નિરોધ આદિ પણ હોય. પણ **તે દેવલોકને સંપ્રાપ્ત કરે છે.** જ્યાં સુધી અર્હંત, સિદ્ધ પ્રતિમા અને પ્રવચન. ભગવાનના કહેલાં શાસ્ત્ર તેના પ્રત્યે પણ જ્યાં સુધી ઝૂકાવનો રાગનો ભાગ છે ત્યાં સુધી મોક્ષ નહીં થાય. દેવલોકમાં જાશે. સમજાણું કાંઈ? તો આ એમાં સિદ્ધ થાય છે કે નહીં?

અર્હંતની, સિદ્ધની, સાધુની સાચા હો સાચા. પંચપરમેષ્ઠીની પ્રતિમા અનાદિની છે. કોઈ ના પાડે

તો અનાદિ સનાતન સત્‌નો વિરોધ કરે છે. સમજાણું કાંઇ? મિથ્યાદષ્ટિ છે. એવી વાત છે.

શું કહે છે જુઓ ને? માર્ગની પ્રભાવના માટે પંચાસ્તિકાયની ગાથા ૧૭૩ માં છે. માર્ગની પ્રભાવના માટે પ્રેરક થઈને આ બનાવ્યું છે. એમ કુંદકુંદાચાર્યદેવ પોતે ફરમાવે છે. ૧૭૩ ગાથામાં આવશે. એ આગમ પ્રત્યે પ્રેમ, પ્રતિમા પ્રત્યે પ્રેમ. પાંચ પદ પ્રત્યે પ્રેમ. આહાહા! સમજાણું કાંઇ? અને **તે દેવલોકને સંપ્રાપ્ત કરે છે.** તેને મુક્તિ થશે નહીં. આહાહા! કહો, વીરેન્દ્રકુમાર! જુઓ! અહીં પ્રતિમા સિધ્ધ કરી છે. ઓલા ના પાડે છે ને? પ્રતિમા અમે નથી પૂજતા તમે પૂજો છો. જોવા ગયા હતા ને? ..... અમે કયાં પૂજીએ છીએ. પૂજે કે નહીં પણ જગતમાં છે કે નહીં?

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. ચૈત્ય પ્રતિમા છે અહીંયા. સમજાણું કાંઇ? કારણ કે પ્રવચન તો જુદાં કર્યા છે. કોઇ કહે કે ચૈત્ય એટલે ત્યાં શાસ્ત્ર થાય છે. લખ્યું છે પણ બેય જુદી વાત છે. બધા આખા એક એક શબ્દને જુદાં કર્યા છે. કોઇ એમ કહે કે ચૈત્ય તો જિનવાણી છે. સમજાણું કાંઇ? જુઓ! એકસો છાંસઠમાં જુઓ! **અર્હંત, સિધ્ધ, ચૈત્ય (-અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ.** એકસો છાંસઠ ગાથા. આહાહા!

મુમુક્ષુ :- જેટલી દલીલ હોય એ બધી મુકી છે.

ઉત્તર :- બધી બધી વાત મુકી. આચાર્યએ તો બહુ જ સ્પષ્ટ કરી દીધું છે. એકસો છાસઠ.

અર્હંતની ભક્તિ સિધ્ધ ચૈત્ય એટલે પ્રતિમા. જો ચૈત્યને ત્યાં શાસ્ત્ર કહે, તો અહીં શાસ્ત્ર તો આવે છે. પ્રવચનમાં શાસ્ત્ર તો આવ્યા છે. ૧૩ નામ આવ્યા છે. પ્રવચનગણ, જ્ઞાન, ભક્તિ પાછું જ્ઞાન પણ આવ્યું છે. સ્થાનકવાસી ચૈત્યનો અર્થ જ્ઞાન થાય છે એમ પણ કહે છે. તો અહીં બીજા અર્થ આવ્યા છે. આહાહા! માણસને જેમાં પડયો તેમાંથી નીકળવું (આકરું પડે છે). સમજાણું કાંઇ?

પ્રવચન, શાસ્ત્ર, જ્ઞાન, ચૈત્ય ત્રણે જુદા પાડયા છે. કોઇ ચૈત્યનો અર્થ એકલો વાણી જ કરે એમ છે નહીં. વસ્તુનું સ્વરૂપ એવું છે નહીં. કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા, આઠ દિવસ રહ્યા (ત્યાંથી આવીને શાસ્ત્રની રચના કરી) તેને (સાચા) શાસ્ત્ર કહે છે. સમજાણું કાંઇ? આમાં નથી. સંસ્કૃત ટીકામાં છે. આ જયસેનાચાર્યની ટીકામાં પણ છે. આમાં છે. આમાં તો કાંઇ નથી ને? ફૂટનોટમાં લીધું છે. ટીકામાં છે. જુઓ! જયસેનાચાર્યની ટીકામાં છે. આપણે લીધું છે. હિન્દીમાં લીધું છે. ત્રીજે પાને છે. પાઠમાં સંસ્કૃત છે આમાં. જયસેનાચાર્યની ટીકા છે.

આ શાસ્ત્રના કર્તા શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ છે. ત્રીજે પાને છે. તેના બીજા નામ પદ્મનંદી, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃધ્ધપિચ્છાચાર્ય છે. જયસેનાચાર્યદેવ શાસ્ત્રની તાત્પર્યવૃત્તિ નામની ટીકા પ્રારંભ કરતાં લખે છે. આ શ્રી કુમારનંદી સિધ્ધાંતિદેવના શિષ્ય શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ જેના બીજા નામ પદ્મનંદી આદિ હતા. તેના પ્રસિધ્ધ કથા ન્યાયથી પૂર્વ વિદેહમાં જઇને, પૂર્વના વિદેહક્ષેત્રમાં જઇને

ભગવાન પાસે ગયા હતા. જુઓ! વીતરાગ સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવના દર્શન કરીને તેના મુખકમળમાંથી નીકળેલી દિવ્યધ્વનિના શ્રવણથી અવધારિત પદાર્થ દ્વારા, સંસ્કૃત ટીકાકાર છે અહીંયા હો!

શુધ્ધાત્મ તત્ત્વ આદિ સારભૂત અર્થ ગ્રહણ કરીને, ત્યાંથી પાછા આવીને, અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ ગૌણમુખ્ય પ્રતિપાદનના હેતુ શીવકુમાર મહારાજ આદિ શિષ્યોના પ્રતિબુધ્ધનાર્થે રચાયેલાં પંચાસ્તિકાય શાસ્ત્ર યથાક્રમથી અધિકારશુધ્ધિપૂર્વક તાત્પર્યાર્થે વ્યાખ્યાન કરવામાં આવે છે. સંસ્કૃતમાં હોં! માણસને પોતાનો પક્ષ માનવામાં મોટી શું કહેવાય? વીટંબણા થાય છે. હોય સાધારણ વાત પણ પક્ષ છોડવો બહુ (મુશ્કેલ પડે છે). આહાહા! સમજાણું કાંઈ?

અહીં પણ આચાર્યદેવ એકસો એકોતેરમાં કહે છે. પ્રવચન અહીં જુદું આપ્યું છે. જુઓ! **અર્હંત, સિધ્ધ, ચૈત્ય, પ્રવચન.** આમાં જુદું લીધું છે. પ્રવચન જુદું લીધું, એમ નહીં. કોઈ એમ કહે કે ચૈત્યનો અર્થ અહીં શાસ્ત્ર થાય છે. એવું નથી ત્યાં ચૈત્યનો અર્થ જ્ઞાન થાય છે એમ પણ નથી. જ્ઞાન જુદું લીધું છે. અર્હંત, સિધ્ધ, ચૈત્ય અર્હંતાદિની પ્રતિમા અને પ્રવચન પ્રત્યે ભક્તિસંપન્ન વર્તે છે. પરમસંયમ સહિત છે અને તપરૂપી કાર્ય. જેની પાસે ઈચ્છા નિરોધરૂપી આનંદનું કાર્ય છે. છતાં તે દેવલોકને સંપ્રાપ્ત કરશે. દેવલોકમાં જશે. પોતાની સ્થિતિ બતાવે છે. અમારે પણ આટલો રાગ રહેશે અને સ્વર્ગની પ્રાપ્તિ થશે. આહાહા! સમજાણું કાંઈ?

**ટીકા :- આ, માત્ર અર્હંતાદિની ભક્તિ જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે**. જુઓ! અંતરાય. ઓલામાં પરંપરા કારણ કહ્યું અને અહીંયાં અંતરાય કહ્યું. સમજાણું કાંઈ? માત્ર પંચપરમેષ્ઠી, તેની પ્રતિમા, તેના પ્રવચન, તેનું જ્ઞાન, તેના પ્રત્યે પ્રેમ. જેટલા રાગથી ઉત્પન્ન થતો જે સાક્ષાત મોક્ષનો અંતરાય તેનું પ્રકાશન છે. મોક્ષમાં અંતરાય કરવાવાળો એટલો રાગ. આહાહા! સમજાણું કાંઈ? **જે (જીવ) ખરેખર અર્હંતાદિની ભક્તિને આધીન બુધ્ધિવાળા**. લ્યો! **આધીન બુધ્ધિવાળો વર્તતો થકો,** ત્યાં એટલી બુધ્ધિ ગઈ ને?

**પરમ-સંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે**. પરમસંયમ જેમાં મુખ્ય હોય. પરમસંયમ જેમાં મુખ્ય હોય. હા, એમ. **પરમસંયમપ્રધાન અતિતીવ્ર તપ તપે છે.** જેમાં સંયમ ઉત્કૃષ્ટ છે અને તપ તપે છે એટલે ઈચ્છા નિરોધ છે. એ તપ. આહાહા! તે જીવ માત્ર તેટલા રાગરૂપ કલેશથી, પંચપરમેષ્ઠીના વિકલ્પનો એટલો રાગ રહ્યો એ કલેશ છે. એ શુભભાવ રાગરૂપી કલેશ છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ ધર્મીની વાત છે ને.

ઉત્તર :- આ ધર્મીની વાત છે અજ્ઞાનીની વાત અહીં છે જ ક્યાં? સમ્યગ્દષ્ટિ જ્ઞાનીની અહીં વાત છે. અને તે મુનિ. મુનિને પણ ભગવાનની પ્રતિમાનો પ્રેમ છે. પ્રતિમા છે, મંદિર છે, અર્હંત છે, સિધ્ધ

છે, પ્રવચન છે, શાસ્ત્ર છે અને જ્ઞાન પણ છે. સમજાણું કાંઈ? તેના પ્રત્યે રાગરૂપ કલેશથી જેનું નિજ અંતઃકરણ કલંકિત (-મલિન) છે. આહાહા! વીતરાગમાર્ગ! સમજાણું કાંઈ?

હજી શ્રદ્ધામાં ઠેકાણા નહીં અને કહે કે રાગથી ધર્મ થાય છે ને આમ ધર્મ થાય છે. અહીં તો કહે કે રાગ કલંકિત (છે). અંતરાય કરવાવાળો છે. અમારા પ્રત્યેનો તારો રાગ કલંકિત રાગ છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજે ઠેકાણે લખ્યું છે.

ઉત્તર :- બીજે ઠેકાણે લખ્યું નથી. બીજે ઠેકાણે લખ્યું છે કે રાગથી કાંઈક લાભ થશે. સાધન ફાધન કાંઈ છે નહીં. બધા વ્યવહારના કથન છે. નથી તેને કહેવું તે વ્યવહારનું લક્ષણ છે. એવું છે નહીં. એવું છે નહીં તેને વ્યવહાર કહે છે. વ્યવહાર અન્યથા કથન કરે છે. સમજાણું કાંઈ?

આ તો મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું છે. વ્યવહાર અન્યથા કથન કરે છે. છે એવું કથન કરે એ તો નિશ્ચય છે. કહે છે, અરે! **જેનું નિજ અંતઃકરણ,** રાગ તે મનનો ભાવ છે ને? **કલંકિત છે એવો વર્તતો થકો, વિષયવિષવૃક્ષના આમોદથી જ્યાં,** આહાહા! એ સ્વર્ગમાં કયાં છે? કહે છે કે શુભરાગથી સ્વર્ગમાં જાશે તો સ્વર્ગમાં છે શું? અને ચક્રવર્તી આદિ પદ મળશે તો તેમાં છે શું? આહાહા! **વિષયવિષવૃક્ષ,** એ તો વિષયના ઝેરનું વૃક્ષ છે. બહારના દેવલોકના પદ આદિ શુભરાગથી એવા વિષયના ઝેરના વૃક્ષ મળશે. આહાહા! **વિષયવિષવૃક્ષના આમોદથી,** જુઓ! આમોદ એટલે સુગંધ, મોજ છે. ત્યાં વિષયરૂપી ઝેરના ઝાડનો આમોદ, મોજ છે. સ્વર્ગમાં અને સમકિતી હો જ્ઞાની. એને પંચપરમેષ્ઠી પ્રત્યેનો, અર્હંત, સિદ્ધ ભગવાન પ્રત્યેના સ્મરણ આદિનો રાગ બાકી રહી ગયો. આહાહા! એ પોતાની વાત કરે ને? છેલ્લું છે ને? દેવલોકમાં જાવું છે ને? આહાહા! ત્યાં તો આ વિષયના ઝેરના ઝાડની મોજ છે. ઝેરરૂપી ઝાડનો આમોદ, મોજ છે. ત્યાં સુખરૂપી મોજ છે એમ છે? છે નહીં.... આહાહા!

**વિષયવિષવૃક્ષના આમોદથી,** વિષયરૂપી ઝેરના ઝાડની મજા છે. એની ત્યાં સ્વર્ગમાં ને ચક્રવર્તીમાં સુગંધ છે. એમ કહે છે. **જ્યાં અંતરંગ (અંતઃકરણ) મોહિત થાય છે.** આહાહા! એ બહાર ઉપરની એટલી સાવધાની હોં! છે સમકિતી. પણ બહાર ઉપર એટલી સાવધાની. છે ચારિત્રનો દોષ હો! આ મોહિત એટલે અને મિથ્યાત્વનો દોષ નહીં. સમજાણું કાંઈ? આત્માના આનંદનું ભાન છે. આનંદનો આદર છે. આનંદ પ્રગટ થયો છે. પણ વચ્ચે એટલો રાગનો કણિયો રહી ગયો તો વિષયના ઝેરના ઝાડની મોજ તેને મળશે. આહાહા! જેમ વિષના ઝાડના ઝાડ હોય અને ફળ તોડે, ઝેરના ઝાડના ફળ તોડે તેમ ત્યાં મોજ એ ઝેરના ઝાડના ફળ છે. આહાહા! ભારે વાત! આહાહા!

**મોહિત હોય છે એવા સ્વર્ગલોકને,** મોહિત હોય છે **એવા સ્વર્ગલોકને.** જુઓ! અહીંયાં

એકલા સ્વર્ગલોકની વ્યાખ્યા કરી. **-કે જે સાક્ષાત મોક્ષને અંતરાયભૂત છે.** એ ત્યાં સ્વર્ગમાં જાવું એ તો મોક્ષની અંતરાયભૂત વાત છે. આહાહા! **તેને-સંપ્રાપ્ત કરીને,** એ ઝેરના ઝાડને પ્રાપ્ત કરીને, કે જે સ્વર્ગનું સુખ સાક્ષાત મોક્ષને વિઘ્ન કરવાવાળું છે. આહાહા! **સુચિરકાળ પર્યંત (-ઘણા લાંબા કાળ સુધી)** બહુ જ લાંબા કાળ સુધી. આયુષ્ય લાંબુ કેટલું? ઓહોહો! તેત્રીસ તેત્રીસ સાગર! એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમમાં અસંખ્ય અબજના વર્ષ. બહુ જ લાંબા કાળ. રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો, રાગરૂપી અગ્નિથી શેકાઈ જાશે. આહાહા! શુભ પણ કષાયઅગ્નિ છે ને? સમજાણું કાંઈ? પંચમહાવ્રતના વિકલ્પ આદિનો રાગ થાય છે ખરા પણ એ છે તો અગ્નિ. કષાયઅગ્નિ છે.

**રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (-દુઃખી, વ્યથિત થાય છે.)** આહાહા! એ શુભભાવમાં, કલેશમાં તો વ્યથિત થશે. ઝેરના ઝાડમાં. સુખ બુખ છે નહીં. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૭૨

**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि ।**
**सो तेण वीदरागो भविओ भवसायरं तरदि ।। १७२ ।।**

**तस्मान्निर्वृत्तिकामो रागं सर्वत्र करोतु मा किञ्चित् ।**
**स तेन वीतरागो भव्यो भवसागरं तरति ।। १७२ ।।**

**साक्षान्मोक्षमार्गसारसूचनद्वारेण शास्त्रतात्पर्योपसंहारोऽयम् ।**

**साक्षान्मोक्षमार्गपुरस्सरो हि वीतरागत्वम् । ततः खल्वर्हदादिगतमपि रागं चन्दननगसङ्गतमग्निमिव सुरलोकादिक्लेशप्राप्त्याऽत्यन्तहमन्तर्दाहाय कल्पमानमाकलय्य साक्षान्मोक्षकामो महाजनः समस्तविषयमपि रागमुत्सृज्यात्यन्तवीतरागो भूत्वा समुच्छलज्ज्वलद्दुःखसौख्यकल्लोलं कर्माग्नितप्तकलकलोदभारप्राग्भारभयङ्करं भवसागरमुत्तीर्य, शुद्धस्वरूपपरमामृतसमुद्रमध्यास्य सद्यो निर्वाति ।।**

**अलं विस्तरेण । स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति । द्विविधं किल तात्पर्यम्–सूत्रतात्पर्यं शास्त्रतात्पर्यञ्चेति । तत्र सूत्रतात्पर्यं प्रतिसूत्रमेव प्रतिपादितम्। शास्त्रतात्पर्यं त्विदं प्रतिपाद्यते । अस्य खलु पारमेश्वरस्य शास्त्रस्य, सकलपुरुषार्थसारभूतमोक्षतत्त्वप्रतिपत्तिहेतोः पञ्चास्तिकायषड्द्रव्यस्वरूपप्रतिपादनेनोपदर्शितसमस्तवस्तुस्वभावस्य, नवपदार्थप्रपञ्चसूचनाविष्कृतबन्धमोक्षसम्बन्धिबन्धमोक्षायतनबन्धमोक्षविकल्पस्य, सम्यगावेदित–**

निश्चयव्यवहाररूपमोक्षमार्गस्य, साक्षान्मोक्षकारणभूतपरमवीतरागत्वविश्रान्तसमस्तहृदयस्य, परमार्थतो वीतरागत्वमेव तात्पर्यमिति । तदिदं वीतरागत्वं व्यवहारनिश्चयाविरोधेनैवानुगम्यमानं भवति समीहितसिद्धये, न पुनरन्यथा । व्यवहारनयेन भिन्नसाध्यसाधनभावमवलम्ब्यानादिभेद-वासितबुद्धय: सुखेनैवावतरन्ति तीर्थं प्राथमिका: । तथाहि-इदं श्रद्धेयमिदमश्रद्धेयमयं श्रद्धातेदं श्रद्धानमिदं ज्ञेयमिदमज्ञेयमयं ज्ञातेदं ज्ञानमिदं चरणीयमिदमचरणीयमयं चरितेदं चरणमिति कर्तव्या-कर्तव्यकर्तृकर्मविभागावलोकनोल्ल सितपेशलोत्साहा: शनै:शनैर्मोहमल्लमुन्मूलयन्त:, कदाचिद-ज्ञानान्मदप्रमादतन्त्रतया शिथिलितात्माधिकारस्यात्मनो न्यायपथप्रवर्तनाय प्रयुक्तप्रचण्ड-दण्डनीतय:, पुन: पुन: दोषानुसारेण दत्तप्रायश्चित्ता: सन्ततोद्यता: सन्तोऽथ तस्यैवात्मनो भिन्नविषयश्रद्धान-ज्ञानचारित्रैरधिरोप्यमाणसंस्कारस्य भिन्नसाध्यसाधनभावस्य रजकशिलातल-स्फाल्यमानविमलसलिलाप्लुतविहितोषपरिष्वङ्गमलिनवासस इव मनाङ्मनाग्विशुद्धिमधिगम्य निश्चयनयस्य भिन्न-साध्यसाधनभावाभावाद्दर्शनज्ञानचारित्रसमाहितत्वरूपे विश्रान्तसकलक्रिया-काण्डाडम्बरनिस्तरङ्गपरमचैतन्यशालिनि निर्भरानन्दमालिनि भगवत्यात्मनि विश्रान्तिमासूत्रयन्त: क्रमेण समुपजातसमरसीभावा: परमवीतरागभावमधिगम्य, साक्षान्मोक्षमनुभवन्तीति ।

अथ ये तु केवलव्यवहारावलम्बिनस्ते खलु भिन्नसाध्यसाधनभावावलोकनेनाऽनवरतं नितरां खिद्यमाना मुहुर्मुहुर्धर्मादिश्रद्धानरूपाध्यवसायानुस्यूतचेतस:, प्रभूतश्रुतसंस्काराधिरो-पितविचित्रविकल्पजालकल्माषितचैतन्यवृत्तय:, समस्तयतिवृत्तसमुदायरूपतप:प्रवृत्तिरूप-कर्मकाण्डोड्डमराचलिता:, कदाचित्किञ्चिद्रोचमाना:, कदाचित्किञ्चिद्विकल्पयन्त:, कदाचि-त्किञ्चिदाचरन्त:; दर्शनाचरणाय कदाचित्प्रशाम्यन्त:, कदाचित्संविजमाना:, कदाचिदनु-कम्पमाना:, कदाचिदास्तिक्यमुद्वहन्त:, शङ्काकाङ्क्षाविचिकित्सामूढदृष्टितानां व्युत्थापननिरोधाय नित्यबद्धपरिकरा:, उपबृंहणस्थितिकरणवात्सल्प्रभावनां भावयमाना वारंवारमभिवर्धितोत्साहा; ज्ञानाचरणाय स्वाध्यायकालमवलोकयन्तो, बहुधा विनयं प्रपञ्चयन्त:, प्रविहितदुर्धरोपधाना:, सुष्ठु बहुमानमातन्वन्तो, निह्नवापत्तिं नितरां निवारयन्तोऽर्थव्यञ्जनतदुभयशुद्धौ नितान्तसावधाना:, चारित्राचरणाय हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहसमस्तविरतिरूपेषु पञ्चमहाव्रतेषु तन्निष्ठवृत्तय:, सम्यग्योगनिग्रहलक्षणासु गुप्तिषु नितान्तं गृहीतोद्योगा, ईर्याभाषेषणादाननिक्षेपोत्सर्गरूपासु समितिष्वत्यन्तनिवेशितप्रयत्ना:; तपआचरणायानशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्याग-विविक्तशय्यासनकायक्लेशेष्वभीक्ष्णमुत्सहमाना:, प्रायश्चित्तविनयवैयावृत्त्यव्युत्सर्गस्वाध्याय-ध्यानपरिकराङ्कुशितस्वान्ता; वीर्याचरणाय कर्मकाण्डे सर्वशक्त्या व्याप्रियमाणा:; कर्मचेतना-प्रधानत्वाद्दूरनिवारिताऽशुभकर्मप्रवृत्तयोऽपि समुपात्तशुभकर्मप्रवृत्तय:, सकलक्रियाकाण्डा-डम्बरोत्तीर्णदर्शनज्ञानचारित्रैक्यपरिणतिरूपां ज्ञानचेतनां मनागप्यसम्भावयन्त:, प्रभूतपुण्य-

भारमन्थरितचित्तवृत्तय:, सुरलोकादिक्लेशप्राप्तिपरम्परया सुचिरं संसारसागरे भ्रमन्तीति । उक्तञ्च–''चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्कवावारा । चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति ।।''

येऽत्र केवलनिश्चयावलम्बिन: सकलक्रियाकर्मकाण्डाडम्बरविरक्तबुद्धयोऽर्धमीलित-विलोचनपुटा: किमपि स्वबुद्ध्यावलोक्य यथासुखमासते, ते खल्ववधीरितभिन्नसाध्य-साधनभावा अभिन्नसाध्यसाधनभावमलभमाना अन्तराल एव प्रमादकादम्बरीमदभराल-सचेतसो मत्ता इव, मूर्च्छिता इव, सुषुप्ता इव, प्रभूतघृतसितोपलपायसासादितसौहित्या इव, समुल्बणबलसञ्जनितजाड्या इव, दारुणमनोभ्रंशविहितमोहा इव, मुद्रितविशिष्टचैतन्या वनस्पतय इव, मौनीन्द्रीं कर्मचेतनां पुण्यबन्धभयेनानवलम्बमाना अनासादितपरमनैष्कर्म्यरूप-ज्ञानचेतनाविश्रान्तयो व्यक्ताव्यक्तप्रमादतन्त्रा अरमागतकर्मफलचेतनाप्रधानप्रवृत्तयो वनस्पतय इव केवलं पापमेव बध्नन्ति । उक्तञ्च–''णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता । णासंति चरणकरणं बाहरि–चरणालसा केई ।।''

ये तु पुनरपुनर्भवाय नित्यविहितोद्योगमहाभागा भगवन्तो निश्चयव्यवहारयोरन्यतरानव-लम्बनेनात्यन्तमध्यस्थीभूता: शुद्धचैतन्यरूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखा: प्रमादोदयानु-वृत्तिनिवर्तिकां क्रियाकाण्डपरिणतिं माहात्म्यान्निवारयन्तोऽत्यन्तमुदासीना यथाशक्त्याऽऽ-त्मानमात्मनाऽऽत्मनि सञ्चेतयमाना नित्योपयुक्ता निवसन्ति, ते खलु स्वतत्त्वविश्रान्त्यनुसारेण क्रमेण कर्माणि सन्न्यसन्तोऽत्यन्तनिष्प्रमादा नितान्तनिष्कम्पमूर्तयो वनस्पतिभिरुपमीयमाना अपि दूरनिरस्तकर्मफलानुभूतय: कर्मानुभूतिनिरुत्सुका: केवलज्ञानानुभूतिसमुपजाततात्त्विका-नन्दनिर्भरतरास्तरसा संसारसमुद्रमुत्तीर्य शब्दब्रह्मफलस्य शाश्वतस्य भोक्तारो भवन्तीति ।। १७२ ।।

---

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨.**

**અન્વયાર્થ :-** (तस्मात्) તેથી (निवृत्तिकाम:) મોક્ષાભિલાષી જીવ (सर्वत्र) સર્વત્ર (किञ्चित् रागं) કિંચિત્ પણ રાગ (मा करोतु) ન કરો; (तेन) એમ કરવાથી (स: भव्य:) તે ભવ્ય જીવ (वीतराग:) વીતરાગ થઈ (भवसागरं तरति) ભવસાગરને તરે છે.

**ટીકા :-** આ, સાક્ષાત્મોક્ષમાર્ગના સાર-સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે (અર્થાત્ અહીં સાક્ષાતમોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે).

---

સાક્ષાત્‌મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર *અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કામાગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.

-વિસ્તારથી બસ થાઓ. જયવંતવર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે.

તાત્પર્ય દ્વિવિધ હોય છેઃ *સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. તેમાં, સૂત્રતાત્પર્ય સૂત્રદીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને શાસ્ત્રતાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે :-

સર્વ *પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્‌દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે. નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી), બંધ-મોક્ષના આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યા છે. નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે-એવા આ ખરેખર *પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.

તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના *અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઇચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી.

(ઉપરોકત વાત વિશેષ સમજાવવામાળં આવે છેઃ-)

અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે *ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને *સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભ ભૂમિકાને સેવે છે). જેમ કે : ન(૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે અને (૪) આ શ્રદ્ધાન છે; (૧) આ જ્ઞાન છે; (૧) આચરણીય (આચરવાયોગ્ય) છે, (૨) આ અનાચરણીય છે, (૩) આ

આચરનાર છે અને (૪) આ આચરણ છે;'-એમ (૧) કર્તવ્ય (કરવાયોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ (-મંદ) ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને રાગાદિને ઉખેડતા જાય છે; કદાચિત્ અજ્ઞાનને લીધે (-સ્વસંવેદનના અભાવને લીધે) મદ કષાય અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે; ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે; વળી, *ભિન્નવિષયવાળા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (-આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે-ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક-થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને, તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (-અભાવને લીધે) જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃધ્ધ છે એવા ભગવાનઆત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐકયસ્વરૂપ નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી તથા ભરપૂર આનંદયુક્ત એવા ભગવાનઆત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.

(હવે કેવળ વ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છેઃ-)

પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર *ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા, (૧) ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી, (૨) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી, (૧) કયારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે (૨) કયારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે અને (૩) કયારેક કાંઈક આચરણ કરે છે; દર્શનાચરણ માટે-તેઓ કદાચિત્

પ્રશમિત થાય છે, કદાચિત સંવેગ પામે છે, કદાચિત અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિકયને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબધ્ધ રહે છે, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે; જ્ઞાનાચરણ માટે-સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે, દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે, નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને *તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે; ચારિત્રાચરણ માટે-હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (-યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે, ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે; તપાચરણ માટે-અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયકલેશમાં સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ *પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે; વીર્યાચરણ માટે-કર્મકાંડમાં સર્વ શક્તિ વડે *વ્યાપૃત રહે છે; આમ કરતા થકા કર્મચેતનાપ્રધાનપણાને લીધે-જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ-શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐકયપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા પુષ્કળ પુણ્યના ભારથી *મંથર થઈ ગયેલી ચિતવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના કલેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસાર સાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે- चरण करणप्पहाणा ससमयपरमत्थमुकक्कवावारा चरणकरणस्स सारं णिच्छयशुद्धं ण जाणंति ।। (અર્થાત્ જેઓ ચરણપરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુધ્ધ (આત્મા) તેને જાણતા નથી.)*

(હવે કેવળ નિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છેઃ-)

હવે, જેઓ કેવળ નિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ-જેમ સુખ ઉપજે તેમ-રહે છે), તેઓ ખરેખર *ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,

અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (-શુભ તેમજ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર,ખીર ખાઈને તૃપ્તિ પામેલા (-ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (-મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનિન્દ્રની કર્મચેતનાને *પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહીં પામ્યા થકા, (માત્ર) વ્યકત-અવ્યકત પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક, કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે- णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता । णासंति चरणकरणं बाहरिचरणालसाकेई ।। (અર્થાત્ નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણપરિણામનો નાશ કરે છે.)*

(હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો *સુમેળ રહે એવી રીતે ભૂમિકાઅનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છેઃ-)

પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા *મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ *એકને જ નહિ અવલંબતા હોવાથી (-કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાવલંબી નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના *વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા, પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડ પરિણતિને માહાત્મ્યમાંથી વારતા (-શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા), અત્યંત ઉદાસીન વર્તતા, યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા (અનુભવતા) થકા નિત્ય-ઉપયુકત રહે છે, તેઓ (-તે મહાભાગ ભગવંતો), ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા (-સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા), અત્યંત નિષ્પ્રમાદ વર્તતા અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા, કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા, કેવળ (માત્ર) જ્ઞાનાભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા શીઘ્ર સંસારસમુદ્રને પાર ઊતરી,

શબ્દબ્રહ્મના શાશ્વત ફળના (-નિર્વાણસુખના) ભોકતા થાય છે. ૧૭૨.

---

*અર્હંતાદિગત રાગ = અર્હંતાદિ પ્રત્યેનો રાગ; અર્હંતાદિવિષયક રાગ; અર્હંતાદિનો રાગ. (જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.)

*એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે અને આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.

*પુરુષાર્થ = પુરુષ-અર્થ; પુરુષ-પ્રયોજન. (પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; પરંતુ સર્વ પુરુષ અર્થોમાં મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.)

*પારમેશ્વર = પરમેશ્વરના; જિનભગવાનના; ભાગવત; દૈવી; પવિત્ર.

*છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુધ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ મહાવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુધ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ દેશવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.

*મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુધ્ધતાએ પરિણત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુધ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)

*સુખે કરીને = સુગમપણે; સહજપણે; કઠિનતા વિના (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપનાં શ્રધ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુધ્ધિની સાથે સાથે શ્રધ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે. કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.)

*વ્યવહાર-શ્રધ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે; કારણ કે વ્યવહારશ્રધ્ધાનનો વિષય નવ પદાર્થો છે, વ્યવહારજ્ઞાનનો વિષય અંગ-પૂર્વ છે અને વ્યવહારચારિત્રનો વિષય આચારાદિસૂત્રકથિત મુનિ-આચારો છે.

*જેવી રીતે ધોબી પાષાણશિલા, પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુધ્ધિ કરતો જાય છે, તેવી રીતે પાક્‌પદવીસ્થિત જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુધ્ધિ કરતો જાય છે એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. પરમાર્થ એમ છે કે તે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે જે શુધ્ધાત્મસ્વ -રૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે તે જ ઉગ્ર થતું થતું વિશેષ શુધ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુધ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુધ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુધ્ધિની વૃધ્ધિ કરવાનું સાધન છે. સાથે રહેલા શુભભાવોને શુધ્ધિની વૃધ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચારકથન છે. શુધ્ધિની વૃધ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુધ્ધિની વૃધ્ધિનું ખરું સાધન (-શુધ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.

*ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે. જ્યાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં 'આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે' એમ સમજવું જોઇએ. કેવળવ્યવહારાવલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રધ્ધતા થકા અર્થાત્ 'ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુધ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે' એવી શ્રધ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે. (વિશેષ માટે ૨૨૧મા પાનાની

બીજી તથા પાંચમી ફુટનોટ જુઓ.)

*તદુભય = તે બન્ને (અર્થાત્ અર્થ તેમ જ વ્યંજન બન્ને)

*પરિકર = સમૂહ; સામગ્રી.

*વ્યાપૃત = રોકાયેલ; ગૂંથાયેલ; મશગૂલ; મગ્ન.

*મંથર = મંદ; જડ; સુસ્ત.

*આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે : चरणकरणप्रधानाः स्वसमयपरमार्थमुक्तव्यापाराः । चरणकरणस्य सारं निश्चयशुद्धं न जानन्ति ।।

*શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે :-

જે કોઇ જીવો વિશુધ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુધ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રધ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળશુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે; પરંતુ જો શુધ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.-આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યા.

(અહીં જે 'સરાગ સમ્યગ્દષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટયું છે પરંતુ ચારિત્ર-અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દષ્ટિ' કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક (-નિશ્ચયના સાધનભૂત)' કહેવામાં આવ્યું છે એમ સમજવું.)

*યથાસુખ = મરજી મુજબ; જેમ સુખ ઉપજે તેમ; યથેચ્છપણે. (જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રધ્ધાન કે અનુભવ નથી તેમ જ તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી. આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઇક ભાસ થતો કલ્પી લઇને નિશ્ચિતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે, 'જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુધ્ધિની સાથે સાથે ભૂમિકાનુસાર શુભભાવો પણ હોય છે'-એ વાતને શ્રધ્ધતા નથી, તેમને અહીં કેવળ નિશ્ચયાવલંબી કહ્યા છે.)

*મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં (છઠ્ઠા ગુણસ્થાન સુધી) વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભભાવો હોય છે.-આ વાત કેવળનિશ્ચયાવલંબી જીવો માનતા નથી અર્થાત્ (આંશિક શુધ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રધ્ધતા નથી અને પોતે અશુભ ભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુધ્ધ દશા કલ્પી લઇ સ્વચ્છંદી રહે છે.

*કેવળનિશ્ચયાવલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે.

*આ ગાથાની સંસ્કૃત છાયા આ પ્રમાણે છે. निश्चयमालम्बन्तो निश्चयतो निश्चयभजानन्तः । नाशयन्ति चरणकरणं बाह्यचरणालसाः कऽपि ।।

*શ્રી જયસેનાચાર્યદેવરચિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટીકરણ કર્યા પછી તુરત જ) નિશ્ચય-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે:-

વળી જેઓ કેવળનિશ્ચયાવલંબી વર્તતા થકા રાગાદિવિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચરવાયોગ્ય ષડ્-આવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે

*(વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે, તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે (અર્થાત્ કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહાર-અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે); પરંતુ જો શુદ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ) વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભ અનુષ્ઠાન રહિત હોય તથાપિ-જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તોપણ-સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે. આમ નિશ્ચય-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યાં.*

*(અહીં જે જીવોને 'વ્યવહારસમ્યગ્દષ્ટિ' કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું. તેમને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને 'વ્યવહારસમ્યગ્દષ્ટિ' કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવ પોતે જ ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે-જયારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દષ્ટિ થાય છે.)*

**નિશ્ચય-વ્યવહારના સુમેળની સ્પષ્ટતા માટે ૨૪૧મા પાનાની બીજી ફૂટનોટ જુઓ.*

**મહાભાગ = મમહા પવિત્ર; મહા ગુણિયલ; મહા ભાગ્યશાળી.*

**મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (-મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુદ્ધપરિણતિ તેમ જ શુભપરિણતિનો યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે તેથી તે જીવો આ શાસ્ત્રમાં (૨૪૬મા પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળનિશ્ચયાવલંબી નથી તેમ જ (૨૪૫મા પાને) જેમને કેવળવ્યવહારાવલંબી કહ્યા છે એવા કેવળવ્યવહારાવલંબી નથી.*

**વિરચન = વિશેષપણે રચવું તે; રચના; રચવું તે;*

## પ્રવચન નં :- ૮૦, ગાથા :- ૧૭૨
## વૈશાખ વદ-૧૦, શનિવાર, તા :- ૩૦-૫-૧૯૭૦

**तम्हा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदु मा किंचि ।**
**सो तेण वीदरागो भविओ भवसायरं तरदि ।। १७२ ।।**

**તેથી ન કરવો રાગ જરીયે કયાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે એ ભવ્ય ભવ સાગર તરે. ૧૭૨.**

આખા શાસ્ત્રનું તાત્પર્ય કહે છે.

**ટીકા :- 'આ, સાક્ષાત્મોક્ષમાર્ગના...'** સાક્ષાત્મોક્ષમાર્ગ જે વીતરાગભાવ તેના **'સાર(ના) સૂચન દ્વારા શાસ્ત્રતાત્પર્યરૂપ ઉપસંહાર છે...'** શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે એ અહીંયાં કહેવું છે. ચારે અનુયોગમાં, બધા શાસ્ત્રમાં તાત્પર્ય તરીકે હોય તો એક વીતરાગતા, વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ છે અને વસ્તુ સ્વભાવ વીતરાગ છે અને પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરવી એ શાસ્ત્ર-તાત્પર્ય છે.

મુમુક્ષુ :- વ્યવહાર કે દિ' પ્રગટશે.

ઉત્તર :- એ જણાવશે અંદર. વ્યવહાર તેની ભૂમિકાયોગ્ય સૂસંગત મેળ ખાય એવો હોય છે. પણ એ કાંઈ આદરણીય નથી. જરાય નહીં. અહીં કીધું ને? **सव्वत्थ कुणदु मा किंचि** જરીયે પણ રાગ સર્વત્ર, સર્વક્ષેત્ર, સર્વકાળ, સર્વભાવમાં રાગ કરવો જરીએ નહીં. એ શાસ્ત્રનું વીતરાગપણું (છે.) આમાં નાસ્તિથી વાત કરી. અસ્તિથી પછી બીજા પદમાં (કરશે.)

**सो तेण वीदरागो भविओ भवसागरं तरदि** એ ભવી ભવસાગરને તરે છે. એટલે કહે છે **'અહીં સાક્ષાત્મોક્ષમાર્ગનો સાર શો છે તેના કથન દ્વારા શાસ્ત્રનું તાત્પર્ય કહેવારૂપ ઉપસંહાર કર્યો છે...'** હવે તેનો ખુલાસો. **'સાક્ષાત્મોક્ષમાર્ગમાં...'** સાક્ષાત્મોક્ષમાર્ગ એટલે અંદર એક પરંપરા મોક્ષમાર્ગ હશે ખરો! છે અંદર વિકલ્પ ને રાગ, કહે છે પણ એ કાંઈ વાસ્તવિક છે નહીં. **'સાક્ષાત્મોક્ષમાર્ગમાં...'** નિવૃત્તિનો મોક્ષ છે ને પાઠમાં. જુઓ ને! નિવૃત્તિનો કામી, તદ્દન નિવૃત્તિનો કામી. વિકલ્પથી બિલકુલ નિવૃત્તિનો કામી. એટલે મોક્ષનો કામી. **'સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર...'** સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર. **ખરેખર વીતરાગપણું છે**. વીતરાગપણું એ સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર થાય છે. રાગ અને પર એ મોક્ષમાર્ગમાં અગ્રેસર નથી. કહો, સમજાય છે કાંઈ?

વ્યવહાર રાગાદિ કહેશે. નિશ્ચય અને વ્યવહારનો વિરોધ જે રીતે થાય અવિરોધ થાય એવો સુમેળ કરી ને બેને બરાબર જાણવું. પણ વાત એ છે કે અગ્રેસર તો વીતરાગપણું છે. અગ્રેસરપણું એનું છે. એ તો પાછળ પાછળ રાગની મંદતા, પૂર્ણ વીતરાગતા ન હોય. એટલે હોય. પણ (એ) તેનું અગ્રેસરપણું નથી. જરીયે લાભ નહીં. અગ્રેસર મોઢા આગળ થઈને ચાલે એ વીતરાગપણું છે. કહો, સમજાણું કાંઈ? જુઓ ને! પાઠમાં તો એકલું એ જ લીધું છે. એ તો અમૃતચંદ્રાચાર્યએ પછી એનો ખુલાસો કર્યો છે. વીતરાગતા હોય પણ વીતરાગ સાથે તેની ભૂમિકા પ્રમાણે રાગ હોય છે કે નહીં? એટલું એક નિશ્ચય અને વ્યવહારનું અવિરોધપણું જણાવ્યું છે.

કહે છે કે **'સાક્ષાતમોક્ષમાર્ગમાં...'** કેમકે આત્મા પોતે જ વીતરાગ સ્વભાવ છે. અને તેને આશ્રયે પ્રગટ થતી પર્યાય એ પણ વીતરાગભાવ છે. ખરેખર તો, કહ્યું હતું ને હમણાં. અંતરિક્ષ જતાં.. પંડિત ફુલચંદજી સાથે વાત થઈ. જુઓ! આ વીતરાગ તાત્પર્ય શાસ્ત્રે કહ્યું પણ તેનો અર્થ શું? ચારે અનુયોગોમાં સ્વ પરિપૂર્ણ પ્રભુ તેનો આશ્રય કરવો અને નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞપણાનો આશ્રય છોડવો એ વીતરાગ તાત્પર્ય છે. વીતરાગતા કેમ પ્રગટે? શાસ્ત્ર તાત્પર્ય તો વીતરાગ થઈ ગયું. વીતરાગતા પર્યાયમાં આવે કઈ રીતે? મોક્ષમાર્ગ પર્યાયનું વર્ણન છે ને? એ જ કહે છે કે વીતરાગતા આવે ક્યારે? કે પૂર્ણ વસ્તુ સ્વભાવ છે તેની સન્મુખ થતાં અને નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞ પર્યાયથી વિમુખ થતાં. એની ઉપેક્ષા સ્વભાવની અપેક્ષા. આ સારા શાસ્ત્રનું તાત્પર્ય છે.

એક સમયની પર્યાય, વિકલ્પ અને નિમિત્ત ત્રણની ઉપેક્ષા અને એક ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષા. ત્યારે વીતરાગભાવ પ્રગટ થાય છે. વીતરાગભાવ તાત્પર્ય કહ્યું પણ વીતરાગભાવ પ્રગટે કેમ? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આમાં એમ નથી આવ્યું રાગ..

ઉત્તર :- એ ક્યાં આવ્યું છે? આમાં આવ્યું નથી રાગ...... એ આવશે. ટીકામાં કહેશે. એ તો ભૂમિકા પ્રમાણે રાગ ઘટતો જાય છે ને. અહીં તો પહેલું તો એકદમ. જે નિવૃત્તિ(નો) કામી છે તેને **रागं सव्वत्थ कुणदु मा किंचि** કિંચિત્ પણ વિકલ્પ કરવા જેવો મુક્તિના કામી એ છે નહીં. આહાહા! અશુભ રાગ તો કંઈ નહીં. એ તો પહેલાં વાત આવી ગઈ. અહીં તો અરિહંતની ઉપર વાત ચાલે છે ને? એમાં આવશે ને. હમણાં આવશે. પાછું પોતે ટીકામાં લેશે.

પંચ પરમેષ્ઠી જેને હિતકારી કહીએ, જેને વ્યવહારે ઈષ્ટ કહીએ. જેનો ઉપકાર કદી ભૂલવા જેવો નથી. એમ જેને કહીએ. એ શ્લોક આવ્યો હતો ને? પંડિતજી બોલ્યા હતા નહીં? નિયમસારમાં આવે છે. નિયમસારમાં આવે છે. **'आप्तविमुक्तम'** હા, એ. એમ છે. **कृतम ऊपकारम साधु न विस्मरंति** કેમકે મોક્ષ થાય છે જ્ઞાનથી, જ્ઞાન થાય છે શાસ્ત્રથી, શાસ્ત્ર ઉત્પન્ન થાય છે આપ્ત પુરુષથી. સમજાય છે કાંઈ?

મોક્ષ થાય છે જ્ઞાનથી એટલે વીતરાગભાવથી, એ વીતરાગભાવ પ્રગટે છે શાસ્ત્રથી અને શાસ્ત્ર પ્રગટે છે આપ્ત પુરુષથી. વ્યવહાર સિધ્ધ કરવો છે ને? એટલે સજ્જન પુરુષો ઉપકારને ભૂલતા નથી. પણ એનો સાર એ છે. કે સ્મરણ તો એ વ્યવહારથી વાત કરી પણ એને ભૂલીને. પરનો ઉપકાર અને નિમિત્ત હતું તેને ભૂલીને. તાત્પર્ય વીતરાગતા ક્યારે પ્રગટે? અંતર દ્રવ્ય સ્વભાવ વીતરાગ સ્વભાવ પૂર્ણ ઇદમ્, પૂર્ણ આવ્યું હતું ને આપણે. સવારમાં આવ્યું હતું. પૂર્ણ એક વેદન સહિત.

પૂર્ણ ભગવાનઆત્મા ધ્રુવ એક સ્વભાવી વસ્તુ એની સન્મુખતા અને એક સમયની પર્યાય રાગ અને નિમિત્ત જેનો ઉપકાર તેની વિમુખતા. સમજાણું કાંઇ? ત્યારે વીતરાગતા પ્રગટે અને ત્યારે શાસ્ત્રનું તાત્પર્ય પ્રગટ્યું કહેવાય. આ વાત છે. સમજાણું કાંઇ? 'સાક્ષાત્મોક્ષમાર્ગમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે...' એક જ મોક્ષમાર્ગ કહ્યો આમ ખરેખર તો. વીતરાગભાવ એક જ મોક્ષમાર્ગ છે. **'તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ...'** એ આવ્યું. સરવાળો લેશે ને? અરિહંત પાંચ પરમેષ્ઠી પ્રત્યેનો રાગ. અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એના પ્રત્યેનો રાગ વિકલ્પ એના તરફની સન્મુખતા. અર્હંતાદિવિષયક રાગ. પાંચ પરમેષ્ઠી પ્રત્યેના લક્ષે થતો રાગ. અર્હંતાદિનો એનો રાગ એમ.

જેમ ચંદનવૃક્ષનું અગ્નિપણું ઉગ્રપણે બાળે છે, ચંદનવૃક્ષનો અગ્નિ બળેલી ચંદન અગ્નિ એ અગ્નિનું જ કામ કરે છે. તેમ **'અર્હંતાદિનો રાગ પણ દેવલોકાદિનના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે**...' અલગ-અલગ એ કહે નહીં. અલગ-અલગ કેમ હોય? એક જ માર્ગ છે. સર્વજ્ઞે કહેલો આત્મા અનંતગુણનો એકરૂપ વીતરાગ સ્વભાવનો પિંડ એની સન્મુખતા એ એક જ માર્ગ છે. બીજો કોઇ માર્ગ છે નહીં. સમજાણું કાંઇ? ખરેખર, આહાહા! જુઓ તો! **'અર્હંતાદિગત રાગને...'** આવ્યું હતું ને અભિગત ઓલામાં? અર્હંતાદિનું. **'ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક...'** ચંદનનું ઝાડ તો ઠંડુ. પણ અગ્નિ તેની સાથે સળગી. આહાહાહા!

એવી અગ્નિ દેવલોકાદિના કલેશની પ્રાપ્તિ. સાચા પાંચ પરમેષ્ઠી હો! એના પ્રત્યેનો રાગ દેવલોકાદિ એટલે દેવલોક અને ત્યાંથી નીકળીને ચક્રવર્તી આદિ થાય (તોપણ) ત્યાં કલેશની પ્રાપ્તિ છે. આહાહા! કહો, શેઠ! તમને સુખી કહે છે ને? કહે છે માણસો. દીલીપને પૂછયું હતું ને? એ કહેતો હતો. શેઠ પૂછતા હતા કે અમે સુખી છીએ ને? સુખ કેવા? ધૂળમાં સુખ છે, દુઃખ છે. કલેશ છે. સમજાણું કાંઇ? આ તો સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ બાકી રહી ગયેલો રાગ એની વાત છે. અજ્ઞાનીના રાગની તો વાત છે જ ક્યાં? આહાહા! ચંદનના વૃક્ષને સંગત મળેલી અગ્નિ એ બાળે છે.

એમ ભગવાનઆત્માના વીતરાગ સ્વભાવ સિવાય વીતરાગી પરમાત્મા પાંચેય છે, વીતરાગી. આ વીતરાગી પર્યાય સિવાય વીતરાગી પર્યાયવાળા પાંચ પરમેષ્ઠી, આહાહા! જુઓ ને! ક્યાં ક્યાં કઇ વાત લ્યે છે. પાંચેય પરમેષ્ઠી તો વીતરાગ પર્યાયવાળા છે ને! હેં? તેરમા લ્યો! તોપણ વીતરાગી, છઠ્ઠાવાળા

મુનિ, આચાર્ય, ઉપાધ્યાય લ્યો તોપણ વીતરાગી.

અહીં કહે છે કે મોક્ષના માર્ગમાં તો અગ્રેસરપણું વીતરાગભાવનું છે અને એ વીતરાગભાવ સ્વ આશ્રયે પ્રગટે છે. એ સિવાય એવી વીતરાગ દશા જેને પ્રગટી છે. અને વીતરાગ થયા છે એવા જીવો. આહાહા! કયાં વાત કરવી? સમજાય છે કાંઈ? એના પ્રત્યેનો **'રાગ પણ દેવલોકના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ બળતરાનું કારણ છે..'** શોભાલાલજી! દેવલોકમાં બળતરા છે, કહે છે. દુનિયા કહે સુખ છે. ધૂળમાં પણ નથી ભાઈ! આકુળતા છે. અને ચક્રવર્તીની સંપદા કહે છે કે એનું સુખ બળતરા છે. **'અત્યંત અંતરંગ બળતરા..'** એમ પાછી. અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે, દુઃખનું કારણ થાય છે. બળતરાને હિન્દીમાં શું કહે છે? બળતરાનો અર્થ? હિન્દીમાં છે? જવલન. હિન્દીમાં લખ્યું છે ને હિન્દીમાં. છે કોઈ પાસે? હિન્દીમાં છે કે નહીં? નથી? આ છે. આમાં હશે? દાહ! દાહ! અંતર્દાહ! ઈન્દ્રાણી અને વૈમાનિકના સુખો અંતર બળતરા દાહ છે, કહે છે. આહાહા!

એને રાગ છે ને? રાગ છે ને? ભલે દેવી... પણ એને રાગ છે ને? અનુકૂળ સામગ્રી! ત્યાંથી હેઠે ઉતરવું ન મળે. ભગવાન પાસે આવવાનું પણ ન મળે. પણ એ બધી આહારની ઈચ્છા ને એ બધી બળતરા છે. જવલન છે. સળગે છે, એમ કહે છે.

મુમુક્ષુ :- સ્વાધ્યાય કરે ને..........

ઉત્તર :- સ્વાધ્યાય કરે એ રાગમાં સળગે છે. આહાહા!

મુમુક્ષુ :- સ્વાધ્યાય કરે ........

ઉત્તર :- ભલે કાયમ કરે! એ રાગની બળતરા છે. રાગનું જવલન છે. શુભરાગનું જવલન છે. અને અનુકૂળતા સામગ્રીમાં લક્ષ જાય તો પાપ રાગનું બળતરા જવલન છે. આહાહા! કરતા ભલે હો, એ વાત કયાં કરે છે. અહીં તો જેટલો શુભરાગથી સંયોગ મળ્યો તેના ફળમાં અગ્નિ છે એમ કહે છે. શુદ્ધના ફળ તરીકે તો શુદ્ધિ એ તો એકલો આનંદમાં છે. એ બીજી વાત થઈ. જેટલો શુભરાગ વીતરાગદેવ પ્રત્યે પણ. વીતરાગ તાત્પર્ય છે. વીતરાગ આત્મા છે. અને વીતરાગી આત્માઓ પંચ પરમેષ્ઠી થઈ ગયા. આહાહા! કેવી વાત છે! પણ સ્વદ્રવ્યના વીતરાગભાવનો આશ્રય લઈને વીતરાગતા થાય એ પરદ્રવ્ય વીતરાગી છે એનો આશ્રય થઈને રાગની અગ્નિ થાય. અને તેના ફળ તરીકે દેવલોકમાં જવલન, બળતરા, દાહ થાય. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ વળી પાંચ પચાસ લાખના આસામી સુખી છે, ધૂળમાં પણ નથી. બળતરા છે, જવલન છે. કષાયની અગ્નિથી સળગ્યા છે, બળી રહ્યા છે. શેઠ! શું કહે છે?

મુમુક્ષુ :- વ્યવહારમાં તો .....

ઉત્તર :- વ્યવહાર એટલે શું પણ? મુર્ખાઈ ભરેલામાં સુખી છે.

મુમુક્ષુ :- લોકો તો સુખી કહે છે ને?

ઉત્તર :- અહીંયાં કીધું ને? મુર્ખાઈપણામાં સુખી છે. ગાંડા પાગલ તો એ જ કહે ને? સુખી છે એમ કહે. અહીં તો મુનિ આત્મજ્ઞાની, સંયમી, ઈચ્છા નિરોધના અમૃતના અનુભવ લેનાર. એને પણ વીતરાગ પર્યાય છે એ સિવાય જીવોની વીતરાગ દશા પ્રગટી. જીવોની પ્રગટી પ્રતિમા ને એ તો વળી પહેલાં નાખી દીધું. અહીં તો કહે પંચ પરમેષ્ઠી પરમાત્મા એના પ્રત્યેનો રાગ એના ફળમાં બળતરા, દેવલોકની અગ્નિ છે. આહાહા! એ ભઠ્ઠીએ શેકાશે. અને અહીં શુભરાગ છે એ પણ ભઠ્ઠી છે. પંચ પરમેષ્ઠી પ્રત્યેનો રાગ ભઠ્ઠી છે. રાગની ભઠ્ઠી છે. આહાહા! સમજાય છે કાંઈ?

પોતે પોતાના પ્રત્યેનો પ્રેમ કરે તો કહે તને બળતરા ઉઠશે એમ કહે છે. ભારે ગજબ વાત છે ને! એય! પર દ્રવ્ય છે ને. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા અને પંચ પરમેષ્ઠી બધા. બધા વીતરાગી..છે. એ વીતરાગપણું તાત્પર્ય કહ્યું પણ છતાં એ વીતરાગી દશા પ્રગટેલા પ્રત્યેનો વિકલ્પ તો વર્તમાન એ ભઠ્ઠી, ફળમાં પણ બળતરા અને અગ્નિ છે. આહાહા!

આ વાત તો વીતરાગમાર્ગમાં હોય હો. ઓલા કહે તમને સુખ થશે તમને આમ થાશે. હમણાં ઓલો નહોતો આવ્યો? કહે કે નરકમાં દુઃખ છે અને સ્વર્ગમાં સુખ છે. તો ઓલાએ કીધું કે સ્વર્ગમાં સુખ ન હોય. વર્તમાનની વાત ચાલે છે. આ મહેન્દ્રભાઈ જ્યારે એમ કહે ને કે પિતાજી સાહેબ! એ વખતે લક્ષ (ત્યાં) જાય તો બળતરા છે, એમ કહે છે. પિતાજી સાહેબ! આ તમારા શરીરને ઠીક નથી માટે આ શીરો ખાવ! પરાણે આવી ને થાળી પર બેસાડે, હાથ ઝાલે, લ્યો! શીરો લ્યો! પિતાજી એટલો લ્યો. કહે છે કે એ બળતરા છે. એની સામું જોતાં રાગ થાય અને અગ્નિ સળગે છે, એમ કહે છે. એ માટે તો દાખલો આપ્યો. લ્યો! કહ્યાગરો છોકરો, માવલો ઉઘાડ વળી પોતા કરતાં પણ આબરૂ જેણે વધારી હોય, પૈસા વધાર્યા હોય. એ બાપ પાસે આવીને કહે, પિતાજી! આપની આજ્ઞા હોય તો એટલું કરો. એટલો થોડો શીરો.. હું સારી ચીજ લઈને આવ્યો છું બદામની. એ કહે છે કે એ સાંભળે છે ને એમાં બળતરા ઊઠે છે. શોભાલાલજી!

મુમુક્ષુ :- મજા પડે છે ને!

ઉત્તર :- એ તો શેઠનો દાખલો આપીને ખુલાસો કર્યો. વ્હાલામાં વ્હાલા બાબુભાઈ! અને એને વ્હાલામાં વ્હાલા પિતાજી! કહે છે કે એ વ્હાલપમાં અગ્નિ સળગે છે, એમ કહે છે. શેઠી! વાત એવી છે. હેં? સમજાણું કાંઈ?

મુમુક્ષ :- આ બધું વ્યવહારનું જ ફળ છે?

ઉત્તર :- એ રાગનું ફળ છે. આહાહા! કોણ કરે છે? પિતા ફિતા છે જ ક્યાં? આત્માને પિતા કોણ અને આત્માને પૂત્ર કોણ? આ તો સંસારની દુકાન છે...મોક્ષનો કામી છે તેને આ છે. તેને પણ જેને પંચ

પરમેષ્ઠી પ્રત્યે આવો રાગ થાય તેના ફળ તરીકે ત્યાં અગ્નિ સળગશે. આહાહા! કષાયની જ્વાળા એમાં જેમ ઈયળ પડે ને બળે બળે! આહાહાહા! વાહ વીતરાગ! એને એ કષાયની અગ્નિ-આ તો ત્યાં લક્ષ જશે તો અશુભ થશે. અહીં તો કહે છે કે શુભ હતો ત્યારે પણ ભઠ્ઠી હતી. આહાહા! તેના ફળ તરીકે દેવલોકના અને ચક્રવર્તીના બળદેવના એવા સામગ્રીમાં લક્ષ જતાં તેને બળતરા ઉઠશે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રી કૃષ્ણ, વાસુદેવ, નેમિનાથ ભગવાન તેને માટે દેવે આવી ને લંકા બનાવી દીધી. દરિયામાં લંકા બનાવી, લ્યો! દ્વારિકા તો આ ઓલામાં બનાવી, દરિયામાં બનાવી. લંકા નહીં પણ એક કાંઈક. હેં? દ્વારિકા હશે. અંદર બનાવી દરિયામાં લ્યો! સોનાના ગઢ અને રતનના કાંગરા. તમારા ગુપ્ત શત્રુ જાગ્યા છે. જરાસંઘને કહે કયાં છે? એ જાગ્યા છે તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ ત્રણ પુરુષો જાદવ કૂળમાં જાગ્યા. આહાહા!

જયારે દ્વારિકા સળગે છે અને મા-બાપને બહાર કાઢવા માંગે છે તોપણ કહે છે રાગની બળતરા છે. આહાહાહા! અને એ મા-બાપને દીકરા કાઢે છે. વાસુદેવ અને બળદેવ જેવા દીકરા. ત્રણ ખંડના અધિપતિ એ બળદની જેમ જોડાઈને કાઢે છે, એ મા-બાપ નીકળશે? આહાહા! બળતરા છે. સમજાય છે કાંઈ? આહાહા! પુત્ર બળદને ઠેકાણે રથ કાંધે નાખી...

મુમુક્ષુ :- પોતે જોડાઈ ગયા.

ઉત્તર :- પોતે જોડાઈ ગયા. વાસુદેવ બળદેવ સિંહના પૂંછડા પકડે તો આમ લીંડા કાઢે. એવું બળ! આમ આંખ કાઢે તો સિંહને પણ પેશાબ છૂટી જાય. એટલું જેનું વીર્ય! વાસુદેવ ચાબખો લઈને માથે બેસે, સિંહની ઉપર હોં! (તો સિંહના) લીંડા કાઢી નાંખે. એટલું જોર! એવા દીકરાઓ! એ દ્વારકામાંથી કાઢવા રથમાં જોડાય છે. કેટલા પુણ્યશાળી! કહે છે કે એ વખતે દુઃખી છે, એમ કહે છે. આહાહા! આમ નજર આમ જાય છે ને આ મને કાઢે તો! આહાહા! એ વિકલ્પ કષાયની અગ્નિ છે. આહાહા! મલુકચંદભાઈ! એ તો ઠીક પણ અનુકૂળતાનો રાગ હતો. આહાહા! આવા મોટા દીકરા બળદનું કામ કરે છે. કોઈ મજુર ન મળે ને, આહાહા! કેટલા .... મા-બાપ ઉપર જેને પ્રેમ છે. કહે છે કે એ મા-બાપનો પ્રેમ એને છે એ અગ્નિમાં સળગે છે અને આને એના ઉપર પ્રેમ છે એ અગ્નિથી સળગે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**'ચંદનવૃક્ષસંગત'** નીચે છે ને એ આવી ગયું ને? નદેવલોકાદિના...થ દેવલોકાદિ એટલે સારું મનુષ્યપણું મળે. **'કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતરંગ'** બળતરાનું કારણ, બળતરા છે બળતરા. આહાહા! ચામડી ઉતરડી ને ખાર છાંટે અને જેમ બળતરા થાય, એમ કહે છે કે વિકલ્પ છે ઈ આનંદ(ની) શાંતિમાં બળતરાનું કારણ છે. આહાહા! સમજાય છે કાંઈ?

**'અત્યંત અંતર્દાહનું કારણ સમજીને સાક્ષાત મોક્ષનો અભિલાષી'** એકલો મોક્ષનો અભિલાષી. એ રાગના ફળ તરીકે આવું મળશે, માટે રાગને છોડવાનો કામી. **'મહાજન'** એ આ મહાજન. છે ને? એ મહાજન કહેવાય. જે પાંચ અરિહંતાદિ પ્રત્યેનો રાગ એ પણ અગ્નિ-દાહ વર્તમાન અને ભવિષ્યમાં દાહનું કારણ તેને છોડવાનો કામી તેને મહાજન કહેવાય. આહાહા! શોભાલાલજી! આહાહા! પંડિતજી! એ મહાજન છે. બાકી બધા પામર છે, એમ કહે છે. આહાહા!

**'મહાજન'** લ્યો! સંસ્કૃતમાં છે હોં! **समस्त विषयमपि 'મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી'** જુઓ! પાઠ છે ને? **सव्वत्थ कुणदु मा किंचि** એનો એ અર્થ છે. અરે! મહાજન! અરે! મોટા માણસ! આહાહા! એ મહાપુરુષ! એ સજ્જન મહાપુરુષ! સત્-જન. એ પંચ પરમેષ્ઠીના રાગને પ્રત્યે પણ (લક્ષ) છોડ અને વીતરાગ થઈ જા. આહાહા! સમજાય છે કાંઈ?

**'મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ'** એ પાઠનો અર્થ છે. **सो तेण विदरागो** કહ્યું ને? **'અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે'** આહાહા! ભવસાગરની હવે વ્યાખ્યા કરે છે. આ ભવસાગર! ચોર્યાસીનો અવતાર, દેવનો અવતાર, ચક્રવર્તીનો અવતાર, વાસુદેવનો અવતાર, બળદેવનો અવતાર. આહાહા! એ તીર્થંકરને ગૌણ રાખીને આ બધાના નામ એકેકના. તીર્થંકરનો અવતાર થાય એ પણ રાગ છે ને? આહાહા!

કહે છે **'જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે'** શું કહે છે? આ અનુકૂળ પ્રતિકુળ જે કાંઈ થાય એમાં પ્રતિકુળતાના દુઃખનો કલ્લોલ છે. બળબળતો દુઃખનો કલ્લોલ. ઓલામાં બળબળતા સુખની કલ્પનાનો કલ્લોલ. સુખ છે નહીં. અમે સુખી છીએ. નબળબળતાસ્ર બેયને લાગુ પડે. બેયને બળબળતા છે. એય! મલુકચંદભાઈ! આ પૂનમચંદ ને ન્યાલ કોઈ દિથ સાંભળે તો ખબર પડે. હેં? નવરાશ ન મળે ને? કોઈક દિથ એક દિથ આવીને ચાલ્યા જાય. કહો, સમજાણું આમાં?

**'બળબળતા દુઃખસુખના કલ્લોલો'** પાણીમાં જેમ કલ્લોલ ઊઠે ને. એને સુખદુઃખની કલ્પનાના કલ્લોલ ઊઠે છે. **'ઊછળે છે'** કહે છે. આહાહા! એવો સંસાર! બળનો અવતાર, સર્વાર્થસિદ્ધના ભવનો અવતાર કે ચક્રવર્તીના ભવનો અવતાર. એ ભવસાગર! આહાહા! દુઃખસુખના કલ્લોલો **'અને જે કર્માગ્નિ વડે તપ્ત'** છે. એ સંસાર સાગર કર્મના અગ્નિથી બળી ગયેલો છે. આહાહા! **'કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે'** આહાહા!

ભવસાગર! એ સાગરમાં દુઃખના કલ્લોલો ઊઠે છે. સુખની કલ્પનાના કલ્લોલો ઊઠે છે. કકળાટ જળસમૂહ. અંદર પાણીના ધોધ ઊઠે ને? કકળાટ કકળાટ કકળાટ થાય. આહાહાહા! **'કકળાટવાળા જળસમૂહની વિશેષતાથી'** ત્યાં તો કકળાટનો જળસમૂહ ભરેલો છે, એમ કહે છે. **'ભયંકર છે એવા ભવસાગરને'** આહાહા! સમજાણું કાંઈ?

દેવનો ભવ, ચક્રવર્તીનો ભવ કકળાટ જળસમૂહથી ભરેલો (છે). **'ભયંકર છે એવા ભવસાગરને'** આ છે ને **ભવિઓ ભવસાયરં તરદિ** પહેલાં એ ગાથાનો અર્થ પહેલો કરે છે, પછી તેનો વિસ્તાર કરશે. આવા ભવ્ય જીવો. એ ભવ્ય જીવનો અર્થ કર્યો મહાજન. **ભવિઓ ભવસાયરં તરદિ** આવા મહાજનો. આહાહા! સંસાર સમુદ્રના કલ્લોલો કકળાટ કકળાટ. ઘોંઘાટ. દીલીપ ઘોંઘાટ કહેતો હતો ને? સંસાર ઘોંઘાટ છે ઘોંઘાટ. સમજાણું કાંઈ? કકળાટ વિકલ્પની જાત સળગે છે.

શાંત સાગર ભગવાનઆત્મા એમાંથી કહે છે કે એટલો પણ વિકલ્પ ઉઠયો એ અગ્નિ છે. એના ફળ તરીકે પણ અગ્નિ ઉઠશે એવો ભવસાગર છે. આહાહા! એવા ભવસાગરને પાર ઉતરી, એવા કલ્લોલો છેદી અને સ્વભાવની વીતરાગતા જેણે પ્રગટ કરી છે, (તે) **'શુધ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી'** સામે સામે લીધું. ઓલો જ્યારે આવો ભવસાગર છે. એની શૈલી જ બધી એવી છે. આવો ભવસાગર કીધો ને? **'જેમાં બળબળતા દુઃખસુખના કલોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઊતરી'** એ વ્યય કર્યો. આહાહા!

**'શુધ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી'** હવે. અહીં આ બાજુમાં દરિયો લીધો. શુધ્ધસ્વરૂપ પરમામૃત એવો જે દરિયો ભગવાનઆત્મા. આહાહા! એકલો પવિત્રસ્વરૂપ અમૃતસમુદ્ર એવો ભગવાન. એમાં અવગાહી નશીઘ્ર નિર્વાણને પામે છે...થ અલ્પકાળમાં મુક્તિને પામે છે. આહાહાહા! સમજાય છે કાંઈ? લાંબી વહેંતની ઈયળ હોય, ચાર તસુ-પાંચ મણનો પથરો એના ઉપર પડયો હોય, આવી ગયો. અડધું (શરીર) દબાણું ત્યાં અને અડધું બહાર. એ સળવળ કરે એ (બહાર) નીકળે? દસ મણનો પથરો હોય માથે લાંબી એક હાથની ઈયળ હોય ને ઈયળ! ઈયળ નથી સમજતાં? એ બધું તમારે બફમ થઈ જાય. ઈયળ સમજો છો કે નહીં? લાંબી લટ્ટ જીવ. આટલી લાંબી હોય એમાં કાંઈક, કોઈકે પાંચ મણનો પથરો નાખ્યો. એટલામાં. અહીં પડયો એટલામાં. આ બાજુ રહી ગયો. હવે એ દબાણમાંથી સળવળીને નીકળવા માંગે. કહે છે, કકળાટ કરીને માથા ફોડે! એમ રાગના પથ્થરમાં દબાયેલો, સળવળાટ કરીને, કકળાટ કરીને જીવ દુઃખી છે. સમજાય છે કાંઈ? કહો, રાવજીભાઈ! શું છે, આ બધા સુખી શું કહે છે આ? પૈસાવાળા તમને બધાને સુખી કહે છે. નહીં?

મુમુક્ષુ :- સુખી કહે છે એ વાત સાચી છે.

ઉત્તર :- કહે છે. છે નહીં? તમારે ક્યાં રળવું પડે છે, તમારા બાપને મજુરી કરવી પડે છે? હુંડીનો વ્યાપાર ને શું કહેવાય વ્યાજ વટાવના ધંધા.

મુમુક્ષુ :- કરી શકે છે જ કોણ? ..

ઉત્તર :- પણ ભાવ તો કરે છે ને?

મુમુક્ષુ :- ભાવ કરે છે.

ઉત્તર :- તો એ ભાવ અગ્નિ છે, એમ કહે છે. આહાહા! હજી તો આ એક ગાથાનો અર્થ આટલો કર્યો. **तम्हा णिव्वुदिकामो** મોક્ષનો કામી. **राग सावत्थ** રાગ કોનો? તો કહે આ પંચ પરમેશ્વર. પાંચ પરમેષ્ઠી જેવા ભગવાન પ્રત્યેનો રાગ પણ **कुणदु मा किंचि** જરી પણ કરીશ નહીં ભાઈ! આહાહા! **सो तेण विदरागो** ભવ્ય મહાજન જીવ ભવસાગર આવી અગ્નિવાળો સળગતો કકળાટવાળો ભવસાગર તરીને પામે છે શું? એ ભવસાગર તો તર્યો પણ હવે **'શુધ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને'** અંદર અવગાહ્યો. એ પણ સામે એક મોટો દરિયો છે.

ભગવાનઆત્મા અમૃતના સ્વભાવના સાગરથી ભરેલો છે. સ્વભાવની .... મર્યાદા શું? એકલો અમૃત, પરમામૃત એવો સમુદ્ર. ભગવાનઆત્મા પરમામૃતરૂપી સમુદ્ર પ્રભુ છે. એમાં પ્રવેશી **'શીઘ્ર'** એક સમયમાં **'નિર્વાણને પામે છે'** આહાહા! સમજાય છે કાંઈ? **વિસ્તારથી બસ થાઓ. અલમ અલમગ विस्तरेण** અમૃતચંદ્રાચાર્ય કહે છે. જંગલમાં વસનારા દિગંબર સંત મહામુનિ, એ પોતાની વાત કરે છે. અરેરે! આવો રાગ હજી. દેવલોકમાં કકળાટ બળતરા થાશે, ત્યાં અવતાર થાશે. આહાહા! પહેલેથી નિષેધ કરતા જાય છે. ઠીક દેવલોકનો અવતાર મળ્યો એમ નથી. જન્મ કલંક છે. દેવલોકનો અવતાર કલંક છે.

અરે! જે ભવે મોક્ષ જાવું એવો મનુષ્યનો અવતાર પણ કલંક છે. આહાહા! કલંક છે. એને ઓલવવાનું સાધન સમુદ્ર અમરામૃત પડયો છે પ્રભુ! પ્રવેશ કર! ઓલવાઈ જશે, શાંત થઈ જશે, ભવસાગર તરી જશે. જુઓ! અવગાહન ત્યાં કહ્યું. એ સ્વભાવ સાગર પરમામૃત. અમરામૃત એટલે જે મરે નહીં એવો. એવો પ્રભુ! પરમ અમૃતનો સાગર ભગવાન **'અવગાહીને'** અવગાહન કરીને **'શીઘ્ર નિર્વાણને પામે છે'** એ મુક્તિને પામે છે. રાગને લઈને મુક્તિ પામતો નથી. વિસ્તારથી બસ થાઓ. **अलम विस्तरेण 'જયવંત વર્તો વીતરાગપણું'** ટકી રહો એ વીતરાગપણું. એમ કહે છે. જે સ્વભાવને અવગાહી પરમામૃતસમુદ્ર પ્રભુ આત્મા એમાં ડૂબકી મારી અને જે વીતરાગભાવ પ્રગટયો, કહે છે, **'જયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રતાત્પર્યભૂત છે'.** લ્યો! આહાહા! નજયવંત વર્તો વીતરાગપણું કે જે સાક્ષાત્‌મોક્ષમાર્ગનો સાર હોવાથી એ વીતરાગભાવ પોતે મોક્ષમાર્ગ છે, એમ. શાસ્ત્રતાત્પર્ય છે. આ બધા શાસ્ત્રનું તાત્પર્ય ને ફળ આ છે. સમજાણું કાંઈ?

**'હવે તાત્પર્ય દ્વિવિધ હોય છે'** તાત્પર્યના બે પ્રકાર-**'એક સૂત્રતાત્પર્ય અને એક શાસ્ત્રતાત્પર્ય'** નીચે છે. **'એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે'** એકેક શ્લોકમાં કહેવા શું માગે છે ત્યાં કહેવું તે સૂત્રતાત્પર્ય. **અને આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.** જુઓ! આખા શાસ્ત્ર એટલે બધા શાસ્ત્રનો સાર પંચાસ્તિકાય બાર અંગનો અવયવ છે. સમજાણું કાંઈ?

આગળ કહેશે, આ ભાગવત શાસ્ત્ર છે. ભાગવત શાસ્ત્ર, પરમેશ્વરી શાસ્ત્ર. છે ને પાછળ? છેલ્લે છેલ્લે છે. હેં? કોને? તૌંતેર તૌંતેર, ચોપન પાને! અહીં તો બસ્સો ચોસઠ છે. અહીં ચોસઠ છે આમાં કેમ?

મહાભાગ્ય ભગવંતોએ, એક પાનું છે ઠીક, એમાં? હા, એ પરમેશ્વર છે. બસ. પારમેશ્વર શાસ્ત્રનો, પરમેશ્વરનું શાસ્ત્ર છે આ. ભાગવત શાસ્ત્ર છે. લ્યો! આ ભાગવત શાસ્ત્ર. એય! જિનનું ભાગવત શાસ્ત્ર. જિન ભગવાનનું શાસ્ત્ર, દૈવી શાસ્ત્ર, પવિત્ર શાસ્ત્ર. ઓહો! પંચાસ્તિ, સમયસાર, પ્રવચનસાર કોઈ પણ શાસ્ત્ર બધા ભાગવતશાસ્ત્ર છે. પરમેશ્વરના મુખથી નીકળેલાં પરમેશ્વરીશાસ્ત્ર છે. આહાહા! દૈવીશાસ્ત્ર છે. પવિત્રશાસ્ત્ર નાખ્યા નામ એણે. પરમેશ્વરે.

કહે છે, **આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્ર તાત્પર્ય**. એ શાસ્ત્ર તાત્પર્ય તે વીતરાગ છે. આખા શાસ્ત્ર, બાર અંગ, ચાર અનુયોગ બધું જે હોય તે, તાત્પર્ય પરની ઉપેક્ષા સ્વની અપેક્ષા એ વીતરાગતા શાસ્ત્ર છે. સમજાય છે કાંઈ? અસ્તિથી એકલો આત્મા પૂર્ણ તેની અપેક્ષા આશ્રય કરવો તેથી વીતરાગતા પ્રગટે. એ બધું શાસ્ત્રનું તાત્પર્ય છે. આ એ છે. **भूदत्थम अस्सिदो खलु** ત્રિકાળ ભૂતાર્થ આશ્રય કરવો એ શાસ્ત્રનું તાત્પર્ય છે. દૃષ્ટિમાં આશ્રય તેનો, ચારિત્ર માટે આશ્રય તેનો, શુક્લ ધ્યાન માટે આશ્રય તેનો..... તેનાથી વીતરાગતા પ્રગટે છે. **તેમાં સૂત્ર તાત્પર્ય તો સૂત્ર દીઠ (ગાથાદીઠ) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. શાસ્ત્ર તાત્પર્ય હવે પ્રતિપાદિત કરવામાં આવે છે.**

**સર્વ પુરુષાર્થોમાં સારભૂત,** લ્યો! નીચે છે. **પુરુષાર્થ = પુરુષ-અર્થ; પ્રયોજન. (પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છેઃ** પુરુષાર્થોના પુરુષાર્થોના, પુરુષના પ્રયોજનના ચાર વિભાગ કરવામાં આવે છે. પુણ્ય-ધર્મ એટલે પુણ્ય. **ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પરંતુ સર્વ પુરુષ-અર્થોમાં,** પુરુષાર્થોમાં, પ્રયોજનમાં, **મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.** સમજાણું કાંઈ? ધર્મ એટલે પુણ્યનો પુરુષાર્થ પણ તાત્ત્વિક નહીં. વ્યવહારરત્નત્રયનો પુરુષાર્થ પણ તાત્ત્વિક નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ?

સર્વ પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાયનું વર્ણન કર્યું અને ષડ્દ્રવ્યના સ્વરૂપના પ્રતિપાદન વડે, ષડ્દ્રવ્યનું સ્વરૂપ વર્ણવ્યું. એ વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ વર્ણવ્યો. એમ. સ્વભાવ દર્શાવવામાં આવેલ છે. **પંચાસ્તિકાય અને છ દ્રવ્યનો સ્વભાવ વર્ણવવામાં આવ્યો. નવ પદાર્થના વિસ્તૃત કથન વડે,** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ... **જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી)ને** વર્ણવ્યા. બંધ-મોક્ષના સ્વામી નામ સંબંધવાળા. બંધના સંબંધવાળા અને મોક્ષના સંબંધવાળા સ્વામી. સંસારી બંધના સંબંધવાળા ભગવાન સિધ્ધ આદિ મોક્ષના (સંબંધવાળા) તેનું વર્ણન કર્યું. **બંધ-મોક્ષના (આયતન) સ્થાન વર્ણવ્યા.**

રાગ-દ્વેષ (આદિ) બંધના આયતન છે, નિર્મળ પર્યાય મોક્ષનું આયતન સ્થાન છે. **આ બંધ ને**

**મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યા છે.** બંધના ભેદ અને મોક્ષના ભેદ એ બધા વર્ણન કરવામાં આવ્યા છે. **નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે.** લ્યો! વીતરાગતા વર્ણવી છે ને આ નિરૂપણ તો કર્યું છે. નિરૂપણ કરવામાં આવ્યું છે. એમ છે ને?

નિશ્ચય અને વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું, આમાં આવ્યું. જુઓ હવે. મોક્ષમાર્ગનું પણ જેમાં, જુઓ! વ્યવહાર મોક્ષમાર્ગ પણ આવ્યો તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, સમ્યક્. જેમ છે તેમ નિશ્ચય અને જેમ છે તેમ ત્યાં વ્યવહાર હોય, કથન, નિરૂપણ. નિરૂપણ કર્યું છે ને ત્યાં પણ ભાઈએ-મોક્ષમાર્ગ પ્રકાશકમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે. જુઓ! બે પ્રકારના મોક્ષનું નિરૂપણ છે, બે પ્રકારનો મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

બે પ્રકારના મોક્ષમાર્ગનું નિરૂપણ, કથન, જ્ઞાન કરવા માટે કહ્યું છે. મોક્ષમાર્ગ બે નથી. ઓલા કહે કે નહીં, મોક્ષમાર્ગ બે ન માને તે ભ્રમમાં પડયા છે. અહીં કહે કે મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. વસ્તુ મોક્ષમાર્ગ એક છે. એકને માને તે ભ્રમમાં પડયા છે, આ કહે કે બેને માને તે ભ્રમમાં પડયા છે. આ મોટા વાંધા. પંડિતો-પંડિતોમાં વાંધા. ટોડરમલજી કહે મોક્ષમાર્ગ બે માને તે ભ્રમમાં પડયા છે. અને એક વળી રતનચંદજી કહે છે અત્યારનો, કે મોક્ષમાર્ગ બે ન માને તે ભ્રમમાં પડયા છે. ન માને તે ભ્રમમાં પડયા છે. બે માનવા જોઈએ, એમ. બે માનવા જોઈએ. ઓલો કહે કે બે માને તે ભ્રમમાં પડયા છે. આ કહે કે બે ન માને તે ભ્રમમાં પડયા છે, એમ.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- કેટલા વર્ષ સુધી શાસ્ત્રો વાંચ્યા. એમાંથી આ કાઢયું, સાર કાઢયો. અહીં કહે છે કથન બે પ્રકારના છે. સમ્યગ્દર્શનનું કથન બે પ્રકારે છે, સમ્યગ્દર્શન બે પ્રકારે નથી. એમ સમ્યગ્જ્ઞાનનું કથન બે પ્રકારે છે, એમ સાધનનું કથન બે પ્રકારે છે, સાધન બે પ્રકારે નથી. સમજાણું કાંઈ? આહાહા!

**સાક્ષાત મોક્ષના કારણભૂત,** હવે આવ્યો તેનો સરવાળો પાછો. **પરમવીતરાગપણામાં જેમનું સમસ્ત હૃદય રહેલું છે,** જુઓ! બે પ્રકારનું ભલે કથન કર્યું. પણ સાક્ષાત મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં, પાછું ભાષા એમ લીધી, જોયું? આહાહા! પરમવીતરાગપણામાં જેમનું સમસ્ત હૃદય રહેલું છે. સમજાણું કાંઈ? જયાં ત્યાંથી વીતરાગભાવને પોષવો છે. રાગને પોષ્યો છે એ શાસ્ત્રમાં છે નહીં. આહાહા!

મુમુક્ષુ :- .......

ઉત્તર :- શું એનો અર્થ થઈ ગયો. નિષેધે એટલે છે જ નહીં. વીતરાગભાવ જેનું હૃદય છે, રાગભાવ તેનું હૃદય નથી. પણ આવે છે તેનું જ્ઞાન કરાવવા માટે વચ્ચે વ્યવહાર કર્યો છે. **એવા આ ખરેખર,** હવે આવ્યું. જુઓ આ શબ્દ! **પારમેશ્વર શાસ્ત્ર** છે આ તો. પારમેશ્વર શાસ્ત્ર, લ્યો!

સમજાણું? શું શબ્દ પડયો છે અંદર? **पारमेश्वरस्य शास्त्रस्य सकल पुरुषार्थ सारभूत मोक्षतत्व प्रतिपत्तिहेतो:** હેં! ઓલી તરફ. આહાહા!

મુમુક્ષુ :- પારમેશ્વર શાસ્ત્ર કહેવું.....

ઉત્તર :- પારમેશ્વર શાસ્ત્ર છે. એનું હૃદય કયાં આવ્યું એમ મારું કહેવાનું છે. એ કહું છું. એ કહું છું. આ હૃદય છે. છે. **साक्षान्मोक्षकारणभूत परमवीतरागत्व विश्रान्तसमस्त हृदयस्य** બસ એ, એ. સમસ્ત હૃદયસ્ય. એ શાસ્ત્રના પેટ આ છે, એમ કહે છે. ચારેય શાસ્ત્રના (અનુયોગમાં) ભગવત પારમેશ્વરના શાસ્ત્રમાં એનું પેટ વીતરાગતા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ પોતે વીતરાગતાનું તાત્પર્ય બતાવે ને, બીજું શું રાગનું બતાવે? તો રાગ છોડીને બેઠા કેમ એ? સર્વથા નિષેધ કરવા લાયક, સર્વથા આદરણીય છે આત્મા. કથંચિત તેમાં હોય નહીં. સમજાણું કાંઈ?

બંધભાવ સર્વથા નિષેધ કરવા લાયક છે, વ્યવહારનય. નિશ્ચય સર્વથા આદરણીય સ્વભાવ છે આત્માનો. કહો, સમજાણું કાંઈ? પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું, જિનભગવાનનું શાસ્ત્ર, ઓહોહો! પારમેશ્વરનું શાસ્ત્ર, ભાગવત શાસ્ત્ર છે આ. ચાર અનુયોગ આદિ ભાગવત શાસ્ત્ર છે. દૈવી અને પવિત્ર શાસ્ત્ર છે. એવા **પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.** લ્યો!

એ પારમેશ્વર શાસ્ત્રનું હૃદય જે રહેલું છે એવા આ પારમેશ્વર શાસ્ત્રનું પરમાર્થે વીતરાગપણું જ હૃદય છે એનું. વીતરાગપણાનું પોષક છે. જિનવાણી રાગની પોષક છે નહીં. કહો, દીપચંદજી! શું છે આ? સ્વચ્છંદી થઈ જાશે. પંચમઆરાના સાધુ પંચમઆરાના પ્રાણીને તો કહે છે. એ શેઠ! આ ચોથા આરાના સાધુ નથી આ. પંચમકાળના સાધુ પંચમકાળના જીવોને કહે છે. પણ અમારે તો અત્યારે અહીં મોક્ષ નથી અમને આ... અરે! સાંભળને હવે. મોક્ષ નથી એ કોણે કહ્યું? રાગ રહિત આત્મા છે એવો નિર્ણય અને અનુભવ કર એટલો તો તને મોક્ષ થઈ ગયો. આહાહા! સમજાય છે કાંઈ?

માન્યું હતું કે હું રાગવાળો છું એ માન્યતા છોડી દે. મોક્ષ જ છે તારો. આહાહા! સમજાણું કાંઈ? કહે છે એવું વીતરાગપણું જ તાત્પર્ય છે. ઓહોહો! આટલું આટલું વર્ણન કર્યું. નવતત્ત્વનું, પંચાસ્તિનું, ષટ્દ્રવ્યનું, બંધ-મોક્ષના સ્વામીનું, બંધ-મોક્ષના સ્થાનનું, પણ એ બધામાં કહેવાનું તાત્પર્ય, પેટ તો વીતરાગતા છે એમ કહે છે. આહાહા! એનો અર્થ કે ભેદ ને વિકલ્પ ને નિમિત્તનો આશ્રય છોડ, અભેદનો આશ્રય કર એ એનું તાત્પર્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

બધું વર્ણવ્યું, પંચાસ્તિકાય, નવતત્ત્વ ને ષટ્દ્રવ્ય ને, સમજાણું? બંધ-મોક્ષના પદાર્થ ને, સ્વામી ને, બધા ગમે તે વર્ણવ્યા કહે છે. લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો. આહાહા!

મુમુક્ષુ :- ઓલા કહે કરોડ વાતની વાત વ્યવહાર ઉર આણો.

ઉત્તર :- **તે આ વીતરાગપણાને,** હવે વધારે સ્પષ્ટ કરે છે. **તે આ વીતરાગપણાને**

**વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ,** આ વાત અલૌકિક વર્ણન છે. નિશ્ચયની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન છે ત્યાં તેને તે ભૂમિકા પ્રમાણે કેવા વિકલ્પની મર્યાદા હોય વ્યવહારની એ તેનું સુસંગતપણું અવિરોધપણું છે. સમજાય છે કાંઈ?

મુનિપણાની દશા પ્રગટે અને વસ્ત્ર-પાત્ર લેવાનો રાગાર રહે અને વસ્ત્ર-પાત્રનો સંયોગ રહે તે વ્યવહાર અને નિશ્ચયની સુસંગતી નથી. અવિરોધ છે. પણ મુનિપણું પ્રગટે એને પંચમહાવ્રતનો વિકલ્પ જ હોય અને તેની રાગની એટલી મંદતા હોય કે તદ્દન ઉંચે છે એટલી મંદતા નહીં, હેઠે છે તેટલી તીવ્રતા નહીં. એ ગુણસ્થાને યોગ જ જે વિકલ્પની મર્યાદા છે, તેને નિશ્ચય સાથે વ્યવહારનો સુસંગત મેળ વ્યવહારે છે. સમજાણું કાંઈ? આહાહા!

**અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,** નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવનો આશ્રય ને જ્ઞાન-વીતરાગતા પણ ભૂમિકા પ્રમાણે તેને વ્યવહારનો વિકલ્પ એવી જાતનો હોય એ જાતનો જ હોય તો તેને નિશ્ચય અને વ્યવહારનો મેળ કહેવાય. સમજાય છે કાંઈ? પણ વ્યવહાર હોય બીજી જાતનો અને નિશ્ચય હોય બીજી જાતનો એમ બની શકે નહીં. એનો વિસ્તાર કરશે.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૧, ગાથા :- ૧૭૨
## વૈશાખ વદ-૧૧, રવિવાર, તા :- ૩૧-૫-૧૯૭૦

પંચાસ્તિકાય ગાથા-૧૭૨.

આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે. એ આવ્યું ને ત્યાં? હવે એનો પેરેગ્રાફ માથે. શું કહ્યું? આ ભાગવત શાસ્ત્ર, પારમેશ્વર શાસ્ત્ર, દિવ્ય શાસ્ત્ર, દૈવી શાસ્ત્ર, વીતરાગતા એનું તાત્પર્ય છે. એનો અર્થ એ કે પૂર્ણ સ્વભાવ પોતાનો ચૈતન્ય સ્વભાવ છે વીતરાગ એના સન્મુખ થવું અને પર્યાય, રાગ અને નિમિત્તથી વિમુખ થવું. એ આખા ચાર અનુયોગનું વીતરાગપણું એ તાત્પર્ય છે. એ વીતરાગપણું ત્યારે પ્રગટે. સમજાય છે કાંઈ?

એ આ વીતરાગપણાને, હવે એવી જે દશા વીતરાગદશા, સ્વસન્મુખની દશા અને પરથી વિમુખ એવી દશા પ્રાપ્ત થાય ત્યારે તેને વીતરાગભાવ પ્રગટ થાય. છતાં **તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,** વ્યવહાર ને નિશ્ચયને સુસંગત જ્ઞેયોવાળું હોય. નિશ્ચય કાંઈક હોય અને વ્યવહાર બીજી જાતનો હોય એની ભૂમિકાથી એવું બને

નહીં. નીચે છે ખુલાસો. **વ્યવહાર નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિધ્ધિ થાય. પરંતુ અન્યથા નહીં.** એકાંત કર્યું. **વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે,** સુસંગતતા એટલે બેનો મેળ, નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો હોય તેમ મેળ રહે તો, **એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો ઈચ્છિતની સિધ્ધિ થાય છે,** બીજી રીતે થાય નહીં. તેનો ખુલાસો નીચે ફૂટનોટમાં છે,

**છઠ્ઠે ગુણસ્થાને મુનિયોગ્ય શુધ્ધપરિણતિ નિરંતર હોવી,** એ મુનિનો દાખલો આપ્યો. મુનિને યોગ્ય, ત્રણ કષાયના અભાવવાળી. શુધ્ધ વીતરાગી પરિણતિ નિરંતર સ્વસન્મુખના આશ્રયે હોવી, **તેમ જ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો,** પંચમહાવ્રત, અઠયાવીસ મૂળગુણ વિગેરે વિગેરે યથાયોગ્યપણે હોવા, તેને લાયક છે એવો જ જેનો વિકલ્પ હોય. એથી આગળ વધીને મંદરાગ હોય એવો નહીં, પહેલા તીવ્ર હોય એવો નહીં. સમજાય છે કાંઈ?

એ ગુણસ્થાનને યોગ્ય અઠયાવીસ મૂળગુણ આદિ મહાવ્રતના વિકલ્પ હોય, એનો નિશ્ચય ત્રણ કષાયનો અભાવ વીતરાગ પરિણતિ હોય અને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય કે આધાકર્મી તેને માટે બનાવેલા આહાર લેવાનો વિકલ્પ હોય એ વ્યવહાર એને યોગ્ય છે નહીં. એ નિશ્ચયની સાથે વ્યવહારનું સુસંગતપણું મેળ નથી. એટલે કહે છે કે અવિરોધપણું, તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે આ તો. દાખલો આપ્યો પંડિતજીએ. **પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુધ્ધ પરિણતિ નિરંતર હોવી,** શ્રાવકને પણ સ્વભાવ તેના આશ્રયથી શુધ્ધપરિણતિ બે કષાયના અભાવવાળી નિરંતર હોય, નિરંતર હોય **તેમ જ દેશવ્રતાદિસંબંધી શુભભાવો,** એને બાર વ્રતના વિકલ્પો પણ તેને યોગ્ય તેવા શુભભાવો, **યથાયોગ્યપણે હોવા,** તેને લાયક હોય તે પ્રકારે હોય **તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું એક ઉદાહરણ છે.** સમજાય છે કાંઈ? પાંચમા ગુણસ્થાને શુધ્ધપરિણતિ હોય અને એવા વિકલ્પો તીવ્ર હોય, કુદેવ, કુગુરુને માનવા, એવો ભાવ એને વ્યવહાર, એને સુસંગત છે નહીં. સમજાણું કાંઈ? ગમે તે દેવને માનવા, ગમે તે ગુરુને માનવા, ગમે તે શાસ્ત્રને માનવા એવો પંચમગુણસ્થાનનો વિકલ્પ એવો વ્યવહાર હોય શકે નહીં. એને યોગ્ય દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પને, બાર વ્રતના વિકલ્પ હોય. પણ પેલો નિશ્ચય હોય તો તેની સાથે આવો વ્યવહાર હોય. જેને નિશ્ચય નથી તેને વ્યવહાર હોય શકે નહીં. કહો, સમજાણું કાંઈ?

પાંચ, યથાર્થ ઉદાહરણ આપશે. **અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિધ્ધિ થાય છે.** એને નિશ્ચય-વ્યવહારની વાતને ન્યાય આપવા વાત લંબાવે છે. **અનાદિકાળથી ભેદવાસિત બુધ્ધિ હોવાને લીધે,** અનાદિકાળથી રાગની એકતાબુધ્ધિ અથવા રાગ સાથે સંબંધ, **અનાદિકાળથી ભેદવાસિત બુધ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો,** શરૂઆતના જીવો **વ્યવહારનયે ભિન્ન**

**સાધ્યસાધનભાવને અવલંબીને,** એનો ખુલાસો, નિયમસારમાં. **મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને,** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અંશે સ્થિરતા, એવી જે દશા દ્રવ્યસ્વભાવને આશ્રયે, સમકિતીને, મોક્ષમાર્ગીને થયેલી હોય છે.

એ **ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુધ્ધતાએ પરિણત આત્મા છે,** એને સાધ્ય તો પરિપૂર્ણ શુધ્ધતાએ પરિણત આત્મા. **અને તેનું સાધન વ્યવહારનયે,** એનું સાધન પાછું વ્યવહારનયે, **(આંશિક શુધ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે.** એ સાધન વ્યવહાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- એ તો વ્યવહાર સાધન કહ્યું, ખરેખર સાધન નથી. માટે વ્યવહાર સાધન કહ્યો ને? વ્યવહારનયે વ્યવહાર સાધન. ખરેખર સાધન છે નહીં. છે નહીં એને કહેવું તેનું નામ વ્યવહાર. **આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે**. વ્યવહારનયે શુધ્ધપરિણતિ સાધ્ય છે અને સાધન છે વિકલ્પ. સાધ્ય છે શુધ્ધ નિર્મળ અવસ્થા અને સાધન છે સ્વ-પર પ્રત્યય વિકલ્પ, રાગ. તેને આ સાધન વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી શુધ્ધપરિણતિને સાધ્ય કહ્યું. આમાં બધો ગોટો ઉઠયો છે. એ દીપચંદજી! જુઓ! આ સાધન લખ્યું છે કે નહીં આમાં?

એથી તો ખુલાસો કર્યો છે. વ્યવહારનયે, સાધ્ય ને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા. નિશ્ચયનયે સાધ્યસાધન તો અભિન્ન હોય છે. પૂર્ણ શુધ્ધિની પરિણતિ તે સાધ્ય છે અને અધૂરી શુધ્ધપરિણતિ તે સાધન છે. છે તો શુધ્ધદશા, વીતરાગીદશા, સ્વદ્રવ્યને આશ્રયે દશા તે સાધન નિર્મળ અને પૂર્ણ નિર્મળ તે સાધ્ય. એ નિશ્ચય છે. એવો નિશ્ચય જ્યાં હોય, ત્યાં વ્યવહાર આવા વિકલ્પો, પૂર્ણ જ્યાં નિશ્ચય થયો નથી ત્યાં આવા વ્યવહારો હોય તેને વ્યવહારનયે સાધન, ઉપચારથી સાધન, આરોપે સાધન કહેવામાં આવ્યા છે.

**ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને, સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે,** ભાષાના અહીં આ વાંધા. નિશ્ચય સ્વદ્રવ્યને આશ્રયે, સમ્યગ્દર્શન, જ્ઞાન એ તો નિર્મળ પર્યાય પણ અનાદિ વાસિત બુધ્ધિને લીધે રાગ બધો ગયો નથી. અનાદિ છે એટલે અજ્ઞાની છે એમ અહીં પ્રશ્ન નથી પણ રાગ હજી ગયો નથી તેથી તેને રાગની દશામાં, એવા ભાવો, વિકલ્પો આવે, જેથી સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. નીચે ફૂટનોટમાં છે. સુગમપણે, સહજપણે, કઠિનતા વિના જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મ સ્વરૂપના શ્રધ્ધાન આદિ કરેલ છે.

શુધ્ધચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપની સ્વસન્મુખની શ્રધ્ધા, જ્ઞાન ને લીનતા કરેલ છે,એવા સમ્યગ્જ્ઞાની જીવોને, **અનાદિકાળથી ભેદવાસિત છે,** એટલે પાધરો (સીધો) પહેલાં વ્યવહાર આવે છે એમ

નહીં. સમજાણું કાંઈ? આમાંથી એમ કાઢે છે, જુઓ! પહેલાં વ્યવહાર આવે છે ને પછી નિશ્ચય આવે છે. અનાદિ વાસિત છે ને. પણ એ વ્યવહાર પણ અનાદિ વાસિત છે. અનાદિના રાગથી જુદો પડયો, અસ્થિરતાથી. આની પહેલાં રાગથી જુદો પડયો પણ એ રાગ છે એની અસ્થિરતા, અનાદિનો છે આ ગંધ છે એ રાગની. જ્ઞાનીને પણ એ રાગ અનાદિની ગંધ છે. સમજાણું કાંઈ?

કોઈ દિ' રાગ-રહિત થઈ ગયો હોય અને પછી રાગ આવ્યો છે એમ નથી. સમજાણું કાંઈ? એ શુધ્ધાત્મસ્વરૂપના શ્રધ્ધાન, જ્ઞાન અને લીનતા કરેલ છે. **એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રધ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી,** શ્રધ્ધાન સંબંધી, જ્ઞાન સંબંધી અને ચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો હોય છે. ભેદરત્નત્રયના વિકલ્પની જાત સમ્યગ્દષ્ટિને સ્વાવલંબી થવા છતાં પૂર્ણ સ્વાવલંબી થયો નથી એથી પરાવલંબી એવા વિકલ્પોની જાત વ્યવહારે અનુકૂળ છે એમ કહીને સાધન કહેવામાં આવે છે. સમજમાં ન આવ્યું?

વ્યવહાર કહો કે અનુકૂળ કહો કે નિમિત્ત કહો એ વિકલ્પની જાત છટ્ઠે, પાંચમે હોય એથી વિશેષ રાગ પણ ન હોય અને તદ્દન મંદતા ઉત્પન્ન હોય એવી જાત ન હોય. એ રીતે રાગને ત્યાં ભેદસાધન કહેવામાં આવ્યું છે. કારણ કે **અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ,** સમ્યગ્દષ્ટિની પણ અહીં વાત છે. અનાદિકાળથી જીવોને ભેદવાસનાથી વાસિત પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે, નિમિત્ત ઉપરના લક્ષવાળી બુદ્ધિ છે. રાગ એકતા તૂટી છે, પણ હજી પરાવલંબીનું અવલંબન જે અનાદિનું છે એ માહ્યલો અંશ હજી બાકી રહ્યો છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ?

એમ નહીં કે અનાદિનું અવલંબન છે, એને મિથ્યાત્વ છૂટયું ને પહેલો વ્યવહાર આવે છે, એમ નથી. કારણ કે **અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.** લ્યો! એમ કહે છે. રાગ અને વિકલ્પથી ચૈતન્ય સ્વભાવને જેણે ભિન્ન જાણ્યો, શ્રધ્ધયો, અનુભવ્યો, છતાં હજી રાગની વિકલ્પ દશા અનાદિ વાસિત ગંધ છે તે રહી ગઈ છે, એમ કહે છે. એકતાબુદ્ધિ રહી નથી. સમજાણું કાંઈ?

અનાદિનો રાગનો જે ભાગ છે એ વ્યવહાર ભાગ અનાદિનો રહી ગયો છે, એમ. તદ્દન શુધ્ધ થઈ ગયો છે અને નવો રાગ થયો છે એમ નથી. પંડિતજી! આ તો વ્યવહાર સાધન કહેવું છે ને અહીં આવો અર્થ કર્યો છે પાછો એકકોર. એવો અર્થ ન કરે તો પાછું કાંઈ મેળ ખાય એવું નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હં.. વીતરાગભાવ તો પ્રગટ થયો છે. પણ હજી રાગથી બિલકુલ છૂટી ગયો છે અસ્થિરતામાંથી પણ, એમ નથી. એ અનાદિની વાત છે એ. રાગથી ભિન્ન પડયા છતાં, રાગ બાકી રહ્યો

છે એ અનાદિની જાત છે એ. એ કાંઇ નવો રાગ થયો છે એમ છે નહીં. તેથી આનો અર્થ એમ કર્યો છે, અનાદિ વાસિત હોય તેને પહેલો વ્યવહાર આવે. અને વ્યવહાર કરીને પછી નિશ્ચય આવે. એવો અર્થ કર્યો છે, લ્યો! ભીખાભાઇ! ખોટું છે ઇ?

લખ્યું છે ને આ પ્રમાણે, જુઓ ને! **સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે.** વ્યવહારની સુખે કરીને પહેલી અનાદિ વાસિત બુધ્ધિવાળા વ્યવહારની પહેલી શરૂઆત કરે છે. એય! અમારા પંડિતજીએ ચોખ્ખી તો (વાત) કરી છે આમાં. એ દેવાનુપ્રિયા! કહ્યું ને? અનાદિકાળથી ભેદવાસિતથી બરાબર છે આ વાત. કારણ કે રાગનો ભાગ છે એ નવો થયો છે એમ નથી. સમ્યગ્દષ્ટિને પણ જ્ઞાનીને પણ સ્વભાવનું અવલંબન લઇને રાગની એકતા તૂટતા છતાં અસ્થિરતાનો રાગ અનાદિનો છે. એમ કહે છે. સમજાણું કાંઇ?

એ નવો થયો, શુધ્ધતા પૂર્ણ પ્રગટી એથી નવો થયો એમ નથી. એ શુધ્ધતા પ્રગટી જ નથી. પર્યાયમાં શુધ્ધતા પૂર્ણ અનાદિથી પ્રગટી જ નથી. તેથી ગાંઠ અનાદિની સમકીતિને પણ રાગની અસ્થિરતાનો ભાવ અનાદિની જાતનો એ અસ્થિરતાનો ભાવ છે. સમજાણું કાંઇ? પછી સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. એનો અર્થ એ કે એ ભૂમિકામાં એવા ભાવો હોય છે. એને વ્યવહારે એમ કહેવામાં આવે છે. એ દ્વારા સુખે કરીને, પાર પામે છે અથવા સુખે કરીને માર્ગની શરૂઆત કરે છે. એ ખરેખર એમ નથી. એ તો વ્યવહારનયનું વચન છે.

સુખે કરીને કે દિ' ત્યાં હતું? સુખનો અર્થ આપણે અહીં કર્યો છે ને. **સુગમપણે,** જુઓ ને! **સુગમપણે, સહજપણે, કઠિનતા વિના,** એમ કર્યું છે. છે તો એ રાગ, દુઃખ છે. સુખે કરીને પણ વ્યાખ્યા એમ કરી છે એને. સુખે કરીને એટલે કે રાગની તે પ્રકારની ભૂમિકામાં એવી મંદતા હોય કે જેથી તેને કષ્ટ ન પડે. એટલે કે આગળ જવામાં, જે આગળ જીવો છે તેને આવો રાગ છે, માટે તેને આવી ભૂમિકામાં સ્વદશા શુધ્ધની ન રહે એમ નથી. એ.. પ્રવીણભાઇ! બધા આવા છે. શું કીધું સમજાણું? સુગમપણે, સહજપણે એટલે એની સ્વરૂપની આશ્રય દશા હોવા છતાં તેની ભૂમિકાને (યોગ્ય) એવો જ રાગ હોય, એ ત્યાં તેને મેળવાળો છે. એટલે કે તેની ભૂમિકાનો વિરોધ કરતું નથી. આગળ જવામાં બધા વિરોધ કરે પણ વર્તમાન ભૂમિકાનો વિરોધ કરતું નથી. તે ભૂમિકા વર્તમાન ન રહે એમ નથી. સમજાણું કાંઇ? આરે!

**સુગમપણે,** સહજપણે એટલે કે વિકલ્પો સહજપણે એવી જાતના જ આવે છે. એમ કહે છે. સમજાણું કાંઇ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રધ્ધા એ તરફના વલણનો વિકલ્પ એ જ આવે. અને એથી કરીને એને અંદર આગળ જતાં કઠણ પડે એમ નથી. એ વસ્તુના સ્વભાવની દશામાં પ્રાપ્ત છે કે આવો રાગ હોય છે, એથી સુખે કરીને એટલે સહજપણે એવા વિકલ્પ આવે અને સહજપણે પરિણતિ

છે. એ સહજપણે આગળ વધે છે. પરથી વધે છે એમ કહેવું છે એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- રાગથી વધે છે ને....

ઉત્તર :- એ કીધું ને. પરથી કીધું ને. વધે છે એ વ્યવહાર છે. રતિભાઈ! રાગથી વધે છે, અહીં પાઠ તો એવો છે, હોં! **ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને, સુખે કરીને તીર્થની,** વર્તમાન પરિણતિની **શરૂઆત કરે છે.** આમ કહ્યું છે, એનો અર્થ આ છે. સમજાણું કાંઈ? **(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે.)** એ શુધ્ધપરિણતિ પણ છે અને એ જાતના એ જીવ પ્રમાણે વિકલ્પની મર્યાદા, એ હવે ખુલાસો કરે છે. એનું સુગમપણે કેમ થાય એનો અહીં ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે એ વિસામો છે, પછી નિશ્ચયમાં જઈ શકાય એમ નથી એમ કહે છે. વિસામો નથી, વિસામો નથી, પણ એ ભૂમિકાને યોગ્ય નિમિત્ત એટલે વ્યવહારે અનુકૂળતા છે. એની પર્યાયનો નાશ થયો હોવા છતાં થતો નથી. બસ, આટલી વાત છે. ભારે વાત ભાઈ! શાંતિભાઈ! આવું નિમિત્તપણું. જુઓ આ ગાથા.

મુમુક્ષુ :- સમજાય એવું નથી એમાં અમે શું કરીએ?

ઉત્તર :- સમજાય એવું જ છે. નથી સમજાય એવું કયાં છે? વ્યવહાર હેય છે, અભૂતાર્થ છે. પહેલો એ સિધ્ધાંત. અભૂતાર્થ છે ને સાધન કહ્યું, અભૂતાર્થ છે એને સાધન કહ્યું, એ વ્યવહારથી એટલે અભૂતાર્થથી, અસત્યાર્થથી સાધન કહ્યું છે. જૂઠ્ઠાથી સાધન કહ્યું છે, લ્યો! એનો અર્થ આ. કારણ કહ્યું ને, એવું નિમિત્ત ત્યાં હોય, એવું નિમિત્ત ત્યાં હોય, ઉપરની ભૂમિકા પ્રમાણે મંદતા રાગની એટલી ન હોય, નીચલી ભૂમિકાનો તીવ્ર રાગ એવો ન હોય, તેની યોગ્યતાવાળો રાગ હોય માટે અનુકૂળ કરીને વ્યવહારસાધનનો આરોપ આવે છે. એ શેઠી! આમાં જરી વાંચે તો કાંઈક, ચક્કર શું કીધું? ચક્કર ખાય.

મુમુક્ષુ :- આમાં તો ચોખ્ખું વ્યવહારથી લાભ થાય એમ લખ્યું છે.

ઉત્તર :- એ વ્યવહારથી લાભ થાય કોને કીધું, કેમ કહ્યું, વ્યવહાર એટલે શું? વ્યવહાર એટલે અભૂતાર્થ, નિશ્ચય એટલે ભૂતાર્થ, એ ત્યાં સિધ્ધાંત રાખીને તેનો અર્થ કરવો પડશે કે નહીં? અભૂતાર્થને એટલે અસત્યાર્થને, એટલે કે જૂઠા ભાવને, સુગમપણે સાધન કહ્યું તેનો અર્થ કે જૂઠી નયે તેને આરોપથી કથન કર્યું છે. શશીભાઈ! આહાહા! અનાદિકાળથી એ પહેલાં આવી ગયું છે એક ઠેકાણે...૨૩૭ પાને લખ્યું છે. ૨૩૭ પાને આવી ગયું છે. અનાદિ અવિદ્યાના નાશ દ્વારા, જુઓ! અવિદ્યાના નાશ દ્વારા વ્યવહાર મોક્ષમાર્ગને પામ્યો છે, આમાં જુઓ! ૨૩૭ પાનું, બીજી લીટી.

આ આત્મા ખરેખર કથંચિત કોઈ ઉદ્યમથી અનાદિ અવિદ્યાના નાશ દ્વારા, એમ છે. વ્યવહાર મોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિ સંબંધી તત્ત્વના અશ્રદ્ધાનમાં, અશ્રદ્ધાનની શ્રદ્ધાન કરે, અશ્રદ્ધાનને છોડે છે. અંગપૂર્વગતના અજ્ઞાનને છોડે છે, અતપમાં ચેષ્ટાના ત્યાગને છોડે છે અને ધર્માદિના અશ્રદ્ધાનને

અંગીકાર કરે છે. એ વિકલ્પ અમુક જાતનો છોડે છે અને અમુક જાતનો ગ્રહણ-ત્યાગ થાય છે. એ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયમાં ગ્રહણ-ત્યાગ છે નહીં. આહાહા! વાત તે પણ હવે શું થાય? સમજાણું?

અનાદિકાળથી અનંતચૈતન્ય વીર્ય બિડાઈ ગયું છે. એ છે ને અંદર. અનાદિકાળથી ત્યાં લીધું, જુઓ! ૨૨૧ની પાછળ વચમાં ચોથી લીટી છે. જેને અનાદિકાળથી અને અનંતચૈતન્ય અને વીર્ય બિડાય એવો તે જ્ઞાની, જુઓ! છે તો જ્ઞાની છતાં તેને બિડાય ગયેલું છે. સમજાણું કાંઈ? અનાદિનું બિડાયેલું છે, અનાદિની આ વાસના છે. ભાન થયેલું છતાં, આહાહા! ૨૨૧ ને ૨૨૭ છે કાંઈક. આમાં લખ્યું છે તે દિ' ૨૨૭ છે? .... અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને. એ પણ એ છે, જુઓ! છે ને? ૧૫૫ અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરોકત ઉપયોગવાળો (-અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (-અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાય- પણું હોય છે, એ પરસમય છે એટલું બસ. પરસમય એટલે અનાદિનો વિભાવભાવ છે એથી તેને પરસમય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સામે પુસ્તક છે કે નહીં?

મુમુક્ષુ :- મેળ બેસાડે છે.

ઉત્તર :- આ મેળ, એથી તો આ બે ત્રણ ઠેકાણે બતાવી દીધું. ઓલામાં અવિદ્યાનો નાશ કરીને વાત કરી. ઓલો અનાદિનો મોહને અનુસરે છે, હજી જ્ઞાની પણ, અસ્થિરતાનો ભાવ એટલો પરસમયનો. સ્વસમયને અનુસરે છે, સ્વસમય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોખ્ખી વ્યવહારથી વાત કરી, બીજી દલીલ ચાલી શકે એવું દેખાતું નથી.

ઉત્તર :- વ્યવહાર એટલે અભૂતાર્થ. એક સિદ્ધાંત પહેલો. વ્યવહાર એટલે અસત્યાર્થ. વ્યવહાર એટલે ખરેખર નિશ્ચયની અપેક્ષાએ અવિદ્યમાન છતાં વ્યવહારની અપેક્ષાએ વિદ્યમાન. એ અવિદ્યમાન અને વિદ્યમાન વ્યવહારથી કહેવામાં આવે છે. એમ સાધન નથી તેને વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. ભારે વાત! ઉપાદાનની વાત આવે નિશ્ચયની, એ પણ સોનગઢની, હવે ભઈ! ભગવાનના ઘરની છે એમ માન ને... સોનગઢની વાત છે. બેસી જાવ એટલે. એવી વાત તમારી સોનગઢની અહીં નહીં ચાલે, એમ. ધન્યકુમાર, રતનચંદજી આ તો કારંજાનો છે ને કારંજાનો. આવ્યા છે રતનચંદજી? નથી આવ્યા. ત્યાં આવ્યા હતા. આપણે અહીં આવી ગયા હતા ને, ભાવનગર, ભાવનગર આવી ગયા. ધન્યકુમાર. ગામમાં બરાબર પ્રવેશ. બે હજાર માણસ છે. બે હજાર માણસ. સભા ભરાય તો બે હજાર માણસ.. અરે! આ તો બધે હવે આવે એવું છે. ત્યાં આખા મહારાષ્ટ્રમાં ફર્યા હશે પણ કયાંય કોઈએ ના પાડી નથી. બધા એ કહે છે. મારગ કાંઈક.. મારગ કાંઈક.. મારગ તો આ છે, બાપુ!

વ્યવહાર હોય ત્યાં સાધન છે. સાધન બે પ્રકારના હોય નહીં. સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે.

સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે. એક અભૂતાર્થ સાધન એક ભૂતાર્થ સાધન. કહો, સમજાણું કાંઇ?

મુમુક્ષુ :- અભૂતાર્થ કીધું છે.

ઉત્તર :- એ અભૂતાર્થ એ જ કીધું ને, અભૂતાર્થ સાધનને અભૂતાર્થ સાધન થાય, એનો અર્થ અભૂતાર્થથી કહ્યું છે, વ્યવહારનયથી કહ્યું છે. એ માટે તો ખુલાસો કરવો પડયો. લ્યો! એય! શેઠ! ત્રણ તો દાખલા આપ્યા. ૨૨૧, ૨૨૭ અને આ ૨૩૮. ત્રણેયની સાથે મળે છે આ ચોથો બોલ. આ આપણો છે એટલે જરી ત્રણ સાથે.. એ વજુભાઇ! એ તો મારા ત્યાંના બધા માણસો હા જ પાડે છે. એમ કહે છે બધા મુરખા છે. અરે! ભગવાન! શું કરે છે પ્રભુ! કઇ અપેક્ષાએ કઇ નયનું કઇ અપેક્ષાએ કેમ છે અને અહીં કેમ આવ્યું છે, એવો એને અર્થ સમજવો જોઇએ ને?

અભૂતાર્થ વસ્તુ નથી? વસ્તુ હોય કે નહીં? નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે, નિમિત્ત-નિમિત્ત, વ્યવહાર-વ્યવહાર એ કાંઇ નથી? વ્યવહારનયનો વિષય નથી? વિષય છે એનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે,

મુમુક્ષુ :- હવે તેના જ્ઞાનમાં શું ખામી છે?

ઉત્તર :- લોકાલોકને જાણે એવો સ્વભાવ છે એનો. આત્મા સ્વનું જ્ઞાન કરે છે ત્યારે બાકી રહેલો રાગ તેનું પણ જ્ઞાન તેને સ્વતઃ સ્વ-પર પ્રકાશક ઉત્પન્ન થાય છે. એ માટે કામ છે. સમજાણું કાંઇ? આત્મા પોતાના સ્વરૂપના સાધનમાં આવે છે એટલે તેને સ્વ-પરની જ્ઞાનની પર્યાય જ એ સમયે પ્રગટ થાય છે. એ સ્વ-પરનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. પરનું જ્ઞાન એ પરનું છે નહીં. એ વ્યવહારનું જ્ઞાન એ વ્યવહારનું નથી. જ્ઞાન પોતાનું છે. સ્વનું જ્ઞાન અને વ્યવહારનું જ્ઞાન એ બે થઇને પોતાનું જ્ઞાન છે. બે થઇને પોતાની એ પર્યાય છે, એને એ જાણે છે. સમજાણું કાંઇ? શું થાય પણ હવે એ?

એ બારમી ગાથામાં કહ્યું ને, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે, એ તો એક નિશ્ચયની ૧૧મી ગાથામાં કહ્યું, ભૂયત્થમઅસિદો ખલુ, એકલો ભગવાન ભૂતાર્થ, ધ્રુવને આશ્રયે સમકિત થાય અને ધ્રુવને અમે શુધ્ધનય કહીએ છીએ. નય ને નયનો વિષય જુદો નહીં. ત્યારે આટલું રહ્યું. હોય કોઇ પર્યાય, રાગ શુધ્ધિના અંશો વધે, રાગનો અંશ ઘટે એવી કોઇ દશા છે કે નહીં? એ દશા છે. તો એ દશાનું જ્ઞાન ત્યાં સ્વતઃ સ્વનું જ્ઞાન થતાં તે પ્રકારનું જ્ઞાન ત્યાં પોતાને કારણે એનું લક્ષ કરે છે અને જાણે છે, એમ પણ નહીં.

એ જાતની જ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક જે એનો સ્વભાવ છે, એ જ પ્રકારનો સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો પર્યાય ઊભો થાય છે એથી વ્યવહાર જાણે છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો વ્યવહાર સંબંધીનું જ્ઞાન પોતાનું છે અધુરું, અને સ્વનું આખું, એ બેય થઇને પોતાની પર્યાય છે. ચંદુભાઇ! કેવળજ્ઞાની, કેવળજ્ઞાનમાં કેવળ પર્યાય છે. એ લોકાલોક છે માટે જ્ઞાન છે? અને લોકાલોકનું એ જ્ઞાન છે?

એ તો પોતાની પર્યાયનું જ્ઞાન છે. પોતાની પર્યાયમાં, પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ અને પોતાની પર્યાયની પૂર્ણતા તેનું જ્ઞાન છે. છ દ્રવ્યનું છે એમ કહેવું એ વ્યવહાર છે. એવો જ જ્ઞાનનો પર્યાય છ દ્રવ્ય અને લોકાલોક હોવા છતાં, પોતાની પર્યાયમાં સ્વ-પર પ્રકાશક આત્મજ્ઞાનમય સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય છે. એને પૂર્ણ છે સાધકને અપૂર્ણ છે બસ, એટલો ફેર છે. સમજાણું કાંઈ?

સાધકને પૂર્ણ જ્ઞાનનો વિષય થયો નથી. હજી રાગ છે, સાધક છે, બાધક છે, બધું છે ને. તેથી તેને વસ્તુના સ્વભાવ તરફ વળતા જે સ્વનું જ્ઞાન થયું, એકલું નથી થયું એની સાથે. એમ કહે છે. સ્વનું જ્ઞાન, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વનું જ્ઞાન થતાં સ્વ-પર પ્રકાશકનું પર્યાયમાં સામર્થ્ય પ્રગટ થાય છે. એટલે તેને એમ કહ્યું કે વ્યવહારને જાણે છે અને વ્યવહાર સાધન છે એવો ઉપચાર કરીને કથન કર્યું છે. આહાહા! સમજાય છે કાંઈ?

વ્યવહારને જાણતો નથી છતાં વ્યવહારને જાણે છે, એમ કહે છે. લ્યો! ભાઈ! વ્યવહારને જાણે છે એ? લોકાલોકને જાણે છે ત્યાં. વ્યવહારને જાણે છે? વ્યવહાર તો રાગ છે. રાગથી તો નિર્લેપ, ભિન્ન છે જ્ઞાન. માંગીલાલજી! ભગવાનસ્વરૂપ ચૈતન્યબિંબ એ જ્ઞાનની મૂર્તિ, એમ જ્યાં સ્પર્શ થયો, એટલી પર્યાય જ સ્વ-પર પ્રકાશક સ્વતઃ, પોતાનો સ્વભાવ એ જાતનું જ્ઞાન જ ત્યાં અધુંરું સ્વ-પરને જાણતું પ્રગટ થાય છે. એ ચીજ છે માટે પ્રગટ થાય છે, લોકાલોક છે માટે કેવળજ્ઞાન પ્રગટ થાય છે કે છે. એમ છે નહીં. ભીખુભાઈ! આહાહા!

એમ ત્યાં વ્યવહાર સાધન જે કહ્યું એ તો વ્યવહારનયથી કહ્યું, નિશ્ચયમાં એ સાધન નથી અને એને જાણતું નથી. એ પોતાની પર્યાયનું સામર્થ્ય એટલું અને એવડું છે. જે પ્રકારના વિકલ્પો થવાના છે, તે જ પ્રકારનું જ્ઞાન તેના લક્ષ વિના તે આવશે માટે જ્ઞાન કરે છે એમ નથી. સમજાણું? એ પ્રશ્ન ઉઠયો છે ને ભાઈ! નહીં? પ્રવચનસારમાં ને? હા, પ્રવચનસારમાં. એમ કે જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન થાય ને તે સમયે જાણે એમ કેમ બને? નટ પોતાના પગ અહીં રાખે માથે, એમ કેમ બને? ખંભા ઉપર. પ્રવચનસારમાં. એમ જ્ઞાન જે સમયે ઉત્પન્ન થાય એ જ સમયે તેને જાણે એમ કેમ થાય? ભાઈ! એ સમયે ઉત્પન્ન થાય અને એ જ સમયે જાણે એવો તેનો સ્વભાવ છે, માળા! સાંભળને? અને તે જ પાછું ઉત્પન્ન થયું તેને જાણે એટલે શું કહ્યું એનો અર્થ, લ્યો! ભાઈ! જે સમયનું જ્ઞાન થયું સાધકમાં તે સમયે તેને જાણે છે, એટલે શું થયું? કે ઓલો રાગ છે એને જાણે છે, એમ કહેવું એ વ્યવહાર છે. લોકાલોકને જાણે કેવળજ્ઞાન એ વ્યવહાર છે. પોતાનો પર્યાય પૂર્ણ થયો તેને જાણે છે.

એમ સાધકમાં જે જ્ઞાનનો પર્યાય એ જાતનો અપૂર્ણને જાણે, અહીં સંપૂર્ણને જાણે એવી જ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એને એમ કહેવું કે પરને જાણવું એ વ્યવહાર છે. એમ આ સાધન વ્યવહાર છે, એનાથી સુગમપણે થાય એ વ્યવહાર છે. આહાહા! વ્યવહાર રાગ છે માટે જ્ઞાન થતું નથી તો વળી

વ્યવહાર સાધન થઈને આગળ સાધ્ય વધે, એ વાત છે જ નહીં. ચંદુભાઈ! વાત તો આ છે. રતિભાઈ! ન્યાયથી જરી મધ્યસ્થથી અંદર આ ભાવ બેસવો જોઈએ ને? બેસે તો કામ આવે, એમ અધ્ધર ને અધ્ધરથી વાતું કરે આમ છે ને તેમ છે, એમ કેમ પણ થાય તે.

ભગવાનઆત્મા એકલો જ્ઞાન ને આનંદનો સાગર વસ્તુ શુધ્ધ. હવે શુધ્ધનું અવલંબન થયું, એટલે પર્યાય શુધ્ધને જાણવાની પ્રગટી એટલી જ પ્રગટી છે? કેવળજ્ઞાન પ્રગટ્યું એટલે દ્રવ્યગુણપર્યાય પોતાના જાણે એટલું જ પ્રગટ્યું છે? લોકાલોક છે તેને જાણતું એટલે કે તે પ્રકારનું જ્ઞાન પોતાનું પોતાથી પણ થઈને પોતાને પોતે જાણે છે. શેઠી! આ જરી વસ્તુ વિચાર કરવી પડે એવી છે. હેં.. વજુભાઈ! વિસ્તાર તો ભાઈએ કર્યો છે. આહાહા!

કહે છે પરને જાણેલો પ્રયોજનવાન કહ્યું, કેવળજ્ઞાની લોકાલોકને જાણે, એ પ્રયોજનવાન છે? એમ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે તો પરને જાણે તો પ્રયોજનવાન છે? પણ એવું જ જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા! સમજાય છે કાંઈ? આ પ્રયોજનવાન છે. પોતાનો પર્યાય તે પ્રકારનો પ્રગટ્યો છે એને જાણે છે, બીજું શું? સમજાણું કાંઈ? એમ અહીંયાં વ્યવહારને સાધન કહ્યું છે, તે સાધનને જાણવાનું કામ કરે છે એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. એને ઠેકાણે એ મદદ કરી ને અહીં ટકે છે, વસ્તુમાં એ નથી.

મુમુક્ષુ :- શબ્દને કારણે ભૂલી જઈએ છીએ.

ઉત્તર :- શબ્દને કારણે નથી ભૂલતા, દ્રષ્ટિને કારણે ભૂલી જાય છે. કેમ પંડિતજી! આહાહા! **ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને,** હવે ત્યાં નિશ્ચય અભિન્નસાધ્યસાધનભાવ તો છે કે નહીં. ભાઈ! આ ભિન્નસાધ્યસાધન વખતે અભિન્નસાધ્યસાધન છે કે નહીં? કે એકલો ભિન્નસાધ્યસાધન છે?

મુમુક્ષુ :- એ આપ સમજાવો.

ઉત્તર :- આ ભિન્નસાધ્યસાધન વખતે પણ અભિન્નસાધ્યસાધન તો છે. એની સાથે એક બીજો બોલ જોડી દેવો છે. પોતાનો નિર્મળ સ્વભાવ એ સાધન છે અને પૂર્ણ નિર્મળ સાધ્ય, એ તો છે. એ ઉપરાત અહીં બીજી વાત હવે નાખી છે. એવા કાળમાં પણ એ ભિન્નસાધ્યસાધન કહેવામાં આવે છે. અને જે નિશ્ચયસાધ્યસાધન છે અને તેનું પૂર્ણ સાધ્ય છે, આ વ્યવહાર સાધન અને તેની વર્તમાન પર્યાય સાધ્ય, એમ જો કહીએ તો પણ એ ઉપચાર છે. અને પૂર્ણ સાધ્યનું આ સાધન કહેવું એ પણ ઉપચાર, વ્યવહાર છે. સમજાણું કાંઈ? માળે! આટલું બધું સમજવું પડે! ભાઈ! બાપુ! તું સમજણનો પિંડ છો. એ તો જ્ઞાનનો એકલો પિંડ. બાકી કાંઈ ગંધેય નથી. એ કે જયાં ભૂમિકા પ્રમાણમાં રાગ હોય છે એને વ્યવહારે જાણે અને વ્યવહારે સાધન કહીને તેને જાણવા માટે વાત કરી છે. સમજાણું કાંઈ? નહીંતર કયાંય મેળ નહીં ખાય તત્ત્વના સત્વનો.

એ તત્ત્વ છે તેનું સત્વ જ્ઞાન જે સ્વપરપ્રકાશક છે એનો સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વભાવ છે. સ્વતઃ સ્વભાવ છે. પરને લઈને છે, એમ છે નહીં. જ્ઞાનનો પર્યાય સ્વતઃ સ્વપરપ્રકાશક છે એને શું કરી શકે છે એમાં કહો હવે. માટે વ્યવહાર છે માટે પરપ્રકાશક છે એમ છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પોતાની થયેલી પર્યાય સ્વપરપ્રકાશક....

ઉત્તર :- એ પોતે ઉત્પન્ન થયેલો પર્યાય પોતે પોતાને જાણે છે. ઉત્પન્ન થાય એને જાણે એ સમયે, એવો જ એનો સ્વભાવ છે. એ માટે તો પ્રવચનસારમાં ખુલાસો કર્યો છે કે ભઈ, શું કાંઈક કહ્યું હતું? રાગને કાંઈક કહ્યું હતું. એનો એ પર્યાય ઉત્પન્ન થાય એમ ન બને. પણ ઉત્પન્ન થાય એને જાણે એમ ન બને? એ તો એનો સ્વભાવ છે. એમ રાગાદિને કાળે જે જ્ઞાન સ્વપરપ્રકાશક નવું ઉત્પન્ન થયું, એ ઉત્પન્ન થયું તે જ પ્રકારને તે જાણે છે. સમજાણું કાંઈ? નિશ્ચય સ્વરૂપ તો આ છે. વસ્તુની સ્થિતિ એવી છે એમાં વસ્તુ પોતે પોકાર કરે સ્વપરપ્રકાશક અને સ્વપરપ્રકાશકની વ્યાખ્યા એટલે શું? સમજાણું કાંઈ? પર વસ્તુ છે માટે પરપ્રકાશક છે? અને સ્વ-પર પ્રગટ્યું છે તે પર અહીં હતું માટે અહીં પ્રગટ્યું છે? સમજાણું કાંઈ? પણ પછી શાંતિભાઈ કહે થોડું.. કરો. હવે આમાં, આ આવ્યું. વસ્તુ તો આ છે એ આ રીતે છે. બીજી કોઈ રીતે મેળ નહીં ખાય. સમજાય છે કાંઈ?

આ આવ્યું કે, **ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે.** અભિન્ન સાધ્યસાધન એ વખતે છે કે નહીં? છે. પણ તે વખતની ભૂમિકામાં, આગળ આવે છે ને જુઓ ને અહીં. એવા વિકલ્પોની જાત અભૂતાર્થ હોવા છતાં એ પ્રગટે છે. સમજાય છે? અને તેથી તેને આવો જ ભાવ હોય એમ અનુકૂળતા વ્યવહારે ગણીને, નિમિત્ત તરીકે ગણીને એ સાધન છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જુઓ ને, ન્યાયથી ખ્યાલમાં વાત આવવી જોઈએ ને? કે એમ ને એમ માને, એમ ને એમ માને, અંધશ્રદ્ધા. શું માને પણ? ભગવાન કહે છે કે વ્યવહાર સાધન છે પણ શું છે આ? પંડિતજી! **અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે,** અનાદિકાળથી ક્ષાયિક સમકિત થયું છતાં રાગનો ભાગ તો અનાદિનો છે ને? એટલે મિથ્યાત્વી છે માટે અનાદિનો રાગ છે, એમ અહીં વાત નથી. અહીં તો પર્યાયમાં રાગનો ભાગ અનાદિનો છે, બસ. ભલે રાગની એકતા તૂટી છે, છતાં રાગ છે એ તો અનાદિનો છે, કાંઈ નવો થયો છે? વાત સમજાય છે કાંઈ? એય! દીલીપ! ઝીણું છે આ બહુ. આહાહા!

**અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ,** આટલો અર્થ પહેલાં થઈ ગયો. **અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ,** જેટલો રાગ છે ભેદ છે કે નહીં? કે અભેદ થઈ ગયો છે. અનાદિનો ભાગ છે એ. અનાદિનો

છે માટે મિથ્યાદષ્ટિ છે એને જ આ રાગ થાય છે, એમ નથી. કેમકે ભિન્નસાધ્યસાધનને વ્યવહાર કહ્યો ત્યારે તેની સાથે નિશ્ચય અભિન્નસાધ્યસાધન છે. સમજાણું કાંઈ?

પૂર્ણ પવિત્રતા એ સાધ્ય છે અને શુધ્ધપરિણતિ વર્તમાન તે સાધન છે. હવે અહીં એ પૂર્ણ પરિણતિ તે સાધ્ય ને આને સાધન કહો તોપણ ઉપચાર છે. અને છઠ્ઠા ગુણસ્થાનમાં રહેલો શુભરાગ એ શુધ્ધ સાતમા ગુણસ્થાને શુધ્ધપરિણતિને સાધન છે અને સાતમી ભૂમિકાની શુધ્ધપરિણતિ તે સાધ્ય છે, એમ કહો તોપણ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ખરેખર તો એ પહેલાં આવી ગયું છે. છઠ્ઠા ગુણસ્થાનની શુધ્ધિ તે સાતમાની શુધ્ધિનું કારણ છે. પણ આરોપથી એ ભૂમિકાને યોગ્ય જે રાગની મંદતા હતી, તેવી જ આ સર્વજ્ઞ ત્રિલોકનાથની શ્રધ્ધા, છ દ્રવ્યની શ્રધ્ધા, નવ તત્ત્વની શ્રધ્ધા એથી કોઈ વિરોધ માનવાનો વિકલ્પ વ્યવહારમાં પણ એને હોતો નથી. એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલું પર્યાયનું સામર્થ્ય છે. હવે પર્યાય ઉપર લક્ષ છે. .. એવો પ્રગટયો છે, તોય મેળ નહીં ખાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકતાની બુધ્ધિ .....

ઉત્તર :- એકતા છે તો જાણશે કોણ કે આ વ્યવહાર છે, એ વ્યવહારનું જ્ઞાન પણ પોતાથી પ્રગટશે શી રીતે? સમજાણું કાંઈ? ઝીણું તો થોડું આવ્યું, ઝીણું તો આવ્યું પણ હવે... ન્યાયથી બેસે એવી વાત છે. ન્યાયથી ખ્યાલમાં આવે તો બેસે એવી છે. ન બેસે એવી વાત છે નહીં. ભોગીભાઈ!

મુમુક્ષુ :- તર્ક સિધ્ધ છે.

ઉત્તર :- ભાઈએ કહ્યું હતું તે દિ' ધીરજભાઈએ. તર્ક સિધ્ધ વાત છે. વળી પાછા બહાર જાય ત્યાં ફરી જાય. તર્ક સિધ્ધ છે. અભિનંદન દેવા આવ્યો છું કહે, તર્ક સિધ્ધ છે વાત. મહારાજ આમ કહે છે પણ બીજા પાછું બીજું કહે છે એ કેમ ખોટું હોય. ગડબડ ઊભી થાય. ભાઈ આ મહારાજ કહે છે ઈ ક્યાં, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુના સ્વરૂપની મર્યાદા અને સ્થિતિ જ આવી છે. કહો, પ્રાથમિક જીવો એટલે, સાધક જીવો. પ્રાથમિક એટલે અજ્ઞાની જીવો? હેં, પણ પ્રાથમિક કોને? અનાદિનો છે ને પ્રાથમિક શી રીતે કહેવો? એ તો અનાદિનું અજ્ઞાન છે. પ્રાથમિક થયો ક્યારે કે સાધક થયો એટલે પ્રાથમિક ભૂમિકાવાળો એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

અનાદિકાળથી ઠીક એટલે બે લીટીમાં જ બધું અટક્યું. આહા! વસ્તુની સ્થિતિ આવી છે. બીજી રીતે વસ્તુ કઈ રીતે મેળ ખાય. ભગવાન ચૈતન્યબિંબ છે. એકલો એકલો જ્ઞાનનો સાગર છે. હવે એ જ્ઞાનનું સ્વરૂપ તો સ્વપરપ્રકાશક છે. શક્તિરૂપે છે અને પર્યાયમાં પ્રગટે તો સ્વપરપ્રકાશક છે. ત્યારે સાધક છે, અનાદિ રાગનો નાશ બિલકુલ થયો નથી. અને પહેલી સાધકદશામાં આવ્યો છે. પ્રથમ સાધકદશામાં આવ્યો છે. મિથ્યાત્વની દશા તો અનાદિની છે, એમાં આવ્યું ક્યાં ત્યાં? સમજાણું કાંઈ? પ્રાથમિક એટલે આ. પ્રાથમિક એટલે સાધક જીવવાળો અનુભવી પ્રાથમિકમાં છે. પૂર્ણ થયું નથી માટે.

મુમુક્ષુ :- વ્યવહારને તમે કોઈ દિ' બનાવ્યો જ નથી. વ્યવહાર..

ઉત્તર :- એની વાતું જ અહીં હોય નહીં. ધૂળેય થાય નહીં. આંધળે આંધળા છે. રાગ આંધળો છે, આંધળાથી પછી નિશ્ચય થાય. આંધળાથી દેખતો થાય. આ તો દેખતો સ્વપરપ્રકાશક પ્રગટયો છે. એની ભૂમિકામાં પૂર્ણતા નથી એથી તેને પ્રાથમિક ભૂમિકા કહેવામાં આવે છે. નથી તે અજ્ઞાનમાં, નથી તે પૂર્ણ જ્ઞાનમાં. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહીં આમાં? એય! સુજાનમલજી! આહાહા!

**પ્રાથમિક જીવો,** ધર્મની શરૂઆત થઈ છે એવા જીવો **વ્યવહારનયે,** એય! **ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને,** વ્યવહારને અવલંબીને, નિશ્ચય અવલંબન છે એને વ્યવહારનું અવલંબન કેવું એને જાણાવે છે. કહ્યું છે કે નહીં? **મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં,** જુઓને, આમાં ભાઈએ લખ્યું છે. **તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિકભૂમિકામાં)** એમ લખ્યું છે. જુઓ! નીચે (ફૂટનોટમાં) છે? હા. **આંશિક શુધ્ધિની સાથે સાથે શ્રધ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે,** એવું જ્ઞાન પ્રગટે છે માટે એવો ત્યાં ભાવ હોય છે. એને ભાવને કારણે ત્યાં પ્રગટે છે માટે એવો વિકલ્પ નથી અને વિકલ્પ એવા પ્રગટે છે માટે અહીં જ્ઞાન પ્રગટ થયું છે, એમ પણ નથી. સમજાણું કાંઈ?

વીતરાગનો માર્ગ પરમ સત્ય અને સુંદર છે, સત્યમ, સુંદરમ શું કહે છે? સત્યમ, શિવમ, સુંદરમ. એ બધું આ ચીજ છે, સત્યમ, શિવમ ને સુંદરમ.

મુમુક્ષુ :- ભિન્ન સાધ્યસાધનભાવ દ્વારા વ્યવહાર બિલકુલ અસત્ય.

ઉત્તર :- એવું હોય છે, એટલું બતાવવા માટે તેને સુગમ રીતે સાધન કરીને કરે છે, એમ કહેવામાં આવ્યું છે. આહાહા! **અનાદિકાળથી ભેદવાસિત બુધ્ધિ હોવાને લીધે પ્રાથમિક,** મોક્ષમાર્ગના જીવો, પ્રથમ ભૂમિકામાં **વ્યવહારનયે ભિન્નસાધનસાધ્યભાવનું અવલંબન વર્તે છે**. તેથી કરીને **સુખે કરીને,** એટલે સહજ જાતના એવા જ વિકલ્પની જાત હોય છે, એ ભૂમિકાએ. ઉપરની જાત ન હોય, હેઠલી (નીચેની) જાતના એ ભૂમિકાને યોગ્ય હોય તેથી તેને સુખે કરે છે, એમ વ્યવહારના સાધન તરીકે ઉપચારથી કહ્યું છે. તીર્થની શરૂઆત કરે છે, (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભિક ભૂમિકાને સેવે છે). હવે શું? કેમ? તેનો ખુલાસો કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૨, ગાથા :- ૧૭૨
## વૈશાખ વદ-૧૨, સોમવાર, તા :- ૧-૬-૧૯૭૦

પંચાસ્તિકાય. **અનાદિકાળથી ભેદવાસિત બુધ્ધિ હોવાને લીધે,** ત્યાંથી શરૂ કરીએ. વ્યવહાર-નિશ્ચયનો સુસંગત મેળ કરીને આરાધન કરવું એમ અહીંયાં સ્પષ્ટીકરણ કરે છે. નિશ્ચયનય હોય તેને અનુકૂળ જ ત્યાં વ્યવહાર હોય. એથી એને સુખે કરીને કરે છે, એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો વ્યવહારની અપેક્ષા નિશ્ચયમાં છે નહીં. એ આવી ગયું છે સોનામાં, પથ્થરમાં. સોનું પોતે જ પોતાને કારણે શુધ્ધિ થઈને વધે છે. એમ નિશ્ચયથી તો સ્વના આશ્રયે, શુધ્ધિ વધે છે, ટકે છે અને પૂર્ણ થાય છે. (તેમાં) પરની અપેક્ષા છે નહીં, નિશ્ચયથી. વ્યવહારથી પરની અપેક્ષા છે, તેને વ્યવહારથી સુખે કરે એમ કહેવામાં આવે છે.

**પ્રાથમિક જીવો,** એટલે અહીં પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થઈ નથી. શરૂઆત નિશ્ચયનય અને વ્યવહારનો વિકલ્પ અંદર છે. એવા **જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને,** કારણ કે તેમાં આગળ આવશે, એકલા ભિન્નસાધ્યસાધન છે એ તો એકાંત છે. એ આવે છે ને આગળ? એકલા ભિન્નસાધ્યસાધન છે એ તો એકાંત છે, એથી આ ભિન્નસાધ્યસાધનના અભિન્નસાધ્યસાધન અંદર છે.

મુમુક્ષુ :- મહેનત કરીને કાઢવું પડે.

ઉત્તર :- કાઢવું પડે એવું નહીં. છે ને અંદર વસ્તુ છે. **ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને,** એટલે એવો વ્યવહાર અંદર હોય છે, જેને અભિન્નસાધ્યસાધન પ્રગટયા છે, શુધ્ધ આત્મા આનંદ ને જ્ઞાયકભાવ તેની પૂર્ણતાની પ્રાપ્તિનું સાધન સ્વભાવનું પ્રગટયું છે. જેને વ્યવહારનો ભાવ આવો હોય તેને અનુકૂળ ગણીને, વ્યવહારે અનુકૂળ ગણીને, વ્યવહારનયે તેને અવલંબીને, સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. સુખે કરીને એટલે સુગમરીતે, એમ કહ્યું ને? સહજપણે એમ.

મુમુક્ષુ :- સહજ હોય?

ઉત્તર :- સહજ જ હોય છે. વિકલ્પ એ જાતનો સહજ જ હોય છે. હઠથી હોતો નથી માટે સહજ જ હોય છે, એમ. લખ્યું છે ને? લખ્યું છે.

મુમુક્ષુ :- પંડિતજી હા પાડે છે.

ઉત્તર :- હા પણ તેણે લખ્યું છે. બીજે ઠેકાણે લખ્યું છે. આ હઠપણે નહીં પણ સહજપણે એમ એક ઠેકાણે લખ્યું છે. કયાંક લખ્યું છે. મગજમાં નથી. આવે ને. હઠપણે નહીં, નિયમસારમાં બહુ આવે

છે બંધનું કારણ. છે ને ઘણે ઠેકાણે આવે પણ ન્યાય સમજવો જોઈએ ને? એ ભૂમિકા પોતાના સ્વભાવનો આશ્રય લઈ અને જે આગળ વધે છે, પણ નીચલી ભૂમિકા છે એટલે તેમાં વ્યવહારના આવા વિકલ્પોને, ભિન્નસાધ્યસાધન ગણીને સુખે કરીને કરે છે, એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિશ્ચયે શું? વ્યવહારે આ.

ઉત્તર :- નિશ્ચયથી તો આનું સાધન છે જ નહીં. વ્યવહાર સાધનની અપેક્ષા નિશ્ચયને છે જ નહીં. કહો, સમજાય છે કાંઈ? નિશ્ચયમાં તો વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય છે, થયો છે કે વધે છે એમ છે નહીં. બિલકુલ નિરપેક્ષ છે. પણ વ્યવહારથી અહીંયા સાધનને વિકલ્પની જાતિ આવે છે તેને, તેથી તેને તીર્થની શરૂઆત કરે છે. **(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે.)** એ વિકારની નહીં. નિર્મળ પરિણતિ છે તેને આવા વિકલ્પ છે તેને પ્રારંભભૂમિકા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? પણ જેને શુધ્ધપરિણતિ જ નથી તેને પ્રારંભિક ભૂમિકા ક્યાંથી આવી? એકલું ભિન્નસાધ્યસાધનનો તો આગળ નિષેધ કર્યો છે. ભિન્નસાધ્યસાધનવાળા એકાંત મિથ્યાદષ્ટિ છે,

મુમુક્ષુ :- જેને પ્રગટયું ન પ્રગટયું ભવિષ્યમાં...

ઉત્તર :- ભવિષ્યમાં ક્યાં પ્રગટયું હતું? અહીં પ્રગટેલું હોય તેની વાત છે. ભવિષ્યમાં વ્યવહારથી કોઈ દિ' પ્રગટતા હશે? રાગથી નિશ્ચય સ્વભાવ પ્રગટે? રાગની અપેક્ષા નિશ્ચયને છે જ નહીં. સ્વભાવની અપેક્ષા છે, તેનાથી નિર્મળ વીતરાગતા સમ્યગ્દર્શન આદિ પર્યાય થાય છે,

હવે ન્યાય આપે છે, **જેમ કે, આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે**, એવા વિકલ્પો આવે છે. રાગનો ભાગ છે ત્યાં ગ્રહણ-ત્યાગના વિકલ્પો હોય છે. એ પહેલાં આવી ગયું હતું. તત્ત્વઅશ્રદ્ધાનનો ત્યાગ, અંગપૂર્વજ્ઞાનના અજ્ઞાનનો ત્યાગ અને અશુભભાવનો ત્યાગ અને તત્ત્વાર્થશ્રદ્ધાનનું ગ્રહણ, વિકલ્પ, ૧૧ અંગનું ગ્રહણ અને શુધ્ધભાવનું ગ્રહણ. એવો ત્યાગ-ગ્રહણનો વ્યવહારમાં વિકલ્પ હોય છે. શેઠી! આ બધું સમજવા જેવી વાત છે. જ્યાં સુધી નિર્વિકલ્પદશા પૂર્ણ થઈ નથી ત્યાં સુધી નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન સ્થિરતા હોવા છતાં તેની પર્યાયમાં આવા ગ્રહણ-ત્યાગના વિકલ્પો હોય છે. તેથી તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત છે એમ ગણીને અનુકૂળતા અને સુગમ રીતે પાર પાડે છે, એમ કહેવામાં આવે છે.

પંડિતજી! આ બધા અર્થ બીજા ઘણા કરે, આમાંથી કાઢે છે, લ્યો! આહાહા! એ જુઓ ને! લખ્યા લખ જ કરે છે, નિમિત્ત-નિમિત્ત સંબંધ નથી. વ્યવહાર નથી નિશ્ચય છે. નિમિત્ત-નિમિત્ત વ્યવહાર નથી નિશ્ચય છે. મોતીલાલ... કર્મનો ઉદય નિમિત્ત છે અને વિકાર નૈમિત્તિક છે એ નિશ્ચય છે. પણ કઈ રીતે ત્યાં આવ્યું છે? પરમાર્થ છે અને કલ્પના .......છે. આ તો આવી ગયું હતું, ખાણીયા ચર્ચામાં. બીજી ચર્ચામાં પણ આવી ગયું છે. તેના લખાણમાં. છે તેનો અર્થ-નિમિત્ત-નિમિત્ત સંબંધ છે, એમ. પણ બે

છે ત્યાં વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચય એટલે છે. એમ બે છે. વિકાર થાય તો કર્મનું નિમિત્ત છે, બસ. નથી એમ નહીં એટલે તેને નિશ્ચય કહેવામાં આવ્યું. પણ બેનો સંબંધ છે ત્યાં નિશ્ચય ક્યાંથી આવ્યું? સ્વનો આશ્રય તે નિશ્ચય અને પરનો આશ્રય તે વ્યવહાર છે, પણ હવે શું? તકરાર મોટી ઉઠી. લખ્યા લખ કરે છે. આજે લખાણ છે. ઘણું લખ્યું છે એણે. આજે પણ લખાણ છે.

આ આત્મા, જેને અહીં તો જેને આત્માની કલ્યાણની રીત પ્રગટવી હોય એની વાત છે. એમ ને એમ અનાદિથી રખડે છે. તેની વાત નથી. તેમ અનાદિથી રખડનારો વ્યવહારને એકલાને અવલંબે છે તેની વાત નથી.

મુમુક્ષુ :- એકલાને અવલંબે છે તે તો મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે. એ તો અનાદિથી કર્યું છે. એમાં શું કર્યું? અહીંયા તો કહે છે, આત્માનું શ્રદ્ધા, ચૈતન્ય, જ્ઞાન, આનંદ એવું ભાન ને જ્ઞાન છે, ત્યાં તેને વ્યવહારના વિકલ્પો, આ શ્રદ્ધેય છે, નવતત્ત્વ તે શ્રદ્ધા કરવા જેવું છે, છ દ્રવ્ય તે શ્રદ્ધા કરવા જેવું છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધા કરવા જેવું છે, તેવો વ્યવહારનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? આહાહા! માંડ અવસર મળ્યો ત્યારે માળો! અવળે રસ્તે જઈને, અહીંથી આવ્યું એટલે સામે ચડ્યું પાછું.

ચોખ્ખું નથુલાલજીએ તો લખ્યું. દરેક પર્યાય પોતાથી થાય તેમાં નિમિત્તનું કામ શું છે? લખવામાં અર્થ કર્યો પણ ત્યાં બધા પાછા ફરી ગયા. એવો પાઠ છે, પંચાધ્યાયીમાં. શરીરની પર્યાય શરીરથી થાય પછી એને નિમિત્તનું કામ શું છે? પાઠ છે એટલે કહે છે, પાછા ફરી જાય છે, ના. નિમિત્ત કરે. શું કરે? ધૂળ કરે. દરેક સમયમાં જે દ્રવ્યની જે પર્યાય એનું થવું થાય એ થાય છે. ત્યાં નિમિત્ત હોય છે, હોય છે એટલે શું? આવ્યું માટે કાર્યકાળ બદલાઈ ગયો. કાર્યકાળ બદલાઈ ગયો? કાર્યકાળ તો જે સમયનો જે છે એ છે. એ અહીં કહે છે, જ્ઞાનીને પણ, ધર્મીને પણ આવા વિકલ્પોનો ગ્રહણ-ત્યાગનો વિકલ્પ હોય છે. સમજાય છે કાંઈ?

પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ ન થાય ત્યાં સુધી આત્માના ભાનવાળા જીવને પણ વિકલ્પમાં આવા ગ્રહણ-ત્યાગના ભાવો આવ્યા વિના રહેતા નથી. નવતત્ત્વ શ્રદ્ધવા જેવા છે, છ દ્રવ્ય માનવા જેવા છે, દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધવા જેવા છે. સમજાણું કાંઈ? એવો વિકલ્પ શુભરાગ નિશ્ચયની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. એટલે કરે અને ટાળે એમ પણ કહેવામાં આવે છે. વ્યવહારનયથી એમ કહેવાય. એમ વ્યવહારનયથી એમ કહ્યું છે, એના વડે સુખેથી કરી શકાય છે. સમજાણું કાંઈ?

વ્યવહારનયનું કથન છે. **આ શ્રદ્ધેય છે**, એમ વિકલ્પ આવે. વ્યવહારનો ભાગ પરાશ્રયમાં ધર્મીજીવને પણ નવતત્ત્વ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, અરિહંતદેવ, ગુરુનિર્ગ્રંથ, સર્વજ્ઞે કહેલો અહિંસા ધર્મ એના શાસ્ત્રો એ શ્રદ્ધવા જેવા છે. એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. એનાથી વિરૂદ્ધ ન આવે

એથી એ શ્રદ્ધાને વિકલ્પનયને શુદ્ધને કરે છે, એમ કહેવામાં આવે છે.

આ અશ્રદ્ધેય છે, ઓલો વિકલ્પ આવે ધર્મીને પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અશ્રદ્ધેય છે. તેમના કહેલાં તત્ત્વો પણ અશ્રદ્ધેય છે. શ્રદ્ધા કરવા લાયક નથી. છ દ્રવ્ય સિવાય નવતત્ત્વ સિવાય કોઈ એક જ આત્મા કહે, એ જડ ને ચૈતન્ય બે જ કે, એની પર્યાયો સહિત નવ આદિ ન કહે, એ શ્રદ્ધવા જેવા નથી. એવો વિકલ્પ શુભરાગ વ્યવહાર નિશ્ચયદષ્ટિવંતને પણ આવ્યા વિના રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા! **આ શ્રદ્ધેય છે, આ અશ્રદ્ધેય છે.** જુઓ! છે ને વિકલ્પ છે ને એટલો. **આ અશ્રદ્ધેય છે.** શ્રદ્ધવા લાયક નથી. કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર શ્રદ્ધવા લાયક નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..ભિન્નસાધ્યસાધન. .....

ઉત્તર :- વ્યવહારે માને છે, જાણે છે. અભિન્નસાધ્યસાધન છે એ ભૂમિકાની વાત છે. એ તો પહેલું કહ્યું ને. જ્યાં અવિદ્યાનો નાશ થયો છે, એ બે કષાયની વાત કરી હતી, એકદેશ. અનાદિ અજ્ઞાનનો નાશ થયો છે, સ્વભાવનું ભાન છે. સ્વભાવ શુદ્ધચૈતન્યની દષ્ટિ જ્ઞાન ને રમણતા અંશે વર્તે છે. એને આવા વ્યવહારના વિકલ્પો હોય છે, તેથી **તીર્થને સુખે કરીને કરે છે,** એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? નિશ્ચય અમને છે, એમ કહે અને વ્યવહારમાં એ ન હોય-એક આત્મા હોય તોપણ શું અને અનેક હોય તોપણ શું? અમારે શું કામ? એમ ન હોય એ માટે આ વ્યવહાર અનુકૂળ છે, એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**આ અશ્રદ્ધેય છે.** કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એમણે કહેલાં તત્ત્વો શ્રદ્ધવા લાયક નથી. એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? **આ શ્રદ્ધનાર છે,** આત્મા. ભેદ છે ને આ બધો. આ શ્રદ્ધનાર છે. આત્મા શ્રદ્ધા કરનાર છે, એ પણ એક વિકલ્પ છે, ભેદવાળો. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને શ્રદ્ધવા યોગ્ય નથી, સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર શ્રદ્ધવા લાયક છે, એ શ્રદ્ધા કરનારો આત્મા છે. એમ. **આ શ્રદ્ધનાર છે.** જુઓ! એ ભેદ થયો કે નહીં? આ આત્મા શ્રદ્ધા કરનાર છે. એટલો ભેદ થયો. સમજાણું કાંઈ?

અને આ શ્રદ્ધાન છે. વ્યવહાર શ્રદ્ધાન છે, આ પર્યાય. વ્યવહાર શ્રદ્ધાન છે, પર્યાય. આ દ્રવ્ય શ્રદ્ધા કરનાર છે, પર્યાય શ્રદ્ધાન છે. એવો ભેદનો વિકલ્પ ભૂમિકાને યોગ્ય આવ્યા વિના રહેતો નથી. તેથી તે ભૂમિકાના વિકલ્પને સુગમ કરીને તીર્થને કરે છે, એમ કહેવામાં આવે છે. અથવા સહજપણે, હઠ વિના એવા વિકલ્પો હોય છે, તેથી તેને વ્યવહારનયથી આગળ કરે છે અને વધે છે, એમ પણ કહેશે. વધે છે હવે કહેશે. સમજાય છે કાંઈ? ભારે!

મુમુક્ષુ :- જૈનશાસનનો વ્યવહાર સમજવો પણ કઠણ!

ઉત્તર :- વ્યવહાર સમજવો કઠણ છે. તેની પર્યાય છે. એક સમયની પર્યાય છે. પર્યાય નથી ત્યાં

શ્રદ્ધાન છે, એમ કીધું ને? પર્યાય છે. વિકલ્પની પર્યાય છે. અને નિશ્ચયની પર્યાય આ છે એ પણ વિકલ્પ ભેદ કરે છે, વિકલ્પ છે. સમ્યગ્દર્શન એ પર્યાય છે, દ્રવ્ય નથી, ગુણ નથી. એમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ એક વિકલ્પની રાગની પર્યાય છે. અને ત્રિકાળ જ્ઞાયકભાવની શ્રદ્ધા એ પણ એક નિર્મળ પર્યાય છે. એ પણ વ્યવહારમાં જાય છે. સમજાય છે કાંઈ? સાતમાં તો વીતરાગપણું પ્રભુ એક જ વાત છે. પણ વીતરાગપણાની ભૂમિકામાં આવો રાગ હોય છે એટલું બતાવવા એને વ્યવહાર જાણવા જેવો છે, એમ કહેવામાં આવે છે. અને નિશ્ચયથી વ્યવહાર કોને કહેવાય કે એ ઉપાદેય છે. વ્યવહારથી વ્યવહાર ઉપાદેય, ગ્રહવા માટે કીધું ને?

મુમુક્ષુ :- એ અમૃત સમાન છે એમ કીધું.

ઉત્તર :- એ તો એમ કહે, બધો અમૃત કહે વ્યવહાર. નિશ્ચયનું અમૃત છે એમ આરોપ કરીને રાગને અમૃત કહે, આરોપ કરીને. છે તો ઝેર. એવી વાત છે, ભાઈ! ભગવાનઆત્મા, શુદ્ધ કાલ નહોતું આવ્યું? આવ્યું હતું ને. શુદ્ધસ્વરૂપ પરમામૃત સમુદ્ર છે. ભગવાનઆત્મા તો શુદ્ધ પરમામૃત સમુદ્ર છે. ભગવાનઆત્મા **શુદ્ધસ્વરૂપ પરમામૃત સમુદ્ર છે. એને અવગાહીને**, એમાં પેસીને **નિર્વાણને પામે છે**. એમ છે. સમજાણું?

મુમુક્ષુ :- હળવે, હળવે.

ઉત્તર :- હળવે, હળવે એટલે? એ રાગ છે ત્યાં સુધી પુનઃનિવૃત્તિ નથી. રાગને છોડશે ત્યારે પુનઃ નિવૃત્તિ થશે. નિવૃત્તિ કહો કે મુક્તિ કહો. એટલે હળવે હળવે એમ કહેવામાં આવ્યું, એનાથી થાય છે, એમ છે નહીં. **આ શ્રદ્ધવાયોગ્ય છે, આ અશ્રદ્ધેય છે, આ શ્રદ્ધનાર** આત્મા **છે.** અને આ શ્રદ્ધાન પર્યાય છે. આહાહા! એવા વિકલ્પને પણ વ્યવહાર કહેવામાં આવે છે. નિશ્ચયમાં તો ત્યાગ-ગ્રહણ છે જ નહીં. ગ્રહણ-ત્યાગ છે? મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું, આવે છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. નિશ્ચયમાં ત્યાગ-ગ્રહણ નથી. ત્યાગ-ગ્રહણનો વિકલ્પ આવે તેને શું કહેવું? એ બધો વ્યવહાર છે. નિશ્ચયથી તો વીતરાગપણું એ જ ધર્મ છે. આમાં આવ્યું છે કે નહીં? ચરણાનુયોગમાં આવે છે. પણ તેના જેટલા નિમિત્તો હોય તેને પણ વ્યવહારધર્મનો આરોપ કરીને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા! શું કરે? જગતને શાસ્ત્રના અર્થોની જે રીત છે, એ રીત પણ કરતાં ન આવડે તેને અંતરમાં રાગથી ભિન્ન કરતાં તો આવડે નહીં. આહાહા!

મુમુક્ષુ :- આટલા બધા વિકલ્પોનું શું કામ છે?

ઉત્તર :- વિકલ્પો આવ્યા વિના રહે નહીં. નહીંતર તો નિર્વિકલ્પ થઈ ગયો, વીતરાગ થઈ ગયો.

મુમુક્ષુ :- વીતરાગ જ છે ને?

ઉત્તર :- વીતરાગ નથી. પર્યાયમાં વીતરાગ હોય તો વસ્તુ વીતરાગ છે. પર્યાયમાં પૂર્ણ વીતરાગ

ક્યાં થયો છે? સમજાણું કાંઈ? છતાં હેય છે, આદરણીય નથી. ઉપાદેય નથી. વ્યવહારે અહીંયા ઉપાદેય કહેવામાં આવે છે. એવી વાત છે. બે ઉપાદેય હોય? આ એ ઉપાદેય અને આ પણ ઉપાદેય તો બે પડ્યા કેમ? આની દિશા આમ છે. કહેશે. ભિન્નવિષયવાળા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે, એ તો બધા. આત્માથી ભિન્ન છે. પરની નવતત્ત્વની શ્રદ્ધા, દેવની શ્રદ્ધા, ગુરુની એ તો ભંગ વિષય છે, વ્યવહારશ્રદ્ધાનો વિષય તો પર ભિન્ન છે. નિશ્ચયશ્રદ્ધાનો વિષય સ્વ છે. સમજાણું કાંઈ?

એક જણો હમણાં આવ્યો હતો, બસ ભગવાનના દર્શન મને કરાવ્યા, હવે મને રોગ છે, એ રોગનું કાંઈક રોગનું આપો. એક જણો એવો આવ્યો હતો. ઘણા હવે (આવે છે.) હમણાં આવ્યો હતો, ચાર-પાંચ દિવસ પહેલાં.

મુમુક્ષુ :- આપે તો ઉપકાર કરવો જોઈએ ને રોગ મટાડવાનો.

ઉત્તર :- રમણ ઋષિનો સાધુ નહોતો? બીજો એનો સાધુ હતો ને. જાપ કરતાં કરતાં ભગવાનનો જાપ કરતાં સાક્ષાત્કાર થયો. એક આવ્યો હતો હમણાં, મને ભગવાનનો સાક્ષાત તો કરાવ્યો એમણે, પછી મને આહાર આપે, શું કહેવાય? પ્રસાદી. ભગવાનની પ્રસાદી પણ આપે. હવે આ મારે રોગ છે, તેનું શું કરવું? કીધું અહીં રોગની દવા કાંઈ નહીં. અહીં તો ધર્મની વાત છે. ચાર-પાંચ દિવસ પહેલાં આવ્યો હતો. રોગ છે પંડમાં, એક વાહ છે ને એવું કાંઈક હતું. અને આ હજી આખો રોગ છે, તને હજી ભગવાનના દર્શન કરવા લાગે છે, એ પણ મોટો રોગ છે. ભગવાન ક્યાં દર્શન દઈ શકે? અને ભગવાને મને પ્રસાદી આપી, એમ કહે છે. પ્રસાદી આપી. ભગવાન પ્રસાદી! આવા ને આવા. રોગ ગયો નહીં. ભ્રમણા, ભ્રમણાનો રોગ ગયો નહીં. આહાહા! ભાઈ છે કે નહીં? આવ્યા છે કે નહીં આજ? જવેરવાળા. ગયા? બેઠા છે ને? એ આવ્યા હતા. દેહ મને વળગે છે. કુદેવને. ભગવાન પાસે જાવ ત્યાં મને આમ, અને બહાર નીકળુ દેહ. એ ક્યાં એવો નવરો હતો તે, બહાર નીકળે ત્યાં વળગે અને અંદર.. આ શું નવરો બેઠો છે? બસ, વાત એ છે. મગજમાં કલ્પના થાય ને, માની હોય ને. હું અંદર ગયો ત્યાં... બહાર નીકળ. કલ્પના, કલ્પના. લોકોને સત્યને પકડવું ભારે કઠણ!

કહે છે અહીં તો આત્મા પોતે પરમદેવ છે. દેવાધિદેવ પોતે, તેની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા, પુરી રમણતા ન હોય ત્યારે, ચારિત્ર મોક્ષનું કારણ સિદ્ધ કર્યું છે ને? ન્યાંથી શરૂઆત થઈ છે ને. અને ચારિત્ર પૂર્ણ ન હોય, તેમાં ચારિત્રમાં ક્રમ પડે છે. શ્રદ્ધા-જ્ઞાનમાં ક્રમ પડતો નથી. ચારિત્રમાં પૂર્ણ રમણતામાં ક્રમ પડે છે. એટલે પૂર્ણ રમણતા ન હોય ત્યાં આવો રાગનો ભાગ આવ્યા વિના રહેતો નથી. અહીં તો એમ સિદ્ધ કરવું છે. નહીંતર ચારિત્ર મોક્ષનું કારણ છે એ ૧૫૪થી ઉપાડ્યું છે. સમજાણું કાંઈ?

આટલો પરસમયનો ભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી ચારિત્રની પૂર્ણતા નથી. પૂર્ણતા નથી એટલે મુક્તિ છે નહીં. કહો, સમજાણું? **આ જ્ઞેય (જાણવાયોગ્ય) છે,** લ્યો! પહેલાં શ્રદ્ધાના ચાર બોલ

લીધા હતા. હવે ભગવાને કહેલાં જ્ઞાન, એણે કહેલું જાણવાયોગ્ય છે. છ દ્રવ્યો જાણવાયોગ્ય છે, નવતત્ત્વ જાણવાયોગ્ય છે, સમજાણું? દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાયોગ્ય છે. વસ્તુનું દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એ જાણવાલાયક છે. એવો વિકલ્પ શુભરાગ છે. આવ્યા વિના રહે નહીં.

**આ જાણવાયોગ્ય છે, આ અજ્ઞેય છે**. અજ્ઞાનીએ કહેલાં તત્ત્વો તે જાણવાલાયક નથી. એક જ આત્મા કહે, જીવ ને જડ બે જ કહે. સમજાય છે? વગેરે વગેરે ઉલટી વાત હોય, ભગવાને કહેલ તેથી ઓછી, અધિક કે વિપરીત એ જાણવાલાયક છે નહીં. એવી વાત છે. આ જાણવાયોગ્ય છે, **આ અજ્ઞેય છે**, જાણવાયોગ્ય નથી. અપ્રયોજનભૂત મફતની વાત જાણવાલાયક નથી. એવા વિકલ્પો શુભરાગ આત્માનું ભાન છે એને પણ વ્યવહારના આવા ભાવો આવે છે.

**આ જ્ઞાતા છે,** ભગવાનઆત્મા જાણનાર છે. પોતે જાણનાર છે એટલો ભેદ પડયો ને? જાણનાર છે, એ પણ એક વિકલ્પ છે. જ્ઞાતા-જ્ઞેય ને જ્ઞાન ત્રણને ભેદ પાડવા એ વિકલ્પ છે. નિયમસારમાં તો કહ્યું ને, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર પણ વિકલ્પ છે. દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ ત્રિકાળ શક્તિવાન છે. આ ત્રિકાળ શક્તિ છે, વર્તમાન પ્રગટ દશા છે. એ પણ ત્રણનો ભેદ પડયો એ વિકલ્પ છે. કહો, સમજાય છે કાંઈ?

જેણે પર્યાય બિલકુલ માની નથી, એવાને જાણવા લાયક છે નહીં. જેણે એકલી પર્યાય માની પણ દ્રવ્ય માન્યું નથી, બૌધ્ધે, પર્યાય માની પણ દ્રવ્ય માન્યું નહીં. વેદાંતે દ્રવ્ય માન્યું પણ પર્યાય માની નહીં. એ બધું જાણવા લાયક નથી. વિરૂધ્ધ તત્ત્વ છે. સમજાણું કાંઈ? જુઓ ને! અમૃતચંદ્રાચાર્ય કેટલું લ્યે છે. અમેહનાકાર, પાખંડીઓને પ્રતિક સાધનરૂપ આકારવાળો લોકવ્યાપ્તિવાળો વ્યાપક છે નહીં. આહાહા! કડક ભાષા વાપરી છે. આવો પાખંડ! એક દ્રવ્ય અખંડ પરિપૂર્ણ દ્રવ્ય અનંતગુણનો પિંડ સ્વદ્રવ્ય અને એ બધાથી એક પાખંડ મતો છે માળા! સમજાણું કાંઈ? મહાપ્રભુ એક જ પ્રભુ પોતે ભિન્ન છે. એવા અનંત પ્રભુ છે, અનંત પરમાત્મા છે. એને ઠેકાણે એક જ કહ્યું, પાખંડ છે. ગુણાનુવાદ સાંભળીને એમ લાગે ને આ તો વેદાંત જેવું લાગે છે. પણ વેદાંતે પાખંડ કહ્યું છે અહીં તો. પાખંડીઓને પ્રસિધ્ધ સાધનરૂપ આકારવાળો લોકવ્યાપક જે નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયની વાત અહીં આવે ને એટલે હા, મહારાજ કહે છે એવું જ રજનીશ કહે છે. શૂન્ય થવાનું કહ્યું ને. નિર્વિકલ્પ શૂન્ય થવાનું કહ્યું ને. સમજાણું કાંઈ? આવા ને આવા ભાન વિનાના. ઓલા ભાઈ નહોતા કહેતા દિગંબર લોકો. અહીં બેઠા હતા, ડોસા હતા. આમ બધી વાત કરે, ભજન કરે, બધાના. દોલતરામના ને આના. રજનીશે શું? છે હો. અરે! ગજબ કરે છે. આવા ને આવા કોણ જાણે શું છે? એવી વાતું જાણવા લાયક છે નહીં. એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી.

સર્વજ્ઞ પરમેશ્વરે અને સંતોએ કહેલાં દ્રવ્ય-ગુણ ને પર્યાય એ જાણવા લાયક છે. સમજાય છે?

એ સિવાય જાણવાલાયક છે નહીં. આહાહા! **આ અજ્ઞેય છે,** જાણવાલાયક નથી. **આ જ્ઞાતા છે.** એટલે જાણનાર છે. **આ જ્ઞાન છે,** પર્યાય. જ્ઞાનની આ પર્યાય છે જાણનારી, એ પણ એક ભેદરૂપે વિકલ્પ, જ્ઞાતા છે, જ્ઞાન છે, પર્યાય છે, એ પણ ભેદનો વિકલ્પ છે. એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

ત્રીજો. **આ આચરણીય (આચરવાયોગ્ય) છે.** નિશ્ચય શુદ્ધ આચરણ કરવા લાયક છે એવો પણ એક વિકલ્પ, અને વ્યવહાર આચરણ કરવાલાયક છે, એ પણ એક વિકલ્પ. પંચમહાવ્રત આચરણીય છે, વ્યવહારે. નિશ્ચયસ્વરૂપની સ્થિરતા આચરણીય છે, એવો પણ ભેદ પાડીને વિકલ્પ વિચાર એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

**આ આચરવાયોગ્ય છે, આ** આચરણીય નથી **અનાચરણીય છે**. ધર્મીને વિકારઆદિ થાય વિપરીત ભાવ આચરણયોગ્ય છે નહીં, અનાચરણીય છે. અનાચાર છે, એક આચાર છે. એક આચરવાયોગ્ય છે, એક આચરવાયોગ્ય નથી. શું? ગ્રહણ-ત્યાગના વિકલ્પો એ ભૂમિકાને બરાબર યથાયોગ્ય આવે તે ભાવને અહીં જણાવે છે. સમજાણું કાંઈ? એકલો નિશ્ચય નિશ્ચય કરે અને વ્યવહારના વિકલ્પમાં આવી દશા ન હોય તો તેને નિશ્ચય હોતું નથી. એમ કહે છે. સમજાણું?

પંચમહાવ્રત તે આચરણીય છે. અઠયાવીસ મૂળગુણ એ વ્યવહારે આચરણીય છે, એમ કહે છે. એ સિવાય અશુભભાવ વસ્ત્ર લેવા અને પાત્ર રાખવા એવા ભાવ આચરણીય છે નહીં. મુનિને આચરવાયોગ્ય છે જ નહીં. સમજાણું કાંઈ? આધાકર્મી આદિ આહાર લેવો એ અનાચરણ છે. આચરણીય છે નહીં. નિર્દોષ આહાર લેવો એ આચરણીય વ્યવહારે, વિકલ્પ છે ને વિકલ્પ ઈ. આહાર લેવો, ઈ જડની વાત છે. નિર્દોષ આહાર લેવો એ વ્યવહારે આચરણીય છે. છે તો એ બંધનું કારણ પણ અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે ને? એને માટે નહીં કરેલો નિર્દોષ આહાર.

હવે એનો બચાવ કર્યો છે, આજે લખાણ આવ્યું છે તેમાં. ઉદ્દેશીક તો થાય જ આ કાળે એ મટે નહીં માટે એ દોષ ન ગણવો. સાધુ માટે પુષ્ટિક આહાર ન કરવો. પુષ્ટિક આહાર ન કરવો. બીજો કરવો એવું લખાણ છે. અને શ્રાવકો જોડે હોય એ બધા પુષ્ટિક કરાવે છે, એમ કહે છે. કેમ કે સાધું તો થોડું ખાય પણ પોતાને માલ મલીદો મળે માટે આવો ખોરાક જ એવું લખાણ આવ્યું છે. શ્રાવકો જોડે સાધુ હોય ને! આવી વાત! શ્રાવકો જોડે હોય એ ઓલાને કહે આવો કરજો આહાર બદામ, પિસ્તાનો. ઓલા સાધુ થોડું ખાય પછી પોતાને જ મળે. સાધુએ ના પાડવી કે તમારે આવું ન કહેવું અને બહેનોએ સાત્વિક આહાર બનાવવો મહારાજ માટે. ઠીક. આવા લખાણ. આહાહા! દિગંબર ધર્મમાં. શ્વેતાંબરમાં તો ચાલે છે ગોટા! એને માટે તો આખા આહાર કરીને, એને માટે તો કેરી ઉતરે, શિયાળામાં પાક ઉતરે, લહેર કરે, અને આવા હોય તેના ભગત! ભીખાભાઈ જેવા. જય મહારાજ! વ્યાખ્યાન કરતા હતા, આહાહા!

આ અમારા મહારાજ જેવું કોઈનું વ્યાખ્યાન નહીં, પણ શું ખાય છે અને શું કરે છે એનું તો ભાન નથી કાંઈ? સમજાય છે કાંઈ? નથી વ્યવહારના ઠેકાણા, નથી નિશ્ચયના ઠેકાણા, એકેય નથી, લ્યો! માર્ગની એવી રીત છે, ભાઈ! એ માટે અહીં વ્યવહારનો વિવેક કરાવે છે. સમજાણું કાંઈ?

મુનિને વસ્ત્રો, પાત્રો, પટારા રાખવા એ અનાચરણ છે. એને છોડવું અને મહાવ્રતના આચરણ કરવા એ આચરણ વ્યવહારે આચરણીય છે. એમ તેને વિવેકના વિકલ્પ હોય છે. **આ આચરનાર છે.** ભગવાનઆત્મા આચરનાર છે. કોઈ જડ આચરનાર નથી. એ નિર્વિકલ્પ સ્વરૂપ પણ આચરનાર આત્મા છે, અને પંચમહાવ્રતના વિકલ્પોનો આચરણ કરનાર પણ છે તો આત્મા વ્યવહારે. સમજ્યા? અહીં તો વ્યવહાર સિદ્ધ કરવો છે ને? સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો એ વિકલ્પ છે તેનાથી મુક્ત છે, જ્ઞાની.

મુમુક્ષુ :- એ આપણને બહુ યાદ રહે છે, આ નથી રહેતું.

ઉત્તર :- પણ છે છતાં, મુક્ત છે એ ચીજ છે કે નહીં? કેવળી લોકાલોકથી મુક્ત જ છે. પણ લોકાલોક છે કે નહીં? એમ સ્વરૂપ ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી છે. વ્યવહારથી મુક્ત છે. છતાં વ્યવહાર વ્યવહાર તરીકે છે કે નહીં? એનું અહીં જ્ઞાન કરાવે છે. કે વ્યવહાર છે જ નહીં? સમજાણું કાંઈ? દીપચંદજી! એક મહારાષ્ટ્ર અને એક દિલ્હી. એક ઉતર અને એક દક્ષિણ. બેય સાધુ થવાના હતા. બેય આપણા હાજર છે અહીં સભામાં. શાંતિભાઈ! શાંતિભાઈ તો બહુ જ ખાનદાન માણસ. ભાગ્યશાળી કે રહી ગયા. નહીંતર તો મુશ્કેલી પડત. સત્ સાંભળવું મુશ્કેલ પડત. સાંભળવાવાળા અમે સાધુ થયા લગ્ન થયા ને સંભળાય!

'સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય સત્ સાધન સમજ્યા વિના ત્યાં બંધન શું જાય' આહાહા! બંધન થયા, સહુ સાધન બંધન થયા, શ્રીમદ્ કહ્યું. સાધુને બંધન થયા પછી કાંઈ આપણે સંભળાય. એક સાધુને વિચાર આવ્યો કે ભઈ આ કાનજીસ્વામી કહે છે, આવું સારું ચાલે છે. સાંભળવા જાય તો શું વાંધો? એક આચાર્યને વિચાર આવ્યો. અરે મહારાજ! નાક કપાઈ જાશે. આ શું કહે છે પણ આ. એની વાત ચાલે છે, તેત્રીસ વર્ષથી, બે-ત્રણ વર્ષ પહેલાંની વાત છે. ચાલે છે તો ચાલે જ છે. એમાં ક્યાંય ઉણપ આવી નથી અને ક્યાંય છેદ પડ્યા નથી. જે વાત એકધારી કહે છે, એ કહ્યા કરે છે. છે શું આ? સાંભળવા જઈએ તો વાંધો શું આપણને? મહારાજ! નાક કપાઈ જાય. અરે! આચાર્ય થઈને સાંભળવા જાય ત્યાં? નાક કપાઈ જાય. એવું સાંભળ્યું છે હો! કોઈક કહેતું હતું.

**આ આચરનાર છે,** આત્મા છે. આહાહા! જડ આચરણ કરે છે? એમ અહીં સિદ્ધ કરવું છે. વિકલ્પ પણ આત્મામાં વ્યવહારે આચરણ કરનારો વિકલ્પ વ્યવહારે એની પર્યાયમાં છે. અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે ને? સમજાણું કાંઈ? **આ અનાચરણ છે, આ આચરનાર છે,** આત્મા. **આ આચરણ છે,** નિર્મળ વીતરાગી પર્યાય એ નિશ્ચયની આચરણ છે, એ વિચાર કરવો એ પણ એક

વિકલ્પ છે. અને વ્યવહારે પંચમહાવ્રત અને અઠયાવીસ મૂળગુણ આચરણ છે પણ વિકલ્પ છે. એમ.

હવે બીજું, **એમ કર્તવ્ય (કરવાયોગ્ય) છે,** 'અવશ્ય કરણીયં નિશ્ચય વિકાર રહિત પર્યાય' વ્યવહારે રાગ આદિ કર્તવ્ય છે, એમ કહેવામાં આવે છે. શુભરાગ આવે છે ને. મોક્ષમાર્ગમાં કહ્યું છે ને લેવડ-દેવડની ક્રિયામાં, તારી મમતા કરીશ નહીં. પણ તેમાંથી વિકલ્પ ઉઠે તેમાં મમતા કરજે કે એ મારી પર્યાય છે, એટલું. સમજાણું? એ તો ઓલો પરથી જુદું પાડવા માટે. કર્તવ્ય **આ (કરવાયોગ્ય) છે, આ અકર્તવ્ય છે,** મુનિને, સમકિતીને, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, કુદેવની શ્રદ્ધા કર્તવ્ય નથી. સુદેવ, સુગુરુની કર્તવ્ય છે. કર્તવ્ય છે. વ્યવહારે કર્તવ્ય છે. સમજાણું કાંઈ? ધર્મી થાય અને હનુમાનને માને, સીકોતેરને માને, અંબાજીને માને.

મુમુક્ષુ :- હનુમાન તો થઈ ગયા.......

ઉત્તર :- પણ કઈ રીતે હનુમાન થઈ ગયા? એ તો વીતરાગી મુનિ હતા, એ તો વીતરાગી છે. આ તો, એ વાંદરા જેવા હતા ને પછી આમ થયા તેને માને છે. અહીં નહોતા કહેતા કાલ ઓલા કોઈક. સુરેન્દ્રનગરમાં હતી ને સ્તુતિ ભરવાડો અમે ભેગા કર્યા હતા. એ ભરવાડો પણ ભજન આ રામવિજયનું ઓલું હતું ને? સ્વાગત. શું કહેવાય એ? સ્વાગત. ચાલીસ ભરવાડો ભેગા હતા. એ બકબક કરે, લાંબુ ચાલે ને મોટું, ઝાઝા માણસ, પછી પૂરું થાય પછી અંબાજી કી જય એમ બોલે. કાલ કોઈક કહેતું હતું. કોણ કહેતું હતું? ચાલ્યા ગયા? ગયા. એ પ્રેમચંદભાઈ કહેતા હતા. એમનો જમાઈ. એ કહેતા હતા સરઘસ નીકળે એમાં ભરવાડો ભેગા .... એ ભરવાડ ભજન કરે એનું, એ પૂરું થાય એટલે કહે અંબાજીમાત કી જય, એમ બોલે. પણ એલા જૈનમાં આ શું વળી? એય! ચમનભાઈ! તમારા ગામમાં અંબાજી છે ને? વાણીયા માને અંબાજીને. આહાહા! આવા ને આવા. જેનો વ્યવહાર આવો હોય એ તો મિથ્યાદષ્ટિ છે. સુંદર વોરાના અપાસરે. એમાં વહોરવા ગયા, રસોડે ગયા ત્યાં બ્રાહ્મણ કૂટતા'તા. શું કહેવાય એ? ચૂરમા કરવાનું. મોગરી કૂટતા'તા, એ રસોડામાં અમે તો વ્હોરવા ગયા... એના અગ્રેસર. ભ્રમણાના પાર ન મળે. ત્યાં આગળ વ્હોરવાનું તો રસોડે હોય. અમે ત્યાં ગયા ત્યાં બ્રાહ્મણો શું કહેવાય? ઢેફા. મોગરીથી કૂટતા'તા. રસોડામાં હો! રસોડાની અંદર. હજી આહાર થયો નથી ને આ બ્રાહ્મણને જમાડવાના છે, લાડવા થાય છે. ભાગો કીધું હાલો. ૮૨ની વાત છે ૮૨ની.

મુમુક્ષુ :- ત્યાંથી તો સાધુને લેવાય નહીં.

ઉત્તર :- પણ એ હજી કયાં હતું? એ પણ નહોતું ને? આહાહા! એ કર્તવ્ય છે આવું એ નહીં. ધર્માત્માને તો વિકલ્પ વ્યવહાર હોય દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો આવે તો વ્યવહારે કહેવાય. નિશ્ચય તો, **णियमेण य जं कज्जं** નિયમથી નિર્વિકારી આવશ્યક કરવા લાયક છે. નિયમસારમાં આવ્યું છે. **णियमेय जं कज्जं** નિયમથી કરવા લાયક છે. એક સ્વભાવનો આશ્રય કરીને નિર્વિકલ્પ આવશ્યક

કરવા લાયક છે. સોગાનીને પણ એ જ થયું હતું ને આત્મધર્મ વાંચીને. એક આવશ્યક કરવા લાયક છે. એ આવ્યું ન્યાં આત્મધર્મમાં, તો આહાહા! આવ્યા હતા ને હમણાં. આ નય છે. એક આવશ્યક અવશ્ય કરવા લાયક હોય છે.

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં એકાકાર થવું, શ્રધ્ધા-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ એક જ કરવાલાયક છે. એમ કરવા લાયક છે એવો વિકલ્પ પણ જે વ્યવહાર છે એ પણ હેય છે. પણ એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? **આ અકર્તવ્ય છે,** એ સિવાય કોઈ કર્તવ્ય છે નહીં. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રધ્ધા કરીને માનવા (એ કર્તવ્ય નથી) સમજાણું? અમારે શેઠ એમ કહેતાં, કે લૌકિકમાં માન્યતા હોય એટલે સમકિતને વાંધો નથી. રોગ થાય એટલે ગોરખીયાને માનવા. ગોરખીયા છે ને ત્યાં? દામનગર હનુમાન. એ દામોદર શેઠને એક વાર કહેતાં હતાં. વાહ! વાહ! પીડા બહુ પીડા. ત્યાં સુધી કહે કે બંદુકે ઉડાઓ. એવી પીડા. માન્યા હશે ગોરખીયાને,..આ શું શેઠ? જૈનને આ શું ગોરખીયાને, બધું લૌકિક છે, લૌકિક છે. ભગવાનને પણ રોગ થયો હતો ને? હવે કીધું એ વાત રહેવા દે ને? એકકોર રાખો. આની સાથે ગયા હતા ને શેઠ! સાધુ. એમ કરીને કહે છે. ૮૩ની વાત છે. રહેવા દેજો તે વાત. ભગવાનને રોગ થયો ને. આ તો કરો. લૌકિક છે તેને વાંધો નથી. મેં મારી ચોપડીમાં લખ્યું છે. આવી શ્રધ્ધા. ભાન ન મળે કાંઈ, અક્કલ ન મળે. ગોરખીયાને માનવા રોગ થાય તો, પુણ્યની પણ શ્રધ્ધા ન મળે. સમજાણું? જૈનના નામે પાછું નાખે. એ સાધુ ભણેલા ને બીજા આર્જિકાવને પાછા શીખવે. લૌકિકની છાપ કહેવાય. ઓલું લૌકિક આચરણ એ લૌકિકની છાપ કહેવાય નહીં.

અહીં તો કહે છે કે એ કરવાલાયક નથી. એવી માનતા બાનતા કરવાલાયક નથી. ધર્મીને એવી માન્યતાનો વિકલ્પ પણ હોઈ શકતો નથી. **કર્તા છે** આત્મા, વિકલ્પ ને નિર્મળ પરિણતિનો કર્તા આત્મા છે.વીતરાગી આશ્રય પરિણતિનો કર્તા આત્મા નિશ્ચયથી, વિકલ્પનો કર્તા વ્યવહાર. બેય તેનો કર્તા છે, એમ તેણે નક્કી કરવું, કોઈ બીજો કર્તા છે એમ નથી. ઈશ્વર મારી પર્યાયનો કર્તા છે, ઈશ્વર કરાવે એમ કરીએ, એમ નથી. કર્મ ધૂળેય કરાવતું નથી. કર્તા શું કહે છે? રાગનો કર્તા હું છું, નિર્મળ પર્યાયનો કર્તા હું છું, કર્મ કર્તા છે એવો તો વિકલ્પ પણ અહીં નથી. કહો, સમજાણું આમાં? આહાહા!

કર્તા હું છું, લ્યો! એ આજે આવ્યું છે, કોઈકે પૂછયું હતું, કેટલાક એમ કહે છે, એકલો આત્માથી વિકાર થાય. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો પછી છે ને બધા ખુબ. રતનચંદજીએ જુઓ! આ કર્મ ન હોય તો વિકાર થાય? નહીંતર સ્વભાવ થઈ જાય, ઢીંકણું થઈ જાય. વિરોધ છે બધો. મોક્ષમાર્ગપ્રકાશક તો એમ કહે છે. એવા લખાણ જૈન ગેઝેટમાં આપ્યા છે. આહાહા!

અહીં તો કહે છે, વિકલ્પ ઉઠે તોય એ રાગનો કર્તા વ્યવહારે પરિણતિ પરિણમે માટે હું છું. સમજાણું કાંઈ? એનો કર્તા કોઈ કર્મ ને બીજો નથી. જેની વર્તમાન પરિણતિનો કર્તા હું તો એનો કર્તા

કોણ હોય? સમજાણું કાંઈ? વર્તમાન પરિણતિનો હું કર્તા તો પરિણતિનો કરનારો દ્રવ્ય તો એ દ્રવ્યનો કર્તા કોણ હોય? સમજાણું કાંઈ? આહાહા! એટલે કહે છે, એ અકર્તવ્ય છે, અને કર્તા પણ હું, આ કર્મ છે, લ્યો! કર્મ એટલે કાર્ય, નિર્મળ પરિણતિરૂપી કાર્ય, એ કાર્ય છે, અને રાગ ભાગ એ પણ વ્યવહારે કાર્ય છે, એ કર્મ. કર્તવ્ય, અકર્તવ્ય, કર્તા અને કર્મ એ ચાર બોલ આમાં પડયા.

એ **કર્મરૂપ વિભાગોના અવલોકન વડે,** એકલું કર્મ નહીં, આ બધા માથે પડયા...... આવા વિભાગોના અવલોકન વડે, આવા ભેદના જ્ઞાનદ્વારા **અવલોકન વડે, જેમને કોમળ (-મંદ) ઉત્સાહ ઉલ્લસિત થાય છે.** કહો, સમજાણું કાંઈ? તીક્ષ્ણ શબ્દ વાપર્યો છે ને? એમાં છે? આમાં સુંદર કહ્યું છે. લખેલું છે. છે? **પેશલોત્સાહા:** સુંદર ઉત્સાહ ઉલ્લસિત થાય છે. અશુભ ટળે છે ને, એ જાતનો સુંદર વિકલ્પ ઉત્સાહ ઉલ્લસિત થાય છે. એવા તેઓ પ્રાથમિક જીવો, પહેલેથી લીધું છે ને? પ્રાથમિક જીવોએ, અનાદિકાળથી માં પહેલી લીટીમાં, એ પ્રાથમિક એટલે પ્રથમ સાધક થયેલાં જીવો, ધીમે ધીમે મોહમલ્લને ઉખેડતા જાય છે. સ્વભાવને આશ્રયે રાગનો ભાગ આવો હોવા છતાં ધીમે ધીમે મોહમલ્લને ઉખેડતા જાય છે. શુભરાગની અપેક્ષાએ અશુભરાગ એટલો ટળે છે. આવે છે ને એ સમયસારમાં. સમયસારમાં આવે છે. સમયસારમાં તો બરાબર લખ્યું છે, શુભ છે એ અશુભને છોડે છે. ઓલી નીચેની દૃષ્ટિ છે એને હો! દૃષ્ટિના સ્વભાવમાં તો નિશ્ચય છે જ. એને શુભભાવ ધીમે ધીમે રાગ ઘટે છે, એમ પણ છે ને ત્યાંય પણ. ત્યાં મોક્ષઅધિકારમાં આવશે, છેલ્લે. વ્યવહાર એ અમૃતકુંભ છે. ધીમે ધીમે રાગ ઘટે છે, શુભને આશ્રયે. અરાગપણું તો દ્રવ્યને આશ્રયે થાય છે. સમજાણું? પણ શુભમાં પણ અશુભ ટળે છે,એ અપેક્ષાએ ધીમે ધીમે મોહમલ્લને ઉખેડતા જાય છે.

મુમુક્ષુ :- આમાં તો વ્યવહારથી મોહમલ્લને ઉખેડતા જાય છે.

ઉત્તર :- એ વ્યવહારથીનો અર્થ આ. કીધું ને વ્યવહાર કીધું ને. શું છે આ પંચાસ્તિકાય. સમયસાર આ. એમાં પણ આવે છે ને, મોક્ષઅધિકાર (ગાથા-૩૦૬, ૩૦૭) પ્રતિક્રમણની ગાથા. લ્યો આવ્યું આ. અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે. એ આ શબ્દ છે, જુઓ! છે? અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં, ત્યાં પછી કૌંસમાં (ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે. વ્યવહારે અમૃતકુંભ કહેવામાં આવે છે. શુભમાં અશુભ ટળે છે, એ અપેક્ષાએ. પાઠમાં અમૃતચંદ્રાચાર્યના પાઠ છે. આખો તો પોતે પોતાના સ્વભાવના આશ્રયે થાય છે, સમજાય છે? પણ પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે, અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણ છે, ઓલું અશુભ તો છોડવાલાયક છે પણ શુભ જે છે, તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે. એ તો શુભ છે અને અશુભ થયો નથી એ અપેક્ષાએ ઘટાડવામાં, વ્યવહારે ધીમે ધીમે રાગને ઘટાડે છે. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આ પણ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. **એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે,** ક્રમે ક્રમે, હળવે હળવે, **મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે.** અશુભરાગ ઉખડતો જાય છે. અને શુભરાગ પણ આગળ વધતાં વધતાં ઘટતો જાય છે. જેટલો શુભરાગ પહેલો એવો ન રહે, કષાયનો રસ ઘટતો જાય છે ને? શુભ ઘટતો જાય છે. વ્યવહારથી ઘટાડે છે, એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ છે તેને વ્યવહાર આવો હોય છે, એમ કહે છે. જેને નિશ્ચયનો અનુભવ નથી, એને વ્યવહારથી શુભરાગ ઘટે છે, એવું તો તેને હોય શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**કદાચિત અજ્ઞાનને લીધે,** હવે અજ્ઞાન એટલે અહીંયા મિથ્યાત્વ ન લેવું. કારણ કે અભેદ રત્નત્રય છે, સાધ્યસાધન તેની સાથે આ ભેદ છે. એટલે અજ્ઞાન લેવું નહીં. **સ્વસંવેદન જ્ઞાનના અભાવને લીધે,** પોતાનો અનુભવ નથી, વેદનમાં ઉપયોગમાં આવ્યું નથી તેને લીધે **મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી,** જરીક કષાય ને પ્રમાદને વશ થવાથી **પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં,** એ ભૂમિકાને યોગ્ય રાગની જેટલી મંદતા જોઈએ તેટલો અધિકાર ન રહેતાં કાંઈક રાગની ઉગ્રતા થઈ ગઈ હોય એને પાછી લે છે એમ કહેવાય. એ બધો વિકલ્પ છે, વ્યવહારનો. આહાહા! સમજાણું?

**(-સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે),** અજ્ઞાનને લીધેનો અર્થ એ લેવો અહીંયા. સમજાણું? પાછા એમ જ અર્થ માળા કરે, ઠેઠ કેવળજ્ઞાન થાય ત્યારે જ્ઞાન હોય, નહીંતર તો પાછું અજ્ઞાન છે. ચારિત્ર સહિતની રમણતા તેને જ્ઞાન કહીએ. વળી એવા અર્થ કરે. આહાહા! આવે છે ને બધા નાખ્યા છે, રતનચંદજીએ. **અજ્ઞાનને લીધે** એટલે સ્વરૂપના અનુભવમાં ન હોય ત્યારે તેને કોઈ રાગાદિનો ભાવ વશ થઈ જવાથી **પ્રમાદને વશ થવાથી,** એમ છે, જુઓ! રાગને વશ થવાથી કર્મને વશ થવાથી એમ પણ અહીં લીધું નથી. કર્મ પણ પરદ્રવ્ય છે, તેની સાથે શું સંબંધ છે?

**મદ અને પ્રમાદને વશ,** કષાયને પ્રમાદને વશે. પ્રમાદ અને કષાય બે છે ને? છઠે ગુણસ્થાને. **પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં,** એ ભૂમિકાને યોગ્ય રાગ ન રહ્યો અને કાંઈક વિશેષ... **પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે,** વ્યવહારમાં એ ભૂમિકાને યોગ્ય રાગમાં રહેવા માટે, **તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે.** રાહ ચીંધે છે. આહાહા! અને એવો વિકલ્પ આવે છે વ્યવહારે. પ્રયશ્ચિત લ્યે કે આ ભૂમિકાને યોગ્ય રાગ વધી ગયો, આવો ન હોય. સમજાય છે? ઓહોહો! આ નિશ્ચયની વાતું તેની સાથે વ્યવહાર આવો હોય એવું જ્ઞાન કરાવે છે. **પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે,** ન્યાયમાર્ગ એ ઓલો વ્યવહાર હો!

**તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે,** દંડ કરે છે, આખા દિવસના અપવાસ વગેરે વગેરે,

એક મહિના સુધી લૂખું ખાવું, વગેરે પ્રાયશ્ચિત આવે આકરો, પ્રવર્તે છે. **ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર,** પોતાના આત્માને દોષને યોગ્ય અનુસાર એમ. **પ્રાયશ્ચિત દેતા થકા,** પોતાને. **તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે.** જુઓ! આ વ્યવહારની ભૂમિકા! સમજાય છે? આવે છે ને વ્યવહાર. વ્યવહાર આવો જ હોય. તેથી તેને આઘો પાછો થઈ જાય તો પ્રાયશ્ચિતને યોગ્ય છે. સમજાણું? પ્રાયશ્ચિત લેવું એ વ્યવહાર છે. વળી પાછો કેમ... એ બધો વ્યવહાર થયો છે. નિશ્ચય તો તેનાથી પાછો વળીને ઠરે એ પ્રાયશ્ચિત છે.

આવે છે ને, નિયમસારમાં પ્રાયશ્ચિતના અધિકારમાં. પોતાનો જ્ઞાનસ્વભાવ તેને રાગથી પાછો વાળી સ્વભાવમાં ઠરે છે, એ જ પ્રાયશ્ચિત છે. નિશ્ચયમાં તે જ પ્રાયશ્ચિત છે. અને વ્યવહારમાં આવો વિકલ્પનો તેને અપરાધ થઈ ગયો હોય એને યોગ્ય ન હોય તો પ્રાયશ્ચિત લ્યે છે. સમજાણું કાંઈ? વળી તેઓ**સતત ઉદ્યમવંત વર્તે છે,** એમ કહ્યું. પોતે વ્યવહારનો પુરુષાર્થ છે, એમ કહે છે. આવે છે ને, પુરુષાર્થને જાણવા, નથી આવતું? યોગસાર. છ દ્રવ્ય અને નવતત્ત્વને પુરુષાર્થથી જાણવા, પ્રયત્નથી જાણવા, હો, વ્યવહારને જાણો, જાણવામાં શું છે? આવે છે ને એ જાતનો, ખુદને જાણે છે. આહાહા! **વળી, ભિન્નવિષયવાળા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે,** જુઓ હવે. એ વ્યવહાર જે છે તેનો વિષય આત્માથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો વિષય આત્માના વિષયથી ભિન્ન છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, નવતત્ત્વ, છ દ્રવ્ય બધા આત્માના વિષયથી પર ભિન્ન છે વિષય. આહાહા! છે ને નીચે (ફુટનોટમાં).

**વ્યવહાર-શ્રદ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે; કારણ કે વ્યવહારશ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે,** આ વળી કૈલાસચંદજી આગળ તત્ત્વાર્થશ્રદ્ધાનનું..... તત્ત્વાર્થશ્રદ્ધાનનું ત્યાં ધવલમાં આવે છે ને અશુદ્ધનય, અશુદ્ધનયનો વિષય આ તત્ત્વાર્થશ્રદ્ધાનને અશુદ્ધનયમાં નાખે છે, એમ નથી, આ તત્ત્વાર્થશ્રદ્ધાન તો સમ્યગ્દર્શન છે. એમ કે આ ઉમાસ્વામીએ કહ્યું છે. એ શ્રદ્ધા જુદી છે અને **भूदत्थमस्सिदो खलु** એ શ્રદ્ધા જુદી છે. બેય એક જ છે. એ તો જ્ઞાન-શ્રદ્ધાનથી કથન છે. સમજાણું?

તત્ત્વાર્થશ્રદ્ધાન તે અશુદ્ધનય આવે છે ને. ધવલમાં આવે છે, એમ કે અશુદ્ધનય, અશુદ્ધ પર એમાં આવે છે. હા, આ નય.. તત્ત્વાર્થશ્રદ્ધાન તે અશુદ્ધનયનો વિષય છે. એમ નથી. આ તો નિશ્ચયનો વિષય છે. એકલા નવતત્ત્વના ભેદવાળો એ અશુદ્ધનયનો વિષય છે. એ પર ભેદ છે. સમજાણું કાંઈ? પંડિત પણ ગોથા ખાય છે. નય તો આવડે નહીં, ઘણાને મેં પૂછયું. કે એલા તત્વાર્થશ્રદ્ધાન ઉમાસ્વામીએ કહ્યું એ કેવી શ્રદ્ધા, તો કહે કે વ્યવહાર. તત્ત્વાર્થશ્રદ્ધાન છે ને? પણ વ્યવહાર નથી એ તો નિશ્ચય છે. વ્યવહારથી પર્યાયભેદથી કથન કર્યું છે. શ્રદ્ધા તો સમ્યક્ નિશ્ચય છે. વ્યવહારશ્રદ્ધાનો વિષય સમજ્યા? વ્યવહાર મોક્ષમાર્ગ, મોક્ષશાસ્ત્ર એ તો બંધનું શાસ્ત્ર છે. આટલો બધો ફેરફાર! પંડિતજી! આ તત્ત્વાર્થશ્રદ્ધાન

સમ્યગ્દર્શન કયું? વ્યવહાર કે નિશ્ચય? તો કહે, વ્યવહાર. એમ નથી.

મુમુક્ષુ :- પુસ્તકમાં છપાણું છે.

ઉત્તર :- છાપ્યું છે ને ઓલાએ પન્નાલાલે. એ ખોટી વાત છે. તત્ત્વાર્થશ્રધ્ધાન સમ્યગ્દર્શન નિશ્ચય છે. અને તેનું જ્ઞાન પણ એના પછી નિશ્ચય સહિતના શ્રધ્ધાવાળાના જ્ઞાનનું વર્ણન કર્યું છે. અને એના ચારિત્રનું વર્ણન છે. વ્યવહારશ્રદ્ધા તો રાગ છે. રાગવાળાનું જ્ઞાન સાચું હોય? એકલા રાગવાળાનું, એનું ચારિત્ર હોય? અહીં જે કહે છે કે એ વ્યવહાર તત્ત્વાર્થશ્રધ્ધાન જે કીધો, ત્યાં તો નિશ્ચય છે. પણ નવતત્ત્વના ભેદવાળી શ્રધ્ધા એનો વિષય પર છે. એ ઉમાસ્વામીનું કથન એ નથી. વ્યવહારનું નથી. ધન્નાલાલજી! હેં?

મુમુક્ષુઃ- આ ભેદનો વિષય છે.

ઉત્તર :- આ ભેદનો વિષય છે. **ભિન્ન વિષયવાળા,** ચોખ્ખો અર્થ કર્યો છે, જુઓને! વ્યવહાર શ્રદ્ધાનો વિષય નવ પદાર્થ છે. ભેદવાળો હો! **વ્યવહારજ્ઞાનનો વિષય અંગપૂર્વ છે અને વ્યવહારચારિત્રનો વિષય આચારાદિ-સૂત્રકથિત મુનિ-આચારો છે.** ભગવાને કહેલાં આ એ. એ વ્યવહારઆચરણ છે. પણ એ ત્રણેયનો વિષય આત્માથી ભિન્ન છે. આત્માનો વિષય જે સ્વ છે, નિશ્ચયનો. વ્યવહારનો વિષય પર છે. ધવલ આવ્યું? સમજાણું કાંઈ? એવા ચારિત્ર વડે આત્માને ભિન્ન જણાવે એવા ભેદ વડે જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે. એ જાતના શુભરાગના સંસ્કાર ત્યાં થાય છે. એ પ્રકાર એમ કહે છે. સમજાણું કાંઈ?

**એવા જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે.** એ જાતનો અશુભરાગ નથી અને શુભરાગના સંસ્કાર ત્યાં (હોય છે.) સાચા દેવ આ હોય, કેવળી તે દેવ છે. ગુરુ તે વીતરાગી નિગ્રંથ છે. વગેરે શુભરાગના સંસ્કાર હોય છે ત્યાં. આરોપાતા જાય છે ને ત્યાં? એટલે ત્યાં કહેવામાં આવે છે કે આ શુભ છે. એવા ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે, હવે મોટી વાત છે તેના પછી. આ વ્યવહાર એનો અર્થ આવશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૩, ગાથા :- ૧૭૨
## વૈશાખ વદ-૧૩, મંગળવાર, તા :- ૨-૬-૧૯૭૦

**વળી, ભિન્ન વિષયવાળા શ્રધ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે**, છે? ૨૫૫ પાનું છે ગુજરાતી. **એવા આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે, જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે.** એટલે કે સ્વભાવનું અભેદ સાધ્યસાધન તો છે. સ્વભાવ શુધ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ તેનો આશ્રય લઈ અને નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ થયેલી છે. એ પૂર્ણ સાધ્ય એવી વીતરાગ દશા કેવળજ્ઞાન અનુભવ સાધન એ દશા પ્રગટ થયેલી છે. એમાં વચ્ચે વિકલ્પો જે રત્નત્રયના આવે છે તેનો વિષય પર છે, તેનો વિષય સ્વ નથી. ભેદરત્નત્રય જે વિષય, ભિન્ન વિષયવાળા એમને લઈને સંસ્કાર આરોપાતા જાય છે. એમ વ્યવહારે કહેવામાં આવે છે. શુભરાગ છે વિકલ્પ, તેમાં તેને લઈને અશુભરાગ ઘટે છે એવા સંસ્કાર છે. નિશ્ચયથી તો સ્વભાવના સંસ્કાર સ્વને આશ્રયે પડે છે.

**એવા ભિન્ન સાધ્યસાધનવાળા ભાવ વડે, પોતાના આત્માને વિષે,** ભિન્ન સાધ્યસાધનના ભાવ વડે જેનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર, નવતત્ત્વો હોય, ઈન્દ્રિય ભિન્ન છે એવા સાધન વડે **આત્માને વિષે-ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા,** કાઠીયાવાડી ભાષા ચોખ્ખી છે આમાં. હેં? ઝીંકવામાં આવતા, ઝીંકવું શું હશે? પછાડ. પછાડ કરે છે ને આમ. ધોવે ત્યારે આમ કપડાને પછાડે છે ને? એણે **ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા,** પછાડ કરવામાં આવતા. **નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક થોડી થોડી વિશુધ્ધિ પ્રાપ્ત કરીને,** વ્યવહાર દ્વારા જ થોડી થોડી વિશુધ્ધિ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય દ્વારા તો બેયનો અભાવ કહેશે. એમ કરીને હવે એકદમ નિશ્ચયમાં જાય છે. **થોડી થોડી વિશુધ્ધિ પ્રાપ્ત કરીને**. એનો અર્થ ફર્યો છે જરી. અમુક શૈલીનો અર્થ કર્યો છે જરી.

**જેવી રીતે ધોબી પાષાણશિલા પાણી અને સાબુ વડે મલિન વસ્ત્રની શુધ્ધિ કરતો જાય છે, તેવી રીતે પાક્‌પદવીસ્થિત,** પ્રથમ દશામાં એટલે છઠ્ઠી ભૂમિકા તેની છે. **જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્માના સંસ્કાર આરોપી,** નીચે (ફૂટનોટમાં.) તેનો અર્થ. તેની થોડી થોડી શુધ્ધિ કરતો જાય છે, એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. શુભભાવ છે માટે અશુભ ઉપયોગ ઘટતો જાય છે ને. ખરેખર તો નિશ્ચયના આશ્રયે ઘટે છે. છતાં પણ અહીંયા શુભભાવથી ઘટે છે એવું છે ને? મોક્ષ અધ્યાયમાં. વ્યવહારથી ઘટે છે, અશુભ ઘટે છે અભાવ નહીં. અભાવ તો સ્વભાવને

આશ્રયે. શુભનો સાથે ભાવ છે એટલો ત્યાં અશુભરાગ, અશુભ હોય ત્યારે સ્વનો આશ્રય થોડો હોય છે. શુભ હોય ત્યારે વિશેષ આશ્રય હોય છે અને તદ્દન શુધ્ધ હોય ત્યારે તો એકલો આશ્રય હોય છે. પંડિતજી! આ સમજમાં આવ્યું નહીં? નહીં. એ ઠીક કર્યું. અહીં કહે છે કે પોતાના આત્મામાં વ્યવહારે સંસ્કાર આરોપી તેની પૂરી શુદ્ધિ કરતો જાય છે. એ વ્યવહારનય કહેવામાં આવે છે. **પરમાર્થ એમ છે કે તે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને,** અભેદ તો છે. પણ તેની સાથે ભેદ પણ શુભ વિકલ્પ રાગ છે. **શુભભાવોની સાથે જે શુધ્ધાત્મસ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે તે જ ઉગ્ર થતું થતું વિશેષ શુદ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુધ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચાર કથન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિતસાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (-શુધ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.**

શુધ્ધાત્મસ્વભાવનો આશ્રય લઈને જ શુદ્ધિનું સાધન પ્રગટ કર્યું છે એવા જીવને શુભભાવમાં વ્યવહારનો આરોપ આપી શકાય છે. જેને અંતર શુધ્ધ ચૈતન્ય દ્રવ્યનો આશ્રય નથી અને એકલા શુભભાવમાં વર્તે તેને તો શુદ્ધિના સાધનનો આરોપ વ્યવહારે પણ કરી શકાતો નથી. કહો, સમજાણું? **તે જ પોતાના આત્માને,** હવે એમ. ઓલામાં એ હતું. **ભિન્નસાધ્યસાધનભાવવાળા પોતાના આત્માને વિષે,** હતું. **તે જ,** હવે પાછું.

**પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે,** રાગનો અભાવ કર્યો, સ્વભાવમાં સ્થિર થયો, એકાગ્ર થયો, અભેદ થયો, શાંતિ-સમાધિમાં આવ્યો. **નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું)** એકરૂપપણું **જેનું રૂપ છે.** ઓલો ભેદવિકલ્પ હતો તે છૂટી ગયો અને આત્માના અંતરના અવલંબનમાં અભેદપણે રમે છે. સમાહિત પરમ સમાધિમાં રમે છે. એ **સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે,** લ્યો! પછી જે વિકલ્પ ઉઠે છે એ ક્રિયાકાંડનો રાગ છે. એ ક્રિયાકાંડનો આડંબર છે બધો. આહાહા!

મુમુક્ષુ :- બદલી જાય એવું છે.

ઉત્તર :- બદલી ગયું. ત્યાં રાખ્યું ને અહીં બદલી ગયું એમ કહે છે. ત્યાં પણ રાખ્યું નથી. બદલી ગયું નથી એને ભિન્ન રાખવા માટે રાખ્યું હતું. અહીં જરી કહ્યું કે ભિન્નને છોડીને અભેદ થઈ ગયો એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આપણે સવારમાં ચાલે છે ને સાધન. નિશ્ચય સાધન તો પોતાનું કરણ. રાગ છોડીને સ્વરૂપમાં અભેદ થાય એ સાધન ખરું છે. સાધન નિશ્ચયનું કે આત્માના પોતાના સ્વભાવમાં

સાધન. ભિન્ન સાધ્યસાધન તેમાં છે નહીં. નિશ્ચયથી તો સાધન સાધ્યથી જુદું હોય શકે નહીં. સમજાણું કાંઈ? પણ એક વ્યવહાર છે એ ભૂમિકાને યોગ્ય. એટલું જ્ઞાન કરાવવા એ વાત કરવી છે.

**દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે.** ભેદ જે રત્નત્રયના વિકલ્પો છે એ ક્રિયા. **સકળ ક્રિયાકાંડ,** હવે બધું લઈ લીધું. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, ભક્તિ આદિ બધું ક્રિયાકાંડના વિકલ્પનો આડંબર છે. ભાષા એવી વાપરી છે. આહાહા! નિવૃત્તિને લીધે. એવા વિકલ્પો વ્યવહારના હતા જે જેનો વિષય પર હતો. તેનાથી **નિવૃત્તિને જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે,** જે નિસ્તરંગ વિકલ્પના તરંગ વિનાનો નિર્વિકલ્પ આનંદના સમાધિના ભાવવાળો પરમચૈતન્યશાળી છે. જુઓ! પરમચૈતન્યશાળી છે. વિકલ્પોનો અભાવ વ્યવહારનો કરી અને પોતાના સ્વરૂપના સ્થાન સમાધિપણે પરિણમે છે એ પરમચૈતન્યશાળી છે. એ વ્યવહાર ભાગ્યશાળી નથી. એ પરમચૈતન્યશાળી છે. કહો, સમજાણું? ઓલો વ્યવહારનો રત્નત્રય ભાગ્યશાળી હતો તે પણ નહીં એમ કહે છે અહીં. આહાહા!

એકલો ભગવાનઆત્મા પોતાના ધ્યેયને પકડીને સ્વરૂપમાં રમે છે. અભેદપણાને પ્રાપ્ત થાય છે. શાંતિને સમાધિમાં રમે છે એને નિશ્ચય સાધન કહેવામાં આવે છે. કહો, પંડિતજી! એવી વાત છે. આહાહા! **જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃધ્ધ છે.** ઓહોહો! અતિશય આનંદથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તો દુઃખરૂપ હતો. અસમાધિ હતી. આ નિર્ભર આનંદ છે. વિકલ્પ છૂટીને આત્માના અતિશય આનંદમાં રમે છે એ નિશ્ચય રત્નત્રય છે. આવી વાત સાંભળવી કઠણ પડે એવી છે.

મુમુક્ષુ :- શરૂઆત હતી.

ઉત્તર :- શરૂઆત ક્યાં? શરૂઆત તો આત્માથી કરી. પૂર્વ પરિણામ શું હોય, શરૂઆત પણ એકલા વ્યવહાર પરિણામ હોય એમ નથી. શરૂઆત પણ અંતર સ્વભાવના આશ્રયથી કરી છે. નીચલી ભૂમિકામાં જરા ભેદરત્નત્રય વિકલ્પ છે, બસ એટલું. શરૂઆત ભેદરત્નત્રયથી કરી છે એમ નથી. શેઠી! ઓલું જરી આવ્યું ખરું ને એટલે કહે ભેદ રત્નત્રયથી શરૂઆત કરી છે એમ નથી. શરૂઆત તો આત્માના શુધ્ધ અભેદ ચૈતનયમૂર્તિ તેનો આશ્રય લઈને શરૂઆત પણ નીચલી દશામાં છે તેથી તેને વ્યવહારરત્નત્રયના વિકલ્પો પર વિષયવાળા પ્રગટે છે. હવે તેને છોડી દઈને, છે તો ખરો નિશ્ચય અંદર. તેને છોડી દઈને **જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃધ્ધ છે.** આહાહા! અતીન્દ્રિય આનંદમાં અતિશય વિશેષ નિર્ભર આનંદથી સમૃધ્ધિવાળો છે. એ અતિશય આનંદથી સમૃધ્ધિવાળો છે તેવો આત્મા, આહાહા! મુનિદશાને વિકલ્પદશા જે છઠ્ઠાને ઓળંગી જઈને સાતમામાં આવે છે. સમજાણું કાંઈ?

**નિર્ભર આનંદથી સમૃધ્ધ છે એવા ભગવાનઆત્મામાં,** જુઓ! વિકલ્પ વ્યવહારના હતા એ નીચલી ભૂમિકામાં હો, પણ એ તો સાધન ખરેખર નથી. આરોપિત સાધનને સંસ્કાર કહેવામાં આવ્યા હતા. એને છોડીને પણ જે ભગવાનઆત્મામાં અભેદપણે રમે અને આનંદને અનુભવે છે. અતિશય આનંદની સમૃધ્ધિ વડે ભગવાનઆત્મામાં વિશ્રાંતિ રચતા થકા, સ્વરૂપની વિશ્રાંતિ રચે છે. આહાહા! જુઓ! અંદર ઠરે છે આત્મામાં તે ધર્મ છે. એ વિશ્રાંતિ રચે છે. ઓલી રાગમાં વિશ્રાંતિ નહોતી. જેટલો રાગ હતો તેટલી વિશ્રાંતિ નહોતી. હા, એ વિશ્રાંતિ રચતા થકા સ્વરૂપમાં રમે છે આનંદમાં. એ ખરેખર મોક્ષનો માર્ગ છે. ભગવાનઆત્મામાં વિશ્રાંતિ રચતા થકા, **અર્થાત્ દર્શનજ્ઞાનચારિત્રના ઐકયસ્વરૂપ, નિર્વિકલ્પ પરમચૈતન્યશાળી,** બધાનો અર્થ કર્યો. **તથા ભરપૂર-આનંદયુકત,** ઓલો નિર્ભર છે ને? **એવા ભગવાનઆત્મામાં પોતાને સ્થિર કરતાં થકા,** વિશ્રાંતિનો અર્થ સ્થિર કરતા થકા, વિશ્રાંતિ સ્વરૂપમાં આનંદધામમાં રમે છે એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી,** આમાં પણ ક્રમે ક્રમે શુધ્ધિ વધતી જતી હોવાથી, સમરસી સમતાભાવ, વીતરાગભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પર્યાયમાં, પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી, **પરમ અકષાય વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત મોક્ષને અનુભવે છે.** લ્યો! તદ્દન રાગ રહિત થઈ વીતરાગભાવ થઈને મોક્ષને અનુભવે છે. લ્યો! ઠેઠ સુધી પહોંચાડયું છે. એક જ પ્રકાર છે. આ બીજો તો વચમાં આવે છે તેનું જ્ઞાન કરાવ્યું છે. કારણ કે, જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે ને? એથી એક બીજો ભાવ છે એવું જ જ્ઞાન અહીંયા ઉત્પન્ન થતું જાય છે. તેથી તેને બતાવ્યું કે આવું સાધન વ્યવહારે કહેવામાં આવે છે.

આમાંથી અર્થ કરે તો બધા ઘણી જાતના કરે છે... એમ છે નહીં. સાધન થવાનું નહોતું, સાધન તો એક જ છે. સ્વભાવ વીતરાગ સ્વરૂપ આત્મા એ જ સાધન છે. પ્રજ્ઞા એ સાધન છે. વિકલ્પ-ફિકલ્પ વ્યવહાર એ સાધન છે જ નહીં.

મુમુક્ષુ :- ..........

ઉત્તર :-હેં? એમ જ કહેવાય ને. ત્યારે નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર. આહાહા! એની સમૃધ્ધિ એનો સ્વભાવ અનંત અનંત જ્ઞાન આનંદના સ્વભાવથી ભરેલો આત્મા એનું સાધન સ્વભાવમાં જ છે. એનું સાધન પર છે નહીં. સમજાણું કાંઈ? અહીં સાધન કહે ને ત્યાં સાધનની ના પાડે તો વિરૂધ્ધ થયું. કઈ અપેક્ષાએ કહે છે એ સમજવું જોઈએ ને? વ્યવહાર સાધન એટલે કે નથી પણ એ ઉપચારથી તેને કહેવામાં આવ્યું છે. જેમ વ્યવહાર સમકિત વ્યવહાર, નિશ્ચય સમકિત તે આત્માના અનુભવની પ્રતીતિ એનું નામ નિશ્ચય સમકિત પણ રાગ છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધાનો રાગ ને વ્યવહાર સમકિત, રાગ છે તે વ્યવહાર સમકિત કયાં છે? એ તો ચારિત્રનો દોષ છે. પણ આ નિશ્ચય સમકિત સાથે એવી

નવતત્ત્વની શ્રદ્ધા આદિ હોય છે. તેથી તેને આરોપ કરીને સમકિત કહેવામાં આવે છે.

ખરેખર તો વ્યવહાર સમકિત એટલે શું? એ તો રાગ છે. રાગને વ્યવહાર સમકિત કહેવું એટલે શું? ચારિત્રગુણની વિકારી પર્યાય છે તેને સમકિત કહેવું એ રીતે બધું વ્યવહારમાં નાખ્યું છે. નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજણમાં ફેર હોય ત્યાં શું? વસ્તુ વસ્તુ જ્ઞાન ચૈતન્યશાળી કીધું ને? ભગવાન ચૈતન્યશાળી છે, ભાગ્યશાળી નથી. આહાહા! ભાગ્યશાળી તો પુણ્યશાળી તે ભાગ્યશાળી કહેવાય. વ્યવહાર રત્નત્રય એ ભાગ્ય પુણ્ય છે. પુણ્યશાળી આત્મા નથી આ તો ચૈતન્યશાળી છે-પોતાના પુણ્ય છે એટલે ભાગ્યશાળી ઓલો ભાગ્યશાળી છે એની અત્યારે વાત નથી. બહારના પુણ્યશાળીની વાત નથી. આ તો રાગ છે એ ભાગ્ય છે, રાગ છે વ્યવહારરત્નત્રયનો. ભાગ્યશાળી આત્મા નથી. આત્મા તો ચૈતન્યશાળી છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

એકલો જ્ઞાનસ્વભાવ અવિકારી વીતરાગ આત્માનો સ્વભાવ, બસ એમાં આત્મા એકાકાર થયો, એ ચૈતન્યશાળીએ વીતરાગ પર્યાય ઉત્પન્ન કરી. એ ભાવ વડે વીતરાગતા પૂર્ણ કરીને મુક્તિ પામે છે. વ્યવહારથી મુક્તિ પામતો નથી. એ અધિકાર ગાથાનો કહ્યો. ગાથા એ વ્યવહાર હતો ને ઓલો. વીતરાગતા હતી ને? વીતરાગતાથી મુક્તિ થાય છે. વીતરાગતાની સાથે તેનો વ્યવહાર અવિરૂદ્ધપણે સુસંગત હોય એની અહીં વાત કરી. હવે એકાંત વ્યવહાર ને એકાંત નિશ્ચયની બે વાત કરશે.

મુમુક્ષુ :- એવી જાતિનો તેને વ્યવહાર હોય.

ઉત્તર :- એને હોય ને, એને હોય એવી જાત જણાવે પરિણામની. એવી જાતનો વિકલ્પ આવે છે ને. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, તેનું બહુમાન, ભક્તિ, નવતત્ત્વની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું પઠન-પાઠન, સ્વાધ્યાય એવો વિકલ્પ છે ને. બધો રાગ છે ને. વિષય પર છે. આવે છે ને. હોય છે તેનું જ્ઞાન કરાવે છે. વસ્તુ એ સ્થિતિ નથી, ધર્મનું સ્વરૂપ અને મોક્ષના માર્ગનું સ્વરૂપ નથી પણ વચમાં આવ્યા વિના રહેતું નથી. છે તો બંધનું સ્વરૂપ એ. આહાહા! સમજાણું કાંઈ?

**કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ,** એકલા વ્યવહારને માનનારા, નિશ્ચય સ્વદ્રવ્યનો આશ્રય બિલકુલ નથી, અભેદરત્નત્રયનું સાધન નથી ને એકલા ભેદરત્નત્રયને સાધન માનીને સાધ્ય થશે એમ માને છે. સમજાણું કાંઈ? તેને આત્મા ચિદ્દ્ઘન, આનંદઘન સ્વરૂપ છે એનો આશ્રય બિલકુલ નથી. સ્વઆશ્રયમાં સ્વવિષય શ્રદ્ધા, જ્ઞાનને બનાવ્યો જ નથી, એવું જે એકલા વ્યવહાર સાધન દયા, દાન, ભક્તિ આદિ અને તેનું સાધ્ય નિર્મળદશા એમ માનનાર છે એ વ્યવહાર આલંબિત મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓને! આમાં ચોખવટ એ કરી. સાધ્ય છે ભિન્ન નિર્મળ પર્યાય, સાધન છે ભિન્ન રાગ. પણ એ રાગથી ભિન્ન સાધન જે સાધ્ય છે એ પ્રગટ થશે એમ માનનારા વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- કોને લઈને થશે? એને લઈને થશે? કોણે કીધું? શું થાય? ધૂળ! સ્વદ્રવ્યનો આશ્રય કરીને જે શુધ્ધિ પ્રગટી છે એ શુધ્ધિ જ સાધન ને પૂર્ણસાધ્ય નિર્મળ એની સાથે વ્યવહાર આવો હોય તો તેને ભિન્ન સાધન ને સાધ્ય કહેવામાં આવે છે. પણ જેને અભિન્ન સાધ્ય-સાધન બિલકુલ છે જ નહીં, થઈ રહ્યું તેને આ એકલો વ્યવહાર કયાંથી આવ્યું, વ્યવહારથી તને શુધ્ધિ થશે એમ કયાંથી આવ્યું?એમ કહે છે. વ્યવહારથી ભિન્ન સાધ્ય, રાગ વ્યવહાર છે તેનાથી ભિન્ન સાધ્ય નિર્મળ, એ ભિન્ન સાધ્ય આ વ્યવહારથી કયાંથી થશે? એમ સિધ્ધ કરે છે અહીં તો. સંજોગો શું કરે? ધૂળેય સંજોગો ધર્મ પ્રાપ્ત કરાવશે નહીં. એમ કહે છે. ચીમનભાઈ! ન્યાં ચાલે એવું નથી ન્યાં કાંઈ. પોપાબાઈનું રાજ નથી ન્યાં. સમજાણું કાંઈ?

બહારમાં મુકશે નિમિત્ત તો એવા અનંતવાર મુકાણા તેમાં આત્માને શું? એનું લક્ષ છોડવું છે, એનો આશ્રય છોડવો છે, એનું અવલંબન છોડવું છે ને કોનું અવલંબન કરવું છે તેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે. એ વિના લાખ બહારની વ્યવહારની વાત તેનાથી થતું નથી. સમજાણું કાંઈ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' આવે છે ને છ ઢાળામાં. આ ૧૭૨ ગાથામાંથી ઘણા કાઢે છે માળા! ઘણા ૧૨મી ગાથામાંથી કાઢે છે જાણેલો પ્રયોજનવાન છે. કહે છે કે જેને અભેદ ચૈતન્યઆત્મા અખંડ આનંદકંદ શુધ્ધ એવો જેણે આશ્રય લીધો છે અને વીતરાગી પર્યાય જેને અપૂર્ણ પ્રગટ થઈ છે અને તે પર્યાય ભિન્ન સાધ્ય જે છે એનાથી ભિન્ન એટલે જુદી પર્યાય, છે અભિન્ન. એની ને એની જાતની માટે અભિન્ન. એ પર્યાયમાં ઓલી પર્યાય નથી. પણ પૂર્ણ પર્યાય જે નિર્મળ થવાની છે એ પણ નિર્મળ છે અને તેના સાધન પણ નિર્મળ છે, માટે તેને અભેદ સાધન-સાધ્ય કહેવામાં આવે છે.

એવા જીવને વ્યવહારનો વિકલ્પ હોય છે એને ભિન્ન સાધ્ય-સાધનનો આરોપ કરીને વ્યવહાર કહેવામાં આવે છે. પણ જેને અભિન્ન સાધ્ય-સાધનનો ભાવ પ્રગટેલો જ નથી. સમજાણું કાંઈ? જેને આત્મા ચૈતન્ય આનંદ ધામ, આનંદની સમૃધ્ધિનું સંપદાનું ધામ, એવી અંતરદશાના વીતરાગી પર્યાય આનંદ ને શાંતિની સ્વદ્રવ્યને આશ્રયે જરાપણ પ્રગટી નથી. તેથી તેને ભિન્ન સાધન જે રાગ છે તેનાથી મને પૂર્ણ નિર્મળ સાધ્ય થશે એવી જેની માન્યતા છે, એ કેવળ વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ છે. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- અત્યાર સુધી શું થાતુ હતું?

ઉત્તર :- આ મિથ્યાત્વ... કેવળ વ્યવહારાવલંબી આગળ કહેશે. વનસ્પતિ થાશે. કહેશે ને આગળ. છે કે નહીં વ્યવહારનું ફળ? પરંપરા જો દેવલોક આદિ પરંપરા વડે ઘણા લાંબા સંસાર સાગરમાં ભમે છે, ત્યાં પરંપરા ગયું એને. નિગોદમાં જાશે હળવે હળવે. આહાહા ! કહો, સમજાય છે કાંઈ?

પહેલી આ વાત કરી શેની? પહેલી વાત એકલા પાઠની કરી હતી. પહેલી હો, શરૂઆતમાં તદ્દન. **ભાવસાગરને પાર ઉતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃતસમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે.** પહેલી ગાથાનો અર્થ કર્યો હતો તેમાં વ્યવહાર પણ નહીં ને કાંઇ નહીં. એકલો વીતરાગભાવથી વીતરાગભાવ પૂર્ણ પ્રગટ (થાય છે.) એટલી વાત સાધારણ. પછી વાત નિશ્ચયની સાથે વ્યવહાર આવો હોય તેની વાત કરી. છતાં એ પણ આગળ જઈને વ્યવહારને છોડીને નિશ્ચયમાં અભેદ થાય છે ત્યારે તે વીતરાગભાવને પ્રાપ્ત થાય છે.

અહીં ત્રીજી વાત લ્યે છે. **એકલા વ્યવહારાવલંબી,** જેને આત્મા દષ્ટિમાં આવ્યો જ નથી, દષ્ટિમાં લીધો જ નથી, જેની દષ્ટિ એકલા વ્યવહાર ઉપર જ પડી છે. દયા, દાન, ભક્તિ, વિનય, વાત આ કરીને બધો ખુલાસો કરશે. સમજાણું? હીરાભાઇ! એકલા વ્યવહાર ઉના પાણી પીવા ને આ કરવા ને અપવાસ કરવા ને આ કરવા, જાત્રા કરવી ને ભક્તિ કરવી, પૂજા કરવી ને દાન કરવા એકલા વ્યવહાર ક્રિયાકાંડ જે શુભરાગ છે એના ઉપર જેની દષ્ટિ છે એ **વ્યવહારાવલંબી કેવળ** એને નિશ્ચયનું આલંબન જરાપણ છે નહીં. કેવળ શબ્દ વાપર્યો છે કે નહીં? કેવળ વ્યવહારાવલંબી. લ્યો!

મુમુક્ષુ :- એમાં લીધું નથી. આપે લીધું.

ઉત્તર :- કયાં? ટીકામાં છે ને? કેવળ **व्यवहारावलम्बिनस्ते खलु !**

મુમુક્ષુ :- પરંતુ જેઓ, ત્યાં.

ઉત્તર :- ના ના એ પરંતુ નહીં, એ ભલે એની વાત નથી. ત્યાંથી જ કહ્યું છે. જેઓ કેવળ વ્યવહારવલંબી છે, એમ છે ને? ન્યાં છે ને પાઠ? **अथ ये तु केवल व्यवहारावलम्बिनस्ते खलु !** એ કેવળવ્યવહારવાળા જેને દ્રવ્યના આશ્રયનો નિશ્ચય જરાપણ નથી. એકલા વ્યવહારવાળા. પહેલાં નિશ્ચય સહિતના વ્યવહારવાળા કહ્યા હતા. આ એકલા વ્યવહારવાળા છે. આહાહા! સમજાય છે કાંઇ? **અજ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે.** જેઓ કેવળ વ્યવહાર, કેવળ વ્યવહારને અવલંબનારા, બસ.

**તેઓ ખરેખર ભિન્ન સાધ્યસાધનભાવના અવલોકન વડે,** જુઓ! એ તો ભિન્ન રાગની મંદતાની ક્રિયા વ્રત ને તપ ને દયા ને દાન ને ભક્તિ ને જાત્રા ને પૂજા બધું, એ ભિન્ન સાધનનું અવલોકન કરે, એનાથી અમારી નિર્મળતા ભવિષ્યમાં થશે, એ વાત તદ્દન મિથ્યાદષ્ટિની માન્યતા છે. આહાહા! બધી તેની ખોટી હોય તે બધી ખોટી છે. ખોટો રૂપિયો આખો સોનાનો લાવ્યા હોય તોપણ ખોટો. પીતળનો રૂપિયો લઇને કહે કે સોનાનો છે. ખોટો જડી દે નીચે. ચાલશે નહીં શાહુકારની દુકાને. સોનાનો ચાલે છે કે નહીં? આહાહા! આ હવે નહીં થાતું હોય તો તેને ખોટા સોનાના. આહાહા!

કહે છે, **ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા,**

મહાવ્રત પાળવા, ભક્તિ કરવી, દયા-દાન કરવા, વિનય દેવ-ગુરુ-શાસ્ત્રનો કરવો. એ રાગમાં અત્યંત ખેદ છે. આહાહા! એ શેઠી! જયપૂરમાં નથી શેઠને. ત્યાં સાંભળ્યું નહોતું કોઇ દિવસ તેથી પડયા છે ને. છોકરાએ કહ્યું, બાબુભાઇએ .... આવો ન્યાં રખડી મરશો. કહે ને, એમ તો કહે ને. .... આવો ને સાંભળો અહીંયા. શેઠી! વાત તો એવી છે.

મુમુક્ષુ :- .........

ઉત્તર :- સાંભળો, એકવાર સાંભળો તો ખરા. માર્ગ એવો છે પણ લોકોને અંતરમાં એની રુચિ થાતી નથી. આમ બહાર આવો કહે છે. બહારમાં ભમ્યા, ભટક ભટક ભટક (કર્યા કર્યું). કહે છે, **ભિન્ન સાધ્યસાધનભાવના અવલોકન વડે,** તેનું જ્ઞાન જ ત્યાં રોકાણું છે, એમ કહે છે. એ **અત્યંત ખેદ પામતા થકા,** એ વ્યવહાર ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિમાં ખેદ છે, એકલો ખેદ છે. રાગ છે, દુઃખ છે. આહાહા! શાંતિભાઇ! આ અત્યંત ખેદ પામે છે હો ત્યાં.

મુમુક્ષુ :- આવું પણ કયાં હતું ત્યાં?

ઉત્તર :-ન્યાં પણ ક્યાં હતું? અજ્ઞાન છે ને ત્યાં. અજ્ઞાનીની વાત છે ને? છે દુઃખ, તેને માને સુખ. બહુ સારું કર્યું.... **ખરેખર સાધ્ય ને સાધન અભિન્ન હોય છે.** ખરેખર તો નિર્મળ પર્યાય અધુરી સાધન અને પૂરી નિર્મળ પર્યાય સાધ્ય. જયાં સાધ્ય સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં **'આ સત્યાર્થ નિરૂપણ નથી,** એ સાચું કથન નથી. **પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે' એમ સમજવું જોઇએ.** ઉપચરિત એટલે ખોટું. ખોટું કહો, ઉપચરિત કહો, અસત્યાર્થ કહો, અભૂતાર્થ કહો, એ તો અસત્યાર્થ છે.

મુમુક્ષુ :- આપ તો જૂઠ્ઠો એમ કહો, પંડિતજીએ એવો શબ્દ નથી કહ્યો.

ઉત્તર :- ભાષામાં આવવું જોઇએ ને? મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લખ્યું છે, ... નથી તેનો ઉપચાર કરીને વ્યવહાર કહેવામાં આવે છે. બાકી તો અભૂતાર્થ છે. અભૂતાર્થ કહ્યું છે. અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો કે જૂઠ્ઠો કહો, એ વ્યાખ્યા છે. 'વ્યવહારો અભૂયત્થો' અસત્યાર્થ એટલે જૂઠો. એ વજુભાઇ! અભૂયત્થો એટલે શું? બધા અર્થ કર્યા છે. અભૂતાર્થ, અસત્યાર્થ, અવિદ્યમાન. બધાના અર્થ કર્યા છે ૧૧મી ગાથામાં. ૧૧મી ગાથામાં વ્યવહારના અર્થ કર્યા છે. અવિદ્યમાન, અસત્યાર્થ, અભૂતાર્થ ત્રણેય કર્યા છે. કઇ અપેક્ષા? ત્રિકાળની અપેક્ષાએ. સમજાય છે કાંઇ? વાસ્તવિક મોક્ષનો માર્ગ નથી. તેને કહેવું તે જૂઠ્ઠું છે. આહાહા!

કહે છે, **કેવળવ્યવહારાવલંબી જીવો આ વાતને ઊંડાણથી નહીં શ્રધ્ધતા થકા,** એ તો વ્યવહાર કરીએ છીએ ને તેમાંથી હળવે હળવે નિશ્ચય થાશે, શુધ્ધતા થશે. વ્યવહારમાં શુધ્ધતાનો અંશ રહ્યો છે. એમ કહેતા હતા. વ્યવહાર કરતાં એમાં શુધ્ધતાનો અંશ છે. ધૂળેય શુધ્ધતાનો અંશ નથી.વ્યવહારમાં

શુધ્ધતાનો અંશ ક્યાંથી હોય? એ તો અશુધ્ધ છે. કેવળ વ્યવહારાવલંબી જીવો, આહાહા! અત્યારે આ ચાલે છે બધું. સંપ્રદાયની દૃષ્ટિમાં જેને આ તત્ત્વનું સાંભળ્યું નથી તેને આવું ચાલે છે. **કેવળ વ્યવહારાવલંબી જીવો આ વાતને ઊંડાણથી નહીં શ્રધ્ધતા થકા, ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુધ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે.** લ્યો! વિશુદ્ધિ શુધ્ધભાવથી કર્મની નિર્જરા થાય અને તેમાંથી તેના ફળરૂપે શુદ્ધિ થાય. એમ અજ્ઞાનીઓ માને છે. સમજાણું કાંઇ? આહાહા! **ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુધ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે જ. એવી શ્રધ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે.**

મુમુક્ષુ :- ફાયદામાં ખેદ!

ઉત્તર :- ખેદ. ફાયદો ક્યાં હતો. કલેશ ખેદ, દુઃખ એટલે ચંચળતા એટલા શબ્દ એણે લાગુ પાડ્યા. ખેદ જ છે. કેટલા બોલ લખ્યા છે. આપણા આત્મધર્મમાં એકવાર આવી ગયા છે. અસત્યાર્થના, અભૂતાર્થના ઘણા બધા આવ્યા હતા એક વખત. બહુ બોલ આવ્યા હતા. આહાહા! લખ્યા હતા અને પછી આપ્યા હતા. **ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુધ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે જ. એવી શ્રધ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે.** પહેલી ને ચોથી ફૂટનોટ પહેલાં આવી ગયું છે. એમાં જોઇ લેજો.

જુઓ! આવે છે ને. ઓલું વીરસેન સ્વામીમાં. વિશુદ્ધિ. વિશુદ્ધિ કોને? વિશુદ્ધિના ભાવમાં નિર્જરા એ તો શુદ્ધિનું લક્ષ થયું છે. શુદ્ધિનું લક્ષ થયું છે એટલે વિશુધ્ધભાવના સ્થાનમાં નિર્જરા થાય છે. વિશુધ્ધભાવ તો શુભભાવ છે. શુભભાવથી નિર્જરા થતી હોય? સમજાણું કાંઇ? મોટો લેખ આવ્યો છે ને હમણા મુંબઇથી. શાંતિલાલનો લેખ આવ્યો છે મોટો. ઊંધો તદ્દન. દૃષ્ટિ ઊંધી. ... ત્યાં હતો ત્યાં સુધી હળવે હળવે માખણ ચોપડતો હતો. પછી એકદમ ઊંધી થઇ ગઇ દૃષ્ટિ. એકદમ દૃષ્ટિ ઊંધી. આહાહા! એવા લેખો. લોકોને બિચારાને ખબર ન મળે. જુઓ! વિશુધ્ધભાવ શુભ છે. શુભથી નિર્જરા થાય અને શુદ્ધિ તો પછી કર્મક્ષયનું ફળ છે.

અહીં કહે છે કે શુભભાવનો નાશ થઇને શુદ્ધિ આત્માને આશ્રયે થાય તે શુદ્ધિ છે. શુભભાવથી બિલકુલ શુદ્ધિ થાય નહીં. શુભભાવથી નિર્જરા પણ ન થાય. શુભભાવથી તો બંધ થાય. ઉદયભાવ છે, શું થાય? જગતને એવા મારી નાખ્યા છે ને. વ્યવહારના આલંબન.... એય! મોટી ભૂલ. નવેય તત્ત્વની ભૂલ. આહાહા! ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા, રાગની મંદતાની ક્રિયા કરો, આ ક્રિયા કરો, આ ક્રિયા કરો, વ્રત પાળો, તપસ્યા કરો, નિયમ લ્યો અને વૃત્તિને કાબુમાં રાખો શુભભાવરૂપી એમ. એ જ સાધન છે અને આગળ વધાશે.

કહે છે કે અત્યંત ખેદ, દુઃખી છે બિચારા મિથ્યાદૃષ્ટિ. એમ કહે છે. એ દીપચંદજી! દીપચંદજીએ

પ્રશ્ન કર્યો હતો હમણાં. કર્યો હતો કે નહીં? એ તો સમજવા તો બધા પ્રશ્નો થાય...પ્રશ્ન કર્યો હતો એણે. રાગ આમ થાય. કરતાં કરતાં આમ થાય. પહેલું તો આ વ્યવહાર સારો કરે તો આગળ થાય ને?

મુમુક્ષુ :- પણ સારો વ્યવહાર કહેવો કોને?

ઉત્તર :- ઈ આ પંચમહાવ્રત પાળે, દયા, દાન, સમિતિ, ગુપ્તિ બધી, વ્યવહાર પાળે. આ તો છે જ ક્યાં એની પાસે અત્યારે. આ તો વ્યવહાર જેને શુદ્ધ એવો હોય શુભ કે અંદર રાગની મંદતા શુક્લ લેશ્યાના ભાવ, તોપણ તેને જોનારા અંતર ખેદ પામનારા છે. તેને ધર્મ અંશે છે નહીં. એમ છે. આહાહા! સમજાણું કાંઈ? **ખેદ પામનારા ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,** જુઓ! ભાષા. ....ધર્મ છ દ્રવ્ય. ધર્માસ્તિ છે ને આ અધર્માસ્તિ છે ને આકાશ છે ને આ કાળ છે ને આ પુદ્ગલ છે ને આ પરમાણુ છે ને આ સ્કંધ છે ને.

મુમુક્ષુ :- ભગવાને કહ્યા છે...

ઉત્તર :- ભગવાને કહ્યા છે એટલે શું પણ? એ તો ષ્ટદ્રવ્ય છે. ષ્ટદ્રવ્યના વિચારમાં રોકાવું એ તો વિકલ્પ છે. આહાહા! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા. એવા અધ્યવસાનમાં એ શ્રદ્ધાના વિકલ્પમાં એકાકાર છે. **તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,** ચિત્ત ત્યાં ચોંટયા કરે. ભગવાને છ દ્રવ્ય કહ્યા છે, ભગવાને નવતત્ત્વની શ્રદ્ધા પણ એ તો પરદ્રવ્યના વલણવાળો તો રાગ છે. સમજાય છે કાંઈ? એને જ સાધન માને છે. આપણે આ છ દ્રવ્યની શ્રદ્ધા કરીએ એ બરાબર, નવતત્ત્વની શ્રદ્ધા કરીએ એ સાધનથી અંદર નિશ્ચય સાધ્ય થશે. નિર્મળ પર્યાય પ્રગટશે. એ લ્યે એટલે થશે હળવે હળવે.મોક્ષમાર્ગપ્રકાશકમાં નાખ્યું છે ને કે આવા સંસ્કાર હશે તો તેને કોઈ વખતે સારા નિમિત્ત મળશે, ધર્મ પામવો હોય તો. એને પામવો હોય તો પામે એમ છે ને ત્યાં? એ કાઢે માળા અંદરથી. આહાહા! એ જેઠાભાઈ! આમાં તમારા પ્રશ્ન ક્યાં આમાં બધા લખેલા, જવાબ શું આપે બધા? પ્રશ્ન કાઢયા હતા ને ભાઈએ. ૫૦ પ્રશ્ન કેટલા હતા? પચાસ. આહાહા! બધી જાતના કાઢે ને? કોઈ આમાંથી જવાબ આપે ને મળે તો આપણે ફરવું મટે. શ્વેતાંબરમાંથી જો મળી જાય તો આપણે દિગંબરમાં જાવું મટે. ના એમ હતું.

મુમુક્ષુ :- જે કામ કરવું તે સાવધાનીથી કરવું જોઈએ ને.

ઉત્તર :- આહાહા! સાવધાની એટલે શું પણ? ..છે કે નહીં આપણામાં આ વાત. છે કે નહીં. ૫૦ પ્રશ્ન કાઢયા હતા. એય! અહીં કહે છે કેવળવ્યવહારાવલંબી, નિશ્ચયનો સ્વદ્રવ્યનો આશ્રય અને ધ્યેય જરા પણ નથી. એકલા ધર્માસ્તિના છ દ્રવ્યની શ્રદ્ધામાં ચિત્તને રોકે છે. એ છ દ્રવ્યની શ્રદ્ધા, નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એવા અધ્યવસાન. દેખો ભાષા એવી વાપરી છે. એકત્વબુદ્ધિ છે. તેમાં એકત્વબુદ્ધિ છે. જીવ તો કાઢયો નથી. **દ્રવ્યના આશ્રયને લઈને એ વિકલ્પને જુદો તો કર્યો**

**નથી. સમજાણું? આહાહા!** તેમનું ચિત્ત, વ્યવહારાવલંબીનું ચિત્ત લાગ્યા કરતું, ન્યાં ને ન્યાં જ ફર્યા કરે છે, કહે છે. ફરી ફરીને આ રાગ આ શ્રદ્ધા કરી, છ દ્રવ્યની કરી. કર્મજનિત આત્મા તેના પરમાણુ આવા હોય ને એને આ હોય ને એનું આવા હોય ને. એ બધા વ્યવહારાવલંબીમાં મિથ્યાદષ્ટિ જાય છે બધા. આહાહા! આકરું કામ! કર્મગ્રંથનો ખુબ અભ્યાસ, એકલો વિકલ્પનો. સમજયા ને?

**પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઉઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ,** લ્યો! ઓલું શ્રદ્ધામાં હતું. આ હવે જ્ઞાનમાં. પુષ્કળ દ્રવ્યશ્રુતના સંસ્કાર. આહાહા! એ શાસ્ત્રનું ભણતર ......... લાગે છે. આત્મા જ્ઞાયકમૂર્તિનો આશ્રય લીધા વિના કેવળ શાસ્ત્રના અભ્યાસના સંસ્કારથી ઉઠતા વિચિત્ર વિકલ્પોની જાળ છે એ બધી. આહાહા! એય! સુજાનમલજી! શાસ્ત્ર, શાસ્ત્ર, શાસ્ત્ર. પંડિતોનો શાસ્ત્ર સંસાર. લખ્યું છે ને. આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. શાસ્ત્રનું વાંચવું સવારથી સાંજ પાના ફેરવ્યા કરે, પાના ફેરવ્યા કરે. ન્યાં ચિત્તને રોકે.

અહીં તો કહે છે કે, તેને તો વિકલ્પની જાળ **તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી,** આહાહા! નવીનતા થાય છે, એમ કહે છે. શાસ્ત્રના ભણતરમાં ચિત્તને રોકાવાથી પરથી એકલા ત્યાં, અજ્ઞાની પર્યાય નિર્મળ તેમાં મલિન થાય છે. સમજાણું કાંઇ? આહાહા! આવા કથનો-વીતરાગી સંત સિવાય હોય શકે નહીં. સમજાણું કાંઇ? જુઓ! આહાહા! મારું મન જાય છે, પણ એ વિકલ્પ છે કહે છે. ટીકા કરવામાં જાય છે મારું (મન) પણ અમારો આશય દ્રવ્યનો છે એ ભૂમિકામાં આ છે.

આ તો એકલા વિકલ્પની જાળમાં રોકાય છે, એકલા શાસ્ત્રના દ્રવ્યશ્રુતનો અભ્યાસ, ભાવશ્રુત અંદર શું છે, દ્રવ્યને આશ્રયે કેમ થાય છે એ કાંઇ ખબર નથી. આહાહા! આ બધો મોંવાળીયો વાળે છે આમાં. સુજાનમલજી!

મુમુક્ષુ :- બરોબર. મરી ગયા.

ઉત્તર :- મરી ગયા નહીં જીવતા થયા એમ છે. આહાહા! કહે છે કે, કેવળવ્યવહારાલંબી પુષ્કળ શ્રુત, ઓહોહો! સ્વાધ્યાય, સ્વાધ્યાય, સ્વાધ્યાય. શાસ્ત્રના પાના ફેરવ્યા જ કરે. **દ્રવ્યશ્રુતના સંસ્કારથી ઊઠતા વિચિત્ર અનેક પ્રકારના વિકલ્પો,** અનેક પ્રકારના વિકલ્પોની જાળ. શુભ ભલે હો, શુભ પણ તે વિકલ્પ જાળ છે, પુણ્યબંધનું કારણ છે તેને સાધન માની અને તેમાંથી સાધનને નિર્મળ થશે. એવા કેવળવ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિઓની આ દશા છે. આહાહા! આવી વાત તો વીતરાગી સંત સિવાય કોઇ કહે નહીં. આહાહા! દિગંબર મુનિઓ બધા વીતરાગી મુનિઓ છે. દિગંબર સંતો વીતરાગી સંતો છે. આહાહા! એની કથન પદ્ધતિ જુદી જાતની છે. વસ્તુ સ્વરૂપની સ્થિતિ. સમજાણું કાંઇ? વીતરાગી સંતોએ, આહાહા! અરે! ભાઇ! સ્વદ્રવ્યનો બિલકુલ આશ્રય અવલંબન, આધાર, ધ્યેય નથી અને એકલા વ્યવહારના શાસ્ત્રમાં ભણતરમાં વિકલ્પની જાળમાં રોકાણા છે. અત્યંત ખેદ છે. એ ખેદ છે કહે

છે. આહાહા! ઓલો કહે છે કે સ્વાધ્યાય તે નિર્જરા છે. કયો સ્વાધ્યાય?

મુમુક્ષુ :- સ્વાધ્યાય પરમ તપઃ

મુમુક્ષુ :- સ્વાધ્યાય પરમ તપઃ હં.. સ્વાધ્યાયમાં રોકાઇ ગયો એ સ્વાધ્યાય નહીં. સ્વઅધ્યાય. સ્વભાવનો અધ્યાય અંતર એકાગ્ર થવું એ નિર્જરાનું કારણ છે. શાંતિભાઇ! આહાહા! ભાગ્યશાળી છે ને.. નરમ માણસ છે. નરમ છે. કૂણા માણસ છે. અરે! આ વાત એને રુચવી જોઇએ પહેલી. બરાબર. બિલકુલ પરના આશ્રયનો વિકલ્પ એ સુખનું કારણ, સાધ્યનું કારણ નથી.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- હા... એ વાતમાં ફેર નહીં જરા પણ. લાખ શાસ્ત્ર વાંચે ને ભણે એ તો પર તરફનું વલણ છે. સમજાણું કાંઇ? ભાવશ્રુતજ્ઞાન જયાં દ્રવ્યનો આશ્રય થઇને, જે જ્ઞાનની પર્યાય ભલે થોડી હો, જે સ્વભાવના આશ્રયે પ્રગટી એ શ્રુતકેવળી છે. આહાહા! શ્રુતકેવળ.. છે. આ કેવળવ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ છે. આહાહા! કહો, પંડિતજી! સંતો આવી વાત કરે છે. એ વાત બીજે કયાંય શ્વેતાંબરના પંથમાં, પક્ષમાં એ વાતની ગંધ નથી. શું થાય? આહાહા!

વસ્તુ સ્થિતિ આવી છે ત્યાં. ભગવાનઆત્મા વીતરાગસ્વભાવની મૂર્તિ પ્રભુ! એમાં રાગનું અવલંબન છે, એને ઠેકાણે વીતરાગસ્વભાવનો બિલકુલ આશ્રય અને અવલંબન લીધા વિના અજ્ઞાની એ વ્યવહારાવલંબનમાં મશગુલ છે. એ અત્યંત ખેદ-દુઃખી છે. અત્યંત ખેદ પામે છે. કલેશને પામે છે. આહાહા! સમજાણું કાંઇ? પુષ્કળ શ્રુતના સંસ્કારથી ઊઠતા, ઓહોહો! કેટલું છે ઇ. ઓલામાં ફરી ફરીને ધર્માદિ શ્રધ્ધાનના અધ્યવસાનમાં રોકાતા અહીં **પુષ્કળ શ્રુતના સંસ્કારથી ઊઠતા,** દ્રવ્યશ્રુતનું વારંવાર એ તરફનું વલણ. ભગવાનઆત્મા પરના વલણના વિકલ્પ વિનાનો એના સ્વભાવનો આશ્રય ને સંસ્કાર બિલકુલ નહીં. એકલા દ્રવ્યશ્રુતના સંસ્કારથી ઊઠતા, જુઓ! સંસ્કારથી ઊઠતા વિકલ્પ ઊઠે છે. ન્યાં કયાં નિર્વિકલ્પતા થાય, એમ કહેવું છે. આહાહા! એ પણ **વિચિત્ર વિકલ્પોની જાળ,** આહાહા! **એ વડે તેમની ચૈતન્યવૃત્તિ,** એ વડે તેમની ચૈતન્યની નિર્મળ પરિણતિ. ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી, એ વિકારી થાય છે. આહાહા! સમજાણું કાંઇ? **પુષ્કળ શ્રુતના સંસ્કારથી ઊઠતા,** ઓલામાં ફરી ફરીને ન્યાં જાય છે. **થતી હોવાથી,** બે બોલ થયા.

ત્રીજો. ઓલો શ્રધ્ધાનો હતો, જ્ઞાનનો. હવે ચારિત્રનો. **સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી,** ધમાલ. આહાહા! લાગ્યા કરતું હશે... ધમાલ. દયા આમ પાળવી, વ્રત આમ પાળવા, અહિંસા આમ ને સત્ આમ ને દત આમ ને બ્રહ્મચર્ય આમ ને પરિગ્રહ રહિત આમ. દિગંબર નગ્ન દશા એમ રાખવી, સમિતિ આમ રાખવી વ્યવહાર. ધમાલ, રાગની ક્રિયાની ધમાલ છે. આહાહા! સમસ્ત યતિ-આચાર. જેટલા મુનિના આચાર

છે વ્યવહાર. વ્યવહાર જ્ઞાનાચાર, વ્યવહાર દર્શનાચાર, વ્યવહાર ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. એ બધા એનો સમુદાય તપમાં પ્રવર્તન એવી વ્યવહાર ક્રિયામાં, વ્યવહાર ચારિત્રમાં,એ ચારિત્રને અહીં તપ કહ્યું. વ્યવહાર મુનિપણું એના પ્રવર્તનરૂપ કર્મકાંડ, ક્રિયામાં-રાગની ક્રિયા છે બધી. આહાહા! એમાં ધમાલમાં તેઓ અચલિત, તેમાં ચલે નહીં એવા છે. આહાહા!

આખો દિ' ધમાલ. જુઓ! હવે આ આઠ મહિના શાંતિ. ધમાલ બંધ. ધમાલ એ તો તમારે. ફલાણું, ઢીંકણું, હો, હા. ધર્મ, ધર્મ. મિથ્યાત્વ, મિથ્યાત્વ. એય! વાત તો એવી છે ભાઈ! એય! આ તો પૂજા, આઠ દિ'ની કરશે ને? મહાવીરની નહીં? હા.. શાંતિસ્નાત્રની. મોટા પ્રમાણમાં કરે ને? આહાહા! ભગવાન ચૈતન્યદ્રવ્યનો આશ્રય તો બિલકુલ નથી અને એકલી આ ક્રિયાકાંડ એ તો સાધારણ છે. આ તો દિગંબર મુનિની, આચાર્યની વાત છે, હોં! દિગંબર મુનિની. આ તો એનો (શ્વેતાંબરનો) વ્યવહાર પણ બધો ખોટો છે. આહાહા! આકરું બહુ પડે! દુઃખી થાય બિચારા હો! એવું સાંભળીને.

વસ્તુનુ સ્વરૂપ જ એવું છે ત્યાં શું થાય? જેવું શ્રધ્ધાનું સ્વરૂપ છે એ ન બતાવે તો શ્રધ્ધા ટળે કેવી રીતે? વસ્તુનું સ્વરૂપ તો એવું છે. કોઈ વ્યકિતને દુઃખ થાય એ વાત કાંઈ છે નહીં. વિરૂધ્ધ શ્રધ્ધા છે, તત્ત્વથી વિપરીત શ્રધ્ધા છે. એની વાત એને ન સમજાવે તો વિપરીત શ્રધ્ધા છોડે કેવી રીતે? એની વિપરીત શ્રધ્ધા જેને હોય એ દુઃખી થાય, અરે! અમારો માર્ગ ખોટો ઠરાવે છે. સંસારમાં એવી કઈ ચીજ છે કે બધાને સરખી સારી લાગે? કાલ મેં કહ્યું નહોતું? એવો કયો ઉપદેશ છે કે બધાને ચૈન પડે. કોઈને તો અંદર ખટકે જ. શું થાય? આવી વ્યાખ્યા કરે કે દારૂ ખરાબ છે, પીવો નહીં. તો દારૂના વહેંચનારાઓને દુઃખ થાય. અમારા ઘરાક અટકી જશે. આવો પાકયો કયાંથી? આ વળી કોણ? આહાહા! સમજાણું કે નહીં? એય માણેકલાલ! દુઃખી થાય તો શું કરવું? એમ કહે છે. અને સાચું ખોટું પરખવાની વાત કરે તો ઠગ દુઃખી થાય. અરે! આ તો માળા બધું ઉઘાડું પાડી દે છે. અમારો ધંધો અટકી જશે.

એ દાખલા આપ્યા છે એમાં, હો! મોક્ષમાર્ગપ્રકાશકમાં. બહુ સરસ! મોક્ષમાર્ગ પ્રકાશક! ટોડરમલ! આહાહા! એને મુર્ખ ઠરાવે છે કેટલાક. અરે! ભગવાન! શું કરે છે પ્રભુ! તારી જાતને શું કરે છે ભાઈ! કોઈ મોટો હોય સારો એ તને ગોઠતું નથી. એમ કે વળી આ ગૃહસ્થાશ્રમમાં આવો મોટો ડાહ્યો થયો? એમ. અરે! ભગવાન! ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય એટલે ડાહ્યો જ હોય. સમજાણું? ગૃહસ્થાશ્રમમાં મોક્ષમાર્ગી હોય. ત્યાગી હોય એ ઉન્માર્ગી હોય. આવ્યું ને શ્રાવક રત્નકરંડ આચારમાં, શ્રાવક રત્નકરંડ આચારને **ગૃહસ્થો મોખમગ્ગો** ગૃહસ્થમાં હોય પણ મોક્ષમાર્ગી હોય સમકિતી. અને અણગાર પણ **મોહી** અણગાર **ગૃહસ્થો મોખમગ્ગો** આહાહા! ભાષા પણ કેવી વાપરી છે. પોતે આચાર્ય છે, હોં! છતાં પણ કહે છે કે વિકલ્પ તેને હોય છે પણ તેનાથી મુકત છે. આહાહા!

**સમસ્ત યતિ-આચાર,** જેટલો વ્યવહાર વિકલ્પની ક્રિયાઓ, વ્યવહારનયની કીધી શાસ્ત્રએ.

આહાહા! એના સમુદાયથી, બધો ક્રિયાકાંડનો સમુદાય, **એવા તપમાં,** વ્યવહાર તપમાં એટલે વ્યવહાર ક્રિયામાં. **પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં અચલિત રહેતા હોવાથી,** લ્યો! ઠીક. એ ત્રણ વાત લીધી. દર્શન, જ્ઞાન ને ચારિત્ર. હવે **ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે,** એમ જુઓ! કારણ કે, દૃષ્ટિ અખંડરૂપે દ્રવ્ય ઉપર તો નથી એટલે ક્યારેક તો ત્યાં કરવાનું છે. ક્યારેક છ દ્રવ્યની શ્રધ્ધાની રુચિ કરે છે. **કોઈક બાબતની રુચિ કરે છે.** ક્યારેક રુચિ કરે છે. આહાહા! ક્યારેક શબ્દ વાપર્યો છે. કેમકે નિરંતર તો છે નહીં. સમજાણું કાંઈ?

સ્વભાવનો આશ્રય નિત્ય જે છે તેનો આશ્રય નથી તો નિત્ય તો રુચિ છે નહીં. ક્યારેક એમ કે, ઓહોહો! ભગવાન વાહ પ્રભુ વાહ! તારો માર્ગ વાહ! એમ રુચિ કરે અજ્ઞાની. કેવળવ્યવહારાવલંબી, એમ કહે છે. આહાહા! **ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે,** આહાહા! શું ભગવાનનું સમવશરણ! શું ભગવાનનો અતિશય! ભગવાનનું કેવળજ્ઞાન! આહાહા! એમ કરીને ક્યાંક રુચિ કરે. પણ એ બધી વિકલ્પની રુચિ છે. આહાહા! ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે, સમજાણું? એ જ્ઞાનમાં લેવું એ. **ક્યારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ,** એ જ્ઞાનમાં લેવું એ. જ્ઞાનમાં વિકલ્પ કરે, આનું અહીં છે, ચરણાનુંયોગમાં આમ છે, કરણાનુંયોગમાં આમ છે, ધવલમાં આમ છે. ચરણાનુંયોગનું સમકિત જુદું છે, દશાનું સમકિત જુદું છે. ચાર અનુયોગના ચાર સમકિત. અરરર! કાળા કેર છે ને. આવા વ્યવહારના અવલંબનમાં પડયા છે, (તેઓ) કેવળવ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એને એમ કે આ વ્રત ને તપ કરશું ને, શુભભાવ તેનાથી શુદ્ધિ થશે. આ એનું લખાણ છે. ભિન્નસાધ્યસાધન માનનારા મિથ્યાદૃષ્ટિ.

મુમુક્ષુ :- ભિન્નસાધ્યસાધનવાળા વ્યવહારથી નિશ્ચય માને છે.

ઉત્તર :- હા, એનાથી નિશ્ચય માને છે. આનાથી મને સાધ્ય નિર્મળ દશા થશે. ભિન્ન રાગથી ભિન્ન સાધ્ય નિર્મળ થશે. એમ માનનારાનું આ કથન છે. વ્યવહારની ક્રિયાઓ કરે, તપસ્યા કરે, અપવાસ કરે. ખુબ શરીર ઝીર્ણ કરી નાખે. ભાઈ! વ્યવહારમાંથી શુદ્ધિ થશે નહીં.

મુમુક્ષુ :- શરીરમાંથી તો કટકા થઈ જવા જોઈએ ને?

ઉત્તર :- ધૂળમાં, શરીર ક્યાં? શરીર તો જડ છે. શું કાઢે? **ક્યારેક (કોઈક બાબતના) વિકલ્પ કરે છે,** લ્યો! અને ક્યારેક કાંઈક આચરણ કરે છે. ક્યારેક કોઈક વખતે એવા આચરણ તપના, અપવાસના, બે-ચાર-દસ અપવાસ કરી નાખે. ક્યારેક, નિરંતર તો દૃષ્ટિ છે નહીં દ્રવ્ય ઉપર. સમકિત તો છે નહીં, જ્ઞાનનો આશ્રય તો છે નહીં અને ક્યારેક ક્યારેક આવા વિકલ્પો કરી અને માને કે આવા સાધનથી અમને અમારું સાધ્ય નિર્મળ થશે. અમને ધર્મ થશે. એ કેવળવ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિની વાત આ છે. વિશેષ કહેશે. **(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૪, ગાથા :- ૧૭૨
## જેઠ સુદ-૧, ગુરુવાર, તા :- ૪-૬-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. શું અધિકાર ચાલે છે આ? વ્યવહારાવલંબી એટલે કે જેને આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ અને રાગથી ભિન્ન છે અને ચૈતન્યના જ્ઞાનાનંદ સ્વભાવથી અભિન્ન છે એવું અંતર નિશ્ચય ભાન થયું નથી. જે થવું જોઈએ તે થયું નથી. અને એ આત્માના જ્ઞાન વિના, આત્માની દૃષ્ટિ અને અનુભવ વિના એકલા વ્યવહાર ક્રિયાકાંડમાં તેમનું કારણ માને છે. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? વનસ્પતિમાં જાશે, એમ કહેશે આગળ. નિગોદ જાશે નિગોદમાં. આહાહા!

આત્મા પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે તેનાથી ભિન્ન છે, જુદો છે. એવું જેને અંતરમાં સ્વના આશ્રયનું જ્ઞાન, સ્વના આશ્રયની પ્રતીત, સ્વના આશ્રયની લીનતા તેનું જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી. ફક્ત વ્યવહાર ક્રિયાકાંડથી અમારું કલ્યાણ થશે. એમ માને છે. અહીં સુધી આવ્યું. જુઓ! **દર્શનાચરણ માટે-તેઓ,** સમકિતના આચરણ માટે વ્યવહારના શુભરાગના કરનારાઓ **કદાચિત્ પ્રશમિત થાય છે,** કેમકે નિરંતર દર્શન તો છે નહીં. નિરંતર જે શુદ્ધ ચૈતન્યદ્રવ્યની પ્રતીત ને જ્ઞેયનું જ્ઞાન, સ્વજ્ઞેયનું જ્ઞાન એવું નિરંતર તો છે નહીં. તેથી વ્યવહારમાં કદાચિત્ રાગની મંદતા ને શુભજોગનો પુરુષાર્થ કરે તેમાં એમ માને કે અમને આ ઉપશાંતિ પ્રશમ થઈ, શાંતિ થઈ એ ધર્મ છે. સમજાણું કાંઈ?

**કદાચિત્ પ્રશમિત થાય છે,** રાગની મંદતા ઘણી તેથી એમ લાગે કે અમે પ્રશમમાં છીએ. સમકિતનું લક્ષણ એ પ્રશમ છે એ છે અમને. એમ એ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? પણ એ પ્રશમ છે એ રાગનો શુભભાવ છે, એ ધર્મ નથી. ધર્મ તો આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ એનો આશ્રય લઈને જે નિર્મળતા પ્રગટ થાય તે ધર્મ અને તે મુક્તિનો માર્ગ છે. એ તો છે નહીં. આ ક્રિયાકાંડ કરીને તેનાથી મારું કલ્યાણ થશે. એ મિથ્યાદૃષ્ટિ જીવોની વ્યાખ્યા છે આ. કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ છે ને ત્યાં? એકરૂપની શાંતિ તો છે નહીં. આહાહા! વસ્તુના સ્વભાવનું ભાન નહીં તેથી અનંતાનુબંધીના અભાવની જે શાંતિ છે એ તો છે નહીં. એ કષાયની મંદતા કરીને અમે પ્રશમ છીએ. સમકિતનું લક્ષણ છે એ. એમ એ વ્યવહાર લક્ષણને ધર્મ માને છે. **કદાચિત્ સંવેગ પામે છે,** ઓહો! આ સંસાર આવો છે. સંસાર આવો છે એમ ઘડીક સંવેગ. એ સંવેગ વૈરાગ્ય એ પણ કદાચિત્ રાગની મંદતાના વેગમાં ઉદાસ થઈ જાય. આ બધું, આ નહીં, આ નહીં. એમ આત્મા અંદર રાગ વિનાની વિકલ્પની ક્રિયા વિનાનો છે. તેની અંતરદૃષ્ટિ ને જ્ઞાન નથી એ આ સંવેગના ધરનારા શુભયોગી, શુભયોગી શુભના કરનારા છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! કહો, પંડિતજી! આવું કરે તોપણ ... રાગ મંદ કરે, સંવેગ

કરે, આહાહા!

મુમુક્ષુ :- સ્વર્ગ જાય તો લાભ થઈ જાય.

ઉત્તર :- ધૂળમાં થાય? સ્વર્ગમાં ક્યાં આત્મા હતો. રાગ ને પુણ્યના ફળ છે ધૂળ. આત્મા તો અહીંયા આનંદ સ્વરૂપ છે ભગવાન. એને નિજ દેવને તો ઓળખતો નથી તો પરદેવમાં જઈને શું કરશે દેવલોકમાં. મિથ્યાત્વને સેવશે અને રાગને ધર્મ માનશે. આહાહા! માર્ગ અલૌકિક છે. અત્યારે તો આ બધું વ્યવહારની જે આ કહે છે એવું પણ નથી. જેઠાભાઈ! આહાહા! નિશ્ચય વિનાનો આ વ્યવહાર જે કહે છે એવો પણ વ્યવહાર ક્યાં છે? માને છે કે અમે આ મહાવ્રત પાળીએ છીએ ને અમે આ કરીએ છીએ ને ધર્મ છે અમારે ધર્મ છે. મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? (કહે છે) **કદાચિત્ અનુકંપિત થાય છે,** આહાહા! અરે! જીવોને દુ:ખ થાય છે. અનુકંપા થાય છે. એ અનુકંપા એ શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. એ કાંઈ સમ્યગ્દર્શનનું સ્વરૂપ નથી.

અનુકંપા-સમકિત(ના આઠ અંગ)માં આવે છે ને. પોરબંદરમાં હતા એક. સમકિતનું લક્ષણ અનુકંપા, શમ, સંવેગ છે. વરસાદ વરસે, ખાડામાં પાણી ભરાય, માખીઓ પડી હોય, મકોડા લેવા જાય, બચાવવા. સમકિતનું લક્ષણ છે અનુકંપા. એ શેઠી! એ તો શુભભાવ છે. એની ક્રિયાથી આમ કરવું ને આમ બચાવવું એ ભાવ તો મિથ્યાત્વ છે. આહાહા! આકરું કામ છે. સમજાય છે કાંઈ?

કહે છે અનુકંપા, અરેરે! એકેન્દ્રિયના જીવો દુ:ખી થાય છે, એમ અનુકંપા કરે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયની, હો! પણ એ બધા શુભભાવ છે, ધર્મ નહીં. આહાહા! ધર્મ તો એ શુભભાવથી પૃથક ચૈતન્ય આનંદ ને જ્ઞાનનું ધામ એને સ્પર્શીને જે નિર્મળ દશા થાય એનું નામ મુક્તિનો માર્ગ અને ધર્મ છે. એની તો કાંઈ ખબર નથી. **કદાચિત્ આસ્તિક્યને ધારે છે.** આહાહા! ભગવાને કહ્યો માર્ગ સાચો છે, હો! આસ્થા કર આસ્થા, શ્રદ્ધા. કદાચિત્ પાછું એમ કહે છે. એકરૂપ શ્રદ્ધા તો અંદર સ્વરૂપની શ્રદ્ધા નથી એટલે એકરૂપ તો નથી. જિનેન્દ્રદેવે કહેલા છ દ્રવ્યો, નવતત્ત્વો બહુ સાચા, આહાહા! ભગવાનની પૂજા કરવી, ભગવાનની જાત્રા કરવી, બાપુ! એ આસ્તિક્યનું લક્ષણ છે.

મુમુક્ષુ :- એ પણ પાછા ઉપવાસ કરે છે ને?

ઉત્તર :- ધૂળેય નહીં. ઉપવાસ કરે છે, લાંઘણું કરે છે. ........ બધાય કરે છે, એમાં શું? આત્માના ભાન વિના આત્મા વિકલ્પની ક્રિયાથી પાર છે એની તો કાંઈ ખબર નથી. અને આ ક્રિયામાં માને છે કે અમે આસ્તિક છીએ, આસ્થાવાળા છીએ. એટલું તો સમકિતના ચાર લક્ષણો સંબંધી વ્યવહારલક્ષણો હતા ને તે સંબંધી વર્ણન કર્યું.

મુમુક્ષુ :- બહારમાં એ વ્યવહાર એમનો....

ઉત્તર :- એ વ્યવહાર એ ધર્મ નથી.

મુમુક્ષુ :- એ કેમ ખબર પડે?

ઉત્તર :- એ ખબર પડે. ખબર ન પડે? પોતાને ખબર પડે અને બીજા જીવને પણ ખબર પડે.

મુમુક્ષુ :- બીજાને હું ધર્મ કરું છું એ કેમ ખબર પડે?

ઉત્તર :- એ જ કહું છું. એ ધર્મ જે કરે છે અંદરનો હોય સાચો એ બીજાને પણ ખબર પડે. આવા લક્ષણથી ખબર પડે એવું કાંઈ છે નહીં. ઝીણી વાત છે ભાઈ! ચૈતન્યપ્રભુ એ શુભનો ભાવ રાગ વિકલ્પથી પાર જુદો છે. તેની અંતરદષ્ટિ કે આશ્રય થયા વિના આ બધી ક્રિયાકાંડ અભવિએ પણ અનંતવાર કરી ને ભવિએ પણ અનંતવાર કરી છે. એ ધર્મ નથી. આહાહા! શેઠી!

મુમુક્ષુ :- થોડું ઢીલું પડી જાય છે ઢીલું, ઢીલું.

ઉત્તર :- ઢીલું નહીં, વિપરીત છે એને સમજાવે છે. એકાંત મિથ્યાદષ્ટિની વાત છે કે નહીં? વળી **શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદષ્ટિતાના,** સમકિતના વ્યવહારસમકિતના આઠ પ્રકાર. ભગવાનનો માર્ગ સાચો ભાઈ એમાં શંકા કરવા જેવું નથી, હો! એમ કહે છે પણ એ બધો શુભભાવ છે. સમજાણું કાંઈ? શંકા, શું કહે છે? **એના ઉત્થાનને અટકાવવા અર્થે,** શંકાના દોષ ન લાગે તે માટે તૈયાર રહે છે. ભગવાને કહેલો માર્ગ છ દ્રવ્ય, નવતત્ત્વો તેમાં ક્યાંય શંકા ન થાય એ માટે, **ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે.** નિત્ય કડી બાંધીને જેમ રહે એમ શુભભાવ નિત્ય કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

અને **કાંક્ષા,** પર ધર્મની કાંક્ષા ન કરવી, ભાઈ! વીતરાગ સિવાય બીજે ક્યાંય માર્ગ નથી. એમ શુભભાવની કાંક્ષા પણ કરતો નથી. એ જાતની કાંક્ષા કરતો નથી. બીજામાં ધર્મ છે એ પણ એક શુભઉપયોગ છે, શુભરાગ છે, ધર્મ નથી. એ હિંમતભાઈ! ભારે આકરું કામ આવું!

મુમુક્ષુ :- શુભધર્મની કાંક્ષા પણ નહીં?

ઉત્તર :- એ બધું શુભરાગમાં જાય છે. તેના ઉત્થાનને માટે, એમ. તેને સાચવવા માટે, અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે. નિત્ય કડી બાંધીને જેમ રહે ને. સમજાણું કાંઈ? અમારે માટે તો કડ બાંધી છે કહે છે. નથી કહેતા? કેટલાક પાછળ અમને, એ મૂર્ખ છે. કોણ કડ બાંધે. પર તારા માટે! સમજાણું કાંઈ? પોતે પણ પર ધર્મની કાંક્ષા ન કરે જૈન સિવાય. એ પણ એક તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. તેમાં તે ધર્મ માને છે કે આ શુભભાવ હું કરું છું ને તે મને કાંક્ષા નથી માટે ધર્મ છે. એ અધર્મને ધર્મ માને છે. આહાહા! અરે! જન્મ-મરણના મુકાવાના માર્ગ બાપુ કોઈ જુદા છે. ચોર્યાસીના અવતાર, આહાહા! અને તેનું મૂળ કારણ તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં તો અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ?

વિચિકિત્સા, દુગંછા ન કરે. મુનિની નગ્ન દશા, દિગંબર દશા દેખી દુગંછા ન કરે. એવો એ

વ્યવહાર સમકિતનો ભાવ રાખે પણ એ તો શુભઉપયોગ છે. સમજાણું કાંઇ? મૂઢદષ્ટિ ન રાખે. મુંઝાય નહીં. અરે! વીતરાગમાર્ગ સાચો હશે કે અન્ય સાચો હશે? શું છે આ? વેદાંતમાં પણ મહા મોટા મોટા પુરુષો થતાં જાય છે. એ નહીં. સમજાણું કાંઇ? મુંઝાય નહીં. એમ કહે છે. એ પરમાં વ્યવહારમાં મુંજાય નહીં. નિશ્ચયનું ભાન નથી. મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે, એ દશાને થતાં અટકાવવા, એમ. **અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે**. એ તો બધો શુભભાવ છે. એમાં ક્યાંય આત્મા નથી. ધર્મ છે નહીં.

**ઉપબૃંહણ,** પોતાનો શુભભાવ વધારવા મથે છે. એ ઉપબૃંહણ છે. ભાષા તો એમ છે કે તેને ભાવતા થકા ઉત્સાહને વધારે છે. ઉપબૃંહણના ઉત્સાહને વધારે. ઉત્સાહ, ઉત્સાહ. આમ કરો, ધર્મની પ્રભાવના કરો, આમ કરો, પૈસા ખર્ચો, દાન કરો, મંદિર બનાવો. સમજાય છે? પુસ્તક બનાવો તેમાં રોકાય અક્ષર લખવામાં બરાબર. એ ઉત્સાહ વધારે છે. એ શુભભાવ છે. તેમાં ક્યાંય ધર્મ બર્મ છે નહીં. આહાહા!

**સ્થિતિકરણ,** જૈનધર્મથી પડતા હોય ને શુભભાવથી સ્થિર કરવાનો ભાવ. પણ એ પરને સ્થિર, એ તો શુભભાવ છે. સમજાણું કાંઇ?

મુમુક્ષુ :- જીવદ્રવ્યને સિધ્ધ કરે છે.

ઉત્તર :- જીવદ્રવ્યને સિધ્ધ કરે એ તો વિકલ્પ છે, શુભભાવ છે. પોતામાં તો સ્થિરતા કરતા નથી. દષ્ટિ કયાં છે એ તો ખબર નથી. આપ કહો.

મુમુક્ષુ :- ખબર નથી પડતી આપ શું કહો છો.

ઉત્તર :- તમારા વતી શેઠે કહ્યું.લ્યો! આ શેઠીએ ન કહ્યું શેઠે કહ્યું. એમ કહે છે કે આત્માનો સ્વભાવ, આત્મા અક્રિય રાગની ક્રિયા વિનાનો છે. એ વિકલ્પની ક્રિયા વિનાનો છે. એવું અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નથી. સ્વઆશ્રયની ગંધ નથી. ફકત પરાશ્રયમાં બીજાને ધર્મથી પડતા અટકાવે, તેને મદદ કરે, આદિ કરે, સ્થિતિ કરે. ગરીબ માણસ છે આપણે પૈસા દઇએ તો ધર્મમાં રહેશે. એમ પાંચ, પચ્ચીસ હજાર આપે. તેને મદદ કરે, કેળવણીમાં ભણાવે, કેળવણી કરાવે, નિશાળો બનાવે, બંધાવે. ના પણ આ તો ધાર્મિક જીવ એમ. ધર્મના જીવો છે તેને આ રીતે સ્થિતિકરણ કરાવે. બાળકો નાના છે. ધર્મી હોય ને એ પણ તેને આપણે મદદ કરીએ. એને સ્થિર કરવા એના ધર્મમાં સ્થિર થાય એવો જે ભાવ એ બધો શુભરાગ છે. શેઠી! ...તમને બહુ ઉત્સાહ આવે છે. ધર્મના જીવો છે, ધર્માત્મા છે. આપણે તેને મદદ કરીએ. એ બધો સ્થિતિકરણ છે, શુભભાવ છે. એને એ ધર્મ માને છે. એનાથી મને નિર્જરા થશે. સમજાણું?

**વાત્સલય,** પ્રેમ કરે ધર્મી પ્રત્યે. ધર્માત્મા પ્રત્યે ગાય જેમ પોતાના વાછડા પ્રત્યે પ્રેમ કરે છે એમ ધર્મી પ્રત્યે વાત્સલ્ય પણ એક શુભભાવ છે એ તો. આરે! ભારે આવી વાત! આહાહા! એ ધર્મ નહીં.

ધર્મ તો અંતરાત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપથી ભરેલો ભંડાર એના સન્મુખ થઈને શ્રદ્ધા જ્ઞાનનો કણ પ્રગટ કરવો, વીતરાગી પર્યાય પ્રગટ કરવી તે ધર્મ છે. આવી ક્રિયાકાંડ એ કોઈ ધર્મ છે નહીં. આહાહા! અત્યારે તો ધમાલ એમાં પડી છે આખી. માથે આવ્યું હતું ને? ધમાલમાં ચાલ્યું છે. કર્મકાંડની ધમાલ. અપવાસ કરો, એના વરઘોડા કાઢો, એને કાંઈક દાન આપો, એને આમ કરો. પાંચ-પાંચ, દસ-દસ, પચ્ચીસ-પચ્ચીસ રૂપિયા તપસ્વીને આપો. એથી વાત્સલ્ય કહેવાય, ધર્મનો પ્રેમ કર્યો કહેવાય. હમણાં વળી રૂપિયાની ઓલી શું કહેવાય? લ્હાણી. રૂપિયો, રૂપિયો. રૂપિયો તો એક આનાનો થઈ ગયો ને? એમાં શું. નાળિયેર વહેંચે. નાળિયેરના ચૌદઆના રૂપિયો છે ભાઈ. નાળિયેર કે રૂપિયો એનું એ થયું. એય! નાળિયેરની પ્રભાવના કરતા હતા નાળિયેરની. નાળિયેર ચૌદઆનાનું આવે છે કહે છે. કહેતું હતું કો'ક આપણા લંડનવાળા પણ એ નાળિયેર વહેંચે ને રૂપિયો વહેંચે એમાં શું હતું પણ? પહેલાના હિસાબે એક રૂપિયો ત્રણ પૈસાનો છે. પણ તેને એમ થઈ જાય કે, આહાહા! કેવી પ્રભાવના કરી પણ ધૂળેય નથી, સાંભળને! એય! મલુકચંદભાઈ! ......કરે છે ને ઓલો બાવા જેવો આવે છે ને આપણે. ....... રૂપિયા રૂપિયાની લ્હાણી થાય છે. શું છે પણ હવે? રાણપર પણ કીધું હતું. કોઈએ કીધું હતું ને?

મુમુક્ષુ :- બબ્બે રૂપિયા રૂપિયાની લ્હાણી.

ઉત્તર :- હા તો કરે. રાણપરમાં રૂપિયા રૂપિયાની લ્હાણી. બે ત્રણ હજાર માણસ આવે. અરે! શું ત્રણ, ચાર હજાર રૂપિયા જોઈએ. એમાં જોઈએ કેટલા? ચાર હજાર એટલે અત્યારની ગણતરી કરો- વીસમો ભાગ કરી નાખો એનો. આહાહા! નાળિયેરની લ્હાણી કરી છે, નહીં આપણે ત્યાં? ભાઈએ. હરિભાઈ ભાયાણી. ૯૦ની સાલમાં. બાધા લીધી હતી ને કયાં? રામજીભાઈના ઉતારે. હરિભાઈ ભાયાણી, હા. આવ્યા હોય છોકરાના બાપનો બાપ. બીજા નથી કોઈ. હસમુખ નથી? .... એના બોપનો બાપ હરિભાઈ હતા. રામજીભાઈના મહેમાન બન્યા હતા ખાસ એટલે આવે. એ.. રાડુ પાડી સ્થાનકવાસી. ધર્મમાં આવું નાળીયેર શ્રીફળ ન વહેંચાય. હવે રામજીભાઈ કહે ...... આવા ને આવા તે. ખબર નહીં હોય. ચંદુભાઈ! ૯૦ની સાલ. ૯૦ના એટલે નાની ઉંમર સાત, આઠ વર્ષ પહેલાં. ........... મહેમાન આવ્યા છે ને તમે આવા અનાદર કરો છો? કહે. નાળિયેરનું કહેતા. તે દિ' તે દિ' નાળિયેર ત્રણ પૈસાનું, ચાર પૈસાનું નાળિયેર. ૯૦ની સાલની વાત છે. રાયચંદ ગાંધી આવ્યા હતા. એના કાકા, બોટાદ. પણ એને વર્ષ થઈ ગયા ૩૬.

હવે તો ચૌદઆનાનું નાળિયેર થયું હવે શું છે પણ ધૂળમાં? રૂપિયો હોય કે પાંચ પાંચની નોટ આપે. જાણે કે ધર્મ પ્રભાવના કરીએ છીએ. ધૂળેય નથી, સાંભળને. આહાહા! એ શેઠી! દુનિયા તો ગાંડી છે ને? હવે કયાં? પાગલ છે પાગલ. આહાહા! વીસ હજાર રૂપિયા ખર્ચ્યા. કરી તો જુઓ! શું પણ કરવું છે એમાં? .... રાગની મંદતા હોય તો કરે. આ તો માન માટે ઘણા તો કરે છે. અમે પૈસાવાળા છીએ.

પૈસા ખર્ચ્યા, જુઓ તમને ખર્ચતા આવડતા નથી. તમારી પાસે પૈસા નથી. એ ધર્મની પ્રભાવના અમે પૈસાવાળા છીએ. ધૂળેય નથી. સાંભળને હવે.

મુમુક્ષુ :- પૈસાવાળા માને છે.

ઉત્તર :- માને છે એવા મૂંઢ થઈને. અમે પૈસાવાળા છીએ. પૈસા ખર્ચીએ તો ધર્મ રહે. ધૂળેય ન રહે સાંભળને હવે. એ તો રાગની મંદતા કરી હોય માન થાતું ન હોય તો. શુભભાવ બંધાય. માન માટે કરે ને દુનિયામાં પ્રસિધ્ધિ માટે કરે એને તો એકલું પાપ જ બંધાય છે. મિથ્યાત્વ અને એની સાથે ચારિત્રમોહનું પાપ. આહા! વસ્તુ એવી છે.

**વાત્સલ્ય, પ્રભાવના**, જુઓ! હવે એ આવ્યું. પ્રભાવના કરે, બહારની, હો! વ્યવહાર, વ્યવહાર. ઘોડાગાડી નાખો, હાથી જોડો અને ઘોડા, છોકરાવને ફેરવે છે ને શું કહેવાય ઈ? ઘોડા ચડાવે ને છોકરાવને, શણગારીને સાંબેલા મોટા. સાંબેલા લીધા, છોકરાવ નથી નીકળતા? જેઠાભાઈ! સાંબેલા કહે. સાંબેલા એટલે શું પણ સાંબેલું?

મુમુક્ષુ :- ઘોડા ઉપર બેસીને સવારી કરે ......

ઉત્તર :- સાંબેલાનો અર્થ શું પણ? એ તો પૂછયું કે સાંબેલા છે શું કરવાને? અહીં તો કહે એવી **પ્રભાવના**, બસ. પચ્ચીસ, પચાસ. હમણાં કીધું હતું અહીં. ભરવાડોને છોડયા. વસ્તી જાજી માટે, ભરવાડો અહીં સુરેન્દ્રનગર. ભરવાડો સાધુની સામે ગયેલા. ગાય તો અંબાજી કી જય. ગાય પછી બે મિનિટ (પછી) અંબાજી માતાજી કી જય, લ્યો! આ જૈનમાં પણ કયાં આ લાકડા નાખ્યા.

મુમુક્ષુ :- જૈનમાં લાકડા....... આ તો એવા લાકડા વગરના છે.

ઉત્તર :- આ તો એવા લાકડા ઉડયાના ભાવની વાત છે, હો! આહા! ..... એની વાત તો કાંઈ છે જ નહીં. આહાહા! **પ્રભાવનાને ભાવતા થકા**, ભાષા જુઓ! દરેકમાં ફેરવી છે. **પ્રભાવનાને ભાવતા થકા,** ઓલાને અટકણ થઈને અટકાવતા થકા, વારંવાર ઉત્સાહને વધારે છે. આમ કરવું જોઈએ, આમ કરવું જોઈએ, આમ કરવું જોઈએ. એ બધો શુભભાવ છે. એમાં પણ ધર્મ માને છે, ધર્મ છે નહીં. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ................. ડંકા વાગી ગયા.

ઉત્તર :- ડંકા વાગી ગયા. સોહનલાલજી! શું છે? શું કહે છે? આહાહા!

વળી હવે **જ્ઞાનાચરણ માટે,** જ્ઞાન આચરણ માટે પણ તૈયાર. તેઓ **સ્વાધ્યાયકાળને અવલોકે છે**, જો બરાબર અમુક કાળે સ્વાધ્યાય થાય, અમુક કાળમાં ન થાય. બરાબર ધ્યાન રાખે. પણ એ બધો શુભભાવ છે. સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર મંદિરની અસાતના ન થાય, પ્રતિમાની અસાતના ન થાય, ભગવાનની અસાતના ન થાય એવો વિનય. ૮૪

અસાતના આવે છે ને? બોલ કાંઈક.આપણે શાસ્ત્ર છપાવ્યું હતું એક ફેરે. ૮૪ બોલ. એની અસાતના પાળે, વિનય બહુ કરે ભગવાનનો, બહુ વિનય. દેવનો, ગુરુનો, શાસ્ત્રનો બહુ વિનય. પણ એ તો શુભરાગ છે. એય!

**બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે,** આ જાણે કે, આહાહા! કેટલો વિનય જાણે, દેવનો, ગુરુનો શાસ્ત્રનો. એ તો પરદ્રવ્યનો વિનય તો શુભભાવ છે. કહે છે. એ ધર્મ છે નહીં. એમાં ધર્મ માને છે. વિનય મોટો મોક્ષનો દરવાજો છે. આવે છે ને? કયો વિનય? છે ને તમારે ન્યાં નહીં? વડવા. વડવા કે અગાસ? વડવામાં છે. ... સાંભળ્યું છે. આપણે તો બહુ જોયું નથી.

શ્રોતા :- ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

ઉત્તર :- ભવ્ય દરવાજો છે. ....... દેરાસર વિનયે પાછું કાંઈક છે એનું. વિનય તે ધર્મનું પહેલું. 'વિનય મુલો ધમ્મો' ઉતરાધ્યયનમાં આવે છે. પહેલા અધ્યયનમાં. પણ એ તો વ્યવહાર વિનયના શુભરાગની વાત છે. વિનય તો આત્મા આનંદ ને પૂર્ણ સ્વરૂપ છે તેનો આદર કરીને દૃષ્ટિ કરવી તે વિનય છે. આહાહા! એ વિનયની તો ખબર ન મળે ને આ વિનય.

મુમુક્ષુ :- ગુરુનો વિનય તો કરવો જોઈએ ને?

ઉત્તર :- આવે એ વિકલ્પ જુદી વાત છે પણ એ પાછો ધર્મ છે એમ માને છે. ગુરુનો વિનય કરવો એ તો પરદ્રવ્યનો વિનય છે, એ તો શુભભાવ છે.

મુમુક્ષુ :- એનો વિનય ન કરે તો અશુભભાવમાં વહ્યા જાય.

ઉત્તર :- ભાવ હો. એનું કોણ કહે છે. એ ભાવ પોતે ધર્મ નથી. આહાહા! આકરું બહુ!

મુમુક્ષુ :- અશુભભાવ...

ઉત્તર :- અશુભભાવની બીક કયાં હતી? એ તો બધી વાતું. એ તો એને ધર્મ માને છે. કહો, સમજાણું? વિનયને વિસ્તારે છે. **બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે,** ઓહોહો! આના જેવો વિનયવાળો દેવ-ગુરુ-ધર્મ એવું લાગે પણ એ તો શુભભાવ છે. **દુર્ધર ઉપધાન કરે છે,** એવા ઉપધાન બુપધાન કર્યા છે કે નહીં? એ દુરેય નહોતા. ૪૫ દિવસ કરે ને એક દિવસ ખાય-સરખાયનું. બીજે દિવસે અપવાસ કરે, સરખાયનું ખાય, હો! કેટલી જાતના પાછા તેમાં હોય બધા ઢોકળા ને ઢીકણું ને ફીકણું. પકવાન બકવાન. પકવાન હોય કે નહીં એમાં? એમાં તો બધું હોય. આંબેલમાં.

મુમુક્ષુ :- આંબેલમાં એક જ જાતનું હોય.

ઉત્તર :- ના, ના. ન્યાં તો ઘણી જાતનું હોય આંબેલમાં.

મુમુક્ષુ :- ઈ એક જ જાતનું ને?

ઉત્તર :- ના. નારે, અરે! ૪૫ જાતની ચીજ હોય ન્યાં. એકવાર જઈ ચડયા હતા ગારિયાધાર.

ગારિયાધાર તે દિ' આંબેલું. પછી લઈ ગયા ઓલામાં. કેટલી જાતના ઢોકળા ને કેટલી જાતના ઢીકણાં ને ફીકણાં ને. ઓલું તો નો નાખતા હોય. આહારનું શું કહેવાય? મીઠું. મીઠું ઓલું નાખતા હશે. મરચા ન નાખે. તીખા નાખે. ઘી ને તેલ ન નાખે. એમાં શું દાળીયા થયા પણ હવે? ગરીબ માણસને તો બિચારાને તેલનું ટીપુંએ મળતું નથી. રોટલા ને છાસ ખાય છે, સાધારણ. થઈ ગયો તપ.

કહે છે, દુર્ધર ઉપધાન કરે છે, દુર્ધર નામ મહિના, મહિનાના ઉપવાસ. શાસ્ત્ર માટે હો! શાસ્ત્રમાં ઉપધાન માટે, જ્ઞાનનું આરાધન કરવા માટે અમારે બાર મહિના સુધી આંબેલ છે. એક ....ખપતું નથી. કેટલામી આંબેલ થઈ હમણાં? ૮૯મી આંબેલ છે અમારે. પછી એનો ઓચ્છવ કરે. હમણાં એ આવ્યું હતું. સાધુ કોઈકે કર્યો હતો. ઓહોહો! ધૂળેય નથી ન્યાં ધર્મ, સાંભળને. ૮૯ આંબેલ કરીને મરી જાય ને સુકાઈ જાય. વર્ધમાન એવું કરીને, વર્ધમાન એટલે પાપનું વર્ધમાન કર્યું એણે. ... પણ એ પણ ન કરે અહીં તો. એ વાત પણ નથી. અહીં તો એ ક્રોધ પણ ન કરે. આંબેલ ને અપવાસ એ બધા શાસ્ત્ર માટે કરે એ બધો શુભરાગ છે. એ કાંઈ ધર્મ છે નહીં. આહાહા! આ દસ દસ મહિના ઉપધાન કરે એ બધી લાંઘણું છે. આરે! આરે! અમદાવાદ જેવામાં બધા હોય. એય મોટા વરઘોડા કાઢે. સામે આપે એ પાછા પૈસા. આ વરસીતપ હોય ને બધા આસ્તે આસ્તે ભેગા થાય પાલીતાણે. પાછા એક એકને આપે. બસ્સો, બસ્સો રૂપિયાનું આવે એક એકને ત્રણસો ત્રણસો રૂપિયાનું, ચારસો, ચારસો રૂપિયા. ગરીબ માણસ હોય તો ચાલોને બાર મહિનાના ઉપવાસ કરી નાખીએ. બાર મહિના..

અહીં તો કહે છે એવું પણ ન હોય. અહીં તો પોતાના આત્મા માટે કરે છે. અમે અપવાસ કરીએ છીએ એ માટે લાભ થશે ધર્મનો. એ અપવાસની ક્રિયા એ શુભરાગના ભાવની છે, ધર્મ બર્મ નહીં. બાર બાર મહિનાના અપવાસ કરીને મરી જાય તોપણ ધર્મ નથી, લે, કહે છે. આહાહા! ભારે કામ! એય! માણેકલાલજી!

મુમુક્ષુ :- ફાયદો થાશે ને?

ઉત્તર :- ફાયદો થશે ને રખડવાનો. મિથ્યાત્વનો ફાયદો છે ને. આહાહા! દુર્ધર ઉપધાન કરે છે. એક જ અનાજ. ફલાણું, ઢીકણું, રસ નહીં, ઘી નહીં, કેરીનો રસ નહીં. લુખ્ખો આહાર. શરીર ઝીર્ણ થઈ જાય, કરતા કરતા કોઈ મરી પણ જાય. પણ એ બધા શુભભાવવાળા મરીને ભૂતડા બુતડા થાય, મિથ્યાત્વ સહિત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? **વળી સારી રીતે બહુમાનને પ્રસારે છે,** શાસ્ત્રનું બહુમાન કરે, આ પુસ્તક છે, ભગવાનની વાણી છે. બહુમાન કરે, સોનાના પૂંઠે મઢાવે, સોનાના અક્ષરે શાસ્ત્ર લખાવે. એ હિંમતભાઈ!

કહે છે એ તો ક્રિયા તો જડની થવાની થાય પણ આણે ભાવ કર્યો હોય શુભ તો એ ધર્મ નહીં, પુણ્ય છે. અને એને એ ધર્મ માને છે. આહાહા! આકરી વાત છે. **સારી રીતે બહુમાનને પ્રસારે છે,**

એમ પાછું. એમ નહીં લોકો માટે નહીં. દેખાવા માટે .. માટે સારી રીતે દરેકમાં શબ્દ બીજી જાતનો વાપર્યો છે. શાસ્ત્ર, પાના, પુસ્તક વાણીયાને તો થુંક અડવા દે નહીં. અને હાથ પણ એવો મેલો હોય તો અડવા દયે નહીં. એવો આગમનો બહુ વિનય કરે, બહુમાન કરે. એ બધો પરદ્રવ્યનો વિનય શુભભાવ છે. સ્વદ્રવ્યના આશ્રય વિના બધું થોથા છે. એમ કહે છે. આહાહા! કહો, પ્રવીણભાઇ! આ તો બધું ઉડાડયું.

**નિહ્નવદોષને અત્યંત નિવારે છે,** જેની પાસે કાંઇક જ્ઞાન મળ્યું હોય એને ઓળવે નહીં. આમની પાસેથી મેં શાસ્ત્ર વાંચ્યું તેનાથી મને કાંઇક ખ્યાલ આવ્યો, અમુક શબ્દ મેં આ ધર્માત્મા પાસેથી સાંભળ્યા ત્યારે મને ખ્યાલ આવ્યો. એવો નિન્હવને ઓળવે નહીં. જેની પાસેથી જ્ઞાન નિમિત્તરૂપે મળ્યું હોય તેને ઓળવે નહીં., ઢાંકે નહીં, ના ન પાડે કે ના ના તેની પાસેથી (નહીં) મને ફલાણાથી મળ્યું હતું. એની વાત પણ નહીં. આ નિહ્નવ કીધા ને? જેની પાસેથી જ્ઞાન મળ્યું હોય નિમિત્તથી, તેને ઓળવે નહીં કે ઢાંકે નહીં ખુલ્લું કરી દયે, મને આનાથી મળ્યું છે. એ પણ બધો શુભભાવ છે. સમજાણું કાંઇ? આરે! ભારે વાત ભાઇ!

મુમુક્ષુ :- દિગંબરમાં તો નિન્હવ દોષ બતાવે છે.

ઉત્તર :- નિન્હવ બતાવતા મિથ્યાત્વ. દિગંબર મુનિઓ હતા. અરે ભાગવાન! શું કરે છે તું આ. ગજબ કરે છે. ઓહોહો! માન શું કરે છે! કેટલો કાળ રહેવું મનુષ્યપણામાં અને તેમાં ઓળખાનારાના સાધનમાં કાંઇક અધિકપણે રહેવું, ખાવું. મારી નાખે છે.

મુમુક્ષુ :- ..... કરુણા કરી.

ઉત્તર :- કરુણા કરી, વસ્તુનું સ્વરૂપ આ છે. ભાઇ! તારી ભૂલ આ જાતની થાય છે, હો! તું પરલક્ષી ભાવમાં ધર્મ માને છે, ભાઇ! એ તને નુકસાનનું કારણ છે. તારા માટે આ હિતની વાત છે. શાંતિભાઇ! શું હતું? ત્યાં જાત તો શું થાત?

શ્રોતા :- મારી ભૂલ હતી.

ઉત્તર :- ન્યાં હોય તે હોય ને? બીજું શું? આ તો એની પાસે હોય તે કહે. આ કરો, આ કરો, આવશે હમણાં, વ્રતનું આવશે. નિહ્નવદોષને અત્યંત નિવારે છે, પાછું એમ. બિલકુલ જે શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન થયું, જે ગુરુથી જ્ઞાન થયું તે ઓળવે નહીં. સમજાય છે કાંઇ? આવો શુભભાવ આચરણ કરે તે પણ પુણ્યબંધનું કારણ છે, તેને ધર્મ માને તો સાથે મિથ્યાત્વ છે. આહાહા! અરે! એને ઉગરવાના આરા. સ્વનો આશ્રય કરે તો ઉગરવાનો આરો છે, બાકી આરો છે નહીં.

**અર્થ, વ્યંજન અને તદુભયની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે**. વ્યાકરણો, સંસ્કૃતમાં ક્યાંય અર્થમાં ભૂલ ન પડે. અક્ષરોમાં ભૂલ ન પડે. બેયમાં ભૂલ ન પડે. શબ્દો તેનો અર્થ અને બેય. ક્યાંય ભૂલ ન પડે, તદુભય તેવી સાવધાની રાખે. તે બન્ને અર્થ, વ્યંજન અને શબ્દ એવી શુદ્ધિમાં અત્યંત

સાવધાન રહે. બરાબર ... શબ્દો. વ્યંજન, અર્થ ભારે છે પણ એનું શું થયું? ધૂળ? એ તો જડની ભાષા છે અને તેમાં તારો ભાવ હોય તો શુભ છે. આહાહા!

મુમુક્ષુ :- અર્થ યથાર્થ કરે છે.

ઉત્તર :- અર્થ યથાર્થ કરે પણ તે અર્થ કરે તે શુભવિકલ્પ છે ને? શેઠી! આ જૂના માણસ કહેવાય. જેતપૂરના જૂના કામદાર. બીજાને બિચારાને ભાન ન હોય. આને ભાન ન હોય તો બીજાને કયાંથી ભાન હોય? એવો માર્ગ છે. આહાહા!

અહીં તો ચૈતન્ય પ્રભુ, સમજાણું. 'તારામાં ડોલે' આજે તો ઓલો બોલતો હતો ને! 'વીર પ્રભુના વ્હેણ પ્રભુ તારામાં ડોલે' એ રાગ વિનાનો ભગવાન છે, એ પોતે આત્મા છે, રાગની ક્રિયા વિનાનો. સમજાણું? કહે છે, શબ્દો અને શબ્દોના અર્થો અને બેય, એની શુદ્ધિ માટે બહુ ધ્યાન રાખે. કયાંય કાનો, માત્રા, શૂન્ય, ઉત્સર્ગ, વિસર્ગ ફેરફાર ન થાય. એવી રીતે શબ્દોને જોઈ ચોખ્ખા વિચારે. પણ એ બધો શુભભાવ છે, ધર્મ નહીં. કેટલાક તો ન્યાં જ રોકાઈ ગયા. દસ, દસ, વીસ, વીસ વર્ષ સુધી. વ્યાકરણ અને સંસ્કૃત ભણી ભણીને મરી ગયા બિચારા. આહાહા!

એ શું થયું? જ્ઞાનાચારની વાત થઈ. પહેલા દર્શનાચારની વાત હતી. આ જ્ઞાનાચારની વાત હતી. જુઓ! આ વાત પાછી ત્યાં ચરણાનુયોગમાં લીધી છે, હો! હે જ્ઞાનાચાર તારા પ્રતાપથી જયાં સુધી શુદ્ધિ ન પામું ત્યાં સુધી, તારા પ્રતાપથી એમ કહે છે, હો! એ તો અંદર શુદ્ધિનું ભાન છે એને અંદર દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર થયા છે એને એવો શુભભાવ આવ્યો એનું નિમિત્તપણું ચરણાનુંયોગની શૈલી બતાવીને, તારા પ્રતાપથી પૂર્ણ ન પામું ત્યાં સુધી તારો આશ્રય લઉં છું. એમ કહે છે. અને તેને કહ્યું ને કે હું જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. એ તો પરની વાત પછી વાત છે એ. પ્રગટે છે પણ હું જાણું છું કે જ્ઞાનાચારના વિકલ્પો મારું સ્વરૂપ નથી. એ હું જાણું છું. તેને લઈને પછી વાત કરી છે. આહાહા! બહુ કામ! રાફડો ફાટયો છે અત્યારે તો ઊંધો. તેમાં આ કરવા જાય. આ બધા ધમાલ! દીક્ષા બીક્ષા ને, આહાહા! ધૂળનીય દીક્ષા નથી. દક્ષા છે એકલી. આહાહા!

મુમુક્ષુ :- એ દીક્ષા લેશે..

ઉત્તર :- પણ ક્યાં લેતો હતો? દીક્ષા બાપા! ધન્ય અવતાર! ચારિત્ર એટલે અનુભવ સમ્યગ્દર્શનપૂર્વક, અંતરની રમણતાનું ચારિત્ર ગણધરોને પૂજ્ય છે, ઈન્દ્રોને પૂજ્ય છે. એનો અનાદર કોણ કરે. આ ક્યાં હતું ચારિત્ર? આ તો બધી દક્ષાનો શુભભાવના પણ ઠેકાણા નથી. અને માને કે મેં દીક્ષા લીધી છે અને હવે અમને ચારિત્ર થયું. ધૂળેય નથી. સાંભળને! મરી જઈશ, નિગોદમાં જઈશ હળવેહળવે. અહીં કહેશે હવે ઈ. વનસ્પતિમાં જાશે. કહેશે. સમજાણું કાંઈ?

નિશ્ચયનું ભાન નથી અને આ વ્યવહાર ક્રિયાકાંડમાં રોકાઈ ને ધર્મ માનીને જિંદગી ગુમાવે છે.

આહાહા! હવે આવ્યું ચારિત્ર. પહેલું દર્શનાચારના વ્યવહારની વાત કરી, પછી જ્ઞાનાચારના વ્યવહારની વાત કરી અને ચારિત્રાચાર. **ચારિત્રાચરણ માટે-હિંસા તલ્લીનવૃત્તિવાળા,** તેના ત્યાગમાં, **હિંસા આદિ સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીનવૃત્તિવાળા રહે છે**. હિંસાનો ત્યાગ, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય હિંસાનો ત્યાગ, પણ એ તો શુભભાવ છે. મહાવ્રત તે શુભભાવ છે, એ ધર્મ નહીં. આહાહા! શાંતિભાઈ! આહાહા! **હિંસાને સર્વવિરતિરૂપ પંચમહાવ્રત,** અને અસત્યનો ત્યાગ. બિલકુલ જૂઠ્ઠું ન બોલવું એણે માનેલી બહારની. અને ચોરી બિલકુલ નહીં. એક રજકણ પણ એક રાખનો ભાગ પણ આજ્ઞા વિના લ્યે નહીં.

**અબ્રહ્મ,** નવ નવ કોટિએ બ્રહ્મચર્ય, વાણી, મનથી. ઈન્દ્રાણી ડગાવવા આવે તોપણ ન ડગે એવું અબ્રહ્મનું વિરતી, નિવૃત્તિ. તેનાથી **પરિગ્રહની નિવૃત્તિ**. એક લંગોટીનો તાણો ન રાખે. મુનિ, એક વસ્ત્રનો તાણો નહીં. એવું **પરિગ્રહનું વિરતીરૂપ સર્વવિરતીરૂપ,** આ વસ્ત્ર, પાત્ર રાખે એને તો વ્યવહારના પણ ઠેકાણા નથી. એને તો વ્યવહાર પણ કહેતા નથી અને એને નિશ્ચય છે નહીં. બેયથી ભ્રષ્ટ છે એ તો. પંડિતજી! આ વસ્ત્ર, પાત્ર રાખે ને સાધુ માને ને મનાવે ને માનતાને રૂડું જાણે એ કરે, કરાવે ને અનુમોદે ત્રણેય નિગોદગામી છે. આવે છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. ઓલામાં પણ આવે છે, અષ્ટપાહુડમાં. જયચંદપંડિત કહે છે પહેલાં નહીં શરૂઆતમાં. કરવું, કરાવવું, અનુમોદન ત્રણેનું ફળ તેને. કોઈ કરે, પંચહાવ્રતના વિકલ્પ કરે એને ચારિત્ર માને, બીજા પાસે મનાવે, માનતા હોય એને રૂડું જાણે. બહુ સારું આ તમે મદદ..... સમજાણું કાંઈ?

અષ્ટપાહુડમાં છે કયાંક. એ તમારે ત્રણમાં આવી ગયું હશે, દર્શનપાહુડમાં. જયચંદપંડિતે લખ્યું છે અને આ ટોડરમલે લખ્યું છે, પાંચમા અધ્યાયમાં. કરવું, કરાવવું, અનુમોદવું. છઠ્ઠામાં છે, હો! આમાં છઠ્ઠામાં છે. છે ને મિથ્યાત્વભાવ છે. હિંસાદિક ભાવ તે મહાન પાપ છે. તેના ફળથી નિગોદ.. નરકાદિ પર્યાય પ્રાપ્ત થાય છે. એ છઠ્ઠામાં. હજી એક ઠેકાણે છે. ત્રણ છે, ત્રણ. કરવું, કરાવવું અને અનુમોદવું, એ છે કયાંક. જુઓ! આ રહ્યું. ૧૮૨ પાનું છે. અરે! એક નાની પ્રતિજ્ઞા ભંગ કરે તેને તો તેઓ પાપી કહે છે, પણ આવી મહાન પ્રતિજ્ઞાભંગ કરતા જોવા છતાં તેને ગુરુ માને છે. મુનિ સમાન તેનું સનમાન આદિ કરે. શાસ્ત્રમાં કૃત, કારિત, અનુમોદનાનું ફળ એક સરખું કહ્યું છે. તેથી તેમને પણ એવું જ ફળ મળે. આહાહા! આ ગુજરાતી છે.

મુનિપદ લેવાનો ક્રમ તો આ પહેલાં તત્ત્વજ્ઞાન, સમ્યગ્દર્શન થાય પછી ઉદાસીન પરિણામ થાય. એને ઠેકાણે આ તે કઈ રીત છે એમ લખે છે. શક્તિ હોય બધી લાંબી ઘણી વાત છે. પણ આ એ મહાન અન્યાય છે. આ તે શું કરે છે? ખુબ લખ્યું છે. આ ટોડરમલ! હજારો બોલનો શાસ્ત્રનો નિચોડ કર્યો છે. ઘણું કર્યું છે. સાધારણ પ્રાણી માટે ઘણું સ્પષ્ટ.

કહે છે કે, પંચમહાવ્રતમાં હિંસા આદિ જે પાપ તેની સર્વવિરતી એ રીતે **પંચમહાવ્રતોમાં તલ્લિનવૃત્તિવાળા રહે છે.** એ શુભરાગ એ મિથ્યાદષ્ટિ છે. શુભઉપયોગ એ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અશુભથી તો ભલો છે ને?

ઉત્તર :- ધૂળેય નથી ભલો. ભલો કે દિ' હતો. ચૈતન્યનો પ્રાણ ક્યાં મળી ગયો છે એને. અને એના ફળમાં આવા દેવના સ્વાંગ મળે, ધૂળનો. એમાં આત્માને શું? સ્વાંગ તેનો બદલે, પુણ્ય-પાપના વિકલ્પથી પાર પ્રભુ, એની દષ્ટિ ને જ્ઞાન ને રમણતા એને ચારિત્ર કહે છે. એના ભાન વિના આવા મહાવ્રત એકલા તેને ચારિત્ર માને (તે) મિથ્યાદષ્ટિ છે. પંચમહાવ્રતમાં તલ્લિનવૃત્તિવાળા, હો! એ અહીં ઠેકાણા ક્યાં છે એના. સમજાણું કાંઈ? સાધુ થઈને જુઓને, આ તો વસ્તુ સ્થિતિ આવી છે, હો! વ્યક્તિનું કાંઈ કામ નથી. આ તો વસ્તુને સમજવા માટેની વાત છે. જેના જેને જે પરિણામ તેનું ફળ તેને લાગે. કોઈને એને લઈને લેવા દેવા નથી. પરદ્રવ્યને શું સંબંધ છે. આહાહા!

અહીં કહે છે હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ સર્વવિરતીરૂપ, પાછું. એ તો અહીં નગ્નપણાની વાત છે, હોં! વસ્ત્ર, પાત્ર રાખે અને સાધુપણું લ્યે છે એ તો ગૃહિતમિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? અનાદિનો અગ્રહિત તો છે. રાગને સ્વભાવ સાથે એક માને છે. એ ઠેકાણે જન્મ્યા પછી આવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની પાસે બહુમાન કરી અંગીકાર મહાવ્રતાદિ લ્યે એ તો વ્યવહાર પણ એનો સાચો નથી. આ તો વ્યવહાર સાચો છે પણ એમાં ધર્મ માને તેને મિથ્યાદષ્ટિ કહ્યા છે. સમજાણું કાંઈ? આહાહા!

એ **પંચમહાવ્રતોમાં તલ્લિનવૃત્તિવાળા રહે છે,** ભાષા જુઓને! કારણ કે, આની કોરની તો ખબર છે નહીં. જ્ઞાનાનંદ ચૈતન્ય પ્રભુ છે એની તો તલ્લિનતા છે નહીં. આમાં લીનતા થઈ ગઈ છે. વિકલ્પમાં લીનતા, મહાવ્રતમાં લીનતા, સાચા મહાવ્રત હોય વ્યવહારે, એ હોં! તોપણ કહે છે કે મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

આ તો વીતરાગનો માર્ગ છે. એ રાગમાં માને તો વીતરાગમાર્ગ રહેતો નથી. એમ કહે છે. એ તો રાગની ક્રિયા છે. વળી **સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે.** સમ્યક્યોગ, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ. **યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે. એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે. અત્યંત ઉદ્યોગ રાખે છે.** અશુભમાં ન આવે તેમ બરાબર ધ્યાન રાખે છે. સમજાણું? એવી ગુપ્તિઓ મન, વચન ને કાયાથી અશુભભાવથી ગોપવી અને શુભભાવમાં આવે છે.

એવી અત્યંત ઉદ્યોગ રાખે છે. અત્યંત પુરુષાર્થ ત્યાં જ જાય છે એનો શુભભાવમાં. જાવ. મિથ્યાદષ્ટિ છે. હાય હાય! આવું બધું? એને લોકો જૈનશાસન કહે છે. જે રાગ છે એને જૈનશાસન કહે

છે. જૈનશાસન તો રાગથી ભિન્ન પડીને જ્ઞાનાનંદ ભગવાનઆત્માની શ્રધ્ધા, અનુભવ ને સ્થિરતાની વીતરાગી પર્યાય તે જૈનશાસન છે. શુધ્ધોપયોગ તે જૈનશાસન છે. આ તો શુભભાવ છે, રાગ છે. એને ધર્મ માને છે.

**ઈર્યા, પ્રયત્નને અત્યંત જોડે છે.** જોવામાં બરાબર જોવે. કોઈને દુઃખ ન થાય. એકેન્દ્રિય જીવને પણ, હાલતાં. આ તો બધા ઘોડા જેવા હાલે છે એને તો ઈર્યાના વ્યવહારના પણ ઠેકાણા નથી. આ તો બરાબર એમ છે, જુઓ! કહે છે, સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે. હા, શુભભાવ ઈર્યા બરાબર, કોઈ જીવને દુઃખ ન થાય. વાતું કરતાં કરતાં ચાલે ને હેઠે ઠેકાણા ન મળે ચાલવાના. કીડી કચરાય, મકોડા કચરાય, લીલોતરી કચરાય એની તો અહીં વાત છે નહીં. જંગલઆરા, વનસ્પતિ આરા, વનસ્પતિ જુઓને કેટલી ઉગે છે. ત્યાં જંગલ દીશાએ ગયા તો નીચે મકોડાના પાર નહીં. એને ખબર ન મળે કે આ લીલોતરી છે. એ બોટાદમાં જોયું હતું. જંગલ વનસ્પતિ હતી તેમાંથી જાતા હતા. અરે! પણ આ શું કરે છે આ? આટલાય વ્યવહારના ઠેકાણા નથી. ખબર નહીં એકેન્દ્રિય જીવો વનસ્પતિ છે, એને અંદર જવાય પણ નહીં, ચલાય પણ નહીં એના ઉપર. સમજાણું કાંઈ? એવું ધ્યાન રાખે છે, એવા જીવને લીધા છે. પણ એ શુભરાગી જીવ મિથ્યાદ્દષ્ટિ છે. શુભઉપયોગી. આહાહા!

જેને શુધ્ધસ્વરૂપ ભગવાનઆત્મા એની તો ખબર શ્રધ્ધા, જ્ઞાન નથી. કહો, **ઈર્યા સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે.** જોઈને ચાલવું બરાબર ક્યાંય આડું અવળું નહીં. ભાષા, વિચારીને બોલવું. બરાબર ભાષા વિચારીને બોલવી. ભાષા બોલવી એ તો વિકલ્પ છે, શુભરાગ છે. એ કાંઈ ધર્મ નથી. ભાષા સમિતિ વ્યવહાર છે એ ધર્મ નથી.

**એષણા,** એને માટે બનાવેલો આહાર પ્રાણ જાય તોપણ ન લ્યે. એવો એષણાનો ભાવ. સમજાણું? આ ચોકા કરીને લ્યે એ તો એના એષણાના પણ ઠેકાણા વ્યવહારના પણ નથી. નિશ્ચય તો દ્દષ્ટિ ખોટી છે. કહો, ભારે આકરું કામ! આ તો વીતરાગ માર્ગ છે, નિર્દોષ એને માટે બિલકુલ કરેલું ન લ્યે. પાણીનું બિંદુ પણ એને માટે કરેલું ન લ્યે. પાણીનું બિંદુ પણ જરી એને માટે કરે તો પાંચશેર પાણી ક્યાંથી આ? ન લ્યે. એષણા સમિતિથી બરાબર નિર્દોષ લ્યે. એ ભાવ શુભરાગ છે. એને માટે કરેલું લ્યે તો તેના પ્રશ્નમાં દ્દષ્ટિ તો મિથ્યાત્વ છે અને અહીંયા અશુભભાવ છે.

મુમુક્ષુ :- પણ કરેલી ક્રિયા કોને કારણે થાય છે?

ઉત્તર :- કોણે કીધું? એને કારણે થાય તો ભાવ તેના છે, તેનો ભાવ એને માટે બનાવ્યું એ તેને ખ્યાલ છે કે નહીં? ખ્યાલ છે કે નહીં? મારે માટે ક્યાં, આ બાઈ તો એક છે. આ રોટલી બાર ક્યાંથી આવી ત્યાં? સમજાણું? બાઈ તો એક આ ન્હાઈને તૈયાર થઈ ગઈ ને પાણી આટલું બધું ક્યાંથી વ્હોરશે, પાણી. મારે માટે તૈયાર કર્યું છે, સવારે વહેલાં ઊઠીને. પાણી કુવામાંથી ખેંચી, લઈને લોટ બોટ બાંધીને

બધું સરખું કરે. પછી બાઇને બોલાવે આજ તો આહારદાન છે. આહા! માર્ગ બાપુ બીજો છે બેસે ન બેસે. એય!

આ તો એષણા સમિતિથી લ્યે, ચોખ્ખો, નિર્દોષ આહાર લેવાનો ભાવ, એ પણ શુભરાગ છે. સમજાણું કાંઇ? એનું એટલું પરદ્રવ્ય ઉપર લક્ષ છે ને. મારે માટે બનેલો નહીં. નિર્દોષ છે આ. ચાર જણા છે. રોટલી તૈયાર છે, દાળ-ભાત તૈયાર છે. એમાંથી થોડું લ્યે. એવી એષણા સમિતિ હોય તોપણ તે શુભરાગ છે. એ ધર્મ નહીં. આહાહા!

**આદાનનિક્ષેપ,** લેતાં,મુકતાં બરાબર પ્રયત્નને જોડે છે. એમ કીધું ને? **પ્રયત્નને અત્યંત જોડે છે**. એમ ભાષા છે. પુરુષાર્થને બરાબર જોડે છે. કયાંય લેવા-મુકવામાં કોઇ જીવનું ઓલું ન થઇ જાય. નીચે નિગોદના જીવ હોય, અંકુરા અત્યારે લીલોતરી છે. એમાં મેલ જરી આમ કરીને નાખે. આદાનનિક્ષેપ બરાબર ધ્યાન રાખીને કયાંય જીવ જંતુ ન હોય, એકેન્દ્રિય જીવની લીલોતરી પણ ન હોય. ત્યાં લેવા-મુકવાનો ભાવ ધ્યાન રાખીને કરે, છતાં તે શુભરાગ છે.

અત્યંત, પ્રયત્નને અત્યંત જોડે છે, એને શુભરાગ કહેવામાં આવે છે. અને તેમાં અજ્ઞાની આ મને સંવર થાય છે અને ધર્મ થાય છે, એમ માને છે. આહાહા! ભારે કામ! એય! ત્રંબકભાઇ! શું આવું બધું હશે આ. આવો માર્ગ હશે વીતરાગનો? આહાહા! **આદાન,** લેવું અને **નિક્ષેપ** એટલે મુકવું. લેવા મુકવામાં અત્યંત પ્રયત્નને જોડે છે. કયાંય કોઇ એકેન્દ્રિયાદિ જીવને પણ દુઃખ ન થાય. સમજાણું?

અને **ઉત્સર્ગ,** ...વિષ્ટા, પેશાબ છોડવા કાળે પણ કોઇ જીવને દુઃખ ન થાય એવો અત્યંત પ્રયત્નમાં જોડે છે. ઉત્સર્ગમાં એટલે છોડવા.... મેલ કાઢે, કોઇ પાણી-થૂંક નાખે તેમાં કોઇ જીવને દુઃખ ન થાય એવી રીતે પ્રયત્નને રાખે છે. પણ બધો એ પ્રયત્ન શુભરાગ વિકલ્પનો છે. બંધના કારણભાવને એ અજ્ઞાની ધર્મ માને છે. અરે! લ્યો! એ ચારિત્રાચાર. ત્રણ બોલ થયા. એક દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર.

હવે તપાચાર. **તપાચરણ માટે અનશન, સતત ઉત્સાહિત રહે છે.** એમ લેવું. ભાષા જુઓ ત્યાં. અપવાસ કરવા માટે એક, બે, ચાર, પાંચ અને સતત ઉત્સાહી. ચૌદસ આવી, આઠમ અપવાસ બરાબર જોઇએ. ચૌવિહારો જોઇએ. પાણી ... કયાં જાય અને હોય તો તે અપવાસ કહેવાય નહીં. ચૌવિહારો અપવાસ એટલે ચાર આહારનો ત્યાગ એમાં અત્યંત ઉત્સાહિત રહે છે. અનશન કરવામાં. એ તો શુભરાગ છે, શુભવિકલ્પ છે, એ ધર્મ નહીં, એ તપ નહીં. આરે! આરે! આહાહા! અનશન ને ઉણોદરી, એક બે કોળીયા ખાય પણ એમાં શું થઇ ગયું. એ તો પર વસ્તુ છે. એમાં લક્ષ છે તે શુભભાવ છે. તેથી કાંઇ તપ થઇ ગયો ને ધર્મ થઇ ગયો. ઉણોદરી કરી માટે તપસ્યા થઇ ગઇ અને નિર્જરા થઇ ગઇ. તપસ્યા તે નિર્જરા. એ નિર્જરા બિર્જરા છે નહીં. આરે! ભારે વાત ભાઇ! સવારે વાંચ્યું ને? ચાર

દિ'થી ભાઈ! ઓલા ભાઈ કહેતા હતા પ્રવીણભાઈ. માળા! ચાર દિવસ પહેલાનું લખાણ શ્વેતાંબરમાં ક્યાંય આવું લખાણ નહીં હોય. એવું અહીં લખાણ ચાર દિ' ચાલ્યું ને એટલું સરસ! ઓહોહોહો!

ચૈતન્યનો આવ્યો ને ભાવ અંદર. ગુણમાં પ્રવર્તે છે અને પર્યાયમાં રહીને નિવર્તે છે. એ એનું લક્ષણ છે. આહાહા! ચાર, પાંચ લીટીમાં તો આખું વસ્તુનું સ્વરૂપ ભેદજ્ઞાનની વ્યાખ્યા કરીને. આહાહા! એવી શૈલી! વાત નથી બીજી. સમજાય છે? વીતરાગી મુનિઓ, સંતો, દિગંબર મુનિ મહા વનવાસી સંત આત્મામાં મસ્ત હતા, મસ્તાનોમાં મસ્ત હતા એ. એને આ એક વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર બની ગયા. પણ કહે છે કે વિકલ્પ એ કર્તવ્ય મારું નહીં. આહાહા! અમે બનાવ્યા પુસ્તકો. જુઓ! આમાં અમારું નામ છે, જુઓ! આ. એલા ન્યાં ગરી ગયો તું? આત્મા તો અહીં છે. આહાહા! ભૂલે છે તે કયાં સુધી? કયાં સુધી? ઉણોદરી કરે, કેટલા વર્ષથી? અરે! પચ્ચીસ વર્ષથી અમે કોઈ દિવસ પેટ ભરીને ખાધું નથી.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૫, ગાથા :- ૧૭૨
## જેઠ સુદ-૨, શુક્રવાર, તા :- ૫-૬-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. મોક્ષમાર્ગનો વિસ્તાર છે. એમાં ચાલે છે એ શુભાવલંબી વયવહારનયના અવલંબી એકલા શુભપરિણામની ક્રિયામાં રોકાયા છે. તેને શુભપરિણામથી રહિત આત્મા આનંદ ને જ્ઞાનમૂર્તિ છે એની ચેતનાનું તેને કાંઈ ભાન નથી.

એ વાત ચાલે છે. દર્શનાચારની વાત થઈ ગઈ, જ્ઞાનાચારની થઈ ગઈ, ચારિત્રાચારની વાત થઈ ગઈ, તપાચારના બોલ થઈ ગયા, જુઓ! તપાચારના ચાર આવ્યા છે. **અનશન, ઉણોદરી, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ,** ત્યાં સુધી આવ્યું છે. તપના આચરણમાં પણ અજ્ઞાની મશગુલ છે, કહે છે. કહેશે વ્યાવૃત. **વિવિક્તશય્યાશન,** પોતાના સ્થાનમાં પરથી ભિન્ન કોઈ સંગ ન રહે, સ્ત્રી, કુટુંબ કે નપુંસકના એવા એકાંતમાં રહેવું. એવી તેની આચરણ દશા શુભરાગની હોય છે. પણ એ કાંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ?

આત્મા અંદર રાગથી ભિન્ન છે એનું તો ભાન નથી. ફકત બહારની ક્રિયાકાંડમાં મશગુલ છે. એ કહેશે. **વિવક્તશય્યાસન, કાયકલેશ,** લોચ કરે, કાયકલેશ કરે, આસન લગાવે આમ મોરાસન લગાવે વગેરે. એવા કાયને કલેશ પહોંચાડે એવી તપસ્યાઓ પણ ઘણી કરે. એ સતત ઉત્સાહિત રહે છે. એમાં નિરંતર ઉત્સાહ છે પણ આત્મા શું છે તેનું તેને ભાન નથી. આવી ક્રિયાકાંડમાં રોકાયેલા મશગુલ, મગ્ન

થયેલા, એય છગનભાઈ!

કહે છે કે આવી ક્રિયાકાંડમાં રોકાયેલા મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. વસ્તુ સ્વરૂપ જ ચૈતન્યમૂર્તિ એ શુભવિકલ્પ જે શુભરાગની ક્રિયાથી પાર ભિન્ન છે. એનો અંતરમાં સ્પર્શ, આશ્રય, અવલંબન કંઈ નથી. ફકત આ ક્રિયાકાંડ કરવા એ ધર્મ એમ અજ્ઞાની માને છે તે મિથ્યાદૃષ્ટિ ક્રમે કરીને દેવલોકમાં કોઈ જઈને પછી વનસ્પતિ થવાના. **સતત ઉત્સાહિત રહે છે,** એ છ પ્રકારના બાહ્યતપની વાત લીધી.

હવે **પ્રાયશ્ચિત,** કંઈ દોષ લાગ્યો હોય તો પ્રાયશ્ચિત લ્યે, અરે! ફલાણું થઈ ગયું ને આ શું? પણ એ બધો પ્રાયશ્ચિતની ક્રિયા પણ શુભવિકલ્પની રાગની છે. એ કાંઈ ધર્મની ક્રિયા નથી. આહાહા! **પ્રાયશ્ચિત, વિનય,** દેવ-ગુરુ-શાસ્ત્રનો એટલો વિનય જાળવે. ઓલામાં શાસ્ત્રનો વિનય હતો. અહીં દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે બરાબર, કયાંય અવિનય થવા દયે નહીં. એ રીતે **અંતઃકરણને અંકુશિત રાખે છે.** વિનયમાં સ્વચ્છંદતા કે ઉધ્ધતાઈ ન થાય એવો વિનય કરે પણ એ બધો શુભભાવ છે, શુભરાગ છે. એ રાગની ક્રિયામાં તે કલ્યાણ અને ધર્મ માને છે. મૂઢ છે. એમ કહે છે. સમજાય છે કાંઈ?

**વિનય, વૈયાવૃત્ત્ય,** સેવા કરે, ગુરુની, સાધર્મીની સેવામાં મશગુલ તેમાં રોકાયેલો. સમજાણું કાંઈ? **વ્યુત્સર્ગ, કાયોત્સર્ગ,** તાવ, કાય, ઠાણેણં, માણેણં, જાણેણં, અપ્પાણં વોસિરામી. આવે છે કે નહીં? તસ્સઉતરીમાં. પણ એ તો બધો વિકલ્પ છે. એ શુભરાગમાં સર્વસ્વ માને છે. અને એ ધર્મ છે અને તેનાથી અમારું કલ્યાણ (થશે એમ માને છે.) તે મિથ્યાદૃષ્ટિનું કલ્યાણ થશે ને વનસ્પતિમાં જશે, એમ કહે છે, વજુભાઈ! હાય હાય! અને **સ્વાધ્યાય** કરે. લ્યો આવ્યું. શાસ્ત્રોના સ્વાધ્યાયમાં મશગુલ. સવારથી સાંજ સુધી બરાબર. બાર-બાર કલાક, અઢાર-અઢાર કલાક શાસ્ત્રનો સ્વાધ્યાય. પણ એ શાસ્ત્ર તો પર છે, તેના ઉપરનો સ્વાધ્યાયનો શુભરાગ પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી. આરે! ભારે વાત! શેઠી! શું કરવું? શેઠીને શું કરવું આ? શાસ્ત્રો વાંચે ભણે તોપણ શુભવિકલ્પ છે, રાગ છે. અને તેમાં માને કે ધર્મ થાય, નિર્જરા થાય, મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- સ્વાધ્યાયથી જ્ઞાન થાય ને?

ઉત્તર :- જ્ઞાન કે દિ'? જ્ઞાન તેનાથી થાય છે કે જ્ઞાન પોતાથી થાય છે?

મુમુક્ષુ :- નિમિત્ત તો હોય છે ને.

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? નિમિત્તથી ન થાય તેનું નામ નિમિત્ત. આહાહા! શાસ્ત્ર ફેરવ્યા કરે, વાંચ્યા કરે, સ્વાધ્યાય કરે અને તેમાં રોકાય. હવે આવશે ઓલા વીર્યમાં આવશે. સ્વાધ્યાય, વાંચણી, ઉપદેશ કરવો, વાંચણી દેવી, વાંચણી લેવી, પ્રશ્ન પૂછવા. સુજાનમલજી! અહીંના પૂંછડા પર્યટના વારંવાર ભૂલી ન જવાય. એમાં છે કે નહીં? એમાં જુઓને પાઠ.

આત્મા અંતર રાગની ક્રિયા વિનાની ચીજ છે. અક્રિય આત્મા છે, તેમાં રાગની ક્રિયા છે જ નહીં.

એવી ચીજની શ્રદ્ધાને અંતરનો આશ્રય અને સ્પર્શ વિના એને ધર્મ થતો નથી. આહાહા!

મુમુક્ષુ :- આત્માનું ભાન હોય તો.

ઉત્તર :- ભાન હોય પણ એ શુભરાગ હેય છે. હોય છે આ પંચમહાવ્રત આદિ જ્ઞાનીને પણ હોય છે પણ એ ધર્મ નથી. એમ માને છે એ હેય છે એ. આ ઉપાદેય, આદરણીય અને ધર્મ માને છે. આમ ફેર છે. ધર્મીને પંચમહાવ્રત, સ્વાધ્યાય, શાસ્ત્રનો વિકલ્પ હોય પણ તે હેય છે. અંતરમાં તેનો આશ્રય અને આદર નથી. આ તો એને જ ધર્મ માને. ખૂબ મશગુલ થઈને સ્વાધ્યાય શાસ્ત્રનો કરે, નિર્જરા થઈ જશે.

મુમુક્ષુ :- થોડો આદર તો હોય ને.

ઉત્તર :- જરા પણ આદર નહીં. રાગ છે તેનો આદર (ન કરે.) અજ્ઞાનીને પૂરો આદર છે. જ્ઞાનીને જરા પણ આદર નહીં.

મુમુક્ષુ :- પછી તો મન નહીં લાગે.

ઉત્તર :- પણ તો વિકલ્પ આવે એટલે ત્યાં તેનું લક્ષ જશે. પણ તે વિકલ્પ હેય છે. આહાહા! ભગવાનઆત્મા આનંદકંદ પ્રભુ છે. એ તો સચ્ચિદાનંદ સિધ્ધસ્વરૂપ છે આત્માનું. એના આનંદમાં અંતરના આનંદની અંદરમાં દૃષ્ટિ કરતાં જે શાંતિ અને આનંદ પ્રગટે એનું નામ સંવર ને નિર્જરા ને ધર્મ છે. સમજાણું કાંઈ? વ્યાખ્યા સારી. ક્રિયાકાંડ તે કાંઈ ધર્મ છે નહીં. કેટલો વિસ્તાર કર્યો છે, જુઓને! અને **ધ્યાન,** પાછું ધ્યાન પણ કરે. બેય આવી ગયું. પણ એ બધું ધ્યાન વિકલ્પ શુભરાગ હોય. સમજાણું કાંઈ? અને તેને અંતરની દૃષ્ટિની ખબર નથી. ધ્યાન કરે છે, લ્યો! રાગ હોય ... પોતાનું નિજ સ્વરૂપ આત્મા આનંદકંદ એ તો રાગ વિનાની ચીજ તેનું ધ્યાન તે તો અંતર સ્વરૂપની પરિણતિ શુધ્ધ છે. ઝીણી વાત! વ્યવહારાવલંબી શુભઉપયોગમાં ધર્મ માનનારા કર્મકાંડીઓ તેનો અહીં નિષેધ કર્યો છે. આહાહા!

મુમુક્ષુ :- ધર્મધ્યાન પણ નહીં?

ઉત્તર :- ધર્મધ્યાન એ કયો? શુભવિકલ્પને ધર્મધ્યાન માને છે. અંતરમાં રાગરહિત સ્વભાવમાં એકાગ્ર થવું એ ધર્મધ્યાન તો છે જ નહીં. સ્વનો આશ્રય તો છે નહીં. પરના આશ્રયના વિકલ્પનું ધ્યાન છે. જુઓને! **ધ્યાનરૂપ પરિકર,** છે ને? એ બધી સમુહ સામગ્રી. આ બધી સામગ્રી શુભરાગની છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં **પરિકર વડે નિજઅંતઃકરણને,** આવા સમુહ સામગ્રી વડે, પોતાના મનને **અંકુશિત રાખે છે.** તાબે રાખે છે. અશુભમાં જવા દેતો નથી. તાબે રાખે છે પણ તાબે રાખે તે શુભભાવ છે. સહજ સ્વરૂપ ચિદાનંદ ભગવાનઆત્મા એમાં એ રાગ નથી. એનો તેને અનુભવ નથી. આહાહા!

મુમુક્ષુ :- શુધ્ધાત્માનું ધ્યાન કરે તે શુકલધ્યાન.

ઉત્તર :- આ ધર્મ તે ધર્મધ્યાન એમ છે નહીં. ઠીક લગાવે છે, શેઠી! બચાવ માટે. ધર્મધ્યાનના બે પ્રકાર એક સ્વરૂપની એકાગ્રતાનું ધ્યાન એ નિશ્ચય ધર્મધ્યાન અને આ વિકલ્પ એ વ્યવહાર ધર્મધ્યાન. પુણ્યબંધનું કારણ.

મુમુક્ષુ :- આમાંથી કયુ હશે એનું?

ઉત્તર :- હેં? આ કયુ હશે? આ બીજું છે એ છે. આવ્યું હતું ને આપણે નહીં? મોક્ષઅધિકારમાં. ચિંતા કર્યા કરે. હા, પણ આ ધર્મધ્યાન તો કહ્યું હતું ને? આ ધર્મધ્યાન લાગે છે ને પણ. શુભરાગનો વિકલ્પ ઊઠે એ ધર્મધ્યાન, આંધળો છે. ચૈતન્ય ભગવાનઆત્મા ચૈતન્ય જયોત છે આત્મા આનંદની મૂર્તિ છે. એની તો ખબર નથી. એની સ્વસન્મુખ ને સ્વઆશ્રય તો જરા પણ લીધો નથી. પરાશ્રયનું ધ્યાન આદિ કર્યા કરે. એવો માર્ગ છે. શેઠી! આહાહા! અત્યારે સંપ્રદાયની ભારે અણગાર ઊઠે એવા છે બધા.

હવે, નિજ અંતઃકરણ ને એવા તપ વડે, જુઓ! અભ્યંતર તપ હો! ઓલા છ લીધા. છતાં તે શુભરાગ છે. આહાહા! **વીર્યાચરણ માટે**, હવે તે અંદરમાં પુરુષાર્થ કરે છે. એને માટે **કર્મકાંડમાં સર્વશક્તિ વડે, વ્યાપૃત રહે છે.** એ તો બરાબર આમ કરું, આ કરું, ખાવું આમ ને પીવું આમ ને લેવું આમ ને શુભરાગની ક્રિયાકાંડમાં ગૂંથાયેલો રહે છે, રોકાયેલો રહે છે. ન્યાં ને ન્યાં, આહાહા! પણ રાગ વિના મારી ચીજ શું છે એના આત્માનું એને જ્ઞાન કે ભાન નથી. સમજાણું કાંઈ?

વીર્યાચરણ, પુરુષાર્થ કરે છે. કરે છે પુરુષાર્થ વીર્યનો. કર્મકાંડમાં. જ્ઞાનાચરણનો વિકલ્પ, વિનય આદિ, દર્શનાચરણનો નિઃશંક આદિ ને ચારિત્રાચારનો મહાવ્રત આદિ ને તપાચારનો વિનય આદિ ને. આ વીર્યાચાર એ બધા કર્મકાંડમાં, શુભભાવમાં પોતાના આત્માને **સર્વ શક્તિ વડે,** એમ. જેટલો પુરુષાર્થ છે ઉઘડેલો તેમાં જોડે છે. એ જોડાયેલો છે શુભરાગમાં, શુભોપયોગમાં **વ્યાપૃત રહે છે.** વ્યાપૃત એમ શબ્દ છે. વ્યાપૃત એટલે રોકાયેલ રહે છે. કર્મકાંડમાં રોકાયેલ, બસ. આહાહા! કહો, સમજાણું કાંઈ? કહો, પંડિતજી! શું કરવું?

છ પ્રકારના અભ્યંતર તપ કહે છે કે શુભરાગ. બહારના ઉપર લક્ષ છે ને. એ કયાં અભ્યંતર તપ છે. ખરો અભ્યંતર તપ તો રાગથી રહિત, ઈચ્છા નિરોધ કરી, અમૃત સાગર ભગવાનઆત્માના અમૃતનું વેદન થાય તેનું નામ ખરો ધર્મ ને તપ કહેવામાં આવે છે. બાકી આ બધી લાંઘણું છે, ત્યાં એમ કહે છે. આ વર્ષીતપ કરે છે ને. કરે છે ને બધા. જેચંદભાઈ! એક દિ' ખાવું ને એક દિ' ન ખાવું. બાર મહિને ઉજવે, વૈશાખ સુદ ત્રીજે. પાંચ-દસ હજાર ખર્ચીને. નહીંતર કયાં લાંઘણું કરી હતી એણે? લાંઘણું નહીં લાંઘણનો બાપ હતો, સાંભળને હવે. વર્ષીતપ કોઈ દિ' કર્યો છે કે નહીં ઘરે બૈરાએ? નથી કર્યો?

પરદેશમાં રહ્યા હોય એટલે નહીં કર્યો હોય. દેશમાં...એય મોહનભાઈ! કર્યો હતો કે નહીં ડાહીબ્હેને? પહેલાં કર્યો હતો. પાછું ઉજવવું પડે. સરખું ન ઉજવે તો વાંધા ઊઠે. એ ન્યાલભાઈ! આ બધી ક્રિયાકાંડું છે, દયા, દાન, વ્રત ને મહાવ્રત ને પૂજા ને ભક્તિ ને તપસ્યા ને અનશન ને ઉણોદરી, રસપરિત્યાગ, કાયકલેશ ને પ્રાયશ્ચિત, વિનય એ બધી શુભરાગની ક્રિયા રાગની છે. એ કર્મકાંડમાં રોકાયેલા અજ્ઞાની તેને ધર્મ માને છે. આહાહા! સમજાય છે?

ભગવાનઆત્મા અંદર એ રાગના પરિણામથી ભિન્ન ચીજ છે. એને તો અડતો પણ નથી, જોતો પણ નથી, સન્મુખ થતો નથી, સ્વઆશ્રય કરતો નથી, ફક્ત પરાશ્રયમાં જ સર્વસ્વ રોકાયેલ છે. આહાહા! **આમ કરતાં થકા,** પાંચે પુરું થઈ ગયું. પાંચ કોણ? દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. **કર્મચેતનાપ્રધાનપણાને લીધે,** જુઓ! એટલે શું? રાગ છે તે કર્મચેતના છે. એ કાંઈ જ્ઞાન આચરણ ચેતના નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ કર્મચેતનામુખ્યપણાને લીધે, કરવું મહાવ્રત પાળવા, અહિંસા પાળવી, બ્રહ્મચર્ય શરીરથી પાળવું, રસ પરિત્યાગ કરવો, ગુરુઓનો વિનય કરવો. એવો બધો ભાવ કર્મચેતનામુખ્યપણાને લીધે, કર્મ એટલે રાગમાં ચેતાય ગયેલો છે. એ ચૈતન્યમાં ચેતાયેલો નથી. ભારે ઝીણું! **કર્મચેતનાપ્રધાનપણાને લીધે જોકે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે,** ભલે મિથ્યાદષ્ટિ પણ એટલો તો ખુલાસો કર્યો છે જરી. એ જાતનો અશુભ ભલે. મિથ્યાત્વનો અશુભ એ પ્રશ્ન અત્યારે અહીં નથી. ચારિત્રનો.

અશુભકર્મપ્રવૃત્તિ એટલે અશુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ એ બધા પરિણામથી નિવર્તેલો છે. અવિનયથી નિવર્તેલો છે, સ્વચ્છંદથી નિવર્ત્યો છે. **અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે,** અત્યંત નિવારી પાછી એમ. જે અપેક્ષા છે એ અપેક્ષા સિદ્ધ કરે છે ને? અશુભભાવ તો બિલકુલ થવા દેતો નથી.

તોપણ શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે. શુભઉપયોગની ક્રિયાને બરાબર પકડી રાખી છે અને તેમાં જ રોકાયેલો, તેમાં જ મશગુલ ને તેમાં જ દઢમગ્ન ગૂંથાયેલ. આહાહા! ભારે કામ આ તો આકરું, હો! વાડાવાળાને તો સંપ્રદાયને તો આકરું પડે. ઈ કહે કે વ્યવહાર આવો કરે, પણ વ્યવહાર આવો કરે પછી નિશ્ચય થાય કે આવું કાંઈ કરે નહીં ને પાધરો નિશ્ચય થઈ જશે? અરે! સાંભળને હવે! એ તો શુભરાગની ક્રિયા છે. એ તો અનંતવાર કરી છે. પરલક્ષી શુભપરિણામ છે, કહેશે હમણાં.

પુણ્ય બાંધે પુષ્કળ, પુણ્ય બાંધે પુષ્કળ, ધર્મની નહીં ગંધ. શુભ કર્મપ્રવૃત્તિને, એ જુઓ! કર્મ શુભકર્મ, કર્મ શબ્દે રાગ. શુભરાગની પ્રવૃત્તિ પરિણતિ અંદર શુભરાગની પ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે. એમ. શુભભાવમાં ખંડ જરા થવા દેતો નથી. પણ એ બધી ક્રિયાકાંડના પરિણામ છે. કર્મકાંડના

છે, જ્ઞાનકાંડના નથી. આહાહા!

**એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઉતરેલી,** લ્યો! હવે. એવો જે શુભરાગ વિકલ્પ જે ક્રિયાકાંડ, કર્મકાંડ છે. એનાથી **સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઉતરેલી,** એવા શુભવિકલ્પથી ભિન્ન **દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરાપણ ઉત્પન્ન નહીં કરતા થકા,** લ્યો! સમજાણું કાંઈ? એ શુભવિકલ્પનો વ્યાપાર શુભપરિણામનો, શુભજોગનો કર્તા થતાં એ ક્રિયાકાંડથી રહિત એ જ્ઞાનદર્શનચારિત્ર ભગવાનઆત્મા તેની **ઐકયપરિણતિરૂપ** જાણવું-દેખવું ને ઠરવું એવી ઐકયપરિણતિ જે આત્માની તેને **જરા પણ નહીં ઉત્પન્ન કરતા થકા,** લ્યો! આટલું કરે તોપણ જ્ઞાનચેતના જરા પણ કરતો નથી. આ પરસન્મુખ છે અને આ સ્વસન્મુખની ક્રિયા છે. બે વાત જ જુદી છે.

**એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી,** ભાષા જુઓને! એ ક્રિયાકાંડનો આટોપ બધો આમ જાણે. ઓહોહો! જાણે શું કરીએ છીએ અમે, જાણે! અપવાસ ને ઉણોદરી ને રસપરિત્યાગ. વર્ષીતપ ને આંબેલ ને ઓળી ને. ૮૬-૮૬ ઓળીયું ને. હોળી બધી. પ્રવીણભાઈ! આ ૮૬ ઓળી કરી. ઢીકણી કરી. શું છે પણ હવે એમાં? અરે! એક અનાજ ઉપર એક ચોખા ને છાસ ઉપર કરી, ફલાણા ઉપર કરી. એ તો બધો કર્મકાંડ છે. એમાં ધર્મ નથી. આહાહા! ભારે વાત! કહો, સમજાણું આમાં?

**સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઉતરેલી,** એટલે કે **અંતરમાં દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિ** નિર્મળ, તેને જરા પણ ઉત્પન્ન કરતો નથી. આવું તો કરે છે પણ આ કરતો નથી. એમ કહે છે. જ્ઞાનસ્વભાવ સમુદ્ર ભગવાનઆત્મા! ચૈતન્યનો પિંડ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અમૃતનો સાગર આત્મા એની શ્રધ્ધા, જ્ઞાન ને પરિણતિ તેને જરા પણ અડતો નથી, કરતો નથી. આટલું કરે છતાં આ કરતો નથી. એમ કહે છે. દર્શનજ્ઞાનચારિત્રની એ ક્રિયાકાંડથી ભિન્ન પાર ઉતરેલી અવિચળ વસ્તુ જે ભગવાનઆત્મા એનું જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની પ્રતીતિ ને જ્ઞાનમાં રમણતા એવી જે સ્વદ્રવ્યાશ્રય પરિણતિ એટલે પર્યાય એને જરા પણ ઉત્પન્ન કરતો નથી. એનો અર્થ થયો કે વ્યવહારથી કાંઈ નિશ્ચય થતો નથી. આહાહા! કહો, સમજાણું આમાં?

સામાયિક કરે. ત્રીસ-ત્રીસ સામાયિક, પોષા કરે. આઠ-આઠ દિવસના આખા ચૌવિહારા, હો! આઠે દિવસ. પાણી નહીં..... ઓહોહો! એના કરે પછી, મોટા વરઘોડા કાઢે. વાહ! તપસ્યા વાહ! અજ્ઞાન છે અહીં તો કહે છે. વજુભાઈ! આહાહા! ભગવાનઆત્મા અંદર દેહની ક્રિયાથી તો પાર પણ તે પુણ્યના વિકલ્પથી પાર ઉતરેલો ચૈતન્ય અંદર ભિન્ન છે. એવા આત્માની અંતરમાં શ્રધ્ધા, જ્ઞાન ને શાંતિ ત્યાં જરા પણ કરતો નથી. કર્મચેતનાને કરે છે અને જ્ઞાનચેતનાને કરતો નથી. આ બેય ટૂંકા શબ્દ કહ્યા. આહાહા! કહો, અમૃતભાઈ! વાડામાં તો બધા વાંધા ઉઠયા. બચારા લાખોપતિની વહુ વર્ષીતપ

કરે. એક દિવસ ખાય ને એક દિવસ ન ખાય અને છેલ્લે અઠમ કર્યા પછી પારણું થાય. છેલ્લે પાછો માળાનો મેળ જોઈએ ને માથે. માળાને ઓલું હોય ને બાર મહિના પૂરું કર્યા પછી છેલ્લે અઠમ. સૂંઠ ચોપડે ને પછી પૂછવા આવે ને જોવા આવે. પાંચમા આરાના અઠમ એ તો ચોથાઆરાના માસખમણ છે. એમ કરીને લડાવે પાછા. બાયુ લડાવે અંદરમાં અમે જાય ને. આહા! શેઠીયાની વહુઓ હોય મોટી. અઠમ એટલે પાંચમા આરાના અઠમ, ઓહોહો! એ તો પુરુષાર્થી હોય તે કરે.

અહીં કહે છે તારો પુરુષાર્થ અઠમમાં ગયો છે. એ રાગમાં ગયો છે, અજ્ઞાનમાં ગયો છે. લે! છગનભાઈ! આ બધા બિચારા ઉગી ઉગીને તપસ્યાઓ કરે, એ તો કરે ને. ૯૦ માં થયું હતું અમારે ત્યાં. ૯૦ માં સંપ્રદાયમાં હતા ને, ત્યાં આવતા ને શેઠીયા. વાત આવી હશે. ગામમાં કેટલા ઉગી ઉગીને લાખોપતિની વહુઓ અપવાસ કરે, એને આ લાંઘણું કહે છે. લાંઘણના બાપ છે, સાંભળને હવે લાંઘણ તારા. એય! મલુકચંદભાઈ! કર્યું હતું કે નહીં? ઘરે કોઈ દિ' ક્યું હતું? વર્ષીતપ કર્યો હતો કોઈ દિ'? નથી. એ બધા પાછળ ઘણા. આમાં આવી ગયા ને? ઘણા વર્ષ આમાં રહે છે. પછી ક્યાંથી કરે? કહો, સમજાણું આમાં? આહાહા!

ત્યારે શું કરે છે? ઉત્પન્ન આ કરતા નથી. શું? આત્મા અંદર વસ્તુ ભગવાન પૂર્ણ શુધ્ધ આનંદ જેમાં એ શુભ ક્રિયાકાંડથી ભિન્ન ચીજ છે. એમાંથી જ્ઞાનચેતના આત્માનું જ્ઞાન એનું જ્ઞાનમાંથી ચેતવું, સ્વરૂપમાં ચેતવું એ કરતા નથી. **ઉત્પન્ન કરતા થકા,** ત્યારે શું થાય છે ત્યાં? **પુષ્કળ પુણ્યના ભારથી,** પુણ્ય થાય, શુભભાવ થાય. મહા **ભારથી મંથર થઈ ગયેલા,** જડ થઈ ગયેલા. નીચે છે કે નહીં? જુઓ! ઈ પહેલો જડ લીધો, પછી મંદ. મંદ થયા. **મંથર,** આપણે શબ્દ આવે છે ને ઓલો બ્રાહ્મણનો આવ્યો હતો ને, લાડવા ખાયને બેઠો હોય પછી હાલી શકે નહીં. એમ આ પ્રમાદમાં મશગુલ થઈ ગયા છે. આહાહા! જરીએ અંતરમાં ગતિ કરી શકતા નથી. સમજાણું કાંઈ? **પુષ્કળ પુણ્ય,** અરે! પુણ્ય તો થાશે. પુષ્કળ તો છે કે નહીં આ? પુષ્કળ પુણ્ય એટલે શુભભાવથી પુણ્ય બાંધશે. એમાં બંધાશે. તેમાં અબંધ પરિણામ થશે નહીં. એમ નથી. શુભ તો નથી. ભારે આ કામ ભાઈ આ! ત્રણેય સંપ્રદાયમાં વાંધા ઉઠેલા છે આ તો. સ્થાનકવાસી, દેરાવાસી. એ કનુભાઈ!

મુમુક્ષુ :- અટકેલાને કાઢી દયે.

ઉત્તર :- રોકાયેલો ત્યાં છે કે એ ધર્મ નથી. રોકાયેલો છો ત્યાં આગળ, આવ્યું હતું ને ત્રણેય? ગૂંથાયેલ છો, ગૂંથાય ગયેલો. બાઈયું ગૂંથે ને કાંઈક. એમ આ ગૂંથાઈ ગયો છે ક્રિયાકાંડમાં. આ કરવું, આ ખાવું, આ પીવું, આ ઉપધાન... આ જુઓને આ ઉપધાન કરે ને, જેઠાભાઈ કેમ નથી? ગયા? ગયા. જવાના હતા. ઘેલાણી. એની દીકરીને કાંઈક છે, એના માટે ગયા હતા. અહીં ઘેલા થઈ ગયા. શું કરવું કાંઈ સૂઝ પડતી નથી કહે. ઉત્સાહ નથી કરતા હશે ને? ઉત્સાહ કરવો એ તમારે, કેમ કરવું, કેમ...

ઉત્સાહ નથી કરતા તમે? ઢીલા ઢસ થઇ ગયા. વાંચ્યું બહુ ને એટલે એમ થઇ ગયું કે આપણને તો, જે વાંચે એ તો આવડે છે, ..જે સાંભળે એ તો આવડે છે. પણ આપણને આવડે છે એમાં રોકાઇ ગયા. થઇ રહ્યું. કાલે જ કહેતા હતા.

કહે છે કે, અજ્ઞાની આવા શુભ ક્રિયાકાંડમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર, વીર્યાચાર અને ચારિત્રાચાર. પંચમહાવ્રતના વિકલ્પમાં મશગુલ ગૂંથાયેલો, રોકાયેલો. પુણ્ય બાંધે, કેટલાક તો એમ કહે છે કે એ તો એ દિગંબરના શાસ્ત્રમાં એને પુણ્ય કહ્યું છે. આપણા શાસ્ત્રમાં તો એને નિર્જરા કીધી છે. વળી એમ કહીને બચાવ કરે પાછા. એક આર્જિકા એમ કહે છે. બીજાને કહેવા માંડયું કે આ તમારા પાંચમા આરા આ તો બધી દષ્ટિ વિકલ્પ છે, (તો કહે) ના. અમારા શાસ્ત્રમાં તો એને નિર્જરા કીધી છે. એ શાસ્ત્ર જ ખોટા છે તારા સાંભળને. પર તરફના વિકલ્પને નિર્જરા કીધી એ ધર્મ-એ શાસ્ત્ર ધર્મના નહીં. આહાહા! સમજાણું કાંઇ?

એક જાણે એમ કહ્યું હતું. બધું આવ્યું ખરું બહાર. આપણા શાસ્ત્રમાં આમ કહ્યું છે. એમના શાસ્ત્રમાં એમ હશે. પણ શાસ્ત્રથી વિકલ્પ ઊઠે એ તે કાંઇ ધર્મ કહે એ શાસ્ત્ર શેનું? આહાહા! શુભરાગ છે એ તો ક્રિયાનો. **બહુ પુણ્યના ભારથી મંથર થઇ ગયેલા**, મંદ, સુસ્ત, સુસ્ત, આળસુ, જેમ બ્રાહ્મણ ઓલા લાડવા ખાયને પછી સૂવે ને નિરાંતે, આળસુના ગોર જેવા. કહે છે, એવા **મંથર થઇ ગયેલી ચિત્તવૃત્તિવાળા**, એવી એ ચિત્તવૃત્તિ, ત્યાં જ રોકાઇ ગયેલી, ત્યાં જ મસ્ત થઇ ગયો, **વર્તતા થકા, દેવલોકાદિના કલેશની પ્રાપ્તિની પરંપરા વડે,** લ્યો! ન્યાંથી દેવલોક ફળશે કદાચિત એને, ન્યાથી કોઇ માણસ બાણસ થાય જરી આ કરોડપતિ મોટો, ન્યાંથી મરીને પછી નીચે હડફે જાય. એય! આ પૂર્વે એવા કોઇ શુભભાવ હોય (તો) સ્વર્ગમાં જાય. દેવલોક આદિ શબ્દ છે ને? મનુષ્યમાં જાય. રાજા થાય, કોઇ શેઠ થાય. **પ્રાપ્તિની પરંપરા વડે,** એ પછી મરીને કયાં જશે? **ઘણા લાંબા કાળ સુધી સંસાર સાગરમાં ભમે છે**. ચોર્યાસીના અવતારમાં રખડશે. એને ભવનો અંત આવશે નહીં. આહાહા! સમજાણું કાંઇ?

આ વ્યવહારની ક્રિયાકાંડવાળા પાંચેય આચારવાળા લીધા. કે જેને ચરણાનુયોગમાં કાયા પ્રસાદથી, એ તો નિમિત્તપણું છે, એટલે પ્રસાદથી વાત કરી, બાકી સ્વરૂપનું સાધન તો અંતરથી કરે છે. એને આવું નિમિત્ત હતું તેનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આ તો કહે છે, આવી કલેશની પરંપરા, એમ પાછું. દેવલોકમાં પણ સુખ થશે અને શેઠ થશે માટે સુખી થશે. ધર્મી આત્માનું, આત્માના ભાનવાળાને શુભરાગ થાય એ પણ સ્વર્ગમાં શેકાશે એટલું તો અને પછી રાજા આદિ થશે ત્યાં પણ રાગમાં શેકાશે. રાગ છે ને પર તરફનું વલણ. પૈસાવાળા ને કરોડપતિ ને લાખોપતિ ધૂળપતિ બધા છે. સમજાણું કાંઇ? આરે! ભારે! છગનભાઇ! સુખી છે સુખી, લ્યો! ધૂળમાંય સુખી નથી. આત્માના સુખ સિવાય બહારમાં સુખ છે કયાં

ત્રણકાળમાં? આવી ક્રિયાકાંડનો ભાવ એ દુઃખરૂપ છે. દુઃખરૂપ છે, તેના ફળમાં પાછું દુઃખ છે. આ તો શુભભાવ છે અને તેના ફળમાં પાછું દેવલોકમાં અશુભભાવ થશે ન્યાં. પુણ્યની સામગ્રી ભોગવશે ને આમ. સામગ્રી ભોગવે એટલે તેના તરફના લક્ષ જઈને રાગને, કલેશને ભોગવશે. શેઠીયો થાશે મિથ્યાદષ્ટિ આવા શુભ પરિણામમાં. એ પુણ્યના ફળમાં કલેશને ભોગવશે.

મુમુક્ષુ :- શેઠાઈ નહીં ભોગવે.

ઉત્તર :- શેઠાઈ કોણ ભોગવે. જડને ભોગવશે? હેં? હેરાન, હેરાન થઈ જાશે. કહે છે કે **ઘણા લાંબા કાળ સુધી,** એટલે પરંપરાએ આવું ભોગવીને ઘણા લાંબા કાળ સુધી એકેન્દ્રિયાદિ સંસારના સાગરમાં ભમશે. લ્યો! સંસાર સાગરમાં, મોટો દરિયો સંસાર. ચોર્યાસીના અવતાર. આહાહા! અને એવી ક્રિયા બતાવીને બીજાને એમકે અમે કાંઈક ધર્મ કરીએ છીએ ને અમે કાંઈક સારા છીએ. એમ પાછું બતાવવું એને.

મુમુક્ષુ :-એ તો શુભભાવ. શુભભાવ એને આવે.

ઉત્તર :- એને ભલે શુભભાવ હોય. એ તો પાછો બતાવવાનો ભાવ, આમ પાછું, એમ. ઊંડે ઊંડે. એ વળી અશુભભાવ છે પાછું, બતાવવાનો ભાવ છે એ. જુઓ! અમે બીજા કરતાં સારું કરીએ છીએ. એ તો કરતાં પણ નથી. અમે આમ કરીએ છીએ. એ મિથ્યાત્વને પોષી, શુભપરિણામ બાંધી, દેવલોક આદિના કલેશ ભોગવી સંસારમાં રખડશે. એને જન્મ-મરણનો આરો નહીં આવે. આહાહા! કહ્યું પણ છે કે **चरणकरणप्पहाणा ससमयपरमत्थमुककवावारा । चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति ।** ન્યાં સમજાવે છે પાછો સાર એનો. જેઓ ચરણપરિણામપ્રધાન છે, જેઓને કરવું, વ્યવહારચારિત્રના પરિણામની મુખ્યતા છે. **સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે,** પણ સ્વસમય ચૈતન્ય ભગવાનઆત્મા એના આનંદ ને જ્ઞાનના રમતમાં અભાવ છે. **તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી**. સાર એટલે કે ચરણપરિણામથી ખસીને શુદ્ધતા જે થવી જોઈએ તેની તેને ખબર નથી. કહો, શાંતિભાઈ! આવું જ છે ને આ બધું, જુઓને! આ પણ એવું કયાં ઠેકાણું છે અત્યારે. .. આહાહા! અને માને કે અમે ધર્મ કરીએ છીએ ને અમે ...

કહે છે કે **જે કોઈ ચરણપરિણામપ્રધાન છે,** શુભભાવની ક્રિયા જેની મુખ્ય છે. સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે. પણ એ શુભરાગના પરિણામથી ભિન્ન ભગવાન એના જ્ઞાન-દર્શનના વ્યાપારરહિત છે. **તેઓ ચરણપરિણામનો સાર,** એ શુભમાંથી નીકળીને શુદ્ધ થવું તેની તેને ખબર નથી. એ નિશ્ચયશુદ્ધ તેને જાણતા નથી. લ્યો! **ચરણપરિણામનો સાર,** પાછી ભાષા એવી છે કે ઓલા મુંઝાય. ભાઈ! નીચે (ફૂટનોટમાં) અર્થ છે, જુઓ! એનો બીજો. છે ને આ પ્રમાણે.

**સંસ્કૃત છાયા આ પ્રમાણે છે. चरणकरणप्रधाना स्वसमयपरमार्थमुक्तव्यापारा: । चरणकरणस्य**

**सारं निश्चयशुद्धं न जानंति ।** એનું સંસ્કૃત છે. એકડો કયાં આવ્યો? પછી આવશે ને? છેલ્લે. **જાણતા નથી**. લ્યો! હવે એનો એકડો નીચે. **શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ ટીકામાં વ્યવહાર-એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જે કોઈ જીવો વિશુધ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુધ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રધ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ,** વિશુધ્ધજ્ઞાનદર્શનસ્વભાવ એવો ભગવાનઆત્મા વિશુધ્ધસ્વભાવવાળું શુધ્ધાત્મતત્ત્વ એની જે અંતર સમ્યક્ શ્રધ્ધાન, જ્ઞાન ને આચરણ. એવો નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ **કેવળશુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે.** નિશ્ચયથી નિરપેક્ષ એકલા વ્યવહારને જ મોક્ષમાર્ગ માને છે. **તેઓ તેના વડે, દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે;**

**પરંતુ,** હવે લ્યે છે. **જો શુધ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને,** ભગવાન શુધ્ધસ્વરૂપ પવિત્ર આનંદ એવા શુધ્ધાત્માનુભૂતિલક્ષણ જેનું એવો નિશ્ચયમોક્ષમાર્ગ, જુઓ! શુધ્ધઅનુભૂતિલક્ષણ એવો નિશ્ચયમોક્ષમાર્ગ, એને માને, જાણે **અને અનુભવતા હોય અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શકિતના અભાવને લીધે,** એમાં ઠરવાની શકિતનો અભાવ હોય છે. છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ તેમાં ઠરવાનો અભાવ હોય. **નિશ્ચયસાધક શુભાનુષ્ઠાનને કરે,** નિશ્ચય અને વ્યવહારસાધકરૂપે શુભઅનુષ્ઠાનમાં આવે તો તેઓ સરાગ સમ્યગ્દષ્ટિ છે. એટલો રાગભાગ છે તેથી તેને સરાગ સમકિતી કરેવામાં આવે છે. છે તો સમ્યક્ નિશ્ચય તેનો રાગભાગ છે એ અપેક્ષાએ તેને સરાગ સમકિતી કહેવામાં આવે છે **અને પરંપરાએ મોક્ષને પામે છે.-આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યા.**

હવે ઓલો સરાગનો ખુલાસો કરે છે. અહીં જે 'સરાગ સમ્યગ્દષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટયું છે. જ્ઞાનસ્વરૂપ આત્મા આનંદ તેની અનુભૂતિ તો યથાર્થ છે. એનું ભાન પણ યથાર્થ છે. **પરંતુ ચારિત્રની અપેક્ષાએ તેમણે મુખ્યપણે રાગ હયાત હોવાથી,** કારણ કે ઓલો શુભરાગ છે ને આચરણમાં. અંદર ઠરી શકતો નથી એટલે શુભરાગના આચરણમાં આવે છે. **તેવો રાગ હોવાથી તેમને સરાગ સમ્યગ્દષ્ટિ કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભઅનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક (-નિશ્ચયના સાધનભૂત)'** અંદર આવ્યું હતું ને? **નિશ્ચય સાધક શુભાનુષ્ઠાન.** નિશ્ચયનો સાધક શુભરાગ **એ કહ્યું હતું તે કહેવામાં આવ્યું છે એમ જાણવું. એ વ્યવહાર ઉપચારથી છે. તેમને જે શુભઅનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ 'નિશ્ચયસાધક કહેવામાં આવે છે.** ખરેખર છે નહીં. પણ આવું જયાં લખાણ આવે એટલે ઓલા હં... જુઓ! કહ્યું છે કે નહીં? નિશ્ચય સાધકને શુભભાવને કહ્યું છે કે નહીં? શુભનો અહીં તો નિષેધ કરતાં

આવે છે કે જેને નિશ્ચયનું ભાન નથી. એકલા શુભ કરે છે. એ તો મિથ્યાદષ્ટિ છે. એમ તો કહેતા આવે છે. એમાં ન્યાં સાધક કયાંથી આવ્યો ઈ? પણ સ્વરૂપનું ભાન અનુભવદષ્ટિ છે એને શુભભાવ જે આવે છે એને આનો વ્યવહારથી સાધક નિશ્ચયનો છે એમ કહેવામાં આવે છે. નથી તેને કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! લ્યો! એ વ્યવહારાવલંબીની વાત થઈ.

ભગવાનઆત્મા શુધ્ધ ચૈતન્યસ્વભાવ અને આનંદનું ધામ એવો આત્મા. આવે છે કે નહીં? છોકરા બોલે છે, નહીં? આનંદનું ધામ, આનંદનું ધામ, શું? 'હું છું આનંદનું ધામ' આવે છે ને છોકરાવમાં આવે છે ઓલા, બાળપોથીમાં આવે છે કે નહીં કયાંક? બીજે આવતા હશે. છોકરાવ તો બોલે છે.... ઓલો બોલતો હતો ને? ધનપાળભાઈનો છોકરો નાનો. કયાં ગયો? નથી? હેં? એ બોલતો હતો. 'હું છું આનંદનુ ધામ' આનંદનું, આનંદનું, આનંદનું ધામ. હું છું આત્મા, હું છું પરમાત્મા. છોકરાવ બોલે છે ન્યાં, શીખવે છે ઓલો ચંપક છે ને? કચ્છી, દાદરમાં શીખવે છે છોકરાવને. બોલતો હતો નાનો. છોકરાવને ઘણાને કેટલાયને દાદરમાં તો. બોલતા તો શીખે?

હું છું શુધ્ધ શરીર, હું છું એકેન્દ્રીય, હું છું માણસ, હું છું શેઠીયો, એ કરતાં હું આનંદ આનંદનું ધામ છું. કહો, સમજાણું? હું પૈસાવાળો છું ને બાયડીવાળો છું ને છોકરાવાળો છું ને દશાશ્રીમાળી છું ને વાણિયો છું ને. ધૂળેય નથી સાંભળને! આનંદનું ધામ ભગવાન અંતર એવા અતીન્દ્રિય આનંદને સ્પર્શ્યા વિના એકલા શુભભાવને જ ધર્મ માને છે એવી ક્રિયાકાંડને મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે.

**હવે, જેઓ કેવળનિશ્ચયાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે.** નિશ્ચયનું ભાન નથી અને એકલા નિશ્ચયની વાતું કરી અને શુભભાવ પણ કરતા નથી અને અશુભમાં જાય છે તેની વાત કરે છે. સમજાણું કાંઈ? **કેવળનિશ્ચયાવલંબી,** એકલા નિશ્ચયની વાતું કરનારા શુભભાવને કરતા નથી કારણ કે શુભભાવ તો કર્મકાંડ છે. પુણ્યબંધનું કારણ છે. તે નથી નિશ્ચયને પામ્યા, નથી શુભભાવમાં આવતા. એટલે સ્વચ્છંદી થઈને અશુભભાવમાં જાય છે. કહો, સમજાણું કાંઈ?

એક આવ્યા હતા, અમારે હતાને એક, વેરાવળના હતા. વેરાવળના એક. અહીં આવતા વચ્છરાજભાઈના. વનરાવન નહીં? વનરાવન. ખાયને મોટું જાડું શરીર. એય પડ્યા રહે. હવે કુંદકુંદઆચાર્ય તો અમારી પાસે ઘણી વાર આવી જાય છે, કહે. ફાટેલો પ્યાલો! સુઈ રહે ને સુતા સુતા ધ્યાન કરે ને હજી તો મિથ્યાદષ્ટિ. ઘણા વખતે વાત કરી હતી હો! ચોર્યાસીની સાલ અમરેલી. ચોરીયું કરે પાછા. જેનું નવું નામ લખે તેના પૈસા ખાઈ જાય. ત્રણ ત્રણ હજાર ખર્ચ્યા હતા. પછી કહે કયાં ગયા? મેં તો દાનમાં દીધા. મારી પાસે હતા તો કોઈ લેવા આવે તો.. પણ રૂપિયા કયાં તારા બાપના હતા તો તે આપી દીધા. પણ કહે મારા ગૂંજામાં હોય તો પછી ન રહે. સાળા! મુર્ખ જ છે ને. નામું માગ્યું લોકોએ. નોકર

રાખ્યા હતા ત્યાં. સ્થાનકવાસીમાં હતા. પછી તો પૈસા ખાઈ ગયા ત્રણ-ચાર હજાર રૂપિયા. કેટલા હશે સંઘના. કહે, પૈસાનું શું થયું? મારા ગૂંજામાં હોય ને હું ગરીબને દેખું તો ન રહે. પણ પૈસા તારા ક્યાં હતા. હવે? હવે મારી પાસે કાંઈ નથી.

આ બધા નિશ્ચયાભાસી વાતું કરે એવી બિલકુલ, ઓહો! કુંદકુંદાચાર્ય. હવે એ કુંદકુંદાચાર્ય તો મારી પાસે કેટલીય વાર આવી જાય છે. ઠીક! ગાંડાના તે કાંઈ ગામ જુદાં હોય છે?

મુમુક્ષુ :- ગાંડાના જ ગામ હોય. ડાહ્યાના તો હોય જ નહીં.

ઉત્તર :- આહાહા! એક જણો અહીં બીજો આવ્યો હતો સ્થાનકવાસી. હતા સાધુ દેરાવાસી..એ સમવશરણ જોવા આવ્યા હતા. માંદા થઈને પછી પૂરું ... અરે! જેને નિશ્ચયનું ભાન હોય તેને માંસ ને દારૂમાં ફેર શું? એને ખાવું... એને શું પાપ લાગે? ઓય..એ શું ફાટી ગયો પ્યાલો કીધું આનો. સ્થાનકવાસીના સાધુ હતા દેરાવાસીમાં, કમને રહ્યા. પછી આવ્યા. નિશ્ચયનું હોય જેને ભાન તેને પછી માંસ કે દારૂ એને શું એને ફેર છે? અરે! માંસ દારૂ ખાવાના ભાવ સમકિતીને હોય નહીં. સાંભળ તો ખરો! માળા! સમજાય છે? અને નિશ્ચયને જેને જાણે તેને પછી વળી આ ખાવું ને આ ન ખાવું, આવું લેવું ને ન લેવું એ શું? અરે! મરી જઈશ કીધું.

આહા! મુનિ હોય છે ભાવલિંગી સંત તેને પણ તેને માટે કરેલા આહાર લ્યે નહીં. નિર્દોષ હોય તો લ્યે એવું ગ્રહણ-ત્યાગનો વિકલ્પ તો હોય છે. સાળા! સમજ તો (ખરો!) માંસ ખાતા હશે? દારૂ પીતા હશે? પરસ્ત્રીનો લંપટી, આત્માને કાંઈ નહીં. એ સ્ત્રી તો પરદ્રવ્ય છે, આત્માને શું? પરદ્રવ્ય કોને... પણ ભાવ થયો તારો તેને ભોગવવાનો, એ ભાવ શું છે? મૂઢતામાં મરી જઈશ. સાળા! નિશ્ચયની વાતું કરીને પાછા આવા સ્વચ્છંદ સેવે અને કહે ક્રમબદ્ધમાં આવવાનું હતું માટે, વળી એમ કહે કેટલાક વળી. એક જણો વળી એમ કહેતો હતો. અહીં હતો ને, આવ્યો હતો કલકતાથી. કલકતામાં રહેતો હતો. ન્યાંથી એનું લખાણ આવ્યું હતું. એક જણો આમ કહેતો હતો. આપણે નહોતો અહીં? ભૂપત. બિચારો ક્યાંય રહી ગયો હવે. એને વળી બાધા લીધી છે અહીં. ન્યાં વેશ્યાને ભોગવે. બીજો પૂછે તો (કહે) ક્રમબદ્ધમાં એમ આવ્યું હોય. અરે! મરી જઈશ માળા! એય! અહીં ખબર પડી તો કાઢ્યા અહીંથી. અહીં નહીં ભાઈ તું. આ બોલ તારો લાગે છે. હા. નહોતો ભૂપત? આવા ને આવા જીવો. એમ કે, પછી પરનું દ્રવ્ય કેવું દ્રવ્ય થાય ને આપણે શું છે એને? દેહની ક્રિયા વિષયની થાવ, ખાવાની થાવ, માંસની થાવ, દારૂની થાવ. અરે! મરી જઈશ તું, માળા! ભાવ કોનો છે? નિશ્ચયના નામ લઈને સ્વચ્છંદ સેવીશ તો મરીને નરકમાં જઈશ ને વનસ્પતિમાં જઈશ હેઠે, પાછો. સમજાણું કાંઈ?

ઓલાને તો દેવલોક પણ મળશે. એમ કીધું હતું. આને તો જાશે નરકમાં નીચે પાધરો. છગનભાઈ! એવી વાત છે. ભાઈ! અમે આત્મા છીએ, અમે તો બસ. આત્મા જ્ઞાન-દર્શન જ્ઞાતા છે. હવે ગમે તેવી

તેની ક્રિયા હોય એને પણ ગમે તેવી ક્રિયાના પરિણામ તારા છે કે કો'કના છે? ધર્મીને એવા માંસના, દારૂના, શિકારના, અભક્ષના એવા પરિણામ હોય શકે નહીં. સમજાણું કાંઈ? લંપટીપણાના, પરસ્ત્રીના લંપટીઓ અને કહે કે એ તો એ જાતના ક્રમબદ્ધમાં... એને ક્રમબદ્ધનો જેને નિર્ણય હોય તેની દૃષ્ટિ હોય દ્રવ્ય ઉપર. તેને આમ થાય માટે ક્રમે થયું ને જાણે એમ ન હોય. આહા! ગજબ કરે છે ને. પંડિતજી! આવા એમ કરે છે પાછા નિશ્ચયવાળા એમ કરીને લગાડયું. આ સ્વચ્છંદી. ગમે તેવો પરિચય કરીએ. સમજાય છે? જુઓ! આવે છે ને? સ્ત્રી પણ પગ દાબે, તેલ ચોપડે, નગ્ન મુનિને, નગ્નને. અરે! કાળા કેર! આ ન હોય. સમજાણું? આવું હોય નહીં.

મુમુક્ષુ :- મુનિને તેલ ચોપડવાનું હોય?

ઉત્તર :- હા. હવા લાગે ઠંડી બહુ (હોય) શરીર ચામડીમાં. તેલ તો ઘણી જાતના હોય છે ને, એક આવ્યું છે આપણે ફાર્મસીનું એક એમાં તેલ કોઈક થાય. નામ આવ્યું હતું નહીં? કાલે રાતે. ચંદુભાઈ, નહીં? નહોતા આપ્યા કાગળ અહીં હતા ને? અહીં હતા. કાલે હતા. ક્યાંક હતું. પંચાંગ નહીં તેના પહેલા કાગળ આવ્યા હતા. તેલ વર્ણીજીએ વખાણ્યું હતું તેલ. ભાઈએ વખાણ્યું મનોહરલાલજીએ ઓલા મહાવીરકીર્તિએ એ બધા લ્યે ખરા ને. તેલ બધું ચોપડવા. બહુ તેલ તમારું સારું. એકદમ રોગ મટી ગયો. આવું લખે પાછા. સંઘના બધા વાપરે છે. અરે! સાધુને અને ક્ષુલ્લકને તેલ ચોપડવા. એમ કે હવે અમારે શું? અમે તો ત્યાગી છીએ. શરીરના સાટુ. શેના ત્યાગી પણ? આહાહા! સમજાણું કાંઈ? અહીં એ કહે છે. આહાહા!

મુમુક્ષુ :- એવો રાગ હોય?

ઉત્તર :- એવો રાગ હોય? તીવ્ર. તીવ્રતામાં તેલ ચોપડે ને શરીર સારા રાખે એટલે વળી ટાઢ વાય નહીં. એટલે તો એને એ હોળી થઈ. ઓલા બાવા અન્યમતિના નાગા રહે ને. નાગા રહેતા હોય પછી સહન ન થાય એટલે રાખ ચોપડે. રાખ ઘરમાં હોય ને રાખ. રાખ સમજો છો ને? ભસ્મ. એટલે ઓલી ટાઢ ન વાય. ત્યારે આને રાખ ચોપડી ન શકાય એટલે તેલ ચોપડે. તો ઈ નું ઈ થયું ન્યાં. પંડિતજી!

કહે છે કે નિશ્ચયના નામ લઈને આવા સ્વચ્છંદ સેવશે, મરી જઈશ. ન્યાં પોપાબાઈનું રાજ નથી. આહાહા! કોણ જાણે અહીં દુનિયામાં હલાવીશ પણ ન્યાં કુદરતના નિયમમાં નહીં ચાલે. આહા! લંપટીપણું કરે, મોટા પાપ સેવે, માછલા ખાય, માછલાના તેલ પીવે. રસ માટે શરીર નિરોગી રહેશે. નિશ્ચયમાં થવાનું હોય તે થવાનું હતું. થવાનું હતું તે ભાવ તારા ભૂંડા કર્યા એનું શું કર્યું તેં? સમજાણું કાંઈ?

આ એની સંભાળ લ્યે છે હવે. વ્યવહારવાળાની સંભાળ લીધી. ગાંડા ઘાલીને વાતું કરી કે સાળા! વ્યવહારની ક્રિયાકાંડમાં ધર્મ માનીશ (તો) મરી જઈશ. આત્માનું ખૂન થાય છે ત્યાં. અહીં નિશ્ચયનું નામ

લઈને સ્વચ્છંદી થાય તેની વાત હવે સંભાળે છે. એના કાંડા પકડે છે, કહે ઊભો રહે તું.

**જેઓ કેવળનિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત બુધ્ધિવાળા વર્તતા થકા,** વ્યવહારના જે દયા, દાન, વ્રતના પરિણામ. નિશ્ચયનું તો ભાન છે નહીં અને વ્રત આદિના પરિણામથી વિરકત છે. ઈ નહીં. બંધના કારણ છે, માને કહે કોણે ના પાડી? એને છોડીને અશુભ કરે છે એ બંધનું તીવ્ર કારણ નથી? સમજાણું કાંઈ? **સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત બુધ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધ વિંચેલી રાખી,** આહા! જાણે કાંઈક ધ્યાન કર્યું છે. ભાન તો કાંઈ નથી અંદર. આમ અર્ધી આંખ, પછી **આંખો અર્ધી વિંચેલી રાખી, કાંઈક પણ સ્વબુધ્ધિથી,** જોયું? **અવલોકીને યથાસુખ રહે છે.**

**સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને,** અંદરમાં લાલ દેખાય છે, પીળા દેખાય છે, ધોળા દેખાય છે. હવે પણ એ તો ધૂળ છે. ધ્યાન કરી એમાંથી આમ પીળાશ દેખાય છે, ઉજાશ દેખાય છે, ઝબકારા દેખાણા આંખમાં. હવે તો આંખ આમ આમ થાય. ઝબકારા દેખાય ન્યાં જડનો છે એ તો. સમજાણું કાંઈ? નીચે (ફૂટનોટમાં) છે. **યથાસુખ=મરજી મુજબ; જેમ સુખ ઉપજે તેમ; યથેચ્છપણે, જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુધ્ધાત્મદ્રવ્યનું,** ભગવાન શુધ્ધસ્વરૂપ એના દ્રવ્યનું સમ્યક્ શ્રધ્ધાન કે અનુભવ નથી. ચૈતન્ય ભગવાનઆત્મા નિર્મળસ્વરૂપ એનો અનુભવ એનો અનુભવ કે સમ્યક્ છે નહીં.

**તેમજ તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી.** અંતરમાં મારું સ્વરૂપ આ છે એવી ઝંખના કે જિજ્ઞાસા કે પ્રયત્ન પણ જેને નથી. **આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિંતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે.** અમે તો જ્ઞાની છીએ. અમારે હવે કોઈ પાપ લાગતું નથી. જ્ઞાનીને બંધ નથી એમ કહ્યું છે ભગવાને. કોને પણ? સાંભળને. જ્ઞાની છીએ અમે. એ **પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિંતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે, જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુધ્ધિની સાથે,** હવે ધર્મીની વાત કરે છે. જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને, અંતરના આત્માના સ્વભાવની દષ્ટિ જ્ઞાન ને અનુભવ હોવા છતાં પહેલી દશામાં આગળ વધેલો નથી એટલે? **આંશિક શુધ્ધિની સાથે સાથે ભૂમિકા અનુસાર શુભભાવ પણ હોય છે.** લ્યો! રમણભાઈ! આવ્યું છે. હોય એ જુદી વાત છે. કાંઈ શુભભાવ છોડીને અશુભ કરે? સમજાણું? શુભભાવ પણ હોય છે. એ વાતને શ્રધ્ધતા નથી, એને માનતા નથી. શુભભાવ નહીં, શુભભાવ નહીં, શુભભાવ નહીં, પણ શુધ્ધમાં આવ્યો નથી ને શુભભાવ નહીં તો જઈશ કયાં ત્યારે? સમજાણું કાંઈ?

ટીકાકારે બધાની સંભાળ લીધી છે. હેં? કાંડા ઝાલીને. ઊભો રહે! ઊભો રહે! માળા! અમને કાંઈ

પાપ લાગતું નથી. ક્રમબદ્ધ થવાનું હશે તે થાશે. ક્રમબદ્ધ થવાનું હશે તે થાશે. (પણ) તારી દષ્ટિ ક્યાં છે? પર્યાય ઉપર? ક્રમબદ્ધની તને શ્રદ્ધા જ નથી. સમજાણું કાંઈ? ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાની દષ્ટિ તો જ્ઞાયકસ્વભાવ ઉપર હોય છે. એને આવા સ્વચ્છંદીના પરિણામ એને હોતા નથી. સુજાનમલજી! જે વાત હોય, એ તો બધી આવવી જોઈએ ને?

મુમુક્ષુ :- સાવધાન કરવા માટે.

ઉત્તર :- હા, ક્રમબદ્ધ કહ્યું ને. ક્રમબદ્ધ જે સમયમાં જે થવાનું હોય તે થાય એવી જેની દષ્ટિ હોય, એ તો દ્રવ્ય ઉપર દષ્ટિ જ્ઞાયક ઉપર હોય ને થવાનું હોય તે થાય તેને જાણે. આ તો પર્યાય ઉપર દષ્ટિ, ક્રિયા ઉપર દષ્ટિ, કરવા ઉપર દષ્ટિ અને થવાનું હોય તે થાય એ આવ્યું ક્યાંથી એને? સમજાણું કાંઈ? ત્રણ બોલ કહ્યા હતા ને, ભાઈએ લખ્યા હતા એ, સોગાનીજીએ. યોગ્યતા, થવાનું હોય તે થશે અને ક્રમબદ્ધ. એ ત્રણે ખટકે છે અમને તો, કહે. બોલે છે લોકો ત્યાં. ...સોગાનીજી! ત્રીજું પુસ્તક, એમાં આવ્યું હતું યોગ્યતા. પણ યોગ્યતાનો જાણનાર કોણ? જાણનારને જાણ્યા વિના યોગ્યતાની પર્યાયને જાણી કોણે? અમારી યોગ્યતા હતી તો થયું, અમારી યોગ્યતા હતી તો થયું. પણ યોગ્યતાની પર્યાયનું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન વિના યોગ્યતાનું જ્ઞાન સાચું આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? એવી વાત છે ભાઈ આ તો.

દ્રવ્યના સ્વરૂપના જ્ઞાન વિના ક્રમબદ્ધનું અકર્તાપણું ટળે નહીં ને કર્તાપણું રહે ને ક્રમબદ્ધને માને એમ બની શકે નહીં. ક્રમબદ્ધનો માનનારો અકર્તા છે. રાગ અને પરની ક્રિયાનો અકર્તા છે અને જાણનાર-દેખનારે એણે ક્રમબદ્ધને માન્યું છે. એમ ભાષા કરે કે અમારે એમ થવાનું હતું. એક જણો પરણ્યો, પુનર્લગ્ન કર્યું. કહે, એ તો ક્રમબદ્ધમાં આવવાનું હતું. પણ તારાથી એમ ન બોલાય. સાળા! ગજબ કરે છે ને. સમજાણું કાંઈ? શેઠી!

અમારે તો બધા ભણતા હતા. બહુ આવે ને? અમારી પાસે આવ્યા. પાછા પુનર્લગ્ન કરીને આવ્યા. ક્રમબદ્ધમાં એ થવાનું હતું. હા.. ભાષા પણ.. છગનભાઈ! એમ ન બોલાય બાપુ! તારાથી. તારું કામ નહીં એ તો સ્વચ્છંદ છે. આહાહા! જેને ક્રમબદ્ધની પર્યાયનું જ્ઞાન થાય તેને અંતરમાં અકર્તાપણું ઉત્પન્ન થાય. અકર્તાપણું નાસ્તિ અને અસ્તિથી કહીએ તો જ્ઞાતા-દષ્ટાપણું ઉત્પન્ન થાય.

તે જ્ઞાતા-દષ્ટા તે ક્રમબદ્ધને જાણે અને યોગ્યતાને જાણે છે. શેઠી! એવી વાત છે. આહાહા! અકર્તાપણું સિદ્ધ કરવા ક્રમબદ્ધ લીધું છે, ક્રમબદ્ધ સિદ્ધ કરવા નથી લીધું.

ભગવાનઆત્મા પરનો પણ અકર્તા છે ને આવેલો રાગ એને કરું એવું તેના સ્વરૂપમાં નથી. એમ આત્માનું અકર્તાપણું સાબિત કરતાં એની ક્રમબદ્ધની પર્યાયને ત્યાં સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ? એ તો એમ થવાનું હતું, એમ વિકલ્પ આવવાનો હતો. કોની ઉપર તારી દષ્ટિ છે પણ? ક્યાં તું ઊભો છો?

રાગમાં ઊભો છો ને વિકલ્પ આવવાનો હતો તે આવ્યો. આવ્યું ક્યાંથી તને? એ સ્વચ્છંદી છે. હા.. બચાવ કરે કે અમારી ભૂમિકામાં એવું હોય, ફલાણું હોય, ફલાણું હોય, શાસ્ત્રમાં નથી આવ્યું. લડાઈ કરે છે જ્ઞાની. પણ એ લડાઈનો ભાગ તો હોય છે પણ એ ભિન્ન રાખીને જાણે છે એને. એની દૃષ્ટિમાં તો આત્મા છે. દૃષ્ટિમાં રાગ નથી. આહાહા! સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી ક્ષાયિક સમકિતી હતા ને ૯૬ હજાર સ્ત્રીને પરણ્યા હતા. સાંભળને. કાંઈ પરણ્યા નહોતા ને એ વિકલ્પ ઉઠયો એ એનો નહોતો. આહાહા! એવી અંતરની દૃષ્ટિ ખીલ્યા વિના વિકલ્પનો જાણનાર ને ક્રિયાનો જાણનાર થઈ શકે નહીં. કર્તા થાય તેને ક્રમબદ્ધનું જ્ઞાન છે નહીં. આહાહા! કહો, શેઠી! એવું છે. આહાહા! **નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહીં જાણનારા.** લ્યો! અંતરને નહીં જાણનારા. **કેટલાક જીવો બાહ્યાચરણમાં આળસુ વર્તતા થકા,** એમ. પાછા સ્વરૂપનું ભાન નથી અને પરિણામ શુદ્ધમાં આળસુ છે એટલે અશુભને કરે છે. **એ ચરણપરિણામનો નાશ કરે છે**. એ શુભભાવનો નાશ કરે છે. સમજાણું? એ નીચેમાં આવી ગયું એમાં. ઓલામાંથી રહી ગયું છે આમાં.

**જીવોનું પ્રવર્તન અને તેનું ફળ. કેવળનિશ્ચયાવલંબી છે એ સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધ વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી કલ્પે છે,** તે કેવા છે? **ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,** લ્યો! એ અભિન્નસાધ્યસાધન પ્રગટયું નથી અને ભિન્નસાધ્યસાધનને તિરસ્કારે છે. શુભભાવને છોડે છે, તિરસ્કાર કરે છે. સમજાણું કાંઈ? કાંઈક કલ્પી તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, **અભિન્ન સાધ્યસાધનભાવને નહીં ઉપલબ્ધ કરતા થકા,** લ્યો! અને અંતરમાં ભગવાનઆત્માને પૂર્ણ નિર્મળ સાધન તરીકે નિર્મળ દશા પ્રગટ કરતા નથી. **અંતરાળમાં જ (-શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ) પ્રમાદ મદિરાના મદથી ભરેલા,** લાંબી વાત છે જરી. લ્યો! આવશે કાલ આવશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૬, ગાથા :- ૧૭૨
## જેઠ સુદ-૨, શનિવાર, તા :- ૬-૬-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. એકલા નિશ્ચયાવલંબી અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ અંતરમાં પ્રગટયા નથી. નિશ્ચયનો આત્મા જ્ઞાનાનંદ છે, શુદ્ધ છે એવું ભાન થયું નથી અને નિશ્ચય વિના એકલા નિશ્ચયના આભાસી એ કેવા હોય તેની વાત ચાલે છે. આહાહા! લ્યો! પહેલા વ્યવહારાવલંબી એકલા વ્યવહારાવલંબી. બાહ્યની ક્રિયાકાંડ ને શુભભાવને ધર્મ માનનારા અને તેનાથી મારું કલ્યાણ થશે. મિથ્યાદષ્ટિ, વ્યવહારાવલંબી એને વનસ્પતિની ઉપમા આપી છે ત્યાં. અહીં કહે, આને વનસ્પતિની ઉપમા આપશે.

કહે છે **કેવળનિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત,** એ શુભભાવની ક્રિયા છે તેનાથી વિરકત બુદ્ધિવાળા વર્તતા થકા, કારણ કે શુભભાવ છે એ તો પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી. એમ કરીને શુભભાવને છોડે છે. શુદ્ધભાવને પ્રાપ્ત થતાં નથી. **આડંબરમાં વિરકત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધ વિંચેલી રાખી,** આમ વિંચેલી રાખીને જાણે ધ્યાન કરે છે એમ લાગે. **કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે,** જેમ સુખ ઉપજે તેમ રહે છે. એ આપણે કાલ આવી ગયું છે કાલ. તેનો અર્થ. નીચે ફૂટનોટ.

**અર્થાત્ સ્વમતિ કલ્પનાથી કાંઈક ભાસ કલ્પી,** જાણે કે મને કાંઈક જણાય છે અંદર. ધોળું, પીળું, લાલ કલ્પી લઈને મરજી મુજબ જેમ સુખ ઉપજે તેમ રહે છે. **તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા,** હવે અહીંથી શરૂ થાય છે. નિશ્ચય અભિન્નસાધ્યસાધન છે નહીં અને ભિન્નસાધ્યસાધનને તિરસ્કારે છે. એટલે નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે અને વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. એમ. વ્યવહાર એટલે શુભભાવ. સમજાણું? કહે છે કે, ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, એક વાત કે રાગ જે દયા, દાન, વ્રતાદિના પરિણામ વ્યવહાર રત્નત્રયના શુભભાવ છે એ ભિન્ન સાધન છે અને સાધ્ય નિર્મળ અવસ્થા. પણ કોને? કે જેને અંતરમાં અભિન્નસાધ્યસાધન પ્રગટયું છે, શુદ્ધપૂર્ણ નિર્મળથી સાધ્ય છે અને એની વીતરાગી પર્યાય સ્વદ્રવ્યને આશ્રયે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટી છે એવા અભિન્નસાધ્યસાધનવાળાને આ ભિન્નસાધ્યસાધનનો વ્યવહાર હોય છે. આને તો નિશ્ચય પણ નથી ને ભિન્નસાધ્યસાધનનો વ્યવહાર પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુભાશુભ બે લખ્યા છે.

ઉત્તર :- બે લખ્યા છે? છે એમ કયાં છે? અર્થમાં લખ્યું છે. ભૂલ છે. મળતું નથી. મેળ ખાતો

નથી. કહો, સમજાય છે કાંઇ? એથી એમ નથી કે ભિન્નસાધ્યસાધન છે એ વ્યવહાર શુધ્ધ છે, એ ધર્મનું કારણ છે. એ આરોપે કહ્યું છે. જયારે સ્વભાવની દષ્ટિ થઇ, જ્ઞાન શુધ્ધચૈતન્યમૂર્તિ છું એવી શ્રધ્ધા, જ્ઞાન ને શાંતિની અવસ્થા જે થઇ ત્યારે રાગ જે વ્યવહારે આવે છે એને ભિન્નસાધનનો આરોપ આપીને તેને વ્યવહારે સાધન કહ્યું છે. સમજાણું કાંઇ?

મુમુક્ષુ :- સાધન થયું છે.

ઉત્તર :- (સાધન) થયું છે. નથી કહ્યું? નિરૂપણ કથન છે બે પ્રકારના. સાધન નથી તેને કહેવું તેનું નામ વ્યવહારનય પણ અહીં તો કહે છે કે નથી નિશ્ચયનું સાધન, નથી વ્યવહારના અનુષ્ઠાનને તિરસ્કારે છે. ..... આવે છે ને? અભિન્નસાધ્યસાધનભાવને નહીં ઉપલબ્ધ કરતા થકા, રાગના શુભભાવનો અભાવ કરીને સ્વરૂપની રમણતા કરે તો તે બરાબર છે. સમજાણું કાંઇ? પણ સ્વરૂપની શ્રધ્ધા જ્ઞાયક ચિદાનંદ્ છે એવી દષ્ટિ, જ્ઞાન પણ નથી અને આ શુભભાવનો તિરસ્કાર કરે એટલે એ અશુભમાં આવવાનું રહ્યું. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, કામ, ક્રોધ એમાં રહ્યું. એને શુભભાવ તો રહ્યો નહીં.

**ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્નસાધ્યસાધનભાવને નહીં ઉપલબ્ધ કરતા થકા,** અંતરમાં શુધ્ધ દ્રવ્યસ્વભાવ શુભરાગથી ભિન્ન એવા સાધનની નિર્મળ પર્યાય પ્રગટ નથી. અભિન્નસાધ્યસાધનને પ્રાપ્ત થયા નથી. **અંતરાળમાં,** એટલે કે અંતરમાં શ્રધ્ધા, જ્ઞાન ને વીતરાગતાનો અંશ પણ દ્રવ્યને આશ્રયે થવો જોઇએ તે કર્યો નથી અને શુભભાવને તિરસ્કારે એટલે અંતરાળમાં શુધ્ધ પણ નહીં અને શુભ પણ નહીં. અશુભમાં જાય છે. સમજાણું કાંઇ?

**અભિન્નસાધ્યસાધનભાવને નહીં ઉપલબ્ધ કરતા થકા અંતરાળમાં જ (-શુભ તેમ જ શુધ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા,** લ્યો! દારૂ પીધેલો માણસ હોય એમ પ્રમાદનો દારૂ પીધો આણે. મદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, **મત્ત, ઉન્મત્ત જેવા,** ગાંડા, પાગલ જેવા કહે છે. આહાહા! સમજાણું કાંઇ? પાગલ જેવા. દીલીપે પાગલ કહ્યા હતા. પછી પાગલ જેવા, પાગલ જેવા કહ્યા હતા. એમ કહું છું. આ તો જેવા છે ને. જુઓને અહીં. ઉન્મત્ત જેવા, એમ છે. અહીં જેવા કીધા છે. અહીં તો ઉપમા દેવી છે ને. ઓલા જુદી વાત છે. પાગલ જેવા એટલે કર્તા એ હોય. કર્તા જે પરને માને એ પાગલ છે એ વળી જુદી વાત છે.

અહીં તો કહે છે નથી અંતર સ્વભાવ ચૈતન્ય ભગવાન રાગ ને વ્યવહારના પરિણામથી ભિન્ન. એની નથી શ્રધ્ધા, નથી એનું જ્ઞાન, નથી એનો આશ્રય અને વ્યવહારના રાગ જે આવે અંશે તો કહે, નહીં એ તો પુણ્યબંધનું કારણ પુણ્યબંધનું માટે તેને છોડે. અહીં છોડયું, આ છોડયું, રહ્યો એકલો અશુભભાવ. સમજાણું કાંઇ? કહો, શેઠી! બેયની સંભાળ બુધ્ધિ છે.

મુમુક્ષુ :- સૌથી વધારે ટોટલ..

ઉત્તર :- ટોટલમાં તો ઓલો પણ ટોટલમાં છે ને આ પણ ટોટલમાં છે. ઓલાને જરી શુભ હતો. ટોટલ તો ટોટલ જ છે. પણ ઓલાને શુભ હતો ને જરી સ્વર્ગાદિ મળે ને આને સ્વર્ગાદિ નહીં. સીધો નરકમાં, નિગોદમાં જાય એ વાત લીધી છે. સમજાણું કાંઈ?

કહે છે જુઓ! **મત્ત જેવા,** એમ છે ને? **મૂર્છિત જેવા,** એમ બધા. જેવા શબ્દ છે. **મૂર્છિત જેવા,** મૂર્છા ખાઈને પડયા હોય ને જાણે. આ વાઈ આવે ને જેમ મૂર્છા થઈ જાય ને એમ. કાંઈ ભાન નથી. નથી નિશ્ચયનુ ભાન, નથી વ્યવહારના શુભપરિણામના આચરણમાં જેનું લક્ષ. એવા **મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા,** સૂતા હોય જાણે નિરાંતે ઉંઘમાં ઘરડતા હોય એવા. કહો, સમજાણું?

**પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા જેવા,** ઠીક! પામેલા હોય એવા. બધાને ઉપમા છે ને આ તો. ઘી-સાકર-ખીર. ખીર એટલે દૂધ-દૂધપાક. સાકર ને દૂધપાક. ઘણા દૂધપાક ખાઈને પછી એ.. નિરાંતે પડયા હોય ને. પૂરી ને દૂધપાક ચડાવ્યા હોય પછી ઉંઘમાં પડે. એવા નથી ચૈતન્યની અંતરસ્વભાવ સન્મુખ દૃષ્ટિ, નથી શુભપરિણામના આચરણમાં જેનું લક્ષ. સમજાણું કાંઈ? એવા જીવને **પુષ્કળ ઘી-સાકર-ખીર ખાઈને તૃપ્તિ પામેલા (ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (-મંદતા નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા,** જાડું શરીર નહીં. પણ જેને કોઈકનું જાડું શરીર હોય ને પછી એય.. આમ પડયા હોય પછી માંડ માંડ ચાલે ને એવા. એમ. હોય ભલે પાતળુ શરીર એમ. સમજાણું કાંઈ?

હોય છે ને, બહુ મોટું જાડું શરીર હોય પછી માંડ માંડ આમ ચાલે. પાડા જેવા. મોટા પાડા હોય એ તો સરખાયથી ચાલે. આ તો શરીર હોય એવું આમ. બાર મણનો હતો એક જણો.

મુમુક્ષુ :- જેઠાલાલ.

ઉત્તર : - કેશવલાલ કે શું હશે? જેઠાલાલ એટલા બધા નહોતા. ધ્રોલનો દરબાર છે નહીં? અત્યારે એક જણ. ધ્રોલનો દરબાર છે ને? મોટો છે બાર મણનો. એક જ ગાડીમાં બેસે એકલો. ત્રિભોવનભાઈ, જેઠાભાઈ એવા હતા પણ એટલું બધું નહીં. એને તો મેં જોયેલા. એક એક્કો જોઈએ બેસવા. કહેતા હતા, નહોતા કહેતા? કોડો કોણ જુએ છે? મોટો કે નાનો? તો મોટો હું છું એમ કહેતો હતા. એ ત્રિભોવન શેઠ હતા. જેઠાલાલ શેઠ દામનગરમાં.

અહીં કહે છે **જાડા શરીરને લીધે જડતા,** નથી શુભભાવના ઠેકાણા, નથી શુધ્ધની શ્રધ્ધાના ઠેકાણા. બેયથી ભ્રષ્ટ થયેલા જાડા શરીરવાળા જેમ નિષ્ક્રિય પડયા હોય. નિષ્ક્રિયતા ઉપજી હોય એવા છે. **દારુણ બુધ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા,** જુઓ! કેટલી ઉપમા આપી. દારુણ બુધ્ધિભ્રંશથી, આકરી બુધ્ધિભ્રંશથી મૂઢ થઈ ગયેલા. જરા પણ શુભભાવના ઠેકાણા નથી, નથી શુધ્ધના

ઠેકાણા. સમજાણું કાંઇ? **જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઇ ગયું હોય છે,** ભગવાન ચૈતન્યમૂર્તિ આમ સંકોચાય ગયો છે, આમ સંકોચાય ગયો છે. પર્યાયમાં સંકોચ પામી ગયો છે એવા. એવી વનસ્પતિ જેવા, લ્યો!

મુનિન્દ્રની. અહીં તો મુખ્યપણે સાધુની વાત છે ને. **મુનિન્દ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહીં અવલંબતા થકા,** તેને અઠયાવીસ મૂળગૂણ જોઇએ. પંચમહાવ્રતાદિના એમાં પરિણામ એને નહીં અવલંબતા. કારણ કે, તે તો પુણ્યબંધ છે. નથી ઉપયોગ શુધ્ધતામાં આવતો, નથી શુભમાં આવતો. બેયથી ભ્રષ્ટ છે એમ કહે છે. શુભમાં આવે તો એને પુણ્યબંધન થાય, શુધ્ધતા વિના, અને શુધ્ધતાનું ભાન હોય ને શુભ થાય તોપણ શુભનું તો પુણ્ય બંધાય. અને શુધ્ધતાથી સંવર ને નિર્જરા થાય. સમજાણું કાંઇ?

શુભથી નિર્જરા બિર્જરા એ તો ઉપમા છે. શુભથી નિર્જરા કાંઇ નહીં. શુભ તો ઉદયભાવ છે. બંધ કરા ઉદયભાવા, છે ને સિધ્ધાંત? એય! બંધ-ઉદય. ઉદયભાવ બંધનું કારણ છે. શુભભાવ ઉદયભાવ છે. કિંચિત્ બંધનું કારણ ઓછું નહીં. બંધનું જ કારણ છે. અબંધનું કારણ બિલકુલ નહીં. ઉદયભાવ છે. તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ ઉદયભાવ છે. તેમાં તો બંધ પડે છે. તેમાં શુધ્ધતા કયાંથી આવી? સમજાણું કાંઇ? અહીં તો કહે છે નથી શુધ્ધની શ્રધ્ધાનો પ્રયત્ન, શ્રધ્ધાનું જ્ઞાન, શ્રધ્ધાનું વલણ, સ્વભાવની સ્થિરતા, એ પણ નથી. અને આ શુભપરિણામમાં આવે તો તિરસ્કાર એ નહીં એ નહીં એ નહીં. એ પુણ્યબંધનું કારણ છે.

એમ કરીને ભયથી, પુણ્યબંધના ડરથી **નહીં અવલંબતા થકા, પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહીં પામ્યા થકા,** પાછા. શુભભાવથી હઠે અને સ્વરૂપની સ્થિરતા કરે તો તો બરાબર છે એ તો. પણ **જ્ઞાનચેતના પરમ નૈષ્કર્મ્યરૂપ,** શુભ-અશુભ વિકલ્પ જે રાગ છે તેનાથી રહિત પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતના. ભગવાનઆત્મા જ્ઞાનમાં ચેતાય ને એકાગ્ર થાય એવો જે એનો સ્વભાવ એમાં વિશ્રાંતિ નહીં પામ્યા થકા, એને જ્ઞાનચેતનાની વિશ્રાંતિ છે નહીં. શુભભાવ છે અને આ વિશ્રાંતિ નથી. અશુભભાવમાં દુઃખી થઇને, ખેદ કરીને રખડશે. નરકાદિ, નિગોદમાં જશે. સમજાણું કાંઇ? ભિન્નનો ખુલાસો થઇ ગયો ને નીચે નહીં? બગડો છે ને નીચે. બેય થઇ ગયા. બગડો ને ત્રગડો. નીચે ફૂટનોટ.

**મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને,** એ ધર્મી જીવને, જેને આત્માનો મોક્ષમાર્ગ પ્રગટયો છે, એવા જીવને **સવિકલ્પ પ્રાથમિક દશામાં છઠ્ઠા ગુણસ્થાન સુધી,** ચોથાથી, પાંચમું, છઠ્ઠું એના સુધી વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્યસાધનભાવ હોય છે. નિશ્ચયભાન, અનુભવદષ્ટિ સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું છતાં જયાં સુધી તેને સવિકલ્પ દશા ચોથે, પાંચમે, છઠ્ઠે છે ત્યાં સુધી ભૂમિકાને અનુસાર **ભિન્નસાધ્યસાધનભાવ,** એટલે રાગની મંદતાનો વ્યવહાર સાધનભાવ હોય છે. **ભૂમિકા પ્રમાણે**

**નવપદાર્થો સંબંધી વિકલ્પ, અંગ-પૂર્વ સંબંધી વિકલ્પ અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભભાવો હોય છે.** દરેકને શુભભાવ લઇ લીધો. નવપદાર્થો સંબંધી શુભભાવ, અંગ-પૂર્વ સંબંધી શુભભાવ અને શ્રાવક મુનિના આચારો સંબંધી શુભભાવો હોય છે. શુભભાવ હોય છે.

નિશ્ચય શુભભાવનો નિષેધ થઈને અનુભવ સમ્યગ્દર્શન થયું છતાં તેને પૂર્ણ વીતરાગ નથી તે સવિકલ્પ દશામાં શુભભાવ હોય છે. એટલી વાત. છે પુણ્યબંધનું કારણ, એ ધર્મ નહીં. પણ એ પુણ્યભાવ આવ્યા વિના રહેતો નથી. આહાહા! **આ વાત કેવળ નિશ્ચયાવલંબી જીવો માનતા નથી**. માનતા જ નથી. એમ કે, વળી સવિકલ્પમાં રાગ આવવો ને આ શું? નહીં, નહીં. તે પુણ્યબંધનું કારણ માટે નહીં.

**આંશિક શુદ્ધિ સાથેની શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધતા નથી,** શું કહે છે? નિશ્ચયાવલંબી જીવો અંતર શુદ્ધ દશા, શ્રદ્ધા આંશિક પ્રગટ થાય તેની સાથે વ્યવહાર શ્રદ્ધતા નથી. શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ માનતા નથી. શુદ્ધશ્રદ્ધા અને શુદ્ધજ્ઞાન રાગથી લાભ નથી એવું ભાન હોવા છતાં સમ્યગ્દર્શનની ભૂમિકામાં આંશિક શુદ્ધિ સ્વભાવને આશ્રયે પ્રગટી છે એની સાથે આવો શુભભાવ હોય એ નિશ્ચયાવલંબી જાણતા નથી. સમજાણું કાંઇ?

**પ્રાથમિક દશાને તેઓ,** પ્રાથમિક શબ્દે ચોથું ગુણસ્થાન, પાંચમું, છઠ્ઠું એને અંતરમાં નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વભાવની શુદ્ધિ, શુભભાવ રહિત શુદ્ધિ થતાં આંશિક શુદ્ધિ છે, પૂર્ણ શુદ્ધિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન.... છતાં તેને પુણ્યભાવ આવ્યા વિના રહેતો નથી. શુભભાવવાળી પ્રાથમિક શુદ્ધિ માનતા નથી. ત્યારે કહે નહીં, શુભભાવ હોય નહીં. સમજાણું કાંઇ? **અને પોતે અશુભભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઊંચી શુદ્ધ દશા કલ્પી લઇ સ્વચ્છંદી રહે છે**. વિકલ્પ અશુભ રહ્યા કરે છે. શુભભાવમાં આવતા નથી. શુભભાવથી-શુભથી દૂર રહીને અમારી દશા ઊંચી થઇ ગઇ છે એમ કલ્પી અશુભભાવમાં રહેતા સ્વચ્છંદી થાય છે. કહો, સમજાણું આમાં?

ત્રગડો (૩) **મુનીન્દ્ર કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહીં અવલંબતા થકા, કેવળનિશ્ચયાવલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી.** નિશ્ચયની દૃષ્ટિનું જ્ઞાનાદિ નથી અને શુભભાવ કરતા નથી. **પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે.** હિંસા, જૂઠું, વિષય, ભોગ-વાસના એ ભાવને તો સેવ્યા કરે છે. **આ રીતે તેઓ પાપને જ બાંધે છે.** કહો, સમજાણું કાંઇ? **માત્ર વ્યકત-અવ્યકત પ્રમાદને આધીન વર્તતા થકા,** લ્યો! નથી શુદ્ધ શ્રદ્ધાના પ્રયત્નનું જ્ઞાન ને ભાન. નથી વ્યવહારના કર્મકાંડનો વિકલ્પ અને શુભભાવ.

**પ્રગટ ને અપ્રગટ (વ્યકત-અવ્યકત) પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા**

**હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે**. એ રાગનું ફળ હરખ ને શોક વેદે છે. હરખ ને શોક એને વેદે છે. નથી આનંદનું વેદન, નથી શુભનું. સમજાણું કાંઈ? કર્મફળની ચેતનાના પ્રધાનપણા(મુખ્યપણા)વાળી પ્રવૃત્તિ, દેખો! હરખ શોકનું જ વેદન મુખ્યપણે છે. ઓલું શુભનું વેદન તો છે નહીં એટલે. કોઈ વખતે આવી જાય છતાં એને આદર કરતો નથી. એટલે **કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે**. એક તો એમ આવ્યું હતું, એય! કેળવણીમાં જ્ઞાની હોય, સમકિતી હોય ને. શ્રાવક ગૃહસ્થ છોકરાઓ પણ હોય છે સમકિતી. નાની ઉંમરમાં આઠ વર્ષે સમકિત પામે છે ને. એવા જીવોને ધર્માત્મા સ્થિર કરે છે. ભાઈ! આવ્યું હતું ને ઈ?

સ્થિર કરે છે. સ્થિર કરે છે એનો અર્થ એ કે એને મદદ કરે છે. સમકિતી હોય છે ને. આઠ વર્ષના, નવ, દસ, બાર વર્ષ. રાજકુમાર હોય છે જુઓને. મોટા સમકિતી, કેળવણીમાં જાય. ધર્મશિક્ષામાં જાય, કેળવણીમાં જાય અહીં તો લ્યો ને! લૌકિક કેળવણીમાં જાય. લૌકિક શિક્ષા લ્યે છે ને માસ્તર પાસે. વીસ વીસ વર્ષના જુવાન રાજકુમારો. સમકિતી હોય, જ્ઞાની હોય. સમજાણું કાંઈ? એને પણ સ્થિર કરવા એટલે કે એને એ જાતની મદદ કરવાનો ભાવ સમકિતીને આવે. સમજાણું કાંઈ?

એ ભાવના ઠેકાણા ન મળે ને નિશ્ચયનું ઠેકાણું ન મળે. અહીં ને અહીં તો કહે છે. **એવી વનસ્પતિની માફક,** લ્યો! વનસ્પતિ જેમ પીપળાનું ઝાડ હોય, બિંબ જેવા લાગે. કાંઈ નહીં અમારે રાગાદિ ભાવો પુણ્યબંધનું કારણ છે. શુદ્ધમાં તો આવ્યો નથી. કેવળ પાપને જ બાંધે છે. ઓલો શુભભાવને પુણ્યને બાંધીને સ્વર્ગાદિ પરંપરા હતી એને દેવલોક, મનુષ્યપણું સાધારણ મળે. પછી ચાર ગતિમાં રખડે અને સીધો વનસ્પતિમાં જાય. એમ કીધું પાછું. સમજાણું કાંઈ?

એ પણ સંસારમાં રખડે ને આ પણ સંસારમાં રખડે, રખડવામાં કાંઈ બેમાં ફેર છે નહીં. કહ્યું છે- લ્યો! **निश्चयमालम्बन्तो निश्चय तो निश्चयमजानन्त: । नारायन्ति चरणकरणं बाह्यचरणालसा: केऽपि ।। અર્થાત્ નિશ્ચયને અવલંબનારા,** નિશ્ચયને અવલંબન માને પણ નિશ્ચયને નિશ્ચયથી જાણે નહીં. ચૈતન્ય સ્વભાવ પુણ્ય-પાપના વિકલ્પની વિકૃત ક્રિયાથી ભિન્ન એવું જે નિશ્ચયદ્રવ્યનું સ્વરૂપ એને તો જાણે નહીં. નિશ્ચય. ના અમારે તો બસ કાંઈ બંધ નથી. 'બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી, વર્તે મોહાવેશમાં શુષ્ક જ્ઞાની તે આંહી' આવ્યું છે કે નહીં? ઓલો છોકરો બોલે તો.... એય! તમારો ધનપાળ બોલ્યો હતો કે નહીં? કાલ બોલ્યો હતો, નહીં? એ. બંધ-મોક્ષ છે કલ્પના, ઘણી ગાથાઓ મોઢે કરી છે હો! નાનો છોકરો છે. 'બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી' વાણીમાં બોલે બંધ-મોક્ષ, પણ માળા! રાગની મીઠાશ, વિષયની મીઠાશ, ભોગની મીઠાશ. બળી ગયો એ તો અશુભભાવમાં ગયો છે. નથી શુદ્ધમાં આવ્યો, નથી શુભમાં આવવું. સમજાણું કાંઈ?

વર્તે મોહાવેશમાં, મોહના આવેશમાં, રાગમાં મીઠાશ, ખાવા પીવાની મીઠાશ, મોજ માણવાની

મીઠાશ. એવા પાપના પરિણામને કરી અને એમ માને કે નિશ્ચયમાં અમારે ક્રિયા-બ્રિયા હોય નહીં. એમ માનનારા નિશ્ચયને નિશ્ચયથી નહીં જાણતા, એમ. ખરેખર જાણતા નથી. **કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા,** એવા અજ્ઞાનીઓ નિશ્ચયને નિશ્ચય રીતે જાણ્યું નથી અને બાહ્ય પુણ્યપરિણામમાં આળસુ છે. **ચરણપરિણામનો નાશ કરે છે.** એ શુભભાવનો નાશ કરે છે. લ્યો! એની નીચે ફૂટનોટ.

**વળી જેઓ કેવળનિશ્ચયાવલંબી વર્તતા થકા,** એક નિશ્ચય શુદ્ધઆત્મા બંધ-મોક્ષ રહિત જ છે. ત્રિકાળ બંધ-મોક્ષ રહિત છે, એમ વાતું કરનારા પણ સ્વભાવનો આશ્રય અને દૃષ્ટિ કરનારા નહીં. કહો, સમજાણું આમાં? રાગાદિવિકલ્પરહિત પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહીં ઉપલબ્ધ કરતા હોવા છતાં, ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પની વાસનાથી ભિન્ન ભગવાન એવી પરમ શાંતિરૂપ શુદ્ધાત્માને નહીં પ્રાપ્ત કરતા હોવા છતાં, એને પ્રાપ્ત કરતા નથી શુદ્ધને.

**અને મુનિએ (વ્યવહારે) આચરવાયોગ્ય,** વ્યવહારે આચરવાયોગ્ય **ષડ્-આવશ્યકાદિરૂપ અનુષ્ઠાન,** સામાયિક, ચૌવિસંથો આદિ વિકલ્પ હો, શુભરાગ. **તથા શ્રાવકે (વ્યવહારે) આચરવાયોગ્ય દાનપૂજાદિરૂપ અનુષ્ઠાનને દૂષણ દે છે,** નથી શુદ્ધસ્વભાવનો અનુભવ કરતા અને વ્યવહાર ક્રિયાકાંડને દૂષણ દે છે. કરતા નથી પણ એને દૂષણ દે છે વ્યવહારનું. સમજાણું કાંઈ? તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, લ્યો! શુદ્ધથી પણ ભ્રષ્ટ છે અને શુભથી પણ ભ્રષ્ટ છે. નિશ્ચયવ્યવહાર-અનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહીં જાણતા થકા, નિશ્ચય અને વ્યવહાર અનુષ્ઠાનયોગ્ય દશા. સમ્યગ્દર્શન, જ્ઞાન નિશ્ચય દશા એને યોગ્ય વ્યવહાર એની દશા. બેને યોગ્ય અવસ્થાંતર, યોગી દશા છે આ. તદ્દન નિશ્ચય-વ્યવહારની દશા સ્વભાવનો આશ્રય છે એટલો નિશ્ચય છે અને જેટલો શુભભાવ આવે એટલો વ્યવહાર છે. એવી અવસ્થાંતરને ન જાણતા થકા, **પાપને જ બાંધે છે.** સમજાણું કાંઈ?

**કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી,** એકલા કેવળ નિશ્ચયને માનનારાઓને એ સિવાય નિશ્ચયની અવસ્થા, નિશ્ચય શુદ્ધ અવસ્થાથી જુદી અને નિશ્ચય અનુષ્ઠાન એ. **અને વ્યવહાર અનુષ્ઠાનવાળી,** અને એ કાળમાં અંદર રાગભાવ હોય છે. એવી **મિશ્ર અવસ્થા તેને નહીં જાણતા થકા,** શુદ્ધિ પણ હોય છે અને શુભભાવ પણ હોય છે. એ મોક્ષના માર્ગમાં આ બે અંદર હોય છે. સમજાણું કાંઈ? એને નહીં જાણતા થકા પાપને જ બાંધે છે. **પરંતુ જો શુદ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને,** શુદ્ધઅનુષ્ઠાન મોક્ષમાર્ગને જાણે-માને છે.

**અને તેના સાધનભૂત, (વ્યવહારસાધનરૂપ) વ્યવહાર મોક્ષમાર્ગને માને**. જ્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન, નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે ત્યાં હજી રાગભાગ વ્યવહાર મોક્ષમાર્ગ જેને ઉપચાર કહે એવો ભાવ હોય છે. કેવળજ્ઞાન થાય તેને હોતો નથી. મિથ્યાદૃષ્ટિને હોતો નથી. કેમકે જ્યાં નિશ્ચયદૃષ્ટિ નથી ત્યાં વ્યવહાર

હોતો નથી. જ્ઞાની તો નિશ્ચયનું ભાન હોવા છતાં આવો વિકલ્પ વ્યવહારનો એને હોય છે. એ એને માનતા નથી. વ્યવહાર મોક્ષને માર્ગ માને. અહીં તો એમ કહે છે. માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભઅનુષ્ઠાન રહિત હોય, એમ. શું કહે છે? જુઓ!

એ વખતે અશુભ હોય છે ને ભાઈ, સમકિતીને, જ્ઞાનીને અશુભ હોય છે. એ વખતે શુભ નથી પણ હજી દૃષ્ટિમાં માને છે. શુભભાવ માર્ગ છે વ્યવહાર. નિશ્ચય માર્ગ આ છે ને વ્યવહાર વચ્ચે આવે એવી માન્યતા છે. પણ તે કાળે જ્યારે માન્યતા છતાં એને વાસના વિષયાદિની છે તેમાં છે. ત્યારે અશુભભાવ નથી. માને છે. સમજાણું કાંઈ? જુઓ! કીધું... આત્માનું જ્ઞાન છે, ભાન છે અને શુભભાવ અત્યારે નથી. માને છે કે એક ઠેકાણે આવો શુભભાવ હોવો જોઈએ અશુભ હોય ત્યારે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, મુનિને પંચમહાવ્રત એવું માનતા છતાં અશુભભાવમાં આવ્યો છે. સમજાણું? એથી એને માન્યતામાં છે કે શુભભાવ આવો ને શુદ્ધ આવો.

માને, **તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી શુભઅનુષ્ઠાન રહિત હોય,** એમ. એ વખતે શુભભાવ ન હોય. આ જુઓને! કેટલો ખુલાસો કર્યો છે. **તથાપિ-જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ,** શુદ્ધસ્વરૂપ ચૈતન્યના એકાગ્રતાની સાપેક્ષ. **શુભઅનુષ્ઠાનરત પુરુષો જેવા તો નથી**. શું કહ્યું ઈ? નિશ્ચયસ્વભાવ ચૈતન્ય ભગવાનનો આશ્રય લઈને શુદ્ધતા પ્રગટે અને તેની સાથે તેને દયા, દાન, વ્રતાદિ જે ભૂમિકાને યોગ્ય ભાવ હોય એવો આ નથી.

કારણ કે એને શુભને અને શુદ્ધને બેયને માનતા-જાણતા થકા એ વખતે તેને શુભભાવનો અભાવ છે. અને અશુભભાવમાં છે. અશુભમાં છે પણ માન્યતામાં છે કે નિશ્ચય આ ને શુભ આ. તો અશુભ હોવા છતાં તે છે મોક્ષમાર્ગમાં. હા. નિશ્ચય સહિતનો જે વ્યવહારમોક્ષમાર્ગી છે એવો તો એ નથી. શું કીધું? સમજાણું કે નહીં?

મુમુક્ષુ :- પહેલાં સમજવા....

ઉત્તર :- હા, તો કહ્યું ને? જે શુદ્ધાત્મસન્મુખ મોક્ષમાર્ગને તેના સાધક મોક્ષમાર્ગને માને. માને છે બરાબર. તો ચોથે, પાંચમે, છઠ્ઠે શુભભાવ હોય તો આવો હોય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય. છઠ્ઠે હોય તો પંચમહાવ્રતના વિકલ્પ હોય. એવું બરાબર માને અને નિશ્ચયસ્વરૂપ આત્મા રાગ રહિત છે એની શ્રદ્ધા, જ્ઞાન પણ બરાબર છે એને પણ માને પણ એને અશુભભાવ આવ્યો છે એ કાળે શુભભાવ તો નથી. માને છે કે શુભ ને શુદ્ધ બેય હોવું જોઈએ. તો એ અશુભભાવવાળો છે તો મોક્ષમાર્ગમાં પણ જેવો નિશ્ચય સહિતનો શુભભાવવાળો છે એવો આ નથી. નિશ્ચયની દૃષ્ટિ સહિતવાળો જે શુભભાવ છે એવો આ નથી. અહીં તો નિશ્ચયદૃષ્ટિ હોવા છતાં, વ્યવહારને માનવા છતાં શુભભાવથી રહિત છે. અશુભભાવમાં છે.

મુમુક્ષુ :- નિશ્ચયાવલંબી.

ઉત્તર :- ના ના, ધર્મી. નહીં નહીં નહીં, સમજ્યા નહીં. એ શેઠી! શું કહે છે? ફરીને. જુઓ! છે તો ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ. નિશ્ચયની શુદ્ધતા પ્રગટી છે અને એને માને છે અને શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ ગુણસ્થાનયોગ્ય હોય એને પણ માને છે. માનતા હોવા છતાં તેને તે કાળે શુભભાવ હોતો નથી. એ છે ને. જુઓને! **માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી, શુભઅનુષ્ઠાન રહિત હોય**. શુભભાવ હોતો નથી. સમકિતી છે જ્ઞાની છે ધર્માત્મા. શેઠ! બરાબર ધ્યાન રાખીને કરવા જેવું છે આ.

મુમુક્ષુ :- ઠેકાણે નથી.

ઉત્તર :- ઠેકાણે લાવો.

મુમુક્ષુ :- મગજમાં વાત બેસતી નથી.

ઉત્તર :- ફરીને કહીએ. આપણે અહીં ન્યાં કયાં.. અહીં તો જયસેનાચાર્ય બધું સ્પષ્ટ કરે છે કે ભઈ જ્ઞાનીને નિશ્ચય હોય છે સમ્યગ્દર્શન નિશ્ચય સ્વભાવને આશ્રયે. એને પણ માને છે અને વ્યવહાર એને ગુણસ્થાનયોગ્ય હોય એને પણ માને છે. પણ વ્યવહાર હોતો નથી શુભભાવ એને એ કાળે. એને લડાઈનો ભાવ છે, વિષયની વાસનાનો ભાવ થઈ ગયો, કોઈ ક્રોધનો ભાવ થયો તો અશુભભાવ છે માન્યતામાં બે છે. નિશ્ચય આ છે અને વ્યવહાર આવો હોય, પણ એને એ કાળે નથી અશુભભાવ, આ તો અશુભથી નરકમાં જાય એવું નિશ્ચયાવલંબીમાં કીધું ને એ કયાંય અશુભ આવવાની સ્થિતિએ અશુભમાં છે છતાં આવો છે એમ લેવું છે.

ફરીને. નિશ્ચયાવલંબી છે. નથી શુદ્ધનું ભાન, નથી શુભનો આદર, તિરસ્કાર. એ જીવને અશુભથી નરકમાં જાય એમ કીધું. પણ આવાને અશુભ છે એને શું કહેવું, એમ માટે હવે લેવું છે.

મુમુક્ષુ :- તુલનાત્મક વાત લીધી છે.

ઉત્તર :- હા. બેયની તુલના કરી છે. કે હા, નિશ્ચયસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ હોવા છતાં એને પણ માને છે કે નિશ્ચય તો આ જ સાચું છે અને વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ ભૂમિકા પ્રમાણે એવો ભાવ હોય. માને છે શુદ્ધને પણ નિશ્ચયાવલંબી તો નથી. નિશ્ચય પણ નથી, નથી વ્યવહાર અને એકલા અશુભમાં છે. છતાં જ્ઞાનીને અશુભમાં છે તેને શું કહેવું? એમ કહે છે. શેઠી! સુમનભાઈ! સમજાણું કાંઈ?

કહે છે સીધો સવાલ લીધો કે નિશ્ચયનું ભાન નથી, વ્યવહાર શુભભાવ તો અશુભ-નરકમાં જાય. સમકિતીને જ્ઞાનીને અશુભ છે કે નહીં? શુભ નથી એવો પણ કાળ હોય છે એને પણ. નરકમાં જાય. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! જયસેનાચાર્યએ કેટલું સ્પષ્ટ કર્યું છે. કહે છે કે ભાઈ! એ

વ્યવહારમોક્ષને નિશ્ચયમોક્ષ માને એ બરાબર માને છે. પણ ચારિત્રમોહના ઉદયને લીધે એટલે અશુભભાવ તીવ્ર છે, પરિણામમાં એને અશુભભાવ વર્તે છે. છે સમકિતી, છે જ્ઞાની, છે ધર્માત્મા પણ વર્તમાન શુભભાવ નથી. સંકલેશ અશુભભાવ છે. એને શું કહેવું કહે છે. કે હા, એ નિશ્ચયદષ્ટિવાળા સહિત શુભભાવવાળો છે તેવો તો આ નહીં. એનાથી હલ્કો. સમજાણું કાંઈ? અને નિશ્ચયનું ભાન નહીં અને વ્યવહાર એ તો હલ્કામાં હલ્કો. આ તો ધર્માત્મા કહીને હલ્કો. ઓલા અજ્ઞાની થઈને હલ્કો. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :- ........

ઉત્તર :- આ તો સમ્યગ્દર્શન છે, નિશ્ચય સ્વનો આશ્રય છે સમ્યગ્દર્શન તે, વ્યવહાર હોય તો આવો હોય એવી માન્યતા પણ બરાબર છે. પણ વ્યવહારના શુભભાવમાં વર્તમાનમાં નથી. સમજાણું કાંઈ? **વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શક્તિનો અભાવ હોવાથી,** એ શુભભાવની શકિત જે જોઈએ તેનો અત્યારે અભાવ છે. શુદ્ધની શ્રદ્ધા, જ્ઞાન છે **તથાપિ- જોકે તેઓ શુદ્ધાત્મભાવનાસાપેક્ષ,** જેને ભગવાનઆત્મા શુદ્ધ આનંદની એકાગ્રતા વર્તે છે એ **સાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત,** છે. અને એમાં એને પાછા શુભ દયા, દાન આદિ શુભભાવ પણ હોય છે. રત છે એટલે એને હોય છે, એમ.

**શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી,** રતનો અર્થ કાંઈ ખરેખર બેયમાં રત નથી. પણ વ્યવહારથી, નિશ્ચયમાં રત છે એટલે વ્યવહારમાં રત છે અને વ્યવહારમાં રત છે એમ વ્યવહારથી કહ્યું છે. આરે! સમકિતી વ્યવહારમાં રત હોય જ નહીં. વ્યવહારથી મુકત જ છે. આહાહા! ભારે! પણ અહીં નિશ્ચયમાં રત છે એટલે વ્યવહારમાં રત છે એવું વ્યવહાર સાધનમાં રત છે એમ ઉપચારથી કહ્યું છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહાહા!

અહીં તો કહે છે ને, સોનીનો કાંટો શું કહે છે? નજરીયાનો (મધ્યસ્થ) કાંટો. બરાબર આમ જાય. હીરા, માણેકને તોળે એ કાંટો કેવો હોય? દસ દસ હજાર રૂપિયાની એક રતિ. દસ દસ હજાર રૂપિયાની એક રતિ. એ કાંટા કાંઈ ચોખા તોળે એવા હેઠે આમ જાય ચાર મણ ને આમ જાય એવું ન હોય. એ તો આમ એવા લોઢાના પથ્થરના ઓલા હોય ને? જરીક ઊંચુ-નીચું થાય, એ તો આને ખબર હોય ને? ત્રાજવામાં ૮૦ હજારનો હીરો, લાખનો હીરો, પાંચ લાખનો હીરો તોળવો, લ્યો! સમજાય છે? તો એ જરીક ઊંચુ-નીચું થાય. બહુ ઊંચુ ન્યાં તો ઘસારો બહુ થઈ જાય પાછું માથે. એવા કાંટા હોય છે ને ઊંચા. શેઠી! તમારે તો ખબર હોય છે ત્યાં. અમે તો વગર જોયેલી વાત કરીએ છીએ. તેર તોલાનો કાંટો રાખતા દુકાનમાં હો! હજી અહીં ખુશાલભાઈનો પડયો છે. કેસર તોળવાનો, એ કાંટો અહીં છે, આપણી પાસે છે ને, એ કાંટો છે. ખુશાલભાઈની દુકાનનો છે. પા ભાર કોઈ હરડે તોળવી હોય ને તો એ કાંટો

પડયો છે. નાનો આવડો.

જો કે, સમ્યગ્દષ્ટિ નિશ્ચયનું ભાન અને નિશ્ચયનો આશ્રય હોવા છતાં અને નિશ્ચયને માને છે અને શુભવ્યવહાર આવો ભૂમિકાયોગ્ય હોય એમ માને છે. પણ એને શુભભાવ સદાય હોતો નથી. અશુભભાવ પણ હોય છે. એ વખતે શુભભાવ તો છે નહીં. માન્યતામાં બરાબર છે કે શુભભાવ આવો હોય, પણ એ વખતે તો નથી. ત્યારે શું છે એ? કે ધર્મી છે કે નહીં? કે ધર્મી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુધ્ધ ને શુભભાવ....

ઉત્તર :- બસ. પણ શુધ્ધની દષ્ટિવંતવાળો અને શુભવાળો એનાથી આ હલ્કો છે. કહો, સમજાણું કે નહીં આમાં? છગનભાઈ! હવે સમજાણું કે નહીં?

મુમુક્ષુ :- બહુ પરિચિતવાળા નથી.

ઉત્તર :- એ તો ઘણા પરિચયવાળા છે. એ તો અમથા કરે,... કહો, સમજાણું આમાં? લ્યો! ત્રણ વાત લીધી. એક તો એકલા વ્યવહારના અવલંબી રાગને ધર્મ માનનારા કેવળમિથ્યાદષ્ટિ એક. વ્યવહાર પણ રાગથી રહિત શુધ્ધચૈતન્ય છે એ રાગથી ન પમાય, શુભભાવથી ન પમાય. એ તો સીધા આત્માના આશ્રયે પમાય એની શ્રધ્ધાનું ભાન નથી. વ્યવહારાવલંબી એકલા મિથ્યાદષ્ટિ, એકલા નિશ્ચયાવલંબી. નથી નિશ્ચયની શ્રધ્ધાનું ભાન અને નથી વ્યવહારના આચરણમાં આવતો. એટલે એ બેયથી ભ્રષ્ટ થઈને અશુભમાં જાય. કેવળનિશ્ચયાવલંબી નર્ક આદિ વનસ્પતિમાં જાય.

ત્રીજો, નિશ્ચયનું ભાન ને જ્ઞાન આદિ સ્થિરતા હોવા છતાં શુભભાવ પણ એને હોય છે. એટલે બેયમાં રત છે. એ ત્રીજા નંબરનો, એ ધર્મી છે. નંબર તરીકે પહેલો આમ. એનાથી હલ્કો, છે ધર્મી. શુધ્ધ શ્રધ્ધા, જ્ઞાનનું ભાન છે છતાં અત્યારે શુભભાવ નથી. તેને શ્રધ્ધામાં છે કે શુભભાવ હોય તો આવો હોય મુનિને, આને હોય તો ચોથે આવો હોય પણ એને અશુભભાવ કાળે શુભ નથી. વ્યવહાર સદાય નથી એ વ્યવહાર લ્યો! ઓલો વ્યવહાર પણ નથી, શુભવ્યવહાર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અશુભને વ્યવહાર કહેવાય નહીં.

ઉત્તર :- અશુભને વ્યવહાર કહેવાય નહીં. એ ઘણા વર્ષ પહેલાં આ પ્રશ્ન ભક્તિમાં બેઠા ત્યારે આવ્યો હતો. પછી અહીંથી કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાની વાત છે. કીધું, કાંઈ વ્યવહાર સદાય એને હોતો નથી. સમજાણું? ધર્મી પણ જ્યારે દુકાનમાં ઓલામાં બેઠો હોય અશુભભાવ, ત્યારે શુભભાવ ક્યાં છે ત્યાં? દીકરો મરી ગયો હોય ને આર્તધ્યાન, રૌદ્રધ્યાનના પરિણામ થાય એને. લ્યો! મરી ગયાને કારણે નહીં પણ એના પરિણામ થાય રૂદન ત્યાં. પાંચમે ગુણસ્થાને પણ રૌદ્રધ્યાન છે કે નહીં? ત્યારે રૌદ્રધ્યાન વખતે શુભભાવ તો નથી. ત્યારે તે ધર્મી છે કે નહીં? એને શુભભાવવાળો નથી પણ શુધ્ધ શ્રધ્ધા, જ્ઞાનવાળો છે. તેથી શુધ્ધ શ્રધ્ધા, જ્ઞાનવાળો ને શુભભાવવાળા કરતાં એ હલ્કો છે પણ છે ધર્મી. એને

અશુભભાવવાળો નિશ્ચયાવલંબીને એકલો અશુભમાં નર્ક ગતિ જરી, એવો આ નથી. તેમ નિશ્ચયથી શુભમાં રહે છે તેવો આ નથી. આહાહા! સુજાનમલજી!

ભાષા તો એમ કહે છે, લ્યો! આ સમકિતી છે ને હજી લડાઈઓ કરે છે ને ફલાણુ છે તે. શાસ્ત્રમાં તો કહ્યું છે કે અશુભભાવ કરે નરકમાં જાય. આ બધા એવા લાગે છે. સાંભળને! એ, સમજાય છે? પણ એ પરિણામ એને હોય જ નહીં. એને એની ભૂમિકા પ્રમાણમાં અશુભભાવ આવે છે. રાગનો અશુભભાવ હોય છે. ત્યારે અશુભ છે છતાં વ્યવહારનો શુભભાવ નથી પણ માન્યતામાં છે બેય. સમજાય છે કાંઈ? માન્યતા શુભ ને શુધ્ધની બેય બરાબર છે. છતાં અશુભભાવ કાળે એ શુભ નથી તો જે એકલો અશુભવાળો નરકમાં જાય એવો પણ આ નથી. તેમ જે નિશ્ચયના ભાનવાળો શુભમાં છે એવો પણ નથી. ઓલાથી ઊંચો છે આનાથી હેઠો છે. પંડિતજી! સમજાણું કાંઈ?

**રહિત હોય તથાપિ-જોકે તેઓ શુધ્ધાત્મભાવનાસાપેક્ષ શુભ-અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી.** એ તો બરાબર છે. પણ એકલા શુભભાવવાળા છે એવો આ નથી, અને એકલા નિશ્ચયાવલંબી છે એવો આ નથી. સમજાણું કાંઈ? એવા બે જેવો નથી. અને નિશ્ચયના ભાન સહિતના વ્યવહારમાં રત છે બેયમાં, એવો પણ આ નથી. નથી છતાં ધર્મી નથી એમ નથી. નથી છતાં ધર્મી નથી એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

**તોપણ-સરાગ સમ્યક્ત્વાદિ વડે, વ્યવહારસમ્યગ્દષ્ટિ છે,** ઠીક. ઓલો રાગ છે ને એ અપેક્ષાએ. ચારિત્રમોહનો રાગ છે ને. આહાહા! ભારે ખુલાસો! જયચંદપંડિત ખુલાસો કેટલીય વાર કરે છે પણ એમાંથી ઓલો બચાવ કરી નાખે કાંઈકનો કાંઈક. એમ નો ચાલે. અહીં તો કહે છે કે જયારે ધર્મી છે, નિશ્ચય-સમ્યગ્દર્શન છે, નિશ્ચયજ્ઞાન છે, સ્વરૂપાચરણનું ચારિત્ર પણ અનંતાનુબંધીના અભાવે પ્રગટયું છે. હવે એને જયારે અશુભરાગમાં આવે છે ત્યારે એને શું માનવું? નિશ્ચયાભાસી છે, અશુભમાં આવ્યો એટલે નિશ્ચયાભાસી છે.

મુમુક્ષુ :- એ માટે તો ખુલાસો કર્યો છે.

ઉત્તર :- એટલે તો અહીં ખુલાસો કર્યો છે. અશુભમાં આવ્યો છે માટે નિશ્ચયાભાસી છે એમ છે નહીં. અને અશુભમાં આવ્યો માટે ધર્મી નથી, ગુણસ્થાન ચોથું, પાંચમું નથી એમ છે નહીં. એમ નથી. આરે! ભારે!

મુમુક્ષુ :- અનંતાનુબંધીનો નાશ થયો છે.

ઉત્તર :- હા, એટલી તો શાંતિ ને શુધ્ધતા છે પણ શુધ્ધતા નિશ્ચયની હોવા છતાં એને વર્તમાનકાળમાં શુભભાવનો વિકલ્પ નથી તેથી અશુભભાવ છે અને તેના આચરણમાં એ દેખાય, લડાઈ દેખાય, આ દેખાય. આહાહા! તો શાસ્ત્રમાં કહ્યું છે કે અશુભભાવવાળા નરકમાં જાય. આ કહે ના, ના. એ નરકમાં

જાય એવા ભાવ એને હોય નહીં. અશુભભાવ હોય પણ નરકમાં (આયુષ્ય) બંધાય એવો ભાવ એને હોય નહીં. આહાહા! તિર્યંચમાં જાય એવો ભાવ એને હોય નહીં અને અશુભભાવકાળે આયુષ્ય બાંધે એવો પણ હોય નહીં. બાંધે ને. અશુભભાવ હોય એ કાળે ભવિષ્યનું આયુષ્ય બાંધે એવો એ હોય જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! કેટલી વાતને સ્પષ્ટ કરે છે. કહો, સમજાય છે કે નહીં? આ તો સીધી વાત છે. એ સુમનભાઈ! થોડું થોડું... ત્રણ ચાર બોલ જાજા આવ્યા ને? શુદ્ધનું. ઢીલું આવે તો અહીં જરી.. છેલ્લો બોલ નિશ્ચયનો લીધો ખરો ને.

મરીને નર્કે જાય, વનસ્પતિ થાશે. ત્યારે આ સમકિતી હોય એને અશુભભાવ હોય એનું શું કરવું? એ વનસ્પતિ જાય એમ હોય કે નહીં? અને એ ધર્મી છે કે નહીં? ધર્મી છે. અશુભભાવ આવે પણ છતાં તે ભવિષ્યનું આયુષ્ય પણ અશુભભાવને કાળે નહીં બાંધે. સમજાણું કાંઈ? જયારે શુભભાવ આવશે ત્યારે આયુષ્ય બંધાશે. એટલી તો અંદર શુદ્ધ શ્રદ્ધાનું જોર વર્તે છે.

મુમુક્ષુ :- તિર્યંચગતિની...

ઉત્તર :- નહીં, મનુષ્યની નહીં, નર્કે નહીં, એક દેવની એ પણ વૈમાનિકની. સ્ત્રીની નહીં, સ્ત્રીની નહીં, પુરુષવેદ વૈમાનિકમાં મનુષ્ય તરીકે હોય તો અને નારકી દેવ હોય એ જુદી વાત. નારકી દેવ હોય તો મનુષ્યનું બાંધે. શુભભાવ હોય એ વખતે બાંધે. પણ એ વખતે ધર્મી નથી એમ નહીં. એટલી વાત છે. આહાહા! સમ્યગ્દષ્ટિ ભોગ ને છન્નું હજાર સ્ત્રીનો ભોગ હોય છે. છતાં એ ભોગને કાળે અશુભભાવ ખરો પણ આયુષ્ય બાંધે નહીં ભવિષ્યનું. આહાહા! સમજાણું કાંઈ? અને તેથી તે ધર્મી નથી એમ નહીં. આહાહા! અને તેથી તે નિશ્ચયવાળા સહિતનો વ્યવહારવાળો છે એવો પણ નથી.સમજાણું કાંઈ? તેમ નિશ્ચયાવલંબી એકલો નરકમાં જાય ને શુદ્ધતાનું ભાન નથી ને શુભ પણ નથી એવો પણ નથી. શુદ્ધતાનું ભાન છે. શુભનો વ્યવહાર આવો હોય એવી શ્રદ્ધા છે. શુભભાવ વર્તમાનમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને અશુભભાવ વખતે આયુષ્યનો બંધ ન પડે?

ઉત્તર :- બિલકુલ નહીં પડે મનુષ્ય ને તિર્યંચમાં. સમજાણું કાંઈ? **તોપણ-સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહારસમ્યગ્દષ્ટિ છે.** વ્યવહારસમકિતની વ્યાખ્યા કરશે પાછી. **અને પરંપરાએ મોક્ષને પામે છે.-આમ નિશ્ચય એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યા. અહીં જે જીવોને વ્યવહારસમ્યગ્દષ્ટિ કહ્યા છે,** જુઓ! અહીં વ્યવહારસમ્યગ્દષ્ટિ કહ્યા છે. ઓલામાં હતું સરાગ સમ્યગ્દષ્ટિ. ઓલી કોર, પહેલાં. ઓલામાં વ્યવહારમાં સરાગ સમ્યગ્દષ્ટિ હતું. નિશ્ચયમાં વ્યવહારસમ્યગ્દષ્ટિ કહ્યો. ભાષા ફેરવી છે. વ્યવહારસમ્યગ્દષ્ટિ કહ્યા છે. તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું. ઉપચારથી વ્યવહારસમકિતી છે એમ નહીં. છે નિશ્ચયસમ્યગ્દષ્ટિ, પણ અશુભરાગ છે સાથમાં, એથી તેને રાગની અપેક્ષાએ સમકિતને સરાગ વ્યવહાર કહ્યો. સમકિત તો નિશ્ચય

છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સરાગ સમ્યગ્દષ્ટિ...

ઉત્તર :- છે, શુભરાગ છે. રૌદ્રધ્યાન થાય છે. પંચમગુણસ્થાન સુધી આર્તધ્યાન હોય. આહાહા! ચારિત્રદોષ હો પણ બંધનું કારણ એને આયુષ્યનું નહીં. બીજો બંધ પડે. બંધ તો પડે ને, એટલો રાગ છે તો. સમજાણું કાંઈ? ઓલામાં તો એમ પણ કહ્યું છે ને ભલે નર્કમાં બંધ જાય. એમ પણ કહ્યું. યોગસારમાં. પહેલાની વાત છે ને. યોગસારમાં. સમ્યગ્દષ્ટિ ભલે નર્કમાં જાય પણ એ કર્મ ખરી-ક્ષય થઈ જશે. કારણ કે તેનો સ્વામી નથી, તેનો આશ્રય નથી, દષ્ટિમાં આશ્રય તો આત્મા હતો અને બંધાય ગયું નર્કનું આયુષ્ય. જાય પણ એ ખરી જશે. એને આગળ વધશે નહીં. શ્રેણિકરાજા જુઓને! ગયા નર્કમાં, ખરી જઈને આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. જગદ્ગુરુ ક્ષાયિક સમકિત અને નર્કમાં ગયા.

મુમુક્ષુ :- નર્કનો બંધ પહેલાં પડી ગયો હતો.

ઉત્તર :- પહેલાં. પહેલાં બંધ પડી ગયો. પછી તો બંધ પડતો નથી. કહે છે, **તેઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું. તેમને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી,** ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી, એમ. સરાગ સમકિતવાળા કહીને વ્યવહાર સમ્યગ્દષ્ટિ કહ્યા છે. ઓલાને પહેલાં સરાગ કહ્યું હતું ને.

**શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ૧૫૦-૧૫૧ ગાથાની ટીકામાં કહ્યું છે કે-જ્યારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દષ્ટિ થાય છે.** આ ખુલાસો આપ્યો છે કે સરાગ સમ્યગ્દષ્ટિ કહ્યો કોને? કે જેને **કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે,** જુઓ! સ્વસંવેદન જ્ઞાનને પ્રાપ્ત કરે છે એને સરાગ સમકિતી કહ્યો. ઓલો રાગ છે માટે. આત્માનું સ્વસંવેદન સમ્યગ્દર્શન નથી અને એકલો રાગ છે માટે સમકિતી કહ્યો એમ નથી. સમજાણું કાંઈ?

કારણ કે આચાર્યએ પોતે ૫૦-૫૧માં કહ્યું કે **કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ,** જુઓ! શુદ્ધાત્માના અંદર પવિત્રથી સન્મુખ પરિણામ એનાથી **સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે.** જુઓ! સમ્યગ્દર્શન અને સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન.

**ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે,** લ્યો! આ ક્ષયોપશમ વડે અને ઉપશમ વડે સરાગ સમ્યગ્દષ્ટિ. ક્ષયોપશમ-ઉપશમ સમકિત તો નિશ્ચય છે પણ રાગભાગ બાકી છે એ અપેક્ષાએ તેને સમકિતને સરાગી કહ્યો. બાકી સમકિત તો સમકિત જ વીતરાગ

જ છે. સમજાણું કાંઇ? કેટલું યાદ રાખવું આમાં? આહાહા! લ્યો! એ પૂરું થયું.

હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે, હવે એની વાત કરે છે. નિશ્ચય-વ્યવહારના સુમેળની સ્પષ્ટતા માટે ૨૫૪ મા પાનાની બીજી ફૂટનોટ જુઓ! પહેલાં આમાં આવી ગયું છે. **ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે. પરંતુ જે, અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા,** હવે નિશ્ચય અને વ્યવહાર સહિત અને વ્યવહારથી રહિત થઈને નિશ્ચયમાં આવશે એ વાત વર્ણવશે.

**મોક્ષને માટે નિત્ય ઉદ્યોગ કરનારા**, ધર્માત્મા રાગથી મુકત થઈ અને સ્વભાવની પ્રાપ્તિ કરવાનો જ ઉદ્યમ ધર્મીને તો હોય છે. સમજાણું કાંઇ? અપુનર્ભવ એટલે જોયું? ભવ નહીં. **મોક્ષ માટે નિત્ય ઉદ્યોગ કરનારા, મહાભાગ ભગવંતો,** ધર્માત્મા મુનિની મુખ્ય વાત છે ને આમાં?

મુમુક્ષુ :- ....સાવધાન....

ઉત્તર :- હા, સાવધાન થોડોક કાળ રહે ને પછી છોડીને આડંબર ક્રિયામાં છોડીને સ્થિર થશે. એમ લેશે.

મુમુક્ષુ :- બીજાની મહત્તા નહીં આવે.

ઉત્તર :- હા, મહત્તા નહીં આવે એને. કહેશે અંદર. સમજાણું? માહાત્મ્ય નહીં અર્પતા થકા, વ્યવહારને માહાત્મ્ય નહીં આપતા થકા, વ્યવહાર હોય ખરો પણ માહાત્મ્ય એને સમકિતી જ્ઞાની છે એને વ્યવહારનું માહાત્મ્ય હોતું નથી. વ્યવહારનું માહાત્મ્ય હોય તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે. આહાહા! ભારે વાત! વ્યવહાર હોય છે પણ વ્યવહારનું માહાત્મ્ય હોતું નથી. એવા નિશ્ચય સહિતનો વ્યવહાર અને પછી વ્યવહારને છોડીને એકલો નિશ્ચયમાં રહે તેનો મેળ શું છે એ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૮૭, ગાથા :- ૧૭૨
## જેઠ સુદ-૩, રવિવાર, તા :- ૭-૬-૧૯૭૦

પંચાસ્તિકાય ૬૨ પાનું છે. **હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે એવી રીતે ભૂમિકાનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે.** સુમેળ રહે તેનો ખ્યાલ નીચે આપ્યો છે. નિશ્ચય-વ્યવહારના સુમેળની સ્પષ્ટતા ૨૫૪ પાનામાં આવી ગયું છે. જરીક ઝીણી વાત છે. કે આત્મા પોતાનો આનંદ ને જ્ઞાન સ્વભાવ છે, તેને સ્પર્શીને જે નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ કરે તેને નિશ્ચય કહેવામાં આવે છે. આત્મા ચૈતન્યસ્વભાવ, વીતરાગસ્વભાવ, પૂર્ણઆનંદસ્વભાવ એને આશ્રયે અવલંબીને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય નિર્વિકારી વીતરાગી થાય તેને નિશ્ચય કહે છે. એને યોગ્ય, ભૂમિકાને યોગ્ય, જેમ કે મુનિ હોય તો તેને પંચમહાવ્રતાદિના વિકલ્પો શુભરાગ હોય છે એ વ્યવહાર. અને નિશ્ચય તો સ્વભાવ ચૈતન્ય એના આશ્રયે પ્રગટેલી નિર્મળ વીતરાગી દશા એ નિશ્ચય. આ નિશ્ચય અને વ્યવહારનો સુમેળ છે. સમજાણું કાંઈ?

એમ શ્રાવક. સાચા શ્રાવક એટલે જેને આત્મજ્ઞાન ને આત્મદર્શનનો અનુભવ થયો છે. રાગરહિત શુદ્ધચૈતન્યસ્વભાવ એનો અનુભવ થઈ અને શુદ્ધતા પવિત્રતા વીતરાગદશા પંચમ ગુણસ્થાનને યોગ્ય, સ્વને આશ્રયે વીતરાગ દશા થઈ છે એ નિશ્ચય અને તેને યોગ્ય બાર વ્રતના વિકલ્પાદિ હોય એ વ્યવહાર.

મુમુક્ષુ :- પડિમા ક્યાં ગઈ?

ઉત્તર :- એ બાર વ્રતમાં પડિમા આદિ વિકલ્પ ઊઠે એ. શુભવૃત્તિ ઊઠે, અહિંસા, સત્ય, દત્ત, વ્રતાદિનું. વૃત્તિવિકલ્પ છે એ. એ વિકલ્પ છે એ શુભરાગ છે. અને આત્મા રાગ રહિત સ્વભાવ ચૈતન્યસ્વભાવને આશ્રયે આનંદ ને શાંતિની દશા જે પ્રગટ કરી છે, પંચમ ગુણસ્થાન શ્રાવકને યોગ્ય એને નિશ્ચય કહે છે. એની ભૂમિકાને યોગ્ય એવા બાર વ્રત ને પડિમા આદિના વિકલ્પ હોય એને વ્યવહાર કહે છે. સમજાય છે કાંઈ? એ નિશ્ચય-વ્યવહારનો મેળ છે. નથી જ્યાં નિશ્ચય અને એકલા વ્રતો આદિના વિકલ્પ છે એ તો વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ છે. અને નથી જેને નિશ્ચય આનંદ ને જ્ઞાનનું ભાન અને શુભપરિણામની ક્રિયાનો તિરસ્કાર કરે છે એ અશુભ પરિણામમાં આવે છે, એ નિશ્ચયાવલંબી જીવ છે. સમજાણું કાંઈ? શેઠી! આ તો આપણે બધું આવી ગયું છે. આ તો અહીંયાં શરૂ કરાવે છે ને બેનો મેળ. જુઓ!

**પરંતુ જે, અપુનર્ભવ (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાભાગ ભગવંતો,** મુનિઓ તો આત્માના આનંદસ્વરૂપમાં ઘણો જ ઉદ્યમ જેને શાંતિ ને વીતરાગદશા અંતરમાં વર્તે છે. એવા

નિત્ય ઉદ્યોગ કરનારા, સ્વભાવની શાંતિ અને આનંદમાં રમવું એ નિત્ય પ્રયત્ન કરનારા મહાભાગ્ય ભગવંતો, મહાપવિત્ર જેને અંતરના આનંદના ઉભરા પ્રગટ થયા છે, અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા છે અતીન્દ્રિય આનંદ. એવા આનંદની જેને વર્તમાન દશામાં પ્રચુર સ્વસંવેદન અને આનંદનું વેદન વર્તે છે. એ અંતરમા સ્વભાવની શાંતિ માટે પ્રયત્ન કરી રહ્યા છે.

એવા **મહાભાગ ભગવંતો નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહીં અવલંબતા હોવાથી,** એકલું નિશ્ચય છે અને વિકલ્પ નથી એમ નહીં. એકલા વિકલ્પની ક્રિયાકાંડ છે અને સ્વભાવનો અનુભવ નથી એમ નહીં. સમજાય છે કાંઈ? નિશ્ચયમાંથી કોઈ એકને જ, ત્રગડો છે ને. નીચે છે જુઓ! **મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (-મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુધ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત,** નીચે. ભગવાનઆત્મા એ વિકલ્પો પુણ્ય-પાપની વૃત્તિઓ છે એનાથી રહિત એવો આનંદઘન ભગવાન. એ શુધ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય શુધ્ધાત્મસ્વરૂપ. એ પવિત્ર આનંદનું ધામ ભગવાન એવો જે દ્રવ્યાર્થિક એટલે નિશ્ચયનયનો વિષય એ એને **સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી,** ધર્માત્મા જીવને ચોથે ગુણસ્થાને હો કે પાંચમે હો કે છઠ્ઠે. વસ્તુ સ્વરૂપ દ્રવ્ય જે છે ઉત્પાદ્-વ્યયની પર્યાય હોવા છતાં ધ્રુવ જે ત્રિકાળી છે એને અવલંબે શુધ્ધતા પ્રગટ કરી છે એને અહીંયા ધર્માત્મા કહેવામાં આવે છે. ભારે ભાઈ ઝીણું! સમજાણું કાંઈ?

**એને સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે,** અવલંબન થોડું આદિમાં **સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુધ્ધપરિણતિ તેમ જ શુભપરિણતિનો યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે**. ચોથે ગુણસ્થાને શુધ્ધાત્મા પુણ્ય ને પાપના વિકલ્પથી રહિત એવી અંતર વસ્તુની દૃષ્ટિનો અનુભવ હોય એટલી શુધ્ધપરિણતિ તો સમ્યગ્દૃષ્ટિને ચોથે હોય. એ સિવાય ભક્તિ આદિનો ભાવ હોય એ શુભ હોય, એ એનો વ્યવહાર છે. પંચમ ગુણસ્થાનને યોગ્ય શુધ્ધદ્રવ્યાર્થિકનયના આનંદનું અવલંબન લઈ અને પવિત્રતા, વીતરાગી આનંદની દશા એને યોગ્ય જે પ્રગટ થઈ છે એ શુધ્ધપરિણતિ છે. અને બાર વ્રત અને અગિયાર પડિમાના વિકલ્પો છે એ શુભભાવ છે, એ પુણ્યબંધનું કારણ છે, અને સ્વભાવને આશ્રયે આનંદની શુધ્ધપરિણતિ છે એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

**યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે**. ધર્મીને પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાને શુભ વિકલ્પ ભક્તિ, દયા, દાન, વ્રતાદિનો હોય છે. હઠ વિના હોય છે. જુઓ! અહીં સહજ આવ્યું ભાઈ! શુભમાં પણ સહજ કીધું છે ને એ અપેક્ષાથી, આવે છે એવો વિકલ્પ. આ અવલંબન તો સહજ ચૈતન્યદ્રવ્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ એનું અવલંબન સમકિતીને તો પહેલું હોય છે. આ વિના સમ્યગ્દર્શન ને ધર્મ હોતો નથી. આહાહા! પણ એવા અવલંબન વર્તતા હોવા છતાં પૂર્ણ આશ્રય કર્યો નથી એટલે એને શુભની વૃત્તિઓ, બાર વ્રત એવા

શુધ્ધની દશા સાથે શુભભાવ હોય છે. એ નિશ્ચય ને વ્યવહારનો યથોચિત મેળ કહેવામાં આવે છે. શેઠી! વીતરાગમાર્ગ એવો છે. બહુ સૂક્ષ્મ છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવનું સ્વરૂપ એણે જે માર્ગ કહ્યો એ બહુ સૂક્ષ્મ અને ગંભીર છે. સાધારણ જનતાને તો એ સાંભળવા મળવું પણ મુશ્કેલ છે.

અહીં તો કહે છે કે, એ શાસ્ત્રમાં, **તેથી તે જીવો આ શાસ્ત્રમાં (૨૪૬મા પાને) જેમને કેવળનિશ્ચયાવલંબી કહ્યા છે એવા નિશ્ચયાવલંબી પણ નથી તેમ જ (૨૪૫મા પાને) જેમને કેવળવ્યવહારાવલંબી કહ્યા છે એવા વ્યવહારાવલંબી નથી.** એટલે શું કહ્યું? કે આત્મા અખંડાનંદ ને જ્ઞાયક છે. રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભકિતની ક્રિયા, રાગની ક્રિયા વિનાનો છે. એવું જેને અંતર ભાન નથી અને એકલી ક્રિયાકાંડને માનીને ધર્મ માને છે એ શુભભાવની ક્રિયા વ્રત, નિયમ, તપ એને વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે.

અને જેઓ નિશ્ચયની દૃષ્ટિ ને અનુભવ નથી. ફકત વાતુમાં કહે છે કે આત્મા આવો છે, આત્મા આવો છે. અને શુભવૃતિઓ વિકલ્પ છે તેનો તિરસ્કાર કરે છે. એટલે કે નિશ્ચયસ્વભાવનું ભાન પણ નથી વ્યવહારના વિકલ્પ પુણ્યબંધના કારણ એ પણ નથી. એ તો અશુભમાં વર્તે છે. એને નિશ્ચયાવલંબી, નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ કહ્યા છે.

હવે આ ત્રીજા નંબરની વાત ચાલે છે. જેને નિશ્ચયનું પણ ભાન છે અને તેની સાથે ભૂમિકાને યોગ્ય વ્યવહાર હોય છે. એ એને નિશ્ચય ને વ્યવહારનો સુમેળ યોગ્ય જ્ઞાની ધર્માત્માને હોય છે. **જે અપુનર્ભવને મોક્ષને માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહીં અવલંબતા હોવાથી (કેવળનિશ્ચયાવલંબી કે કેવળવ્યવહારાવલંબી નહીં હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે,** જુઓ! હવે આવ્યું. ધર્મી સમકિતી પાંચમા ગુણસ્થાને હો કે છઠ્ઠે હો, શ્રાવકાચાર હો કે સાચા સાધુ હો. એ શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વ જે છે એમાં **વિશ્રાંતિનું વિરચન,** એમાં વિશ્રાંતિનું વિરચન. એમાં વિશ્રાંતિ (એટલે) ઠરવાની રચના ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

**શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વ,** છે કેવો આત્મા? કે શુધ્ધચૈતન્ય. એકલો જ્ઞાન ને આનંદનો ભંડાર છે. એવું આત્મતત્ત્વ. એમાં સમકિતી વિશ્રાંતિ ને વિરચન પ્રત્યે, એમાં વિશ્રાંતિ-ઠરતાં સ્વરૂપની રચના કરે છે. એ આનંદ ને શાંતિની ઉત્પત્તિની રચના કરે છે. આરે! ભારે વાત! સમજાણું કાંઈ? **અભિમુખ વર્તતા,** એ તો શુધ્ધસ્વભાવ ધ્રુવ અનંત અનંત જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ, એના અભિમુખ વર્તતા, દૃષ્ટિ તો ધર્મીની ત્યાં પડી છે. સમજાણું કાંઈ?

એના **પ્રત્યે અભિમુખ વર્તતા,** એક વાત. **પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી**

**(ટાળનારી) ક્રિયાકાંડ પરિણતિને માહાત્મ્યમાંથી વારતા,** આહાહા! ધર્માત્મા સંત અને શ્રાવક એને કહીએ કે ભગવાનઆત્મા આ દેહના પરમાણુ આ માટી એનાથી તો જુદો, આ તો માટી જડ છે. કર્મ અજીવતત્ત્વ છે. કર્મ અજીવ થઈને રહ્યા છે. એનાથી જુદો અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ છે. ભાવ બંધતત્વ છે તેનાથી જુદો. એવા**આત્મતત્ત્વની અભિમુખ વર્તતા થકા,** એની પર્યાયમાં તીવ્ર પ્રમાદને ટાળવા, છે તો આ પણ પ્રમાદ પણ આ તીવ્ર. મુનિને પંચમહાવ્રતના પરિણામ હોય છે. ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય છે. એ રાગભાગ છે. તેની ઉપર **માહાત્મ્ય વારતા થકા,** એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! બે વાત લીધી.

**શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા થકા,** ધર્મી તો પોતાના દ્રવ્યસ્વભાવની સન્મુખ જ વર્તતો હોય છે. છતાં તેની ભૂમિકા પ્રમાણમાં જેમકે મુનિને તીવ્ર પ્રમાદને ટાળવા પંચમહાવ્રત ને સમિતિ, ગુપ્તિના શુભરાગના ભાવ આવે એવી ક્રિયાકાંડ પરિણતિ એ બધી ક્રિયાકાંડના શુભરાગની અવસ્થા છે. **એના માહાત્મ્યથી વારતા,** એનું માહાત્મ્ય જ્ઞાનીને હોતું નથી. આરે! આરે! સમજાણું કાંઈ? કહો, શેઠીને પણ આ ખૂબ લાગે છે. આ તો પંચાસ્તિકાય છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- ના, એ તો સમયસાર.... બધા ગ્રંથો વંચાય ગયા છે. અષ્ટપાહૂડ, પંચાસ્તિકાય, સમયસાર, પ્રવચનસાર, તત્ત્વાર્થસાર. ઘણા ગ્રંથ અહીં તો વંચાય ગયા છે. પદ્મનંદીપંચવિંશતિ, દ્રવ્યસંગ્રહ, સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષા, ઈષ્ટોપદેશ, સમાધિશતક, સમાધિતંત્ર આદિ. ઘણા ગ્રંથો-શાસ્ત્રો વંચાય ગયા છે. પણ વાત ઈ કે એને ગોઠે એવી વાત ના આવે. આહાહા!

મુમુક્ષુ :- છોકરું તો રડે જ ને?

ઉત્તર :- એમ જ કરે, વાત સાચી છે.

મુમુક્ષુ :- લગ્નનો પ્રસંગ હોય તો...

ઉત્તર :- લગ્નનો પ્રસંગ હોય તો છોકરું તો રડે જ. એમ. એ પરણતો હોય પણ એને ઘોડીયાને હિંચકો ન નાખે તો રોવે. પણ આ તારો ભાઈ પરણે છે ન રોવાય. એને ખબર નથી પરણે છે. એમ અજ્ઞાનીને ધર્મમાં કાંઈ શુભભાવનું નામ ન આવે તો રોવે. પણ આ આત્માના લગ્ન મંડાણા છે. રાગ રહિત સ્વરૂપની સ્થિરતા એના લગ્ન છે અહીં તો. આહાહા! શું થાય? જગત ઘેરાયેલું છે ને. મિથ્યાઅભિપ્રાયથી ઘેરાયેલું જગત એને સત્યને સાંભળતા પણ અંદરથી એવો ઘા લાગે છે. અરરર! આવો ધર્મ! આ મહાવ્રતને પાળવા એ ધર્મ નહીં? ધર્મ તો નહીં, આવે ખરા પણ તેનું માહાત્મ્ય ધર્મીને હોય નહીં. અજ્ઞાનીને મહાવ્રતનું માહાત્મ્ય છે એ મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ધર્મી તો નહીં, આવે ખરા પણ તેનું માહાત્મ્ય નહીં.

ઉત્તર :- (માહાત્મ્ય) નહીં.

મુમુક્ષુ :- લખ્યું છે કે નહીં?

ઉત્તર :- છે ને. આહાહા! બાપુ, ધર્મ તો કાંઈ ગૃહસ્થાશ્રમમાં, એ તો વાત આપણે આવી ગઈ, નહીં? અશુભભાવ પણ ધર્મીને હોય ત્યારે શુભભાવ ન હોય. ત્યારે નિશ્ચય-વ્યવહારનું બેય એક સાથે નથી. છતાં તે ધર્મી તો છે. કારણ કે દૃષ્ટિ તો શુદ્ધચૈતન્યની પરિણતિ ઉપર પડી છે. ભલે એને વ્યવહારના વ્રતાદિનો વિકલ્પ એ વખતે ન હોય. અશુભભાવ છે પણ એ ધર્મી નથી એમ નથી. તેમ એ અશુભભાવ આવ્યો છે માટે એને ભવિષ્યનું આયુષ્ય અશુભભાવમાં બંધાશે એમ નથી. આહાહા!

પછી ભલે નારકીનો જીવ ને દેવનો જીવ હોય. એને અશુભભાવ આવે પણ એ અશુભભાવ વખતે ભવિષ્યનું આયુષ્ય નહીં બાંધે. કારણ કે નારકી ને દેવ તો મનુષ્યમાં આવવાના છે સમકિતી. અને મનુષ્ય ને તિર્યંચ દેવમાં જવાના છે. એટલે એને શુભભાવ હોય ત્યારે જ આયુષ્ય બંધાશે. સમજાણું કાંઈ? એકલો ઝીલ્યો છે દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં. આહાહા! આમ ઉત્પાદ-વ્યયનો પર્યાય પરિણમ્યો હોવા છતાં, આમ ધ્રુવ, ધ્રુવ નિત્યમાં એ ઉત્પાદ-વ્યય આવતો નથી. સમજાણું કાંઈ?

એવા ધ્રુવના અવલંબનની દૃષ્ટિમાં, કહે છે કે એને યોગ્ય જ્યારે શુભભાવ હોય તો હો. એ પ્રમાદની તીવ્રતા ટાળવા માટે આવે, છતાં તેનું માહાત્મ્ય નહીં. આહાહા! શેઠી! લ્યો! આવા શેઠી જેવા ખાનદાન માણસ, વૃદ્ધ માણસને જયપૂરના વળી રહેવાના રહેવાસી એને આવું સાંભળવું મુશ્કેલ પડ્યું. લ્યો! આહાહા! આ વાત જ એવી. ફેરફાર થઈ ગઈ ને? શેઠી! આખો માર્ગનો ફેરફાર થઈ ગયો.

માર્ગ છે, પ્રભુ! અંદર ચૈતન્યધ્રુવ જેની ખાણમાં અનંત અનંત અનંત અપરિમિત સ્વભાવ જેનો સ્વભાવ છે, જેનો ભાવ છે. સત્‌નો સ્વભાવ છે, વસ્તુનું સત્વ છે. એના માપનું શું કહેવું? એવો અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશાંતિ, અનંતઅમૃત એવા ગુણનું એકરૂપ સ્વરૂપ. આહાહા! સમજાય છે? એવી જ્યાં દૃષ્ટિમાં આવ્યું ને દૃષ્ટિ પરિણમી. પછી કહે છે કે એને કદાચ તેની ભૂમિકાયોગ્ય શુભભાવ પણ હોય અને કોઈ વખતે ન હોય અને અશુભભાવ પણ આવે. આહાહા! સમજાય છે? પણ તે ધર્મી નથી એમ નહીં. આહાહા! ભલે જેને નિશ્ચયની પરિણતિ સાથે આવો શુભરાગનો ભાગ હો, એવો આ ભલે નથી. એનાથી હલ્કો છે. ભાઈએ કહ્યું હતું. હલ્કો છે. નાનો તમારો ક્યાં ગયો? ક્યાં બેઠો છે?

મુમુક્ષુ :- લાઠી ગયો છે.

ઉત્તર :- લાઠી ગયો? તમારે પ્રવીણભાઈનો ભાઈ, માળો? ધ્યાન બહુ રાખે છે, હો! માળો બોલતો હતો ...... એ તો એનાથી હલ્કો કહેવાય... અંદર આવીને. છોકરા કીધું, ભાગ્યશાળી છે.

અત્યારે આયુષ્ય ઈ જાતના. ભાવના કાને પડે છે ને. ભાવ કહે, એનાથી હલ્કો કહેવાય.

અશુભભાવ આવો પણ ધર્મી તો.. શેઠી! આહાહા! અહીં કહે છે, આકરું કામ બાપુ! એ લોકોને આવું સાંભળતા એવું થઇ પડે છે કે આ તો બધું નખોદ વાળી દીધું. એય! જયંતિભાઇ! અમારે આ બધું ધમાલ ધમાલ! આવ્યું હતું ને આપણે આમાં? ધમાલ નહોતું આવ્યું? ક્રિયાકાંડની ધમાલુ. શેમાં હતું? કેટલામે પાને? ૨૫૭. ધમાલમાં, લ્યો! **કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી.** આખો દિ' પૂજા કરવી ને ભક્તિ કરવી ને નામ સ્મરણ કરવું ને પાના ફેરવવા. શુભરાગની કર્મકાંડમાં ધમાલ, દયા આમ કરવી ને જૂઠું આમ ન બોલાય ને બ્રહ્મચર્ય શરીરથી આમ પળાય ને આવું ન ખાવું ને, ક્રિયાકાંડની ધમાલમાં પડયા છે બિચારા! આહાહા! સમજાણું કાંઇ?

અહીં તો કહે છે એવી એકલી ક્રિયાકાંડની ધમાલમાં પડયા એ તો વ્યવહારાવલંબી મિથ્યાદષ્ટિ છે. પણ જેને અંતરમાં આત્મદ્રવ્યની શ્રધ્ધા, જ્ઞાન ને પરિણતિ સ્વરૂપના આશ્રયે થઇ એને પણ એની ભૂમિકાને યોગ્ય, અહીં મુનિનો દાખલો આપ્યો છે. એને પંચમહાવ્રતના, ૨૮ મૂળગૂણના, પાંચ સમિતિના પરિણામ તીવ્ર પ્રમાદને ટાળવા માટે એ આવે. એ આવે પણ તેનું માહાત્મ્ય ન હોય. ગજબ વાત કરે છે ને? સમજાણું કાંઇ?

જેને લોકો પંચમહાવ્રતાદિને ધર્મ માને એને અહીં નિશ્ચયનું ભાન થયેલું હો પણ વ્યવહારનું માહાત્મય એને નથી. સમજાણું કાંઇ? જુઓ! એવા પરિણામ કહ્યું ને? **પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડપરિણતિને,** આ ભાષા છે. મુનિને યોગ્ય પંચસમિતિ, ગુપ્તિ, વિકલ્પ. પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ. પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) એવા શુભભાવ. ક્રિયાકાંડપરિણતિ આવે ખરી. સમજાણું કાંઇ? કેવી શૈલી પણ અમૃતચંદ્રાચાર્યની! પાઠમાં તો વીતરાગભાવ એકલો કર, (બીજી) વાત કરીશ નહીં જરા પણ એમ આવ્યું છે. પણ આચાર્ય- એવા નિશ્ચયમાં જયાં પૂર્ણ નથી થયો અને નિશ્ચયનું ભાન છે, નિશ્ચયની દશા છે એને યોગ્ય એવો વ્યવહાર રાગ ઉચિત હોય છે. એને યોગ્ય હોય છે. એ સિદ્ધ કરીને વીતરાગભાવને સિદ્ધ કરે છે. વાત તો વીતરાગભાવને સિદ્ધ કરે છે. હા. પણ એની ભૂમિકામાં એવો જ રાગ હોય છે. આહાહા! સમજાય છે કાંઇ?

મુમુક્ષુ :- મુખ્યતા....

ઉત્તર :- મુખ્યતા સ્વભાવ સન્મુખમાં છે. બસ, વાત ઈ. આહાહા! કહો, ચેતનજી! શું આમાં કરવું આમાં માણસને. પાછા કહેશે કે નિશ્ચય ને વ્યવહારને મેળવાવો. વ્યવહાર આવ્યો તો પાછું માહાત્મ્ય નહીં, લે. વ્યવહાર માંડ આવ્યો ને સુમેળ કરવા ગયા છતાં એનું માહાત્મ્ય નહીં પાછું. .. એનું જો માહાત્મ્ય આવ્યું તો રાગનું માહાત્મ્ય આવ્યું. તો વીતરાગી ભગવાનઆત્માનું તો માહાત્મ્ય ટળી ગયું એને દષ્ટિમાંથી.

મુમુક્ષુ :- તેનું માહાત્મ્ય આવે એટલે દષ્ટિ પણ ન બદલી.

ઉત્તર :- દષ્ટિ બદલી નહીં. હા... શેઠ તો એમ તો, ......... છે તો કાંઇક કરે તો ખરા ને. સમજાય છે કાંઇ? એના ખ્યાલમાં વાતનું રૂપ આવવું જોઈએ. સ્વરૂપ એનું. રૂપ એટલે સ્વરૂપ. આ શું? આ શું? સમજાણું કાંઇ?

અહીં કહે છે નિત્ય ઉદ્યોગ તો અહીં વર્તે છે. એમ આવ્યું ને પહેલું? **મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહીં અવલંબતા,** અંદર વર્તે છે ઉદ્યોગ. શુધ્ધતા સ્વભાવમાં. આહાહા! અને બેમાં અત્યંત મધ્યસ્થ એટલે કે વીતરાગતા પણ છે અને રાગ પણ છે. એ બેયનું જ્ઞાન યથાર્થપણે છે. **શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન** કરે છે. વિરચન હો! વિરેચન નહીં વિરચન. વિરેચન અને વિરચનમાં મોટો ફેર. વિરેચનમાં છોડી દેવું અને વિરચનમાં રચવું.

કહે છે, ધર્માત્મા ચૈતન્ય સ્વભાવ ભગવાનઆત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ જેનું છે એવી અંતરદષ્ટિ ધ્રુવ તરફ જામી છે એથી એને એકને જ અવલંબીને રહ્યો છે એમ છે નહીં. એનું અવલંબન અહીં છે છતાં તેની ભૂમિકા પ્રમાણે તીવ્ર પ્રમાદને ટાળવા સમિતિ-ગુપ્તિનો વિકલ્પ હોય છે. પણ વિરચન પ્રત્યાભિમુખ વર્તતા થકા, અહીં આત્માની રચના સ્થિરતા કરવામાં અભિમુખ વર્તતા, અહીં અભિમુખ નથી. આહાહા!

મુમુક્ષુ :- એનું નામ વ્યવહાર.

ઉત્તર :- એનું નામ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? એક તો અહીંની છાપ એવી કે નિશ્ચયની જ વાતું કરે છે. એમાં આવું સાંભળે ત્યાં, હા.. આપણે કહેતા હતા એવું આવ્યું. પણ આ સાંભળ તો ખરો! પાઠમાં શું કહે છે એ તો જો.

મુમુક્ષુ :- કહેતા હતા એવું જ આવે ને, હોય એ સાચું જ હોય. ....

ઉત્તર :- પણ આ વ્યવહાર છે (એમ) કીધું ને. પણ વ્યવહારનું માહાત્મ્ય નથી ને વ્યવહારનું માહાત્મ્ય હોય તો દષ્ટિ સાચી રહેતી નથી. અભિમુખતા રહેતી નથી. એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે.

ઉત્તર :- જાણેલાનો અર્થ ઈ છે, એટલું. એ છે. માહાત્મ્ય બાહાત્મ્ય કેવા? વ્યવહાર છે એમ જ્ઞાન વર્તે છે.

શ્રોતા :- બારમી ગાથામાં આવ્યું ને?

ઉત્તર :- બારમીમાં બધાનો એક જ અર્થ છે ને. એક જ રીત છે. સંતોની રીત જ એક છે, ચારે બાજુથી જુઓ તો.

બારમી ગાથામાં બધાય કાઢે. હે. આમાં કહ્યું જુઓ, વ્યવહારનો ઉપદેશ જ્ઞાનીને કરવો. પણ એમ

નથી. ત્યાં ઉપદેશની વાત જ નથી. ન્યાં તો જ્ઞાનીને દૃષ્ટિના વિષયમાં એકલો ભૂતાર્થ કહ્યો જયારે, ત્યારે બાકી કાંઈ પર્યાયમાં અપૂર્ણતા, અશુધ્ધતા કાંઈ રહી છે કે નહીં? જ્ઞાન કરવા કોઈ ચીજ રહી છે કે નહીં? કારણ કે દૃષ્ટિનો વિષય તો અભેદ ઉપરણ થઈ ગયો. એમાં તો બે ભાગ પડે નહીં. હવે જ્ઞાન જયારે થયું તેની સાથે તેણે ભૂતાર્થને પણ જાણ્યું અને પર્યાય કેટલી છે એને પણ જાણવાનું જ્ઞાન રહ્યું છે કે નહીં? એમ સિધ્ધ કરે છે. પંડિતજી! કરવા જેવો છે એ પ્રશ્ન છે જ નહીં ત્યાં. ત્યાં ઓલા અર્થમાં લખ્યું, જુઓ! આમાં આમ કરવાનું છે, આ કરવાનું છે.

મુમુક્ષુ :- પ્રયોજનવાન છે ...... નિષેધવું નહીં.

ઉત્તર :- પણ નિષેધવું નહીં એટલે એવો વિકલ્પ ત્યાં ભૂમિકાએ આવ્યા વિના રહેતો જ નથી. એની દશાની મર્યાદા જ એવી છે.

મુમુક્ષુ :- એમાં લખ્યું છે કે સર્વથા નિષેધવા યોગ્ય નથી.

ઉત્તર :- નિષેધવા એટલે કે વ્યવહાર નથી ત્યાં એમ નહીં. એવો અર્થ કરવો. એય! ઓલામાં નહોતું? જૈનધર્મ તારે રાખવો હોય તો નિશ્ચય-વ્યવહારને એકેય છોડીશ નહીં. એનો અર્થ જ વ્યવહાર છે, નિશ્ચય છે. નિશ્ચયમાં અભેદ વસ્તુ તે છે અને વ્યવહારમાં ભેદ, ગુણસ્થાન ભેદ, નિર્મળપર્યાય વધતી પાછી અને રાગ ઘટતો એવો પ્રકાર છે. એને વ્યવહાર કહેવાય છે. આદરવાયોગ્ય છે કે આશ્રય (કરવા યોગ્ય) એ પ્રશ્ન છે જ નહીં ત્યાં.

મુમુક્ષુ :- સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી.

ઉત્તર :- એ સર્વથા નિષેધ એટલે કે નથી શુભરાગ એમ નહીં, એ વ્યવહારે એમ કહેવાય. અશુભરાગથી બચાવવા માટે શુભરાગ કરવા જેવો એમ વ્યવહારે કહેવાય એટલે કે ખરેખર તો કરવા જેવો નથી પણ પરિણમનમાં રાગ એવો આવે છે એટલે પરિણમે છે એટલે કરે છે એમ કહેવાય છે. કર્તાપણું બુધ્ધિ નથી પણ પરિણમન છે. આહાહા! સમજાણું કાંઈ? માણસને ત્યારે મૂળ સમજવામાં જ આખા વાંધા આવ્યા છે. સમજણ પાકી થઈ અને સમ્યક્ થયું એટલે થઈ રહ્યું. એ તો ચાલ્યો.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- કોણ પણ? કયાંથી થાતું હતું? એના જ્ઞાનના અભ્યાસમાં, વિચારમાં શુભભાવ તો ઘણા આવશે. આહાહા!

મુમુક્ષુ :- ભય બહુ રહે.

ઉત્તર :- ભય દુનિયા ગાંડી છે (એટલે) ભય રહે છે. અંદર દૃષ્ટિ કરવી નથી ને એટલે ભય રહેછે.

આ જ્ઞાનીને અશુભભાવ આવે તોપણ એ ખરવા આવે છે. લે, સાંભળ. એય! આદર નથી, ત્યાં સુખબુધ્ધિ નથી છતાં ભાવ આવ્યા વિના રહેતો નથી. એની વાત અહીં સિધ્ધ નથી કરવી. અહીં તો

નિશ્ચય સાથે વ્યવહારનો મેળ કેટલો એટલી વાત સિધ્ધ કરવી છે. અરે! ભગવાન! શું કરે પણ. ત્યારે બીજો માર્ગની રીત ન હોય તો એમાં કરવું પણ શું? દુનિયાને ઠીક લાગે કે ન લાગે, સમાજ સમતુલે રહે કે ન રહે એની સાથે સંબંધ નથી.

મુમુક્ષુ :- પંચમકાળ અનુસાર...

ઉત્તર :- પંચમકાળ અનુસાર એ વીતરાગપણું કેવળજ્ઞાન ન પામી શકે, ક્ષપક શ્રેણી નહીં ચડી શકે. એટલી વાત.

મુમુક્ષુ :- પંચમકાળમાં સમ્યગ્દષ્ટિ અને ચોથાકાળના સમ્યગ્દષ્ટિ કરતાં જુદો હશે?

ઉત્તર :- એમ ફેર હશે? પંચમકાળમાં મુનિપણું અને ચોથાકાળના મુનિપણામાં ફેર હશે? પંચમકાળમાં પંચમહાવ્રતવાળા મુનિ અને ચોથાવાળા નિશ્ચયદષ્ટિ સહિતના પંચમહાવ્રતવાળા મુનિ એમ ફેર હશે?

મુમુક્ષુ :- એવું તો બને.

ઉત્તર :- ધૂળેય ન બને. બને શું? બને શું વળી? હોય એમ બને કે ન હોય એમ બને? સમજાણું કાંઈ? ઓહોહો!

કહે છે ધર્મી તો **શુધ્ધચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન,** વિશ્રાંતિ ઠરવાની રચના પ્રત્યે અભિમુખ છે. આહાહાહા! રાગની રચના એ વીર્ય જ નથી. ના પાડી છે ને. સ્વરૂપની રચના કરે, એમ કહે છે. સમજાણું? **પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને,** વૃત્તિ એટલે પરિણતિ એને નિવર્તાવનારી ક્રિયાકાંડપરિણતિ એમ. વર્તમાનમાં મુનિને પંચમહાવ્રતના વિકલ્પો આદિ હોય છે. એ તીવ્ર પ્રમાદને ટાળવા માટે એમ હોય છે. સમજાણું? છતાં **માહાત્મ્યમાંથી વારતા શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે,** લ્યો! **હઠ વિના સહજપણે,** કર્તાબુધ્ધિ નથી ને આવ્યા વિના રહેતો નથી. એમ કહે છે. એવો ચારિત્રનો પર્યાય છે એટલે આવે ને. એમ કહે છે. એ ગુણની પરિણતિ જ જયાં હીન છે જયાં. એટલે એવો ભાવ આવે.

**હઠ વિના સહજપણે,** લ્યો! ભાષા. શુભવિકલ્પ સહજ, એ તો વિકાર છે. સહજ એટલે? એય! એવો હોય એને. કરવાની બુધ્ધિ, કર્તૃત્વબુધ્ધિ નથી. વ્રતનો વિકલ્પ છે એ તો ખરેખર ઝેર છે. કર્મસંગવાળો એની ભાવના જ્ઞાનીને હોય? પણ એવું પર્યાયમાં આવ્યા વિના (રહેતું નથી.) છઠ્ઠે મુનિને, પાંચમે શ્રાવકને, બાર વ્રત અગિયાર પડિમાના ભાવો આવે. એ નિશ્ચયના આનંદની પરિણતિ સાથે, શુધ્ધપરિણતિ સાથે, શુધ્ધઅવસ્થા સાથે એટલી શુભરૂપી અશુધ્ધ અવસ્થા હોય છે. સમજાણું?

છતાં તે શુભ પ્રત્યેનું માહાત્મ્ય ટાળતા થકા, એનું માહાત્મ્ય નથી કે આ રહેજો ને આ થાજો ને. ક્ષણે ક્ષણે સ્વભાવસન્મુખ જ વધતા જાય છે.

મુમુક્ષુ :- લક્ષ તો પોતાની સન્મુખ છે.

ઉત્તર :- (લક્ષ તો) ન્યાં છે. વાત એવી છે. શું થાય? માણસે બહારથી માંડયું છે ને. એટલે આ બહારની સાથે મેળ ખાતો નથી. એય આમ નથી ને તેમ નથી. ઠીક ભાઈ! બાપુ તને.

**શુભ ક્રિયાકાંડપરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર,** પાંચમા ગુણસ્થાનને યોગ્ય અગિયાર પડિમા, બાર વ્રતાદિના ભાવ, ભગવાનની ભક્તિ, પૂજાનો ભાવ આવ્યા વિના રહે નહીં. એમ મુનિને પંચમહાવ્રતના, અઠયાવીસ મૂળગૂણના ભાવ આવ્યા વિના રહે નહીં.

છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહીં અર્પતા, લ્યો! માહાત્મ્યમાંથી વારતા થયો ને તેનો અર્થ કર્યો. માહાત્મ્ય નહીં અર્પતા, માહાત્મ્ય નથી આપતા કે, આહા! બહુ સારું.

મુમુક્ષુ :- અઠયાવીસ મૂળગૂણ પાળે એટલે સારું બોલે.

ઉત્તર :- આહા! અઠયાવીસ મૂળગૂણ પાળે માટે સારું. એમ માહાત્મ્ય નથી. શેઠ! સમજાણું કાંઈ? આહાહા! અહીં તો હજી બીજા સંપ્રદાય પંચમહાવ્રત મિથ્યાદૃષ્ટિ એને પંચમહાવ્રતના પરિણામ તે ચારિત્ર કહી દીધું. લ્યો!

મુમુક્ષુ :- એ વસ્તુ ચાલુ છે?

ઉત્તર :- ચાલુ છે એ વખતે માહાત્મ્ય નથી.

મુમુક્ષુ :- પહેલાં તો માહાત્મ્ય હોય પછી એને ટાળે ને?

ઉત્તર :- પહેલી વાત જ કયાં છે? પહેલેથી દૃષ્ટિના આશ્રયમાં રાગનું માહાત્મ્ય રહેતું નથી. રાગ આવે છતાં તેની મહિમા અને માહાત્મ્ય નથી. આહા! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુભનો લાભ તો ઘણો.

ઉત્તર :- શુભનો શું લાભ છે? પુણ્ય બંધાય છે. હવે બહાર મળે એમાં આત્માને શું થયું? ભગવાનનું સમવશરણ મળે, આખી દુનિયા મળે તેમાં આત્માને શું? બહારનું એમાં આત્માને શું? એ તો નિમિત્ત છે. એ તો બહાર છે અને એના ઉપર લક્ષ જાશે તો રાગ થશે. એ તો આવી ગયું નથી આપણે? (સમયસાર ગાથા) ૭૪માં. ૭૪માં આવ્યું છે કે નહીં? છઠ્ઠો બોલ. દુઃખફળ છે શુભભાવ. ૭૪. સીંતેર અને ચાર. દુઃખફળ છે, ભાઈ! એ શુભભાવમાં પુણ્ય બંધાશે. પુણ્યબંધમાં સંયોગ મળશે. સંયોગ ઉપર લક્ષ જશે એટલે રાગ થશે. ભલે સમવશરણ ને ભગવાન મળ્યા પણ એની સામું જોતાં તેને શુભરાગ આકુળતા થશે. એ શુભરાગ એ આકુળતા છે.

મુમુક્ષુ :- પણ ભગવાન ન મળે તો ધર્મ થાતો નથી.

ઉત્તર :- અહીં તો ભગવાન આ મળે ને ધર્મ થાય છે. સમજાણું કાંઈ? આહા! એય સુજાનમલજી! શું છે?

મુમુક્ષુ :- અચિંત્ય શકિત સ્વયમેવ દેવ નિજસ્વરૂપના સ્વધ્યાનમાં આગળ...

ઉત્તર :- પરમાત્મા પોતે પવિત્ર ભગવાન એની મહિમા કોને આવે? સમજાય છે કાંઇ? જ્યાં દૂધપાકના સ્વાદની જ્યાં મહિમા હોય એને રાતી જુવારના ફોતરાના કુસકાના રોટલા એના માહાત્મ્ય હોય? આવે પણ હોય, માહાત્મ્ય હોય. સમજાણું કાંઇ? આહાહા!

**અત્યંત ઉદાસીન વર્તતા,** લ્યો! **ક્રિયાકાંડ પ્રત્યે માહાત્મ્યથી વારતા અને અત્યંત ઉદાસીન વર્તતા,** એમ બે ભેગું લેવું. સમજાણું કાંઇ?

મુમુક્ષુ :- અત્યંત ઉદાસીન?

ઉત્તર :- અત્યંત ઉદાસીન વર્તતા, કોનાથી? ઓલી ક્રિયાકાંડ પરિણતિથી. જોઇને ચાલવું એવો વિકલ્પ આવ્યો, પણ કહે છે કે ક્રિયાકાંડમાં પરિણતિ એના હજી માહાત્મ્ય નથી એને. તેમ તેનાથી ઉદાસ છે. ઉદાસ છે. એમાં હું નહીં, એ મારું નહીં, એ મને નહીં, એ મારાથી તો ભિન્ન છે. એનાથી હું ભિન્ન અને મારાથી એ ભિન્ન. આહાહા! સમજાણું કાંઇ?

આવો વીતરાગ માર્ગ છે. આહાહા! ગજબ વાત છે. લોકોને તો સાંભળતા અંદરથી એમ થઇ જાય કે આ સાધન તો કહેતા નથી કાંઇ. સાધન કહે છે ને એ સાધન વ્યવહારે આવ્યું. એ માહાત્મ્ય કરવા જેવું નથી. એમ કહે છે અહીં તો. એને વ્યવહાર સાધન કહ્યું હતું, કારણ કહ્યું હતું. હેતુ નિયતનો હેતુ આવે છે ને. એનું માહાત્મ્ય કરવું નહીં અને અત્યંત ઉદાસીન રાખવું એમ તો ભેગા કહેતા જાય છે, હવે. આહાહા!

મુમુક્ષુ :- એક ઠેકાણે લખ્યું છે અને ઓલું ઘણે ઠેકાણે...

ઉત્તર :- ઘણે ઠેકાણે હોય તો એ તો વ્યવહારના લખાણ તો ઘણે ઠેકાણે હોય પણ એનું ફળ સંસાર છે.

મુમુક્ષુ :- ૧૭૨ ગાથામાં એક ખુણે લખ્યું છે એ કોણ વાંચવા જાય?

ઉત્તર :- ખુણે લખ્યું છે પણ મુદ્દાની રકમ ગમે ત્યાં લખી હોય! એ રકમ સાચી નીકળશે. કાંઇ ખોટી નીકળશે? સમજાણું કાંઇ?

**અત્યંત ઉદાસીન વર્તતા,** શેમાં? પ્રમાદની તીવ્રતા ટાળતા, ટાળવામાં એવા પંચમહાવ્રત ને પાંચ સમિતિનો વિકલ્પ આવ્યા વિના રહે નહીં, છતાં **માહાત્મ્યમાંથી વારતા અત્યંત ઉદાસીન વર્તતા,** આવી તો વાત છે. કેટલી સરસ છે, જુઓને! ફકત એને યોગ્ય વ્યવહાર હોય છે એ અહીં સાબિત કરવો છે. એકલું નિશ્ચય પૂર્ણ પ્રગટ્યું નથી એથી એને આવો વ્યવહાર વચમાં હોય છે. અને નિશ્ચયની પરિણતિ પણ સાથે હોય છે, શુદ્ધપરિણતિ પણ હોય છે ને સાથે શુભભાવ પણ હોય છે. એ વાત સિદ્ધ કરવા આ વિષે અમૃતચંદ્રાચાર્ય...કેટલાક તો એમ કહે અમૃતચંદ્રાચાર્ય, મૂળ પાઠમાં તો વીતરાગ ને અમૃતચંદ્રાચાર્યએ

ક્યાં પૂછવું આવું. હવે એનો જેવો વિકલ્પની જાત હોય તેવું ત્યાં જ્ઞાન હોય ને તેવો જ ત્યાં રાગ હોય એ એને જણાવવું છે. સમજાણું કાંઈ? આહાહા!

**યથાશક્તિ આત્માને આત્માથી,** હવે આવ્યું પાછું. જુઓ! એનાથી માહાત્મ્ય વારતા, અત્યંત ઉદાસીન વર્તતા, ત્યારે હવે કરે છે શું? **યથાશક્તિ આત્માને આત્માથી,** રાગ તે આત્મા નથી. ક્રિયાકાંડ પરિણતિ તે આત્મા નથી. એનાથી ઉદાસ, માહાત્મ્ય વારતા, તીવ્ર પ્રમાદને ટાળતા, એવો ભાવ આવે એનું માહાત્મ્ય વારતા, **અત્યંત ઉદાસીન વર્તતા. યથાશક્તિ આત્માને આત્માથી, આત્માને આત્માથી, આત્મામાં,** લ્યો! **સંચેતતા (અનુભવતા) થકા,** આહાહા!

યથાશક્તિ આત્મામાં આત્માને અંદર યથાશક્તિ અનુભવતા એવી યોગ્ય ભૂમિકાના પ્રમાણમાં એનો અનુભવ એને હોય છે. **નિત્ય-ઉપયુક્ત રહે છે,** ત્યાં નિત્ય ઉપયોગ રહે છે. સ્વભાવના અનુભવ પ્રત્યે તેનો નિત્ય ઉપયોગ (રહે છે.) કહો, સમજાણું કાંઈ? આહાહા!

એ તો વીતરાગતાનો રાગ કિંચિત ન કરવો ને વીતરાગતા કરવી એમ જ મૂળ પાઠ છે. પણ એવી વીતરાગતા પ્રગટી છે અંશે, અને પૂર્ણ નથી ત્યાં શું છે એવું જ્ઞાન કરાવ્યું છે પહેલું. એકલા નિશ્ચયાભાસી થઈ જાય અને વ્યવહાર આવો ન જ હોય અને વ્યવહાર હોય તો આદરણીય છે, એ બેયની ભૂલ ટાળવા માટે આ વર્ણવ્યું છે. વ્યવહાર ન જ હોય એને કહે છે કે વ્યવહાર હોય અને વ્યવહાર છે માટે સાધન છે ને લાભદાયક છે એને ટાળવા માટે, વ્યવહારાભાસી ન થઈ જાય માટે એને કહે છે કે હોય છે. સમજાણું? આદરણીય નથી, માહાત્મ્ય કરવા જેવું નથી. આવે છે પણ માહાત્મ્ય કરવા જેવું નથી. આવે છે પણ અંતર ઉદાસીન રહેવા જેવું છે. આહાહા! કહો, જયંતિભાઈ! આ તો સમજ્યા વિનાના લીધા માહાત્મ્ય અને થઈ ગઈ દીક્ષા. દક્ષામાં પડયા છે, ઊંડા ઝેરના કુવામાં. આહાહા!

અમૃતસ્વરૂપ ભગવાન એની રુચિની દૃષ્ટિની ખબર નથી. જે કરવા જેવું અને નિત્ય આવશ્યક છે એ તો સ્વભાવની શ્રધ્ધા, જ્ઞાન ને સ્થિરતા તે કરવા જેવું છે.

મુમુક્ષુ :- એક જ આવશ્યક છે.

ઉત્તર :- એ જ આવશ્યક છે. **णियमेण य जं कज्जं** નિયમથી કરવા જેવું હોય તો ભગવાનઆત્મા શુધ્ધનું-શુધ્ધનું શુધ્ધત્વ પરિણમન એ કરવા જેવું છે પણ એવું પરિણમન હોવા છતાં ભૂમિકા આગળ ગયો નથી. વીતરાગપૂર્ણ થયો નથી. વીતરાગતા તાત્પર્ય અહીં વર્ણવ્યું છે. ત્યારે તેને વીતરાગની ઓછી દશા જયાં છે ત્યાં આગળ એવો શુભરાગ એની ભૂમિકા પ્રમાણે હોય તો તે ગુણસ્થાનને યથાર્થ જાણે છે. સમજાણું કાંઈ?

છતાં તે રાગનો આદર નથી, એ રાગથી ઉદાસીન છે. આદર નથી એટલેથી ન કહ્યું. માહાત્મ્ય વાળ્યું એટલાથી નહીં. એ ઉદાસીન છે એનાથી. અત્યંત ઉદાસીન વર્તતા, નિત્ય ઉપયુક્ત અંતરમાં રહેતા

આત્માને આનંદસ્વરૂપ ભગવાનને, આત્માથી, આનંદસ્વરૂપથી, આત્મામાં, અંદર આત્માના સ્વભાવમાં અનુભવતા થકા, કહો, સમજાણું કાંઈ? આહાહા!

**તેઓ (તે મહાભાગ ભગવંતો), ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર,** સ્વતત્ત્વમાં આત્મામાં જ્ઞાયકભાવ ભગવાનતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ઠરતા જાય એને અનુસાર **ક્રમે કર્મનો સન્યાસ કરતા,** ક્રમે ક્રમે શુભભાવનો અભાવ કરતા જાય છે, એમ. ક્રમે ક્રમે શુભભાવનો અભાવ. જુઓ! ત્રણ બોલ લીધા. સમજાણું? એક તો કહે છે શુદ્ધપરિણતિ થયા છતાં ત્યાં એવો યોગ્ય રાગ હોય એનું માહાત્મ્ય નહીં. અત્યંત ઉદાસીન છે અને ક્ષણે ક્ષણે તે ભાવ ઘટતો જાય છે. સમજાણું કાંઈ?

જુઓ! **ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર,** વિશ્રાંતિ એકાગ્ર થાય તે અનુસાર. ક્રમે કરીને કર્મ એટલે શુભભાવનો સન્યાસ કરતા, શુભભાવનો ત્યાગ થતો જાય છે, છૂટતો જાય છે, ઓછો થતો જાય છે. માળે! સમજાણું કાંઈ? હજી સમજણના ઠેકાણા ન મળે, શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને એકદમ વ્રત ને ચારિત્ર ને મહાવ્રત ને પંચમ ગુણસ્થાન. ઓલું પૂછ્યું હતું ને ઓલાને. શું છે તમારે? તો કહે પંચમ ગુણસ્થાન. શું થાય?

મુમુક્ષુ :- એ તો ઉદાસીન.. ચીજ છોડવાની ચીજ.

ઉત્તર :- તેમ ક્રમે ક્રમે ઘટાડવાની ચીજ, ત્રણ. આ વિધિ છે. ઓલા ન્યાં પંચમહાવ્રતને પાળે એ વિધિ. ૨૭ ગુણ છે તમારે. શ્વેતાંબર સાધુના ૨૭ ગુણ પાળો. સાધુના ૨૭ ગુણ. ધૂળેય નથી ૨૭. એને બિચારાને દુઃખ લાગે. બાપુ! વસ્તુ આવી છે. એ વસ્તુની સ્થિતિમાં જે રીતે છે એ રીતે નહીં સમજે તો એને પોતાને દુઃખનું કારણ છે. માને ગમે તે. માન્યતાથી કાંઈ વસ્તુ થઈ જાય?

**ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સન્યાસ કરતા (-સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભભાવોને છોડતા),** કર્મ શબ્દે શુભભાવ. એ કર્મ કહ્યું. શુભભાવ કર્મ છે ને. ધર્મ કયાં છે? જ્ઞાન કયાં છે એ? આહાહા! જુઓ! એ કર્મને તેના પ્રમાણમાં શુભભાવને છોડતા, **અત્યંત નિષ્પ્રમાદ વર્તતા,** લ્યો! મુનિ તો આગળ વધી ગયા છે ને, હવે કહે છે. એને શુભભાવ હતો. એ તીવ્ર પ્રમાદ ટાળવા માટે આવ્યો, માહાત્મ્ય વાર્યું છે. અત્યંત ઉદાસીન વર્તે છે. ક્રમે કરીને ઘટતો જાય છે. ઘટી કરીને પૂર્ણ વીતરાગ થઈને મોક્ષ જાય છે. કહો, સમજાણું કાંઈ?

આ વળી કીધું હતું ઓલા... એ તો ચોથા આરાના શુદ્ધોપયોગી મુનિની જ વાત કરે છે. એવું લખ્યું હતું. ઓલો બોલતો હતો. શુદ્ધોપયોગી મુનિ એની વાતું કરે અત્યારે હવે એમ કે.

મુમુક્ષુ :- પાંચમા આરામાં શુદ્ધોપયોગી બીજા પ્રકારના હશે?

ઉત્તર :- પાંચમા આરામાં અત્યારે શુદ્ધોપયોગ હોય નહીં. શુભભાવવાળો જ મુનિ હોય અત્યારે તો એમ કહે છે ને, રતનચંદજી! એ પક્ષમાં બધા બેઠા હતા ને. શું થાય? લૂંટાય છે ને એને હરખ થાય

છે. અહીં કહે છે કે લૂંટતો આવે છે રાગ, હરખ નથી. અત્યંત ઉદાસ છે. રાગનો હરખ હોય? વિકારનો હરખ હોય? આનંદનો હરખ કયાં ગયો? અતીન્દ્રિય આનંદ તરફનો અભિમુખ વર્તવાનો આનંદનો અભિમુખમાં કયાં ગયો? ન્યાં અભિમુખતા થઈ ગઈ ને આદરણીય થઈ ગયું. આહાહા! ભારે ટીકા!

વ્યવહાર સિધ્ધ કર્યો પણ વ્યવહાર તીવ્ર પ્રમાદ ટાળવા માટે આવ્યો છતાં માહાત્મ્ય વાર્યું છતાં અત્યંત ઉદાસીન રહ્યો. ક્રમે કરીને સ્વભાવની રચના કરતાં અંદર એકાગ્ર થતાં, ઘટતો જાય છે, ઘટીને નિષ્પ્રમાદ થઈ જાય છે. **અત્યંત નિષ્પ્રમાદ વર્તતા** થકા, જુઓ! અને શુભભાવ છે એ પ્રમાદ છે ને એટલો. તીવ્ર પ્રમાદ ટાળવા માટે આવી સમિતિ, ગુપ્તિ, વ્યવહાર. પણ છે એ પ્રમાદ. પંચમહાવ્રતના પરિણામ એ પ્રમાદ. આહાહા! **અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી,** લ્યો! ઠરી ગયા અંદરમાં આનંદ સ્વરૂપમાં. નિષ્કંપમૂર્તિ, નિષ્કંપસ્વરૂપ. મૂર્તિ એટલે સ્વરૂપ. ઓલો વિકલ્પ હતો એટલો કંપ હતો અસ્થિરતાનો. એને ઘટાડી એકલું નિષ્કંપ વસ્તુસ્વરૂપ હોવાથી **જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં,** વનસ્પતિની ઉપમા તો અપાય કેમકે આમ અંદરમાં ઠરી ગયા છે. ઝાડની પેઠે બિલકુલ. અંતરમાં સ્વભાવની રચનામાં નિષ્પ્રમાદ, નિષ્કંપ ઠરી ગયા છે. મોક્ષ લેવો છે ને. છેલ્લો એકદમ. પોતે અહીં પંચમઆરાના મુનિ તો વાત કરે છે, લ્યો! પોતાને ભેગાની જ વાત કેરછે.

**વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ,** ઠીક! રાગનો, હરખ-શોકનો અનુભવ તો અત્યંત નષ્ટ કર્યો છે. રાગનો અનુભવ, હરખ-શોકનો અનુભવ નષ્ટ કર્યો છે. હવે કર્મ લઈએ. (નષ્ટ) કરી છે. **અત્યંત નિરસ્ત કરી છે. કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સુક વર્તતા,** બીજું ઓલું રહી ગયું. રાગ જે કર્મચેતના ઉત્પન્ન થઈ, મહાવ્રત.. નિરુત્સુકતા. ઉત્સુકતા એ બાજુ નથી. અહીં તો છે ને, પંચમહાવ્રતના ઠેકાણા નથી ને દીક્ષા લીધી... ચારિત્ર તો ખરું. ચારિત્ર તો છે. ધૂળેય નથી. મિથ્યાત્વ છે. આહાહા! અરે! શું બાપુ! તને નુકસાનના રસ્તા કેવા છે એ બતાવે ત્યારે, એય નહીં. નિશંકા એ શંકા નથી, શંકા એ નિશંકા નથી.

હરણ હોય ને હરણ જંગલમાં. પારધીઓએ મોઢા આગળ રચ્યો હોય ઉગમણો. પારધીનો શું કહે? જાળ. એટલે શિકારી એને પાછળ દોડાવતા જાય હરણને આમ. એમાં વચમાં મળ્યા દયાળુ મહાજન. એને ખબર છે કે ઓલી કોર છે બધા શિકારી. પાછા ... ન્યાં શંકા કરે. નહીં નહીં, શંકા નહીં. ઓલા પાછા શંકા લાગે એનામાં નિશંક છે. જાળમાં પકડવા જાય છે એની કોર નિશંક છે. એવો દાખલો આવે છે સૂયગડાંગમાં. જ્યાં શંકા કરવા જેવી નથી ત્યાં શંકા કરે. ઓલા કહે, ઓલા હોકાર મારે. અરે! આ તો ઓલી કોર પારધીઓએ જાળ ગોઠવ્યા છે ત્યાં લઈ જાય છે. હકાર કરે છે. એની કોરથી ભાગે, એની કોર જતાં ભાગે. સામુકા આમ જાય.

એમ ધર્માત્મા સત્ય વાત જ્યાં પડકાર મારે કે અરે! ઊંધે જાવ છો, એ પકડાય જશો, તો કહે

નહીં એ નહીં. એય! આવે છે ત્યાં. સૂયગડાંગમાં ગાથા. એ વખતે સૂયગડાંગને લડાવતા. આ રીતે હો! શંકા કરવા જેવું જયાં નથી ત્યાં શંકા કરે છે. હરિણો મૃગા જહાં સંતા ફરી તાણેન વજીયા, આ ગાથા. અશંકયાયેન શંકતિં શંકયાયેન હરિણો મૃગા જહાં સંતા, હરિણો મૃગલા જેમ સંતા. વેગે સંતા વેગમાં હાલ્યા. આમ જાય છે પારધી, શંકા.. પાછા પારધી આવે છે ત્યાં શંકા કરતા નથી. ઓલો દયાળુ માણસ જયાં પોકાર કરે છે જરી. અટકાવવા લાકડીયું લાંબી કરે, પથરા મારે આમ. આમ કરીને જો આમ વહ્યા જાય, આમ વહ્યા જાય. નહીં, એ તો અમે જાઈએ ત્યાં જાશું. મોહનભાઈ! આહાહા!

એ કૂવામાં પડવા જાય છે ન્યાં. આહાહા! હરિ ટાણે હરિણો મૃગા જહાં સંતા, પરિનાણેણ.. પ્રાણ પ્રાણ શરણ રહિત છે એમ. એ હરણું પ્રાણ શરણ રહિત છે બિચારા. એને ઓલા પારધી હાંકે ત્યાં શંકા નથી કરતા. ઘણા વખતથી હાંકયા હોય ને છતાં કયાંય હજી ઓલું દેખાણું, ઓલું મોઢા આગળ શું કહેવાય એનું? પાથરીને. જાળ દેખાણી ન હોય, માટે કાંઈ વાંધો નથી આવવામાં, વાંધો નથી આવવામાં. પણ આગળ જઈને પાથરી છે. ઝટ દોડીને પડી ન્યાં. અત્યાર સુધી દોડયા તો એવી જાળ આવી નથી. પકડયા નથી માટે નક્કી છોડાવવાવાળા હશે. ઓલો જે દયાળુ હકાર કરે છે, (તો) નહીં નહીં એની કોર ન જાવું. એની કોર ન જાવું. પથરા મારીને આમ કાઢવા માગે છે. એની પોતાની તરફ નો લંબાવે પણ આમ. નહીં, જાવું તો ન્યાં જ જાવું, કારણ કે અત્યાર સુધી આમ જઈએ છીએ ત્યાં તો પકડાણા નથી. આરે! આવા તે.

અહીં તો કહે છે, **કર્માનુભૂતિથી નિરુત્સુક વર્તતા,** ધર્માત્માને રાગ પ્રત્યેની ઉત્સુકતા નથી. હરખ-શોકનો અનુભવ નાશ કર્યો છે. અને **કર્માનુભૂતિ,** કર્મ એટલે શુભભાવનો અનુભવ એમાં **નિરુત્સુક વર્તતા થકા,** આહાહા! ત્રણ લીધું. કર્મફળ, કર્મચેતના અને જ્ઞાનચેતના ત્રણેયને સમાડી દીધી. કહે છે, કેવળ-માત્ર, લ્યો! આવ્યું એકલું જાવ. **જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા,** લ્યો! આહાહા! આગળ વધી ગયા ને પછી. એકદમ જ્ઞાનાનુભૂતિ એકલી જ્ઞાનધારા, જ્ઞાનચેતનામાં એકાકાર ઉત્પન્ન થયેલ **તાત્ત્વિક આનંદથી, જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી,** અંતરનો આનંદ. **અત્યંત ભરપૂર વર્તતા શીઘ્ર સંસારસમુદ્રને પાર ઉતરી,** શીઘ્ર સંસારસમુદ્રને પાર ઉતરી, **શબ્દબ્રહ્મના શાશ્વતફળના (-નિર્વાણસુખના)ભોક્તા થાય છે**. લ્યો! ભગવાને કહ્યું એના ફળને પામે છે, એમ કહે છે. શાસ્ત્રનું ફળ વીતરાગ કીધું હતું ને? શાસ્ત્રતાત્પર્ય વીતરાગતા પ્રગટ કરીને નિર્વાણને પામે છે. વિશેષ કહેવાશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૭૩

मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया ।
भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं ।। १७३ ।।

मार्गप्रभावनार्थं प्रवचनभक्तिप्रचोदितेन मया ।
भणितं प्रवचनसारं पञ्चास्तिकसङ्ग्रहं सूत्रम् ।। १७३ ।।

कर्तु: प्रतिज्ञानिर्व्यूढिसूचिका समापनेयम् ।

मार्गो हि परमवैराग्यकरणप्रवणा पारमेश्वरी परमाज्ञा; तस्या: प्रभावनं प्रख्यापनद्वारेण प्रकृष्टपरिणतिद्वारेण वा समुद्योतनम्; तदर्थमेव परमागमानुरागवेगप्रचलितमनसा संक्षेपत: समस्तवस्तुतत्त्वसूचकत्वादतिविस्तृतस्यापि प्रवचनस्य सारभूतं पञ्चास्तिकायसंग्रहाभिधानं भगवत्सर्वज्ञोपज्ञत्वात् सूत्रमिदमभिहितं मयेति । अथैवं शास्त्रकार: प्रारब्धस्यान्तमुपगम्यात्यन्तं कृतकृत्यो भूत्वा परमनैष्कर्म्यरूपे शुद्धस्वरूपे विश्रान्त इति श्रद्धीयते ।। १७३ ।।

इति समयव्याख्यां नवपदार्थपुरस्सरमोक्षमार्गप्रपञ्चवर्णनो द्वितीय: श्रुतस्कन्ध: समाप्त ।।

---

મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,
કહ્યું સર્વપ્રવચન-સારભૂત 'પંચાસ્તિસંગ્રહ' સૂત્રને. ૧૭૩.

અન્વયાર્થ :- (प्रवचनभक्तिप्रचोदितेन) પ્રવચનની ભક્તિથી પ્રેરિત એવા મેં (मार्गप्रभावनार्थं) માર્ગની પ્રભાવના અર્થે (प्रवचनसारं) પ્રવચનના સારભૂત (पञ्चास्तिकसङ्ग्रहं सूत्रम्) 'પંચાસ્તિકાયસંગ્રહ' સૂત્ર (भणितम्) કહ્યું.

ટીકા :- આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે (અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્રસમાપ્તિ કરે છે).

માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા); તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે; (પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે (૧) તેની પ્રખ્યાતિ-જાહેરાત-કરવા દ્વારા અથવા (૨) પરમવૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે;) તેના અર્થે જ (-માર્ગની પ્રભાવના અર્થે જ), પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ

ચલિત થતું હતું એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું-કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી (-વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી) 'સૂત્ર' છે, અને જે સંક્ષેપથી સમસ્તવસ્તુતત્ત્વનું (સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું) પ્રતિપાદન કરનારું હોવાથી, અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે (-દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ જિનપ્રવચનના સારભૂત છે.)

આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પામી, અત્યંત કૃતકૃત્ય થઈ, પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા (-પરમનિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા) એમ શ્રદ્ધવામાં આવે છે (અર્થાત્ એમ અમે શ્રદ્ધીએ છીએ). ૧૭૩.

આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન નામનો દ્વિતિય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

(હવે, 'આ ટીકા શબ્દોએ કરી છે, અમૃતચંદ્રસૂરિએ નહીં' એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહૂતિ કરે છે :)

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-
व्याख्या कृतेयं समयस्य शब्दैः ।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति
कर्तव्यमेवामृतचन्द्रसूरेः ।।

(શ્લોકાર્થઃ-) પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી. (૮)

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ નામના સમયની અર્થાત્ શાસ્ત્રની (શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સમયવ્યાખ્યા નામની) ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

## પ્રવચન નં :- ૮૮, ગાથા :- ૧૭૩
## જેઠ સુદ-૪, સોમવાર, તા :- ૮-૬-૧૯૭૦

પંચાસ્તિકાય ૧૭૩ ગાથા. છેલ્લી ગાથા છે.

**मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया ।**
**भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं ।। १७३ ।।**
**મેં માર્ગ-ઉદ્યોતાર્થ, પ્રવચનભક્તિથી પ્રેરાઈને,**
**કહ્યું સર્વપ્રવચન-સારભૂત 'પંચાસ્તિસંગ્રહ' સૂત્રને. ૧૭૩.**

તેનો **અન્વયાર્થ :- प्रवचनभक्तिप्रचोदितेन मया પ્રવચનની ભક્તિથી પ્રેરિત થઈને,** કહે છે, ટીકામાં આવશે. વારંવાર મારું મન આ પ્રવચનની ટીકા કરવામાં ચલિત થતું હતું. વિકલ્પ આવતો હતો એમ. મૂળ પાઠમાં છે ને. એટલે એનો અર્થ છે ટીકાનો. **પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી,** અનુરાગનો વેગ આવતાં, જુઓ ભાષા! શાસ્ત્રને કરવાની ટીકા પરમાગમ પ્રત્યેના અનુરાગનો વેગ, એમ ને એમ વિકલ્પ ઉઠતો હતો કે આની ટીકા થાય, ટીકા થાય. છે તો અનુરાગ, રાગ, શુભરાગ બંધનું કારણ, આ તો ભાવબંધ છે ને એ પોતે. રાગ એ ભાવબંધ છે.

કહે છે કે મારું મન અતિ ચલિત થતું હતું. આ પ્રવચન કરવામાં પણ રાગનો અનુરાગ હતો. તેમાંથી ચલિત થતું હતું. જુઓ! આ તો જુઓ!

મુમુક્ષુ :- મુનિને પણ એમ થાતું હશે?

ઉત્તર :- મુનિને પણ હજી રાગ છે કે નહીં. પણ વીતરાગતા નથી ત્યાં સુધી એવો રાગ આવે. **પ્રવચનની ભક્તિથી પ્રેરિત થઈને મેં,** મેં શબ્દ પડયો છે ને. મયા માર્ગ પ્રભાવ, **માર્ગની પ્રભાવના અર્થે,** માર્ગની વ્યાખ્યા કરશે, જુદી જાતની. **માર્ગની પ્રભાવના અર્થે,** પ્રવચનસાર, **પ્રવચનના સારભૂત,** લ્યો! ભાષા તો એમ લખી છે. ભગવાને કહેલાં પ્રવચનો, સિધ્ધાંતો એનું સારભૂત **'પંચાસ્તિકાયસંગ્રહસૂત્ર' કહ્યું.** આ કારણે મેં પ્રભાવના માટે આ કહ્યું.

**ટીકાઃ- આ, કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે,** જુઓ! કર્તા આવ્યું કે નહીં? છેલ્લે ના પાડશે. એય! આ શાસ્ત્રકર્તા આવ્યું, જુઓ! કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા-સમાપ્તિ. મારે આ કરવું છે એવી જે પ્રતિજ્ઞા લીધી હતી. એ કર્તાની પ્રતિજ્ઞા પૂરી થાય છે. એમ કહે છે. પહેલેથી કે મારે આ પંચાસ્તિકાય કહેવું છે જગતના હિત માટે, પરમેશ્વરના પ્રવચનનો સાર. એ કર્તાની પ્રતિજ્ઞા હતી

પહેલી. એમ હતું ને પહેલું. પહેલી ગાથા શું છે? જુઓને!

**इंदसदवंदियाणं तिहुवणहिदमधुरविसदवक्काणं।**
**अंतातीदगुणाणं णमो जिणाणं जिदभवाणं ।।**

એટલું. પછી બીજી ગાથામાં છે. **समणमुहुग्गदमट्ठं** સર્વજ્ઞના મુખથી નીકળેલો અર્થ એટલે સિધ્ધાંત **चदुग्गदिणिवारणं सणिव्वाणं** ચાર ગતિના પરતંત્રતાનું નિવારણ અને મોક્ષની સ્વતંત્રતાની પ્રાપ્તિ, **एसो पणमिय सिरसा समयमिणं सुणह वोच्छामि** અહીં, પ્રતિજ્ઞા કરી હતી કે હું હમણાં કહું છું, એ. આ સિધ્ધાંતને, સમય એટલે સિધ્ધાંતને હું કહીશ. 'સૂણા' સાંભળ. એમ જે પ્રતિજ્ઞા કરી હતી તે પ્રતિજ્ઞા અહીં પૂરી થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**કર્તાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવનારી સમાપ્તિ છે. અર્થાત્ અહીં શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ,** શાસ્ત્રકર્તા આવ્યું, હો! ધન્નાલાલજી! એ કહે છે ઓલા, જુઓ! શાસ્ત્ર કરી શકે છે કે નહીં?

મુમુક્ષુ :- એ કર્તા લખ્યું કે નહીં?

ઉત્તર :- એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. એ અહીં છે ને. છેલ્લી ગાથા આવે છે કે નહીં? અમે કાંઈ કર્યું નથી. અમૃતચંદ્રાચાર્ય હમણાં કળશ કહેશે. કળશ છેલ્લો.

મુમુક્ષુ :- એ તો પોતાની મોટપ

ઉત્તર :- મોટપ હોય કરી શકે નહીં.

આહાહા! જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય કોને કરે? વિકલ્પને પણ કરે કયાં એ? આવે તેને જાણે. આહાહા! એમાં પણ હતો કે દિ'. ચૈતન્યબિંબ છે. આત્મા ચૈતન્યનો સૂર્ય છે એકલો. ચૈતન્ય પ્રકાશનો સૂર્ય. એમાં રાગ છે પણ કયાં કે રાગને કરે, ને પર તો છે કયાં કે પરને કરે. શેઠી!

મુમુક્ષુ :- ચૈતન્યનો સૂર્ય અને પ્રવચનની ભકિતથી પ્રેરે છે.

ઉત્તર :- એ વિકલ્પ ઉઠયો છે એને કહે છે. વારંવાર અંદર આવ્યા કરે છે. ખળભળાટ વૃત્તિ થાય છે, ટીકા કરું, ટીકા કરું. એ રીતે ટીકાનો વિકલ્પ હતો તે અહીંયા અત્યારે પૂરો થઈ ગયો. આહાહા!

**શાસ્ત્રકર્તા શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ,** શ્રી સ્વરૂપમાં મદ એટલે લક્ષ્મીવાળા સ્વરૂપ લક્ષ્મીવાળા એવા ભગવાન મહિમાવંત કુંદકુંદાચાર્યદેવ **પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણતા સૂચવતાં શાસ્ત્ર સમાપ્તિ કરે છે.**

મુમુક્ષુ :- આમાં પણ શાસ્ત્રકર્તા લખ્યું છે.

ઉત્તર :- કીધું ને. શાસ્ત્રકર્તાનો તો આ અર્થ કર્યો. શાસ્ત્રકર્તા કહ્યું છે. નિમિત્તથી કથન તો એમ જ આવે ને?

મુમુક્ષુ :- સોનગઢવાળા પણ શાસ્ત્રકર્તા તો માને છે.

ઉત્તર :-માને છે. એ કીધું હતું ને ઓલાએ, અંદર તો માને છે. ફુલચંદજી એમ કહે છે કે એમ કરતા નથી. પણ એ બીજાને સમજાવે છે. એનો અર્થ કે એ કર્તા થાય છે. અરે ભગવાન! શું થાય?

મુમુક્ષુ :- અંદરથી માને છે...

ઉત્તર :- માને કોણ?

જ્ઞાન ભગવાનઆત્મા કરે શું? વસ્તુ ચૈતન્યપ્રકાશનું નૂર. એમાં તો પ્રવાહ જ્ઞાનનો પ્રવાહ હોય. રાગ ને પરના પરમાણુની ક્રિયા એમાં કયાંથી હોય તે કરે. હોય તેને કરે. ન હોય એમાંથી કયાંથી કરે? કહો, પંડિતજી! શું લખે છે? કર્તા અને વળી કર્તા નહીં. 'વોચ્છામિ સમયપાહૂડમ્' એમ તો કહે છે. અહીં 'વોચ્છામિસૂણહ' એમ તો કહ્યું. હું કહીશ. વળી કહે છે કે એ કરી શકે નહીં. અરે ભાઈ! એ વચનની કથની, પધ્ધતિ એવી હોય. કરી શકે કોને? એ આગળ કહેશે પોતે.

હવે, વ્યાખ્યામાં માર્ગ શબ્દ પડયો છે ને. **માર્ગપ્રવભાવનાર્થં** એની વ્યાખ્યા પહેલી કરે છે. માર્ગ એટલે **પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા,** જુઓ! વીતરાગતાને વર્ણવે છે. વીતરાગ થયો ને એટલે આમ પરથી બિલકુલ પરમ વૈરાગ્ય. પરમ વૈરાગ્ય એમ. સ્વભાવ સન્મુખ ઢળતાં પરથી બિલકુલ ખસી જવું. રાગના વિકલ્પથી બિલકુલ ખસી જવું. માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે, સમયસારમાં આવ્યું છે ને. પુણ્ય-પાપના વિકલ્પોનો વૈરાગ્ય એટલે એ નહીં, એનું નામ વૈરાગ્ય છે. આવે છે ને. વૈરાગ્ય. સમયસાર વૈરાગ્ય સંપત્તો એટલે પુણ્ય ને પાપના બે વિકલ્પો. સમજાણું?

સમયસાર છે ને? આ રહ્યું. વૈરાગ્ય, વૈરાગ્યની વાત કરી. .... જુઓ! આ વૈરાગ્ય આ. સ્વભાવની પરિપૂર્ણતા તરફ ઢળેલું અસ્તિત્વ અને આમ પુણ્ય ને પાપના વિકલ્પથી ખસી ગયેલો ભાવ તેને વૈરાગ્ય કહે છે. સમજાણું કાંઈ? રાગી જીવ કર્મ બાંધે છે. વૈરાગ્યને પામેલો જીવ કર્મથી છૂટે છે. લ્યો! વૈરાગ્યની વ્યાખ્યા આ, એમ. સમજાણું? સામાન્યપણે રાગીપણાના નિમિત્તે શુભ ને અશુભ બન્ને કર્મોનો બંધના કારણ તરીકે સિધ્ધ કરે છે. તેથી બન્ને તરફથી વૈરાગ્ય કરે છે. કહો, સમજાણું કાંઈ?

પુણ્ય ને પાપનો વિકલ્પ જે બે છે એના પ્રત્યે તદ્દન વૈરાગ્ય એને કહે છે. શુભ ને અશુભનો કયાંય પ્રેમ તેને અવૈરાગ્ય કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .... ઉપદેશ તો દેવો પડે ને? ...

ઉત્તર :- દેવો પડે શું? એ તો આવે કોઈ વખતે એવું હોય તો એને કહે ભઈ શુભભાવ છે. એમાં શું? અશુભ ટાળવા માટે, એમ પણ કહે. પણ એથી ધર્મ કયાં હતો? ધર્મ તો જે છે એ છે. કહો, સમજાણું? વિહિતં, જ્ઞાનેમય વિહિતં છે ને? શિવહેતુ. એ એનાથી પાછો વળ્યો છે. પુણ્ય-પાપના

વિકલ્પથી પાછો વળે છે. સ્વભાવ તરફ જતાં પુણ્ય-પાપથી પાછો વળે છે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. રાગનો રંગ નહીં ને સ્વભાવનો રંગ તેને વૈરાગ્ય કહે છે. પુણ્યના પરિણામનો રંગ નહીં. એના રંગ વિનાની ચીજ તેને વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાય છે?

માર્ગ એટલે **પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી,** જુઓ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એની આજ્ઞા તે પણ **પારમેશ્વરી પરમ આજ્ઞા, પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી, પરમ આજ્ઞા.** ભગવાનની પરમ આજ્ઞા કે એક સૂક્ષ્મ વિકલ્પથી પણ હટી જા. આ બાજુ ઢળી જા. સમજાણું કાંઈ? એવી પરમેશ્વર ભગવાનની આજ્ઞા છે. **પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા,** એની વ્યાખ્યા કરી. એ પહેલાં વ્યાખ્યા આવી ગઈ હતી. તે દિ' પણ કહ્યું હતું. ૧૪૧ ગાથા. એમાં ભાઈ! સંવર તે ચારિત્ર છે, માર્ગ છે. ૧૪૧ ગાથા. બીજો છે, ત્રણ ઠેકાણે છે ને. ૧૫૪ ચાલતાં કહ્યું હતું.

માર્ગ ખરેખર સંવર છે. છે ને ૧૪૧. ધન્નાલાલજી! માર્ગ ખરેખર સંવર છે. આહાહા! મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પતિ અટકવી એવો જે સંવર તે માર્ગ છે. સમજાણું કાંઈ? અંતરમાં સ્વભાવ સન્મુખનું સમ્યગ્દર્શન અને વીતરાગી પર્યાય પ્રગટ થાય એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પતિથી પાછો ફર્યો છે. એને અહીંયા સંવર અને એને અહીંયા માર્ગ કહેવામાં આવે છે. આહાહા! ૧૪૧ છે. સંવર છે અને પછી ૧૫૪ ચારિત્ર તે મોક્ષમાર્ગ છે ને? ૧૫૪ શરૂ કર્યું ને ન્યાં આ મેળવ્યું પાછું. ત્યાં મોક્ષનો માર્ગ, માર્ગ કહો કે ત્રણ દર્શન, જ્ઞાન એમાં ભેગું આવી જાય છે સંવરમાં. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૪ ગાથા.

જીવસ્વભાવમાં, ભગવાનઆત્મા સામાન્ય ચેતના દર્શન ને વિશેષ જ્ઞાનચેતના એવો જે જીવસ્વભાવ, ભગવાનઆત્માનો જે જ્ઞાન-દર્શન સ્વભાવ એમાં નિયત, નિશ્ચય, સ્થિરતા, ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. કહો, શેઠી! આ પંચાસ્તિકાય લેવું પડ્યું, જુઓ! અને ચારિત્ર છે ત્યાં દર્શન, જ્ઞાન તો હોય. જ્ઞાન-દર્શન એવો જીવસ્વભાવ. જ્ઞાનચેતના મહાસામાન્ય અને જ્ઞાનવિશેષ જાણો તો, એવો આત્મા. એની સ્વભાવ સન્મુખની પ્રતીતિ અને એનું જ્ઞાન, હવે એમાં ઠરવું તે ચારિત્ર અને એ ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. સંવર માર્ગ કહ્યો, ત્યાં ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો. અહીં માર્ગને અહીં કહ્યું, ૧૭૩. હા, એ માર્ગ. સમજાય છે કાંઈ?

**માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે,** પર પ્રત્યે બિલકુલ ઉદાસ. વિકલ્પ ને નિમિત્ત-બિલકુલ ઉદાસ, એના તરફથી હઠીને. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ ખસી જવું એને પરમ વૈરાગ્ય કહે છે. સમજાણું કાંઈ? માર્ગ ભારે આકરો.

મુમુક્ષુ :- રાગાદિ બંધ છે. કર્મ.....

ઉત્તર :- એથી એનાથી ખસી જવું, એવી પરમેશ્વરની પરમ વૈરાગ્યની આજ્ઞા છે. રાગ એ આજ્ઞા નથી, એમ કહે છે. આહાહા! જિનવરની વાણીમાં તે રાગની આજ્ઞા હોય? રાગને પોષે એવી વાણી વીતરાગની હોય? જુઓને! કેવી વાત કરે છે. આહાહા!

માર્ગ એટલે ભગવાનઆત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ એવો જે મોક્ષ, એનો જે માર્ગ, એનો જે માર્ગ એ અસ્તિ તરફ તો ઢળેલો છે પણ આમ પરથી પરમ વૈરાગ્યની આજ્ઞા ભગવાનની છે, એમ કહે છે. આહાહા! નિમિત્તો અને નિમિત્ત સંબંધીના વિકલ્પો એનાથી વૈરાગી.

પરમ વૈરાગ્ય પરમેશ્વરની પરમ આજ્ઞા છે. ચેતનજી! પરમેશ્વરની આજ્ઞામાં એ શુભરાગ આદરણીય છે કે રાગ છે, એ આજ્ઞા ભગવાનની ન હોય. આહાહા! ભગવાન વીતરાગબિંબ છે આત્મા. એને પરના તરફથી બિલકુલ પરમ વૈરાગ્યથી. એમ પરથી હટીને પરમ વૈરાગમાં આવી જવું. જુઓને! કેવી શૈલી વાત કરે છે! છેલ્લે ઓલો વીતરાગભાવ કીધો ખરો ને. વીતરાગતા કીધું ને? ૧૭૨માં વીતરાગતા કીધી. રાગ રહિત. વીત એટલે રાગ રહિત. તો અહીં કીધું કે પરમ વૈરાગ્ય. આહાહા! કોઈ પણ વિકલ્પ પરને સમજાવવાનો કે ઓલાનો રાગ, કહે છે કે એનાથી પણ હઠી (ખસી) જવું, એ પરમેશ્વરની આજ્ઞા છે. આહાહા!

મુમુક્ષુ :- ...વ્યવહાર આજ્ઞા કહે છે ને?

ઉત્તર :- આજ્ઞા ફાજ્ઞા છે જ નહીં. એ તો એ જણાવ્યું છે. વ્યવહાર આજ્ઞાનો અર્થ કે એ નથી. અભૂતાર્થ એટલે એ આજ્ઞાનું સ્વરૂપ જ નથી. **માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે,** એક તો અહીં શબ્દ છે. અને બીજું **પારમેશ્વરી પરમ આજ્ઞા,** આહાહા! ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ, પરમ આનંદનું ધામ એને પરથી બિલકુલ ખસી જવું. બિલકુલ ખસી જવું. ભગવાન કહે છે કે અમારી ભક્તિ પ્રત્યેના રાગથી ખસી જવું એવા પરમ વૈરાગ્યની અમારી આજ્ઞા છે. આહાહા! એ સુજાનમલજી! આરે! ભારે આ! આહાહા!

વીતરાગ કહ્યા હતા ને તે આમથી ખસીને. આહા! શબ્દ તો જુઓ! અહીંયા સંવર માર્ગ કહ્યો એ પણ રાગ રહિત દશા, ચારિત્ર કહ્યો એ પણ રાગ રહિત દશા. ખુલ્લું કરી નાખ્યું. માર્ગ એટલે પરમ વૈરાગ્ય. વિકલ્પનો અંશ પણ સૂક્ષ્મ એનાથી વૈરાગ્ય એમાંથી ખસી જવું. એ વૈરાગ્ય પ્રત્યે ઢળતી-એના પ્રત્યે ઢળતી એ પારમેશ્વરી પરમ આજ્ઞા છે. રાગના અંશને રાખવો કે કરવો એ પરમેશ્વરની આજ્ઞા નથી. આહાહા! વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ પરમ વૈરાગ્ય કરવો, અંદરથી ખસીને. એવી એના તરફ ઢળતી. પરમ વૈરાગ્ય પ્રત્યે આમ ઢળતી, એવી **પરમેશ્વરની પરમ આજ્ઞા** છે. સમજાણું કાંઈ? આનું નામ વૈરાગ્ય કહેવાય. શાંતિભાઈ!

બાયડી, લુગડા છોડી દીધા ને આ થયા એ તો રાગ છે. બાપુ! તને ખબર નથી ભાઈ! વૈરાગ્ય

રાગના અંશથી પણ ખસીને સ્વભાવમાં ઠરવું એને વૈરાગ્ય કહે છે. આહાહા! એવી પરમ એ માર્ગ એટલે, માર્ગની વ્યાખ્યા અમૃતચંદ્રાચાર્ય કરે છે. જુઓ! પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે, પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે, રાગને વ્યવહાર કરવા પ્રત્યે એમ નહીં. આહાહા! બતાવ્યું ને અમૃતચંદ્રાચાર્યએ કે ભઈ આવી ભૂમિકા શુદ્ધપરિણતિ હોય ત્યાં એને મેળવાળો શુભરાગ અમુક જાતનો હો, પણ એ ઉપેક્ષણીય છે.

મુમુક્ષુ :- કરવાની આજ્ઞા નથી.

ઉત્તર :- એ નથી. આહાહા! ત્રણ બોલ તો કહ્યા હતા. ખ્યાલ છે ત્રણ? રાગ આવે છતાં માહાત્મ્ય વારતા અને અત્યંત ઉદાસીન અને ક્ષણે ક્ષણે સ્વભાવ તરફ ઢળતાં રાગ ઘટતો જાય છે. ચોથામાં પણ આ ખુલાસો કર્યો છે. ભગવાનઆત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ એમાં દૃષ્ટિ થઈ અને સ્થિરતા થવામાં અહીંથી ખસીને સ્થિરતા થાય છે. સમજાણું કાંઈ? આરે! ભારે પણ! અમૃતચંદ્રાચાર્યની ટીકા વસ્તુને કેટલી સ્પષ્ટ ..... જેવી બતાવે છે. લ્યો!

ભગવાન ચૈતન્ય સ્વભાવ એ સ્વભાવને પરથી વાળવી, ખસી જવું. સ્વભાવમાં ઠરવું તો સ્થિર થઈ જવું, પણ અહીંથી ખસી જવું. એ પરમ વૈરાગ્યની ઢળતી એના તરફ જવાની **પારમેશ્વરી પરમ આજ્ઞા, પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા**. આહાહા! જુઓ! આ સમાપ્તિ કરતાં, આહાહા! **તેની પ્રભાવના,** હવે આની પ્રભાવના. આવો જે પરમ વૈરાગ્ય તરફ ઢળતી આજ્ઞા એની પ્રભાવનામાં. પોતાને ખુદ પ્રભાવના અને વાણી દ્વારા કથન કરવું એમ બે પ્રકારની. સમજાણું કાંઈ? તેની પ્રભાવના એટલે, પાછી પ્રભાવના એટલે **પ્રખ્યાપન દ્વારા,** પ્રખ્યાપન દ્વારા એટલે કથન દ્વારા, એક. અથવા **પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા**, ઉત્કૃષ્ટ વીતરાગી પરિણતિ દ્વારા. સમજાય છે કાંઈ?

વીતરાગપણાનું કથન, પરથી ખસી જવું. પરમ વૈરાગ્યની એવી ભાષાનું કથન અને અંતરમાં પણ **પ્રકૃષ્ટ,** વિશેષે **પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે;** પ્રભાવના કરવી. અંદરમાં રાગથી ખસીને પ્રકૃષ્ટ નિર્મળ પરિણતિ દ્વારા તેનો અંદરમાં ઉદ્યોત કરવો એ પ્રભાવના છે. એ નિશ્ચય પ્રભાવના છે. કહો, સમજાણું આ? અહીં પ્રભાવના કરે છે ને પેંડાની ને પતાસાની ને ફલાણાની, ઢીકણાની. પૈસાની કરે શું? ઠામ(વાસણ)ની કરે એમાં શું છે? બબ્બે રૂપિયા, ત્રણ ત્રણ રૂપિયાની. હમણાં રૂપિયાની લ્હાણી કરે છે. રૂપિયો, રૂપિયો આપે. રૂપિયાની કિંમત કેટલી થઈ ગઈ હવે. ત્રણ પૈસાનો રૂપિયો. ત્રણ પૈસાનું નાળિયેર મળતું હતું તો આ રૂપિયો ત્રણ પૈસાનો થઈ ગયો. વીસમો ભાગ કરી નાખો તો. વીસ વીસ ગણા ભાવ થઈ ગયા છે બધાના. ત્રણ પૈસાનો રૂપિયો એમાં શું? રૂપિયો આપો કે ત્રણ પૈસા આપો અત્યારે. પહેલાના ત્રણ પૈસા ને અત્યારનો રૂપિયો. આહાહા!

કહે છે, અહો! **પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે,** બે પ્રકાર લીધા. પહેલો ઓલો વ્યવહાર લીધો. આમ વિકલ્પ છે ને. આમ કરે એટલે ન્યાંથી લીધો. વ્યવહારથી ભગવાનનો

વીતરાગ માર્ગ એટલે કે પરથી પાછું ફરવું, એવી વીતરાગ સ્વભાવમાં આવવું, એવી ઢળતી એવી આજ્ઞા. એનું કથન દ્વારા, પ્રખ્યાપન દ્વારા વિકલ્પ ઉઠયો છે એ અપેક્ષાએ, અને અંતરમાં પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા. વીતરાગી ધારા રાગરહિત પરિણતિ દ્વારા આત્મામાં પ્રભાવના. **પ્ર...ભાવના,** પ્રકૃષ્ટની વીતરાગી દશા પ્રગટ કરવી એ પ્રભાવના છે. સમજાણું કાંઈ?

**તે, પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે,** હવે વ્યાખ્યા કરે છે. પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના એટલે, પરમ આજ્ઞા ત્યાં સુધી માર્ગ આવ્યો. હવે એની પ્રભાવના એટલે **તેની પ્રખ્યાતિ-જાહેરાત કરવા દ્વારા,** જાહેરાત કરવી. ભગવાન પરથી ખસીને આત્મામાં આવવું બિલકુલ અંશ વૈરાગ્ય કે નિમિત્ત. રાગ કે નિમિત્ત, પ્રશસ્ત રાગ કે પ્રશસ્ત રાગનું નિમિત્ત. સમજાણું?

એમાંથી ભગવાનની આજ્ઞા આમ ખસી જવું ન્યાંથી. ખસી જવું એ પરમ આજ્ઞા છે. ભગવાન પ્રત્યેનો પ્રેમ એમાં રહેવું એ આજ્ઞા નથી, એમ કહે છે. એ આવી ગયું હતું ને પહેલું ૧૭૦ માં. ૧૭૦. નવતત્ત્વની રુચિ, તીર્થંકર પ્રત્યેની રુચિ, પ્રેમ અને, સમજાય છે? શું આવ્યું હતું? નવનું આવ્યું પહેલું. સૂત્રની-સૂત્રની આગમની રુચિ. નવતત્ત્વનો પ્રેમ, ભગવાન પ્રત્યેનો પ્રેમ, સૂત્ર પ્રત્યેનો પ્રેમ, ૧૭૦ માં આવ્યું હતું.

**सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स ।**
**दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स ।। १७० ।।**

એને શુભભાવને લઈને સાક્ષાત તે કાળે મોક્ષ થતો નથી. પછી દૂરતર એટલે એ શુભરાગને ટાળશે ત્યારે મોક્ષ થશે. શેઠી! શું કરવું? ઘરે મૂર્તિ રાખવી, ભક્તિ, પૂજા કરવી એ ભાવથી આગળ ધર્મમાં જવાય કે નહીં? ઘરે રાખી છે મૂર્તિ. જુઓ! જયપૂર. કહો, સમજાણું કાંઈ કે નહીં?

હો, કહે છે એ. અને એના પ્રત્યેનો વિકલ્પ પણ એનાથી ખસી જવું એ પરમ વૈરાગ્યની પરમ આજ્ઞા ભગવાનની છે. આહાહા! ગજબ વાત! એવો વ્યવહાર છે એને નથી એમ કહે તો વ્યવહાર ઊડી જાય છે, અને એનામાં રહીને લાભ થાય છે તો આખી વીતરાગતા ઊડી જાય છે. શેઠી! આવી વાત છે.

મુમુક્ષુ :- ભગવાનથી ખસી જવું.

ઉત્તર :- ભગવાનથી ખસવું કોના? પર ભગવાનથી. એમ કહે છે. પર ભગવાનથી ખસવાની ભગવાનની પારમેશ્વરી પરમ આજ્ઞા છે. સમજાણું કાંઈ? આરે! ત્યારે ઓલા કહે કે, જુઓ! આમાં એ આવ્યું કે નહીં? એમાં મૂર્તિ ને પ્રતિમા કયાં આવી? એમ કહે. એમાંથી તો ખસી જવાની વાત આવી. એની ભૂમિકાયોગ્ય વ્યવહાર તો પહેલો સ્થાપી ગયા. એવો વ્યવહાર દેવ-ગુરુ-ધર્મની ભક્તિનો, પ્રતિમાની ભક્તિનો એવો ભાવ વિકલ્પનો એની ભૂમિકાયોગ્ય આવ્યા વિના રહે ખરો? એ નિશ્ચયની

સાથે એ વ્યવહારની સુસંગતતા છે પણ એ નિશ્ચયથી આદરણીય છે એમ નહીં. આહાહા! આવી વાત! સમજાણું કાંઈ?

તીર્થંકર નામ પડયું છે. જુઓ! તીર્થંકર પ્રત્યે પણ જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે. નિર્વાણ દૂર છે એને. સમજાણું કાંઈ? **તેની પ્રખ્યાતિ-જાહેરાત કરવા દ્વારા અથવા પરમ વૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે. તેના અર્થે જ, તેના અર્થે જ (-માર્ગની પ્રભાવના અર્થે જ)**, એમ. તેના અર્થે જ, **માર્ગની પ્રભાવના અર્થે જ, પરમાગમ પ્રત્યેના અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું.** જુઓને! ખુબી તો કરે છે. આહાહા! શાસ્ત્ર જ કરવાની ટીકામાં મન, વિકલ્પ વારંવાર આવ્યા કરે. આમ થાય ને ઓમ થાય. રાગ આવ્યા જ કરતો તેના પ્રત્યેના પ્રેમનો. આહાહા! નિયમસારમાં પણ આવ્યું હતું ને? અમારું મન ત્યાં ટીકા કરવામાં, (પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે) શરૂઆતમાં જ એ લીધું છે.

અહીં કહે છે **પરમાગમ પ્રત્યેનો અનુરાગ** એ પણ એક રાગ છે, શુભભાવ છે, પુણ્ય છે. **એના વેગથી,** આહાહા! **જેનું મન,** ભાષા પાછી એવી. **જેનું મન અતિ ચલિત થતું હતું,** એવા મેં. એમ. અમારું મન. **અનુરાગના વેગથી જેનું મન અતિ ચલિત થતું હતું,** પાછું મન અતિ ચલિત થતું હતું. એમ. ટીકા થાય, ટીકા થાય. પણ એ રાગ છે કહે છે. આહાહા! એ રાગથી, પહેલી વાત તો કરી પરમેશ્વરની આજ્ઞાનું ત્યાંથી ખસીને વૈરાગ્ય કરવો એ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**એવા મેં,** એમ. **જેનું મન,** એમ કરીને પોતાને દાખવ્યા. **જેનું મન અતિ ચલિત થતું હતું.** એ જાણે જુદો માણસ હોય, અમારું મન એમ ન કહેતાં **જેનું મન, અતિ ચલિત થતું હતું. એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું.** લ્યો! કહ્યું ને અહીં. પણ શબ્દ તો શું કહેવાય. એમ જ કે, 'વોચ્છામિ સમય પાહૂડં' લ્યો! કહું છું. એ તો વિકલ્પ ઉઠયો છે તો કહું છું. એ વાત ભાષા આવ્યા વિના, ભાષા છે એ અસદ્ભૂત વ્યવહારનય છે. ઓલો વિકલ્પ આવ્યો એ ઉપચાર ખ્યાલમાં આવે એટલો અસદ્ભૂત ઉપચાર છે. આહાહા! સમજાણું કાંઈ?

આમ જ્ઞાન સ્વરૂપી ભગવાનઆત્મા એને આ રાગનું કહે છે અમને પણ, મુનિ પોતે હો! કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આહાહા! જેણે પરમ વૈરાગ્યની પરમ વીતરાગતાની વાત કરીને પરમ વીતરાગપણે પરિણમ્યા છે. કૃત કૃત્ય થયા છીએ અમે. એમ કે અંદર છે ને. પ્રવચનસારમાં નહીં, છેલ્લે. કૃત કૃત્ય છીએ અમે. એવા ભગવાનઆત્મા! જુઓ! **એવા મેં આ 'પંચાસ્તિકાયસંગ્રહ' નામનું સૂત્ર કહ્યું- કે જે ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી,** જુઓ! એમ સિદ્ધ કરે છે. ભગવાન સર્વજ્ઞ વડે, ત્રિલોકનાથ પરમાત્મા. આ ઓલા રજનીશે કયાંક લખ્યું છે, આવ્યું છે છાપામાં. કોઈક ઠેકાણે બેસાડયા

હશે. મહાવીર જયંતિમાં. ભગવાન મહાવીર તો શાસનનો ઉપદેશ કરતા હતા ત્યાં એને તમે બધાએ ભગવાન ઠરાવી દીધા. એમ લખ્યું છે, સાળાએ! ગજબ છે ને. સભામાં બેસાડે આવાને. એમ ભાષણ કરતા હતા. ભગવાન ઠરાવી દીધા. એ જાણે કે ભગવાન એમ ન હોય એમ. ભગવાન તો સર્વાંગ થઈ જાય. અરે! આખા ભગવાન જ થઈ ગયા. સાંભળને! આહાહા! એક આત્મા પૂર્ણ ભગવાન થવાનું સ્વરૂપ એનું છે. પૂર્ણ સ્વરૂપ અખંડ, અખંડ, અખંડ જ્ઞાન-દર્શનથી ભરેલો એ અખંડ જ્ઞાન-દર્શનની પર્યાય પ્રગટે એવો જ એ આત્મા છે. સમજાણું કાંઈ? એમ કહે છે. લોકોએ ભગવાન ઠરાવી દીધા. એમ. ભગવાન ઠરાવ્યા નથી, ભગવાન હતા માટે ઠરાવ્યા. સાંભળને!

સર્વજ્ઞ-સર્વદર્શી, ત્રણકાળ, ત્રણલોકની પર્યાય પોતાની પર્યાયને જાણતાં તે બધા જણાય ગયા. એટલી તો પર્યાયની તાકાત છે. આહાહા! **ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી,** આ શાસ્ત્ર તો સર્વજ્ઞ ભગવાનથી કહ્યું છે. એમ કહે છે. **વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જાણીને પ્રણીત કરેલો હોવાથી,** ત્રિકાળ જ્ઞાન થયા પછી જાણ્યું ને પછી વાણી નીકળી. જુઓ! એમ સિદ્ધ કરે છે કે ભગવાનથી નીકળેલું આ છે. અરે પણ કુંદકુંદાચાર્યને ભગવાનને ૬૦૦ વર્ષનો આંતરો પડી ગયો. સાંભળને હવે, આંતરો પડી ગયો તો શું છે?

સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં બધું જાણ્યું, ત્રણકાળ-ત્રણલોક. એના મુખમાંથી નીકળેલું આ શાસ્ત્ર છે. **સ્વયં જાણીને પ્રણીત કરેલું,** આહાહા! કહો, સમજાણું? માટે **'સૂત્ર' છે,** એમ. માટે તે સૂત્ર છે. અને જે **સંક્ષેપથી સમસ્ત વસ્તુતત્વનું,** ટૂંકામાં બધી વસ્તુના સારનું સ્વરૂપનું, **પ્રતિપાદન કરનારું હોવાથી,** લ્યો! આખા નવતત્ત્વનું સ્વરૂપ, છ દ્રવ્ય આદિ, ગુણપર્યાય બધા સ્વરૂપનું પ્રતિપાદન કરનાર હોવાથી, **અતિ વિસ્તૃત એવા પણ,** કહે છે કે એ પૂર્ણ સ્વરૂપ કહેનારું છે. ઓહોહો! **અતિ વિસ્તૃત એવા પણ જિનપ્રવચનના સારભૂત છે,** પ્રવચન અતિ વિસ્તાર છે કહે છે. એની વાણીમાં શું કે મહા વિસ્તાર, પણ એનો સાર છે આમાં બધો. ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્માએ કહેલું એનો આ સાર છે. આહાહા! સંવરમાર્ગ છે, ચારિત્ર મોક્ષમાર્ગ છે. માર્ગ અતિ પરમ વૈરાગ્ય એવી ઢળતી પરમ આજ્ઞા છે. એવું સૂત્રમાં કહ્યું છે. એનો આ બધો સાર છે, કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ રાગ કર્યો નથી. રાગના જાણનાર હતા. રાગ બાગ કર્યો નથી. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- રાગના કર્તા.

ઉત્તર :- રાગના કર્તા હોય તો મિથ્યાદૃષ્ટિ થાય. રાગ હતો તેને જાણ્યો હતો. એનાથી ખસવાની અંદરની પરિણતિ હતી. રાખવાની ને છે ચીજ છે એમ નહોતી. કહે છે ને ભગવાન પ્રત્યેનો રાગ હતો છેલ્લે. ભગવાન મોક્ષ પધાર્યા એને મોકલ્યા. શ્વેતાંબરમાં એમ આવે છે ને. જાવ બહાર જાવ ઓલા

બ્રાહ્મણને સંભળાવવા. એવું આવે છે. વળાવવા ભગવાન ગયા ત્યાં અહીં તો મોક્ષ થઈ ગયો. અરે! ભગવાન મને સંભાર્યા નહીં? મને ભેગો ન લઈ ગયા? અરે! એમ હશે? એવો રાગ મુનિને હશે? કાંઈ ભાન ન મળે. એવી કથા આવે છે. ભગવાને બ્રાહ્મણ-કેવા બ્રાહ્મણનું નામ આવે છે. નામ ભૂલી ગયા. શ્વેતાંબરમાં આવે છે. એય! ચેતનજી! શું છે? નામ નથી યાદ? બ્રાહ્મણ શું આવે? એક બ્રાહ્મણ હતો તેને સંબોધવા ભગવાને મોકલ્યા હતા. કારણ કે ભગવાનને હમણાં કેવળજ્ઞાન-મોક્ષ જવાનું હતું. અને આમને દુઃખ થાશે. એવો વિચાર ભગવાનને આવ્યો હશે.

મુમુક્ષુ :- દેવસરના બ્રાહ્મણ.

ઉત્તર :- દેવસરના. હા, દેવસરના બ્રાહ્મણ. એ જ્યાં ગયા ત્યાં અહીં મોક્ષ થઈ ગયો. આવ્યા, અરે! ગુરુજી! કેમ મને સંભાર્યો નહીં? એમ ગાયન આવે છે.

મુમુક્ષુ :- કોડે ન રાખ્યો.

ઉત્તર :- કોડે ન રાખ્યો. કોઈએ મને ન રાખ્યો, એમ. કોડે ન રાખ્યો. એવા તે કાંઈ રાગ હશે ભગવાન ગણધરને? એ તો વિકલ્પ ભક્તિનો હોય છે, છતાં ત્યાંથી પાછું ફરવું એવી ભગવાનની આજ્ઞા છે અને પોતે પણ એમ માને છે. રાગથી ખસીને ઠરવું એ મારો માર્ગ છે. રાગમાં રહેવું એ માર્ગ નથી. પરમ વૈરાગ્ય, પરમ વૈરાગ્ય, પરમ વૈરાગ્ય. આહાહા! **અતિ વિસ્તૃત એવા પણ પ્રવચનના સારભૂત છે, દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ એવા પણ,** ભલે કહે છે કે બાર અંગનો વિસ્તાર હો શાસ્ત્રમાં. એમાં પણ **જિનપ્રવચનના સારભૂત આ છે.** એનો આ ટૂંકું પણ આખો સાર છે.

મુમુક્ષુ :- આખું પ્રવચન આવી જાય છે.

ઉત્તર :- આખું પ્રવચન આવી જાય બધું, કહે છે. ઓહોહો! લ્યો! આ પંચાસ્તિકાય છે.

**આ રીતે શાસ્ત્રકાર (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા,** શરૂ કરેલા **કાર્યના અંતને પામી,** એ પૂરું થઈ ગયું. વિકલ્પ ઘટી ગયો એમ કહે છે. **અત્યંત કૃતકૃત્ય થઈ,** રાગથી છૂટ્યા એ કૃતકૃત્ય થઈ, હો! **અત્યંત કૃતકૃત્ય થઈ પરમનૈષ્કર્મ્યરૂપ શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા,** જુઓ! એટલો વિકલ્પ હતો પૂરું થઈ ગયું તો છૂટી ગયો. અહીં વાણી પૂરી થઈ ગઈ. અહીં વિકલ્પ છૂટી ગયો. **પરમનૈષ્કર્મ્યરૂપ,** પરમ રાગ વિકલ્પ રહિત, **નૈષ્કર્મ્યરૂપ** એટલે રાગરૂપ કર્મ એનાથી રહિત. **પરમનૈષ્કર્મ્યરૂપ,** બધે શબ્દ જ પરમ. **શુદ્ધસ્વરૂપમાં વિશ્રાંત થયા.** ઠર્યા ભગવાનઆત્મા કુંદકુંદાચાર્ય સ્વરૂપમાં ઠર્યા. હવે વિકલ્પ છૂટી ગયો. **પરમનિષ્કર્મપણારૂપ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા,** લ્યો! **એમ શ્રદ્ધવામાં આવે છે.** થયું.

અમૃતચંદ્રાચાર્ય કહે છે **અમે એમ શ્રદ્ધીએ છીએ.** અમે એમ માનીએ છીએ. એમનો વિકલ્પ હતો એ છૂટી ગયો અને અંદરમાં વિશ્રાંતિ થઈ ગઈ. આહાહા! અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. કુંદકુંદાચાર્યનો

જ્યાં વિકલ્પ હતો એ તૂટી ગયો અને અંતરમાં વિશ્રાંતિ લીધી એમ અમે માનીએ છીએ. આહાહા! એટલો વિકલ્પ પણ અવિશ્રામ હતો. સમજાણું કાંઈ? **એમ શ્રદ્ધવામાં આવે છે. અર્થાત્ એમ અમે શ્રદ્ધીએ છીએ**. લ્યો! આહાહા!

**આ રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં,** પહેલું કહ્યું ને 'સમય' **સમયવ્યાખ્યા નામની ટીકામાં, સમયવ્યાખ્યા નામની ટીકામાં નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચ,** એટલે વિસ્તાર **વર્ણન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** લ્યો!

**હવે, આ ટીકા શબ્દોએ કરી છે,** એ.. આ ટીકા શબ્દોએ કરી છે. આહાહા! **'અમૃતચંદ્રસૂરિએ નહીં' એવા અર્થનો એક છેલ્લો શ્લોક કહીને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ ટીકાની પૂર્ણાહુતિ કરે છે.** લ્યો!

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः ।**
**स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति**
**कर्तव्यमेवामृतचन्द्रसूरेः ।।**

વિકલ્પમાં અમે ક્યાં આવ્યા છીએ. અમે તો અંદરમાં છીએ. એમ કહે છે. જ્ઞાન રાગમાં ક્યાંથી આવે? અમે તો જ્ઞાનમાં છીએ. આહાહા!

હવે આનો શું અર્થ કરતા હશે આ? આ તો માળા કાંઈ કરતા જ નથી. એમ કહે છે. એ નિર્માનપણે કહે છે, એમ કહે છે. કળશટીકામાં કર્યું છે ને. રાજમલ ટીકામાં કર્યું છે. મોટા પુરુષ છે. મોટા પુરુષ છે તો એમ જ કહે ને. પણ મોટા પુરુષ કહે છે એમ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- મોટા પુરુષ સાચું જ કહે.

ઉત્તર :- સાચું એટલે શું? કે અમે કર્યું જ નથી. એનો અર્થ એ છે કે નિર્માની પુરુષ હતા. છે ને ઓલામાં. કળશ, કળશ. એ શબ્દ છેલ્લો એનો જ છે ને. જુઓ! **स्वशक्तिसंसूचित** એની એ છે. એની એ ભાષા છે. **कृतेयं** ભાષા એકની એક છે. ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરી છે. તેમનું નાટક સમયસારનું કરવાપણું નથી. શબ્દાર્થ જુદો છે આમાં. એ શબ્દ છે આમાં. છે ને?

**अमृतचंद्रसूरि: किंचित कर्तव्यम न अस्ति एव** ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરિ છે. તેમનું નાટક સમયસારનું કરવાપણું ન અસ્તિ. કિંચિત્ ન અસ્તિ એમ શબ્દ જોઈએ. નથી એમ નથી. નાટક સમયસારનું કરવાપણું નથી. કિંચિત્ કર્તવ્ય નથી. એમ જોઈએ ખરેખર તો. એવો અર્થ નથી કર્યો. આમાં અર્થ કર્યો છે. બરાબર છે. વસ્તુનું તત્ત્વ **પોતાની શકિતથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ**

**સ્વરૂપ) સારી રીતે કહ્યું છે.** કોણે? વાણીએ. વાણીએ વસ્તુનું તત્ત્વ કહ્યું છે, અમે નહીં. વાણીમાં એ સ્વ-પર કથા કરવાની તાકાત છે. અમે તો સ્વ-પરને જાણવાની તાકાતવાળા છીએ. આહાહા!

કહે છે એવા શબ્દોએ આ વ્યાખ્યા કરી છે. લ્યો! કાંઈ કર્તવ્ય નથી. લ્યો! એમાં **અમૃતચંદ્રાચાર્યનું કાંઈ જ કર્તવ્ય નથી**. આમાં તો ચોખ્ખો શબ્દ નાખ્યો છે. આમાં એ શબ્દ ઢીલો કર્યો છે થોડોક. કિંચિત્ એટલે નાટક સમયસારનો એટલો જ કિંચિત્‌નો અર્થ કર્યો છે. કિંચિત્ એટલે નાટક સમયસારનો. કિંચિત્ એટલે નાટક સમયસારનો, એમ. કર્તવ્ય ન અસ્તિ. નાટક સમયસારનું મારું કર્તવ્ય નથી એટલું. પણ અહીં તો કહે છે, કિંચિત્ કર્તવ્ય અમારું નથી. આહાહા! અમે તો જ્ઞાન છીએ. જ્ઞાન કાંઈ રાગને કરે? વાણીને કરે? કરે કે નહીં?

મુમુક્ષુ :- નો કરે પ્રભુ!

ઉત્તર :-નો કરે શું? તારો બાપ કરે છે ને બધું ત્યાં.

મુમુક્ષુ :- સંકલ્પ-વિકલ્પ કરે પ્રભુ! કોઈ પણનું કરે નહીં. નિર્વિકલ્પ વસ્તુ છે.

ઉત્તર :- બસ. કહો, સમજાણું આમાં.

ભાવાર્થ આમ છે કે નાટક સમયસાર ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે. તોપણ મહાન છે, મોટા છે. સંસારથી વિરકત છે. એટલું ત્યાં ઢીલું કર્યું છે એટલે લોકોને મળી રહે. તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી. પણ કરી શકતા જ નથી. કરવાનું અભિમાન શું? કરી શકતા જ નથી. પ્રશ્ન જ કયાં છે? શેઠી! વાણી કરી શકતા નથી. અનંત પરમાણુના સ્કંધનો એક અક્ષર. કોણ કરે? આવા અનંતા પદાર્થ છે પરમાણુમાં, એની પર્યાયમાં થાય છે. પર્યાય આત્મા કરે?

કેવા છે અમૃતચંદ્રસૂરિ? અભિમાન કરતા નથી એમ. દ્વાદશાંગસૂત્ર અનાદિ નિધન છે, કોઈએ કરેલ નથી એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નથી માન્યું. એમ પાછું. શાસ્ત્ર પણ અનાદિ છે, એમ. અને મોટા મહાન છે તેથી અહંકાર કરતા નથી. દર્શનસૂત્ર અનાદિનિધન છે, અનાદિઅનંત છે. કોઈએ કરેલ નથી. એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નથી માન્યું જેમણે. એવા છે. એમ કેમ છે? કે **समयस्य इयं व्याख्या शब्दे कृतेयं** શુધ્ધ જીવસ્વરૂપની આ વ્યાખ્યા નાટક સમયસાર નામ ગ્રંથરૂપ વ્યાખ્યા **शब्देकृता** વચનાત્મક એવા શબ્દરાશી વડે કરવામાં આવી છે. લ્યો! આત્માથી થઈ નથી. આહાહા! માળા! બોલે, કરે અને કહે કે અમે બોલતા નથી. આ ભારે! આ કહે.

ગ્રંથ કર્તા તો કહ્યું. કેવો છે શબ્દરાશી? હવે, **स्वशक्तिसंसूचितवस्तुतत्वै** શબ્દોમાં છે અર્થ સૂચવવાની શકિત. એ શબ્દોમાં છે અર્થ સૂચવવાની શકિત આત્મામાં નહીં, આત્માને લઈને નહીં. આહાહા! મોટા વાંધા છે ઓલા રતનચંદજીને ને તમારે. એના ગામના છે ને ઈ? નહીં, કર્યું છે એમણે. કર્યું છે. પોતે કહે છે કે અમે કરીએ 'વોચ્છામિ' કહ્યું. અરે! એ તો ભાષા છે. કરે કોણ? ના પાડે છે,

અહીં તો. શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ, તેથી પ્રકાશમાન થયો છે શાસ્ત્ર. પંચાસ્તિકાય આ શબ્દોથી પ્રકાશમાન થયું છે. અમારાથી નહીં. અમે તો જ્ઞાન છીએ.

જીવાદિ પદાર્થોનો દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ એવો શબ્દરાશી છે. લ્યો! સમજાણું? કેમકે અમે તો સ્વરૂપગુપ્ત છીએ. દર્શનસૂત્રને તેઓએ કરેલ નથી. એમ જાણી પોતાને માની તેઓ એવા છે. સ્વરૂપગુપ્તની વ્યાખ્યા કરી. સ્વરૂપગુપ્ત છે એટલે? દ્વાદશાંગસૂત્ર અનાદિનિધન છે, કોઈએ કરેલ નથી એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું માન્યું નથી. એવો અર્થ કર્યો છે સ્વરૂપગુપ્તનો. એ બરાબર અર્થ નથી. ભાઈ! સમજાણું? ઢીલો અર્થ છે, સ્વરૂપગુપ્તનો એટલો અર્થ! સ્વરૂપ એમકે એ તો વાણી વાણીથી, દ્વાદશીવાણી છે, અનાદિનિધન છે. માટે કોઈએ કરેલ નથી. માટે ગ્રંથનું કર્તાપણું નથી માન્યું. માટે નથી માન્યું. પણ સ્વરૂપગુપ્તસ્ય એટલે હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું. રાગમાં આવ્યો નથી ને પરમાં આવ્યો નથી ને કરવું કોને? આહાહા! જરીક વ્યવહાર એમાં નાખ્યો છે. નિમિત્તને. કહો, સમજાણું?

અહીં કહે છે, પોતાની શક્તિથી જેમણે, પોતાની શક્તિથી એટલે? શબ્દોના સામર્થ્યથી આ વાત, આ ટીકા થઈ ગઈ છે. શબ્દોના સામર્થ્યથી આ ટીકા થઈ છે. અમારા બળથી આ ટીકા થઈ નથી. આહાહા! આ બોલે છે કોણ ત્યારે? તારો બાપ. એક જણો સાંભળી ને અહીંથી ગયો. એક અહીંથી સાંભળી ને ગયો ને, અહીં કહે છે પંદર દિ' અમદાવાદમાં રહ્યો પછી પૂછયું એકને, મહારાજ! આ કોણ બોલે છે, ભાષા? તારો બાપ બોલે છે આ? તું બોલતો નથી? જીવ બોલે છે કે નહીં? એવો પ્રશ્ન કર્યો. અહીંના સાંભળનારા આવા પ્રશ્ન કયાંક કરે છે ને પછી અથડાય. એવાને શું થવું?

અહીં કહે છે પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ એટલે સ્વરૂપ સારી રીતે કહ્યું છે, એમ. '**संसूचित**' છે ને. '**संसूचित**' સમ્યક્ પ્રકારે જેમ છે તેમ વાણીએ કહ્યું છે. વાણીએ જેમ છે તેમ વાણીએ કહ્યું છે. આહાહા! અમે નહીં, અમે નહીં. કહે છે. **એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે. સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત)** ભાષા જુઓ! આ અર્થ બરાબર છે. ઓલું સ્વરૂપગુપ્ત એટલે દ્વાદશાંગ અનાદિનું છે. બસ એટલી વ્યાખ્યા. એનો કોઈ કર્તા નથી. પણ અમે તો જ્ઞાનસ્વરૂપ છીએ. વિકલ્પ પણ કયાં છે એમાં? બોલે કોણ? બોલે તે બીજો, જડ. આત્મા બોલે નહીં. આહાહા! આત્મા વિના બોલાતું હશે? હેં કમલ!

મુમુક્ષુ :- બોલવું એ ભાષા વર્ગણા છે.

ઉત્તર :- ભાષા વર્ગણા છે. ભાષા વર્ગણા બોલે છે, આત્મા નહીં. આત્મા જાણે. એમ કે વ્યવહાર. **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી**. કાંઈ જ કર્તવ્ય નથી. એમ છે ને. **किंचित न किंचिदस्ति** જરી પણ રજકણની પર્યાયનો હું કર્તા નથી. આહાહા! કહો, પંડિતજી!

બરાબર હશે આ? કરે છે ને કર્તા નથી? કરતો નથી. સાંભળ ને! ભાઈ! એના ટાણે એ પરમાણુની પર્યાય, આહાહા! અનંતા પરમાણુનો સ્કંધ-શબ્દ વર્ગણા એ રીતે એને પરિણમે છે. એને પરિણમાવવામાં આત્મા નિમિત્ત થયો માટે કર્તા ક્યાંથી થઈ ગયો?

મુમુક્ષુ :- .... અમૃતચંદ્રાચાર્ય શાસ્ત્રના કર્તા નથી એ મને દુઃખ છે.

ઉત્તર :- એ દુઃખ છે. એ એને દુઃખ છે. વાત પણ સાચી છે. આહાહા!

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય નહીં કરે?

ઉત્તર :- નહીં કરે.

**આમ (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ નામના સમયની,** શાસ્ત્રની. સમય છે ને મૂળ અહીં તો. **(શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત સમયવ્યાખ્યા નામની) ટીકાનો,** હવે છેલ્લું નાખ્યું ભાઈએ, શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો. લ્યો! પરાણે નાખ્યું પછી. આ હિંમતભાઈએ ખરેખર તો સંસ્કૃતમાંથી ગુજરાતી (કર્યું.) નિમિત્તથી કહેવાય બાકી અક્ષર તો અક્ષરથી થયા છે. પંચાસ્તિકાય પૂરું થયું. લ્યો!

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**